ત્રીજી શ્રેણી)

પુસ્તક : ૧૧૨

ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૦૫

ફાલ્ગુન ૧૨, ૧૯૨૬ શાકે

થી

બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૦૫

ફાલ્ગુન ૧૮, ૧૯૨૬ શાકે

# ગુજરાત વિધાનસભા
## ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ

અગિયારમી ગુજરાત વિધાનસભા

સાતમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૨, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧ - ૩૮ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૯ - ૫૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૩ - ૧૨૦ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૧૨૧ - ૧૨૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૨૨ - ૧૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૩ - ૧૪૭ |
| બિન-સરકારી સંકલ્પો | ૧૪૮ - ૧૬૪ |
| **શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૩, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૬૫ - ૧૮૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૮૪ - ૧૮૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૭ - ૧૯૮ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૯ - ૨૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૨ - ૨૬૨ |
| મુખ્યમંત્રીશ્રીનું નિવેદન - નિયમ-૪૪ | ૨૬૩ - ૨૬૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૬૪ - ૨૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૬૫ - ૨૯૭ |

# અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

## બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૮, ૧૯૨૬ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૯૮ - ૩૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૧૨ - ૩૭૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૭૨ - ૪૧૧ |
| શોકદર્શક ઉલ્લેખ | ૪૧૨ - ૪૧૨ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૪૧૩ - ૪૧૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૪ - ૪૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૧૫ - ૪૫૩ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૪૫૪ - ૪૫૪ |


***

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૨, ૧૯૨૬ શાકે**

**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

**ગૃહ વિભાગ**
**માગણી નંબર -૪૧**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી મહેસૂલ સેવા અંગેની રૂ. ૧૮,૫૭,૪૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૪૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૪૧ ઉપરની કાપ દરખાસ્તો.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.

**શ્રી જગદીશ ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર -૪૨**

**શ્રી અમિત અ. શાહ(રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮,૦૩,૮૮,૮૫,૦૦૦ની માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક :૪૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક: ૪૨ ઉપરની કાપ દરખાસ્તો.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર-૪૩**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૬,૦૬,૮૬,૦૦૦ની માગણી ક્રમાંક:૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૪૩ ઉપરની કાપ દરખાસ્તો.**

**માગણી નંબર-૪૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૮૯,૧૩,૨૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૦૧,૬૯,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક: ૪૪ ઉપરની કાપ દરખાસ્તો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરું છુ.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૦ રજૂ કરું છું

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

## સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરુવાર, તા.૩–૩–૨૦૦૫ (પહેલી બેઠક) (બીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૧** | | |
| ૧. | ૨૦૫૨–સચિવાલય.... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–ગૃહ વિભાગ<br>રૂા.૪,૩૭,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૩–૨૪ | ૧૦૦ | ઉચ્ચ પોલીસ અધિકારીઓને સત્વરે પ્રમોશનો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨.* | ––"–– | ૧૦૦ | ગૃહ વિભાગને વારંવાર રજૂઆતો કરવા | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | છતાં બુટલેગરો સામે કોઈ પગલાં ન લેવાતા આત્મવિલોપન અને હિજરતના વધતા જતા બનાવો બનતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩.* | --"-- | ૧૦૦ | અધિકારીઓ ધ્વારા દબાવી રખાતી અગત્યની ફાઈલોનો સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪. | --"-- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓને પાંચમા પગારપંચનો લાભ આજદિન સુધી ન મળતાં તેઓમાં વધતો જતો અસંતોષ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૫. | --"-- | ૧૦૦ | સચિવાલયમાં પ્રવેશ પધ્ધતિનો સખતાઈથી અમલ કરવાના હુકમોનો છડેચોક ભંગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૬. | --"-- | ૧૦૦ | મહિલા પોલીસોના શારીરિક શોષણના વધતા જતા બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૭.* | --"-- | ૧૦૦ | સચિવાલયમાં પ્રવેશ બાબતે ધારાસભ્યો સાથે થતા ઝઘડાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૮. | --"-- | ૧૦૦ | સામાન્ય જનતાની સલામતી માટે પોલીસદળમાં જરુરી વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છબીલભાઈ પટેલ (મનીષ ગિલીટવાલા) |
| ૯. | ૨૦૫૨-સચિવાલય.... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-ગૃહ વિભાગ<br>રૂા.૪,૩૭,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨ પા.નં.૨૪ | ૧૦૦ | ધારાસભ્યોની લેખિત રજૂઆતોનો સમયસર જવાબ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જગદીશ ઠાકોર (ડૉ.અનિલ જોષીયારા) |
| **માગણી નં.૪૨** | | | | |
| ૧૦.* | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-પોલીસ મહાનિરીક્ષક<br>રૂા.૪,૯૦,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૯ થી ૩૧ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં તથા ગુનાઈત પ્રવૃત્તિઓ વધતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૧.* | --"-- | ૧૦૦ | માફીયા ગેંગસ્ટરો સાથેની પોલીસ અધિકારીઓની સાંઠગાંઠ તોડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | --"-- | ૧૦૦ | કોમ્બીગ નાઈટમાં નિર્દોષ માનવીઓને થતી હેરાનગતિ નિવારવામાં અને સાચા ગુનેગારોને પકડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૩.* | --"-- | ૧૦૦ | પોલીસદળમાં આંતરિક વિવાદો તથા રાજકીય દખલગીરીના કારણે નિષ્ઠાવાન અધિકારીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪. | --"-- | ૧૦૦ | વર્તમાનપત્રોમાં અશ્લીલ તસ્વીરો તથા | શ્રી બલવંતસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અંધશ્રધ્ધા અને વહેમ વધારે તેવી જાહેરખબરો છપાતી અટકાવવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | રાજપૂત |
| ૧૫. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૧–ગુના–શોધ...<br>તકેદારી<br>૦૧–છૂપી પોલીસ ખાતું<br>રૂા.૧૧,૬૭,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૩૫–૩૬ | ૧૦૦ | ભેદી ગુનાઓનો ઝડપી ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૬. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૧–જિલ્લા ... ખુદ<br>રૂા.૪,૧૭,૧૨,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૫ થી ૪૭ | ૧૦૦ | જુદા જુદા કીમિયાઓ અજમાવી ભોળી જનતાને છેતરતા તત્વોને પકડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૭. | ––"–– | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ડી સ્ટાફ અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો વચ્ચેની સાંઠગાંઠ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૮.* | ––"–– | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં જ મહિલાઓ ઉપર બનતા બળાત્કારના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯. | ––"–– | ૧૦૦ | બળાત્કારના કેસોમાં ભોગ બનનાર મહિલાઓ તેમજ તેમના પરિવારોની ફરિયાદ સત્વરે લેવામાં તંત્રની સરિયામ ઉદાસીનતા. | ડૉ.અનિલ જોષીયારા (અનિલકુમાર પટેલ) |
| ૨૦.* | ––"–– | ૧૦૦ | ચોરી–લૂંટ–ધાડના બનાવો વધવા છતાં પણ પોલીસ બંદોબસ્ત કે નાઈટ પેટ્રોલીંગ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૧. | ––"–– | ૧૦૦ | પોલીસ સ્ટેશનમાં જ અસામાજિક તત્વો ધ્વારા ફરિયાદ કરનારને ધમકાવીને કાઢી મૂકવામાં આવે છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨૨.* | ––"–– | ૧૦૦ | બોડી મસાજના નામે વેશ્યાવૃત્તિના ચાલતા ધંધાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૩.* | ––"–– | ૧૦૦ | ભરચક વિસ્તારોમાં આવેલી શાળાઓ/કચેરી/બેન્કો પાસે ગેરકાયદેસર પાર્ક થતા વાહનો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૪.* | ––"–– | ૧૦૦ | પોલીસ જાપ્તામાંથી ભાગી જતા ગુન્હેગારોની બાબતે યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૫. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૫–અન્ય ... પોલીસ<br>રૂા.૩,૫૦,૦૦,૦૦૦ | ૧૦૦ | ખાનગી કંપનીઓ અને વ્યકિતઓને આપેલ પોલીસ રક્ષણ બદલ મેળવવાપાત્ર રકમની સમયસર વસૂલાત કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઈ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૫૪–૫૫ | | | |
| ૨૬.* | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૬–અમદાવાદ પોલીસ<br>રૂા.૯૬,૯૮,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૫૬–૫૭ | ૧૦૦ | બળાત્કારનો ભોગ બનેલી મહિલાઓના વાલીઓની રજૂઆત સાંભળવાના બદલે તેમનું અપમાન કરતા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | |
| ૨૭. | ૨૦૫૫–પોલીસ<br>૧૧૧–રેલ્વે પોલીસ<br>૦૧–રેલ્વે પોલીસ<br>રૂા.૧૮,૯૦,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૬૧–૬૨ | ૧૦૦ | રેલ્વે સ્ટેશનોમાં અસામાજિક તત્વો ધ્વારા પ્રવાસીઓના માલસામાનની થતી ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૨૮. | ––"–– | ૧૦૦ | રેલ્વે યાર્ડમાં ખુલ્લેઆમ ચાલતા દારુજુગાર અને અનીતિના ધામો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વારલી |
| | | **માગણી નં.૪૩** | | |
| ૨૯.* | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–જેલ મહાનિરીક્ષક<br>રૂા.૩,૫૧,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૭૮–૭૯ | ૧૦૦ | માફીયા ગેંગો ધ્વારા જેલોમાંથી ચાલતા ગુનાઈત વહીવટને તોડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦.* | ––"–– | ૧૦૦ | કેદીઓ વચ્ચે થતા મારામારીના બનાવો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૧.* | ––"–– | ૧૦૦ | જેલોમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અન્વયે તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૨.* | ––"–– | ૧૦૦ | જેલોમાં ખુંખાર ગુનેગારોને આધુનિક સવલતો પૂરી પાડનારાઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં.૪૪** | | |
| ૩૩. | ૨૦૪૧–વાહનો પરના કર<br>(૧૦૨)–મોટર...નિરીક્ષણ<br>૦૧–મોટર ... નિરીક્ષણ<br>રૂા.૩૧,૮૪,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૧૮–૧૯ | ૧૦૦ | ચેક પોસ્ટો ઉપર વાહનોનું સઘન ચેકીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(પુંજાભાઈ વંશ) |
| ૩૪.* | ––"–– | ૧૦૦ | લાંચ લેતાં પકડાયેલા ઉચ્ચ આર.ટી.ઓ. અધિકારીઓ સામે સમયસર અને સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૫. | ––"–– | ૧૦૦ | એક જ જિલ્લામાં વરસોથી રહેલા આર.ટી.ઓ. ઈન્સપેકટરોની જિલ્લાફેર બદલીઓ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.દિનેશ પરમાર<br>(કુંવરજીભાઈ બાવળીયા) |
| ૩૬.* | ૩૦૫૫–માર્ગ પરિવહન | ૧૦૦ | ગાંધીનગર શહેરના વિકાસ સાથે શહેરી બસ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૦–જાહેર ... સહાય<br>૦૨–ગુજરાત ... સહાય<br>રૂા.૩,૫૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૧૧૭ | | સર્વિસોની પૂરતી ફાળવણી કરવામાં તેમજ સમય અંગે અનિયમિતતા નિવારવા અંગેના જરુરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૭.* | –"–– | ૧૦૦ | અમદાવાદ–ગાંધીનગર શહેરી પોઈન્ટ બસોમાં ભાડામાં બે રુપિયાનો વધારાનો સર્વિસ ટેક્ષ લાગુ કરાયો હોવા છતાં પણ ખખડધજ બસો ફાળવવાને લીધે વારંવાર બ્રેકડાઉન થતાં કર્મચારીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૮.* | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૧૯૦–જાહેર ... સહાય<br>૦૨–ગુજરાત ... સહાય<br>રૂા.૩,૫૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૧૧૭ | ૧૦૦ | ગાંધીનગર સચિવાલય પોઈન્ટ ઉપરથી ઉપડતી સાંજની કેટલીક બસો વહેલી ઉપડી જવાના કારણે કર્મચારીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૯.* | ––"–– | ૧૦૦ | માર્ગ પરિવહન નિગમની તમામ બસો રસ્તા ઉપર દોડતી થાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૦. | ––"–– | ૧૦૦ | રાજય પરિવહન નિગમનું તંત્ર મૃતપાય દશામાં ધકેલાઈ રહયું છે તે માટે ખાસ પેકેજ જાહેર કરી પુનઃધબકતું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવજીભાઈ આહીર |
| ૪૧. | ––"–– | ૧૦૦ | ગાંધીનગર શહેરી પોઈન્ટ માટેની બસો લગ્નપ્રસંગોની વર્ધીમાં ફાળવવાને કારણે રુટો રદ થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૨. | ––"–– | ૧૦૦ | રાજય માર્ગ પરિવહન નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો હલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.અનિલ જોષીયારા |
| ૪૩.* | ––"–– | ૧૦૦ | જરુરી સ્પેરપાર્ટસના અભાવે બસોની મરામતની કામગીરી સમયસર પૂરી ન થતાં મુસાફરોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૪.* | ––"–– | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. તંત્રની બસોની અનિયમિત સેવાઓને નિયમિત બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૫. | ––"–– | ૧૦૦ | ખોટના બહાના હેઠળ એસ.ટી.રુટો બંધ કરી ખાનગી વાહનચાલકોને લાભ થાય તેવી કાર્યવાહી થતી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૪૬.* | ––"–– | ૧૦૦ | રાજય માર્ગ પરિવહન નિગમ ધ્વારા થતા બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૭.* | ––"–– | ૧૦૦ | વારંવાર ભાડાવધારો કરવા છતાં એસ.ટી.તંત્રને ખોટમાંથી બહાર લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ અને પરિવહન વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં હું મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું.

ગૃહ વિભાગ એવો વિભાગ છે કે જે રાજ્યની પ્રજાની શાંતિ, એનું અસ્તિત્વ, એની સુખાકારી, એનો વિકાસ અને એના પાયા માટેનો વિભાગ છે. જે રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થા, ન્યાય તંત્ર મજબૂત હશે, જે દેશની અંદર આ વ્યવસ્થા મજબૂત હશે, તે દેશના વિકાસને કોઈ દેશ કે બીજું કોઈ રાજ્ય આંબી શકતું નથી અને એમની પાસે ગમે એટલી વિશાળ વિકાસની તકો હશે, કુદરતી સંપત્તિ હશે, પરંતુ કાનૂન અને વ્યવસ્થા બરાબર નહિ હોય તો એ રાજ્ય હંમેશા પાછું જવાનું છે.

ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાને લાગે વળગે છે ત્યાં સુધી ભૂતકાળના અપવાદોને બાદ કરીએ તો તેનો ટ્રેક રેકૉર્ડ સારો કહી શકાય તેવો રહ્યો છે અને એના કારણે ગુજરાતની અંદર શાંતિ રહી હતી, એના કારણે ગુજરાતનો વિકાસ થયો હતો, પરંતુ છેલ્લાં વર્ષોમાં આ કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ હતી એની અંદર કાળાં ધાબાં લાગી આવ્યાં છે. હું એવા વિસ્તારમાંથી આવું છું, જ્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સામે પડકારો આપનારાં પરિબળો સૌથી વિશેષ છે, જે વિસ્તારની અંદર અસામાજિક પ્રવૃત્તિ કરનારાઓનું રાજ ચાલે છે, એને ભૂતકાળની અંદર તોડવાનો પ્રયાસ થયો હતો, આજે પરિસ્થિતિ એવી છે કે પ્રજાની પીડા હું જાણું છું, એક કાર્યકર તરીકે પીડા હું જાણું છું. એટલે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ છે, પ્રજા રિબાય છે, શોષાય છે, તેની પીડા હું જાણું છું. આ ગૃહની અંદર ગૃહ વિભાગ ઉપર જ્યારે જ્યારે બોલવા માટે ઊભો થયો છું, ત્યારે ત્યારે આ પીડાને મેં રજૂ કરી છે. મારે કહેવાનું એ છે કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની અંદર મારી, રાજનીતિથી પર રહીને જે રાજય સરકારે નિર્ણય કર્યો છે, તે રાજ્ય સરકારના આગેવાન હોય, એના મુખ્યમંત્રી હોય કે એના ગૃહમંત્રી હોય એને આ રાજ્યે યાદ કર્યા છે. સૌરાષ્ટ્રની અંદર રહેનારા એ વખતના સૌરાષ્ટ્ર રાજ્યના રસિકલાલ પરીખ ગૃહમંત્રી હતા, એના દાખલા, એનો ઇતિહાસ, એની કામગીરીથી એકેએક વ્યકિત પરિચિત છે. પ્રજાને જયારે જયારે તકલીફ પડે છે, સૌરાષ્ટ્ર આઝાદ થયું તે વખતે ૭૦૦માંથી ૨૦૦ રજવાડાઓ સૌરાષ્ટ્રમાં હતા અને ઋણ રાહત ધારો આવ્યા પછીની પ્રવૃત્તિઓમાં જે પ્રજાને રાહત આપનારા નિર્ણયો લેવાય તેની સામે પડકારો ઊભા થયા હતા અને તેની અંદર અનેક ખૂન સૌરાષ્ટ્રમાં થયાં હતાં. ત્યારે એ વખતના ગૃહમંત્રીએ હું દાખલો આપવા માગું છું કે પોલીસ અધિકારીઓની ટીમની આગેવાની લઈને પ્રજાના રક્ષણની જવાબદારી લીધી હતી અને સૌરાષ્ટ્રને બિહાર બનતું બચાવ્યું હતું. પરંતુ આજે પરિસ્થિતિ કઈ છે? હું આપની મારફત કહેવા માગું છું. આંકડા માનનીય ગૃહમંત્રીશ્રી આપશે. ઘણા બધા આંકડા છે. હું આંકડા પણ લાવ્યો છું.

અમદાવાદમાં કેટલા ગુના થયા છેલ્લા વર્ષોની અંદર અને તેમાં ઉત્તરોત્તર વધારો થયો છે. પરંતુ એનાથી જે સામાન્ય માણસોમાં અજંપો ઊભો થયો છે તે ટાળી શકાય નહીં. હું જે વાત કરવા જતો હતો કે અત્યારે એવા પૉકેટ ડેવલપ થયા છે તે પૉકેટની અંદર માફીયા તત્ત્વોને રાજયાશ્રય આપી, પાળી પોષી મોટા કરી સમાજની ઉપર શિકારી કૂતરાની જેમ છોડી દેવામા આવે છે. મારે એ પણ વાત કરવી છે કે ગયા વખતે તે વાત યાદ કરાવી હતી કે આવા જે પૉકેટો છે તેમાં અમારી સરકાર ન હતી પણ ૧૯૯૦ થી ૧૯૯૫ ની અંદર કોઈક સારા કામ થયા હતા. આ ગૃહમાં મેં વખાણ્યું હતું. હું સાલ ભૂલી ગયો છું. ૧૯૯૫ થી ૨૦૦૦ ની અંદર જે કામ થયાં છે તેને હંમેશાં મેં વખાણ્યું છે. પોટાના કારણે નહીં કનુભાઈ. તમને યાદ છે તે વખતે કોણ ગૃહમંત્રી હતા, કોણ મુખ્યમંત્રી હતા? પોટાનું કારણ રહેવા દો. પોટાને કારણે કેટલા દુ:ખી થાય છે તે હું ક્યારેક કહીશ. હું વાત એ કરતો હતો કે માફીયા તત્ત્વોને ઘરભેગા કરવાનું કામ ત્યારે સારા અધિકારીઓએ કર્યુ હતું. ૨૦૦૦ની સાલ પછી જે પરિસ્થિતિ ગુજરાતની અંદર થઈ છે તે કદાચ તે વખતે સૌરાષ્ટ્ર રાજયનું અસ્તિત્વ આવ્યું અને જે પડકાર ઊભો થયો હતો તેવા પડકાર આજે ઊભા થયા છે. ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે તે વખતે રસિકલાલ પરીખે જે આગેવાની લીધી હતી તેના બદલે આજે આવા તત્ત્વોને છાવરવાનું, રાજયાશ્રય આપવાનું કામ થાય છે. મારે કહેવું છે અને મેં વારંવાર મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને આ બાબતે ફરિયાદો કરી છે. કદાચ એવી રાહ જોવાતી હોય કે માફિયા તત્વો મારા સહિતના અહીંયાં મારા સાથીઓ બેઠા છે તેનો કોઈનો ભોગ લઈ લે તો મારે આપની મારફત કહેવું છે કે ભોગ લેનારા તમે નથી ભોગ લેનારો તો ઈશ્વર છે. જ્યારે નક્કી કર્યુ હશે ત્યારે થશે. આવું વિચારતા હોય તો મારે કહેવું છે, પરંતુ રાજયાશ્રય મળે છે. ભૂપેન્દ્રસિંહજી આપને ખબર છે, આપ જાણો છો, રાજયાશ્રય મળે છે, તમારા રાજની અંદર રાજયાશ્રય મળે છે. તમે પણ તેના સાક્ષી બનેલા છો. પોરબંદરથી શરૂ કરીને વાપી અને ડાંગ સુધી બધી જગ્યાએ અને મારે કહેવું છે કે આવું રાજ કરનારા લોકોને પ્રજા યાદ રાખવાની છે. સિરિયલ મર્ડરો થાય છે. એક જ વ્યકિત પંદર-પંદર મર્ડરો કરી નાંખે ફકત બે વર્ષમાં છતાં પકડાય નહીં. ધારે તો બે દિવસમાં પકડી શકે છે. બે દિવસમાં પકડનારાઓને અભિનંદન આપું છું. આ પ્રકારની મનોવૃત્તિ પ્રજાના જુસ્સાને તોડી નાંખે છે. આ તોડનારા લોકોનું રાજકીય અસ્તિત્વ રહેતું નથી. કાલ્પનિક નથી નરોત્તમભાઈ. આજે સુરતની અંદર આજે સૌરાષ્ટ્રની અંદરથી આવનારા કેટલા લોકો બેફામ થઈને ફરે છે. આપ ત્યાં જઈને પૂછી જોજો. આપને ખબર ન

હોય તો સુરતની અંદરથી જે ધારાસભ્યો આવે છે તેને પૂછી જોજો. એટલે ખાલી ચશ્માં પહેરવાથી નહીં થાય, પ્રજાની એ પીડા અમે જાણીએ છીએ, તમે એ પીડા નથી જાણતા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે માનનીય સભ્યશ્રી ધીરુભાઈ ગજેરાને આપ પૂછજો, અમારા ત્યાંથી નિકાસ થયેલા તત્ત્વો તમારા ત્યાં આશરો લે છે, ત્યાં આશરો લેવાય છે, મેં ગઈ વખતે વાત કરી હતી કે પોલીસ અધિકારીઓ સારા અધિકારીઓ છે. એમનું મોરલ તોડી નાખ્યું છે,

અધિકારીઓને કામ કરવાની સ્વતંત્રતા અપાતી નથી, એક એક વર્ષ સુધી ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસની પોસ્ટ ચાર્જથી ચલાવાય છે. જે અધિકારી પ્રમોટેડ હાજર હતા પણ ચાર્જથી ચલાવાય છે, એ એટલા માટે કે મન ગમતા કામ એની પાસે કરાવી શકાય, એન્ટી કરપ્શન બ્યુરોના ડાયરેક્ટર જનરલ અધિકારી હતા, એ પણ ચાર્જ થી ચલાવાય છે. એક એક અધિકારીને ત્રણ ત્રણ પોસ્ટના ચાર્જ અપાય છે એટલે મારે એ કહેવું છે કે હું આ એકની વાત નથી કરતો, અનેક જગ્યાઓ આ સરકારમાં એવી છે કે ચાર્જ આપીને, હવાલો આપીને એ ચલાવાય છે. રાજ એવી રીતે નહીં ચાલે, સારા અધિકારીઓ હશે એમને છૂટ આપવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત એ કરતો હતો કે એક આર.ડી.એક્સના આરોપી, એ આર.ડી.એક્સ.ના આરોપી સાથે કોઈ પોલીસ અધિકારીની વાત કરે અને એ વાત જાહેર થઈ અને વાત જાહેર કરનારા સામે પગલાં લેવાની વાત થાય છે, પણ જે પોલીસ અધિકારીએ વાત કરી હોય એ પોલીસ અધિકારીની સામે પગલાં લેવાતાં નથી, હું એમ કહેતો હતો કે, આ જે આર.ડી.એક્સના આરોપી મમુમીયાં પંજુમીયાં, એણે અનેક લોકોને હથિયારો આપેલાં, એ હથિયારો પોરબંદરના એક વી.આઈ.પી.ને પણ આપેલાં, એ પોરબંદરના વી.આઈ.પી.ના ઘરે પોલીસ જાય પણ એ પોલીસને પાછી બોલાવી લેવામાં આવે, મારા તે સારા નહીં, સારા તે મારા, એ નીતિ કાયમી અપનાવવી પડે, અત્યારે તો મારા તે સારા, એ નીતિ અપનાવી છે, મારા ભેગા રહે, મારું કામ કરે એ બધા જ સારા પણ સારા તે મારા એ નીતિ છે એ જો ગૃહવિભાગમાં અપનાવવામાં નહીં આવે તો ગુજરાત છે એ, મેં નથી કહ્યું પણ આપના સાથી મિત્રો કહેતા હોય છે કે ગુજરાત બિહારની દશામાં જઈ રહ્યું છે. એમને તમે જવાબ આપજો, મને તો જવાબ આપશો પણ એમને પણ એનો જવાબ આપજો, કે ગુજરાત બિહારની દશામાં શું કરવા માટે જઈ રહ્યું છે.

પોલીસ અધિકારીઓની જગ્યાઓ છે એ મોટાપાયે ખાલી છે, પોલીસ કૉન્સ્ટેબલની જગ્યાઓ ભરાશે, હું હા પાડીશ, પણ એ ટોટલ મંજૂર થયેલી જગ્યાઓની સામે કેટલી જગ્યાઓ ખાલી છે? એનો પણ જરા જવાબ આપજો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં જે ઘટનાઓ બની છે એની શરમ મેં નથી અનુભવી, એની શરમ માત્ર તમે નથી અનુભવી પણ એની શરમ આખા દેશે અને દેશના એ વખતના માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય રાષ્ટ્રપતિએ પણ અનુભવી છે, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આજે પણ કહે છે કે એ વખતની રાજય સરકાર અને કેન્દ્ર સરકારની દાનત હોત તો અને જો લશ્કરનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો ગુજરાતમાં જે શરમ અનુભવાય છે, આજે કહેવામાં આવે છે એ શરમ અનુભવવી ન પડતી હોત. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી ગુજરાતનું કોઈ કલ્યાણ નથી કર્યુ, કલ્યાણ થયું હશે તો તમને આજે આ ખુરશીઓમાં બેસવા મળ્યું છે. અને આવનારા દિવસોમાં એ ખુરશી ઉપરથી જવાનો વારો પણ આ જ મુદ્દા ઉપરથી આવવાનો છે, હું જે વાત કરતો હતો કે જે ઘટનાઓ બની એ માત્ર સત્તા લેવા માટે ઊભી કરવામાં આવી, મેં વારંવાર કહ્યું છે કે આ રાજની અંદર કાયમ અસ્તિત્વ ટકાવવું હશે તો રાજયમાં વિકાસની અને શાંતિથી રાજનીતિ કરવી પડશે, રમખાણોની રાજનીતિ ભવિષ્યમાં ચાલવાની નથી. રમખાણોથી એકાદ વાર સત્તા ઉપર આવી શકાતું હશે, વારંવાર નહીં આવી શકાય અને એટલા માટે જ કહેવું છે કે, રમખાણો કરનારાઓએ જેલમાં જવાની તૈયારી રાખવી પડશે, એ પોલીસ અધિકારી હોય કે મિનિસ્ટર હોય, એને કોઈ રોકી શકવાનું નથી,

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં જે ઘટનાઓ બની છે, જે પ્રકારની તપાસો થઈ છે, જે પ્રકારની સૂચનાઓ અપાઈ છે અધિકારીઓને એ સૂચનાઓ કઈ કઈ હતી એનો પર્દાફાસ થવામાં હવે વધારે સમય જવાનો નથી અને મારે કહેવું નથી પણ મારા સાથી મિત્રોના જે તે વખતના વડાપ્રધાન અને એમના મુરબ્બી ગણાય છે એની વાત તો સાચી છે એ સ્વીકારો. આપ કહો છો કે અમે જીતી ગયા પણ એમણે એમ કહ્યું કે અમે ગુજરાતમાં રમખાણોને કારણે હારી ગયા. (અંતરાય) તો બાજપેયીને કહેવું હતુંને કે હાર્યા નથી. મને કહેવાની જરૂર નથી. એમને કહેજો એને કારણે હાર્યા નથી. ખુલ્લેઆમ વાત કરી છે, જાહેરમાં વાત કરી છે. (અંતરાય) સાંભળવી પડે, નરોતમભાઈ, સાંભળવી પડે. બાજપેયીની વાત સાંભળવી પડે, મારી પણ વાત સાંભળવી પડે અને કે.આર. નારાયણની વાત પણ સાંભળવી પડે (અંતરાય) હું પણ સાંભળીશ. મારે કહેવું છે કે, હમણાં નીતિ નકકી થઈ, (અંતરાય) રાજયાશ્રય છે. એવા તત્વોને રાજયાશ્રય આપવો મહાપાપ છે કોઈએ આ પાપમાં ભાગીદાર ન થવું જોઈએ અને મારુ કમિટમેન્ટ છે કે, ગમે ત્યા રાજયાશ્રય મળતો હશે ગુજરાતમાં માફિયા તત્વોને તો ગયે વખતે પણ મેં કહ્યું હતું અને અત્યારે પણ કહું છું કે આવા તત્વો સામે લડવાની આગેવાની લેવાનું મેં અને મારા પક્ષે નકકી કરેલ છે. (અંતરાય) માનનીય વજુભાઈ, તમારા ઘણાં લોકાએ ભાગીદારી કરી છે.

**શ્રી વજુભાઈ વાળા** : કોના પક્ષના ધારાસભ્ય હતા? ભૂતકાળ યાદ કરો.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા:** તમે લોકોએ ભાગીદારી કરી છે આવા લોકો સાથે.

**શ્રી વજુભાઈ વાળા :** તમે જ બધાને સરપોલીયામાંથી ફણીધર બનાવ્યા છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : એ તમારા પક્ષના ધારાસભ્ય હતા એ કેમ ભૂલી ગયા?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એ અમારા પક્ષના ધારાસભ્ય ન હતા, તમારા પક્ષના ધારાસભ્ય હતા. કડવું સાંભળવાની તૈયારી રાખવી પડશે. અંતરાય) પહેલી બેચવાળાને નહીં છેલ્લી બેચવાળાને એ જવાબદારી સોંપો મારી સામે બોલવાની.

**શ્રી વજુભાઈ વાળા** : છેલ્લી બેચવાળા તો સાંભળી શકે એમ છે પણ છેલ્લી પાટલીએ બેસે છે એ નહીં સાંભળી શકે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : રડાવ્યા છે છેલ્લી બેચવાળાને, એ એમ કહે છે છેલ્લી બેચવાળા કે અમારા ટેલિફોન ટેપ થાય છે, અમારા જાનનું જોખમ છે.(અંતરાય) કાલે સવારે કોંગ્રેસના રાજમાં આવી કોઈ ઘટના બને અને ન્યાય ન મળે તે દિવસે અર્જુન મોઢવાડિયા રાજનીતિમાં નહીં હોય, રાજનીતિમાં નહીં હોય. માફિયાગીરીને પોષવાની વાત આવે ત્યારે હંમેશા કોંગ્રેસ આગેવાની લેવાની છે. (અંતરાય) આ સહન ન થાય, મને ખબર છે કારણ કે તમને બધાને પાછળની બેચવાળા પાસેથી વાહ વાહ સાંભળવાની ટેવ પડી હતી એ ટેવ અમારા મિત્રો ચલાવી લેવાના નથી, એ વાહ વાહ કરવાના નથી. એ પણ કહેવાના છે આજે તમારી મિટિંગમાં રડયા છે કોઈ દિવસ આની આજ સ્થિતિ ચાલુ રહી તો હાઉસમાં પણ રોવાનો વારો આવશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, મુદા ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કરે છે એને રોકવા જોઈએ અને મને રક્ષણ આવું જોઈએ. છેલ્લા દિવસોમાં અમદાવાદમાં જે બનાવો આત્મહત્યાના બન્યા એના કારણો શું છે? ૪ હજારથી પણ વધુ આત્મહત્યાના બનાવો બન્યા છે. (અંતરાય) માનનીય ભુપેન્દ્રભાઈ, પાછળવાળાને આ જવાબદારી સોંપો, હું હજુ કહું છું આ તમને શોભતું નથી. પાછળવાળાને આ જવાબદારી સોંપો. વારે વારે તમને આ શોભા નથી દેતું.

માનનીય અધ્યક્ષશ્રી, ૪ હજારથી વધુ આત્મહત્યાના ગુજરાતમાં બનાવો બન્યા એનું કારણ શું હતું? અહીં સાંભળનાર એમનું કોઈ ન હતું એટલા માટે એમને જવું પડયું છે. દારુબંધીની નીતિ, એક બાજુથી એમ કહેવું કે, અમારે દારુબંધીની નીતિ ચાલુ રાખવી છે અને એક બાજુથી એમ કહેવું કે દારુ પીવાવાળાને બધાને છોડી દેવા છે. (અંતરાય) તમે કાનૂન પાસ કર્યો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આ રેકોર્ડ ઉપર ખોટું બોલી રહ્યા છે આવો કોઈ કાયદો પસાર નથી થયો.

**અધ્યક્ષશ્રી** : એ તમે જવાબ આપજો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને આ મારા સાથી પક્ષના સભ્યો છે એમણે કહ્યું છે કે અમારા પક્ષે આ પાપ કર્યુ છે. ખાનગીમાં ઘણા બધા વડીલો છે એમણે કહ્યું છે કે દારૂબંધી અંગે અમારા પક્ષે આ પાપ કર્યુ છે અમારા વડીલોએ તો કહ્યું છે પણ અમારા સાથી પક્ષના વડીલોએ કહ્યું છે. તમે કહેજો બહાર જઈને હું નામ આપીશ. હું એમનો વિશ્વાસભંગ કરવા માગતો નથી. એમણે પણ કહ્યું છે કે ગુજરાતની અંદર આ પરિસ્થિતિ ઉભી થઈ છે અને ચોરી લૂંટ અને પોલીસના જે અધિકારીઓ મૂકો છો આપ, વીણી વીણીને આવા અધિકારીઓને ક્યાંક ક્યાંક મૂકાય છે કે જેને પ્રજા ઉપર ત્રાસ ગુજારવાનો પરવાનો અપાઈ રહ્યો છે. બેફામપણે પોલીસ અધિકારીઓ છે, નિર્દોષ લોકોને હેરાન-પરેશાન, મારામારી, ખોટા કેસોમાં ફીટ કરી દેવા, આ ઘટનાઓ હું ગયા વખતે બોલ્યો છું એટલે રિપિટ નથી કરતો પણ આવી ઘટનાઓ બને છે, એમાં એની સામે ફરિયાદ કરાય તો ફીટ કરી દેવાની ધમકી આપવામાં આવે છે. રાજકોટની અંદર ખીરસણા ગામની અંદર હું ગયો હતો, આખા ગામ ઉપર ચાર પાંચ પોલીસ સ્ટેશનની આખી ફોજ લઈ આવી અને આખા ગામ પર તૂટી પડ્યા અને આખા ગામને હિજરત કરી જવી પડે એવી પરિસ્થિતિ થઈ. મારે કહેવું છે મારા સાથી પક્ષના મિત્રોને કે આમાંથી બચવું હોય તો કોઈક દિવસ તમારે માનવ અધિકાર પંચની રચના કર્યે છૂટકો છે. ગમે ત્યારે ગમે ત્યાં ફીટ થઈ જશો અને એની ફરિયાદ કરવાની જગ્યા ક્યાંય નહિ રહે.

મારે બે વાત એસ.ટી. ની પણ કરવી છે. એસ. ટી. ની પણ ઘણી બધી વાતો અનેક વખત થઈ. એક વખત એવો હતો કે ગુજરાતનું એસ.ટી. નું તંત્ર આખા ભારતની અંદર નંબર-વન હતું, કેરાળા કરતાં પણ આગળ, તામીલનાડુ કરતાં પણ આગળ, મુંબઈ કરતાં પણ આગળ. આજે આઠ હજાર બસો છે થોડુંક તો સાચું બોલો. આ એસ.ટી.ની બાબતમાં તો તમે સાચું બોલો. તમને કાયમ ફરિયાદ કરે છે. કાયમ ફરિયાદ કરો છો અને આ વાત તમે ત્યાં જઈને તમારા વિસ્તારની અંદર જઈને કરજો. અહીંયા તો સાચી વાત કરો. આઠ હજાર બસો છે સરકાર એમ કહે છે કે ૬૮૦૦ બસો ચાલે છે પણ હું કહેવા માગું છું ત્રણ હજાર કરતાં વધારે બસો ચાલતી નથી. બાકીની બધી બસો કયાંક રસ્તામાં ખોટકાઈને પડી હોય છે અગર એસ.ટી. ડેપોમાં પડી હોય છે. સાડા સત્તર ટકા પેસેન્જર ટેકસ, બસ્સો કરોડ રૂપિયાની કમાણી થાય. દાવો એવો કરે છે કે છ હજાર બસો રોડ પર ચાલે છે પણ એની સામે બાર હજાર પ્રાઈવેટ બસો ચાલે છે આંકડાઓ આપજો કે એમની પાસેથી કેટલી ટેકસની આવક થાય છે પણ એસ. ટી.ને મારી નાંખવા માટેનું વ્યવસ્થિત પ્લાનિંગ ચાલે છે. છેલ્લે તો ૧૯૯૮માં લીધી પછી કેટલી બસો લીધી? એકસાથે એક વખત બસ લીધી હતી એના પછી કેટલી બસો લીધી? અત્યારે એમ કહે છે કે અમે સો કરોડ રૂપિયા આપવાના છીએ. કેટલી બસો આવવાની છે. એક એક બસ આઠ હજાર દશ હજાર, બાર હજાર કિલોમીટર સુધી ચાલી ગઈ છે અને મેં હમણાં જ એક જગ્યાએ વાંચ્યું કે આ એકસપ્રેસ હાઈવે પર જે અકસ્માત થાય છે એનું કારણ

એ છે કે સરેરાશ દરરોજ આઠ થી નવ એસ. ટી. ની બસો ખોટકાઈને આ રોડ પર પડેલી હોય છે અને એને કારણે આ અકસ્માતો વધે છે. એકબાજુથી આપણે એસ. ટી.ને ચાલવા ન દેવી અને બીજીબાજુ છકડા, રીક્ષા કે બીજું ઓલ્ટરનેટીવ વાહન હોય એને ચાલવા ન દેવું. આ બન્ને વાત ન ચાલે તમારે જો છકડા રીક્ષા બંધ કરવા હશે તો પોલીસ દંડાથી નહિ પણ એસ. ટી. ચાલુ કરીને ગામડે ગામડે જેમ અગાઉ જતી હતી એ પ્રમાણે મોકલો તમે.અત્યારે લોકોની અવરજવર પણ વધી છે એ સ્વીકારવું રહયું અત્યારે એસ. ટી. ની પરિસ્થિતિ એવી છે કે એસ. ટી. ની અંદર લગભગ ૧૭૫ કરોડ રૂપિયા તો માત્ર એના કર્મચારીઓના છે. તેના પ્રોવિડન્ટ ફંડના, તેની ક્રેડિટ સોસાયટીઓની આ બધી ભેગી કરીને તેને આપવાના છે. ૧૦૦ કરોડ આપશો તો તેને આપી શકાશે. નવી બસો લેવી હશે તો કર્મચારીઓના પૈસા છે જે આપવાના છે તે નહી આપી શકાય. ૫૦ હજાર કર્મચારીઓ છે તેનો ઉપયોગ કરી ઉત્પાદકતા વધારી, વાયેબલ કરીને ગુજરાતની એસ.ટી.ને નંબર વન ઉપર મૂકી શકાય તેમ છે, પરંતુ તે મૂકવાનું કામ આ સરકારની નીતિમાં નથી એટલે કરી શકતા નથી. તેમની પ્રાયોરીટી કદાચ બીજી હશે, પરંતુ એસ.ટી. હોય, જી.ઈ.બી. હોય કાયદો અને વ્યવસ્થા હોય જે આમ પ્રજાને જે પ્રશ્નો પીડે છે તે એલીમેન્ટ છે તેને દૂર કરી અને ગુજરાતની પ્રજાને શાંતિ નહીં આપી શકાય તો વિકાસનાં ફળ છે તે સામાન્ય લોકો સુધી પહોંચી શકયા નથી. આજે જ અમદાવાદની અંદર એક પરિવારે બે જુવાન પુત્ર અને એક માતાએ આપઘાત કર્યો છે. આજે જ કર્યો છે. કારણ એ છે કે, અમદાવાદની અંદર જે અશાંતિ થઈ તેને કારણે ત્યાં રોજી રોટી મેળવવાનું મુશ્કેલ થઈ ગયું છે. જે માનસિક નિરાશા છે ,જે અસલામતી છે તેને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. હું આપના દ્વારા વિનંતી એટલી કરીશ કે આ ગુજરાતને અસલામત સ્થિતિમાંથી બહાર કાઢવાની જવાબદારી આપ સૌની છે અને તેમાંથી બહાર કાઢશો તો રાજ સત્તા આવશે કે નહીં તેનું હું નહી કહી શકું પણ પ્રજાના મનમાં કાયમ તમારું થોડું ઘ ણું સ્થાન રહેશે એટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગ, પોલીસ જેલ અને પરિવહન વિભાગની માગણી નંબર. ૪૧,૪૨,૪૩,૪૪ લઈને આવ્યા છે, તેને હું મારું સમર્થન આપું છું.

હમણાં જ સામે પક્ષે જે કહેવામાં આવ્યું કે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી છે. હું એ કહીશ કે રાજયમાં કાયદો અને વ્યવસ્થાને કારણે આપણે જોઈ શકીએ છીએ કે ઉત્તરાયણ નિમિત્તે ૧ લાખ ૬ હજાર કરોડના ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા. નવરાત્રી નિમિત્તે ૬૬ હજાર કરોડના ઉદ્યોગોના એમ.ઓ.યુ. થયા. મારે તે કહેવું છે કે જે કાયદો અને વ્યવસ્થા અહીંયા આગળ જે કામ કરી રહી છે અને તેને કારણે પ્રજામાં શાંતિ અને ભાઈચારો છે. ઉદ્યોગોને સંતોષ છે અને તેને કારણે આ એમ.ઓ.યુ થઈ શક્યા છે. હું તે કહીશ કે હોમ વિભાગ તો ડાઉટ સેન્સેટીવ વિભાગ છે. પ્રજાની દરેક એકટીવીટીઝમાં સક્રિય છે પછી ઈકોનૉમિક ક્રાઇમ હોય, ઔદ્યોગિક ક્રાઇમ હોય, સોશ્યલ ક્રાઈમ હોય દરેકમાં ગૃહ વિભાગ કાર્યરત રહ્યું છે. તેને કારણે જ આ રાજયમાં ઈકોનૉમિક ક્રાઇમના ઘ ણા ગુનાઓ ડિટેકટ થયા છે અને આ સરકારે ભલભલા ચમરબંધીઓને જેલ ભેગા કર્યા છે. કોઈ પણ હોય જેણે ક્રાઇમ કર્યો છે તેને આ સરકારે છોડ્યા નથી. ભૂતકાળમાં પણ અમે અમદાવાદ હોય કે સુરત હોય કે વડોદરા હોય તેને અસ્થિર કરવાનો જેણે પ્રયત્ન કર્યો છે એવા લતીફ જેવા માફીયા ડોનને પણ આ સરકારે જેર કર્યા છે અને મહંમદ ફાસી જેવાને પણ જેલ ભેગા કર્યા છે. અમે તે કહેવા માગીએ છીએ કે સરકારની આ તટસ્થતા અને અગ્રિમતાના કારણે રાજયનો કાયદો અને વ્યવસ્થા આજે કન્ટ્રોલમાં છે અને રાજયમાં ૭૦ હજાર જેટલા પોલીસ જવાન એકટીવ છે અને તેની કામગીરી નાના મોટા પ્રસંગોએ આપણે જોઈ શકીએ છીએ. તહેવારો હોય મહોરમ હોય, ગણેશ ચતુર્થી હોય રાજયના ખૂણે ખૂણે આ ૭૦ હજાર જવાનો પોતાની સક્રિયતા બતાવે છે, પોતાની જે કંઈ કેપેસીટી છે તેનો ઉપયોગ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૪૬૭ જેટલા પોલીસ સ્ટેશનો છે. એમાંથી ૩૧૭ જેટલા પોલીસ સ્ટેશનો એકબીજા સાથે કનેકટેડ છે. પોલીસનું આધુનિકરણ કરવું એ આ સરકારની અગ્રીમતા છે. એ અગ્રીમતાને કારણે આજે દરેક પોલીસ સ્ટેશનમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે. પોલીસ અધિકારી મિત્રો આ કોમ્પ્યુટરની તાલીમ લે અને એના દ્વારા જે ક્રાઈમ છે, જે ગુનેગારો છે એનો ડેટા તૈયાર કરવાની કામગીરી શરૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈકોનોમીક ક્રાઈમ જે રીતે કંટ્રોલમાં આવ્યો છે, એ જ રીતે ઘણા ક્રાઈમ, જુદા જુદા ફળદ્રુપ ભેજાઓ, દેશવિદેશ અને અન્ય રાજયોમાંથી આ રાજયમાં ગુનાખોરી કરવા આવે છે, પછી એ વિદેશી ચલણી નોટો હોય કે દેશદ્રોહી પ્રવૃત્તિ હોય, હથિયારોની હેરાફેરી હોય, એવા ક્રાઈમમાં પોલીસ અગ્રેસર રહીને કામગીરી કરી રહી છે. એકટીવ બનીને કામ કરી રહી છે. પોલીસ સ્ટેશનમાં ઓબ્ઝર્વ કરીએ તો સોસિયલ ક્રાઈમ, કૌટુંબિક ઝગડા, કોમ્યુનલ વાયોલન્સ હોય તો તેને કેવી રીતે કંટ્રોલ કરવા, નાર્કોટીકસ, જુગારની કલબો, સ્મગલીંગ જેવા અનેક ક્રાઈમ ક્રિમિનલ્સ કરતા હોય છે, તેને કંટ્રોલ કરવા માટે પોલીસ સક્ષમ બની છે. આને લીધે મને યાદ છે કે કોમી અશાંતિનો નાનકડો બનાવ પણ બને તો વાયરલેસ ઓપરેટર અને કંટ્રોલ પરથી મેસેજ જાય અને પોલીસની આઠ-દસ ગાડી એ લોકોની પાસે પહોંચી જતી હોય છે. આને કારણે આવી અનેક પ્રવૃત્તિ શહેરો અને રાજયમાં અટકી છે. હું એટલું કહીશ કે રાજયમાં જે રીતે પરપ્રાંતમાંથી રોજગારી માટે લોકો આવે છે, લેબર આવે છે, ભાવનગર હોય તો શીપબ્રેકીંગ યાર્ડમાં જે લેબર આવે છે, એ ઓરીયન, ઓરિસ્સામાંથી આવે છે. સાઉથ ગુજરાતની સુગર મિલ હોય તો ત્યાં આવતા લેબર મહારાષ્ટ્રમાંથી આવે છે. સુરતમાં પરપ્રાંતમાંથી હિંદીભાષી લેબર આવે છે. એ લોકોની પ્રવૃત્તિ પણ પોલીસ ડિપાર્ટમેન્ટ અગ્રીમતાથી જોઈ રહી છે. એમની કોઈ ગુનાહિત પ્રવૃત્તિ હોય

તો તેને કંટ્રોલ કરી રહી છે. હું માનુ છું કે પોલીસ ખાતાએ આ બધી પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખી છે. આજે એવા વિસ્તારોમાં પણ તેને લીધે ક્રાઈમ કંટ્રોલમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપીશ કે ભૂતકાળમાં પોરબંદરની સરહદે એક પાટિયું મારવામાં આવતું હતું કે, ' કાયદો અને વ્યવસ્થાની હદ અહીં પૂરી થાય છે. અહીંયા તો માફીયા ગોડફાધરો મુકત થયા છે.' ગૃહમંત્રીએ તેને કંટ્રોલ કર્યા છે તે બદલ હું તેમને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહીશ કે ઔદ્યોગિક ગૃહોમાં પણ શાંતિ સ્થપાઈ છે. એને લીધે જે રોકાણો વડોદરા શહેર કે રાજયમાં અન્ય જગ્યાએ જે રોકાણો આવી રહ્યાં છે, એમાં પણ ગૃહ વિભાગની કામગીરીનો ફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તહેવારોમાં પણ ગૃહ વિભાગ સક્રિય રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ધાર્મિક તહેવારો હોય, નંદ મહોત્સવ હોય, વડોદરામાં નવરાત્રિ મહોત્સવ હોય, સુરતમાં ગણેશ ઉત્સવ હોય તે બધી જ જગ્યાએ પોલીસ ડિપાર્ટમેન્ટની કામગીરી અસરકારક રહી છે. રાઉન્ડ ધ કલોક, ચોવીસ કલાક સતત જાગતા રહીને પોલીસ ચાંપતી નજર રાખતી હોય છે. તેને લીધે ગુજરાતનો નાગરિક પોતાના તહેવારો નિશ્ચિંત રીતે ઉજવી શકે છે. મને યાદ છે કે જયારે અક્ષરધામ પર હુમલાની અને ગોધરામાં સાબરમતિ ટ્રેઈનનો ડબ્બો સળગાવવાની ઘટના બની, ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટે જે રીતે કામગીરી કરી, ભલભલા ગુનેગારોને પોલીસે પોટા હેઠળ જેલભેગા કર્યા છે અને તે ગુજરાતની પોલીસની મુખ્ય કામગીરી રહી છે.

રાજયમાં સાઈબર ક્રાઈમ પણ વિકસી રહ્યો છે. એને કંટ્રોલ કરવા માટે પોલીસ સક્ષમ બની છે. ઈન્ટરનેટ પર ખાનગી માહિતીની આપલે થતી હોય છે, તેના દ્વારા ધાકધમકી થતી હોય છે, વેબસાઈટ ઉપર હેકીંગ થતું હોય છે, ક્રેડીટ કાર્ડના ગુના પણ બની રહ્યા છે. ક્રેડીટ કાર્ડ ચોરાઈ જાય એટલે તેનાથી બીજી બેંકોમાં તેનો ઉપયોગ થઈ જતો હોય છે.

સાઈબર કાફેમાં અશ્લીલ વેબસાઈટોનો પણ પોલીસ દ્વારા કંટ્રોલ થાય છે, આવી અનેક ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપર પોલીસ દળ કાર્યરત છે. રાજયમાં ચેતક કમાન્ડો ફોર્સની પણ રચના કરવામાં આવી છે, આતંકવાદી પ્રવૃત્તિઓને ડામવા માટે આ ચેતક કમાન્ડો ફોર્સ કાર્યરત છે. આ રાજય એ સરહદી વિસ્તારનું રાજય છે, આમ જોવા જઈએ તો આ રાજયનો દરિયાઈ વિસ્તાર ૧૭૦૦ કિલોમિટરનો છે, કચ્છ સરહદી વિસ્તાર છે અને આતંકવાદી તત્વો અને પાકિસ્તાની ઘુસણખોરો આ કચ્છ સરહદ દ્વારા રાજયમાં પ્રવેશ કરે છે અને એના ઉપર ચાંપતી નજર રાખવા માટે બોર્ડર વીંગ પણ કામ કરે છે. પોલીસ ફોર્સ પણ કામ કરે છે અને એના કારણે રાજયમાં અનેક ગુનાહિત પ્રવૃત્તિઓ કંટ્રોલમાં આવી છે અને હથિયારોની જે હેરફેર થાય છે એ પણ આ રાજયમાં બંધ થઈ ગઈ છે. ભૂતકાળમાં એ.એમ.ટી.એસ.માં ટિફીન બોંબના ગુનેગારો હતા એ પકડાયા છે, સાબરમતી હત્યા કાંડના ગુનેગારો હતા એ પણ પકડાયા છે અને રથયાત્રા ઉપર હુમલો કરનાર ગુનેગારો પણ પકડાયા છે અને હવાલા કાંડના કેસો પણ શોધી કાઢવામાં આવ્યા છે. હું તો એ પણ કહીશ કે રાષ્ટ્ર અને સમાજ માટે જેણે બલિદાન આપ્યું છે અને વડોદરા શહેરમાં એક ચેઈન પુલિંગમાં એક માથાભારે તત્વએ શહેરના એક અરવિંદ પટેલને ત્યાં સ્ટેપ કરીને મારી નાખ્યા તો રાજય સરકારે એમને વીર મેકસસ એવોર્ડ આપ્યો અને પોલીસ દ્વારા અને સમાજ દ્વારા એમને આર્થિક ભંડોળ પણ ૧૭ લાખ રૂપિયા જેટલું ભેગું કરી આપ્યું અને એ આ રાજય અને સમાજની એક સારી નિશાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસદળને આધુનિક બનાવવા માટે અનેક પગલાં લેવાઈ રહયાં છે અને એમાં ઉચ્ચ ટેકનોલોજી ધરાવતા સોફિસ્ટીકેટેડ સાધનોની પણ ખરીદી થઈ છે. પોલીસ મોબિલીટી સુધારા માટે વ્રજ વાહનો, વોટર કેનન બસો અને એવાં ભારે વાહનોની પણ રાજય સરકારે ખરીદી શરૂ કરી છે અને ઝડપી સંદેશા વ્યવહાર માટે પણ યુએચએફ મલ્ટી સાઈડ ડિઝિટલ રેડીયો ટ્રેકીંગ સિસ્ટમની ખરીદીની પણ સરકાર વિચારણા કરી રહી છે. ઈન્ટેલિજન્સને સુદ્રઢ બનાવવા માટે રાજય સરકારે બોંબ બ્લેન્કેટેડ, ટ્રેલર સહિત બોંબ બાસ્કેટ, પોર્ટેબલ ટી.વી., ટેલિફોન જામર, ટેલિસ્કોપ સર્ચ મિટર વગેરેની પણ ખરીદી શરૂ કરી છે. મોડેસ ઓપરેન્ડી બ્યુરો અને ક્રાઈમ રેકોર્ડ કચેરી પણ આધુનિક કરાઈ છે, પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજય સરકારે પોલીસ મિત્રની પણ યોજના કરી છે. મને યાદ છે કે શહેરમાં જયારે જયારે પણ નાના મોટા ધાર્મિક તહેવારો આવે છે ત્યારે રાજય સરકાર અમારા પોલીસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ આ પોલીસ મિત્ર દ્વારા શહેરમાં સુલેહ શાંતિ સ્થપાય એના માટે કાર્યરત છે. પોલીસ મિત્ર દ્વારા નાની મોટી મિટિંગો થાય છે, લોક દરબાર થાય છે અને પ્રજામાં શું પરિસ્થિતિ છે એની જાણકારી મેળવતા હોય છે અને એના દ્વારા રાજય સરકાર કામગીરી કરી રહી છે, પોલીસ સ્ટેશનો કામગીરી કરી રહયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગના નોડેલ અધિકારીઓ મારફતે પોલીસ સ્ટેશનોમાં નાગરિક અધિકાર પત્રનું બોર્ડ મૂકવાનું પણ શરૂ કરાયું છે, દરેક પોલીસ સ્ટેશનમાં ફેકસ મશીનો અને જીસ્વાનની કનેકટીવીટી માટેની કામગીરી શરૂ કરી છે અને તાલુકા લેવલે પણ આ કામગીરી શરૂ કરવામાં આવી છે. હું એ પણ કહીશ કે રાજય સરકાર દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની મુખ્ય કચેરીનો ફોન નંબર અને એડ્રેસ પ્લેટ મૂકવાની વિચારણા કરી છે અને મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ ખાતામાં ગુણાત્મક સુધારો આવે એના માટે અનેક ફેરફાર કર્યા છે અને ખાસ કરીને પોલીસ ખાતામાં ઈન સર્વિસ અને પ્રિ.સર્વિસ તાલીમમાં સોશ્યલ સાયન્સ, ફોરેન્સિક સાયન્સ, સાયકોલોજી તથા ક્રિમિનલ સાયન્સનો યોગ્ય રીતે સમાવેશ થાય એની પણ વિચારણા કરી છે. સાયબર કાફેમાં થતા ક્રાઈમને નાથવા

માટે કાયદાની વિચારણા કરી છે અને બોમ્બે પોલીસ એકટ વધારે અસરકારક બને અને અની ઉપર વધુ અસરકારકતા માટે ગુજરાત પોલીસ એકટ બનાવવાની કાર્યવાહી પણ સરકારે હાથ ઉપર લીધી છે અને એમાં ગતિ વધારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ મિત્રો માટે આવાસની યોજના માટે સો કરોડ રૂપિયા ઉપરનું રોકાણ સરકાર કરી રહી છે. તેના દ્વારા પોલીસ આવાસો સારા અને સક્ષમ બને તેના માટે સરકારે કામગીરી શરૂ કરી છે, ઘણાં શહેરોમાં અને તાલુકા કક્ષાએ પોલીસ આવાસ ભૂતકાળમાં કેવા હતા તે આપણે જોયા છે, પોલીસ કયાં રહે છે તે પણ આપણને ખબર છે. એટલે એમાંથી પોલીસ પાકા મકાનોમાં આવે, સ્લમમાંથી પાકા મકાનોમાં આવે અને એમના કુટુંબોને સારું આરોગ્ય, સારું પાણી અને ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે સરકાર સારા આવાસો બાંધી રહી છે. ૨૦૦૪ સુધીમાં ૧૧૦૬૩ મકાનો બાંધવાનું આયોજન હતું એમાંથી ૭૮૫૭ જેટલા મકાનો પૂરા કરવામાં આવ્યા છે. પોલીસને સારો ગણવેશ મળે, તેમના કુટુંબને મફત સારવાર મળે, ફ્રી મેડીકલ ટ્રીટમેન્ટ મળે તેના માટે સરકારે કામગીરી કરી છે. સરહદી જિલ્લામાં પોલીસ જે કામગીરી કરી રહી છે તેના માટે પણ સરકાર સક્રિય છે, મને યાદ છે કે જયારે કારગીલ વોર હતી અને રાજયની બોર્ડર વિંગના જવાનોને રાધનપુર સરહદ ઉપર મારે મળવાનું થયું હતું ત્યારે તે જવાનોની કામગીરી ખૂબ જ પ્રશંસનીય હતી. આપણા એ બોર્ડર વિંગના જવાનો પહેલી હરોળમાં રહી અને રાજયની સુરક્ષા માટે તેમણે એકટીવનેસ દેખાડી તે પશંસનીય હતી. આપણી બોર્ડર વિંગમાં ઘણા એવા પગીઓ છે કે તે પગીઓ પાસે એવું નોલેજ છે કે કોઈ પાકિસ્તાનમાંથી આવીને રણ પ્રદેશમાં આવીને ઘૂસણખોરી કરે તો એના માટે એ પગીઓ પાસે એવી કેપેસિટી છે કે તે કયાં સંતાયો છે તેની માહિતી તેમને હોય છે અને તે પોલીસને મદદરૂપ થાય છે, એવા પગીઓ હાલમાં બહુ ઓછી સંખ્યામાં છે, તેમની પાસેથી રાજયના પોલીસ દળને અને બોર્ડર વિંગના જવાનોને ટ્રેઈનિંગ આપવાનો કાર્યક્રમ પણ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. એ જ રીતે પોલીસ કલ્યાણ માટે જયાં જયાં પોલીસ આવાસો બની રહયા છે તેમાં કોમ્યુનિટી હોલની પણ શરૂઆત કરવામાં આવી છે જેના કારણે પોલીસના પરિવારજનો લાભ ઉઠાવી શકે. લોકરક્ષકની ચાર હજાર જગ્યાઓ ઉભી કરવાનું સરકારે નકકી કર્યું છે, અને પોલીસ સ્ટેશનનું આધુનિકરણ કરવા માટે પણ ૬૯ કરોડનો ખર્ચ પોલીસ ચોકીઓ, ચેક પોસ્ટ વગેરે માટે કરવાનું સરકારે વિચારેલ છે. અને કામગીરી પણ શરૂ કરી છે. જેલમાં પણ સુધારણા શરૂ કરી છે.

આપણે જાણીએ છીએ કે જે રીતે રાજયની વસતિ પાંચ કરોડથી વધુ થઈ ગઈ છે તેથી જેલમાં પણ ગુનેગારોની સંખ્યા વધી હોય તેના કારણે જે બનાવો બને છે તેને કન્ટ્રોલ કરવા માટે જેલોને વિસ્તૃત કરવા માટે પણ રાજય સરકારે શરૂઆત કરેલ છે અને ખાસ કરીને વડોદરા, સુરત, અમદાવાદ અને રાજકોટની જેલો મોટી જેલો બને તે માટે કોન્ટ્રાકટ આપીને કામગીરી શરૂ કરવામાં આવી છે. એ જ રીતે કાચા કામના કેદીઓ હોય તેને કોર્ટમાં નથી જવું તો સરકાર ઈચ્છે તો જજ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા પોતે રજૂઆત કરી શકે તે પ્રમાણેનો કાર્યક્રમ પણ સરકારે હાથ ઉપર લીધો છે. હોમગાર્ડ, સિવિલ ડિફેન્સ, ગ્રામ રક્ષકદળ જે રાજય સરકાર માટે મહત્વના ફોર્સ છે, અને મદદરૂપ થઈ રહ્યા છે, હોમગાર્ડના ૪૫ હજાર જવાનો રાજયમાં નાની મોટી આફતો આવે છે ત્યારે કાર્યરત હોય છે. એમને ૫૦ રૂપિયાનું માનદ વેતન મળે છે, આ હોમગાર્ડના જવાનો જયારે જયારે જોઈએ ત્યારે એકટીવ હોય છે. રાત્રી પેટ્રોલિંગ પણ કરે છે અને કુદરતી આફતોમાં પણ તેઓ એકટીવ રહે છે. આ જવાનોને કેમ્પ કરીને રાયફલ ટ્રેઈનિંગ પણ આપવામાં આવે છે. વર્ષમાં બે ત્રણ વખત આવા કેમ્પનું આયોજન પણ થાય છે. તેના દ્વારા ટ્રેઈનિંગ આપવાનો કાર્યક્રમ પણ છે. સિવિલ ડિફેન્સની વાત કરું કે ભૂતકાળમાં જયારે ભૂકંપ આવ્યો અને ત્યારપછી કોઈ પરિસ્થિતિ કચ્છની જે સર્જાઈ હતી. સરકારને તે વખતે કયા સાધનો જોઈશે એમાં ખાસ કરીને જે.સી.બી. મશીન, બુલડોઝર, મોટી ક્રેઈનો, સ્લેબ કટરની જરૂર પડે. તો આ કોની પાસે છે એની માહિતી સરકાર પાસે હતી પણ એ માહિતી વ્યવસ્થિત રીતે બુક દ્વારા તૈયાર કરવાનું સિવિલ ડિફેન્સે નક્કી કર્યું. આજે રાજયમાં આવા જુદા જુદા સાધનોની માહિતી રાજયમાં કોની પાસે કયાં છે એ માહિતી તૈયાર કરવામાં આવી છે. કઈ હૉસ્પિટલ પાસે કેટલી બેડ છે એ પણ સિવિલ ડિફેન્સ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. કદાચ રાજયમાં નાની મોટી આફતો અને યુદ્ધનું વાતાવરણ ઊભું થાય તો આ સિવિલ ડિફેન્સ એકટિવ થાય, અત્યારે પણ આ વિભાગ કાર્યરત છે જ અને છઠ્ઠી ડિસેમ્બરને સિવિલ ડિફેન્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ સિવિલ ડિફેન્સ પાસે ૧૬૯ જેટલી સાયરનો આજે એકટિવ છે. એટલે ગૃહ વિભાગનો આ પૅરા મિલેટરી ફૉર્સ સંપૂર્ણ કાર્યરત છે.

ગુજરાતમાં અનેક કાયદાઓ બનાવવામાં આવ્યા છે. એમાં ખાસ કરીને Gujarat Control of Organized Crime Act ગુજકોક, નાના રોકાણકારોના રક્ષણ માટે પણ કાયદો બનાવવામાં આવેલ છે. Gujarat Freedom of Religion Act માટે પણ સરકાર વિચાર કરી રહી છે. જુગારધારો હોય કે પછી નશાબંધી ધારો હોય એમાં પણ સરકાર નવા સુધારાઓ લાવી રહી છે અને એના દ્વારા રાજય સરકાર પોલીસ દળને વધુ સક્ષમ બનાવવા માટે કાર્યક્ષમ બની રહી છે.

સ્ટેટ ટ્રાન્સપૉર્ટની વાત કરું તો રાજયમાં ૪૦૪૧ જેટલી બસો છે. એક બસ રોજના ૨૮૩ કિલોમીટર જેટલું સંચાલન કરે છે. આશરે ૨૮ લાખ જેટલા મુસાફરો રોજની મુસાફરી કરી રહ્યા છે. રાજયનું સ્ટેટ ટ્રાન્સપૉર્ટ ૯૬ ટકા ગામડાંને કવર કરે છે અને ૯૯ ટકા વસતિને બસ સુવિધાથી આવરી લેવામાં આવી છે. આ રાજય સરકારનું સ્ટેટ ટ્રાન્સપૉર્ટ એના જુદા જુદા મધ્યસ્થ ભંડારો છે. એના મેનેજમેન્ટમાં દરેક જગ્યાએ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. આ રીતે સ્ટેટ ટ્રાન્સપૉર્ટ રાજયમાં એકટિવ છે, પછી એ સ્કૂલના વિદ્યાર્થીઓને

બસ પાસની સુવિધા આપવી હોય, સિનિગર સીટીઝનને ફ્રી પાસ આપવાના હોય એવી અનેક સુવિધાઓ આપવા માટે સ્ટેટ ટ્રાન્સપૉર્ટ એકટિવ રહ્યું છે.

હાલમાં રાજયમાં સી.એન.જી. બસની શરૂઆત થઈ છે અને ગાંધીનગરમાં કદાચ ચાલતા નીકળશો તો એ આપણને જોવા મળશે. એ રીતે અમદાવાદ શહેરમાં પણ સી.એન.જી. બસ કાર્યરત રહી છે એના કારણે જે કંઈ પ્રદૂષણના પ્રશ્નો હતા એને ધ્યાને લઈને આ બધી સુવિધાઓની શરૂઆત કરવામાં આવી છે. હું છેવટે કહીશ કે રાજય સરકાર અને રાજય સરકારનું ગૃહ વિભાગ પ્રજાના રક્ષણ માટે પૂરી ક્ષમતાથી અને એકટિવથી કામ કરી રહ્યું છે. એ બદલ રાજય સરકારને અને ગૃહમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. જેઓ રાજયના વિકાસની ગતિનો વેગ છે એ જાળવી રાખશે એવી મને પૂરી આશા અને અપેક્ષા છે આ સાથે વિરમું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૧,૪૨,૪૩ અને ૪૪ લઈને આવ્યા છે એના ઉપર મારા મંતવ્યો રજૂ કરવા અને રાજય સરકારનું ધ્યાન દોરવા માટે ઉપસ્થિત થયો છું.

કોઈપણ રાજયનો કે દેશનો વિકાસ ત્યારે જ થાય કે રાજયમાં અને દેશમાં રહેતી પ્રજા શાંતિથી રહી શકે. પોતાની મહેનતથી મેળવેલ ધન પોતાના કુટુંબ સાથે ભોગવી શકે ત્યારે જ એ કુટુંબ, રાજય અને દેશનો વિકાસ થાય. રાજયની આંતરિક સલામતી સુરક્ષા જળવાય અને કાયદો અને વ્યવસ્થા કાબૂમાં રહે એ ખૂબ જરૂરી છે.

ભારતીય જનતા પક્ષની સરકાર ચૂંટણીમાં વચનો આપીને સત્તા ઉપર આવેલી છે. તમે એક દિવસ જાગો, અને પાંચ વર્ષ જાગતા રહીશું. ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરીશું. આવા વચનો સાથે ભારતીય જનતા પક્ષની સરકાર સત્તા ઉપર આવી છે. જે રાજયની અંદર ભારતીય જનતા પક્ષના કાર્યકરોની સલામતી ન હોય, તેના આગેવાનોની સલામતી ન હોય તે બીજાનું કઈ રીતે રક્ષણ કરી શકે? ધોળા દિવસે ભારતીય જનતા પક્ષના આગેવાનોના, કાર્યકરોના ખૂન થાય અને ખૂન કરનાર લોકોની ધરપકડ ન કરી શકે તેમની પાસેથી લોકો સલામતી અને સુરક્ષાની અપેક્ષા કઈ રીતે રાખી શકે? ભારતીય જનતા પક્ષના શાસનમાં ગુનાખોરીનો ગ્રાફ વધતો રહ્યો છે. જે રાજયની અંદર એક વર્ષમાં સ્ત્રીઓના અપમૃત્યુના ૩૫૭૬ જેવા બનાવો બને, જ્યાં નાનો-ગરીબ માણસ સલામતીથી રહી ન શકે, સુખ-શાંતિ ન અનુભવી શકે ત્યાં લોકો કઈ રીતે રહી શકે? એક સારી વાત છે કે પોલીસ તંત્રને આધુનિક ટૅક્નૉલૉજીથી સુસજ્જ કરવા માટે, પોલીસ સેવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ખર્ચમાં ૧૩.૩૬ ટકા જેવો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રાજયના કુલ બજેટમાં પોલીસના હેડ હેઠળ રાજયના ૨.૨૦ ટકા જેટલી રકમ અને મહેસૂલી ખર્ચના ૩.૨૧ ટકા જેટલી રકમનો ખર્ચ થનાર છે, ત્યારે એ પણ સારી વાત છે કે પોલીસ તંત્રનું સ્વાસ્થ્ય સુધરે, તેના કુટુંબની કાળજી લેવામાં આવે, પોલીસ તંત્રમાં ફરજ બજાવતા કર્મચારી-અધિકારીઓની કાળજી લેવામાં આવે, તેનું મેડીકલ ચૅકઅપ કરવામાં આવે એ ખૂબ જરૂરી છે. સાથે એ પણ જરૂરી છે કે આ રાજય સરકારનું પણ હેલ્થ કથળી ગયું છે. આ રાજય સરકારમાં ભારતીય જનતા પક્ષના શાસકોના હેલ્થ કથળ્યા છે. એની પણ ચકાસણી થાય એ ખૂબ જરૂરી છે. જે લોકોને પોલીસ પર વિશ્વાસ નથી તેમનો પોલીસ તંત્ર ઉપર વિશ્વાસ સંપાદન થાય એ પણ જરૂરી છે. આજે પોલીસ તંત્ર ભારતીય જનતા પક્ષના કાર્યકરોના કે તેના આગેવાનોના જોરે ક્યાંક કામ કરી રહ્યું છે, ક્યાંક પૈસાના જોરે પણ પોલીસ તંત્ર કામ કરી રહ્યું છે. નમૂના સાથે પણ આપું છું, માનનીય સભ્યશ્રીએ કહ્યું, કોણે કયા પ્રકારનો ગુનો કર્યો છે ગુનેગાર પાસે કેવીક આર્થિક સગવડતા છે તેના આધારે અને રાજકીય ઈશારે ગુનાઓ નોંધાય છે. તે પ્રમાણે તેના પર કલમો લગાડાય છે.

મારા વિસ્તારનો એક દાખલો આપીને કહીશ કે થોડા સમય પહેલાં મારા વિસ્તારમાં એક બનાવ બન્યો. એ બનાવ વખતે સામે પક્ષેથી ફાયરીંગ થયું. એ ફાયરીંગ વખતે કાચી દિવાલ હતી એના ઉપર છરાના નિશાન હતા. ફરિયાદ નોંધાવી.` ફરિયાદ લેવા સ્થાનિક પી.એસ.આઈ. ગયા ગુનેગારોની સાથે સમજૂતી થઈ ગઈ અને ફાયરીંગનો એફ.આઈ.આર.ની અંદર ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી. મને અહીં જ્યારે જાણ થઈ તો મેં રાજકોટના એસ.પી.ને જાણ કરી કે આપ જાતે કોઈ બીજા અધિકારીને મૂકાવીને તપાસ કરાવો. એસ.પી.ને પણ એમ થયું કે ના વાત ધારાસભ્યે મને કરી છે એમાં કંઈક તથ્ય હશે. એસ.પી. ત્યાં જાતે ગયા અને ગામની મુલાકાત લીધી અને ત્યાંથી ૪૦૦ છરા એસ.પી.એ એકઠા કર્યા. એસ.પી.એ કહ્યું કે ના, ફાયરીંગ ખરેખર થયું છે. પી.એસ.આઈ. ઉપર શું સજા થઈ? આપ કહો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે આ કાયદો છે એ પોલીસ માટે અને ગરીબ માટે કંઈ અલગ અલગ છે? તવંગરો માટે અને ગરીબ લોકો માટે કંઈ કાયદો અલગ છે? આજે અમને એવો અહેસાસ થઈ રહ્યો છે. અમે જે વિસ્તાર અને જે ગામડાઓમાંથી આવી રહ્યા છીએ ત્યાં લોકો સુખેથી રહી શકતા નથી. શાંતિથી રહી શકતા નથી. આવી પરિસ્થિતિ આજે કાયદાની ઉભી થઈ રહી છે. છેલ્લે એક સીલ સીલો શરૂ થયો છે. દર મહિને પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજાય છે. સારી વાત છે કે લોકો અને પોલીસ વચ્ચેનું અંતર ઘટે. સુમેળ સધાય અને એકબીજાના વિચારોની આપ-લે થાય તો ગુનાખોરીનું પ્રમાણ ઘટે અને લોકો સાચી વાત પોલીસ પાસે આવીને કરી શકે. ત્યાં પ્રશ્નો રજૂ થાય, ફરી બીજી મીટિંગ આવે એની એમાં એ જ પ્રશ્નો રજૂ થાય.

છેલ્લા એકાદ વર્ષથી આ જે પ્રશ્નો લોક દરબારમાં રજૂ થાય છે એનો કોઈ ઉકેલ આવતો નથી. મારે બીજી એક વાત એ પણ કરવી છે કે આની પહેલાના ગત વિધાનસભા સેશન વખતે પણ મેં એક વાત માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકી હતી. પોલીસ સ્ટેશનની અંદર આજે આપણે સૌ કહીએ છીએ અને રાજય સરકાર પણ એ વાત જાણે છે કે સ્ટાફની ઘટ છે પણ મારે દુ:ખ સાથે વાત કરવી છે જે આ જે અન અધિકૃત વાહનો ચાલે છે એ

વાહનોના હપ્તા ઉઘરાવવા માટે પોલીસ સ્ટેશનની અંદર એક માણસ હપ્તા ઉઘરાવવા માટે રોકાયેલો છે અને એ હપ્તા ઉઘરાવે છે. એને પૂછીએ કે તમે આ શું કરી રહ્યા છો? ગરીબ લોકોને શા માટે આવી રીતે લૂંટી રહયા છો ત્યારે એવો જવાબ મળે છે કે આ અમારે ઉપર સુધી પહોંચાડવા પડે છે એટલે અમે એને કહ્યું કે ઉપર સુધી એટલે? એટલે કહે કે સરકાર સુધી. મેં ગયા વખતે વાત કરી હતી જે અન અધિકૃત વાહનો ચલાવવામાં આવે છે છકડો, મૅટાડોર આ હકીકત જે છે એ આપના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. એનો આની પહેલા પણ માનનીય મંત્રીશ્રીએ ગૃહમાં જવાબ આપ્યો છે કે છકડો છે એને વાહનોમાં પેસેન્જર લઈ જવાની નિશ્ચિત સંખ્યા સાથે પાસીંગ આપવામાં આવ્યું છે એ કોઈ જગ્યાએ પોલીસ સ્ટેશનની અંદર માન્ય રહ્યું નથી એટલે એની અંદર જે અન અધિકૃત વાહનો ચાલે છે એની અંદર પેસેન્જર નક્કી કરી અને પાસીંગ આપવામાં આવે એ પણ ખૂબ જરૂરી છે.

થોડાક સમય પહેલાં એક રાજકોટ જિલ્લાના ખીરસરા ગામમાં ૧૪મી જાન્યુઆરીએ એક બનાવ બન્યો. ભૂલ થઈ છે લોકોની પણ જે કંઈ ઝઘડો થયો અને ભૂલ થઈ એના કારણે ૭ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ ત્યાં જઈને એ ગામની અંદર ૬૫ જેવા ઘરની અંદરની તમામ ઘરવખરી તોડી નાખી. ૩૨ જેવા લોકોને એમાં ૯ બહેનોને બેરહેમ રીતે મારી. સગર્ભા બહેનો હતી ઘરની અંદર દીકરીઓ હતી એ બધાની હાજરીમાં બેરહેમ રીતે આ પોલીસ તંત્રે ધોકાવી નાખ્યા. એક બેન કે જે સગર્ભા હતી એને પણ પોલીસ તંત્રે છોડી નહીં. તપાસ કરતાં જાણ થઈ કે આમાં પોલીસ તંત્રની ભૂલ છે. એમાં ૯ પોલીસ કર્મચારીઓ ઉપર ગુનો નોંધાયો. આજે એની દ ારપકડ થઈ નથી. ત્યારે અમને એવું લાગે છે કે આ કાયદો અને વ્યવસ્થા ફક્ત ગરીબ લોકો માટે જ લાગે છે. મારે બીજી એક વાત એ કરવી છે કે જે ખાસ કરીને કેવું ચાલે છે. અંબુજા સિમેન્ટ ફેકટરીના એક અધિકારી ઉપર સાત ગુનાઓ નોંધાયા અને એ બધા ગુનામાં 'બી' સમરી ભરી દેવામાં આવી છે. એ જગ્યાએ કોઈ ગરીબ માણસ હોત તો કયારનોય પાસામાં ધકેલી દેવામાં આવ્યો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાહન વ્યવહારની એક-બે વાતો કરવી છે. સામાન્ય રીતે આપણું રાજય અને દેશ ખેતી પ્રધાન છે. રાજયમાં મોટાભાગના ૭૦ ટકા લોકો ગ્રામ વિસ્તારમાં વસે છે ત્યારે હમણાં મારા સાથી સદસ્ય બોલી રહ્યા હતા ત્યારે ૧૯૬૦ થી ૧૯૯૮ના ૩૭ વર્ષના ગાળામાં એસ.ટી.એ પ્રશંસનીય સેવાઓ આપી હતી. એ વખતે કરકસરયુકત વહીવટ માટે એસ.ટી.એ રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યા હતા. જ્યારથી ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યું ત્યારથી આ એસ.ટી.ની માઠી બેઠી છે. એમ કહીશ કે પહેલા ૯૯ ટકા ગામડાંને આ એસ.ટી.ની સેવા..(સમયસૂચક ઘંટડી) બે મિનિટ મને વધારે આપો. ૯૯ ટકા ગામડાંને નિયમિત એસ.ટી. મળે એ પ્રમાણેનું કામ એ વખતની સરકારે કર્યું હતું. એસ.ટી.ની અંદર ૧૮ ડિવિઝન, ૧૩૮ ડેપો, ૨૫૦ બસ સ્ટેશનો, ૬૦ હજાર કર્મચારીઓ અને ૧૨ હજાર વાહનો સાથે તમામ ૯૯ ટકા ગામડાંને એસ.ટી. તંત્રે સાંકળી લીધાં હતાં. આજે એસ.ટી. તંત્રની હાલત કેવી છે? અત્યારે બસ ક્યારે કયાં જશે એનો કોઈને ભરોસો રહ્યો નથી. ૨૦૦૧માં જ્યારે ભારતીય જનતા પક્ષ સત્તા પર હતો ત્યારે એકીસાથે ૩૦૦૦ ચેસિસ ખરીદી એની બોડી કયાં બંધાવવામાં આવી? રાજયમાં અમદાવાદ ખાતે નરોડા વર્કશોપ છે એમાં સારું કામ થાય છે. એને છોડીને રાજસ્થાનમાં આ બોડી બંધાવવામાં આવી. આજે ગૃહ તંત્રમાં પોતાના વાહનો માટે નરોડા વર્કશોપમાં વાહનોની બોડી બંધાવવામાં આવે છે. ફક્ત અને ફક્ત ભ્રષ્ટાચાર કરવા માટે આ ભા.જ.પ.ના અમુક લોકોએ ચેસિસ ઉપર બોડી બંધાવવા માટે રાજયની બહાર રાજસ્થાન સુધી મોકલેલી. આજે ૧૫૦૦ જેટલા વાહનો બંધ પડ્યાં છે. ખાનગીકરણનો આજે વાયરો ફૂંકાયો છે. ખાનગી વાહનો પણ કોના ચલાવવામાં આવે છે? ખાનગી વાહનોને અટકાવવા માટે કોણ કોને રોકી શકે છે? આજે ગામડાંની મહત્ત્વની સુવિધા એસ.ટી. છે એ આજે ધીમે ધીમે ઝૂંટવાતી જાય છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેરકોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રાજયના ગૃહ રાજય મંત્રી જે ગૃહ વિભાગની માગણી નંબર ૪૧, ૪૨ અને ૪૩ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દિન પ્રતિદિન આ સરકાર ગુજરાત રાજયમાંથી ગુંડારાજ નાબૂદ કરવા માટે કટિબદ્ધ બની અને ગુજરાતને ભયમુકત, સલામત અને સમૃદ્ધ બનાવવાનો ભગીરથ પ્રયત્ન થઈ રહ્યો છે તે બદલ હું ગુજરાત રાજયના મુખ્યમંત્રી અને ગૃહ રાજય મંત્રીને અભિનંદન આપું છું. જ્યારથી આ રાજયનું સુકાન આ ભા.જ.પે. સંભાળ્યું છે ત્યારથી ભલભલા ચમરબંધી અને દાદાગીરી કરવાવાળા ગુંડાઓ હોય એ બધા આજે જેલમાં છે અથવા તો ગુજરાત છોડીને ચાલ્યા ગયા છે અથવા તેઓ અંડર ગ્રાઉન્ડ થઈ ગયા છે. કોઈ દાદા રહ્યા નથી, માત્ર હનુમાન દાદા સિવાય કોઈ દાદા આ ગુજરાતમાં નથી.

હું દલિત સમાજમાંથી આવતો હોઉં અને દલિત સમાજની તાસીર ગૃહમાં રજૂ ન કરું તો યોગ્ય નહિ કહેવાય. દલિત સમાજની વાતો કરનારા મારા વિરોધ પક્ષના સાથી મિત્રો, દલિત ઉપર થતા અત્યાચારો કોના શાસનમાં થતા હતા? એ સાબરડાનો હત્યાકાંડ હોય, બિલિયાનો હત્યાકાંડ હોય કે રણમલપુરનો હત્યાકાંડ હોય, ત્યારે દલિત સમાજને હિજરતો કરવી પડતી હતી. આ તમામ બનાવો કોંગ્રેસના શાસનમાં બન્યા હતા. આજે ગૌરવ સાથે દલિત સમાજના પ્રતિનિધિ તરીકે ગૃહમાં છાતી ઠોકીને કહી રહ્યો છું કે, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં એક પણ દલિત કુટુંબને હિજરત કરવી પડી નથી એ ગૌરવની વાત કહેવાય.

સમગ્ર ગુજરાતને દેશ અને દુનિયામાં બદનામ કરનારા પરિબળો મારી ગરવી ગુજરાતને, જે અન્ય દેશમાં ગુજરાતને લાંછન લગાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે સામે બેઠેલા કોંગ્રેસના મિત્રો મનમાં હસીને આનંદ લઈ રહ્યા હતા.

સાબરમતી ટ્રેનની અંદર મારા હિંદુભાઈઓને જે જીવતા સળગાવી નાંખ્યા એ ગુજરાતના હતા, એ રામભક્ત હતા. પરંતુ આ રામભક્તો કોંગ્રેસીઓને ભા.જ.પ.ના લાગતા હતા, એટલા માટે જ્યારે ગોધરાકાંડ બન્યો હતો ત્યારે એ મરનાર માટે ચિંતા ના કરી પણ સળગાવી નાખનારા એ તત્વોની ચિંતા કરનાર કોંગ્રેસી મિત્રો છે.

બિહારના લાલુ પ્રસાદ યાદવ, આજે સૌથી વધુ ચિંતા કરનાર હિન્દુસ્તાનમાં જો કોઈ હોય તો લાલુ પ્રસાદ યાદવ. આ કોંગ્રેસના ગોડ મધર મેડમ સોનિયાજીએ એક વખત બિહારની મુલાકાતે ગયેલા હતા અને બિહારની જે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોઈ તેમણે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે આ રાજ્ય સરકાર એક દિવસ માટે પણ ના ચાલે. એ વખતે મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવ હતા. આજે કોંગ્રેસની કેન્દ્રમાં સરકાર હોય એનો મુખ્ય પાયો હોય તો આ લાલુ પ્રસાદ યાદવ છે. જ્યારે જ્યારે ગુજરાતને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો હોય તો એ પછી ગુજરાતના કોંગ્રેસીઓ હોય કે બહારના કોંગ્રેસના પરિબળોએ જે ગોધરા કાંડમાં જે રીતે ગુજરાતને બદનામ કરનારા પરિબળોને સહાય કરી તો એનો પરચો ચૂંટણીમાં કોંગ્રેસને લોકોએ બતાવ્યો છે. હમણાંજ બિહારમાં પણ કોંગ્રેસના લાલુ પ્રસાદને પરચો મળી ગયો છે. ગુજરાત રાજ્ય એ દેશનું સરહદી રાજ્ય છે. અન્ય દેશોના ઘુસણખોરો ગુજરાતમાં પોતાના ઘર કરવાના પ્રયત્નો કરી રહ્યા હતા, દારૂગાળો હોય, હથિયારો હોય કે ચલણી જાલીનોટો હોય કે R.D.X. જેવા ઝેરી પદાર્થને ગુજરાતમાં જે ઘુસાડવા માટેનો પ્રયત્ન કરતા હતા, હું ગુજરાતના પોલીસદળને ખૂબ અભિનંદન આપું છું કે જેઓએ આ તત્ત્વોને જેર કરીને, પકડીને જેલમાં ધકેલી દીધા છે. ગુજરાત રાજ્યને ત્રાસવાદી બનાવવા જઈ રહેલા તત્ત્વોને મારા પોલીસ જવાનોએ જેમને ધમરોળી દીધા છે.

ગુજરાતના ધારાસભ્યોની જ્યારે વિરોધપક્ષના નેતા ગુજરાતની સલામતી માટે વારંવાર કટાક્ષ કરતા હોય છે. હું એમને પૂછું છું કે, આજે જો ગુજરાતની સલામતની આ સરકાર ચિંતા નહિ કરે તો કોણ ચિંતા કરશે? પાકિસ્તાના ત્રાસવાદીઓ ચિંતા કરશે? આ ગુજરાતના મુખ્યમંત્રી ગુજરાતની પાંચ કરોડની જનતાની ચિંતા કરતા અને એના રક્ષણ માટે જે જહેમત ઉઠાવી છે એ માટે ધન્યવાદ.

માનનીય અધ્યક્ષશ્રી, દલિતોના મસિહા બની ગયેલા આ કોંગ્રસીઓને ચૂંટણીમાં દલિતોએ પરચો આપી દીધો. હવે લઘુમતિ કોમના હાથી બનવા જઈ રહ્યા છે. (અંતરાય) મારી વાત શાંતિથી સાંભળો. જો સહન ના થતું હોય તો ગૃહની બહાર જઈ શકો છો. મારા મત વિસ્તારની વાત કરું તો લઘુમતિની વાતો કરનારા આ કોંગ્રેસી મિત્રોને કહું કે સરસપુરમાં વોરાના રોજા નામનું એક પવિત્ર સ્થળ આવેલું છે. આજથી છ મહિના પહેલા આખા હિન્દસ્તાનમાં સૌથી મોટા વોરાના મૌલાના આવ્યા હતા અને મૌલાનાએ જાહેર સભામાં કહ્યું હતું કે આખી દુનિયામાં જો મુસ્લિમની કોઈ સલામતી હોય તો એ ભારતદેશના ગુજરાત રાજ્યમાં છે. આ મૌલાનાના શબ્દો છે. હજુ પણ જો મિત્રોને વિશ્વાસ ના આવતો હોય તો ચાલો મારી સાથે આશ્રમરોડ, સી.જી.રોડ પર આજે પણ લઘુમતિ કોમની યુવત્તિઓ, એમના કુટુંબ આજે બિન્દાસ્ત રીતે રાત્રીના પિકચર જોતા હોય છે અને ફરી શકતા હોય છે, બજારમાં ખરીદી કરી શકતા હોય છે. વિરોધપક્ષના સભ્યો ખોટી બૂમો પાડે છે કે લઘુમતિ કોમના ધંધા-રોજગાર છીનવી લીધા છે. કોઈએ કલ્પના નહિ કરી હોય કે લઘુમતિ કોમના લોકો સોનીના ધંધામાં સંકળાયેલા છે, માણેકચોકમાં સોના-ચાંદીની દુકાન ખોલીને બેઠા છે. કાપડ ઉદ્યોગ હોય, ફર્નિચર ઉદ્યોગ હોય, બધા ઉદ્યોગોમાં આજે લઘુમતી કોમના લોકો સંકળાયેલા છે અને ધંધાઓ કરી રહ્યા છે.માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ખાતાના મંત્રીશ્રી પોલીસ દળની જે ચિંતા કરી રહ્યા છે, હમણાં મારા પરમ મિત્ર પોલીસ દળના જવાનોના સ્વાસ્થ્યની ચિંતા કરતા હતા, ઈતિહાસમાં પહેલીવાર ૬૦,૦૦૦થી વધારે પોલીસ કર્મીઓને જો કોઈ ગૃહમંત્રી દ્વારા પોતાના હસ્તે લખેલ અને સહીવાળો પત્ર પાઠવ્યો હોય તો એ આ ગૃહમંત્રીશ્રીએ, તમામ કર્મીઓને પાઠવ્યો છે અને એ બદલ હું ગૃહમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે તેઓએ પોલીસ કર્મીઓના અને તેમના કુટુંબીઓના સ્વાસ્થ્યની ચકાસણી ફ્રી કરવા માટે નિવેદન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં સારામાં સારી જો ફોરેન્સીક લૅબૉરેટરી હોય તો એ ગુજરાતની લૅબૉરેટરી છે. આજે ગૃહ વિભાગની આટલી સુંદર કામગીરીના કારણે ગુનાનું જે પ્રમાણ છે એ દિવસેને દિવસે ઘટતું ગયું છે. અમારા ભા.જ.પ.નું એક સૂત્ર બની ગયું છે પોલીસ દળ માટે કે, "તમે સમાજની રક્ષા કરો, અમે તમારા કુટુંબની રક્ષા કરીશું". એ સાથે આ ભા.જ.પ.ની સરકાર કટિબદ્ધ રીતે આગળ વધી રહી છે.

આ ગુજરાત રાજયે પોટાના કાયદાનો કડક રીતે જે અમલ કર્યો ત્યારે કોંગ્રેસના મિત્રોને પેટમાં દુખ્યું, કેન્દ્રમાં પોટાનો કાયદો રદ કરવા માટે કાયદો લાવ્યા. પોટા હેઠળ જે પકડાતા હતા એ ચોરી કરનાર ચોરો નહતા, ધાડપાડુઓ નહતા, લૂંટ કરનાર લૂંટારાઓ નહતા પરંતુ મા ભારતની ભોમને જે લાંછન લગાડનારા, ભારત માતાને બદનામ કરનારા રાષ્ટ્રદ્રોહીઓને આ પોટામાં ખસેડવામાં આવ્યા છે, આ લોકોને છોડાવવા માટેના આ લોકોએ પ્રયત્નો કર્યા છે. ભૂતકાળની વાત કરું કે આ ત્રાસવાદીઓને બિરયાની કોણ ખવડાવતું હતું? એ આખી દુનિયા જાણે છે કે એ કોંગ્રેસના મિત્રો હતા.

આતંકવાદીઓની વાત કરું (અંતરાય) ટી.વી.માં જોયું હતું કે, બિરીયાની કોણ લઈને ગયું હતું. જેલમાં કોણ ટિફિન લઈને ગયું હતું? ગોધરા કાંડ પછી ગોધરાના આરોપીઓને જેલમાં ટિફિન આપવાની વ્યવસ્થા કરનારા

આ કોંગ્રેસના મિત્રો હતા. શરમ આવવી જોઈએ. સમાજ અને જનતાની ચિંતા કરનારાઓ તમે રાષ્ટ્રને વિઘટન કરનારા (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરે છે કે, ગોધરાના તહોમતદારોને જેલમાં ટિફિન પહોંચાડનારા આ કોંગ્રેસના મિત્રો છે એ એમની પાસે કોઈ માહિતી હોય તો રેકર્ડ ઉપર આપે કે એ કોણ છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, (અંતરાય) આપ ચાલુ રાખો. આગળ ચાલો, પ્લીઝ (અંતરાય) બેસો , બેસો (અંતરાય)

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસની ચિંતા કરનારા આ મારા મિત્રોને વાત કરું કે, તમારા શાસનમાં પોલીસ દળના જવાનો માટે રહેવાની કોઈ વ્યવસ્થા નહતી. આ ભા.જ.પ.ની સરકારે પોલીસ આવાસ નિગમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં નવા રહેણાંકના મકાનો બનાવ્યાં છે. મારા પોલીસના જવાનો એમાં રહી રહ્યા છે. ભૂતકાળની વાત કરું તો ભૂતકાળમાં પોલીસ જવાનો જ્યારે ઘાયલ થાય અથવા ઈજા પામે અથવા એનું મૃત્યું થાય ત્યારે માત્ર સહાય જ કરવામાં આવી હતી. માનનીય મુખ્ય મંત્રીશ્રીના પ્રયાસોથી જે પણ પોલીસ કર્મીને ઈજા થાય અથવા તેનું મૃત્યું થાય, તેના વીમાની રકમ ડબલ આપવામાં આવે છે. (આ તકે સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા પોતાની જગ્યાએથી ક્રોસ કરીને મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલની જગ્યાએ આવતાં)

**અધ્યક્ષશ્રી .** : મોહનભાઈ, ક્રોસ ન થાય, પાછા જાઓ઼ ક્રોસ કર્યા સિવાય, પાછા જાઓ.

**શ્રી જીતુભાઈ ઉ.વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, આજે આટલી સુંદર રહેવાની વ્યવસ્થા કરનારી આ સરકાર હોય ત્યારે પોલીસ જવાનો આજે દિલ દઈને સમાજનું રક્ષણ કરી રહ્યા છે. કોંગ્રેસના શાસનમાં ફરિયાદ કરવા માટે પૈસા આપવા પડતા હતા. ભૂતકાળમાં ફરિયાદ નોંધાવવા માટે પૈસા આપવા પડતા હતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે. તમે ફરિયાદ આપો એની નકલ તરત આપવામાં આવે છે. જ્યારે અનુસૂચિત જાતિની વ્યકિત તરીકે હું હોઉં ત્યારે ભૂતકાળમાં જ્યારે દલિત સમાજ ઉપર અત્યાચાર થાય અને ફરિયાદ નોંધાવવી હોય તો માત્ર કાગળ ઉપર ફરિયાદ નોંધાતી હતી. કયારેય તપાસ નહોતી થતી પણ ભા.જ.પા.ની સરકાર આવ્યા પછી ફરિયાદ નોંધાય અનુસૂચિત જાતિના અત્યાચાર બાબત ત્યારે એની તપાસ ઉચ્ચકક્ષાના, એસ.પી.કક્ષાના પોલીસ અધિકારી દ્વારા થાય છે. ગુનેગારને છોડવામાં આવતા નથી.

ગૃહ વિભાગમાં ગૃહ મંત્રીશ્રી જે બજેટ લાવ્યા છે એ બજેટમાં વધારો કરવાની મારી લાગણી હતી. કારણકે પોલીસને આધુનિક શસ્ત્રોથી સજજ બનાવવા માટે, આધુનિક પદ્ધતિથી ગુના નિવારી શકાય તે માટેની ટેકનિક વિકસાવી, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ જળવાય એ માટેના આ સરકારના સુંદર પ્રયત્નોને કારણે સમગ્ર ગુજરાતમાં શાંતિ છે. કાયદો અને ન્યાયની વાત કરનારા ગઈકાલની વાત કરું તો કોની દાદાગીરી? એ ટી.વી. અને છાપામાં સમગ્ર દુનિયાના લોકો જોઈ રહ્યા છે. ઝારખંડમાં બહુમતી હોવા છતાં અન્ય પક્ષના લોકોને બોલાવ્યા છે.ગોવાની વાત કરું, ગોવામાં બહુમતી હોવા છતાં સત્તાના લાલચુઓએ ભા.જ.પા. સરકારને તોડી વિપક્ષના લોકોને બેસાડયા. ઝારખંડની વાત કરે. તાકાત હોય તો વિધાનસભામાં બહુમતી સાબિત કરી બતાવે. ઝારખંડમાં કેવી વ્યકિતને મુખ્યમંત્રી બનાવ્યા? ગુનાખોરી માનસ ધરાવનાર, ઝારખંડની અંદર જેનું મગજ ગુનાથી ભરેલું છે એવા વિકૃત મગજ ધરાવનાર શીબુ સોરેને મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ગઈકાલે લોકશાહીનું ખૂન કરનારા આ કોંગ્રેસી શું જાણે?

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો.

**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. ગૃહ વિભાગ દ્વારા રાજયની અંદર કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પ્રજાના જાનમાલનું રક્ષણ, વહીવટને લગતી વાત આવે છે, ત્યારે આશરે ૭0000 પોલીસ દળને લઈને ગુજરાતની સલામતીની વાત કરી છે ત્યારે આ ગુજરાતની પ્રજા, આ ગુજરાતનું પોલીસ દળ, એણે આ ગુજરાતની શાંતિ માટે, ગુજરાતની સલામતી માટે ચાલુ નોકરીએ કેટલાય પોલીસ પરિવારો શહીદ થયા છે. પોતાના લોહી રેડ્યાં છે, જીવ ગુમાવ્યા છે. એવા જીવ ગુમાવી રાજયને સલામત કરનારા પોલીસ દળને મારા સલામ કરીને વાત ચાલુ કરું છું. પોલીસ દળ રાત દિવસના ઉજાગરા કરે. જ્યાં પોલીસ બંદોબસ્ત હોય, ૨૪-૨૪ કલાક સ્ટેન્ડ ટુ પોલીસ દળ રહેતું હોય જેના બંદોબસ્ત માટે બેઠા હોય એના માટે બધી સગવડ પણ પાણી જેવી સગવડ પણ પોલીસ દળ માટે હોતી નથી, આવા દાખલા જોયા છે. એટલા માટે પોતાની પવિત્ર ફરજ જ્યારે પોલીસ દળ નિભાવી રહ્યું છે, પરંતુ એની પાસેથી અપેક્ષાઓ રાખીએ છીએ, નૈતિકતા હોવી જોઈએ, કોણે લાવવાની? સરકારે. સલામતી બરાબર નથી થતી, કોણે લાવવાની? સરકારે. આ બધાનું મૂળ શું છે. પોલીસ એની પવિત્ર ફરજ અદા કરે છે. ૩૦૫૦ નો બેઝિક પગાર, ૧૯૯૬ હાઈકોર્ટે કરેલ આદેશો, ૩-૩ વખત કમિટી બેઠી, પાંચમાં પગાર પંચના અહેવાલનો અમલ થતો નથી. નાના કર્મચારીઓની ભરતી માનનીય ગૃહમંત્રીશ્રીએ જાહેરાત કરી છે કે ૩,૦૦૦ લોકરક્ષકોની ભરતી કરીશું. ક્યારે થશે? એ તો ગૃહમંત્રીશ્રી જાણે. આ બધી જે બાબતો અને એ બાબતોને લઈને જ્યારે નીકળ્યા છીએ, ત્યારે એના ઉપર અસહ્ય કામના ભારણથી રાતદિવસ બંદોબસ્ત, રોડ વધ્યા, રસ્તા વધ્યા, વાહનો વધ્યાં, પણ ટ્રાફિકવાળા એના એ જ, એક પોલીસ સ્ટેશનમાંથી ૩ પોલીસ સ્ટેશનો થયાં, સ્ટાફ પણ એનો એ જ. પોલીસ પરિવારોમાં જે રાજકીય હસ્તક્ષેપ થઈ રહ્યો છે, તેનાથી પરિસ્થિતિ શું બની છે કે ગુજરાતના આઈ.પી.એસ.

અધિકારીઓમાં ભાગલા સ્પષ્ટ દેખાય છે. એકાદ અધિકારી સરકારનો માનીતો હોય, એટલે એને ન ગમતા હોય એવા અધિકારીની જે દશાઓ થાય છે. હું નથી કહેતો, આ તો ગુજરાતના માનવંતા અખબારો કહે છે.

અખબારોની વાત નહિ ગમે. ભૂતકાળમાં કહેતા હતા એ વાત ગમતી હતી. આજે અખબારોની વાત એટલા માટે ગળે નથી ઊતરતી કે કેટલાક રાજકીય આગેવાનો આ બાબતમાં સંડોવાયેલ છે. મારો એવો આક્ષેપ છે. નામ સાથે બોલીશ. પહેલાના જમાનામાં પોલીસ આધુનિક યુગમાં ગુનાની પદ્ધતિ જુદી હતી. આત્મહત્યાઓ વધી છે. એક વર્ષમાં ૪૫૦૦ આત્મહત્યા. આર્થિક ગુનાઓ વધ્યા છે. સમાજમાં કલ્પના ન કરી શકાય એવા ગુનાઓ વધ્યા છે. રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ વધી છે. છેક સ્વામિનારાયણ મંદિર સુધી આતંકવાદ આવી ગયો. કોના રાજમાં? તમારે ગોળીએ મારવા હતા. કોના રાજમાં આતંકવાદ ઘૂસ્યો. અક્ષરધામ સુધી કેમ આવ્યા? અમારા પવિત્ર મંદિર સોમનાથ હોય, દ્વારકા હોય, અંબાજી હોય એને ઉડાવી દેવાની ધમકીઓ આપે. એને કેમ નથી પકડ્યા? સવાલ ઊભો થાય છે. રાજ્યમાં તોડવાવાળા સક્રિય બન્યા છે. સમૃદ્ધ ગુજરાતને પાયમાલ કેમ કરવું અને દેશના અર્થતંત્રની કરોડરજ્જુ....(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય રમીલાબેન બારા.(અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર** : બેસી જઉં, મારે કશું બોલવું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પહેલા મેં કહ્યું કે ૧૦ મિનિટ આપેલ છે. એડવાન્સમાં મેં કહ્યું છે. ૮ મિનિટ થઈ અને વોર્નિંગ બેલ માર્યો કે ૨ મિનિટ બાકી છે. માનનીય રમીલાબેન.

**શ્રી જગદીશ ઠાકોર** : કોઈપણ વાત ન કરી શકાય તેવી નીતિ લઈને સરકાર બેઠી હોય, ત્યારે વાત કરવાની નથી હોતી.

**અધ્યક્ષશ્રી .** : માનનીય રમીલાબેન.

**અધ્યક્ષશ્રી** : શી વાત થઈ ? પ્લીઝ.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય હરેશભાઈ ટુંકારા સાથે સભ્યશ્રીઓ સાથે વાત કરે, આ વિધાનસભા શેના માટે છે. અમે વાત ન કરી શકીએ તેના માટે છે? દાદાગીરી કરવા માટે છે? દાદાગીરી કરવા માટે છે? શેના માટે વિધાનસભા લઈને બેઠા છો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બધા બેસો. ગરમ નહીં થાઓ.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં ખૂબ વિનમ્રપણે અમારી વાતો મૂકી રહ્યા છીએ ત્યારે રાજકીય અવલોકનો તેમના પક્ષે જે કર્યા તેમાંના એક ટકો અમારા પક્ષે નથી થયાં. આ લોકો અમને બેસવા દેવા માગતા નથી એટલે બહાર કાઢવા માટેના અખતરા કરે છે. અમારે નથી જવું બહાર. અમે નક્કી કર્યુ છે. એમનાવાળા જુઓ સીટો ખાલી છે. ૯૦ ટકા સીટો ખાલી છે. અમે બહાર નથી જવાના. એમનાવાળા જતા રહ્યા છે. અમે બોલીએ ત્યારે રોકાય ઓ.કે. આ વિધાનસભાના નિયમોને અમે માન આપીએ છીએ ઓ.કે. જ્યારે બેઠા બેઠા અને મજાક થાય, એકબીજાની વાતને હસી કઢાય પણ જ્યારે ટૂંકારાથી એટલે દાઢમાં રાખીને ધમકીની વાત કરતા હોય ત્યારે આ વિધાનસભામાં અને જેટલા છીએ એટલા સાહેબ અહીંયાં પૂરતા છીએ. આ ધમકીનો સામનો કરવા માટે, અમારાથી આ બધુ કરવું વ્યાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ બેસો. મેં માનનીય સભ્યોને અવાર નવાર વાત કરી છે. સિનિયર સભ્યોને અને જૂનિયર સભ્યોને, શાસક પક્ષના સભ્યોને અને વિપક્ષના સભ્યોને કે આપ બેસીને એકબીજા સામે ડાયલોગ કરશો નહીં. બેઠા બેઠા જે ડાયલોગ કરો છે, તેમાં માનનીય અધ્યક્ષશ્રીને કંઈ ખબર નથી. તેના માટે હું વચ્ચે ઈન્ટરફીયર થઈ શકીશ નહીં, એટલે હવે પછી કોઈપણ બેઠા બેઠા ડાયલોગ કરે નહીં. હવે પછી ગૃહની અસ્મિતા જળવાય તેવું કરવા મારી બધાને ખાસ સલાહ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : વાત કરી છે. જો રાજકીય અવલોકનો કરવાની છૂટ મળતી હોય તો બધાને મળવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : ન જ મળે, કોઈને ન મળે.

**શ્રી જગદીશ ઠાકોર** : અમે રાજયના સબ્જેક સિવાય બહારના વિષય ઉપર જતા નથી. જ્યારે આ લોકો આતંકવાદ, દિલ્હી અને સોનિયાજી સુધી જાય. એટલે પછી અમને અને બીજું બંને પક્ષોના માનનીય અડવાણીજી હોય, માનનીય બાજપાઈજી હોય કે માનનીય સોનિયાજી હોય, આ દેશના સર્વોચ્ચ નેતાઓ માટે માન સન્માનથી વાત કરવી જોઈએ. તેવું કરવું હોય તો આપણે અઢાર દિવસ પહેલાં જે કરવું હોય તે કરી નાંખીએ. આ ચર્ચા કરવી હોય તો આપો ચાર કલાક. એટલે આપણે રાજયની ચિંતા માટે ભેગા થયા છીએ. ફકત રાજયના મુદ્દાઓ અને તે મુદ્દાઓ ઉપર ચર્ચા કરીએ અને આમ બેલેન્સ જળવાય તેવી આપને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : બધાને મેં શરૂઆતથી જ વાત કરી છે. અવાર નવાર વાત કરી છે. મુદ્દા ઉપર ચાલો. અવલોકનો કરશો નહીં. આ અવલોકન કરવાની ટેવ પાડી છે, તેમાં બંને પક્ષો છે. તેમાંથી કોઈપણ બાકાત નથી. ગૃહ શાંતિથી ચાલે તેના માટે બધાને મારી ખાસ વિનંતી કે અવલોકન કરવાનું ટાળો.

**શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જે માગણીઓ લઈને આવ્યા છે, તે માગણીઓ સંદર્ભે મારો સૂર પુરાવવા ઉભી થઈ છું.

આજના આધુનિકરણ અને આઈ.ટી. યુગમાં પોલીસનું આધુનિકરણ કરવું ખૂબ જરૂરી છે. અસામાજિક તત્વો દ્વારા જે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને બાથ ભીડવામાં આવી રહી છે તેની સામે બાથ ભીડવા માટે રાજય સરકારે પોલીસનું આધુનિકરણ કરવા માટે પોલીસ આધુનિકરણની યોજના અમલમાં મૂકી છે અને તે અન્વયે આજે પોલીસને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામા , ગુનાનું નિરીક્ષણ કરવા અને વાહન વ્યવહારનું નિયંત્રણ કરવા માટે અનેક બાબતોનો ઉપયોગ કરવો પડે છે. અહીંયાં વિપક્ષી ભાઈઓ કહેતા હતા કે કાયદો અને વ્યવસ્થા બગડી ગઈ છે અને તેમણે રસિકલાલ પરીખનું નામ લીધું. ત્યારે મારે કહેવું છે કે રસિકલાલ જેવા ગૃહમંત્રીને કેમ કાઢવા પડયા હતા. એટલું જ નહીં જીવરાજ મહેતાને સરકારમાંથી દૂર કરવાનું પાપ કોણે કર્યુ હતુ? એક સારા પોલીસવડા નગરવાલાએ રાજીનામું કેમ આપવું પડયું હતું. મને ખબર છે લતીફ અને રશીદ જેવા ખૂંખાર ગુનેગારો હતા તે ગુનેગારોને પોષવાનું કામ કોણ કરતું હતું?

હમણાં બે દિવસ પહેલાં મારા ખેડબ્રહ્મા તાલુકામાં એક ખુંખાર ગુનેગાર હતો એને અમારા જાબાંઝ પોલીસ અધિકારી શ્રી બાજપાઈ અને ડીવાયએસપી ડામોરે પકડીને જેલ ભેગો કરી દીધો છે, એવી આ પ્રશંસનીય કામગીરી કરતી પોલીસને એક આધુનિકીકરણ બનાવવાની કામગીરીનું બીડું આ રાજય સરકારે ઝડપ્યું છે, ત્યારે આપણે એની સરાહના કરવી રહી.

જેલોની બાબતમાં મારા કોંગી મિત્રોને કહેવા માગું છું કે, જેલોની અંદર કેન્દ્ર સરકાર તરફથી જે પચાસ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના મળતી હતી તે તાજેતરની કેન્દ્ર સરકારે બંધ કરી દીધો છે. રાજય સરકારે જેલોને અદ્યતન બનાવવા માટે કૉમ્પ્યુટર સિસ્ટમથી સજ્જ કરી છે, એટલું જ નહીં પણ સમગ્ર જેલોને જીસ્વાન લેનથી કનેક્ટીવીટી જોડીને સમગ્ર જેલોને, જિલ્લાની જેલોને જિલ્લાના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી સાથે અને જનરલ જેલના ઈન્સ્પેકટરની કચેરીને ગૃહ વિભાગ સાથે જોડીને એક અત્યંત સરળતાથી કામગીરી કરવા માટે રાજય સરકારે બીડું ઝડપ્યું છે, એટલું જ નહીં પણ જેલોના જે ગુનેગારો છે એમને કોર્ટમાં ન લઈ જવા માટે વિડિયો કૉન્ફરન્સની શુભ શરૂઆત પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી દીધી છે અને ટૂંક સમયમાં જ સમગ્ર જે જેલો છે એ જેલોને એનાથી જોડીને, તમામ કેદીઓને કોર્ટમાં ન લઈ જવા માટે એક આધુનિક યોજના પણ રાજય સરકારે અમલમાં મૂકી છે, એટલું જ નહીં પણ રાજય સરકારે જેલોમાં જે કેદીઓને ખોરાક આપવામાં આવતો હતો, એ ૧૯૮૯ની અંદર જે મેનુ હતું એમાં પણ સુધારો કરીને અત્યારે એમને બે ટાઈમ શાકભાજી, સવાર બપોર ચા, સાંજે ખીચડી અને તેલ અપાતું હતું એ તેલની અંદર પણ વધારો કરીને રાજય સરકારે એમાં પણ આગવું કદમ માંડ્યું છે એમ હું કહું તો ખોટું નથી. રાજય સરકારે જેલોના કેદીઓની ચિંતા કરી છે અને એમના આરોગ્યની પણ ચિંતા કરી છે અને આજે આધુનિક મશીનો, એ પછી એક્સ-રે મશીન હોય, ઈ.સી.જી. હોય, વોટરકુલર હોય કે વોટર પ્યુરિફાયર હોય, એવા આધુનિક મશીનો ખરીદીને જેલોને પૂરાં પાડવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં પણ જેલોના કેદીઓના જે બાળકો છે એ બાળકો ભણે એ માટે પણ આ રાજય સરકારે ચિંતા કરી છે. એ ભણે એટલા માટે રાજય સરકારે કેદીઓના બાળકોને પણ નવા શૈક્ષણિક સત્રમાં એડમિશન આપીને એમને પણ એક આગવું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી છે, એ વ્યવસ્થા કાયમી ખાતે ઉપલબ્ધ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ હસ્તક ફોરેન્સીક લૅબૉરૅટરી કાર્યરત છે. એ ફોરેન્સીક લૅબૉરૅટરી આજે વિશ્વભરમાં ખ્યાત નામ છે, એવાં આધુનિક સાધનોથી સજ્જ કરવામાં આવી છે, કેન્દ્ર સરકારે પણ એની કામગીરીને ખૂબ જ વખાણી છે. આજે ફોરેન્સીક લૅબૉરૅટરીમાં ખૂબ જ અલ્પ માત્રામાં લોહી હોય, એનું વિર્ય હોય, એનાં કપડાં હોય, દાંત હોય, કે હાડકું હોય એવી અલ્પ માત્રામાં જે વસ્તુ હોય એ વસ્તુઓ એકત્રિત કરીને પણ એ વ્યકિતને ઓળખવા માટે ડી.એન.એ. ફીંગર પ્રિન્ટીંગ નામની પદ્ધતિ અખત્યાર કરી છે એટલું જ નહીં પણ એને અનુરૂપ ડી.એન.એ. સીકવન્સર નામનું એક આધુનિક સાધન પણ વિકસાવવામાં આવ્યું છે, જે ગુનાઓ શોધવામાં ખૂબ જ ઉપયોગી થાય છે. એટલું જ નહીં પણ પૈસા પડાવવા માટે ધમકીઓ, લાંચરૂશ્વતના કેસો એ માટે પણ વ્યકિતને ઓળખવા માટે પણ એક સાધન છે અને એ વોઈસ આઈડેન્ટીફીકેશન સિસ્ટમ પણ આ કચેરીમાં ડેવલપ કરવામાં આવી રહી છે, રાજયની ફીંગર પ્રિન્ટ બ્યુરો તેમજ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાતની કચેરી જે હેન્ડ રાઈટિંગ અને ફોટોગ્રાફી બ્યુરો જે પોલીસ હસ્તક હતું, મારે માનનીય ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપવાના છે કે એ કચેરીને હાલ એફ.એસ.એલ. કચેરીના અન્ડરમાં લઈને આધુનિક બનાવવા માટે જે કાર્યવાહી કરી છે એ કાર્યવાહી ગતિમાં થતાં દિનપ્રતિદિન બનતા વાઈટ કૉલર ક્રાઇમની તલસ્પર્શી ચકાસણી વેગવંતી બનાવવા આ રાજય સરકારે બીડુ ઝડપ્યું છે, એટલું જ નહીં પણ ફોરેન્સીક લૅબૉરૅટરીમાં સાયકોલોજી વિભાગ પણ ખૂબ જ આધુનિક બનાવવામાં આવેલ છે.જે વ્યકિતની મનોવૈજ્ઞાનિક તપાસ ઉપરાંત લાઈ ડિટેકટર તપાસ, હિપ્નોસીસ, નાર્કો એનાલિસિસ જેવી પધ્ધતિ વિકસાવવામાં આવી રહેલ છે. આજે આ ક્ષેત્રમાં અત્યંત આધૂનિક ગણાતી બ્રેઈન ફિંગર પ્રિન્ટિગ પધ્ધતિ આ વિભાગમાં ડેવલપ થઈ રહી છે, જેના કારણે ગુનાઓ શોધવામાં ખૂબ જ ક્રાન્તિ થશે. એટલું જ નહીં, પણ સી.બી.આઈ. જેવી કેન્દ્ર સરકારની સંસ્થાઓએ પણ ગુના શોધવા માટે આ સંસ્થાનો ઉપયોગ કર્યો છે. F.S.L. ની કાર્યવાહી ખૂબ જ ઝડપી થાય એ માટે રાજય સરકારે પણ આયોજન કર્યું છે અને ગુણવત્તાને ધ્યાને લઈને તેની પણ એક સમય મર્યાદા કરી છે.ખૂનના જે કેસો હોય એવા કેસો એક માસમાં, બળાત્કારના કેસો ૧૫ દિવસમાં,

નાર્કોટિકસના કેસો ૧૦ દિવસમાં અને દારુ પીધેલાના કેસો ૧૫ દિવસમાં તૈયાર કરીને એની કાર્યવાહી કરવી એવું રાજય સરકારે એક આયોજનપૂર્વક કામ કર્યું છે.

માનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ હસ્તક એક મહિલા સેલ પણ ચાલે છે એ મહિલા સેલ સ્ત્રીઓના રક્ષણની અને ગુના નિવારણની એક અત્યંત આવશ્યક કાર્યવાહી કરી રહ્યું છે. રાજય સરકારમાં અત્યારે ૫ મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત છે તેમાં સમગ્ર કાર્યવાહી મહિલા પોલીસ અધિકારી દ્વારા થઈ રહી છે અને તેના ઉપરી અધિકારી એસ.પી.કક્ષાના અધિકારી છે. જયાં મહિલા પોલીસ સ્ટેશન નથી ત્યાં મહિલા સેલ અને મહિલા સુરક્ષા સમિતિ દ્વારા પણ મહિલાઓના રક્ષણની કાર્યવાહી કરાઈ રહી છે. આજે છેડતી અને બળાત્કારના કેસો પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં બની રહ્યા છે. ઓલ ઈન્ડિયાના આંકડા જોઈએ તો એની સરખામણીમાં આપણા રાજયના આંકડા ખૂબ જ ઓછા છે. હું અહીંયા ઉપસ્થિત થઈ છું ત્યારે મારે જેલોની બાબતમાં પણ થોડા સૂચનો કરવાં છે. આજે મહિલાઓ માટે જેલ નથી તો રાજય કક્ષાએ એક મહિલા જેલ પણ ખોલવી ખૂબ જ જરૂરી છે. આજે જિલ્લા કક્ષાએ તમામ જેલો છે એ સૌરાષ્ટ્ર બાજુ છે.

ઉત્તર ગુજરાતમાં જિલ્લા કક્ષાની જેલ નથી તો અમારા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની જેલ બને એ ખૂબ જરૂરી છે. બીજું દહેજ જેવા ગુનાઓ બને છે ત્યારે દહેજના ગુનામાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી કે નણંદ-નણદોઈ હોય એવા તમામને જયારે જેલમાં મોકલવામાં આવે છે ત્યારે એમને જુદા પાડવામાં આવે છે. એમાં પણ જયારે મહિલાઓને સજા પડે છે ત્યારે ગુજરાત રાજયમાં એક જ જેલ છે વડોદરા ખાતે એમાં એને મોકલવામાં આવે છે અને બીજા જે એના સગા છે એને બીજી સબંધિત જેલોમાં મોકલવામાં આવે છે, પરિણામે એમના સગાં-સંબંધીઓને મળવામાં ખૂબ જ મુશ્કેલી ઉભી થાય છે. એટલે મારું સૂચન છે કે મહિલાઓની બાબતમાં પણ આના ઝોન પાડીને માત્ર વડોદરાની જેલમાં જ નહીં મોકલતા એને જુદી જુદી જેલોમાં મોકલવા જોઈએ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની પોલીસ, જેલ અને પર્યાવરણની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

રાજયના ૨૫ જિલ્લાઓમાં કમાન્ડો હોમગાર્ડ કચેરીના તાબા નીચે ૪૦૦ યુનિટો આવેલાં છે. અત્યારે પોલીસ ફોર્સ ઓછો હોવાના કારણે ૪૫ હજાર જેટલા હોમગાર્ડ યુવાનોની રજયમાં સેવા લેવામાં આવે છે, તેમને દૈનિક ભથ્થું મળે છે એમાં અને સેવામાં સત્તાનું કેન્દ્રીકરણ છે તેને બદલે વધારે પડતી સત્તા આવે અને તેની વધારે સેવાઓ લેવાય અને તેનું દૈનિક ભથ્થું ૪૫ રૂપિયા છે, એમાં વાધારો કરી ૬૦-૭૦ રૂપિયા લધુતમ વેતન જેવું મળે એવું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું.

માનનીય મંત્રીશ્રીને મારે બીજી વાત એ કરવી છે કે આજે જેલોની સંખ્યા છે, એમાં જેલોની સરખામણીમાં કેદીઓની સંખ્યા છે એ બે ગણી છે. ૮૫-૮૬ ટકાનો રેશિયો છે તો જે ૧૧ કરોડ, ૭૯ લાખની ફાળવણી કરી છે જેલો નવી બનાવવા માટે એમાં કેદીઓની જે પરિસ્થિતિ છે, કાચા કામના કેદીઓની જે પરિસ્થિતિ છે એ કેદીઓ માટે જેલોમાં સારી વ્યવસ્થા તાત્કાલિક અસરથી થાય એવું માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા કહેવા માગુ છું.

ગુજરાત રાજ્યની અંદર ક્રાઈમમાં અમારો જુનાગઢ જિલ્લો કંઈક વિશેષ હોય એવું મને લાગે છ. રાજ્યમાં સ્ત્રી અપમૃત્યુના કિસ્સા ૩૫૭૬ નોંધાયા છે એમાં જુનાગઢ જિલ્લાનો પ્રથમ નંબર આવે છે એટલે ક્રાઈમમાં પ્રથમ નંબર આવે છે એવું મને લાગે છે. પોલીસ આધુનિકરણ યોજના માટે ૧૩૧ કરોડની યોજનામાં જે પૈસા ફાળવ્યા છે એ આધુનિકરણ કયા પ્રકારનું અને ટેકનોલોજીની સાથેનું કઈ રીતે આધુનિકરણ કરવા માગે છે? સૌથી વધારે જો કોઈ ચિંતાનો વિષય ગુજરાત માટે હોય તો આજે પોલીસનું જે મહેકમ છે પોલીસનો જે સ્ટાફ છે એ દરેક ઠેકાણે જે સ્ટાફ છે એ બહુ ઓછા પ્રમાણમાં છે. શાંતિ સમિતિની વેરાવળ તાલુકામાં જ્યારે મિટિંગ હોય ત્યારે મહેકમ ૧૬૫નું હોય અને સ્ટાફની હાજરી ૮૯ની હોય. એ કોઈપણ સંજોગોમાં ચાલે જ નહિ અને કોઈપણ સંજોગોમાં એ લોકરક્ષકની જે ભરતી ચાર હજારની ભરતી કરવા માગો છો એ વહેલામાં વહેલી ભરતી કરો અને આ લોકરક્ષકની અને લોકોની જવાબદારી પાંચ કરોડની જનતાની જવાબદારી લઈને બેઠા છો તો તાત્કાલિક ભરતી થાય એવી વાત કરું છું,

મારે મારા વિસ્તારની એક બે વાત કરવી છે. તારીખ ૨૬-૭-૨૦૦૪ ના રોજ હું તાલુકા પંચાયત વેરાવળમાં બેઠો હતો અને બાજુની તાલુકા શાળામાં નાના બાળકોમાં એક છેડતીનો પ્રશ્ન થવાના કારણે થોડીક માથાકૂટ થઈ અને એ થયા પછી એવું વાતાવરણ ઉભું થયું કે અમે તરત જ પહોંચી ગયા, ગામના તમામ લોકો અને આગેવાનો પણ ત્યાં પહોંચી ગયા પણ જેમ કોઈને કલ્પના ન હોય એવા વાતાવરણ વચ્ચે મેં ૧૨-૪૫ વાગ્યે પી.આઈ. ને કહ્યું કે અહીંયાં વાતાવરણ તંગ થયું છે પણ એને ખબર નહોતી મેં એને વાત કર્યા પછી એની પાસે પોલીસ સ્ટાફ નહોતો સ્ટાફ હતો એ બે પોલીસવાળાને લઈને આવ્યા, વાતાવરણ ૧-૨૫ મિનિટે કોમવાદમાં ફેરવાઈ ગયું આ વિસ્તાર એવો સેન્સીટીવ વિસ્તાર છે. સોમનાથ મંદિર અને એની સાથોસાથ વેરાવળ તાલુકો એ સેન્સેટીવ વિસ્તારને નાતે વાતવાતમાં વાતાવરણ એટલું બધું તંગ થયું ગયું કે તંગ થયા પછી મેં ગૃહ સચિવ, ગૃહમંત્રી અને તમામને, માનનીય વજુભાઈ જે અમારા પ્રભારી છે એ બધાને જાણ કરી મેં તરત જ કહ્યું કે એસ.આર. પી. તાત્કાલિક અસરથી કોઈપણ સંજોગોમાં મોકલો. વાત બધાને પહોંચ્યા પછી અમે સતત ત્યાં હાજર હતા ૯-૩૦ મિનિટે એસ.આર. પી. આવે છે તે દરમ્યાનમાં વાતાવરણ એટલું તંગ થયું કે ત્રણ જણાએ જાન ગુમાવ્યા, જેની કલ્પના ન હોય એટલા લોકોને અથડામણમાં નાની મોટી ઈજાઓ થઈ અને ઈજાઓ ૯-૩૦ વાગ્યે એસ.આર.પી.

આવ્યા પછી થઈ અને જે રીતે વ્યવસ્થા થવી જોઈએ એસ.આર.પી.ની એ પણ પૂરતા પ્રમાણમાં ન મળવાથી રાતભર લૂંટ થઈ અને આશરે દસેક કરોડ રૂપિયાની લૂંટ થઈ છે અને વેપારીઓ નાના મોટા બધાની માલમિલકત નાશ પામેલ છે મારે આ વાત એટલા માટે કરવી પડે છે કે જે ત્રણ જણાના જાન ગયા છે, એમાંથી બે પોલીસ ગોળીબારથી મૃત્યુ પામ્યા છે હું સ્થળ સ્થિતિ જોઈને અને તમામે તમામ એક એક મિનિટ ત્યાં જ હતો જે ગોળીબાર થયો છે એ ગોળીબાર એવા પ્રકારનો થયો છે કે કોઈના ઘરમાં જઈને અને જે કોન્સ્ટેબલે ગોળીબાર કર્યો છે એ ઘ રમાં જઈને ગોળી મારી છે અને અઢાર વર્ષના જુવાન દીકરાને મારી નાંખ્યો છે. વેરાવળ નગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને ગોળી વાગી છે અને ૨૨ દિવસ પછી તે મૃત્યુ પામ્યા છે. એક ખાનગી ગોળીબારમાં મૃત્યુ પામ્યા છે અને તેમાં મારે તે પણ કહેવું છે કે આ કેટલી અજુગતી વાત છે કે ૩૦૨માં લોકોનાં ખોટાં નામ જે કરોડપતિ માણસો કે જેને કંઈ લેવા દેવા નથી એવા ૩૦૨માં અત્યારે ફીટ થઈને બેઠા છે. મારે વાત એટલા માટે કરવી છે કે ક્યાંક ઉપલા લેવલે ભલે ખબર હોય કે ના હોય મેં રજૂઆત સંપૂર્ણપણે કરી છે. મેં ગવર્નરને કહ્યું છે, અમારા વિરોધપક્ષના નેતા આવ્યા છે અને બધી જાતની રજૂઆત કરી છે. અમીતભાઈને પણ બે વખત વાત કરી છે. તેની મેજીસ્ટ્રેટની તપાસ ડૅપ્યુટી કલેકટરને સોંપી છે. જે કોઈ તેમાં કસૂરવાર હશે તેનો રિપોર્ટ પણ મળવાનો છે. બીજી વાત ૩૯૫ની નાની મોટી વાત હોય તો પોલીસ ધમકાવે છે કે ૩૯૫માં ફીટ કરી દઈશું. ભારકોટમાં ૩૯ જણાંને ૩૯૫માં ફીટ કરી દેવાની ફરિયાદ દાખલ કરી દીધી. નાનો એવો બનાવ અઠવાડિયા પછી બન્યો અને જબરજસ્ત હડતાલ પાડવાનું આંદોલનથી માંડીને બધું ગૃહ મંત્રીથી માંડી ગૃહ સચિવ સુધી વાત કરી. ત્યાર પછી જ આજે તે ફરિયાદ સ્થગિત કરી છે. તેમાં મારે કહેવાનું નથી કે ઘરપકડો કરી. બે જણાંની ઘરપકડ કર્યા પછી તેને સમજાણું છે કે આ ખોટો કેસ આપણે હાથમાં લીધો છે. મારે રાજકોટ અમારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ગઢવી સાહેબ, જે કુંવરજીભાઈ બાવળિયા સાહેબ ઉપલેટા તાલુકાનો બનાવ બન્યો તેમાં ૩ જણાંની સમિતિ બનાવી. મારે એટલા માટે કહેવું છે જગદીશભાઈ, હું અને કુંવરજીભાઈ સ્થળ ઉપર ગયા. ઉપલેટા તાલુકાના ખીરસરા ગામે ગયા. પરિસ્થિતિ એવી હતી કે ખીરસરા ખરેખર પોલીસ નહોતી જતી. વડાલી કોઈ તહોમતદારને પકડવા જતા હતા. રસ્તામાં ખીરસરા ગામ આવે છે. મકરસંક્રાંતિનો તહેવાર હતો. ૧૫-૧૭ વર્ષના છોકરાઓ નાનું મોટું જુગાર રમતા હશે અમે એમ ખાતરી નથી કરી શકતા પણ તેને ગાડીમાં બેસાડી દીધા અને લઈ ગયા વડાલી. વડાલીથી આવ્યા એટલે ત્યાંના ભૂવા તેને ભગવાનના સ્વરૂપમાં ગામડાંના લોકો જુઓ છે તેણે વિનંતી કરી. વિનંતી કરવા છતાં પણ ફેરફાર ના થયો એટલે તેની સાથે મારામારી થઈ છે અને પછી ગામનું વાતાવરણ તંગ થયું છે. તેમાં ૫૦૦ માણસ ભેગું થયુ છે અને પછી તેમણે તહોમતદારને ઉતારવાની વાત કરી છે. તે વાત તેમણે સ્વીકાર્યા વગર તે માણસોને લઈ અને તહોમતદારોને ઉતારીને પોલીસ ખાતું જતું રહ્યું અને ત્રણ કલાક પછી ૫૦૦ પોલીસનું આતંકવાદી કોને કહેવાય...

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગૃહ વિભાગ રાજયનો સૌથી અગત્યનો વિભાગ છે. રાજયમાં શાંતિનું માપદંડ હોય તો આ વિભાગની કામગીરી ઉપર જ આધાર રાખે છે. અત્યારે રાજયમાં શાંતિ છે એટલે એવું લાગે છે ગૃહ વિભાગની કામગીરી ઘણી સારી છે અને તેને હું આવકારું છું. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળે અને રાષ્ટ્રપતિ શાસન આવે અને ભારે બહુમતી સરકાર રાજયને ઉથલાવવાના પેંતરા કેન્દ્રની સરકાર કરી રહી છે. ગયા અઠવાડિયે જ કાપડ મંત્રીશ્રી • (XXXX)

**અધ્યક્ષશ્રી .** : નામ નહીં લેવાય, પ્લીઝ.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : કાપડ મંત્રીશ્રીએ એક નિવેદન કરેલું કે ગુજરાતની ભાજપ સરકાર જશે તો કોઈ કૂતરું પણ નહીં ભસે.

આવું એક નિવેદન ગયા પખવાડિયે થયું. બિહાર અને ઝારખંડની ચુંટણીના જે પરિણામો આવ્યા અને જે રીતે ગઈકાલે ઝારખંડના મુખ્યમંત્રીના શપથ લેવડાવ્યા, એથી એવું લાગે છે કે દેશમાં કોંગી સરકારને યેન કેન પ્રકારે રાજ કરવું છે. હજારો વર્ષો પહેલા ઋષિ મુનિઓએ લખ્યું છે કે જીસકે હાથમે હોગી લાઠી, વહી ભેંસ લે જાયેગા. એ લોકો અત્યારે નીતિ નિયમ બાજુએ મૂકી રહ્યા છે અને અત્યારે સત્તાનો નશો એમને ચડેલો છે. એમને કોઈ કાયદો લાગતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એમની નજર ઉત્તર પ્રદેશની સરકાર ઉપર છે અને ત્યારપછી ગુજરાતની સરકાર ઉથલાવવાના કાવતરાં અત્યારથી થઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફાયનાન્સ કંપનીઓની વાત કરું. ગયા વર્ષે એક દિવસ હું મારા ખેતરમાંથી સાવલીથી વડોદરા આવી રહ્યો હતો. એક ટ્રકવાળાને ચાર પાંચ લોકો મારતા હતા. મોટરમાંથી ઉતરીને ગાડી ઉભી રાખીને ડ્રાઈવર અને કલીનરને મારતા હતા. મેં પૂછયું. ડ્રાઈવર અને કલીનરને બહુ માર્યા હતા. પછી એ ટ્રક લઈને બધા ભાગતા હતા. આ રીતે ફાયનાન્સ કંપની જે ટી.વી. અને ફ્રીઝ ઉપર ફાયનાન્સ કરે છે અને પછી એ રીતે ટ્રક માટે ફાયનાન્સ લીધા પછી જો હપ્તો ન ભરે તો એની ગાડી ઉઠાવી જાય છે. ઘરમાં ઘૂસીને ફ્રીઝ કે ટી.વી. ઉઠાવી જાય છે. આવા સેંકડો બનાવો શહેરોમાં બની રહ્યા છે. આ બાબતે મેં ગયે વખતે મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરેલું. કોઈપણ કંપની જો ફ્રીઝ, ટી.વી. ઉપર કે મોટર ઉપર પૈસા ધીરે અને પછી કાયદો હાથમાં લે, ઘરમાં ઘૂસીને એ વસ્તુ ઉઠાવી

• (XXXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જાય તો તે ચલાવી ન લેવાય. એ કંપનીએ કોર્ટમાં કાયદેસર કેસ કરવો જોઈએ. આ રીતનું વર્તન જો ચાલુ રાખે તો પોલીસ કેસ નોંધવા માટે હું ગૃહમંત્રીશ્રીને સૂચન કરું છું.

હું બીજું એક સૂચન કરવા માગું છું. કોલેજ વિસ્તારની આસપાસ આજકાલ હોટેલોનો ઉદ્યોગ ખીલ્યો છે. આ હોટેલોમાં જે કૂટણખાના ચાલી રહ્યા છે તે ધ્યાનમાં આવ્યું છે, તો એવી હોટેલોના લાયસન્સ રદ કરવા જોઈએ અને એના મેનેજર અને એના માલિક ઉપર પાસાનો કાયદો લાગે એવું મારું સૂચન છે.

અત્યારે પરદેશ મોકલવા માટે ખાસ કરીને અમેરિકા મોકલવા માટે પાસપોર્ટ અને વીઝા માટે લાખો રૂપિયા ઉઘરાવી રહ્યા છે અને તેનાથી મધ્યમ વર્ગના લોકોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આવા લોકોને પકડીને સખતમાં સખત સજા થવી જોઈએ.

એસ.ટી.ડેપો અને રેલવે સ્ટેશન ઉપર ખાસ કરીને ખિસ્સા કાતરવાના અને માલ ઉઠાવી જવાના બનાવો બની રહ્યા છે. મારું સૂચન છે કે ખિસ્સા કાતરું કે માલ ઉઠાવી જનારા લોકોના ફોટા એસ.ટી. સ્ટેન્ડ ઉપર લગાવવા જોઈએ. જેથી કરીને પ્રવાસીઓ પાસે આવા ગુનેગારો ફરકે તો એ સતેજ રહે. કારણ કે આવા નાગરિકો જયારે પ્રવાસ કરી રહ્યા હોય અને એનું ખિસ્સું કપાય ત્યારે તેને ભારે હાડમારી ભોગવવી પડે છે.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**
**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં રેલવે સ્ટેશનો અને એસ.ટી.ડેપો ઉપર ખિસ્સા કાતરુઓ તેમજ માલ સામાનની ઉઠાંતરી કરનારાઓના ફોટા મૂકવાની વાત કરી હતી તેવી જ રીતે શહેરોમાં બહેનો જતી હોય તેમનાં મંગળસૂત્ર અને ચેઈનોની ચીલઝડપ કરનારી ટોળકીઓ ફરતી હોય છે, બેંકમાંથી કોઈ પૈસા લઈને જાય તો એની ઉપર મેલું નાંખીને રૂપિયા ધોળે દિવસે ઉઠાવી જવામાં આવે છે, કોઈ ગઠીયાઓ ઘરમાં ઘૂસીને દાગીના ધોવડાવવાની વાત કરીને દાગીના ઉઠાવી જાય છે, આવી રીતના બનાવો શહેરોમાં રોજેરોજ બને છે. મારું સૂચન છે કે જો ગૃહ વિભાગ અને પોલીસ દ્વારા આવા અને સોશ્યલ ગુનાહિત તત્વોના ફોટાઓ સાથેની ચોપડીઓ બહાર પાડવામાં આવે અને એ લોકો કઈ રીતે આવા ગુનાઓ કરે છે એના માટેની પુસ્તિકાઓ છપાઈને બજારમાં વેચાય તો આનાથી દરેક માણસને ખ્યાલ આવે કે આ ગુંડો માણસ છે એ બજારમાં આવ્યો છે તો એ મારી ચેઈન કાપશે એ એને ખબર પડી જાય, કોઈના ઘરમાં આવો માણસ ઘૂસી આવે અને જો એનો ફોટો એમના ધ્યાનમાં હોય તો આવા દાગીના ધોવડાવવાના બહાને દાગીના લઈ જાય છે એની ખબર ગૃહીણીને તુરત જ આવી જશે અને એનાથી બહેનો જે છેતરાય છે એના ઉપર અંકુશ આવશે એવું મને લાગે છે.

મેં પહેલાં જે ફાઈનાન્સ કંપનીઓ છે એની મોટરોની વાત કરી હતી. તો શહેરોમાં મોટરો અને મોટર સાઈકલોના વેચાણના મેળા યોજાય છે અને જે ફાઈનાન્સ કંપનીઓ આવી મોટરો અને મોટર સાઈકલો ઉઠાવી લાવે છે એની લેવેચ કરે છે, અદલા બદલી કરે છે અને જેની મોટર ઉઠાવી લાવ્યા છે એની ઉપર ફાઈનાન્સ કરીને એ ગાડીઓ આવી રહી છે. આવી રીતનો ધંધો બહુ વિકાસ પામી રહયો છે. તો આની તપાસ થાય તો અસલ માલિક હોય એના બે ચાર હપતા જ બાકી હોય, ૭૦ થી ૮૦ ટકા જેટલી રકમ ભરાઈ ગઈ હોય છતાં પણ આ કંપનીના ગુંડાઓ એ મોટર ગાડીઓ ઉઠાવી જાય છે અને મધ્યમ વર્ગના લોકોને જે ભારે નુકસાન થાય છે, એમાં કાંઈક સરકાર દ્વારા ઘટતું થાય તો એમાંથી એ બચી શકે તેમ છે.

બીજું કે લોકો જયારે પીકનીકમાં કે લગ્નસરામાં ઘર બંધ કરીને જાય છે ત્યારે એમના ઘેર ચોરીના બનાવ બને છે અને આખુંને આખું ઘર ચોર સાફ કરી જતા હોય છે. આવા લોકો જયારે બહાર જાય છે ત્યારે ચોર લોકો મારફતે એની વોચ રખાય છે અને પછી એમને ત્યાં ચોરી થાય છે અને ધોળા દિવસે માલસામાન ઉઠાવી જાય છે. આના માટે પોલીસ અને ગૃહ વિભાગ દ્વારા કોઈ વ્યવસ્થા ઉભી કરવી પડશે કે કોઈપણ નાગરિક આ રીતે બહાર જાય તો એમના ઘરની બરાબર વોચ રાખવી જોઈએ, આના માટે પૈસા લઈને કે બીજી રીતે વ્યવસ્થા ઉભી થાય તો આ રીતે આખુંને આખું ઘર ચોર સાફ કરી જાય છે તેમાં કાંઈક ફરક પડશે.

મારે બીજું એક સૂચન કરવાનું છે કે પેટ્રોલ પંપો ઉપર અત્યારે જે ડિઝલમાં કેરોસીનની ભેળસેળ અને પેટ્રોલમાં સોલ્વન્ટની ભેળસેળ બહુ મોટા પ્રમાણમાં ચાલે છે. આપણે પેટ્રોલપંપ ઉપર ઉભા હોઈએ અને કેરોસીન નાંખવામાં આવતું હોય તો પણ આપણને ખબર પડતી નથી, પરંતુ જો આ પેટ્રોલનું ટેન્કર, કેરોસીનનું ટેન્કર, સોલ્વન્ટનું ટેન્કર અને ડિઝલનું ટેન્કર હોય દરેક ઉપર સ્પેશ્યલ કલર લગાવવામાં આવે કે જો કેરોસીનનું ટેન્કર હોય તો એનો કલર લાલ હોય, પેટ્રોલનું ટેન્કર હોય તો એના કલર પીળો હોય અને એ દરેક ટેન્કર ઉપર ડી.એસ.ઓ.નો ટેલીફોન નંબર હોય, કલેકટરનો ટેલીફોન નંબર હોય તો આ ભેળસેળની પ્રવૃત્તિ આપણે અટકાવી શકીશું.

છેલ્લે મેં જે વાત કરી કે કેન્દ્ર સરકાર આ ૧૨૯ની બહુમતિ વાળી ગુજરાતની સરકારને ઉથલાવવાની વાત કરે છે, એટલે અમે બધા તો એક છીએ, પણ એ દિવસ જયારે નજીક આવશે ત્યારે ખબર પડશે કે ભારતીય જનતા પાર્ટીના આ ધારાસભ્યો ૧૨૯ જણા ભેગા થઈને તેનો સામનો કરશે, એટલે આ સરકારને ઉથલાવવાની એમની તાકાત નથી.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી, ગૃહ વિભાગની, પોલીસ, જેલ અને પરિવહન વિભાગને લગતી માગણી ક્રમાંક ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી, આંતરિક સલામતીની જાળવણી, પ્રજા ભય વગર હરી ફરી શકે અને રાજયનો વિકાસ થાય, રાજયમાં સારા ઉદ્યોગો આવે, ઉદ્યોગકારોને વિશ્વાસ બેસે તેના માટે આ ગૃહ વિભાગ છે. અહીં પરિસ્થિતિ જુદી છે, અહીં તો મુખ્યમંત્રીશ્રી પણ સલામતીના બહાને કમાન્ડોની વચ્ચે ભય નીચે ફરે છે. મોટાભાગના ધારાસભ્યો હથિયારધારી પોલીસના રક્ષણ હેઠળ ફરી શકે છે. બીજા ઘણા ધારાસભ્યોએ રક્ષણની માગણી કરી  છે પણ રક્ષણ મળતું નથી, આવી પરિસ્થિતિ આજે છે.

ગુજરાતની જનતા જયારે વિકાસના કામો માટે સચિવાલયમાં આવે છે ત્યારે સચિવાલય પોલીસ ફોર્સથી ભરી દેવામાં આવે છે અને પોલીસ છાવણી જેવું ભયનું વાતાવરણ પેદા થયું છે. ત્યારે ગુજરાતમાં કેવી પરિસ્થિતિ છે તે આના ઉપરથી આપણે સમજી શકીએ તેમ છીએ. સરકાર કહે છે કે ગુનાખોરીનું પ્રમાણ ઘટયું છે, ઘણા એવા ગુનાઓ છે કે જે નોંધાતા જ નથી. પ્રજા ફરિયાદ કરવા જાય પણ પોલીસ સ્ટેશનમાં અધિકારીનો રૂઆબ જોઈને જ એમને થથરી જવું પડે છે, અને અધિકારીઓ ફરિયાદ જ લેતા નથી, અને છેવટે એમને કોર્ટનો આશરો લેવો પડે છે. આ એક વર્ષમાં બહેનોના અપમૃત્યુના બનાવો જે બન્યા છે તે ૩૫૭૬ બન્યા છે, તેના ઉપરથી ખ્યાલ આવશે કે ગુનાખોરીનું પ્રમાણ કેટલું વધ્યું છે.

અક્ષરધામમાં બે ત્રણ વર્ષ પહેલાં જે આતંકવાદીઓ આવ્યા હતા અને એમણે જે આતંક ફેલાવ્યો હતો તેના કારણે ઘણા બધા માણસોનાં મરણ થયાં હતાં. એમાં જે દારૂગોળો લાવવામાં આવ્યો હતો તે ખિસ્સામાં લાવી શકાય એવો નહોતો. ૫૮ કિલો જેટલો દારૂગોળો લઈને તે આતંકવાદીઓ આવ્યા હતા, મુખ્યમંત્રીશ્રીના ઘરની નજીકમાં જ આ આતંકવાદીઓ આવે અને છતાં સરકારના ધ્યાન ઉપર ન આવે તેના ઉપરથી જ આપણું તંત્ર કેવું છે તેનો ખ્યાલ આવે છે. કોઈપણ પોલીસ સ્ટેશનમાં નવા સવા અધિકારી જાય એટલે રૂઆબ છાંટતા હોય છે.

અમારે ત્યાં પણ બે દિવસ પહેલાં શામળાજી ખાતે આવો બનાવ બન્યો હતો. અને પોલીસવાળા કારછા ગામે ગયા અને ત્યાં એક છોકરો ગાયને ઘાસ આપી રહયો હતો ત્યારે પોલીસ ખાનગી ડ્રેસમાં ત્યાં આવી અને તે છોકરાને ઝૂડવા જ માંડી અને તે પછી બે ત્રણ માણસોને પણ ઝૂડી નાખ્યા, તેમને પકડી લાવી અને પછી છોડી મૂકયા, કોઈ ગુનો નોંધ્યો નથી. ત્યાર પછી તે લોકોએ ફરિયાદ કરી તો કહે કે આમાં કશું આગળ વધતા નહીં. તો મારે એ જાણવું છે કે એમનો કોઈ ગુનો નથી, અને છતાં પકડવામાં આવ્યા અને પછી છોડી મૂકવામાં કેમ આવ્યા? એ લોકોને એટલી બધી બે રહેમીથી મારવામાં આવ્યા છે કે એમને શામળાજી નહીં પણ હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ થવું પડયું છે. આવા બનાવો તો ઘણા બને છે ત્યારે ગૃહ વિભાગને સતર્ક કરવાની જરૂરિયાત દેખાય છે,

વાહન વ્યવહારમાં એસ.ટી.ની દશા ખૂબ ખરાબ થઈ છે. ૯ હજાર જેટલી એસ.ટી.ની બસો ચાલતી હતી, અને ગુજરાતનું એસ.ટી. તંત્ર નંબર વન ગણાતું હતું, અને ખૂબ આવક થતી હતી. પણ આજેગામડાંમાં મોટાભાગની બસો બંધ થઈ ગઈ છે. છોકરાઓને શાળાએ જવું હોય, કોલેજ જવાનું હોય કે કોઈ અધિકારી-કર્મચારીને ઓફિસમાં સમયસર જવાનું હોય તો તેઓ હવે બસમાં બેસતા નથી. કારણ કે તેમને વિશ્વાસ નથી કે બસમાં બેસશે તો સમયસર પહોંચશે કે નહીં, એટલા માટે આ એસ.ટી. ની બસો છે તેની આવી દશા આ સરકારમાં બની છે. ત્રણેક વર્ષ પહેલાં ૩૫૦૦ જેટલી એસ.ટી.ની બસો ખરીદવામાં આવી હતી પણ એ બસોનું બોડી બાંધવાનું કામ  એ નરોડા વર્કશોપ છે એમાં કરવું જોઈતું હતું. સારા મટિરિયલથી બાંધવી જોઈતી હતી એ એક એસ.ટી.ની બોડી બાંધવા પાછળ ૧૧ લાખનો ખર્ચ  થાય છે, એ એસ.ટી.ની બોડી પ્રાઈવેટમાં કરાવીને એકની પાછળ ૧૮-૧૮ લાખ રૂપિયાનો  ખર્ચ કરેલ છે. અને આ એસ.ટી.ઓના ટૂંકાગાળામાં એના પતરા ખલાસ થઈ ગયા એવી આજે પરિસ્થિતિ ઊભી થઈ છે. આજે દાવો કરવામાં આવે છે કે રોડ ઉપર આઠ હજાર એસ.ટી. બસો ચાલે છે.  વાસ્તવમાં અત્યારે ફક્ત ૬૮૦૦ જેટલી જ બસો ચાલી રહી છે.  મોટાભાગની બસો બંધ થઈને રોડ ઉપર પડી રહે છે. એ ખોટકાઈ ગઈ છે. એનું મુખ્ય કારણ એ છે કે સરકાર પાસે સારા ટાયર નથી, એના સ્પેર પાર્ટસ નથી એના લીધે મુશ્કેલીઓ ઊભી થઈ છે.  આજે જે એસ.ટી. બસો સરકાર પાસે છે એમાંની મોટાભાગની બસો સાત લાખ કિલોમીટરથી વધુ ફરેલી છે એ ખરેખર તો સ્પેરમાં લઈ જવી જોઈએ  એ લઈ જતા નથી અને જે નવી બસો ખરીદવી જોઈએ એ પણ ખરીદતા નથી.  એસ.ટી.નું  તંત્ર સુધારવાની ખાસ જરૂર છે.

આર.ટી.ઓ.ની વાત કરું તો  મોટાભાગની આર.ટી.ઓ. ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ એ બહુ સારી વાત છે, એના લીધે આવક  થોડી ઘણી વધી છે. પરંતુ ત્યાં જઈને જૂઓ તો વાસ્તવિકતા કંઈક જુદી છે. આ ચેક પોસ્ટો ઉપર તપાસ કરો તો ત્યાં ૨૪ કલાક બહારના માણસો રોકાયેલા હોય છે. હું માનનીય ગૃહમંત્રીશ્રીને વાત કરીશ કે અમારી શામળાજી ચેકપોસ્ટ દિવસના આઠ આઠ કલાકની પાળી એમાં મોટા ભાગના બહારના લોકો કામ કરતા હોય છે.  એમને કોણ રોકે છે? એમને કોણ કેવી રીતે પગાર આપે છે એ તપાસનો વિષય છે. આર.ટી.ઓ. વિભાગમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે. આર.ટી.ઓ. ની હોય, એ.આર.ટી.ઓ.ની હોય કે પછી ઓફિર્સસ એ બધાની જગ્યાઓ  ખાલી છે.  સાથે સાથે એમને રહેવા માટેના મકાનો અને ઑફિસના મકાનોની પણ તકલીફ છે.  ગાંધીનગરની વાત કરું તો આર.ટી.ઓ. કચેરીના મકાનની

તકલીફ છે. એના માટે નવા મકાનની જરૂર છે. આ આવક રળી આપતું તંત્ર છે ત્યારે આર.ટી.ઓ.ના તંત્રને સુધારવાની ખાસ જરૂર છે.

હોમગાર્ડની વાત કરું તો આજે ૪૫ હજાર જેટલા હોમગાર્ડભાઈઓ સેવા આપી રહ્યા છે. મુશ્કેલી ઊભી થાય ત્યારે રાત દિવસ કામ આપતા હોય છે. આ હોમગાર્ડના માણસોને પૂરતું વેતન મળતું નથી. બીજું કે ચૂંટણી હોય ત્યારે એમને મત આપવાનો અધિકાર છે એ છિનવાઈ જાય છે. ગયા વરસે ચૂંટણી હતી ત્યારે મેં તપાસ કરી તો મોટા ભાગના હોમગાર્ડના માણસો માટે સરકારે મત આપવા માટેની કોઈ વ્યવસ્થા જ નહોતી કરી. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ ચૂંટણીની વ્યવસ્થામાં હોય છે એમના માટે વ્યવસ્થા કરવામાં આવે છે. હોમગાર્ડઝના ભાઈઓ માટે પણ હવે પછી સરકાર વ્યવસ્થા કરે તેવું મારું સૂચન છે.

બીજો એક દાખલો આપું કે આ સરકાર કેવી રીતે કામ કરે છે. લીમખેડા માર્કેટીંગ યાર્ડમાં એક કૅશિયર કામ કરતો હતો. એ કર્મચારીને ત્યાં ને ત્યાં મારી નાખવામાં આવે. ખૂબ રજૂઆતો થઈ, લોક દરબારમાં પણ રજૂઆત થઈ, માનનીય મુખ્યમંત્રી સમક્ષ પણ રજૂઆત થઈ, આ વિધાનસભામાં પણ એના અંગે પ્રશ્ન પૂછાયો છતાં એની સામે કોઈ કાર્યવાહી ન કરવામાં આવી. ચેરમેને ઉચાપત કરી હતી એને બચાવવા માટે આ કર્મચારીનો ભોગ લેવાયો છે. આવી રીતે આ તંત્ર કામ કરી રહ્યું છે.

દારૂબંધી અંગે વાત કરું તો અમારો વિસ્તાર એ બૉર્ડર વિસ્તાર છે. રાજસ્થાનની બૉર્ડર બાજુમાં જ આવેલી છે. અમારે ત્યાં સાંજ પડે એટલે દારુ એટલો બધો સપ્લાય થાય છે. રાજસ્થાનમાંથી દારુ આવે છે એને કોઈ રોકટોક નથી. ઘણી જગ્યાએ તો પોલીસવાળા અમારા સાબરકાંઠા જિલ્લાની બહાર એ લોકોને કાઢી આપે છે અને પછી આગળ તમે જાણો. આ રીતે કોઈપણ જાતની રોકટોક વિના દારુનો ધંધો ચાલી રહ્યો છે. તેથી મારી માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી છે કે આમાં ચોક્કસ તપાસ કરાવે અને જે કોઈ લોકો આ ધંધામાં સંડોવાયેલા છે એમની સામે કાર્યવાહી કરવામાં આવે એટલી વિનંતી કરું છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહ વિભાગની આશરે ૧૪૩૯ કરોડ ૩૫ લાખ અને ૩૬ હજારની માગણી ક્રમાંક ૪૧,૪૨,૪૩ અને ૪૪ લઈને આવ્યા છે, ત્યારે એના સમર્થનમાં મારાં મંતવ્યો રજૂ કરું છું.

મારા સાથી પક્ષના જેટલા પણ સભ્યશ્રીઓ માગણી ઉપર બોલી રહ્યા હતા, ત્યારે એમને પોતાને મહેસૂસ થઈ રહ્યું હતું અને કહેતા હતા કે ગૃહ વિભાગ માટે આટ આટલી વસ્તુની આવશ્યકતા છે અને એ કરવું જોઈએ તેમ છતાં તેઓ આ માગણીઓ ઉપર કાપ દરખાસ્તો લાવ્યા છે.

આપણે સમજવું જોઈએ કે શું આવશ્યકતા છે, આ માગણીઓ છે તેને જો સમર્થન આપીને વાત કરતા હોઈએ તો વાસ્તવિક રીતે આપણે સુધારો કરવા માગીએ છીએ, વિકાસ કરવા માગીએ છીએ. આજે આપણે સમાજમાં વિકાસની વાતો કરીએ, અનેક જાતનો વિકાસ, અનેક ક્ષેત્રના વિકાસની વાતો આપણે કરીએ, આ વિકાસ ગમે એટલો કરીએ પરંતુ જ્યાં સુધી ભય દૂર નહીં થાય, સુરક્ષા નહીં આપી શકાય ત્યાં સુધી આ વિકાસ કોઈ કામનો નથી. અમૅરિકા જેવા દેશની વાત કરીએ તો ત્યાં એટલી બધી વિકાસની વાતો થાય છે, દુનિયાનો સૌથી વિકસિત દેશ કહેવાય છે ત્યાં પણ આજે ત્યાંના નાગરિકો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. સૌથી વધારે ક્રાઇમ ત્યાં થઈ રહ્યો છે. ગુનાઓ આચરાઈ રહ્યા છે. આજે આ વિકાસને ભોગવવા માટે, આ વિકાસનો લાભ ઉઠાવવા માટે આમ જનતા જ્યારે ખુલ્લા મનથી, સુખ-શાંતિથી ચેનની નીંદ લઈને રહી શકતી હોય તો એ વિકાસનો ઉપયોગ કરી શકીએ.

ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતની અંદર સુખ, શાંતિ અને ચેનની નીંદ લાવવાનો પ્રયત્ન કર્યો છે. એટલે આજે ગુજરાતનો વિકાસ દુનિયાને દેખાઈ રહ્યો છે. વિશ્વના દેશોના લોકો ગુજરાત તરફ આકર્ષાઈ રહ્યા છે એ આપણને જોવા મળે છે. ગુજરાતના ઉત્સવોમાં વિદેશના લોકોની, ગુજરાત બહાર વસતા લોકોની ગુજરાતમાં આવવાની માનસિકતા એ વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આવતા હોય, પતંગ ઉત્સવના માધ્યમથી આવતા હોય કે નવરાત્રિના માધ્યમથી આવતા હોય એ નવરાત્રિના કાર્યક્રમમાં સુરક્ષા જોઈ રહ્યા છે. હિંદુસ્તાન નહીં, દુનિયાના કોઈ દેશમાં રાત્રે બે વાગ્યે માતાઓ અને બહેનો ગરબા ગાઈને એકલી પોતાના ઘેર સુરક્ષિત રીતે જઈ શકતી હોય આ દૃશ્ય જ્યારે વિદેશીઓ અને ગુજરાત બહાર વસતા લોકો ગુજરાતમાં જૂએ ત્યારે એવું થાય કે આખા હિંદુસ્તાનમાં કોઈ એવો દેશ કે પ્રાંત નથી કે જ્યાં રાત્રે આટલી સલામતીથી કોઈ જઈ શકતું હોય.ગોધરાકાંડ પછી ગુજરાતને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો. ટ્રેઈનમાં બેઠેલાં કારસેવકોને જીવતા સળગાવી દીધા પછી આખા દેશમાં એવો પ્રચાર કરવામાં આવ્યો કે ગુજરાત સલામત નથી. ગુજરાત સુરક્ષિત નથી. ગુજરાતમાં ઉદ્યોગ-ધંધા ન થઈ શકે. ગુજરાતના વિકાસને રૂંધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. એવા તત્ત્વો દ્વારા પ્રચાર કરવામાં આવ્યો કે ગુજરાત તરફ કોઈ વળીને જૂએ નહીં. ગુજરાતના શાસનકારો અને ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય નરેન્દ્રભાઈની કોઠાસૂઝ અને દીર્ઘદૃષ્ટિને કારણે તેમના શાસનમાં આ પરિવર્તન જોવા મળ્યું. ૧,૦૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. થયા, ૬૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ.ની સામે ૫૪,૦૦૦ કરોડ રૂપિયા ઈન્વેસ્ટ થાય, એ માત્ર ગુજરાતની સલામતીના કારણે વિકાસ દેખાઈ રહ્યો છે. ગુજરાતમાં લોકો આવી રહ્યા છે. તેના માટે સૌથી મહત્ત્વનું કાર્ય ગૃહ વિભાગ કરે છે. સમાજને સુરક્ષા આપવાનું કાર્ય ગૃહ વિભાગ દ્વારા થતું હોય છે.

ગૃહ વિભાગ દ્વારા સલામતી અને સુરક્ષાની જ્યારે ચિંતા કરવામાં આવે ત્યારે તેના માટે જેટલું ફંડ ફાળવીએ એટલું ઓછું છે. એટલા માટે સુરક્ષાની દૃષ્ટિએ ૪૦૦૦ નવા ગ્રામ રક્ષક અને લોક રક્ષકોની ભરતી કરવામાં આવી છે. આ ભરતીના માધ્યમથી સમાજમાં ખૂટતા સ્થાનો ઉપર પોલીસ સ્ટેશનો બનાવીને, ચોકીઓ બનાવીને ત્યાં આ સુરક્ષાકર્મીઓ પૂરા પાડવામાં આવ્યા છે. જૂના જમાનાથી જે મહેકમ હતું પોલીસ ચોકીઓ હતી, પોલીસ ચોકીઓ એક-બે વધારવામાં આવી પણ માનવના અભાવને કારણે સ્ટાફના અભાવને કારણે ત્યાં મહેકમ વધારી શકાતું નહોતું. અમારા ગોધરામાં ૬ ચોકીઓ હતી એને વધારીને ૯ ચોકીઓ કરવામાં આવી. મહેકમ એનું એ જ રહ્યું કાર્ય એનું એ જ કાર્ય વધતું ગયું, ગુના વધતા ગયા એને રોકવા માટે પ્રયત્નો થયા, સુરક્ષાઓ આપવામાં આવી આ બધાને કારણે જે મહેકમ વધારવું પડે, જે માનવ સ્ટાફ વધારવો પડે એમાં સુધારો લાવીને અને સંખ્યાઓ ભરવામાં આવી. હું તો એનાથી પણ આગળ વધીને કહુ છું કે આ સંખ્યા પણ ઘણી ઓછી છે. આ પોલીસ સ્ટાફ પણ આનાથી વધુ વધારવો જોઈએ અને પ્રોપર સુરક્ષા આપવી જોઈએ. આપણે જોઈએ છીએ કે જયાં આગળ ચાર રસ્તા ઉપરથી આપણે ગાડી લઈને નીકળતા હોઈએ ત્યાં પોલીસની વરદીવાળી એક પણ વ્યકિત ઉભી ન હોય તો ત્યાં ચાર રસ્તા ઉપર અવ્યવસ્થા ઉભી થઈ જાય છે. માત્ર એક વરદીવાળી યુનિફોર્મવાળી વ્યકિત હોય તો બધા વ્યવસ્થિત રીતે ગાડી ચલાવતા હોય છે. એ રસ્તાની લાઈટને જોઈને કામ કરતા હોય છે. લાઈટો કામ કરતી હોય પરંતુ કોઈ વરદીવાળી વ્યકિત ત્યાં ન હોય તો બધા કાયદાનો ભંગ કરે છે પણ એક વ્યકિત ઉભો હશે તો બધાને કંટ્રોલ કરતો હોય છે. દરેક સ્થાન ઉપર પૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવે અને આ સ્ટાફ પૂરો પાડવામાં આવે તો ચોકકસ આપણે એને બદલી શકીશું. એમાં સુધારો લાવી શકીશું અને સમાજને સુરક્ષા આપી શકીશું.

જેલોની વાત થઈ કે જેલોની અંદર જેલોની સંખ્યાનું પ્રમાણ જોઈને સ્ટાફ, એને સાચવવા માટે અને એમાં જે કેદીઓ ભરવામાં આવે છે એ એટલી મોટી સંખ્યામાં ભરવામાં આવે છે. નવી જેલોની આજે આવશ્યકતા છે. આ જેલોનું નવીનીકરણ કરી એ જેલોની અંદર સુવિધાઓ ઉભી કરવી જોઈએ, એ નહીં કરવામાં આવે તો માત્ર ગુનેગાર નહીં, ગુનેગાર એટલે સંજોગોવસાત ગુનો કરેલા અને એવા અનેક મજબૂરીના કારણે ગુનો કરેલી વ્યકિત પણ ત્યાં જતા હોય છે. માત્ર રીઢા ગુનેગાર ન હોય એવા લોકોને સુધારણા કરવાનું કામ આ સરકારમાં થવું જોઈએ. એ કાર્ય કરીને બતાવ્યું છે. જેલના કેદીઓ આશ્રમ રોડ ઉપર સુભાષબ્રીજના નાકા ઉપર ભજિયા વેચવા માટે તૈયાર થયા. ત્યાં આગળ એટલો તો નફો થયો અને એ કર્મચારીઓ જેલમાં હતા એ ચાર દિવાલમાંથી બહાર આવીને જ્યારે કામ કરે છે ત્યારે એની સુધારણા આપણને જોવા મળે છે. લોકો ગાડીઓ લઈને લાઈનો લગાવતા હોય છે. એ સુધારણાનું કામ થાય છે અને એટલે આજે આવશ્યકતા છે કે આ જેલોની અંદર પણ સુધારણા થવી જોઈએ. આજે અમારા વિરોધ પક્ષના નેતા કહેતા હતા કે બહુ ખરાબ પરિસ્થિતિ છે. કાયદો વ્યવસ્થાનો ભંગ થઈ ગયો છે. પરંતુ એક જમાનો હતો પોરબંદરની અંદર જેલોને બંધ કરવી પડી હતી. એ જેલો બંધ કરવાનો આજની આ સરકારમાં કોઈ બનાવ બન્યો નથી.

ગૌવંશ અગત્યનો મુદ્દો છે. ગૌવંશ હત્યા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે પણ એ કરવાવાળા ગુનેગારોને પકડીને એની ઉપર પાસા લગાવવાનું કામ આ સરકારે કર્યુ છે. ગાયોની કતલ મોટા પાયા ઉપર થતી હતી. માત્ર બહુમતી સમાજને આઘાત પહોંચાડવા માટે કતલો થતી હતી. આ રોકવા માટે પાસાનો કાયદો લાવીને સખતમાં સખત કાયદો લાવીને સજા કરવાનું કામ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આવાસોની વાત થઈ કે આજે પોલીસોને આવાસ આપવા જોઈએ. અનેક પ્રયત્નો થાય છે. તેના જર્જરીત મકાનો છે. આ મકાનોને રીપેરીંગ કરવાની વાત છે. આ બધા રીપેરીંગ કરવા માટે પણ સરકારે ફંડ ફાળવવું જોઈએ. અને એના માટે પણ ફંડ ઘણું ઓછું છે. માત્ર ૧૧હજાર મકાનોથી શું થશે? આટલી મોટી સંખ્યામાં જરૂર છે. ૭૮૫૭ થયા છે. મોટી સંખ્યામાં મકાનો બનવા જોઈએ. સરહદી વિસ્તારની અંદર ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે.બેટ દ્વારકા પાસે ૪૨ બેટો નિર્જન પડયા છે. પાકિસ્તાનથી ત્યાં આગળ સ્મગલીંગ થાય છે. હથિયારો આવે, ત્યાં આગળ કેફી દ્રવ્યો આવે છે. એમની પાસે ૮૦કિલોમીટરની સ્પીડની મોટર બોટો હોય અને આપણી પાસે એની સામે રક્ષણ આપવા માટે ન હોય એની અંદર નવીનીકરણ લાવીને નવી બોટો મૂકવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે અને આ દ્વારા ગુજરાતના દરિયા કિનારાને સુરક્ષિત રાખવાનું કામ આ સરકાર દ્વારા થયું છે.

હોમગાર્ડ માટે પણ ચિંતા કરવાની જરૂર છે. આ હોમગાર્ડ પણ પોલીસ જેવું જ કામ કરતા હોય ત્યારે એને પણ સમાન વ્યવસ્થા આપવી જોઈએ. ૬મહિને કે ૮મહિને પગાર મળતો હતો. આજે હવે થોડોક સુધારો થયો છે અને હજી પણ એમાં સુધારો થશે એવી આવશ્યકતા છે. એસ.ટી.ની અંદર પણ સારું કામ થઈ રહ્યું છે. આપણે કહીએ છીએ કે એસ.ટી. લોસ કરે છે. આજે એસ.ટી. લોસ નથી કરતી એ વેપારી સંસ્થા નથી. સેવાકીય સંસ્થા છે અને એના કારણ એ સેવાકીય કામ આપે છે. લોકોને એના દ્વારા આવવા-જવાની સગવડતા કરવામાં આવી છે. જયારે આ સેવાકીય કામ કરવાથી એનાથી લોસ આવવાનો છે. ટાયર અને ડિઝલમાં ભાવ વધારો થતો હોય અને એ વધારો મળતો ન હોય તો લોસ આવવાનો છે. એને સંસ્થાકીય દૃષ્ટિથી અને સેવાકીય દૃષ્ટિથી જોઈશું તો એ લોસ કહેવાય નહિ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય ગૃહમંત્રીશ્રી માગણી નં. ૪૧,૪૨,૪૩ અને ૪૪ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું. માગણીમાં એવું કશું દેખાતું નથી કે ગુજરાતની પોલીસને ગુજરાતના કાયદો અને વ્યવસ્થાના રક્ષણ માટે કોઈ આધુનિક સાધનો, આધુનિક વ્યવસ્થા મળે. એટલું જ નહિ પણ સરકાર અને મારા

સાથી મિત્રો ખૂબ વખાણ કરે છે. ગુજરાતના આઈ.પી.એસ. અને એમની નીચેની કેડરના અધિકારીઓ ખૂબ જ સારા છે. અમારી સરકાર હતી ત્યારે અમને એમ કહેવામાં આવતું હતું કે આઈ.પી.એસ. અને આઈ.એ.એસ. એ દેશની મૂડી છે. આ રાજયની પ્રગતિ થાય, રાજયને સુરક્ષા મળે. એવી જાતના સૂચનો કરજો અને કામ કરાવજો. પરંતુ આજે એનો દૂરુપયોગ થઈ રહ્યો છે. સારા અધિકારી ઉપર જોર અને પોલિટિકલ પ્રૅશર લાવીને કેમ કરીને ખોટો કેસ કરવો, કેમ કરીને ખોટા માણસને ફસાવી દેવો અને અધિકારીઓ પર બળજબરી કરીને એમનું ધાર્યું કરાવે છે. એમાં કેટલાક અધિકારીઓના મોરલ ડાઉન થઈ ગયા છે. નિષ્ઠાવાન અધિકારીઓના મોરલ તૂટી ગયા કે અમારે કાયદો અને વ્યવસ્થા સાચવવાની છે કે પોલિટિકલ પ્રૅશરથી કામ કરવાનું છે? અને એમનું કહ્યું ન માને એમને ઑફિસના ખૂણે બેસાડી દીધા. એમને વિશ્વાસ નહિ આવે.

આ વાત મંત્રીશ્રી સુધી પહોંચે કે ન પહોંચે પરંતુ મારા જિલ્લાની જ વાત કરું છું. મારા જિલ્લામાં ધાનેરા તાલુકાનું ભાંજડા ગામ છે. ત્યાં એક મકાન માટે ઝઘડો ચાલતો હતો. અનેક વખત કોર્ટમાં, પોલીસમાં અને પંચાયતમાં સરપંચે અરજીઓ કરી હતી, એક દિવસ એવું બન્યું કે ૧૦૦૦નું ટોળું ભેગું થયું, ઝપાઝપી થઈ અને એક માણસનું મૃત્યું થઈ ગયું. મૃત્યું થયું ત્યારે ગામના આગેવાન સરપંચ બહારગામ હતા અને જ્યારે એફ.આઈ.આર. ફાડવામાં આવી ત્યારે મુખ્ય તહોમતદાર તરીકે સરપંચે મર્ડર કર્યું છે અને હજાર માણસનું ટોળું કયાંય જતું રહ્યું. ઝપાઝપીમાં આખું મકાન તૂટી ગયું છે, એના ફોટા છે. ચિલ્લાઈ-ચિલ્લાઈને ધારાસભ્ય તરીકે મેં વાત કરી. એ માણસે અરજી કરી છે કે એક વખત તપાસ કરો. એ માણસ હાજર ન હતો. ૩૦૨માં ફસાવી નાખ્યો છે. પોલિટિકલ પ્રૅશરથી ફસાવી નાખ્યો છે. એ એક આગેવાન છે એટલા માટે? કોઈ તપાસ ન થઈ. આ ઉદાહરણ છે. મારા જ વિસ્તારની વાત કરું કે એક ખેડૂતના ટ્રેકટરથી અકસ્માત થયો. રજૂઆત થઈ કે અકસ્માત નથી, મારી નાખ્યો છે. પી.આઈ.એ તપાસ કરી પણ સંતોષ ન થયો. ડી.વાય.એસ.પી.એ તપાસ કરી કે અકસ્માત છે છતાં પોલિટિકલ પ્રૅશર લાવીને સી.આઈ.ડી. મારફતે ૩૦૨નો ગુનો દાખલ કરાવ્યો. કોઈપણ આગેવાન આ લોકો સામે બોલતો થાય એને કેમ કરીને કચડી નાખવો, એની જાળ મને અને જગદીશભાઈને લાગેલી છે. અમારા લોકો સાચી વાત કરતા થયા છે, બોલતા થયા છે એટલે આ રીતે કચડી નાખવાની જે પ્રવૃત્તિ થઈ રહી છે એને રોકો. આવા અનેક કિસ્સાઓ છે. આ એક કિસ્સો નથી. એ કહે એવા કિસ્સાઓ એમને એક એક કરીને બતાવું. ટોટલી પોલિટિકલ પ્રૅશરથી આ બધું કરવામાં આવ્યું છે.

પોલીસ તમામ જવાબદાર છે. પોલીસ નિષ્ઠાવાન હોય છે. પણ એની સત્તાનો દૂરુપયોગ ન કરે. થોડાઘણાં રાજકીય તમારી પાર્ટીના છે એને સાચવો પણ અમારો કાર્યકર છે, તમે કેમ ફરિયાદ લીધી છે, અમારા કાર્યકરનું પી.એસ.આઈ., પી.આઈ. અને ડી.એસ.પી. સાંભળતા નથી. આ વિભાગ એવો છે કે લોકોના જીવવા માટે, લોકોની સુરક્ષા માટે જેનું કોઈ નથી અને પોલીસ એના માટે ભગવાન છે એને આ રસ્તે દોરવામાં આવે છે તો ગુજરાતની જનતાનું શું થશે? જે તમારી સરકારના લાગવગિયા નથી એની શું દશા થશે? એ પરિસ્થિતિ આજે અહીંયા થઈ રહી છે. એવા ઘણા કેસો છે જે સાંભળી નહિ શકે, પરંતુ સાથે સાથે એમને પણ આધુનિક સગવડ આપવી જોઈએ. જે આગળ શંકરસિંહ સરકારમાં સ્કૂટર આપ્યા હતા તે આજે તૂટી ગયાં છે તો રિપેર તો કરી આપો નવા ના આપો તો કાંઈ નહિ અથવા આધુનિક નવા આપે અમને વાંધો નથી, સારું છે, જરૂર છે. એટલું જ નહિ જે આઉટ પોસ્ટ છે ત્યાં ઈન્ટિરિયલ ગામડાની અંદર આપણી સુરક્ષા માટે બનાવામાં આવી છે. પરંતુ જ્યાં મકાન નથી, રહેઠાણ નથી, પોલીસ સ્ટેશનની ચોકી માટે પણ ગલ્લો નથી એના માટે કાંઈક કરોને? શહેરોમાં અને મોટી સીટીની અંદર આખો જબાકો કર્યા વગર ઈન્ટિરિયલની અંદર જે સુરક્ષાની જરૂર છે, ગરીબ માણસોને કાયદો અને વ્યવસ્થાની જરૂર છે એના માટે કાંઈ કરજો ડિમાન્ડમાં કે આઉટ પોસ્ટ માટે આટલા મકાન ઊભા કરીશું, આટલી ચોકી ઊભી કરીશું. ત્યાંના જે પોલીસ કર્મચારીઓ નાના માણસો જે નોકરી કરતા હોય છે એના માટે રહેઠાણનું મકાન કરશો તોય કોઈ કહેશે કે કંઈક તો તમે લાવ્યા છો. પરંતુ એ કશી જે વાહવાહ ક્યાં થાય છે? એ મિત્રો પણ વાહવાહ કરે છે. આજે અમારી દશા છે એ કાલે તમારી હશે, સાચી વાતને સમજો, સાચી વાતને સમર્થન કરો. હું નથી કહે તો કે આટલા માટે કરો. પરંતુ આજે કિન્નાખોરીથી વહીવટમાંથી માણસને આજે દબાવી રહ્યા છે, તમામ માણસોને ફસાવી રહ્યા છે એના માટે બધાએ સંયુકત કહેવું પડશે, સંયુકત જવાબદારી છે.

ધોળા દહાડે લૂંટ થાય છે, ચોરી, ખૂન થાય એટલી હદે નહીં કે ધારાસભ્ય જેવાની ગાડી ઉપર MLA લખ્યું હોય એની ગાડી રોકીને લૂંટવામાં આવે તોય હજુ સુધી કાંઈ થયું નથી, તપાસ ચાલુ છે તો આપણી આ વ્યવસ્થા સારી છે? ધારાસભ્ય જેવો છૂટ્યો નથી. આ પરિસ્થિતિ આની અંદર ચાલી રહી છે. લૂંટફાટના ગુના એ તો માજા મૂકી દીધી છે. કોઈને ભય રહ્યો નથી. ગમે ત્યારે છાપા વાંચશો તો કેટલા તાળાં તૂટ્યાં? કેટલી ઘરફોડ ચોરી થઈ? કારણ કે કોઈ એને પૂછવાવાળું નથી. એના ઉપરનું કારણ એ છે કે તમે આ હોટલમાં કેમ રેડ પાડી? એ અમારો માણસ છે. અમારા માણસને કેમ રેડ પાડી? ભલે પછી એ હોટલમાં ખરાબ ધંધા થતા હોય તો પણ અધિકારીનું મોરલ તૂટી જાય છે. એક મિનિટમાં અધિકારી ગુનો રોકી દે, એક કલાકની અંદર ગુજરાતને સાબદુ કરી દે, પરંતુ અહીંથી ઓર્ડર દેવામાં આવતો હોય કે અમે સાચા કામ નહિ રોકીએ. આજે પોલીસનો વધારો જ કર્યે જાય છે. વિધાનસભાને પણ પોલીસથી ઘેરી લીધી છે, એની સામે જગ્યા ભરાય તો કંઈક કરીને બનાસકાંઠામાં જ ૨૭૦ જગ્યાઓ ખાલી છે, જે બોર્ડરનો જિલ્લો છે આ બધી સમસ્યાઓ છે. કમસેકમ ખાલી જગ્યા તો ભરો, વધારે ના ભરો તો કશું જ નહિ. પોલીસની માગણી દરેક જગ્યાએ લગ્ન પ્રસંગ હોય તો પોલીસ, રેલી હોય તો પોલીસ, ઢોરોની રેલી હોય તો પણ પોલીસ, ગાય વાળી તોય પોલીસ, પોલીસ માટે વધારવાનું શું? એના માટે વિચારોને?

અધિકારીને જે જવાબદારી આપી છે. (સમય સૂચક ઘંટડી) હજુ તો મારે એસ.ટી.નું બાકી છે, ખાલી સૂચન જ કરીશ.

બસની અંદર, વાહન વ્યવહારની અંદર R.T.O. ચેકપોસ્ટની અંદર ભલે કાગળમાં આધુનિક હોય પણ આવકના આંકડાની અંદર આધુનિક નથી, આંકડા વધાર્યા હોય, પરંતુ અહીંથી લક્ષ્યાંક આપવામાં આવે છે કે આ ચેકપોસ્ટને આટલા રૂપિયાનો દંડ વસૂલ કરવો અને એની અંદર ગરીબમાં ગરીબ ગામડાનો ખેડૂત જે અણસમજું છે એ લાઈસન્ય આજે લઈ નથી ગયો, ચોપડી નથી લઈ ગયો એને દે ધનાધન દંડ, રૂપિયાનો લક્ષ્યાંક પૂરો કરવા માટે, પાંચ કરોડ લક્ષ્યાંક મારો પૂરો. એ આધુનિક નથી થયું, આપ કોઈ તપાસ કરો કે ક્યાં શું ચાલે છે? એમાં મારે નથી પડવું, પરંતુ એની અંદર પણ ખૂબજ જરૂરી છે. આધુનિકની સાથે સાથે બીજી પણ ઘણી સાફસૂફી કરવાની જરૂર છે. મંત્રીશ્રી જાણે છે, મારે એમાં કાંઈ કહેવું નથી.

બસની અંદર ગુજરાતની જનતાને એક વિશ્વાસ હતો. પોતાનું વ્હીકલ હોય તો પણ પોતાની બહેન-દીકરીને કહે કે બસમાં આવજો, બસ છેક ગામમાં ઉતારી જશે, આપણા વ્હીકલમાં નથી જવું એ વિશ્વાસ તૂટી ગયો છે. આજે બસ આવે છે કે ખટારો આવે છે એ વચે બંધ પડી જશે. જીપમાં લટકીને જવાય પણ આમાં ના જતા, વિશ્વાસ ઊઠી ગયો. એટલું જ નહિ એક બસડેપોના B.O.T. ની અંદર બસસ્ટેશન બનાવવાનો કોઈ કરાર થયો છે. એમાં હું મારા જ તાલુકાની ડીસાની વાત કરું તો બટાકા સંશોધનની એક જમીન હતી એ ૧૦ કરોડની જમીનની અંદર B.O.T. કરાર કરીને માત્ર ૮૫ લાખમાં બસસ્ટેન્ડનું છાપરું મફત બનાવી આપવાનું અને બાકી બધું જ કોન્ટ્રાકટરનું, એનું ૧૦ ટકા ક્ન્સ્ટ્રકશન હતું. આમાં ૨૭ ટકા કંન્સ્ટ્રકશન કર્યુ. ૫૦ ટકા જમીન રોકી લીધી અને પૈસા બધું કોન્ટ્રાકટર લેશે, અગર એ દુકાનની હરાજી કરવામાં આવે. મંત્રીશ્રીને જાહેરમાં કહું છું કે ૧૫ કરોડ રૂપિયા મારા જિલ્લાના વાહન વ્યવહારમાં થશે અને જિલ્લાના ગામડા સુધી એસ.ટી. પહોંચી શકશે એટલે એમાં જે ભ્રષ્ટાચાર ના થાય કોઈ ખોટા ઈનવોલ્વ ના હોય તો. એ દુકાનની હરાજી કરો? કેમ એને આપી દો છો?
વગર કારણે પંદર કરોડ રૂપિયા એક વ્યકિતને શેના આપો છો ? એમાં ભ્રષ્ટાચાર છે અને જો ભ્રષ્ટાચાર ન હોય તો દુકાનોની હરાજી કરો તો લોકોના હિતમાં કામ આવશે એમાં કાંઈ લેવાદેવા નથી અને તો ચોક્કસ દાખલો બેસે.

**સભાપતિશ્રી .** : શ્રી હર્ષદભાઈ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગના મંત્રીશ્રી જે માગણી નંબર ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જો વાત કરવામાં આવે તો રાજયમાં હોળી, ધૂળેટી, ઈદ , રથયાત્રા, ગણેશ ચર્તુથી, રામનવમી અને નવરાત્રી જેવા તહેવારો શાંતિ અને સલામતી અને આનંદ અને ઉત્સાહથી ઊજવાયા છે. આ સમયગાળા દરમિયાન એક પણ તહેવારમાં કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી, આના ઉપરથી સાબિત થાય છે કે ગુજરાતમાં કેટલી શાંતિ, સલામતી અને સુરક્ષા મળે છે.

આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત સિવાય આપણા દેશની અંદર અન્ય રાજયોમાં કેવી પરિસ્થિતિ છે. આ ગૃહમાં તમામ સન્માનીય સભ્યશ્રીઓ આ બાબતથી વાકેફ છે છતાં આપણા ગુજરાતને, બીજા રાજયોની અંદર ખોટી વાતો દ્વારા બદનામ કરવામાં આવે છે એ ખરેખર આપણા સૌ માટે એક દુ:ખની બાબત છે. આપણે ત્યાં ગૌ-વંશને રક્ષણ આપવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો આ ભા.જ.પ.ની સરકારે કર્યુ છે. ગૌ-વંશની અને ગાયોની જે હત્યાઓ થતી હતી, ગાયોની જે ખુલ્લેઆમ કતલો થતી હતી એને રોકવાનું કામ આ ભા.જ.પ.ની સરકારે કર્યુ છે. મારા વિસ્તારમાં ભરૂચ નજીક ખુલ્લેઆમ આ ગાયોની કતલો થતી હતી ત્યાં આજે આ કતલ કરનારાઓ ઉપર કડકમાં કડક કાર્યવાહી કરીને આ ગાયોની હત્યાઓને રોકવામાં આવી છે.

નાગરિક અધિકાર પત્ર વિશે પણ હું કહીશ કે, રાજયમાં તમામ પોલીસ સ્ટેશનો પર આના માટે બોર્ડ મૂકવામાં આવ્યા છે અને આ બોર્ડની સાથે સાથે લાંચ રુશવત વિરોધના પણ બોર્ડો જાહેરમાં મૂકવામાં આવ્યાં છે જેમાં લાંચ રુશવતની કચેરીના ફોન નંબર અને સરનામા પણ લખવામાં આવેલા છે જેનાથી જો લાંચ રુશવતનો કોઈ કેસ હોય તો તેને ત્યાંથી જ ફોન નંબર અને સરનામાની ખબર પડે. થોડા સમય પહેલાં બનાવટી ચલણી નોટો બાબતે આપણા રાજયમાં ઘણી બધી ખરાબ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ. અન્ય દેશો આપણા રાજયમાં આ ખોટી ચલણી નોટો દાખલ કરીને, આપણું અર્થતંત્ર જે સારી રીતે ચાલે છે એને બગાડવાનું કામ કરી રહ્યાં હતાં. એવા દેશોમાંથી આવેલી ચલણી નોટો કે જે નકલી છે એની સામે કડકમાં કડક રીતે કાર્યવાહી કરીને આ બનાવટી ચલણી નોટોના કૌભાંડને સારી રીતે અટકાવ્યું છે.

રાજયની અંદર ગુના સંશોધન શાખા એટલે. કે, સી.આઈ.ડી.(ક્રાઈમ) દ્વારા, જે મોટા ગુનાઓ બને છે એ ગુનાઓને આ સી.આઈ.ડી.(ક્રાઈમ) દ્વારા તપાસ હાથ ધરી એના ઉપર કાબૂ મેળવવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો આ ભા.જ.પ.ની સરકારે કર્યુ છે. જ્યારે હથિયારો અને ગોળા-બારૂદની હેરાફેરી થતી હોય છે ત્યારે મોટા ભાગના ગેર પરવાના હથિયારો અને આર.ડી.એક્સ. જેવો મોટો જથ્થો મળી આવ્યો હતો.

ભા.જ.પા.ના શાસન દરમિયાન આ બધું મળે છે. નશીલા પદાર્થોની વાત કરીએ જે સમાજને તોડે છે. ખાસ કરીને સમાજને તોડવામાં આવતો હોય તો નશીલા પદાર્થો દ્વારા. યુવાનો નશીલા પદાર્થો તરફ ન વળે એ માટે સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા નારકોટીકસ સેલની રચના કરવામાં આવી છે. આજના યુવાનો આવતી કાલના નાગરિક

છે. જેણે સમાજની અંદર યોગદાન આપવાનું છે. સમાજ અને રાષ્ટ્ર માટે કાંઈક કરવાનું છે. આવા યુવાનો નશીલા પદાર્થ તરફ વળી ન જાય એ માટે કડકમાં કડક કાર્યવાહી કરી નારકોટીક્સ સેલની રચના કરી છે.

પોલીસ આધુનિકરણમાં મારા જિલ્લાની વાત કરું તો મારો જિલ્લો નવ નિર્મિત છે. એમાં તમામ પોલીસ સ્ટેશનો જર્જરિત હાલતમાં હતા. આ રાજય સરકારે મારા વિસ્તારની અંદર તમામ પોલીસ સ્ટેશનો નવા બનાવવા માટે મંજૂરી આપી છે. મારા જિલ્લામાં પોલીસ જિલ્લાની વડી કચેરી બનાવવા માટે પણ મંજૂરી આપી છે. આ બદલ હું ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. કારણકે તેમણે નવ નિર્મિત જિલ્લામાં એકસાથે તમામ પોલીસ સ્ટેશન અને જિલ્લાની કચેરી આપી છે. જ્યારે આ કોમ્પ્યુટર યુગમાં આપણે સૌ આઈ.ટી.ની વાત કરીએ છીએ ત્યારે ગૃહ વિભાગમાં પણ ઈગર્વનન્સ દ્વારા જે કેસ થયા હોય એનું નિરાકરણ ઈગર્વનન્સ દ્વારા થાય છે, એટલું જ નહીં પણ ઈગવર્નન્સથી આપણા ગૃહ વિભાગનું તંત્ર એટલું ઝડપી અને સુદ્રઢ બન્યું છે. ખાસ કરીને હું વાત કરું અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ ઉપર જે કેસો થતા હતા, અત્યાચાર થતા હતા, એ તમામ કેસો માટે ભા.જ.પા. સરકારે જિલ્લા પોલીસ વડા અને નાયબ જિલ્લા પોલીસ વડાને આ બાબતની તપાસ સોંપવામાં આવી છે. જેનાથી આવા અત્યાચારોના જે કેસો હતા એમાં ઘણો ઘટાડો થયો છે. આ બધી બાબતો આપણે સૌ જાણીએ છીએ અને ગુજરાતની પ્રજા પણ જાણે છે કે સલામતી અને સુરક્ષા જો જોઈતી હશે તો ભા.જ.પા. જ આપી શકશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો કહેવા માટે ઉપસ્થિત થયો છું.

વાહન વ્યવહાર વિભાગ અને એમાં એસ.ટી.નિગમ. ગુજરાતનું વાહન વ્યવહાર નિગમ નફો કરવા માટેનું નિગમ નથી. આ નિગમ મારફત રાજયના ગામડાંમાં વસતા ગરીબ લોકોને સુવિધા પૂરી પાડવા માટેની આ નિગમ મારફત કામગીરી કરવાની થાય છે. આજે એસ.ટી.ની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે એ આપણે ન કલ્પી શકીએ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. અગાઉ ઘણા મિત્રોએ ચિંતા વ્યક્ત કરી છે. હું તો રાજય સરકારને એટલી જ વિનંતી કરીશ કે ગમે તે ભોગે, ગમે તે વ્યવસ્થા વધારીને પણ આ નિગમને સહાય અથવા સબસીડી ચૂકવીને પણ બસો ગ્રામ્ય વિસ્તારમાં દોડતી થાય અને ગ્રામ્ય વિસ્તારના લોકોને સુવિધા પ્રાપ્ત થાય એ માટે પ્રયત્ન કરવામાં આવે એ જરૂરી છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર, ધારાસભ્યો જે રૂટો સૂચવે એ રૂટો કરવામાં આવ્યા છે. તમામ ધારાસભ્યો દ્વારા રાજય સરકારને, મંત્રીશ્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ હતી કે આ રૂટ અમે સૂચવીએ છીએ. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ધારાસભ્યોની રજૂઆતના આધારે જે રૂટો શરૂ કરેલ એમાંના કેટલા રૂટ ચાલુ છે? મોટા ભાગના રૂટો બંધ થયા છે. ટાયર નથી, ડિઝલનો પ્રોબ્લેમ, મટીરિયલનો પ્રોબ્લેમ. સભ્યશ્રી ગોવાભાઈ રબારીએ વાત કરી તે પ્રમાણે આવક મેળવવા માટે થઈને ડેપો પાસે જે જમીનની સુવિધાઓ હતી, એ જમીન પ્રાઈવેટ કોન્ટ્રાક્ટરોને જાહેર હરાજી કર્યા સિવાયની આપીને જે આવક મેળવી છે એ આવક દ્વારા એસ.ટી. ની સુવિધામાં કેટલો વધારો કર્યો છે એ મારે જાણવું છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને અત્યારે મોટામાં મોટી પારાવાર મુશ્કેલી છે. એસ.ટી. ડેપો પાસેથી વિદ્યાર્થી પાસ કઢાવીને રકમ ભરે છે, પણ આ વિદ્યાર્થીને સમયસર જે તે તાલુકા કક્ષા સુધી શાળાએ જવા માટે નિયમિત બસ મળતી નથી. મોટા સૂત્રો આપ્યા છે ' સલામત સવારી, એસ.ટી. અમારી' 'હાથ ઊંચો કરો અને બસમાં બેસો'. હાથ ઊંચો ક્યારે થાય? બસ આવે તો હાથ ઊંચો થાય ને. આવતી જ નથી ને. હાથ ઊંચો કરવાનો સવાલ કયાંથી આવે? વિદ્યાર્થીઓને મુશ્કેલી થાય છે. વિદ્યાર્થીઓ પ્રાઈવેટ રીક્ષા, ટ્રૅક્ટર ભાડે રાખીને તાલુકા કક્ષા સુધી સ્કૂલની અંદર જાય છે. વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર કરવા માટે નિગમ મારફત વ્યવસ્થિત રીતે કામગીરી થાય તે પ્રમાણે આ વિભાગ કામગીરી કરે તેવી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

ગૃહ વિભાગને લાગે વળગે છે ત્યાં સુધી ઘણી બધી અહીંયાં વાતો કરવામાં આવી. દર ૧૫ દિવસે અમને એક પત્ર માનનીય ગૃહ મંત્રીશ્રીનો મળે છે. મારો વિભાગ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે આવી કામગીરી કરી રહ્યો છે. ધારાસભ્યશ્રીઓ તરફથી જે કાગળ લખવામાં આવે છે અને જે રજૂઆતો કરવામાં આવે છે, એનું અમલીકરણ કરવાનું હોય છે, એ માનનીય મંત્રીશ્રીના વિભાગ દ્વારા કરવામાં આવતું નથી.

જૂનાગઢ જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી, મારા વિસ્તારને લાગે વળગે છે ત્યાં સુધી ઉના તાલુકાનું ખીલાવર ગામમાં નાની સિંચાઈ યોજના જે સરકારની સ્કીમ છે, તે નાની સિંચાઈ યોજનાનો એકવા ડેમને સ્ફોટક પદાર્થ મારફત, ટોટા મારફત તોડી પાડવામાં આવ્યો. સિંચાઈ વિભાગના અધિકારીશ્રીએ, કાર્યપાલક ઈજનેરશ્રીએ ફરિયાદ કરી અને બે વર્ષ થવા છતા આજની તારીખે તહોમતદાર પકડવામાં આવેલ નથી....

**સભાપતિશ્રી .** : માનનીય ભીખાભાઈ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ૩ મિનિટ થઈ છે હજુ.

**સભાપતિશ્રી .** : મારી પાસે લિસ્ટ લાંબુ છે. આપના પક્ષનું પણ લિસ્ટ લાંબુ છે. અત્યારે પહેલી બેઠક ચાલુ છે અને બપોરબાદ બીજી બેઠક છે, એનો પણ ખ્યાલ રાખવાનો છે.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. હું અહીંથી સાંભળી રહ્યો હતો હમણા વિપક્ષના મિત્રો અનિલભાઈ જોષિયારા, પુંજાભાઈ બોલી રહ્યા હતા. અહીંથી ઉલ્લેખ કર્યો માનનીય અનિલભાઈએ.

સલામતીનો વિષય હતો. અહીંયાં આવીએ છીએ ત્યારે કેવા કેવા અનુભવો થાય છે, એની વાત કરી. હું જરા એમને યાદ આપવા માગું છું.

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

માનનીય અધ્યક્ષશ્રી, હું યાદી આપવા માગું છું કે આ લોકશાહીનું મંદિર છે અને આ લોકશાહીના મંદિરની વ્યવસ્થા ઉપર જ્યારે આપણા હિન્દુસ્તાનમાં અને હિન્દુસ્તાનની બહાર જે દશા થઈ છે, આતંકવાદીઓએ જે દશા કરી છે તે બધાને ઝડપથી ભૂલવાનો આ મિત્રોનો સ્વભાવ છે. સાહેબ અહીંયાં ગાંધીનગરની અંદર આવેલ અક્ષરધામમાં શું સ્થિતિ થઈ હતી? લોકસભામાં શું સ્થિતિ થઈ હતી? આતંકવાદીઓ કયાં સુધી આવ્યા હતા. રઘુનાથ મંદિરની શું સ્થિતિ થઈ હતી? કલકત્તાના અમેરિકન સૅન્ટરની શું સ્થિતિ થઈ હતી. હું કહેવા માગું છું કે લોકશાહીના મંદિર અને લોકશાહીના પ્રતિનિધિ તરીકે અહીં આવતા દરેકને એ વસ્તુને યાદ રાખવાની જરૂર છે.

સમગ્ર દેશ અને યુનાઈટેડ સ્ટેટથી માંડીને સમગ્ર વિશ્વ જે આતંકવાદ સામે ત્રસ્ત હોય ત્યારે આવી વાત થાય કે એક વ્યકિતને સલામતી માટે આ બધું થાય છે. હું વિનંતી કરીશ કે સલામતી અહીં આપવામાં આવે કે મહોરમના તહેવારમાં આપવામાં આવે, જગન્નાથની રથયાત્રામાં આપવામાં આવે કે ભગવાન સોમનાથના મંદિરમાં આપવામાં આવે. ફરી એ જ ભગવાન સોમનાથનું મંદિર તોડવાવાળા તત્ત્વો સક્રિય થયા છે. સમગ્ર દેશ અને દુનિયા આ બાબતમાં સક્રિય હોય ત્યારે તે સલામતીનું આગોતરું આયોજન કરતા હોય, તેના પગલાં લેતા હોય ત્યારે આવી વાત કરવી તે શોભાસ્પદ નથી. માનનીય પુંજાભાઈને મને લાગે છે કે સમય ઓછો પડયો છે. એમણે ઉલ્લેખ કર્યો છે કે ગૃહમંત્રીશ્રી કાયમ કાગળો લખે છે અને કહે છે કે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ નીચે આટલું કર્યુ છે. માનનીય ભીખાભાઈ એ જ વાત પર આવું છું.અમને તો એનું ગૌરવ છે કે અમારા ગૃહમંત્રીશ્રી કાગળ લખીને ૧૮૨ ધારાસભ્યશ્રીઓને કાગળ લખી શકે એવું કર્યુ છે. તમે કોઈ દિવસ લખી શકો એવું કર્યુ છે? ખાલી ફોન ઉપર સૂચનાઓથી શું ધંધા થતા હતા? હમણાં એક જૂની વાત યાદ કરીને એમના જ ગૃહમંત્રી સી.ડી.પટેલને યાદ કરીને શું થતું હતું તેની એક વાત યાદ કરવાનું મન થાય છે. અબ્દુલ લતીફ જ્યારે ભાગતો હતો તે દિવસે કોંગ્રેસનું રાજ હતું અને સી.ડી. પટેલ ગૃહમંત્રી હતા. સી.ડી. પટેલે લતીફને પકડવાના આદેશો આપ્યા પછી કોંગ્રેસના મુસ્લિમ આગેવાનો સી.ડી.પટેલ પાસે લતીફની ભલામણ કરવા માટે ગયા હતા. ત્યારે સી.ડી.પટેલે કહ્યું હતું, આજે એમના જ પાર્ટીના એક આગેવાન સ્વર્ગસ્થ છે તેમના શબ્દો યાદ કરાવવા માગું છું. સી.ડી.પટેલે કહ્યું કે લતીફના ઘરવાળા મારા બેન બરાબર છે પણ સાથે સાથે એ પણ કહ્યું હતું કે મને રાધિકા જીમખાના કાંડના નવ યુવાનોની જે હત્યા થઈ છે તેઓની વિધવાઓની સફેદ સાડીઓ આજે મારી સામે છે. એટલે હું તમારી ભલામણ માન્ય નથી રાખતો. સાહેબ આ વિભાગ આમ તો..(અંતરાય) સાહેબ ગરીબની વહુને તો સૌ ભાભી કહે. આ વિભાગ બધાને સ્પર્શતો વિભાગ છે. બધાને સ્પર્શતો વિભાગ છે એટલે બધાને ચંચુપાત કરવાનું મન થાય અને આમછતાં આ વિભાગ ફકત પોલીસ, ફકત જેલ, ફકત ગૃહ વિભાગ તેને અસરકર્તા નથી. આ વિભાગ સમગ્રતયા રાજયમાં શાંતિ અને સલામતિ આપે છે. જે વિકસતા ઉદ્યોગ ધંધાને શાંતિની જરૂરિયાત છે. સાહેબ બે ત્રણ મુદ્દા કહીશ. બહું પોઝીટિવ વાત કરીશ. સમગ્ર દેશમાં ભવાનભાઈ બેસો. તમે તો બેઠા હોય તો પણ ઊભા હોય તેવું લાગે છે. સાહેબ એક સુંદર વાત છે. સમગ્ર દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યુ છે તે આપણી ફોરેન્સીસ સાયન્સ લૅબૉરૅટરી અને તેમાં...

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી આજે ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું કહેવા માગું છું કે, ૨૦૦૧-૨૦૦૨માં ૭૦૯ કરોડ રૂપિયાનું બજૅટ હતું, જે ૨૦૦૫-૦૬માં ૮૦૯ કરોડ રૂપિયાનું થયું છે. ૯૫ કરોડ રૂપિયાનું બજૅટ જ્યારે આ ગૃહમાં આપણે વધાર્યુ હોય ત્યારે મને એ થાય છે કે, દિનપ્રતિદિન એક બાજુ આપણે ગૃહ વિભાગમાં બજૅટ વધારીએ છીએ અને બીજી બાજુ સર્વશ્રેષ્ઠ પોસ્ટ જેને કહેવાય એ ડીજીપીસાહેબની એક વર્ષ સુધી જગ્યા ત્યાં ના ભરાય, વિરોધપક્ષના નેતાશ્રી જ્યારે એ અંગે વારંવાર રજૂઆત કરે ત્યારે સાત દિવસ પહેલાં જ આ કાયમી કરવામાં આવે ત્યારે મને સમજાતું નથી કે, આજે ૯૫ કરોડ રૂપિયાનો જ્યારે બજૅટમાં વધારો થતો હોય અને છતાંય જે કાયમી જે જગ્યાઓ કહેવાય છે એ ભરવામાં આવતી નથી, આ રાજયમાં ૧૯ જગ્યાઓ આજે એવી છે જે આઈ.પી.એસ.ની આજે ખાલી છે, ડાંગ જિલ્લામાં ૩૧ ટકા મહેકમ મંજૂર થયેલ છે, અમરેલી જિલ્લામાં ૨૨ ટકા છે, અમદાવાદ જિલ્લામાં ૨૯૨ પોલીસની જગ્યાઓ ખાલી છે, બનાસકાંઠામાં ૨૭૨ પોલીસની કમી છે, પાટણ જિલ્લાથી માંડીને અનેક જિલ્લાઓમાં આવી કમી હોય અને બજૅટ વધારતા હોઈએ ત્યારે આ જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ પૂર્ણ કરવી જોઈએ.

જેલ માટે કહેવામાં આવ્યું કે, એનું ત્રણ કરોડ રૂપિયા બજૅટ વધાર્યુ પણ જે એની કેપેસીટી છે એ માત્ર ૫૫ ટકાની કેપેસીટી રહી છે, જિલ્લા પોલીસની એના ખર્ચમાં પણ ૧ કરોડ ૭૦ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે, જિલ્લા પોલીસનું જે વર્તન છે એ આશ્ચર્યજનક એવું છે કે ત્યાંના પી.આઈ, કે ડીવાયએસપી કે ડીએસપી હોય એ એવા ઈશારાથી કામ કરે કે જે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે એ ફરિયાદ કરનાર કઈ પાર્ટીના છે એ જોઈને ફરિયાદ દાખલ કરવામાં આવે છે. કે ફરિયાદમાં કેટલું સાચું છે એ જોવામાં આવતું નથી પણ કઈ પાર્ટીના છે, કોણે ફોન કર્યો છે એ જોઈને ફરિયાદ દાખલ થતી હોય છે, મેં એક સારા પોલીસ અધિકારીને પૂછ્યું કે આવી બધી પ્રથા કેમ પાડવામાં આવે છે તો દરેક માણસને સારી જગ્યા ઉપર મૂકવા માટે અને જે પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે કે એને ગમે તે જગ્યાએ ન જવું પડે એ માટે એ લોકોની પાસે બળજબરીથી આ કામ કરાવવામાં આવતું હોય છે. ગયા વર્ષે ૨૦૦૪-૨૦૦૫માં જે લોક રક્ષકના નામે ૮ કરોડ ૨૫ લાખ રૂપિયા ફાળવ્યા

હતા એમાંથી એક પણ રૂપિયાનું કામ કરવામાં આવ્યું નથી, આ વર્ષે ૮ કરોડ ૫૭ લાખ રૂપિયા ફાળવ્યા છે અને જે ચાર હજાર લોકદળની ભરતી કરવાની વાત સરકારે કરી છે તો એ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરે તો જે બજૅટ ફાળવવામાં આવે છે એ પૂર્ણ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારમાં ખાસ કરીને એસ.ટી માટે જે કહેવામાં આવે છે એ મને એમ થાય છે કે એક કરોડ રૂપિયા રોજના પર ડે એસ.ટી.માં નુકસાન થતું હોય છે, ૩૬૫ દિવસના ૩૬૫ કરોડ રૂપિયાનું નુકસાન, આપણે છેલ્લા બે વર્ષ પહેલાં એમાંથી ધીમે ધીમે બહાર નહીં આવીએ તો જે રૂટ માટેના, અમારા પાલનપુર ડિવિઝનમાં એવું હોય છે કે જે અમારો રૂટ નફો કરે છે, પણ એની પરંપરાથી જગાવવા માટે જે ગામડાંની એસ. ટી.ઓ છે દૂર જવા માટેની એસ.ટી. છે કે જે નફો નથી કરતી એવી એસ.ટી.ઓ બંધ કરી દેવામાં આવતી હોય છે, ખરેખર જે જરૂરિયાતવાળી એસ. ટી. છે, કે આ લોકો માટે જે મહત્ત્વનો વિભાગ છે એની અંદર બંધ કરી દેવામાં આવે છે. એ માત્ર એટલું જ દેખાડવા માટે કે એ કયા ડૅપોમાંથી એ નફો કરે છે એના કારણે આ જે નુકસાન થઈ રહ્યું છે એ ખરેખર એસ. ટી. વિભાગ જો આટલું બધું નુકસાન કરતું હોય તો આખી જે વસ્તુ જોવી જોઈએ કે આ નુકસાન શાને લીધે થાય છે એ જોવું જોઈએ, એ જોવામાં આવે તો લોકોના પ્રશ્નોની વાત જે માનનીય ગોવાભાઈએ કરી એ સાચી વાત કરી આપણે હાઈવે ઉપર જતા હોઈએ ત્યારે જોઈએ છીએ કે એસ.ટી.માં બેઠેલા મોટા મોટા મુસાફરો ઊતરીને એસ.ટી.ને ધક્કા મારતા હોય છે, આજે આવી સ્થિતિ થઈ ગઈ આજે સ્થિતિ એવી થઈ ગઈ છે, આઠ હજાર એસ.ટી.નો એક જમાનો હતો કે આ એસ. ટી. માટેની પરંપરા માટે લોકો જુદી ટાઈપનું કહેતા હતા પણ આજે એસ.ટી.માં બેસવા માટે લોકો તૈયાર નથી, એસ.ટી.ને બદલે જીપ કે એવાં બીજાં વાહનોની પસંદગી કરવામાં આવે છે. એના કારણે બે પ્રકારે નુકસાન થાય છે એક તો ટેક્સની દૃષ્ટિએ જોઈએ તો એમાં પણ નુકસાન થાય છે અને જે પરિસ્થિતિ હોય છે એમાં પણ આપણે સુધારો નથી લાવી શકતા તો મારી ખાસ વાત એ છે કે.. ( સમયસૂચક ઘંટડી) આભાર.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી વાહન-વ્યવહાર અને ગૃહ ખાતાની માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારું સમર્થન આપુ છું. સમર્થન એટલા માટે આપું છું કે, ગૃહ ખાતું અને વાહન-વ્યવહાર ખાતું જનતાની કરોડરજ્જુ સમાન હોઈ આ જે માગણીઓ છે એ જનતા માટેની છે.

ખાસકરીને આ ગુજરાતની સરકાર આવ્યા પછી પોલીસ અને પ્રજા વચ્ચે એક આદાન-પ્રદાન થયું, એમની વચ્ચે સંબંધો વધે એના માટે આ સરકારે ખૂબ સારું કામ કર્યું છે. જૂનાગઢની વાત કરું તો અત્યાર સુધીમાં ૨૦૦૪ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા ૧૮, ભાવનગરમાં ૮૦, અમરેલીમાં ૫, પોરબંદરમાં ૧૦૬ લોકદરબારો યોજીને જનતા અને પોલીસ વચ્ચે સેતુ બંધાય એના માટે પ્રયત્નો કર્યા છે. હું મારા જ વિસ્તારની વાત કરું તો દર ત્રણ મહિને મારા વિધાનસભા વિસ્તારમાં એસ.પી.સાહેબ, ડી.વાય.એસ.પી., પી.આઈ., સી.પી.આઈ. અને પી.એસ.આઈ.ની વચ્ચે આમજનતામાં, ગરીબ જનતા હોય, ગામના આગેવાનો હોય એની વચ્ચે બેસીને જે ભય હતો પોલીસનો અને ગામમાં પોલીસ આવે તો લોકો સંતાઈ જતા હતા, છોકરાઓ સંતાઈ જતા હતા એ ભય આ સરકારે દૂર કર્યો છે. આજ દિન સુધી આ કામ કોઈ સરકાર નથી કરી શકી.

હું થોડી બીજી વાત કરવા માગું છું. મારા મિત્રો વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે અમારા માનનીય માજી વડાપ્રધાને શ્રીમતી ઈન્દિરા ગાંધીને દુર્ગાદેવીનું બિરુદ આપેલ છે ત્યારે એ શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા આ દેશ માટે કલંકરૂપ હતી. શાસન કોનું હતું, શાસન ભાજપનું ન હતું? આ દેશના ઉગતા નવયુવાન વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની શ્રીપેરંબતુર ખાતે હત્યા થઈ ત્યારે ભાજપનું શાસન હતું? શરમ લાગે છે મને વાત કહેતાં કે મારા દેશના વડાપ્રધાનની મારે ચર્ચા કરવી પડે એ દુઃખની બાબત છે. આવાં દુઃખો આ દેશના લોકોએ, આ દેશની જનતાએ જોયાં છે. અત્યાર સુધીનો ઈતિહાસ બોલે છે કે, કોંગ્રેસના શાસનમાં કેટલી લૂંટફાટ થઈ છે, કેટલા લોકોની રાત્રે ધરપકડ કરી અને લોકોને રાતને રાતે ઉઠાવી ગયા છે અને લાખો રૂપિયાની લેણી માગીને છૂટા કયા કર્યા છે. આ કોંગ્રેસના શાસનનો ઈતિહાસ છે નહીં કે ભાજપના શાસનનો ઈતિહાસ. અરે, હમણાં જ બકરીઈદના તહેવારમાં કેટલાંક ઝૂલુસ નિકળ્યા, કેટલાય અમારા મુસ્લીમ બિરાદરોએ હસીખુશીનો આ તહેવાર ઉજવ્યો છે. દિવાળીનો તહેવાર હોય, હોળીનો તહેવાર હોય કે કોઈ પણ તહેવાર હોય, હિન્દુઓનો તહેવાર હોય કે મુસ્લીમોનો તહેવાર હોય કોઈ પણ ધર્મનો તહેવાર હોય ત્યારે આ પોલીસોએ ખડેપગે કામ કર્યું છે. કોઈ દિવસ પોલીસની કોઈ રાડ નથી, પોલીસનો કોઈ ખોટો ભય કે આતંક નથી. ત્યારે મારા મિત્રો વળી વળીને એક જ વાત કરે છે કે, આ કરી નાંખ્યું, તે કરી નાખ્યું. તો મારે બીજી વાત એ કરવી છે કે, મારાથી કોઈ ભૂલ થાય તો માફ કરજો. અમારી સરકારે, અટલબિહારી બાજપેયીજીએ ૬ વર્ષ શાસન કર્યું ત્યારે કોઈ રાજયપાલ ઉપર વડાપ્રધાન તરીકેની કોઈ હકુમત નથી લગાવી. હું ગઈ કાલનો ટી.વી. જોઈ રહ્યો છું કે આ શું થઈ રહ્યું છે. લોકશાહીનું સરેઆમ ખૂન થઈ રહ્યું છે ત્યારે શરમ લાગવી જોઈએ મારા સાથી મિત્રોને કે આટલો બધો અત્યાચાર. લોકશાહીમાં જનતા જનાર્દન મત આપીને ધારાસભ્યોને વિધાનસભાના ગૃહ સુધી મોકલી આપે અને બહુમતી હોય એને બહુમતી પ્રદાન કરવાનો અવસર ન મળે એ બહુ દુઃખની બાબત છે. શરમથી માથુ ઝૂકી જાય છે. કયાં સુધી લોકશાહીનું ખૂન કરતા રહેશો? લોકશાહીનું ખૂન થવાથી આ દેશની જનતા વ્યાકૂળ થઈ ગઈ છે. અરે, કોંગ્રેસના ટેકેદારો, ચાલુ સરકારના ટેકેદારો,

માજી વડાપ્રધાનો બોલ્યા છે કે કોંગ્રેસ સરકાર રાજયપાલોને પોતાના •(XXXX) દેશની લોકશાહીનું ખૂન કરી રહી છે. (અંતરાય) હું નથી કહેતો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી માટે*(XXXX) એ જે શબ્દપ્રયોગ કર્યો છે એ વાજબી નથી અને એનો અહીંયા ઉલ્લેખ કરવાની કયાં જરૂર હતી? એટલે એ શબ્દો દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : *(XXXX) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : અમારે ભલે ગોવાવાળી થાય પણ તમારે તો રોવાવાળી જ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તમારે તો કાયમ રોવાવાળી જ થાય છે અને તમારે હવે કામય રોવાવાળી થશે એ જરા જુઓ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની, પોલીસ, જેલ, પરિવહનની માગણી નંબર-૪૧, ૪૨, ૪૩ અને ૪૪ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

ચાણક્ય સૂત્રમાં એમ કહયું છે કે ***ઉપસ્થિત વિનાશઃ પચ્છવાક્યમ્ ન શ્રુણોતિ*** અર્થાત વિનાશ સાચી શિખામણ સાંભળતો નથી. આ ગૃહમાં અમારા નેતા અર્જૂનભાઈ જ્યારે વાત કરી રહ્યા હતા કે ગુજરાતના રમખાણોમાં જેમણે ભાગ ભજવ્યો છે એમને જેલમાં જવું પડશે, ત્યારે ઘણા મિત્રો ઉકળી ગયા હતા. કોઈ વ્યક્તિગત આક્ષેપ નહોતો પણ જે લોકોએ આ રમખાણોમાં ભાગ ભજવ્યો છે જેમની સૂચનાથી આ રમખાણો થયાં છે એમને જેલમાં જવાની વાત કરી અને ઘણા જેમ આપણે મંદિરની અંદર કંઠસ્થ કરીએ ભગવાન આગળ આપણે જ્યારે આપણા ગુનાઓ જે હોય જે ભૂલ હોય એની જ્યારે કબૂલાત કરતા હોઈએ એ આ મંદિરમાં આપોઆપ મને દેખાયુ કે આ ભૂલ થઈ છે.

ગૃહ વિભાગ એ એક ખૂબજ મહત્વનો વિભાગ છે. સમગ્ર ગુજરાત રાજ્યની શાંતિ માટે સમગ્ર રાજ્યમાં વસતા લોકો માટે ગૃહ વિભાગ દ્વારા શાંતિ સ્થપાય અને ગૃહ વિભાગ એવો મહત્વનો વિભાગ હોય ત્યારે હમણાં મારા મિત્ર ધારાસભ્યશ્રી સ્વ.ઈન્દિરા ગાંધીની હત્યાની વાત કરતા હતા કે એમની હત્યા કરવામાં આવી. એ કોઈ આતંકવાદી દ્વારા એમની હત્યા નહોતી થઈ એમણે આતંકવાદને નેસ્તનાબૂદ કરવાની જે કલ્પના કરી હતી એમાં એના પોતાના જ રક્ષકે ભક્ષક બનીને એમની હત્યા કરી હતી. ગુજરાતની પરિસ્થિતિ શું છે કે જે લોકો ગુનાહિત પ્રવૃત્તિ કરે છે એની સાથે બેસવાનું કામ કરે છે આપણે જે કંઈ કરી રહ્યા છે જે કંઈ ગુનાહિત કૃત્ય, આપણે જે આ ગૃહમાં બેસીએ છીએ એ સમાજના હિત માટે સમાજના રક્ષણ માટે આપણે કામ કરવાનું છે એ જ્યારે આપણે ભૂલી જઈએ છીએ અને જે કંઈ આપણે કરતા હોઈએ એના માટે ઉપરવાળા જોઈ રહ્યા છે એટલે આપણે ઉપરવાળાની બીક રાખીને ગરીબ વર્ગના જે લોકો ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય એમને નેસ્તનાબૂદ કરવા માટેનું એક મહત્વનું કામ આ વિભાગે કરવું જોઈએ. જે વ્યક્તિ પોતાના ઘરને સંતોષ નથી આપી શકતો એ પોતાના કુટુંબને ક્યારેય સંતોષ નથી આપી શકતો, જે કુટુંબને સંતોષ નથી આપી શકતો એને પાંચ કરોડની જનતાની વાત કરતાં શરમ આવવી જોઈએ. આ ગુજરાતમાં જે આત્મહત્યાના બનાવો બન્યા છે ૪૫૨૧ માત્ર બાર મહિનાના ટૂંકા સમયમાં એમાં પણ આજે ત્રણનો ઉમેરો થયો છે. આજે લૂંટના ૧૧૨૬ ,ચોરીના ૧૮૫૧૧ પર આવી પહોંચ્યા છે. આજે વિધાનસભા સંકુલની વાત કરી હમણાં કે સુરક્ષા માટે જરૂર છે. પત્રકારોને બહાર મોકલો બગીચામાં ટોળા વળીને બેઠા હશે, બસમાં પંદર-વીસ જવાનો બેઠા હશે. આ સુરક્ષાના નામે ખર્ચા બંધ કરો, કોઈપણ આતંકવાદીએ અહીંયા આવવું હોય તો વિધાનસભાના સભ્યનું બોર્ડ લગાવીને આવી શકે છે પરંતુ આ સુરક્ષાના નામે જે ખોટા ખર્ચા થઈ રહ્યા છે એમાં આપનું ધ્યાન દોરવા માગું છું.

દારૂના દૂષણની વાત કરી. માનનીય ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું કે દર પંદર દિવસે અઠવાડિયે અમને કાગળ મોકલવામાં આવે છે પણ ધારાસભ્યશ્રીઓએ જે કાગળો લખ્યા છે એના જવાબ આપો, એમના કેટલા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો. આજે ગાંધીજીના ગુજરાતમાં આપણે દારૂના દૂષણને ડામવા માટે માનનીય ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે કોઈ સારા ઓફિસરનું નામ આપવામાં આવે તો •(XXXX) કે જે અમારા ભાવનગરના એસ. પી. છે એમને સરહદ પર જો મૂકવામાં આવે..

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, કોઈનું નામ ન લેવું ગૃહમાં.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની કામગીરી કેટલી સારી છે એનો જો હું નમૂનો આપું તો મારા વિસ્તાર ગઢડા-ઉમરાળામાં એક કે છેલ્લાં બે વર્ષમાં કેટલા પી.એસ. આઈ.ને બદલી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીએ જે નામ લીધેલ છે તે દૂર કરવામાં આવે છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીઓ નં.૪૧,૪૨,૪૩, અને ૪૪ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

---

• (XXXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (XXXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની જો વાત કરીએ તો કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે સલામત, ગુજરાત સલામત છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. મારા મિત્રો જે કંઈ વાતો કરતા હતા ક્યારનો હું સાંભળુ છું, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરાબર નથી કથળી ગઈ છે, એવી વાતો આવે છે. હું અગાઉની સરકારોની વાત કરું નામ નથી લેતો નહીંતર તમે મને અટકાવી દેશો. હોમ મિનિસ્ટરની ઓફિસ આગળ અધિકારીઓની લાઈન લાગતી હતી અને થેલા લઈને ફરતા હતા. ગુન્હેગારો પણ આવતા હતા. અમારા અમીતભાઈ પાસે અત્યારે કોઈ નથી આવતું. ડી.જી.ને જવું હોય તો અમીતભાઈ પાસે ટાઈમ લેવો પડે છે ત્યારે તો ઈન્સ્પેકટર, ફોજદાર, પી.એસ.આઈ. પણ હોમ મિનિસ્ટરની કેબિનમાં જોવા મળતા હતા. અમે અત્યારે જોઈએ છીએ તો કોઈ દેખાતું નથી. એટલે અગાઉનું જે ભ્રષ્ટાચારી તંત્ર હતું તે અત્યારે બિલકુલ નથી. કોઈ જગ્યાએ કોઈ પણ જાતનો ભ્રષ્ટાચાર થતો નથી. દારુ જુગારની વાત કરીએ તો ગુજરાત રાજયની અંદર દારુ, જુગાર માટે રેલમછેલ ચાલતી હતી. હાલમાં કોઈ જગ્યાએ એક પણ વીજીલન્સ સ્કવોડ કે સી.આઈ.ડી.સ્કવોડ આ જો રેડ કરે તો પેલા અધિકારીને આ સરકારમાં સસ્પેન્ડ કરવામાં આવે. ગુજરાત રાજય સરહદી દેશોમાં આવેલું રાજય છે. તેની અંદર કોઈ આતંકવાદીઓ આવતા હોય, રાષ્ટ્રીય વિરુદ્ધ કૃત્ય કરતા હોય, આતંકવાદીઓ ઘૂસવાની પ્રવૃત્તિ કરતા હોય, સ્મગલીંગ કરતા હોય તેને કડક હાથે ગુજરાતની પોલીસે, ગુજરાતની ભાજપ સરકારે ડામી દેવા માટેનો પ્રયત્ન કર્યો છે માટે ગુજરાત પોલીસ અને ગુજરાતની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે જે કોઈ આ અગત્યનું સારામાં સારું કામ, ગુજરાતની સલામતીનું કામ જો કોઈ સરકારે કર્યુ હોય તો આજે ગુજરાતની સરકારે કર્યુ છે.

મને કોંગ્રેસના મિત્રો એમ કહે છે કે ગોધરાની વાત જ્યારે ઉભી થાય ત્યારે ગોધરાની વાત લાવીને તે દબાવવાની વાત કરે છે. ગોધરાનો બનાવ બન્યો તેના પહેલાં અગાઉની સરકારોમાં ૧૯૬૯ની જ્યારે હિતેન્દ્રભાઈ દેસાઈની સરકાર હતી ત્યારે ગુજરાતની અંદર કેટલા મુસલમાનોની હત્યા થઈ હતી તેનો જો કોઈ આંકડો કાઢે તો તેને ખબર પડે કે શું થયું હતું. ૧૯૮૫ થી ૧૯૯૦ સુધીની અંદર મુસલમાનોની કેટલી હત્યાઓ થઈ છે કોંગ્રેસના શાસનમાં તેનો આંકડો કાઢો તો આજે ખબર પડશે કે મુસલમાનોની સલામતી તે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છે. કોંગ્રેસમાં તેમની સલામતી હતી જ નહીં. આજે પણ ગુજરાતના મુસલમાનો એમ કહે છે કે અમારી જો સલામતી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં છે. નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં છે. કોંગ્રેસની સરકારમાં સલામતી નહોતી. તેનો એક દાખલો આપું છું. માનનીય ફારુખભાઈ ઉભા થઈને બોલે છે, હું ફારુખભાઈને પૂછવા માગું છું કે રઉફવલ્લી ઉલ્લાહની હત્યા કયાં આગળ થઈ હતી જરા જુઓ તો ખરા. કોના રાજયમાં થઈ હતી? અશોક ભોગીની હત્યા કયાં આગળ થઈ હતી જરા પૂછો તો ખરા? પોપટલાલ સોરઠીયાની હત્યા કયાં થઈ હતી? વલ્લભભાઈ પટેલની હત્યા કોના રાજયમાં થઈ હતી? આવી રાજકીય હત્યા ક્યારે થઈ અને કોણ, કોને કરાવી એ તો તે વખતનો ઇતિહાસ જુઓ તો ખબર પડશે. આજની તારીખે હું તે વાત કરવા માગું છું કે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી ગુનાઓનું પ્રમાણ એકદમ ઘટી ગયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની સલાહ સૂચનાથી માનનનીય હોમ મિનિસ્ટરની સલાહથી પોકળ ફરિયાદો કરવા મોકલવામાં આવે છે અને ફરિયાદ ના લે તો તે અધિકારીની વિરુદ્ધમાં કડકમાં કડક પગલાં લેવામાં આવે છે. આજે આ અગાઉની સરકારો વખતે તે ફરિયાદો થતી હતી તો તેને દબાવી દેવામાં આવતી હતી. તેના ગુના દાખલ કરવામાં આવતા નહોતા.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીઓ ઉપર મારાં સૂચનો રજૂ કરવા માગું છું. કચ્છ એક સરહદી જિલ્લો છે.

ગુજરાતનો વન થર્ડ ભાગ એ કચ્છમાં આવેલો છે. ત્યારે એક ડી.એસ.પી. ને આખા જિલ્લામાં પહોંચી વળવાનું ઘણું મુશ્કેલ છે. એમાં પણ મારા વિસ્તારમાં કંડલા કોમ્પલેકસમાં ઝડપી ઔદ્યોગિકરણ અને છેલ્લા ૪ વર્ષની અંદર ૪ ગણી વસતિ વધી છે. એને લીધે કાયદો અને વ્યવસ્થાના અનેક પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે. અપૂરતા સ્ટાફને લીધે પોલીસનું કો-ઓપરેશન ગમે તેટલું સારું હોય, ગમે તેટલા નિષ્ઠાપૂર્વક કામ કરતા હોય તો પણ પહોંચી વળતા નથી. બહારથી ઘણી વસતિ આવી ગઈ છે અને છેતરપીંડીના કિસ્સા પણ રોજબરોજ બનતા હોય છે. પોર્ટના હિસાબે તેલ ચોરીના કૌભાંડો પણ વધતા જાય છે. આવા ગુના પકડાયા પણ છે. મારું સૂચન છે કે અદ્યતન અને મોર્ડન, નમૂનારૂપ પોલીસ તંત્ર ગોઠવાવું જોઈએ. પૂરતો સ્ટાફ પણ આપવો જોઈએ અને વધારાનો સ્ટાફ પણ આવા કિસ્સાઓને પહોંચી વળવા માટે આપવો જોઈએ અને અદ્યતન સાધન સહાય આપવાં જોઈએ. કારણ કે ઉદ્યોગકારોને પણ અસલામતિ ઉભી થાય એવા છેતરપીંડીના કિસ્સા અને કૌભાંડીયા લોકો આવ્યા છે.

એક ફેકટરીમાંથી ૧૭ લાખનો માલ લીધો, ચેક ડીપોઝીટ ન કર્યો અને માલ લઈને જતા રહ્યા. પોલીસ ફરિયાદ થઈ, પરંતુ બીજા રાજયોમાં ગૃહ વિભાગે ચર્ચા કરીને આવા લોકોને પકડીને કડકમાં કડક શિક્ષા તાત્કાલિક કરવી જોઈએ, જેથી બીજા લોકો આ વિસ્તારમાં આવવાની હિંમત ન કરે. લૂંટ અને ચોરીના કિસ્સા રોજબરોજ બની રહ્યા છે. લોકો અસલામતિ અનુભવી રહ્યા છે. પોલીસનું કો-ઓપરેશન ખૂબ સારું છે. તરત જ ફરિયાદ લે છે અને માનવીય અભિગમથી તપાસ કરે છે, પરંતુ સાધન સહાયના અભાવે અને પૂરતા પોલીસ સ્ટાફના અભાવે આમ થઈ રહ્યું છે ત્યારે મારી માગણી એ છે કે કંડલા કોમ્પ્લેકસમાં અલગ ડી.એસ.પી. અને વધારે સ્ટાફની જરૂરિયાત પૂરી કરવામાં આવે.

બીજું કે આર.ટી.ઓ.ની ૭૫% રેવન્યુ કંડલા કોમ્પ્લેકસમાંથી આવે છે. ૧૦ હજાર જેવી ટ્રાન્સપોર્ટની અવરજવર છે. આર.ટી.ઓ.ની અલગ કચેરી આપવાની વાત ગૃહમંત્રી ત્યાં આવ્યા ત્યારે એમણે સ્વીકારી હતી અને એમણે કહ્યું હતું કે ૧૫ દિવસની અંદર ભાડે મકાન લઈને પણ ચાલુ કરવી, પરંતુ આજ સુધી વહીવટી તંત્રની ઉદાસીનતાને લીધે આ કામ થઈ શકયું નથી. આથી લોકોની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક આર.ટી.ઓ.ની કચેરી ચાલુ કરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસંગે હું ખાસ ધ્યાન દોરવા માગું છું કે પોલીસના વેલ્ફેરની ચિંતા કરવામાં આવે છે. પોલીસની હેલ્થ ચેકઅપનો પ્રોજેકટ મૂકવામાં આવ્યો છે તે ખૂબ સારો છે. અમારા વિસ્તારમાં આ કાર્ય ખૂબ સારું ચાલી રહ્યું છે. તેના માટે વહીવટી તંત્રને અભિનંદન આપું છું અને મારા વિસ્તારમાં ચોરી અને લૂંટફાટના કિસ્સા છે તેના માટે તાત્કાલિક વધારે સ્ટાફની અને અલગ ડી.એસ.પી. ની નિમણૂક કરવામાં આવે એવી વિનંતી કરું છું. ધન્યવાદ.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાની માગણી ક્રમાંક ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ લઈને આવ્યા છે, તેમાં ખાસ કરીને મારાં સૂચનો છે. હું કોઈ રાજકીય વાત કરવા માગતો નથી. આ સૂચનો ઉપર ખાસ ધ્યાન આપવા જેવું છે.

સૌથી પહેલાં તો અમદાવાદ શહેરમાં આજની તારીખે ઈલેકટ્રોનિક માધ્યમથી ટ્રાફિક સીગ્નલો ચાલી રહ્યાં છે. તેમાં અર્ધા ઉપરાંતના સીગ્નલો બંધ છે. તેમાં જે સેકન્ડ બતાવે છે તેમાં કાં તો ખબર પડતી નથી. ૨૫ સેકન્ડ બતાવતી હોય તો ત્યાં જઈને જોઈએ તો ૧૩૦ દેખાય છે. એટલે લગભગ બધા સીગ્નલો બગડેલા છે. એને તાત્કાલિક રીપેર કરવા જોઈએ.

આઝાદી મળ્યે આજે ૫૫ વર્ષ થયા, એમાં પોલીસ કાયદામાં જે સુધારા કરવા જોઈએ. તે આજ સુધી થયા નથી. આપણે મોબાઈલ લઈને ફરીએ છીએ, ૨૧ મી સદી તરફ આગળ વધી રહ્યા છીએ. રોડ ઉપર અકસ્માત થાય અને કોઈનું મૃત્યુ થાય તો પોસ્ટમોર્ટમ કરવામાં ખૂબ જ તકલીફ પડે છે. વાડીલાલ હોસ્પિટલ હોય કે સિવિલ હોસ્પિટલ હોય જયાં સુધી તે માણસ જે વિસ્તારમાં રહેનારો હોય ત્યાંની પોલીસ આવીને, આખા ગુજરાતમાં કયાંયનો પણ હોય, તે પેપરો આપે, એની બદલીનો ટાઈમ થયો હોય, એને રીસેસનો ટાઈમ થયો હોય, તો એ બે કલાક મોડા આવે છે તો એમાં પણ સુધારા વધારા કરીને હોસ્પિટલમાં જ એના પોલીસ પેપર તૈયાર થઈ જાય અને બધી વિધિ તાત્કાલિક પતી જાય અને ડેડ બોડી એકાદ કલાકમાં જ તેમનાં સગાંવહાલાંને મળી જાય એવી રીતની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. એકસિડન્ટ થયો હોય અને બધા લોકો ટેન્શનમાં હોય અને પોલીસની રાહ જોઈને બેસી રહેવું પડે છે. સરસપુરથી વાડીલાલ આવ્યા હોય અને પોલીસ અધિકારીને આવવામાં ૪ કલાકથી વધારે સમય નીકળી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસના ડ્રેસ બાબતમાં વાત કરું તો પોલીસને ડ્રેસ માટે જે ખાદી આપવામાં આવે છે એ બગડી જતી હોય છે, એ તકલાદી હોય છે અને એકાદ વર્ષમાં તો ખલાસ થઈ જાય છે. તો એના માટે ડ્રેસ નહીં આપતાં એના માટેના ઉચ્ચક પૈસા નકકી કરીને આપવામાં આવે તો આ જે ટેન્ડર કાઢવામાં આવે છે એની માથાકૂટમાંથી નીકળી જવાય અને સીધા દરેકને પૈસા મળી જાય અને એમાંથી એ પોતાની રીતે ડ્રેસ સીવડાવી શકે.

બીજી વાત કરું કે પોલીસના પગારધોરણ એ ૧૯૯૬ થી નકકી કરવામાં આવેલ છે. એના માટેની એક સમિતિ બની, પરંતુ એ સમિતિનો કોઈ અહેવાલ જ નથી. એમાં પોલીસના પગારમાં તાત્કાલિક વધારો થાય એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. બીજું કે આ જે પોલીસ છે એ ૨૪કલાક નોકરી કરે છે, એમને પણ પોતાનું ઘરબાર હોય છે. જયારે કોઈ જગ્યાએ તોફાન થાય ત્યારે એમને સો-સો કલાક સુધી પોલીસ સ્ટેશનમાં રહેવું પડે છે અને પોલીસ સ્ટેશનોમાં પણ કોઈ જાતની સગવડ હોતી નથી. ટોયલેટ કે બાથરૂમની પણ કોઈ સગવડ હોતી નથી. તો એપણ આખરે એક માણસ છે, તો આવા તોફાનો વખતે તેમને માટે પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય એ રીતે એમાં ધ્યાન આપવું જોઈએ અને એમને અમુક કલાકની નોકરી પછી નોકરી ઉપરથી છૂટા કરવા જોઈએ જેથી એ પોતાના કુટુંબ સાથે રહી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા લોકોના હજ પ્રવાસ માટે હજ સમિતિ દ્વારા ડ્રો કરવામાં આવે છે અને જેનો નંબર આવે એ હજ કરવા જાય છે. તો એના પછી એક મહિના સુધીમાં એમના માટેની સરકારે પોલીસ ઈન્કવાયરી કરવાની હોય છે. તો એ ઈન્કવાયરીમાં પણ મોડું થાય છે અને પછી લોકો અમારા ધારાસભ્યશ્રી પાસે આવીને ધકકા ખાય છે એટલે અમારે પોલીસ પાસે જવું પડે છે અને તેમને કહેવું પડે છે કે...

**અધ્યક્ષશ્રી** : માનનીય ફારૂકભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય નટવરસિંહ ઠાકોર, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આ ગૃહ ખાતું અને પોલીસ ખાતું એ ગુજરાતનું હાર્દ છે, તો આ હાર્દ સમાન ખાતં બરાબર વ્યવસ્થિત હોવું જોઈએ અને જો એ વ્યવસ્થિત ના હોય તો આ સરકાર ચાલે નહીં.

આજે અમારા ગળે આ દોરડાં બાંધવામાં આવ્યાં છે, અમારી સરકારના વખતમાં આવી રીતે ગળે દોરડાં ભરાવવાની પદ્ધતિ નહોતી. અમારે હાઉસમાં આવવું હોય તો ગળે આ દોરડું ભરાવીને આવવું પડે છે. તો અલ્યા

ભાઈ,, આવું તો ચાલે નહીં અને પાછું આનો વહીવટ આપણા વાણીયાભાઈનો છે. તો પહેલાં તો વાણીયાભાઈ આવો વહીવટ નહોતા કરતા, પરંતુ હવે તો વહીવટ બિલકૂલ બગડી ગયો છે. તો આવી રીતે વહીવટ બગાડી ના દેવાય, કાંઈક સારો વહીવટ કરો(અંતરાય) આ તો તેમને હસું છું. તો તમે વહીવટ સારો કરો, પહેલાંના રાજા રજવાડાં સારો વહીવટ કરતા હતા અને આજે તો પોલીસમાં અને બધામાં જઈને આ કોથળા ભરાય છે. પહેલાં આવી રીતે કોથળા ભરતા નહોતા. એટલે હું તમને સમજવાનું કહું છું કે શેના કોથળા ભરાય? એટલે આવું રાજ ના ચાલે, જરા વ્યવસ્થિત રીતે ચાલો નહીંતર લોકો તમને કાઢી મૂકશે અને અમે ત્યાં સામી પાટલી ઉપર આવીને બેસશું.(અંતરાય) અમે આવવાના જ છીએ, તમારી અમને લાવવાની તૈયારી જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસની ભરતીની વાત કરું તો ભરતી થાય છે, પરંતુ કેટલી બધી જગ્યાઓ ખાલી છે અને અમારા બક્ષીપંચની જગ્યાઓ ભરવાનું તો કોઈ નામ જ લેતું નથી. બક્ષીપંચના લોકોનો સમાવેશ ભરતીમાં કરવામાં આવતો નથી. તો એમનો પણ સમાવેશ કરવો જોઈએ કારણ કે જયારે ભરતી બોર્ડ થાય છે તો એના માટે સમગ્ર બોર્ડ રાખવું જોઈએ. આ તો એક વ્યકિતનું ભરતી બોર્ડ હોય છે તો એમાં વહાલાં દવલાંને ભરતીમાં લઈ લેવામાં આવે અને ગરીબ લોકો, હોંશિયાર લોકો હોય છે એ રહી જાય છે. તો આવું ના થવું જોઈએ, એ ચાલી શકે નહીં. એટલે વ્યવસ્થિત રીતે ભરતી થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.ની વાત કરું તો એસ.ટી. આજે અધવચ્ચે બંધ થઈ જાય છે...

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગની માગણીઓ ઉપર વિરોધપક્ષના નેતાથી માંડીને ટ્રેઝરી બેંચના પણ ઘણાં સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે ગૃહ વિભાગની માગણીની ચર્ચા હતી ત્યારે ગઈકાલે, માનનીય અધ્યક્ષશ્રી, હું થોડો ટેન્શનમાં હતો.

**અધ્યક્ષશ્રી .** : કોઈએ ટેન્શનમાં ન રહેવું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારું ટેન્સન આજે ખરેખર દૂર થઈ ગયું છે. ટેન્શનમાં હું એટલા માટે હતો કે વિરોધપક્ષના નેતા તરીકે માનનીય અર્જુનભાઈ પહેલીવાર ગૃહમાં આવ્યા છે, ગૃહ વિભાગની માગણીઓમાં તેઓ શરૂઆત કરવાના છે એટલે મને એવું હતું કે ઘણી નીતિ વિષયક બાબતોમાં સરકારની કયાંક ઉણપો હશે તે શોધી કાઢશે, તંત્રમાં જે ભૂલો છે તે શોધી કાઢશે, આ ગૃહમાં જવાબ આપતી વખતે મને થોડી તકલીફ પડશે. આવો મારો અંદાજ હતો. પરંતુ માનનીય અર્જુનભાઈએ મારી ખૂબ મદદ કરી, વિરોધપક્ષના નેતા તરીકે એમણે જે ભાષણ કર્યુ એમાં કોઈ નીતિ વિષયક વાત કરવાની જગ્યાએ રાજકીય અવલકનોથી ભરેલ આખું પ્રવચન કર્યુ. મારી અપેક્ષા હતી કે વિરોધપક્ષના નેતા તરીકે એમનું પણ આ રાજયની નીતિ નિર્ધારમાં યોગદાન હોત, પણ હશે અર્જુનભાઈને જે લાગ્યું તે સાચું.

મારે કેટલીક આ સરકારની નીતિની વાતો કરવાની છે, તેના પહેલા પ્રતિપક્ષના જે સભ્યોએ કેટલીક વાતો કરી છે જે વાતો સત્યથી વેગળી છે અને રાજકીય આશયથી કરેલી છે તેનો જવાબ મારે ચોકકસ આ ગૃહના રેકોર્ડ ઉપર મૂકવો જોઈએ. એટલા માટે કે આ ગૃહમાં સત્યનો હાથ ઉપર રહેવો જોઈએ. જો આ વાત રેકોર્ડ ઉપર ન મૂકું તો આગળની જે વાતો ખોટી થઈ છે અને રાજકીય ઈરાદાથી કરવામાં આવી છે એ આ ગૃહના રેકોર્ડ ઉપર રહેશે, તેથી તે રેકોર્ડ સુધારવા માટે કેટલીક રાજકીય વાતો પહેલા કરવી પડશે. અર્જુનભાઈએ વાત કરી કે રાજયમાં અસામાજિક તત્વો અને દેશ વિરોધી તત્વોને રાજયાશ્રય આપવામાં આવે છે, અર્જુનભાઈની જગ્યાએ કોઈપણ વ્યકિત હોત તો આવું બોલવાની હિંમત ન કરી હોત, અર્જુનભાઈએ પણ એમના આત્માને ઢંઢોળીને કહયું હોત તો આવું બોલવાની હિંમત ન કરી હોત. કારણ કે સમગ્ર ગુજરાતની જનતા જાણે છે કે અસામાજિક તત્વો અને દેશ વિરોધી તત્વોને કયા પક્ષોએ રાજયાશ્રય આપ્યો છે. એક નામ એ ગણાવી શકે એમ નથી, એટલા માટે એમણે વેગ વાત કરી છે. હું નામો સહિત કહેવા માગું છું કે લતિફ કોના રાજમાં ઉભો થયો? કોના રાજમાં નાનકડા સ્કૂટર રિપેર કરવા વાળામાંથી મોટો ડોન બન્યો? દાઉદ સુધી સંપર્ક જેના થયા? અમદાવાદ આખું જેના આતંક નીચે જીવતું હતું એ લતિફ કોના રાજમાં ઉભો થયો? કોંગ્રેસના શાસનમાં ઉભો થયો હતો સાહેબ, શરીફખાન કોના રાજની અંદર ઉભો થયો? કોંગ્રેસના શાસનમાં ઉભો થયો, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નથી થયો. રસુલ પાટી કોના શાસનમાં ઉભો થયો? કોંગ્રેસના શાસનમાં ઉભો થયો છે. આ મમુમીયાં પંજુમીયાં હોય કે ગજુખાન હોય કે ઈજુ શેખ હોય કોઈ અમારા શાસનમાં ઉભા નથી થયા, આ બધા કોંગ્રેસે ઉભા કરેલા અસામાજિક અને દેશ વિરોધી તત્વો છે સાહેબ. અમારું શાસન આવ્યું સાહેબ, ગુજરાત જેણે છોડયું તે બચી ગયા, ગુજરાત છોડીને ભાગી ગયા, ખબર પડી કે હવે રાજયાશ્રય મળવાનો નથી, હવે સરકારો સાથ નથી આપવાની, ગુજરાત છોડીને ભાગી ગયા, જે ન ભાગ્યા તે કાં તો ઉપર ગયા કાં તો જેલમાં ગયા સાહેબ. જેમણે ગુજરાત ન છોડયું તેમને અમે કાં તો જેલમાં પૂર્યા છે અને કાં તો ઉપર ગયા છે, પોલીસ જોડે મુઠભેડમાં માર્યા ગયા છે સાહેબ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.

અર્જુનભાઈ તો પોરબંદરના ધારાસભ્ય છે એમને ખબર હોવી જોઈએ કે પોરબંદર નર્કાગાર કોના શાસનમાં થયું હતું? મને બરાબર યાદ છે સાહેબ, પોરબંદર આખામાં ગટર વ્યવસ્થા બની ગઈ હતી પણ અંદર દારૂની મોટી મોટી પેટીઓ મૂકવામાં આવતી હતી, એટલે ગટર વ્યવસ્થાનું ઉદ્‌ઘાટન નહોતું થતું, આ ભારતીય જનતા પાર્ટીના આવ્યા પછી થયું સાહેબ, પોરબંદરમાંથી ચૂંટાયેલા છે એટલે એમને ખબર હોવી જોઈએ. જયારે વિરોધપક્ષના

નેતાશ્રી પોરબંદરની વાત કરતા હતા ત્યારે મારે એ કહેવું છે કે અમે તો સત્તા ઉપર છીએ અને રાજયાશ્રય નથી આપતા, તમે તો વિરોધપક્ષમાં છો છતાં સંબંધો કેવા છે એ મારે કહેવું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે મારા ઉપર આક્ષેપ કર્યો છે તેથી હું ખુલ્લી ચેલેન્જ આપવા માગું છું કે કોની સાથે સંબંધ છે, કોણ છાવરે છે તેની ચર્ચા કરવા હું તૈયાર છું. વેગ આક્ષેપો ન કરે, મેં એમના ઉપર આક્ષેપ કર્યા નથી સાહેબ, વેગ આક્ષેપો ન કરે.

**અધ્યક્ષશ્રી .** : કોઈનું નામ દઈને આક્ષેપો કર્યા નથી, પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જોરથી બોલવાથી ખોટી વાત સાચી સાબિત ન થાય. મારે રૅકૉર્ડ ઉપર નામ સાથે કહેવું છે કે જ્યારે અર્જુનભાઈ મોઢવાડિયાનો વિરોધપક્ષના નેતા તરીકે સત્કાર સમારંભ થયો એની અંદર ઈકુ ગગન શિયાળ હતા, આ ઈકુ ગગન શિયાળ કોણ છે? એની અંદર ભીખુભાઈ ભગવતીવાળા હતા, આ ભીખુભાઈ ભગવતીવાળા કોણ છે સાહેબ? એની અંદર સામંતભાઈ ઓડેદરા હતા એમની ઉપર તો ભૂતકાળમાં ટાડા લાગેલો છે. લાલજીભાઈ પંજરીવાળા હાજર હતા. આ લાલજીભાઈ પંજરીવાળા કોણ હતા સાહેબ? માનનીય વિરોધપક્ષના નેતા જવાબ આપે. જ્યારે એમનો સત્કાર સમારંભ હતો ત્યારે આ લોકો એમનું સ્વાગત કરવા માટે હાજર હતા.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અહીંયા ખોટી માહિતી આપે છે એ લોકોને બદનામ કરવાની વાત છે. હું પણ નામો આપી શકું તેમ છું અહીંયા ખોટા નામો આપી શકાય નહિ. જે લોકો હાજર નથી એના નામો લઈને એમનો રૅકૉર્ડ ખરાબ કરે છે. (અંતરાય) આ જે મમુમીયા પંજુમીયા છે એણે કોની સાથે વાત કરી છે. (અંતરાય) એ હું રૅકૉર્ડ ઉપર કહેવા માગું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય વિરોધપક્ષના નેતાએ એમના પ્રવચનમાં આ બધું કહેવાની જરૂર હતી. હવે જ્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે ત્યારે એમણે શાંતિથી સાંભળવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : હંમેશા મેં કહ્યું છે કે જ્યારે પણ ગૃહમાં વાત કરતા હોઈએ ત્યારે આક્ષેપ પ્રતિઆક્ષેપ ન કરો. માનનીય અમિતભાઈને ખાસ કહું છું કે ગૃહમાં જે લોકો નથી, એમના નામોનો અહીંયા ઉલ્લેખ ન કરે. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના સૂચન પ્રત્યે ધ્યાન રાખીશ. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કોઈ ટીકા નથી કરી ફક્ત હાજર હતા એવું કહ્યું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ ટાડાના આરોપી હતા એમ વાત કરી છે. તેથી આ રૅકૉર્ડ ઉપરથી દૂર કરો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રૅકૉર્ડ જોઈ જાવ.

**અધ્યક્ષશ્રી** : હું રૅકર્ડ તપાસી લઈશ અને પછી યોગ્ય લાગશે તો એ શબ્દો દૂર કરીશ.

**શ્રી અમિત અ. શાહ** : આપે અધ્યક્ષ તરીકે મને સૂચના આપી એ મારે માનવી રહી. જ્યારે સાહેબ વિગતોની જગ્યાએ આખા ભાષણો આક્ષેપાત્મક થઈ ગયા ત્યારે મારી પાસે વિકલ્પો જ ન બચ્યા. મારે પણ બોલવું પડ્યું પરંતુ આપના સૂચન પ્રત્યે ધ્યાન રાખીશ.

હમણાંજ દેશના ચાર રાજયોની અંદર ચૂંટણી થઈ. એમાં (અંતરાય) ચાર રાજયોની અંદર ચૂંટણી થઈ એમાં એક પણ રાજય એવું નથી જોયું કે જ્યાં રીપોલીંગ ન કરાવવું પડ્યું હોય. હું એક વાત માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓને કહેવા માગું છું. હમણાં લોકસભાની ચૂંટણી થઈ ત્યારે ગુજરાતમાં પણ ચૂંટણી થઈ હતી. સમગ્ર ગુજરાતની અંદર તંત્રનો વહીવટ જોઈને ચૂંટણી પંચે નિર્ણય કર્યો કે એકજ દિવસમાં ચૂંટણી થઈ શકશે. જ્યારે બિહારની અંદરથી લાલુપ્રસાદે વારંવાર માગણી કરી કે એકજ દિવસે ચૂંટણી કરવી, એકજ દિવસે ચૂંટણી કરવી. પણ પંચને હિંમત ન થઈ. ત્યાં પાંચ ટુકડામાં ચૂંટણી કરવી પડી હતી. આમ છતાં આ ચૂંટણીમાં ૬૫૦ પોલિંગ સ્ટેશનો ઉપર ફરી વખત મતદાન કરાવું પડ્યું. જ્યારે ગુજરાતની અંદર એકજ દિવસે ચૂંટણી થઈ પણ એક પણ પોલિંગ મથક ઉપર ફરી વખત મતદાન ન કરવું પડ્યું. સાહેબ, આ ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બતાવે છે. આ જ બતાવે છે કે ગુજરાતમાં કાયદાનું રાજ ચાલે છે. આ જ બતાવે છે કે ગુજરાતમાં શાંતિ ચાલે છે અને જ્યારે હું વાત કરું છું ત્યારે નક્કર હકીકતોના સમર્થન સાથે વાત કરું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો પુંજાભાઈ, રેકર્ડ ઉપર ખોટી વાત કરે છે એવું આપ નહીં કહી શકો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો જ્યારે બોલતા હોય, શરૂઆતથી જ્યારે ગૃહ વિભાગની વાત આવી ત્યારથી એકવાર માનનીય સભ્યશ્રી પરેશભાઈ બોલ્યા કે આટલા લોકોની આત્મહત્યા થઈ. હવે વિગતમાં ઉતર્યા વગર બધાએ આ વાતને પકડી લીધી અને એક પછી એક ૧૩ લોકો બોલ્યા કે ગુજરાતમાં આત્મહત્યાઓ વધવા માંડી. થોડાક ઉંડા ઉતર્યા હોત તો ખબર પડત કે કેટલું ખોટું બોલે છે. પરેશભાઈએ આંકડો આપ્યો કે ગુજરાતમાં ૨૦૦૪માં ૪૫૨૧ આત્મહત્યાઓ થઈ. આ વાત સાચી છે, પરંતુ જ્યારે તેમનું શાસન હતું, છેલ્લે ૧૯૯૫માં ૬૭૦૦ આત્મહત્યાઓ થઈ હતી. તેમાંથી ઘટીને ૪૫૨૧ થઈ છે અને ૨૦૦૩માં(અંતરાય) સાંભળો. ૨૦૦૩માં ૫૧૯૫(અંતરાય) તેમના આંકડાને હું ચેલેન્જ નથી કરતો થઈ છે, હું કહું છું ૪૫૨૧ આત્મહત્યાઓ થઈ છે, પરંતુ આંકડો ઘટતો ગયો છે. ૨૦૦૩માં ૫૧૯૫ આત્મહત્યાઓ થઈ હતી તે ઘટીને ૨૦૦૪માં ૪૫૨૧ થઈ છે. તેમને હું કહેવા માગું છું કે તમે પૂરી વાત ધીરજથી સાંભળો. હમણાં વિરોધપક્ષના

નેતાશ્રીએ તેમના પક્ષના સભ્યોની ચિંતા કરવાની જગ્યાએ અમારા પક્ષના સભ્યોની ચિંતા ચાલુ કરી છે. અમારી પાર્ટીના સભ્યોની કોઈક વાત છાપામાં આવી હોય એ લઈને આમ એકડાની જેમ ઘૂંટયે જાય છે. મારે તેમને કહેવું છે કે અમારા પક્ષની ચિંતા ન કરે. તમે ઘેરાઈ જાવ ત્યારે સમર્થનમાં કોઈ ઉભું પણ નથી રહેતું. જ્યારે તમે ગૃહમાં ઘેરાઈ જતા હો છો ત્યારે પાછળની પાટલીમાંથી કોઈ ઉભું થતું નથી. તે પહેલાં ઘર સમું-સૂતરું કરો. અમારા ઘરની તમે ચિંતા ન કરતા.તમે જ્યારે ઘેરાઈ જાવ ત્યારે તમારા સમર્થનમાં લોકો ઉભા પણ નથી થતા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જેસાભાઈએ એક ઘટનાનો ઉલ્લેખ કર્યો કે આખા ગામ પર પોલીસે આમ કર્યું. આખા ગામ પર પોલીસે તેમ કર્યું. ભૂવાજીએ આમ કર્યું, તેમ કર્યું. એ ઘટનાની મારે ચોખવટ કરવી છે. હું ચોખવટ નહીં કરું તો મારા પોલીસ કર્મચારી મિત્રો પર અન્યાય થશે. એ ઘટના એવી છે કે એ ગામની અંદર પોલીસે જુગારની રેડ પાડી હતી અને ગામના કેટલાક લોકો ભેગા થઈને પોલીસને અગાશીમાં ઢસડી ગયા, તેની રિવૉલ્વર પડાવી લીધી અને આ ભૂવાજીએ માથા પર તલવાર મૂકીને પી.એસ.આઈ.ને વીસ મિનિટ સુધી ગોંધી રાખ્યો અને જો આવું કોઈ ગુજરાતમાં ચલાવવા દેવા માગતું હોય તો આ નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, આવું કરવાની કોઈને છૂટ નથી. પોલીસ મિત્રોએ જે કર્યું છે,(અંતરાય) જે કામગીરી કરી છે એ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે કરી છે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ અધિકારીઓએ જે કાર્યવાહી કરી છે એ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે બેસો, માનનીય મંત્રીશ્રીને ખુલાસો કરવાનો અધિકાર છે.

**શ્રી અમિત અ. શાહ** : બેસો, જગદીશભાઈ, તમે સાંભળો, હું કયાં તમને ડીસ્ટર્બ કરતો હતો? હું રેકર્ડ ઉપરની વાત કરી રહ્યો છું. કઈ રીતે મને રોકી શકે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે જવાબ ચાલુ રાખો પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : જ્યારે આ ગૃહમાં આ પ્રશ્નની પર્ટીકયુલર ચર્ચા થઈ અને હકીકત (અંતરાય) બેસો તો ખરા, સાંભળો. હું વચ્ચે ઉભો નહોતો થઈ જતો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ બધા બેસી જાઓ. ( અંતરાય) પ્લીઝ બેસો. જ્યારે વિપક્ષમાંથી આ વાત આવી હોય, પ્લીઝ ભીખાભાઈ, વિપક્ષમાંથી વાત આવી હોય, આ વાત મૂકાઈ હોય ત્યારે સામે પક્ષે મંત્રીશ્રી હોય એમની પાસે જે ખુલાસો હોય ઓન રૅકૉર્ડ એ વાત એ ગૃહમાં કરી શકે. નો.નો. (અંતરાય) પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી છે એ રૅકૉર્ડની જ વાત કરી છે અને હું એવું ચોક્કસ કહેવા માગુ છું કે આ રીતે અમૂક મુદ્દાઓને ઉઠાવીને પોલીસના કર્મચારીઓને જો ભયભીત કરવાનો કોઈનો વિચાર હોય તો હું આ ગૃહની અંદર કહેવા માગુ છું કે ગુજરાતના પોલીસ દળને કે ભયભીત થવાની જરૂર નથી. સરકાર તમારી જોડે ઉભી છે. તમે કડક રીતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખજો. હમણાં માનનીય ગોવાભાઈએ એક ઘટનાનો ઉલ્લેખ કર્યો કે આ ગામની અંદર ડેરીની જગ્યા માટે ઝઘડો થયો, ૫ હત્યા થઈ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ તો આપે ને, મંત્રીશ્રી છે એટલે જવાબ તો આપે ને.

**શ્રી અમિત અ. શાહ** : હા, હા, સાચી વાત રૅકૉર્ડ ઉપર જ મૂકવી પડે. માનનીય ગોવાભાઈએ એક ઘ ટનાનો ઉલ્લેખ કર્યો કે પોલીસ કેવા પ્રકારના અતિરેક કરી રહી છે એ ઘટનાની અંદર કોર્ટની અંદર કેસ ચાલી ગયો છે અને બધાને સજા પડી છે. એમના સરપંચ ફરારી હતા એમને હાજર થવું પડયું છે અને અત્યારે જેલ કસ્ટડીની અંદર છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, ગોવાભાઈ આપ બેસો. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાતે ગયો છું એક તરફી તપાસ કરી છે. યોગ્ય તપાસ નથી કરી. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ :** ઘણા બધા સભ્યોએ બોલતા બોલતા રાજકીય અવલોકનો કર્યા કે ધારાસભ્યશ્રીઓના ટેલિફોન ટેપ થાય છે. રાજકીય નેતાઓના ટેલિફોન ટેપ થાય છે. ગૃહના રૅકૉર્ડ ઉપર છે સાહેબ મારે કલીયર કરવું છે. હું માનનીય વિરોધપક્ષના નેતાને ચેલેન્જ આપુ છું કે કેન્દ્ર સરકાર એમની છે. ટેલિફોન ખાતું એમની પાસે છે. એમની મંજૂરી વગર કોઈ ટેલિફોન ટેપ ના થઈ શકે. એક પણ ટેલિફોન ગેરકાયદેસર ટેપ થયેલો રૅકૉર્ડ ઉપર મૂકે. આ હું જવાબદારી પર કહુ છું. ખોટા રાજકીય આક્ષેપો કરી છાપાની હેડ લાઈનો બનાવી આનાથી ગૃહની ગરિમા નથી વધતી. ગૃહના રૅકૉર્ડ ઉપર એમણે સાચી વાત મૂકવી જોઈએ. (અંતરાય) પરેશભાઈને ખબર નથી કે કેન્દ્રમાં શાસન બદલાઈ ગયું છે. ગેરકાયદેસર ટેલિફોન ટેપ હવે અમારા કહેવાથી ના થાય. એમની સરકાર કહે તો જ થાય. એમને ખબર નથી ટેલિફોન વિભાગ કોના અંડરમાં આવે. ગુજરાતનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી જૂદાજૂદા આક્ષેપો કરવા હોય તો જુદી વાત છે,

માનનીય વિરોધપક્ષના સભ્યોએ જે વાત મૂકી એના સમર્થનમાંએ કોઈ સત્ય હકીકત નથી મૂકી શક્યા, પરંતુ હું દાવા સાથે આ રાજયના ગૃહમંત્રી તરીકે કહુ છું કે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સમગ્ર દેશમાં સારામાં સારી છે અને એના સમર્થનમાં મારે શબ્દોના સાથિયા નથી પૂરવાના. એના સમર્થનમાં મારે નક્કર આંકડા આપવાના છે. શબ્દોના સાથિયાથી મારે વાત નથી કરવાની. ભાગ ૧ થી ૫ના ગુનાઓ કોઈપણ રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે બેરોમીટર છે. મને કહેતાં આનંદ થાય છે કે છેલ્લા ૩ વર્ષની અંદર ભાગ

૧ થી ૫ના ગુનાઓમાં કોઈ નોંધપાત્ર વધારો નથી થયો ને જે ગુનાઓ થયા હતા એની અંદર ૭૨.૩ ટકા ડિટૅક્શન થયું છે જે સમગ્ર દેશની અંદર સારામાં સારું છે. ૭૨.૩ ટકા ગુનાઓ ભાગ-૧ થી ૫ના આપણે ઉકેલી શક્યા છીએ. મહિલા અત્યાચારની વાત કરતા હતા દિનેશભાઈ બોલતા હતા ત્યારે, એમણે કહ્યું કે દલિતો, પીડિતો, મહિલાઓ આ રાજયની અંદર સલામત નથી. ગૃહ વિભાગની વાત નથી કરતો. બજૅટની જનરલ ચર્ચાની અંદર દિનેશભાઈ બોલ્યા હતા. મારે કહેવું છે વસ્તી વધવા છતાં અમે મહિલાઓ પરના અત્યાચારના આંકડાઓ વધવા નથી દીધા. ૨૦૦૧માં ૧૨૬૦૨ હતા એ ઘટીને ૨૦૦૪માં ૧૨૩૧૬ થયા છે. આ રાજયમાં મહિલા જેટલી સલામત છે એટલી કોઈ જગ્યાએ સલામત નથી.

દલિતોની વાત કરું તો વિપક્ષના મિત્રો બોલતા હતા કે, (અંતરાય) ભાઈ, અમારા રાજમાં એકેય સામૂહિક હિજરત થઈ નથી. સાબરડાવાળાએ તમારા રાજમાં ભાગી જવું પડ્યું હતું. અમારા રાજમાં નહિ. એ વખતે તમારા રાજમાં સામૂહિક હિજરતો થતી હતી. દલિતો ભયભીત થઈ જતા હતા. આદિજાતિનો વ્યકિત ભયભીત થઈ જતો હતો. (અંતરાય) આ રાજયમાં અનુસૂચિત જાતિ અને દલિત સમાજના લોકો સુરક્ષાથી રહી શકે છે અને એમના અત્યાચારોનું પ્રમાણ પણ ઘટ્યું છે. હું કેટલાક આંકડા કહેવા માગું છું. ૧૯૯૪માં કોંગ્રેસ પાર્ટીના રાજ વખતે અનુસૂચિત જાતિ સામે નોંધાયેલ ગુનાઓ ૧૯૧૬ હતા અને અમારા રાજમાં ૨૦૦૪ના વર્ષમાં ૯૩૧ એટલે એક હજાર ગુના ઓછા નોંધાયા છે. કોંગ્રેસના મિત્રો સમજી લે કે દલિતો અમારા રાજમાં સુખી છે. કોંગ્રેસના સમયમાં અનુસૂચિત જાતિઓ પર ૧૯૯૪માં ૪૩૨ અને ૧૯૯૬માં ૩૮૯ ગુનાઓ નોંધાયા હતા. એની સામે ૨૦૦૪માં કેવળ ૧૪૯ ગુનાઓ નોંધાયા છે. અનુસૂચિત જાતિઓ પરના ગુનામાં ઘટાડો થયો છે. આ મેં દલિત, અનુસૂચિત જાતિ અને મહિલાઓ તેમજ એક થી પાંચના ગુનાની વાત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, હું દર લાખની વસતિએ જે ક્રાઈમ રેટ છે કે જે દરેક રાજયનું બેરોમિટર છે એ કહેવા માગું છું. ૨૦૦૧માં ઓલ ઈન્ડિયા ક્રાઈમ રેટ ૨૨.૪ હતો અને ૨૦૦૨માં ૨૧ હતો, એની સામે ૨૦૦૩-૦૪માં ૧૧.૬ અને ૧૧.૫ છે. જે સમગ્ર ભારતમાં સારામાં સારો રાહ બતાવે છે. એકથી પાંચમાં વાયલન્ટ ક્રાઈમનો સવાલ છે ત્યાં સુધી ૧૩.૩ અને ૧૨.૫ હતો અને રાજયમાં એવરેજ ૭ ટકાથી નીચે રહ્યો છે. હું કહેવા માગું છું કે ગૃહ ખાતાને પણ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈની સરકાર આવી છે ત્યારથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને બરાબર કન્ટ્રોલમાં લઈને સુદ્રઢ વ્યવસ્થાઓ થાય એવી સગવડો પૂરી પાડી છે. પહેલા પોલીસ અને પ્રજા વચ્ચે ખૂબ અંતર હતું. નરેન્દ્રભાઈ મોદી જ્યારથી મુખ્યમંત્રી બન્યા ત્યારથી સમગ્ર ભાર એક વાત ઉપર મૂક્યો છે કે પોલીસ તંત્ર અને પ્રજા વચ્ચે અંતર ઘટે એના માટે નક્કર પગલાં અમે લીધાં છે. હું એ રેકર્ડ ઉપર મૂકવા માગું છું. ઓનલાઈન ફરિયાદ લેવાનું અનેક જિલ્લાઓમાં શરૂ કરી દીધું છે. એટલે ફરિયાદ નહિ લેવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. કમ્પ્યુટરથી ફરિયાદ દાખલ થઈ જાય. પાસપોર્ટ ચકાસણી માટે ખેડા અને આણંદમાં એક અલગ પ્રયોગ હાથ ધર્યો છે કે બે દિવસમાં પાસપોર્ટનું એન.ઓ.સી. દરેક નાગરિકને મળી જાય અને બે દિવસમાં પાસપોર્ટ મળી જાય એવી વ્યવસ્થા માટે અમે ટ્રાય કરીએ છીએ. જૂના વાહનો ખરીદવા હોય તો આપણને ખબર પડતી નથી કે વાહન ચોરીનું છે કે બરાબર છે.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિપક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૫ મિનિટથી માનનીય મંત્રીશ્રી બોલી રહ્યા છે. ૨-૩૦ વાગ્યે બીજી બેઠક છે. દસ મિનિટમાં માનનીય પૂરું કરે એ રીતે લંબાવીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ દસ મિનિટ માટે લંબાવવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એટલા માટે વિપક્ષના મિત્રોને છે કે એવી ઘણી બાબતો અને માહિતી છે જે રેકર્ડ ઉપર આપીશ તો એમની જાણકારીમાં વધારો થાય. હું ઝડપથી પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટમાં પૂરું કરો.

**શ્રી અમિત અ. શાહ** : પાંચ મિનિટમાં કયાંથી પૂરું થાય? એક પણ ચર્ચામાં સમય નથી વધાર્યો એવું નથી. મારા ભાષણમાં જ કેમ આવો અન્યાય સાહેબ? દરેક ચર્ચામાં સમય વધાર્યો છે. (અંતરાય) જેથી પોલીસને મદદ કરનારા નાગરિકોનું અમે બહુમાન કરવાનું શરૂ કર્યુ છે. પોલીસ કીટ આપવાની ચાલુ કરી છે ત્યારે પોલીસ મિત્રની એક નવી યોજના પણ અમલમાં મૂકી છે. સ્થાવર મિલકતોની તકરારમાં પડતા પોલીસ અધિકારીઓને રોકવા માટેના પરિપત્રો પણ કર્યા છે.

સાહેબ, અમે બનાવટી ચલણી નોટો ઘુસાડવાવાળા તત્ત્વો હોય, કેફી દ્રવ્યો, અફીણ-ગાંજો ઘુસાડનારા તત્ત્વો હોય, વિસ્ફોટક સામગ્રી ઘુસાડવાવાળા તત્ત્વો હોય કે બીજી દેશ વિરોધી પ્રવૃત્તિ કરાવવાળા તત્ત્વો હોય એ દરેક તત્ત્વોને ડામવામાં ગયા વર્ષની અંદર રેકૉર્ડ કામગીરી થઈ છે. આંકડા હું આપું કે, પણ એમાં સમય ખૂબ જાય એમ છે પરંતુ કોઈપણ વર્ષમાં થઈ હોય એના કરતાં સુંદર કામગીરી દેશ વિરોધી પ્રવૃત્તિને નાથવા માટે ગયા એક વર્ષની અંદર પોલીસ વિભાગે કરી છે.

જ્યાં સુધી કોમી તોફાનોનો સવાલ છે. અમારા ઉપર સતત આક્ષેપો કરતા રહે છે વિપક્ષના મિત્રો પરંતુ વિપક્ષના મિત્રોને કહેવા માગું છું કે છેલ્લા બે વર્ષની અંદર નાના-નાના છમકલાં જ ખાલી કહેવાય એવી જ ૬

ટનાઓ થઈ છે. કોમી તોફાનોની અને સમગ્ર દેશમાં કોમી તોફાનો ડામવામાં ગુજરાત શ્રી નરેન્દ્રભાઈના શાસનમાં પહેલા નંબરે રહ્યું છે. એમને નહીં ગમે પરંતુ આ હકીકત છે. આ વર્ષની અંદર કોમી તોફાનોની ઘટના સમગ્ર દેશમાં ઓછામાં ઓછી ગુજરાતમાં થઈ છે. વ્યૂહાત્મક જગ્યાઓ જ્યાં કોમી સંવેદનશીલ જગ્યાઓ હોય ત્યાં અમે (અંતરાય) પોલીસ સ્ટેશનો, પોલીસ લાઈનો અને એસ.આર.પી.ની જગ્યાઓ બનાવીને સંવેદનશીલતાને ઓછી કરવાનો પ્રયત્ન કર્યો છે. મહોરમ, રથયાત્રા, ઉત્તરાયણ, નવરાત્રી કોઈપણ તહેવાર હોય ગુજરાતમાં કયાંય તોફાનો થયા નથી. બે વર્ષમાં બધા જ તહેવારો દરેક કોમની વ્યકિતઓએ, નાગરિકોએ આનંદપૂર્વક અને હળીમળીને ઉજવ્યા છે. આનાથી સાબિત થાય છે કે, આ રાજયમાં શાંતિ છે. અમે દેશ વિરોધી તત્ત્વોને ડામવા માટે પોટાના કાયદાનો સાચો ઉપયોગ જો સમગ્ર દેશમાં કોઈ જગ્યાએ થયો હોય તો ગુજરાતમાં થયો છે. વિપક્ષના મિત્રો પણ એવો આક્ષેપ કરી શકે એમ નથી કે, પોટાનો રાજકીય ઉપયોગ આ ગુજરાત રાજયમાં થયો છે. પોટાનો સાચો ઉપયોગ ગુજરાત રાજયમાં કર્યો છે એક પણ કોમી તોફાનો નથી થવા દીધાં અને ૨૨૯ લોકોને પોટાનો કાયદો લગાડીને અમે જેલોમાં પૂર્યા છે અને એમના કેસો ચાલવા ઉપર ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચેતક કમાન્ડો ફૉર્સની તાલીમ પૂરી થઈ છે આ વર્ષથી ચેતક કમાન્ડો ફૉર્સ પ્રજાના રક્ષણ માટે અસ્તિત્વમાં આવી જવાનું છે. આગામી પાંચ વર્ષમાં પાંચ એસ.આર.પી.ની નવી બટાલિયનો બનાવવાનો અમે નિર્ણય કર્યો છે એની રચનાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

સાહેબ, આતંકવાદને કંટ્રોલમાં લેવા માટે આંતકવાદ વિરોધી એકશન પ્લાનની પણ રચના થઈ છે અને એના માટેની જરૂરી વ્યવસ્થા પણ આ રાજય સરકારે અમલમાં મૂકી દીધી છે. આ સરહદી રાજય પર આપણી ત્રણેય સરહદો પડોશને અડીને આવેલી છે, દરિયાઇ સરહદ, જમીનની સરહદ અને આકાશી સરહદ પણ આ ત્રણેય દૃષ્ટિથી આઈ.એસ.આઈ.ના એજન્ટો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ના બગાડે એટલા માટે આપણી રાજય સરકારે જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી એ વખતે ચારસો કરોડ રૂપિયાનો એક સરહદી સુરક્ષા પ્લાન મોકલ્યો હતો અને એ વખતે માનનીય શ્રી અડવાણીજી, જેઓ અત્યારે વિપક્ષના નેતા છે એમણે એ મંજૂર કરી નાણા વિભાગને મોકલી આપ્યો હતો. હું આશા રાખું છું કે, સરહદી સુરક્ષા જેવી અતિ સંવેદનશીલ વાતને અગત્યતા આપી તુરંત એને મંજૂર કરશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે કોર ગ્રુપની રચના કરવામાં આવી છે, સરહદી સુરક્ષા માટે એના ચારસો કરોડનો પ્લાન, એના અમલીકરણની ચિંતા અમારું કોર ગ્રુપ કરવાનું છે.

સાહેબ, પોલીસની તાલીમ માટે પણ અદ્યતનમાં અદ્યતન કોર્સ, સમગ્ર દેશમાં જે ન હોય એ અમારા તાલીમના કોર્સમાં અમે ઉમેર્યા છે અને એના દ્વારા પોલીસના જવાનોને જે પડકારો ઊભા થયા છે એને પહોચી વળવા માટે અમે એને સુસજ્જ કરવા માગીએ છીએ.

સાહેબ, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો સવાલ છે ત્યાં સુધી એક વાત સૌએ સ્વીકારવી પડે એવી છે કે, ગુજરાત એક માત્ર રાજય એવું છે કે, જ્યાં દરેક પોલીસ સ્ટેશને કૉમ્પ્યુટર પહોંચી ગયા છે અને ૩૪ સિવાયના બાકીના બધા પોલીસ સ્ટેશનોની અંદર કનેકટીવીટી પણ પૂરી થઈ ગઈ છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ક્ષેત્રમાં ગુજરાતની કામગીરી સમગ્ર દેશમાં એક નંબરે છે.

સાહેબ, હદપારી અને પાસાનો સવાલ છે ત્યાં સુધી, ૨૦૦૨માં ૧૦૪૬ પાસાના કેસો કર્યા હતા, ૨૦૦૩માં ૧૦૫૧ અને ૨૦૦૪માં ૧૪૦૨ પાસા કર્યા હતા એટલે કડક હાથે સરકાર ગુનાખોરીને ડામવા માટે કટિબદ્ધ છે.

સાહેબ, અત્યારે જે હું વાત કરવા જઈ રહ્યો છું એ કે, સમગ્ર દેશ માટે ગૌરવ બને એવું મોડેલ સ્ટેટ ગુજરાત છે, પોલીસ હાઉસિંગનો સવાલ છે ત્યાં સુધી. પોલીસ હાઉસિંગ વિભાગમાં આ બે-ત્રણ વર્ષમાં જે કામો થયા છે એ રૅકૉર્ડ કામો છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સમય પૂરો થઈ ગયો છે મારે માગણી પસાર કરવી પડે એટલા માટે..(અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો R.T.O., વાહનવ્યવહાર બધું સાહેબ, ૧-૦૦વાગ્યા સુધીનો સમય છે, થોડોક તો મારો સમય વધારવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એક જ મિનિટ હવે હું (અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : મેં માગી છે સાહેબ, લેખિત આપ્યું છે સાહેબ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ના, પાડે છે એટલે સવાલ ઊભો નહિ થાય. હવે હું માગણી ક્રમાંક: ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાષણ તો મને લેખિતમાં પછી રેકોર્ડમાં મૂકવાની પરમીશન આપો. સાહેબ, એટલી તો પરમિશન આપો. જે. વિગતો મારે મૂકવાની છે એ લેખિતમાં મૂકવાની પરમિશન આપો સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેજ ઉપર મૂકી દેજો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેજ ઉપર મૂકી દઈશ.

**અધ્યક્ષશ્રી** : હા,

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૪, ૫, ૬, ૮, ૯, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૩૩, ૩૫, ૪૦, ૪૧, ૪૨ અને ૪૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૩ જી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૨, ૧૯૨૬ શાકે**

**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ કલાકે ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને.**

## તારાંકિત પ્રશ્નો

### રાજયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે

***૧૦૯૨૦ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) રાજ્યના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના ક્યારથી અમલમાં આવી,

(૨) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપ્યાં, અને

(૩) તેના પાછળ કેટલો ખર્ચ થયો ?

**માનનીય કૃષિ મંત્રીશ્રી :**

(૧) રાજ્યના ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાની યોજના ૨૦૦૩-૦૪ થી અમલમાં આવી.

(૨) (૨) ડિસેમ્બર--૨૦૦૪ ની સ્થિતિએ કુલ ૨,૦૫,૩૮૯ સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવ્યા જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે;

| અનં. | જિલ્લાનું નામ | આપવામાં આવેલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૯૧૪ |
| ૨. | ખેડા | ૫૯૯૫ |
| ૩. | આણંદ | ૩૮૬૦ |
| ૪. | ગાંધીનગર | ૩૦૧૪ |
| ૫. | વડોદરા | ૨૦૭૩૯ |
| ૬. | પંચમહાલ | ૧૨૨૩૨ |
| ૭. | ભરુચ | ૧૦૪૮૮ |
| ૮. | દાહોદ | ૬૯૬૦ |
| ૯. | નર્મદા | ૬૬૨૧ |
| ૧૦. | સુરત | ૧૨૮૯૯ |
| ૧૧. | વલસાડ | ૪૬૮૯ |
| ૧૨. | ડાંગ | ૩૦૯૦ |
| ૧૩. | નવસારી | ૩૮૪૭ |
| ૧૪. | મહેસાણા | ૬૦૫૦ |
| ૧૫. | બનાસકાંઠા | ૧૪૩૨૨ |
| ૧૬. | પાટણ | ૫૨૦૦ |
| ૧૭. | સાબરકાંઠા | ૧૩૯૨૦ |
| ૧૮. | રાજકોટ | ૯૫૧૯ |
| ૧૯. | કચ્છ | ૧૦૨૧૦ |
| ૨૦. | સુરેન્દ્રનગર | ૭૫૯૦ |
| ૨૧. | જામનગર | ૮૩૬૮ |
| ૨૨. | જુનાગઢ | ૯૫૬૫ |
| ૨૩. | અમરેલી | ૮૧૮૯ |
| ૨૪. | ભાવનગર | ૧૦૫૭૮ |
| ૨૫. | પોરબંદર | ૧૫૩૦ |
| | **કુલ** | **૨૦,૫૩૮૯** |

(૩) આ પ્રોજેક્ટ હેઠળ ૨૦૦૩-૦૪ માં અને ૨૦૦૪-૦૫ માં કુલ રૂા. ૧૧૮.૬૮ લાખની રકમ ફાળવી છે તે પૈકી કુલ ૨ લાખ કાર્ડ છપાવવાનો રૂા. ૦.૬૮ લાખ નો ખર્ચ થયો છે, જ્યારે પ્રોજેક્ટના સોફ્ટવેર, ડેવલપ, નેટવર્કીંગ અને ડેટા બેન્ક તૈયાર કરવા પાછળ રૂા. ૨૫,૪૩,૦૮૩ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સવાલના જવાબમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજય સરકારે જિલ્લાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા, એક તો આ સોઈલ હેલ્થ કાર્ડ આપવાની જે પદ્ધતિ છે એના વિશે મેં તાલુકા પંચાયતના ટી.ડી.ઓ. મામલતદારને પૂછયું તો એ કોઈને ખબર નથી. ગામડાંમાં પણ ખબર નથી કે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની પદ્ધતિ શું છે? જમીનના નમૂના કઈ લૅબૉરેટરીમાં આપવા, એટલે સોઈલ હેલ્થ કાર્ડ આપવાની પદ્ધતિ શું છે. બીજો સવાલ બે વર્ષ દરમિયાન ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન રૂા.૧૧૮.૬૮લાખની જોગવાઈ કરેલ એમાં બે લાખ કાર્ડ છપાવવામાં રૂા.૦.૬૮લાખનો ખર્ચ કરવામાં આવેલ, બાકી રૂા.૧૧૮લાખનો ખર્ચમાંથી આશરે ૨૫ લાખ જેટલો ખર્ચ જે સોફટવેર ડેવલપમેન્ટ, નેટવર્કીંગ કરવામાં આવ્યું. પાછળ રૂા.૯૨ લાખ જેવી રકમ બચી તો આ રકમ નહીં વાપરવા પાછળનું કારણ શું?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી યોજના એક કૃષિ ક્રાંતિ લાવનારી યોજના છે. આ યોજનાથી સાચું નિદાન અને સાચો ઉપાય જમીનની ચકાસણી મારફત કરવાની યોજના છે. ભવિષ્યમાં એના કારણે સારું પરિણામ મળે અને ખેડૂતનું કોસ્ટ ઓફ પ્રોડકશન ઘટે. આ આખી યોજનાથી કૃષિ ક્રાંતિ તરફ આપણે જઈ રહ્યા છીએ એનો મને આનંદ છે. આ વિતરણ પદ્ધતિ તાલુકા વિકાસ અધિકારી મારફત થાય છે અત્યાર સુધીમાં ૨,૦૫,૩૮૯ પૂરેપૂરાં કાર્ડની વહેંચણી કરી દેવામાં આવી છે.ખર્ચ બતાવવામાં આવ્યો છે એમાં જે રૂા.૨૫,૪૩,૦૮૩નો ખર્ચ થયો છે. આખી યોજના અમે કોમ્પ્યુટરાઈઝ કરીએ છીએ અને એ કોમ્પ્યુટરાઈઝ કરવા માટે પ્રોજેકટના સોફટવેર ડેવલપમેન્ટ, નેટવર્કીંગ, ડેટા બેંક તૈયાર કરવા માટે ફાળવેલ છે. ભવિષ્યમાં ફાળવેલ આ રકમ લોંગટાઈમ પરમેનન્ટ જેમ જેમ સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર થશે તેમ તેમ ઉપયોગ કરીશું, એટલા માટે આ રકમ ફાળવી છે. ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં બીજાં ૩ લાખ કાર્ડ અમે તૈયાર કરીશું. ગયા વર્ષે ૨,૦૫,૩૮૯ અને આ વર્ષે ૩,૬૪,૩૬૬ એમ કુલ ૫,૬૯,૭૪૯ સોઈલ હેલ્થ કાર્ડ આ ૨૦૦૫-૨૦૦૬નું વર્ષ પૂરું થતાં, બે વર્ષમાં આપવાની યોજના છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો ખેડૂત અન્ય જિલ્લામાં સારો પાક વાવવા માટે ઉત્સાહી હોય છે. જેને માર્ગદર્શનની જરૂર હોય છે તો આ સોઈલ ટેસ્ટીંગથી ખરેખર કેટલા જિલ્લામાં આજે પાક નથી વવાતો. એવા પાકો વાવવા માટે આ ટેસ્ટિંગથી કેટલા પાકોની શક્યતા ઊભી થઈ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** આ યોજના વિષે ૧૪ મી ડિસેમ્બરે મહામહીમ રાષ્ટ્રપતિજી આણંદ આવ્યા હતા.

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ઉપર જજો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આમાં ટાળવાનો સવાલ નથી, ઉપયોગી માહિતી છે, એટલા માટે. આ આખી યોજનાની વૈજ્ઞાનિક જાણકારી, માન્યતાઓ વધવાની છે, એટલા માટે આપણે સૌ સાથે મળીને આનો વધુમાં વધુ કેવી રીતે લાભ લઈ શકીએ, એનો કેવી રીતે ઉપયોગ કરી શકીએ એ માટે મહામહીમ રાષ્ટ્રપતિએ સોઈલ હેલ્થ કાર્ડના સ્ટૉલની મુલાકાત લઈને કહ્યું કે સોઈલ હેલ્થ કાર્ડની યોજના રાજ્યના ખેડૂતો માટે શરૂ કરી છે જે ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. સભ્યશ્રીએ પૂછયું છે એમાં અમદાવાદમાં નવા પાકની અંદર મગફળી દાખલ થઈ છે. ગાંધીનગરમાં ચણા, કુંવારપાઠું, કાજુ, કેળાં, ખેડામાં સોયાબીન, ચણા, કુંવારપાઠું, સફેદ મુસળી, આણંદમાં દિવેલા, સોયાબીન, કુંવારપાઠું, સફેદ મુસળી, પામારોઝા, લેમનગ્રાસ, મહેસાણામાં ઔષધીય પાકો, બનાસકાંઠામાં કાજુ અને દ્રાક્ષ, સાબરકાંઠામાં ઔષધીય પાકો, વડોદરામાં શાકભાજી, વરિયાળી, અજમો, ભરૂચમાં દિવેલા, સોયાબીન, શાકભાજી, પામારોઝા, આદુ, નર્મદામાં દિવેલા, સોયાબીન, સૂર્યમુખી, દાહોદમાં જીરુ, વરિયાળી, સુરતમાં ઔષધીય પાકો, વલસાડમાં દિવેલા, ઔષધીય પાકો, નવસારીમાં દિવેલા, કુંવારપાઠું, ડાંગમાં કાજુ છે, કેવી રીતે વધારી શકીએ સાથી સભ્યશ્રીએ વાત કરી છે. અત્યારે ડાંગમાં કપરાડા વિસ્તારમાં સારા પ્રમાણમાં કાજુનું વાવેતર થાય છે અને ત્યાં એનું પ્રોડક્શન પણ સરસ થાય છે. આ યોજના પછી આજુબાજુના વિસ્તારમાં શક્યતા છે કે નહિ એ શક્યતા ચકાસી ત્યારે ખબર પડી કે આજુબાજુના વિસ્તારમાં કાજુનું પ્રોડક્શન વાવેતર ખૂબ મોટા પ્રમાણમાં થઈ શકે એમ છે. આખા વિસ્તારના આદિવાસીઓને નવો પાક મળશે, એ રીતે રાજકોટમાં સફેદ મુસળી, કચ્છમાં કાજુ, દ્રાક્ષ, અંજીર, પોરબંદરમાં સફેદ મુસળી, ભાવનગર, અમરેલી, પંચમહાલમાં પણ આ પ્રકારના દરેક જિલ્લામાં નવા પાકો આ માર્ગદર્શનના આધારે ખેડૂતોને માહિતી આપી છે.

**ડૉ. સી. જે. ચાવડા** : સોઈલ હેલ્થ કાર્ડની યોજના અમલમાં મૂકી એ સમય દરમ્યાન ગુજરાત રાજ્યમાં ખેતીવાડી પાસે અને ગુજરાત કૃષિ યુનિવર્સિટી પાસે સોઈલ હેલ્થ લેબોરેટરી મોબાઈલ અને સ્થિર છે, એ પછી વધારાની કેટલી મોબાઈલ અને સ્થિર લેબોરેટરી ઊભી કરવા માગો છો, જેના કારણે સોઈલ હેલ્થ કાર્ડની માગણીને પહોંચી વળાય?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અત્યારે આપણી પાસે ગુજરાત સરકારની ૨૦ લેબોરેટરી છે. આ યોજના દાખલ થયા પછી આપણે આપણા સાહસો જી.એન.એફ.સી, જી.એસ.એફ.સી. ને વિનંતી કરીને એમના કામથી પણ

આપણે આગળ વધી શકીએ છીએ. હજુ તબક્કાવાર વહેલામાં વહેલી તકે કામગીરી થાય, એટલા માટે રાજય સરકારની જેટલી મશીનરી છે, એ ઉપરાંત ખાનગી અને બાકી સાહસિકો પાસેથી મશીનરી છે એનો પણ ઉપયોગ કરીને આ કામગીરી વહેલામાં વહેલી તકે રાજ્યના ખેડૂતોને આપી શકાય તેવું આયોજન છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : આ બહુ સરસ વૈજ્ઞાનિક અભિગમ છે અને આપણે બધા ચોક્કસ આવકારીએ. મારે એક વધારાની વાત પૂછવી છે કે આના માટે સરસ ઈકવિપમેન્ટ આવે છે, તો આ ઈકવિપમેન્ટ ગ્રામસેવકને, બી.એસ.સી. એગ્રીકલ્ચર બેકાર હોય તેને આપી શકાય. સોઈલનું એવું છે કે વારંવાર તાસીર બદલાતી રહે છે, તો તેનું સતત મોનિટરિંગ કરવું પડે તો જમીનમાં કયાં તત્ત્વો છે અને પાકની ખબર પડે. આ ઈકવિપમેન્ટની કીટ આપણે ગામડાઓમાં ગ્રામસેવકોને આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની એક કંપનીએ કીટસનું પ્રેઝન્ટેશન કર્યુ છે અને અમલીકરણ, કિંમત અને કામગીરી માટે ચકાસણી થઈ રહી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતો માટે એક સારી બાબત છે. પણ ખેડૂતોને સમજ આપવા માટે પિયત, જમીનનો પ્રકાર, વાવણી, બિયારણનો ઉપયોગ આવી ખેડૂતોને ઉપયોગી થઈ શકે તેવી શિબિરો યોજવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ૭૫૦ વૈજ્ઞાનિકો અને એક યુનિવર્સિટી હતી. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીના દીર્ઘદ્રષ્ટિપણા સ્વભાવને કારણે સંશોધન અને શિક્ષણની કામગીરી ખેડૂતો સુધી લઈ જવા માટે એક કૃષિ યુનિવર્સિટીમાંથી ચાર યુનિવર્સિટી બનાવી અને ૭૫૦ વૈજ્ઞાનિકો જે અત્યાર સુધી લેબોરેટરીમાં કામ કરતા હતા તેમને લેબ ટુ લેન્ડ સૂત્ર અપનાવીને તાલુકાદીઠ ત્રણ વૈજ્ઞાનિકો, તલાટી, ખેતીવાડી ખાતું, બાગાયત ખાતું અને સિંચાઈ ખાતું આ તમામ વિભાગના અધિકારીઓ સાથેની એક ટીમ ગામડે ગામડે જાય છે અને શિબિરો યોજી આખી યોજનાનું માર્ગદર્શન આપે છે.

## સુરત જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં સુવિધા

***૧૧૦૧૮ શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં (આઈ.ટી.આઈ.) તાલીમાર્થીઓને કઈ કઈ સુવિદ્યાઓ આપવામાં આવે છે,
(૨) આ પૈકી આદિવાસી તાલુકાઓમાં આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમાર્થીઓને પૂરેપૂરી સુવિદ્યાઓ આપવામાં આવે છે કે કેમ,
(૩) જો ના, તો સુવિદ્યાઓ ન આપવાના કારણો શાં છે, અને
(૪) આ સુવિદ્યાઓ કેટલા સમયમાં તાલીમાર્થીઓને પૂરી પાડવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) સરકારશ્રીની નિયત થયેલી નીતિ અનુસાર સ્ટાઈપેન્ડ/શિષ્યવૃત્તિ/રો મટીરીયલ્સ, હોસ્ટેલ સુવિદ્યા, બસપાસ, રેલ્વે પાસ તેમજ અ.જા./અ.જ.જાતિ, મહિલા, વિકલાંગ તાલીમાર્થીઓને ટયૂશન ફીમાંથી મુકિત વગેરે સુવિદ્યાઓ આપવામાં આવે છે.
(૨) હા.જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ રાજયમાં ચાલે છે અને ડિસેમ્બર ૨૦૦૪ સુધી રાજય સરકાર દ્વારા સુરત જિલ્લામાં તાલુકામાં તાલુકાદીઠ કેટલા કેટલા વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ, શિષ્યવૃત્તિ, બસ પાસ, અને ટયુશન ફીની માફીના લાભ આપવામાં આવેલ છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારમાં આઈ.ટી.આઈ. પૈકી સુરત જિલ્લામાં ૧૨ આઈ.ટી.આઈ.માં ૪૫૫૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે.અત્યાર સુધીમાં એમની તમામ જરૂરિયાતો પૂરી કરવામાં આવી છે. માત્ર ૫૩ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી છે અને તે નજીકના ભવિષ્યમાં ચૂકવી દેવામાં આવશે.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કયા આદિવાસી તાલુકામાં આઈ.ટી.આઈ. ભાડાના મકાનોમાં ચાલે છે અને તે સરકાર જાણે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૧૨માંથી ૯ આઈ.ટી.આઈ. સંસ્થાઓ પોતાના મકાનમાં ચાલે છે અને ત્રણ આઈ.ટી.આઈ. ભાડાના મકાનમાં ચાલે છે. તેમા ઉચ્છલ, કરચલીયા અને ઓલપાડ છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આદિવાસી વિસ્તારમાં જે આઈ.ટી.આઈ. આવેલ છે તેમાં કોમ્પ્યુટર અંગેની તાલીમ આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : હા,જી.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં કેટલા તાલીમાર્થીઓ તાલીમ લઈ રહયા છે તેમાં મહિલા તાલીમાર્થીઓ કેટલી છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૪૫૫૫ કુલ તાલીમાર્થીઓ છે તેમાં ૪૨૯ જેટલી મહિલાઓ તાલીમ લઈ રહી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લામાં આઈ.ટી.આઈ. સંસ્થાઓમાં મેન્ટેનન્સ થાય છે? અને જો થતો હોય તો કેટલો ખર્ચ થયો છે?

**શ્રી રમણલાલ વોરા** : આના માટે અલગથી નોટિસ જોઈએ. આ તેના માટેનો પ્રશ્ન નથી.

### જાફરાબાદ ખાતે અગરીયાઓ માટેની આશ્રમશાળાઓને ખસેડવા અંગે

***૧૦૯૦૫ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમરેલી જીલ્લાના જાફરાબાદ ખાતે મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા અગરીયાઓનાં બાળકોના અભ્યાસ મટે ચાલતી નિવાસી શાળા માટે જાફરાબાદ તાલુકાના નજીકના કોઈ ગામે શાળા માટે જમીનની કોઈ દરખાસ્ત કરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કયા ગામની જમીન માંગવામાં આવેલ છે, અને

(૩) હાલમાં આ બાબત કયા તબકકે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) જાફરાબાદ, લોટપુર, અથવા લુણસાપુર ગામની જમીન માંગવામાં આવેલ છે.

(૩) મામલતદાર કચેરી, જાફરાબાદ ખાતે દરખાસ્ત વિચારણા હેઠળ છે.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ દરખાસ્ત આવી તેને કેટલો સમય થયો અને આ દરખાસ્તને કયારે મંજૂરી આપવામાં આવશે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૬-૭-૨૦૦૪એ મામલતદાર કક્ષાએ પડતર રહેલ છે.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે અગરીયાઓના બાળકો માટેની શાળાની વાત છે. તો મારે જાણવું છે કે ચાલુ વર્ષમાં આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૮ અને ૧૦ માં કઈ જાતિના કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ચાલુ વર્ષે અગરીયાઓને શાળામાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે અને પ્રવેશની ગુણવત્તામાં છૂટછાટ મળવાપાત્ર છે અથવા ઉંમર અંગેના ધોરણો છે કે કેમ અને આ આદર્શ નિવાસી શાળાઓને શુ શુ સુવિદ્યા આપવામાં આવે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ આઠ થી દશમાં કુમાર ૨૩૬૩, કન્યા ૭૦૩ એમ કુલ ૩૦૬૬ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ખાસ કરીને જે અગરિયાઓ છે એ અગરિયાઓના બાળકોને લાભ મળે એટલા માટે પાંચ છાત્રાલયો આ માટે કામ કરે છે, સામાન્ય રીતે પ્રવેશનું ધોરણ ૫૦ ટકા છે પણ કયાંક અતિપછાત , અપંગ , કે વિધવા ત્યકતાના બાળકોને પાંચ ટકાની છૂટછાટ આપવામાં આવે છે.

### રાજયમાં ખેડૂત ખાતેદાર વીમા યોજના હેઠળ મંજૂર કરેલ રકમ

***૧૦૨૧૯ શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજયમાં ખેડૂત ખાતેદાર વીમા યોજના તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ૩ વર્ષમાં જિલ્લાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ મંજૂર કરવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :**

છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૦૧૭ ખેડૂતોને રૂા. ૧૦૦૫ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે જિલ્લાવાર માહિતી સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

ખાતેદાર ખેડૂત અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષમાં સહાયની મંજૂર કરેલ અરજીઓ અને સહાયની રકમની વિગતો દર્શાવતું પત્રક.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | દાવાની સંખ્યા | રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૬૬ | ૬૬.૦૦ |
| ૨. | અમરેલી | ૫૭ | ૫૬.૫૦ |
| ૩. | આણંદ | ૪૧ | ૪૦.૫૦ |
| ૪. | બનાસકાંઠા | ૩૦ | ૨૮.૫૦ |
| ૫. | ભરુચ | ૧૫ | ૧૪.૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ભાવનગર | ૬૯ | ૬૯.૦૦ |
| ૭. | દાહોદ | ૧ | ૧.૦૦ |
| ૮. | ગાંધીનગર | ૩૭ | ૩૬.૦૦ |
| ૯. | જામનગર | ૫૯ | ૫૮.૫૦ |
| ૧૦. | જૂનાગઢ | ૬૨ | ૬૦.૦૦ |
| ૧૧. | ખેડા | ૩૨ | ૩૧.૫૦ |
| ૧૨. | કચ્છ | ૨૦ | ૧૯.૫૦ |
| ૧૩. | મહેસાણા | ૧૦૩ | ૧૦૧.૫૦ |
| ૧૪. | પંચમહાલ | ૩૭ | ૩૭.૦૦ |
| ૧૫. | નવસારી | ૨૨ | ૨૨.૦૦ |
| ૧૬. | પાટણ | ૩૧ | ૩૦.૫૦ |
| ૧૭. | પોરબંદર | ૮ | ૯.૦૦ |
| ૧૮. | રાજકોટ | ૧૧૨ | ૧૧૦.૫૦ |
| ૧૯. | સાબરકાંઠા | ૮૨ | ૮૦.૦૦ |
| ૨૦. | સુરત | ૪૧ | ૪૧.૦૦ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૩૪ | ૩૪.૦૦ |
| ૨૨. | વડોદરા | ૪૩ | ૪૩.૦૦ |
| ૨૩. | વલસાડ | ૯ | ૯.૦૦ |
| ૨૪. | નર્મદા | ૩ | ૩.૦૦ |
| ૨૫. | ડાંગ | ૩ | ૩.૦૦ |
| | **કુલઃ-** | ૧૦૧૭ | ૧૦૦૫.૦૦ |

**શ્રી અંબાલાલ આ. રોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા હું એ જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં કેટલા ખેડૂતોની રકમ મંજૂર કરવામાં આવી છે. આણંદ જિલ્લાની કેટલી રજૂઆતો પડતર છે અને જે પડતર છે એનો કેટલા સમયમાં નિર્ણય લેવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં ૪૧ કેસમાં રૂપિયા ૪૦ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. હાલ આણંદ જિલ્લાની દશ રજૂઆતો પડતર છે એનો વહેલામાં વહેલીતકે નિર્ણય કરવામાં આવશે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હાલ જે ખેડૂત ખાતેદાર વીમા યોજનાની રકમ ચૂકવવાની જે પ્રોસીજર છે, જે વીમા કંપનીઓ ખેડૂતોને રકમ આપે છે એમાં વિલંબ થઈ રહ્યો છે. તો આ અંગે હાલની જે પદ્ધતિ છે એમાં કોઈ ફેરફાર કરવાનું રાજય સરકારે સૂચવ્યું છે કે કેમ, અને વીમા કંપની સાથે કોઈ પરામર્શ કર્યો છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા લેવલે અત્યાર સુધીમાં આ પડતર દાવાઓનો નિકાલ થાય અને ઝડપ આવે એટલા માટે વીમા કંપનીને બોલાવીને ચાર મીટિંગ કરી છે અને સચિવ કક્ષાએ પણ મીટિંગો થઈ છે અને હવે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે આ નામંજૂર થયેલા અને વિચારણા હેઠળ દાવાઓ છે એના માટે એક અધિકારીની ખાસ નિયુકિત કરી છે કે જેથી કરીને આ આખી વિધિમાં ઝડપ આવે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ખાતેદારનું અકસ્માતમાં મૃત્યુ થાય છે કે ટ્રેક્ટર પરથી પડી જવાના લીધે મૃત્યુ થયું હોય, કે વીજળીના કરંટથી મૃત્યુ થયું હોય કે સાપ કે એવા ઝેરી જંતુઓ કરડવાથી મૃત્યુ થાય છે પણ અમુક ખેડૂતો ડરના કારણે કે અજાણ હોવાના કારણે પોલીસને જાણ કરતા નથી, ડૉકટર પાસે પોસ્ટમોર્ટમ પણ ન કરાવ્યું હોય એવી બાબતો ઘણીવાર બનતી હોય છે તો એવા કેસોમાં પંચાયતના દાખલાના પૂરાવાના આધારે એવાં મૃત્યું થયાં હોય એમને વીમો આપવા માગો છો કે કેમ? બીજું, મુખ્ય કારણ જે છે કે પિતા એ ખેડૂત ખાતેદાર છે અને એનો દીકરો ઉંમરલાયક હોય પણ એનું નામ ખાતેદારમાં નથી કે ૭(૧૨) કે ૮(અ)માં નથી અને એ ખેડૂતનો દીકરો ઉંમરલાયક છે તો પણ એવાને આ યોજનાનો લાભ મળતો નથી, અધિકારી એની અરજી નામંજૂર કરે છે તો એવા કિસ્સાઓમાં પણ વીમો મંજૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર અકસ્માતથી જ મૃત્યુ થયું હોય અને એની ફરિયાદ અજ્ઞાનતાના કારણે ન કરી શક્યા હોય તો માનવીય અભિગમની રીતે એનો નિર્ણય લેવા માટે રૂબરૂ બોલાવીને પણ સૂચના આપે છે એવા નિર્ણયમાં એ ફેરફાર કરે છે. હમણાં જ આવો એક કેસ માનનીય સભ્યશ્રી શ્રીમતી જશુબેન કોરાટનો હતો તો રૂબરૂમાં બોલાવીને મંજૂર કરવામાં કરવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનું નામ જ ખેડૂત ખાતેદાર વીમા યોજના છે એટલે જે ખેડૂતનું ખાતામાં નામ હોય એને જ આ યોજનાનો લાભ મળી શકે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે આ વીમા યોજનાનું પ્રિમિયમ ભરવામાં સરકારે વિલંબ કર્યો હતો અને હાઉસમાં માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપેલી, તો એવા ખેડૂતનું આકસ્મિક મૃત્યુ થયું હોય એવાને સહાય ચૂકવાઈ છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ સમય દરમિયાન ૪૩૮ દાવા અમને મળ્યા છે અને આ દાવા મંજૂર કરવાનો રાજય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દીધી છે અને એમાં વાજબીપણું ચકાસીને એનો નિર્ણય લેવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ૬૯ દાવાની સંખ્યા છે અને ૬૯ લાખ રૂપિયાની રકમ મંજૂર થયેલી છે. મહુવા તાલુકાના કરમતીયા ગામનો કેસ છે, ખરેખર અકસ્માતથી મૃત્યુ થયું છે, પી.એમ. રિપૉર્ટ પણ છે અને કલેકટર સાથે મારો પત્રવ્યવહાર પણ થયો છે છતાં એમાં એમ કહીને જવાબ આપ્યો છે કે વીમા કંપની માનતી નથી, એ ના પાડે છે તો જ્યારે સંપૂર્ણ ન્યાયિક અને સહાય મળવાપાત્ર કેસ છે છતાં પણ આજ સુધી એને સહાય મળી નથી તો માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે, આવા કેસોમાં સ્પેશિયલ કેસ તરીકે પોતે સ્ક્રુટિની કરાવીને એને મળવાપાત્ર સહાય માટે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ મારા લેવલે મિટિંગ બોલાવીને આવા સાચા કેસો હોય તો એમાં માનવીય અભિગમ રાખીને ફરીવાર સ્ક્રુટીની આ કેસમાં હું કરાવીશ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા માનનીય ધારાસભ્યશ્રીઓ એક જ બાબતની ફરિયાદ કરી રહ્યા છે એમાં મુદ્દો એ છે કે, અત્યારની આ સિસ્ટમ છે એમાં ખેડૂત તરીકે આમાં જેનું નામ હોય એને જ વીમો મળે છે. ૭/૧૨ની અંદર સીધી લીટીના વારસદાર તરીકે જેટલા સભ્યો હોય એ બધા ખેતરમાં કામે જતા હોય છે પણ ૭/૧૨ના ઉતારામાં નામ ન હોય અને એ ખેતી કામે જતા હોય અને એમનું અકસ્માતે મૃત્યું થાય ત્યારે એનું વળતર મળતું નથી. માનનીય ગોરધનભાઈએ કહ્યો એ કેસ પણ આ બાબતનો છે એટલે વળતર મળતું નથી. એટલે સીધી લીટીના વારસદારમાં આવતા હોય એવા ખેડૂત પરિવારના સભ્યનું ૭/૧૨માં ભલે નામ ન હોય ઈન્સ્યુરન્સમાં નામ ન હોય તો પણ ખેડૂતના પરિવારના જેટલા પણ સભ્યો હોય એ સીધી લીટીના વારસદાર તરીકે આ જમીનમાં અધિકાર ધરાવતા હોય એ બધાને વીમાનો લાભ મળવો જોઈએ કે કેમ? અને જો હા, તો આ પ્રકારે વીમો એને મળે એ માટે વહેલીતકે સુધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનું નામ કિશાન ખાતેદાર યોજના છે. યોજનાનો લાભ ખાતાવહીમાં નામ હોય એને જ મળે. આનો ઉપાય એ છે કે વહેલીતકે એણે વારસાઈ કરાવી લેવી જોઈએ. ખાતાવહીમાં જેટલા નામ હોય એમને એમના ભાગે આવતી રકમ કુલ ૧ લાખ રૂપિયા મળવાપાત્ર છે અને એમાં ખાતાવહીમાં નામ હશે તો ચોકકસ મળશે. ખાતાવહીમાં નામ નહીં હોય તો નહીં મળે. ટેકનીકલ છે જેનું નામ હોય એને જ મળે. આ નામથી જ આ યોજના છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના છે, એમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા અરજદારોની આપના વિભાગમાં અરજી આવી? વીમો મેળવવા માટે જે લોકોએ અરજી કરી એ પૈકી કેટલા લોકોને વીમો મળ્યો છે એ ફિગર આપ્યો છે પણ આ ત્રણ વર્ષમાં કઈ કઈ કંપનીને સરકારે કેટલું પ્રિમિયમ ચૂકવ્યું અને કુલ કેટલા અરજદારોએ અરજી કરી એ જાણવા માગું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ટૂંકો પ્રશ્ન છે એ એટલા માટે પૂછું છું કે, સંકલનની મિટિંગમાં વારેવારે આ પ્રશ્ન ઉદ્‌ભવે છે, એટલે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે તંત્ર દ્વારા એક વાર વીમા કંપનીને દરખાસ્ત થઈ જાય પછી એમાં હાલમાં લાયેઝનની કોઈ પધ્ધતિ સરકારમાં અસ્તિત્વમાં નથી, એટલે ખાતેદારને પણ પોતાને વીમો કયારે મળશે એની માહિતી મળી શકતી નથી અને વિભાગ મારફત પણ માહિતી મળી શકતી નથી માટે કુલ કેટલી અરજીઓ ત્રણ વર્ષમાં આવી અને આ ત્રણ વર્ષમાં કઈ કઈ કંપનીને સરકાર તરફથી કેટલું પ્રિમિયમ ચૂકવાયું? એ જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** ૨-૨૦૦૨-૩માં ૧૪૫૪, ૨-૨૦૦૩-૪માં ૧૪૪૫, ૨-૨૦૦૪-૫માં ૪૦૨ અરજીઓ આવી અને ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની સુરતને ૨૬-૧-૨૦૦૧ થી ૨૫-૧-૨૦૦૨ સુધીમાં ચૂકવેલ પ્રિમિયમ ૧૪૮.૩૧ લાખ, એમાં દાવાની ચૂકવણી કંપનીએ એ વર્ષમાં કરી એ ૭૪૧ લાખ, ૨૬-૧-૨૦૦૨ થી ૨૫-૧-૨૦૦૩ સુધીમાં રીલાયન્સ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીને ૨૬ લાખ રૂપિયા આપણે પ્રિમિયમ ચૂકવ્યું અને એમણે ખેડૂતોને ચૂકવ્યા ૫૨૩ લાખ રૂપિયા, ૨૬-૧-૨૦૦૩ થી ૨૫-૧-૨૦૦૪ સુધીમાં આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક દ્વારા કરાર થયો આપણે પ્રિમિયમ ચૂકવ્યું ૩૫૭.૫૮ લાખ રૂપિયા અને એમણે અત્યાર સુધીમાં ખેડૂતોને ૪૧૦.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા છે.

## મહેસાણા તાલુકાના ભેંસાણા ગામે જાહેર રસ્તા ઉપર અવરોધ/દબાણ

***૧૧૧૧૯ શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:
મહેસાણા તાલુકાના ભેંસાણા ગામમાં સરકારી માલિકીની જમીન પૈકી જાહેર રસ્તામાં થયેલ અવરોધ/દબાણ દૂર કરાવી નામદાર અદાલતના હુકમનો અમલ કરાવવા બાબતે સરકારે તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરી?

**પંચાયત મંત્રીશ્રી :**

દબાણો દૂર કરાવેલ છે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : સૌપ્રથમ તો હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સાથે સાથે જે મને જવાબ મળેલ છે તેનાથી મને સંપૂર્ણ સંતોષ છે, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જે જમીનનું દબાણ કરેલ હતું તે કયા પ્રકારનું હતું અને તે દબાણ કઈ તારીખે દૂર કરવામાં આવ્યું? બીજો પ્રશ્ન એ છે કે દબાણ કરનાર વ્યક્તિ માથાભારે હોવાથી આવું ફરીથી દબાણ આવે નહિ તે માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, દબાણ તો દૂર થઈ ગયેલ છે. આ દબાણ સાત ચોરસફૂટના ક્ષેત્રફળમાં લાકડા વિગેરે મૂકીને કરવામાં આવ્યું હતું અને એ દબાણ દૂર કરી દીધું છે.

## ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન

***૧૦૨૧૬ શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જિલ્લાવાર કેટલા ગામ તળાવ ઉંડા કરવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામ તળાવ ઉંડા કરવામાં આવ્યાં, તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,અને
(૨) તેનાથી કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે.

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જિલ્લાવાર ૧૧૫૭ ગામ તળાવ ઉંડા કરવાનું આયોજન હતું તે પૈકી ૪૭૫ ગામ તળાવ ઉંડા કરવામાં આવ્યાં, તેની પાછળ રૂા.૧૯૯૦.૭૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

અંદાજીત ૧૦૭.૫૩ લાખ ઘન મીટર જેટલું પાણી સંગ્રહ કરી શકાશે.

| અ.નં. | જિલ્લાનું નામ | તળાવ ઊંડા કરવાનું આયોજન (સંખ્યા) | ઊંડા કરેલ તળાવોની સંખ્યા | થયેલ કુલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | અમદાવાદ | ૧૯ | ૨૫ | ૫૮.૪૯ |
| ૨. | ગાંધીનગર | ૧૦ | ૧૬ | ૫૩.૦૮ |
| ૩. | સુરેન્દ્રનગર | ૧૪ | ૧૩ | ૩૧.૬૬ |
| ૪. | જુનાગઢ | ૧૩ | ૧૦ | ૩૦.૮૦ |
| ૫. | પોરબંદર | ૧૧ | ૬ | ૯,૯૧ |
| ૬. | ભાવનગર | ૧૩ | ૮ | ૩૩.૮૪ |
| ૭. | અમરેલી | ૧૩ | ૭ | ૨૯.૫૩ |
| ૮. | જામનગર | ૧૩ | ૨૭ | ૩૫.૯૧ |
| ૯. | કચ્છ | ૧૬ | ૬ | ૨૭.૯૯ |
| ૧૦. | રાજકોટ | ૧૭ | ૯ | ૩૩.૯૫ |
| ૧૧. | સાબરકાંઠા | ૭ | ૧૯ | ૧૨૦.૦૮ |
| ૧૨. | ભરુચ | ૨૧ | ૮ | ૧૧.૮૨ |
| ૧૩. | નર્મદા | ૧ | - | - |
| ૧૪. | વડોદરા | ૧૩ | ૭ | ૯.૦૦ |
| ૧૫. | પંચમહાલ | ૨ | ૪ | ૩૩.૫૩ |
| ૧૬. | દાહોદ | ૦ | ૩ | ૩.૪૮ |
| ૧૭. | ખેડા | ૧૦૪ | ૭ | ૨૬.૩૨ |
| ૧૮. | આણંદ | ૩૨ | ૨ | ૭.૪૨ |
| ૧૯. | બનાસકાંઠા | ૮૬ | ૪૫ | ૨૧૬.૭૨ |
| ૨૦. | પાટણ | ૧૧૨ | ૬૩ | ૩૮૩.૯૨ |
| ૨૧. | મહેસાણા | ૨૦૫ | ૧૩૧ | ૬૧૯.૫૫ |
| ૨૨. | સુરત | ૩૪૮ | ૩૧ | ૯૧.૮૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | વલસાડ | ૪૨ | ૪ | ૨૩.૮૨ |
| ૨૪. | નવસારી | ૩૫ | ૨૪ | ૯૮.૦૯ |
| ૨૫. | ડાંગ | ૧૦ | - | - |
| | **કુલ** | **૧૧૫૭** | **૪૭૫** | **૧૯૯૦.૭૩** |

**શ્રી યોગેશભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગામતળાવોની જે વાત છે એમાં ૧૧૫૭ ગામતળાવો કરવાના હતાં, હવે અમદાવાદમાં ૧૯ જ કરવાના હતા એના બદલે ૨૫ કર્યા, ગાંધીનગરમાં ૧૦ કરવાના હતા એના બદલે ૧૬ કર્યા, જામનગરમાં ૧૩ કરવાના હતા એના બદલે ૨૭ કર્યા, સાબરકાંઠામાં ૭ કરવાના હતા એના બદલે ૧૯ કર્યા, વડોદરામાં ૧૩ કરવાના હતા એના બદલે ૫ કર્યા એટલે રિવર્સ? આણંદમાં ૩૨ કરવાના હતા એના બદલે ૨ કર્યા, સુરતમાં ૩૪૮ કરવાના હતા એના બદલે ૩૧ કર્યા તો આવું કરવાનું કારણ શું? કારણકે આયોજન નક્કી થયું હોય કે આ જિલ્લામાં આટલાજ તળાવો કરવાના છે તો વધારે ઓછાં કરવાના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી બે વિભાગ દ્વારા કરવામાં આવે છે જી.એલ.ડી.સી. અને સિંચાઈ વિભાગ. એમાં જી.એલ.ડી.સી. દ્વારા જે કરવાના હતા એમાં તો પૂરતું આયોજન પ્રમાણે થયું છે સિંચાઈમાં જે આયોજન કરવામાં આવ્યું હતું એમાં ઓછા થયા છે. આ કામ વડોદરામાં ઓછું કરવાનું કોઈ કારણ નથી તાત્કાલિક આ કામ અમે પૂરું કરીશું.

**શ્રી યોગેશભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૫૭ તળાવો બનાવવાના છે, એવું નક્કી થયું કે આ જિલ્લામાં આટલા, આ જિલ્લામાં આટલા છતાં, એક જિલ્લામાં વધી જાય અને બીજા જિલ્લામાં ઓછાં થયા છે એનું શું કારણ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તે જિલ્લામાં (અંતરાય) પૈસાનો સવાલ નથી. દશ ટકા ભર્યા હોય કે ન ભર્યા હોય સિંચાઈની કામગીરી અને જી.એલ.ડી.સી. ની કામગીરી બન્નેની કામગીરી ઝડપથી જ અમે કરીએ છીએ પણ જે કોઈ કારણસર આ કામગીરી અધૂરી રહી છે એ કામગીરી સત્વરે પૂરી થાય એ પ્રમાણે અમે પગલાં લઈશું

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે તળાવો ઉંડા ઉતારવાનું કામ છે, એ ગાંધીનગરમાં કયો વિભાગ સંભાળે છે અને એનું બજેટ કેટલું છે. આ બજેટ છે એનું ઓડિટ કોના દ્વારા થાય છે અને જે ઓડિટ કરે છે એ બીજા ડિપાર્ટમેન્ટનું ઓડિટ કરે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ અત્યારસુધી એટલે કે ગયા વર્ષ સુધી બન્ને વિભાગ દ્વારા આ કામગીરી થતી હતી, પરંતુ ગયા વર્ષથી જમીન વિકાસ નિગમ અને જળસંપત્તિ નિગમને એકજ પદ્ધતિ પ્રમાણે કામ કરવાનું નક્કી થયું છે અને જિલ્લાની ફાળવણી કરવામાં આવી છે સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, કચ્છ, અમદાવાદ અને ગાંધીનગર આ જિલ્લાઓની કામગીરી જમીન વિકાસ નિગમ કરશે. બાકીના જિલ્લા સાબરકાંઠા, ભરૂચ, નર્મદા, વડોદરા, પંચમહાલ, ડાંગ, દાહોદ, ખેડા, આણંદ, બનાસકાંઠા, મહેસાણા પાટણ, સુરત, વલસાડ, નવસારી આ જિલ્લાઓની કામગીરી સિંચાઈ વિભાગ કરશે અને એનું ઓડિટ જે થાય છે એ સરકારી રાહે જ કરવામાં આવે છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ કરોડ ૯૦ લાખ ૭૩ હજાર કુલ ખર્ચ થયેલ છે તેમાંથી ખરેખર કેટલી રકમ ચૂકવવામાં આવી છે અને કેટલી બાકી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** :: બધાને ચૂકવી દેવામાં આવ્યા છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઊંડા કરવામાં આવે છે તે કઈ એજન્સી કરે છે? તાલુકા પંચાયત કરે છે, જિલ્લા પંચાયત કરે છે કે સ્ટેટવાળા કરે છે કે સિંચાઈવાળા કરે છે અને બીજો પ્રશ્ન એવો છે કે આ સો ટકામાં કરો છો કે દશ ટકા ફાળો ભરવામાં આવે છે. કઈ રીતે તળાવો બનાવો છો? આમાં અમુક પાસ કર્યા છે તો મહી જિલ્લામાંથી ઓછાં પાસ કર્યા છે અને બીજામાં વધુ કર્યા છે તો સરખું રાખો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કોઈ ભેદભાવ પ્રમાણે સરકાર કામ કરતી નથી અને ૯૦/૧૦ની સ્કીમ પ્રમાણે કામ કરવામાં આવે છે.

## ડો.આંબેડકર ભવનના બાંધકામ

***૧૧૧૨૬ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડો.આંબેડકર ભવન માટે જમીન મેળવી હોય તે પૈકી રાજયમાં કેટલા જિલ્લામાં ભવન બાંધવામાં આવેલ છે, કેટલા જિલ્લામાં બાંધકામ ચાલુ છે.
(૨) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે,
(૩) ભવનોના બાંધકામના ખર્ચની મર્યાદામાં સરકારે કોઈ વધારો કર્યો છે, અને
(૪) જો હા, તો કેટલો વધારો કર્યો છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) પાંચ જિલ્લામાં ભવનો બાંધવામાં આવેલ છે અને ચાર જિલ્લામાં ભવનોનું બાંધકામ ચાલુ છે.

(૨) શકય તેટલું વહેલું.
(૩) હા, જી.
(૪) બાંધકામના ખર્ચની મર્યાદા રુપિયા ૨૫ લાખ હતી તે વધારીને રુપિયા ૩૫ લાખ કરવામાં આવેલ છે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ ભવનનો લાભ પ્રજાના કયા વર્ગને મળવાનો છે તેમજ દલિત વર્ગ માટે આ યોજનામાં કંઈ આયોજન કરેલું છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : જવાબમાં આપ્યું છે તે પ્રમાણે પાંચ ભવનો પૂર્ણ કરવામાં આવ્યા છે. ચાર ભવનનું બાંધકામ ચાલુ છે. તેમાં પાટણનો શિલાન્યાસ ૧૫-૮-૦૩માં માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તક કરવામાં આવ્યો હતો. ૩૦મી એપ્રિલ ૨૦૦૫ સુધીમાં આ કામ પૂર્ણ થવાની સંભાવના છે. જુનાગઢમાં ૯-૧૧-૦૩ના માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે તેનું શિલાન્યાસ કરવામાં આવ્યું ૩૧-૫-૦૫ સુધીમાં આ કામ પૂરું કરવાની દિશામાં છીએ.સુરેન્દ્રનગરની અંદર ૮-૧૨-૦૪થી કામ શરુ કરવામાં આવ્યું છે. ૩૦-૫-૦૫ના દિવસે કામ પૂર્ણ કરવામાં આવવાનું છે. વડોદરામાં ૧૪-૪-૧૯૯૨માં શિલાન્યાસ થયો હતો ૩૧-૫-૦૫ સુધીમાં કામ પૂરું થવાની સંભાવના છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, ડો.આંબેડકર ભવન જે ભાવનગરમાં બાંધવાની વાત છે તેમાં જમીનનો જે કંઈ પ્રશ્ન હતો તે હલ થયો છે કે કેમ? અને તેનું બાંધકામ ક્યારે ચાલુ કરવામાં આવશે?

**શ્રી રમણલાલ વોરા** : ભાવનગરની જમીનનો પ્રશ્ન હલ થયો છે અને આ વખતે ૮ ભવનો બાંધવાના છીએ તેમાં ભાવનગરનો પણ સમાવેશ છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : તે સવાલનો જવાબ આવી ગયો છે.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : કચ્છ જિલ્લામાં આ આંબેડકર ભવન કયાં બાંધવાનું નક્કી કર્યુ છે અને હાલના તબક્કે જમીન મંજૂર થઈ છે કે કેમ? અને જો નથી થઈ તો તે સ્થળ ફેરવવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : કચ્છ જિલ્લાની અંદર પહેલા મંજૂર થઈ હતી ૫૦૮.૪૦ ચો.મીટર તેની થોડી ટૂંકી છે પરંતુ ત્યાંના લોકલ લોકોની માગણી આ જ જગ્યાએ આંબેડકર ભવન બાંધવાની છે અને એટલા માટે રાજય સરકાર એ જ સ્થળે આંબેડકર ભવન બાંધવા માગે છે.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : રાજકોટમાં ડો.આંબેડકર ભવનનું જે ખાતમુહૂર્ત થયું છે તેનું કામ કયારથી શરુ થશે? અને કુલ કેટલો ખર્ચ થશે?

**શ્રી રમણલાલ વોરા** : મેં આગળ કહ્યું તે પ્રમાણે અમે જે ભવન બાંધીએ છીએ જે વર્ષે અમે તેનો શિલાન્યાસ કરીએ છીએ તે જ વર્ષે અમે ઉદ્‌ઘાટન કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. બાકીના ત્રણ જે ભવન બાંધ્યા તેનું એક વર્ષમાં પૂરું કરીશું. રાજકોટનો પણ શિલાન્યાસ થયો છે એક વર્ષમાં તેનું બાંધકામ પૂરું થશે અને તેની પાછળ રાજય સરકાર ૩૫ લાખ રુપિયા ખર્ચ કરશે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં આંબેડકર ભવનનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યુ, પરંતુ ત્યારપછી કોઈપણ જાતના નિયમ કે એના સંચાલન માટેની કોઈ જવાબદારી, પૈસા કેટલા લેવા કે કેટલા નહીં એવું કાંઈ નકકી કરેલ ન હોઈ એનો પ્રજાલક્ષી કોઈ ઉપયોગ થઈ શકતો નથી. તો એ કરીને ઓછામા ઓછા દરે આ ભવન લોકોને. ઉપયોગ માટે મળી શકે એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : આ આંબેડકર ભવનો જે બાંધવામાં આવી રહયાં છે એ માત્ર કોઈ એક વર્ગ માટે એનો ઉપયોગ સમિતિ નથી. હા, સ્વાભાવિકપણે દલિત સમાજને એની પહેલી પ્રાયોરીટી આપવામાં આવે છે અને ઓછા ખર્ચે અપાય છે, પરંતુ અન્ય વર્ગોને પણ આપણે એની વધારે કિંમત લઈને .એની પહેલા દિવસથી જ વ્યવસ્થા કરેલ છે. જામનગરમાં હજુપણ માનનીય ધારાસભ્યશ્રીને ત્રુટીઓ કોઈ ખૂટતી જણાતી હોય તો મારા ધ્યાન ઉપર મૂકે તો એ દિશામાં ચોકકસ વિચાર કરવામાં આવશે.

**ધોરણ ૧૧-૧૨ થી કોલેજ કક્ષાના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ખોલવા અંગે**

***૧૧૧૮૦ શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ધોરણ ૧૧-૧૨ થી કોલેજ કક્ષાના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવાનું આયોજન છે કે કેમ,
(૨) જો હા, તો કયારે શરૂ કરવામાં આવનાર છે,
(૩) કયા જિલ્લામાં શરૂ કરવામાં આવનાર છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) ટૂંક સમયમાં.
(૩) જરૂરિયાતવાળા જિલ્લામાં.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ધોરણ ૧૧-૧૨ અને કોલેજના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો શરૂ કરવાની સરકારની નેમ છે તે બદલ હું અભિનંદન આપું છું, સાથે સાથે ટૂંક સમયમાં એટલે કયારે અને આ માટેની જે ટેન્ટેટિવ, એ માટેનો કોઈ નિયમ હોય એ નકકી થઈ શકયો નથી. આ માટેની કોઈ અરજી આવી છે કે નહીં?

**શ્રી રમણલાલ વોરા** : મેં કહયું તેમ રાજય સરકાર જે તે વર્ષે જ એનું કામ પૂરું કરવાની પ્રતિબધ્ધતા ધરાવે છે. એટલે જે શરૂ કરવામાં આવ્યા છે એમાં વિકસતી જાતિ માટે તા. ૨૩-૨-૦૫ ના રોજ વર્તમાનપત્રમાં જાહેરાત આપી છે. અનુસૂચિત જાતિની તા. ૨-૩-૨૦૦૫ ના રોજ જાહેરાત આપી છે અને ૩૧-૩-૦૫ સુધીમાં આ કામગીરી પૂરી કરીને નવું સત્ર ચાલુ થાય ત્યાં સુધી તમામ છાત્રાલયો શરૂ કરી દેવાની દિશામાં આગળ વધી રહયા છીએ.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે સમગ્ર રાજય અંગે કેટલાં છાત્રાલયોનું આયોજન કરવાની જરૂર છે અને એ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવી પડે કે જેના કારણે સમગ્ર ગુજરાતની સાચી સ્થિતિનો લાભ મળી શકે?

**શ્રી રમણલાલ વોરા** : અત્યારસુધીમાં વિકસતી જાતિ માટે કુમારો માટે ૧૧૦ અને કન્યાઓનાં મળીને કુલ ૫૬૫ છાત્રાલયો ચાલે છે, અનુસૂચિત જાતિ માટે કુમારનાં ૪૦૦ અને કન્યાઓનાં ૧૫૨ એમ કુલ મળીને ૫૫૨ છાત્રાલયો ચાલે છે. વિકસતી જાતિમાં ૨૪,૨૩૩ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિમાં ૧૭,૫૫૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. વિકસતી જાતિમાં આ વર્ષે ૨૦ છાત્રાલયો અને અનુસૂચિત જાતિમાં ૩૦ છાત્રાલયોનો કારોબાર સાથે આગામી દિવસોમાં આ સમાજના વધારે વિદ્યાર્થીઓને આનો લાભ મળે એ દિશામાં સરકાર કાર્યરત છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : મારે જાણવું છે કે જે ગ્રાન્ટેડ છાત્રાલયો છે તેમાં કન્યા છાત્રાલયો છે તેમાંથી ગ્રાન્ટ ઈન એઈડ કરવા માટે કેટલી અરજીઓ આવી અને સરકાર એ આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : હા,જી, જાહેરાત આપી છે, મેં કહયું તેમ આ નાણાકીય વર્ષ પછી કાર્યવાહી પૂરી કરીને નવા સત્રથી શરૂ કરીશું.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : મારે જાણવું છે કે ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષમાં છાત્રાલયો ચલાવતી સંસ્થાઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાથી કેટલી રકમની સરકારને બચત થઈ તેમજ કેટલાં છાત્રાલયોની તપાસણી કરવામાં આવી?

**શ્રી રમણલાલ વોરા** : આ વિભાગમાં જે પણ છાત્રાલયો ચાલે છે એ ગ્રાન્ટ ઈન એઈડ ચાલે છે. એમાં રાજય સરકાર એની ગુંણાત્મક સુંધારણા માટે એ દિશામાં પગલાં લે છે અને એમાં ક્ષતિ જણાય તો નોટિસ આપે છે અને કોઈ જગ્યાએ ગ્રાન્ટ પણ કાપી લેવામાં આવે છે, છાત્રાલયો રદ પણ કરી દેવામાં આવે છે અને અત્યારસુધીમાં ૨૦૦૩-૦૪ માં વિકસતી જાતિનાં ૨૬ લાખ રૂપિયા અને અનુસૂચિત જાતિમાં ૩૭ લાખ રૂપિયા શિક્ષાત્મક પગલાં લઈને રાજય સરકારે બચત કરી છે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : મારે જાણવું છે કે વિકસતી જાતિનાં જે છાત્રાલયો એમાં કન્યા છાત્રાલયોમાં સંખ્યા વધારવાની સરકાર મંજૂરી આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : હા,જી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે કે જરૂરિયાતવાળા જિલ્લામાં કરવામાં આવશે. હું એ જાણવા માગું છું કે ધોરણ ૧૧, ૧૨ અને કોલેજ કક્ષાએ એડમિશન માટે સૌથી વધારે અરજીઓ અમારા જુનાગઢ જિલ્લામાં છે, તો જુનાગઢ જિલ્લામાં નવી કોઈ હોસ્ટેલ કરી આપવા માગે છે કે કેમ અને હા, તો કયાં સુધીમાં?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : નવા દસ છાત્રાલયો આપ્યા છે એમાં ધોરણો નિશ્ચિત કરેલા છે, જે જગ્યાએ અનુસૂચિત જાતિ માટેની યુનિવર્સિટી હોય, દલિત સમાજના લોકોની વધારે વસતિ હોય, અને અન્ય કોઈ સુવિધા પ્રાપ્ત ન હોય તો એ જિલ્લાને પ્રાયોરિટી આપીને પસંદગી કરવાની છે.

## ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન

***૧૦૫૦૩ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન હતું, તે પૈકી કેટલા ગામ તળાવ ઉંડા કરવામાં આવ્યા અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તેનાથી કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧)

| **અ.નં.** | **ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન સંખ્યા** | **પૂર્ણ કરેલ ગામ તળાવોની સંખ્યા** | **ખર્ચ રૂપિયા લાખમાં** |
|---|---|---|---|
| ૧ | ૧૧૫૭ | ૪૭૫ | ૧૯૯૦.૭૩ |

(૨) ૧૦૭.૫૩ લાખ ઘન મીટર પાણીનો સંગ્રહ કરી શકાશે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગામ તળાવો ઉંડા કરવાના કયા નીતિ નિયમો છે, એમાં મારા ખેડા જિલ્લામાં કેટલા ગામોના તળાવોનો લક્ષ્યાંક હતો અને કેટલા પૂર્ણ થયા? બાકીના જે તળાવો પૂર્ણ નથી થયા તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી .** : આ પ્રશ્ન આગળ ચર્ચાઈ ગયો છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : એમને ખેડા જિલ્લાની માહિતી આપું છું. ખેડા જિલ્લામાં જમીન વિકાસ નિગમ દ્વારા ત્રણ, અને જળ સંપતિ વિકાસ નિગમ દ્વારા ચાર, એમ કુલ સાત તળાવોની કામગીરી પૂર્ણ થઈ છે, જળસંપત્તિ વિકાસ વિભાગના આયોજન મુજબ કુલ ૯૭ તળાવો કરવાની કામગીરી બાકી છે તે સત્વરે પૂરી કરવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે તળાવો ઉંડા કરવા માટે ૯૦/૧૦ની યોજના છે, એમાં ૧૦ ટકા ખર્ચ ગામ લોકોએ ભોગવવાનો હોય છે અને પછી આ કામ એજન્સી મરફત ટેન્ડરથી કરાવવાનું હોય છે. તો હું એ જાણવા માગું છું કે ગામ લોકો અથવા જૂથ મંડળી કે પંચાયત કામ કરે તેના માટે કોઈ રજૂઆત માનનીય મંત્રીશ્રી પાસે આવી છે કે કેમ અને આવી હોય તો જે તે ગામના લોકો ૧૦ ટકા ભરે અથવા મંડળી કે જૂથ મારફત કામ કરવા માગે તો કામ કરી શકે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય સભ્યશ્રીની જ આવી રજૂઆત આવેલી છે અને આ બાબતમાં હકારાત્મક વિચારણા કરવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં અને દાહોદ જિલ્લામાં આવા ગામ તળાવો ઉંડા કરવા માટેનો લક્ષ્યાંક વધારવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માગણી મુજબ અમે આયોજન કરીએ છીએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગામતળાવો ઉંડા કરવાની જે યોજના છે તે રાજય સરકાર ચાલુ રાખવા માગે છે કે કેમ અને તેના માટે નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન એ છે કે જે પછાત તાલુકાઓ હોય, આર્થિક પછાત તાલુકાઓ હોય એમાં કોઈ છૂટછાટ આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ યોજના ચાલુ જ છે, બજેટમાં પણ તેની જોગવાઈ કરવામાં આવી છે અને ૯૦/૧૦ની સ્કીમમાં હાલ તુરત કોઈ છૂટછાટ મૂકવાની વિચારણા કરવામાં આવેલ નથી.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તળાવો ઉંડા કરવા માટેની જે દરખાસ્તો આવેલી છે તે જોતા માણસોને પાણીનું મહત્વ સમજાયું છે તે આનંદની વાત છે, આ કામની દરખાસ્તો ખૂબ આવેલી છે તે જોતા જી.એલ.ડી.સી. અને ઈરિગેશન અને અન્ય સ્ત્રોતના માધ્યમથી વધુ સાધનો અપાવવા માટે કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જળ સંચયની કામગીરી ખૂબ સારી રીતે થઈ શકે એટલા માટે અને મારા સાથી સભ્યશ્રીએ જે વાત મૂકી છે તેને ધ્યાનમાં લઈને જ આ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ જે ૬૦/૪૦ની યોજના હતી તેમાં છૂટછાટ મુકીને ૮૦/૨૦ કરવામાં આવી છે. એ જ બતાવે છે કે આ યોજનાનો વ્યાપ વધશે.

**અધ્યક્ષશ્રી .** : એમાં તો બધા જ લોકોને રસ છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હા, માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક સમૃદ્ધિ માટે , કૃષિ સમૃદ્ધિ માટે જળ ક્રાંતિ, રાજય સરકાર તેના માટે કામગીરી કરી રહી છે અને એમાં આ વખતે જે ૮૦/૨૦ની સ્કીમ દાખલ થઈ છે તેથી હું આશા રાખું છું કે આવતા વર્ષે આ સ્કીમમાં વધારેમાં વધારે લોકો લાભ લેશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : ઉત્તર ગુજરાતમાં પાટણ અને બનાસકાંઠામાં જે તળાવો ઉંડા કરવાનું આ વર્ષે આયોજન હતું તેમાંથી ૫૦ ટકા પણ કર્યા નથી તેઓ ફાળો આપવા તૈયાર હોવા છતાં પણ જયાં પાણીની ખૂબ જ સમસ્યા છે ત્યાં ૫૦ ટકા કામો થયા નથી તો આ નવા વર્ષમાં જે આયોજન છે તેની સાથે જોડીને અમારા રહી ગયા છે તેને જોડીને વધારે આપવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રહી ગયેલા છે તે પણ પૂરા કરીશું અને નવાનું આયોજન કરશું તે પણ પૂરા કરીશું.

## રાજયની પંચાયતોમાં રહેમરાહે નોકરીના કેસો

***૧૦૧૯૪ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : (પાલનપુર): **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે,

(૨) તે પૈકી બનાસકાંઠા જિલ્લાના કેટલા કેસો પડતર છે, અને

(૩) પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું આયોજન કરેલ છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) ૬૦૨.

(૨) ૬૩.

(૩) નિયત થયેલ ધોરણ અનુસાર પાત્રતા ધરાવતા આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૬૨૦ અરજીઓ રહેમરાહે નોકરી મેળવવા માટેની સરકાર પાસે પડતર છેP આ પડતર કેસો છે એનો કેટલા સમયમાં નિકાલ થશે એની કોઈ ચોક્કસ સમય મર્યાદા આપે તો સારું. તા. ૧-૧-૦૫ થી ૩૧-૧-૦૫ સુધીમાં કુલ કેટલી અરજીઓ આવી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજ્ય સરકારે હમણાં જ બે મહિના પહેલા જે કોઈ અરજીઓ પેન્ડિગ હતી એનો નિકાલ કરીને ૧૪૨૩ ઉમેદવારોને રહેમરાહે નોકરી આપવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે કાર્યક્રમ કર્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ૧૦૮ ઉમેદવારોને નોકરી આપવામાં આવી છે. જેમ જેમ રહેમરાહે અરજદારો પાસેથી વિગતો આવે છે એની ચકાસણી કરતા જઈએ છીએ. આ રીતે દર મહિને ૫૦-૬૦ અરજદારોના પ્રશ્નોનો નિકાલ કરતા જઈએ છીએ અને નોકરી આપતા જઈએ છીએ.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : રહેમરાહે નોકરીનો ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. કર્મચારી મૃત્યુ પામ્યા પછી એના આશ્રિતને નોકરી આપવા માટે ઘણો સમય જાય છે. એમાં એવું બને છે કે એક વખત કેસ બનાવ્યા પછી ગાંધીનગર સુધી આવે પછી એની કવેરી કાઢવામાં આવે અને એ કેસ અટવાયા જ કરે છે. આશ્રિતો નોકરી માટે અરજી કરે ત્યારે એને શું શું જોઈએ એ સંપૂર્ણ માહિતી મોકલ્યા પછી પાછી જાય નહિ એ પદ્ધતિથી તાલુકામાં જ ચકાસણી થાય તો અત્યારે જે કેસોમાં વિલંબ થાય છે એ નહિ થાય અને ખૂબ પ્રેરણારૂપ બનશે. અને જે પેન્ડિગ કેસો છે એમને જલદી નોકરી મળે એ માટે સરકાર શું કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન હકારાત્મક છે. એ રીતે રાજય સરકાર કામગીરી કરે છે. જેવી અરજી મળે છે એના અઠવાડિયામાં સ્કુટિની કરીને તાલુકા પંચાયતથી જિલ્લા પંચાયતથી અધિકારીઓ દ્વારા એની ચકાસણી કરીને એની વિગતો તરત મંગાવવામાં આવે છે. જો વિગતો અધૂરી હોય તો ફરી વખત કવેરી કાઢીને તરત જ પરત મોકલવામાં આવે છે. અરજદાર પોતે બેદરકાર હોય એ કવેરી તરત પૂરી ન કરે તો એમાં ઢીલ થતી હોય છે. રાજય સરકાર પોતે અને હું સૌને આસ્વસ્ત કરુ છું કે રાજય સરકાર તરફથી કોઈ અરજદાર માટે ભૂલ કરી મોડું કરવામાં આવશે નહિ.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે અમારી બેદરકારી નથી. અહીંયા કેસ મોકલી આપે ત્યારે એની કેવેરી નવી નવી કાઢ્યા કરે છે. તો આ કવેરી કાઢવાની પ્રક્રિયા બે-બે, ત્રણ-ત્રણ, ચાર-ચાર વર્ષ સુધી ચાલ્યા કરે છે અને અંતે કેસ પેન્ડિગ રહે છે. તો કોઈ ચોક્કસ પદ્ધતિ બનાવીને જલદી નિકાલ થાય એ માટે શું કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કવેરી કાઢી હોય એની પૂર્તિ ન થઈ હોય તો અરજી પૂર્તતા માટે પાછી મોકલવી પડે. પરંતુ એમાં વધારે સમય ન થાય એનો ખ્યાલ રાખવામાં આવશે.

**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ** : વડોદરા જિલ્લામાં રહેમરાહેની કેટલી અરજીઓ પડતર છે, નસવાડી તાલુકાની કેટલી અરજીઓ પડતર છે? આ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : વહેલામાં વહેલી તકે આ પ્રશ્નનો નિકાલ કરવામાં આવશે. વડોદરામાં ૪૬ કેસો પડતર છે એનો વહેલામાં વહેલી તકે નિકાલ કરીશું.

**શ્રી હરજીવન હી. પટેલ** : બનાસકાંઠા જિલ્લામાં ૬૩ કેસો બાકી છે. એ કયા કયા તાલુકાના છે એ વિગતો મારે જોઈએ છે. ગુજરાત સરકારને ધન્યવાદ આપવા ઘટે કે પહેલાં આવક મર્યાદાને કારણે નોકરીઓ નહોતી મળતી. આવક મર્યાદા ઉઠાવી લીધી છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. પરંતુ જે આવક મર્યાદા હટાવી લીધી એની પહેલાની જે અરજીઓ છે. જે આવક મર્યાદામાં નથી આવતી એના અંગે ફરી વખત નોકરી મળે એના માટે વિચારણા કરશો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજય સરકારે માનવીય ધોરણે પણ વિચાર કર્યો છે અને જેવી રીતે અમે અમલ કરીએ છીએ. તા.૧-૧-૧૯૯૬ પહેલાં આવક મર્યાદા હતી. તે પછી આવક મર્યાદા હટાવી લીધી છે. તા.૧-૧-૧૯૯૬ પહેલાંની ૧૨૪ અરજીઓ હતી. તેમાંથી ૨૨ અરજીઓ મંજૂર કરી છે. ૪૧ અરજીઓ આવક મર્યાદામાં આવતી નહોતી એટલે નામંજૂર કરી છે અને ૬૧ અરજીઓ હજુ વિચારણા હેઠળ છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આ ૬૦૨ કેસો પેન્ડીંગ છે એ ક્યારના છે અને એની જો પૂર્તતા થઈ ગઈ હોય તો આનો નિકાલ ક્યારે કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : જેમ પૂર્તતા થાય છે તેમ તેમ નિકાલ કરીએ છીએ.

## જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થકાર્ડ આપવા અંગે

***૧૦૭૩૧ શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવેલ છે,

(૨) બાકી રહેતા ખેડૂતોને કેટલા સમયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે, અને

(૩) સોઈલ હેલ્થ કાર્ડ આપવાનાં બાકી રહેવાનાં શાં કારણો છે?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના ૮૩૬૮ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

(૨) સને ૨૦૦૫માં ૧૩,૬૬૦ ખેડૂતોને અને ત્યાર બાદ તબક્કાવાર બાકી રહેતા તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

(૩) સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવા પૂર્વેની કામગીરી જેવી કે દરેક ગામમાંથી માટીના નમૂના લેવા, જમીન ચકાસણી પ્રયોગશાળામાં પૃથ્થકરણ કરાવવું અને ડેટા એન્ટ્રીની કામગીરી મર્યાદિત મહેકમ અને મર્યાદિત પ્રયોગશાળાની ક્ષમતાના ઉપયોગથી કરાવવાની હોય છે. રાજયના તમામ ખેડૂત ખાતેદારને સોઈલ હેલ્થ કાર્ડ તબક્કાવાર આપવાનું રાજય સરકારનું આયોજન છે, તેથી કોઈ બાકી રહેવાનો પ્રશ્ન રહેશે નહીં.

**શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે પ્રશ્ન ક્રમાંક-૧ના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ૮૩૬૮ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે તેમ કહ્યું છે તો તાલુકાવાર કેટલા કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે અને જામનગર જિલ્લામાં ખેડૂતોની કુલ સંખ્યા કેટલી છે? બાકી રહેતા ખેડૂતોને કેટલા સમયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : જામનગર જિલ્લામાં અપાયેલા સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા ૮૩૬૮ છે. જામનગરમાં ૧૦૦૦, જોડીયામાં ૬૧૨, ધ્રોળમાં ૬૩૫, કાલાવડમાં ૯૬૮, લાલપુરમાં ૧૬૨૨, જામજોધપુરમાં ૭૯૧, ભાણવડમાં ૭૧૦, જામખંભાળિયામાં ૮૫૦, કલ્યાણપૂરમાં ૭૫૦, દ્વારકા-ઓખા મંડળમાં ૪૩૦ . જામનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારોની કુલ સંખ્યા ૧,૯૮,૯૩૨ની છે અને બાકીના ખેડૂતોને તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપે છે તેમાંથી મને લાગે છે કે ગામમાંથી જમીનના નમૂના લઈને આપવામાં આવે છે. જો કોઈ ખેડૂતની જમીન ૨૫ વીઘાની કે ૨૦ વીઘાની હોય તો એ ૨૦ વીઘામાં એક જ પાક ઓર્યો હોય તો તેનું પરિણામ અલગ-અલગ આવે છે. તેનું કારણ એ કે ૨૦ વીઘામાં જમીન છે તેનું પડ અલગ-અલગ હોય છે. તો આવી રીતે એક જ ગામમાંથી જમીનના નમૂના લઈને સોઈલ હેલ્થ કાર્ડ આપે તો ખેડૂતોને નુકસાન થવાનો પૂરેપૂરો ભય છે. ખેડૂતોની જમીનમાંથી માટીના નમૂના લઈને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ખેડૂતોની જમીનમાંથી જ નમૂના લઈને તેની ચકાસણી કરવામાં આવે છે. પૃથ્થકરણ કરવામાં આવે છે અને ગયા વર્ષે ચારે દિશામાંથી ૧૦ નમૂના લીધા અને આ વખતે બીજા ૨૦ નમૂના લેશે. મતલબ કે રેન્ડમ આખા ગામ પ્રમાણે જમીનની તાસીર અને પૃથ્થકરણમાં આખા ગામ પ્રમાણે એ જમીનમાં શું ખૂટે છે? નાઈટ્રોજન ખૂટે છે, ફૉસ્ફરસ ખૂટે છે કે પોટાશ ખૂટે છે તેની પૃથ્થકરણમાં વિગતવાર માહિતી આપવામાં આવે છે અને ખેડૂતને તેનું માર્ગદર્શન પણ આપીએ છીએ કે આ જમીનમાં પોટાશ વધારે છે તો ન નાખો. નાઈટ્રોજનની જરૂર છે એટલે નાઈટ્રોજન નાખજો. એટલે આખા ગામ દીઠ કોઈ એક જ નમૂનો લેવામાં આવતો હોય તો માનનીય સભ્યશ્રી કહે છે એવો ભય રહે. પરંતુ એક્એક ગામમાંથી અત્યારે ૩૦-૩૦ નમૂના લેવામાં આવ્યા હોય તો હું માનતો નથી કે આવો કોઈ ભય રાખવાની જરૂર છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : આ હેલ્થ કાર્ડના કારણે જમીનનો પ્રકાર જાણી શકાય છે. ત્યારે જામનગરના ખેડૂતોને વધુ માહિતી મળી રહે તે માટે નવા પાકો માટેની કોઈ શક્યતા ઉભી થઈ છે કે કેમ? તે જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં અજમો સફેદ મૂસળી, કાજુ વગેરેના પાકની ભલામણ કરવામાં આવી છે.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સોઈલ હેલ્થ કાર્ડ યોજના દ્વારા ખડૂતને એની જમીનનું પરીક્ષણ થાય છે એટલે કે અતિ ગરીબ અને છેવાડાનો ખેડૂત છે એટલે કે જેને આપણે અંત્યોદય યોજના નીચે લાભ આપીએ છીએ એવા ખેડૂતોને સરકાર આ જમીન સૌરક્ષણમાં મદદ કરવા માગે છે કે કેમ? એના માટેનું આયોજન કરવા માગો છો કે કેમ? ના કર્યુ હોય તો કરે એના માટે ભલામણ પણ કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામ માટે અમે ખેડૂતો પાસેથી કોઈ રકમ લેતા જ નથી અને બધા જ ખેડૂતોની જમીનમાંથી આ નમૂના લઈએ છીએ એટલે કોઈપણ માનનીય સભ્યશ્રીએ આવો ભય રાખવાની જરૂર નથી કે કોઈ ખેડૂત રહી જશે.

## પંચાયત સેવામાં રહેમરાહેની નિમણૂક

***૧૦૯૨૬ શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) પંચાયત વિભાગમાં રહેમરાહે નિમણૂક આપવાના છેલ્લા એક વર્ષમાં કેટલા ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી,

(૨) તા:૩૧-૧-૦૫ સુધીમાં કેટલી રજૂઆતો પડતર છે, અને

(૩) તેઓને ક્યારે નિમણૂક આપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૧૪૨૩

(૨) ૭૦૧

(૩) લાયકાત ધરાવતા આશ્રિતોને રહેમરાહે નોકરી આપવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પ્રશ્નના જવાબમાં બહુ સારો પ્રશ્નનો જવાબ આપ્યો છે પણ મારા પ્રશ્નના જવાબમાં હું આપના થ્રુ જાણવા માગું છું કે ૧૯૯૬ પહેલાં જે રહેમરાહે નોકરીના કેસો બાકી છે તો એને સરકારે નામ આપ્યું છે રહેમરાહે, તો રહેમ આપવા માગે છે કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે અગ્રતાને ધોરણે રહેમરાહેની નોકરીના પ્રશ્નમાં જે રહેમ આપવાની છે તો સરકાર એમાં આ અગ્રતા આપવા માગે છે કે કેમ? અને ત્રીજો પ્રશ્ન કે ૧૫૦૦ અને ૨૫૦૦ રૂપિયા જે ફીક્સ પગાર આપે છે એમાંથી આ રહેમરાહેવાળાને મુકિત આપવા માગે છે કે કેમ? આ રહેમના પ્રશ્નનો જવાબ આપે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુણદોષના આધારે જ નિર્ણય લેવામાં આવે છે. એટલે ૧-૧-૯૬ પહેલાના તમામ કેસમાં જો આવક મયાર્દા વધી જતી હોય તો કોઈ છૂટછાટ આપવામાં આવતી નથી. છતાં માનવીય ધોરણે સમયમર્યાદામાં કેસ વાઈઝ અભ્યાસ કરીને ગુણદોષના આધારે નિર્ણય કરવામાં મદદ કરવાની હોય તો કોઈ કિસ્સામાં કરીએ છીએ પણ ખરેખર એ ૨૫૦૦ અને ૧૫૦૦ માં હાલ તરત રાજય સરકાર કોઈ ફેરફાર કરવા માગતી નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતોમાં જે રહેમરાહે નોકરી અંગેના કેસમાં જે કર્મચારી મરી ગયા છે અને એના સગીર વયના બાળકો રહી ગયા છે. ૧૯૯૦ થી તો એ ૯૦થી જે રહી ગયા છે એને લેવા માગે છે કે કેમ? સગીર વયને કારણે રહી ગયા છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦ પછીથી ૧૯૯૬ સુધી એના કેસમાં કેસ વાઈઝ અભ્યાસ કરીને ગુણદોષના આધાર ઉપર નિર્ણય અમે કરીએ છીએ.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કુલ ૧૪૨૩ ઉમેદવારોને આપણે રહેમરાહે નોકરી આપી છે અને ૭૦૧ ઉમેદવારોને રહેમરાહે નોકરી આપવાની બાકી છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ૭૦૧ લોકોને જે રહેમરાહે નોકરી આપવાની બાકી છે એ કેટલા સમયથી બાકી છે અને કેટલા સમયમાં નિમણૂક આપવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષથી બાકી છે અને સમયાંતરે જેમ જેમ અરજદારો સરકાર દ્વારા કાઢેલી કવેરીનો જવાબ આપતા જાય છે એમ એમ એ કવેરીની પૂર્તતા કરીને આ ઑર્ડર કાઢવામાં આવે છે.માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના વહેલી તકે પૂરી થાય રહેમરાહેના બધા જ કેસો પૂરા થાય એ માટે રાજય સરકાર અહીંથી મંત્રી લેવલે એની દર મહીને સ્ક્રૂટીની કરવામાં આવે છે. કેટલા કેસો પેન્ડીંગ છે એનો રિવ્યુ કરવામાં આવે છે અને જિલ્લા મથકોએ માહિતી મંગાવીને કેસો પડતર હોય તો તાત્કાલિક ઉકેલ માટે અહીંથી ડાયરેકશન આપવામાં આવે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા બહેનને અરજી કરવાની મુદત છે એ ૬૦ દિવસની રાખવામાં આવે છે. એ મુદતમાં વધારો કરવો એટલા માટે જરૂરી છે કે બે મહિના તો ક્રિયા વિધિમાં જતા હોય છે. એટલે અરજી કરવાની મુદતમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિષય સામાન્ય વહીવટને લગતો છે એટલે હું સૂચનના સ્વરૂપમાં લઉ છું.

**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રહેમરાહેની નોકરીમાં જે હુકમો કરવામાં આવ્યા છે એમાં એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ના ઉમેદવારોની સંખ્યા કેટલી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અત્યાર સુધી જે હુકમો કરવામાં આવ્યા છે એમાં અનુસૂચિત જાતિના ૨૪૧, અનુસૂચિત જનજાતિના ૧૯૦ અને...

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં માછીમારોને બોટો આપવા અંગે

૧૦૭૨૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કુલ કેટલી ફાયબર ગ્લાસની બોટો માટે માછીમારોને છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી રકમની સહાય આપવામાં આવી ? | રાજ્યમાં ડીસેમ્બર, ૦૪ની સ્થિતિએ કુલ ૨૩ ફાયબર ગ્લાસની બોટો માટે માછીમારોને કુલ રૂા. ૩,૧૩,૪૫૦/-ની સહાય આપવામાં આવી. |

----------

### રાજ્યમાં સહકારી બેંકોના ઓડિટ ફીનાં ધોરણો

૯૪૦૯ **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં સહકારી બેંકોના ઓડિટ માટેની ફીના ધોરણ એક સમાન હોવાના કારણે સારા ઓડીટરો સહકારી બેંકોનું ઓડિટ નહિ કરતા હોવાના કારણે ગેરરીતીઓને વેગ મળે છે અને નિર્દોષ થાપણદારોને શોષવું પડે છે તે હકીકત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર સારા ઓડિટરો પાસેથી બેંકો ઓડીટ કરાવે તે માટે ફી નાં ધોરણોમાં સુધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેવા પ્રકારનો સ્લેબ ફીનું ધોરણ નક્કી કરવા માંગે છે ? | (૩) બેંકોના કાર્યભંડોળના આધારે ઓડીટ ફીનું ધોરણ નક્કી કરવાનું રહે છે. |

----------

### રાજ્યમાં બક્ષીપંચ જ્ઞાતિ માટે મકાન સહાય

૧૦૧૮૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સન-૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં બક્ષીપંચ જ્ઞાતિના લોકો માટે વ્યકિતગત મકાન સહાય યોજના હેઠળ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ, અને | (૧) રૂા. ૩૯૪.૫૧ લાખ. |
| (૨) તે પૈકી સુરત જિલ્લામાં કેટલી રકમ આ યોજના હેઠળ મકાન બાંધકામ માટે ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂા. ૫.૦૧ લાખ. |

----------

### આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૧૦૯૦૦ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોનાં નામ નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૧૪૮૮૬ |
| ૨. | ઉમરેઠ | ૨૩૭૭ |
| ૩. | પેટલાદ | ૨૯૧૭ |
| ૪. | સોજીત્રા | ૯૦૭ |
| ૫. | બોરસદ | ૩૫૬૨ |
| ૬. | આંકલાવ | ૧૧૨૯ |

| | |
|---|---|
| | ૭. ખંભાત ૨૯૮૩<br>૮. તારાપુર ૭૭૭ |
| (૨) વર્ષ ૨૦૦૪ દરમ્યાન જિલ્લામાં રોજગારી મેળવવા કોઈ શિબિર કે ભરતી મેળાનું આયોજન થયેલ છે, અને | હા, જી.<br>(૧) લશ્કરી ભરતી મેળા ૧<br>(૨) ઔદ્યોગિક ભરતી મેળાઓ ૨<br>(૩) પ્રેરણાત્મક સ્વરોજગાર ૧૮ |
| (૩) શિક્ષિત બેકારોને રોજગારી આપવા માટે સરકારનું શુ આયોજન છે ? | (૩) ઔદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લસ્કરી બરતી મેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો, ટૂંકાગાળાના તાલીમ વર્ગો શરુ કરવામાં આવેલ છે અને બેરોજગારોની વિગતો વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. |

-----------

## રોજગાર વિનિમય કચેરી દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે સવલત

૧૧૧૪૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં રોજગાર વિનિમય કચેરી દ્વારા નોકરી માટે ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને ઇન્ટરવ્યુના સ્થળે જવા માટે કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) રોજગાર કચેરી દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારોને નોકરીદાતા જ્યારે ઈન્ટરવ્યુ માટે બોલાવે ત્યારે ઉમેદવારના રહેઠાણના સ્થળથી ઈન્ટરવ્યુના સ્થળ સુધીનું આવવા તથા જવાનું એસ.ટી. ભાડું ચૂકવવાની યોજના સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૩-૮-૯૮ ના ઠરાવ ક્રમાંક : રગર/૧૦૯૮/૪૮૦/૨(૨) થી અમલમાં છે. |
| (૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ આવી કેટલી સહાય ચૂકવવામાં આવી છે? | (૩) રૂા. ૩,૭૦,૫૧૧/-. |

--------------

## ધારી અને બગસરા તાલુકામાં ગ્રામ સેવકોની ઘટ

૧૦૭૩૪**શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારી અને બગસરા તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા ગ્રામ સેવકોની ઘટ છે, | (૧) એક. |
| (૨) આ ઘટ નિવારવા સરકારે ગ્રામ સેવક ભરવા વિચારેલ છે કે કેમ, અને | (૨) "જરૂરી કાર્યવાહી કરવામાં આવશે." |
| (૩) ગ્રામ સેવકોની ધટ પુરવા સરકારનું શું આયોજન છે ? | (૩) "જરૂરી કાર્યવાહી કરવામાં આવશે." |

--------------

**સારાભાઈ કેમીકલ્સના શ્રમયોગીઓનો બાકી પગાર**

૧૧૧૫૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સારાભાઈ કેમીકલ્સ, વડોદરાના શ્રમયોગીઓના ઘણા સમયથી પગાર બાકી છે એ હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આના કારણે સંસ્થાઓમાં કોઈ મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થયેલ છે કે કેમ, અને | (૨) સંસ્થામાં શ્રમ પરિસ્થિતિ ઉભી થયેલ. |
| (૩) તંત્ર દ્વારા આ બાબતે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) માનનીય શ્રમ મંત્રીશ્રીની દરમ્યાનગીરીથી શ્રમ પરિસ્થિતિનો ત્રિપક્ષીય વાટાઘાટોથી ઉકેલ આવેલ. સમાધાન થયા બાદ, દર માસે પગાર નિયમિત રીતે ચૂકવાય છે. સંસ્થા સામે નિયમિત પગાર નહી કરવા બાબતે ૨૦ ફોજદારી કેસો કરવામાં આવેલા છે. |

-------------

**રાજ્યમાં ડૉકટર આંબેડકર ભવનના બાંધકામ**

૧૧૧૨૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના પ્રત્યેક જિલ્લામાં કેટલા ડૉ. આંબેડકર ભવનો ઊભા કરવાનું સરકાર દ્વારા નિયત થયેલ છે, અને | (૧) સરકારશ્રી દ્વારા પ્રત્યેક જીલ્લામાં જીલ્લા કક્ષાએ એક ભવન બનાવવાનું સરકાર દ્વારા નિયત થયેલ છે. |
| (૨) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમ્યાન મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લામાં કેટ કેટલા ખર્ચે કેટલા ડૉ. આંબેડકર ભવન ઊભા કરવામાં આવ્યાં છે? | (૨) |

| જીલ્લાનું નામ | ભવનની સંખ્યા | બાંધકામનું ખર્ચ |
|---|---|---|
| મહેસાણા | ૧ | રૂા. ૨૬,૦૦,૦૦૦/- |
| પાટણ | ૧ | રૂા. ૨૩,૭૫,૭૨૮/- |
| પાલનપુર (બનાસકાંઠા) | ૧ | રૂા. ૨૭,૪૧,૦૦૦/- |

-----------------

**રાજ્યના ખેડૂતોને ઉપજના ઊંચા ભાવો**

૮૧૮૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કૃષિ ઉત્પાદનના ભાવો ખૂબ જ નીચા મળે છે તે બાબતથી સરકાર ચિંતિત છે, અને | (૧) રાજ્યના મહત્વના પાકોના ટેકાના ભાવ યોગ્ય નક્કી થાય તે માટે સરકાર ચિંતિત છે. ટેકાના ભાવથી કોઈ પાકોના ભાવો નીચા જાય તો નકકી કરેલ નોડેલ એજન્સી દ્વારા ખરીદી કરવા સરકારે આગોતરૂ આયોજન કરેલું છે. |
| (૨) જો હા, તો ખેડૂતોને તેમની ખેત નિપજના ઊંચા ભાવો મળે તે બાબતે કોઈ સરકારનું આયોજન છે? | (૨) રાજ્ય સરકાર દ્વારા પાકોના ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખી ટેકાના ભાવો નક્કી કરવા ભારત સરકારને ભલામણ કરવામાં આવે છે અને ભારત સરકાર દ્વારા દરેક ઋતુમાં ટેકાના ભાવો જાહેર કરવામાં આવે છે. |

----------------

**કચ્છ જિલ્લામાં કારખાનાઓમાં પ્રાણઘાતક અકસ્માતો અને વળતર**

૯૨૧૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં કારખાનાઓના પ્રાણઘાતક અકસ્માતો કેટલા નોંધાયા છે, અને

(૧) ૬ (છ)

(૨) કેટલા કિસ્સામાં વારસદારોને વળતર ચૂકવાયુ?

(૨) કારખાનામાં થતાં અકસ્માતોના કિસ્સામાં વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ નિમાયેલ કામદાર વળતર કમિશનર એટલે કે લેબર કોર્ટના હુકમ મુજબ ૨ (બે) કિસ્સામાં વળતર ચૂકવાયેલ છે, જ્યારે ૪ (ચાર) કિસ્સામાં વાહનથી અકસ્માત થયેલ હોઈ, તેની વળતર અંગેની કાર્યવાહી મોટર વ્હીકલ એકટની જોગવાઈ અન્વયે મૃતકના વારસદારે કરવાની થાય છે.

----------------

## અમદાવાદમાં શ્રમિક કાયદાભંગ બદલ ફરિયાદ

૧૦૨૨૩ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં અમદાવાદ જિલ્લામાં વિવિધ શ્રમિક કાયદાઓના ભંગ બદલ કોઈ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આવી ફરિયાદોની સંખ્યા કેટલી છે, અને

(૨) ૪,૩૭૮

(૩) તંત્ર દ્વારા આવી ફરિયાદો અન્વયે શું પગલાં લેવામાં આવેલ છે?

(૩) વિવિધ શ્રમિક કાયદાઓની જોગવાઈઓનો અમલ નહિ કરવા બાબતની ફરીયાદોમાં નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | ૧,૦૦૭ ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. |
| ૨ | લઘુત્તમ વેતન ધારા હેઠળના કેસોમાં તંત્રની સમજાવટથી ૨,૧૧૫ લાભાર્થીઓને રૂા. ૩૪.૮૨ લાખ રકમની ચુકવણી કરાવવામાં આવી છે. |
| ૩ | કારખાના ધારાની જોગવાઈઓનો અમલ નહિ કરવા સબબ મળેલી ફરીયાદોમાંથી ૨,૪૨૫ ફરીયાદોમાં તંત્ર દ્વારા સૂચના આપીને અમલ કરાવેલ છે, જ્યારે કારખાના ધારા ભંગના સંદર્ભમાં ૬૭ કારખાનાઓમાં ૧,૦૯૭ કાયદા ભંગનો અમલ કરાવેલ છે. |
| ૪ | શ્રમિક કાયદાના અમલ માટે વ્યક્તિગત રીતે શ્રમિક દ્વારા અથવા એમનાં મંડળ દ્વારા ફરીયાદો મળે છે ત્યારે તેને અગ્રતા આપીને સંબંધિત અમલીકરણ અધિકારી દ્વારા ઔદ્યોગિક એકમોની તુરત જ સ્થળ મુલાકાત લઈને નિરીક્ષણની કામગીરી કરવામાં આવે છે. અને જ્યાં શ્રમિકોનું શોષણ થતું હોય કે શ્રમિક કાયદાઓનો અમલ થતો ન હોય ત્યાં ઓદ્યોગિક એકમોની જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |

----------------

## સુરત જિલ્લામાં ખેતતલાવડીઓ બનાવવાની અરજી

૧૧૦૧૨ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા તાલુકાઓમાં ખેતતલાવડીઓ બનાવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૧) ગ્રામ વિકાસ વિભાગને મળેલ અરજીઓ.

| તાલુકાનું નામ | વર્ષ ૩૧/૧૨/૦૩ | વર્ષ ૩૧/૧૨/૦૪ |
|---|---|---|
| વાલોડ | ૦ | ૧૫૦ |
| મહુવા | ૦ | ૫૩૮ |
| માંડવી | ૦ | ૧૧૧૯ |
| માંગરોળ | ૦ | ૫૯૪ |
| વ્યારા | ૦ | ૧૨૩૭ |
| સોનગઢ | ૦ | ૧૩૫૫ |
| ઉચ્છલ | ૦ | ૮૧૬ |
| નિઝર | ૦ | ૮૪૮ |
| ઉમરપાડા | ૦ | ૧૦૯૩ |
| ચોર્યાસી | ૦ | ૯૨ |
| કુલ :- | ૦ | ૭૮૪૨ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓની કાર્યવાહીઓ પૂર્ણ કરી ખેતતલાવડીઓ બનાવવામાં આવી, અને | (૨) ૩૯૯૦. |
| (૩) બાકી રહેલ પડતર અરજીઓની કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) સત્વરે. |

-------------

**રાજ્યમાં ખેડૂતોને પાક વીમાની રકમ**

૮૬૬૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં કેટલા ખેડૂતોને પાક વીમાની કુલ કેટલી રકમ ચૂકવાઈ, અને | (૧) ૬,૭૯,૫૨૫ ખેડૂતોને રૂા. ૭૨૮.૩૦ કરોડ ચુકવાયેલ છે. |
| (૨) કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને બાકી રહેલ વીમા રકમ નહીં ચૂકવવાના શાં કરણો છે? | (૨) ૧૫,૨૮૪ ખેડૂતોને રૂા. ૫,૭૪,૯૩,૧૬૦/- ચૂકવવાના બાકી છે. રવી. ૨૦૦૨-૦૩ ઋતુના રૂા. ૪,૩૦,૬૧૯/-ના દાવાઓ ભારતીય કૃષિ વીમા કંપની લી. દ્વારા ચકાસણી હેઠળ હોવાના કારણે ચૂકવવાના બાકી છે. જ્યારે વર્ષ ૨૦૦૩-૦૪ના ખરીફ અને રવી/ઉનાળુ ઋતુના રૂા. ૫,૭૦,૬૨,૫૪૧/- ના દાવાઓ કૃષિવીમા કંપનીએ ચૂકવી આપવાના છે તે સત્વરે ચુકવી આપવા રાજ્ય સરકારે કૃષિ વીમા કંપનીને જણાવ્યું છે. |

-------------

**રાજ્ય દ્વારા ઓછા માનવદિન ગુમાવવા અંગ**

૧૧૧૮૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓછા ગુમાવેલ માનવદિનની સંખ્યામાં રાજ્ય સમગ્ર દેશભરમાં પ્રથમ સ્થાને છે શું એ હકિકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યની ઔદ્યોગિક નીતિ જાળવવા માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા છે? | (૨) રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધાં છે.-<br>(૧) શ્રમ પરિસ્થિતિ ઉદ્ભવવાની શક્યતા હોય તો આગોતરી અસરકારક દરમ્યાનગીરી કરવામાં આવે છે.<br>(૨) શ્રમ પરિસ્થિતિના ત્વરિત નિરાકરણ માટે દ ટતાં પગલાં લેવામાં આવેલ છે.<br>(૩) લાંબો સમય ચાલુ રહેલ શ્રમ પરિસ્થિતિને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ની જોગવાઈ હેઠળ જરૂરી જણાય તો પ્રતિબંધિત કરવામાં આવે છે. |

------------

**પાકિસ્તાનની જેલમાં રાજ્યના માછીમારો**

૧૦૯૩૦ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કેટલા માછીમારો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ પાકિસ્તાનની જેલમાં છે, અને | (૧) ૬૫૩. |
| (૨) સરકારે તેમને છોડાવવા માટે શાં પગલાંઓ લીધા? | (૨) તેમને છોડાવવા માટે તેમની વ્યક્તિગત બાબતોની ફોટોગ્રાફસ સહિતની પ્રમાણભૂત વિગતો |

કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવે છે. તે પછી સદરહુ બાબતે પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માનનીય મંત્રીશ્રી દ્વારા, માનનીય સંસદસભ્યશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર પાઠવી દરમ્યાનગીરી કરવા વિનંતી કરવામાં આવી છે.

----------

**ધોળકા, બાવળા અને સાણંદ તાલુકામાં તલાટી કમ મંત્રીઓનું મહેકમ**

૯૨૦૫ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ધોળકા, બાવળા, સાણંદ તાલુકામાં તલાટી કમ મંત્રીઓનું મહેકમ કેટલું,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર જગ્યા |
|---|---|---|
| ૧ | ધોળકા | ૭૬ |
| ૨ | બાવળા | ૪૬ |
| ૩ | સાણંદ | ૫૩ |
| | કુલ | ૧૭૫ |

(૨) તેમાં તલાટી કમ મંત્રીની ભરાયેલ જગ્યા કેટલી છે અને ખાલી જગ્યા કેટલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ધોળકા | ૪૯ | ૨૭ |
| ૨ | બાવળા | ૩૧ | ૧૫ |
| ૩ | સાણંદ | ૪૪ | ૦૯ |
| | કુલ | ૧૨૪ | ૫૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

----------

**ભરૂચ જિલ્લામાં યોજનામાં થયેલ ગેરરીતિ**

૧૦૪૯૧**શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લા પંચાયત હસ્તકના અનુસૂચિત, સમાજ કલ્યાણ કચેરીમાંથી મકાન બેંકેબલ સરકારી યોજનામાં ડીસે.૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કર્મચારી દ્વારા મોટી ગેરરીતિ થઈ છે, તે વાત સાચી છે, અને

(૧) વર્ષ ૨૦૦૩માં મકાન સહાયની યોજનામાં રજુઆત મળેલ છે.

(૨) જો હા, તો તેમની સામે તા. ૩૧-૧-૦૫ સુધીમાં શાં પગલાં લીધેલાં છે ?

(૨) રજુઆતની વિગતે તપાસ ચાલુ છે.

----------

**સુરત શહેરમાં ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગના કોન્ટ્રાકટ લેબર રાખવા અંગે**

૧૦૧૮૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોન્ટ્રાકટ લેબર નાબૂદીની જોગવાઈ હોવા છતાં સુરત શહેરમાં ખાસ કરીને ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગમાં મોટી સંખ્યામાં કોન્ટ્રાકટ લેબર રખાય છે તે હકિકત સાચી છે, અને | (૧) ના,જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**અનુસુચિત જાતિ માટે યોજનાઓ બંધ કરવા અંગે**

૧૧૦૬૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિલાઓ માટે તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો, અંબર ચરખા માટેની નાણાંકીય સહાય, બાલ મંદિરોમાંના અનુસૂચિત જાતિના બાળકોને વિશેષ સવલતો અને ધોરણ ૮ થી ૧૦માં અભ્યાસ કરતા અનુ. જાતિઓના બાળકોને ટ્યુશન ફી અંગેની યોજનાઓ સરકારે ક્યારેથી બંધ કરી દીધી છે, | (૧) |
| (૨) આ યોજનાઓ બંધ કરવા પાછળના શા કારણો છે, અને | (૨) સામેલ પત્રક મુજબ અને |
| (૩) આ યોજનાઓ બંધ કરવાથી સરકારને કેટલી બચત થાય છે ? | (૩) |

**પત્રક**

ડૉ. પી. કે. દાસ સમિતિની અલ્પ ઉપયોગી, બેવડાતી હોય તેવી તથા અન્ય ખાતામાં ઉપયોગી હોય તેવી સરકારી યોજનાઓ રદ કરવાની ભલામણોના સંદર્ભે નીચે મુજબની યોજનાઓ રદ કરવામાં આવેલ છે.

| ક્રમ | રદ કરેલ યોજના | યોજનાની વિગત | સુધારેલ યોજના |
|---|---|---|---|
| ૧. | મહિલાઓ માટે તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો, | અનુસૂચિત જાતિની મહિલાઓને રેડીયો ટી.વી., રીપેરીંગ માટેની તાલીમ અમદાવાદ ખાતેના એક જ કેન્દ્રમાં આપવામાં આવતી હતી અને તેમાં માસિક રૂા. ૭૫/- લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવતુ હતું. | શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ જ પ્રકારની વધુ ઉપયોગી તાલીમ આપવામાં આવે છે. તેમજ સ્ટાઇપેન્ડ માસિક રૂા. ૧૨૫/- લેખે આપવામાં આવે છે. |
| ૨. | અંબર ચરખાની ખરીદી માટે નાણાંકીય સહાય | અંબર ચરખો ખરીદવા માટે રૂા. ૧૭૦૦/- સહાય આપવામાં આવતી હતી. | કુટીર ઉદ્યોગ વિભાગ હસ્તક ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા અંબર ચરખાની ખરીદી માટે રૂા. ૫૧૦૦/-ની કિંમતના ૬૫ ટકા સહાય પેટે રૂા. ૩૩૧૫/-આપવામાં આવે છે. |
| ૩. | સ્વૈચ્છિક સંસ્થા તરફથી ચલાવવામાં આવતા બાલમંદિરોમાં અનુસૂચિત જાતિના બાળકોને વિશેષ સવલતો. | સ્વૈચ્છિક સંસ્થા તરફથી ચલાવવામાં આવતા ખાનગી બાલમંદિરોમાં અનુસૂચિત જાતિના બાળકોને પ્રવેશ માટે વાલીની વાર્ષિક રૂા. ૭૨૦૦/-ની આવક મર્યાદા હતી. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા હાલ ચલાવવામાં આવતી અનુસૂચિત જાતિનાં બાળકો માટેની બાલવાડીમાં કોઇપણ આવક મર્યાદા ધ્યાનમાં લીધા વગર પ્રવેશ આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૪. | ધોરણ ૮ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના બાળકોને ટ્યુશન ફી | છાત્રાલયની સુવિધાવાળી સરકાર માન્ય ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં અને છાત્રાલયમાં રહેતા ધોરણ ૮ અને ૧૦ના વિદ્યાર્થીઓ પૈકી જેના વાલિની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨૪,૦૦૦/- હોય તેને માસિક રૂા. ૨૫૦/-લેખે વધુમાં વધુ દસ માસ માટે રૂા. ૨૫૦૦/-ચૂકવવાની યોજના હતી. | ભારત સરકારની ૧૦૦ ટકા સહાયવાળી અપ ગ્રેડેશન ઓફ મેરીટ યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, પુસ્તકો, ખિસ્સા ખર્ચી અને અન્ય સવલતો માટે રૂા. ૧૫૦૦૦/- સુધીના ખર્ચની યોજના દાખલ કરવામાં આવેલ છે. |

----------

**લીંબડી તાલુકામાં શિયાણી ગામે રસ્તાના કામ માટે લીધેલ પગલાં**

૮૬૧૧**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : તા. ૨-૬-૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૫૯૮૧(અગ્રતા-૩૮)ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકાના શિયાણી ગામે સીમેન્ટ-કોક્રીટના રસ્તાના કામમાં ધારાધોરણ અનુસાર કામ થયેલ નથી તે સામે ક્યા ક્યા જવાબદારો સામે ક્યા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા, અને<br>(૨) તા. ૩૧-૧૨-૦૪ સુધી પગલાંઓ ન લેવામાં આવ્યા હોય તેના કારણો શાં છે ? | (૧) અને (૨)<br>તાલુકા પંચાયતના જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

-----------

**ગોકુળ ગ્રામ યોજના માટે ઉદ્યોગ ગૃહો દ્વારા સેલ્સટેક્ષ ઇન્સેન્ટીવ જમા કરાવવા અંગે**

૧૦૭૭૭**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગોકુળ ગ્રામ યોજના માટે ઉદ્યોગ ગૃહો દ્વારા સેલ્સટેક્ષ ઇન્સેન્ટીવ પેટે કઇ કઇ કંપનીઓ દ્વારા પોતાના ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં આવી રકમ જમા કરાવા અંગે સંમતિ આપેલ છે, | (૧) ઔદ્યોગિક નીતિ ૧૯૯૫-૨૦૦૦ અન્વયે પ્રોત્સાહક જોગવાઇઓનો લાભ લેતા કોઇપણ ઔદ્યોગિક ગૃહને સેલ્સટેક્ષ ઇન્સેન્ટીવ પેટે ગોકુળ ગ્રામ યોજના માટે ભરપાઇ કરવાની થતી રકમો તેમના ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં જમા કરાવવા મંજૂરી આપવામાં આવેલ નથી. |
| (૨) આવી દરેક કંપનીના ટ્રસ્ટમાં કેટલી કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં જમા થયેલ છે અને આ દિવસ સુધીમાં તેઓએ ગોકુલ ગ્રામ માટે કેટલો ખર્ચ કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ફંડમાંથી થતા વિકાસ કાર્યોની મિલકત પર ટ્રસ્ટના નામ લખવાની બાબત સરકાર જાણે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**જામનગર જિલ્લામાં એસ.જી.આર.વાય.ના રસ્તા અને તળાવો**

૧૧૧૯૧ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાના રસ્તા તથા તળાવોના કુલ કેટલા કામો પૂર્ણ થયેલ છે, | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ રસ્તા અને તળાવોનાં કુલ નીચે મુજબ કામો પૂર્ણ થયેલ છે. |

**પૂર્ણ થયેલ કામો**

| કામનો પ્રકાર | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|
| રસ્તાનાં કામો | ૨૬૧ | ૧૭૪ | ૪૩૫ |
| તળાવનાં કામો | ૨૪૧ | ૬૨ | ૩૦૩ |

| | | | |
|---|---|---|---|
| કુલ... | ૫૦૨ | ૨૩૬ | ૭૩૮ |

(૨) મંજૂર થયેલા કેટલા કામો અધુરા છે, અને

(૨) મંજૂર થયેલા કામો પૈકી અધુરા રહેલા ૧૦૫ કામોની વિગત નીચે મુજબ છે.

| કામનો પ્રકાર | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|
| રસ્તાનાં કામો | ૧ | ૩૨ | ૩૩ |
| તળાવનાં કામો | ૨ | ૭૦ | ૭૨ |
| કુલ... | ૩ | ૧૦૨ | ૧૦૫ |

(૩) બાકી રહેતા કામોને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન થયેલ છે ?

(૩) બાકી રહેતાં કામો માર્ચ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## રાજ્યના માછીમારોના કુટુંબીજનોને આર્થિક સહાય

૮૨૭૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યના જે માછીમારોને પાકિસ્તાન દ્વારા પકડી જેલમાં લઇ જવાય છે તેવા માછીમારોના કુટુંબીજનોને દિવસના રૂા. ૫૦ લેખે આર્થિક સહાય આપવાની મત્સ્યોદ્યોગ વિભાગની યોજના છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા માછીમારીના કુટુંબોને કેટલી રકમ આર્થિક સહાય પેટે ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોઇ નહી.

----------

## સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના માટે અરજીઓ

૧૧૦૧૫ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય ગ્રામગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આદિવાસી તાલુકાઓમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ મકાન સહાય મેળવવા માટે અનુસૂચિત જન જાતિઓના અરજદારોની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં આવી,

(૨) આ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરીને કામ ચાલુ કરવામાં આવ્યા, અને

(૩) તેમને સહાયની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં કુલ -૪૮૧૭ અરજીઓ મળેલ છે.

(૨) આ પૈકી કુલ-૪૪૮૦ અરજીઓ મંજૂર કરીને ૩૧૧૬, કામો ચાલુ કરવામાં આવેલ છે.

(૩) રૂા. ૭૫૦.૨૪ લાખ.

----------

## રાજ્યના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા અંગે

૧૦૫૦૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ના રોજની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમારોને પાકિસ્તાનમાં અટકાયતમાં રાખવામાં આવ્યા છે તે પૈકી કેટલાને છોડાવવામાં આવ્યા, અને

(૨) બાકી રહેલ માછીમારોને છોડાવવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૧૦૨ માછીમારોને અટકાયતમાં રાખવામાં આવ્યા છે તે પૈકી ૪૪૯ ને છોડવામાં આવ્યા છે,

(૨) બાકી રહેલ માછીમારોને છોડાવવા માટે તેમની વ્યકિતગત બાબતોની ફોટોગ્રાફ્સ સહિતની પ્રમાણભૂત વિગતો કેન્દ્ર સરકારને મોકલી આપવામાં

આવે છે. તે પછી સદરહુ બાબતે પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માનનીય મંત્રીશ્રી દ્વારા, માનનીય સંસદસભ્યશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે. તાજેતરમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા પણ માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર પાઠવી દરમ્યાનગીરી કરવા વિનંતી કરવામાં આવી છે.

----------

## રાજ્યમાં રહેમરાહે નોકરી મેળવવા મળેલ અરજીઓ

૧૦૫૩૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૧-૧-૯૬ અગાઉ રહેમરાહે નોકરીથી વંચિત રહેલા આશ્રિતો તરફથી રહેમરાહે નોકરી મેળવવા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કટેલી અજીઓ સરકારને મળી, | (૧) ૧૨૪. |
| (૨) આ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવા સરારે શી કાર્યવાહી કરી, અને | (૨) મંજૂર :-૨૨<br>નામંજૂર :-૪૧<br>વિચારણા હેઠળ :-૬૧ |
| (૩) કેટલા સમયમાં તેમને રહેમરાહે નોકરીઓ આપવામાં આવશે ? | (૩) પાત્રતા ધરાવતા આશ્રિતોને જેમ બને તેમ જલ્દી. |

----------

## જુનાગઢ જિલ્લામાં માછીમારોને સહાય

૧૦૧૯૩ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના તાલુકાવાર માછીમારોને તા. ૩૦-૧૧-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર અને ભારત સરકાર તરફથી કઇ કઇ અને કેટલી સહાય મળેલ છે, | (૧) ભારત સરકાર તરફથી જીલ્લાવાર/તાલુકાવાર સહાય આપવામાં આવતી નથી. પરંતુ રાજ્યને મળેલ કેન્દ્રની સહાયમાંથી જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર માછીમારોને તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચૂકવવામાં આવેલ સહાયની વિગતો પત્રક-૧ મુજબ સામેલ છે. |
| (૨) માછીમારોને મદદરૂપ થવા સરકાર તરફથી કોઇ યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) સરકાર તરફથી માછીમારોને કઇ કઇ અને કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૩) સરકાર તરફથી માછીમારોને વિવિધ યોજના તળે સહાય આપવામાં આવે છે. જેની વિગત દર્શાવતું પત્રક-૨ સામેલ છે. |
| (૪) માછીમારોનાં લાભાર્થે સરકારે શું આયોજન કરેલ છે? | (૪) ઉપર મુજબ. |

**પત્રક-૧**

| (૧) ઓ.બી.એમ. યંત્ર પર સહાય | |
|---|---|
| તાલુકાનું નામ | ચુકવેલ સહાયની રકમ રૂા. |
| વેરાવળ | ૧,૨૦,૦૦૦ |
| માંગરોળ | ૩,૦૦,૦૦૦ |
| માળીયા | ૧,૦૫,૦૦૦ |
| સુત્રાપાડા | ૧,૩૦,૦૦૦ |
| કોડીનાર | ૧,૩૫,૦૦૦ |
| ઉના | ૫,૦૦૦ |
| કુલ.. | ૭,૯૫,૦૦૦ |
| (૨) એચ.એસ. ડી. ઓઈલ પર આબકારી જકાત રાહત | |
| તાલુકાનું નામ | ચુકવેલ સહાયની રકમ રૂા. |
| વેરાવળ | ૭૯,૯૯,૨૧૧ |
| માંગરોળ | ૨૯,૯૯,૯૮૦ |
| તલાલા | - |
| કુલ.. | ૧,૦૯,૯૯,૧૯૧ |
| (૩) માછીમાર આવાસ યોજના | |

| (૩) માછીમાર આવાસ યોજના | |
|---|---|
| તાલુકાનું નામ | ચુકવેલ સહાયની રકમ રૂા. |
| વેરાવળ | ૪,૬૩,૫૦૦ |
| માંગરોળ | - |
| તલાલા | - |
| કુલ... | ૪,૬૩,૫૦૦ |

**પત્રક-૨**

**(૧) આંતરદેશીય મત્સ્યોદ્યોગ**

**મત્સ્યબીજ ઉછેર અંતર્ગત**

મત્સ્યબીજ ઉછેર પ્રોગ્રામ અંતર્ગત રૂા. ૪૦ થી ૧૦૦ સહાય પેટે ચૂકવવામાં આવે છે.

**(૨) મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા મારફત મત્સ્યોદ્યોગ**

મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા અંતર્ગત મત્સ્ય બીજ સંગ્રહ માટે ૨૦ ટકાના ધોરણે મહત્તમ રૂા. ૬,૦૦૦/-, તળાવ સુધારણા માટે ૨૦ ટકા લેખે મહત્તમ રૂા. ૧૨,૦૦૦/-, નવા તળાવ માટે ૨૦ ટકા ની મર્યાદામાં મહત્તમ રૂા. ૪૦,૦૦૦/- સુધીની સહાય ચૂકવવામાં આવે છે.

જળાશય મત્સ્યોદ્યોગનો વિકાસ

(૧) જળાશયમાં તાંત્રિક ધોરણો મુજબ સંગ્રહ કરવામાં આવેલ મત્સ્યબીજની કિંમત પર ૫૦ ટકા લેખે સહાય આપવામાં આવે છે.

(૨) મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓના લાભાર્થીઓને મચ્છીમારી કરવા માટે ૩ માછીમારોના ગૃપ દીઠ ટીન બોટ અને જાળના એક યુનીટ પર ૫૦ ટકા લેખે બોટ/જાળ યુનીટ સહાય આપવામાં આવે છે.

(૩) મત્સ્ય વેચાણ કામગીરીમાં રોકાયેલ માછીમારોને સાયકલ અને ફીશ બોક્ષના એક યુનીટ પર ૫૦ ટકા લેખે સાયકલબોક્ષ સહાય રાહત ચૂકવવામાં આવે છે.

**દરીયાઇ મત્સ્યોદ્યોગ**

**(૧) આધુનિક સાધનો પર સહાય :-**

જી. પી. એસ. નેવીગેટર વીથ ઇન્ડીકેટર ફીશ ફાઇન્ડર, વી. એચ. એફ રેડિયો લાઇફ સેવીંગ એપ્લાયન્સ જેવા આધુનિક સાધનો પર ૫૦ ટકા ના ધોરણે મહત્તમ રૂા. ૨૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

ઉપરોક્ત બધા સાધનોની ખરીદી ઉપર રૂા. ૪૦,૦૦૦/-ની મર્યાદામાં સહાય ચૂકવવાનું ધોરણ નિયત કરેલ છે.

**ફાયબર ગ્લાસ બોટ માટે સહાય :-**

આ યોજના હેઠળ ૭.૦ મીટર સુધીની લંબાઇની ફાઇબર ગ્લાસ બોટની ખરીદી પર કિંમતનાં ૫૦ ટકા અથવા રૂા. ૧૨,૦૦૦/ અને ૭.૦ મીટર કે તેથી વધુ લંબાઇની ફાઇબર ગ્લાસ બોટની કિંમતના ૧/૩ અથવા રૂા. ૨૦,૦૦૦/- જે ઓછુ હોય તે રકમ મંજૂર કરવામાં આવે છે.

**બિન યાંત્રિક હોડીઓ માટે સહાય :-**

નાના માછીમારો દરિયાનાં છીછરા પાણીમાં લાકડાની ૧૧.૦૦ મીટર સુધીની લંબાઇની બિનયાંત્રિક હોડીઓ દ્વારા માછીમારી કરે છે. લાકડાંની બોટો મોંઘી હોઇ નાના ગરીબ માછીમારોને સહાયરૂપ થવા સરકારશ્રી દ્વારા બોટની કિંમતનાં ૩૦ ટકા અથવા રૂા. ૨૦,૦૦૦/- બે માં જે ઓછુ હોય તેટલી સહાય ચૂકવવામાં આવે છે.

**બહારના યંત્રો માટે સહાય** (કેન્દ્ર પુરસ્કૃત યોજના)

માછીમારો તેમની હોડીમાં બહારના યંત્રો બેસાડે તો તેમને યંત્રની કિંમતના ૫૦ ટકા અથવા મહત્તમ રૂા. ૨૦,૦૦૦/-બેમાંથી જે ઓછું હોય તે સહાય પેટે આપવામાં આવે છે.

**પગડીયા માછીમારોને જાળ અને સાયકલબોક્ષ માટે સહાય :-**

રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાના પગડીયા માછીમારો બટ કે વાહનો ધરાવતા નથી. તેઓ ચાલીને પગડીયા ફીશીંગ કરવા જતા હોય છે. તેઓને માછલી પકડવાની જાળ અને સાયકલબોક્ષ માટે સહાય આપવાથી તેઓના જીવન ધોરણમાં સુધારો કરી શકાય તે માટે જાળની કિંમત રૂા. ૨,૦૦૦/- અને સાયકલબોક્ષની કિંમત રૂા. ૨,૦૦૦/- મળી કુલ યુનિટ કોસ્ટ રૂા. ૪,૦૦૦/ ના ૫૦ ટકા લેખે રૂા. ૨,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

**હાઇજેનીક ફીશ માર્કેટીંગ સહાય**

આ યોજના હેઠળ માછીમારોને ઇન્સ્યુલેટેડબોક્ષ માટે રૂા. ૧,૦૦૦/- (૨) વોશીંગ કન્ટેઇનર માટે રૂા. ૫૦૦ (૩) નાના આઇસક્રશર માટે રૂા. ૫૦૦ (૪) રેકડી માટે રૂા. ૨૫૦૦/- અને (૫) વજનકાંટા માટે રૂા. ૫૦૦ મળી ઉપરોક્ત બધા સાધનો માટે રૂા. ૫,૦૦૦/- ની મર્યાદામાં સહાય આપવાનું નિયત કરેલ છે.

**માછીમાર કલ્યાણકારી આવાસ યોજના**

ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની ૫૦ ટકા હિસ્સાથી અમલીકરણ થાય છે. માછીમાર કલ્યાણકારી આવાસ યોજના હેઠળ ગરીબ અને ઘરવિહોણા માછીમારો માટે આવાસના બાંધકામ માટે રૂા. ૪૦,૦૦૦/-, ૨૦ આવાસ દીઠ એક ટ્યુબવેલ માટે રૂા. ૩૦,૦૦૦/- અને ૭૫ આવાસ દીઠ એક કોમ્યુનીટી હોલ માટે રૂા. ૭૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

**માછીમાર જુથ અકસ્માત વીમા યોજના**

માછીમાર સહકારી મંડળીઓના સભાસદ માછીમારોને આ યોજના તળે આવરી લઇ અકસ્માતના સંજોગમાં (૧) મૃત્યુના કીસ્સામાં કે કાયમી અપંગતાના કીસ્સામાં રૂા. ૫૦,૦૦૦/-તથા (૨) ઇજાના પ્રસંગોમાં રૂા. ૨૫,૦૦૦/- વળતર ચૂકવવામાં આવે છે. આ યોજનામાં ૫૦ ટકા ભારત સરકાર તથા ૫૦ ટકા રાજ્ય સરકાર ખર્ચ ભોગવે છે. માછીમારોને પ્રિમિયમ પેટે કોઇ રકમ ચૂકવવાની રહેતી નથી.

**હાઇસ્પીડ ડીઝલ ઓઇલ ઉપર વેચાણવેરામાં ૧૦૦ ટકા રાહત :-**

૨૦ મીટરથી ઓછી લંબાઇની હોડીઓ દવારા વાપરવામાં આવતા હાઇસ્પીડ ડીઝલ ઓઇલ ઉપર વેચાણવેરાની રકમનું રૂા. ૧૦૦ટકા રીઇમ્બર્સમેન્ટ આપવામાં આવે છે.

**મેચીંગ શેરફાળો :-**

સહકારી મંડળીઓને ભરપાઇ થયેલ શેર ફાળાની મર્યાદામાં મહત્તમ રૂા. ૧૦,૦૦૦/ શેરફાળો મંજૂર કરવામાં આવે છે.

----------

**સોઇલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન**

૧૦૨૦૦ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગેની કામગીરી સોઇલના ડીસે-૦૪ની સ્થિતિએ કેટલા નમૂનાઓ લેવામાં આવેલ છે, | (૧) ડિસે.-૦૪ની સ્થિતિએ ૩,૬૦,૫૧૧ નમૂના લેવામાં આવેલ છે. |
| (૨) સોઇલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં આપવામાં આવ્યા છે, અને | (૨) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ૨,૦૫,૩૮૯ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. |
| (૩) રાજ્યના તમામ ખેડૂતોને ક્યાં સુધીમાં આ કાર્ડ આપવાનું આયોજન છે ? | (૩) સને ૨૦૦૫ માં ૩.૬૪ લાખ ખેડૂતોને અને ત્યાર બાદ તબક્કાવાર તમામ ખેડૂતોને આ કાર્ડ આપવાનું આયોજન છે. |

----------

**ડાંગ જિલ્લામાં સહકારી મંડળીઓના હિસાબો પૂર્ણ કરવા અંગે**

૧૦૧૭૯ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં જિલ્લામાં તાલુકાવાર કેટલી સહકારી મંડળીઓના હિસાબો ઓડીટ કામ બાકી છે, અને | (૧) ૫૦. |
| (૨) આ ઓડીટ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે અને સમયસર ઓડીટ કામ પૂર્ણ નહી થવાનાં કારણો શાં છે ? | (૨) આયોજન મુજબ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. ૪૬ મંડળીઓના ઓડીટની કામગીરી પ્રગતિમાં છે. ૨ મંડળીઓએ દફતર રજૂ નહીં થવાને કારણે ઓડીટ બાકી છે અને ૨ મંડળીઓ સામે સહકારી કાયદાની કલમ-૧૪૭ની કાર્યવાહીને કારણે ઓડીટ બાકી છે. |

-------------

**ભરૂચ જિલ્લા/તાલુકા પંચાયતમાં ખાલી જગ્યાઓ**

૧૦૫૧૫ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં કયા કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) જિલ્લા પંચાયત હેઠળ ૧૪ સંવર્ગોની ૧૭ જગ્યાઓ ખાલી છે. પત્રક-૧ મુજબ<br>તાલુકા પંચાયતો હેઠળ ૧૬ સંવર્ગોની ૬૯ જગ્યાઓ ખાલી છે. પત્રક-૨ મુજબ. |

**પત્રક-૧**

ભરૂચ જિલ્લા પંચાયતમાં ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક-તા. ૧/૨/૨૦૦૫ની સ્થિતિએ.

| અ. નં. | સંવર્ગનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસુલ) | ૧ |
| ૨. | નાયબ જીલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) | ૧ |
| ૩. | મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી | ૧ |
| ૪. | કાર્યપાલક ઈજનેરશ્રી (સિંચાઈ) | ૧ |
| ૫. | નાયબ પશુપાલન નિયામક | ૧ |
| ૬. | જીલ્લા મેલેરીયા અધિકારી | ૧ |
| ૭. | ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | ૧ |
| ૮. | નાયબ ચીટનીસ | ૧ |
| ૯. | નાયબ હિસાબનીશ | ૧ |
| ૧૦. | સીનીયર કલાર્ક | ૨ |
| ૧૧. | સંશોધન મદદનીશ | ૨ |
| ૧૨. | જુનીયર કલાર્ક (હિસાબ) | ૧ |
| ૧૩. | ડ્રાયવર | ૨ |
| ૧૪ | પટાવાળા | ૧ |
| | કુલ | ૧૭ |

**પત્રક-૨**

**ભરૂચ તાલુકા પંચાયતોમાં ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગ/જગ્યાનું નામ | જંબુસર | આમોદ | વાગરા | ભરૂચ | અંકલેશ્વર | હાંસોટ | વાલીયા | જગડીયા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વર્ગ-૧ | -- | -- | -- | -- | -- | -- | ૧ | ૧ | ૨ |
| ૨. | વર્ગ-૨ | ૩ | ૧ | -- | ૨ | ૧ | -- | ૨ | ૩ | ૧૨ |
| ૩. | મદદનીશ તાલુકા વિકાસ અધિકારી | ૧ | ૧ | ૧ | ૧ | -- | ૧ | -- | -- | ૫ |
| ૪. | નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૧ | -- | ૧ | ૧ | ૧ | ૧ | ૭ |
| ૫. | તાલુકા પંચાયત અધિકારી | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | ૧ |
| ૬. | આંકડા મદદનીશ | ૧ | ૧ | -- | -- | -- | ૧ | -- | -- | ૩ |
| ૭. | વિસ્તરણ અધિકારી બાંધકામ | -- | -- | -- | -- | -- | -- | ૧ | ૧ | ૨ |
| ૮. | સીનીયર કલાર્ક (વહીવટ) | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | ૧ |
| ૯. | જુનીયર કલાર્ક (વહીવટ) | -- | ૧ | -- | -- | -- | ૧ | -- | -- | ૨ |
| ૧૦. | જુનીયર કલાર્ક (હિસાબ) | -- | ૧ | -- | -- | -- | -- | -- | ૧ | ૨ |
| ૧૧. | સર્કલ ઈન્સ્પેકટર | ૧ | -- | ૨ | -- | -- | ૧ | -- | ૧ | ૫ |
| ૧૨. | ડ્રાયવર | ૨ | ૧ | -- | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૧૩. | પટાવાળા | ૧ | -- | ૨ | -- | -- | -- | -- | -- | ૩ |
| ૧૪. | મુખ્યસેવિકા | ૨ | ૨ | -- | -- | -- | -- | ૪ | ૮ | ૧૬ |
| | કુલ | ૧૩ | ૧૦ | ૬ | ૪ | ૩ | ૬ | ૧૦ | ૧૭ | ૬૯ |

| | | |
|---|---|---|
| (૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | | (૨) <u>જિલ્લા પંચાયત હેઠળની જગ્યાઓ</u><br>ત્રણ માસ સુધીની -૨<br>ત્રણથી છ માસ વચ્ચેની -૩<br>છ થી બાર માસ વચ્ચેની-૪<br>૧ વર્ષ ઉપરાંતથી -૮<br>---------- |

| ક્રમ | સંવર્ગ/જગ્યાનું નામ | જંબુસર | આમોદ | વાગરા | ભરૂચ | અંકલેશ્વર | હાંસોટ | વાલીયા | જગડીયા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુલ -૧૭<br>----------<br>તાલુકા પંચાયત હેઠળની જગ્યાઓ<br>ત્રણ માસ સુધીની -૬<br>ત્રણથી છ માસ વચ્ચેની -૧<br>છ થી બાર માસ વચ્ચેની-૨૦<br>૧ વર્ષ ઉપરાંતથી -૪૨<br>----------<br>કુલ -૬૯<br>---------- | | | | | |
| (૩) ખાલી રહેવાના શાં કારણો છે, અને<br><br>(૪) આ ખાલી જગ્યાઓ સરકાર દ્વારા કેટલા સમયમાં ભરવામાં આવશે ? | | | | | (૩) વહીવટી કારણોસર<br><br>(૪) બનતી ત્વરાએ. | | | | | |

------------

## કરંબેલા અને કલગામે ગૌચરની જમીનમાં દબાણો

૧૦૯૦૧ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કરંબેલા અને કલગામે ગામોમાં ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ ગૌચરની કેટલી જમીન છે,

(૨) આ જમીન ઉપર તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ દબાણ થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો દબાણ કેટલા સમયમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કરંબેલા ગામે ૩૩.૬૩.૯૪ અને કલગામે ૨૩૩.૭૪.૫૪ હે.આરે.પ્રતિ ગૌચરની જમીન છે,

(૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કરંબેલા ગામે ગૌચરની જમીનમાં દબાણ નથી જ્યારે કલગામ ગામે ગૌચર જમીનમાં દબાણ થયેલ છે.

(૩) દબાણ દૂર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

------------

## પુનઃગઠન યોજના હેઠળ ખેડૂત બાકીદારોને હપ્તા કરી આપવા અંગે

૮૩૩૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પુનઃગઠન યોજના (રીશિડયુલમેન્ટ) હેઠળ મુદતવીતી ખેડૂત બાકીદારોને કરજ વ્યાજને હપ્તામાં ફેરવી આપવાની યોજનાના અમલીકરણમાં રાજ્યમાં કિસાનોને આર્થિક ભારણ વધુ હોવાથી કરજ હપ્તા પરત કરવા શકિતમાન નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારે કરેલ જાહેરાત મુજબ આગામી ત્રણ વર્ષમાં કૃષિ ધિરાણ બમણું કરવાનું રહે છે અને તે મુજબ નાબાર્ડની પુનઃગઠન યોજનાનો અમલ કરવા સંબંધિત સહકારી બેંકોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

------------

## સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં ફેરફાર

૮૦૬૪ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાતફેરા સમુહ લગ્ન યોજના અગાઉ તમામ વર્ગોને મળતી હતી. આ યોજનામા કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) હા જી, અંશતઃ ફેરફાર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેમાં હાલમાં કયા કયા વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને | (૨) અનુસૂચિત જાતિ તથા અન્ય પછાતવર્ગો નો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજનામાં ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩૧ ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં બચતપત્રો અને અન્ય મળીને રાજ્ય સરકારે કેટલા નવ દંપતિઓને આ સહાય ચુકવી છે ? | (૩) ૭૯૫ દંપતિઓને. |

-----------------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત સહકારી મંડળીના વિરુધ્ધની ફરિયાદ

૧૦૯૧૧ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ ખેડૂત સહકારી મંડળીઓ પૈકી કોઈ મંડળીના મંત્રી વિરુધ્ધ ફરિયાદ થવા પામેલ છે કે કેમ, | (૧) હા, જી. બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકા દીઠ નીચે પ્રમાણે મંડળીઓમાં મંત્રી વિરુધ્ધ ફરિયાદ થવા પામેલ છે. |

| તાલુકા | મંડળીઓની સંખ્યા વર્ષ--૨૦૦૩ | વર્ષ-૦૪ |
|---|---|---|
| ડીસા | ૨ | -- |
| વાવ | -- | ૧ |
| ધાનેરા | -- | ૧ |
| કાંકરેજ | -- | ૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા, તો આવી મંડળીઓ કઈ કઈ છે, અને | (૨) -થેરવાડા સેવા સહકારી મંડળી લી, તા. ડીસા<br>-બુરાલ પટેલવાસ સેવા સહકારી મંડળી લી, તા. ડીસા<br>-જાખેલ સેવા સહકારી મંડળી લી, તા. કાંકરેજ<br>-લીબુડી સેવા સહકારી મંડળી લી, તા. વાવ<br>-રામપુરા (વાઘપુરા) સેવા સહકારી મંડળી લી, તા. ધાનેરા |
| (૩) જવાબદાર મંડળીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) તપાસ કરાવતાં કોઈ મંડળીમાં ગેરરીતીઓ થયેલ હોવાનું જણાઈ આવેલ નથી. |

-----------------

## રાજ્યમાં આવેલા એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન

૧૦૪૯૮**શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા એગ્રીકલ્ચર એક્ષોપર્ટ ઝોન હાલમાં કાર્યરત છે, | (૧) ૨ (બે). |

| | |
|---|---|
| (૨) તલ માટે એગ્રીકલ્ચર ઝોનને મંજૂરી મળી છે તે વાત સાચી છે, અને | (૨) હા. જી, |
| (૩) જો હા, તો તેનાથી રાજ્યને શો ફાયદો થશે? | (૩) રાજ્યમાં એગ્રીકલ્ચર એક્ષોપર્ટ ઝોનની સ્થાપના કરવાથી રાજ્ય સરકાર, ભારત સરકાર, નિકાસકારો અને પ્રોસેસીંગ યુનિટોના ઉદ્યોગ સાહસિકો દ્વારા એકસાથે મળીને સંકલિત અભિગમ અપનાવવામાં આવશે. જેનાથી ગુજરાતના તલની આંતરરાષ્ટ્રિય સ્તરે સ્પર્ધાત્મકતા વધશે અને ખેડૂતોને પોષણક્ષમ વળતર મળશે. |

--------------

## રાજકોટ જિલ્લામાં ખેડૂત મૃત્યુ વીમા યોજના હેઠળ ચૂકવેલ રકમ

૮૧૧૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ખેડૂત મૃત્યુ વીમા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં વીમો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૨૫૬. |
| (૨) તેમાંથી કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ૫૮. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૫૭.૫૦ લાખ. |

--------------

## રાજ્યમાં ટીસ્યુ કલ્ચરથી ખેતી

૧૦૯૨૩ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ટીસ્યુકલ્ચરથી ખેતીને પ્રોત્સાહિત કરવા કઈ કઈ યોજનાઓ નક્કી થઈ, | (૧) તા. ૩૧/૧/૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ટીસ્યુકલ્ચરથી ખેતીને પ્રોત્સાહિત કરવા નીચેની યોજનાઓ નક્કી થઈ છે :-<br>(૧) ટીસ્યુકલ્ચર રોપાના વાવેતર માટે ખેડૂતોને સહાય.<br>(૨) ખારેક પાકમાં ટીસ્યુકલ્ચર પધ્ધતિથી રોપાઓ તૈયાર કરવા સંશોધનની યોજના.<br>(૩) કેન્દ્રપુરસ્કૃત યોજના હેઠળ ટીસ્યુકલ્ચર યુનિટ સ્થાપવા સહાય આપવાની યોજના. |
| (૨) કઈ કઈ અને કયા કયા સ્થળે ખેતી ટીસ્યુકલ્ચરથી થાય છે, અને | (૨) રાજ્યમાં હાલમાં મુખ્યત્વે કેળના પાકમાં ટીસ્યુકલ્ચર રોપાથી ખેતી થાય છે, જે ખેતી મુખ્યત્વે કેળ પકવતા ખેડા, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત અને નવસારી જિલ્લાઓમાં થાય છે. આ ઉપરાંત સાબરકાંઠા પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં પણ કેળપાકના વાવેતરની શરૂઆત થયેલ છે, તથા દક્ષિણ ગુજરાતમાં શેરડીમાં ટીસ્યુકલ્ચરથી વાવેતર થાય છે. |
| (૩) ટીસ્યુકલ્ચર ખેતીના શાં પરિણામો છે? | (૩) ટીસ્યુકલ્ચરથી તૈયાર કરેલ રોપા ઉંચી ગુણવત્તાવાળા તથા સારા ગુણધર્મોવાળા માતૃછોડમાંથી પસંદગી કરવાને કારણે ચોકક્સ સમયે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. |

-------------

### કૃષિપંચના અહેવાલની ભલામણ

૧૦૪૯૫ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય કૃષિ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ પંચના અહેવાલમાં કરવામાં આવેલ ભલામણોના અભ્યાસ માટે એક અભ્યાસ જૂથની રાજ્ય સરકારે નિમણૂક કરી છે. એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અભ્યાસ જુથે અભ્યાસ કરીને અહેવાલ સરકારને કયારે સુપ્રત કર્યો, અને | (૨) અભ્યાસ જૂથે તા. ૮-૧-૯૬ના રોજ અહેવાલ સુપ્રત કરેલ છે. |
| (૩) તેના પર સરકારે તા. ૩૧-૧-૦૫ સુધીમાં શી કાર્યવાહી કરી? | (૩) કૃષિ પંચના અહેવાલ અન્વયે નીમવામાં આવેલ અભ્યાસ જૂથની કુલ-૧૬૩ ભલામણો પૈકી કૃષિ ખાતાની ૬૩ ભલામણો પૈકી ૪૮ ભલામણોનો નિકાલ થયેલ છે અને માત્ર ૧૫ ભલામણો પર વિચારણા ચાલુ છે. આ અંગે સમયાંતરે સમીક્ષા હાથ ધરવામાં આવે છે. |

----------

### ચોટીલા અને સાયલા તાલુકામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ

૮૮૩૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિકન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષ દરમ્યાન ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા સામાજિક અને શૈક્ષિણક પછાત વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) ગણવેશ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### ખેડા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

૮૭૦૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૨ થી તા. ૩૧-૧-૦૫ સુધીમાં ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ કલ્યાણના પ્રાથમિક અને માધ્યમિક શાળાના કેટલા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૧) કુલ ૬,૩૭,૯૧૪ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૬૮૩.૦૯ લાખ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. |
| (૨) કેટલા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી છે? | (૨) ૪૮,૩૧૭ વિદ્યાર્થીઓને રૂા. ૫૧.૦૯ લાખ શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી છે. |

-------

### વિરમગામ અને સાણંદ તાલુકામાં ખેડૂત ખાતેદાર વીમા હેઠળ ચૂકવાયેલ રકમ

૧૧૧૫૭ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ખેડૂત ખાતેદાર વીમા યોજના હેઠળ તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વિરમગામ અને સાણંદ તાલુકામાં કેટલા ખેડૂતોની રકમ મંજૂર કરવામાં આવી?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | મંજૂર કરેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વિરમગામ | ૫ | ૫.૦૦ |
| ૨ | સાણંદ | ૮ | ૮.૦૦ |

----------

**કચ્છ જિલ્લાના જળાશયોમાં ગેરકાયદેસર માછીમારીની પ્રવૃત્તિ**

**૧૦૯૧૪ શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં આવેલા ક્યા ક્યા જળાશયોમાં અને તળાવોમાં ડીસે. ૨૦૦૪ની સ્થિતિએ ગેરકાનૂની માછીમારી પ્રવૃત્તિ ચાલી રહી છે, | (૧) કયાંય નહી. |
| (૨) આ ગેરકાનૂની પ્રવૃત્તિ કરનાર ઈસમો કોણ કોણ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જળાશયો તથા તળાવોમાં કેટલા ચેકીંગ/નિરીક્ષણો કરવામાં આવ્યાં, અને | (૩) કુલ ૫૨ (બાવન) ચેકીંગ/નિરીક્ષણો કરવામાં આવેલ છે. |
| (૪) આ ગેરકાનૂની પ્રવૃત્તિ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**બહુમતી સમાજની વસ્તીના ધોરણે ભૂરીયા સમિતિનો અમલ કરવા અંગે**

**૧૦૫૨૮ શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) : માનનીય પંચાયત** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ભૂરીયા સમિતિના અહેવાલ પ્રમાણે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિઓ માટે ૫૦ ટકા બેઠકોની ફાળવણી માટે સરકારનું શું આયોજન છે? | રાજ્યમાં ભૂરીયા સમિતિના અહેવાલ પ્રમાણે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં અનુસૂચિત આદિજાતિઓ માટે ૫૦ ટકા બેઠકોની ફાળવણી માટે રાજ્ય સરકારે ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ ક્રમાંક-૫/૧૯૯૮થી કાયદાકીય જોગવાઈ કરેલ છે. |

----------

**વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ પાછળ ખચ**

**૧૦૨૦૮ શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ નવા આવાસ માટે કેટલો ખર્ચ થયો, અને | (૧) વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ નવા ઈન્દિરા આવાસ માટે રૂા. ૨૫૮.૩૪ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) કુલ કેટલા આવાસો તૈયાર કરવામાં આવ્યા ? | (૨) કુલ ૭૮૯ આવાસો તૈયાર કરવામાં આવેલ છે. |

----------

**રાજ્યમાં પશુ સંરક્ષણ અધિનિયમ અન્વયે નોંધાયેલ કતલખાના**

**૧૦૫૨૨શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ અન્વયે રાજ્યમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ નોંધાયેલ રજીસ્ટર્ડ કતલખાનાની સંખ્યા કેટલી છે, | (૧) ૩૮. |
| (૨) કુલ કેટલા કયા કયા પ્રકારનાં પશુઓની કતલના કોટા કરવામાં આવ્યા છે, અને | (૨) એક અઠવાડિયામાં વધુમાં વધુ કુલ :<br>(અ) ભેંસો-૧૪૬૯<br>(બ) સાંઢ અને બળદ-૬૬૮ |
| (૩) ડીસેમ્બર-૦૪ની સ્થતિએ ૧ વર્ષમાં કેટલા નવા કતલખાનાને રજીસ્ટર્ડ કરી નોંધવામાં આવ્યાં? | (૩) એકપણ નહીં. |

----------

**ધોરણ ૧ થી ૭ના અનુસૂચિત જાતિનાં બાળકોને ગણવેશ પેટે રકમ ચૂકવવા અંગે**

૧૧૧૮૮ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭માં ભણતા અનુસૂચિત જાતિનાં બાળકોને વર્ષ ૨૦૦૪-૦૫ માટે ગણવેશ પેટે રોકડ રકમ ચૂકવવા નિર્ણય કરેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કુલ કેટલાં બાળકોને કેટલી રકમ ચુકવી? | (૨) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં કુલ ૧૭,૨૫૩ બાળકોને કુલ રૂા. ૨૫,૮૭,૯૫૦/-ની રકમ ચૂકવવામાં આવી. |

----------

**ગાંધીનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૦૨૦૨ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો સમરસ ગ્રામ પંચાયત તરીકે ગાંધીનગર જિલ્લામાં જાહેર કરવામાં આવી, | (૧) ૬૭. |
| (૨) આ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન ગ્રાંટ તરીકે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) રૂપિયા ૪૦.૬૦ લાખ. |
| (૩) આ ગ્રાંટનો ગ્રામ પંચાયતોએ કયા કયા કામોમાં ઉપયોગ કર્યો? | (૩) સ્થાનિક વિકાસનાં કામો જેવાં કે પીવાના પાણીની પાઈપલાઈન, વારીગૃહ, નવીન બોર, નવા સબ મર્શીબલ પંપની ખરીદી, મોટર મરામત, હવાડા મરામત, ગ્રામ્ય રસ્તા મરામત, પંચાયત ઘર મરામત, પ્રાથમિક શાળા મરામત, ટ્યુબવેલ મરામત, કોમ્યુનીટી હોલનું બાંધકામ, સ્ટ્રીટલાઈટનાં કામો, સીમેન્ટ કોંક્રીટ રસ્તા, ધોબીઘાટ, તળાવનાં કામો, પંચાયત રંગરોગાન વગેરેમાં ઉપયોગ કરવામાં આવેલ છે. |

----------

**શિહોર તાલુકામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ અલગ આપવા દરખાસ્ત**

૧૦૫૧૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિહોર તાલુકામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ અલગ આપવા માટેની દરખાસ્ત સરકારને મળેલ છે કે નહીં, | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો કઈ તારીખે મળેલ છે અને સરકાર શિહોર તાલુકાને નવી ખેત ઉત્પન્ન બજાર સમિતિની મંજૂરી આપવા માંગે છે કે નહીં, અને | (૨) તા. ૧૬-૯-૨૦૦૪. |
| (૩) જો, હા, તો કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવશે, અને જો ના, તો તેનાં કારણો શાં છે? | (૩) ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનયમની કલમ-૫ (૧) અન્વયે શિહોર તાલુકાના મહેસુલી વિસ્તારને બજારવિસ્તાર તરીકે અને તે વિસ્તારમાં નિયંત્રણમાં લેવાની સૂચિત કૃષિ વિષયક જણસીઓ અંગેનું પ્રાથમિક જાહેરનામું તા. ૧૯-૨-૦૫થી પ્રસિધ્ધ કરી એક માસમાં વાંધા-સૂચનો માંગેલ છે, જેની ઉપર વિચારણા કરી આખરી નિર્ણય કરવામાં આવશે. |

**નર્મદા જિલ્લામાં ગૌચરનાં દબાણ દૂર કરવા અંગે**

**૧૦૭૩૦શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલા ગૌચર દબાણો તાલુકાવાર થયા છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | નાંદોદ | ૩૧૫ |
| ૨ | દેડીયાપાડા | ૧૪૪ |
| ૩ | સાગબારા | ૦૮ |
| ૪ | તિલકવાડા | ૧૭ |

(૨) દબાણ દૂર કરવાની જવાબદારી કોની છે,

(૨) ગ્રામ પંચાયતની.

(૩) આ દબાણો દૂર કરવા શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને

(૩) દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાયેલ છે.

(૪) દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ.

----------------

**પંચમહાલ જિલ્લામાં ફાળવાયેલ બક્ષીપંચનાં છાત્રાલયો**

૧૧૧૧૫ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૦૩-૦૪ના વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં સરકારે જાહેર કરેલા બક્ષીપંચ પછાત તાલુકાઓની આશ્રમશાળા બાલવાડી કુમાર તથા કન્યા છાત્રાલયોની કેટલી જગ્યા કયા કયા તાલુકામાં આપવામાં આવી છે,

(૧) એકપણ નહીં.

(૨) કેટલી છાત્રાલયો, આશ્રમશાળાઓ ગેરવહી-વટને લીધે સ્થગિત કરવામાં આવી, અને

(૨) સ્થગિત કરવામાં આવી નથી, પરંતુ ૪ છાત્રાલયો તથા ૨ બાલવાડીઓની માન્યતા રદ કરવામાં આવી છે.

(૩) સ્થગીત કરેલ છાત્રાલયો અને આશ્રમશાળાઓને ફરી શરૂ કરવા માટે સરકારની શી વિચારણા છે?

(૩) ગેરવહીવટવાળી સંસ્થાઓ ચાલુ રાખવા સરકાર માંગતી નથી.

----------------

**અમરેલી જિલ્લા પંચાયતનું મહેકમ**

૮૫૧૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ મહેકમ સામે કુલ કેટલી જગ્યાઓ ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) ૫૨ ખાલી જગ્યા, મોટા ભાગની ખાલી જગ્યાઓ ૧ વર્ષથી ઓછા સમયથી અને કેટલીક જગ્યાઓ તેથી વધુ સમયથી ખાલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે?

(૨) હાલમાં બઢતી તથા રહેમરાહે નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

----------------

### પાટણ જિલ્લામાં સરદાર આવાસ યોજના બાંધવાનો લક્ષ્યાંક

૮૩૧૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ૨૦૦૪ના વર્ષમાં સરદાર આવાસ યોજના માટે પાટણ જિલ્લામાં કેટલા આવાસો બાંધવાનો લક્ષાંક નક્કી કરેલો, | (૧) ૧૦૭૯ આવાસો બાંધવાનો લક્ષાંક નક્કી કરેલ છે. |
| (૨) નક્કી કરેલ લક્ષાંક પ્રમાણે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, અને | (૨) પૂર્ણ -૨૮<br>પ્લીંથ લેવલે -૯૦૧<br>રૂફ લેવલે -૧૫૦ |
| (૩) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કુલ કેટલા આવાસો બાંધવાના બાકી છે? | (૩) ૧૦૫૧ પૂર્ણ કરવાના બાકી છે. |

-------------

### ગ્રામ વિકાસમાં બી.પી.એલ. નાગરિકોની સંખ્યા

૧૦૭૨૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સર્વે પહેલાં રાજ્યમાં બી.પી.એલ. નાગરિકોની સંખ્યા કેટલી હતી, | (૧) રાજ્યમાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા ૨૩,૨૯,૩૭૮ છે. |
| (૨) નવા સર્વે પછી બી.પી.એલ.ની સંખ્યા રાજ્યમાં કેટલી છે, અને | (૨) દશમી પંચવર્ષીય યોજના માટે બી.પી.એલ. સંખ્યા નક્કી કરવાની કાર્યવાહી ગતિમાં છે. |
| (૩) કેટલા ટકા લોકોનો બી.પી.એલ.માં સમાવેશ થશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

### સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડ પ્રોજેકટમાં ભ્રષ્ટાચાર

૮૪૧૬ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧૦-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડ પ્રોજેકટમાં ભ્રષ્ટાચાર કરેલ સંસ્થાઓને રીકવરીની નોટીસ આપવામાં આવી છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી અને કઈ કઈ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી સંસ્થાઓએ કેટલી રકમ જમા કરાવેલ છે, અને | (૨) તા. ૧-૧૦-૦૪ની સ્થિતિએ બે સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે.<br>• (૧) નાના કેરાલા પિયત ખેતી ઉત્કર્ષ મંડળ (૨) ડૉ. એમ.એ.શુકલ, રીસર્ચ એન્ડ મેમોરીયલને નોટીસ આપવામાં આવેલ છે.<br>• તે પૈકી નાના કેરાળા પિયત ઉત્કર્ષ મંડળ દ્વારા રૂા. ૧૨.૫૦ લાખ જમા કરાવેલ છે. |
| (૩) બાકી રહેતી સંસ્થાઓ સામે સરકારે ક્યારે અને શી કાર્યવાહી કરી છે? | (૩) ડૉ. એમ.એ.શુકલ રીસર્ચ એન્ડ મેમોરીયલની વસૂલાત બાકી છે. આ અંગે કરેલ કાર્યવાહીની વિગતો સામેલ પરિશિષ્ટ મુજબ છે. |

## <u>પરિશિષ્ટ</u>

**તા. ૧-૧૦-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વોટરશેડ કાર્યક્રમમાં અનિયમિતતા અંગે રીકવરી અંગે કરેલ કાર્યવાહીની સંસ્થાવાર વિગત**

**(૧) નાના કેરાળા પિયત ખેતી ઉત્કર્ષ સહકારી મંડળ : આ સંસ્થાની નાણાંકીય અનિયમિતતા અંગે નીચે મુજબ કાર્યવાહી કરેલ છે :-**

- આ સંસ્થાની નબળી કામગીરી અંગે સૌ પ્રથમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નાયબ નિયામકશ્રીને પ્રથમ તપાસ તા. ૬-૮-૦૧ના રોજ સુપ્રત કરવામાં આવી.
- નાયબ નિયામકશ્રી દ્વારા તા. ૧૦-૧૦-૦૩ના રોજ તપાસ કરવામાં આવી.
- નાયબ નિયામકશ્રી દ્વારા તા. ૧૮-૧૦-૦૩ના રોજ અહેવાલ રજુ કરવામાં આવ્યો.
- તા. ૧૮-૧૦-૦૩ની જિલ્લાની વિજીલન્સ કમિટીમાં અહેવાલ બાબતે ચર્ચા-વિચારણા કરી સંસ્થા પાસે રીકવરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ નિર્ણયને કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ દ્વારા તા. ૨૭-૧-૦૪ના બહાલી આપવામાં આવી.
- બહાલી અન્વયે સંસ્થા પાસેથી પીઆઈએ લેવલે રૂા. ૧૫.૭૪ લાખ અને કમિટી લેવલે રૂા. ૨૫.૬૫ની વસૂલાતની રકમ નક્કી કરવામાં આવી.
- આ વસૂલાત અન્વયે સંસ્થા પાસેથી તા. ૧૯-૧૧-૦૩ના રોજ રૂા. ૧૨.૫૦ લાખની રીકવરી થયેલ છે.
- જ્યારે બાકી રહેતી વસૂલાત અંગે સંસ્થાઓ દ્વારા વાંધાઓ રજુ થતાં સંસ્થા દ્વારા થયેલ કામો વસૂલાત અંગે રાજ્ય કક્ષાએથી થર્ડ પાર્ટી મોનીટરીંગ અંગે નીમાયેલ સંસ્થા વાપકોસ દ્વારા ચકાસણી કરાવી અહેવાલ રજુ કરવા તા.૨-૧૧-૦૪ રોજ સુચના આપવામાં આવી.
- વાપકાસ સંસ્થા દ્વારા આ અંગેનો અહેવાલ રજુ થયેલ છે. જેની ચકાસણી સરકારશ્રીની વિચારણા હેઠળ છે.
- આ અંગે નિર્ણય થયેથી બાકી વસૂલાતની કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે.

(૨) ડૉ.એમ.એ.શુકલ લાઈફ રીસર્ચ સેન્ટર સંસ્થા દ્વારા થયેલ અનિયમિતતા અંગે વસૂલાત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- સંસ્થાની કામગીરી નબળી જણાતાં તા. ૨૦-૧૦-૦૩ના રોજ સંસ્થાની કામગીરી અંગે નાયબ નિયામકશ્રીને તપાસ સુપ્રત કરવામાં આવી.
- નાયબ નિયામકશ્રી દ્વારા તા. ૨૮-૧૧-૦૩ના રોજ તપાસ કરવામાં આવી.
- નાયબ નિયામકશ્રી દ્વારા આ અંગેનો તપાસ અહેવાલ તા. ૧૨-૧૨-૦૩ના રોજ રજુ કરેલ છે.
- આ સંસ્થાની કામગીરી અંગે તા. ૧૮-૧૦-૦૩ની જિલ્લાની વિજીલન્સ અને મોનીટરીંગ કમિટીમાં ચર્ચા વિચારણા કરી સંસ્થા પાસેથી રૂા. ૩.૪૫ લાખની વસૂલાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ વસૂલાત અન્વયે સંસ્થાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તા. ૨-૧-૦૪, તા. ૩-૨-૦૪, તા. ૩૦-૩-૦૪ અને તા. ૨૧-૯-૦૪ના ના પત્રથી વસૂલાત અંગે નોટીસ આપવામાં આવેલ છે.
- કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી દ્વારા આ વસૂલાતને તા. ૧૪-૧૦-૦૪ના પત્રથી બહાલી આપવામાં આવેલ છે.
- સંસ્થાને પુનઃ તા.૪-૧૨-૦૪ના પત્રથી નોટીસ આપવામાં આવેલ છે.
- સંસ્થા પાસેથી વસૂલાતની તમામ રકમ બાકી છે.

------------

## બનાસકાંઠા જિલ્લામાં પાક વીમાની ચૂકવવાની બાકી રકમ

૧૦૯૭૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પાકવીમાની કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં ચૂકવવાની બાકી છે, અને | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ફકત દાંતીવાડા તાલુકામાં પાકવીમાના રૂા.૬૭૨૮/- ચૂકવવાના બાકી છે. |
| (૨) આવી બાકી રકમ સત્વરે ચૂકવવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) ભારતીય કૃષિ વીમા કંપની લીમીટેડ, અમદાવાદને આ રકમ ચૂકવવા જણાવેલ છે. |

----------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સાયન્સ પ્રવાહમાં ટ્યુશન સહાય**

૧૦૫૧૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૧૧,૧૨ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટ્યુશન સહાય આપવાની યોજના અમલમાં છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવેલ છે? | (૨) કુલ ૮૧ વિદ્યાર્થીઓને રૂા. ૯.૦૬ લાખ ટ્યુશન સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે. |

----------

**આઈ.ટી. યુગને કારણે વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન**

૧૧૧૬૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવર્તમાન (આઈ.ટી.)ના યુગને ધ્યાને રાખી રાજ્ય સરકારે વ્યવસ્યાલક્ષી તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી સંસ્થામાં આવા અભ્યાસક્રમો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવ્યા છે, અને | (૨) ૨૦૦૩- ૫ સંસ્થાઓ<br>૨૦૦૪- ૨૭ સંસ્થાઓ<br>---------<br>કુલ ૩૨ સંસ્થાઓ |
| (૩) કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવે છે? | (૩) ૭,૬૩૨. |

----------

**વડોદરા જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રીની ખાલી જગા**

૯૧૬૭ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૩૪. |
| (૨) આ ખાલી જગ્યા ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

----------

**મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૧૦૨૧૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૪ અંતિત રોજગાર વિનિમય કચેરી મહેસાણા જિલ્લામાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી છે ? | ૪૫૮૬૭. |

-----------

**કડી તાલુકામાં લઘુત્તમ વેતન અન્ય મજૂર કાયદાઓના ભંગ અન્વયે ફરિયાદ**

૧૧૧૨૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી)** : **માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ના રોજ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકામાં લઘુત્તમ વેતન તેમજ અન્ય મજૂર કાયદાઓના ભંગ બદલ કેટલા એકમો સામે ફરિયાદો મળી, | (૧) લઘુત્તમ વેતનમાં ૯૧ અને અન્ય મજૂર કાયદાઓના ભંગ બદલ ૧૦૩ મળીને કુલ ૧૯૪ એકમો સામે ફરીયાદ મળેલ છે. |

(૨) કેટલા એકમોમાં ગેરરીતિઓ પકડાઇ, | (૨) ૬૯ એકમોમાં જુદા જુદા કાયદા ભંગ થયાની વિગત જણાયેલ છે.

(૩) કેટલા એકમો સામે પગલાં ભરવામાં આવ્યા, અને | (૩) ૬૯ એકમો સામે કાયદા ભંગ અંગે પગલાં લેવામાં આવેલ છે.

(૪) પગલા ભરવાના બાકી રહેવાનાં કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**કચ્છ જિલ્લામાં રિલાયન્સ ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ દ્વારા થયેલ કામો**

૧૦૯૦૮ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં રિલાયન્સ ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫માં ૩૧મી ડીસેમ્બર ૨૦૦૪ સુધીમાં ક્યા ક્યા તાલુકામાં કેટ કેટલું ખર્ચ ક્યા ક્યા કામો માટે કરવામાં આવ્યું, અને

(૨) સ્થાનિક સમિતિની આ કામો માટે કેટલી મીટીંગ કલેકટરશ્રીની અધ્યક્ષતા હેઠળ આ સમય દરમ્યાન ક્યારે ક્યારે મળી ?

**જવાબ**

(૧) તાલુકા અને વર્ષવાર કરેલ કામ તથા થયેલ ખર્ચની વિગતો સામેલ પરિશિષ્ટ મુજબ.

(૨) અમલીકરણ સમિતિની મીટીંગ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં આ સમયગાળા દરમ્યાન બે વખત મળેલ છે.

(૧) તા. ૧૦-૧-૨૦૦૩

(૨) તા. ૯-૬-૨૦૦૩.

**પરિશિષ્ટ**

કચ્છ જિલ્લામાં રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ડિસેમ્બર-૦૪ અંતિત સ્થિતિએ તાલુકાવાર હાથ ધરાયેલ કામો અને ખર્ચની વિગત

| તાલુકો | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૦૪ | | વર્ષ ૨૦૦૪-૦૫ (ડિસેમ્બર-૦૪ અંતિત) | |
|---|---|---|---|---|---|---|
| | કામનુ નામ | ખર્ચ રૂા. લાખ | કામનુ નામ | ખર્ચ રૂા. લાખ | કામનુ નામ | ખર્ચ રૂા. લાખ |
| અંજાર | વર્ષ દરમ્યાન કામોનું આયોજન ન હતું. | | રસ્તા-૧ | ૩.૩૧ | નવા કામ શરૂ કરેલ નથી | |
| કુલ.... | | | ૧-કામ | ૩.૩૧ | | |
| ગાંધીધામ | વર્ષ દરમ્યાન કામોનું આયોજન ન હતું. | | સમાજવાડી-૧ | ૫.૭૩ | નવા કામ શરૂ કરેલ નથી. | |
| | | | પંચાયતઘર-૧ | ૩.૫૦ | | |
| કુલ... | | | ૨-કામ | ૯.૨૩ | | |
| માંડવી | વર્ષ દરમ્યાન કામોનું આયોજન ન હતું. | | સમાજવાડી-૧૩ | ૬૧.૦૧ | નવા કામ શરૂ કરેલ નથી. | |
| | | | પંચાયતઘર-૪ | ૧૪.૦૦ | | |
| કુલ... | | | ૧૭-કામ | ૭૫.૦૧ | | |
| અબડાસા | વર્ષ દરમ્યાન કામોનું આયોજન ન હતું. | | રસ્તા-૧૦ | ૭.૦૦ | ગત વર્ષના પ્રગતિ હેઠળના રસ્તા-૧૦ | ૧૪.૦૦ |
| | | | સમાજવાડી-૨ | ૦.૯૦ | ગત વર્ષના પ્રગતિ હેઠળના સમાજવાડી-૧ | ૧.૨૨ |
| | | | પંચાયતઘર-૪ | ૩.૬૮ | ગત વર્ષના પ્રગતિ હેઠળના પંચાયતઘર-૪ | ૮.૭૫ |
| | | | આંગણવાડી-૮ | ૬.૫૭ | ગત વર્ષના પ્રગતિ હેઠળના આંગણવાડી-૮ | ૮.૬૦ |
| કુલ... | | | ૨૪-કામ | ૧૮.૧૫ | ગત વર્ષના પ્રગતિ હેઠળના કામ-૨૩ | ૩૨.૫૭ |
| નખત્રાણા | વર્ષ દરમ્યાન કામોનું આયોજન ન હતું. | | રસ્તા-૩ | ૨.૦૭ | ગત વર્ષના પ્રગતિ હેઠળના રસ્તા-૩ | ૪.૮૩ |
| | | | સમાજવાડી-૧૫ | ૧૨.૯૮ | એક નવુ કામ તથા ગત વર્ષના પ્રગતિ હેઠળના સમાજવાડી-૧૫ | ૨૪.૭૧ |
| | | | પંચાયતઘર-૧૮ | ૧૭.૯૫ | ગત વર્ષના પ્રગતિ હેઠળના પંચાયતઘર-૧૮ | ૩૦.૨૦ |
| | | | આંગણવાડી-૧ | ૦.૭૯ | ગત વર્ષના પ્રગતિ હેઠળના આંગણવાડી-૧ | ૧.૭૧ |
| કુલ... | | | ૩૭-કામ | ૩૩.૭૯ | ગત વર્ષના પ્રગતિ હેઠળના કામ-૩૭ તથા ૧ નવુ કામ | ૬૧.૪૫ |

---------

## રાજ્યમાં પશુ દવાખાનામાં ખાલી જગ્યાઓ

૧૦૧૮૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પશુ દવાખાનામાં વેટરનરી ડૉકટરો અને ડ્રેસરની કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) રાજ્યમાં પશુ દવાખાનામાં પશુ ચિકિત્સા અધિકારીની કુલ-૬૨૪ જગ્યાઓ છે. જ્યારે ડ્રેસરની કુલ-૨૬૯ જગ્યાઓ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) તે પૈકી પશુ ચિકિત્સા અધિકારીની ૧૬૯ અને ડ્રેસરની ૯૩ જગ્યાઓ ખાલી છે. |
| (૩) પશુ દવાખાનામાં ડ્રેસરની જગ્યાઓ રદ કરવામાં આવી છે, તે ફરી ચાલુ કરવાનું શું આયોજન છે, અને | (૩) પશુ દવાખાનામાં ડ્રેસરની રદ કરેલ જગ્યાઓ ફરી ચાલુ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૪) સરકાર ક્યાં સુધીમાં આ બન્ને સંવર્ગની જગ્યાઓ ભરવા માંગે છે. | (૪) વિચારણા હેઠળ છે. |

----------

## અમદાવાદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારો

૮૬૪૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૧-૧-૨૦૦૨થી તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી થઇ, અને | (૧) ૫૩૯૫૬. |
| (૨) તે પૈકી સરકાર દ્વારા કેટલાને રોજગારી આપવામાં આવી? | (૨) ૫૭૮૯. |

----------

## ઈન્દિરા આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૦૪૯૦ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકા પંચાયત, હિંમતનગરમાં સને ૨૦૦૨ થી ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી.

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકા પંચાયત, હિંમતનગરમાં સને ૨૦૦૨ થી ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી છે.

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૦૨ | ૬૨ |
| ૨૦૦૩ | ૭૯ |
| ૨૦૦૪ | ૯૩ |
| કુલ... | ૨૩૪ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી વર્ષવાર કેટલી મંજૂર કરી, અને કેટલી નામંજૂર કરી, અને

**જવાબ**

(૨) તે પૈકી વર્ષવાર મંજૂર કરેલ અને નામંજૂર કરેલ અરજીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર કરેલ | નામંજુર કરેલ |
|---|---|---|
| ૨૦૦૨ | ૫૮ | ૧ |
| ૨૦૦૩ | ૪૪ | ૦ |
| ૨૦૦૪ | ૫૨ | ૦ |
| કુલ... | ૧૫૪ | ૧ |

**પ્રશ્ન**

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં ફાળવવામાં આવનાર લક્ષ્યાંકની મર્યાદામાં કરવામાં આવશે.

----------------

## જુનાગઢ જિલ્લામાં પોતાના પંચાયત ઘર

**૧૦૧૭૭ શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કયા કયા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતો આવેલી છે, | (૧) (૨) અને (૩) સામેલ પત્રક મુજબ |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને કયા તાલુકામાં પોતાનું પંચાયત ઘર છે, | |
| (૩) જે ગ્રામ પંચાયતોને પોતાનું પંચાયત ઘર નથી એવી ગ્રામ પંચાયતો કયા કયા તાલુકામાં કેટલી છે, અને | |
| (૪) તેને પોતાનું પંચાયતઘર બાંધવા કોઈ આયોજન છે કે કેમ? | (૪) કુલ ૧૭ ગ્રામ પંચાયતો પૈકી ૧૪ ગ્રામ પંચાયતોને સરકારશ્રીની પંચાયતઘર કમ મંત્રી આવાસ યોજના હેઠળ પોતાનું પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ છે. તથા બાકીના ૩ ગ્રામ પંચાયતોને આગામી વર્ષમાં પોતાનું પંચાયત ઘર મળે તેવું આયોજન છે. |

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | તે પૈકી પંચાયતઘર હોય તેવી ગ્રામ પંચાયતની સંખ્યા | તે પૈકી પંચાયતઘર ન હોય તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૬૫ | ૬૫ | - |
| ૨ | વંથલી | ૪૬ | ૪૬ | - |
| ૩ | માણાવદર | ૫૫ | ૫૪ | ૧ |
| ૪ | કેશોદ | ૫૩ | ૫૩ | - |
| ૫ | માંગરોળ | ૬૦ | ૬૦ | - |
| ૬ | માળીયા | ૬૪ | ૬૩ | ૧ |
| ૭ | વેરાવળ | ૫૩ | ૫૧ | ૨ |
| ૮ | સુત્રાપાડા | ૪૮ | ૪૮ | - |
| ૯ | કોડીનાર | ૫૪ | ૫૩ | ૧ |
| ૧૦ | ઉના | ૧૩૧ | ૧૨૩ | ૮ |
| ૧૧ | તલાલા | ૪૮ | ૪૮ | - |
| ૧૨ | મેદરડા | ૩૯ | ૩૬ | ૩ |
| ૧૩ | વિસાવદર | ૭૭ | ૭૭ | - |
| ૧૪ | ભેસાણ | ૩૭ | ૩૬ | ૧ |
| | કુલ | ૮૩૦ | ૮૧૩ | ૧૭ |

----------------

## રાજ્યના યુવાનોને રોજગારી આપવામાં રાજ્યનું પ્રથમ સ્થાન

**૧૧૧૬૨ શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના યુવાનોને રોજગાર વિનિમય કચેરી મારફત રોજગારી પૂરી પાડવામાં અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત રાજ્ય પ્રથમ સ્થાને છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે? | (૨) ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ થતા વાર્ષિક અહેવાલમાં રાજ્યવાર રોજગાર વિનિમય કચેરીઓની આંકડાકીય માહિતી અનુસાર સને |

૨૦૦૩ના વર્ષમાં ગુજરાત રાજ્ય દ્વારા ૬૪૯૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. આ રીતે પ્રથમ સ્થાને રહેલ છે.

----------------

**ભાવનગર એગ્રો એક્ષપોર્ટ ઝોનથી ફાયદાઓ**

૧૧૦૫૪ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાને કયા ક્યા પાકો માટે એગ્રો એક્ષપોર્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ભાવનગર જિલ્લાને ડુંગળી પાક માટે એગ્રી એક્ષપોર્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેના દ્વારા થયેલ અને થનાર ફાયદાઓ ક્યા ક્યા અને કેટલા છે ? | (૨) ભાવનગર જિલ્લામાં ડુંગળીની સુકવણી કરી નિકાસ કરતાં યુનિટોમાં હેઝાર્ડ એનાલીસીસ ક્રીટીકલ કંટ્રોલ પોઇન્ટ (HACCP) સર્ટીફીકેટ અપાવવાના કાર્યક્રમ એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફુડ પ્રોડક્ટસ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરીટી (અપીડા) ભારત સરકારના સૌજન્યથી હાથ ધરેલ છે. આ કાર્યક્રમમાં ૧૮ યુનિટોને સાંકળી લેવામાં આવ્યા છે. કુલ ૬ યુનિટોના આ સર્ટીફીકેટ ઉપલબ્ધ કરાવ્યા છે. જે પૈકી ૫ યુનિટો ભાવનગર જિલ્લાના છે. ભાવનગર જિલ્લાના સુકવણી કરતા તમામ યુનિટોમાં આ સર્ટીફીકેટ ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી ચાલે છે. |

----------

**વલસાડ જિલ્લામાં બેરોજગારોની નોંધણી**

૧૦૪૮૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં તારીખ ૩૧-૦૧-૦૪ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે ? | ૬૭૬૪. |

-----------

**રાજ્યમાં સમરસ ગ્રામ યોજના હેઠળ જાહેર થયેલા ગામો**

૧૦૯૨૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્ય સરકારે કેટલા સમરસ ગ્રામ યોજના નીચે જાહેર કર્યા, અને | (૧) ૧૪. |
| (૨) તેની પાછળ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂપિયા ૮.૪૦ લાખ. |

---------

**સુરત જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મહેકમ**

૧૧૦૧૯ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા પશુ દવાખાના આવેલ છે, | (૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે દર્શાવેલ પશુ દવાખાનાઓ કાર્યરત છે. |

| અ.નં. | તાલુકો | પશુ દવાખાનાઓની |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨ | માંગરોળ | ૨ |
| ૩ | ઉમરપાડા | ૧ |
| ૪ | ઓલપાડ | ૧ |
| ૫ | કામરેજ | ૧ |
| ૬ | માંડવી | ૨ |
| ૭ | સોનગઢ | ૧ |
| ૮ | ઉચ્છલ | ૧ |
| ૯ | નિઝર | ૩ |
| ૧૦ | વ્યારા | ૩ |
| ૧૧ | વાલોડ | ૧ |
| ૧૨ | બારડોલી | ૨ |
| ૧૩ | મહુવા | ૨ |
| ૧૪ | પલસાણા | ૧ |
| | કુલ :- | ૨૨ |

(૨) આ દવાખાનાઓમાં પશુ ચિકિત્સકો અને અન્ય કર્મચારીઓનું કેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે, અને

(૨) આ દવાખાનાઓમાં પશુ ચિકિત્સકો અને કર્મચારીઓનું મહેકમ નીચે મંજૂર થયેલ છે.

| તાલુકો | પશુ ચિકિત્સા અધિકારી | પશુધન નિરીક્ષક | ડ્રેસર | પટાવાળા | ડ્રાઈવર |
|---|---|---|---|---|---|
| ચોર્યાસી | ૧ | -- | ૧ | ૨ | -- |
| માંગરોળ | ૨ | -- | ૧ | ૧ | ૧ |
| ઉમરપાડા | ૧ | -- | -- | ૧ | -- |
| ઓલપાડ | ૧ | -- | ૧ | ૧ | -- |
| કામરેજ | ૧ | -- | ૧ | ૨ | -- |
| માંડવી | ૨ | -- | ૧ | ૨ | ૧ |
| સોનગઢ | ૧ | - | ૧ | ૧ | -- |
| ઉચ્છલ | ૧ | -- | ૧ | ૧ | -- |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| નિઝર | ૩ | -- | ૨ | ૧ | ૧ |
| વ્યારા | ૩ | -- | ૧ | ૩ | ૧ |
| વાલોડ | ૧ | -- | ૧ | ૧ | -- |
| બારડોલી | ૨ | -- | ૨ | ૨ | -- |
| મહુવા | ૧ | ૧ | ૧ | ૨ | -- |
| પલસાણા | ૧ | -- | ૧ | ૨ | -- |
| કુલ :- | ૨૧ | ૧ | ૧૫ | ૨૨ | ૪ |

(૩) જો મહેકમ પર જગ્યાઓ ભરવામાં ન આવી હોય તો કેટલા સમયમાં સરકાર દ્વારા આ જગ્યા ભરવામાં આવશે ?

(૩) ઉમેદવારો ઉપલબ્ધ થયે બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

-------------

**અમરેલી જિલ્લામાં પશુ ડોકટરોની ખાલી જગ્યાઓ**

૧૦૯૦૬ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પશુ ડોકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પશુચિકિત્સા અધિકારીની કુલ-૧૬ જગ્યા ખાલી છે,

(૨) ખાલી જગ્યાઓ કયા કયા તાલુકાનાં કયા ગામનાં દવાખાનાની છે, અને

(૨) પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાની વિગત.

| તાલુકો | પશુ દવાખાનાનું સ્થળ/ગામનુ નામ |
|---|---|
| અમરેલી | (૧) મોરા આંકડીયા (૨) જાળીયા |
| ધારી | (૩) ભાડેર (૪) ચલાલા |
| ખાંભા | (૫) મોટા સમઢીયાળા (૬) ડેડાણ |
| રાજુલા | (૭) રાજુલા (૮) ડુંગર |
| જાફરાબાદ | (૯) જાફરાબાદ (૧૦) નાગેશ્રી |
| લાઠી | (૧૧) દામનગર |
| બાબરા | (૧૨) કાઠેડાપીઠા (૧૩) મોટા દેવાળીયા |
| કુકાવાવ | (૧૪) વડીયા |
| સાવરકુંડલા | (૧૫) વિજપડી (૧૬) વંડા |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

-------------

## રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ખેત તલાવડી

૧૦૨૨૧ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલી ખેત તલાવડીઓ, બોરીબંધ અને ચેકડેમો બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૦૪ સુધીમા બનાવવામાં આવેલ ખેત તલાવડીઓ, બોરીબંધ અને ચેકડેમની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ખેત તલાવડીઓ | ૧૩૦૨૬૧ |
| બોરીબંધ | ૩૧૩૭૩ |
| ચેકડેમ | ૬૦૧ |

-------------

## ખેડા અને માતર તાલુકાના ગામોને ગોકુળ ગ્રામ યોજના હેઠળ સમાવવા અંગે

૧૦૫૩૨ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ માતર અને ખેડા તાલુકાના કેટલા ગામો ગોકુળ ગ્રામ યોજના અન્વયે સમાવવાના બાકી છે,

(૨) આ યોજના માટે ખેડા જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના વર્ષ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવાની જરૂરીયાત સામે કેટલી ફાળવવામાં આવેલ છે, અને

(૩) આ યોજના અંતર્ગત માતર અને ખેડા તાલુકાના બાકીના ગામોનો સમાવેશ કયાં સુધી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કોઇ ગામ યોજના હેઠળ સમાવવાના બાકી નથી.

(૨)

| વર્ષ | ગ્રાન્ટ ફાળવવાની જરૂરીયાત | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| | (રૂા. લાખમાં) | (રૂા. લાખમાં) |
| ૨૦૦૩-૦૪ | ૩૪૬.૪૪ | ૩૦૭.૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૧૧૬.૪૪ | ૧૧૮.૫૨ |

(૩) તમામ ગામોનો સમાવેશ કરેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં કપાસ અને ડાંગરનું વાવેતર**

૧૦૧૮૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં કપાસ અને ડાંગરનો કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ,

(૨) તે પૈકી કેટલા કિલોગ્રામ કપાસ અને ડાંગરનું ઉત્પાદન થયેલ છે, અને

(૩) સરકારે કેટલો જથ્થો બંને પાકોના ટેકાના ભાવે ખરીદ કરેલ ?

**જવાબ**

(૧)

| વર્ષ | પાકનું નામ | વાવેતર વિસ્તાર હેકટરમાં |
|---|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | કપાસ | ૧૬,૩૪,૮૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ડાંગર | ૪,૬૯,૦૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | કપાસ | ૧૬,૪૧,૦૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | ડાંગર | ૬,૫૧,૪૦૦ |

(૨)

| વર્ષ | પાકનું નામ | ઉત્પાદન કી.ગ્રા. |
|---|---|---|
| ૨૦૦૨-૨૦૦૩ | કપાસ | ૮૨૬૯.૧૩ લાખ |
| ૨૦૦૨-૨૦૦૩ | ડાંગર | ૮૧૨૫.૫૦ લાખ |
| ૨૦૦૩-૨૦૦૪ | કપાસ | ૧૯૪૯૦.૨૨ લાખ |
| ૨૦૦૩-૨૦૦૪ | ડાંગર | ૧૭૮૯૮.૦૦ લાખ |

(૩) વર્ષ ૨૦૦૨-૦૩ અને વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન કપાસ અને ડાંગરના બજારભાવ ભારત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ટેકાના ભાવથી ઉંચા રહેવા પામેલ હોય ટેકાના ભાવની યોજના અંતર્ગત કપાસ અને ડાંગરની ખરીદી કરવામાં આવેલ નથી.

-------------

**રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કૃષિ મેળાનું આયોજન**

૧૦૨૧૭ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યની એ.પી.એમ.સી. બજાર સમિતિઓ દ્વારા ાણ કૃષિ મેળા યોજવાનું આયોજન કરવામાં આવેલ છે કે ંમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) અને (૨)ગ્રામ કક્ષાએ કૃષિ મેળાનું આયોજન કરવાનું વિચાર્યુ છે. જેમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ સહીત અનેક સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ ભાગ લેશે.

-------------

**ધોરણ ૧ થી ૭ ના અનુસૂચિત જાતિના બાળકોને ગણવેશ પેટે રકમ ચૂકવવા અંગે**

૧૧૧૮૧ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં ભણતા અનુસુચિત જાતિના બાળકોને વર્ષ ૨૦૦૪-૦૫ માટે ગણવેશ પેટે રકમ ચૂકવવા નિર્ણય લેવાયેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧/૧/૦૫ સુધીમાં પાલનપુર જિલ્લામાં કુલ કેટલા બાળકોને કેટલી રકમ ચૂકવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨) પાલનપુર, બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧/૧/૦૫ સુધીમાં કુલ ૭૦૨૪ બાળકોને કુલ રૂા. ૧૦,૫૩,૬૦૦/-ની રકમ ચૂકવવામાં આવી.

-------------

## કૃષિ યુનિવર્સિટીમાં મંજૂર થયેલ સેન્ટર ઓફ એકસલન્સ

**૧૦૫૦૪ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન ક્ષેત્રે કેટલા સેન્ટર ઓફ એક્સલન્સ મંજૂર કરવામાં આવેલ છે, તે હકિકત સાચી છે, અને | (૧) ચાર. |
| (૨) કયા કયા મંજૂર કરવામાં આવ્યા છે અને તેનાથી રાજ્યને શું લાભ થશે ? | (૨) |

| | |
|---|---|
| (૧) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન બાયોટેકનોલોજી, આણંદ. |
| (૨) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ, જૂનાગઢ. |
| (૩) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, નવસારી. |
| (૪) | સેન્ટર ઓફ એકસલન્સ ઓન કેસ્ટર, દાંતીવાડા. |
| | સામેલ પત્રક મુજબ લાભ થશે. |

### પત્રક

સેન્ટર ઓફ એકસલન્સ ઓન બાયોટેકનોલોજી, આણંદ :-

* રોગ અને જીવાત સામે સારી ગુણવત્તાવાળી પ્રતિકારક જાતો તથા પાણીની ખેંચવાળી અને ક્ષારવાળી જમીનને અનુકૂળ સુધારેલ જાતો તૈયાર કરી શકાશે, જેનાથી અગત્યના પાકોનું ઉત્પાદન વધશે.
* બિન ખર્ચાળ અને પર્યાવરણ અનુકૂળ પધ્ધતિઓ જેવી કે, જૈવિક ખાતરો, જૈવિક કિટનાશકોનો ઉપયોગ કરવામાં આવશે અને કૃષિ આડ પેદાશોનું જૈવિક પધ્ધતિ દ્વારા ફાયદાકારક નિપજમાં રૂપાંતર કરી શકાશે.
* પેશી સંવર્ધનની મદદથી કૃષિ અને બાગાયતી પાકોની સુધારેલ જાતોનો પ્રસાર થઇ શકશે.
* પશુપાલન ક્ષેત્રે જાનવરોની ઉત્પાદકતા વધારવા અને પ્રજનન ક્ષમતા વધારવાના સંશોધન હાથ પર લેવામાં આવશે. તદ્ઉપરાંત પશુઓમાં આવતા રોગોનું જલ્દી નિદાન કરી શકાય તેવી પધ્ધતિઓ બાયોટેક દ્વારા વિકસાવી શકાશે. તેમજ રોગો સામેની અસરકારક રસીઓ તૈયાર થઈ શકશે.
* ડેરી વિજ્ઞાન ખાતે લેકટીક એસીડ ઉત્પન્ન કરતાં સુક્ષ્મ જીવોનો અભ્યાસ તેમજ પ્રોબાયોટીક અને ફંકશનલ ખાદ્ય પદાર્થો વિકસાવી શકાશે.
* કૃષિ બાયો ટેકનોલોજીના અંતિમ તબક્કામાં જુદા જુદા પાકો અને પશુઓના આર્થિક લક્ષણોને લગતા જનીનોની ઓળખ કરી ટ્રાન્સજનીક પાકો અને પશુઓ વિકસાવી શકાશે.
* દેશી કપાસમાં ગુણવત્તા સુધારવા માટે તારની લંબાઈ, મજબૂતાઈ અને સુવાળપ વધારવા માટે સંશોધન હાથ ધરી શકાશે.

સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ, જૂનાગઢ :-

* સોરાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારમાં થતી ખેતીમાં દરિયાઈ પાણીથી જમીનમાં વધતી જતી ખારાશ અટકાવી શકાશે.
* જળ અને જમીનની ખારાશ અટકાવવા અંગે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ અને સરકારી તેમજ બિન સરકારી સંસ્થાના કર્મચારીઓને તાલીમ આપી નિષ્ણાત માનવ બળ તૈયાર કરી શકાશે.
* અમુક અંશે ખારા પાણીનો ઉપયોગ કરી જુદા જુદા પાકોના વાવેતર દ્વારા કૃષિ ઉત્પાદનમાં વધારો કરી શકાશે.
* રિમોટ સેન્સીંગ પધ્ધતિ દ્વારા ભૂતળનો અભ્યાસ કરી જળ અને જમીન સંરક્ષણના પગલાં લઈ શકાશે.

સેન્ટર ઓફ એકસલન્સ ઓન પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, નવસારી :-

* પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી સેન્ટર દ્વારા બાગાયતી પાકોના પાયાના તથા પ્રાયોગિક સંશોધનમાં ફેરવણી, ફેરવણી, જાળવણી, સંગ્રાહણ અને વિવિધ ક્ષેત્રે સંશોધન કાર્ય હાથ ધરાશે. જેનાથી ખેડૂતો પોતાના બાગાયતી પાકો અને શાકભાજીના પાકોની પેદાશોને મૂલ્ય વર્ધિત પેદાશોમાં રૂપાંતરિત કરી, પરદેશમાં તેની નિકાસ કરી વધુ આવક મેળવી શકશે.

સેન્ટર ઓફ એકસલન્સ ઓન કેસ્ટર, દાંતીવાડા :-

* દિવેલાના સેન્ટરની સ્થાપના થવાથી ઉત્તર ગુજરાતના અગત્યના રોકડીયા પાક દિવેલાની વધુ ઉત્પાદન આપતી / સુકારા જેવા રોગ અને જીવાત સામે પ્રતિકારક, ક્ષારીય જમીન અને શુષ્ક વિસ્તાર માટે ઓછા પિયતથી વધુ

ઉત્પાદન આપતી હાઇબ્રીડ જાતો વિકસાવી, મૂલ્યવર્ધન પેદાશો માટે જરૂરી ગુણધર્મો ધરાવતી જાતોનું બીજ ઉત્પાદન કરી, ખેડૂતોને પુરુ પાડવામાં આવશે.

----------------

**બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમુહલગ્ન યોજનાની કામગીરી તથા જાણકારી**

૧૦૧૯૫ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૦૩-૦૪માં તાલુકાવાર કેટલા યુગલોને સમુહલગ્ન યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો,

(૧)

| | | |
|---|---|---|
| (૧) | પાલનપુર | ૭૪ |
| (૨) | અમીરગઢ | - |
| (૩) | વડગામ | - |
| (૪) | દાંતા | - |
| (૫) | ડીસા | - |
| (૬) | ધાનેરા | - |
| (૭) | દાંતીવાડા | - |
| (૮) | કાંકરેજ | - |
| (૯) | થરાદ | - |
| (૧૦) | વાવ | - |
| (૧૧) | દિયોદર | - |
| (૧૨) | ભાભર | - |
| | કુલ :- | ૭૪ |

(૨) યોજનાની જાણકારી લોકોમાં નિહવત હોવાથી આ યોજનાનો લાભ લોકો પુરતો લઈ શકતા ન હોવાની વાત સાચી છે,

(૨) ના, જી.

(૩) આ યોજનાની જાણકારી માટે તેમજ લોક જાગૃતિ માટે સરકાર દ્વારા કોઈ આયોજન વિચારણામાં છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની વિગતો શું છે ?

(૩) અને (૪) લોક જાગૃતિ માટે વિવિધ સ્થળે રાજ્યમાં સમાજ શિક્ષણ શિબિર, જાગૃતિ અભ્યાન તથા અન્ય કાર્યક્રમો યોજીને આવી યોજનાઓની માહિતી અને માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

----------

**જામનગર જિલ્લામાં ખેડૂતોની અકસ્માત વીમાની અરજીઓ**

૧૦૭૩૨ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખેડૂતોની અકસ્માત વીમા યોજના હેઠળ સહાય મેળવવા તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં મૃત્યુ પામેલ ખેડૂતોના પરિવાર દ્વારા કેટલી અરજીઓ આવી, | (૧) ૮૦ |
| (૨) તે પૈકીની કેટલી અરજીઓ મંજૂર કરવા આવી, અને | (૨) ૯ |
| (૩) કેટલા નાણાં ચૂકવવામાં આવેલ છે ? | (૩) રૂપિયા ૯.૦૦ લાખ |

----------

**પંચાયત વિભાગમાં તીર્થધામ યોજના હેઠળ જાહેર થયેલ ગામો**

૧૦૯૨૭ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય પંચાયત અને ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચાયત વિભાગ દ્વારા તીર્થગામ યોજના જાહેર કરાયેલ છે, તે વાત સાચી છે, | (૧) હા જી |

| | |
|---|---|
| (૨) જો હા, તો ૩૧-૧-૦૫ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા ? | (૨) ૨૫૨ |

-------

## પાકિસ્તાનની જેલમાં ગુજરાતના માછીમારો

૯૩૯૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાકિસ્તાનની જેલમાં ગુજરાતના માછીમારો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા છે, અને | (૧) ૫૨૪ |
| (૨) આ માછીમારોને છોડાવવાના રાજ્ય સરકાર દ્વારા શા પ્રયત્નો થઈ રહ્યાં છે ? | (૨) આ માછીમારોને છોડાવવા તેમની વ્યકિતગત બાબતોની ફોટોગ્રાફ્સ સહિતની પ્રમાણભૂત વિગતો કેન્દ્ર સરકારને માકલી આપવામાં આવે છે. તે પછી સદરહુ બાબતે પાકિસ્તાન સત્તાવાળાઓ સાથે તેમને છોડાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા વખતોવખત માનનીય મંત્રીશ્રી દ્વારા, માનનીય સંસદસભ્યોશ્રીઓ દ્વારા તેમજ વિભાગ કક્ષાએથી કેન્દ્ર સરકારને જણાવવામાં આવે છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ માનનીય વડાપ્રધાનશ્રીને પત્ર પાઠવી દરમ્યાનગીરી કરવા વિનંતી કરવામાં આવી છે. |

----------

## ધારી અને બગસરા તાલુકાના પશુ દવાખાનામાં ડોકટરની ઘટ

૧૦૭૩૫ **શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારી તેમજ બગસરા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગ્રામ્ય તેમજ શહેરના પશુ દવાખાનામાં કેટલા ડોકટરોની ઘટ છે, | (૧) ધારી તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગ્રામ્ય તેમજ શહેરના પશુ દવાખાનામાં ૨ ડોકટરની ઘટ છે જ્યારે બગસરા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગ્રામ્ય તેમજ શહેરના પશુ દવાખાનામાં એકપણ ડોકટરની ઘટ નથી. |
| (૨) આ પશુ દવાખાનાઓમાં આ ઘટ કેટલા સમયથી છે, અને | (૨) આ પશુ દવાખાનાઓમાં તા. ૨૨-૫-૦૪ તથા તા. ૨૩-૧૧-૨૦૦૦ થી ઘટ છે. |
| (૩) આ ઘટ પુરવા સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૩) વિચારણા હેઠળ છે. |

----------

## સાયન્સ પ્રવાહમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન સહાય

૧૦૨૦૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ - ૧૧, ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટયુશન સહાય આપવાની યોજના અમલમાં છે તે વાત સાચી, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૦૫ સુધીમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવેલ છે ? | (૨) કુલ ૮૧ વિદ્યાર્થીઓને રૂા. ૯.૦૬ લાખ ટ્યુશન સહાયની રકમ ચૂકવેલ છે. |

----------

## ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં રહેઠાણો

૧૧૧૨૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ યોજના સરકારે બંધ કરી દીધી છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો યોજના ક્યારથી બંધ કરવામાં આવી અને તેમ કરવામાં શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લાં બે કેલેન્ડર વર્ષ દરમ્યાન, બનાસકાંઠા જિલ્લામાં વર્ષ દીઠ ઉપરોકત યોજના હેઠળ કેટલાં રહેઠાણો ઉભાં કરવામાં આવ્યા ? | (૩) અગાઉના વર્ષોની મંજૂર કરેલ મકાન સહાયની અરજીઓ પૈકી નીચેની વિગતે અધુરા આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે. |

| વર્ષ | પૂર્ણ કરેલ આવાસ |
|---|---|
| ૨૦૦૩ | ૩૧૭ |
| ૨૦૦૪ | ૩૨૮ |
| તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૦૫ | ૦૧૯ |
| કુલ :- | ૬૬૪ |

----------

## હળવદ અને મુળી તાલુકામાં પંચાયત ઘર બનાવવાનું આયોજન

૮૨૧૨ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં કેટલા પંચાયત ઘર બનાવવાની કામગીરી બાકી છે, | (૧) ચાર |
| (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કયા ગામોમાં કેટલા પંચાયત ઘર બનાવવામાં આવ્યા નથી, | (૨) હળવદ તાલુકામાં કેદારીયા ગામે તથા મુળી તાલુકામાં વેલાળા (સા) ટીકર (પર) તથા પાંડવરા ગામે |
| (૩) આ કામગીરી માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને | (૩) શૂન્ય |
| (૪) બાકી રહેતા ગામડાઓમાં ક્યારે પંચાયત ઘર બનાવવાનું સરકારનું આયોજન છે ? | (૪) જેમ બને તેમ જલદી. |

----------

## અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અરજીઓ

૧૦૨૨૪ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈના મામેરાની કેટલી માંગણીઓ આવી, | (૧) ૪૬૬૮ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) ૨૮૬૮ કન્યાઓને કુલ રૂપિયા ૧,૪૩,૪૦,૦૦૦/- ની રકમ ચૂકવવામાં આવી, |
| (૩) તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલી માંગણીઓ પડતર છે ? | (૩) ૨૬૩ |

----------

## સુરત જિલ્લામાં સહકારી મંડળીઓનું ઓડીટ

૧૧૦૧૩ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સહકારી મંડળીઓના ઓડીટ કામો બાકી છે, | (૧) ૫૧ |

(૨) આ ઓડીટ કામો પૂર્ણ કરાવવા સરકારે શી વ્યવસ્થા કરેલ છે, અને

(૨) ૬ સહકારી મંડળીઓની ઓડીટની કામગીરી જાન્યુઆરી-૦૫ દરમ્યાન પૂર્ણ થયેલ છે બાકી રહેતી ૪૫ સહકારી મંડળીઓ પૈકી ૩ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના હોદ્દેદારો ઉપર ઉપર દફતર રજૂ નહીં કરવા સબબ કાનુની કાર્યવાહી થયેલ છે, ૫ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં દફતર સંપૂર્ણ રીતે લખાઈ જાય તે માટે જુના મંત્રી પાસેથી નવા મંત્રીને ચાર્જ સોંપાય તે અંગેનું સંકલન હાથ ધરાયેલ છે. ૧ સહકારી મંડળીએ અપીલ કરી છે, જ્યારે બાકી રહેતી ૩૬ સહકારી મંડળીઓનું ઓડીટ પૂર્ણ કરવા આયોજન કરાયેલ છે.

(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે?

(૩) આયોજન મુજબ સત્વરે.

----------

## આણંદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાનો લાભ

૮૬૬૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા ખેડૂતોને અકસ્માત વીમા યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લાની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૦ |
| ૨. | સોજીત્રા | ૦ |
| ૩. | ઉમરેઠ | ૨ |
| ૪. | તારાપુર | ૨ |
| ૫. | પેટલાદ | ૧ |
| ૬. | ખંભાત | ૧ |
| ૭. | બોરસદ | ૪ |
| ૮. | આંકલાવ | ૧ |
| | કુલ : | ૧૧ |

(૨) કેટલાને આ લાભ આપવાનો બાકી છે?

(૨) ૨૨- કેસો ચકાસણી હેઠળ છે.

----------

## નવરચિત જિલ્લા/તાલુકા પંચાયતોની કચેરીઓનું બાંધકામ

૧૦૯૩૧ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ નવરચિત જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત પૈકી કેટલી કચેરીઓનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને

**જવાબ**

(૧) ૩ જિલ્લા પંચાયત કચેરી અને ૨૧ તાલુકા પંચાયત કચેરીઓ.

(૨) બાકીની કચેરીઓનું કામ કેટલા સમયમાં શરૂ થશે?

(૨) બનતી ત્વરાએ.

----------

## ભરૂચ જિલ્લામાં મકાન સહાય યોજના હેઠળ ચૂકવવાની બાકી સહાય

૧૦૪૯૨ **શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના અનુસૂચિત જાતિઓના ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં વર્ષવાર કેટલા મકાનની માંગણી હતી, તેમાંથી કેટલાની મંજૂરી મળેલ છે,

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ અરજી | મંજૂર કરવામાં આવેલ અરજી |
|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧ | ૧ |
| ૨૦૦૨-૦૩ | ૪૬ | ૧ |
| ૨૦૦૩-૦૪ | ૧૭૮ | ૧૭૦ |
| તા. ૧-૪-૦૪ થી | ૬ | ૨ |

| | | |
|---|---|---|
| તા.૩૧-૧-૦૫ | | |
| **કુલ.** | **૨૩૧** | **૧૭૪** |

(૨) મંજૂર થયેલ મકાનોમાંથી વર્ષવાર કેટલા મકાન પૂર્ણ થયા છે, તેમાંથી કેટલાને સહાયની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૨)

| વર્ષ | પૂર્ણ | સહાયની રકમ ચૂકવવાની બાકી |
|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧ | ૦ |
| ૨૦૦૨-૦૩ | ૧ | ૧ |
| ૨૦૦૩-૦૪ | ૪૯ | ૩૨ |
| તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧-૦૫ | ૦ | ૦ |
| **કુલ.** | **૫૧** | **૩૩** |

(૩) પ્રથમ સ્ટેજનું અને બીજા સ્ટેજનું કામ પુરૂં કરવા છતાં સહાય ચૂકવવાની કેટલી બાકી છે, તેવા અરજદારોની સંખ્યા કેટલી છે?

(૩) ૩૩ અરજદારોને રૂપિયા ૩,૯૬,૦૦૦ સહાય ચૂકવવાની બાકી છે

--------

## બનાસકાંઠા જિલ્લામાં વૃદ્ધ પેન્શન માટે આવેલી અરજીઓ

૧૧૦૬૧ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વદ્ધ પેન્શન યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલા લોકોની પેન્શન મેળવવાની અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | પાલનપુર | ૮૩ |
| ૨. | વડગામ | ૭૨ |
| ૩. | દાંતા | ૧૨૦ |
| ૪. | અમીરગઢ | ૪૫ |
| ૫. | દાંતીવાડા | ૪૭ |
| ૬. | ડીસા | ૧૫૭ |
| ૭. | ધાનેરા | ૧૨ |
| ૮. | કાંકરેજ | ૩૩ |
| ૯. | થરાદ | ૫૫ |
| ૧૦. | વાવ | ૬૨ |
| ૧૧. | દિયોદર | ૧૨ |
| ૧૨. | ભાભર | ૩૪ |
| | કુલ | ૭૩૨ |

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી રકમ ચૂકવવામાં આવી છે,

(૨) ૪૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને રૂપિયા ૧૫,૯૨,૮૦૦ ચૂકવવામાં આવ્યા.

(૩) જે લોકોને પેન્શનની રકમ ચૂકવાઈ નથી તેમને કેટલા સમયમાં ચૂકવવામાં આવશે, અને

(૩) જાન્યુઆરી-૨૦૦૫ સુધીની ચૂકવવાપાત્ર અરજીની સહાય ચૂકવી દેવામાં આવી છે.

(૪) વૃદ્ધ લોકોને સમયસર સહાય નહી ચૂકવવાના શા કરાણો છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## પછાત વર્ગના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિફોર્મ બંધ કરવા અંગ

૧૦૫૦૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓને ટયુશન ફી, સ્કોલરશીપ, યુનિફોર્મ ફી આપવાનું ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં બંધ કરવાનાં શાં કારણો છે, અને | (૧) વિદ્યાર્થીઓને ટયુશન ફી, સ્કોલરશીપ, યુનિફોર્મ ફી આપવાનું બંધ કરવામાં આવેલ નથી. |
| (૨) આ નિર્ણયથી સરકારને કેટલી બચત થનાર છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ઓઈલ પામ પ્લાન્ટેશન અને પામ ઓઈલ મીલ માટે જોઈન્ટ ટીમની ભલામણ

૧૦૭૭૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઓઈલ પામ પ્લાન્ટેશન અને પામ ઓઈલ મીલની હાલની સ્થિતિના અભ્યાસ માટે તારીખ ૨-૧૧-૦૪ થી તા. ૬-૧૧-૦૪ દરમ્યાન આવેલ જોઈન્ટ ટીમે રાજ્ય સરકારને શું ભલામણ કરેલ છે, | (૧) જોઈન્ટ ટીમની ભલામણો નીચે મુજબ છે.<br>૧. પ્રોસેસીંગ યુનિટધારક સહકારી મંડળી ઓઈલ મીલ ચલાવવાની સ્થિતિમાં ન હોઈ તેને આવી જવાબદારીમાંથી મુક્ત કરવી.<br>(૨) આ અંગેના નવા લાભાર્થી સંભવતઃ ખાનગી કંપની કે જે આ ઓઈલ મીલ ચલાવવાની ઈચ્છા ધરાવતી હોય તેને જાહેરાત આપીને પસંદ કરવી.<br>(૩) રાજ્ય સરકારે અન્ય રાજ્યની જેમ પસંદ થયેલ નવી કંપનીને ઓઈલપામ વિસ્તાર વધારવા કાર્યક્ષેત્રના ઝોનની ફાળવણી કરવી.<br>(૪) ખાનગી કંપની (સાહસીકો)ને આવી જવાબદારીની સોંપણી કરતી વખતે તેઓ આવી કામગીરી બાગાયત ખાતા સાથે રહી પ્રોજેકટના નિર્ધારીત હેતુઓ પરીપૂર્ણ કરે તે માટેની જરૂરી શરતો નક્કી કરવાની રહેશે.<br>(૫) આ કાર્યવાહી બાગાયત ખાતાએ ઓઈલપામ ડેવલપમેન્ટ પ્રોજેકટની એક નોડલ એજન્સી તરીકે અગ્રતાના ધોરણે હાથ ધરવાની રહેશે. |
| (૨) આ હેતુ માટે પ્રાઈવેટ કંપનીને કામ આપવા જાહેરાત આપવામાં આવી છે કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કયારે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) રાજ્યમાં આ હેતુ માટે કઈ કઈ પ્રાઈવેટ કંપનીએ કયારે અરજી કરી છે, અને શું સ્થિતિ છે ? | (૪) હજુ સુધી જાહેરાત આપવામાં આવેલ ન હોઈ અરજી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## જામનગર જિલ્લામાં વોટરશેડ અને હરીયાળી ક્રાંતિ યોજના હેઠળ સમાવિષ્ટ ગામો

૧૧૧૯૨ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં વોટરશેડ અને હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ થયેલ છે, | (૧) ૪૯૦ ગામોનો સમાવેશ થયેલ છે. |
| (૨) બાકી રહેતા ગામોનો સમાવેશ કયારે કરવાનું આયોજન છે, અને | (૨) ભારત સરકારશ્રી તરફથી દર વર્ષે ડી.ડી.પી. યોજના અન્વયે પ્રોજેકટો મંજૂર થાય છે. તે મુજબ આગામી વર્ષમાં પ્રોજેકટો મંજૂર થયે નિયમાનુસાર અને અગ્રતા ક્રમાનુસાર બાકી ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે. |
| (૩) ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત મોટા | (૩) લાલપુર, ભાણવડ, કલ્યાણપુર તથા દ્વારકા |

ચેકડેમ બનાવવાનું શું આયોજન છે ? તાલુકાના પરિશિષ્ટ-(૧) મુજબ ૨૯ ગામોમાં ચેકડેમની શકયતા ચકાસણીની કાર્યવાહી ગતિમાં છે.

પરિશિષ્ટ-(૧)

| ક્રમ | તાલુકો | ગામનું નામ | નદીનું નામ |
|---|---|---|---|
| ૧ | લાલપુર | પીપળી | ઢાંઢર ધંધાર |
| ૨ | લાલપુર | મોડપર | ફુલઝર |
| ૩ | લાલપુર | દલતુંગી | ફુલઝર |
| ૪ | લાલપુર | અપીયા | ફુલઝર |
| ૫ | લાલપુર | લખીયા મોટા | ફુલઝર |
| ૬ | લાલપુર | હરીપર | સસોઈ |
| ૭ | લાલપુર | મેમાણા | સસોઈ |
| ૮ | લાલપુર | સણોસરા | સસોઈ |
| ૯ | લાલપુર | ખટીયા | ફુલઝર |
| ૧૦ | લાલપુર | પડાણા | ફુલઝર પેટા |
| ૧૧ | ભાણવડ | ભાણવડ ૧ (નવા ગામ) | સોનમતી |
| ૧૨ | ભાણવડ | ભાણવડ ૨ (સાઈ દેવળીયા) | વેરાડી નદી |
| ૧૩ | ભાણવડ | રાણપુર | વાંકળો |
| ૧૪ | ભાણવડ | ભવનેશ્વર | વરતુ |
| ૧૫ | ભાણવડ | ધુમલી | વાંકળો |
| ૧૬ | ભાણવડ | જંબુસર | મીણસાર |
| ૧૭ | ભાણવડ | શીવા | પાનીયા |
| ૧૮ | કલ્યાણપુર | દેવળીયા | વાંકળો |
| ૧૯ | કલ્યાણપુર | ચન્દ્રાવાડા | ગોજારા |
| ૨૦ | કલ્યાણપુર | મોટાઅસોટા | વેદમતી |
| ૨૧ | કલ્યાણપુર | મેઘપર ટીટોડી | સની પેટા |
| ૨૨ | કલ્યાણપુર | ખીજદડ | સાની |
| ૨૩ | દ્વારકા | કોરાડા | સાજાસર વાંકળો |
| ૨૪ | દ્વારકા | બરડીયા | ગોમતી |
| ૨૫ | દ્વારકા | ભાવડા | વાંકળો |
| ૨૬ | દ્વારકા | કુરંગા | લુણબારો |
| ૨૭ | દ્વારકા | વાચ્છું | વાંકળો |
| ૨૮ | દ્વારકા | નાગેશ્વર | મહિર |
| ૨૯ | દ્વારકા | ઢીણકી | વાંકળો |

----------

**ગ્રામ મિત્ર યોજના અન્વયે રકમની જોગવાઈ**

૮૨૭૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રોજગારી સમસ્યાને હળવી કરવા ગ્રામ મિત્ર યોજના બનાવી છે તે અન્વયે સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં કેટલી રકમની અંદાજપત્રમાં જોગવાઈ કરી હતી, અને | (૧) રૂપિયા ૬૦૦૧ લાખ. |
| (૨) તે અન્વયે જિલ્લાવાર કેટલા બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં આવી? | (૨) પોરબંદર-૧૪૬. |

----------

**સુરત જિલ્લામાં ખેત તલાવડીઓ બનાવવા અરજીઓ**

૧૧૦૧૬ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકાઓમાં ખેત તલાવડીઓ બનાવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ગુ.રા.જ.વિ.નિ.ને મળેલ અરજીઓની | ગ્રામ વિકાસ વિભાગને મળેલ અરજીઓની |

| | | |
|---|---|---|
| | સંખ્યા | સંખ્યા |
| | ૧. સોનગઢ- ૦૨ | ૧. સોનગઢ- ૧૩૫૫ |
| | ૨. માંડવી- ૦૩ | ૨. માંડવી- ૧૧૧૯ |
| | ૩. ઉચ્છલ- ૦૦ | ૩. ઉચ્છલ- ૮૧૬ |
| | ૪. નિઝર- ૦૦ | ૪. નિઝર- ૮૪૮ |
| | કુલ : ૦૫ | કુલ : ૪૧૩૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ પર કાર્યવાહી કરીને ખેત તલાવડી બનાવવામાં આવી, અને | (૨) | ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પૂર્ણ થયેલ ખેત તલાવડીની સંખ્યા |
| | ૧. સોનગઢ- ૦૨ | ૧. સોનગઢ- ૪૮૬ |
| | ૨. માંડવી- ૦૩ | ૨. માંડવી- ૮૮૫ |
| | ૩. ઉચ્છલ- ૦૦ | ૩. ઉચ્છલ- ૫૭૩ |
| | ૪. નિઝર -૦૦ | ૪. નિઝર- ૪૦૫ |
| | કુલ : ૦૫ | કુલ : ૨૩૪૯ |
| (૩) બાકી રહેલી અરજીઓની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સત્વરે | |

----------

**મહેસાણા તાલુકાના ભેસાણા ગામમાં રસ્તાઓ ઉપર અવરોધો અને દબાણ**

૧૧૧૧૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા તાલુકાના ભેસાણા ગામમાં સરકારી માલિકીની જમીન પૈકી જાહેર રસ્તામાં થયેલ અવરોધ/દબાણ દૂર કરાવી નામદાર અદાલતના હુકમનો અમલ કરાવવા બાબતે સરકારે શું કાર્યવાહી કરી, અને | (૧) અને (૨) દબાણો દૂર કરાવેલ છે. |
| (૨) ઉકત ગેરકાયદેસર દબાણ કયારે દૂર કરવામાં આવશે ? | |

----------------

**જુનાગઢ જિલ્લામાં તળાવ ઊંડા ઉતારવા પાછળ ખર્ચ**

૯૫૮૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તા. ૩૦-૧૧-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઊંડા ઉતારવા તથા નવા તળાવ બનાવવા માટેની કેટલી અરજીઓ આવી છે, | (૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવ ઊંડા ઉતારવાની યોજના અમલમાં ન હોઈ એક પણ અરજી મળેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા કામો અધુરા છે, કેટલા પૂર્ણ થયા, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવશે, | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આ યોજનાની રકમનું ચુકવણું કઈ રીતે અને કયા આધારે કરવામાં આવે છે, અને | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૬) કુલ કેટલો ખર્ચ થયો? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------------

### રાષ્ટ્રિય સમ વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

૧૦૧૮૦ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૩-૦૪ના વર્ષમાં ડાંગ જિલ્લામાં રાષ્ટ્રિય સમ વિકાસ યોજના હેઠળ ગ્રામ વિકાસ એજન્સીને કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા વોટરશેડ અને ગુલાબ ખેતી માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૧) સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં ભારત સરકારશ્રીના આયોજન પંચ દ્વારા રાષ્ટ્રિય સમ વિકાસ યોજના અંતર્ગત રૂા. ૭૫૦.૦૦ લાખ ડાંગ જિલ્લાને ફાળવવામાં આવેલ છે. જે અન્વયે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ડાંગ દ્વારા ગુલાબની ખેતી માટે રૂા. ૩.૨૫ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. જયારે રાષ્ટ્રિય સમ વિકાસ યોજના હેઠળ વોટરશેડ માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.<br><br>રાષ્ટ્રિય સમ વિકાસ યોજનાએ ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઈ રાજ્ય સરકારશ્રી દ્વારા આ યોજના હેઠળ કોઈ ગ્રાન્ટ આપવાની થતી નથી. |
| (૨) કઈ કઈ સંસ્થાઓને આ કામ સોંપવામાં આવી? | (૨) વોટરશેડ હેઠળ કોઈ કામગીરી કોઈ સંસ્થાને સોંપેલ નથી, જયારે ગુલાબની ખેતી માટે એનાર્ડે ફાઉન્ડેશન મહિલા વીંગ (કપરાડા)ને કામ સોંપવામાં આવેલ છે. |

------------

### ભરૂચ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૦૫૧૬ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને ઝઘડિયા અને વાલીયા તાલુકા પંચાયતમાં આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રીની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જગ્યાનુ નામ | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|
| (૧) | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસૂલ) | (૧) એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે. |
| (૨) | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) | (૨) એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે. |
| (૩) | આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી (ઝઘ ડિયા) | (૩) એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે. |
| (૪) | આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી (વાલિયા) | (૪) એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે. |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને — (૨) વહીવટી કારણોસર

(૩) સરકાર આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગે છે? — (૩) જેમ બને તેમ જલ્દીથી

-------------------

### ભરૂચ જિલ્લામાં બેરોજગાર યુવાનોની સંખ્યા

૮૩૩૧ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં રોજગાર વિનિમય કચેરીમાં શિક્ષિત-અર્ધ શિક્ષિત બેરોજગાર યુવાનોની કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને

**જવાબ**

| | |
|---|---|
| (૧) શિક્ષિત | ૨૧૬૦૬ |
| અર્ધ શિક્ષિત | ૬૮૮૨ |
| કુલ - | ૨૮૪૮૮ |

(૨) તે અન્વયે સને-૨૦૦૩-૦૪, અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલાને રોજગારીની તકો આપવામાં આવી ?

| (૨) વર્ષ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|
| શિક્ષિત | ૬૧૯૬ | ૮૮૫૦ |
| અર્ધશિક્ષિત | ૩૬૯૪ | ૪૫૯૭ |
| કુલ | ૯૮૯૦ | ૧૩૪૪૭ |

----------------

## "કુંવરબાઈનું મામેરૂં" યોજનાનો પ્રમાણપત્રના આધારે લાભ

૮૦૬૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈના મામેરા યોજના અગાઉ એસ.સી./બક્ષી પંચના તમામને ગરીબી રેખા હેઠળના બી.પી.એલ. ના કાર્ડ વિના માત્ર અધિકૃત પ્રમાણપત્રના આધારે મળતી હતી તે સરકારે બંધ કરેલ છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) આવા લાભાર્થીઓને બી.પી.એલ. કાર્ડ ધારણ કરે તેમને જ આ યોજનામાં લાભ આપવાનું કયારે નક્કી કરવામાં આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) તે અંગેની સ્પષ્ટ સૂચનાઓ સરકારે આપેલી છે કે કેમ અને કયારે આપેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલો આપવાની અરજીઓ

૧૦૯૧૨ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં અનુસૂચિત જાતિની કેટલી બહેનોને સાયકલો આપવામાં આવી, અને કેટલી અરજીઓ પડતર છે,

**જવાબ**

(૧)

| વર્ષ | કન્યાઓને આપવામાં આવેલ સાયકલ સહાય | પડતર અરજીઓ |
|---|---|---|
| ૧-૧-૦૩થી ૩૧-૧૨-૦૩ | -- | -- |
| ૧-૧-૦૪થી ૩૧-૧૨-૦૪ | ૩૮૭ | ૨૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) પડતર અરજીઓના લાભાર્થીઓને કયારે સાયકલો આપવામાં આવશે, અને | (૨) ૨૨ પડતર અરજીઓ મંજૂર કરી સાયકલ સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) પડતર રહેવાનાં કારણો શું છે ? | (૩) ચકાસણી હેઠળ હોવાથી |

----------------

## આદર્શ નિવાસી શાળામાં આવક મર્યાદાનું ધોરણ

૧૦૪૯૯ **શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાને લઈ, પ્રવેશ આપવામાં આવે છે તે વાત સાચી છે, | (૧) ના જી, |
| (૨) જો હા, તો આવક મર્યાદાનું ધોરણ શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે?

(૩) ૧૨૬૨

---

**રાજકોટ જિલ્લામાં ખેડૂતોને આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૮૦૯૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ડિસે. ૦૪ની સ્થિતિએ કયા કયા તાલુકામાં સોઈલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે:

| અ.નં. | તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજકોટ | ૯૧૦ |
| ૨. | પડધરી | ૫૮૦ |
| ૩. | વાંકાનેર | ૧૦૧૦ |
| ૪. | મોરબી | ૭૯૦ |
| ૫. | માળીયા (મી) | ૪૪૦ |
| ૬. | ટંકારા | ૪૭૦ |
| ૭. | લોધીકા | ૩૮૦ |
| ૮. | કોટડા સાંગાણી | ૪૧૦ |
| ૯. | જસદણ | ૧૦૨૦ |
| ૧૦ | ગોંડલ | ૮૨૦ |
| ૧૧ | જેતપુર | ૫૦૦ |
| ૧૨. | ધોરાજી | ૩૧૦ |
| ૧૩. | ઉપલેટા | ૫૧૦ |
| ૧૪. | જામકંડોરાણા | ૪૭૦ |
| | કુલ | ૮૬૨૦ |

(૨) બાકી રહેતા ખેડૂતોને કેટલા સમયમાં આ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે?

(૨) સને ૨૦૦૫માં ૧૭,૦૦૦ ખેડૂતોને અને ત્યારબાદ તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

---

**અમદાવાદની આઈ.ટી.આઈ.માં નવા કોર્ષ**

૧૦૯૨૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરની આઈ.ટી.આઈ. માં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા નવા કોર્ષ શરૂ કરવામાં આવ્યા,

(૨) ઉદ્યોગોમાં નવી ટેકનોલોજીના પ્રવેશ સાથે કયા કોર્ષોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા, અને

(૩) અમદાવાદની સંસ્થાઓમાંથી પ્લેસમેન્ટની ટકાવારી કેટલી છે?

**જવાબ**

(૧) મીકેનીક મેકાટ્રોનીકસ, નેટવર્ક ટેકનીશ્યન, લીફ્ટ મીકેનીક

(૨) કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ, મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશન, મીકેનીક મોટર વ્હીકલ, પ્લમ્બર, મેશન, ડેસ્ક ટોપ પબ્લીશીંગ ઓપરેટર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ)

(૩) વર્ષ ૨૦૦૨-૨૦૦૪ દરમ્યાન અમદાવાદની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કુલ ૯૬ કેમ્પસ ઈન્ટરવ્યુ ગોઠવેલ હતા. કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૭૦૨૬ ઉમેદવારોને બોલાવેલ તે પૈકી ૧૦૦૨ ઉમેદવારોનું પ્લેસમેન્ટ કરવામાં આવેલ, જેની ટકાવારી ૧૪.૨૬ ટકા થાય છે.

---

**બારડોલી તાલુકામાં શ્રમયોગી લાભાર્થીઓને મકાન સહાય**

૧૦૪૯૬ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી તાલુકામાં શ્રમયોગી યોજનામાં લાભાર્થીઓની સંખ્યા કેટલી છે ; | (૧) બારડોલી તાલુકામાં શ્રમયોગી લાભાર્થીઓની સંખ્યા કુલ ૪૩૦ છે. |
| (૨) આ શ્રમયોગી લાભાર્થીઓને સરકારની ગાઈડ લાઈન મુજબ કયા કયા લાભો આપવાનું નક્કી થયેલ છે, અને | (૨) શ્રમયોગી લાભાર્થીને સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નીચેના લાભો આપવાનું નક્કી થયું છે.<br>(૧) વર્ષમાં ૧૫૦ દિવસની રોજગારી<br>(૨) પાંચ ફળાઉ ઝાડ<br>(૩) સરકારી યોજના અનુસારનું આવાસ<br>(૪) કુટુંબના એક સભ્યને કૌશલ્ય સુધારણાની તાલીમ<br>(૫) એક નાનું ઢોર |
| (૩) બારડોલી તાલુકાના કેટલા શ્રમયોગી લાભાર્થી મકાન સહાયથી વંચિત છે અને તેમને ક્યાં સુધી મકાન સહાયનો લાભ આપવામાં આવશે ? | (૩) ૨૬૮ શ્રમયોગી લાભાર્થીઓના કેસમાં મકાન સહાય બાકી છે બાકી શ્રમયોગી લાભાર્થીઓના કેસમાં નિયમાનુંસાર મકાન સહાયનો લાભ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. |

----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર વૃધ્ધોને સહાય**

૮૮૩૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયલા અને ચોટીલા તાલુકામાં સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા નિરાધાર વૃધ્ધોને સહાય ચૂકવવામાં આવી છે, | (૧) અં. નં. તાલુકો વૃધ્ધોની સંખ્યા<br>(૧) સાયલા ૯૯<br>(૨) ચોટીલા ૧૪૩ |
| (૨) કેટલા ઈસમોને સહાય ચૂકવવાની બાકી છે, અને | (૨) કોઈ ઈસમ બાકી નથી. |
| (૩) બાકી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

**રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ**

૮૭૦૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં દરેક તાલુકામાં ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ છે, જ્યારે મહુધા તાલુકામાં નથી તો આ બાબતે સરકારે શા પગલાં લીધા અને,<br>(૨) કેટલા સમયમાં આ લાભ મહુધા તાલુકાના ખેડૂતોને મળશે ? | (૧) અને (૨) મહુધા તાલુકામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિની રચના કરતુ જાહેરનામુ તા. ૨૩-૨-૦૫થી બહાર પાડવામાં આવેલ છે. |

----------

**વિરમગામ તાલુકામાં ખેત તલાવડીઓ બનાવવા અંગે**

૧૧૧૫૮ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં વિરમગામ તાલુકામાં કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી, અને તેની પાછળ કેટલો ખર્ચ થયો અને તેના કારણે કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે. | વિરમગામ તાલુકામાં તા. ૩૧-૧-૦૫ની પરિસ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ ખેત તલાવડીઓ વવામાં આવી. |

| અ. નં. | એજન્સી નું નામ | ખેત તલાવડી ની સંખ્યા | થયેલ ખર્ચ કે અન્ય ચૂકવણી | પાણીનો અંદાજીત સંગ્રહ. |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ગુ.રા.જ. વિ.નિ. | ૩૫ | રૂ.૫.૬૦ | ૨૨૫૭૫ ઘન મીટર |
| ૨. | ગ્રા.વિ.વિ. | ૩૭૧ | ૧૭૦.૭૦ મે.ટન અનાજ ની સહાય | ૪૬૧૩૬ ઘન મીટર |

---------------

## રાજ્યમાં બી.ટી. કપાસના નિષ્ફળ બિયારણો બાબતમાં પગલાં

૧૦૯૧૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મોન્સેન્ટો કંપની દ્વારા ઉત્પાદીત બી.ટી. કપાસ બોલગાર્ડના બિયારણ રાજ્યમાં ઠેર ઠેર નિષ્ફળ જઈ રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો પરિણામે ખેડૂતોમાં વ્યાપક રોષ અને નિરાશા ફેલાઈ છે, તે હકીકત પણ સાચી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો રાજ્ય સરકારે આ સમસ્યાના સમાધાન માટે ઉચ્ચ કક્ષાએ શાં પગલાં લીધેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## ટ્રાયબલ વિસ્તારના બિન આદિવાસી ખેડૂતો માટે યોજના

૧૦૫૨૯ **શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસી ખેડૂતો માટેની વિવિધ યોજનાઓ રાજ્ય સરકારની અમલી છે પરંતુ ટ્રાયબલ વિસ્તારમાં વસતા બિન આદિવાસી ખેડૂતો માટે ખેતીના ઉપયોગ માટે વિકાસની કોઈ યોજનાઓ છે કે કેમ, | (૧) હા જી. સહાય માટેની નીચે મુજબની યોજનાઓ છે :<br>(અ) રાજ્ય સરકારની ટપક ફુવારા સિંચાઈ, સેન્દ્રીય ખાતર, ગોબર ગેસ, સુધારેલા ખેત ઓજારો, બળદ ગાડા, પાડા, તાડપત્રી, ઈનપુટ્સ, પાક સંરક્ષણના સાધનો, સિંચાઈ સવલતો, કુવા બ્લાસ્ટીગ ખેડૂત ખાતેદાર વીમા યોજના, પાક વીમા યોજના.<br>(બ) <u>કેન્દ્ર પુરસ્કૃત</u> :-<br>કોટન, મીનીમીશન, આઈસોપોમ, વર્કપ્લાન. |
| (૨) તેમાં દાહોદ જિલ્લામાં ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, અને | (૨) દાહોદ જિલ્લામાં બિન આદિવાસી ખેડૂતો માટેની યોજનાઓ માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવેલ છે.<br>૨૦૦૩-૦૪ રૂા. ૨૬.૫૩ લાખ<br>૨૦૦૪-૦૫ રૂા. ૧૭.૧૫ લાખ |
| (૩) તેમના વિકાસ માટે સરકારનું શું આયોજન છે? | (૩) (તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ) ટ્રાયબલ વિસ્તારમાં રહેતા બિન આદિવાસી ખેડૂતો માટે નીચે મુજબનું આયોજન છેઃ<br>(અ) રાજ્ય સરકારની ડ્રીપ/સ્પ્રીકલર, સેન્દ્રીય ખાતર, સુધારેલા ખેત ઓજારો, પાક સંરક્ષણના સાધનો બળદ, પાડા, ગાડા, તાડપત્રી, ઈનપુટસ તથા સિંચાઈ સવલતોમાં સહાય તેમજ ખેડૂતો માટેની અકસ્માત વીમા યોજના અને પાક વીમા યોજના હેઠળ રાહત આપવાનું આયોજન.<br>(બ) કેન્દ્રપુરસ્કૃત યોજનાઓ જેવી કે કોટન મીનીમીશન, આઈસોપોમ, વર્કપ્લાન, યોજનાઓ હેઠળ સહાય આપી, ખેડૂતોનુ પાક ઉત્પાદન વધારીને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવવાનું આયોજન. |

(ક) ખેતીવાડી ખાતા હસ્તકના ખેડૂત તાલીમ કેન્દ્રો, કૃષિ યુનિવર્સીટીઓ હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મારફત ખેડૂતોને તાલીમ આપવાનું આયોજન.
(ડ) સોઈલ હેલ્થ કાર્ડના પૃથ્થકરણના આધારે ખેડૂતોને પાક તેમજ રાસાયણિક ખાતર વપરાશ અંગે માર્ગદર્શન આપવાનું આયોજન.
(ઈ) ટેલીવીઝન તેમજ રેડીયો જેવા પ્રસાર માધ્યમો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવાનું આયોજન.
(ફ) પ્રત્યેક ગામમાંથી ગરીબીરેખા નીચે જીવતા અતિગરીબ ખેડૂતોને ખેત ઓજારો, ઈનપુટસ રૂા.૧૫૦૦/-ની મર્યાદામાં વર્ષ ૨૦૦૫-૦૬ થી વિના મૂલ્યે આપવાનું આયોજન છે.

----------

## સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ પ્રોજેક્ટ

૧૦૨૦૯ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૦૪-૦૫માં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, | (૧) રૂા. ૨૧૧૯.૯૩ લાખની નાણાકીય જોગવાઈ કરવામાં આવી. |
| (૨) વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન કેટલા પ્રોજેક્ટ મંજૂર થયા, અને | (૨) ૫૦૦૦ હેકટરનો એક એવા ૯(નવ) સંકલિત પ્રોજેકટ મંજૂર થયા છે. |
| (૩) તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) શૂન્ય. |

----------

## ઉચ્ચ અભ્યાસ માટે લોનનો નિર્ણય

૧૧૧૮૯ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા)** : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ લોન ગ્રેજ્યુએટ પછીના ઉચ્ચ અભ્યાસક્રમ માટે વર્ષ ૨૦૦૪-૦૫ માટે અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે તે વાત સાચી છે, અને | (૧) અનુ. જાતિ: હા, જી. વિકસતી જાતિ: હા, જી. |
| (૨) જો હા, તો વિદેશ અભ્યાસ માટે કુલ કેટલા વિદ્યાર્થીઓને તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) |

| | | |
|---|---|---|
| | ૧૧ વિદ્યાર્થીઓને રૂા. ૫૫.૦૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે | સા. અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના એક વિદ્યાર્થીને રૂા.૫.૦૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે. |

---------

**બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં પાક વિમાના નાણાં**

૧૦૨૦૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાઠા અને ગાંધીનગર જિલ્લાના કયા કયા ગામે પાક વિમાના કેટલા નાણાં ચૂકવાયા છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના ૧,૭૭,૬૪૮ ખેડૂતોને રૂા.૫૧,૦૩,૩૫,૭૨૧.૩૦ પૈસા ચૂકવાયા છે, પાક વિમાનો એકમ તાલુકો હોઈ, આ જિલ્લાઓની તાલુકાવાર, લાભાર્થીઓની સંખ્યા અને ભારતીય કૃષિ વિમા કંપનીએ ચૂકવેલ રકમની વિગતો આ સાથે બીડેલ પત્રક-૧માં દર્શાવેલ છે. |
| (૨) કયા કયા પાકો માટે નાણા ચૂકવવામાં આવ્યાં? | (૨) દિવેલા, કપાસ, બાજરી, મકાઈ, મગ, અડદ, મગફળી, ડાંગર, તુવેર, પિયત ઘઉં અને રાઈ/સરસવ પાક માટે નાણાં ચૂકવવામાં આવેલ છે. |

**પત્રક-૧**

**વર્ષ ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાંબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં આવરી લેવાયેલ લાભાર્થી ખેડૂત અને દાવાની વિગત**

| વર્ષ | જિલ્લો | તાલુકો | લાભાર્થી ખેડૂતો | દાવાની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૨૦૦૧ | બનાસકાંઠા | **ધાનેરા** | ૧૪ | ૪૬૧૭.૬૪ |
| ૨૦૦૧ | બનાસકાંઠા | **કાંકરેજ** | ૨૦૫ | ૩૩૧૧૯૭.૪૪ |
| ૨૦૦૧ | બનાસકાંઠા | **સાંતલપુર** | ૧૯૭ | ૪૯૦૮૪૧.૯૧ |
| ૨૦૦૧ | બનાસકાંઠા | **વડગામ** | ૯૭૧ | ૧૨૦૭૧૦.૨૬ |
| ૨૦૦૧ | બનાસકાંઠા | - | ૧૩૮૭ | ૯૪૭૩૬૭.૨૫ |
| ૨૦૦૧ | મહેસાણા | **ચાણસ્મા** | ૭૭૫ | ૧૭૦૭૪૫૧.૬૬ |
| ૨૦૦૧ | મહેસાણા | **હારીજ** | ૧૮ | ૩૬૬૩૩.૧૫ |
| ૨૦૦૧ | મહેસાણા | **કલોલ** | ૧ | ૨૨૩૬.૯૨ |
| ૨૦૦૧ | મહેસાણા | **મહેસાણા** | ૮૫૨ | ૧૦૫૯૬૫૮.૫૨ |
| ૨૦૦૧ | મહેસાણા | **પાટણ** | ૩૦૧૧ | ૧૧૨૫૯૩.૪૯ |
| ૨૦૦૧ | મહેસાણા | **સમી** | ૧૦૩ | ૪૫૮.૬૪ |
| ૨૦૦૧ | મહેસાણા | **વીસનગર** | ૮૫ | ૪૪૮૪૬.૨૮ |
| ૨૦૦૧ | **મહેસાણા Total** | - | ૪૮૪૫ | ૨૯૬૩૮૭૮.૬૬ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **બાયડ** | ૨૩૫૦ | ૮૧૮૮૩૫૬.૬૫ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **ભીલોડા** | ૨૮૪૦ | ૨૬૭૪૧૫૪.૪૪ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **હિંમતનગર** | ૧૨૪૫૯ | ૨૪૫૨૪૧૫૬.૬ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **ઈડર** | ૧૨૧૦૬ | ૩૧૫૯૫૧૮૬.૧૫ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **ખેડબ્રહ્મા** | ૧૮૧૪ | ૨૩૯૧૨૭૯.૦૫ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **મેઘરજ** | ૨૧૨૪ | ૪૬૩૧૨૦૫.૭૮ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **મોડાસા** | ૨૮૬૩ | ૫૪૪૭૦૬૪.૯૬ |
| ૨૦૦૧ | સાબરકાંઠા | **પ્રાંતીજ** | ૧૮૮૦ | ૧૬૫૧૨૨૨.૨૫ |
| ૨૦૦૧ | **સાબરકાંઠા Total** | - | ૩૮૪૩૬ | ૮૧૧૦૨૬૨૫.૮૮ |
| **૨૦૦૧ Total** | | | ૪૪૬૬૮ | ૮૫૦૧૩૮૭૧.૭૯ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **દાંતા** | ૮૪ | ૫૫૨૮૫.૧૫ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **દિયોદર** | ૬૯૨૩ | ૯૮૪૧૪૩૦.૩૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૨ | બનાસકાંઠા | **પાલનપુર** | ૨૨૨૯ | ૩૩૩૩૮૬૫.૪૯ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **રાધનપુર** | ૫૭૫૮ | ૧૨૧૧૫૩૦૯.૯ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **રાધનપુર** | ૬૮૪ | ૧૬૧૪૦૯૧.૫૨ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **સાંતલપુર** | ૭૮૦૪ | ૧૯૨૪૨૭૦૦.૨૨ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **થરાદ** | ૧૬૩૭૭ | ૬૭૦૨૪૩૩૨.૨ |
| ૨૦૦૨ | બનાસકાંઠા | **વાવ** | ૧૯૭૩૭ | ૯૬૯૦૩૨૧૨.૧૮ |
| | **બનાસકાંઠા Total** | - | ૫૯૫૯૬ | ૨૧૦૧૩૦૨૨૭ |
| ૨૦૦૨ | મહેસાણા | **ચાણસ્મા** | ૫૧૭ | ૧૦૦૯૫૬૭.૯૧ |
| ૨૦૦૨ | મહેસાણા | **હારીજ** | ૧૩ | ૧૫૨૯૨૩.૦૮ |
| ૨૦૦૨ | મહેસાણા | **કલોલ** | ૮૧ | ૯૯૭૬૮.૮૧ |
| ૨૦૦૨ | મહેસાણા | **મહેસાણા** | ૩૨ | ૮૪૨૭.૫ |
| ૨૦૦૨ | મહેસાણા | **સમી** | ૭૩૫૩ | ૨૭૫૭૮૧૫.૫૭ |
| ૨૦૦૨ | **મહેસાણા Total** | | ૭૯૯૬ | ૪૦૨૮૩૨૨.૮૭ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **બાયડ** | ૪૬૫૫ | ૨૨૪૦૬૨૨૮.૯૪ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **ભિલોડા** | ૧૫૩૮ | ૬૧૭૩૯૨૭.૯૬ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **હિંમતનગર** | ૧૦૧૭૧ | ૪૦૫૬૯૮૦૯.૭ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **ઈડર** | ૨૬૭૦૯ | ૮૨૭૯૧૩૧૫.૭૧ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **ખેડબ્રહ્મા** | ૫૯૫૯ | ૨૭૪૧૨૯૨૭.૩૪ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **માલપુર** | ૧૫૭૩ | ૧૦૧૨૯૪૫.૧ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **મેઘરજ** | ૪૮૦૭ | ૧૩૪૧૭૦૩૧.૬૫ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **મોડાસા** | ૨૦૨૪ | ૩૪૫૬૫૯૦.૧૩ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **પ્રાંતીજ** | ૭૩૬૦ | ૧૩૬૭૮૩૯૮.૬૩ |
| ૨૦૦૨ | સાબરકાંઠા | **વિજયનગર** | ૫૯૨ | ૨૪૪૧૨૪.૪૨ |
| ૨૦૦૨ | સાબરકાંઠા Total | | ૬૫૩૮૮ | ૨૧૧૧૬૩૨૯૯.૬ |
| **૨૦૦૨ Total** | | | ૧૩૨૯૮૦ | ૪૨૫૩૨૧૮૪૯.૫ |
| | | **Grand Total** | ૧૭૭૬૪૮ | ૫૧૦૩૩૫૭૨૧.૩૦ |

**પાટણ જિલ્લાની તાલુકાવાર વિગતોનો સમાવેશ મહેસાણા જિલ્લામાં કરવામાં આવ્યો છે.**

-------------

**ભાવનગર જિલ્લામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ**

૧૦૫૨૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં કયા કયા તાલુકામાં પોતાની સ્વતંત્ર ખેત ઉત્પન્ન બજાર સમિતિ અસ્તિત્વમાં છે અને કેટલા તાલુકાને પોતાની સ્વતંત્ર બજાર સમિતિ નથી, અને

(૨) ભાડાની જમીન રાખીને કયા કયા તાલુકામાં ઉત્પન્ન બજાર સમિતિ ચાલુ છે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ભાવનગર, મહુવા, બોટાદ, ગઢડા, ગારીયાધાર, તળાજા અને ઘોઘા તાલુકાઓમાં સ્વતંત્ર ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ અસ્તિત્વમાં છે. જયારે પાલીતાણા-શિહોર તથા ઉમરાળા-વલ્લભીપુર તાલુકાઓમાં સંયુકત ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ છે.

(૨) બોટાદ.

---------

**ઇ-ગ્રામ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઇઝડ થયેલી ગ્રામ પંચાયતો**

૮૫૧૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઇ-ગ્રામ યોજના અંતર્ગત રાજ્યની કુલ કેટલી ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરાઇઝડ કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કુલ ૧૮૧૦ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર સાધન સામગ્રી આવી ગયેલ છે જે પૈકી ૫૬૭ ગ્રામ પંચાયતોમાં અમલીકરણ શરુ થઇ ગયેલ છે. |
| (૨) બાકી રહેલ ગામ પંચાયતોને કોમ્પ્યુટરાઇઝડ કરવા માટે શું આયોજન કરેલ છે? | (૨) ચાલુ નાણાકીય વર્ષના અંતસુધીમાં બાકી રહેતી પૈકીની કુલ-૪૨૦૦ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટરાઇઝડ કરવાનું આયોજન છે. ત્યારબાદ બાકી રહેતી ગ્રામ પંચાયતોને તબક્કાવાર આવરી લેવાનું આયોજન છે. |

---------

**સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજનામાં ફાળવેલ રકમ**

૮૩૧૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હેઠળ સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના અમલી બનાવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેન્દ્ર સરકારે જાન્યુઆરી-૨૦૦૫ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫ માં કુલ કેટલી રકમ કયારે ફાળવી, અને | (૨) સને ૨૦૦૪-૦૫ માં જાન્યુ-૦૫ અંતિત સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ કેન્દ્ર સરકારે તેમનાં હિસ્સાનાં ભંડોળો, કયારે છૂટાં કરવામાં આવેલ, તેની વિગતો નીચે મુજબ છે. |

| **ક્રમ** | **માસ** | **કેન્દ્ર સરકારે છૂટાં કરેલ રોકડ ભંડોળ (રૂા.લાખમાં)** |
|---|---|---|
| ૧ | એપ્રિલ-૦૪ | ૪૪૩૬.૫૦ |
| ૨ | મે-૦૪ | ૧૦૯૪.૭૦ |
| ૩ | જૂન-૦૪ | ૬૩૮.૭૮ |
| ૪ | નવે-૦૪ | ૧૧૩૩.૮૦ |
| ૫ | ડિસે-૦૪ | ૧૨૫૪.૯૯ |
| ૬ | જાન્યુ-૦૫ | ૫૨૧.૩૦ |
| | **કુલ :** | **૯૦૮૦.૦૭** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ ફાળવેલ રકમ દ્વારા રાજ્ય સરકારે કુલ કેટલી રોજગારીઓ ઉભી કરી, કેટલી રકમ ખર્ચ કરી? | (૩) આ યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૦૪-૦૫માં જાન્યુ-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૨૦૦.૦૧ (લાખ) માનવદિન રોજગારી ઉત્પન્ન કરી અને રૂા.૧૦૦૧૦.૨૩ (લાખ) નો રોકડ નાણાંકીય ખર્ચ થયેલ છે તેમજ કુલ ૧૩૨૬૧૫ (મે.ટન) અનાજનો જથ્થો વેતનનાં અંશતઃ ભાગરુપે ચુકવણાં કરાયેલ છે. |

---------

**રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા**

૧૦૭૨૬ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી નોંધાયેલ છે, અને | (૧) ૭૯૦૫૭૪ |
| (૨) બેરોજગારી દૂર કરવા સરકારનું શું આયોજન છે? | (૨) ઔદ્યોગિક વિસ્તારમાં ભરતી મેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગારશિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો, ટૂંકાગાળાના તાલીમવર્ગો શરુ કરવામાં આવેલ છે. અને |

બેરોજગારીની વિગતો વેબ સાઇટ ઉપર મૂકવામાં આવે છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ કૃષિ બીજ ઉત્પાદન અને બિયારણ વૃધ્ધિ કેન્દ્રો**

૧૦૭૩૮ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તક અને જિલ્લા પંચાયત હસ્તક બીજ ઉત્પાદન કરતાં કેટલા કૃષિ બીજ ઉત્પાદન અને બિયારણ વૃધ્ધિ કેન્દ્રો છે,

(૨) આ કૃષિ બીજ ઉત્પાદન અને બિયારણ વૃધ્ધિ કેન્દ્રોમાં બીજ ઉત્પાદનની કામગીરી કેટલા સમયથી બંધ છે, અને સરકાર આ કેન્દ્રો ચાલુ રાખવા માંગે છે કે કેમ, અને

(૩) જો ના, તો સરકાર આ કૃષિ બીજ ઉત્પાદન અને બિયારણ વૃધ્ધિ કેન્દ્રોની સંપાદન કરેલ જમીન તેના મૂળ માલિકને પરત આપવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) પાંચ.

(૨) તા.૧-૪-૦૪ થી આ અંગે નીતિ વિષયક નિર્ણય લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીન ઉપર ગેરકાયદે દબાણો**

૧૦૯૧૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગૌચર જમીનો ઉપર તાલુકાવાર કેટલા દબાણો છે, અને

(૨) આ દબાણો દૂર કરવાની સત્તા કોને સોંપવામાં આવી, અને આ દબાણો કેટલા સમયમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ગૌચર જમીનો ઉપર તાલુકાવાર દબાણો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણની સંખ્યા. |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૬૮ |
| ૨ | વડગામ | ૧૫૨ |
| ૩ | ડીસા | ૩૧૧ |
| ૪ | ધાનેરા | ૬૭ |
| ૫ | દિયોદર | ૧૭૬ |
| ૬ | વાવ | ૧૪૨ |
| ૭ | કાંકરેજ | ૧૦૧૧ |
| ૮ | અમીરગઢ | ૭ |
| ૯ | થરાદ | ૨૭ |
| ૧૦ | દાંતા | ૨૨ |
| ૧૧ | ભાભર | ૮૬ |
| | **કુલ :** | **૨૫૬૯** |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫(૨) હેઠળ ગૌચરની જમીન ઉપરના દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવેલ છે. આ દબાણો દૂર કરવામાં ગ્રામ પંચાયત નિષ્ફળ જાય તો તાલુકા વિકાસ અધિકારીને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૭) (૮) હેઠળ અધિકારો આપવામાં આવેલ છે જે અન્વયે દબાણો દૂર કરવા કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**રાજ્યમાં ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત સમર્પિત કરેલ ગામો**

૧૦૫૧૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત કેટલા ગામોને સંપૂર્ણ ગોકુળ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) ૧૨,૪૮૧ ગામો. |
| (૨) કેટલા ગામોને સમર્પિત ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા? | (૨) ૫૯૬ ગામો. |

---------

**રાજ્યમાં તાલીમ સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામતની જોગવાઇ**

૧૧૧૬૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની તાલીમ સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામતની શી જોગવાઇ છે, | (૧) સરકારની નીતિ અને હુકમોનુસાર સંસ્થાદીઠ કુલ ભરવાપાત્ર બેઠકોનાં ૩ ટકા. |
| (૨) આવા વિકલાંગ તાલીમાર્થીને કોઇ વિશેષ સવલતો આપવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કઇ કઇ સવલતો આપવામાં આવે છે? | (૩) ૧. ટયુશન ફી ભરવામાંથી મુકિત.<br>૨. બસ-પાસ/રેલ્વે પાસની સવલત. |

---------

**વડોદરા ખાતે રીફાઇનરીમાં આગથી નુકસાન**

૯૧૬૯ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા ખાતે આવેલી રીફાઇનરીમાં સને ૨૦૦૪ માં આગ લાગેલી તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેટલા મજૂરોના મોત થયા હતા, | (૨) (બે). |
| (૩) રીફાઇનરી સામે સરકારે કોઇ પગલાં ભર્યા છે કે કેમ, અને | (૩) નિયમોનુસારની તપાસ હાથ ધરવામાં આવેલ છે. |
| (૪) અંદાજે કેટલી રકમનું નુકસાન થયેલ છે? | (૪) અંદાજે રૂપિયા ૧૦૨.૦૦ કરોડ. |

---------

**મહેસાણા જિલ્લામાં અષ્ટાવક્ર યોજના હેઠળ પસંદ થયેલ સંસ્થા**

૧૦૨૧૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની અંતિત મહેસાણા જિલ્લામાં કેટલી સંસ્થાઓને અષ્ટાવક્ર યોજના માટે પસંદ કરવામાં આવી, અને | (૧) ૨ (બે). |
| (૨) આ સંસ્થાઓ દ્વારા શી કામગીરી થઇ? | (૨) પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

**આ બે સંસ્થા દ્વારા નીચે મુજબ કામગીરી થયેલ છે.**

| અનુ. નંબર | કામગીરીનો પ્રકાર | લાભ મેળવનાર વિકલાંગો | |
|---|---|---|---|
| | | ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ વિજાપુર તાલુકો જિ.મહેસાણા | મમતા કેન્દ્ર નાની કડી, કડી તાલુકો જિ.મહેસાણા. |
| ૧ | ૨ | ૩અ | ૩બ |
| ૧ | સર્વે દરમ્યાન મળેલ વિકલાંગો | ૨૮૨૮ | ૩૦૯૮ |
| ૨ | મેડીકલ સર્ટીફીકેટ | ૮૯ | ૧૪૦ |
| ૩ | તબીબી સારવાર | ૨૬ | - |
| ૪ | ઓળખકાર્ડ | ૩૮ | ૭૧ |
| ૫ | સંત સુરદાસ યોજનાના ફોર્મ ભર્યા | ૨૦ | ૨ |
| ૬ | રેલ્વે પાસ | ૮ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૭ | સાધન સહાય | ૨૫૫ | ૧૪૩ |
| ૮ | દિનચર્યા | ૪૦ | ૩૯ |
| ૯ | આકલન અને હલનચલન | ૪૫ | ૫૮ |
| ૧૦ | રોજગાર | - | ૧ |

---------

**નવસારી જિલ્લામાં ખેત તલાવડી**

૧૦૧૮૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલા ગામોમાં ખેત તલાવડી બનાવવામાં આવી છે, | (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ૨૩૦ ગામોમાં ખેત તલાવડી બનાવવામાં આવી છે. |
| (૨) તે માટે કેટલા માનવ દિનને રોજગારી મળી, | (૨) ૩.૬૪ (લાખ) માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ. |
| (૩) રોજગારી સામે અનાજની કુપનો ન મળતાં લાભાર્થીઓનું અનાજ સહકારી મંડળીઓમાં સડી રહયું છે, તે વાત સાચી છે, અને | (૩) ના, જી. આવો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |
| (૪) જો હા, તો જવાબદાર સામે શું પગલાં ભરવામાં આવ્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં વીમા ક્ષેત્રે ચૂકવવાની બાકી રકમ**

૧૦૫૨૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વીમા ક્ષેત્રે કેટલી રકમો ખેડૂતોને ચૂકવવાની બાકી છે, | (૧) રૂ.૮,૦૯,૨૬,૩૯૬/- |
| (૨) જો હા, તો તમામને કયારે ચૂકવી આપવામાં આવશે, અને | (૨) (ક) રવી/ઉનાળુ ૨૦૦૨-૦૩ ના દાવાની કુલ રકમ રૂ.૨.૩૮ કરોડ પૈકી રૂ.૨.૩૪ કરોડ તા.૪-૨-૦૫ ના રોજ ચૂકવાયેલ છે. બાકી રકમ વીમા કંપની દ્વારા બનતી ત્વરાએ ચૂકવવામાં આવશે.<br>(ખ) ખરીફ ૨૦૦૩ અને રવિ/ઉનાળુ ૨૦૦૩-૦૪ ઋતુના રૂ.૫,૭૦,૬૨,૫૪૧/- ના દાવાની રકમ પ્રિમિયમની મર્યાદામાં હોઇ ભારતીય કૃષિ વિમા કંપની લિ. અમદાવાદને ચૂકવી આપવા જણાવેલ છે. |
| (૩) નહીં ચૂકવી શકવાના કારણો કયા છે? | (૩) રૂ.૪,૩૦,૬૧૯/- ના દાવાની રકમ ભારતીય કૃષિ વીમા કંપની લી. દ્વારા ચકાસણી હેઠળ હોવાના કારણે ચૂકવી શકાઇ નથી, જયારે વર્ષ ૨૦૦૩-૦૪ ના રૂ.૫,૭૦,૬૨,૫૪૧/- ના દાવાઓ કૃષિ વીમા કંપનીએ ચૂકવી આપવાના છે તે સત્વરે ચૂકવી આપવા રાજ્ય સરકારે કૃષિ વીમા કંપનીને જણાવ્યું છે. |

---------

**રાજ્યમાં જિલ્લા કક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવાનું આયોજન**

૧૦૧૭૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર જિલ્લા કક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવાની રકમમાં કોઇ વધારો કરવા માંગે છે કે કેમ, | (૧) અગાઉ રૂ.૨૫.૦૦ લાખ બાંધકામ ખર્ચની મર્યાદા હતી તેમાં વધારો કરીને રૂ.૩૫.૦૦ લાખ ખર્ચની મર્યાદા કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેનો અમલ કયારથી શરુ થનાર | (૨) સામાજિક ન્યાય અને અધિકારીતા |

છે, તા.૩૧-૧-૦૫ સુધીમાં રાજ્યમાં કયા કયા જિલ્લામાં ડૉ. આંબેડકર ભવનોના કામ પૂર્ણ થયેલ છે, કયા કયા જિલ્લામાં કામ હાથ પર છે તે કયાં સુધીમાં પૂર્ણ થશે, અને

વિભાગના તા.૧૦-૧-૨૦૦૫ના ઠરાવથી રૂા.૨૫.૦૦ લાખમાંથી રૂા.૩૫.૦૦ લાખનો વધારો કરેલ છે. સુરત, ગાંધીનગર, પાલનપુર (બનાસકાંઠા), મહેસાણા અને જામનગર એમ પાંચ જિલ્લામાં બાંધકામ પૂર્ણ થયેલ છે. પાટણ, વડોદરા, જુનાગઢ અને સુરેન્દ્રનગર એમ ચાર જિલ્લામાં બાંધકામ હાથ પર છે જે શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવામાં આવશે.

(૩) કયા કયા જિલ્લામાં નવા આંબેડકર ભવનો બાંધવાનું કયાં સુધીમાં આયોજન છે?

(૩) પાટણ, વડોદરા, જુનાગઢ, સાબરકાંઠા, રાજકોટ, ભરુચ, પોરબંદર, ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, વલસાડ તથા અમદાવાદ એમ ૧૨ જિલ્લાઓમાં આંબેડકર ભવનો સત્વરે બાંધવાનું આયોજન છે.

---------

**બેરોજગારોને રોજગારી માટે માર્ગદર્શન આપવાની વ્યવસ્થા**

૧૧૧૬૩ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે સરકાર તરફથી માર્ગદર્શન આપવાની કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે? | (૨) ૧. રોજગાર કચેરીઓ ખાતે વ્યવસાય માર્ગદર્શન એકમો ઉભા કરવામાં આવેલ છે.<br>૨. ઉમેદવારોને નામ નોંધણી, રીન્યુઅલ અને અપડેશનની કામગીરી વખતે વ્યવસાય માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૩. તાલુકા રજીસ્ટ્રેશન કેમ્પમાં વ્યવસાય માર્ગદર્શન આપવામાં આવે છે.<br>૪. તાલુકા કક્ષાએ સ્વરોજગાર પ્રેરણા શિબિરો યોજવામાં આવે છે. શાળા-કોલેજોમાં કેરિયર કોર્નર તાલીમ વર્ગો શરુ કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર ખાતે ડૉ. આંબેડકર ભવન બનાવવા આયોજન**

૧૧૦૫૫ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષમાં ભાવનગર ખાતે ડૉ. આંબેડકર ભવન બનાવવા આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો કેટલા સમયમાં બનાવવા આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં શૌચાલયો બનાવવા પાછળ થયેલ ખર્ચ**

૧૦૪૮૯ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ગ્રામિણ સ્વસ્છતા કાર્યક્રમ હેઠળ કેટલા શૌચાલયો બનાવવામાં આવ્યા છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કોઈ શૌચાલયો બનાવવામાં આવ્યા નથી. |
| (૨) કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓને કેટલા શૌચાલયો બનાવવા કામ આપવામાં આવેલ હતું, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા શૈચાલયો બનાવવા કામ આપવામાં આવેલ નથી. ફક્ત અગાઉના વર્ષોના પુરા થયેલા કામ સામે એનાર્ડે ફાન્ડેશન, વાપી |

| | |
|---|---|
| | દ્વારા રજુ થયેલ બીલની સામે સહાયની ચુકવણી કરવામાં આવેલ છે. |
| (૩) સદર કામગીરી માટે સ્વૈચ્છિક સંસ્થાને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં અગાઉ થયેલ કામો સામે બાકી સહાયની રકમ પેટે તા. ૧૦-૯-૨૦૦૪ના રોજ રૂા. ૫૭૪૨૭૫/-ની રકમ ચુકવી આપવામાં આવી છે. |

---------

## રાજકોટમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો

૧૦૯૨૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયા ? | વર્ષ-૨૦૦૩ ૧૨૨૨૪<br>વર્ષ-૨૦૦૪ ૮૮૭૩. |

---------

## સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૧૦૨૦ **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા)** : **માનનીય ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આદિવાસી વિસ્તારોમાં મકાન સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) મકાન સહાય મેળવવા માટે કુલ-૩૮૩૨ અરજીઓ આવેલ હતી. |
| (૨) તે પૈકી વ્યારા અને સોનગઢ તાલુકામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી.<br>વ્યારા - ૨૮૧<br>સોનગઢ - ૪૦૦ |
| (૩) આ અરજીઓ પૈકી હજુ કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) રૂા. ૮૪૦.૨૧ લાખનું ચુકવણું કરવાનું બાકી છે. |

---------

## ખેડા અને માતર તાલુકાના ખેડૂતોને પાકવીમાની રકમ

૧૦૫૩૩ **શ્રી રાકેશ રાવ (માતર)** :**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ માતર અને ખેડા તાલુકાના ખેડૂતોને પાકવીમા નહી મળ્યા હોવાની ફરીયાદ રાજ્ય સરકારને મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ વિસ્તારના ખેડૂતોને પાકવીમાના નાણાં નહીં મળવાના શાં કારણો છે, અને | (૨) યોજનાની જોગવાઈ મુજબ પાકવીમાના દાવાઓ મળવાપાત્ર થયેલ નથી. |
| (૩) સરકારે માતર અને ખેડા તાલુકાના ખેડૂતોના પાક વીમાના પ્રશ્નનું નિરાકરણ કરવા શાં પગલાં ભર્યા છે ? | (૩) મળવાપાત્ર તમામ દાવાઓ ચુકવી આપેલ છે. |

---------

## રાજ્યમાં ખેત ઉત્પાદન સમિતિ માટે આધુનિકરણની કાર્યવાહી

૧૦૫૦૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ના રોજની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ખેત ઉત્પાદન બજાર સમિતિઓ છે, અને | (૧) ૨૦૧ |
| (૨) ખેત ઉત્પાદન બજાર સમિતિના આધુનિકરણ માટે ૨૦૦૪/૦૫માં તા. ૩૧-૧-૦૫ સુધીમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) ખેત ઉત્પાદન બજાર સમિતિના આધુનિકરણ માટે ૨૦૦૪-૦૫ તા. ૩૧-૧-૦૫ સુધીમાં<br>(૧) ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ દ્વારા ટી.એમ.સી. અંતર્ગત કપડવંજ બજાર સમિતિને ઈમ્પ્રુવમેન્ટ કેટેગરીમાં રૂા. ૧૫૭/- લાખ મંજૂર કરવામાં |

આવેલ છે.
(૨) ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ દ્વારા ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલય અંતર્ગત એગમાર્ક નેટ સ્કીમ હેઠળ ૩૮ બજાર સમિતિઓને વિના મૂલ્યે કોમ્પ્યુટર આપવામાં આવેલ છે.

---------

**ડૉકટર આંબેડકર ભવનોનું બાંધકામ**

૧૧૧૮૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડૉ. આંબેડકર ભવન માટે જમીન મેળવી હોય તે રાજ્યમાં પૈકી કેટલા જિલ્લામાં ભવન બાંધવામાં આવેલ અને કેટલા જિલ્લામાં બાંધકામ ચાલુ છે. | (૧) પાંચ જિલ્લામાં ભવન બાંધવામાં આવેલ છે અને ચાર જિલ્લામાં ભવનોનું બાંધકામ ચાલુ છે. |
| (૨) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) શકય તેટલું વહેલું. |
| (૩) ભવનોના બાંધકામના ખર્ચની મર્યાદામાં સરકારે કોઈ વધારો કર્યો છે કે કેમ, અને | (૩) હા જી. |
| (૪) જો હા, તો કેટલો વધારો કર્યો છે ? | (૪) બાંધકામના ખર્ચની મર્યાદા રૂા. ૨૫.૦૦ લાખ હતી તે વધારીને રૂા. ૩૫.૦૦ લાખ કરવામાં આવેલ છે. |

---------

**સોઈલ ટેસ્ટીંગને કારણે નવા પાકોની ભલામણ**

૧૦૫૦૫ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સોઈલ ટેસ્ટીંગને કારણે જે નવા પાકો માટે ભલામણો થઈ છે તેની વિગતો શું છે, | (૧) સોઈલ ટેસ્ટીંગને કારણે વૈજ્ઞાનિક રીતે પાક આયોજનની ભલામણ કરવામાં આવે છે. જે જગ્યાએ નવો પાક દાખલ થવાની શક્યતા હોય તેને અનુરૂપ ખાતરના વપરાશની પણ ભલામણ કરવામાં આવે છે. |
| (૨) રાજ્યના કયા કયા જિલ્લા માટે કયા કયા પાકોની ભલામણ છે, અને | (૨) જિલ્લાવાર દાખલ કરવામાં આવેલ નવા પાકોની વિગત નીચે મુજબ છે. |

| **અ. નં.** | **જિલ્લાનું નામ** | **ભલામણ થયેલ નવા પાકોના નામ** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | મગફળી |
| ૨ | ગાંધીનગર | ચણા, કુંવરપાઠુ, કાજુ અને કેળા |
| ૩ | ખેડા | સોયાબીન, ચણા, કુંવરપાઠુ, સફેદ મુશળી, અશ્વગંધા, મીઢી આવળ |
| ૪ | આણંદ | દિવેલા, સોયાબીન,કુંવરપાઠુ, સફેદ મુશળી, પામારોઝા, |
| ૫ | મહેસાણા | ઔષધિય પાકો, કેળા, કાજુ અને ગુલા |
| ૬ | બનાસકાંઠા | કાજુ, દ્રાક્ષ, મોસંબી અને ચીકુ |
| ૭ | સાબરકાંઠા | ઔષધીય પાકો (અશ્વગંધા, કુવરપાઠુ, મુશળી) |
| ૮ | વડોદરા | શાકભાજી, વરીયાળી, અજમો, ઔષધ અને મસાલા પાકો |
| ૯ | ભરૂચ | દિવેલા, સોયાબીન, શાકભાજી, મકાઇ, વરીયાળી, સુરણ, હળદર, |
| ૧૦ | નર્મદા | દિવેલા, સોયાબીન, અજમો, સૂર્યમુખી, ઔષધીય પાકો, દ્રાક્ષ, |
| ૧૧ | દાહોદ | જીરૂ, વરીયાળી, કેળા, બટાટા, પામારો |

| | | |
|---|---|---|
| ૧૧ | દાહોદ | જીરૂ, વરીયાળી, કેળા, બટાટા, પામારો |
| ૧૨ | સુરત | ઔષધીય પાકો, ફુલ પાકો |
| ૧૩ | વલસાડ | દિવેલા, ઔષધીય પાકો, મકાઇ, સુગંધ પાકો |
| ૧૪ | નવસારી | દિવેલા, કુંવરપાઠુ, સફેદ મુસળી, પામારોઝા, પંચોલી, ઔષધીય પાકો, પાકો |
| ૧૫ | ડાંગ | કાજુ |
| ૧૬ | સુરેન્દ્રનગર | કાજુ, પપૈયા |
| ૧૭ | રાજકોટ | સફેદ મુશળી |
| ૧૮ | કચ્છ | કાજુ, દ્રાક્ષ, અંજીર, કુંવરપાઠુ |
| ૧૯ | પોરબંદર | સફેદ મુશળી |
| ૨૦ | ભાવનગર | અજમો, સફેદ મુશળી, કાજુ, ટીસ્યુકલ્ચર, કેળા |
| ૨૧ | અમરેલી | અજમો અને સફેદ મુશળી |
| ૨૨ | પંચમહાલ | મકાઇ, ડાંગર, તુવેર, કપાસ (નવીન જાતો) |
| ૨૩ | જામનગર | ઔષધીય પાકો |

(૩) તેને માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યું છે?

(૩) જમીનના પૃથ્થકરણને આધારે ખાતર વપરાશ અને નવા પાક આયોજન અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવા ખેતીવાડી, બાગાયત ખાતાના અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોની ટીમ નિયત કરેલ છે. ગ્રામસભાઓ, ખેડૂત શિબિરો, ખેડૂત તાલીમ, કૃષિમેળા વગેરેનું આયોજન છે.

---------

## જામનગર જિલ્લામાં રહેમરાહેના કેસો

૧૦૭૩૩ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રહેમરાહેના કેસો તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, | (૧) ૪૩. |
| (૨) છેલ્લા બે વર્ષમાં કેટલાને નિમણૂક આપવામાં આવી, અને | (૨) ૫૫. |
| (૩) આવા રહેમરાહેના કેસો પડતર રહેવાના શું કારણો છે અને કેટલા સમયમાં આવા કેસોનો નિકાલ કરવામાં આવશે ? | (૩) વહીવટી કારણોસર, બનતી ત્વરાએ. |

---------

## યુવાનોને ખાનગી ક્ષેત્રે રોજગારી માટેના પગલાં

૧૧૧૪૭ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખાનગી ક્ષેત્રમાં રાજ્યના યુવાનોને રોજગારી મળે તે માટે સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે.? | (૨) (૧) ઓદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.<br>(૨) ઔદ્યોગિક વસાહતોમાં ૯ જોબ ડેવલોપમેન્ટ સેન્ટર શરુ કરવામાં આવેલ છે.<br>(૩) સરકારશ્રીના તા. ૩૧-૩-૯૫ ના ઠરાવથી જાહેર સાહસો, સંયુકત ક્ષેત્રિય અને ખાનગી ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| | (૪) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરુ કરવામાં આવેલ છે. |
| | (૫) ટુંકા ગાળાના અભ્યાસક્રમો શરુ કરવામાં આવેલ છે. |

-------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ**

૧૦૨૦૭ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ માં ભણતા અનુસૂચિત જાતિના બાળકોને વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માટે ગણવેશ પેટે રોકડ રકમ ચૂકવવા નિર્ણય કરેલ છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સન ૨૦૦૪ ના વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલા બાળકોને કેટલી રકમ ચૂકવી? | (૨) વડોદરા જિલ્લામાં કુલ ૯૪૩૮ બાળકોને કુલ રૂ.૧૪,૧૫,૭૦૦/- ની રોકડ રકમ ચૂકવી. |

-------

**રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ થયેલ બાંધકામ**

૧૦૨૨૫ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૦૫ માં તા.૩૧-૧-૦૫ સુધીમાં કુલ કેટલા આવાસો માટેનો લક્ષાંક નક્કી કરવામાં આવ્યો છે, | (૧) કુલ-૩૬૬૭૦ નો લક્ષાંક નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૨) કુલ-૩૬૬૭૦ આવાસો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) મંજૂર થયેલ આવાસો પૈકી કેટલા આવાસનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને | (૩) ૪૩૭૫. |
| (૪) બાકી આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) બાકી આવાસોનું કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

---------

**સુરત જિલ્લાના ઉકાઈ ડેમમાંથી મત્સ્યઉછેર માટે કામ સોંપવા અંગે**

૧૧૦૧૪ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઉકાઈ ડેમમાંથી મત્સ્ય ઉછેરનો ધંધો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કોને આપવામાં આવેલ છે, | (૧) કોઈને નહી. |
| (૨) આ ડેમ આદિવાસી વિસ્તારમાં આવેલ હોઈ મત્સ્યઉછેરનો ધંધો આદિવાસી મંડળીઓને ન આપવાના કારણો કયા છે, અને | (૨) ઉકાઈ જળાશયની આજુબાજુના વિસ્તારમાં આવેલ મંડળીઓ/સંઘ સરકારશ્રીના ડીફોલ્ટર હોવાના કારણે તેમને આપવામાં આવેલ નથી. |
| (૩) આદીવાસી મંડળીઓને મત્સ્યઉછેરનો ધંધો કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) આદિવાસી વિસ્તારના જળાશયો આદિવાસી મંડળી-સંઘ-ઈસમને આપવાની વિશેષ જોગવાઈ તારીખ ૨૫-૨-૨૦૦૪ની ઈજારા નીતિમાં કરવામાં આવેલી છે. |

----------

**આણંદ અને ખેડા જિલ્લામાં સરદાર આવાસ યોજનાનું બાંધકામ**

૮૬૬૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર આવાસ યોજનાના મકાન બાંધકામ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને કોન્ટ્રાકટ આપવામાં આવેલ તે હકીકત સાચી છે, અને | (૧) સ્વૈચ્છિક સંસ્થાઓને કામગીરી સુપ્રત કરવામાં આવે છે. |

(૨) જો હા, તો આ સંસ્થાઓએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા મકાનો તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પૂર્ણ કર્યા?

(૨) આ સંસ્થાઓએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૦૪ મકાનો પૂર્ણ કરેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ પૂર્ણ કરેલ મકાનોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | આણંદ | આણંદ | ૧૭૫ |
| ૨. | | બોરસદ | ૮૩ |
| ૩. | | પેટલાદ | ૪૩ |
| ૪. | | ખંભાત | ૨૪ |
| ૫. | | આંકલાવ | ૧૭ |
| ૬. | | સોજીત્રા | ૦૦ |
| ૭. | | તારાપુર | ૦૦ |
| ૮. | | ઉમરેઠ | ૪૬ |
| | | કુલ | ૩૮૮ |
| | | | |
| ૧. | ખેડા | નડીયાદ | ૫૭ |
| ૨. | | મહુધા | ૧૧ |
| ૩. | | ઠાસરા | ૩૨ |
| ૪. | | મહેમદાવાદ | ૪૮ |
| ૫. | | કપડવંજ | ૨૦ |
| ૬. | | બાલાસિનોર | ૦૦ |
| ૭. | | ખેડા | ૪૮ |
| ૮. | | વિરપુર | ૦૦ |
| ૯. | | માતર | ૦૦ |
| ૧૦. | | કઠલાલ | ૦૦ |
| | | કુલ : | ૨૧૬ |

----------

## ભરૂચ જિલ્લામાં પાકવીમાની ચૂકવેલ રકમ

૧૦૪૯૩ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં તાલુકાવાર પાકવીમાની કેટલી રકમ મંજૂર કરી, અને

(૨) તાલુકાવાર પાકવીમાની રકમ સરકારે ખેડૂતોને કયારે અને કેટલી ચૂકવી છે ?

**જવાબ**

(૧) ૨૦૦૩-૦૪ના વર્ષમાં ભરૂચ જિલ્લાના કોઈ તાલુકામાં પાકવીમાની કોઈ રકમ મંજૂર થયેલ નથી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## બનાસકાંઠા જિલ્લામાં પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસો

૧૧૦૬૩ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે,

(૨) આ પડતર કેસોનો સરકાર કેટલા સમયમાં નિકાલ કરવા માંગે છે,

(૩) આશ્રિતોને નોકરી આપવાને બદલે બીજો કોઈ વિકલ્પ સરકાર વિચારી રહી છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની શું વિગતો છે?

**જવાબ**

(૧) ૬૩

(૨) પડતર રહેલ કેસોના નિકાલ માટે સરકારે કટિબદ્ધિત બનીને કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) અને (૪) રહેમરાહે નોકરી આપવાની હાલ સરકારશ્રીની નીતિ છે.

----------

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિફોર્મ બંધ કરવા અંગે

૧૦૫૧૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને જે ખાનગી હાઈસ્કુલોમાં ભણતા હોય તેમને ટયુશન ફી તથા સ્કોલરશીપ બંધ કરવાના કોઈ હુકમો ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા છે કે કેમ,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને
(૩) આ હુકમની રાજ્ય સરકારને ખર્ચમાંથી કુલ કેટલી બચત થશે?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**ખેતીલાયક ન હોય તેવી જમીનનો ઉપકર બંધ કરવા અંગે**

૧૦૭૭૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પંચાયત દ્વારા લેવાતો બિનખેતી ઉપકર ખેતીની જમીન માટે જ લેવામાં આવે છે કે ખેતીલાયક જમીન ન હોય તેવી બિન ઉપજાઉ જગ્યા માટે પણ લેવામાં આવે છે,

(૨) જો હા, તો બિન ઉપજાઉ જગ્યા માટે બિન ખેતી ઉપકર લેવાના શાં કારણો છે, અને

(૩) આવા ઉપકર લેવાનું બંધ કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે જે જમીન પર જમીન મહેસૂલ લેવામાં આવે છે તેના પર લોકલ ફંડ લેવામાં આવે છે. ખેતીની જમીન પર તા. ૧-૮-૧૯૯૮થી જમીન મહેસૂલ લેવામાં આવતું ન હોવાથી લોકલ ફંડ લેવામાં આવતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં જમીનનું લેવલીંગ કામ**

**૧૧૦૧૭ શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર જમીન સમતળ કરવાના કેટલા કામો કરવામાં આવ્યાં,

**જવાબ**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબ સુરત જિલ્લામાં તાલુકાવાર જમીન સમતળના કામો કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | જમીન સમતળનાં કામો |
|---|---|---|
| ૧ | વ્યારા | ૫૨૧ |
| ૨ | મહુવા | ૧૬૫ |
| ૩ | સોનગઢ | ૪૩૫ |
| ૪ | ઉચ્છલ | ૩૦૭ |
| ૫ | નિઝર | ૧૩૯ |
| ૬ | માંડવી | ૪૯૧ |
| ૭ | કામરેજ | ૩૮ |
| ૮ | બારડોલી | ૧૭ |
| ૯ | પલસાણા | ૪ |
| ૧૦ | માંગરોળ | ૧૫૨ |
| ૧૧ | ઓલપાડ | -- |
| ૧૨ | ઉમરપાડા | ૭૫૫ |
| ૧૩ | વાલોડ | ૧૧૩ |
| | કુલ | ૩૧૩૭ |

(૨) આ પૈકી સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકાના કેટલાં કામો કરવામાં આવ્યાં,

(૨)

| અ.નં. | તાલુકો | જમીન સમતળનાં કામો |
|---|---|---|
| ૧ | સોનગઢ | ૪૩૫ |
| ૨ | માંડવી | ૪૯૧ |
| ૩ | ઉચ્છલ | ૩૦૭ |
| ૪ | નિઝર | ૧૩૯ |
| | કુલ | ૧૩૭૨ |

(૩) બાકી રહેલ સમતળના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) સત્વરે.

---------

**કઠલાલ તાલુકા પંચાયતના મકાનનું બાંધકામ**

૧૦૫૦૦ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કઠલાલ તાલુકા પંચાયતના બિલ્ડીંગ માટે જમીન અને ગ્રાન્ટ કયારે ફાળવવામાં આવી, અને | (૧) જિલ્લા કલેકટરશ્રી,ખેડાના તારીખ:૨૭-૮-૨૦૦૨ ના હુકમથી જમીન અને તારીખ: ૧૩-૧૨-૨૦૦૨, તારીખ:૧૪-૨-૨૦૦૩, તા.૧૯-૮-૨૦૦૩, તારીખ: ૨૨-૩-૨૦૦૪ અને તારીખ:૧૮-૭-૨૦૦૪ ના રોજ ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) આ ઓફિસનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે અનેકયારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**ભરૂચ જિલ્લામાં ગૌચરના દબાણો દૂર કરવા અંગે**

૧૦૫૦૦ **શ્રી છોટુભાઈ અ. વસાવા (ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કેટલા ગૌચર દબાણો તાલુકાવાર થયાં છે,

**જવાબ**

(૧) ડિસેમ્બર,૦૪ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર દબાણની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૩૫૬ |
| ૨ | હાંસોટ | ૧૬ |
| ૩ | અંકલેશ્વર | ૫૧ |
| ૪ | વાલીયા | ૧૩૪ |
| ૫ | ઝઘડીયા | ૬૯૭ |
| ૬ | વાગા | ૨૨૭ |
| ૭ | આમોદ | -- |
| ૮ | જંબુસર | -- |
| | કુલ : | ૧૪૮૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ દબાણ દૂર કરવાની જવાબદારી કોની છે, | (૨) ગ્રામ પંચાયતની. |
| (૩) આ દબાણ દૂર કરવા શા પ્રયત્ન કરવામાં આવ્યા, અને | (૩) નિયમાનુસાર દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૪) દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૪) બનતી ત્વરાએ. |

**સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ માનવદિન રોજગારી**

૧૦૫૦૦ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫માં ડિસેમ્બર-૨૦૦૪ અંતિત સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ કેટલા અનાજના જથ્થાનો વપરાશ થયો, અને | (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫માં ડિસેમ્બર-૨૦૦૪ અંતિત સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ ૧,૨૦,૨૫૮ મે.ટન અનાજનાં જથ્થાનો વપરાશ થયો છે. |
| (૨) કેટલા માનવદિન રોજગારી રાજ્ય સરકારે ઊભી કરેલ છે ? | (૨) સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ વર્ષ ૨૦૦૪-૦૫માં ડીસે. અંતિત ૧૮૪.૬૭ (લાખ) માનવદિન રોજગારી ઉભી કરેલ છે. |

-----------

**સુરત જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની સનદો**

૧૦૪૯૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો.વારના કેટલા પ્લોટ કયા ગામે મંજૂર કરવામાં આવ્યા, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) પ્લોટ ફાળવણી માટે આ સમયગાળા દરમ્યાન તાલુકાવાર કેટલી લેન્ડ કમીટીની બેઠક મળી, | (૨) પ્લોટ ફાળવણી માટે આ સમયગાળા દરમ્યાન તાલુકાવાર નીચેની વિગતે કુલ-૫૦ લેન્ડ કમીટીની |

બેઠક મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મળેલ લેન્ડ કમીટીની સંખ્યા. |
|---|---|---|
| ૧ | બારડોલી | ૪ |
| ૨ | માંડવી | ૩ |
| ૩ | વાલોડ | ૫ |
| ૪ | સોનગઢ | ૩ |
| ૫ | ઉચ્છલ | ૧ |
| ૬ | મહુવા | ૫ |
| ૭ | ચોર્યાસી | ૪ |
| ૮ | માંગરોળ | ૫ |
| ૯ | ઓલપાડ | ૪ |
| ૧૦ | નિઝર | ૨ |
| ૧૧ | કામરેજ | ૩ |
| ૧૨ | પલસાણા | ૫ |
| ૧૩ | ઉમરપાડા | ૩ |
| ૧૪ | વ્યારા | ૩ |

(૩) લેન્ડ કમીટીની બેઠક ન મળવાના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) લાભાર્થીઓને ફાળવેલ પ્લોટના કબજા અને એની સનદો આપવામાં આવી છે કે કેમ ?

(૪) હા, જી.

## પત્રક-૧

સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦૦ ચો. વારના પ્લોટ મંજૂર કરવામાં આવ્યા તેની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૨-૦૩ | | | સને ૨૦૦૩-૦૪ | | | ૧-૪-૦૪ થી ૩૧-૧૨-૦૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગામનું નામ | | સંખ્યા | ગામનું નામ | | સંખ્યા | ગામનું નામ | | સંખ્યા |
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | ૭ | ૮ |
| ૧ | બારડોલી | ૧ | કણાઇ | ૧૨ | ૧ | ઉવા | ૪૪ | | | |
| | | ૨ | ધામડોદલુંભા | ૧૬ | ૨ | સીંગોદ | ૧ | | | |
| | | ૩ | ઉતારા | ૧૦ | ૩ | વધાવા | ૧ | | | |
| | | ૪ | વાઘેચા કડોદ | ૬ | ૪ | મોતા | ૭ | | | |
| | | ૫ | આફવા | ૪ | | કુલ.... | ૫૩ | | | |
| | | | કુલ... | ૪૮ | | | | | | |
| ૨ | માંડવી | ૧ | પુના | ૩ | ૧ | વીસડાલીયા | ૩૦ | ૧ | તરસાડાબાર | ૬૦ |
| | | ૨ | ગામતળાવ બુજરંગ | ૨૧ | ૨ | વલારગઢ | ૩૩ | ૨ | અમલસાડી | ૮૦ |
| | | ૩ | નંદપોર | ૨૫ | ૩ | આંબા | ૫ | ૩ | ઝરીદઢવાડા | ૨૦ |
| | | ૪ | ગંગાપુર | ૨૦ | ૪ | વરેલી | ૩૫ | ૪ | અમલગુદી | ૧૮ |
| | | ૫ | ઉન | ૩૯ | ૫ | પીપરીયા | ૧૫ | ૫ | કાલાઘાટ | ૧૫ |
| | | ૬ | તોગાપુર | ૬૦ | ૬ | મધકુઇ | ૧૪ | ૬ | મહુડી | ૧૭ |
| | | | કુલ... | ૧૬૮ | ૭ | તોગાપુર | ૪ | ૭ | મગતરા | ૧૫ |
| | | | | | ૮ | ગોડસંબા | ૧૫ | ૮ | ચાંદપુર | ૧૨ |
| | | | | | ૯ | બોરી | ૩ | ૯ | બલાલતીર્થ | ૧૬ |
| | | | | | ૧૦ | પાટણા | ૧૭ | ૧૦ | લીમધા | ૨૦ |
| | | | | | ૧૧ | પુના | ૪ | ૧૧ | વીસડાલીયા | ૧૦ |
| | | | | | ૧૨ | ઘંટોલી | ૫ | ૧૨ | ચોરંબા | ૩૨ |
| | | | | | | કુલ.. | ૧૮૦ | ૧૩ | નાનીચેર | ૨૦ |
| | | | | | | | | ૧૪ | મોટીચેર | ૧૦ |
| | | | | | | | | ૧૫ | પુના | ૯ |
| | | | | | | | | ૧૬ | ઉશ્કેરખુર્દ | ૮ |
| | | | | | | | | ૧૭ | અંત્રોલી | ૧૦ |
| | | | | | | | | ૧૮ | વરેઠ | ૨૦ |
| | | | | | | | | ૧૯ | મધરકુઇ | ૧૬ |
| | | | | | | | | ૨૦ | પીપરીયા | ૬ |
| | | | | | | | | ૨૧ | ગામતળાવબુજરંગ | ૯ |
| | | | | | | | | ૨૨ | આમલી | ૨૦ |
| | | | | | | | | ૨૩ | વરેલી | ૪૦ |
| | | | | | | | | ૨૪ | રખસખડી | ૨૫ |

| અ.નં. | તાલુકાનું નામ | સને ૨૦૦૨-૦૩ | | | સને ૨૦૦૩-૦૪ | | | ૧-૪-૦૪ થી ૩૧-૧૨-૦૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ગામનું નામ | સંખ્યા | | ગામનું નામ | સંખ્યા | | ગામનું નામ | સંખ્યા |
| | | | | | | | | ૨૫ | આંબા | ૨૦ |
| | | | | | | | | ૨૬ | બેડધા | ૬ |
| | | | | | | | | ૨૭ | જુનવાણ | ૯ |
| | | | | | | | | ૨૮ | દેવગઢ | ૪૫ |
| | | | | | | | | | કુલ.. | ૫૮૮ |
| ૩ | વાલોડ | ૧ | વાલોડ | ૬ | ૧ | અંબાચ | ૮ | ૧ | વેડછી | ૧૩ |
| | | ૨ | ગોલણ | ૬ | ૨ | રાનવેરી | ૫ | ૨ | અંબાચ | ૯ |
| | | ૩ | દાદરીયા | ૨૦ | ૩ | અંધાત્રી | ૫ | | | |
| | | ૪ | બુટવાડા | ૮ | ૪ | હથુકા | ૫ | | | |
| | | ૫ | હથુકા | ૨ | ૫ | બેડકુવા | ૧૫ | | | |
| | | ૬ | દેગામા | ૩૦ | ૬ | સ્યાદલા | ૮ | | | |
| | | ૭ | શાહપોર | ૧૦ | ૭ | અધ્યાપોર | ૧૦ | | | |
| | | ૮ | અંધાત્રી | ૪ | ૮ | ગોડધા | ૧૦ | | | |
| | | ૯ | દેલવાડા | ૧૦ | | કુલ.. | ૬૬ | | કુલ.. | ૨૨ |
| | | | કુલ... | ૯૬ | | | | | | |
| ૪ | સોનગઢ | ૧ | વડપાડા પ્ર. ઉમરદા | ૧૫ | ૧ | શીશોર | ૧૮ | ૧ | કુમકુવા | ૨૦ |
| | | ૨ | ખડી | ૨૦ | ૨ | ઘાસીયામેઢા | ૧૮ | ૨ | બેડવાણ પ્ર.ઉમરદા | ૧૬ |
| | | ૩ | કરવંદા | ૫ | ૩ | મોટીખેરવાણ | ૨૮ | ૩ | ટાપરવાડા | ૧૦ |
| | | ૪ | ખાંભલા | ૧૦ | ૪ | બંધારપાડા | ૧ | ૪ | જમાપુર | ૨૦ |
| | | ૫ | નાની ખેરવાણ | ૧૮ | | કુલ.. | ૬૫ | ૫ | ટોકરવા | ૩૦ |
| | | ૬ | ભૂરીવેલ | ૧૦ | | | | ૬ | હિરાવાડી | ૧૫ |
| | | ૭ | પાથરડા | ૧૦ | | | | ૭ | મેઢસીંગી | ૧૫ |
| | | ૮ | ગાલખડી | ૫ | | | | ૮ | ચીમકુવા | ૧૦ |
| | | ૯ | જુનવાણ | ૫ | | | | ૯ | જામખડી | ૧૦ |
| | | ૧૦ | ઓટા | ૨૩ | | | | ૧૦ | ભરાડદા | ૧૦ |
| | | ૧૧ | સીનદ | ૧૧ | | | | ૧૧ | કુકડાડુંગરી | ૧૪ |
| | | ૧૨ | પહાડદા | ૧૩ | | | | ૧૨ | અમલગુંડી | ૧૦ |
| | | ૧૩ | માલ | ૧૫ | | | | ૧૩ | કાકડવા પ્ર.ઉમરદા | ૧૬ |
| | | ૧૪ | ધરીવાડી | ૨૦ | | | | | કુલ.. | ૧૯૬ |
| | | ૧૫ | ચીખલપાડા | ૧૦ | | | | | | |
| | | ૧૬ | સેલઝર | ૫ | | | | | | |
| | | | કુલ... | ૧૯૫ | | | | | કુલ.. | ૧૯૬ |
| ૫ | ઉચ્છલ | ૧ | બાબરઘાટ | ૧૪ | | - | - | | - | - |
| | | ૨ | માણેકપુર | ૨૫ | | | | | | |
| | | ૩ | વડદેખુર્દ | ૨૦ | | | | | | |
| | | ૪ | ઉચ્છલ | ૨૫ | | | | | | |
| | | ૫ | કાંચલી | ૨૦ | | | | | | |
| | | | કુલ.. | ૧૦૪ | | | | | | |
| ૬ | મહુવા | ૧ | બામણીયા | ૬૫ | | ફુલવાડી | ૨૧ | | - | - |
| | | ૨ | કરચેલીયા | ૪૮ | ૧ | ભોરીયા | ૩૮ | | | |
| | | ૩ | મીયાપુર | ૬ | ૨ | જોળ | ૧૪ | | | |
| | | ૪ | પુના | ૧૬ | ૩ | બોરીયા | ૧૭ | | | |
| | | ૫ | આમચક | ૧૧૬ | ૪ | આંગલધરા | ૧૨ | | | |
| | | ૬ | નરડા | ૧૧ | | કુમકોતર | ૫૧ | | | |
| | | ૭ | મહુવા | ૯૯ | | કુલ | ૧૫૩ | | | |
| | | ૮ | કાની | ૭૧ | | | | | | |
| | | ૯ | અલગટ | ૯ | | | | | | |
| | | | કુલ | ૪૪૧ | | | | | | |
| ૭ | ચોર્યાસી | ૧ | પાલી | ૮૧ | ૧ | વાંઝ | ૧૦ | | | |
| | | ૨ | ઉત્રાણા | ૧૦ | ૨ | સુલતાનાબાદ | ૩૧ | | | |
| | | ૩ | ભાટપોર | ૪ | | | | | | |
| | | ૪ | વરીયાવ | ૧ | | | | | | |
| | | ૫ | ભીંમરાડા | ૩ | | | | | | |
| | | | કુલ | ૯૯ | | કુલ | ૪૧ | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | માંગરોળ | ૧ | ધોળીકુઈ | ૨૦ | ૧ | કંટવા | ૨૦ | ૧ | કંટવા | ૧૦ |
| | | ૨ | ઘોડબાર | ૧૭ | ૨ | માંડણ | ૧૫ | ૨ | વસરાવી | ૨૦ |
| | | ૩ | સીમોદરા | ૨૫ | ૩ | ડુંગરી | ૧૫ | ૩ | સાવા | ૩૦ |
| | | ૪ | માંગરોળ | ૨૦ | ૪ | શેઠી | ૧૦ | ૪ | બોરીસાવર | ૧૦ |
| | | ૫ | કઠવાડા | ૧૦ | ૫ | પાણેથા | ૧૦ | ૫ | રણકપોર | ૧૫ |
| | | ૬ | નાનીફળી | ૨૦ | ૬ | ભીલવાડા | ૨૫ | ૬ | વાંસોલી | ૧૫ |
| | | ૭ | નંદાવ | ૪૦ | ૭ | વસરાવી | ૧૫ | ૭ | સુરાલી | ૧૦ |
| | | | | | ૮ | મોસાલી | ૧૫ | ૮ | મહુવેજ | ૪૦ |
| | | | | | ૯ | લુવારા | ૧૦ | ૯ | આંબાવાડી | ૩૫ |
| | | | | | ૧૦ | નાંદોલ | ૧૫ | ૧૦ | વેલાછા | ૧૦ |
| | | | | | | | | ૧૧ | લીંબાડા | ૫ |
| | | | કુલ | ૧૫૨ | | કુલ | ૧૫૦ | | કુલ | ૨૦૦ |
| ૯ | ઓલપાડ | ૧ | અછારણ | ૧૩ | ૧ | નઘોઈ | ૧૫ | ૧ | કારેલી | ૨૭ |
| | | ૨ | જાફરાબાદ | ૫ | ૨ | નરથાણ | ૬ | ૨ | મંદરોઈ | ૧૮ |
| | | ૩ | કાછોલ | ૩ | ૩ | સોંદલાખારા | ૩ | ૩ | એરથાણ | ૨ |
| | | ૪ | અસનાડ | ૩ | ૪ | આડમોર | ૫ | ૪ | ભાદોલ | ૨ |
| | | ૫ | સોંદલાખારા | ૧૨ | ૫ | મંદરોઈ | ૧ | ૫ | મીઢી | ૪ |
| | | ૬ | ઓલપાડ | ૬૫ | ૬ | કુંદીયાણા | ૧ | ૬ | ખલીપોર | ૭ |
| | | ૭ | કોબા | ૩ | ૭ | કપાસી | ૨ | ૭ | કાછબ | ૬ |
| | | ૮ | કીમામલી | ૧૧ | ૮ | કુવાદ | ૧ | ૮ | પારડીભાદોલ | ૧ |
| | | ૯ | મંદરોઈ | ૫ | ૯ | કમરોલી | ૭ | ૯ | વેલુ | ૧૬ |
| | | ૧૦ | કુદિયાણા | ૨૬ | ૧૦ | પીંજરત | ૨ | ૧૦ | હાથીસા | ૯ |
| | | ૧૧ | કન્યાસી | ૨ | | | | ૧૧ | કુંભારી | ૨ |
| | | ૧૨ | કુંભારી | ૬ | | | | ૧૨ | પારડીકોબા | ૨ |
| | | ૧૩ | સોદલાખારા | ૯ | | | | ૧૩ | ઠોઠબ | ૧ |
| | | ૧૪ | ભટગામ | ૧૫ | | | | ૧૪ | ઓરમા | ૯ |
| | | ૧૫ | મંદરોઈ | ૬ | | | | ૧૫ | જાફરાબાદ | ૬ |
| | | ૧૬ | ભાદોલ | ૬ | | | | ૧૬ | મોર | ૩૧ |
| | | ૧૭ | કુવાદ | ૧૦ | | | | ૧૭ | બરબોધન | ૧૨ |
| | | ૧૮ | કપાસી | ૭ | | | | ૧૮ | ભટગામ | ૧ |
| | | ૧૯ | કુદીયાણા | ૧૫ | | | | ૧૯ | ઉમરા | ૫ |
| | | ૨૦ | કરમલા | ૧૨ | | | | ૨૦ | અસનાડ | ૩ |
| | | ૨૧ | કમરોલી | ૩ | | | | ૨૧ | ભાંડુત | ૧ |
| | | ૨૨ | ટકારમા | ૪ | | | | ૨૨ | સોસંક | ૬ |
| | | ૨૩ | મીંઢી | ૧૧ | | | | ૨૩ | સરસ | ૧૦ |
| | | ૨૪ | પિંજરત | ૧ | | | | ૨૪ | કનાદ | ૬ |
| | | ૨૫ | માસમા | ૨ | | | | ૨૫ | મીરજાપોર | ૩૨ |
| | | | | | | | | ૨૬ | દેલાસા | ૧૫ |
| | | | | | | | | ૨૭ | સાંધીયેર | ૧૦ |
| | | | | | | | | ૨૮ | પારડીઝાંખરી | ૧ |
| | | | | | | | | ૨૯ | ભગવા | ૨૨ |
| | | | | | | | | ૩૦ | ઓલપાડ | ૪૩ |
| | | | કુલ | ૨૫૫ | | કુલ | ૪૩ | | કુલ | ૩૧૦ |
| ૧૦ | નિઝર | ૧ | વેલ્ધા | ૧૨ | ૧ | ખનોર | ૬ | - | - | - |
| | | ૨ | લક્ષ્મીખેડા | ૧૦ | ૨ | નવીભીલભવાની | ૨ | | | |
| | | ૩ | નવલપુર | ૫ | ૩ | બોરઠા | ૩ | | | |
| | | ૪ | સાયલા | ૫ | ૪ | ખેરવા | ૪ | | | |
| | | ૫ | ઉભદ | ૧૬ | ૫ | રૂમકીતલાવ | ૪ | | | |
| | | | | | ૬ | ઝાંપાઆમલી | ૨ | | | |
| | | | | | ૭ | બોરદા | ૧ | | | |
| | | | | | ૮ | ગંગથા | ૩ | | | |
| | | | | | ૯ | ઈટવાઈ | ૪ | | | |
| | | | કુલ | ૪૮ | | કુલ | ૨૯ | | | |
| ૧૧ | કામરેજ | ૧ | ખોલેશ્વર | ૯ | ૧ | કોળીભરથાણા | ૭ | ૧ | કોસમાડા | ૪૬ |
| | | ૨ | સેગવા | ૨ | ૨ | માછી | ૧૩ | ૨ | છેછડા | ૨૧ |
| | | ૩ | વાંસદારૂઢી | ૬ | ૩ | જીયોર | ૨ | ૩ | મોરથાણા | ૪૮ |
| | | ૪ | હલધરૂ | ૬ | ૪ | ડુંગરા | ૧૪ | ૪ | નગોદ | ૧૪ |
| | | ૫ | કોળીભરથાણા | ૨૦ | ૫ | શામપુરા | ૮ | ૫ | ભાદા | ૨૦ |
| | | ૬ | નનસાડ | ૧૨ | ૬ | દેરોદ | ૨૦ | ૬ | જોખા | ૧૦ |
| | | ૭ | વેલંજા | ૮ | ૭ | નનસાડ | ૨ | ૭ | સેવણી | ૧૨ |
| | | ૮ | કામરેજ | ૧૫ | | | | ૮ | શેખપુર | ૩૩ |
| | | ૯ | આસ્તા | ૧૩ | | | | ૯ | દેલાડ | ૮ |
| | | ૧૦ | થારોલી | ૩ | | | | ૧૦ | શામપુરા | ૧૩ |
| | | ૧૧ | આખાખોલ | ૮ | | | | ૧૧ | ડુંગર | ૭ |
| | | ૧૨ | ટીંબા | ૧૪ | | | | | | |
| | | | કુલ | ૧૧૬ | | કુલ | ૬૬ | | કુલ | ૨૩૨ |
| ૧૨ | પલસાણા | ૧ | બગુમરા | ૨૦ | ૧ | બલેશ્વર | ૫૩ | ૧ | ભુતપોર | ૧૬ |
| | | ૨ | કારેલી | ૩૫ | ૨ | કડોદરા | ૧૨ | ૨ | પુણી | ૨૪ |
| | | ૩ | દસ્તાન | ૫૦ | ૩ | કણાવ | ૨ | | કુલ | ૪૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | સોયાણી | ૩૦ | | કુલ | ૬૭ | | |
| | | ૫ | વંઝોળીયા | ૨૫ | | | | | |
| | | ૬ | ઘામડોદ | ૩૫ | | | | | |
| | | | કુલ | ૧૯૫ | | | | | |
| ૧૩ | ઉમરપાડા | ૧ | શામપુર | ૨૦ | ૧ | ચીમીપાતલ | ૧૦ | | - | - |
| | | ૨ | ચોખવાડા | ૩૦ | ૨ | વડગામ | ૨૫ | | |
| | | ૩ | મોટી દેવરૂપણ | ૩૦ | ૩ | રૂઢીગવાણ | ૧૦ | | |
| | | ૪ | ડોંગરીપાડા | ૧૦ | ૪ | બીલવણ | ૧૦ | | |
| | | ૫ | ડોંગરીપાડા | ૫ | ૫ | ધાણાવડ | ૩૦ | | |
| | | ૬ | ચોખવાડા | ૧ | ૬ | ગુંદીકુવા | ૧૦ | | |
| | | | | | ૭ | દિવતણ | ૧૫ | | |
| | | | | | ૮ | ઉમરદા | ૧૫ | | |
| | | | | | ૯ | વાડી | ૧૦ | | |
| | | | કુલ | ૯૬ | | કુલ | ૧૩૫ | | |
| ૧૪ | વ્યારા | ૧ | ચીચબરડી | ૧૫ | ૧ | લીમડદા | ૧૪ | ૧ | ઉમરકચ્છ | ૩૦ |
| | | ૨ | રાણીઆંબા | ૧૯ | ૨ | નારણપુર | ૧૯ | ૨ | ટીંચકપુરા | ૧૯ |
| | | ૩ | રાયગઢ | ૯ | ૩ | તાડકૂવા | ૧૨ | ૩ | ચાંપાવાડી | ૮ |
| | | ૪ | પાઠકવાડી | ૩ | ૪ | વડકૂઈ | ૧૦ | ૪ | ડોલારા | ૫ |
| | | ૫ | આમોનીયા | ૨૦ | ૫ | ધામણદેવી | ૧૦ | ૫ | લોટરવા | ૬ |
| | | ૬ | ધાંગધર | ૯ | ૬ | બીરબરા | ૧૧ | ૬ | ભાનાવાડી | ૫ |
| | | ૭ | ડુંગરડા | ૧૦ | | | | ૭ | ખુશાલપુરા | ૭ |
| | | | કુલ | ૮૫ | | કુલ | ૭૬ | ૮ | ખુરદી | ૫ |
| | | | | | | | | ૯ | મેઘપુર | ૫ |
| | | | | | | | | ૧૦ | પંચોલ | ૪૨ |
| | | | | | | | | ૧૧ | ડોલવણ | ૪૦ |
| | | | | | | | | ૧૨ | બામણામાલ દૂર | ૨૪ |
| | | | | | | | | ૧૩ | સરૈયા | ૧૫ |
| | | | | | | | | ૧૪ | છીંડીયા | ૫ |
| | | | | | | | | | કુલ | ૨૧૬ |
| | | | | | | | | | | |

---------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં ટી.બી./કેન્સરના દર્દીઓને સહાય

૮૮૩૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સાયલા તાલુકામાં ૨૦૦૪-૦૫ વર્ષમાં જાન્યુઆરી-૦૫ સુધીમાં કેટલા ટી.બી./કેન્સરના દર્દીઓને વૈદ્યકીય સહાય ચૂકવવામાં આવી છે, | (૧) નીચે મુજબ કુલ ૫૪ દર્દીઓને સહાય ચૂકવવામાં આવી છે.<br>ટી.બી. / કેન્સર<br>અનુ.જાતિ ૨૨ / ૩<br>વિકસતી જાતિ ૨૬ / ૩<br>૪૮ / ૬ |
| (૨) કેટલા ઈસમોને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને | (૨) અનુસૂચિત જાતિમાં કોઇ બાકી નથી જ્યારે વિકસતી જાતિના ૯ ઈસમોને કુલ રૂા. ૭૦૦૦/-સહાય ચૂકવવાની બાકી છે. |
| (૩) બાકી સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે? | (૩) શક્ય તેટલું જલ્દી. |

-------------

## ખેડા જિલ્લામાં નવિન છાત્રાલય/આશ્રમશાળા

૮૭૦૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ખેડા જિલ્લામાં બક્ષીપંચ તથા અનુસૂચિત જાતિઓ માટેના નવિન છાત્રાલય અને આશ્રમશાળાઓની કેટલી અરજીઓ આવી, અને | (૧) વિકસતિ જાતિ કલ્યાણ ખાતાને બક્ષીપંચના નવિન છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે એકપણ અરજી મળેલ નથી.<br>જ્યારે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાને નવીન છાત્રાલયો માટે ૨૬ અરજીઓ મળેલ, જ્યારે |

| | |
|---|---|
| | આશ્રમશાળા માટે એકપણ અરજી મળેલ નથી. |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી ? | (૨) અનુસૂચિત જાતિ માટેનું ૧ છાત્રાલય મંજૂર કરવામાં આવ્યું. ૨૫ અરજીઓ પડતર છે. નામંજૂર કરેલ નથી. |

-------------

**વિરમગામ તાલુકામાં ગામ તળાવ ઊંડા કરવા અંગે**

૧૧૧૫૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ સુધીમાં વિરમગામ તાલુકામાં કેટલા ગામોમાં ગામ તળાવ ઊંડા કરવામાં આવ્યા, | (૧) ૩૧-૧-૦૫ સુધીમાં વિરમગામ તાલુકામાં ગામ તળાવ ઉંડા કરવા બાબત નીચે મુજબની કામગીરી થઇ છે.<br>૧. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા યોજનાની શરૂઆતથી કુલ ૩૧ ગામોના ૩૧ તળાવો.<br>૨. નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા કુલ-૯ તળાવો. |
| (૨) બાકી તળાવો માટે શું આયોજન છે, અને | (૨) લક્ષ્યાંક અને અગ્રતાક્રમ ધ્યાને લઇને શક્ય તેટલા વહેલા પુરા કરવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ૧. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા યોજના શરૂ કર્યાની તારીખ ૩૧/૧/૦૫ સુધીમાં રૂા. ૫૪.૨૯ લાખનો ખર્ચ કરાયો છે. જ્યારે<br>૨. નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા રૂા. ૨૯.૨૮ લાખનો ખર્ચ કરાયો છે. |

-------------

**સજીવ ખેતીના વિકાસ માટે ખેડૂતોને માર્ગદર્શન આપવા નિષ્ણાતોની વ્યવસ્થા**

૧૦૯૧૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સજીવ ખેતીના વિકાસ તથા ખેડૂતોને માર્ગદર્શન પૂરા પાડવા નિષ્ણાતો તૈયાર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) સજીવ ખેતીને અનુરૂપ ખેતી પધ્ધતીઓ અને તેના અગત્યના ઘટકો જેવા કે સેન્દ્રિય ખાતર, જૈવિક ખાતર, વર્મી કમ્પોસ્ટ, જૈવિક નિયંત્રણ વગેરે બાબતે ખેતી ખાતાના અધિકારીઓ કૃષિ સ્નાતક/અનુસ્નાતક હોઇ, આ અંગે પાયાનું જ્ઞાન ધરાવે છે. કૃષિ યુનિવર્સિટી દ્વારા આ અંગે કોઇ અધતન સંશોધનો કે ભલામણો થાય તે અંગેની કુશળતા તાલીમ/સેમીનાર/વર્કશોપ દ્વારા ખેતી ખાતાના અધિકારીઓને આપવામાં આવે છે. |
| (૨) આ નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીના પ્રત્યક્ષ નિદર્શન માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને | (૨) સજીવ ખેતીના ઘટક જૈવિક ખાતર અને સંકલિત જીવાત નિયંત્રણ ઉપર પ્રત્યક્ષ નિદર્શન ખેડૂતોના ખેતરો ઉપર ગોઠવવામાં આવે છે. |
| (૩) સજીવ ખેતીના નિર્દેશનના પ્લોટો કૃષિ ખાતા દ્વારા કચ્છ જિલ્લા સહિત રાજ્યમાં કયા કયા સ્થળે ડિસે. ૦૪ની સ્થિતિએ બનાવવામાં આવ્યા છે ? | (૩) સજીવ ખેતીના ઘટક જૈવિક ખાતર અને સંકલિત જીવાત નિયંત્રણ ઉપર નિદર્શન પ્લોટો કૃષિ ખાતા દ્વારા ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ જે જિલ્લાઓમાં ગોઠવવામાં આવેલ છે તેની વિગત આ સાથે પત્રક-૧માં જણાવ્યા મુજબ સામેલ છે. |

**પત્રક-૧**

સજીવ ખેતીના ઘટક જૈવિક ખાતર અને સંકલિત જિવાત નિયંત્રણ ઉપર ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ ગોઠવવામાં આવેલ નિદર્શન પ્લોટોની જિલ્લાવાર માહિતી

| અ.નં. | જિલ્લો | જૈવિક ખાતર ઉપર ગોઠવવામાં આવેલ નિદર્શન પ્લોટોની સંખ્યા | સંકલિત જીવાત નિયંત્રણ ઉપર ગોઠવવામાં આવેલ નિદર્શન પ્લોટોની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | અમદાવાદ | ૦ | ૩૧ |
| ૨. | અમરેલી | ૧ | ૩૮ |
| ૩. | આણંદ | ૦ | ૧૯ |
| ૪. | કચ્છ | ૦ | ૧૧ |
| ૫. | ખેડા | ૦ | ૨૫ |
| ૬. | ગાંધીનગર | ૦ | ૩૧ |
| ૭. | જામનગર | ૦ | ૫ |
| ૮. | જુનાગઢ | ૦ | ૪૦ |
| ૯. | ડાંગ | ૪ | ૧ |
| ૧૦. | દાહોદ | ૫ | ૧૧ |
| ૧૧. | નર્મદા | ૪ | ૩૫ |
| ૧૨, | નવસારી | ૪ | ૧૨ |
| ૧૩. | પંચમહાલ | ૫ | ૧૫ |
| ૧૪. | પાટણ | ૦ | ૩૦ |
| ૧૫ | પોરબંદર | ૦ | ૧૨ |
| ૧૬. | બનાસકાંઠા | ૪ | ૪૧ |
| ૧૭. | ભરૂચ | ૪ | ૧૯ |
| ૧૮. | ભાવનગર | ૦ | ૩૪ |
| ૧૯. | મહેસાણા | ૭ | ૨૪ |
| ૨૦. | રાજકોટ | ૧ | ૪૦ |
| ૨૧. | વડોદરા | ૫ | ૩૭ |
| ૨૨. | વલસાડ | ૪ | ૧૦ |
| ૨૩. | સાબરકાંઠા | ૪ | ૨૧ |
| ૨૪. | સુરત | ૪ | ૪૯ |
| ૨૫. | સુરેન્દ્રનગર | ૦ | ૧૦ |
| | કુલ :- | ૫૬ | ૬૦૧ |

-------------

**મહેસાણા તાલુકાના ભેંસાણા ગામે જાહેર રસ્તા ઉપર અવરોધ/દબાણ**

**૧૧૧૧૭ શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા તાલુકાના ભેંસાણા ગામમાં સરકારી માલિકીની જમીન પૈકી જાહેર રસ્તામાં થયેલ અવરોધ/દબાણ દૂર કરાવી નામદાર અદાલતના હુકમનો અમલ કરાવવા બાબતે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૧) અને (૨) દબાણ દૂર કરાવેલ છે. |
| (૨) ઉક્ત ગેરકાયદેસર દબાણ ક્યારે દૂર કરવામાં આવશે ? | |

--------------

**ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ**

**૧૦૨૧૦ શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં ખાંડ સહકારી ક્ષેત્રે ભારત સરકારની એનસીડીસી યોજના હેઠળ કેટલી મદદ મળેલ છે, અને | (૧) રૂા. ૧૦૨.૬૫ લાખ |
| (૨) આ મદદ સતત મળતી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શાં પ્રયત્ન કરવામાં આવેલ છે ? | (૨) ગુણદોષને આધારે એનસીડીસીને ભલામણ કરવામાં આવે છે. |

----------

**ધોરણ ૧૧, ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન સહાય**

૧૧૧૯૦ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ - ૧૧, ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટયુશન સહાય આપવાની યોજના અમલમાં છે તે વાત સાચી, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં તા. ૩૧-૧-૦૫ સુધીમાં કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવેલ છે ? | (૨) ૮૧ વિદ્યાર્થીઓને રૂા. ૯.૬ લાખની ટ્યુશન સહાય ચૂકવવામાં આવેલ છે. |

----------

**ભાવનગર જીલ્લામાં પ્રવૃત્તિ ન કરતી મંડળીઓ બંધ કરવા અંગે**

૧૦૫૨૧ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૧-૧-૦૫ની સ્થિતિએ જુદા જુદા હેતુ માટે રજીસ્ટર્ડ થયેલ હોય પરંતુ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ ન કરતી હોય તેવી કેટલી અને કઈ કઈ મંડળીઓ કયા કયા તાલુકામાં છે, અને | (૧) ૬૧૫ મંડળીઓની તાલુકાવાર યાદી પરિશિષ્ટ-* અ મુજબ છે. |
| (૨) આવી કોઈ પ્રકારની પ્રવૃત્તિ ન કરતી હોય તેવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ કરવા સરકારે વિચારેલ છે? | (૨) હા, જી<br>ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈ અંતર્ગત જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.<br>(પરિશિષ્ટ- * અ<br>*સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.) |

----------

**ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા પાછળ ખર્ચ**

૮૩૧૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) ૩૧મી જાન્યુઆરી-૨૦૦૫ સ્થિતિએ રાજ્ય સરકારે કયા કયા જિલ્લાના ખેડૂતોને છેલ્લા એક વર્ષમાં સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા, અને

**જવાબ**

(૧) જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે :

| અ. નં. | જિલ્લાનું નામ | આપવામાં આવેલ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૯૧૪ |
| ૨. | ખેડા | ૫૯૯૫ |
| ૩. | આણંદ | ૩૮૬૦ |
| ૪. | ગાંધીનગર | ૩૦૧૪ |
| ૫. | વડોદરા | ૨૦૭૩૯ |
| ૬. | પંચમહાલ | ૧૨૨૩૨ |
| ૭ | ભરૂચ | ૧૦૪૮૮ |
| ૮. | દાહોદ | ૬૯૬૦ |
| ૯. | નર્મદા | ૬૬૨૧ |
| ૧૦. | સુરત | ૧૨૮૯૯ |
| ૧૧. | વલસાડ | ૪૬૮૯ |
| ૧૨. | ડાંગ | ૩૦૯૦ |
| ૧૩. | નવસારી | ૩૮૪૭ |
| ૧૪. | મહેસાણા | ૬૦૫૦ |
| ૧૫. | બનાસકાંઠા | ૧૪૩૨૨ |
| ૧૬. | પાટણ | ૫૨૦૦ |
| ૧૭. | સાબરકાંઠા | ૧૩૯૨૦ |
| ૧૮. | રાજકોટ | ૯૫૧૯ |
| ૧૯. | કચ્છ | ૧૦૨૧૦ |
| ૨૦. | સુરેન્દ્રનગર | ૭૫૯૦ |
| ૨૧. | જામનગર | ૮૩૬૮ |
| ૨૨. | જુનાગઢ | ૯૫૬૫ |
| ૨૩. | અમરેલી | ૮૧૮૯ |

| | | |
|---|---|---|
| ૨૪. | ભાવનગર | ૧૦૫૭૮ |
| ૨૫. | પોરબંદર | ૧૫૩૦ |
| | કુલ :- | ૨૦૫૩૮૯ |

| | |
|---|---|
| (૨) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૨) આ પ્રોજેકટ પાછળ વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં કુલ રૂા. ૧૧૮.૬૮ લાખની રકમ ફાળવી છે. તે પૈકી કુલ ૨ લાખ કાર્ડ છપાવવાનો રૂા. ૦.૬૮ લાખનો ખર્ચ થયો છે. જ્યારે આ પ્રોજેક્ટના સોફટવેર ડેવલપમેન્ટ, નેટવર્કીંગ અને ડેટાબેંક તૈયાર કરવા પાછળ રૂા. ૨૫,૪૩,૦૮૩ નો ખર્ચ કરવામાં આવ્યો છે. |

---------

**શ્રમયોગી યોજના દ્વારા આજિવિકાની કામગીરી**

**૧૦૭૨૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ શ્રમયોગી યોજના દ્વારા રાજ્યના કેટલા પરિવારોને આજિવિકાના સાધનોથી સંપન્ન કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ શ્રમયોગી યોજના હેઠળ નીચેની વિગતે શ્રમયોગી પરિવારોને આજિવિકાના સાધનોથી સંપન્ન કરવામાં આવેલ છે.<br>(૧) ૪૦,૬૯૯ શ્રમયોગી પરિવારોને કુલ ૧૯,૬૫,૮૩૫ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવેલ છે.<br>(૨) ૮૪,૯૨૬ શ્રમયોગી પરિવારોને ફળાઉ ઝાડ આપવામાં આવેલ છે.<br>(૩) ૨૯,૧૮૮ શ્રમયોગી પરિવારોને આવાસનો લાભ આપવામાં આવેલ છે.<br>(૪) ૪૨૧ શ્રમયોગી પરિવારોને નાના પશુ આપવામાં આવેલ છે.<br>(૫) ૧૮,૦૩૨ શ્રમયોગી પરિવારોને કૌશલ્ય સુધારણા તાલીમ આપવામાં આવેલ છે. |
| (૨) ૧ લાખનો લક્ષ્યાંક પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે? | (૨) વિવિધ લાભોથી વંચિત યોજનાના સભ્યોને યોજનાના અમલ દરમ્યાન આવરી લેવાનું આયોજન છે. |

----------

**બનાસકાંઠા જિલ્લામાં એક સહકારી મંડળી સામે બીજી સહકારી મંડળીની રચના**

૧૦૯૧૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારના નિયમો મુજબ એક જ ગામમાં એક સહકારી મંડળી હોય તો બીજી મંડળીની રચના ન કરવી છતાં આ નિયમોનો ભંગ કરી બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવી કેટલી સહકારી મંડળીઓ તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છે, અને | (૧) એકજ ગામમાં એક સહકારી મંડળી હોય તો બીજી મંડળીની રચના ન કરવી તેવા સરકારના કોઈ નિયમો નથી. |
| (૨) આ અંગે સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં ખેતમજૂરોની વીમા રક્ષણની અરજીઓ**

૯૧૭૦ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખેત મજૂરોની વીમા રક્ષણ આપવા માટેની કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૨. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી સહાય આપવામાં આવી, | (૨) ૨૯. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૭. |
| (૪) બાકી રહેતા અરજદારોને કેટલા સમયમાં સહાય આપવામાં આવશે ? | (૪) વિમા કંપની દ્વારા ચકાસણી પૂરી થયેથી. |

--------

**મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના ખોટા દાખલા**

૧૦૨૧૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ખેરાલુ તાલુકાના બાદરપુર ગામે બક્ષીપંચના દાખલા ખોટી રીતે મેળવવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવા કિસ્સાઓમાં દાખલા આપવામાં આવ્યા, અને | (૨) બાદરપુર મુકામે આવા ૬(છ) કિસ્સા ધ્યાન ઉપર આવ્યા છે. |
| (૩) કસૂરદાર સામે સરકારે શાં પગલાં ભર્યા છે? | (૩) ધારણ કરેલ પંચાયતના હોદ્દા ખાલી કરાવી પોલીસ કેસ કરેલ છે. |

---------

**ગ્રામ પંચાયતોને વિકાસના કામો આપવાની સત્તા**

૧૦૧૮૫ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :ાનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગ્રામ પંચાયતોને વિકાસના કામો કરવા રૂા. ૨.૦૦ લાખ સુધીના કામો આપવાની સત્તા સરપંચોને પંચાયત ધારાની જોગવાઈ હેઠળ મળેલ છે, તેમ છતાં ટેન્ડરો બહાર પાડી કામો અન્યને આપવામાં આવે છે તે અંગે સરકારને જાણ છે ? | ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૩ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના ફંડમાંથી કરવાના કામની બાબતમાં યથા પ્રસંગ તાલુકા/જિલ્લા પંચાયત સત્તાની રૂએ સંબંધિત ગ્રામ પંચાયતોને રૂા. ૨.૫૦ લાખની મર્યાદામાં ગ્રામ પંચાયત ક્ષમતા અને સંમતિને આધારે કામ અપાય છે. |

-------

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

## મંત્રીશ્રીનો અધૂરો રહેલ જવાબ સભાગૃહના મેજ ઉપર મૂકવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક બાબત તરફ ગૃહનું ધ્યાન દોરવું છે કે આજે પ્રથમ બેઠક દરમિયાન માનનીય ગૃહ રાજય મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે ગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં મેં ગૃહ વિભાગની માગણીઓ મત ઉપર મૂકવાની કાર્યવાહી હાથ ધરી હતી. માનનીય ગૃહમંત્રીશ્રીએ તેમનો અધૂરો રહેલ જવાબ ગૃહના મેજ ઉપર મૂકવાની વિનંતી કરી ત્યારે મેં તેમને અધૂરો રહેલ જવાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની પરવાનગી આપી હતી, પરંતુ આ બાબતમાં નિયમોની જોગવાઈ અને સુસ્થાપિત થયેલી પ્રણાલિઓ જોતાં, ગૃહમાં મંત્રીશ્રી કે સભ્યશ્રીનું સમયના અભાવે પોતાનું અધૂરું રહેલ પ્રવચન, રજૂઆત ગૃહના મેજ ઉપર મૂકવાની બાબત પ્રણાલિઓ સાથે સુસંગત નથી. તેથી મેં માનનીય ગૃહ મંત્રીશ્રીને તેમનો અધૂરો જવાબ ગૃહના મેજ ઉપર મૂકવાની પરવાનગી આપી હતી તેને હું રદ કરું છું.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## શહેરી આરોગ્ય પરિયોજનાનું માળખું ઊભું કરવા બાબત

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં શહેરી વસ્તીની ટકાવારી દિન પ્રતિદિન વધતી રહે છે. આ વધતી શહેરી વસ્તીના કારણે શહેરી વિસ્તારમાં સ્લમ અને બિનઆયોજિત રહેઠાણો પણ રહેલા છે. એક સરવે મુજબ શહેરી સ્લમના બાળકો અને મહિલાઓના આરોગ્યનું સ્તર ગ્રામ્ય વિસ્તારો કરતાં નબળું જણાય છે. રાજયમાં ગ્રામ્ય વિસ્તારોને આવરી લઈને આરોગ્ય કેન્દ્રો મારફત આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, પરંતુ શહેરી વિસ્તારોમાં આવું નથી અને સુયોજિત આરોગ્ય માળખાની ઊણપ શહેરી વિસ્તારમાં ધ્યાન પર આવેલ છે. આથી આરોગ્ય વિભાગ અને શહેરી વિકાસ વિભાગના સંકલનમાં રાજયના કુલ ૧૪૧ નગરપાલિકા વિસ્તારો માટે ન્યૂનતમ આરોગ્ય વિષયક માળખું ઊભું કરવાનું આયોજન કરેલ છે. જેની અમલવારી શહેરી વર્ષ ૨૦૦૫ અંતર્ગત હાલમાં આ વર્ષે જ કરવાનો નિર્ણય કરેલ છે.

નગરપાલિકા વિસ્તારોમાં શહેરી આરોગ્ય સેવાઓ માટે ત્રિસ્તરીય આરોગ્ય માળખું અસ્તિત્વમાં આવશે.

૧. રાજયની તમામ નગરપાલિકાના સ્લમ વિસ્તારોમાં દર બે હજારની વસ્તીએ એક સ્ત્રી આરોગ્ય સ્વયંસેવિકા વિવિધ આરોગ્ય સેવાઓ તેમજ માતૃ બાળ કલ્યાણની પ્રેરણા પૂરી પાડી આરોગ્ય સેવા તેમજ લાભાર્થી વચ્ચે એક સેતુ તરીકે કામગીરી કરશે. આ મહિલા સ્વયંસેવિકા સ્થાનિક પરિસ્થિતિની જાણકાર હોઈ આરોગ્ય વિષયક યોજનાઓ જેવી કે રસીકરણ, કુટુંબ કલ્યાણ, પોષક આહાર, સેનીટેશન વગેરે બાબતોના પ્રચાર અને પ્રસારમાં મહત્ત્વના માધ્યમ તરીકે કામ કરી શકશે.

૨. સ્લમ વિસ્તારોની દર પચીસ હજારની વસ્તીએ ફીકસ વેતનથી કરારીય ધોરણે એક પબ્લિક હેલ્થ નર્સની જગ્યા ઊભી કરવામાં આવશે. જે માતૃ બાળ કલ્યાણ કલીનીક ચલાવશે અને વિવિધ આરોગ્ય કાર્યક્રમોમાં સંલગ્ન સેવાઓ પૂરી પાડવા શહેરમાં આવેલી સરકારી કે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત હોસ્પિટલોની મદદ મેળવશે. આરોગ્ય સ્વયંસેવિકાને તે માર્ગદર્શન અને જરૂરી પુરવઠો પૂરો પાડશે.

૩. રાજયના ૫૫ નગરો કે જ્યાં પચાસ હજારથી વધુ વસ્તી છે, ત્યાં શહેરી આરોગ્ય અધિકારીની જગ્યા ઊભી કરવામાં આવશે.

જિલ્લામાં આ આરોગ્ય પરિયોજનાના નિયંત્રણ અધિકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રહેશે. કમિશનરશ્રી, આરોગ્યની કચેરીમાં પબ્લિક હેલ્થ કન્સલ્ટન્ટ, ફાઈનાન્સ કન્સલ્ટન્ટ તથા ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ ઉભી કરવામાં આવશે કે જે ૧૪૧ નગરપાલિકા વિસ્તારોમાં શહેરી આરોગ્ય સેવાના નવા સ્થપાનાર પરિયોજનાનું મોનિટરીંગ કરશે તથા આરોગ્ય અને તબીબી સેવાનું સંકલન કરી, સરકારમાં અહેવાલ કરશે.

શહેરી આરોગ્ય પરિયોજનાના અમલીકરણથી:

- પાયાના સ્થાનિક સ્ત્રી આરોગ્ય સ્વયંસેવિકા દ્વારા આરોગ્ય સેવાઓ શહેરી સ્લમ વિસ્તારના ઘર-આંગણે પહોંચાડી શકાશે.
- શહેરી સ્લમ વિસ્તારના બાળકો અને મહિલાઓના આરોગ્યનું સ્તર સુધારી શકાશે, બાળમરણના પ્રમાણમાં ઘટાડો કરી શકાશે.
- રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું અસરકારક અમલીકરણ શક્ય બનશે.
- સ્ત્રી સશકિતકરણ અને રોજગારીની તકો ઉપલબ્ધ કરી શકાશે.
- સ્વાસ્થ્ય માટે જરૂરી જનભાગીદારી - જનચેતના કાર્યરત થશે.

આ યોજનાનો કુલ અંદાજીત વાર્ષિક ખર્ચ રૂપિયા ૩૪૮.૩૩ લાખ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં આરોગ્યના નવા માળખાની ગુજરાત રાજયમાં પ્રથમ વખત રચના થઈ રહી છે જે ગૃહને માહિતી આપતાં હું આનંદ અનુભવું છું.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
## ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો **સન ૨૦૦૩-૨૦૦૪** નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય વેરહાઉસિંગ નિગમનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસિંગ નિગમનો સન ૨૦૦૨-૦૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ**

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**
**અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૭,૩૩,૭૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી. :

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.

**શ્રી જોઘાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૧,૫૨,૪૯,૦૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧૨,૭૪,૦૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૧,૨૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટે રૂા. ૧૦,૧૯,૯૪,૨૨,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૬૫ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

## સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરુવાર, તા.૩–૩–૨૦૦૫ (બીજી બેઠક) (ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ** | | | | |
| **માગણી નં.૨૦** | | | | |
| ૧. | ૩૪૫૧–સચિવાલય આર્થિક સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–અન્ન ... વિભાગ<br>રૂા.૧,૬૯,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૧૨ | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે ફાળવેલ અનાજનો જથ્થો બારોબાર કાળાબજારમાં વેચાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મનહરલાલ મકવાણા (પરેશ ધાનાણી) |
| ૨. | –"– | ૧૦૦ | કાળાબજાર ધારાનો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જેશાભાઈ બારડ (છનાભાઈ ચૌધરી) |
| *૩. | –"– | ૧૦૦ | કેરોસીન–રાંધણગેસનો કવોટા જરુરિયાત મુજબ ફાળવવા અંગે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ (શંકરભાઈ વારલી) |
| ૪. | –"– | ૧૦૦ | કાર્ડધારકોને કેરોસીનનો પૂરતો જથ્થો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નટવરસિંહ ઠાકોર (ગૌતમભાઈ ઝાલા) |
| ૫. | –"– | ૧૦૦ | રાંધણગેસની કૃત્રિમ તંગી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા (પુનાભાઈ ગામીત) |
| ૬. | –"– | ૧૦૦ | વિભાગની કથળેલી વહીવટી કામગીરી અંગે સુધારણાના પગલાઓ લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવજીભાઈ આહીર (પરેશભાઈ વસાવા) |
| ૭. | –"– | ૧૦૦ | વિભાગ હસ્તકની તમામ જવાબદારીઓ સંબંધમાં જરુરી નિરીક્ષણ કરી તમામ પ્રકારની ગેરરીતિઓ અટકાવવામાં નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી (લક્ષ્મણભાઈ પટેલ) |
| ૮. | ૩૪૭૫–અન્ય ... સેવાઓ<br>(૧૦૬) ...તોલ વિનિયમન<br>૦૧–આઈએનડી.તોલમાપ ... તંત્ર<br>રૂા.૫,૫૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૨૩ | ૧૦૦ | તોલમાપ અધિકારી/કર્મચારીઓ ધ્વારા દરમહિને કરાતી તોલમાપ ચકાસણી સંબંધમાં અસરકારક મોનિટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભવાનભાઈ ભરવાડ (બળદેવજી ઠાકોર) |
| ૯. | ૩૪૭૫–અન્ય ... સેવાઓ<br>૧૦૬...તોલ ... વિનિયમન<br>૦૧–આઈએનડી.તોલ ... માપ તંત્ર<br>રૂા.૫,૫૧,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૨૩ | ૧૦૦ | શાકમાર્કેટોમાં તોલમાપમાં વ્યાપક ગેરરીતિથી આમજનતાને ખુલ્લેઆમ લૂંટાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનિલકુમાર પટેલ |
| ૧૦. | –"– | ૧૦૦ | વેપારીઓ ધ્વારા તોલમાપમાં કરાતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર (જીતુભાઈ ચૌધરી) |
| **માગણી નં.૨૧** | | | | |
| ૧૧. | ૩૪૫૬–નાગરિક પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–નાગરિક ... કચેરી<br>રૂા.૧,૫૯,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૧૫ | ૧૦૦ | કેન્દ્રે ફાળવેલ અનાજનો જથ્થો સમયસર ઉપાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૨. | –"– | ૧૦૦ | તહેવારોમાં જનતાને સસ્તા દરે ખાંડ–તેલનો વધારાનો પુરવઠો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ફારુક શેખ (ભારતીબેન પટેલ) |
| ૧૩. | –"– | ૧૦૦ | દરોડા પાડનાર અધિકારીઓ ધ્વારા દર મહિને કરવામાં આવેલ કેસો ઉપર લેવામાં આવેલ પગલા અને | શ્રીમતી રશીદા પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | યોગ્ય મોનિટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪. | –"– | ૧૦૦ | પોતાની કચેરીમાં બેસીને તોડ કરતા દરોડા અધિકારીઓ સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મારુ |
| *૧૫. | –"– | ૧૦૦ | આવશ્યક ચીજવસ્તુઓની તંગી વખતે દરોડાઓ પાડવામાં આવે તેવું સુદૃઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૬. | –"– | ૧૦૦ | રાંધણગેસના બાટલાઓ બિનઅધિકૃત ઉપયોગ કરનારાઓને વેચાણ કરતી ગેસ એજન્સીઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માલજીભાઈ દેસાઈ (ગોવાભાઈ રબારી) |
| ૧૭. | –"– | ૧૦૦ | પેટ્રોલ, કેરોસીનમાં થતી ભેળસેળ અને ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જગદીશ ઠાકોર |
| ૧૮. | –"– | ૧૦૦ | પ્રજાને આપવાના સસ્તા ભાવના કેરોસીનનું કાળાબજારથી વાહનો–રીક્ષાચાલકોને ખુલ્લેઆમ થતું વેચાણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૯. | ૩૪૫૬–નાગરિક પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–ભાવ ... અમલ<br>રૂા.૩,૨૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૧૬ | ૧૦૦ | જીવનજરુરી ચીજવસ્તુઓના વધતા જતા ભાવોને અંકુશમાં રાખી સસ્તા દરે પ્રજાને આવશ્યક ચીજવસ્તુઓ મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત (પરેશ ધાનાણી અને જીતુભાઈ ચૌધરી) |
| ૨૦. | ૩૪૫૬–નાગરિક પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૪–ગ્રાહક ... પંચ<br>રૂા.૫૪,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૧૭ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ પંચ સમક્ષ પડેલા કેસોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.અનિલ જોષીયારા |
| | | **માગણી નં.૨૨** | | |
| ૨૧. | ૨૪૦૮–ખાધસંગ્રહ અને વખાર વ્યવસ્થા<br>૦૧–ખોરાક<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–વ્યાજબી ... કચેરી<br>રૂા.૫૬,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭ પા.નં.૬ | ૧૦૦ | નવા રેશનકાર્ડ આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૨. | –"– | ૧૦૦ | વાજબી ભાવની સસ્તા અનાજની દુકાનો ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં નજીકના સ્થળે ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી છબીલભાઈ પટેલ (ડૉ.સી.જે.ચાવડા) |
| *૨૩. | –"– | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોએથી કાર્ડધારકોને પૂરતું અનાજ અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દોલતભાઈ પરમાર |
| | | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં.૬૫** | | |
| ૨૪. | ૪૭૦૦–મોટી ... જોગવાઈ<br>૦૧–મોટી સિંચાઈ વાણિજિયક<br>(ક)–નર્મદા ...કામો<br>૮૦–સામાન્ય | ૧૦૦ | નર્મદા કેનાલો માટે જમીન સંપાદન કરવાથી અસર પામેલાઓને પુનઃ વસવાટ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૨,૪૯,૮૯,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.૨૩૯ | | | |
| ૨૫. | ––"–– | ૧૦૦ | નર્મદા બંધની ઉંચાઈ વધારવા સાથે પુનઃવસનના કાર્યો ઝડપથી પૂરા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.નિમાબેન આચાર્ય |
| *૨૬. | ––"–– | ૧૦૦ | કેનાલના બાંધકામોની સાથે સાથે ખેતરો સુધીની સબ કેનાલો તૈયાર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૨૭. | ––"–– | ૧૦૦ | નર્મદા બંધની સાથોસાથ કેનાલને લગતા કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.દિનેશ પરમાર |
| ૨૮. | ––"–– | ૧૦૦ | નર્મદા બંધનું કામ સમયસર આગળ ધપાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જગદીશ ઠાકોર |
| ૨૯. | ૪૮૦૧–વીજળી... જોગવાઈ<br>૧૯૦–જાહેર ...રોકાણ<br>રૂા.૧,૨૯,૬૧,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પા.નં.૪૭૦ | ૧૦૦ | નર્મદા યોજના અન્વયે અન્ય રાજયો પાસેથી લેણી નીકળતી રકમો વસૂલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાલાલ જોષી |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. સભાગૃહની આજની બેઠકમાં માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન તથા બેઠકના છેલ્લા બે કલાક નિયમાનુસાર બિનસરકારી કામકાજ માટે ફાળવવામાં આવેલ છે. માગણીઓ ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે બંને પક્ષો તરફથી ભાગ લેનાર સભ્યોની યાદી મને મળી છે, તે મુજબ માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે મળવાપાત્ર સમય અપૂરતો જણાય છે, તેથી ગૃહ સંમત હોય તો માગણીઓ ઉપર ચર્ચા અને મતદાનનું કામકાજ પૂરું થાય અને ત્યારબાદ નિયમ મુજબ બિનસરકારી સંકલ્પોનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તો મને મળેલી યાદીમાં સમાવિષ્ટ સભ્યોને બોલવાની તક આપી શકાય.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્ય દંડક)** : સંમત છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પણ એક કલાક, મારે વાત થઈ છે કે વધુમાં વધુ એક કલાકની અંદર પતે.

**અધ્યક્ષશ્રી .**: પછી તમને સભ્યોશ્રીને બોલવાનો લાભ ન મળ્યો, એવી મને ફરિયાદ ન કરતા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સાહેબ છ જ સભ્યો, એટલા માટે તો અમે ત્રણ-ત્રણ ઓછા કરી દીધા.

**અધ્યક્ષશ્રી** : નહીં, તમારે જે હોય તે . બંને સંમત થઈને વાત કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કાંઈ વાંધો નહીં, પૂરું થાય ત્યાં સુધી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મંત્રીશ્રીને પણ સમય મળવો જોઈએ પૂરતો.

**અધ્યક્ષશ્રી .** : ગૃહ સંમત થાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એના માટેની પણ વાત થઈ ગયેલી છે સાહેબ.

**અધ્યક્ષશ્રી .** : તમને સમય આપીશું, સભ્યોને મળશે તો તમને પણ મળશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ના, પણ એ રીતે અમે પહેલેથી પ્લાનિંગ, વાત કરી દીધી છે મંત્રીશ્રી માટેની.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : બલવંતસિંહ, આમા,..

**અધ્યક્ષશ્રી .** : કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી .** : હવે માગણી તથા તેની ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તોની ભેગી ચર્ચા કરવામાં આવશે.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) (ક્રમશઃ)**

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રૂરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભા સમક્ષ માગણી નંબર ૨૦ અન્ન,અને નાગરિક પુરવઠા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૭,૩૩,૭૦,૦૦૦, માગણી નંબર -૨૧ નાગરિક પુરવઠા સેવા માટેની મહેસૂલી ખર્ચની રૂ. ૧,૫૨,૪૯,૦૫,૦૦૦ અને માગણી ક્રમાંક-૨૨ અન્ન સેવાને લગતી મહેસૂલી ખર્ચ

માટે ૧૨,૭૪,૦૫,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની ૧,૨૫,૦૦,૦૦૦ની માગણી વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવી છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

જાહેર વિતરણ યોજના ટારગેટ ટી.ડી.એસ. જેને કહેવામાં આવે છે, એમાં દરેક કુટુંબમાંથી ગરીબી રેખા નીચે હોય એવા કુટુંબો, ગરીબી રેખાથી ઉપર હોય તેવા કુટુંબો એવા બે ભાગ પાડવામાં આવ્યા છે. ગરીબી રેખાથી નીચે જેની આવક ૧૧૦૦૦થી ઓછી હોય એને ગણવામાં આવતા. હવેથી ભારત સરકારના પ્લાનીંગ કમિશન દ્વારા ગાઈડ લાઈન રજૂ કરી ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે એ પ્રમાણે આવક મર્યાદાને નજર સમક્ષ રાખીને નહીં, પરંતુ કેટલાક માપદંડ ધ્યાનમાં રાખીને ગરીબી રેખા નીચેના લોકોનું આયોજન કરવામાં આવ્યું છે. જેને બી.પી.એલ. યાદી કહેવામાં આવે છે.બીજી યાદીને એ.પી.એલ. કુટુંબ કહેવામાં આવે છે. ૧લાખ સુધીની આવકવાળા એ.પી.એલ. કહેવામાં આવે છે. ત્રીજું ગૃપ છે એક લાખથી વધુ આવકવાળા કુટુંબનો એ.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

તા.૨-૮-૨૦૦૪ના ઠરાવથી ગ્રામ્ય વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાન ૨૦૦૦ની વસ્તીએ અને શહેરી વિસ્તારમાં ૫૦૦૦ની વસ્તીના ધોરણે ફાળવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રીતે ૧૪૨૬૩ વ્યાજબી ભાવની દુકાનો હાલ અસ્તિત્વમાં છે. ૨૦૩૨ આદિવાસી વિસ્તારમાં, ૧૨૧૯ કાયમી અછતગ્રસ્ત વિસ્તારમાં અને ૨૫૦ દુકાન રણ વિસ્તારમાં ફાળવવામાં આવી છે. ૧૩ વ્યાજબી ભાવની ફરતી દુકાન છે. મને પોતાને એમ લાગે છે કે ૪૦૦ કાર્ડ ઉપર જો એક દુકાન ફાળવવામાં આવે તો એ એટલી પોષણક્ષમ નીવડશે નહીં એને લીધે જે વ્યકિત કામ કરે છે એની પ્રમાણિકતા જળવાશે નહીં, નીતિમત્તાનું ધોરણ જળવાશે કે કેમ એ એક પ્રશ્ન છે. કારણકે અનાજ અને કેરોસીન માટે કમિશન એટલું ઓછું છે કે ૪૦૦ કાર્ડમાં એ વ્યકિત આ રીતે કાર્ય કરી શકશે કે કેમ એ પ્રશ્ન છે. દુકાન ચલાવવા માટે દુકાન ભાડે રાખવી, એક વ્યકિત દુકાનમાં પૂરેપૂરો સમય આપે તેનો ખર્ચ, સ્ટેશનરી હિસાબ કિતાબ રાખવાનો ખર્ચ,વીજળી, પાણીનો ખર્ચ, ગોડાઉનથી દુકાન સુધી માલસામાન લઈ જવાનો ખર્ચ. આ બધો ખર્ચ જોવા પ્રયત્ન કરીએ તો નીતિમત્તાના ધોરણથી કામ કરવા માગતા હોય તો અશકય બને, તકલીફવાળું બને પણ મને જાણવા મળ્યું છે કે આના પહેલાં મંત્રીશ્રીએ સો કાર્ડ ઉપર આયોજન કરેલ એના બદલે ૪૦૦ કાર્ડ થયેલ છે એટલે સુધારો થયો છે એમ કહેવાય તેમ છતાં આ કાર્ડ ૧૦૦૦ અથવા ૧૫૦૦ કરવામાં આવે તો પોષણક્ષમ નીવડશે અને વ્યકિતને ખોટું કરવાની જરૂર નહીં પડે. કોઈપણ વ્યકિત સરકારશ્રીના નિયત કમિશનને આધારે જો કામ કરશે તો ધંધો ખોટમાં ચાલે. કોઈ ઘરના પૈસા જોડવા તૈયાર થાય નહીં. ફરજિયાત ભ્રષ્ટાચાર કરવાની એને પણ ફરજ પડે. આવા નિર્ણય બાબત ફેરવિચારણા કરી યોગ્ય રીતે પોષણક્ષમ દુકાન થાય એ રીતનું કામ કરવામાં આવે.

સરકારે ભ્રષ્ટાચાર માટે છિદ્ર નહીં દરવાજા ખુલ્લા કરવા માટેનું કામ નહીં કરવું જોઈએ, સેટ કરવાનું કામ કરવું જોઈએ. વ્યાજબી ભાવની દુકાને કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. ડેપોમાંથી ઘટ આવતી હોય છે. કેરોસીન ઓછું આવતું હોય છે. ઘટનો ખર્ચ, બેરલ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ, વિતરકનો પગાર, સ્ટેશનરી ખર્ચ અને ફાળવણી ૮૦ ટકા થાય છે. ૨૦ ટકા ફાળવણી ઓછી થાય છે. એનું કમિશન ઓછું મળે છે. આ બધું જોવા પ્રયત્ન કરીને સરવાળો કરે તો એક બેરલે વિતરકને ૨૦ રૂપિયાની ખોટ જાય છે. જો નીતિમત્તાના ધોરણથી કામ કરે તો અશકય છે કારણ કે કેરોસીનમાં ગેરરીતિ થતી હોય છે. કેરોસીન વગે થઈ જાય છે. આ રીતે વ્યાજબી ભાવની દુકાન, ફેરિયા આડે રસ્તે કેરોસીન વાપરે. રિક્ષામાં વચ્ચે તો ફ્રી સેલનું કેરોસીન મુકત રીતે મળતું હતું, ત્યારે રોડ ઉપર ટ્રક ઓપરેટર પેટ્રોલપંપની જેમ કેરોસીન પુરાવી પ્રદૂષણ ફેલાવવાનું કામ કરતા હતા. નાયબ મામલતદાર કક્ષાના અથવા પુરવઠા ઈન્સ્પેકટર કક્ષાના લોકો જે રીતે ભ્રષ્ટાચાર કરે છે એ જોવા પ્રયત્ન કરે તો ગાંધીનગરથી વિભાગ તરફથી જે રેડ પાડવામાં આવે તેમાં ઉત્તરોત્તર દંડની રકમ છે, એમાં વધારો થતો જાય છે, એટલે ઉપરની કક્ષાએ આ જાતનો ભ્રષ્ટાચાર ઓછો હોય તેવું લાગે છે, નાયબ મામલતદાર અને પુરવઠા ઈન્સ્પેકટર કક્ષાના જે કલેક્ટરના તાબાના છે, અથવા તો ડિસ્ટ્રિકટ સપ્લાય ઑફિસરના તાબાના છે, તે જગ્યાએ ઘણો બધો ભ્રષ્ટાચાર ચાલે છે. હપ્તા રાજ જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ છે અને ત્યાં વિભાગ પોતાની નિર્બળતા બતાવે છે કે એ વહીવટ તો કલેક્ટર હસ્તક અને પુરવઠા અધિકારી હસ્તક છે, એટલે જે સુધારણા કરવી જોઈએ, એમાં તકલીફ પડે છે. સરકાર આ બાબતે પણ ગંભીરતાથી વિચાર કરે અને ઘણી વખત તો કલેક્ટર કક્ષાના માણસો એટલા નબળા આવતા હોય છે કે જેને લીધે સ્વતંત્ર નિર્ણય લેવાવો જોઈએ, બોલ્ડ નિર્ણય લેવાવો જોઈએ એને જે સત્તા આપવામાં આવી છે, તે સત્તાનો પૂરેપૂરો ઉપયોગ કરીને કાર્ય કરવું જોઈએ, તેને બદલે કેમ આવી ઢીલાશ ચાલે છે, તેને કારણે મોટામાં મોટી તકલીફ થાય છે. આ રીતે દુકાન દીઠ ૫૦૦ રૂપિયા હપ્તા, કેરોસીન જો ૧૦૦ ટકા હોય તો તેનો હપ્તો વધારે લેવામાં આવે અને દિવાળી ઉપર તો ૫ થી ૭ હજાર રૂપિયા એકએક દુકાને લેવામાં આવે, જ્યારે દિવાળીની વાત આવી અને ગરીબ માણસોને અનાજ આપવાની વાત આવી, એટલે મને અબુ શેખાણીની એક કવિતા યાદ આવે છે, જે ખરેખર એપ્રોપ્રીએટ છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ નો, નો.

**ડૉ. દિનેશ પરમાર** : મને સમય ફાળવ્યો છે, તેમાં જ મારે બોલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : નો, નો પ્લીઝ, અહીયાં ગવાય નહિ, એટલા માટે.

**ડૉ. દિનેશ પરમાર** : આ ભ્રષ્ટાચાર એ શિષ્ટાચારમાં પરિવર્તિત થઈ ગયો હોય તેવું મને લાગે છે. રજિસ્ટર ઉપર, હપ્તા લેવાવાળા ઈન્સ્પેકટરો અથવા તો નાયબ મામલતદાર બધું ઓ.કે. જણાવી આવતા રહેતા હોય છે. આવા ભ્રષ્ટ દુકાનના માલિક મહિને ૧૫ થી ૨૦ હજાર, ૨૫ હજાર રૂપિયા કમાતા હોય છે અને આ રીતે અંત્યોદય

કાર્ડ ધારકોને નિરાશ થવું પડે છે. જિલ્લા કક્ષાએ પુરવઠા બ્રાન્ચ કે પુરવઠા કચેરીમાં વર્ષોથી ઘર કરી ગયેલા કર્મચારી વર્ષોથી નહિ બદલાતા કર્મચારીઓ અને આવા ભ્રષ્ટાચારી ઘરોબો કેળવી લીધેલ કર્મચારીઓને માટે મારું એક સૂચન છે કે આ પુરવઠા વિભાગની અંદર ૩ વર્ષથી વધારે કોઈપણ નાયબ મામલતદાર કે પુરવઠા ઈન્સ્પેકટરને નહિ રાખવા જોઈએ, તો જ આનો ઈલાજ થઈ શકે. પાછું મને કબીરનું પદ યાદ આવે છે.

*"કબીર કહે કમાલ કો દો બાતા શીખ લે,*
*કર સાહેબકી બંદગી ઓર ભૂખે કો અન્ન દે".*

જ્યારે આ સારી મજાની સેવા કરવાની તક સરકારને મળી છે, ત્યારે મારે એટલું કહેવું જોઈએ કે,

*'તુલસી હાય ગરીબકી કબુ ન ખાલી જાએ,*
*મુયે ઢોરકી ખાલસે લોહા ભસ્મ હો જાએ".*

એટલે આપે સાવચેત રહેવું પડશે. અનાજ ભારત સરકાર પૂરું પાડે છે, એની સબસિડી આપવામાં આવે છે અને એ આપણે જરૂરિયાત મંદ સુધી પહોંચાડવા માટેનું કામ કરીએ છીએ. આ અનાજ ઘઉં, ચોખા, કેરોસીન, ખાંડ, આયોડાઈઝ સોલ્ટ બજારમાં જતું ન રહે એના માટેની સાવચેતી અને એના માટેની જિલ્લા તંત્રની બેદરકારી છે એને દૂર કરવા માટેની તક આપવી જોઈએ, જેથી જરૂરિયાત મંદ, ગરીબ અને ભૂખ્યા લોકોની સેવા કરવાનો મોકો મળી શકે. મારે એટલું ચોક્કસ કહેવું જોઈએ. ડો. આમર્ત્યસેને જે રીતે ગરીબ, ગરીબી ઉન્મલન માટે અથવા તો ગરીબ લક્ષી વાત કરી અને નોબલ પારિતોષિક મેળવ્યું છે. આ દેશના અર્થતંત્રને ખરું કરવા માટેનો પ્રયત્ન કર્યો છે, એ બાબતમાં સરકારશ્રીનું ધ્યાન દોરવા માટેની ઈચ્છા થઈ છે અને કુલ બી.પી.એલ. કુટુંબો ૩૬.૩ લાખ, એમાંથી અંત્યોદય કુટુંબો ૬,૪૩,૭૦૦ જેટલાં થાય છે, તેમાંથી અંત્યોદય સમાવિષ્ટ ૩,૨૫,૦૦૦ જેવાં અને બીજા તબક્કે લક્ષ્યાંકમાં જે મેળવવામાં આવ્યું તેમાં ૧,૬૨,૦૦૦ અને હવે બાકી રહી ગયેલા કહી શકાય તો એવાં કુટુંબો ૧,૬૬,૭૦૦ જેવાં છે. આ ૧,૬૬,૭૦૦ કુટુંબો ગરીબ માણસો છે, નબળા માણસો છે, એને પણ વહેલી તકે અંત્યોદય યોજનાનો લાભ મળે તેવી મારી લાગણી છે. હું પોતે આ વિભાગનો હવાલો સંભાળતો હતો, ત્યારે જે અમે સારી પ્રણાલિકાઓ શરૂ કરી છે. આ સારી પ્રલાલિકાઓની વાત કરું આપને, જે જાળવી રાખવામાં આવી છે, એના માટે ચોક્કસ એટલું કહેવું જોઈએ કે ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાય કૉર્પોરેશન લિ. નો વાર્ષિક અહેવાલનો મેં અભ્યાસ કર્યો છે.

છેલ્લા બે વર્ષની અંદર અને બે વર્ષ પહેલાં ૪૫૦ કરોડ રૂપિયાનો વહીવટ આ નિગમે કર્યો હતો. તે વધીને ૭૮૦ કરોડ અને આ વર્ષે ૯૦૦ કરોડને વટાવી જાય તેવી પરિસ્થિતિ છે. અમે શરૂ કરેલા સારાં પગલાં ચાલુ રાખ્યા છે, તે ખરેખર અભિનંદનને પાત્ર છે. કોંગ્રેસના વારસાના જે સારા ગુણો તમને મળ્યા છે તે સારા ગુણો સ્વીકારીને ચાલો છો એટલી સારી વાત છે. નહીં તો કોંગ્રેસનું નામ સાંભળીને એવો ભડકો થાય છે કે કોંગ્રેસે શરૂ કરેલી યોજનાઓથી થાય છે કે તેને બિલકુલ ઉંધુ કરી નાખવાની. આવી રીતે જાહેર સાહસો જો કામ કરશે તો ખાનગીકરણ તરફ જતું રોકી શકાશે અને ગૌરવ લઈ શકાશે. ખાનગીકરણને બ્રેક મારી શકાશે. નિગમની સેવા છે તેમાં પેટ્રોલપંપ માટે પ્રાઈઝ મળ્યું એમ મને જાણવા મળ્યું તે ખરેખર કોંગ્રેસ તરફથી જે આયોજન કરેલું તે ચીલો જે જાળવી રાખ્યો છે તેના માટે સાચી વાત કહું હું તો એમ કહું છું કે અન્ય નિગમો આના પાસેથી ધડો લે અને અન્ય નિગમોમાં જે ભ્રષ્ટાચાર ચાલે છે તે દૂર થવો જોઈએ, વહીવટ સુધરવો જોઈએ, પોઝિટિવ થવો જોઈએ, તે પણ નફો કરતા થાય તે જાતનું આયોજન થવું જોઈએ.

રોમિંગ રેશનકાર્ડ બાબત આ તંત્ર દ્વારા જે આયોજન કર્યુ છે તે ખરેખર આવકારદાયક પગલું છે. આવકારદાયક એટલા માટે છે કે ગરીબ માણસો, પછાત માણસો, આદિવાસી વિસ્તારના ગરીબ માણસો પોતાની રોજીરોટી રળવા માટે માઈગ્રેટ થઈને બીજા સ્થળે જતા હોય છે. તેઓને અનાજ મળતું નથી. મોંઘા અનાજ લેવામાં આવે છે અને તેમનું ત્યાં શોષણ થતું હોય છે. તે લોકોની સલામતી આ દૃષ્ટિએ ન હતી તેના બદલે આ ઘણું સારુ પગલું કહી શકાય. તેમાં જે દુકાન ધારકો પાસે આ કાર્ડ પડયા રહેતા તે કાર્ડ આપવાની જવાબદારી આ સરકારની રહેશે નહીં તો પેલો આદિવાસી તો ત્યાંથી માઈગ્રેટ કરીને જતો રહેશે અને કાર્ડ દુકાન ધારકો પાસે પડયા રહેશે એટલે આ પડયા ન રહે તે જોવાની જવાબદારી સરકારની છે.

અગાઉ મેં કહયું હતું તેમ આ આદિવાસીઓ પોતાના ઘર છોડે નહીં તેવી પરિસ્થિતિનું નિર્માણ આ સરકાર કરવા માગતી નથી. જો કે અન્ન અને નાગરિક પુરવઠાને આની સાથે કોઈ સંબંધ નથી. તે લોકો રોજીરોટી રળી શકે અને તેઓને ઘર આંગણે કામ મળી રહે તે જાતનું કામ કરી અને જે ૪૫ ટકા આદિવાસી લોકો માઈગ્રેટ થઈને બીજે જાય છે તેઓના બાળકો અભ્યાસ મળતો નથી. તો લાલુપ્રસાદ યાદવ જેવા ક્રાંતિકારી માણસ કે જેણે ચારવા વિદ્યાલયો શરૂ કરી રખડતા, ભટકતા લોકો માટે ભેગા નિશાળે મોકલવા માટે જે કામ કરેલું તે કામ કદાચ આ સરકાર કરે અને માનનીય આનંદીબેન તો ક્રાંતિકારી છે, સારા સારા નિર્ણયો લે છે તો આ માટે પણ આ માઈગ્રેટ થવાવાળા લોકો માટે નિશાળ શરૂ કરીને તેઓના બાળકો ભવિષ્યમાં આગળ વધે, સારા ઓફિસર બની શકે અથવા તો ઘરઆંગણે રોજીરોટી મળે તેવું કામ કરવાની જરૂર છે. નોબલ પારિતોષિકની મેં અગાઉ વાત કરી હતી. ડો.આમર્ત્ય સેનની. રૂરલ ઈકોનોમી ડેવલપમેન્ટ એટલે કે ગરીબી ઉન્મલન માટેના સૂચનો અને ગરીબલક્ષી અર્થતંત્રનો વળાંક તે દિશામાં ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

સિમેન્ટ ઉદ્યોગે અત્યારે લોકોને ફફડાવી દીધા છે. ૧૫૫ રૂપિયે ગુણી એટલે આ બધા લોકો કેટલી કમાણી કરતા હોય છે. સિમેન્ટની કેટલીક કંપનીઓ તો સેલ્સ ટેક્ષના કરોડો રૂપિયા ભરતી નથી તો આ સરકાર કેમ એના

પ્રત્યે ઉદાર છે, કેમ તેઓના પ્રત્યે દયા રાખે છે. આ લોકો સેલ્સ ટેક્ષ નથી ભરતા છતાં કંઈ કરવામાં ન આવે. ગુણીએ મન પડે એટલા ભાવ લે છે. મેં સાંભળ્યું છે એમાં નાગરિક પુરવઠા નિગમે તે લોકોની પાસેથી ૧૨૫ રૂપિયે ગુણી લઈ સરકારી કામોમાં વાપર્યો છે તે સારી વાત છે. સરકારી કામોની સાથે સાથે ગુજરાતની પ્રજા પણ ઓરમાયી પ્રજા નથી, ગુજરાતની પ્રજા પ્રત્યે થોડી દયાની લાગણી રાખી ૧૨૫ રૂપિયે સિમેન્ટની ગુણી સરકારને મળી શકતી હોય તો પ્રજાને કેમ ન મળે? તે જાતનું આયોજન કરવું જરૂરી જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ વિભાગ ધ્વારા નર્મદા યોજનાને લગતી માગણી ક્રમાંક: ૬૫ આ ગૃહ સમક્ષ રજૂ થઈ છે. નર્મદા વિકાસ યોજનામાં મૂડી ખર્ચ માટેની ૧૦,૧૯,૯૪,૨૨,૦૦૦ રૂપિયાની માગણી મંજૂરી અર્થે રજૂ થયેલ છે. સરદાર સરોવર નર્મદા યોજના બહુલક્ષી યોજના છે. નર્મદા જિલ્લામાં નદી ઉપરનું બાંધકામ અને ૧૪૫૦ મે.વોટની સ્થાપિત ક્ષમતા ધરાવતા બે વીજ મથકો, ૪૬૦ કિ.મી. લાંબી મુખ્ય નહેરનું બાંધકામ, સિંચાઈની પાઈપલાઈન, ૭૫ હજાર કિ.મી.લાંબી બીજી પાઈપલાઈનોનું નેટવર્ક, મુખ્ય નહેરમાંથી ૪૦ હજાર કયુસેક પાણી વહન ક્ષમતા અને ગુજરાત રાજસ્થાનની સરહદના અંતીમ છેડે ૨૫૦૦ કયુસેક પાણીની વહન ક્ષમતા ધરાવતી ૪૬૦ કિ.મી. લાંબી મુખ્ય નહેરનું બાંધકામ તેમાં આવી જાય છે. આ યોજનાથી ૧૫ જિલ્લાના ૭૫ તાલુકાની ૧૭.૯૨ લાખ હેકટર જમીનને વાર્ષિક સિંચાઈનો લાભ મળશે અને ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોને ઘરગથ્થુ પીવાનું પાણી અને ઉદ્યોગોને પાણી મળશે. મારે દુઃખ સાથે કહેવું પડે કે જે જિલ્લાઓને નર્મદા યોજનાનો લાભ મળતો નથી. આટલી જંગી રકમ જેને કહી શકાય કે ૧૭૮૭૯.૮૮ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં વાપરવામાં આવ્યા છે તો એનો અમુક ટકા શેર જ્યાં આ પાણી પહોંચતું નથી એ ભીલાવની અંદર સિંચાઈ અથવા તો ભૂગર્ભના જળ સારા થાય એ માટેના વધારાના પૈસા સરકારે ફાળવીને વાપરવા માટેનું કામ કરવું જોઈએ. ૧૯૯૧-૯૨ની ભાવ સપાટી પ્રમાણે પ્રોજૅકટનું કુલ ખર્ચ ૧૩૧૧૮ અંદાજવામાં આવેલ, ૨૦૦૪ સુધીમાં આ કામ એકંદરે ૧૬૧૫૯, તા. ૧૮-૧૦-૨૦૦૦ના સર્વોચ્ચ અદાલતના ચૂકાદા પ્રમાણે બાંધકામની પરવાનગી આપી કે નર્મદા જળ વિવાદ ચૂકાદા અનુસાર ચૂકાદો આપ્યો છે, નર્મદા બચાવો આંદોલનને અને પીટીશન કાઢી નાંખી પણ મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે જ્યારે માનનીય ચીમનભાઈ પટેલ હતા ત્યારે વી.પી.સિંઘ અને જનતાદળનું રાજય હતું પણ છતાંય પર્યાવરણવાદીઓ જે વી.પી.સિંઘ પાસે ગયા અને વી.પી.સિંઘે થોડીક ઢીલી નીતિ બતાવી તો એની સામે, એની જ સરકાર હોવા છતાં પાંચ હજાર લોકો બોટ કલબ સામે લઈ જઈ સર્વપક્ષીય મોરચો કાઢી અને નર્મદાની બાબતમાં બાંધછોડ કરવા માગતા નથી, નર્મદાનો જે પંચનો ચૂકાદો છે એ ચૂકાદા પ્રમાણે જ કામ થવું જોઈએ, કોઈપણ જાતની માથાકૂટ ન થવી જોઈએ.

મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે માનનીય કેશુભાઈ પટેલ ખેડૂતના પુત્ર હોવા છતાંય જ્યારે સત્તા ઉપર આવ્યા ત્યારે આ પર્યાવરણવાદીઓએ નર્મદા બચાવોના નામે વિદેશોના હાથના રમકડાં થઈને કામ કરતા લોકો, વિદેશોના પૈસાથી આ દેશનો વિકાસ રૂંધવાવાળા લોકો આડાઅવળી કરી અને કોર્ટમાં ગયા એ આ સરકારની નબળાઈ હતી, નહીં તો કોર્ટમાં કઈ રીતે એ પ્રવેશી શકે? કોર્ટમાં જવાનો કોઈ પ્રશ્ન જ ઊભો ન થઈ શક્યો હોત અને કોર્ટની અંદર જઈ ૧૯૯૬થી ૨૦૦૦ સુધી જે સમય બરબાદ કર્યો છે એના માટે ગુજરાત એ સરકારને કદી માફ નહીં કરે કારણ કે એના પાપે એ લોકો કોર્ટમાં ગયા અને કોર્ટમાં જવાને લીધે આટલો વિલંબ થયો અને એ વિલંબને લીધે નર્મદાની અંદર આ પ્રશ્ન ઊભો થયો અને જ્યારે નર્મદાનો ચૂકાદો આવ્યો, આ આવી ભૂલ કર્યા પછી પણ નર્મદાનો ચૂકાદો આવ્યો ત્યારે જાણે જંગ જીતી ગયા હોય અને નર્મદાને અને ભાગીરથીને જેમ સ્વર્ગમાંથી નીચે ઉતારી હોય એવી રીતે દેખાવો કરી ગુજરાતની પ્રજાને આંજી દેવાનું જે કૃત્ય થયું છે એ માટે પણ શરમાવવું જોઈએ પણ એના બદલે જે રીતનું કૃત્ય કર્યુ એ કદાચ ચલાવી લઈ શકાય નહીં અને કોઈ સરકાર આવું કૃત્ય કરે એ કદાચ યોગ્ય નથી એવું મને પોતાને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સૂચનોથી સરકારમાં કઈક સુધારો થશે. સરકાર કંઈક સુધરવા માટેનો પ્રયત્ન કરશે તો મને સૌથી વિશેષ આનંદ થશે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૨૦ , ૨૧ અને ૨૨ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર : ૬૫ લઈને આ સભાગૃહમાં આવ્યા છે, તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પાંચ કરોડની જનતાએ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ્યારે વિશ્વાસ મૂક્યો છે ત્યારે આ સરકારે એકેએક સ્વપ્ન સાકાર કરવા માટે, પછી એ શિક્ષણ ક્ષેત્ર હોય કે આધુનિક કૃષિ માટેની સિદ્ધિઓ હોય કે આરોગ્યની સિદ્ધિઓ હોય અને એથીય આગળ વધીને જરૂરિયાતવાળા લોકોને સારા પ્રકારનું અનાજ સમયસર મળી એના માટેની વ્યવસ્થા આ સરકાર કરી રહી છે. માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું એટલા માટે કે આ રાજયમાં પંદર હજારથી વધારે વસતિ ધરાવે છે એવા શહેરી વિભાગોમાં પાંચ હજારની જન સંખ્યા એક દુકાન આપવાની યોજના બનાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પહેલી એવી હશે કે જેને આટલો નાનો ક્રાઈટેરિયા પકડીને આ સસ્તા અનાજની દુકાનો આપવાનું કામ આ સરકાર કરી રહી છે, આ કામને હું બિરદાવું છું. ગ્રામ્ય વિસ્તારમાં પંદર હજારથી ઓછી વસતિ છે, જ્યાં બે હજારથી ઓછી વસતિ છે અને ત્રણ કિલોમીટરથી અંતર ઓછું છે આવા ગામડાઓને પણ વાજબી ભાવની દુકાનો મળે એના માટેનું આયોજન

કર્યું છે. આ સરકારે ૧૩૭૨૬ દુકાનો કાર્યક્ષમ રીતે ચલાવી રહી છે. ૮૯૬ દુકાનો તો એવી છે કે જે દુકાનોવાળાએ રાજીનામુ આપ્યું હોય કે કોર્ટ મેટર ચાલતી હોય એ પ્રકારની ચાલી રહી છે ત્યારે આ સરકાર ગયા વર્ષે ૨૮૭૮ દુકાનો નવી ૪૦૦નો ક્રાઈટેરીયા પકડીને મંજૂરી આપવાની કાર્યવાહી કરી રહી છે ત્યારે મારે કહેવું છે પહેલાના વખતમાં એવું થતું હતું કે, દુકાનો આપતા હતા ત્યારે મળતિયાઓને આપતા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે માનનીય સભ્યશ્રીઓને યાદ અપાવવું છે કે, આ માગણીઓ પર ચર્ચા ચાલી રહી છે ત્યારે પોતાના વિસ્તારના કામોમાં કોઈ ક્ષતિ હોય તો એની વાત મૂકવા માટેની પરમિશન છે, એટલે પોતાના વિસ્તારની માગણી હોય તો એની વાત એ મૂકી શકશે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : 'આભાર' માનનીય અધ્યક્ષશ્રી, ૨૮૭૮ નવી દુકાનો શરૂ કરી છે. અત્યારે આ સરકારમાં નવી પધ્ધતિ અપનાવવામાં આવી છે કે, શિક્ષિત બેરોજગારોને પણ રોજગારીની તક આ માધ્યમ દ્વારા મળે એના માટે ૭ ટકાનું આયોજન આ મંત્રીશ્રીએ આ દુકાનો આપવા માટે કર્યું છે, એથી આગળ જઈને જે ગરીબ લોકો છે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકો છે, અનુસૂચિત જાતિ, અનુસૂચિ જનજાતિના લોકો છે એવી વસતિના ધોરણો પણ માન્ય રાખીને ૨૭ ટકાનું ધોરણ આ સરકારે માન્ય રાખીને એને દુકાનો આપવાનું કામ કર્યું છે. એથી આગળ વધીને શારીરિક ખોડખાપણ વાળા અને મહિલા બેરોજગાર છે તેને પણ ૧૦ ટકા દુકાનો આપવાનું કામ આ સરકાર કરી રહી છે. હમણાં જ માનનીય દિનેશભાઈ બોલતા હતા કે આ સરકારે રોમીંગ રેશનકાર્ડ આપ્યા છે. આ બાબતમાં કહું કે આ દેશમાં ગુજરાત એક જ માત્ર એવું રાજય છે કે રોમીંગ રેશનકાર્ડની પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. આ પધ્ધતિ પહેલીવાર ગુજરાતમાં જ દાખલ થઈ રહી છે એ બદલ મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે. કેટલાય વર્ષોથી વિચરતી જાતિના લોકો મજૂરી માટે એક ગામથી બીજા ગામ જતા હોય છે ત્યારે આ સામાન્ય વર્ગના ગરીબ કુટુંબોના લોકોની જે વ્યથા હતી એ વ્યથાને ન્યાય આપીને આ કામ પ્રાયોગિક ધોરણે પંચમહાલ, વડોદરા અને દાહોદ આ ત્રણ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યું છે એ બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

બીજી નવી વાત પણ અહીંયા લઈને આવ્યા છે. ગરીબોની આ દુકાનદારો બાબતમાં લોકફરિયાદ મળે છે એમાં નવી નવી નીતિ નકકી કરી છે હમણાં જ માનનીય મંત્રીશ્રીએ આ વર્ષમાં ત્રણ નવી સર્કિટ બેચો શરૂ કરી છે એના કારણે કયાંક ભ્રષ્ટાચાર થતો હોય, કયાંક પૂરતું અનાજ ન મળતું હોય, કયાંક કોઈ જગ્યાએ પરમિટની ફરિયાદ મળતી હોય તો એનો નિકાલ કરવા માટે પણ આ રીતે સર્કિટ બેચ શરૂ કરવામાં આવી છે. આ રાજયમાં પ્રથમ વખત ગ્રાહક કલ્યાણ નીધિ શરૂ કરવામાં આવી છે. કોઈ રાજયમાં ગ્રાહક કલ્યાણ નીધિ યોજના અમલમાં નથી. પહેલી વખત ગુજરાત રાજયમાં આ કામ કરીને ૫૦ ટકા જેટલી નીધિ લોકભાગીદારીથી ભેગી કરવાના કામનું સાહસ કર્યું હોય તો આ રાજય સરકારે કર્યું છે એ બદલ પણ મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુનામીની વાત કરું તો સુનામીમાં ગુજરાત રાજય સમગ્ર દેશમાં પહેલું એવું રાજય નીકળ્યું કે સુનામીનો ભોગ બનેલા લોકોને રાહત પૂરી પાડવાની વાત હતી એમાં તમામ સામગ્રીની કીટ સૌથી પહેલી કોઈએ મોકલી હોય તો આ ગુજરાત સરકારે મોકલાવી છે અને એ રીતે એ લોકોને સમયસર આપણે ઉપયોગી થઈ શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઓન લાઈન ઉપર રેશનીંગ કાર્ડની માહિતી મેળવવા માટે તાલુકા અને જિલ્લા પુરવઠા કચેરીઓને નેટવર્કથી જોડવાની પહેલ કરી હોય અને એની સંપૂર્ણ કામગીરી કોઈએ પૂરી કરી હોય તો એ ગુજરાત રાજયે કરી છે. સંપૂર્ણ ઓન લાઈન પધ્ધતિનું પુરવઠા કચેરીનું રેશનકાર્ડનું કામ પૂરું કરવામાં આવ્યું છે. નવા ત્રણ જિલ્લાઓની અંદર ફોરમોની રચના કરવામાં આવી છે. રાજ્યના ત્રણ મેટ્રોપોલિટન શહેરોની અંદર ત્રણ વધારાના ફોરમની પણ રચના કરી છે અને અન્નપૂર્ણા યોજનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અહીંયા એ.પી.એલ. કાર્ડની વાત થતી હતી. એ.પી.એલ.ના ગુજરાતની અંદર ૭૭.૭૧ લાખ છે અને એની જનસંખ્યા એ ૩.૫૭ કરોડ છે એ.પી. એલ. ની સંખ્યા કે જેઓ ગરીબી રેખાની ઉપર છે તેઓ પોતે ઘઉં અને ચોખા ૨૦૦૪-૦૫ ડિસેમ્બર સુધીમાં મેળવ્યા હોય એટલા આ એ.પી.એલ. ની સંખ્યા છે. ગરીબી રેખાની નીચેના જે છે જે ખરેખર ગરીબ છે અને તેમના માટે પણ કાર્ડની સંખ્યા આ ગુજરાતની અંદર ૩૧.૬૧ લાખ છે અને એની જનસંખ્યા ૧.૬૩ કરોડની છે એની જે સબસીડી ચૂકવાય છે એમાં ઘઉંની સબસીડી રૂા.૩-૦૪ પૈસા પ્રતિકિલોદીઠ અને ચોખા ઉપર રૂા. ૩.૬૪ પૈસા પ્રતિકિલોદીઠ જે સબસીડી એના રૂપિયા ૧૮૦ કરોડ ગુજરાત સરકાર ચૂકવી રહી છે એનું ભારણ વેઠીને એક સેવાનું કામ કરી રહી છે એ ખૂબ સરાહનીય કામ છે.

અહીંયા અંત્યોદય યોજનાની વાત પણ થઈ, બી.પી.એલ. ના કાર્ડ હોય અને એવા જે કુટુંબો છે જેમની ઘ ણી બધી યોજનાઓથી વંચિત રહી જવાની બૂમો ઉઠતી હતી આ સરકારે નક્કી કર્યુ કે આ બી.પી. એલ.ના કાર્ડ ના હોય અને એકદમ અતિગરીબ હોય એવા કુટુંબોને કાર્ડદીઠ ૨૮ કિલો ઘઉં અને સાત કિલો ચોખા, એમાં ઘઉં બે રૂપિયાના હિસાબે અને ચોખા ૩ રૂપિયાના હિસાબે અને એની સબસીડી અગિયાર કરોડ આપીને મહત્વની કામગીરી કરી છે એને પણ હું બિરદાવું છું.

અન્નપૂર્ણા યોજના આ ચાલુ વર્ષે નવી યોજના દાખલ કરવામાં આવી છે એના લાભાર્થીઓની જે સંખ્યા હતી અને પાંસઠ વર્ષથી ઉપરના નિરાધાર વૃદ્ધો કે જેઓને વૃદ્ધ સહાયનું પેન્શન મળતું નથી એવા લોકોને લાભ આપવા માટે માસિક ૧૦ કિલો ઘઉં અથવા તો ચોખા વિનામૂલ્યે આપવા માટેનું કામ આ સરકાર કરી રહી છે તેને પણ હું બિરદાવું છું.

ખાંડ અને કેરોસીનની વાત કરું તો લેવીની ખાંડ માટે ૧૩.૫૦ પૈસાના ભાવે કાર્ડદીઠ ૫૦૦ ગ્રામ ખાંડ આપવાની જે યોજના છે એ હું માનું છુ કે ગુજરાત સરકારની ખૂબ સરાહનીય કામગીરી થઈ રહી છે અને કેરોસીનની બાબતમાં જો વાત કરું તો ૧૦ રૂપિયા જેટલી સબસીડી કેરોસીનની અંદર જો કોઈ રાજ્ય ભોગવતું હોય તો એ ગુજરાત રાજ્ય છે એને કારણે ૮૬૪ કરોડ રૂપિયાની રાહત આ સરકાર લોકોને આપી રહી છે ત્યારે એ પણ ખૂબ આદર્શ કામ આપણા દ્વારા થઈ રહ્યું છે. મત્સ્યોદ્યોગનો ધંધો કરતા હોય માછીમારો જે બોટ ચલાવતા હોય તેઓને પણ આ કેરોસીનની જરૂર પડે છે અને તેઓને ૧૨૦૦ લિટર કેરોસીન આ સરકાર દ્વારા પૂરું પાડવાની કામગીરી થાય છે, ઘરમાં જઈએ ત્યારે બહેનો ઘણીવાર બૂમો પાડે કે ગેસનો બાટલો ખલાસ થઈ જાય છે અને બે બે મહિના સુધી બાટલા મળે નહિ અને બાટલા મળે એમાંય કેટલોય ભ્રષ્ટાચાર ચાલતો હતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં અને ગુજરાતમાં આવ્યા પછી પહેલી વખત પંદર દિવસના અંતરે કોઈપણ ફરિયાદ વગર દરેક ગ્રાહકને ગેસનો બાટલો મળી રહે એવી સુંદર વ્યવસ્થા કરીને ખૂબ સુંદર કામગીરી કરી છે ત્યારે આ વિભાગને હું અભિનંદન આપું છું.

મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે. શાળાઓમાં ધોરણ ૧ થી ૭ ની અંદર બાળકો જે ભણે છે એ બાળકોને આ યોજના દ્વારા ભોજન આપવા માટે પણ ખૂબ સુંદર કામગીરી થઈ રહી છે, ત્યારે જાન્યુઆરી, ૨૦૦૫ સુધીમાં ૨૧.૯૨ મે.ટન ઘઉં અને ૫૨.૩૩ ટન ચોખા આ યોજના દ્વારા બાળકોને આપવામાં આવ્યા છે ત્યારે આ યોજનાની વ્યવસ્થા જે ચાલી રહી છે એ પણ ખૂબ સારી ચાલી રહી છે.

મહિલા બાળ વિકાસ જેને આપણે આઈ.સી.ડી.એસ. યોજના કહીએ છીએ નાનામાં નાના બાળકોને પૂરતી કેલેરી મળી રહે એનું પણ શિક્ષણ વિભાગ અને આ વિભાગ એમ બન્ને વિભાગ ધ્યાન રાખે છે અને આંગણવાડીઓમાં ખાદ્ય પ્રવૃત્તિમાં નાસ્તો મળે એના માટે ઘઉં, કઠોળ અને ખાદ્યતેલ જે પૂરું પાડવામાં આવે છે એ ખૂબજ સુંદર કામગીરી કરી છે. એક નવી યોજના પણ વિશ્વ અન્ન કાર્યક્રમ દાખલ કરેલ છે, જંગલમાં કામ કરતા ખેતમજૂરોને જો વેતન ના લેવું હોય એની અવેજીમાં ઘઉં કે કઠોળ અથવા ખાદ્યતેલ લેવું હોય તો એના માટે એક સુંદર યોજના પણ દાખલ કરેલ છે અને એટલે આ વિશ્વ અન્ન યોજનાને પણ હું આવકારું છું.

અહીંયા એસ.જી.વાય. ખેત તલાવડીના પ્રશ્નોત્તરી બાબતમાં પ્રશ્નો ઉઠયા હતા તો આપણી સરકાર વિવિધ ક્ષેત્રોમાં માનવદિનને દિનની કામગીરી તો મળે જ પણ તેની સાથે સાથે અનાજ પણ આપવાની જવાબદારી આ સરકારે ઉપાડી છે ત્યારે આ શ્રમજીવીઓને વેતનનાં અવેજીની અંદર ઘઉં અને ચોખાનું જે વિતરણ કરવાની કામગીરી છે તે પણ ખૂબ સરસ થઈ રહી છે. અહીંયા નવી યોજના ચાલુ વર્ષે દાખલ થઈ છે. એન.એફ.ડબલ્યુ.પી. રાષ્ટ્રીય ફૂડ ફોર વર્ક યોજના. આ યોજના ચાલુ વર્ષે ગ્રામ વિકાસના માધ્યમ દ્વારા હજુ આ અમલમાં નથી આવી પણ તે કાર્યાન્વિત કરવાની કામગીરી પણ આ સરકાર કરી રહી છે. ગુજરાત સરકાર પુરસ્કૃત જળ સંચય યોજના. હમણાં ખેત તલાવડીનો મુદ્દો નીકળ્યો હતો. ખેત તલાવડી અને અનાજ આપણે આપી રહ્યા છીએ તેનામાં પણ આ સરકારે ૭૭.૭૨ હજાર મૅટ્રિક ટન ઘઉં અને ચોખા પણ ૨૭.૪૯ મૅટ્રિક ટન આપીને સુંદર કામગીરી કરી છે.

આદિજાતિ કન્યાનો છેલ્લો મુદ્દાની વાત કરીને મારી વાત પૂરી કરીશ. આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજ આપવાની યોજના પણ છે. ૧ થી ૭ ધોરણની અંદર ભણતી કન્યાઓ હોય અને કુટુંબ દીઠ માત્ર બે કન્યાઓને એક કન્યા દીઠ ૬૦ કિલોગ્રામ ઘઉં અથવા ચોખા બેમાંથી જે જરૂર હોય તે બન્નેમાંથી આપવાની પણ યોજના અહીંયા થઈ છે. આ આખું તંત્ર ચાલે છે ત્યારે કેટલીક બોગસ ભૂતિયા રેશન કાર્ડની પ્રવૃત્તિ પણ ચાલે છે તે તબક્કાવાર દૂર કરવા માટે પણ અનેકવિધ કાર્યક્રમ હાથ ઉપર લીધા છે. ગયા વર્ષે ૩ લાખ ૧૫ હજાર ૮૬૧ રૅશનકાર્ડ આ સરકારે નાબૂદ કર્યા છે તેને કારણે ૧૯ લાખ જન સંખ્યા નાબૂદ થઈ છે. આ કામ માટે સુંદર કામગીરી કરી રહી છે.

છેલ્લી વાત કરું ઈ-ગવર્નન્સની. આ સમગ્ર બાબત ઈ-ગવર્નન્સ દ્વારા નિગમમાં ૩૦૦ જેટલા અધિકારીઓ/કર્મચારીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવી છે. નિગમની વડી કચેરી અને કલ્પતરુ આ બન્નેને ઈ-ગવર્નન્સ દ્વારા કોમ્પ્યુટરથી જોડવામાં આવ્યા છે. ઈન્ટરનેટ દ્વારા આ વર્કીંગ કરવાની સાથે સાથે ખાંડની જે વહેંચણી થાય છે દરેક જિલ્લામાં પહેલું એવું રાજય છે કે ખાંડની પણ વિતરણ વ્યવસ્થા આ કોમ્પ્યુટર દ્વારા થાય છે. રેશનકાર્ડ ૨૨૫ તાલુકા અને ૨૮ ઝોન દ્વારા કોમ્પ્યુટર દ્વારા આપવાનું આ સરકારે કામ સરાહનીય કર્યુ છે, તેને અભિનંદન આપું છું. આદિજાતિ વિસ્તારમાં ગોડાઉન બાંધવાનું કામ ચાર જગ્યાએ કર્યુ છે પાવી જેતપુર વડોદરામાં મહુવામાં સુરત જિલ્લામાં કડોદરા અને ભરૂચ જિલ્લાના હાંસોટ આ વિસ્તારની અંદર નિગમ ભાડાના પટ્ટાથી મકાનો લેતા હતા તેની જગ્યાએ નિગમે પોતે બાંધીને આ કામ કર્યુ છે ત્યારે હું અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરી અને મારા વિસ્તારની અંદર આ સરકાર દ્વારા આદિવાસીઓને, ગરીબોને અન્ન અને કેરોસીન પૂરું પાડવાની જે કામગીરી થાય છે અને જેની વાત કરે છે તે બાબતમાં કેટલીક રજૂઆતો આપની સમક્ષ કરવા ઊભો થયો છું.

સરકારના આંકડા રેકર્ડ ઉપર ઉપર આપણને એમ લાગે છે કે ગુજરાતની ગરીબ પ્રજાને ઘરે, ઝૂંપડે અને જ્યાં મજૂરી કરતા હોય ત્યાં અનાજ, કેરોસીન પૂરતું મળતું હોય તેમ લાગે છે, હકીકતમાં આ વાત અહીંયા ગૃહની

અંદર વર્ષોથી હું સાંભળતો આવ્યો છું કે આવો, ગામડાંમાં, તપાસ કરો મારા મિત્ર, વડીલોએ કહ્યું હતું તેમ વર્ષોથી તાલુકા જિલ્લા પંચાયતોની અંદર પુરવઠાના જે અધિકારીઓ છે પુરવઠા દ્વારા જે સસ્તા અનાજની દુકાનો છે તે પણ આજે વર્ષોથી જે લોકો હપ્તા ઉઘરાવે છે તેના દાખલારુપે વલસાડ, નવસારી, ડાંગ અને સુરત જિલ્લામાં અમુક વખતે આ બાબતોની રજૂઆત પણ કરી છે. કેરોસીન અમારા ડાંગમાં કેરોસીન અમે એક મહિનાની અંદર ૩ લાખ લિટર આપીએ છીએ. મારા ૩૧૧ ગામો છે, ધરમપુર વાંસદાનાં તપાસ કરજો.

મુરબ્બી શ્રી દોલતભાઈ કહેતા હતા એટલે એ તેમના વલસાડ પૂરતું હશે. હું તેમને મારા પૂજય વડીલ માનું છું, પરંતુ આપણે જયારે ગામડાંની વાત કરીએ, ગામડાંના આદિવાસીઓની વાત કરીએ ત્યારે ગામડાંના મારા જે મજૂર ભાઈઓ જે મજૂરીએ જાય છે અને ઘણાએ અહીંયાં રેકર્ડ ઉપર વાત કરી કે જયાં એ મજૂરીએ જતા હોય, જયાં કામ કરતા હોય ત્યાં એમને અનાજ, ખાંડ અને કેરોસીન મળે છે, પરંતુ ખરેખર શું પરિસ્થિતિ હોય છે એ અમે જાણીએ છીએ. ગામડાંમાં મજૂરોના નામે કાર્ડ ઉઘરાવીને સસ્તા અનાજની દુકાનવાળા લોકો હોય, ઈન્સપેકટરો હોય એ કાળાબજાર કરે છે. કેરોસીન, ખાંડ અને અનાજના આ રીતે કાળાબજાર કરવામાં આવે છે અને એના માટે વાંસદા તાલુકામાં ત્રણ મહિના પહેલાં અમે જાતે કલેકટરશ્રી અને પુરવઠા અધિકારીશ્રીને ફરિયાદ કરી તો એમ કહેવાય કે પુરવઠા મંત્રીશ્રી તો મારા મિત્ર છે. હું માનનીય મંત્રીશ્રીને કોઈ દોષ દેતો નથી, પરંતુ આવી રીતે સરકારનું નામ આપીને મંત્રીશ્રીનું નામ આપીને કોઈપણ જે એના એજન્ટ હોય એ જો આ રીતે વાત કરતા હોય અને આદિવાસીઓના નામે રાજય સરકાર જયારે કેરોસીન કે અનાજ કે ખાંડ પૂરી પાડવાની વાત કરે ત્યારે આ રીતે થાય એ વાત બરાબર નથી. ત્યારે મને લાગે છે કે ગામડાં સુધી આ અનાજ, કેરોસીન કે ખાંડ પહોંચે એ જરૂરી છે.

દિનદયાળ યોજનાની એક જાહેરાત કરવામાં આવી છે. મારા ડાંગ જિલ્લાની વાત કરું તો મારા આદિવાસી વિસ્તારમાં ૬-૬ કિલોમિટર કે ૧૨-૧૨ કિલોમિટરમાં સસ્તા અનાજની દુકાનો છે અને એના માટે અમે વારંવાર જૂઆતો કરી છે, પરંતુ આજ દિવસ સુધી એકપણ દિનદયાળ યોજના નીચેની દુકાન અમારે ત્યાં શરૂ થઈ નથી. એટલે મારી વિનંતી છે કે ઉંડાણના વિસ્તારમાં, નદી નાળાં આવતાં હોય એવા વિસ્તારમાં અને ડુંગરાળ વિસ્તારમાં વિસ્તાર જોઈને કાર્ડની સંખ્યા જે તમે ૪૦૦ નકકી કરેલ છે એના બદલે આવા વિસ્તારોમાં ઓછાં કાર્ડની સંખ્યા ૧૦૦, ૨૦૦ કે ૩૦૦ હોય તો પણ આ સસ્તા અનાજની દુકાનો ત્યાં આપો એ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે પુરવઠામાં ભ્રષ્ટાચાર ચાલે છે એના માટે મને કહેતાં દુ:ખ થાય છે કે આ સરકારને માટે એમ કહેવાય છે કે ગરીબોની કલ્યાણકારી સરકાર છે, પરંતુ ગરીબોના નામે એના જે એજન્ટ છે, સરકારમાં બેઠેલાઓને દોષ દેતો નથી, પરંતુ સરકારના મંત્રીશ્રીનું નામ દઈને કોઈ એમ કહેતું હોય તો મારી આપના દ્વારા વિનંતી છે કે એવા કોઈ એજન્ટ હોય તો તેમની સામે કાયદેસરનાં પગલાં લેવાં જોઈએ અને એમનું લાઈસન્સ રદ કરવું જોઈએ.

વાંસદા તાલુકામાં આજે મારા ડાંગ જિલ્લાની એજન્સી જે કેરોસીનની છે એ વનરાજ એજન્સી છે એના માટે મેં સંકલન સમિતિમાં કલેકટરશ્રીને કહયું હતું કે એ મહિનામાં કેટલું કેરોસીન આપે છે કારણ કે એ દરેક દુકાન ઉપરથી કાર્ડ ઉઘરાવી લે છે અને ચેકપોસ્ટ જે વઘાઈ છે ત્યાં આગળ દર મહિને રજિસ્ટર રાખવામાં આવે કે આવાં કેરોસીનનાં કેટલાં ટેન્કર અમારા જિલ્લામાં આવ્યાં? ખરેખર જેટલાં ટેન્કર ફાળવ્યાં હોય એટલાં આવ્યાં છે કે કેમ એની ખબર પડે. વાંસદામાં ખરેખર કેરોસીન આવે છે કે કેમ એ એનાથી ખબર પડી શકે. આજદિવસ સુધી એનું કાંઈ થયું નથી. અગાઉ એની નોંધ રાખવામાં આવતી હતી અને એ વખતે એકેએક કેરોસીનનું ટેન્કર આવતું હતું અને એ એકેએક ટેન્કરનું કેરોસીન ગ્રાહકોને વહેંચવામાં આવતું હતું અને લોકોને સારી રીતે કેરોસીન મળી રહેતું હતું. આજે તો ૧૭ થી ૧૮ રૂપિયા કેરોસીનો ભાવ લેવામાં આવે છે. આજે પણ આ કેરોસીન ડાંગમાં હોન્ડા મશીનમાં કેરોસીન વાપરવામાં આવે છે કારણ કે ડિઝલના ભાવ વધારે છે, એટલે હોન્ડા મશીન લાવીને પોતાના ખેતરમાં પિયત માટેનું પાણી આપીને લોકો ખેતી કરે છે. જયારે ચોમાસાની સીઝનમાં વરસાદ ન આવતો હોય ત્યારે પણ આ રીતે મશીનથી પાણી અપાય છે અને એમાં આ કેરોસીન વપરાય છે. એના માટે લાઈસન્સ અથવા એના માટેનો કવોટા આપીને એમને પણ આ કેરોસીન મળી રહે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસના બાટલાની વાત કરું તો મારા ડાંગમાં માત્ર એક જ એજન્સી છે અને તેમાં પણ દોઢ દોઢ મહિના સુધી ગેસના બાટલા મળતા નથી અને નાછૂટકે અમારે લાકડાં બાળવાં પડે છે અને અમારે ત્યાં લાકડાં સિવાય ગેસના ચૂલા નથી.

વન અને પર્યાવરણની માગણીઓ આવશે ત્યારે પણ હું ચોકકસ વિનંતી કરીશ કે દરેક આદિવાસીને સબસિડીના ધોરણે તમે ગેસના બાટલા આપો, ગેસના ચૂલા આપો તો લાકડા બાળવાનું ઓછું થઈ જશે અને લોકોને સીધો લાભ મળશે. અત્યારે ગેસમાં પણ કાળાબજાર થાય છે. કેરોસીનમાં હું કહું કે આ જે વનરાજ એજન્સી છે તે વર્ષોથી લાખો અને કરોડો રૂપિયાની ગેરરીતિ કરે છે અને ફરિયાદ કરવામાં આવે તો પાછા એમ કહે છે કે મિનિસ્ટર અમારા છે અને અમારા હાથમાં છે. હું એ કહેવા માગું છું કે જે એજન્સી છે તેની જેટલી ફરિયાદ આવી છે તે ફરિયાદો અંગે તપાસ થાય અને ડાંગના કોઈપણ વ્યકિતને તમે એજન્સી આપો તેની સામે વાંધો નથી. અમે એમ નથી કહેતા કે આને કે પેલાને આપો પણ વર્ષોથી જે કેરોસીનની કરોડો રૂપિયાની ગેરરીતિ કરે છે તેની તપાસ કરો, રસ્તામાં કેરોસીન વેંચાય છે અને ત્યાં સત્તર અઢાર રૂપિયામાં કેરોસીન મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી અમારા વિસ્તારોમાં જે મુશ્કેલી હોય તેની રજૂઆતો કરી શકાય તેવું આપે પહેલાં જ કહ્યું છે, આ મારા વિસ્તારમાં જે મુશ્કેલી છે તેની રજૂઆત હું કરું છું. મારા વિસ્તાર વ્યારાથી લઈને ઉચ્છલ, નિઝર, સોનગઢ, ડાંગ અને દક્ષિણ ગુજરાતના ગામડાં છે તેની અંદર સસ્તા અનાજની દુકાનો જયાં જયાં જરૂરિયાત છે ત્યાં આ દિનદયાળમાં તમે વધારે દુકાનો આપો. એમાં તમે તમારો માણસ હોય તેને મૂકો તો પણ વાંધો નથી, મારા લોકોને તો રોજી મળશે, શિક્ષિત બેરોજગારોને તો તમે રોજી આપશો ને. આ હાઉસમાં જે સરકારી જાહેરાતો કરવામાં આવે છે તે પ્રમાણે લોકોને તેનો ફાયદો થાય, ઝૂંપડા સુધી ફાયદો મળે, મજૂર સુધી ફાયદો મળે તેવી આપના દ્વારા હું સરકારશ્રીને વિનંતી કરું છું.

મેં કેટલીક જે રજૂઆતો કરી છે તેમાં વનરાજ કેરોસીનની એજન્સી છે તેની તાત્કાલિક તપાસ થાય અને તેની સામે કાયદેસરના પગલાં લેવાય, કારણ કે તેઓ એમ કહે છે કે માધુભાઈ હોય કે કોઈ પણ હોય, ગમે ત્યાં જાય, પણ મિનિસ્ટર અમારા ગજવામાં છે અને સરકાર અમારા ગજવામાં છે, આવા શબ્દો તેઓ બોલ્યા છે તેની સામે મારી આ રજૂઆત છે તેની તપાસ થાય તે માટે ખાસ નોંધ લઈને એ અંગે ધ્યાન આપશે તેવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ૨૦૦૫-૦૬ના વર્ષની માગણી નંબર ૨૦, ૨૧ અને ૨૨ ના સમર્થનમાં ઉભો થયો છું. પંડિત દિનદયાળજીએ વિશ્વને એકાત્મ માનવતા વાદ આપ્યો, એમના ચિંતનના આધારે સમાજના છેવાડાના માનવીને કેન્દ્રમાં રાખીને સમાજ વ્યવસ્થા હોવી જોઈએ.

પહેલાં તો રેશનિંગની દુકાનો પાસેથી પસાર થઈએ એટલે મોટી લાંબી લાંબી લાઈનો હોય અને પોતાનો નંબર આવશે કે નહીં આવે અને નંબર આવશે ત્યારે અનાજ મળશે કે નહીં મળે તેની પણ તેના મનમાં મનોવેદના રહેતી હતી. જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ગુજરાતમાં આવ્યું છે ત્યારથી ગુજરાતના ગરીબ માનવીને રેશનિંગની દુકાનેથી કયારેય ઘઉં, ખાંડ, અનાજ કે કેરોસીન વગર પાછા ફરવાના દિવસો રહ્યા નથી. આ ઉત્કૃષ્ટ વ્યવસ્થાનું નમૂનેદાર, ઉત્તમ પરિણામ છે. ૪૫ વર્ષ સુધી આ દેશમાં શાસન કરીને આ દેશની ગરીબ જનતાને છેતરવાનો પ્રયત્ન કરવાવાળા, જયારે માનનીય સભ્યશ્રી દિનેશભાઈ પોતાન પ્રવચનમાં કહેતા હતા કે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બન્યો છે, ત્યારે તેઓ પોતાના શાસનની વાત કરતા હોય તેવું મને લાગ્યું. ભારતીય જનતા પાર્ટીની સરકાર માનવીમાં માનવ તરીકે દર્શન કરે છે, માનવીને મત તરીકે નથી જોયા, તેના કારણે આ દરિદ્રનારાયણ જેવી વ્યકિતના દુ:ખમાં સહભાગી થવાનો પ્રયન કર્યો અને તેનું આજે નક્કર પરિણામ આવ્યું છે. રોજગારી મેળવવા માટે અને અછતના સમયમાં જયારે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં રોજગારી માટે મોટી સંખ્યામાં સ્થળાંતર થાય,......

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ ૪-૩૦ થી ૫-૦૦)**

**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને)**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હું રોજગારી મેળવવા માટે અછતના સમયમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જતા કુટુંબો અનાજથી વંચિત ન રહી જાય એના માટે રાજય સરકારે ચાલુ વર્ષે રોમીંગ કાર્ડનો મહત્વકાંક્ષી પ્રોજેકટ હાથમાં લીધો છે એના સંદર્ભમાં હું વાત કરતો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સ્થળાંતર કરી રોજગારી પ્રાપ્ત કરવા જતા કુટુંબોની વેદનાથી પરિચિત છે અને એ વેદનાથી ઊભી થયેલી સંવેદનાને આધારે આ ગરીબ કુટુંબોને સસ્તા અનાજથી વંચિત ન રહેવું પડે એના માટે આ ગરીબની વેદનાની માત્ર વ્યથા નહિ પરંતુ એ વ્યથાને આધારે વ્યવસ્થા કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. લોકસભાની ચૂંટણી અને છેલ્લા કેટલાય વરસોથી કોંગ્રેસ કા હાથ ગરીબો કે સાથ અને માત્ર સૂત્રના આધારે આ દેશની પ્રજાને ગુમરાહ કરનારા લોકોએ કયારેય ગરીબોને કેન્દ્રમાં રાખીને કોઈ આયોજન કરેલું નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા *ગુમરાહ* શબ્દનું ઉચ્ચારણ ન થઈ શકે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મેં એકલા શબ્દનો જ ઉલ્લેખ કર્યો નથી. તમે કરેલી વાસ્તવિકતાનો ઉલ્લેખ કરેલો છે.

અંત્યોદય યોજના નીચે લાભાર્થીઓને નિશ્ચિત કર્યા છે. એ લાભાર્થીઓને રેશનકાર્ડ આપ્યા છે. આ કાર્ડ આપીને ચાલુ વર્ષના બજેટમાં રૂપિયા ૧૩૮ કરોડની જોગવાઈ કરીને માનનીય મંત્રીશ્રીએ અંત્યોદય અન્ન યોજના હેઠળ સમાજના ગરીબ વર્ગને અનાજ પૂરું પાડવાનો પ્રયત્ન કર્યો છે. સમાજના ગરીબ વર્ગની થાળીમાં ઠાકોરજીના દર્શન કરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

આપણને સૌને ખબર છે કે રાજયની કુદરતી આફત હોય કે દક્ષિણ ભારતમાં આવેલ સુનામી, આ તમામ વખતે સરકારે રાહત પહોંચાડવાના પ્રેરણારૂપ પગલાં અને કવીક એકશન. બાકી દેશમાં કોઈ રાજયે સૌ પ્રથમ આપ્યું હોય તો એ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. સવારે સુનામી મેસેજ મળ્યા, તાત્કાલિક અમદાવાદ સરકીટ હાઉસ એનેક્ષી ખાતે કન્ટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો અને સમગ્ર ગુજરાતના શ્રેષ્ઠિઓને સાંકળીને ટ્રેન દ્વારા સૌથી પહેલી જરૂરિયાતવાળી ચીજવસ્તુઓ પહોંચાડવાનું કામ કરીને આ સરકારે પ્રજાના સહયોગથી સરકારના માધ્યમથી અગ્રેસર કામગીરી બજાવી છે.

૬૫ વર્ષની ઉંમરના વૃદ્ધો જે વૃદ્ધ સહાય લેતા નથી તેવા લાભાર્થીઓને માસિક દસ કિલો અનાજ વિના મૂલ્યે આપીને ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વૃદ્ધોનો સહારો બનવાનું કામ કર્યુ છે. વૃદ્ધોના ઘર સુધી અન્નપૂર્ણા દેવીના દર્શન કરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

ગુજરાતની અંદર પુરવઠા તંત્રની આગવી વ્યવસ્થા છે. એમાં ૧૫ હજાર દુકાનો અને એક કરોડ કાર્ડ ધારકોને માતબર સબસિડી દ્વારા આ ઉત્કૃષ્ટ વ્યવસ્થા તંત્ર ગુજરાતના ગરીબોના ઘેર સમગ્ર અનાજ, ખાંડ, તેલ, અને કેરોસીન પહોંચાડવાનું આયોજન કર્યુ છે. આ વિભાગનું ગુજરાત રાજય અન્ન અને નાગરિક પુરવઠા નિગમ છે જે ધોરણ ૧ થી ૫ સુધીના બાળકોને ઘઉં અને ચોખા જ્યારે રાજય ધોરણ ૬ અને ૭ માટે ઘઉં, ચોખા અને તેલ **મધ્યાહન** ભોજન યોજના માટે વિતરણ પૂરું પાડવાનું કામ સારી રીતે પૂરું પાડે છે.

વિશ્વ અન્ન કાર્યક્રમ હેઠળ જંગલમાં કામ કરતાં ખેત મજૂરોને તેમના વેતનની અવેજીમાં ઘઉં, કઠોળ અને ખાદ્યતેલનો જથ્થો લોકો સુધી પહોંચાડવાનું કામ કરવામાં આવે છે.

રાજયમાં જે પણ ખૂણે જાવ, રાજયમાં અનેક જગ્યાએ વિકાસનાં કામો ચાલે છે અને રાજયના વિકાસના કામો ઉપર જે શ્રમજીવીઓ કામ કરે છે તેમને વેતનના ભાગ રૂપે અનાજ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. મને યાદ છે, ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી કહેતા હતા કે અમે ૧૦૦ રૂપિયા મોકલીએ છીએ. ૮૦ રૂપિયા ચવાઈ જાય છે અને ૨૦ રૂપિયા જ નીચે પહોંચે છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ઉપરથી નક્કી કરેલું અનાજ છેક ગરીબના ઘર સુધી પહોંચાડવાની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ગુજરાત એ જળ ક્રાંતિ માટે જાણીતું છે. જળ ક્રાંતિની સફળતાનું કોઈ શ્રેય હોય તો ખેત તલાવડીને છે. ખેત તલાવડીની સફળતામાં આ યોજનાને પ્રોત્સાહન આપવા ઘઉં, ચોખાના જથ્થાનું વિતરણ કરવાનું કામ સફળ રીતે પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવ્યું, જેના કારણે ગુજરાતમાં નક્કી કરેલ ખેત તલાવડીના લક્ષ્યાંક કરતાં પણ વધુ ખેત તલાવડીઓ કરવામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સફળ રહી છે.

ગુજરાત શિક્ષિત બને, તેનું શૈક્ષણિક સ્તર ઉંચું આવે, તેના ગરીબ દલિત આદિવાસીઓમાં શિક્ષણ વધે, તેમાં ખાસ કરીને ધોરણ ૧થી ૭માં અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓ જે અભ્યાસમાં જોડાય તેના માટે આ આદિવાસી કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજનો આપવાનું કામ, ગુજરાત શિક્ષિત બને એવા લક્ષ્યાંક સાથે ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

નીતિ બને, યોજના બને, લક્ષ્યાંક નિર્ધારિત થાય પરંતુ જો વિભાગ દ્વારા તંત્ર ઉપર અંકુશ ન હોય તો નીતિઓ સફળ થતી નથી. આજે સંપૂર્ણ યોજનાબદ્ધ અને જ્યાં જરૂર પડે ત્યાં આકરાં પગલાં લઈને ક્યાંક ભૂતિયા રૅશનકાર્ડ નાબૂદ કરવાનું હોય, તો ક્યાંક કાળાબજાર નિવારણ ધારો હોય એ બધામાં ભારતીય જનતા પાર્ટી રૅશનકાર્ડમાં પહેલાં નામ દાખલ કરાવવા માટે, સુધારા-વધારા માટે, નવું કાર્ડ કઢાવવા માટે જિલ્લા કક્ષાએ થતું હતું હવે એ કામગીરી તાલુકા કક્ષાએ કરીને આ વહીવટમાં સરળીકરણ કર્યું છે. નવસર્જનનાં આવાં અનેક કામો, વિકાસના કામો વૃદ્ધ શ્રમજીવી ખેતમજૂર અને આદિવાસી કુટુંબ માટે અન્ન-નાગરિક પુરવઠા માટે વિભાગે ઉત્કૃષ્ટ કામ કર્યું છે. ધન્યવાદ.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી અને નર્મદા વિકાસ મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અમે સમર્થન આપી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૫ વર્ષ સુધી કોંગ્રેસે શાસન કર્યું અને છેલ્લા દસેક વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકાર શાસન કરી રહી છે. કોનું શાસન છે એ અગત્યનું નથી. ગુજરાતની જે જીવાદોરી છે નર્મદા એ કોંગ્રેસની સરકાર હોય કે ભારતીય જનતા પક્ષની સરકાર હોય, સમગ્ર ગુજરાતના ખેડૂતોની પ્રગતિનું સોપાન અને ગુજરાતમાં વસતા ખેડૂતોની આર્થિક આબાદીની વાત હોય તો એ ગુજરાતની નર્મદા યોજના છે. એટલે નર્મદા વિકાસની વાતમાં સરદાર વલ્લભભાઈ પટેલ કે જેમનું સ્વપ્ન હતું કે આ યોજના ગુજરાતમાં સાકાર થાય અને ગુજરાતની આબાદી સમગ્ર દેશમાં જ નહીં, પણ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે વધે, ખેડૂતો આબાદ થાય અને ખેડૂતોની સાથે સાથે ગુજરાતની તમામ વસતિ સુખ, શાંતિ અને સમૃદ્ધિ અનુભવે એવું તેમનું સ્વપ્ન હતું. સરદાર વલ્લભભાઈ પટેલના આ સ્વપ્નને સાકાર કરવામાં પંડિત જવાહરલાલ નહેરૂજીએ ૧૯૬૦માં શિલારોપણ વિધિ કરી. સરદાર વલ્લભભાઈ પટેલથી લઈને નરેન્દ્રભાઈ મોદીની આ જે સરકાર છે ત્યાં સુધી કોઈ પણ મુખ્યમંત્રી, પછી તે બાબુભાઈ જશભાઈ પટેલ હોય, ચીમનભાઈ પટેલ હોય, માધવસિંહ સોલંકી હોય, શંકરસિંહ વાઘેલા હોય, દિલીપ પરીખ સાહેબ હોય, કેશુભાઈ પટેલ હોય, સુરેશ મહેતા હોય કે નરેન્દ્રભાઈ મોદી હોય ગુજરાતના દરેક મુખ્યમંત્રી નર્મદા વિકાસની વાત હંમેશા આગળ લઈને ચાલ્યા છે અને એ એમની પ્રાથમિક ફરજ છે. કોઈ સરકાર નર્મદા વિકાસને અટકાવી શકે નહીં. અટકાવવા જાય તો સરકાર રૂંધાઈ જાય.

ગુજરાતના ખેડૂતો માટે જે જમીન ઉપર સિંચાઈ થઈ શકે તેના આંકડા નિશ્ચિત છે. ૬૪.૮૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈની ક્ષમતા આ ગુજરાત રાજયમાં જળ સપાટી દ્વારા સિંચાઈ થઈ શકે એવી ક્ષમતા છે. આ જમીનમાં સિંચાઈ માટે પાણી પૂરું પાડવા મોટી યોજના, મધ્યમ યોજના અને નાની સિંચાઈ યોજના આ ત્રણ તબક્કાની યોજનાઓ કોંગ્રેસે અમલમાં મૂકી. મધ્યમ કક્ષાની યોજના અમલમાં મૂકી એમાં તાપી નદી ઉપર ઉકાઈ ડૅમ હોય, મહી નદી ઉપર કડાણા ડૅમ હોય, સાબરમતી નદી ઉપર ધરોઈ ડૅમ, સરસ્વતી ઉપર સીપુ કે મુકતેશ્વર હોય કે ક્યાંક

મેશ્વો ડૅમ હોય, ક્યાંક મચ્છુ ડૅમ હોય, ક્યાંક હાથમતી જળાશય યોજના હોય આવી અસંખ્ય બહુહેતુક યોજનાઓ દ્વારા ૪૫ વર્ષના શાસનમાં આજે ૬૪ લાખ ૮૮હજાર હેકટર જમીન ઉપર જે સિંચાઈ થવાની હતી એનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં ૧૭.૯૨ લાખ હેકટર જમીન છે એ સરદાર સરોવર દ્વારા નર્મદાની સિંચાઈ દ્વારા થવાની હતી. બાકીની જમીનનું આયોજન તો કોંગ્રેસની સરકાર વખતે થઈ ગયું હતું પણ અમે આટલા બધા ડૅમ બનાવ્યા. મધ્યમ કક્ષાની સિંચાઈ યોજનાઓ બનાવી, એની નહેરો બનાવી, જમીન સંપાદન કર્યું, પેટા નહેરો બનાવી, ફિલ્ડ નહેરો બનાવી અને ગામડે ગામડે ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડયું. પછી એ ખેડા જિલ્લો હોય, સાઉથ ગુજરાત હોય, મધ્ય ગુજરાત હોય આખો તબકકો પૂરો કર્યો અને ઉત્તર ગુજરાત અને કચ્છ જે સમગ્ર ગુજરાતની જીવાદોરી નર્મદા હતી એની પણ યોજના આપણે અમલમાં મૂકી અને સમગ્ર ગુજરાતને પાણી પૂરું પાડીને આખું ગુજરાત આબાદ બને એ યોજનાઓ તબકકાવાર કોંગ્રેસની સરકારે પણ કરી હતી.

આપણને ગૌરવ થાય કે નર્મદા રાજકીય માણસોના હિતમાં અને રાજકીય માણસોના દિલમાં પણ વસેલી હોય છે. બાબુભાઈ જશુભાઈ પટેલ જે ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા અને એક વખતના મુખ્યમંત્રીશ્રીને જ્યારે એમ કહેવામાં આવે કે તમે હવે કૅબિનૅટ કક્ષાનું મંત્રીપદ સ્વીકારશો તો કોઈ મુખ્યમંત્રી ના સ્વીકારે પણ નર્મદાના કૅબિનૅટ મંત્રી બનાવતા હોય તો બાબુભાઈ જશુભાઈ પટેલ એક વખતના મુખ્યમંત્રી હતા તો પણ નર્મદા યોજનાના મંત્રી બનીને ગુજરાતના પ્રહરી તરીકે અને નર્મદાના પ્રહરી તરીકે અગત્યનું કામ કર્યુ છે. બધાને યાદ કરાવવું છે કે, આ નર્મદા યોજના જે અમલમાં મૂકવામાં આવી અને પછી પર્યાવરણવાદીઓ, સંસ્થાનવાદીઓ અને એક બીજાના બહાના હેઠળ આજુબાજુના રાજયોએ જે વાંધા ઉઠાવ્યા એમાં ટ્રિબ્યુનલ સમક્ષ આ દરખાસ્ત ગઈ. ટ્રિબ્યુનલમાં બહુ લાંબા ગાળા સુધી આ લડાઈ ચાલી. ટ્રિબ્યુનલે ૧૩૮મીટરની ઉંચાઈનો મહત્વનો ચૂકાદો આપ્યો. એ ચૂકાદો આપ્યો એ પહેલાં જયારે આ પ્રશ્ન રૂંધાયો એ પહેલાં કોંગ્રેસની સરકારમાં એનો પાયો પહેલા ખોદાયો. ૧૦ મીટરની ઉંડાઈ સુધીનો નર્મદાનો પાયો, કોંગ્રેસે નાંખ્યો અને ૮૫ મીટરની ઉંચાઈ એટલે ૧૦.૮૫ એટલે ૯૫ મીટરની ઉંચાઈ સુધીની કામગીરી કોંગ્રેસ સરકારોએ પૂરી કરી હતી. ગુજરાતના ખેડૂતો માટે અને ગુજરાતની આબાદી માટે ડૅમની ઉંચાઈ ૧૩૮ મીટર થઈ જાય એટલે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચે એના માટે મુખ્ય કેનાલ શાખા કેનાલ, પેટા કેનાલ, ફીલ્ડ કેનાલ આ બધી નહેરો શાખા શહેરો એનું બાંધકામ અને આયોજન એના માટે જમીનનું સંપાદન, વળતર ચૂકવવું અસંખ્ય પ્રશ્નોની માયાજાળ હતી એ બધી માયાજાળ કોંગ્રેસની સરકારોએ પૂરી કરી દીધી. જ્યાં જ્યાં કાયદાઓ લાગુ પડતા હોય, જ્યાં જ્યાં ટ્રિબ્યુનલો આવતી હોય જ્યાં સુપ્રિમ કોર્ટ આવતી હોય, નામદાર કોર્ટ આવતી હોય, પર્યાવરણવાદીઓ જ્યાં જ્યાં લડી શકે ત્યાં ત્યાં જયારે જયારે આંદોલનો થયાં ત્યારે આ ગુજરાતની સરકારોએ અને ગુજરાતના લોકોએ એનો પ્રતિકાર કરીને ગુજરાતની નર્મદાને જીવંત રાખવા માટેના જેટલા પ્રયાસો કર્યા છે એની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે. કોઈ દિવસ એમ ના કહેવાય કે કોંગ્રેસની સરકારે શું કર્યુ? ૪૫ વર્ષમાં અમે આ કર્યુ, પાયો નાખ્યો અને જે ૬૬હજાર કિલોમિટરની પેટા શાખાઓ, શાખા નહેરો બનાવવાની હતી, ૬૬હજાર કિ.મિ.નું એમાં મોટા ભાગનું કામ ૭૦ ટકા કામ તો કોંગ્રેસની સરકાર ૧૯૯૫માં પૂરું કરીને ગઈ છે. આ ૧૦ વર્ષમાં નો ડાઉટ તમે પણ આ દિશામાં આગળ છો. ભા.જ.પ.ની સરકાર પણ નર્મદાની વાત લઈને આગળ વધી છે, આ ભા.જ.પ.નો પ્રશ્ન છે કે કોંગ્રેસનો પ્રશ્ન નથી એમ નહીં પણ ચાલો આપણે સૌ સાથે મળીને ૧૩૮ મિટરની ઉંચાઈ સુધી લઈ જઈએ, ૧૩૮ મીટર સુધી બંધ જાય અને ગુજરાતના ખેડૂતના ખેતરે ખેતરે પાણી પહોંચે અને આપણે બધા ભેગા થઈ ગુજરાતમાં લોક ઉત્સવ મનાવીએ. ગુજરાતમાં એક સારો ઉત્સવ મનાવીએ. આ મેં કર્યુ તમે કર્યુ, એકલા એકલા ઉત્સવ મનાવો, એકલા એકલા કેવડિયા પહોંચી જાવ અને પછી ખેડૂતો મારવા લે અને ગાડીઓ લઈને ભાગવું પડે એમાં ના પડશો. એકી સાથે ગુજરાતના ખેડૂતો પણ એમાં સામેલ થાય અને સમગ્ર ગુજરાતની નર્મદા યોજનાનો આનંદ અનુભવીએ એ વાત તમારે કરવી પડશે, જે યોજના તબકકાવાર આગળ ચાલી રહી છે એ કામ પૂરું કરવું પડશે. આ યોજના ત્રણ તબકકામાં હતી. પ્રથમ તબકકો, બીજો તબકકો, ત્રીજો તબકકો. પ્રથમ ૦ થી ૧૬૬ કિલોમિટરની મુખ્ય નહેર, ૧૬૬ થી ૨૮૪ની બીજા તબક્કાની નહેર. ત્રીજો તબક્કો સૌરાષ્ટ્ર કેનાલ ૩૫૦ કિલોમિટરની નહેર. આ ત્રણેય તબક્કા હતા એમાં અમે લોકોએ કામ કર્યું છે અને બે તબક્કા પૂરા કર્યા છે અને તમે એ તબક્કાઓ આગળ વધાર્યા છે એનો આનંદ છે,

આ લોકો રાજકીય અવલોકન કર્યા સિવાય ભૂતકાળમાં તમને કહેતા અમે સાંભળ્યા છે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકારો છે, પૈસા ચૂકવતી નથી, આપણે માગીએ છીએ એ પૈસા આપતી નથી. ૧૨૦૦-૧૫૦૦ કરોડ બાકી છે તમે લઈ આવો. લો હવે તમે લાવી દો. આ મારો તમને પ્રશ્ન છે. બન્ને જગ્યાએ ભારતીય જનતા પક્ષની સરકાર છે. એમાં નહિ પડતા, તમે લાવો અને અમે લઈ આવીએ એમ કરવામાં પૈસા રહી જાય. એના કરતાં આપણે બધા ભેગા થઈને કંઈક કેન્દ્ર સરકારને ઈન્વોલ્વ કરીએ, કયાંક પ્રધાનમંત્રીશ્રીને ઈન્વોલ્વ કરવા પડે તો મધ્યસ્થી બનાવીને પણ રાજસ્થાન કે મધ્યપ્રદેશ જયારે આ યોજનામાં ૬૭ ટકા વીજળીમાં ભાગીદાર છે અને ગુજરાતને ફક્ત ૧૬ ટકા વાપરવાની છે ત્યારે બધાને લાભ મળે એવું આયોજન કરીએ. બધા સાથે મળીને નર્મદા યોજનાને પરિપૂર્ણ કરવા આપણે બધા આગળ વધીએ એ જ વાત કરવી છે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માગણી લઈને આવ્યા છે. એમાં મારે કોઈ વાત કરવી નથી. કારણ કે એમાં વાત કરીએ તો આપણે બધાને છાંટા ઊડે એટલે વાત કરવી નથી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)**: માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી અને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

નદીઓને મનુષ્ય વિકાસની સંસ્કૃતિ કહી છે. સમગ્ર વિશ્વમાં જે જે નદીઓ છે એના કિનારા ઉપર તમામ જગ્યાએ સંસ્કૃતિઓનું નિર્માણ થયું છે. જે જે વિસ્તારમાં નદીઓ સારી અને મોટી હોય, નદીઓમાં બારેમાસ જળરાશિ રહેતી હોય એવી બધી જ નદીઓના કિનારા ઉપર માનવ વસતિ વસી છે અને વિકસી છે. એટલા માટે સાહિત્યકારો, ઈતિહાસકારો અને કવિઓએ નદીને માતાનું બિરૂદ આપ્યું છે, કોઈએ નદીને દેવનું બિરૂદ આપ્યું છે. ભારત ખંડમાં પશ્ચિમ દરિયા કિનારા ક્ષેત્રમાં પાંચ મોટી નદીઓ મળે છે. એમાંની એક નર્મદા છે. ૯૭,૪૧૦ ચોરસ કિલોમિટર સ્ત્રાવ ક્ષેત્ર ધરાવતી આ નદી ઉપર અત્યારે સરદાર સરોવરનું નિર્માણ થઈ રહ્યું છે. આ કાર્યે ૧૯૯૫થી એક દસકામાં એટલે કે ૨૦૦૫ સુધીમાં જે પ્રગતિ કરી છે એના કારણે સમગ્ર રાજયને જે ફાયદો થવાનો છે અને થઈ રહ્યો છે એ સમગ્ર રાષ્ટ્ર જોઈ રહ્યું છે.

નર્મદા યોજનાથી જે જે સમસ્યાઓ, જ્યારે જ્યારે જે જે પ્રકારે ઊભી થઈ, એને નિપટાવવા માટે જે તે સરકારમાં પ્રયાસો થયા હશે. પરંતુ ૧૯૯૫ પછી એક મક્કમ નિર્ધાર સાથે ચોક્કસ લક્ષાંક સાથે રાજય સરકારે નર્મદા વિકાસની યોજનાને ખૂબ જ અગ્રિમ ક્રમ આપ્યો છે. એના માટે તથાકથિત પ્રયાસો કર્યા છે. એના માટે જ્યારે જ્યારે નર્મદા સરોવરના વિકાસ માટે, ઊંચાઈના પ્રશ્ને વિવિધ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થયા ત્યારે સરકારે એમાં જે પગલાં લીધાં છે અને એના માટે રાષ્ટ્રીય કક્ષાએ જળ વિવાદના પ્રશ્નમાં ખૂબ જ સફળ રીતે પરિણામલક્ષી કાર્ય કર્યું છે. એના કારણે અત્યારે સરદાર સરોવરની ઊંચાઈ ૧૧૦.૬૪ મિટર થવા જાય છે. એનાથી જે લાભ થઈ રહ્યો છે અને થવાનો છે એ ખૂબ મોટા પાયે છે. આ યોજનાથી મુખ્યત્વે ચાર-પાંચ ઉપલબ્ધીઓ તો સામે આવી રહી છે. સરદાર સરોવર યોજનાની જે કેનાલ છે, મુખ્ય નહેર છે એમાં ૨૫૦ મેગાવોટની ક્ષમતાનું વીજ મથક કાર્યાન્વિત થઈ ગયું છે અને ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં ૧૩ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન કરતું થયું છે. નર્મદા યોજનાનું વીજ ઉત્પાદનનું કાર્ય અત્યારે રાજય સરકાર ઝડપથી આગળ વધારી રહી છે. કુલ ૧૨૦૦ મેગાવોટની વીજ ક્ષમતા ઉત્પાદિત થવાની છે. ૧લી જાન્યુઆરી ૨૦૦૫માં ૨૦૦ મેગાવોટનું એક વીજ મથક અત્યારે કાર્યાન્વિત થયું છે. બીજા ૨૦૦-૨૦૦ મેગાવોટના વીજ મથકો કાર્યાન્વિત કરવાનો કાર્યક્રમ તબક્કાવાર રાજય સરકારે ખૂબ જ આયોજનબદ્ધ રીતે બનાવ્યો છે. ૮-૩-૨૦૦૫ સુધીમાં બીજા તબક્કાનું અને એ જ રીતે ૩,૪,૫ અને ૬ એમ તા. ૩૧-૩-૦૫, ૩૦-૪-૦૫, ૩૧-૧-૦૬ અને તા. ૩૦-૩-૦૬ આ પદ્ધતિથી તબક્કાવાર કુલ ૧૨૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું કાર્ય રાજય સરકાર નર્મદા યોજના દ્વારા કરી રહી છે.

તમામ લક્ષ્યાંકો નિર્ધારિત સમયની અંદર પૂર્ણ કરવામાં આવી રહ્યા છે અને નિર્ધારિત સમયની અંદર એના પરિણામો પણ આપણને મળતાં થયાં છે. ૨૬૪ કિલો મિટર ઝીરો સાંકળથી ૨૬૪ કિલો મિટરની મુખ્ય કેનાલના કામ પણ આજના દિવસે નિમાર્ણ કાર્ય પૂરું થયું છે. કડીથી પાટણ જિલ્લામાં માસા ગામ સુધી ૨૬૩ થી ૨૫૭ કિલોમિટરનું જે બીજા તબક્કાનું કાર્ય પણ અત્યારે ખૂબ પ્રગતિમાં છે અને પૂરી થવાના આરે પણ છે. એમાં પણ રાજ્ય સરકારે ચોક્કસ લક્ષ્યાંકો નક્કી કર્યા છે. ૨૦૦૬-૦૭ સુધીમાં સંપૂર્ણ મુખ્ય કેનાલનું કાર્ય પૂર્ણ થવાનું રાજ્ય સરકારે લક્ષ્યાંક રાખ્યું છે અને આ દિશાની અંદર રાજ્ય સરકાર અત્યારે ખૂબ ઝડપથી કાર્ય કરી રહી છે, એના આપણને ખૂબ સારા પરિણામો પણ દેખાઈ રહ્યાં છે. અત્યારે સમગ્ર ગુજરાતની ૧૦ નદીઓની અંદર નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે અને આ નદીમાં અત્યારે પણ નર્મદાના નીરથી ભરપૂર વહે છે અને સમગ્ર ગુજરાતની જનતા એ જૂએ છે. આ ઉપરાંત રાજ્ય સરકાર એમાં આગળ પણ ખૂબ પ્રગતિમાં છે. ૫૧૫ કરોડના ખર્ચે સૌરાષ્ટ્રની ૧૭ નદીઓમાં પણ નર્મદાનાં નીર વહેવડાવી અને સૌરાષ્ટ્રના પણ જે વર્ષોથી સૂકાભઠ્ઠ વિસ્તાર છે એ પણ આ પાણીનો ઉપયોગ કરી શકે એ માટે નર્મદાનું પાણી વહેવડાવવાનું આયોજન છે. સિંચાઈ માત્ર થાય એટલું નહિ. પરંતુ વર્ષોથી આ રાજ્યની અંદર બેડાયુદ્ધ ચાલતા હતા એ ઠબ થઈ ગયાં છે, આ રાજ્યની અંદર પીવાના પાણીની અછત એ ભૂતકાળની સરકારોની ખામીભરી નીતિના હિસાબે કે પાણી વ્યવસ્થાપનના અભાવે આ રાજ્યની અંદર છેવાડા કેટલાય વિસ્તારની અંદર પીવાનું પાણી પૂરતું નહોતું મળતું, ત્યારે આ નર્મદામાતાનો ઉપયોગ કરીને ગુજરાત સરકારે પ્રાંતના એકેએક છેડા સુધી નર્મદાના પાણી પીવા માટે પણ ઉપલબ્ધ કરવાની દિશાની અંદર આમાં સરકારે ખૂબ અગ્રીમ સોપાનો સર કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેનાલમાંથી અત્યારે ૧૪૪ કિલોમિટરની મુખ્ય નહેર વિસ્તારની અંદર શાખા નહેરનું નિર્માણ પણ ખૂબ સારી રીતે થઈ ગયું છે અને આ રાજ્યની અંદર ૬૫૦૦૦ હેકટરની અંદર ખરીફ પાક, રવિ પાકની અંદર છેવાડાના વિસ્તાર સુધી પિયત માટે પાણી આપવાનું કાર્ય ચાલુ કરી દીધું છે.

આ રીતે પુનઃવસવાટની કામગીરી આ સરકારે ખૂબ અગ્રતાથી થાય જેથી કરીને ભવિષ્યમાં જે યોજનાના નિર્માણમાં ઉચાં લક્ષ્યાંકો સર કરવામાં કયાંય કોઈ બાધરૂપ ના થાય, ક્યાંય આંદોલનકારીઓ, વિસ્થાપિતોના પ્રશ્ન ઉપસ્થિત કરી, આ યોજનામાં રોડાં ના નાંખે એટલા માટે રાજ્ય સરકારે ૧૧૦.૬૪ મિટર સુધીની ઊંચાઈ થાય ત્યાં સુધી બધા જ ગુજરાતના વિસ્થાપિતોને વસાવવાની વ્યવસ્થા, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્થાપિતોને પણ વસાવવાનું કાર્ય પૂરું કર્યુ છે અને ૧૨૧.૯૨ મિટર ઊંચાઈ થાય ત્યાં સુધી વિસ્થાપિતોના પ્રશ્નો ના નડે એ માટે ૧૧૪૮ અસરગ્રસ્ત કુટુંબોને ૭૫ યુનિટ સાઈટની અંદર વસાવીને પણ એમણે વિસ્થાપિતોનું કાર્ય પૂરું કર્યુ છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિસ્થાપિતોને ગુજરાત સરકાર પૂરઝડપે વસાવી રહી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા અને નર્મદાની માગણીઓ ઉપર હું મારું મંતવ્ય વ્યકત કરવા ઊભો થયો છું.

નાગરિક પુરવઠામાં ઘણા બધા મિત્રોએ પોતાની વાત કરી છે. મારા માત્ર બે-ત્રણ સૂચનો આમાં છે. સૌથી વધારે ગુજરાતની અંદર અત્યારે તકલીફ પડતી હોય તો એ કેરોસીનના ઉપયોગકર્તાઓને પડે છે. સામાન્ય રીતે કેરોસીન વાપરનાર વર્ગ છે એ એકદમ છેવાડાનો વર્ગ હોય છે. પરંતુ કેરોસીન મેળવવા માટે કલાકોના કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે અને છતાંય તેને પૂરતો જથ્થો મળતો નથી. એટલું જ નહિ પરંતુ જે છેલ્લે રહે છે, એના ભાગમાં કાંઈ આવતું નથી. લગભગ કોઈ જગ્યા એવી નહિ હોય જ્યાં જે દિવસે કેરોસીનનું વિતરણ થતું હોય તે દિવસે પોલીસને વ્યવસ્થા ના કરવી પડતી હોય? વર્ષોથી આ ફરિયાદો થાય છે, પરંતુ એના નિરાકરણ માટે કોઈ ઉપાય શોધતા નથી. ૮૦ ટકા જેટલા કાર્ડ હોય, કાર્ડદીઠ ૧૦ લિટર કેરોસીન આપવાનું હોય ૮૦ ટકાને અપાય, ૨૦ ટકા તો આમેય બાકી રહી જતા હોય અને બાકીના છે મોટેભાગે જે વિતરણ વિતરક એજન્ટ હોય સસ્તા અનાજના દુકાનદારો એ પણ પૂરતો જથ્થો એમને આપતો નથી, નવા કાર્ડ બને છે, આ કાર્ડ દીઠ પ્રથાને કારણે જે નવા કાર્ડ બને છે એના ઉપર પણ ખૂબ રિસ્ટ્રીકશન મૂકાયું છે. ઘરમાં જુવાન દીકરો થયો હોય, લગ્ન થયા હોય, સ્વાભાવિક રીતે એને નવું કાર્ડ મળવા પાત્ર હોય પરંતુ એફિડેવિટ અને બીજી ભલામણો કરવાવી પડે ત્યારે નવું કાર્ડ મળે. માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી કાંઈ રસ્તો કાઢવો જોઈએ જેથી આ વર્ષોથી જે ચાલ્યું આવે છે, કેરોસીનની અંદર જે મુશ્કેલી ખાસ કરીને જ્યારે ૮૦ ટકા કેરોસીનનો જથ્થો આપવાનો નિર્ણય લેવાયો છે, ત્યારથી આ મુશ્કેલી ઊભી થઈ છે. આમાંથી રસ્તો કાઢવો જોઈએ.

બીજી જે સૌથી મોટી ફરિયાદ ઊભી થઈ છે એ એસજીઆરવાય યોજના નીચે ગ્રામ્ય વિસ્તારોની અંદર કામના બદલામાં ઘઉં આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીય જગ્યાએ આ ઘઉં એ બજારોમાં વેચી નાખવામાં આવ્યા છે, એની ફરિયાદો થઈ છે, એના પ્રકરણો આવ્યા છે, જુદી જુદી સમિતિઓમાં આની ચર્ચાઓ પણ થઈ છે પરંતુ આ ઘઉં વેચનારા લોકો ઉપર પીબીએમસી લગાડવો જોઈએ, એના ઉપર પોલીસ કેસો થવા જોઈએ પણ એના પોલીસ કેસો કરવામાં આવ્યા નથી. એક યા બીજી રીતે આવા લોકોને બચાવવામાં આવે છે અને અંદાજ સમિતિમાં વિગતવાર આની ચર્ચાઓ કરી પરંતુ આ બાબતે કોઈ પગલાં લેવાયાં નથી અને એને કારણે કેન્દ્ર સરકારની અંદર આ યોજના આપણે એનો અમલ કરીએ છીએ એની વિશ્વનિયતા પણ ગુમાવી છે અને જેના માટે આ અનાજ ઈયર માર્ક કરવામાં આવેલું હતું એને પણ એ અનાજ મળ્યું નથી, એટલે આના ઉપર પણ પગલાં લેવાં જોઈએ.

નર્મદાની મારા ઘણા સાથી મિત્રોએ વાત કરી છે. મેં મારા બજૅટ પ્રવચનમાં પણ વાત કરી હતી કે, આ યોજનાની અંદર ભૂતકાળમાં જે રીતે આપણે એક સૂર પૂરાવીને કાયમ વાત કરતા હતા એ સૂર મુજબ વાત કરવી જોઈએ. અપેક્ષા એવી રાખી હતી મેં બજૅટ પ્રવચન વખતે કે આ યોજનાની અંદર કોઈપણ પ્રકારના રાજકીય નિરૂપણ ન થાય એની મેં તકેદારી રાખી, પરંતુ એના પછી અપેક્ષા મુજબ અહીંયા પ્રતિભાવ મળ્યો નથી. હું ફરી પાછો આ મુદ્દાની અંદર રાજકીય પ્રવચન કર્યા વગર કે રાજકીય નિરૂપણ કર્યા વગર વાત કરીશ, જ્યાં હકીકત છે, પાણીના પ્રશ્નને સૌએ મહત્ત્વ આપવાની જરૂર છે, છેલ્લા વર્ષોની અંદર જે જોગવાઈ નર્મદા યોજના માટે થાય છે, એલોકેશન ઘણું થાય છે પરંતુ એમાં રાજયનો હિસ્સો કેટલો? કેન્દ્ર સરકાર એને જે ત્વરિત સિંચાઈ યોજના લાભ નીચે જે આપણને ગ્રાન્ટ આપે એ અને એ સિવાય, બહારથી બૉન્ડથી કે બીજા સાધનો મારફતે નાણાં ઊભા કરી અને આની પાછળ ખર્ચવામાં આવે છે. આપણે એક તરફથી માગણી એવી કરીએ છીએ કે, નર્મદા યોજના રાષ્ટ્રીય યોજના થવી જોઈએ. ખરેખર તો જે એલોકેશન થાય છે એ એલોકેશન પ્રમાણે, સરકાર કોની હતી, કોની નહતી એની વાત નથી કરતા પરંતુ એમાં રાષ્ટ્રના પૈસા આવે છે, રાજયના પૈસા તો આપણે પૈસા જોડતા નથી કોઈ જગ્યાએ, તો આની અંદર વધારેમાં વધારે બજૅટ એલોકેશન કરી યોજના જલદીથી પૂરી થાય એનું આયોજન કરવું જોઈએ. આ વર્ષે પણ ૨૦૦૫-૨૦૦૬માં જે ૧૪૫૦કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. એમાં ૮૦૦ કરોડ લોનથી મેળવવાના છે અને ૬૫૦ કરોડ ત્વરિત સિંચાઈ લાભ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર પાસેથી લેવાની જોગવાઈ રાખેલી છે. અગાઉના વર્ષમાં પણ આજ સ્થિતિ હતી, સતત ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪, બેય વર્ષોમાં ૯૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલી એમાં પણ આવી જ રીતે પૈસા આવેલા. મારી આપના મારફતે સરકારને વિનંતી છે કે, આની અંદર રાજયનો હિસ્સો મોટે પાયે આપવાની જરૂર છે અને એક વખત નર્મદા યોજના પૂરી થાય એના પછી જ બીજી યોજનાઓની વાતો કરવી જોઈએ. કલ્પસર યોજનાની વાતો કરે એનો વાંધો નહીં પણ એ કલ્પસર યોજનાની વાત કરી અને બીજું ભૂલી જવાય એવું કરવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટમાં મેં ત્યારે પણ વાત કરી હતી કે, આપણે એફિડેવિટ કરીને એમ કહ્યું છે કે, ૨૦૦૫ સુધીમાં આ યોજના પૂરી કરી દઈશું, ટાઈમ ટેબલ એ પ્રમાણે અપાયું છે અને કોની સરકારમાં, કોણે વધારે કર્યું એની ચર્ચામાં હું નથી પડવા માગતો અને કોની સરકારમાં કામ અટકયું, કોણે વધારે કર્યું એ પણ નથી કહેવા માગતો પણ જે કામ અટકાવેલ એ તો માત્ર પર્યાવરણવાદના પ્રશ્ને નર્મદા વિરોધીઓ સુપ્રીમ કોર્ટમાં ગયા એને કારણે ૫-૬-૭ વર્ષ મોડું થયું. આને કારણે નર્મદા યોજના પાછી ગઈ. કોના વખતમાં ગઈ એનો પ્રશ્ન નથી પણ આને કારણે પાછી ગઈ. હું એના પહેલાની વાત કરું છું. ૮૦ મીટર ઊંચાઈ સુધીનો ડેમ એનું જે રિહિબીલીટેશન પૂરું થઈ ગયું. ૮૦ મીટર એટલે લગભગ ૭૦ટકા કૉંક્રિટનો ડેમ અને સો ટકા એનું ખોદાણ, એના માટે ડિઝાઈન, આખું નેટવર્ક બધું થઈ ગયું. પાવર હાઉસ માટે ઓરડા અપાઈ ગયેલા. ડિલિવરી માટે મશીનરી પણ તૈયાર હતી પણ પર્યાવરણના પ્રશ્નને કારણે આપણે એની ડિલિવરી લઈ

શક્યા નહીં. હમણાં થોડા સમય પહેલાં પર્યાવરણના પ્રશ્નને કેન્દ્ર સરકારે કાઢી નાખ્યો. કેન્દ્ર સરકારે મંજૂરી આપી પછી કામ શરૂ થયું. હું એટલા માટે કહેવા માગું છું કે આની હવે ગતિ વધારવાની જરૂર છે. ડેમની ઊંચાઈ એટલી બધી મહત્ત્વની નથી કારણકે ડેમ ૧૩૫મીટર સુધી પહોંચાડવો હોય તો માત્ર ૬ મહિનામાં પહોંચાડી શકાય એના માટે પુનર્વસવાટના કામમાં એકદમ ગતિશીલતા લાવવાની જરૂર છે. કેનાલનું નેટવર્ક અને પાવર સ્ટેશનમાં ગતિશીલતા લાવવાની જરૂર છે. આ બધા કામમાં આપણે પાછળ છીએ. ખૂબ પ્રાયોરીટી આપી રિહિબિલીટેશન અને કેનાલ નેટવર્કના કામને આગળ વધારીએ તો ૨૦૦૫માં પૂરી ન થાય તો પણ ૨૦૦૮-૨૦૧૦ સુધીમાં પૂરી થઈ જાય. છેવાડાના માનવીને આનો લાભ મળી શકે. સૌરાષ્ટ્રની બ્રાન્ચ અને બીજી બ્રાન્ચ કેનાલ છે એનું કામ ચાલુ છે, પરંતુ ગતિ નથી. ગતિ લાવવાની જરૂર છે. સૌરાષ્ટ્ર બ્રાન્ચની ધોળી ધજા સુધી પાણી પહોંચાડવુ હશે તો પાંચ કેનાલ હેડ પાવર સ્ટેશન પૂરાં કરવાં પડશે. માત્ર એક થયેલ છે. ચાર બાકી છે. ધોળી ધજામાં એક વખત પાણી આવે પછી બોટાદ અને મોરબીમાં પાણી વહેવડાવી શકાય. એક મીલીયન એકર ફીટ ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ કચ્છને આપવાનું છે પણ સૌરાષ્ટ્રની બ્રાન્ચ કેનાલ ડિઝાઈન કરીને એટલી કોરી રાખી છે પરંતુ બોટાદ અને મોરબીની બ્રાન્ચ છે એની વહન શકિત એક વધારાનું મિલિયન એકર ફીટ પાણી આવી શકે એવી કરવા માટેનું આયોજન હજી બાકી છે અને એના માટેની ડિઝાઇન કે એના માટેનો નિર્ણય હજી થઈ શકયો નથી. આ કરવો ખૂબ જરૂરી છે. એની પછી જ વધારાનો ૧-૧ મિલિયન એકર ફીટ કચ્છને અને બંનેને આપવાનું છે એ આપી શકાય તેમ છે. નર્મદાનો કમાન્ડ એરીયાન કકી થાય છે પણ કમાન્ડ એરિયામાં જે તકલીફ છે તે એ છે કે આપણે શરૂઆતથી ઈરીગેશન આપવા માંડીએ એનો ગમે તેવો ઉપયોગ થવા માંડે, ખેડૂતને એ પ્રકારની ટેવ પડે એટલે છેવાડાના જે ખેડૂત છે એને પાણી ન મળે પરંતુ જયારે નર્મદા યોજનાનું આયોજન થયું ત્યારે સૌથી પહેલો ડિસ્ટ્રિબ્યુશન એકટ લાવવાની વાત થઈ એ ડિસ્ટ્રિબ્યુશન એકટ વહેલાસર લાવી ખેડૂતોને પાણી વાપરવા માટે કેળવવા પડશે, ટેવ પાડવી પડશે, શિક્ષિત કરવા પડશે. આ નર્મદાનું કામ છે. બધાનું સામાજિક કામ છે. નર્મદા યોજનાના વિરોધી સામે લડવું હશે તો સાથે મળીને લડીશું એ પણ તમારી આગેવાની નીચે અમે ચાલવા તૈયાર છીએ. નર્મદાનું પાણી ફલાણાભાઈ લાવ્યા તાણી ફરી પાછું ન કરતા. પાંચ કરોડના ઉત્સવ ઉજવી ખેડૂતનો માર ન ખાતા. આપણે બધા આમાં સાથે રહીને યોજના ઝડપથી પૂરી થાય. એટલા માટે માનનીય મુખ્યમંત્રીની આગેવાની નીચે, નર્મદા યોજના સંભાળે છે એ મંત્રીની આગેવાની નીચે આખું ગુજરાત જેમ ભૂતકાળની અંદર એક રહ્યું હતું, રાજનીતિનો વિષય વચ્ચે બનાવ્યો હતો, એમાંથી બહાર નીકળી, બધા લોકો સાથે રહે અને યોજના ઝડપથી પૂરી થાય, આખા દેશની નહિ, પણ વિશ્વની નમૂનેદાર યોજના, જે યોજના પૂર્ણ થાય અને બધા સાથે મળી આખું ગુજરાત ઉત્સવ ઉજવે એ દિવસની સૌ રાહ જુએ, એવો સંદેશો હું આપના મારફત ટ્રેઝરી બૅન્ચને મૂકવા માગું છું.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોના બાબતોના મંત્રીશ્રી જે માગણી નંબર-૨૦, ૨૧ અને ૨૨ લઈને આવ્યા છે, તેમાં સૂર પૂરવા માટે હું ઊભો થયો છું.

આ અનાજ પુરવઠો એ આખો વિષય ચિંતાના બદલે ચિંતનનો છે અને છેવાડાના માનવીને પણ ભૂખ કરતા ભીખ ભૂંડી લાગે છે અને એવા સમયે દ્રષ્ટિથી ભરેલ દ્રષ્ટિસભર આયોજન એ સરકાર જ્યારે કરી રહી હોય ત્યારે ચિંતનની જરૂર છે. આ એટલા માટે કે જેટલી જરૂર દરેક વ્યકિતને પ્રાણની છે, હવાની છે, એટલી જરૂર પાણીની છે. એથી વિશેષ જરૂર અનાજની છે, છેવાડાના માનવીને આ શબ્દ આપણા ઋષિ વિચારકોએ, પૂર્વ દ્રષ્ટાઓએ આપેલ છે અને એ છેવાડાના માનવીને પ્રાણ પૂરવા માટે, એની દરેક ઇચ્છા પૂરી કરવા માટે ચિંતન કરી અને આપણે સૌ સાથે મળી અને આ વિભાગે શું અસરકારક કાર્યક્રમો કરવા જોઈએ, શું નીતિઓ ઘડવી જોઈએ, શાં પગલાં ભરવા જોઈએ, આપણી પાસે અત્યાર સુધીના જે કાર્યક્રમો છે, દિનદયાલ અન્ન ભંડાર અને એના દ્વારા લોકોને અપાતું અનાજ એના દ્વારા થતા બીજાં બધાં કાર્યો એમાં પણ શું ઉમેરી શકીશું એના માટે ખાસ ચિંતનની જરૂર છે અને એટલા માટે અત્યાર સુધી જે અસરકારક વિભાગ રહ્યો છે, એને બહોળો બનાવવા માટે અને અસરકાર બનાવવા માટે સરકારે જે કાર્યક્રમો ઘડ્યા છે, પગલાં ભર્યાં છે, એમાં આપણે શું શું મદદ કરી શકીશું, એનાં માટે ખાસ સૂચન કરવાં જોઈએ, એમાં જે કઈ ક્ષતિઓ હોય તો તેને રચનાત્મક રીતે આપણે પૂર્ણ કરવી જોઈએ. ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે આ વખતે બજેટમાં ૧૨૯ કરોડની યોજના કરી છે. ગઈ વખતે ૧૦૮ કરોડ ફાળવ્યા હતા, એની સામે ૧૨૯ કરોડ ફાળવ્યા છે અને એટલા માટે એ દિનદયાલ ગ્રાહક ભંડાર દ્વારા છેવાડાના દરેક માનવીને એની યોજના પહોંચી શકે, એની વધારે અસરકારકતા બતાવી છે, એ સિવાય લેવી ખાંડ,લેબોરેટરીમાં ચકાસણી.

મોબાઈલ વાન અને તોલમાપ. આ તોલમાપ શુદ્ધીકરણ માટે સરકારે અનેક પગલાં ભર્યાં છે અને અનેક કાર્યક્રમો બનાવ્યા છે, એમાં ખાસ કરીને.ગ્રાહકો માટે, ગ્રાહકોની શી જરૂરિયાત છે, ગ્રાહકોને શી તકલીફ છે, વહીવટી તકલીફ શી છે, પ્રજા તરફથી કોઈ શોષણખોર હોય તેના તરફથી શી તકલીફ છે, શી મુશ્કેલીઓ છે, આનો વિચાર કરી દૃષ્ટિ સભર આયોજન કર્યુ છે. ખાસ કરીને એના માટે બે મોટા કાર્યક્રમો આપણે ઉજવ્યા. એક વિશ્વ ગ્રાહક દિન તરીકે આપણે ઉજવણી કરી ૧૫મી માર્ચે અને ૨૪ ડિસૅમ્બરે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન તરીકે ઉજવ્યો. આદિવાસી વિસ્તાર રાજપીપળા ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો એમાં માનનીય એમ.બી. શાહ કે જે આ રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ પંચના ચેરમેન છે, તેઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. તેના દ્વારા

લોકોને દૂધ અને અન્ય ખાદ્ય પદાર્થો નકલી ન મળે તેમાં ભેળસેળ ન થાય તેની જાગૃત્તિ આપવામાં આવી અને વિગતો આપવામાં આવી.

બીજી અગત્યની વાતમાં શુદ્ધ પીવાનું પાણી અને અન્ય પીણાં, બનાવટી દવાઓ અંગે આ સરકાર તેમાં શું કરી રહી છે તેની વાત કરી. પેટ્રોલીયમ પેદાશોમાં શુદ્ધતા અને ગુણવત્તા લાવવા માટે ગ્રાહક દિન દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા. ખેડૂતો માટે ગુણવત્તાયુકત બિયારણ, જંતુનાશક દવાઓ વગેરે બાબતોની માહિતી આપવામાં આવી. આ ઉપરાંત ગુણવત્તા એટલે આ જે બાબતો છે તે દૃષ્ટિ સભર આયોજન છે એ એટલા માટે કહેતો હતો કે દરેક વ્યકિતને ચોવીસ કલાક વીજળીની જરૂરિયાત પડે છે અને તેનો આ સરકારે વિચાર કર્યો છે. પાણી શુદ્ધ મળે તેનો આ સરકારે વિચાર કર્યો છે. આ ઉપરાંત ગેસની પણ એટલી જ જરૂરિયાત છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં પણ જાહેરાત કરી હતી કે મોટા મોટા શહેરોમાં ગેસની વ્યવસ્થા પૂરી પાડવા માટે આપણે કટિબદ્ધ છીએ. તેવા સમયે આપણે સૌ જાગૃત્ત બની આ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેને સર્વાનુમતે સાથ આપવો જોઈએ અને સારા અને રચનાત્મક સૂચનો કરવાં જોઈએ. આભાર.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત અને નર્મદા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારાં સૂચનો રજૂ કરવા માટે અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રૅશનકાર્ડને અલગ અલગ કરવાની છેલ્લા છ મહિનાથી કાર્યવાહી શરૂ થઈ છે તેમાં જે બી.પી.એલ. કાર્ડ હોય તે કાર્ડને અલગ અલગ કરવાની કાર્યવાહી થાય છે ત્યારે બંને કાર્ડને એ.પી.એલ. કરી દેવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જો ચકાસણી કર્યા પછી ખરેખર લાગતું હોય કે બી.પી.એલ.ને પાત્ર નથી તો એ.પી.એલ. કરવામાં આવે તો વાંધો નથી. આમ બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં લઈ જવામાં આવે છે અને તે લોકોને બી.પી.એલ. યોજનામાં જે લાભો મળે છે તે લાભોથી વંચિત રાખવામાં આવે છે. આ કાર્ડ તાલુકા મથકે અલગ કરવાની કાર્યવાહી થાય છે. આમ જ્યારે આ અલગ કરવાની કાર્યવાહી થાય છે ત્યારે સ્વાભાવિક છે કે કાર્ડની સંખ્યા વધે. આમ જ્યારે કાર્ડની સંખ્યામાં વધારો થાય છે પણ તેમાં જે કેરોસીન અને અનાજ વગેરેનો પુરવઠો આપવામાં આવે છે, જે ફાળવણી કરવામાં આવે છે તેમાં વધારો કરવામાં આવતો નથી. તેના લીધે અનેક પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે. આ પ્રકારના કાર્ડ અલગ થઈ થાય તેના બે એક મહિના પછી જે કાર્ડ હોય તેમાં જિલ્લા મથકે અને તાલુકા મથકે જે જથ્થો ફાળવવામાં આવે છે તે કાર્ડને ધ્યાનમાં રાખીને ફાળવવામાં આવે તેવું મારું સૂચન છે.

બીજું જે વ્યાજબી ભાવની દુકાનો છે તે દુકાન ધારકો માટે નિયમ એવો રહ્યો છે કે સામાન્ય રીતે ભાવ, જથ્થો વગેરેના લિસ્ટની યાદી માટે પાટિયું રાખવાનું હોય છે. મોટા ભાગના દુકાન ધારકો આવા પાટિયાં રાખે છે પણ જથ્થો, ભાવની વિગત લખતા નથી. તો આવા પાટિયાં ઉપર આ વિગતો લખાય તે ખૂબ જરૂરી છે. બીજું કે જે તહેવાર આવે છે, દિવાળી હોય, સાતમ આઠમ હોય કે જનમાષ્ટમીનો તહેવાર હોય તે વખતે સામાન્ય રીતે રાજય સરકાર તરફથી જાહેરાત કરવામાં આવે છે કે બી.પી.એલ. કાર્ડ ધારકોને તેલ, અનાજનો વગેરે જથ્થો આપવામાં આવશે. પણ તેમાં તહેવાર જતો રહે ત્યાં સુધી લાભાર્થીને તેલ અથવા તો અનાજનો જથ્થો મળતો નથી.

બીજું સૂચન છે કે સામાન્ય રીતે મોટા ભાગના પેટ્રોલપંપ ઉપર ભેળસેળ થતી હોય છે. તેમાં ડિઝલની અંદર કેરોસીન ભેળવી દેવામાં આવે છે, જયારે પેટ્રોલની અંદર નેપ્થા જેવા જવલનશીલ પદાર્થો ભેળવી દેવામાં આવે છે તેના કારણે ઘણી વખત પેટ્રોલપંપોની છાપ ખરાબ થતી હોય છે. આવા પેટ્રોલપંપોની ફરિયાદ કરવા છતાંય નાગરિક પુરવઠા વિભાગ તરફથી એ ભેળસેળની તપાસ કરવામાં આવતી નથી કે ચૅકીંગ કરવામાં આવતું નથી, એવા પેટ્રોલપંપો ઉપર ચૅકીંગ કરીને એને સીલ કરવા સુધીના પગલાં લેવાં જોઈએ પણ એવી કોઈ કાર્યવાહી થતી નથી. મેં પણ નાગરિક પુરવઠા વિભાગને પત્રો લખેલા છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ અનુભવે જોવા મળેલું છે, એ ભેળસેળવાળું પેટ્રોલ ગાડીમાં નાખીએ તો એ ગાડીનો અનુભવ થયો છે, ગાડી ખરાબ થઈ જાય છે, ગાડીનું એન્જિન ખરાબ થઈ જતું હોય છે અને અનેક પત્રો લખવા છતાંય પુરવઠા વિભાગ તરફથી એનું સમયસર ચૅકીંગ થતું નથી અને નમૂના લઈને એ માલિકો ઉપર શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઈએ એ થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તોલમાપની અંદર શું થાય છે કે, તોલમાપની અંદર સામાન્ય રીતે એના ઈન્સ્પેકટરો ત્યાં જાય અને એની પાસે બેસી, એના જે કોઈ વજનીયાં કે માપિયાં હોય છે એનું ચૅકીંગ કર્યા વગર એની સાથે સમજૂતી કરીને એ ઈન્સ્પેકટરો નીકળી જતા હોય છે. આ મારો જાત અનુભવ છે. મેં મારા જિલ્લાના અધિકારીઓને કાગળ લખીને નામજોગ આની ફરિયાદ કરેલી છતાં પણ આ તોલમાપના ઈન્સ્પેકટરો ઉપર કોઈ પણ પ્રકારનાં પગલાં લેવામાં આવતાં નથી.

હમણાં એક નવું શરૂ થયું છે, કેન્દ્ર સરકારના એક પરિપત્રના આધારે જે એલડીઓ તરીકે જેનો ખાસ કરીને પેટ્રોલ અને હાઈસ્પીડ ડિઝલ ઑઈલ તરીકે વપરાય છે એમાં ક્રુડનો પણ સમાવેશ થાય છે એ ક્રુડ સામાન્ય રીતે ગામડાંની અંદર કૂવા ઉપરના એન્જિન હોય છે, એ ડિઝલ ન મળે ત્યારે આ ક્રુડનો ઉપયોગ કરે છે, આ ક્રુડ બાબતમાં એક પરિપત્ર કેન્દ્ર સરકારના અનુસંધાને રાજય સરકારે પરિપત્ર કર્યો છે કે આ જે એલડીઓ છે એ જે એના જે એજન્ટો હોય એ એજન્ટો છે એ રિટેઈલ દુકાનદારોને આપે અને ત્યાંથી દુકાનધારક છે એ જિલ્લા બહાર એનું વિતરણ કરી શકે નહીં, એના કારણે હમણાં શું થયું છે કે, હું મારા વિસ્તારનું ઉદાહરણ આપું તો મારા

વિછીયાની બાજુમાં ત્રણેક કિલોમીટર દૂર સુરેન્દ્રનગર જિલ્લાના ગામડાં શરૂ થાય એ મોટા ભાગનાં ગામડાંના લોકો આવું હટાણું છે એ અહીંયાં વીછીયા લેવા આવે તો એ પેલા એજન્ટો છે એ બંધ કરી દે છે, એ કહે છે કે જો અમે આપીએ તો અમારા લાઈસન્સ રદ થઈ જાય એટલે એલડીઓ જે છે એનો કુડનો સમાવેશ કરવામાં આવ્યો છે એની જિલ્લાની બંધી ન હોવી જોઈએ, જિલ્લા બહાર પણ એ વેચી શકે, હા, કોઈ ગેરરીતિ થતી હોય તો ચોક્કસ ભલે એમાં પગલાં લેવાય પણ આમાં જિલ્લાનું બાન ન હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી રોમીંગ રૅશનિંગ કાર્ડની જ્યારે વાત થઈ છે ત્યારે મારું એક સૂચન એ છે કે જ્યારે આ રૅશનિંગ કાર્ડધારકો છે એ જે તે દુકાનદાર પાસે લેવા જાય ત્યારે એમ કહેવામાં આવે કે, તમારો જથ્થો આવ્યો નથી, હું તમને કેવી રીતે આપું? એમ કરીને એ રોમીંગ કાર્ડ ધારકોને દુકાનોવાળા હેરાન કરે છે, હેરાન શબ્દ નહીં વાપરું પણ એને ધક્કા ખવડાવે છે અને એને ત્યાંથી જથ્થો આપવામાં આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર માટે છેલ્લા ત્રણ વર્ષથી જાહેરાતો થાય છે, એનો પહેલાં પણ નિર્ણય થયેલો, એ નિર્ણયથી અરજીઓ લેવાઈ અને એ અરજીઓ આજે જિલ્લા કક્ષાએ પડી છે, જે જાહેરાતો થયા પછી ફરી હમણાં સૂચનાઓ આપવામાં આવી છે, ફરીથી અરજીઓ લેવાઈ છે પણ ચારેક વર્ષથી નવા ગ્રાહક ભંડારો આપવાની કાર્યવાહી જે સમયસર થવી જોઈએ એ થતી નથી. ગ્રાહક ફોરમ મારફતે એ ખાસ કરીને ભેળસેળ અને કાળાબજાર કરતા હોય એની સામે સખત પગલાં લેવાં જોઈએ પણ જે ગ્રાહક ફોરમ મારફતે જે જે કાર્યવાહી કરવાની છે, એની જે પ્રસિદ્ધિ અને જાહેર ખબરો અથવા પ્રચાર અને પ્રસાર થવો જોઈએ એ પ્રચાર અને પ્રસાર ન થવાને કારણે એની પૂરતી વિગતો મળતી નથી અને ગ્રાહકો એના માટે તૈયાર થતા નથી.

છેલ્લી એક વાત કરું કે, વનસ્પતિ ઘીમાં બીજું ચરબીવાળું ઘી અને ડૂપ્લીકેટ ઘી ભેળવીને મોટા પ્રમાણમાં રાજકોટ શહેરમાં હમણાં વેચાતું હતું, મેં અહીંયાં વિભાગમાં લખ્યું, પુરવઠા વિભાગને લખ્યું, અમારા રાજકોટ જિલ્લાના અધિકારીઓને લખ્યું પણ કોઈ તપાસ ન થઈ, મેં ખૂબ પત્રો લખ્યા અને પછી જ્યારે પેપરમાં પ્રસિદ્ધિ આપી ત્યારે એની તપાસ થઈ અને મોટા પ્રમાણમાં આ જે આરોગ્યને હાનિકારક એવું ચરબીવાળું ઘી અને એની સાથે બીજા રસાયણો ભેળવેલ ડૂપ્લીકેટ ઘી કે જે રાજકોટના બજારમાંથી પકડાયું, આજે જુનાગઢ જિલ્લામાંથી પણ અને રાજકોટ જિલ્લામાં મોટા પ્રમાણમાં આવું ડુપ્લીકેટ ઘી ઠલવાય છે એ ટેસથી મળે છે પણ જે અધિકારીઓ હોય છે એમણે એની સાથે પૈસાની સમજૂતી કરી લીધી, આજે એને કોઈ અસર નથી, માનનીય અધ્યક્ષશ્રી, જે આરોગ્યની સાથે ચેડાં કરતા હોય એ લોકોને તો સખતમાં સખત સજા થવી જોઈએ, એને સખત સજા થવી જોઈએ એના બદલે પૈસાનું સેટલમેન્ટ કરીને, એની સાથે સમજૂતી કરીને આજે ખુલ્લા બજારમાં ફરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે નર્મદા અંગે એક સૂચન કરીશ. જે વિસ્તારોમાં નર્મદાના કેનાલ મારફત પાણી જવાના નથી એવા વિસ્તારોમાં એને આયોજનમાં લઈને કે કોઈ પણ રીતે બજેટમાં એનો સમાવેશ કરીને નાની સિંચાઈ, મધ્યમ સિંચાઈ કે મોટી સિંચાઈ યોજના થઈ શકે એવું હોય તો એની શકયતા તપાસીને જયાં નર્મદાના પાણી ભવિષ્યમાં જવાના નથી ત્યાં એ યોજનામાં સમાવેશ કરીને સિંચાઈની સુવિધા થાય એવી વિનંતી કરું છું.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિકાસ યોજના માટેની માગણીઓ લઈને આવ્યા છે એના અનુમોદનમાં અને સાથે સાથે મારા વિસ્તાર અને જિલ્લા સાથે સંબંધિત કેટલાંક સૂચનો કરવા માટે ઉભો થયો છું.

નર્મદા બંધની ઉંચાઈ ૧૧૦.૬૪ મિટર થઈ છે ત્યારે છેલ્લા થોડા વર્ષોમાં સમગ્ર અડચણો વચ્ચે પણ આ યોજનાને ઝડપથી આગળ લઈ જવા માટે આ રાજય સરકારે અને ખાસકરીને માનનીય મુખ્યમંત્રીએ જે પ્રયત્નો કર્યા છે એના માટે હું અભિનંદન આપવા માગું છું. ઓગસ્ટ ૨૦૦૪થી કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા વીજળીનું ઉત્પાદન ચાલુ થયું છે. ૩૫૭ કિલોમિટર જેટલી મુખ્ય નહેરના નિર્માણનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. અનેક નદીઓ અને તળાવોમાં નર્મદાના પાણી પહોચાડીને એ તળાવો અને નદીઓને સજીવન કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. આગામી દિવસોમાં ૧૨૧.૯૨ મિટરની ઉંચાઈ આ ચાલુ વર્ષમાં લઈ જવા માટેની મંજૂરીની શકયતા ઉભી થઈ છે, ત્યારે સંલગ્ન ચારેય રાજયો સાથે આ સંબંધીત યોજના મહત્વની છે ત્યારે ગુજરાત સરકારે આ યોજનાને અતિ મહત્વ આપ્યું છે, ત્યારે આ યોજનામાં પુનઃવસનનું કામ છે એ કામ પણ આગામી દિવસોમાં દસ મિટર ઉંચાઈ વધારે મળે એ માટે અત્યારથી જ આ સરકારે ત્યાં સુધીનું કામ પૂર્ણ કર્યું છે. એજ રીતે જે ટ્રાન્સમિશન લાઈનનું કામ છે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની બોર્ડર સુધી લઈ જવાનું એ કામ પણ પૂર્ણ કરવામાં આવેલ છે.

સિંચાઈના પાણીની વહેંચણી કરવા માટે પિયત મંડળીઓ બનાવવાનું કામ આ સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. સમગ્ર યોજના જયારે ગુજરાતના વિકાસ માટે ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે ત્યારે અને આ વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ અને તમામ રાજકીય પક્ષો જયારે આ યોજના સાથે પોતાનો સૂર પૂરાવીને સાથે ચાલી રહ્યા છે ત્યારે રાજકીય અવલોકનો નહીં, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગયા વર્ષે પહેલી મેના રોજ વડોદરામાં ઉત્સવ યોજ્યો હતો ત્યારે ૧૯૪૭ ના દિવસે આપણે આઝાદ થયા ત્યારથી આ રાજયના વિકાસ માટે જે જે મુખ્યમંત્રીશ્રીઓએ કામગીરી કરી છે એ બધા લોકોના ચિત્રો સાથે રાજયના વિકાસમાં એમનું યોગદાન યાદ કરવા માટે બધાની તસ્વીરો સાથે આ ઉત્સવ ઉજવવાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂઆત કરી છે. એટલા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી આ રાજયના વિકાસ માટે કોઈ પણ પ્રકારના પક્ષાપક્ષીથી દૂર રહીને માત્રને માત્ર ગુજરાતને આબાદ કરવાનું સ્વપ્ન લઈને ચાલી રહ્યા છે ત્યારે આ યોજનાને આગળ ધપાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી

નરેન્દ્રભાઈ મોદી અને આ રાજય સરકાર, નર્મદા વિભાગના તમામ અધિકારીઓ/કર્મચારીઓ માનનીય મંત્રીશ્રી અભિનંદનને પાત્ર છે. આ યોજના સાથે સંબંધિત વિશેષ કરીને જે નર્મદા નદીની ઓળખ છે એ ભરુચ જિલ્લો છે. આજે નર્મદા જિલ્લો અલગ થયો છે પરંતુ થોડા વર્ષો પહેલાં ભરુચ જિલ્લો એક હતો અને જયાં નર્મદા ડેમ આવેલ છે ત્યાં ભરુચ જિલ્લાની હદ છે, કોર્નર છે. આ બંધની ઉંચાઈ વધતાં ગુજરાતના ખેડૂતો અને ખાસકરીને સૌરાષ્ટ્ર અને કચ્છ તથા ઉત્તર ગુજરાતના લોકોને પીવાનું પાણી, સિંચાઈનું પાણી પૂરું પાડવાનું એક ભગીરથ કાર્ય થયું છે અને ખાસકરીને આ નર્મદા નદી ભરુચ જિલ્લામાંથી પસાર થઈ રહી છે ત્યારે આપણે ભરુચમાં નર્મદા નદીને કિનારે ઉભા રહીએ તો એકતરફ ડાબી બાજુએ ૮૦ કિલોમિટર દૂર આ નર્મદા બંધ છે અને બીજી તરફ જમણી બાજુએ ૫૦ કિલોમિટર દૂર દહેજ આવેલું છે.

નર્મદા બંધ અને દહેજથી શરૂ થતા દરિયા વચ્ચેનું ૧૩૦ કિલોમીટરનું જે અંતર છે એમાં લગભગ ભરૂચથી જમણી બાજુ ૩૫ કિલોમીટર દૂર ભારમુઠ ગામથી દરિયો શરૂ થાય છે. કુદરતી રીતે રોજેરોજ ભરતી અને ઓટના ક્રમથી આ દરિયાનું જે ખારું પાણી છે એ ભરૂચ તરફ વધી જાય છે અને ભરૂચ તરફ આગળ આવતું જાય છે અને જે નર્મદાનું મીઠું પાણી છે એની આવક ઓછી થતાં કુદરતી રીતે આ મીઠા પાણી દ્વારા ખારા પાણીને હડસેલવાની જે શક્તિ હતી એ ધીમેધીમે ઓછી થતી જાય છે, એના કારણે ભરૂચ શહેર, ભરૂચ તાલુકાના લગભગ વીસ જેટલા ગામો, અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના લગભગ ચાલીસ ગામો, વાગરા તાલુકાના લગભગ વીસ જેટલા ગામોમાં પીવાના પાણીની ભયંકર પરિસ્થિતિ ઉભી થઈ છે. એટલા માટે અને વિશેષ કરીને ભરૂચને કેન્દ્રમાં રાખીએ તો એન.ટી.પી.સી. જી.એન.એફ.સી., વિડિયોકોન, ટોરેન્ટ અને એશિયાની સૌથી મોટી જી.આઈ.ડી.સી. જ્યારે અંકલેશ્વરમાં આવી હોય ત્યારે અને દહેજને પણ એસ.ઈ.ઝેડની માન્યતા આપ્યા પછી હજારો કરોડો રૂપિયાનું રોકાણ થયું હોય ત્યારે આ ઉદ્યોગોને પણ એમના પોતાના ઉદ્યોગ ચલાવવા માટે મીઠા પાણીની સતત જરૂરિયાત હોય છે. આ ખારાં પાણીના કારણે કેટલાક ઉદ્યોગોમાં શટડાઉનની પરિસ્થિતિ પણ ઉભી થઈ છે અને મુખ્યત્વે આ નર્મદા નદીમાં જે માછીમારીનો ધંધો કરતા પરંપરાગત જે માછીમારો છે એમના ઉદ્યોગ માટે પણ જ્યારે આ ગંભીર પ્રશ્ન ઉભો થયેલ છે ત્યારે આ નર્મદા યોજના અને નર્મદા બંધની ઉંચાઈની કારણે આ પ્રશ્ન ભરૂચમાં ઉભો થયો છે આખા ગુજરાતને ભલે એનો લાભ થતો હોય પણ એની અસરને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ હોય ત્યારે મારી સરકારને અને માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે આ સમગ્ર વિસ્તારને અસરગ્રસ્ત ગણીને એ વિસ્તાર માટે કોઈ ખાસ પેકેજનો નિર્ણય લેવામાં આવે, અર્થાત ભરૂચ શહેર માટે જે પીવાના પાણીની યોજનાની રાજ્ય સરકારે તત્પરતા બતાવી છે એ યોજના ઝડપથી શરૂ કરવામાં આવે, ભરૂચ તાલુકો અને ભરૂચ જિલ્લામાં જે સમગ્ર ખારાશવાળો વિસ્તાર છે એના કારણે જે ખેતી નિર્જિવ થતી જાય છે, લગભગ નદીના કિનારાથી પાંચ કિલોમીટરની અંદરના ગામો સુધી એને સજીવન કરવા માટે ચોક્કસ પેકેજની યોજના જાહેર કરવામાં આવે અને માછીમારીનો ઉદ્યોગ જે બંધ થવાના આરે છે એને પણ પુનઃસ્થાપના કરવા માટે રાજય સરકારને વિનંતી કરું છું કે આ દિશામાં પ્રયત્નો કરવામાં આવે.

છેલ્લા દશ પંદર વર્ષથી ભરૂચ જિલ્લામાંથી ચૂંટાઈને આવતા ધારાસભ્યશ્રીઓએ આ હાઉસના પ્રત્યેક સત્રમાં દરિયાનું પાણી ભારમૂઠથી નર્મદા નદીને મળે છે ત્યાં વિયર કમ કોઝવે માટેની માગણી આ જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓએ છેલ્લા દશ પંદર વર્ષથી કરી છે. મને વિશ્વાસ છે કે સરકાર આ દિશામાં ચોક્કસ છેલ્લા બે ત્રણ વર્ષથી આગળ વધી રહી છે, પરંતુ આ ગંભીર પ્રશ્નને ધ્યાનમાં રાખીને આ સરકાર આ વિયર કમ કોઝવેને ઝડપથી આગળ વધારી અને પૂર્ણ કરવા માટે હું વિનંતી કરું છું. કરોડો રૂપિયા આ પેકેજ દ્વારા આ ભરૂચ જિલ્લાના ઉદ્યોગોને માછીમારોને અને વિયર-કમ-કોઝવે બનાવવાની જરૂર હોય ત્યારે સરકાર એવો કોઈ નિર્ણય કરી શકે કે જેના કારણે જે પ્રકારે વિસ્થાપિતોને આ બંધની ઉંચાઈ વધવાના કારણે ડૂબાણમાં જતા ગામો માટે વ્યવસ્થા કરવાનું પ્રસ્થાપિત કર્યુ છે, સરકારે તો આ ઉદ્યોગો, માછીમારો અને ભરૂચ શહેર, તાલુકા અને ભરૂચ જિલ્લાના લોકો જે ખારાશને કારણે પ્રભાવિત થયા છે એના ખર્ચને પણ નર્મદા યોજનામાં સામેલ કરવામાં આવે એ માટેની માગણી કરીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના એક એવો વિષય રહ્યો છે કે બધા શિખામણો આપે કે આનો રાજકીય ઉપયોગ ન કરવો, રાજકીય અવલોકનો ન કરવા અને છતાંયે બધાએ રાજકીય અવલોકન કરી અને શિખામણો આપી. હું જ્યારે ચેરમેન હતો ત્યારથી આજદિન સુધી શક્ય બને ત્યાંસુધી હું દૂર રહ્યો છું અને એના પરિણામો પણ આવ્યા છે પણ મારા મિત્રો એ લાગણી રોકી શક્યા નથી અને શિખામણો આપવાનું ચાલુ રાખ્યું છે પણ પોતે રાજકીય અવલોકનો કર્યા છે. હું માત્ર હકીકતો જ ધ્યાન પર મૂકું છું. રાજકીય અવલોકન તરીકે નહિ. હકીકતના સ્વરૂપમાં. એમણે રાજકીય અવલોકનો કર્યા છે એટલા માટે. પાંચમી એપ્રિલ, ૧૯૬૧ ના રોજ એનું ખાતમૂર્હુત થયું, ૧૯૮૭માં કામગીરી શરૂ થઈ આ ૨૭ વર્ષનો ગાળો ગુજરાતનો બગડ્યો, મારે આ સભાગૃહના ધ્યાન પર મૂકવું છે હવે આમાં ચર્ચામાં નહિ પડીએ સરકાર એકજ પક્ષની હતી અહીંયા અને ઉપર. (અંતરાય) સ્વ. ચીમનભાઈ પટેલના સમયથી આનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તો હંમેશા નર્મદા કાર્યક્રમની શરૂઆત જ કરે છે કે શરૂથી અત્યાર સુધીના તમામ મંત્રી, ચેરમેન, મુખ્યમંત્રી જેમણે જેમણે પણ પોતાના સમય દરમિયાન યથા યોગ્ય ફાળો આપ્યો છે

તેની કદર કરુ છું. એ તો ત્યાં સુધી કહે છે કે તેમાં કામ કરનારા કારીગરો, ઈજનેરો તમામ લોકોનો ફાળો છે અને આ યોજના તે પાંચ કરોડ લોકોની યોજના છે એવું કહીને શરૂઆત કરે છે.

સભાગૃહના ધ્યાન ઉપર મારે બે અગત્યની વાત મૂકવી છે.૨૦૦૦ની સાલમાં સુપ્રીમ કોર્ટનો ચૂકાદો આવ્યો ત્યારે ૨૦૦૯-૨૦૧૦માં આ કામગીરી પૂર્ણ કરવાનું ટાઇમ ટેબલ બનાવવામાં આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વાતને ધ્યાનમાં રાખીને, ગુજરાતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેનું આયોજન કરીને આગોતરું આયોજન કરીને, તેની વ્યવસ્થા કરીને આજે મને કહેતાં આનંદ છે કે હવે પછીનું આ આયોજન ૨૦૦૯-૧૦ના બદલે આ યોજના ૨૦૦૭-૦૮માં પૂર્ણ કરવાનું કરવામાં આવેલ છે.બીજી વાત બધાના ધ્યાનમાં રહેવી જોઈએ કે પ્રોજૅકટમાં મારા મિત્રોએ બનાવેલા પ્રોજૅકટમાં ૧૧૦ મીટર હાઈટ થાય પછી જ કેનાલમાં પાણી આવે. ગુજરાતમાં ક્યારે પાણી આવ્યું? ૨૦૦૧ની સાલમાં શિવરાત્રીના દિવસે ગુજરાતની ધરતી ઉપર પહેલી વખત પાણી આવ્યું. જે પાણી ૧૧૦ મીટરની હાઈટ થઈ એટલે ૨૦૦૪માં તે વખતે બહાર આવવાનું આયોજનની ટેકનીકલી રીતે, આયોજનની રીતે તે પાણી આવવાનું હતુ. હું આજે કેશુભાઈને પણ યાદ કરું છું અને તેમની કોઠાસૂઝને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે ઝડપથી આગળ વધારી છે તેમને પણ હું અભિનંદન આપું છું. ૨૦૦૧માં પાણી બહાર આવ્યું અને પીવાનું પાણી આપવામાં આવ્યું ત્યાર પછી ૨૦૦૨-૨૦૦૩માં ૨૦૦૪માં ૧૧૦ મીટર થાય અને પાણી આવે તે પહેલાં આપણે સૌ જાણીએ છીએ કે ૩ લાખ હેકટર જમીનને ૧ લાખ હેકટર વધારાનું અને ૨ લાખ હેકટર અલગ અલગ યોજનામાં પણ નર્મદાનું પાણી આપીને કરોડો રુપિયાનું, અબજો રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું તે ગુજરાતને સીધો લાભ છે. આ સરકાર ચોક્કસ તેનો જશ લઈ શકે અને આ સરકાર લે જ. કારણકે ૧૧૦ મીટર પછી જે આવવાની વાત હતી તેને બદલે તે પાણી ૨૦૦૧માં ૯૮ મીટરની હાઈટે પાણી બહાર આવ્યું છે. હું હકીકત કહું છું અર્જુનભાઈ, અને શરૂઆતના સમયમાં અનુકૂળ સમય હતો ૮૦ મીટર થયું ત્યાં સુધી અનુકૂળ સમય હતો. કોઈ અવરોધ નહીં અને ૮૦ મીટર પછી જ્યારથી ભાજપને સત્તા મળી અને આ જવાબદારી મળી ત્યારથી કોર્ટમાં તો કોઈ પણના સમયમાં જઈ શકે, કોઈ પણના શાસનમાં જઈ શકે, કોર્ટમાં કોઈ જાય તેને માટે કોંગ્રેસ કે ભાજપ જવાબદાર નથી. એવા કપરા સમયમાં સૌને સાથે રાખીને બધા રાજયોની અલગ અલગ વિચારસરણી હતી છતાં બધાને સાથે રાખીને તબક્કાવાર ૧૯૯૮માં સત્તા મળી અને ૧૯૯૯માં ૮૫ મીટરની પહેલી મંજૂરી મળી, ૯૦ મીટરની બીજી, ૫ મીટરની ૨૦૦૦માં મળી, બીજી ૫ મીટરની ૨૦૦૨માં મળી. ત્રીજી મંજૂરી ૨૦૦૩માં મળી અને એક સાથે ૧૦ મીટરની ૧૬મી માર્ચ,૨૦૦૨માં મળી અને આ જ્યારે જ્યારે મંજૂરીઓ મળી ત્યારે ત્યાં એન.સી.એ.માં મંજૂરી મળે અને અહીંયાં બે કલાકમાં કામ ચાલુ થાય તે પ્રકારે આ નિગમે, સરકારે, ઈજનેરોએ જે રીતે કામ કર્યું છે તેના આયોજન બદલ હું મુખ્યમંત્રીશ્રીઓને, ઈજનેરોને, કોન્ટ્રાકટરોને અને સૌ કારીગરોને આ તકે અભિનંદન આપું છું.

ગયા વર્ષે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન ૧૧૦ મીટરનું ઊંચાઈનું કામ જે લક્ષ્ય હતું તે સરકાર સાથે ગુજરાતની પાંચ કરોડની જનતાનું લક્ષ્ય હતું અને તે વખતે ૧૧૦ મીટરની હાઈટ તે ગુજરાતનું સ્વપ્ન ગામડાંમાં જઈએ છીએ તો લોકો કહે છે કે અમે જીવીએ છીએ ત્યાં સુધીમાં આ નર્મદાનું પાણી આવશે ખરું? એવી કોઈને શ્રધ્ધા નહોતી અને અવિશ્વાસનો વિશ્વાસ હતો કે પાણી આવવાનું જ નથી એવો વિશ્વાસ હતો અને એવા સમયમાં આ પાણી આવ્યું અને ૧૧૦ મિટરની હાઈટ આજે આપણને મળી છે. જે ઉત્સવ ઉજવવામાં આવ્યો એ કાંઈ ભાજપનો કે સરકારનો ઉત્સવ નહોતો એ જેને આનંદ થયો એણે એ ઉત્સવ ઉજવ્યો અને તમને પણ એનાથી આનંદ થયો હોય અને એ ઉત્સવ ઉજવીને એમાં સામેલ થઈ શકયા હોત, તમારે પણ એની ઉજવણી કરવાની જરૂર હતી અને તમે તો રાજકીય અવલોકન કર્યુ અને એવું કહેશો કે રાજકીય અવલોકન કરીને લાભ લેવો છે. આ ૧૧૦ મિટરની ઉંચાઈ એ કોઈ એક વ્યકિતનું કે સરકારનું સ્વપ્ન નહોતું, પણ ગુજરાતની ૫ કરોડની જનતાનું એ સ્વપ્ન હતું અને એટલા માટે રાજય સરકારે એની ઉજવણી કરી હતી.

હવે પછીનો આપણો લક્ષ્યાંક એ ૧૨૧ મિટરની ઉંચાઈએ વહેલી તકે કેવી રીતે પહોંચવું એના માટેનો છે. મને જણાવતાં આનંદ થાય છે કે પર્યાવરણ પેટા સમિતિની મંજૂરી ૧૨૧ મિટરની તા. ૬-૧-૨૦૦૫ ના રોજ મળી ગયેલ છે અને બાકીના બન્ને રાજયોનો સહકાર પણ સારી રીતે મળી રહયો છે. આવતા નજીકના ભવિષ્યમાં જ આ ૧૨૧ મિટરની મંજૂરી મળી જાય એવા સંકેતો આપણને સાંપડી રહયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી એના માટે બન્ને રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રમાં અને જરૂરી લાગતા વળગતા એ તમામ લોકો સાથે સંપર્કમાં રહીને હું તો એમ કહું કે રોજ સવારમાં ઉઠીને એના માટેના ફોલો અપનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી કરી રહયા છે અને એના આધારે આપણને આ સંકેતો મળે છે એ રીતે આવતા થોડા દિવસોમાં જ ૧૨૧ મિટરની મંજૂરી મળશે અને મને નિગમના સૂત્રો દ્વારા જાણવા મળે છે કે આ ચોમાસા પહેલાં વહેલી તકે આ મંજૂરી મળી જશે અને ચોમાસા પહેલાં આ કામગીરી પણ પૂરી કરીશું.

આ કામગીરીની સાથે સાથે નર્મદાનું ઓવર ફલો થતું પાણી વહી જાય છે અને આ વખતે ચોમાસામાં એ ખૂબ મોટા પ્રમાણમાં પાણી વહી ગયું છે. આપણે આ પાણી તો રોકયું, કેનાલ બનાવી, આઈડીપીટી બનાવી, બનાસકાંઠાના પાદર સુધી પાણી પહોંચાડયું અને હજુપણ એમ થાય છે કે ઓવર ફલોનું પાણી બહાર વહી જાય છે એને કેવી રીતે રોકી શકાય? તો આવતા સમયમાં ચાલુ નાણાકીય વર્ષમાં ૨૦૦૫-૦૬ માં ગરૂડેશ્વર પાસે એક આડબંધ બનાવીને આ પાણી આપણે રોકી શકીએ એના માટેનું આયોજન કર્યુ છે અને અંદાજીત ૪૦૬ કરોડ રૂપિયાના ખર્ચે આ કામ બે વર્ષમાં પૂરું કરવાનું છે. ૪૫૮ કિલોમિટરની લંબાઈ ધરાવતી આ મુખ્ય નહેર તેમાંથી

૩૫૭ કિલોમિટરનું કામ પૂરું કર્યુ છે અને પ્રાયોગિક ધોરણે ટ્રાયલ રન તરીકે પાણી છોડયું અને કુલ ૨૧ નદીઓમાં ૨૦૦૩ સુધીમાં ઓરસંગ, અશ્વિન, હરન, દેવકર વિશ્વામિત્રિ વગેરે ૧૫ નદીઓ અને ત્યારપછી સાબરમતી, ખારી, સરસ્વતી, પુષ્પાવતી, બનાસ અને રૂપેણ એમ ૬ નદીઓ એમ અત્યારસુધીમાં ૨૧ નદીઓમાં આ પાણી છોડવા માટે સક્ષમ બન્યા છીએ. ચાલુ વર્ષ દરમ્યાન રાજસ્થાન કેનાલનું કામ ચાલુ થશે અને ૨૦૦૬ જૂન સુધીમાં રાજસ્થાનના પાદરમાં નર્મદાનું પાણી પહોંચાડવાનો લક્ષ્યાંક પણ રાજય સરકારે નકકી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૯ શાખા નહેરો છે એમાંથી ૨૧ શાખા નહેરોનું કામ પૂરું કરવામાં આવ્યું છે અને એમાંથી ૫ શાખા નહેરોનું કામ આગામી નાણાકીય વર્ષમાં પૂરું થશે, ૧૩ શાખા નહેરોનું કામ ૨૦૦૬-૨૦૦૭માં પૂરું કરવાનું આયોજન છે અને બાકી રહેતી કચ્છ અને અન્ય શાખા નહેરોનું કામ ૨૦૦૭ અને ૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ૬ શાખા નહેરોનું કામ શરૂ કરવાનું છે એ કચ્છ, ગોરૈયા, બોલેરા, રાજપુરા, અમરાપુર અને રાધનપુરની છે.

માનનીય અર્જુનભાઈ વાત કરતા હતા એ પંપિંગ સ્ટેશનનું કામ એકપણ કલાકનો કોઈ વર્ક સમય બગાડયા વિના આજે એનું કામ અવિરતપણે ચાલુ છે અને ચાલુ વર્ષના માર્ચ મહિના પહેલાં પંપિંગ સ્ટેશનનું કામ કાર્યાન્વિત થશે, આ ચાલુ થવાથી સૌરાષ્ટ્રમાં માળીયા અને વલ્લભીપુર આ બન્ને કેનાલોમાં પાણી પહોંચાડવા માટે આપણે સક્ષમ બન્યા છીએ. અત્યાર સુધી લિફટ કરીને પાણી વહેવડાવવામાં આવે છે, રેગ્યુલર કોર્સમાં પંપીંગ સ્ટેશનનું કામ ચાલુ કરવામાં આવ્યું છે અને બીજા બે પંપીંગ સ્ટેશનનું કામ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન શરૂ કરીને લીંબડી અને ધ્રાંગધ્રાને પાણી વહેવડાવવાની શરુઆત કરીશું. ૨૦૦૬-૦૭ સુધીમાં એટલે કે ૨૦૦૭ના અંત સુધીમાં કુલ પાંચેય પંપીંગ સ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. વિતરણ વ્યવસ્થાની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે અત્યાર સુધીમાં ભાખરાનાંગલ, હીરાકુંડ, દામોદરવેલી, ઉકાઈ, કાંકરાપાળ, ધરોઈ, દાંતીવાડા કે દમણગંગા હોય, બંધની સાથે સાથે નહેરના કામો જેટલા નર્મદામાં થયાં છે એટલા કામો ભૂતકાળમાં આ કોઈ યોજનામાં થયાં નથી. રાજય સરકારે, નિગમે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આનું ધ્યાન રાખ્યું છે. અર્જુનભાઈની વાત સાચી છે બંધ તો અમુક દિવસોમાં પૂરો કરી શકાય, પછી શું? પાણી ભરાય પણ તેની સાથે આ નહેરના કામોની પૂર્ણ જવાબદારી સાથેનું કામ તેના ભાગ રૂપે વર્ષ દરમિયાન ૨૫૭૬ કિલોમીટર લંબાઈમાં વિતરણ પદ્ધતિના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. ૨૦૦૫-૦૬માં વધુ ૩૩૬૦ કિલોમિટરના કામો હાથ ધરવાનું આયોજન છે. ૨૦૦૭-૦૮માં આ કામો પૂરાં કરવામાં આવશે. મેં અગાઉ જ કહ્યું છે કે આ આખી યોજનાનું કામ ૨૦૦૯-૧૦ના બદલે ૨૦૦૭-૦૮માં પૂરું કરવાનું આયોજન છે. કેવડિયાથી કડી સુધીના ૧૦૫૪૩૨ એકર વિસ્તારને માત્ર નર્મદાનું પાણી અને એમાં આઠ જિલ્લા, ૨૮ તાલુકા અને ૮૨૬ ગામોને લાભ મળશે. આ ઉપરાંત અન્ય યોજનામાં પણ નર્મદાનું પાણી આપ્યું છે એમાં મહી, મેશ્વો, ખારીકટ, ફતેવાડી, આ વિસ્તારોમાં આવેલ રાઈસ મિલો બંધ થઈ ગઈ હતી તે ચાલુ થઈ ગઈ છે, ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે, વાવેતરના વિસ્તારમાં અને પિયતના વિસ્તારમાં પણ વધારો થયો છે, કૃષિ ઉત્પાદન વધ્યું છે, આર્થિક ઉત્પાદન પણ વધ્યું છે. આ નર્મદાના પાણીથી ૩૨૮૮૮૧ એકરને સિંચાઈનો લાભ મળ્યો છે.

શિસ્તની વાત અર્જુનભાઈએ કરી છે, હું તેને આવકારું છું. જેના ભાગરૂપે આપણે પિયત સહકારી મંડળીઓ બનાવીને શરૂઆત કરી છે. હું સન્માનનીય ગૃહના બધા સભ્યશ્રીઓને મારી લાગણી સાથે વિનંતી કરું છું કે પાણી બહુ કિંમતી છે, ખેડૂત ઈચ્છે કે ફલો ઈરિગેશથી આપવું છે, પણ જમીનને પાણી નથી આપવું પાકને આપવું છે, ખેડૂતને જોઈએ એટલું નથી આપવું પણ પાકને જોઈએ છે એટલું આપવું છે. તેના ભાગ રૂપે અત્યારથી અમે તૈયારી શરૂ કરી છે સહભાગી સિંચાઈ યોજનામાં પી.આઈ.એમ. ની શરુઆત કરી છે. ૧૩૫૫ પિયત સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન કર્યુ છે, ૮૩૨૪૩ સભ્યોની નોંધણી કરી છે અને ૪૦૭૭ ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોની મિટિંગો પણ આ કામ અંગે કરી છે. સંપર્ણ યોજના માટે ૫૨૩૦ સહકારી મંડળીઓની જરૂર પડશે. આ ફલો અને ફલડ ઈરિગેશન માટે પણ માનનીય સભાગૃહના સૌ સભ્યોને મારે કહેવું છે કે અત્યારે આ યોજનામાં ૧૮ લાખ હેકટર પિયત વિસ્તાર નકકી થયો છે. આખા ગુજરાતમાં સમગ્ર ગુજરાતમાં એકવાર નકકી કરીએ તબકકાવાર, કે આપણે ફલો અને ફલડ ઈરિગેશનને બંધ કરવું છે. ડ્રિપ ઈરિગેશનનો આગ્રહ રાખવો છે. એમાં રાજકીય અવલકનો સિવાય આપણે સૌ સાથે મળીને નિર્ણય કરીએ, રાજય સરકારે તેની પહેલ કરી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તેની પહેલ કરી છે. ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ માત્ર અને માત્ર ડ્રિપ ઈરિગેશનના કામો માટે ફાળવવામાં આવી છે. તેની સિસ્ટમ અને યોજના ઘડાઈ રહી છે. વિચાર કરો કે ૧૮ લાખ હેકટરને પાણી હવે જો ફલડ અને ફલો થી આપવાનું છે તેને ડ્રિપ ઈરિગેશનથી આપવાનું સાકાર કરીએ તો મારા મત મુજબ ડબલ કે અઢી ગણો પિયત વિસ્તાર આપણે વધારી શકીએ. આજે જે મારા મિત્રો રજૂઆત કરે છે કે એમને પાણી નથી મળવાનું તો એમને પણ ભવિષ્યમાં આપણે પાણી આપી શકીએ. ૧૨૧ મીટરની હાઈટ થશે તે વખતે ૭.૪૦ લાખ એકર વિસ્તારમાં પાણી આપી શકાશે.

પીવાના પાણી માટેની વાત કરુ તો ૨૦૦૨-૨૦૦૩માં આપણે ૧૨૦૮ ગામોને અને ૩૮ શહેરોને પાણી આપી શક્યા છીએ. એ જ રીતે ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ૯૪૪ ગામોને અને ૩૩ શહેરોને પાણી આપવામાં આવ્યું છે. ૨૦૦૪-૨૦૦૫માં ૧૮૨૬ ગામો અને ૫૩ શહેરોને નર્મદા યોજના હેઠળ પાણી આપી શક્યા છીએ. આ યોજના પૂરી થતાં ૮૨૧૫ ગામોને અને ૧૩૫ જેટલા શહેરોને પાણી આપી શકીશું. હવે જો ડ્રિપ ઈરિગેશનનો ઉપયોગ કરીને પાણી વાપરીએ તો આમાં પણ વધારો કરી શકાય તેમ છે.

આની સાથે સાથે કેવડિયા ખાતે ડૅમ ઓવરફ્લો થાય એ વખતની સ્થિતિ અને આ દૃશ્ય આ વખતે મેં પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ૪.૫ લાખ લોકોએ આની વિઝિટ કરી હતી તો પ્રવાસન કેન્દ્ર તરીકે કેમ ન બની શકે? એ બનાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચન કરીને જ્યારે બરાબર આ પીક અપ ટાઇમ હતો એ વખતે પાંચ-છ મંત્રીઓને મોકલીને ત્યાંના પ્રવાસીઓને તકલીફ ન પડે એના માટે ચાર્જ લઈને ખાવા પીવાની વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા, રહેવાની વ્યવસ્થા ટેમ્પરરી કરવામાં આવી અને એને પરમેનન્ટ કેવી રીતે બનાવી શકાય અને લોકો કાયમ માટે આ સૌદર્યધામની મુલાકાતે કેવી રીતે આવી શકે એનું આકર્ષણ વધારવા માટે ૧૪ જોવા લાયક સ્થળો વિકસાવી રહ્યા છીએ. એના માટે સેપ્ટ દ્વારા માસ્ટર પ્લાન બનાવીને એમાં બોટેનીકલ ગાર્ડન, સરોવરનો વિકાસ, ટેકરીઓ પર ટ્રેકીંગ, યોગ પરિક્ષણ કેન્દ્ર, મુલાકાત સંમેલન પરિષદ માટેનું સ્થાન એના વિકાસ માટે ૧૫૦ થી ૨૦૦ કરોડ રૂપિયાનું આયોજન ખાનગી સાહસિકો પાસેથી કરાવાનું વિચાર્યુ છે. આ આખાય કામના સંકલન માટે, આયોજનબદ્ધ રીતે કરી શકાય એટલા માટે સરકારશ્રીએ ત્યાં વિકાસ સત્તા મંડળની સ્થાપના કરીને માત્ર કેવડિયા જ નહિ પરંતુ નહેરો ઉપર પણ પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર કેવી રીતે બનાવી શકાય. આપ સૌ જાણો છો કે અહીંથી કડી નજીક આવેલ છે. કડી પાસે કેનાલના બે ભાગ પડે છે. મુખ્ય કેનાલ રાજસ્થાન તરફ જાય છે અને બીજો ભાગ સૌરાષ્ટ્ર તરફ જાય છે. ત્યાં વાય આકાર બન્યો છે. જેને કડી વાય જંક્શન કહેવાય છે. આ કડી પાસે આવેલ વાય જંક્શન છે ત્યાં બાજુમાં ઊંચાઈ ઉપર છ હેકટર જેટલી જમીન છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જોઈ આવ્યા છે અને તરત એમણે એનું સર્વેક્ષણ તથા આયોજન કેવી રીતે થાય એના માટે અધિકારીઓને સૂચના આપી છે. આ જગ્યાએ પ્રવાસધામ કેવી રીતે થઈ શકે. ત્યાં બોટીંગ થઈ શકે. આ વાય જંક્શન છે ત્યાં પાણી ભરાઈ રહે છે. ઉપર હટ થાય, લોકો આવે, વેકેશનમાં અને શનિ રવિ દરમિયાન આવીને ઉજવણી કરી શકે. એ સિવાયના એકવાડેક, સાયફન કે જેઓ ૧૦૦-૧૦૦ કરોડના અમુક તો બનેલા છે. વિશ્વમાં આવડા મોટા સાયફન કયાંય નથી. તેથી એની આજુબાજુ વિકાસ થાય એના માટે રાજય સરકારે અને નિગમે આયોજન કર્યુ છે.

અત્યાર સુધીનો ખર્ચો થયો છે એમાં શરૂઆતમાં વજુભાઈએ એમના પ્રવચનમાં કહ્યું હતું કે આ યોજના સમયસર થઈ હોત તો મૂળ આયોજન ૧૧૭૪ કરોડનું હતું. ૧૯૮૧-૮૨માં ૪૨૮૩ કરોડનું થયું. ૧૯૯૧-૯૨ના અંદાજ પ્રમાણે ૧૩૧૮૦ કરોડ થયું. કુલ ખર્ચનો અંદાજ યોજના આપણે જે પૂરી થવાનો સમય નક્કી કર્યો છે એ મુજબ ૨૭ હજાર કરોડ થવા જાય છે. એની સામે સમગ્ર યોજના ઉપર અત્યાર સુધીમાં ૧૮૪૭૧ કરોડનો ખર્ચ થવા પામેલ છે. છેલ્લા ત્રણ વર્ષની અંદર સાથી રાજયો પાસેથી જે લેણી રકમ હતી એ લેણી રકમ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અંગત પ્રયાસોને અને સબંધોને કારણે જેટલી રકમ છેલ્લા બે વર્ષમાં એક વર્ષમાં આવી છે એટલી રકમ ભૂતકાળમાં કયારેય નહોતી આવી.આટલી રકમ ભૂતકાળમાં કયારેય આવી નહોતી. વિશેષ કરીને ૨૦૦૩-૨૦૦૪માં ૭૮૧.૯૩ કરોડ રૂપિયા સાથી રાજયો પાસેથી વિક્રમ સમાન આવક છે. ભૂતકાળમાં આવે તો ૨૫-૫૦ કરોડ રૂપિયા આવે, ન આવે. આ વ્યકિતગત પ્રયત્નોને કારણે થયું છે એ હું આજે સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ૨૦૦૫-૨૦૦૬ના આયોજન વિષે ટૂંકમાં કહેવું છે. મુખ્ય નહેરનું કામ ઝડપથી આગળ વધારવાનું આયોજન છે. ૨૦૦૬માં રાજસ્થાનની સરહદ સુધી પહોંચીશું. વર્ષ દરમ્યાન પાંચ નહેરો ધોળકા, વીરમગામ, ખારાઘોડા, જીંજુવાડા પૂર્ણ કરવાનું આયોજન છે. બીજી સાત શાખા મીઠી, ધારીવાડ, ડોડીવાડા, વેજલપુર, મડાકા, ઢીમા, માલસાણંદ, ગઢશીલા, કચ્છ આ બધી શાખાઓનું કામ પણ શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત મારા મિત્ર અને માનનીય વિરોધપક્ષના નેતાએ કહ્યું છે તેની સ્પષ્ટતા કરવા અને માહિતી આપવા માગું છું. સૌરાષ્ટ્રને એક લાખ મિલિયન એકર ફીટ પાણી આપવાની વાત છે. તેમાં અત્યારે સરવેક્ષણ અને આયોજન થઈ રહ્યું છે. સૌરાષ્ટ્રમાંથી નીકળતી શાખા નહેરમાંથી મચ્છુ-૨ ડૅમ તેમજ કાળુભાર ડૅમમાંથી નર્મદાનું ચોમાસાનું વધારાનું પાણી ઠાલવવા માટેનું આયોજન થયું છે. અંદાજ, પ્લાન-નકશા તૈયાર થયા છે. ત્રણેય વિસ્તારનો ઉલ્લેખ કર્યો. કચ્છને પણ આપવાનું આયોજન છે. ઉત્તર ગુજરાતને પણ એક લાખ મિલિયન એકર ફીટ આપવાનું આયોજન છે અને સૌરાષ્ટ્રને પણ એ આપવાનું આયોજન છે જ. તેના સરવેક્ષણ અને અંદાજ, પ્લાન-નકશા બની વગેરે રહ્યા છે. આ આખી યોજના સમયસર રીતે હવે કોઈ પણ જાતની શંકા રાખ્યા સિવાય પર્ણ થવાની છે. આજે સન્માનનીય સભાગૃહના મારા સૌ સાથીદારોને મારી વિનંતી છે કે પોતાની કાપદરખાસ્ત પાછી ખેંચીને સર્વાનુમતે મારી માગણીનો સ્વીકાર કરે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને તેને સંલગ્ન વિભાગની રૂ.૧૭૩ કરોડ ૮૧ લાખ ૮૦ હજારની માગણી લઈને આ સભાગૃહમાં ઉપસ્થિત થયો છું.

વિરોધપક્ષના નેતા સહિત લગભગ ૧૦ માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે. ૨૩ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ તેમની કાપદરખાસ્ત રજૂ કરી છે. કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ વિભાગની કામગીરીની કદર કરી છે. એવા ધારાસભ્યશ્રીઓનો હું આભાર માનું છું. કેટલાક ધારાસભ્યશ્રીઓએ વિભાગને વધારે સક્ષમ બનાવવાના જે ઉપયોગી સૂચનો કર્યા છે તેમનો પણ આભાર માનું છું. કેટલાક ધારાસભ્યશ્રીઓએ વાસ્તવિક પરિસ્થિતિની સહેજ ટીકાના રૂપમાં વાત કરી છે. અમે જે રીતે કામગીરી કરી રહ્યા છીએ. સૌની ટીકામાંથી પણ કંઈક શીખવાનું હોય છે, તેને ધ્યાને લઈને વિભાગને વધારે સક્ષમ કેમ બનાવવો,

એટલે તેમનો પણ હું આભાર માનું છું. લગભગ શાંત વાતાવરણમાં એક સંવેદનશીલ વિભાગ એક સામાન્ય, અત્યંત ગરીબ લોકોને રાજય સરકાર દ્વારા પૂરી પડાતી વ્યવસ્થા માટે નવા વર્ષની ૧૭૩ કરોડની માગણી લઈને આવ્યા છીએ, મોટા ભાગનો તેનો ખર્ચ અત્યંત ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે, ગરીબીની વાતો બહુ થઈ, પણ અમારો વિભાગ મોટામાં મોટી સવલત તેની સેવા જો પૂરી પાડતું હોય તો એક વિભાગ કે જે ટોટલ સેવામાંથી ૯૦-૯૫ ટકા પૈસા ફક્તને ફક્ત ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ઉપયોગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રાંતિકારી વિચારધારા, સફળ પુરુષાર્થ, સમગ્ર રાજયના વહીવટમાં રાજયના તમામ વિભાગોમાં સરળતા કેમ આવે, ઝડપ કેમ આવે, લોકાભિમુખ વહીવટ, સર્વાંગી વિકાસ કેમ થાય તેનો ખયાલ રાખવામાં આવે છે. ગુજરાતની સ્થાપના પછી પહેલી વખત વિકાસના કામોમાં ઝડપ, હરીફાઈ, વિભાગો વચ્ચે હરીફાઈ કે કયો વિભાગ સૌથી વધુ કામ વિકાસનું હાથમાં લે અને પૂરું કરે, વિકાસના પ્રત્યેક બિંદુની ચિંતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. સારા સ્વપ્ન તો ઘણા લોકોને આવે છે પણ સ્વપ્ન સાકાર કરવાવાળા માત્ર વિરલાઓ હોય છે. એમ રાજયના મુખ્યમંત્રીશ્રી આ ગુજરાતમાં સરકારનું શાસન કેવું હોય એ દેશમાં નહીં પણ વિદેશની અંદર પણ લોકોએ એની નોંધ લેવી પડે એવી કામગીરી આ રાજયની અંદર થઈ રહી છે.

મારા વિભાગનું મોટા ભાગનું કામ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર વર્ષોથી સસ્તા અનાજની દુકાન, રેશનીંગની દુકાન, વાજબી ભાવની દુકાન, આ ગરીબો માટે જે કંઈ કરીએ છીએ એ આપણે ઉપકાર નથી કરાતા. રાજયની ફરજ છે. એટલે એના ભાગરૂપે આપણે કરીએ છીએ. એમને કોઈ સન્માન નથી. વાજબી ભાવની દુકાન, રેશનીંગની દુકાન આ વિચાર અમારી પાર્ટીને આવ્યો, પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર આ મહાપુરૂષનો એમનો જીવનમંત્ર હતો કે અંત્યોદયના વિકાસ વિના આ દેશનો વિકાસ અસંભવ છે. એમનો આ જીવનમંત્ર હતો. એમના જીવન મંત્ર સાથે જોડાયેલું આ ગરીબો માટેનું કામ, રેશનીંગની દુકાન નામ કાઢી નાખ્યું, વાજબી ભાવની દુકાન નામ કાઢી નાખ્યું પણ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર આજે ગુજરાતની અંદર ૧૩૯૯૮ આવા ગ્રાહક ભંડારો કાર્યરત છે. પ્રવચનમાં ધારાસભ્યોમાંથી વાત આવી, ઘણી વખત અરજીઓ આપી છે પણ હજી પણ દુકાનો નવી ફાળવાઈ નથી. આપના દ્વારા આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ૩૦-૪-૦૫ સુધીમાં સમગ્ર ગુજરાતમાં વધારાના ૨૮૭૮ નવા ગ્રાહક ભંડારો ખોલી દેવામાં આવશે, તો જે કંઈ મુશ્કેલીઓ પડી છે એનો અંત આવશે. આ નવી દુકાનોની અંદર પણ શિક્ષિત બેરોજગારોને પ્રાધાન્ય આપ્યું છે. અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ, મહિલાઓને પ્રાયોરીટી આપવાની વાત કરી છે. અપંગ લોકોને માટે પણ એમાં પ્રોવિઝન રાખ્યું છે. સમાજના તમામ આવા વર્ગોને સાંકળી લઈને ભૂતકાળમાં દુકાનો કેમ અપાતી હતી એ વર્ણનમાં નથી ઉતરવું પણ સમાજના દરેક સમૂહને જેને જરૂરિયાત છે અને જેમને આ કામ કરવાની નિષ્ઠા છે એને રોજગારી મળે એ હેતુથી આ કામગીરી રાજય સરકારે હાથમાં લીધી છે.

રોમીંગ. રૅશનિંગ કાર્ડની વાત માનનીય ધારાસભ્યશ્રીઓએ કરી છે. એમાં ડીટેલથી નહીં કહું પણ આ એક ખૂબ જ મહત્ત્વનો નિર્ણય છે કે દેશમાં પહેલું ગુજરાત રાજય છે. ગુજરાતની અંદર કેટલાક ભૌગોલિક વિસ્તાર એવા છે અને એ વિસ્તારમાંથી કેટલાક એકસપર્ટાઈઝ કામ કરવાવાળી વ્યકિતો અને સ્થળાંતર કરવું પડે છે. દા.ત. આર. એન્ડ બી. નું કામ કરવું હોય તો ગોધરા પંચમહાલમાંથી ત્યાંના લોકોને જે અનુભવ હોય છે, જે હથોટી હોય છે, સરકાર ત્યાં આગળ ગમે તેટલી વ્યવસ્થા કરે તો પણ બીજી જગ્યાએ આ પ્રકારના કામો થતાં હોય તો સ્થળાંતર થતું હોય છે. એ સ્થળાંતર વખતે એમને મળતા અનાજથી વંચિત ન રહી જાય એટલા માટે જે સ્થળાંતર કરીને કામ કરવા જાય ત્યાં એમના રેશનીંગ કાર્ડનો ઉપયોગ થાય અને એ ગ્રાહક ભંડારમાંથી એમને એ જગ્યાએ અનાજ મળે એટલે પંચમહાલ અને દાહોદમાં પાયલોટ પ્રોજેકટ તરીકે આ કામગીરી ચાલુ કરી છે. ૪ લાખ રૂપિયાનું આયોજન એમાં કરવામાં આવ્યું છે.

સુનામીની વાત કરી, બહુ ડીટેઈલમાં નહીં કહું પણ ૨ દિવસના ટૂંકા ગાળામાં. એક રેલવે રેક ગુજરાતમાંથી જાય અહીં ૧કરોડ અને ૩૮લાખ, ૧લાખ કીટ ૧૦ કિલોનું એક એવા અને સંપૂર્ણ તૈયારી કરી એવા સમયે, જરૂરિયાતના સમયે ગુજરાતમાંથી આપણે મોકલી આપી. મારા વિભાગે પણ આટલી ઝડપથી અધિકારીઓ અને જેણે જેણે પણ આવું કામ કર્યું છે અને વ્યવસ્થા પૂરી પાડી છે એ એમનો સહયોગ છે. બે દિવસના ટૂંકા ગાળામાં જે કામ થયું છે, એવા સમયે કે જ્યારે અનાજની જરૂરિયાત હતી એવા સમયે આપણે પહોંચાડ્યું છે.

૨૦૦૪-૦૫ની માનનીય વજુભાઈ પૂરક માગણીની વાત કરતા હતા ત્યારે કેટલાક માનનીય સભ્યશ્રીઓ કહેતા હતા કે આમાં ગરીબો દેખાતા નથી. મારા વિભાગમાં ૧.૫૭ કરોડ રૂપિયા ફક્ત અને ફક્ત ગરીબો માટેની વધારાની વ્યવસ્થા અમે કરી છે. વર્ષ ૨૦૦૫-૦૬માં વધારાના ૭૦ લાખ નવી બાબતોને ધ્યાને લઈને અમે પ્રોવિજન કર્યું છે. બી.પી.એલ., અંત્યોદય યોજના, અન્નપૂર્ણા યોજના, આયોડાઈઝ મીઠું, આદિજાતિ વિસ્તારમાં મોબાઈલ વાહન દ્વારા અનાજ પૂરું પાડવું, આ અમારા વિભાગના મુખ્ય કાર્યક્રમો છે. ૧૯૨.૨૬ કરોડ રૂપિયા ૨૦૦૪-૦૫માં સબસિડી રૂપે રાજય સરકારે ખર્ચ્યા છે. આ માત્ર અને માત્ર ગુજરાતના અત્યંત ગરીબ લોકો માટે આટલી મોટી રકમ અમારા વિભાગ દ્વારા ખર્ચવામાં આવી છે. વર્ષ ૨૦૦૫-૦૬માં પૂરતા પ્રમાણમાં જોગવાઈ અમે કરી છે. અંત્યોદય યોજના માટે ખાસ ૯ કરોડની જોગવાઈ કરી છે. બી.પી.એલ., એ.પી.એલ. કાર્ડ, કાર્ડ મળતા નથી, ઘણી અરજીઓ પેન્ડીંગ છે એવી રજૂઆતો થાય છે. આપના દ્વારા ગૃહના સમગ્ર માનનીય ધારાસભ્યશ્રીઓને એક બાબતની જાણકારી આપવા માગું છું કે ગુજરાતની અંદર કુલ ૧,૧૩,૭૩,૦૦૦ કાર્ડ છે. એમાં બી.પી.એલ. કાર્ડ ૩૧,૬૧,૦૦૦ અને અંત્યોદય કાર્ડ ૪,૪૧,૦૦૦ છે. એટલે બી.પી.એલ. કાર્ડ લગભગ ૩૬.૧૦ લાખ જેટલા થાય છે. કેન્દ્ર સરકાર

તરફથી આપણને જે કાંઈ અનાજ મળે છે એ ફક્ત ૨૧ લાખ લોકો પૂરતું મળે છે. આપણી પાસે ૩૬ લાખ બી.પી.એલ. કાર્ડ છે. આપણો ક્રાઈટ-એરિયા ૧૧૦૦૦ રૂપિયા વાર્ષિક આવક મર્યાદા છે. હવે કેન્દ્ર સરકારે એના નવા ધોરણો જાહેર કર્યા છે. આ નવા ધોરણો પ્રમાણે સમગ્ર રાજયમાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા એનો સરવે થઈ રહ્યો છે. જ્યાં સુધી આ સરવે ન થાય ત્યાં સુધી રાજયમાં આ ૩૬.૧૦ લાખ જે બી.પી.એલ. કાર્ડધારકો છે, એમાં આપણે વધારો કરી શકતા નથી. કારણ કે કેન્દ્ર સરકારે આપણા માન્ય રાખ્યા છે એ ફક્ત ૨૧.૨૦ લાખ છે. હવે કેન્દ્રના ધોરણો નક્કી કરીને યાદી ગ્રામ વિકાસ એજન્સી આપશે એ યાદી પ્રમાણે અમારે ફક્ત અનાજ વિતરણ કરવાનું છે. બી.પી.એલ. કોણ છે, એ.પી.એલ. કોણ છે એ અમારો વિભાગ નક્કી કરતો નથી પણ ગ્રામ વિકાસ એજન્સી વિભાગ કરે છે. એ આપણને અનાજ પૂરું પાડે છે અને આપણે વિતરણ કરીએ છીએ એ આ સભાગૃહના ધ્યાને મૂકું છું. બી.પી.એલ., અંત્યોદય બી.પી.એલ.ને તા. ૫-૧૦-૦૪ પહેલા ૧૨.૫ કિલો ઘઉં અને ચોખા બન્ને મળીને આપતા હતા. એ પછી ૨૦ કિલો અનાજ આપવાની વાત કરી છે. એ જ રીતે અંત્યોદય કુટુંબોના કાર્ડ હતા એમને તા. ૫-૧૦-૦૪ પહેલા ૨૫ કિલો અનાજ અપાતું હતું જ્યારે અમારી સરકારે ૩૫ કિલો અનાજ આપવાનો નિર્ણય કર્યો છે. બી.પી.એલ. અંત્યોદય, એ.પી.એલ., અન્નપૂર્ણા યોજના નીચે અમારા વિભાગ દ્વારા ઘઉં અને ચોખાનું વિતરણ થાય છે. એક વર્ષમાં કુલ જથ્થાનું જે વિતરણ થયું છે એ ૫,૨૮,૬૭૯ મૅટ્રિક ટન છે. આટલા મોટા પ્રમાણમાં ઘઉં અને ચોખાનું સમગ્ર વર્ષ દરમિયાન વિતરણ કરવામાં આવ્યું છે. એ જ રીતે ગુજરાત નાગરિક પુરવઠા વિભાગ બી.પી.એલ. અંત્યોદય, અન્નપૂર્ણા એ સિવાય પણ બીજા વિભાગોની કામગીરી સંભાળે છે. દા.ત. મધ્યાહ્ન ભોજન યોજના, એમાં કદાચ એની ગ્રાન્ટ અને ખર્ચ બીજા વિભાગમાં પડતો હોય પણ એને અનાજ અમારા વિભાગ દ્વારા પૂરું પાડવામાં આવે છે. કેન્દ્ર પુરસ્કૃત મધ્યાહ્ન ભોજન યોજના, રાજ્ય પુરસ્કૃત મધ્યાહ્ન ભોજન યોજના, આઈ.સી.ડી.એસ. યોજના, વિશ્વ અન્ન કાર્યક્રમ, એસ.જી.આર.વાય., રાષ્ટ્રીય ફૂડ ફોર વર્ક, જળસિંચાઈ યોજના હેઠળ ખેત તલાવડીમાં અનાજ વિતરણ, આદિજાતિની કન્યાના વાલીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ આવી ૧૨ યોજના લગભગ ૭ બીજા વિભાગોની કામગીરી પણ આ ગરીબ લોકોને અનાજની વિતરણ વ્યવસ્થા પણ અમારો વિભાગ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક આંકડાકીય માહિતી આપના દ્વારા સમગ્ર ધારાસભ્યોનું ધ્યાન દોરવાનું કે ઘઉં, ચોખા, મધ્યાહન ભોજન યોજનામાં તુવેરદાળ, મગદાળ, ખાદ્યતેલ આ સમગ્ર થઈને છેલ્લા એક વર્ષમાં ૮,૪૪,૦૬૮ મેટ્રીકટન જથ્થો વિતરણ કરવામાં આવ્યો છે. આ જથ્થો વિતરણ કરવો હોય તો ૮૫૦૦ ટ્રક, વાહનોનો ઉપયોગ કરવો પડે, આટલા મોટા પ્રમાણમાં અમારા વિભાગ દ્વારા આ અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

કેરોસીનની બાબત, કેરોસીન માટે લાઈનો, અપૂરતું કેરોસીન કેટલીક વાસ્તવિક બાબત છે પણ આ સભાગૃહના સૌ ધારાસભ્યોની એ ભાવના છે કે આ ફરિયાદોનો અંત આવવો જોઈએ. અહીંયા હું જે કાંઈ આંકડા આપું છું એ ફરિયાદોનો અંત લાવવા માટે વિભાગ દ્વારા કડક ચેકિંગ થવું જોઈએ. ભેળસેળિયા, કાળબજારિયા અને સંઘરાખોરો, નફાખોરીવાળાને પકડવા જોઈએ. આપના દ્વારા હું આંકડાકીય માહિતી આપવાનો છું. એક વર્ષમાં કેટલું કામ કરી શકાય? એ આંકડાકીય માહિતી આપવાનો છું. તેમ છતાં પણ પ્રત્યેક ધારાસભ્યોની જે કોઈ લાગણી છે, એ લાગણીને પહોંચીવળવા માટે આ વિભાગને સુદૃઢ બનાવવા માટેના પ્રયત્નો રહ્યા છીએ. કેરોસીનની બાબતમાં પ્રશ્નોત્તરીની અંદર પણ આ વાતમાં જવાબની અંદર પણ આપવામાં આવી હતી. રાજ્યની અંદર દર માસે અંદાજિત ૮૯૦૮૨ કિલોલિટર જથ્થાની સામે કેન્દ્ર સરકાર ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૭૯૬૪૪ કિલોલિટર આપ્યું છે. આ જે કોઈ કેરોસીન આપ્યું છે એમાં ૧૨૦૦ કિલોલિટર મત્સ્યોદ્યોગ માટે આપણે જુદું પાડીને દરેક જિલ્લાને સમાન ફાળવણી ના ભાગરૂપે ૮૬.૧૩ ટકા આપીએ છે. આ બધી જે ગરબડ છે એ અહીંથી નીચે પહોંચવામાં નથી પણ ક્યાંક જે દુકાનદારો છે એ દુકાનદારો ક્યાંક કેરોસીન વેચી મારતા હોય, ક્યાંક જે ત્યાંથી ટ્રક ભરીને કે લોરી ભરીને લઈ જવાવાળા લોકો છે ત્યાં એ લેવલે કંઈ ગરબડ થતી હોય છે. આ બાબતે અનિયમિતતા, ડામવા માટે પણ કડક પગલાં અને ચેકિંગ કરીએ છે. છેલ્લા ૧૨ માસમાં સમગ્ર રાજ્યની અંદર ૯,૫૫,૮૬૦ કિલોલિટર કેરોસીનનું વિતરણ કરવામાં આવ્યું છે. આ વિતરણ કરવા માટે ૯૬૦૦૦ ટ્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એટલા મોટા પ્રમાણમાં રાજ્યની અંદર પણ કેરોસીનનું વિતરણ કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીઓએ ફ્રિસેલ કેરોસીનની વાત, ક્યાંક ફ્રિસેલ કેરોસીન કેન્દ્ર સરકાર પહેલા ખાનગી આયાતકારોને ફ્રિસેલ કેરોસીન લાવતા હતા પણ ૨૦૦૩ માં કેન્દ્ર સરકારે આ સમગ્ર વ્યવસ્થા ખાનગી આયાતકારો પાસેથી લઈને કેન્દ્ર સરકારના જે જાહેર સાહસો છે એ જાહેર સાહસોને આ કામગીરી સોંપી છે. એટલે શરૂઆતના વખતની અંદર ફ્રિસેલ કેરોસીન આપતા સમગ્ર ગુજરાતમાં બંધ થયા હતા. હજુ એમનું ઈન્ફ્રાસ્ટ્રકચર ગોઠવાયું નથી. એ બંધ થવાના કારણે કેટલીક જગ્યાએ બ્લુ કેરોસીન અને ફ્રિસેલ કેરોસીનના ભાવ તફાવતના કારણે ક્યાંક લોકો લલચાઈને નફાખોરી કરવા માટે આવા કેટલાક બનાવો બન્યા હતા, એ બનાવો રોકવા માટે પણ અમે સઘન કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાંધણ ગેસના સિલિન્ડર માટે અહીંયા વાત કરવામાં આવી એક-બે મહિનાની અંદર આ ગેસના બાટલા મળવા માટેની જે તંગીની બાબત ઊઠી. ૨-૩ મહિનાના ટૂંકા ગાળામાં નવેમ્બર-૨૦૦૪ થી જાન્યુઆરી-૨૦૦૫ માં સમગ્ર રાજ્યમાં ૧૯૯ ગેસ એજન્સીઓની તપાસ કરી છે. આ તપાસમાંથી કબજે લીધેલ જથ્થાની કિંમત ૧૨,૫૫,૬૦૬..(અંતરાય) રાજ્યસાત કરેલી એક લાખ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બહુ ડિટેઈલ નહિ આપો તો ચાલશે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ ગેસના બાટલાની વાત કરી છે, એમાં કેટલું ચેકિંગ થયું? કોઈપણ વસ્તુની જો ફરિયાદ ડામવી હશે તો સઘન ચેકિંગ દ્વારા ગુનેગારોને સજા કરવી પડે, રાજ્ય સરકાર દ્વારા ૪૬૮ એકમો ૧૭,૧૬,૮૦૯ અને એની કિંમત જે રાજ્યસાત કરી છે ૧,૨૩,૦૭૭ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે બોગસ, ભૂતિયા રેશન કાર્ડની વાત કરી, ધારાસભ્યોએ કહ્યું છે એમાં હું ડિટેઈલમાં નહીં જાઉં પણ ત્રણ તબક્કામાં જે ભૂતિયા રેશન કાર્ડો શોધવાના હતા એમાં ૪,૫૧,૮૬૧, આશરે ૧૯-૨૦ લાખ વ્યકિતઓ અંદર હતી. આટલું અનાજ-કેરોસીન જતું બચાવ્યું વીસ લાખ લોકોનું આમાં બચાવ્યું પણ હવે ભૂતિયા રેશન કાર્ડ ના થાય એના માટેનું જે આયોજન કરવામાં આવ્યું છે, એની મારે વાત કરવાની છે, સમગ્ર રાજયમા રેશન કાર્ડ આપણે કમ્પ્યુટરાઈઝેશન કર્યા છે એટલે રેશન કાર્ડમાં નામ દાખલ કરાવવું હોય કે નામ કમી કરાવવું હોય કે છૂટું કરવું હોય તો બધી પ્રક્રિયા કમ્પ્યુટર મારફતે થશે એટલે નવા ભૂતિયા રેશન કાર્ડનો ઉદ્દભવ નહીં થાય અને બીજો નિર્ણય રાજય સરકારે લીધો છે કે, જે ભૂતિયા કાર્ડ, રેશન કાર્ડ ગ્રાહક ભંડારની દુકાનમાંથી પકડાશે એની ઉપર પણ પોલીસ કેસ કરવામાં આવે છે અને પંદર જેટલા પોલીસ કેસો તો અમે કરી નાંખ્યા છે. એજ રીતે અધિકારીઓની સામે વાત પગલાં લેવાની કરી, એક વર્ષમાં રાજય લેવલે ૧૮૨ અધિકારીઓ સામે તપાસ સોંપી છે, એમાં ૧૩૬માં કાર્યવાહી પૂરી કરી પગલાં લેવાની કામગીરી કરી છે અને નવ અધિકારીઓને ૯ અને ૧૦ હેઠળ તપાસ પણ સોંપી છે અને ચાર્જશીટ આપવાનું છે, ગેરરીતિ કરતા હોય તો એના માટે પણ રાજય સરકારે પૂરતાં પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય બાબત જે સમગ્ર રાજયમાં બધા જે ડિપાર્ટમૅન્ટ છે એમાં જે જે કાર્યવાહી કરી, જ્યાં દંડ કે જ્યાં તપાસણીઓ થઈ અને એને જેને સજા કરી એ સમગ્ર વિગતો આપના દ્વારા સમગ્ર વિધાનસભા સમક્ષ મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક ભંડારમાં ચૅકીંગ, પેટ્રોલ પંપો ઉપર ચૅકીંગ, કેરોસીનના જાહેર વિતરણમાં ચેકિંગ, સોલવન્ટમાં ચેકિંગ, ગેસ ચેકિંગ, ખાદ્યતેલમાં ચેકિંગ, ખાદ્ય તેલીબિયાંમાં ચેકિંગ, અનાજ-કઠોળમાં ચેકિંગ અને અન્ય સાધનોમાં ચેકિંગ, એક વર્ષમાં ૪૧,૪૩૩ ચેકિંગો કર્યા છે આખા રાજયમાં અને કબજે લીધેલો જથ્થો, કદાચ ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર આટલા બધા ચેકિંગો કરીને, ૫૦ કરોડ રૂપિયા, અર્જુનભાઈ આ આંકડો સાંભળવા જેવો છે, ગેરરીતિ કરવાવાળાના, જે જથ્થો કબજે લીધો એ ૫૦,૫૦,૩૩,૭૧૬ની રકમનો જથ્થો કબજે લીધો છે, ૧૬૦ લોકોના પરવાના રદ કર્યા છે, ૨૯૩ લોકોના પરવાના મોકૂફ કર્યા છે અને ૨૪-૨-૨૦૦૫ના છેલ્લા વર્ષમાં ૯૩ લોકોને પી.બી.એમ.ના કાયદા નીચે પકડવામાં આવ્યા છે. રાજય સરકારની તિજોરીની અંદર દંડ સ્વરૂપે જે આવક આવે એ ૧૦,૫૧,૬૫,૩૪૦/- રૂપિયા આ વર્ષ દરમિયાન લીધા છે. આ રકમ પણ ગુજરાત રાજયના ઈતિહાસમાં જે સૌથી વધારે સરકારી તિજોરીમાં રકમ આવી છે.

અમારા વિભાગ નીચે ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ એ ખૂબ જ અગત્યનો અને ખાસ વિશેષ આ સરકારે એની ચિંતા કરી છે. આપણે પ્રત્યેક વ્યકિત ક્યાંકને ક્યાંક ગ્રાહક છીએ. કવોલિટી, કવોન્ટીટી, પ્રાઈસ બાબતમાં કોઈપણ ચીજવસ્તુમાં આપણે કયારેય ન છેતરાઈ ગયા હોય તો અને છેતરાઈ ગયા હોય તો આપણે કિંમતનું વાજબી વળતર ના મળે તો રાજયમાં કન્ઝયુમર પ્રોટેકશન વિભાગ જે ચાલે છે એની પણ કેટલીક કામગીરીની આંકડાકીય માહિતી આપવા માગું છું. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કમિશન એટલે રાજય કમિશન લેવલે ૨૦,૨૨૦ કેસો હતા એમાંથી ૧૩,૨૭૩ ફરિયાદોનો નિકાલ કર્યો છે એટલે ૬૫ ટકા નિકાલની કામગીરી રાજય કમિશન લેવલે કરી છે, એ જ રીતે જિલ્લા લેવલે જે જિલ્લા ફોરમો છે, ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ૯૩,૦૮૫ ફરિયાદો પૈકી ૭૫,૭૧૯ ફરિયાદોનો નિકાલ કર્યો છે, ૮૧ ટકા ફરિયાદોનો નિકાલ કર્યો છે. આ ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ આખા દેશની અંદર આપણને એકટીવ સ્ટેટ, જર્મન સરકારે પ્રમાણપત્ર આપ્યું છે. જર્મન સરકારે માર્ચ'૦૫ થી ઇન્ડો-જર્મન પ્રોજેકટ નીચે દેશમાં બે રાજયો પસંદ કર્યા છે એમાં એક આંધ્રપ્રદેશ અને બીજું ગુજરાત, એટલે ત્યાંની સરકાર આ બંને રાજયોમાં આ ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વધારે વેગ મળે એમાં જે લોકો કામ કરી રહ્યા છે એમને વધારાની જાણકારી મળે, ઈલેકટ્રોનિકસ સિસ્ટમનો ઉપયોગ કરી વધારે આપણને મદદ કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે એ માટે કલ્યાણ નિધિનું આયોજન કર્યું છે. એમાં ૫૦ લાખની ફાળવણી પણ પહેલીવાર કરવામાં આવી છે. ગ્રાહક અને ખાસ કરીને વિદ્યાર્થીઓને વિદ્યાર્થી કાળમાંથી એમને ગ્રાહકની શું પ્રવૃત્તિ છે એ પ્રવૃત્તિમાં ધ્યાન આપે એટલે આજે આપની પરવાનગીથી સાહિત્ય તમામ ધારાસભ્યશ્રીઓને આપવામાં આવ્યું છે એટલે ડીટેઈલ વાત નહીં કરું. મારા વિભાગ નીચે કાનૂની માપ વિજ્ઞાન તંત્ર પણ કાર્યરત છે. એનું પણ મુખ્ય કાર્ય જયાં ભેળસેળ થતી હોય એને પકડવાનું છે. એની તપાસો ૧૮૩૦૮૧ તપાસો થઈ. ૬.૭૯કરોડ ચકાસણી અમે માંડવાળથી કરી.

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: એક જ લીટીમાં પૂરું કરું છું. આપના દ્વારા ગૃહના તમામ ધારાસભયશ્રીઓને વિનંતી કરું છું કે એમને વિશ્વાસ અપાવ્યો છે. મારી સરકાર કોઈપણ કાળાબજારીયા, નફાખોરીવાળા, ગેરરીતિવાળાને કયારેય ચલાવી નહીં લે એક લીટી "અહીંથી જવાય રણ તરફ, અહીંથી જવાય ક્ષણ તરફ, અહીંથી જવાય નદી તરફ, અહીંથી જવાય સદી તરફ" આપણે સૌ ૨૧ મી સદીમાં સાથે મળીને આ વિભાગને અને સમગ્ર સરકારના કામને નિખારીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાને રાજનીતિમાંથી બહાર કાઢવાની અમે કોશીષ કરી રહ્યા છીએ. મને શ્રદ્ધા છે કે થોડોક પડઘો આનો પડતો રહેશે એટલે એ ભાવના સંદર્ભે અમે આજે જે કાપ દરખાસ્તો રજૂ કરી છે એ તમામ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્તો ક્રમાક::૧, ૨, ૪ થી ૧૪, ૧૬ થી ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮ અને ૨૯, પાછી ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : આજે રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચવામાં આવે છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૪ થી ૧૪, ૧૬ થી ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮ અને ૨૯, પાછી ખેંચી લેવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૨૦, ૨૧, ૨૨ અને ૬૫ મત માટે મૂકવામાં આવી અને મજૂર કરવામાં આવી.**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌજન્ય બદલ સૌ મિત્રોનો અમે બંને આભાર માનીએ છીએ.

## બિન-સરકારી સંકલ્પો

### "પોટા" ના કાયદાને પુન:જીવિત કરવા અંગે

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે "આતંકવાદ માનવજીવન માટે ભયાનક સમસ્યા છે, માનવતાનો દુશ્મન છે. અમેરિકા સહિત બીજા અનેક રાષ્ટ્રોએ આતંકવાદને ડામવા માટે કડક કાયદાઓ કર્યા છે. ભારત સરકારે "પોટા" (પ્રિવેન્સન ઑફ ટેરરિસ્ટ એક્ટિવિટિઝ એક્ટ) ૨૦૦૨ કર્યો હતો. આ કાયદાને કારણે ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં દેશદ્રોહી પ્રવૃત્તિ આચરનારા અને અસલામતી ઊભી કરતા તત્ત્વો તથા આવાં તત્ત્વોને નાણાં અને શસ્ત્રો પૂરાં પાડતી રાષ્ટ્ર વિરોધી સંસ્થાઓ સામે રાજય સરકાર કડક કદમ ઉઠાવી શકતી હતી, પરંતુ ૨૦૦૪માં કેન્દ્ર સરકારે "પોટા" ના કાયદાને રદ કરતા ગુજરાત જેવા સરહદી રાજયમાં રાષ્ટ્ર વિરોધી અને મોટી ભાંગફોડ કરનારા દેશદ્રોહીઓ સામે પગલાં લઈ શકાતાં નથી. આ કાયદાના અભાવે રાજયમાં રાષ્ટ્ર વિરોધી કાવતરાખોરો સામે પ્રતિકારાત્મક પગલાં લેવાં માટે રાજય સરકાર નિ:સહાય બની છે અને આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વો નિર્ભયી બન્યાં છે. આથી દેશમાં આતંકવાદ ફેલાવનારા રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને અંકુશમાં રાખવા માટે "પોટા" ના કાયદાને પુનજીવિત કરવાની રાજયની લાગણી કેન્દ્ર સરકારને પહોંચાડવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે ".

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**સંકલ્પ ઉપર સુધારો**

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ))** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું. સંકલ્પની નવમી લીટીમાં "શકાતાં નથી" એ શબ્દો પછી નીચેની લીટીઓ મૂકવી.

"પોટાનો કાયદો રદ થવાથી દેશમાં આતંકવાદીઓ સલામત બન્યા છે, બીજી બાજુ સંગઠિત ગુન્હાખોરીની પ્રવૃત્તિ કરનારી માફિયા ગેંગોને અંકુશમાં લેવા ' ગુજકોક ' નો કાયદો પસાર કરીને કેન્દ્ર સરકારને આ સભાગૃહે મોકલ્યો છે, પરંતુ હજુ સુધી મંજૂરી મળેલ નથી, તેના કારણે પણ મુશ્કેલીમાં ઉમેરો થયો છે ".
સુધારો રજૂ કરવામાં આવ્યો

**અધ્યક્ષશ્રી** : હવે સંકલ્પ અને સુધારા બંને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પાકિસ્તાનની સરહદ ઉપર આવેલ રાજ્ય છે. ગુજરાત રાજયનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો છે. રણ અને હવાઈ માર્ગે પણ પાકિસ્તાન સાથે જોડાયેલ આપણું રાજય છે. આ રાજયના કાયદા માટે કેન્દ્રની જે એન.ડી.એ. સરકાર હતી, એ પોટાનો કાયદો લાવી એના કારણે ગુજરાત રાજયની અંદર આતંકવાદ પ્રવૃત્તિ કરતા લોકો અને આતંકવાદ પ્રવૃત્તિને પોષતા લોકો માટે કડક હાથે કામ લઈ શકાય એના માટે આ ગુજરાત રાજયે પોટાનો ઉપયોગ કર્યો. ત્યારપછી કેન્દ્રની અંદર યુ.પી.એ. કોંગ્રેસની સરકાર આવી એને એવી તો કઈ તકલીફ પડી કે પોટાનો કાયદો રદ કર્યો. એના ઉપર કઈ જાતનું દબાણ આવ્યું કે પોટાનો કાયદો રદ કર્યો. આ પોટાના કાયદાની અંદર અને આ કલમની અંદર જેટલા માણસો પકડાયા છે, તે આતંકવાદી અને દેશદ્રોહી માણસો છે. આવા દેશદ્રોહી માણસોને બચાવવા માટે આ કાયદાને રદ કરવા માટે કેન્દ્ર સરકારે જે પગલાં ભર્યાં, તે ગુજરાતના હિતમાં નથી. આગળ આપણે વાત કરી તો અગાઉના વખતમાં અગાઉના ધારાસભ્યો એના ઘરની અંદર બૉમ્બ ફૂટતો હોય, એનું બૉમ્બમાં મૃત્યુ થતું હોય, આવા લોકો હોય, આતંકવાદને પોષનારા લોકો હોય, આતંકવાદ દ્વારા અહીંયાં શસ્ત્રો, દારૂગોળો અને પૈસા પહોંચાડતા હોય આવા લોકોને મહાત કરવા માટે આ કાયદાનો અમલ કરવા માટે રાજય સરકારે કાર્યવાહી કરી હતી. આજે આ

ગૃહની અંદર સર્વાનુમતે આપણે ગૃહના તમામ સભ્યો કેન્દ્ર સરકારને વિનંતી કરે કે પોટાના કાયદાનો અમલ કરે અને અમારો ગુજકોક કાયદો પસાર કરવા માટે કેન્દ્ર સરકારમાં મંજૂરી માટે મોકલ્યો છે.

પોટાનો કાયદો એ રાજય સરકારે છઠ્ઠા મહિનાની અંદર એટલે કે ૬ જુલાઈ ૨૦૦૫માં કેન્દ્રના ગૃહ વિભાગને મંજૂરી અર્થે મોકલ્યો છે. આ કાયદાને તાત્કાલિક કેન્દ્ર સરકાર આને મંજૂરી આપે. ગુજરાતની અંદર આતંકવાદી પ્રવૃત્તિ કરતા લોકોને અટકાવવા માટેનું ગુજરાતને હથિયાર મળી જાય એના માટે આ ગૃહના તમામ સભ્યોને વિનંતી કરીશ કે આપણે ગૃહના માધ્યમથી કેન્દ્ર સરકારને એક સંદેશો પહોંચાડવામાં આવે કે અમારા જે બે કાયદા છે તેને મંજૂરી મળે અને ગુજરાતની અંદર શાંતિનું વાતાવરણ રહે એટલા માટે ગૃહને વિનંતી કરું છું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારિયા જે સંકલ્પ લઈને આવ્યા છે, તેમનો આ સંકલ્પ મોહનભાઈથી માંડીને આ દેશની સુપ્રીમ કોર્ટે ૧૯૯૪માં કરતારસિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબમાં જે ચૂકાદો આપ્યો હતો, તેના કારણો સાથે જોડાયેલો છે. ગુજરાતનો પ્રત્યેક નાગરિક અને તેથી વધીને કહું તો આ દેશનો પ્રત્યેક નાગરિક, પ્રત્યેક કુટુંબ પોતાની શાંતિ અને સલામથી ઝંખે છે, ત્યારે મોહનભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એમણે લોકોની જે સંવેદના અને વેદના રજૂ કરી છે તેના કારણે આવતા વર્ષોના ઈતિહાસમાં, આ વિધાનસભાના ઈતિહાસમાં ગુજરાતની અંદર આજનો દિવસ યાદ રાખવો પડે તેવો દિવસ બનશે આ સંકલ્પને કારણે. ૧૯૯૪માં સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપતી વખતે જે ચૂકાદો આપ્યો હતો તેમાં ટાડાની સામે આ ચૂકાદો આપતી વખતે સુપ્રીમ કોર્ટે કહયું છે કે આ આતંકવાદી પ્રવૃત્તિ છે. બ્લડબાથ અને લુટીંગ છે તેની અંદર માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે લોકોને મારી નાંખવામાં આવે કે જેમાં બાળકો કે સ્ત્રીઓની શરમ ભરતા નથી, તેના ઉપર દયા કરતા નથી અને તે વિસ્તાર કબ્રસ્તાન અને સ્મશાનભૂમિમાં ફેરવી દે છે. ટાડાનો કદાચ દૂરુપયોગ થયો હોય તો પણ દૂરુપયોગ દૂર કરીને ટાડા કાયદો ચાલુ રાખવો જરૂરી છે તેવો તે વખતે પોટા કરતાં મહત્વનો અને વધુ ભારે કાયદો હતો. તેની ઉપર ચૂકાદો આપતી વખતે કહયું હતું.

આપણે બધાએ સમાચાર વાંચ્યા ગોધરા પછીના રમખાણોમાં જે શસ્ત્રો આપનારા મુબારક હુસેનને ગઈકાલે પકડયો છે. ગુજરાતમાંથી નહીં પણ યુ.પી. પોલીસે પડકયો છે. ફતેપુરના ખારખેડનો મુબારક હુસેન અને તેની પાસેથી રોકેટ લોન્ચર પકડાયા છે. બીજો બાપુનગર સુંદરમનગરનો મહમદ હુસેન અન્સારી તેના રોકેટ લોન્ચર અને ક્રુડ બોમ્બ પકડાયા છે. એ પણ ગુજરાતના બાપુનગરના સુંદરમનગરમાંથી. આ રાજયમાં એક વર્ષમાં જે શસ્ત્રો પકડાયા તેનો આંકડો છે ૧૦૩૬. આ શસ્ત્રો ફકત અમદાવાદ નહી પણ રાજકોટ, સુરત અને વડોદરામાંથી પકડાયાં છે તે શસ્ત્રો ફ્રાંસ, ઈટાલી, જાપાન, યુ.એસ અને પાકિસ્તાનની બનાવટનાં હતાં. આ રાજયમાં આ વર્ષમાં ૩૦ જેટલા આતંકવાદીઓ પકડાયા છે એટલે માનનીય મોહનભાઈએ મૂકેલા સંકલ્પની અંદર મેં સુધારો મૂકવાનો પ્રયત્ન કર્યો છે અને એટલા માટે કે પોટા જયારે પણ આવ્યો ત્યારે આ દેશમાં નહીં બધાએ દેશમાં પોટા એટલે કે ૧૧-૯-૨૦૦૧ના રોજ યુ.એસ.માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપરના હુમલા પછી ઓકટોબર-૨૦૦૧ની અંદર યુ.એસ.એ.એ તેના પાસેનો ટેરિરિઝમ એકટ હોવા છતાં વધારાનો કાયદો પસાર કરીને કડક કર્યો, યુ.કે.એ તેની પાસેનો કાયદો હોવા છતાં નવો કાયદો પસાર કરીને કડક કર્યો આવી રીતે હિન્દુસ્તાનની અંદર જે દિવસે એન.ડી.એ. સરકાર હતી અને કાયદો લાવી શકાય એટલો સમય નહીં હોવાના કારણે Prevention of Terrorism Ordinance તે દિવસે લાવ્યા, એ પછી ગુજરાતમાં પણ એક ગુજકોક, જે મહારાષ્ટ્રમાં છે, મધ્યપ્રદેશમાં છે એને સાસા કહે છે, આંધ્રપ્રદેશમાં છે, દિલ્હીમાં છે, તામિલનાડુ રાજયમાં આ જ પ્રકારના કાયદા, મહારાષ્ટ્રમાં મોકો કહે છે આ આવી પ્રકારનું આ ગુજકોકનું બિલ આપણે અહીંયાં પસાર કર્યુ, ગયા સત્રમાં, આપણને બધાને યાદ છે એવી રીતે એ વિધેયકમાં સુધારા સૂચવ્યા હતા માનનીય રાષ્ટ્રપતિએ અને એ સુધારા સાથે ફરીથી મોકલવામાં આવ્યું છે એમાં સંગઠિત ગુનાખોરી સામે પગલાં લેવાનું, સિન્ડિકેટ જે આર્થિક લાભ માટે બને, ખંડણી- સોપારી લે એની સામે પગલાં લેવા અને આટલી આકરી સજા કે જેમાં હત્યા થઈ હોય તો દશ વર્ષની સજા અને ઓછામાં ઓછા દશ લાખ રૂપિયાનો દંડ, બીજી કોઈ ઈજા થાય તો પાંચ વર્ષની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ, એ પણ ચીફ જસ્ટીસની સાથે પરામર્શ કરીને અને ખાસ કોર્ટનું પ્રોવિઝન ત્યારે રાખ્યું હતું પણ આ ગુજકોક આવ્યા પછી કેટલાક લોકોને આ ગુજરાતમાં વિધાનસભાએ પસાર કર્યા પછી આ દેશમાં જ્યાં જ્યાં જરૂર હતી ત્યાં થયા પછી કેટલાક લોકોને નહીં ગમ્યું એમણે અહીંયાં ગાંધીનગરમાં રાજભવનની બહાર જઈને સૂત્રોચ્ચાર કર્યા, એમણે ત્યાં દિલ્હી સુધી કેન્દ્રના ગૃહમંત્રી પાસે, આપણી થોડીક કમનસીબી આ વિષયમાં એવી રહી કે ૧૩-૫ના દિવસે પરિણામ આવ્યાં સંસદના, એના પછી અઠવાડિયા દશ દિવસ જે ગડમથલ ઉપર ચાલી સરકાર બનાવવાની અને સરકાર બન્યા પછી તરત કેન્દ્રમાં સરકાર નવી બની, યુ.પી.એ.ની સરકાર પછી તરત ત્યાં શિવરાજ પાટીલ ત્યાં ગૃહમંત્રી અને કાયદા મંત્રી એચ. આર. ભારદ્વાજ એ બન્ને ત્યાં જાહેર કર્યુ કે અમે પોટા નાબૂદ કરીશું, એ પછી અહીંના એવા તત્ત્વોને બળ મળ્યું અને બળ જે મળ્યું એમાં અહીંના વિપક્ષના નેતા, અહીંયાં બેઠા છે, આ કાયદો પસાર કરીને આપણે ગુજકોક પસાર કરીને મોકલ્યો રાષ્ટ્રપતિને પછી, એમના જે શબ્દો છે એમના જે ઉચ્ચારો છે એ હું આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. એમણે કહ્યું એ દિવસે કે આ કાયદો ખતરનાક છે અને એના કારણે લઘુમતીને સહન કરવું પડશે. એમણે એવું કહ્યું અને હું એના માટે એમને ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમના આવા શબ્દો નોંધાયેલા છે એ મહારાષ્ટ્રમાં ભલે રહ્યો મોકો પણ ગુજરાતમાં ક્રાઈમરેઈટ મહારાષ્ટ્ર કરતાં ઓછા છે એટલે જરૂર

નથી, માનનીય અમિતભાઈને એના અભિનંદન છે, આ શબ્દો છે. U.A.P.A. (Unlawful Activities Prevention Act) આવી રહ્યો છે. હજી એ આવ્યો નથી એ આવી રહ્યો છે અને સુધારા આવી રહ્યા છે કેન્દ્ર સરકાર લાવી રહી છે એટલે આની જરૂર નથી એવું કહ્યું છે તે દિવસે અને દૂરુપયોગ થશે આનો, એટલે આની જરૂર નથી એવું તે દિવસે કહ્યું હતું આ ગુજકોક માટે. માનનીય અધ્યક્ષશ્રી, એક બીજા એડ્‌વોકેટ આજે પણ નાણાવટી- શાહ પંચ સમક્ષ હાજર થઈ રહ્યા છે. મુકુલ સિન્હા, એમણે તે દિવસે આ શબ્દો કહ્યા હતા ,એક તેના તરફ મારે આજે કહેવું જોઈએ, એમને આ કાયદો પસાર કરી અને તે મંજૂર થાય એની ઉતાવળ, આ ઉતાવળ આ સરકારને એટલા માટે છે કે ઉતાવળ કરે છે એનો અર્થ જ એ છે કે આમને દૂરુપયોગ કરવો છે, આવું તે દિવસે એમનું એક નિષ્ણાત એડ્‌વોકેટનું મંતવ્ય હતું એટલા બધા રિઝર્વ છે પહેલેથી, માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે, પોટા આવ્યો ત્યારથી એમને તકલીફ હતી અને એટલે જોઈન્ટ સેશન બોલાવવું પડ્યું હતું, સંસદમાં પણ આ ઈતિહાસમાં ભારતના સ્વતંત્રતાના ઈતિહાસમાં ત્રણ વખત જોઈન્ટ સેશન મળ્યું છે. એટલે તા. ૨૬-૩-૨૦૦૨, પોટા માટે, જૈસે એ મોહમદ, લશ્કર એ તોઈબા, અલકાયદા આવી સંસ્થાઓને બનાવતા બંધ થાય એના માટે તે દિવસે જે શબ્દો ઉચ્ચાર્યા છે એ હું ખાલી આપના ધ્યાન ઉપર મૂકું છું, માનનીય મોહનભાઈ આ સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે ગૃહના ધ્યાન ઉપર બે વાત ખાલી મૂકવા માગું છું એ દિવસે ત્યાં સંસદમાં પોટાનો કાયદો મંજૂર કરતી વખતે રસીદ અલ્વી કરીને સંસદ સભ્ય બોલ્યા છે કે, તમે એની અંદર તોગડિયાને નથી પકડી શકતા. એમણે એમ કહ્યું છે કે પકડવા જોઈએ. કારણે કે એમણે એમ કહ્યું છે કે ફલાણા ફલાણાને મત ન આપતા. માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે એમણે કેન્દ્ર સરકારના પ્રતિનિધિએ અમેરિકામાં ૧૧-૯ના બનાવ પછી કહ્યું છે કે, અમેરિકા, ઈઝરાયલ અને ભારતે આ વિશ્વની અંદરથી ત્રાસવાદને નાબૂદ કરવા માટે બધાએ એક થઈને લડવું પડશે અને ત્યારે રસીદ અલ્વીએ કહ્યું છે કે તમે કહો છો કે ઈઝરાયલનો સાથ લો છો પોટામાં એનો અર્થ જ એ છે કે, એમણે તો આ યાસર અરાફતને પૂરી દીધા છે. ઈઝરાયલ તો આખું રાષ્ટ્ર જ આતંકવાદી રાષ્ટ્ર છે એટલે તમારો પહેલેથી ઈરાદો જ એવો છે, અને આવું તે દિવસે એક વાસુદેવ આચાર્યએ કહ્યું હતું કે, પોટામાં સૈયદ ગીલાનીને ફાસીની સજા થતી હતી, death sentence થઈ ગયું હતું અને સૈયદ ગીલાનીને હાઈકોર્ટે છોડી દીધો છે અને એટલે કોંગ્રેસના સંસદસભ્યએ એવું કહ્યું છે કે હાઈકોર્ટે છોડી દીધા છે, એટલે આ કાયદો ન કરાય. હાઈકોર્ટ છોડી દે છે. તો તો પછી I.P.C., Cr.p.c. બધામાં ફેરફાર કરવા પડશે. પણ હાઈકોર્ટને તો અધિકારો છે છોડવાના. માનનીય અધ્યક્ષશ્રી, અને તે વખતે મહારાષ્ટ્રમાં અલ કાયદાવાળા અફરોજને બચાવવાની વાત થઈ છે. પોટાનો કાયદો જે દિવસે ત્યાં મંજૂર થયો અને મેં કહ્યું હતું કે, ૧૩મી, મેએ સંસદની ચૂંટણીનું પરિણામ આવ્યા પછી ૨૨મી, મેએ જે જાહેરમાં નિવેદન કર્યું હતું કેન્દ્ર સરકારના પ્રતિનિધિએ અને એ કારણે કે વાયકોના M.D.M.K. નો ટેકો લેવો હતો અને ટેકો લેવા માટે કહ્યું હતું તેઓએ કે, જેઓ આ દેશના L.T.T.E. ના આતંકવાદનો ભોગ બનેલા લોકો છે એમણે જ વાયકોનો ટેકો લેવા માટે થઈને પોટાનો કાયદો નાબૂદ કરવાનું પહેલું વચન આપ્યું હતું Common Minimum Programme માં અને એટલા માટે પોટાને repeal કરવાની વાત કરી.

હું આ તકે ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ની એક ઘટના ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. તે દિવસે સરદાર વલ્લભભાઈ પટેલ, જેના નામની દૂહાઈ દેતા આપણે થાકતા નથી એ સરદાર વલ્લભભાઈ પટેલે સામ્યવાદીઓ એકસાથે તૂટી જાય એવી સ્થિતિ હતી અને તે દિવસે પી.ડી.એ.દાખલ કર્યો અને ત્રણે જગ્યાએ એક જ દિવસે ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ત્રણે જગ્યાએ પસાર કરાવી લોકસભા, રાજયસભા અને રાષ્ટ્રપતિની મંજૂરી એક જ દિવસે લીધી હતી અને સામ્યવાદીઓને જેલમાં રાખ્યા હતા. એનો ઉપયોગ એમણે ૧૯૬૯ સુધી કર્યો હતો અને જે દિવસે કોમ્યુનિસ્ટોની જરૂર પડી ત્યાં સુધી એનો ઉપયોગ કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, પોટા repeal વખતે ત્યાં ગૃહમાં માનનીય મુરલીમનોહર જોષી, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી જે અહીંથી રાજયસભામાં ગયા છે એમણે કહ્યું કે, આ આતંકવાદીઓની ધમકી છે, માઓવાદીઓની હિંસા નેપાળ પછી અહીંયા ઝળુંબી રહી છે અને ત્યારે તમે repeal કરવું હોય તો પણ આ ઈસ્યુ માટે કમસેકમ એક કમિટિ અભ્યાસ કરીને અહીંયા મૂકે એ તો કરો. આવું તે દિવસે એમણે સૂચન કર્યું હતું. માનનીય અડવાણીજીએ પણ કહ્યું હતું આતંકવાદ સામેનું આવડું મોટું હથિયાર છોડી ન દેવાય, દૂરુપયોગ થતો હોય તો એમાં સુધારા કરાય. આજે પણ મિલિટરી અને આ દેશનું લશ્કર કહે છે કે, પાકિસ્તાનની ઘૂસણખોરી ચાલુ જ છે આ દેશમાં, ત્યારે કોંગી અને સી.પી.એમ. એ પોટાના misuse ના દૃષ્ટાંતો આપીને કોઈનું નહીં માન્યું અને રદ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્વની વાત ઉપર આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ સંકલ્પમાં U.A.P.A. - Unlawful Activities Prevention Act, જે આવી રહ્યો છે એનું હાલનું પ્રોવિઝન એ banning unlawful organisation છે. ફકત ગેરકાયદેસરની સંસ્થાઓને, સંગઠનોને ban કરી શકે અને સીટીંગ હાઈકોર્ટ જજની કમિટિ બેસીને એના રિવ્યુ કરે એ unlawful organisation ને બાન કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, હવે એમાં ઉમેરો થવાનો છે જેની વાત કરે છે એ banning of terrorist organisation એમાં ambiguity થાય છે. એમાં anomaly થાય છે, એમાં વિસંગતતા થાય છે. એ એવું ખાસ પ્રોવિઝન અને એટલે હવે સામાન્ય unlawful activities વાળાને પણ એ unlawful activities નીચે પકડવા કરતા એમની banning of terrorism organisation અંદર પકડવાનું એમને સરળ રહેશે. એટલે કેટલી દૂર્દશા થશે, આ દેશની અને આ દેશના નાગરિકોની સલામતિની અને એટલે પહેલા એવું હતું કે ટેરરિઝમ કોઈ આઈડિયોલોજીને સપોર્ટ કરતું હતું અને આ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એ પૈસા માટે થતો હતો પણ દાઉદ ઈબ્રાહિમે જે

દિવસથી ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશનને ટેકો કર્યો ત્યારથી આ બન્ને પ્રવૃત્તિઓ એક થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટના એક પ્રવક્તા શ્રી એલ. કે. ઠાકૂરે પણ કહ્યું છે ત્યારે જ્યારે આ રદ કરવા જઈ રહ્યા હતા ત્યારે એમના શબ્દો છે કે *જમ્મુ કાશ્મીરમાં અને ઈશાન સરહદના રાજ્યોમાં ત્રાસવાદને કાબૂમાં લેવો જરૂરી છે અને એ દેશ અને દેશવાસીઓ માટે આ ઘાતક બનશે, જરૂર નથી, આનો દુરૂપયોગ અટકાવો પણ એને દૂર કરવાની જરૂર નથી અને* એ એટલા માટે કે પોટા હતો જ એટલા માટે બાકીના કાયદા નીચે કોઈને ગુનેગાર સાબિત કરવો હોય તો સાક્ષી પુરાવાની જરૂર પડે અને આવા ત્રાસવાદીઓની ધાકધમકીઓને કારણે કોઈ સાક્ષી આપે નહિ કોઈ પુરાવા આપે નહિ ત્યારે એની સામે પગલાં લેવા જરૂરી હતા અને એને કારણે તે દિવસે એ પ્રોવિઝન મૂકવામાં આવ્યું હતું અને એટલે ટાડા જે હતો એના કરતાં હળવો, ટાડાના પ્રોવિઝન કરતા ટાડાના પ્રોવિઝનમાં પોલીસ કસ્ટડી ૬૦ દિવસની હતી, પોટામાં ૩૦ દિવસની, ટાડાની અંદર જ્યુડિશિયલ કસ્ટડી એક વર્ષની હતી, પોટાની અંદર ૧૮૦ દિવસની હતી, ત્યાં સજા ટાડામાં પાંચ વર્ષની હતી, અહીંયા ત્રણ વર્ષની હતી પણ છતાં એન. ડી. એ. ની સરકારે ચિંતા કરી છે લોકોની અને એટલે આ કોઈ સંજોગોમાં ના રાખી શકાય અને આ એકજ ભાવના અને એમને જેમને જેમને બચાવવા છે જેમણે એમને મદદ કરી છે એમની સાથે એમણે રહેવા માટે આ કર્યુ છે

છેલ્લે ઈંગ્લેન્ડના લોર્ડ બેલીંગનું એક વાક્ય છે, The freedom of individual must take second place to the security of the state રાષ્ટ્રની સલામતિ કરતાં વધારે કંઈ હોઈ શકે નહિ અને એના માટે જે સંકલ્પ લઈને આવ્યા છે એમને આખો દેશ ચલાવવા માટે બીજે જે કરવું હોય ગુજરાત વિકાસશીલ રાજ્ય છે, ગુજરાત સમૃદ્ધ છે, સમૃદ્ધિ તરફ ગતિ કરી રહ્યું છે અહીંયા ઉદ્યોગો હજી વધારે આવી રહ્યા છે, અહીંયા લોકો શાંત અને સલામત છે., બીજા રાજ્યોના પ્રમાણમાં અને ત્યારે આ ગુજકોક એ પોટા તો મંજૂર કરે તો સારું એ લાવે બિલ તો સારું પણ ત્યાં સુધી ગુજકોક અહીંથી મોકલેલું લોકશાહીમાં એક રાજ્યના વિધાનગૃહે મોકલેલું આદરણીય, મહામહિમ્ રાષ્ટ્રપતિજીએ જે સુધારા સૂચવ્યા હતા એનાથી વધારે સુધારા કરીને મોકલેલું બિલ કમસેકમ મંજૂર રાખે એવો સુધારો અને પોટાની આપણી લાગણી આ રાજ્યની વિધાનસભાની ત્યાંસુધી મોકલવામાં આવે માનનીય મોહનભાઈની વાતને હું અનુમોદન આપીને આ રાજ્યની વિધાનસભાને છેલ્લે વિનંતી કરું છું કે, કમસેકમ આ વાત છે આ રાજ્યની પાંચ કરોડની પ્રજાની સલામતિની વાત છે એમાંથી આની સલામતિ રહેશે અને આની નહિ રહે એવું નથી અને એટલે આ વિધાનસભાગૃહ સર્વાનુમતે આ સંકલ્પ અને સર્વાનુમતે એની અંદરનો સુધારો છે એ મંજૂર કરે એટલી વિનંતી કરીને વિરમું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વની અંદર આતંકવાદ છે અને એ આતંકવાદના રાક્ષસ તરીકે સમગ્ર વિશ્વની અંદર ફૂલ્યો ફાલ્યો છે પછી એ અમેરિકા હોય, ચેચન્યા હોય કે અફઘાનિસ્તાન હોય અને વિશ્વની અંદર જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં આતંકવાદને નાથવા માટે એ દેશની સરકારોએ દેશની જનતાએ એક અવાજે કાયદો ઘડ્યો છે અને એના આધાર ઉપર પોતાના દેશની સુરક્ષા માટે એક સાનુકૂળ પ્રતિસાદ મળ્યો છે. ગુજરાત એ સરહદી રાજ્ય છે, દરિયા કિનારો છે, જમીન માર્ગે પણ પાકિસ્તાન સાથે જોડાયેલી બૉર્ડર છે અને આવા સંજોગોમાં પોટાનો કાયદો નાબૂદ થવાથી આજે રાજ્ય સરકાર નિ:સહાય બની ચૂકી છે અને રાષ્ટવિરોધી તત્ત્વો એ નિર્ભય બન્યા છે. દેશમાં આતંકવાદ ફેલાવનારા આવા રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને અંકુશમાં લાવવા માટે આ પ્રકારનો કાયદો જરૂરી છે.

પોટાનો કાયદો ગુજરાતમાં કોની સામે લગાડવામાં આવ્યો હતો? ગોધરા સાબરમતી એકસપ્રેસમાં રામ ભકતોને જીવતા સળગાવી નાંખનારાઓની સામે લગાડવામાં આવ્યો હતો. અક્ષરધામની અંદર આવીને અંધાધૂંધ ગોળીઓ છોડીને મારી નાંખનારા લોકોની સામે લગાડવામાં આવ્યો હતો. હરેન પંડયાના હત્યા કેસમાં પકડાયેલા આરોપીઓ સામે લગાડવામાં આવ્યો છે. રથયાત્રા દરમિયાન રાજકીય નેતાઓની હત્યાના કાવતરા કરનારા સામે લગાડવામાં આવ્યો છે કે જેહાદી તાલીમના માધ્યમથી આ ગુજરાતની શાંતિને ખદેડી નાંખનારા લોકો માટે આ કાયદો લગાડ્યો છે. આ કાયદાને લોકસભાએ, રાજયસભાએ સંયુક્ત રીતે ગહન ચિંતાને આધારે પાસ કર્યો છે. મને એવું લાગે છે કે, માત્ર અને માત્ર લઘુમતીના તૃષ્ટિકરણ માટે આ કાયદો રદ કરવામાં આવ્યો છે. ભારતની સલામતી અને સુરક્ષા માટે આ કાયદો રદ કરવાના કારણે અનેક પ્રશ્નો ઊભા થયા છે. મા ભારતીને જેને આપણે ભારત માત કહીએ છીએ આ માતાને આતંકવાદી તત્ત્વોના હવાલે કોઈ કાળે ના થવા દેવાય. આ દેશના લશ્કરના જવાનોને પૂછીએ, આ દેશના લશ્કરના અધિકારીઓને પૂછીએ, આ દેશની ઈન્ટેલીજન્સીને પૂછીએ, આ દેશની RAWને પૂછીએ તો તે બધાજ પોતાના ગુપ્ત અહેવાલમાં પોટાનો કાયદો દેશની અંદર શાંતિ, સલામતી અને સુરક્ષા માટે અગત્યનો છે એવું એમનું સ્પષ્ટ મંતવ્ય છે. આ આતંકવાદના કારણે કાશ્મીર અને પંજાબની અંદર હજારો પરિવારોએ પોતાના પરિવારજનો ગુમાવ્યા છે. લશ્કરની અંદર કેટલાય જવાનોએ પોતાની જિંદગી ગુમાવી છે. શું આ નાગરિકો, આ જવાનો તેનાં લોહીનાં ટીપાંની એક ભારતીય તરીકે આપણાં મનમાં કોઈ કિંમત નથી. પોટાનો કાયદો નાબૂદ કર્યો છે પણ પાશ્ચ્યાદ્ અસરથી નાબૂદ નથી કર્યો. પણ પોટા કમિટી આ કેસોનો રિવ્યુ કરી શકે. કાયદો નાબૂદ થઈ ગયો હોય અને પોટા કમિટી તેનો રિવ્યુ કરી શકે આ ના સમજી શકાય એવી વાત છે. સુપ્રીમ કોર્ટના ત્રણ જજોની કમિટીએ પોટા માટે જામીન આપવાની ના પાડી અને તે જ પોટા રિવ્યુ કમિટી જેમાં હાઈકોર્ટના એક જજ છે તેનો રિવ્યુ કરી શકે. આ ખબર નથી પડતી મૂંઝવણ એ છે કે સુપ્રીમ કોર્ટ મોટી કે રિવ્યુ કમિટી મોટી. સવાલ એ છે કે,

આગામી દિવસોમાં જ્યારે પાસપોર્ટ વગર પાકિસ્તાનના નાગરિકો ભારતમાં દાખલ થવાના છે તો આવતીકાલે કરાંચીથી કચ્છની અંદર આવતા આતંકવાદી તત્ત્વોના ધાડા તેને પકડીને તેની ઉપર એકશન લેવાની આ રાજય સરકાર પાસે કોઈ તાકાત નથી. આ organised crime તે organised crimeને રદ કરવા માટે, તેને નાબૂદ કરવા માટે જરૂર હોય તો કાયદાના છિદ્રો શોધવા પડે. તેમાં સુધારો કરવો જોઈએ પણ તે રદ કરવાથી કોને લાભ થશે, કોને નુકસાન થશે તે એક ભારતવાસી તરીકે આપણે ચિંતા કરવી જોઈએ. દેશની શાંતિ, દેશની સરહદો, દેશની સુરક્ષા અને દેશની સલામતી આ કાયદાની સાથે જોડાયેલી છે. એક વાતની ચિંતા મનને કોરી જાય છે, ચિંતન મનને કોરી જાય છે સાહેબ, મતની ચિંતા કરવાને બદલે રાષ્ટ્ર ચિંતન કરો એવી મારી લાગણી છે. લઘુમતી બહુમતીના બદલે મા ભારતીની સુરક્ષા કરી અને આ દેશ આપણો દેશ છે એવી ભાવના સર કરીને જેમ મહારાષ્ટ્રમાં મોકાને પરવાનગી મળી છે તો જો પોટાના કાયદામાં વિચાર થાય તો ગુજરાતમાં ગુજકોકને પરવાનગી મળીને ગુજરાતને આતંકવાદીઓની ચુંગાલ અને રાષ્ટ્ર વિરોધી તત્ત્વોની અંદરથી છૂટકો મળે એવું આજનું આ સભાગૃહ ચિંતા કરે એવી મારી લાગણી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાએ જે સંકલ્પ રજૂ કર્યો છે અને જે ચર્ચા થઈ છે એમાં ગુજરાત રાજય એ એક સરહદી રાજય છે, દરિયાઈ સરહદથી જોડાયેલું રાજય છે એ બધી ચર્ચાઓ થઈ છે. આ એક હકીકત છે, પરંતુ આ સરકાર આવી કે આ પોટાનો કાયદો આવ્યો એના પહેલાંથી એ સરહદી રાજય છે, જયારથી આ દેશનાં રાજયો અસ્તિત્વમાં આવ્યાં ત્યારથી આ સરહદી રાજય તરીકે સરહદથી જોડાયેલું રાજય છે અને આ ત્રાસવાદ છે એ આ પોટાનો કાયદો આવ્યો ત્યારનો નથી, પણ એના પહેલાંનો છે અને આ ત્રાસવાદ એ એક પડકાર છે અને એ પડકારનો સામનો કરે જ છૂટકો છે, પરંતુ આ દેશ છે એ ૨૫ રાજયાનો બનેલો દેશ છે, દેશના કેટલાક કેન્દ્ર શાસિત પ્રદેશો પણ છે અને ગુજરાતમાં વાતો આપણે એવી રીતે કરીએ છીએ કે ગુજરાતમાં તો બધું રામરાજ ચાલે છે, કોઈપણ જાતની તકલીફ નથી, શાંતિ છે, બધા આરામથી સૂઈ શકે છે અને કોઈપણ જાતની ચિંતા નથી અને જે લોકો ગુજરાતમાં અશાંતિની વાતો કરે છે એ બધા જ ગુજરાતને બદનામ કરે છે એવી ખૂબ વાતો આ હાઉસમાં અને હાઉસની બહાર સાંભળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પોટાના કાયદા હેઠળ આજે લગભગ ૩૦૦ લોકો જેલમાં છે, એમાં કેટલા દોષી છે અને કેટલા નિદોર્ષ છે, એમાં હું ચર્ચામાં પડતો નથી, એનો નિર્ણય આપણે કરવાનો નથી, એ નિર્ણય તો કોર્ટે કરવાનો છે, પરંતુ હું તો એટલું જ કહેવા માગું છું કે ત્રાસવાદ પ્રોનના ત્રણ રાજયો છે, એમાં ત્રાસવાદ પ્રોન રાજયો છે એ ટેરેરિસ્ટ પ્રોન રાજયોમાં કાશ્મીર, નોર્થ ઈસ્ટ છે.હમણાં જે વાતો થઈ એ માઓઈસ્ટ છે, પરંતુ એ દેશ વિરોધી નથી, માઓઈસ્ટ એ એક એવા પ્રકારનો ત્રાસવાદ છે, પરંતુ આ રાજયો છે એમાં ગુજરાતનો સમાવેશ થતો નથી. પંજાબ જયાં સૌથી વધારેમાં વધારે ત્રાસવાદી ત્રણ રાજયો ગણાય છે એમાં કાશ્મીર, મુંબઈ જયાં સૌથી વધારે આવા પ્રકારની પ્રવૃત્તિઓ. થાય છે એના કારણે તામિલનાડુ અને ગુજરાતમાં સૌથી વધુમાં વધુ આ પ્રકારના કેસો પોટા કાયદા હેઠળ થયેલા છે, એમાં કેટલા સાચા છે અને કેટલા ખોટા છે એમાં હું પડવા માગતો નથી, પરંતુ રાજનીતિક હથિયાર તરીકે આનો ઉપયોગ થાય છે એની સામે અમારો વાંધો છે. ભૂતકાળમાં ટાડા હેઠળ સંસદમાં એન.ડી.એ.ના ઘટક પક્ષ તરીકે એક સાંસદે એક પ્રવચન કરવા બદલ એ વખતના મુખ્યમંત્રીશ્રીએ એમની ધરપકડ કરેલી ત્યારે મારા સાથી પક્ષના મિત્રોએ એનો ખૂબ મોટા પાયા ઉપર વિરોધ કરેલ હતો. અમે પણ વિરોધ કરેલ, પરંતુ તેમણે પણ કર્યો હતો. એક પ્રવચન માટે કેટલા મહિના એમને જેલમાં રહેવું પડયું હતું અને એના પછી દેશની કોર્ટે એમને છોડી મૂકયા અને સાથે સાથે દેશમાં જે પરિણામો આવ્યાં એના કારણે એમના મુખ્યમંત્રીશ્રીએ પણ એવી માગણી કરી કે હવે અમે એમની સામેથી આ ટાડાનો કેસ પાછો ખેંચવા માગીએ છીએ, આટલા મહિના એ જેલમાં રહયા એની કિંમત કોણ ચૂકવશે?

હું બીજો દાખલો આપવા માગું છું કે રાજનાથસિંગની મિનીસ્ટ્રીમાં રાજાભૈયા કરીને એ વખતે એક મિનિસ્ટર હતા અને એ આપના સાથી પક્ષની મિનિસ્ટ્રીના સભ્ય હતા ત્યાં સુધી સારું હતું અને માયાવતી મુખ્યમંત્રી તરીકે આવ્યાં અને એમને ટાડામાં પૂરી દીધા ત્યારે આપના જ લોકો એમ કહેતા હતા કે આ પોટાના કાયદાનો જબરજસ્ત દૂરુપયોગ થયો છે. આ રીતેબે મોંઢાની વાતો ના થઈ શકે, નીતિ તો હંમેશાં એક જ હોવી જોઈએ. માનવ અધિકાર મારો, આપનો કે કોઈનો પણ હોય એ બધાનો સમાન છે. એ વાત સાથે હું સંમત છું કે વ્યકિતગત સલામતી અને વ્યકિતગત સ્વાતંત્ર કરતાં દેશની સલામતી અને દેશનું સ્વાતંત્ર એ બહુ મહત્વનું છે, પરંતુ અહીંયાં તો આ કાયદાનું એક જ પ્રકારનું ગાણું વગાડીને એટલા માટે એનો ઉપયોગ કરવામાં આવે છે કે અહીંયાં દેશની સલામતીની વાત નથી, પરંતુ રાજકીય સલામતી માટે આ કાયદાનું મહોરું બનાવવામાં આવે છે. જાણે કે પોટાનો કાયદો નીકળી ગયો છે, પોટાનો કાયદો અત્યારે અસ્તિત્વમાં નથી, પરંતુ પોટો નીકળી ગયો એટલે ગુજરાતમાં અશાંતિ ઉભી થઈ ગઈ છે, દેશમાં અશાંતિ ઉભી થઈ ગઈ છે? અને ત્રાસવાદની સામે લડવાનો જે એન.ડી.એ.માં ઘટક પક્ષ છે એના કરતાં યુ.પી.એ.માં બેઠા છે એનાં બલિદાન વધારે છે અને આના કરતાં લડવાનો ત્રાસવાદ સામેનો અમારોવિશેષ અનુભવ વિશેષ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે ત્રાસવાદ સામે લડતાં લડતાં અમારા જ નહીં, પરંતુ આ દેશના બે મહામૂલા વડાપ્રધાનોએ બલિદાન આપ્યાં છે, એટલે તેની સામે જે ત્રાસવાદ સામેની લડાઈ છે તેની અંદર અમે તેનાથી જુદા

છીએ તેવું નથી, અમે પણ તેની સામે લડવા માટેના સૌથી મોટા આગેવાન રહ્યા છીએ. પરંતુ ગુજરાતમાં અને તામિલનાડુમાં બે રાજયોમાં જ પોટા સૌથી વધારે શા માટે? કાશ્મીર અને પંજાબમાં જયાં ત્રાસવાદ સૌથી વધારે છે ત્યાં ઓછો શા માટે? અહીં વાતો બહુ થઈ, ગુજરાતમાં પણ ઘટનાઓ બની છે, તેની અંદર ટાડા લગાડયો છે પણ આવી બીજી ઘટના બીજી જગ્યાઓએ પણ બની છે, મારા જ ગામમાં એક નહીં દસ દસ એ.કે. ૪૭, અને એ.કે ૫૬ પકડાઈ છે. ત્યાં શા માટે પોટા નથી લગાડતા? ત્યાં કયાં તકલીફ પડે છે પોટા લગાડવામાં? હરેનભાઈ પંડયાની હત્યાની વાત આવે છે, ભલે પોટા લગાડયો હોય, પણ તેમના પિતાજી બીજું જ કંઈક કહે છે? અને તેમના પિતાજીની ફરિયાદ પ્રમાણે ચાલીએ તો તેની સામે પોટા લગાડશો આપ? માનનીય અધ્યક્ષશ્રી, આ પોટાની વાત આવે છે ત્યારે વાત એટલી જ છે કે પોટા ન હોય તો ત્રાસવાદ સામે ન લડી શકાય? પોટા હોય તો જ લડી શકાય એ વાત સાચી નથી. પોટામાં ત્રાસવાદ સામે લડવાના કાયદા છે એમ ત્રાસવાદ સામે લડવા માટેના બીજા ઘણાં કાયદાઓ છે. તેની સામે લડી શકાય એમ છે, પરંતુ આ પોટાનો ઉપયોગ માત્ર રાજકીય સલામતી માટે કરવાનો હોય, લોકોને ખુશ કરવા માટે, બે પાંચ જેને કોમવાદના ધોરણે પકડવાના હોય તો તેના માટે આ પોટાનો ઉપયોગ કરવા દઈ શકાય નહીં. ગુજકોકની વાત આવે છે, મહારાષ્ટ્રના ધોરણે કરવાની વાત આવે છે. અહીં ગુજરાતમાં પણ બીજા ઘ ણાં બધા કાયદાઓ હશે અને તે પ્રમાણે તેનો ઉપયોગ કરી શકાય, આઈ.પી.સી.ની કેટલી કલમો છે તેના આધારે પગલાં લેવાતાં નથી, તેનો મીસયુઝ થાય છે, ૩૯૫ની કલમનો મીસ યુઝ થાય છે,

ગુજકોક શા માટે નથી થતો તેની આત્મખોજ કરવી જોઈએ. આખા વિરોધપક્ષને બહાર મોકલી આપવા, સવારે ગુજકોકનો સુધારો રજૂ થાય, અને મોડી રાત્રે એક કલાકમાં કોઈ પણ સુધારા રજૂ કર્યા વગર, કોઈ ચર્ચા કર્યા વગર ગુજકોક પાસ કરી દેવો, આને કન્સીડર કાયદો કહી શકાય? ઘણું બધું એમાં વાંધાજનક હતું, ધ્યાન પણ દોર્યું હતું, આપે ઈચ્છયું હોત તો બે દિવસ પછી પૂરી ચર્ચા કરીને આ કાયદો પસાર કરાવી શકયા હોત, પણ એ કરાવી શકયા નહીં. અને મારે તો વાત એટલી જ કરવી છે કે ગુજરાતમાં આટલી બધી, તમે કહો છો એટલી શાંતિ હોય તો પછી આગ્રહ શા માટે રાખો છો? રાજનીતિના કારણસર કદાચ આપ મજબૂર હશો, આવો સંકલ્પ લાવવા, અને વારંવાર તેના કારણે લાવ્યા હોય તો મારે ખાસ કહેવું નથી. આ સંકલ્પ છે એટલે મારે વિશેષ કહેવું નથી પણ આ સન્માનનીય સભાગૃહનું એટલું જ માત્ર ધ્યાન દોરવું છે કે વારંવાર આ પ્રકરણને જીવતું રાખવાથી રાજનીતિની સુરક્ષા થઈ શકશે નહીં. દેશની સુરક્ષા તો આજે સલામત છે. ભૂતકાળમાં જયારે ત્રાસવાદનો સામનો કરવાનો આવ્યો છે ત્યારે જીવના જોખમે બધાએ કર્યો છે, ત્રાસવાદની સામે સંયુકતપણે લડયા છીએ, પણ મારે એટલું કહેવું છે કે અહીં જુદી વાત કરવી અને સરકાર હોય ત્યાં દિલ્હીમાં, ત્યારે ત્રાસવાદીઓને પ્લેનમાં બેસાડી અને અફઘાનિસ્તાનમાં મૂકી જવાનું હોય તો તે બેવડી વાતો ચાલે નહીં. ત્રાસવાદ સામે લડવું હોય તો સંયુકત રીતે પહેલા લડતા હતા તે રીતે લડવાની વાત કરીને રાજકીય સુરક્ષા માટે આવો સંકલ્પ લઈ આવવો અને તેની ચર્ચા માત્ર કોમવાદી ધોરણે ડિવિઝન કરવામાં થતી હોય તો તે ચલાવી શકાય નહીં. આજે પણ હું એમ કહું છું કે મને જે સમાચાર મળ્યા છે, જે માહિતી મળી છે તે એવી છે કે પોટો લગાડવાના કેસની જે યાર્ડસ્ટીક છે તે પ્રમાણે જો દરેક ઉપર લગાડવામાં આવે તો પોટાના જે ૩૦૦ વ્યકિતઓ જેલમાં છે તેના બદલે ૩ લાખ લોકોને જેલમાં પૂરી શકાય. યાર્ડસ્ટીક બધી કોમ્યુનિટી માટે એક સરખી હોવી જોઈએ. ગુંડાની કોઈ જાત નથી હોતી, ત્રાસવાદની કોઈ જાત નથી હોતી, ગુંડા એ ગુંડા હોય છે અને ત્રાસવાદ એ ત્રાસવાદ હોય છે. તેની સાથે એ જ રીતે ડીલ થવું જોઈએ, એટલી વાત કરી મારું વકતવ્ય પુરું કરું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારિયા જે સંકલ્પ લઈને આવ્યા છે અને માનનીય સુનીલભાઈએ જે સુધારો મૂક્યો છે એ બંનેના આત્માના અવાજ સાથે હું સહમત છું. કારણ કે આ સંકલ્પની અંદર આવેલો સુધારો આ બંનેમાં જેને રાજનીતિ જોવી હોય તે જૂએ પરંતુ સંકલ્પ અને એની અંદર મૂકવામાં આવેલ સુધારો બંનેની અંદર કમસેકમ મને અને આ ગૃહના બહુમતી સભ્યોને એની અંદર દેશની ચિંતા દેખાય છે. દેશના સીમાડાની ચિંતા દેખાય છે. પાડોશી દેશના કાવતરાઓનો પર્દાફાશ કરવા માટે આ સુધારો આવ્યો હોય તેવું લાગે છે.

માનનીય વિરોધપક્ષના નેતાએ એમના વિચારો આ ગૃહ સમક્ષ મૂક્યા. એ તો હું માનુ છું કે એમના પક્ષે નક્કી કર્યુ છે પોટા રીપીલ કરવો એટલે રીપીલની કાર્યવાહી થઈ છે એને સમર્થન કરવું પડે એ હું સમજું છું. પરંતુ એમણે આ તકે અમુક રાજકીય અવલોકનો કર્યા. અવલોકનો એ પ્રકારનાં હતાં કે ગુજરાતની અંદર જે કેસોની અંદર પોટા લગાડ્યો છે એની અંદર કોમવાદના આધાર ઉપર લગાડ્યો છે. રાજકીય ફાયદા માટે લગાડ્યો છે. હું અત્યંત દુ:ખ સાથે એમને અપીલ કરવા માગું છું કે આ વાતને એમણે રાજનીતિથી પર રાખી હોત તો એક ગૃહના સભ્ય તરીકે તથા વિરોધપક્ષના નેતા તરીકે ફરજ બજાવી હોત. સમગ્ર દેશમાં શું થયું એમાં પડવા નથી માગતો, સમયની પણ મર્યાદા છે. ગુજરાતમાં જે જે કેસોમાં પોટા લગાડવામાં આવ્યો છે અને જ્યારે જ્યારે પોટા લાગ્યો ત્યારે હું ગૃહ મંત્રાલયના ચાર્જમાં હતો. એક પણ કેસની અંદર રાજનીતિ સામેલ કરીને પોટાનું શસ્ત્ર નથી લગાડ્યું એ વાત સ્વીકારી હોત તો મને ચોક્કસ આનંદ થાત. વાત કાઢી છે ત્યારે ચોક્કસ પૂછવા માગું છું કે અમદાવાદના યુવાનોને કોઈ પાકિસ્તાનના કાશ્મીરમાં ટ્રેનિંગ માટે લઈ જાય એ આતંકવાદ નથી સાહેબ? આમાં કયાં કોમવાદની વાત છે. આ કોઈ એક કોમની વાત નથી. સાહેબ કાવતરું કરીને કોઈપણ યુવાનોને ગુમરાહ કરીને પાકિસ્તાનના આઝાદ કાશ્મીરમાં આતંકવાદ ફેલાવવા માટેની ટ્રેનિંગ અપાવે અને પછી ભારતમાં જુદી જુદી

જગ્યાએ આતંકવાદ માટે મોકલવાનું કાવતરું પકડાય એ કાવતરાની અંદર કોઈ કોમવાદ છે, આ શું આતંકવાદને લગતી વાત નથી? રથયાત્રા વખતે ગુજરાતના નેતાઓ પર આતંકવાદી હુમલા કરવા માટે અહીંયા આઈ.એસ.આઈ. ના એજન્ટ બનીને આવે આ શું આતંકવાદી કૃત્ય નથી. અબજો રૂપિયાના હવાલાથી ફૉરેન કરન્સીને અહીંયા ટ્રાન્સફર કરવી અને એનો ગુજરાતમાં આઈ.એસ.આઈ. પ્રેરિત કોમી તોફાનો ફેલાવવા ઉપયોગ કરવો એ આતંકવાદી કૃત્ય નથી? ડો. જયદીપ પટેલની હત્યાનું કાવતરું કરવું અને એ કાવતરાની સૂચના વિદેશમાં બેઠેલા આતંકવાદી સંગઠનના નેતા પાસેથી મેળવવી એ આતંકવાદી કૃત્ય નથી? અમદાવાદની અંદર ટ્રાયલ બેઈઝ ઉપર સિરિયલ ટિફિન બૉમ્બનો ઉપયોગ કરવો એ શું આતંકવાદી કૃત્ય નથી? અક્ષરધામ મંદિર ઉપર હુમલો કરીને નિર્દોષ એવા ૩૩ જણાના જાન લેવા એ પણ આતંકવાદી કૃત્ય નથી લાગતું?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સમયની મર્યાદા છે.

**શ્રી અમિત અ. શાહ**: આ બધાની લાગણી સાથે સંકળાયેલી વાત છે.

**અધ્યક્ષશ્રી .** : આપની વાત સાચી છે, પરંતુ સમયની પણ મર્યાદા છે.

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, જે જે કેસોમાં પોટા લગાડ્યો છે તેમાં હું એક સ્પષ્ટતા ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે કોઈ જગ્યાએ અમે રાજકીય યાર્ડસ્ટીક નથી મૂકેલ. દરેક જગ્યાએ દેશના હિતો ધ્યાનમાં રાખીને આતંકવાદી કૃત્ય કરવાવાળા લોકો પર જ પોટા મૂક્યો છે. મારે એક વાત કહેવી છે કે દસમાંથી સાત કેસોની જામીનની અરજીઓ સુપ્રીમ કોર્ટ સુધી દલીલો થઈ છે. એટ લૅન્થ દલીલો થઈ છે અને એ દલીલો થયા પછી સુપ્રીમ કોર્ટે પ્રાઈમાફેસી કેસ બાઉન્સ કર્યો છે. શું સુપ્રીમ કોર્ટ પણ રાજકીય ઈરાદાઓથી ચાલે છે? સુપ્રીમ કોર્ટની અંદર આ જામીન અરજીઓ છેક સુધી ત્રણ જજની બૅન્ચ સુધી ચર્ચામાં આવી છે અને તેની અંદર આરોપીઓને જામીન મળ્યા નથી. એ બતાવે છે કે ગુજરાતની સરકારે જે પોટા લગાડ્યો છે એ યથાયોગ્ય લગાડ્યો છે અને આ વાત ઉપર બધાએ પક્ષાપક્ષીથી પર થઈને બહાર આવવાની જરૂર છે. હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને એવું પૂછવા માગું છું કે સાહેબ, તમે જ્યારે કહો છો કે બીજા કાયદાઓ નથી? તમે મને કહો કે વિદેશી નાગરિક પર આ દેશના કયા કાયદા અંતર્ગત કામ ચલાવવું ભાઈ? આ જોગવાઈ પોટાની અંદર હતી. પાકિસ્તાનના આઈ.એસ.આઈ. એજન્ટો અહીં આવીને આતંકવાદી કૃત્ય કરતા હોય તો તેના પર કઈ આઈ.પી.સી. નીચે અમારે કામ ચલાવવાનું? કયાં છે આ જોગવાઈ? આ જોગવાઈ પોટાની અંદર હતી. જે કાયદો તમારી સરકારે રિપીલ કરી નાખ્યો અને તેનું સમર્થન તમે અહીં કરી રહ્યા છો. માનનીય પરેશભાઈ ચાણક્યના નીતિસૂત્રો વાંચતા હતા ત્યારે મને યાદ આવ્યું, ચાણક્યના અર્થશાસ્ત્રમાં નીતિસૂત્રોનો વિભાગ છે તેમાં એક નીતિસૂત્ર છે કે જે રાજા આતતાયીઓ સાથે ચર્ચા કરે છે, તેની સાથે મંત્રણાઓ કરે છે એ પોતાની જાતનો અને પ્રજાનો વિનાશ નોતરે છે. આ નીતિસૂત્રો પરેશભાઈ પણ વાંચશે અને તેમના સભ્યોને પણ વંચાવશે. આ યુ,પી.એ.ની સરકારે જે નકસલાઈટ હતા તેમની સાથે ચર્ચા કરી, પરિણામ શું આવ્યું? નકસલવાદનો કાબૂમાં આવેલો પ્રશ્ન આજે વકરીને વિકરાળ રાક્ષસ બનીને સામે ઉભો છે. મારી તો આ ગૃહને એક જ અપીલ હતી કે કમસેકમ આ સંકલ્પ બિનસરકારી સંકલ્પ છે. સભ્યશ્રીએ વ્યકિતગત સંકલ્પ મૂક્યો છે. આનું પરિણામ બધાને ખબર હતી, પરંતુ ચર્ચા કરતી વખતે પક્ષાપક્ષીથી પર રહીને ચર્ચા કરી હોત તો મને આનંદ થાત. હું એક વાત કહેવા માગું છું કે પોટાના રિપીલ માટેનો વટહુકમ અને પાછળથી કાયદો પસાર કરવામાં આવ્યો દેશની સંસદમાં તેની અંદર આયોજનપૂર્વક પાશ્ચાત્વર્તી અસરથી નાબૂદ થાય. એવી જોગવાઈ કરીને રાખી છે કે પોટા રિવ્યુ કમિટી આ બધા કેસનો રિવ્યુ કરી શકશે. પોટા રિવ્યુ કમિટી પોટાના બધા બધા સેકશનના, માનો કે એક સેકશન છે. એ મૂળ કાયદો રિપીલ થઈ ગયો. અને તેની એક સેકશન ચાલુ રાખી છે અને સુપ્રીમ કોર્ટ કરતાં વધારે અધિકાર પોટા રિવ્યુ કમિટીને આપ્યો છે જે ખરેખર યોગ્ય નથી.

આમ તો હું માનનીય મોહનભાઈનો આભાર માનવા માનું છું કે ગૃહમાં આ ચર્ચા ઉભી કરીને ગુજરાતની પ્રજાને હકીકતથી વાકેફ થવા માટે એમનો આ પ્રસ્તાવ, સંકલ્પ સમગ્ર દેશની જનતાને વાકેફ થવા માટે સાધન બનવાનો છે અને બહુ ભારે હૃદયે હું તેમને વિનંતી કરીશ કે તમારી લાગણી લોકો સુધી અને સંસદ સુધી તો પહોંચવાની જ છે તો આ સંકલ્પ પાછો ખેંચી લે અને તેની ઉપર જે ચર્ચા થઈ છે, હજુ ફરી એક વખત અર્જુનભાઈને વિનંતી કરીશ કે બધા લોકો સાથે સ્પિરિટથી સ્વીકારે અને આની અંદર કમસેકમ રાજકારણ ન લાવીએ એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર મારા સાથી ધારાસભ્યશ્રીઓએ સૂર પૂરાવ્યો છે તો આ સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**અધ્યક્ષશ્રી .** : આપને સુધારો પાછો ખેંચવો છે કે કેમ?

**શ્રી સુનીલ બા. ઓઝા** : સુધારો સંકલ્પની સાથે આપોઆપ જતો રહેશે. સંકલ્પ જ નથી રહેતો પછી સુધારો કયાં રહે છે? મોહનભાઈને આ અધિકાર છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી . :** સંકલ્પ પાછો ખેંચવામાં આવે છે.

## બેકારોને રોજગારીના આયોજન અંગે

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે "રાજયમાં બેરોજગારીનો પ્રશ્ન દિનપ્રતિદિન વિકટ બનતો જાય છે. નવા ઉદ્યોગો સ્થપાતા ન હોવાથી બેરોજગારોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને આવા બેરોજગાર યુવાનો રોજગારી ન મળવાથી કંટાળીને અસામાજિક પ્રવૃત્તિઓ તરફ વળી રહ્યા છે, વળી તેના કારણે વ્યકિતગત તેમજ સામૂહિક આત્મહત્યાના બનાવો પણ વધતા જાય છે જે ચિંતાનો વિષય છે. બેરોજગાર યુવાનોએ રોજગાર કચેરીમાં નામો નોંધાવ્યા છતાં તેઓને વરસો સુધી રોજગારીની તકો મળતી નથી. બેરોજગારીની ગંભીર સમસ્યાને લઈને રાજયના જરૂરિયાતમંદ યુવાનોને રોજગારી મળે તેમજ સરકારની જૂદી જૂદી યોજનાઓનો લાભ બેરોજગારોને સરળતાથી મળે તેવું આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**સંકલ્પ ઉપર સુધારો**

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની સાતમી લીટીમાં " જરૂરિયાતમંદ યુવાનોને' એ શબ્દો પછી નીચેના શબ્દો મૂકવા.

" સરકાર ભરતી પ્રક્રિયામાં ત્વરા લાવી ઝડપથી"

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે સંકલ્પ અને સુધારા બંને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આજના યુવાનોની જે પરિસ્થિતિ છે, એમાં પણ ખાસ કરીને ગુજરાતની અંદર જે યુવાનોની પરિસ્થિતિ છે એ એક યુવાન હોવાના નાતે જે મિત્રોને મળીએ અને જે પરિસ્થિતિ આજે હું જોઈ રહ્યો છું એ પરિસ્થિતિની અંદર ગુજરાતનો ઉગતો યુવાન ૧૫ થી ૨૯ કે ૩૦ વર્ષનો યુવાન આજે બેકારીને કારણે ભણી ગણીને સારી ડીગ્રી મળી હોવા છતાં પણ આજ સવારથી સાંજ સુધી ફરતો થઈ ગયો છે. એના કારણે તે ઘણી બધી અસામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાતો થઈ ગયો છે એ પરિસ્થિતિ થઈ છે. આજનો યુવાન છે જેને રોજી રોટીની તક પૂરી નહીં પડવાને કારણે ગુજરાતની અંદર જે મોટા ભાગના યુવાનો છે એ ચોરે ચૌટે આપણે જોતા હોઈએ છીએ કે રોજગારી માટે સવારથી સાંજ સુધી ગમે તે ક્ષેત્રની અંદર ફરે અને રોજીરોટી પ્રાપ્ત કરવા માટે ગમે તે ઠેકાણે ગમે તેટલી અરજીઓ કરે, એ ગમે તેટલું એના માટે ફરે પણ એને રોજગારીની તકો પૂરી નથી પડતી. માટે હમણાં આપણે જોતા હોઈએ છીએ કે ગુજરાતની અંદર આજે ૨૦૦૪ની અંદર ખાસ કરીને યુવાન મિત્ર જેની અંદર જોડાયા છે અને જે આડા-અવળા રસ્તે જઈ રહ્યા છે એની અંદર ૨૦૦૪માં ૧૧૦૮ ખૂન થયા, ૧૧૨૬ લૂંટો થઈ અને ૧૮૫૧૫ ચોરીઓ થઈ. આગળ વધીને ગુજરાતની અંદર કદાચ નવા બનાવો બન્યા છે કે ૪૫૨૧ આત્મહત્યાઓ થઈ. એ બતાવે છે કે એના અંદર ખાસ કરીને મોટાભાગના જે મારા યુવાન મિત્રો છે એ આ બધી પ્રવૃત્તિમાં જોડાય, આત્મહત્યાઓ કરવી પડે એવી સ્થિતિમાં આજના યુવાનો આ ગુજરાતની અંદર જઈ રહ્યા છે. જે યુવાનોને રાજકીય પક્ષો પોતાનો સ્વાર્થ સાધવા ચૂંટણીમાં જીતવા જ્યારે યુવાન મિત્રોને એમ કહેતા હોય છે કે અમે સત્તા ઉપર આવીશું ત્યારે યુવાનોની બેકારી દૂર કરી દઈશું. એના ચૂંટણી ઢંઢેરામાં અનેક પ્રકારના સંકલ્પો કરતા હોય છે ત્યારે એ બધા યુવાન મિત્રોને એમ લાગતું હોય છે કે કાલ સવારે આ સરકાર આવશે અને જેના કારણે અમારી રોજગારીના પ્રશ્નો દૂર થશે. મારે આ સરકારને પૂછવું છે કે ગુજરાતની અંદર આટલી બધી આત્મહત્યાઓ થતી હોય,

મારા યુવાન મિત્રો બેકાર હોય ત્યારે ગ્રામમિત્ર યોજના એમના માટે રજૂ કરેલી, અમે ગામડાંમાં જઈએ ત્યારે યુવાન મિત્રો ચારેબાજુ થઈ જાય. એક ગામમાં એક લેવાના છે ત્યારે ૫૦-૧૦૦ જણનું ટોળું આવી જાય અને એમ કહે કે ગમે તે થાય પણ મારું કરજો. પંચમિત્ર યોજના, શ્રમયોગી યોજના જેવી યોજનાઓ મારફત ગામડાંમાં નાની નાની રોજગારી આપવાની વાત હતી એ બધી યોજનામાં (અંતરાય) તમને યુવાનોમાં રસ નથી લાગતો એવું મને લાગે છે. આજે ગુજરાતમાં યુવાનોની કપરી સ્થિતિ છે ત્યારે આપને મોડું થાય છે. મને નવાઈ લાગે છે કે આપની સ્થિતિ કેવી થઈ ગઈ છે. આવી સ્થિતિમાં ચિત્ર કંઈક જુદું છે. આટલી આટલી યોજનાઓ મૂકી પણ કયા યુવાનને આજે નોકરી મળી એ મારે પૂછવું છે. આથી આગળ વધીને માત્ર એક મજાક કહી શકાય એમ ૨૦૦૫-૦૬માં આરોગ્ય વિષયક સેવા જેવી ચૂંટણીલક્ષી યોજનાઓ મૂકવામાં આવી છે. બેરોજગારીમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને ભા.જ.પ.ના શાસનકાળમાં ત્રણ દિવસે એક શિક્ષિત બેરોજગાર આત્મહત્યા કરે છે. આજે ગુજરાતના યુવાનોની આ સ્થિતિ થઈ છે. આજની જે સ્થિતિ છે એમાં ખાસ કરીને એક પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવી છે કે અમે રોજગારીની તકો નવા નવા મોટા મોટા ઉદ્યોગો લાવીશું જેના કારણે ૧૦ લાખ જે આજે આપણી રોજગાર કચેરીમાં નોંધાયેલા છે એ સિવાય બીજા લોકોને નોકરી આપીશું. એના નામે જાતજાતનો ખર્ચ કરવામાં આવે. પછી એ પતંગ ઉત્સવ હોય, વાયબ્રન્ટ ગુજરાતના નામે હોય કે બીજા નામે હોય, પણ આજની સ્થિતિમાં એ ઉદ્યોગો કેટલા આવ્યા અને કેટલા યુવાન મિત્રોને એ ઉદ્યોગોમાં રોજગારી મળી? એ નિમિત્તે ૧૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવે એના કરતાં નવી નવી યોજનામાં કદાચ ખોટો ખર્ચ ન કર્યો હોત અને યુવાન મિત્રોને આપ્યા હોત તો ગામડાંના યુવાન મિત્રો આજની તારીખે રોજગારલક્ષી નાના ઉદ્યોગો કરી શક્યા હોત. મોટા ઉદ્યોગોના કારણે

નાના ઉદ્યોગો જે ગુજરાતમાં ચોપડા ઉપર છે એવા ૧૦૦૦ નાના નાના કારખાનાઓ કે જેમાં હજારો અને લાખો મારા યુવાન મિત્રો કામ કરતા હતા, આજે એવી સ્થિતિ થઈ છે કે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : યુવા મિત્રોની વાત બધા શાંતિથી સાંભળો. પ્લીઝ, મહેન્દ્રભાઈ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આજે મારા યુવા મિત્રો જે છે એ ૧૦૦૦ ઉદ્યોગો બંધ થવાના કારણે લાખો મારા યુવા મિત્રો આજની સ્થિતિની અંદર બેકાર બન્યા છે. એના કારણે યુવાનો અસામાજિક પ્રવૃત્તિ તરફ જઈ રહ્યા છે, મને ચિંતા વધારે એટલા માટે થઈ કે ૨૦૦૭ની અંદર જ્યારે બેરોજગારોનું પ્રમાણ ૧૫ લાખ થશે, એવું જ્યારે કહેવામાં આવ્યું ત્યારે મને વિશેષ ચિંતા થઈ કે આજે જે ૧૦ લાખ છે એ ૧૫ લાખ ૨૦૦૭ની અંદર થવાનું હોય તો મને લાગે છે કે કેવી કેપેસીટી થાય. ૨૦૦૨ના અંતે ૧૦,૭૦,૦૦૦ રોજગારો નોંધાયા હતા. ૨૦૦૪-૦૫ની અંદર આ વાસ્તવિક છે. દર વર્ષે સવા લાખ રોજગારના યુવા મિત્રો આની અંદર નોધાય છે. સવા લાખ જ્યારે જોડાતા હોય અને એને રોજગારીની તકો જો આ ગુજરાતની અંદર ઊભી નહિ થાય એનું ચિંતન આપણે ગૃહમાં બેઠેલા નહિ કરીએ તો મને લાગે છે કે આખી એક જુદી ટાઈપ થશે. ૨૦૦૦ની સાલની અંદર ૧૬,૯૦,૦૦૦ રોજગારીની તકો પૂરી પાડવાની હતી અને ૨૦૦૨ની અંદર ૧૫,૮૬,૦૦૦ થઈ, એટલે ૧,૦૪,૦૦૦, એકબાજુ સવા લાખ રોજગારો દિનપ્રતિદિન યુવાન મિત્રો વધતા જાય અને ૧,૦૪,૦૦૦ રોજગારીની તકો ઘટતી જાય. આ ગુજરાતની આવનાર પરિસ્થિતિની અંદર શું થશે? આજે પણ મને સમજાતું નથી. તા.૩૧-૪-૨૦૦૦ એ ૧૬,૨૨,૦૦૦ એટલે કે ઘણી ફેર જે આંકડા બોલવામાં આવતા હોય છે એની અંદર ખાસ કરીને ખાનગી જે જગ્યાઓ છે એ માત્ર ૫૧ ટકા જેટલી મોટી જે કોઈ ખાનગી ક્ષેત્રે આજે છે. આખા ભારતની અંદર એક સરવે મુતાબિક આજની જે સ્થિતિ છે એની અંદર ગુજરાતની જે બેકારીનો દર છે. હમણાં માનનીય મંત્રીશ્રી જ્યારે બીજા બધા રાજ્યની હરોળની અંદર આંકડા બોલી રહ્યા હતા ત્યારે મને લાગ્યું કે ગુજરાત કાંઈ પહેલાં નંબરે હશે અને આજે ગુજરાતનો પોઈન્ટ છે ૪.૮૦ છે. બીજા રાજ્યોની સરખામણીમાં આજે હિમાચલપ્રદેશની અંદર ૨.૪૦, કર્ણાટકમાં ૪.૩૦, મધ્યપ્રદેશમાં ૩.૮૦, પંજાબમાં ૩.૭૦ અને ઉત્તર પ્રદેશ આટલું મોટું રાજ્ય હોવા છતાંય ત્યાં આગળ માત્ર ૩.૬૦ છે. આજે ગુજરાતની અંદર શહેરી વિકાસનું જે પ્રમાણ છે એ આજે ૪.૨૦ છે. ગામડામાંથી જ્યાંથી આવીએ છીએ ત્યાં આગળ ૬.૭૦ છે ત્યારે ૧૫ થી ૨૯ વર્ષના મારા યુવામિત્રો છે એ ૧૦૦ માણસોએ ૬૦ માણસો બેકારી ભથ્થાની અંદર આજે ખપી રહ્યા છે અને એની હરોળની અંદર બીજા જે રાજ્યના ગામો છે એમાં મધ્યપ્રદેશની અંદર ૪.૯૦, રાજસ્થાનમાં ૪.૪૦, ઉત્તરપ્રદેશમાં ૬.૧૦ અને કર્ણાટકમાં આજે ૫.૮૦ છે ત્યારે તો ખાસ કરીને આ બધી પરિસ્થિતિની અંદર, (અંતરાય) મારી પાસે હજુ બે પાના છે. મને ખ્યાલ છે કે જે સ્થિતિની અંદર સાચી પક્ષાપક્ષી સિવાય સરકારે પણ અહીંયા આગળ બેઠલાએ ખાસ સ્વીકાર કરવો પડશે. જો આની આ સ્થિતિ અહીંયા બેઠેલા તમામ ધારાસભ્યોને પૂછો.

મને એક ઉદ્યોગપતિ તરીકે ખ્યાલ છે કે, કંડલામાં જ્યારે મેં પેપરમાં જાહેરાત આપી હતી તો બત્રીસ હજાર અરજીઓ આવી હતી એટલે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું સૂચનો કરવા માગું છું કે, ડિસેમ્બર-૨૦૦૪ની અંદર ૨૧૫૬ જગ્યાઓ તલાટી-કમ-મંત્રીની ખાલી છે, ૧૯૦૦ જગ્યાઓ વિદ્યા-સહાયકોની ખાલી છે, દરેક જિલ્લામાં રહેમરાહેની જે અરજીઓ પડેલી છે એનો પણ જલદી નિકાલ કરવામાં આવે, લોક-રક્ષકની ભરતી કરે, ગ્રામ મિત્ર યોજના છે એમાં બાવન કરોડ રૂપિયાની જે વધારે રકમ આપી એના પચાસ ટકા જેટલો પણ એમાં ખર્ચ નથી થયો, લશ્કરી ભરતી મેળો જેમાં બે ટકા ઉમેદવારોને નોકરી આપવાની વાત હતી, આવી અનેક પ્રકારની આ બધી જે યોજનાઓ છે અને મેં જે વાત કહી છે એ આ સરકાર દ્વારા પૂરી થાય તો મને લાગે છે કે, અને એમાંય ખાસ કરીને જ્યારે આપણી પરિસ્થિતિમાં આવું હોય ત્યારે વિશ્વ જ્યારે એકવીસમી સદીમાં જ્યારે જઈ રહ્યું છે અને વિશ્વની એકવીસમી સદી સાથે જ્યારે કદમ મિલાવવાની વાત છે ત્યારે હું તો એટલી વાત કરું કે, ૨૦૧૦માં શું જરૂર પડવાની છે એવી ટૅક્નૉલૉજીની અનેક પ્રકારની યોજનાઓ ગુજરાત સરકાર તરફથી આવે તો જ મને લાગે છે કે, આપણે ખરેખર યુવાનો માટે ચિંતા કરીએ છીએ અને યોજનાઓ બને છે એને પરિપૂર્ણ કરાય, તો ચોક્કસ એ દિશામાં આ સરકાર કામ કરશે તો આ સંકલ્પ સાર્થક ગણાશે.

**અધ્યક્ષશ્રી .** : ચર્ચામાં ત્રીસ મિનિટ બાકી છે, ત્રીસ મિનિટમાં પૂરું કરવાનું છે, ગોવાભાઈ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, બલવંતભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે, એમને અભિનંદન આપું છું. આજે જો ગુજરાતની મોટામાં મોટી સમસ્યા હોય તો એ શિક્ષિત બેરોજગાર યુવાનોની છે. ઘ ણા મિત્રો અહીંયાં બેઠા છે પણ એમને ઉતાવળ છે એટલે ગમતું નથી, પરંતુ અહીંયા બેઠા છે એમાં યુવાનોનો મોટો ફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુવાનોના બેરોજગારી માટેના પ્રશ્નો હલ સરકાર કરી શકે છે. ચૂંટણીમાં એમણે જે ઘ ણાં વચનો આપ્યાં હતાં એ બધા યાદ ન કરાવું, કારણ કે, એમને યાદ હશે જ. આ જે બવલંતભાઈ જે સંકલ્પ લાવ્યા છે એ નિમિત્તે થોડું યાદ આવે તો સારું છે, પરંતુ સરકારના તમામ વિભાગોની જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ બધી ભરે તો મોટાભાગનો પ્રશ્ન હલ થાય એમ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગામ દીઠ પાંચ-પાંચ માણસને લેવાની યોજના મૂકી હતી, ગામ દીઠ પાંચ-પાંચ માણસને લઈ લેવાની પણ પછી કયાં અભરાઈએ ચઢી ગઈ એ એમને ખબર? કારણ કે, એ એમનો વિષય છે, એ વચનો એમણે આપ્યા છે. ૨૦૦૧માં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પણ ઈન્ટર્વ્યૂ લેવાયા હતા એમાં કાંઈક ગેરરીતિ થઈ છે એમાં એવું સાંભળ્યું હતું કે, પહેલાં બોગસ અરજીઓ

આવી હતી અને એની તપાસ પણ થઈ ગઈ, તપાસ થયાને આજે ચાર-ચાર વર્ષ થઈ ગયા, એ લોકોને ઉંમર મર્યાદા પણ વધવા માંડી છતાં એનું રિઝલ્ટ બહાર પડતું નથી. એમાં ૨૦૦-૪૦૦ને રોજી મળી જાય એવું છે તો સરકાર વિચારે અને તો જેના માટે આ મૂકી રાખ્યું તો એ પણ એક મોટો છે ચિંતાનો વિષય છે. ઘણી બધી યોજનાઓ છે જે બેન્કેબલ બેરોજગારોની યોજના છે એમાં તમે એક તો એની જોગવાઈ હશે એના માત્ર વીસ ટકા વાપર્યા છે બાકી બધા એમને એમ છે. વડાપ્રધાન સ્વ-રોજગાર યોજના છે એમાં કેસો મંજૂર થાય કે આટલા મંજૂર થયા પણ સરવાળે કેટલાને લોન કે સહાય મળે છે એ ૨૦-૨૫ ટકા જ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે જરૂરિયાત મંદ છે, કેટલાક માણસો જે કદાચ છે એ સુખી માણસોને ખબર ન હોય કારણ કે, બે જાતના અત્યારે આપણા ગુજરાતમાં માણસો છે. એક સુખી માણસ સવારમાં એમ કહે કે, મારે હવે સાંજે શું ખાવું? હલવો કે શાક-રોટલી ખાવી, કેટલું શાક બનાવવું અને ગરીબ માણસ એ વિચારે છે કે, સાંજે કશું છે નહીં તો શું ખાવું? આ બે જાતના મનુષ્યો છે એટલે જેણે ગરીબી જોઈ છે, બેરોજગાર છે એને રોજગારી નથી મળતી એની સાચી સમસ્યાની ખબર પડે કે સાચી પરિસ્થિતિ શું છે? પણ સરકારમાં બેઠેલા મિત્રો એની ચિંતા કરે તો સારું છે. બેરોજગાર યુવાનો બહાર ચિલ્લાઈ ચિલ્લાઈને કહે છે દર વર્ષે એક લાખ લેવાના હતા તો બે વર્ષના આંકડા તો આપો કે કેટલા લીધા? એટલું જ નહીં પરંતુ સ્વ. ચીમનભાઈ પટેલે ડાયમન્ડ ઝોન તરીકે અમદાવાદમાં જગ્યા નક્કી કરી હતી. એમાં ઘણી યોજનાઓ મૂકી હતી કે એમાં ડાયમન્ડ ઝોન ફેલાય અને મોટી રોજગારી મળે તો હું પણ સરકારને વિનંતી કરું ગુજરાતના ટી.ડી.સી.ના સાઈડ હોલ્ડરો છે એ ડાયમન્ડના ૨૦ વ્યકિતઓને અહીં બોલાવીને ટેબલ પર બેસાડીને આ સરકાર એને કહે કે સરકાર તરફથી શું સગવડ જોઈએ છે? સુવિધા જોઈએ છે? તો ગુજરાતની જે ૨૦ વ્યકિત ડાયમન્ડમાં છે ડી.ટી.સી.ની સાઈડ હોલ્ડરો છે એ પાંચ લાખને રોજગારી એક સાથે આપી શકશે, પરંતુ કશું કરવું નથી. આપણે ન કરી શકીએ તો ખરેખર એ બધા આપણા માણસો છે. ચાઈના તરફ જતા રહે છે. મોટા ઉદ્યોગો ચાઈનામાં છે લાખોને રોજગારી આપે છે. ગુજરાતમાં આટલા બધા પડયા છે પરંતુ એમને કોઈ ચિંતા નથી કે આપણે એમને રોજગારી આપી શકીએ. આપણે વિદેશ પ્રવાસ કરીએ છીએ. ઉદ્યોગોને બોલાવવા ગરબા રાખીએ છીએ, ઉદ્યોગોને અહીં બોલાવવા વિવિધ કાર્યક્રમો કરીએ છીએ એના કરતાં માત્ર આ ૨૦ વ્યકિતઓ જે ડાયમન્ડમાં ગુજરાતના છે એમને બોલાવી અને એમને પૂરી સુવિધાની ખાતરી આપે તો સો ટકા બધું થાય પણ એ કરવું નથી કારણકે બેકારોને બેકાર રાખવા છે. રોજગાર કચેરીમાં નામ નોંધાવવાનું યુવાનોએ બંધ કર્યું છે કારણકે એમને વિશ્વાસ ઉઠી ગયો છે કયાં સુધી નામ નોંધાવવા?

**અધ્યક્ષશ્રી .** : પૉઝિટીવ વાત કરો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૉઝિટીવ વાત જ કરું છું. કોઈ અવલોકન નહીં કરું, કોઈ એવી વાત નહીં કરું. ગુજરાતમાં ઘણું બધું થઈ શકે તેમ છે. કારીગર વર્ગ માટે પણ સુથાર, લુહાર, પ્રજાપતિના સાધનો બંધ થઈ ગયા છે. ભરત ગુંથણમાં મોટી રોજગારી મળે છે. આ લોકો પાસે પૈસા નથી.એ લોકો બનાવીને આપે અને સરકાર લઈ લે અને એ બધી વસ્તુ એક્ષ્પોર્ટ થાય તેમ છે. જો સરકાર પૂરેપૂરું ધ્યાન આપે તો રોજી મળી શકે તેમ છે.સરકારને લાભ જ મળશે નુકસાન નહીં જાય. નહીં નફા નહીં નુકસાનના ધોરણે કામ કરે તો સો ટકા લાખો માણસોને રોજી મળશે.

આઈ ટી.આઈ.ની વાત કરું. મારા વિસ્તારમાં હું ચાર મહિના પહેલાં આઈ.ટી.આઈ.માં ગયો હતો તો ત્યાં છોકરાઓ સફાઈ કરતા હતા, વાડ બનાવતા હતા. મેં પૂછયું કેમ ફરો છો? તો કહે કોઈ સાધન નથી. કોમ્પ્યુટરનો યુગ છે પણ કોમ્પ્યુટર નથી. એમણે ચિલ્લાઈ ચિલ્લાઈને રજૂઆત કરી. બીજેથી ઉછીનું કોમ્પ્યુટર લાવીને બે કોમ્પ્યુટરો મૂકયા. એટલે રોજગારી ઉભી કરવાની વાત છે ત્યાં જ આ પરિસ્થિતિ છે તો કઈ જાતની રોજગારીની વાત કરો છો? આઈ.ટી.આઈ.માં તપાસ કરો કે શું હાલત છે? કાગળમાં આટલા છોકરા ભણે છે કે રોજગારી ઉભી થઈ છે એ માત્ર કાગળમાં. વાસ્તવિકતા જુદી છે. ખેડૂતો શાકભાજી વાવવા અને રોકડિયા પાકવાળા યુવાનો રોજી મેળવતા હતા એમાં તાળા લાગી ગયા . પાવર કાપ મૂકાઈ ગયો.ડાર્ક ઝોન થઈ ગયા, મીટર આવી ગયાં એટલે ખેતીમાં જે મળતું હતું એ પૂરું થઈ ગયું. સરકારને વિનંતી છે કે ગમે તેમ કરીને રોજગારી માટે કંઈક કરો. જંગલની આજુબાજુના ટ્રાયબલ વિસ્તારમાં પણ પાંદડાનો ધંધો છે. પતરાળાં વગેરે બનાવે છે મફત લોકો લઈ લે છે ધોળી મૂસળી, કાળી મૂસળી, ગુંદ, મધ આ બધી વસ્તુઓ લાવે છે. આપે છે પણ મફતમાં જાય છે. એના હાથમાં કશું આવતું નથી. સરકાર ખરીદીને વેચે તો પેલાને પૈસા મળશે, રોજી મળશે સરકાર બેરોજગારી માટે ચિંતા કરે અને મોટો વર્ગ બેરોજગારી માટે અકળાયેલો છે. પછી એ અસામાજિક પ્રવૃત્તિ તરફ વળશે. ભૂખે મરતો માણસ ગમે ત્યારે ગમે તેવું કામ કરી દેશે. આવા યુવાનો એ પ્રવૃત્તિમાં ન સંડોવાય તે પહેલાં સરકાર જાગે અને રોજગારીની તકો ઊભી કરે તે જ વિનંતી કરું છું.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે રોજગારી માટેનો સંકલ્પ લઈને આવ્યા છે. મારી દ્રષ્ટિએ આજના દિવસનો ખૂબ અગત્યનો સંકલ્પ છે. બેરોજગારીનો રાક્ષસ આપણા યુવાધનને ભરખી જાય એ પહેલાં આપણે આનું મેનેજમેન્ટ કરવું જોઈએ અને સર્વે મળીને સારાં સૂચનો કરીને વ્યવસ્થા ગોઠવવી જોઈએ, તે આજના દિવસની માગ છે.

રોજગારી એટલે માત્ર નોકરી એવું નથી. રોજગારી એટલે વ્યકિતને કામ મળે અને એમાંથી એની પોતાની કમાણી કરે એનું નામ રોજગારી એવું હું સમજું છું. તેવી રીતે સૌથી વધુ અગત્યનું હોય તો તે 'સેલ્ફ એમ્પ્લોયમેન્ટ'

છે. માણસે પોતે પોતાની રીતે, પોતે કયાંથી કમાઈ શકે, પોતાની કેવી ક્ષમતા છે, પોતે શું કરી શકે છે. કોઈપણ કામમાં શરમ રાખ્યા વગર કામ કરે, તો એને રોજગારી મળે.

હું એક દાખલો આપું. આપણા વિદ્યાર્થીઓ અહીથી આગળ અભ્યાસક્રમ માટે ફૉરેનમાં જાય છે, ત્યારે એનો ખર્ચ નીભાવવા માટે પોતે પાર્ટ ટાઈમ નોકરી કરતા હોય છે. પેટ્રોલ પંપની અંદર પેટ્રોલ પુરવાવાળો બની જાય છે અને હોટેલની અંદર વેઈટરની પણ નોકરી કરતો હોય છે, એટલે કયાંથી રોજગારી મળે છે, કયાંથી કમાણી કરી શકાય એ રીતની સિસ્ટમ ડેવલપ કરવાની, એ રીતની માનસિકતા, મેન્ટાલિટી કેળવવાની જરૂર છે. અભ્યાસ કરી એ બી.એ. ગ્રૅજ્યુએટ થઈ જાય અને નોકરી શોધવા નીકળે અને મજૂરીનું કામ મળે તો એ કહે કે આ કામ મારાથી ન થાય. હમણાં મારે ત્યાં ઉદ્યોગો આવ્યા. નોકરી એટલે માત્ર ટેકનિકલ માણસોને નોકરી આપવી અને ક્લાર્કની, કૉમ્પ્યુટર ઑપરેટરની જ નોકરી આપવી એ જરૂરી નથી. આટલી બધી વિપુલ તકો બધાને નથી મળી શકતી. એક માણસ મારી પાસે આવ્યો. મેં એને ચિઠ્ઠી લખી આપી, પછી એને નોકરીએ રાખ્યો. તેણે બે દિવસ નોકરી કરી અને ત્રીજે દિવસે પાછો આવ્યો કહે છે કે બોરી ઉપાડવી પડે છે. પગાર કેટલો આપે છે? ૪,૦૦૦ રૂપિયા, પણ બોરી ઉપાડવી પડે છે. એસ.એસ.સી. ભણેલ છોકરાને ૪,૦૦૦ રૂપિયા પગાર મળતો હોય તો બોરી ઉપાડવી પડે, કામ કરવું પડે. કામ કરવાની માનસિકતા કેળવવાની આપણે ત્યાં જરૂર છે, જેનો અભાવ છે, તેના લીધે તકલીફ ઊભી થઈ છે. એક ગરીબ બાય વિધવા બાઈ ૩,૦૦૦ રૂપિયા કમાઈ લેતી હોય છે, સાથે સાથે પોતાનું ઘર ચલાવે, પાંચ ઘ ારે કામ કરવા જાય, છોકરા સંભાળે, વાસણ-કપડાં ધોવે, કચરા-પોતું કરીને ૩,૦૦૦ રૂપિયા પેદા કરતી હોય છે. કામ જ જો કરવું હોય તો ઘણી તકો છે, પણ હું સમજું છું લોકોની કામ કરવાની દાનત ઓછી થતી જાય છે, એના કારણે બેરોજગારીનો પ્રશ્ન ઊભો થયો છે. આ થયું એક ચિત્ર.

બીજું ચિત્ર અને સૂચન રજૂ કરવા માગું છે. રોજગાર કચેરીની અંદર જે રીતે આપણે નોંધણી કરીએ છીએ. એ સિસ્ટમ આખી બદલવાની જરૂર છે. રોજગાર કચેરીનું તંત્ર, એનો વહીવટ અને સિસ્ટમ બદલવામાં આવે તો જ રોજગાર કચેરીનો લાભ યુવાનોને મળી શકે. ખરેખર હાલના તબક્કે હકીકત એવી બને છે કે લોકોને કામ કરવાવાળાની જરૂર છે. સામે પક્ષે લોકોને નોકરીની જરૂર છે, પણ સંકલનના અભાવને લીધે મને કામ કરવાવાળા જોઈતા હોય, જે જાતના વ્યકિતઓ જોઈએ છીએ તે મળતા નથી, જ્યારે કામ કરવાવાળાની ક્ષમતા છે, એને એની ક્ષમતા પ્રમાણેની નોકરી મળતી નથી, ત્યારે રોજગાર કચેરીની અંદર નવી સિસ્ટમ કૉમ્પ્યુટરાઈઝેશન પદ્ધતિ કરી એવું કરવું જોઈએ જેથી કરીને જે લોકોની રિકવાયરમેન્ટ હોય, તે પૂરી રિકવાયરમેન્ટ રોજગાર કચેરી દ્વારા મળે. જે જે લોકો નોંધણી કરાવે, તે લોકોનો રિવ્યુ કરીને, પ્રોપર જગ્યાએ પ્રોપર લોકોને નોકરી મળે, તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ, તો રોજગાર કચેરીનો જે ખર્ચ કરીએ છીએ, આપણે લોકોની આશા બાંધીએ છીએ એમાં આપણને પૂરી સફળતા મળી શકે. રોજગાર કચેરીમાં જે સિસ્ટમ છે, તે આજના દિવસે પણ એટલી બધી ખરાબ છે કે એના ઉપરથી લોકોનો વિશ્વાસ ઊઠી ગયો છે.આના ઉપરથી લોકોને વિશ્વાસ ઉડી ગયો છે તે વાત સાથે મારો સૂર પુરાવું છું.

રોજગારી કચેરીમાં નોંધણી કર્યા પછી તે માણસોને કેટલા વખતમાં નોકરી મળવી જોઈએ તેની પણ તકેદારી રાખવાની છે. માત્ર નોંધણી કરે અને પછી દસ વર્ષ સુધી ઈન્ટરવ્યું ન મળે તો આ રોજગાર કચેરીનો કોઈ અર્થ રહેતો નથી અને લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે એ પણ એટલું જ અગત્યનું છે. બીજી ખાસ વાત કરું તો ઉદ્યોગો આપણી પાસે આવે છે. આપણે ઉદ્યોગોની અંદર એવી અપેક્ષા રાખીએ કે ઉદ્યોગો આવે છે તેથી લાખો લોકોને નોકરી મળી જશે પણ આ ટેકનિકલ જમાનાની અંદર મોટા ઉદ્યોગો સો કરોડનો ઉદ્યોગ હોય કે ૫૦૦ કરોડનો ઉદ્યોગ હોય પણ તેમાં માત્ર ૨૦૦ લોકો કામ કરતા હોય છે. મોટા ભાગના મશીનો મોટા મોટા શેડમાં હોય છે પણ તેમાં જઈને જોઈએ તો બે જ માણસ કામ કરતા હોય છે. કારણકે બધુ આજે કોમ્પ્યુટરાઈઝડ છે. એટલે આવા ઉદ્યોગોમાં બહુ માણસોની જરૂર પડતી નથી. માત્ર ઉદ્યોગો જ રોજગારી આપી શકે તે પણ નથી. ઉદ્યોગો આપણી આર્થિક વ્યવસ્થા સુધારી શકે પણ રોજગારી ઉભી થાય એ પણ એટલું જ અગત્યનું છે.

રોજગારી સેલ્ફ એમ્પ્લોયમેન્ટથી ઉભી થાય તેવું મારું સ્ટ્રીક માનવું છે. એક લારીવારો માણસ સાંજે ફકત ચાર કલાક ભાજીપાઉ વેચીને મહિને ૨૦ થી ૨૫ હજાર રૂપિયા કમાઈ લેતો હોય છે એટલે આવા સેલ્ફ એમ્પ્લોયમેન્ટ જે જે નિગમો દ્વારા ધંધા ઉદ્યોગો શરૂ કરવાનું આયોજન હોય તેનો પૂરેપૂરો અમલ થાય તેના માટે જાગૃત્તિ અભિયાનો થાય, શિબિરો થાય અને શિક્ષિત બેરોજગારો છે તેમને પૂરેપૂરું માર્ગદર્શન આપવામાં આવે તો રોજગારી ઉભી કરી શકીશું. આપણે જે જે ફંડ નિગમોને ફાળવવામાં આવે છે તે નાના ઉદ્યોગનો લાભ ગામડાના ગરીબ માણસ, જરૂરિયાતમંદ માણસ સુધી પહોંચે તે પણ જરૂરી છે. તેના માટે બધાએ પ્રયત્ન કરવો પડશે. એક ધારાસભ્ય તરીકે આપણે પ્રયત્નો કરવા પડશે. આપણી યોજનાઓનું પૂરેપૂરું અમલીકરણ થાય, પણ આજે તે યોજનાઓનું અમલીકરણ થતું નથી તેના લીધે લોકોનો આ યોજનાઓમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. એટલે મારી ખાસ વિનંતી છે કે સેલ્ફ એમ્પ્લોયમેન્ટને વધારેમાં વધારે પ્રોત્સાહન આપવામાં આવે અને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝને વધુ પ્રોત્સાહન આપવામાં આવે તો રોજગારીની તકો ઉભી થાય. એટલે આટલાં મારાં સૂચનો રજૂ કરું છું અને તેના ઉપર વિચારણા કરે તેવી આશા. ધન્યવાદ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી બલવંતસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે કે આ રાજયમાં રોજગારીનો પ્રશ્ન દિન પ્રતિદિન વિકટ બનતો જાય છે. આ રાજયની

અંદર મારા જેવા નવ યુવાનો, બેરોજગાર મિત્રોની હૃદયની લાગણીઓ આ વિધાનસભા ગૃહ મારફતે સરકાર સુધી પહોંચાડવા માટે જે સંકલ્પ લાવ્યા છે તેના બદલ પહેલાં તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું સરકારને આ સંકલ્પ મારફતે વિનંતી કરવા માગું છું કે બલવંતસિંહે મારા જેવા નવયુવાનો, બેરોજગાર યુવાનોના હૃદયની વેદનાઓ રજૂ કરવા માટે પ્રયત્ન કર્યો છે અને સંકલ્પ મૂકયો છે તેને દૃઢતાથી સ્વીકારીને નવયુવાન મિત્રોને આહવાન આપે કે આજે એવો સમય છે કે બેરોજગારી ઉપર બહુ વાતો થઈ શકે, કેટલાય કલાકો સુધી ભાષણ થઈ શકે. પરંતુ અમારા જેવા નવયુવાનો એવું સમજે છે કે આપણે આપણું લોહી પશીનો રેડી અને જે સંસ્થા ઉપર, જે લોકશાહી પ્રણાલી ઉપર વિશ્વાસ મૂકયો છે તે અમારા પ્રતિનિધિઓ સરકારમાં અમારા હૃદયની લાગણીઓ, વ્યથાઓ અને તકલીફો છે તેનું નિરાકરણ કરશે. પરંતુ આ પરિસ્થિતિ જોતાં મને એવું ચોકકસ દેખાય છે કે આજની તારીખે મારા જેવા નવયુવાન મિત્રોએ જે વિશ્વાસ મૂકયો છે તેના ઉપર પાણી ફરી વળ્યું છે.

આ સન્માનનીય ગૃહ સમક્ષ આંકડા આવ્યા માત્ર એક વર્ષની અંદર ૯.૫ લાખ લોકો નવયુવાનોના નામ રોજગારી કચેરીમાં નોંધાયા છે. તેનાથી બહુ મોટો આંકડો વાસ્તવિક રીતે રસ્તાઓમાં ભટકી રહ્યો છે, બધા સન્માનનીય સભ્યશ્રીઓને આ હકીકતનો ખ્યાલ છે ત્યારે સર્વ પ્રથમ વિનંતી કરું કે, આ પ્રશ્નને હળવાશથી નહીં લો એને માટે ગંભીરતાની જરૂર છે, આ બેરોજગારોનો પ્રશ્ન આવતીકાલના ગુજરાત માટે ઘણા પ્રશ્નો ઊભા કરશે એના સંકેતો આ આંકડાઓમાંથી આપણને મળી રહ્યા છે. જ્યારે મારા નવયુવાન મિત્રોને રોજગારીની તકો નહીં મળે, એના ખિસ્સામાં બે ફદિયા નહીં આવે, એના પેટનો ખાડો નહીં પૂરાય ત્યારે શું પરિસ્થિતિ નિર્માણ થવાની છે એની ચિંતા કરવાની જરૂર છે. ગૃહ વિભાગના એક પ્રશ્નના આંકડાઓ માનનીય બલવંતસિંહે રજૂ કર્યા, આ આંકડાઓમાં દિનપ્રતિદિન જે વધારો થઈ રહ્યો છે એ આ બેરોજગારોનો ચિતાર્થ છે અને એટલા માટે જ્યારે વ્યકિત પોતાના સ્વમાનનું રક્ષણ ન કરી શકે, વ્યકિત પોતાના પેટનો ખાડો ન પૂરી શકે ત્યારે એને માત્ર ભાષણોથી સંતોષ થતો નથી, જ્યારે આ ભાષણોની સંતોષ ના થાય ત્યારે રાજયમાં અરાજકતા પેદા થાય, આ પરિસ્થિતિનો સામનો આજે ગુજરાત કરી રહ્યું છે.

આંકડાની માયાજાળમાં મારે નથી પડવું, કે કેટલી લૂંટ થઈ, કેટલી ચોરીઓ થઈ, કેટલાં ખૂન થયાં, કેટલી આત્મહત્યાઓ થઈ, કેટલા અપમૃત્યુ થયાં, માત્ર આંકડાઓથી સંતોષ માનશું તો ચાલવાનું નથી. આ તો આંકડાઓની માયાજાળ છે. તેનાથી વિપરીત સ્થિતિ આજે શહેરોમાં જે નિર્માણ થઈ રહી છે ત્યારે ગંભીરપણે આ એક દ્રઢ સંકલ્પ સ્વરૂપે, લોકોને રોજગારી આપવાના ધ્યેય સાથે ગૃહ ઉદ્યોગોથી શરૂ કરી અને મોટા મોટા ઉદ્યોગો સુધી, આ એકવીસમી સદીમાં, આધુનિક યુગમાં, કૉમ્પ્યુટર યુગમાં, આપણે વીઆરએસની સ્કીમો ચોક્કસ લાવીએ, માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી ખરચાઓમાં કાપ, સરકારે પોતાના આર્થિક ભારણમાંથી છટકવા માટે થઈને વીઆરએસની સ્કીમ આપી, દશ ટકા, વીસ ટકા નોકરીઓમાં કાપ કરે, બજેટમાં આંકડાઓ ચોક્કસ આવશે, એ આંકડાઓ તો સારા આવશે, પરંતુ શેરીઓમાં જે બેરોજગારોનો ગ્રાફ એના આંકડાઓ દિનપ્રતિદિન વધતા જવાના છે. મારા નવ યુવાન મિત્રોના સ્વમાનનું રક્ષણ પણ નથી થવાનું અને આગામી દિવસોમાં આ ગુજરાતે બેરોજગારીના કારણે ઊભી થતી જે અભૂતપૂર્વ ઘટનાઓ બનવાની શક્યતા છે ત્યારે આજે ચેતી જવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બેરોજગારોનો પ્રશ્નનું એક સામાન્ય પરિસ્થિતિનું નિરૂપણ આ ગૃહ સમક્ષ કરવા માગું છું, આજે ગુજરાતના અઢાર હજાર ગામડાંઓ, એ ગામડાંઓમાં રોજગારીની તકો નહીં મળવાને કારણે, આવકના સ્ત્રોતો ઊભા નહીં થવાને કારણે મારા યુવાન મિત્રો જ્યારે રોજગારી માટે ભટકી રહ્યા છે, તેઓની વય વટાવી ગયા છતાં તેઓ સાંસારિક જીવન, દાંપત્ય જીવનના લાભથી પણ વંચિત થઈ રહ્યા છે. આ એક ચિંતાનો વિષય છે. આ વિષય આ બેરોજગારીના વિષય સાથે સંકળાયેલો છે. આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓને એ હકીકતનો કદાચ ખ્યાલ નહીં હોય પણ એક દીકરીનો બાપ હોય એ વાતની ચોક્કસ ચિંતા કરે કે અમે દીકરીને જે ઘરમાં મોકલવાના છીએ, માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે, દીકરીનો બાપ ચોક્કસ ચિંતા કરે.એટલે હું આ હકીકત ગૃહ સમક્ષ મૂકવા માગું છું. આજે સરકારના મિત્રો આને મજાક બનાવી રહ્યા છે. મજાકમાં નહીં આને ગંભીરતાથી ધ્યાનમાં લે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પરેશભાઈનો મેળ પડત નહીં પણ સાસરા પક્ષના લોકોને એમ થયું કે ધારાસભ્ય થયા પછી રોજગારી મળશે એટલે એનો મેળ પડી ગયો. પણ હજુ રોજગારીનો મેળ નથી પડયો.

**શ્રી વજુભાઈ વાળા** : ધારાસભ્ય મટી જાય પછી શું થશે એ તો કહો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતા અને માનનીય નાણામંત્રીશ્રીએ બહુ સારી ચિંતા કરી છે. હકીકત હું કહેવાનો હતો. પરંતુ આ એક વાસ્તવિકતા છે કે આજે ગામડે ગામડે ૩૦-૩૦, ૪૦-૪૦, ૫૦-૫૦ યુવાનો-મિત્રો જે ઉંમરે ગૃહજીવનમાં પ્રવેશ કરવો જોઈએ એ ઉંમરે એનાથી વંચિત થઈ રહ્યા છે એટલા માટે કે દિકરીનો બાપ એ વસ્તુની પહેલા ચિંતા કરે કે મારી લક્ષ્મી જે ઘરે જવાની એના ખિસ્સામાં લક્ષ્મી છે કે નહીં? એને રહેવા માટે ઘર છે કે નહીં? એ સારી નોકરી ધંધો કરે છે કે નહીં? એ યુવાનને નોકરી કરવી છે, ધંધો કરવો છે, મજૂરી કરવી છે પણ મજૂરી કરવાની પણ એને તક મળવી જોઈએને? યુવાનો એ તકથી આજે વંચિત થઈ રહ્યા છે. આ તક આપવાની જવાબદારી આ ગૃહમાં બેઠેલા તમામ સન્માનીય સભ્યશ્રીઓની છે.

છેલ્લે કહું કે આ ગૃહના બન્ને મહાનુભાવોએ ચિંતા કરી, મારી આપવીતી કહી ત્યારે કહેવું છે કે રોજગારીની તક નહીં મળવાના કારણે મારા જેવા નવયુવાનો રાજકારણના રવાડે પણ ચડી ગયા છે અને આ

વિધાનસભા ગૃહમાં પ્રવેશી ચૂકયા છે. અમારા જેવા બેરોજગારો આ ગૃહમાં આવીને બેસશે અને નવયુવાન મિત્રોને નવો રાહ ચિંધશે. એટલે એ પહેલા ચેતી જજો અને આ સંકલ્પને દઢ મનોબળ તરીકે સ્વીકારી અને રોજગારીની યોગ્ય તક પ્રાપ્ત થાય એવી કોઈ યોજના બનાવવામાં આવે અને યુવાનોને રોજગારીની તક માટેનું એક વર્ષ ઉજવવામાં આવે. છેલ્લે એક ગંભીર વિષય માનનીય ગોવાભાઈએ કહ્યો કે હીરા ઉદ્યોગ, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે. આ ગુજરાત રાજયના ૨૦-૨૦ જેટલા મહાનુભાવો ડી.ટી.સી.ના સાઈડ હોલ્ડર છે. આજે પણ આ ઉદ્યોગ ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ લાખ લોકોને રોજગારીતી તક આપે છે પરંતુ આ હીરા ઉદ્યોગ માટે આપણે શું ચિંતા કરી? આપણે હીરા વિકાસ બોર્ડ બનાવ્યું છે. આપના મારફત એટલું માત્ર આ સભાગૃહને કહેવા માગું છું કે આ હીરા ઉદ્યોગ વિકાસ બોર્ડે આજ સુધીમાં શું કામગીરી કરી? આના માટે ચિંતા કરી અને આ હીરા ઉદ્યોગને પ્રોત્સાહન આપવું જોઈએ. મારા રત્નકલાકાર ભાઈઓનું સન્માન થાય, એને સમાજમાં સારું સ્ટેટસ મળે એવો કોઈ માહોલ આપણે ઉભો કરીશું તો મને લાગે છે કે આના મારફત પણ આપણે રોજગારીની વધારેમાં વધારે તકો ઉભી કરી શકીશું. આજે સ્થિતિ એવી છે કે ગુજરાતના બદલે આ ઉદ્યોગ મહારાષ્ટ્રમાં અને મહારાષ્ટ્રના બદલે વિદેશોમાં સ્થળાંતર કરી રહ્યો છે ત્યારે આપણે માત્ર રોજગારીની તકો જ નથી ગુમાવી રહ્યાં પણ આપણા રાજયની તિજોરીમાં જે આવક થવી જોઈએ એ આવક પણ ગુમાવી રહ્યાં છીએ એ ચિંતાનો વિષય છે. ત્યારે આ બેરોજગારીનો પ્રશ્ન છે એને પક્ષાપક્ષીથી પર સામૂહિક ચિંતનના સ્વરુપે લઈ આ સંકલ્પને દઢ મનોબળથી સ્વીકારી અને મારા નવયુવાન મિત્રોને રોજગારીની તકો મળે એના માટે આ સન્માનીય સભાગૃહ ચિંતા કરે. આ સાથે સંકલ્પમાં મારી સંમતિ પૂરાવું છું.

**ડૉ. સી.જે.ચાવડા (ગાંધીનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ રાજપૂત બેરોજગારીની ચિંતા માટેનો સંકલ્પ લઈને આવ્યા છે એ ચિંતામાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેન આચાર્ય અને માનનીય પરેશભાઈ ધાનાણીએ ખૂબ વિગતે એની ચિંતા કરી છે અને શાસક પક્ષે પણ આની ગંભીર નોંધ લીધી હોય એવું લાગે છે. બેરોજગારો માટેની રોજગારીની તકો છે એ છીનવાઈ ન જાય અને રોજગારીની તકો વધુ ઉભી થાય એ દિશામાં આપણે સૌએ ચિંતા માટેનો આ પ્રસ્તાવ ભાઈશ્રી બલવંતસિંહે મૂકયો છે. જે કંઈ તકો હતી રોજગારીની, સેલ્ફ એમ્પલોયમેન્ટ દ્વારા, નાના મોટા લઘુ ઉદ્યોગ દ્વારા અને સરકારી નોકરી અને અર્ધ સરકારી નિગમો દ્વારા આપી શકાય છે. સરકારે જે જાહેરાત કરી હતી એક લાખ ગ્રામમિત્રની, સારી જાહેરાત હતી, એક લાખ બેકારોને તેમની બેકારી દૂર કરવાની વાત હતી, સાથે સાથે રાજ્યના વિકાસમાં યુવાનોને જોતરવાની વાત હતી સરકારે જે તે વખતે જે સંકલ્પ રજૂ કર્યો હતો અને અત્યારે જે સંકલ્પ રજૂ થયો છે એ બન્ને સમન્વય થાય તો એક લાખ કે બે લાખ બેકાર યુવાનોને ગ્રામ મિત્ર દ્વારા રોજગારી મળે તેમ છે. એ જ રીતે શહેરીમિત્રની વાત પણ કરવી જોઈએ અને શહેરીમિત્ર દ્વારા પણ બેરોજગારી દૂર કરી શકાય એવી વાત છે.

ગુજરાત સરકારના અને અર્ધ સરકારી તંત્રમાં કે બોર્ડ કે નિગમમાં જે રોજગારી પૂરી પાડે એવા નિગમો હોય તે નિગમો ખોટ કરતા હોય તો પણ તે ચાલુ રાખવા જોઈએ. જેમકે એસ.ટી. તંત્ર, આ એસ.ટી. તંત્ર ગુજરાતની પ્રજા માટે સેવાનું કાર્ય તો કરે જ છે પણ લોકોને રોજગારીની તકો પણ પૂરી પાડે છે. આજે દશ હજાર કે પંદર હજાર એસ.ટી. ના રૂટ હોય તો વીસ પચીસ હજાર માણસો ડ્રાયવર-કંડકટર એસ.ટી. તંત્રમાં, એનું કલેરિકલ વર્ક, કયાંક એનું વર્કશોપ ચાલતું હોય તો આ એસ.ટી. તંત્ર પણ ઘણા લોકોને રોજી આપતું તંત્ર હોઈ આ તંત્રમાં જેમબને તેમ વધારો કરવાની દિશામાં આગળ વધવું જોઈએ.

બીજું એક તંત્ર છે ગુજરાત સરકારનું જી.ઈ.બી. એ પણ વાયરમેનથી માંડીને ચીફ એન્જિનિયર સુધીના વ્યક્તિઓ રોજી આપતું, રોજગારી પૂરી પાડતું તંત્ર છે, બીજી વાત મારે એ કરવી છે કે જેમ જેમ વિકાસ થતો હોય તેમ તેમ પ્રજાને સરકાર સેવા પૂરી પાડતી હોય છે આરોગ્યની સેવાઓ હોય તો એના નોર્મ્સ નક્કી થયેલા હોય છે કે દશ હજાર માણસોએ એક દવાખાનું, એક આરોગ્ય કેન્દ્ર, કે આટલા લેબ ટેકનિશિયન, આટલા કમ્પાઉન્ડર આપવા એ નોર્મ્સને વળગી રહે તો આરોગ્ય ક્ષેત્રમાં પણ વધુ રોજગારી આપી શકાય તેમ છે. નોર્મ્સ એવા પણ નક્કી થયેલા છે કે દશ હજાર પશુઓએ એક વેટરનરી ડોકટર, કમ્પાઉન્ડર એની આજુબાજુ કામ કરતા લોકો હોય એ રીતે પણ રોજગારી પૂરી પાડવી જોઈએ.

આજનો વિષય છે પર્યાવરણ, એની વાત ચાલે છે ત્યારે હું તો આ ગૃહને વિનંતી કરું છું, રાજ્ય સરકારને વિનંતી કરું છું કે, દશ હજાર વૃક્ષોએ એક બીટગાર્ડ હોવો જોઈએ કે જે વૃક્ષોનું જતન કરે અને પર્યાવરણનું જતન કરે અને બીટગાર્ડ વૃક્ષોના વાવેતર દ્વારા પર્યાવરણને વધુ સાચવે અને ગુજરાતની લીલોતરી વધે અને એને રોજી મળે. દરેક ક્ષેત્રમાં કયાં કયાં રોજગારી આપવી એનો વિચાર સરકાર કરી શકે તેમ છે વિચાર એટલા માટે કરી શકે કે હમણાં જ નાણામંત્રીશ્રીએ વાત કરી છે કે ગુજરાતની આવક વધી છે, મહેસૂલી ખાધ ઘટી છે પુરાંતવાળું બજેટ રજૂ કર્યુ છે ત્યારે આ નાણાકીય પરિસ્થિતિ ગુજરાત સરકારની સુઘરી હોય ત્યારે નોકરી આપવાના આપણા જે કંઈ રસ્તા છે એને બંધ ન કરતા ખુલ્લા રાખવા જોઈએ.

બીજું એક બહુ મોટું તંત્ર છે લશ્કરીમેળા દ્વારા. લશ્કરી ભરતી દ્વારા ગુજરાત સરકાર આપણા યુવાનોને ક્યાંક તાલીમ આપીને કેન્દ્ર સરકાર કે લશ્કરી ભરતી મેળામાં સામેલ થાય એના માટે પણ થોડી વિચારણા કરવી જોઈએ અને એની ચિંતા કરવી જોઈએ. ગુજરાત પોલીસ કર્મીની ભરતી, લશ્કરી મેળા તો કેન્દ્ર સરકારની ભરતી છે.

પોલીસ કર્મીની જે ભરતી લોકરક્ષકની કરવાની છે એની પ્રોસિઝર પણ બહુ લેન્ધી કરી નાંખી છે, પહેલાં ડી.એસ. પી. દર વરસે બાર પંદર હજાર પોલીસ કર્મચારીઓની ભરતી કરતા હતા છેલ્લા બે વર્ષથી ચાર હજારની ભરતીની કાર્યવાહી ચાલે છે પણ પૂરી થતી નથી. આમાં ઝડપ કરવી જોઈએ અને જેટલી જગ્યાઓ ખાલી છે એની ભરતી કરવી જોઈએ આમ અસંખ્યા રસ્તાઓ ખુલ્લા છે એકબાજુ બેકારીનો ગ્રાફ ઉંચો થતો જાય છે બીજીબાજુ રોજગારીની તક કેમ આપવી એ વિચારવું જોઈએ કારણકે તકો મર્યાદિત છે પણ એ મર્યાદિત તકોમાં બેકારી ઘટે એ દિશામાં ચિંતા કરી અને બેકારોની સંખ્યામાં ઘટાડો થાય અને પરેશભાઈ ધાનાણી, બલવંતસિંહ રાજપૂત, ગોવાભાઈ અને ડો. નિમાબહેન આચાર્યએ જે ચિંતા કરી છે એ દિશામાં આપણે બધાએ આગળ વધવું જોઈએ એટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત જે સંકલ્પ લઈને આવ્યા છે એમને હું હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. દેશમાં બેરોજગારીની ખૂબજ મોટી સમસ્યા છે ત્યારે આજે વસતિ વિસ્ફોટને કારણે બેરોજગારોની સંખ્યા પણ દિનપ્રતિદિન વધી રહી છે. રોજગારીની ચિંતા ગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓને હોય એ સ્વાભાવિક બાબત છે. આજે ગામડાંઓ ખાલી થઈ રહ્યાં છે. આપણો દેશ ખેતી પ્રધાન દેશ હોવાને કારણે ગામડાંમાં રહેતાં લોકો ખેતી કરીને રોજી રોટી કમાતા હોય છે પણ વરસાદને અભાવે કે ખેતીમાં પાક નહીં થવાને કારણે જ્યારે નાના ઉદ્યોગો કે હીરા ઉદ્યોગો જેવા ઉદ્યોગો ગામડાંમાં કરવા માગતા હોય પરંતુ આજે વીજળીની મોટી સમસ્યા હોય ત્યારે આ ગામડાંના લોકો શહેર તરફ વળ્યા છે.

**અધ્યક્ષશ્રી .** : બેરોજગારીના ઉપાયો બતાવો, ભાષણ નહીં.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : આજે વધારેમાં વધારે બેરોજગારી નિવારવા માટે ઉદ્યોગો આ ગુજરાતમાં આવે અથવા જે ઉદ્યોગો ચાલે છે તેમાં કંઈક કરવામાં આવે તો આ નિવારણ લાવી શકાય. ભાવનગર જિલ્લાની વાત કરું તો ગુજરાતમાં મોટામાં મોટો ઉદ્યોગ શિપ બ્રેકીંગ ઇન્ડસ્ટ્રીઝ ઉદ્યોગ હતો. આજે સરકારની નીતિને કારણે આ ઉદ્યોગ દિવસેને દિવસે ભાંગી રહ્યો છે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા આ જે પ્લોટ ફાળવવામાં આવે છે જે સભ્યશ્રીઓને ખબર નહીં હોય તેને વાત કરું કે આ પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા માત્ર ૩૫ હજારમાં પ્લોટ આપવામાં આવતા હતા. પરંતુ આજે ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા દોઢથી પોણા બે કરોડ રુપિયામાં પ્લોટ આપવામાં આવે છે અને સરકારની નીતિ છે કે તેમાં કોઈ ડાયરેકટરને લેવામાં આવતા હોય કે જે પ્રાયવેટ લિમિટેડ કંપની હોય તો તેના પણ પૈસા લેવામાં આવે છે. ૧૦ લાખ કે પાંચ લાખ જેવી રકમ લેવામાં આવે છે.ડાયરેકટરને તેમાંથી દૂર કરવો હોય તો પણ પૈસા લેવામાં આવે છે. આ રીતે દિવસે દિવસે શીપ બ્રેકીંગ ઇન્ડસ્ટ્રીઝ ભાંગી રહી છે. આ ભાવનગર જિલ્લામાં પ્લાસ્ટિક ઉદ્યોગ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં હતો સરકારની નીતિને કારણે તે પણ ધંધો ભાંગી રહ્યો છે.

આલ્કોક એશ ડાઉન કે ગુજરાતનું એક માત્ર એવું સરકારી સાહસ કે જેમાં શીપ બિલ્ડીંગ થાય છે. મોટા મોટા જહાજ બાંધવામાં આવે છે. આજની તારીખે તેમાં ત્રણ જહાંજ બાંધવાનું કામ ચાલે છે. આ જહાજ બાંધવામાં આવે છે તેને પણ સરકાર છેલ્લા ૨૭ વર્ષથી નફો કરતું યુનિટને સરકારે જાહેરાત આપીને વેચવા કાઢેલ છે, જેમાં રોજગારી મેળવતા જે કર્મચારીઓ છે, યુનિયન લીડરો છે તેમની મેં મુલાકાત લીધી ત્યારે તેમની જે તકલીફ હતી તે ત્યાં જે કામ કરવામાં આવે છે તેમાં ટેન્ડરથી અને માત્ર ત્રણ જ કંપની છેલ્લાં ઘણાં વર્ષોથી એકને એક કામ કરી રહી છે. આજે ચીનમાં આટલી બધી વસ્તી હોવા છતાં પણ નાના નાના જે ઉદ્યોગો છે, ગૃહ ઉદ્યોગો છે તે વિકસ્યા છે. ત્યાંની નીતિને કારણે ત્યાં આજે ભારતના અને ગુજરાત ઉદ્યોગો તે તરફ વળી રહ્યા છે. આ આલ્કોક કેશ ડાઉનનું જે હું વાત કરતો હતો તેમાં સરકાર વિચારે તો ખરેખર રોજગારી વધારે ઉભી થઈ શકે તેમ છે.

ભાવનગરમાં હીરા ઉદ્યોગ જે ચાલી રહ્યો હતો તેમાં સરકાર તરફથી જે તાલીમ આપવામાં આવતી હતી તેમાં એક ખાનગી સંસ્થાને આપી હતી અને એક સરકાર દ્વારા ચાલતી હતી. તે તાલીમમાં પણ ગ્રાન્ટ જે સંસ્થા ચલાવતી હતી તેને ગ્રાન્ટ ફાળવવામાં આવી છે પણ સંસ્થાને ગ્રાન્ટ નહોતી આપી અને તેમાં જે તાલીમ લેતા જે કર્મચારીઓ છે તેને અધૂરી તાલીમ છોડવાનો સમય અત્યારે આવ્યો છે. રોજગારી ઉભી કરવા માટે ઉદ્યોગો અહીંયાં સ્થપાય આજે વિદેશ જવા માટે જે લોકો પ્રેરાય છે અને આપણી કમનસીબી એટલી છે કે આપણે વિદેશ જવું પડે છે લોકોને અહીંયા લાવવા માટે. આ આપણી કમનસીબી  ગુજરાતની છે. બેરોજગારી જે દિવસે દિવસે વધી રહી છે. આજે વણકર જે વણકર કામ કરીને જે વણકર સહકારી મંડળી હતી તેમાં જે ઘરે બેસીને કપડાં વણતા હતા આજે લાલુપ્રસાદ યાદવે કુંભાર માટે જે નીતિ ઘડી અને એવું કર્યુ તેને હિસાબે કુંભાર જે બેકાર હતા તેને આજે રોજી રોટી મળી છે. ચર્મ ઉદ્યોગ કે વણકર ઉદ્યોગ આજે ભાંગી ગયો છે. આજે સરકારી કર્મચારીઓને જે કાપડ આપવામાં આવે છે તે વણકરો દ્વારા લેવામાં આવતું હતું, આજે મિલનું કાપડ આપવામાં આવે છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, એના હાર્દ સાથે હું સંમત છું, ખૂબ જ સારો પ્રસ્તાવ છે, સાથે સાથે ભાઈશ્રી ગોવાભાઈ, બહેનશ્રી નીમાબેન, શ્રી પ્રવીણભાઈ, ડો. સી.જે.ચાવડા, શ્રી પરેશભાઈ ધાનાણી વગેરેએ ખૂબ સારાં સૂચનો કર્યા છે. આ બધાં સૂચનોને ધ્યાનમાં રાખીને આગામી વર્ષ દરમ્યાન રાજય સરકાર આ દિશામાં કામ કરવા ચોકકસ પ્રયાસ કરશે.

માનનીય બલવંતસિંહ ભાઈએ ઘણી બધી વાતો કરી અને આંકડાકીય માહિતી આપી છે. મારે રાજય સરકારની અને મારા વિભાગની કોઈ વાત કરવી નથી, પરંતુ માત્ર મારે તેમની સરકારના આંકડા આપવા છે. એટલે માનનીય બલવંતભાઈ જ નકકી કરે કે તેમનો આંકડો સાચો છે કે તેમની સરકારનો આંકડો સાચો છે એ એમણે જ નકકી કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના આયોજન પંચે જે આંકડા આપ્યા છે, એમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭.૧ ટકા અને શહેરીવિસ્તારમાં ૭.૭ ટકા બેરોજગારીનું પ્રમાણ છે જયારે ગુજરાતમાં ગ્રામીણ ક્ષેત્રમાં ૪.૮ ટકા અને શહેરી વિસ્તારમાં ૪.૨ ટકા બેરોજગારીનું પ્રમાણ છે. રોજગારીના ક્ષેત્રમાં બે વર્ષમાં તમામ રાજયમાં ગુજરાત પ્રથમ ક્રમે છે એ આયોજન પંચનો આંકડો છે. ત્યારપછી આઈ.એલ.ઓ. એટલે કે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન કે જેની મુખ્ય ઓફિસ સ્વીટર્ઝલેન્ડમાં જીનીવામાં આવેલી છે અને એ સંસ્થાના લોકો જયારે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા ત્યારે એમણે એવું કહયું છે કે જાહેર રોજગારની સેવાની સુધારણામાં પહેલ કરનાર દેશમાં ગુજરાત પ્રથમ રાજય છે. ૧૯૯૮ પહેલાં રાજયની તમામ રોજગાર કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ગુજરાત સરકારે ગૌરવ પ્રાપ્ત કર્યું છે, આખા દેશમાં ઓન લાઈન ઈન્ટરનેટ ઉપર, વેબ સાઈટ ઉપર કયારે, કઈ જગ્યાએ, કેટલા લોકો, કેવા સ્કીલ લેબર નોંધાયેલા છે અને કેટલા નોંધાયેલા નથી એ સો ટકા કોમ્પ્યુટરાઈઝડ વિગતો ફકત ગુજરાત રાજયમાં જ છે અને એના કારણે પણ ઘણીબધી રોજગારી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વેબસાઈટ મેં કહયું એ પ્રમાણે અધિકૃત એના કારણે આ આઈ.એલ.ઓ. સંસ્થાએ જે સૂચનો કર્યા છે એ પ્રમાણે ગુરગાંવ-હરીયાણા અને બેંગલોર-કર્ણાટક જેવા રાજયોમાં નોકરી દાતાઓએ ગુજરાતમાંથી અંદાજે ૪૦૦ જેટલા આઈ.ટી.આઈ. ઉમેદવારોને પસંદ કરેલા છે અને વેબ સાઈટના માધ્યમથી વર્ષ ૨૦૦૩ દરમ્યાન યોજાયેલ ૩૨૪ જેટલા ભરતી મેળાઓમાં ૮૩૬૫૬ રોજગાર વાંચ્છુંઓએ ઈન્ટરવ્યુ આપ્યા અને એમાંથી ૫૦૦૪૦ જેટલા રોજગાર વાંચ્છુઓને નોકરીઓ માટે પસંદ કરવામાં આવ્યા હતા અને છેલ્લું તેમનું સજેસન એવું હતું કે ગુજરાતની આ સેવાની સફળતા તરફ દોરી જતાં પરિબળો કયાં છે અને એવાં પરિબળોને શોધી કાઢવાં અત્યંત જરૂરી છે કેમ કે અન્ય રાજયો પણ ગુજરાત મોડેલને અનુસરવા યથાયોગ્ય વિચારણા કરી શકે.

આપણું ગુજરાત રાજયનું શ્રમ અને રોજગાર વિભાગ કામ કરે છે, એ આખા દેશમાં એક મોડેલ છે અને આવું જયારે આઈ.એલ.ઓ. એટલે કે જીનીવાની સંસ્થા કહે છે અને એટલા માટે આ સરકાર યોગ્ય દિશામાં જ છે એમ કહું તો ખોટું નથી. માનનીય બળવંતસિંહભાઈ, આ રિપોર્ટ જયારે યુ.પી.એ.ની સરકારે જ બહાર પાડયો છે ત્યારે ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલ વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૩ દરમ્યાન દેશમાં ૧૫૪.૯ હજાર રોજગારી પૂરી પાડવામાં આવી જે પૈકી ગુજરાતની રોજગાર કચેરીઓમાં ૬૪.૯ હજારને રોજગારી પૂરી પાડીને ગુજરાત રાજય પ્રથમ ક્રમે રહ્યું છે. આ તમારી યુ.પી.એ.ની સરકારે આપેલ વાર્ષિક રિપોર્ટના આંકડા છે, એ આંકડા નાનો હોઈ શકે.(અંતરાય) જોશીયારા સાહેબ, હું બેંકમાં હતો એટલે આપ આંકડાંમાં ના પડો તો સારું, સુખી રહેશો.

મારે બે ત્રણ વાતો ઉપર ધ્યાન દોરવું છે કે આ ગુજરાત સરકાર પ્રથમ ક્રમે છે એનો અમને સંતોષ નથી.એટલા માટે કે જે કોઈ મિત્રોએ સૂચનો કર્યા છે એના માટે તેમને અભિનંદન આપું છું. બાકીના પણ જે મિત્રો છે એ આ રાજયના યુવાધનને કેવી રીતે વધારે રોજગારી આપી શકાય એના માટે આના પછી પણ લેખિત સ્વરૂપે સૂચનો આપશે તો રાજય સરકાર એનો પણ અમલ કરવાનો ચોકકસ પ્રયાસ કરશે. એટલા માટે કે ગુજરાત રાજય પ્રથમ ક્રમે હોવા છતાં પણ દેશની સ્થિતિ છે, એમાં પશ્ચિમ બંગાળ જેણે આવા બેરોજગારોને રોજગારી આપી છે એમાં એની બેરોજગારોની સંખ્યા ૬૭,૨૧,૦૦૦ ની છે અને નોકરી ૯૩૦૦ ને આપી છે, તામિલનાડુ બીજા ક્રમે એમાં નોંધાયેલ બેરોજગારો ૫૦,૦૬૦૦૦ માંથી નોકરી ૧૮૯૦૦ ને આપી છે, મહારાષ્ટ્રમાં નોંધાયેલ બેરોજગારો ૪૩,૨૪,૦૦૦ અને નોકરી ૧૪,૦૦૦ ને આપી છે, ગુજરાત ૧૩ મા ક્રમે છે અને એમાં ૯,૯૮,૦૦૦ બેરોજગારોમાંથી ૬૪,૯૦૦ને નોકરી આપીને પહેલા ક્રમે છે. એથી પણ આગળ વધીને દિલ્હીની વાત કરીએ તો દિલ્હીમાં ૧૧,૧૯,૦૦૦ બેરોજગારો, વર્ષ દરમિયાન નોકરી આપી ૪૦૦ લોકોને, ઘણું બધું થઈ ગયું. આપણે તેની નિંદા નથી કરતા, પણ આ ૬૪,૯૦૦નો આંકડો હું ત્રીજી વખત કહું કે આનાથી રાજય સરકારને સંતોષ નથી. એટલા માટે કે આ આંકડો છે તે માત્ર અમારા રોજગાર વિભાગનો છે. આ વર્ષ દરમિયાન રાજય સરકારે જે પ્રયત્નો કર્યા છે તે પ્રયત્નોમાં જે જુદા જુદા ખાતાઓમાંથી અમે રોજગારી આપી છે, વિદ્યા સહાયકોની ભરતી, માધ્યમિક શિક્ષકો, પોલીસ કોન્સ્ટેબલો, પી.એસ.આઈ., આરોગ્ય અને તબીબી સેવામાં અને અન્ય રોજગારી આ બધા થઈને ૨૩,૬૬૪ થાય છે, મેં આગળ કહ્યું તેમ રોજગાર વિભાગના દિલ્હી ખાતેના આંકડામાં આ આંકડાનો સમાવેશ

નથી થતો. એ સિવાય રાજય સરકારે બીજા જે આંકડાઓ આપ્યા છે એમાં સ્વરોજગારી માટે નીમાબહેને બહુ સારી વાત કરી કે માત્ર નોકરી એટલે રોજગારી નહીં, પરંતુ તે યુવાન પોતે પોતાના પગ ઉપર ઉભો રહે, અને પોતે રોજીરોટી મેળવે અને પોતાનું ભરણપોષણ કરી શકે એવા ૧,૪૨,૮૦૮ અને રોજગાર કચેરીના માધ્યમથી આ વર્ષ દરમિયાન ૭૩,૮૭૧ મળીને ૨,૪૦,૩૦૩ લોકોને રાજય સરકારે રોજીરોટી આપી છે. મેં પહેલાં કહ્યું તે પ્રમાણે ૬૪,૯૦૦નો આંકડો તો માત્ર રોજગાર વિભાગનો છે. સમગ્રતયા રાજય સરકારનો આંકડો ૨,૪૦,૩૦૩નો છે.

માનવદિનની સંખ્યામાં પણ સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે, આપણે બધા જાણીએ છીએ તે પ્રમાણે સ્થાનિક રોજગારીમાં ૮૫ ટકાની વાત કરીએ છીએ, કયાંક ક્ષતિ છે, પૂરતા પ્રમાણમાં નહીં થતું હોય તે વાતનો પણ આપણે સ્વીકાર કરીએ છીએ, પરંતુ આ પ્રયત્નોના કારણે ગુજરાતમાં ઘણાં બધા સ્થાનિક લોકોને રોજગારી આપી શકાઈ છે. અનેક લોકોએ જે વાત કરી કે રોજગારી વધારવી જોઈએ, સાહેબ, હું એક સામટા ત્રણ ચાર પાના ન બોલ્યો, કેમ કે બધાને મોડું થાય છે, એટલે છેલ્લા પાના ઉપર આવી ગયો, રાજય સરકાર ઔદ્યોગિક ભરતી મેળાઓ કરે છે, પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો આપીએ છીએ, સી.જે. ચાવડાએ વાત કરી તે પ્રમાણે આપણા જે નવયુવાન મિત્રોને લશ્કરમાં ભરતી કરવી છે તેના માટે તેમને પહેલેથી જ તેના માટેની ગુજરાતમાં ટ્રેઈનિંગ આપવામાં આવે છે, ભીલોડા ખાતે આવી એક આખી સ્કૂલ ફકત આદિવાસી વિસ્તાર માટે નવી શરૂ કરી રહ્યા છીએ, કાર્યાન્વિત થઈ કે નહીં તે બીજો સવાલ છે, પરંતુ રાજય સરકાર આ દિશામાં લશ્કરમાં આપણા યુવાનો જાય તે દિશામાં આગળ વધી રહી છે. રોજગાર સહાય કેન્દ્રો દ્વારા પણ આપણે કામ કરી રહ્યા છીએ, તે સિવાય આપણે બધાએ જે વાત કરી તે પ્રમાણે અને ભાઈશ્રી પરેશભાઈ અને શ્રી પ્રવિણભાઈએ કહ્યું તે પ્રમાણે વાયબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ આપણે બધા જાણીએ છીએ કે ૨૨૬ એમ.ઓ.યુ., ૧,૦૬,૧૬૦ કરોડનું મૂડી રોકાણ, ગોળમેજી પરિષદમાં નવા આવ્યા બીજા ૧૮૫, કુલ ૪૧૧ અને ૧,૧૮,૭૯,૦૦૦ કરોડનું મૂડી રોકાણ થયું. આપણે બધા જ રાજકીય રીતે કદાચ આ વાત તમે સ્વીકારવા તૈયાર નહીં થાઓ, પરંતુ આટલું બધું મૂડી રોકાણ જયારે ગુજરાતની ધરતી ઉપર આવે તો સ્વાભાવિક રીતે જ એમાં રોજગારીની તકો ઉભી થાય,

એપેરલ પાર્ક (અંતરાય) આમાં આવે તો એવું છે, માનનીય ગોવાભાઈ, આમાં આવે તો, માં એવું છે કે તમે કયારે ખેડૂત થઈ જાવ, કયારે બેકારોના હમદર્દ થઈ જાવ, તે ખબર પડતી નથી, તમે જે મોટા હીરા ઉદ્યોગથી તમે પોતે સંકળાયેલા છો, સુખી છો, આગળ સુખી થાઓ એવી અમારી શુભ કામના, પણ માત્ર એ.સી. ડાયમન્ડ વાળાની ચિંતા તમે તમારા પોતાના માટે કરો છો ગોવાભાઈ, આ ગુજરાતના યુવાનો માટે કરતા નથી એ વાત મારે સ્પષ્ટતાપૂર્વક કહેવી જોઈએ. એટલેથી આગળ વધીને ગોવાભાઈ, તમે જે વાત કરો છો,(અંતરાય) હું બિલકૂલ મારી લાઈન ઉપર ચાલી રહ્યો છું, વચ્ચે બેસીને એમણે જે વાત કરી છે એટલા માટે મારે કહેવું પડે છે, જે આઈ.ટી.આઈ. એમના મત વિસ્તારમાં માત્ર ખેતરમાં ચલાવતા હતા, તે બંધ કરી છે, બંધ થયેલ આઈ.ટી.આઈ.માં કોમ્પ્યુટર ગોવાભાઈ શોધવા જાય, માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર નવું આપી શકે, આ મારે નહોતું કહેવું પણ સાહેબ એમના કારણે મારે કહેવું પડે છે. એપરલ પાર્ક અમદાવાદમાં (અંતરાય) એટલા માટે મેં બધા કાગળો બાજુ ઉપર મૂકી દીધા છે. એમને ખબર હોવી જોઈએ કે રમણભાઈ વોરા જવાબ આપવાના છે. એપરલ પાર્ક અમદાવાદમાં અંબિકા મિલ ખાતે છે. સાંતેજ સુરત ખાતે એપરલ પાર્ક, ગારમેંન્ટ પાર્ક, સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન મુંદ્રા, દહેજ, હજીરા એપરલ પાર્ક, જેમ્સ એન્ડ જવેલરીપાર્ક સુરત. એપ્રેન્ટિસ એકટ પ્રમાણે ૨૦૩૩૩ બેઠકો મેં આગળ કહ્યું તેમ સૌથી ઓછા માનવ દિનોની અંદર જ્યારે ગુજરાત પ્રથમક્રમે છે ત્યારે આ તમામ મિત્રોએ જે સજેશનો કર્યા છે એ બધાના આભાર સાથે અને નવા પણ મિત્રોના સજેશન સાથે હું રાજય સરકાર વતીથી ખાતરી આપું છું કે આગામી દિવસોમાં આ ગુજરાતના યુવાધનને યોગ્ય દિશામાં એને રોજી રોટી મળે એ પ્રકારના મારા પ્રયાસો છે. તેથી માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઈને વિનંતી કરું છું કે તેઓ એમનો સંકલ્પ પાછો ખેંચી લે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પમાં એક તો પોણા નવ વાગ્યા છે છતાં મોટી સંખ્યામાં માનનીય સભ્યશ્રીઓ હાજર રહ્યા એ બદલ હું દિલથી એ બધાનો આભાર માનુ છું. મારા આ સંકલ્પમાં માનનીય સભ્યશ્રી ગોવાભાઈ, નીમાબેન ડો. સી.જે. ચાવડા સાહેબ, શ્રી પરેશભાઈ, શ્રી પ્રવિણભાઈ મારુએ સૂર પૂરાવ્યો છે ત્યારે મારી એટલી જ વિનંતી છે કે મારા આ સંકલ્પમાં કોઈ રાજકીય વાત છે નહિ તેથી એટલી વિનંતી કરુ છું કે આ ગૃહના સૌ સભ્યશ્રીઓની ચિંતા છે. અહીંયા કોઈપણ જાતના રાજકીય અવલોકનો કર્યા સિવાય આપ સૌ એ આ સંકલ્પને ટેકો આપ્યો છે અને માનનીય મંત્રીશ્રી રમણભાઈ વોરા સાહેબે જે ખાતરી આપી છે એ બદલ હું આ મારો સંકલ્પ પાછો ખેંચવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવે છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ રાત્રીના ૮.૪૮ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૨૦૦૫ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૪ થી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુ ૧૩, ૧૯૨૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**માગણી ક્રમાંક- ૪૯**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૪૫,૬૫,૮૩,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૦,૩૪,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

**શ્રી પુનાભાઈ ઘે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૫૦**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ખાણ અને ખનિજમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૨,૫૫,૭૩,૦૦૦/- ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૫૧**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૩,૧૭,૫૪,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૧૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગની સેવાને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬૮,૪૫,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી પાક દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા.૪–૩–૨૦૦૫ (પહેલી બેઠક) (ચોથો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં.૪૯** | | | |
| *૧. | ૨૪૨૫–સહકાર<br>૧૦૮–અન્ય... સહાય<br>૦૧–આઈએનડી–૧૨ લઘુમતિ ..... સહાય<br>રૂા.૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૨૩ | ૧૦૦ | લઘુમતિ કોમના હાથસાળ વણકરોની સહકારી મંડળીઓને સમયસર નાણાકીય સહાય પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨. | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૨–આઈએનડી–૧૧ કુટિર ... કચેરી<br>રૂા.૨,૮૮,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૨૬ | ૧૦૦ | ઔદ્યોગિક સહકારી મંડળીઓને સમયસર વધુ નાણાકીય ફાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૩. | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨– લઘુ ઉદ્યોગો<br>૦૩–(આઈએનડી–૧ .... જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો<br>રૂા.૮,૮૪,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૨૭ | ૧૦૦ | નાના ઉદ્યોગો માટે માર્કેટની જરુરી સુવિધા/વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| * ૪. | –"– | ૧૦૦ | બંધ પડેલા લઘુ ઉદ્યોગોને પુનઃ ચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૫. | –"– | ૧૦૦ | બંધ મિલોના કામદારોને રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| * ૬. | –"– | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોના અધિકારી/ કર્મચારીઓ ધ્વારા અરજદારો પ્રત્યે કરાતું તોછડાઈભર્યું વર્તન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૭. | –"– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં લઘુ ઉદ્યોગોની વ્યાપકતા વધે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વારલી |
| * ૮. | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨– લઘુ ઉદ્યોગો<br>૦૩–(આઈએનડી–૧ .... જિલ્લા ઉદ્યોગ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| | કેન્દ્રો<br>રૂા.૮,૮૪,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૨૭ | | | |
| * ૯. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૦૨–લઘુઉદ્યોગ<br>૦૬–હુલ્લડ ... સહાયક<br>રૂા.૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૨૮ | ૧૦૦ | હુલ્લડ દરમિયાન અસર પામતા લોકોને બેન્ક મારફતે લોનની સગવડ સત્વરે અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૧૦. | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૬–કાથી ઉદ્યોગ<br>૦૧–આઈએનડી–૩૧...કાથી અને રેસા ઉદ્યોગ<br>રૂા.૧૫,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૫ | ૧૦૦ | કાથી અને રેસા ઉદ્યોગોને પૂરતી સહાય આપવામાં તેમજ જરુરી માર્કેટ વ્યવસ્થા પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૧. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગ<br>૧૦૮–યંત્રસાળ ઉદ્યોગ<br>૦૧–આઈએનડી–૧૨–યંત્રસાળ... કાર્યક્રમ<br>રૂા.૨૨,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૬ | ૧૦૦ | પાવરલુમ્સ ઉદ્યોગના પડતર પ્રશ્નોનો યોગ્ય નિવેડો લાવવા અંગે જરુરી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| ૧૨. | –"– | ૧૦૦ | બંધ પડેલા પાવરલુમ્સ ઉદ્યોગ માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૧૩. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૧૧૧–શિક્ષિત બેરોજગાર ...... યોજના<br>૦૧–વડાપ્રધાનની યોજના<br>રૂા.૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૭ | ૧૦૦ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોને સહાય મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૪. | –"– | ૧૦૦ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજનાને બેન્કો તરફથી પૂરતો સહકાર અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| * ૧૫. | –"– | ૧૦૦ | શિક્ષિત બેરોજગારોને નજીકના સ્થળે રોજગારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૬. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૨૦૦–અન્ય ગ્રામીણ ઉદ્યોગો<br>૦૩–આઈએનડી.૨૯–આદિવાસી ... કેન્દ્રો<br>રૂા.૧,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૯ | ૧૦૦ | આદિવાસી વિસ્તારમાં આવેલા કુટિર ઉદ્યોગોના પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં પૂરતો સ્ટાફ ભરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| * ૧૭. | ૨૮૫૧–ગ્રામ અને લઘુઉદ્યોગો<br>૨૦૦–અન્ય ગ્રામીણ ઉદ્યોગો<br>૦૩–આઈએનડી.૨૯–આદિવાસી ... કેન્દ્રો<br>રૂા.૧,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૯ | ૧૦૦ | આદિવાસી વિસ્તારમાં કુટિર ઉદ્યોગના પ્રાદેશિક તાલીમ કેન્દ્રોનો કથળેલો વહીવટ સુધારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૮. | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૧૦–આઈએનડી–૨૪. કુટિર ... હાટો<br>રૂા.૧,૦૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૪૪ | ૧૦૦ | કુટિર ઉદ્યોગો ધ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે શહેરોમાં પૂરતી સંખ્યામાં હાટબજારો ઉભા કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવજીભાઈ આહીર |
| * ૧૯. | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–આઈએનડી–૨– ઉદ્યોગ ... શાખા<br>રૂા.૩,૨૬,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૪૭ | ૧૦૦ | ઉદ્યોગોના ઝડપી વિકાસ માટે જરુરી ધિરાણનું આયોજન કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૨૦. | –"– | ૧૦૦ | નવા ઉદ્યોગો માટે જરુરી વસાહતો ઉભી | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૨૧. | –"– | ૧૦૦ | બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૨૨. | ૨૮૫૨–ઉદ્યોગ<br>૮૦–સામાન્ય<br>૦૦૩–ઔદ્યોગિક શિક્ષણ<br>૦૪–આઈએનડી–૩૧–સ્વરોજગાર ... યોજના<br>રૂા.૨,૦૬,૧૦,૦૦૦<br>અં.પં.નં.૧૩ પા.નં.૫૩ | ૧૦૦ | સ્વરોજગાર માટે શિક્ષિત બેરોજગારોને નાણાકીય સહાય પૂરી પાડવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| * ૨૩. | –"– | ૧૦૦ | સ્વરોજગાર માટે શિક્ષિત બેરોજગારોને નાણાકીય સહાય આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૨૪. | ૨૮૫૨–ઉદ્યોગો<br>૦૧–આઈએનડી–૧૫ ગ્રામીણ ... સ્વરોજગાર<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂા.૨૦,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૫૪ | ૧૦૦ | પછાત જિલ્લા/તાલુકામાં ઔદ્યોગિક રોજગારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૫. | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૨૫–આઈએનડી–૬ માંદા ... કાર્યક્રમો<br>રૂા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૫૭ | ૧૦૦ | માંદા ઉદ્યોગો માટેના પુનઃસ્થાપન કાર્યક્રમ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાલાલ જોષી |
| | | **માગણી નં.૫૦** | | |
| * ૨૬. | ૨૮૫૩–બિનલોહ ખનન અને ધાતુ ઉદ્યોગ<br>૦૨–ખાણોનું ... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–આઈએનડી–૫૧ ભૂસ્તર ... કચેરી<br>રૂા.૯,૯૭,૧૩,૦૦૦<br>અં.પં.નં.૧૩ પા.નં.૬૦–૬૧ | ૧૦૦ | ખાણોમાંથી ખનિજની થતી વ્યાપક ચોરીઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૨૭. | –"– | ૧૦૦ | રોયલ્ટી વસુલ ન થઈ હોવા છતાં વધારાના પાસ ઈસ્યુ કરી ખનીજ ખોદકામ માટે અપાતી પરવાનગી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૮. | –"– | ૧૦૦ | રોયલ્ટી વસૂલાતમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માધુભાઈ ભોયે |
| ૨૯. | –"– | ૧૦૦ | ખાણોની લીઝ આપવામાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| | | **માગણી નં.૫૧** | | |
| ૩૦. | ૩૪૫૨–પ્રવાસન<br>૦૧–પ્રવાસીઓ ... સવલતો<br>૧૦૧–પ્રવાસન કેન્દ્રો<br>૦૩–ટીઆરએસ–૩ પ્રવાસી ... કેન્દ્રો<br>રૂા.૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૭૪ | ૧૦૦ | પ્રવાસીઓને સ્થળનું મહત્વ સમજાવતી માહિતી પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| * ૩૧. | –"– | ૧૦૦ | વિદેશી પ્રવાસીઓને પ્રવાસના સ્થળે થતી કનડગતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| * ૩૨. | ૩૪૫૨–પ્રવાસન<br>૧૯૦–જાહેર ક્ષેત્ર સહાય | ૧૦૦ | પ્રવાસન નિગમ લિમિટેડનો કથળલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–ગુજરાત ... અનુદાન<br>રૂા.૧૬,૩૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૭૫ | | | |
| ૩૩. | –"– | ૧૦૦ | ધાર્મિક, ઐતિહાસિક અને પુરાતત્વની દૃષ્ટિએ ઉત્તમ પ્રવાસધામોનો વિકાસ કરવા અંગે પૂરતા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| | **મહિલા અને બાળવિકાસ વિભાગ**<br>**માગણી નં.૧૦૫** | | | |
| ૩૪. | ૨૨૫૧–સચિવાલય સામાજિક સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–મહિલા ... વિભાગ<br>રૂા.૫૪,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૭ પા.નં.૩૧ | ૧૦૦ | મહિલા અને બાળકોના વિકાસ માટે પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| * ૩૫. | –"– | ૧૦૦ | મહિલાઓમાં જાગૃતિ લાવવા માટે પરિસંવાદ શિબિરોનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| * ૩૬. | –"– | ૧૦૦ | મહિલા આયોગની કચેરીને ચેતનવંતી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક- ૪૯, ૫૦, ૫૧ અને ૧૦૫ માનનીય મંત્રીશ્રીઓ લઈને આવ્યા છે, તેમાં મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ દેશ કે રાજયની અંદર ઉદ્યોગો બહુ મહત્વની વાત હોય છે. જે દેશની અંદર ઉદ્યોગો સારા ચાલતા હોય, ઉદ્યોગો માટેની સારી નીતિ હોય તેના કારણે તે દેશનો તમામ વર્ગ સારી રીતે રોજગારી પ્રાપ્ત કરી શકે છે અને ઉદ્યોગોની જે પરંપરા હતી તેના કારણે તમામ સમાજ સારી રીતે જીવી શકે છે.

આજે જ્યારે ઉદ્યોગ વિભાગ પરની માગણીઓ આવી છે ત્યારે મારે કહેવું છે કે ઉદ્યોગો માટેની ગુજરાતની જે પાંચ વર્ષની છેલ્લી પરિસ્થિતિ તેમાં ગુજરાતનો ધીમે ધીમે નંબર ઘટતો જાય છે. ઉદ્યોગો વધવાને બદલે બંધ થતા જાય છે. તેવા સમયે જે સરકાર હોય છે તે ચૂંટણીલક્ષી ઘણાબધા વચનો આપવામાં આવતા હોય અને કહેવાય છે કે અમે આ ગુજરાતની પાંચ કરોડ જનતામાં અમે એવા પ્રકારના ઉદ્યોગો લાવવાના છીએ તેના કારણે આ ગુજરાત બેઠું થશે અને માત્ર ભારતમાં જ નહીં પણ સમગ્ર વિશ્વમાં નંબર આવશે તેવી અનેક પ્રકારની જાહેરાતો થાય છે અને અનેક રૂપિયાનો ખર્ચ આ નિમિત્તે કરવામાં આવતો હોય છે. મારે આજે યાદ અપાવવું છે કે ચૂંટણી ઢંઢેરામાં અનેક યોજનાઓ અપાઈ હતી.

સાગરકાંઠાના સર્વાંગી વિકાસ માટે એરિયા ડેવલપમેન્ટ બોર્ડ સ્થપાશે, વિશ્વની મંદીમાં માંદા પડેલા ઉદ્યોગો જીવંત બનાવાશે, નવા પેકેજ જાહેર કરવામાં આવશે, ઔદ્યોગિક મૂડી રોકાણ ગુજરાતમાં પ્રથમ નંબરે લાવવા માટેની નેમ નક્કી કરવામાં આવશે, વિદેશી મૂડી રોકાણ આકર્ષવા નવી પ્રોત્સાહન નીતિ આપવામાં આવશે, વેટ માટે તો ગુજરાતની અંદર પહેલાં આપણે અમલ કરીશું તેવી જ્યારે વાત થતી હતી ત્યારે પાવર લૂમ્સ અને ટૅક્સટાઈલ ઉદ્યોગો છે તેની પ્રોત્સાહન નીતિ માટે પ્રયત્ન કરવામાં આવશે. ડબલ્યુ.ટી.ઓ.ના લીધે સીધા થયેલા પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે ગુજરાત સજજ થશે તેવી વાત કરવામાં આવી હતી. ગૃહ તેમજ કુટિર ઉદ્યોગો હરિફાઈમાં ટકી રહે તેના માટે આર્થિક છાંયો આપવાની વાત થતી હતી.

રાજયમાં ગેસ કૅડર બનાવવામાં આવશે. કેન્દ્ર સરકાર માટે સેન્ટ્રલ ટેક્ષ લૅબૉરેટરી સ્થાપવામાં આવશે. દસ મોટા મોટા નવા બંદરો વિકસાવવામાં આવશે. આવા ૨૪ ઈન્ટર પાર્ક શરૂ કરવામાં આવશે તેવી અનેક યોજનાઓ માટે આ સરકારે પાંચ વર્ષની અંદર વચનો આપ્યાં હતાં, આ યોજનાઓનું આજે શું થયું છે? આ યોજનાઓ કયા તબક્કે છે? આજે કઈ પરિસ્થિતિમાં છે તે સમજાતું નથી. કોઈપણ રાજયની અંદર ઉદ્યોગોનો વિકાસ કરવાનો હોય તો ઉદ્યોગોને કેટલું પ્રોત્સાહન આપવામાં આવે તે સ્થિતિની ખબર પડે. આજે મારે પૂછવું છે કે ૨૦૦૧-૦૨ માં ૨૩૫ કરોડ રૂપિયા અહીં ફાળવ્યા હતા આજે તેની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. પાંચ વર્ષમાં ૨૦૦૫-૦૬ માં માત્ર ૧૬૫ કરોડ આજે ફાળવવામાં આવેલ છે તે બતાવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૨૯ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે. એ કેવી રીતે નક્કી કરી શકાય કે આપણે ઉદ્યોગોને વિકાસ તરફ લઈ ગયા છીએ? આજે ૨૯ ટકા આની

અંદર ઘટાડો કર્યો છે, એ ઘટાડો સૂચવે છે કે, ગુજરાતમાં ભાજપની સરકારે ઉદ્યોગોની ચિંતા કરી હોત તો ચોક્કસ બજેટ વધાર્યું હોત, બીજી ઘણી બધી પ્રોત્સાહક યોજનાઓ આપી હોત,

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, ૨૦૦૫-૦૬માં માત્ર આદિવાસી જે વિસ્તાર છે અને માત્ર ૦.૧૪ ટકા જ ખર્ચો કરવાનો છે, એક બાજુ આપણે આદિવાસી, ગરીબ માણસોની ચિંતા કરવાની વાતો કરતા હોઈએ ત્યારે ૦.૧૪ ટકા આમાંથી ખર્ચ કરવામાં આવતો હોય તો મારે આ સરકારને પૂછવું કે, આપ વાતો શું કરો છો અને વાસ્તવમાં પૈસા શું ફાળવો છો, એ પણ મને સમજાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, કુલ બજેટની આપણી રકમ ૨૦૦૧-૨૦૦૨ની અંદર ૦.૫૬ ટકા ફાળવ્યા હતા, આ સરકારે એના આખા બજેટની અંદર ૨૦૦૫ની અંદર જેની કુલ રકમ છે એનો ૦.૪૫ ટકા ફાળવી છે, ખરેખર આ એક અફસોસની વાત છે, ઘણી વખતે બજેટની આખી પરિસ્થિતિ, બજેટનો ખર્ચો એક રાજકીય ઉદ્યોગોને આજે લઈ જવા માંડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ વ્યકિતને પૂછો તો એમ લાગે કે ગુજરાતના ઉદ્યોગો માટેની આટલી બધી ચર્ચાઓ અને વાતો થાય કે ગુજરાતના વિકાસ માટે કઈ તરફ જઈ રહ્યા છીએ એના માટે કેટલા રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો? તમે જો જો, જ્યાં જ્યાં આપણે બોર્ડ જોઈએ તો વાઈબ્રન્ટ ગુજરાત, ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી વાઈબ્રન્ટ ગુજરાતમાં આખા ગુજરાતને ન્યાલ કરી દેવાના છે એવી સ્થિતિની વાતો કરવામાં આવે છે. ત્યારે મારે પૂછવું છે કે, રાજયમાં ૨૦૦૩-૨૦૦૪માં માત્ર ૨ કરોડ ૬૬ લાખ રૂપિયા ખર્ચવાના હતા, એનો સુધારો, એક બાજુ બજેટમાં ઘટાડો અને ખર્ચમાં ગમે એમ લોકોના પૈસા આપણે વાપરવાના? આજે ૨ કરોડ ૬૬ લાખ રૂપિયાની ૨૦૦૪-૨૦૦૫ની અંદર એનો સુધારો કર્યો અને દશ કરોડ રૂપિયા સુધી લઈ ગયા, જેની અંદર આજે કહી શકાય કે ઉદ્યોગોના નામે મોટા મોટા મેળા થાય, વાઈબ્રન્ટ ગુજરાતના નામે પતંગ મહોત્સવ થાય, આ લોકો માટે નહીં, ઉદ્યોગો માટે નહીં, માત્ર પ્રસિદ્ધિ સિવાય કશું હોતું નથી. એ દશ કરોડ રૂપિયા સુધી નથી ચાલ્યું, આગળ વધારીને એમણે ૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ આજે અંદાજયો છે, મને એ વાતનું દુઃખ છે કે કોઈક ઉદ્યોગોની અંદર દિનપ્રતિદિન ઉદ્યોગોના વિકાસ માટે વધારે, આ સરકારના આંકડા જોતાં એમ લાગે કે ૨૦૦૫-૨૦૦૬ની અંદર ૨૫ કરોડ રૂપિયા સુધી આ ખર્ચ લઈ ગયા, ત્યારે કેવા કેવા ઉત્સવો થશે, કેવી કેવી પ્રસિદ્ધિ થશે, ખરેખર આપણને એમ થાય કે, આજે ૨૫ કરોડ રૂપિયા જે ખર્ચ અંદાજયો છે એ ૨૫ કરોડ રૂપિયા ઉદ્યોગો પાછળ, નાના નાના નવ યુવાન મિત્રોની નવીનવી રોજગારીઓ માટે, જો ચૂંટણી ઢંઢેરામાં આપી હોત અને એ બાબતમાં ખર્ચ્યા હોત તો કેટલાય મારા યુવાન મિત્રોને રોજગારી એમાં ચોક્કસ પ્રાપ્ત થઈ શકી હોત, આજે ગુજરાતના નાના નાના ઉદ્યોગોની શું પરિસ્થિતિ છે? આજે એક બાજુ મોટા મોટા ઉદ્યોગો સ્થાપવાની વાતો કરીએ છીએ, ત્યારે આજે આપણને એમ થાય કે ગઈ વખતે ૬૬૦૦૦ કરોડના એમઓયુની વાતો થઈ હતી પણ વાસ્તવિકતા તો કંઈક જુદી જ હોય છે. એમઓયુ કરવા બાબતમાં હું એક ઉદ્યોગપતિના નાતે મારે મિત્રો ઘણા છે. અત્યારે ગુજરાતની એક પરંપરા થઈ ગઈ છે, એમઓયુ કરવું અને લોકોને બતાવવું કે ૩૦૦૦ કરોડ રૂપિયાના એમઓયુ કર્યા, ઘણા લોકો તો ઉદ્યોગપતિઓ માત્ર એનો કેવી રીતે રાજકીય લાભ લઈ શકાય એના માટે ૫૦૦- ૬૦૦ કરોડ રૂપિયાના એમઓયુ કરતા હોય છે. જેને કારણે સરકારમાં મોટા મોટા આંકડાઓ દેખાય અને વિદેશીઓની વાત થતી હોય ત્યારે આપણને એમ થાય કે ગુજરાતમાં મોટા મોટા ઉદ્યોગો થશે,

ગુજરાતમાં ઉદ્યોગો આવશે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉદ્યોગો આવે એમાં અમે રાજી છીએ, એમાં અમારો સહકાર છે કે અહીયાં ઉદ્યોગો આવે અને ગુજરાતનો વિકાસ થાય પણ આખી વાત જુદી છે. ૬૬૦૦૦ કરોડમાં દેશ વિદેશનું મૂડી રોકાણ, મેં અગાઉ આ વિધાનસભામાં પ્રશ્ન કર્યો હતો ત્યારે માત્ર ૧૧૦૦૦ કરોડ રૂપિયા હતા, ચોક્કસ એમઓયુ થાય, કેટલાક લાભો આપણા કચ્છ માટે છે આજે એકસાઈઝ માફના કારણે મોટા મોટા અનેક ઉદ્યોગો આવે છે. મોટા મોટા અનેક ઉદ્યોગો પણ આવશે અને આપણે માનીએ છીએ કે એને લીધે પણ ગુજરાતનો વિકાસ થશે પણ વાસ્તવિક એમ.ઓ.યુ. જોઈએ તો એમ લાગે છે કે, ગુજરાતનો વિકાસ થશે? ૧ લાખ ૬ હજાર કરોડના જે એમ.ઓ.યુ. થયા છે, ૬૬ હજાર કરોડના જે એમ.ઓ.યુ. થયા છે એમાં ખરેખર કેટલા ધંધા ચાલુ થયા? વાસ્તવિક અમલીકરણ કેટલું થયું છે એ આંકડા સાથે રજૂ કરીશ. આજે ૧ લાખ ૬ હજાર કરોડના એમ.ઓ.યું. થયા છે. એમાં એકે એક મિત્રએ જેણે એમ.ઓ.યુ. કર્યા છે એ પોતાની છાતી ઠોકીને એમ કહે છે કે, હું સરકાર પાસે જઈ આવ્યો એમ.ઓ.યુ. કરી આવ્યો, બેન્કોથી માંડીને બીજી ઓફિસોમાં જઈ આવ્યો તો ચોકકસ એમ.ઓ.યુ. સારા માણસો સાથે થાય એમાં વાંધો નથી અને એ ચકાસીને કરવા જોઈએ પણ જેની કેપેસીટી એક કરોડની પણ ન હોય અને ૩૦ કરોડના એમ.ઓ.યુ. ની વાત કરે એ બરાબર નથી. સરકાર માત્ર આંકડા બતાવવા માટે આ કરે એ વાજબી નથી. આજે ગુજરાત ધીમે ધીમે પાછળના નંબરે જઈ રહ્યું છે. આજે ગુજરાતનો નંબર ચોથો છે. મધ્યપ્રદેશમાં ૧,૭૯,૪૪૭ કરોડ એટલે ૯.૪૦ ટકા, આંધ્રપ્રદેશમાં ૧,૬૪,૯૨૬ કરોડ એટલે ૮.૬૪ ટકા અને ગુજરાતમાં ૧.૬૩.૬૦૪ એટલે ૮.૭ ટકા. એટલે આપણને એમ થાય કે આંધ્રપ્રદેશ કોઈ પ્રચાર કરતું નથી અને આપણી માફક બજેટમાં એના માટે ૨૫-૨૫ કરોડ રૂપિયા ખર્ચ કરતું નથી. ગુજરાતમાં ૨૦૦૪-૨૦૦૫માં ૭૪૪૧ કરોડ રૂપિયા મૂડી રોકાણ માટે વધ્યા આટલું કર્યા પછી. જયારે આજે આંધ્રમાં આટલો કોઈ ખર્ચ નથી. આપણી જેમ વાઈબ્રંટના નામે આમાં મોટો મોટો પ્રચાર કર્યા સિવાય ૩૨ હજાર ૦.૨૨ કરોડ રૂપિયાનું મૂડી રોકાડ વધ્યું (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ સ્થિતિમાં શાંતિથી કેવી રીત બોલી શકાય? દેશના કુલ મૂડી રોકાણમાં ગુજરાતનો ફાળો એપ્રિલ ૨૦૦૪મા ૯.૨૧ ટકા હતો, જુલાઈ ૨૦૦૪માં ૯.૧૮ ટકા થયો એટલે ઘટતો જાય છે. કોઈનો વધતો જાય છે અને આપણો ઘટતો જાય છે. ઓકટોબર ૨૦૦૪માં ૮.૭૮ ટકા અને જાન્યુઆરી ૨૦૦૫માં

૮.૫૭ ટકા આ વાસ્તવિક આંકડા છે. થયેલ મૂડી રોકાણમાં ૨૦૦૩માં ૪૭ ટકા જ અમલીકરણ થયું હતું. એ ઘટીને ૨૦૦૪માં માત્ર ૪૫ ટકા થયું અને જાન્યુઆરી ૨૦૦૫માં વાત કરું તો કોઈકનું વધતું જાય છે અને આપણો ખર્ચ વધીને ૨૫ કરોડ જેવો થયો અને અમલીકરણ કેટલું ઘટતું ગયું, જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિમાં માત્ર ૪૩ ટકા જ મૂડી રોકાણ થયું. આમ ગુજરાતમાં દિન-પ્રતિદિન એનું અમલીકરણ ઘટતું જાય છે એ બતાવે છે કે આપણે ઉદ્યોગોના વિકાસની વાત કરીએ છીએ ત્યારે વાસ્તવિક પરિસ્થિતિ શું છે? સ્થિતિ જુદી ટાઈપની છે. આ ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે એ ૬૬ હજાર કરોડનું અમલીકરણ થયું હોત તો એમ થાત કે સો ટકા અમલીકરણ થયું છે. ત્યારે ગુજરાતમાં ૨૦૦૩-૨૦૦૪નો સી.એમ.આઈ.નો જે અહેવાલ છે. આ વાસ્તવિકતા ૩૨૧ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ હતું, જાન્યુઆરી, ૨૦૦૫માં ગુજરાતમાં મંજૂર થયેલ ત્રણ પ્રોજેક્ટો રદ થયા, એના બાદ ૨૮ પ્રોજેક્ટો પૂર્ણ થયા તેનં મૂડીરોકાણ ભલે કોઈ ગમે તે કહેતું હોય ૬૩૦૩૧ કરોડ જ હતું એ માત્ર. એમાં ૪૩ કરોડનું જ વિદેશી મૂડીરોકાણ હતું. એ માત્ર ૦.૬૩ જ થાય છે એટલે આ બતાવે છે કે વિદેશી મૂડીરોકાણમાં આજે મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ મધ્યપ્રદેશ એ બધા આ ક્ષેત્રે ઘણા આગળ છે. આ બધી પરિસ્થિતિઓના અંતે બજેટની જે વાસ્તવિકતાની અંદર વસ્તુમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પર્યાવરણક્ષેત્રે જે આપણે ૩૮ કરોડ રૂપિયા ૨૦૦૨-૦૩ ફાળવ્યા હતા એ ૨૦૦૪-૦૫ માં ૨૭ કરોડ એટલે ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ ખર્ચ ૧૩ કરોડ પર્યાવરણ ક્ષેત્રે ઘ ટાડ્યો. આ ઉદ્યોગો માટે પર્યાવરણ ના થાય એ માટે સરકારે ચિંતા કરી અને ૯૮૯ એકમોને આ સહાય આપી હતી એની અંદર ૧૩ કરોડ આપણે ઘટાડયા છે.

પેટન્ટ ડબલ્યુ.ટી. ની વાત થતી હતી આજે એકવીસમી સદીની અંદર જ્યારે ભારતે પણ વિશ્વના કદમ સાથે કદમ મેળવવાનું હોય આજે પેટન્ટયુગ આવ્યો છે. આજે એક જણ પેટન્ટ કરાવી દે અને એના માટેનો સિક્કો વાગી જાય આજે આપણે આપણા પેટન્ટ માટે કેટલા ચિંતિત છીએ ત્યાં આગળ બેઠાં બેઠાં આ લોકો કરતા હોય એને માટે સાત કરોડ રૂપિયા અહીંયા ફાળવેલ હતા પણ આનો ખર્ચ માત્ર ૮ લાખ રૂપિયા થયો અને આ વખતે ૧૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે મારે એ પૂછવું છે કે જ્યારે આટલી બધી મહત્વની યોજના પેટન્ટ માટેની ભારત જ્યારે વિશ્વ સાથે ચાલતું હોય ત્યારે સરકારે એના બજેટમાં જોગવાઈ કરી પણ એને ફાળવે નહિ આજે કેવી પરિસ્થિતિ છે હુલ્લડોના અસરગ્રસ્તો માટેની જે સહાય હતી એની અંદર પણ ઘટાડો કરવામાં આવ્યો છે.

શિક્ષિત બેરોજગારી માટે કાલે જ મેં ઘણું બધું કહ્યું હતું. ૨૦૦૩-૦૪ ની અંદર ૬.૧૨ કરોડ હતા અને માત્ર એ ૨૦૦૫-૦૬માં એક કરોડ નેવું લાખ રૂપિયા એટલે આ સરકારે શિક્ષિત બેરોજગારી માટે ૪.૨૨ કરોડનો ઘ ટાડો કર્યો છે આજે આપણે બેકારી માટે યુવાનોની આપણે ચિંતા કરીએ છીએ કાલે નવ વાગ્યા સુધી વિધાનસભામાં બધા જ સભ્યશ્રીઓ એ ચિંતા માટે બેસી રહ્યા હતા. આ સરકારે એની ચિંતા કરવાને બદલે ૪.૨૨ કરોડનો આજે એની અંદર ઘટાડો કર્યો છે. આજે કાપડ માટેની જે વસ્તુ છે આપણે ત્યાં એક જમાનો હતો કે ગુજરાતની અંદર મીલો તો આખા દેશની અંદર વધુમાં વધુ હતી અને ધીમેધીમે આપણો આ ધંધો આજે બંધ થતો ગયો (અંતરાય) કોના વખતમાં થયો અને કેવી રીતે બંધ થયો એ જ હું કહુ છું કે ચિંતા આપણે કેવી કરીએ છીએ એની અંદર ૨૦૦૪-૦૫ ની અંદર ૪૪ કરોડમાંથી ૩૨ કરોડ ૩૩ લાખ સુધારેલા અંદાજ હતા, બાર કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો હમણાં ચિંતા કરી વાત કરતા હતા તો એની અંદર આજે આપણે સતત ઘટાડ્યે જઈએ છીએ એના કામદારો માટે જે તાલીમ છે એની અંદર પણ આજે ઘટાડો કરવામાં આવ્યો છે એટલે મારે એ કહેવું છે કે આપણે ઉદ્યોગોની જાહેરાત મોટી મોટી આપણે કરીએ છીએ અને વાસ્તવિકતા તરફ આપણે ઉદ્યોગો સ્થપાય, નરોત્તમભાઈ કહ્યું મેં, આંકડાઓ સાથે કહ્યું કે ૪૩ ટકા અમલીકરણ છે. આ તો વાસ્તવિકતા છે એ કહુ છું અને ૨૫ કરોડ રૂપિયા સરકારના ગુજરાતના આપણે બગાડવાના અને અમલીકરણ થાય નહિ અને માત્ર જો જાહેરાતો માટે આ બગાડવાના હોય તો (અંતરાય) એટલે મારે એ કહેવું છે ખરેખર ઉદ્યોગો માટેની જે નીતિ છે એ નીતિની અંદર એવું કરવામાં આવે કે જેના કારણે બીજા રાજ્યો કરી રહ્યા છે.

બીજા નંબરની માગણી માનનીય આનંદીબહેન જે લઈને આવ્યા છે, ત્યારે ધ્યાન દોરવું છે કે બહેનશ્રી પણ મહિલા છે અને તેમની પાસે જે ડિપાર્ટમેન્ટ છે તેમાં મને ખ્યાલ નથી આવતો બહેન ઘટાડો થાય છે છતાં કેમ ચલાવી લે છે. ૨૦૦૩-૨૦૦૪માં ૫૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ હતી તે ઘટાડી અને ૦૫-૦૬માં ૩૨૯ કરોડ રૂપિયાની કરી ૩૬ ટકા આની અંદર ઘટાડો કરવામાં આવ્યો એટલે ૧૮૬ કરોડ રૂપિયા આની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે તે બાબતનું એટલા માટે ચિંતા છે કે ગુજરાતની અંદર ૪૮ ટકા બહેનોની સંખ્યા છે. ખાસ કરીને આ યોજનાની અંદર જે વિધવા બહેનો માટેની પરિસ્થિતિ છે અને હું એવા સમાજમાંથી, એવી સ્થિતિમાંથી આવું છું કે વિધવા બહેનોની સ્થિતિ શું હોય છે તો ઘણાં સમાજો એવા હોય છે કે તેમાં પુનઃ લગ્ન નથી થતાં હોતા અને બહુ તકલીફ હોય છે તો આ વિધવા બહેનોનો આટલો બધો જબરજસ્ત પ્રશ્ન હોય તે બાબતમાં ચિંતા કરવાને બદલે આની અંદર ઘટાડો કરવામાં આવે તે ખરેખર દુઃખદ બાબત છે. બહેનને વિનંતી કરું છું કે, વિધવા બહેનો માટે કોઈ પણ વસ્તુ થાય તેની અંદર કયાંય ઢીલ થાય મને ખ્યાલ છે પાટણ આગળ બહેન છે ત્યાં આગળ એવી સ્થિતિ છે કે આજે પણ ગમે એટલા કાગળો લખો તો પણ આજની સ્થિતિમાં વિધવા બહેનો થયા પછી તરત અને તરત જે થવું જોઈએ મારા મત વિસ્તારની અંદર બાકી છે, હું બે મિનિટમાં પૂરું કરું છું. સંકલનમાં જે યોજના છે તેની અંદર સારા વિદ્યાર્થીઓ લાભ લે છે તેમાં ૫૦ ટકા ખર્ચ ઓછો કરવામાં આવ્યો છે તે પણ દુઃખદ બાબત છે. આપના દ્વારા જ્યારે ઉદ્યોગ માટેની વાત થતી હોય ત્યારે મારા વિસ્તારની અંદર ઉદ્યોગ મંત્રી પણ અમારા જિલ્લાના છે અને હું અવાર-નવાર મળ્યો છું. ૧૯૮૨ની અંદર સિધ્ધપુરની જી.આઈ.ડી.સી. મંજૂર થયેલી આજે ૨૦

વર્ષ બાદ તે જી.આઈ.ડી.સી.ને કેન્સલ કરવામાં આવી. ૭૫ ટકા જમીનની અંદર જ્યારે બધા જ લોકોએ પૈસા આપી દીધા છે અને ૧૯૯૧-૯૨ની અંદર પૈસા આજે તેની અંદર ભરી દીધા છે મારો જી.આઈ.ડી.સી.નો પ્રશ્ન પાંચમી વખત બોલું છું, મને સમજાતું નથી મિટિંગ કર્યા પછી અને અહીંયા અનિલભાઈ સાહેબ સાથે મિટિંગ ખાતરી આપી કે અમે જી.આઈ.ડી.સી. ચાલુ કરવા માટે પ્લોટ લેવા માટે જે ભાવ હોય તેમાં રેડ્ડી છીએ છતાં પણ અમારી જી.આઈ.ડી.સી.નો પ્રશ્ન કેમ ઉકેલાતો નથી. સરકારે એક તરફ પૈસા આપી દીધાં છે, સરકાર પાસે પૈસા પડ્યા છે અને ઉદ્યોગોનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે મારા મત વિસ્તારની અંદર અનેક લોકો બેકાર છે. આ જી.આઈ.ડી.સી. થાય તો દશ હજારની વધુ યુવાન મિત્રોને રોજગારી પ્રાપ્ત થાય ત્યારે હું આપના દ્વારા વિનંતી કરું છું કે, મારા આ જી.આઈ.ડી.સી.નો પ્રશ્ન વહેલી તકે ઉકેલાય એવી મારી વિનંતી છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૨,૪૫,૬૫,૮૩,૦૦૦ તથા મૂડી ખર્ચ માટે રૂ.૧,૧૦,૩૪,૫૦,૦૦૦ની માગણી નં: ૪૮,૫૦,૫૧ જે લઈને આવ્યા છે, તેને હું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

અગાઉના રાજાશાહીના જમાનામાં જ્યારે જયરાજાના રાજયમાં શાંતિ અને સુવ્યવસ્થા હતી એવા રાજાના રાજયમાં વેપાર અને વાણિજ્યનો વિકાસ થતો. છેલ્લાં દશ વર્ષની ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં છે ત્યારે સમસ્ત ગુજરાતમાં શાંતિના કારણે ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે. ટ્રેડ યુનિયનોની ઓછી પ્રવૃત્તિ અને સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની નીતિને કારણે સમસ્ત ગુજરાતમાં આ ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે. સમસ્ત ગુજરાતનો વિકાસ કરવો હોય ત્યારે શરીરના બધા અંગો સુપેરે કામ કરે તો સ્વાસ્થ્ય સારું કહેવાય, એમ ગુજરાતનો વિકાસ કરવો હોય ત્યારે ગુજરાતમાં બધા જ ઉદ્યોગો, ખેતી અને અન્ય બધાનો સમતોલ વિકાસ થાય ત્યારે સમસ્ત ગુજરાતનો વિકાસ થયો કહેવાય. માનનીય બલવંતસિંહભાઈ હમણા કહેતા હતા ત્યારે એમ.ઓ.યુ. જે થયા છે એના પરિણામ વિશે વાત કરતા હતા. હું એ જણાવવા માગું છું કે જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેસે તે બધા પાસ થતા હોતા નથી. જેટલા બાળકો જન્મે તે બધા જ જીવતા નથી. જેટલા ઉદ્યોગો ચાલુ કરીએ તે બધા જ સફળ થતા નથી. તો શું પ્રયત્ન છોડી દેવો? હરગીજ નહીં. આ ગુજરાતની નરેન્દ્રભાઈ મોદીની સરકારે વાયબ્રન્ટ ગુજરાત દ્વારા, એન.આર.આઈ. દ્વારા અને આપણા ઉદ્યોગપતિઓ દ્વારા ૬૬,૦૦૦ કરોડના મૂડીરોકાણો આકર્ષવાનો પ્રયત્ન કર્યો છે તે અભિનંદનને પાત્ર છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીને અને માનનીય ઉદ્યોગમંત્રીને તે માટે અભિનંદન આપું છું.

આ બજેટમાં તેના માટે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે આ ગુજરાતમાં રોજગારીના વિકાસ માટે ગઈકાલે વાત હતી, રોજગારી માટે પ્રથમ શરૂઆત ઉદ્યોગોનો વિકાસ છે. ઉદ્યોગો આવશે તો એમાં લોકોને રોજગારી મળશે. ઉદ્યોગોને આવક મળશે અને ઉદ્યોગ દ્વારા જે વેપાર વાણિજ્ય થશે તેની ટેકસની આવક સરકારને મળશે. એ આવકમાંથી વિકાસના કામો થશે. આ ગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું, પ્રાર્થના કરું છું કે સમસ્ત ગુજરાતનો વિકાસ ટ્રેડ યુનિયનોની ઓછી પ્રવૃત્તિ અને ગુજરાતની શાંતિને આભારી છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગની જે દરખાસ્તો અને માગણીઓ છે, એમાં માનનીય ઉદ્યોગમંત્રીશ્રીએ ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન આપવા માટેની વિવિધ યોજનાઓ જાહેર કરી છે. એમાં લઘુ ઉદ્યોગ માટે વાણિજય સહાય યોજનામાં ૯૫-૨૦૦૦ સુધીમાં ૩૦૦ ઔદ્યોગિક એકમોને લગભગ ૬૦૦ લાખની સહાય અને ૨૦૦ ઉદ્યોગોને ૫૦૦ લાખની સહાયની જોગવાઈ સૂચવી છે. ટેકનોલોજી અપગ્રેડેશન, સંસાધન માટે વિકાસ યોજનાઓ, વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના વિકાસ માટે યોજનાઓ લઈને આવ્યા છે. ખાણ અને ખનિજ વિભાગના વિકાસ દ્વારા ખરીદ નીતિ સપ્ટેમ્બર-૨૦૦૩ માં પર્યાવરણના રક્ષણ અને કુદરતી સંપત્તિના રક્ષણ માટે ઘડી કાઢવામાં આવી છે. જેનો ઉદેશ ખનિજોનો મહત્તમ ઉપયોગ, લઘુત્તમ વ્યય અને મુલ્ય વૃદ્ધિ થકી મહત્તમ મહેસૂલ ઉભી કરવાનો છે. જેના ઘણા મુદ્દા આ ગુજરાત સરકારને અને ગુજરાતના ઉદ્યોગોને સ્પર્શે છે.

ખાણ ખનિજ અને પ્રવાસન ઉદ્યોગ. પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા માટે ઉદ્યોગમંત્રીશ્રીએ ઘણા પ્રયત્નો કર્યા છે. ૨૦૦૫ માં આવરી લેવાનાર નવી આંતર માળખાકીય સુવિધાના વિકાસ માટે ૧૧ કરોડની યોજના અંતર્ગત કચ્છ માંડવી ખાતે યુનિક બીચ રીસોર્ટ તેમજ વડનગર, મોઢેરા, ચાંપાનેર, બાલાસિનોર અને સરસપરમાં આ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

રાજયના પ્રવાસન ઉદ્યોગને વેગ મળે અને આવક વધે એના માટે રાજયની મુલાકાતે આવનારા પ્રવાસીઓ, એન.આર.આઈ. અને અન્ય પ્રવાસીઓની સુવિધામાં ઉત્તરોત્તર વધારો થાય, એમના ટુરિસ્ટ વીઝા વધે અને રાજયની કુલ આવક વધે એના માટે મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગમંત્રીશ્રીએ પ્રયત્નો કરેલા છે. સમસ્ત બજેટ અને ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓને ધ્યાનમાં રાખતા મને એમ લાગે છે કે આ સરકાર અને ઉદ્યોગમંત્રીશ્રી દ્વારા સમસ્ત ઔદ્યોગિક વિકાસ માટે થયેલા પ્રયત્નો સરાહનીય છે. આ માગણીઓ લઈને આવેલા માનનીય ઉદ્યોગમંત્રીશ્રીને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી, ઉદ્યોગ, પ્રવાસન, ખાણ અને ખનિજ માટેની અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે મહિલા કલ્યાણ માટની માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા કેટલાક તારણો અને સૂચનો આપું છું.

આ રાજયના ઔદ્યોગિક વિકાસની શરૂઆત તો આ રાજય થયું ત્યારથી જ થઈ છે અને ત્યારથી જ તેનો ગ્રાફ વધતો ચાલ્યો છે. અને માત્ર મેં કર્યુ, મેં કર્યુ, મેં કર્યુ કરીને આત્મશ્લાઘામાં રાચતી આ સરકારને મારે એટલું જ કહેવું છે કે આ રાજયમાં ઔદ્યોગિક એકમો માટેનું અનુકૂળ વાતાવરણ, આ રાજયમાં વાપીની જી.આઈ.ડી.સી.ની વસાહત હોય, અંકલેશ્વર હોય, વટવા હોય આ બધી ઔદ્યોગિક વસાહતો ઉભી થઈ છે, એમાં આપણે કોઈને આમંત્રણ આપવા જવું નહોતું પડયું, અહીં રીફાઈનરી આવી તેના કારણે વડોદરાની આજુબાજુમાં ફર્ટિલાઈઝરની ફેકટરીઓ કે આઈ.પી.સી.એલ. વગેરે આપો આપ ઉભા થયા હતા. ઉદ્યોગો વધે તેના માટે બધાની ઈચ્છા હોય છે. દેશભરમાં ગુજરાતનું નામ ઔદ્યોગિક ક્ષેત્રે કમસેકમ બિન વિવાદાસ્પદ રહ્યું છે. એક અનુભવ આપના મારફત આ સભાગૃહને કહીશ,

મુંબઈ ઈન્ડિયન મરચન્ટ ચેમ્બરના ગુજરાતના મિત્રો અને કેટલાક પ્રતિનિધિઓ સાથે અને ઉદ્યોગપતિ સાથે મિટિંગ હતી, એમણે ચિંતા વ્યકત કરી કેગુજરાતમાં રાજકીય અસ્થિરતા છે તેને કારણે ઔધોગિક રોકાણ કરવું કેટલું સલામત ગણાય? તે વખતે ગૌરવપૂર્વક ગુજરાતનું ગૌરવ વધે તેવો જવાબ અમે આપ્યો હતો કે ગુજરાતમાં ભલે રાજકીય અસ્થિરતા હોય, પણ આવનારા ઉદ્યોગો માટેનું કમિટમેન્ટ હોય છે તેનું દરેક સરકારો પાલન કરતી હોય છે. અને તેના કારણે કોઈ રાજયમાં પંદર પંદર વર્ષથી એક જ પક્ષની સરકાર હોવા છતાં ઔદ્યોગિક આંક નીચો રહ્યો છે અને ગુજરાતનો ઔદ્યોગિક આંક હંમેશા ઉપર ચાલ્યો છે. પહેલો અને બીજો નંબર મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે ચાલે તે નવું નથી. કેટલાયે વખતથી ચાલે છે, પણ કયા ઉદ્યોગો આવ્યા અને કેટલા ઉદ્યોગોમાં રોજગારી મળી તે મહત્વનું છે. વાયબ્રન્ટ ગુજરાત, કે પતંગોત્સવના નામે આ ઉદ્યોગોને આકર્ષવા માટેનું મંતવ્ય હું આપું તે પહેલાં એના કારણે વિદેશી રોકાણ કેટલું આવ્યું અને વિદેશી રોકાણ માટે થઈને આપણા પ્રધાનમંડળમાંના પ્રધાનશ્રીઓએ વિદેશની સફર કરી એમાં જે ખર્ચ થયો તે કોણે કર્યો અને તેના કારણે કેટલા ગણું રોકાણ આવ્યું? એ.ટી.કરની નામની સંસ્થાને આપણે આનું આયોજન કરવા માટે સોંપ્યું, આપણે ફી ચૂકવીને આયોજન કર્યુ, સંખ્યાબંધ ઠેકાણે ભારતીય મંડળો છે, ગુજરાતી સમાજો છે, એમને કહ્યું હોત તો તેઓ પણ બધાને ભેગા કરી આપે, પરંતુ પ્રોફેશનલની જેમ માત્ર અને માત્ર રૂપાળા શબ્દો ઉદ્યોગ ખાતા મારફત જે આપવામાં આવે છે તેની અંદર દીવા તળે અંધારૂં છે તેનો તો ખ્યાલ કરો. એવી કેટલીય યોજનાઓ છે જેમાં ઘરદીવડાઓ મારફત આપણે પ્રકાશ મેળવી શકીએ છીએ. ઉદ્યોગોનો આખરે હેતુ તો રાજયની આવક વધારવાનો અને રોજગારી આપવા માટેનો જ હોય છે. ખાદી બોર્ડ માટે આપણે શું કર્યુ? હેન્ડીક્રાફટ માટે શું કર્યુ? ગયા વર્ષે ખાદી માટે ગાંધી જયંતિના દિવસે જે પ્રયાસ થયો તેને આપણે બિરદાવીએ, પણ તેની ફલશ્રુતિ શું? માત્ર અહીં નહીં, પણ મેં તો ભારતની પાર્લામેન્ટમાં પણ ખાદી ઉદ્યોગને ઉતેજન આપવું જોઈએ તે વાત કરી હતી, નાના રોકાણમાં કેટલા મોટા સમૂહને રોજગારી આપી શકાય તેમ છે તે કહ્યું હતું. ખાદી માત્ર ૩૨ કરોડની વેચાણી અને ૧૮ કરોડના રોકાણમાં ૧૬ હજાર લોકોને રોજગારી આપી શકાઈ છે. ગ્રામોદ્યોગમાં ૧૨૦ કરોડનું ઉત્પાદન, ૧૩૦ કરોડનું વેચાણ અને ૩૯ હજાર લોકોને રોજગારી આપી શકાતી હોય તો વાયબ્રન્ટનો ઠઠારો કરવાની શું જરૂર છે? જેને ઉદ્યોગ કરવા માટે આવવું છે એને નોતરા દેવા નથી જવું પડતું. પોતાની જરૂરિયાત પોતાની ગરજે આવતા હોય છે. એના માટે ૧૯૯૦-૯૫ની યોજના, ૧૯૯૫-૨૦૦૦ની યોજના એ પછી ૨૦૦૦-૨૦૦૨ની ટેક્સ ડિફરમેન્ટ અને માફીની યોજના હતી. એના કારણે ઉદ્યોગો ખૂબ આવ્યા પરંતુ એની આવક શું? રાજયની તિજોરીમાં આવક ન આવતી હોય અને પર્યાવરણના પ્રશ્નો ઊભા કરતા હોય એના માટે રાજયે ખર્ચ કરવો પડતો હોય છે. જસ્ટીસ ક્રિપાલ સાહેબે પર્યાવરણ ફેલાવતા ઉદ્યોગોને એક ઝાટકે બંધ કરી દીધા અને અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલ ઓઢવ, વટવા અને નરોડાના ઉદ્યોગો ચાલુ કરવા માટેની રાજય સરકારે નામદાર હાઈકોર્ટમાં જઈને કહ્યું કે આ ઉદ્યોગો ક્રમેક્રમે પર્યાવરણની સગવડો ઊભી કરશે. આ પ્રકારની રાજય સરકારે ખાતરી આપી હતી. એ સરકાર કોની હતી? શંકરસિંહજી વાઘેલા વખતે અમે ઉદ્યોગો વતી ખાતરી નામદાર હાઈકોર્ટને આપી હતી, એ પ્રમાણે આપણે આગળ ચાલી રહ્યા છીએ. એ પ્રદૂષણ ફેલાવતો વિસ્તાર છે ત્યાં પ્રદૂષણ ઓછું કરવા માટે ઉદ્યોગ વિભાગ પોતાના બજેટમાં જોગવાઈ રાખે છે પણ એ ઉદ્યોગો રાજયને કેટલો ટેક્સ આપે છે એની મુલવણી કરી ખરી?

ગુજરાત રાજયમાં બે લાખ કરતાં વધુના રોકાણો, ૧ લાખ ૪૦ હજાર કરોડના રોકાણો, ચીમનભાઈ પટેલ વખતમાં કહેવાતુ હતું. એ પછીના દસ વર્ષની અંદર રોકાણ કેટલું થયું અને આટલું રોકાણ હોય તો એના વેચાણ મારફતે સેલ્સટેક્સની આવક કેટલી થઈ એની મુલવણી તો કરો. આ દીવા તળે અંધારાની વાત કરું છું.

કચ્છની અંદર મહિલાઓને સ્વરોજગારી માટેની રીવોલ્વીંગ ફંડ માટે પાંચ કરોડનું ફંડ બનાવવાની વાત હતી. એમાં ૫૦ લાખ રૂપિયા કન્ટીજન્સી ફંડમાંથી આપીને આ યોજના આગળ વધારી હતી પરંતુ ક્રમેક્રમે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મહિલા સ્વરોજગારીની યોજના બંધ કરી દીધી. ગઈ સરકાર વખતે નહિ, અગાઉની સરકાર હતી મહિલાઓ ઘેર બેઠે રોજગારી મેળવી શકે એટલા માટે જે સંસ્થાઓ રોજગારી આપતી હતી એના માટેનું રીવોલ્વીંગ ફંડ હતું એ બંધ કરીને આ વાતને વિસારે પાડી દીધી છે.

પ્રવાસન ખાતામાં ખૂબ વાતો થઈ છે. એમાં કચ્છનું નામ પણ લેવાયુ હતું. ધોળાવીરામાં રાજય સરકારે સગવડો ઊભી કરવા માટે વિચાર્યુ તો ખરું. આ ધોળા વીરા એટલે સૌથી જૂનું સ્થાપત્ય છે. વિશ્વભરના લોકો જોવા માટે આવે છે ત્યારે કેન્દ્ર સરકાર સવલતો તો ઊભી કરતી જાય છે, પરંતુ આપણે એને ચલાવવાની છે. આપણે આજે ત્રણ વર્ષ કરતાં વધારે સમય થઈ ગયો ત્યાં એક મોટેલ્સ ટાઇપ ઊભું થઈ ગયું છે, એ ચાલુ કરવાનું જ બાકી છે. ત્યાં જવા માટેના રસ્તાનું કામ ઘણી વખતથી બાકી છે. જે તે વખતના ઉદ્યોગમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કરી

આપ્યું હતું, તેમ છતાં આજે એ કામ અધૂરું પડ્યું છે ત્યારે એને પુરું તો કરો? માત્ર નામ લેવાય અને વાતો થાય. હું જો વાતોના વડા કહીશ તો કહેશે કે બિન બંધારણીય છે પરંતુ એ શબ્દનો ઉપયોગ કરીશ કે તરંગોના આધારે પરિણામો નથી આવતા.

ખાણ અને ખનિજ વિસ્તારો આવેલા છે. ત્યાં ખનિજોની ખનન પ્રવૃત્તિ થતી હોય ત્યાંથી રાજય સરકારને આવક થતી હોય છે. તેથી એ વિસ્તારને માટે વેલ્ફેર માટેની યોજના છે ખરી. રાજયમાં કુલ ખનિજની જે આવક થાય છે એમાંથી ૨૦ ટકા કરતાં વધુ રકમની આવક એકલા કચ્છ જિલ્લામાંથી થાય છે. આ ખનિજનું અગાઉ જે એનું સરવે થતું એનો વેલ્ફર પોગ્રામ થતો, ગુજરાત મિનિરલ ડૅવલપમૅન્ટ કોરપોરેશન મારફત થતું, પરંતુ છેલ્લા કેટલાક વખતથી એ બંધ થઈ ગયેલ છે. કેન્દ્ર સરકારને આવકવેરા પેટે કરોડો રૂપિયા ભરો છો ત્યારે જ્યાં ખનિજનું ખોદાણ થતું હોય તે વિસ્તાર માટે વેલ્ફેર પોગ્રામની અંદર જોગવાઈ થવી જોઈએ. સૌરાષ્ટ્ર કચ્છ માટે રાજય સરકારની એક સમિતિએ ભલામણ કરી હતી કે જે વિસ્તારમાં રાજય સરકારના એકમો આ ખનિજ ખોદતા હોય.એ ખનિજ ત્યાંના ઉદ્યોગપતિ અને નાના ઉદ્યોગવાળા જો આવે તો તેમાંનો પાંચ-દસ ટકા જથ્થો રીઝર્વ રાખીને પડતર ભાવે તેમને ખનિજ આપવું જોઈએ. બોકસાઈટ કે લીગ્નાઈટ એ કચ્છના નાના ઉદ્યોગોને જો આપવામાં આવે તો ત્યાં ઉદ્યોગોનું પ્રમાણ વધે. આજે we are burning the currency. આજે લીગ્નાઈટના પાવર સ્ટેશન થશે ત્યારે તેનો ઉપયોગ થશે. પણ અત્યારે તો માત્ર બળતણ તરીકે તેનો ઉપયોગ થાય છે. તેના બદલે વેલ્યુએડેડ વસ્તુઓ થાય. એ જ રીતે મીઠા ઉદ્યોગમાં રાજયનો મીઠું પકવતો મોટો વિસ્તાર હોય તો કચ્છનો વિસ્તાર છે. તેના માટેની લેવામાં આવતી સોલ્ટ સેસની રકમ આપણે ભરીએ છીએ પણ તેમાંથી આપણને ક્રમે ક્રમે દર વર્ષે ઓછી રકમ આવે છે. તો આ દરખાસ્ત શા માટે નથી થતી? અગરિયાઓને રહેણાંકની વ્યવસ્થા, શિક્ષણની વ્યવસ્થા, (સમયસૂચક ઘંટડી) હજી તો મારી શરૂઆત છે. મારે કેટલાક મુદ્દાઓ કહેવા છે.

**અધ્યક્ષશ્રી** : શરૂઆત નથી. ઘણું થયું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આપ મને જનરલમાં ન બોલવા દો તો મારે કચ્છ માટે બોલવું ક્યારે?

**અધ્યક્ષશ્રી** : તમે પ્રવચન પર આવો. પ્લીઝ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં માંદા એકમો માટે માગણીમાં ઉલ્લેખ આવેલો છે. ત્યાં માંદા એકમોને ચાર ચાર વર્ષથી ગ્રાન્ટ કે સબસિડી આપવામાં શું મોડું થાય છે? ચકાસણી પણ થઈ નથી. આ ચકાસણીના નામે વચેટિયાઓ ભાગ ન ભજવે ત્યાં સુધી તેનો નિકાલ થતો નથી. તે મારે ઉદ્યોગમંત્રીશ્રીને કહેવાનું છે. આજે કેટલાક એકમો આપણી પાસે ફિલ્મ ઉદ્યોગના થિયેટરો નેસ્તનાબૂદ થઈ ગયા છે તેમણે માગણી કરી છે. તેને એક રૂપિયો પણ આપણે આપ્યો છે ખરો? જે વિસ્તારમાં વધુમાં વધુ નુકસાન કે casualty થયું હતું તે ભચાઉ અને રાપર. એ વિસ્તારોમાં કુટિર ઉદ્યોગ મારફતે જે ગ્રાન્ટ-સબસિડી અપાય તેમાંથી કેટલા ટકા અપાઈ? બન્ને વિસ્તારમાં મૃત્યુનું પ્રમાણ ૭૦ ટકા છે. ત્યાં ૧૦ ટકા પણ ખર્ચ થયો છે? આની તપાસ કરે. આ સબસિડી કે ગ્રાન્ટ અપાયા પછી કેટલા ઉદ્યોગોમાં ફરીથી કેટલા કારીગરો કામ કરતા થયા? આ બધી બાબત આપના મારફતે કહું છું કે એક વાત ફરીથી કહું કે આમાં વિદેશી રોકાણ કયાં આવ્યું? કારણ કે વિશ્વાસ જતો રહ્યો છે. પરિસ્થિતિને કારણે. જે રીતે તેમને વિલંબિત કામગીરીમાં મૂકવામાં આવે છે એકની એક અરજીઓ આપણે એકબારી પદ્ધતિની વાત કરીએ પણ કોઈ જગ્યાએ એકબારી પદ્ધતિ આવતી નથી. આ બધી બાબતો જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની રચના થઈ જાય પછી તેને કાર્યરત કરવાની હોય તેના બદલે તેમની પાસેના પાવરને આપણે decentralise કરવાને બદલે માત્ર રાજય કક્ષાએ લઈ લઈએ છીએ. તો તેમને શું કરવાનું? આ બધી બાબતો આપના મારફત કહેવા માગું છું.

ઉદ્યોગમંત્રી હકારાત્મક છે અને ઉદ્યોગ વિભાગ પણ નવા નવા ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે છે પરંતુ તેમાં જો આડખીલી ન થાય, તેમને મોકળા મને જો કામ કરવા દેવામાં આવે તો તો જ થઈ શકે. ગુજરાતની પ્રજા વિશ્વભરમાં વસે છે. તેને ગુજરાત માટે હંમેશા ગૌરવ હોય છે. જ્યાં જ્યાં મંત્રીઓ ગયા ત્યાં લોકોએ આવકાર આપ્યો હશે. પણ ઉદ્યોગના નામે શું? ઉદ્યોગના નામે કેટલી કમાણી કરી આવ્યા? કેટલું મૂડીરોકાણ કર્યું તે વાત માનનીય ઉદ્યોગમંત્રીશ્રી કરે એટલી જ વાત મારે કહેવાની છે.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ માગણી નં. ૪૯,૫૦,૫૧ અને ૧૦૫ લઈને આવ્યા છે જેને હું મારું સમર્થન આપું છું.

રાજયનો વિકાસ અને તેની ગતિ આપણે સૌ જાણીએ છીએ. છેલ્લા ૨૫ વર્ષનું એનાલીસીસ કરીએ તો ઉદ્યોગના વિકાસનો ગ્રાફ અપ-ડાઉન રહ્યો છે. એક સમય એવો હતો કે ગુજરાતના ઉદ્યોગો ચારે બાજુ વિકસિત હતા. આર્થિક ઉદારીકરણની નીતિ અને તેના કારણે ઉદ્યોગોમાં થોડો સેટબેક આવ્યો. તેના કારણે નાના-મોટા અનેક ઉદ્યોગોને તેની અસર થઈ. રાજયનો ટેક્ષટાઈલ ઉદ્યોગ હોય, જેની જે સ્થિતિ હતી, અમદાવાદ, વડોદરા, સુરત કે રાજયના અન્ય ભાગોમાં ટેક્ષટાઈલ ઉદ્યોગોની જૂની મશીનરીને કારણે પ્રોડકશન ઓછું થાય. qualitywise proeuction ન થાય અને એના કારણે ટૅક્સટાઈલ ઉદ્યોગો રાજયનો ઓલ ટાઇમ પડી ભાંગવાની સ્થિતિમાં આવી ગયો. આવી પરિસ્થિતિમાંથી રાજય સરકારે અનેક પ્રયત્નો દ્વારા આજે ઉદ્યોગોના વિકાસના કાર્યક્રમો યોજ્યા છે અને એના કારણે કહી શકાય કે, આપણું રાજય દેશમાં ઉદ્યોગોના ક્ષેત્રે પહેલા નંબરે છે, બીજા રાજયોની સરખામણીમાં. પછી મહારાષ્ટ્ર હોય, કર્ણાટક હોય, આંધ્ર પ્રદેશ હોય એ બધાની સરખામણીમાં આપણે આગળ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૫ પછીની વાત કરું. No doubt, રાજયમાં અસ્થિરતાને કારણે ઘણા ઉદ્યોગો અન્ય રાજયોમાં ગયા અને તે વખતે મને યાદ છે કે, ૧ લાખ ૨૫ હજાર કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત થઈ છે. એમાંથી ૪૦ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા હતા. અસ્થિરતાના કારણે આ ઉદ્યોગો બીજા રાજયોમાં ગયા. મારે એ કહેવું છે કે, આ set back માંથી રાજય સરકાર બહાર નીકળી રહી છે અને એના કારણે આજે હું કહી શકીશ કે, રાજયમાં જે ઉદ્યોગોનો સરવે થઈ રહ્યો છે. એમાં ૨૦૦૩ના વાર્ષિક સરવે મુજબ મધ્યમ કક્ષાના ઉદ્યોગો ૨૦૦૦ જેટલા અને જેમાં નાના ઉદ્યોગો ૨ લાખ ૯૧ હજાર જેટલા ઉદ્યોગો રાજયમાં આજે કાર્યરત છે. ૨૦૦૨-૨૦૦૩માં ૧ લાખ ૭૫ હજાર ૭૩૮ કરોડ રૂપિયાનું કુલ ઉત્પાદન થયું હતું. એમાં હું કહી શકું કે ગયા વર્ષ કરતાં ૨૧૫૩૦ કરોડનો વધારો થયો છે. આમ દેશમાં આપણું રાજય ઔદ્યોગિક ક્ષેત્રે મોખરાનું સ્થાન ભોગવે છે, નંબર ૧નું સ્થાન ભોગવે છે. ઔદ્યોગિક વિકાસમાં હમણાં જ મેં કહ્યું એ પ્રમાણે global investors' summit અને vibrant Gujarat, એ હેઠળ જે ઉદ્યોગકારો અહીંયાં આવ્યા છે અને જેમણે M.O.U. કર્યા છે. હું કહી શકું કે, N.R.I.નું મૂડી રોકાણ હોય, N.R.G.નું મૂડી રોકાણ હોય અને એમાં જે પ્રોજૅકટો નક્કી થયા છે. Agro project માં ૩૪ પ્રોજૅકટોના M.O.U. નક્કી થયા છે. એમાં food processing unit છે, food park છે, bio-fuel છે. floriculture છે, isabgul છે, cotton farming છે, આ ઉદ્યોગો agro project હેઠળ આવવાના છે ૩૪ પ્રોજૅકટોના M.O.U. sign થયા છે. એ જ રીતે ૧૭ જેટલા power projects આ રાજયમાં આવ્યા છે. એમના M.O.U. થયા છે. Lignite based હોય, gas based હોય. wind power based હોય, nuclear power project હોય. આવા ૧૭ જેટલા પ્રોજૅકટ આ રાજયમાં આવવાના છે, એમ.ઓ.યુ. થયા છે અને એના કારણે વીજ ઉત્પાદન થવાનું છે. એ અર્થે ઉદ્યોગોને સહાયકર્તા રહ્યા છે અને એના કારણે જે કાંઈ વાતો થાય છે કે રાજયના ઉદ્યોગો અન્ય પ્રાંતોમાં જઈ રહ્યા છે. વીજળી સસ્તી હશે તો આ ઉદ્યોગો અહીંયાં આવવાના અને એના કારણે જે કાંઈ employment generate થવાનું છે એમાં વધુમાં વધુ વેગ મળશે. Oil & Natural Gasના ૨૫ જેટલા ઔદ્યોગિક ગૃહો આ રાજયમાં આવી ગયા છે. જેનું ડ્રીલીંગનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. Emerging technology, I.T. project ૨૨ જેટલા પ્રોજૅકટો આવી ગયા છે. USA & UK based ઉદ્યોગો અહીંયાં આવ્યા છે, શરૂ થનાર છે. Effective Teleservice Expansion, U.S.A. based ઉદ્યોગો છે જેના કારણે ૩૦૦૦ જેટલા યુવાનોને employment generate થશે. Cadila અને Birla જેવા ઉદ્યોગો આવ્યા છે. જેના કારણે ૩૦૦૦ જેટલા યુવાનોને employment generate થશે. Effective Gujarat Education, U.S.A. જેના દ્વારા ૪૦૦૦ employment generate થશે. Tourismના ૧૪ પ્રોજૅકટો આવી રહ્યા છે. ૭૩૫૧.૫ કરોડના investment છે. Urban Development ના ૧૩ પ્રોજૅકટો છે. જેનું ૯૧૦૦ કરોડ જેટલું મૂડી રોકાણ છે. Chemical ના ૧૩ ઉદ્યોગો આવી રહ્યા છે જેના કારણે ૩૬૪૫ કરોડ રૂપિયા જેટલું રોકાણ થવાનું છે. Textile and apparel park, સુરત અને રાજયના અન્ય વિસ્તારોમાં શરૂ થવાના છે. જે ૧૦ પ્રોજૅકટ છે એના કારણે employment generation ને વેગ મળશે. Jems and jewellary ના પણ ૩૫ જેટલા પ્રોજૅકટ રાજયમાં સ્થપાનાર છે. G.I.D.B. ના ૪ project અને engineering and automobile ના ૩૨ project એમાં જે કહેવામાં આવે છે કે ૧ લાખ ૬ હજાર કરોડ રૂપિયા જેટલું રોકાણ આ M.O.U. દ્વારા થયું છે. રાજયમાં દહેજ અને મુંદ્રા સાથે સાત Special Economic Zone ની કાર્યવાહી શરૂ થઈ છે. એના કારણે import and export ની પ્રવૃત્તિને વેગ મળશે. મુંદ્રા, પીપાવાવ, દહેજ બંદરોએ traffic નો ધસારો ૧૦૯ million tonne જેટલો થયો છે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ આ બધા પૉર્ટનું liaison કરે છે અને ૧૬૫ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આધુનિક સિસ્ટમ develop કરવા માટેની કામગીરી રાજય સરકારે મેરી ટાઈમ બોર્ડ દ્વારા હાથ ધરી છે. નાના ઉદ્યોગો જે જી.આઈ.ડી.સી. અને અન્ય scattered વિસ્તારમાં સ્થપાયેલા છે. પછી એ વાપી હોય અંકલેશ્વર હોય, અમદાવાદની વટવાની જી.આઈ.ડી.સી. હોય કે સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર અને અન્ય વિસ્તારોમાં બ્રાસ પાર્ટના ઉદ્યોગો હોય એમની technology upgradation માટે રાજય સરકારે પણ પૈસાનું આયોજન કર્યું છે. આપણને બધાને ખબર છે કે બજારમાં હરિફાઈ, આધુનિકરણને કારણે, globalisation ના કારણે વધી છે. Internet ની સુવિધાઓ દ્વારા latest technology આપણા નાના ઉદ્યોગો મેળવે અને એના દ્વારા ઉદ્યોગોમાં બનતા ઉત્પાદનની quality and quantity માં વધારો થાય એ આજના સમયની જરૂરિયાત છે. રાજય સરકારે એ માટે પ્રોત્સાહન આપવા માટે આયોજન કર્યું છે. Research and development ને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જ્યાં આગળ research and development હશે ત્યાં આગળ ઉદ્યોગોનો વિકાસ થશે. Research માં નવી technology નો વિકાસ થયો છે એના કારણે pharmaceutical ઉદ્યોગો છે એ ખાસ કરીને રાજયમાં develop થયા છે. એનું મુખ્ય કારણ research and development છે. I.P.C.L. જેવા મોટા પ્રોજૅકટ, G.S.F.C. જેવા fertiliser ઉત્પાદન કરતા project માં research and development ને કારણે અનેકગણી quality માં સુધારો અને expansion થયું છે એના કારણે રાજય સરકારે research and development માં ૧હજાર લાખની જોગવાઈ કરી છે. કુટિર ઉદ્યોગ માટે ૨૧ લાખ જેટલા કારીગરો સ્વરોજગારી મેળવી રહ્યા છે. એમાં પછી ખાદી હોય હાથસાળ હોય ભરતકામ હોય માટી આધારિત ઉદ્યોગોને પણ પ્રોત્સાહન આપી રહી છે. Competition ને કારણે જૂદી જૂદી foreign investment banks આવી રહી છે. પછી એ H.D.F.C. હોય I.C.I.C.I. હોય Citi Bank હોય આવી બૅન્કો દેશમાં આવી રહી છે રાજયમાં આવી રહી છે અને એમની હરિફાઈને કારણે વ્યાજના દરમાં ઘટાડો થયો છે. જેના કારણે ઉદ્યોગકારોને એનો ફાયદો થવાનો છે. કોઈ બૅન્ક

૧૨ ટકા ઓફર કરે છે.કોઈ બેંક ૧૦ ટકા ઓફર કરે છે, એના કારણે દેશની nationalised banks છે એ બૅન્કોએ પણ પોતાના વ્યાજના દરમાં ઘટાડો કર્યો છે જેના કારણે ઉદ્યોગોને ફાયદો થવાનો છે. ઉદ્યોગોમાં competition આવશે. રાજય સરકારે ISO certificate દ્વારા જે ઉદ્યોગો કામ કરી રહ્યા છે એમને પણ પ્રોત્સાહન આપવાનું કામ કર્યુ છે. ISO 9000 હોય, ISO 14000 હોય, ISO 18000 હોય જેના દ્વારા quality, quantity and environment બધું જોવામાં આવે છે અને આંતરરાષ્ટ્રીય જે ઉદ્યોગો છે, વસાહતો છે જે લોકો આ ISO ને preference આપે છે. રાજયના ઉદ્યોગો એ certificate મેળવે છે અને આંતરરાષ્ટીય બજારમાં હરિફાઈમાં રાજયના ઉદ્યોગો આજે કદમ મિલાવી રહ્યા છે. કચ્છની વાત કરી, કચ્છના ભૂકંપ પછી ઔદ્યોગિક વિકાસ કચ્છમાં પણ થયો છે. કેન્દ્ર સરકારની પ્રોત્સાહક નીતિને કારણે excise ની મુકિતને કારણે sales tax ની મુકિતને કારણે કચ્છમાં પણ ૩૭ જેટલા પ્રોજૅકટ ઉભા થયા છે. જેનું રોકાણ ૨૮૯૪ કરોડનું છે. ૩૭૫ પ્રોજેકટો અમલીકરણમાં છે. જેનું રોકાણ ૧૫૫૦૦ કરોડનું છે. એ જ રીતે આ પ્રોજેકટો શરૂ થવાના કારણે ૭૯૦૦૦ વ્યકિતઓને રોજગારી મળશે અને ૨૧૨૧૧ કરોડ, જે વાયબ્રન્ટ, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દ્વારા સમજૂતિ કરારો થયા છે એને પણ પ્રોત્સાહન મળશે. હું કહીશ કે રાજય સરકારની જ્યાં જ્યાં જી.આઈ.ડી.સી. છે, કેમિકલ ઉદ્યોગો છે એ ઉદ્યોગોમાં પણ કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની જે રીતે શરૂઆત કરી છે, અંકલેશ્વર અને વાપી જેવા કેમિકલ ઝોનમાં આ સી.ઈ.ટી.પી.ની શરૂઆતના કારણે જે પ્રોબ્લેમો પર્યાવરણના ઊભા થતા હતા એ ઓછા થયા છે અને જે ચોખ્ખું પાણી મળવું જોઈએ એ મળી રહે એ માટે રાજય સરકારના સહયોગથી મોટી પાઈપ લાઈન યોજનાની શરૂઆત કરી છે અને એ પૂર્ણતાના આરે છે. ઔદ્યોગિક પાર્કમાં જેને ઉદ્યોગ સ્થાપવો છે એમના માટે પણ રાજય સરકારે પ્રોત્સાહન નીતિ અખત્યાર કરી છે. જેમને નિકાસ કરવી છે એવા નિકાસલી પાર્કને રાજય સરકારે પ્રોત્સાહન આપ્યું છે. એમાં ખાસ અમુક ક્રાઈટ એરિયા નક્કી કર્યા છે કે આ નિકાસલક્ષી પાકને રેલવે, બંદર તેમજ રસ્તાની વ્યવસ્થાથી આયોજિત હોય અને એના કારણે રાજયનું એકસપોર્ટ વધી શકે. એ પ્રમાણેનું રાજય સરકારે વિકાસનું આયોજન કર્યું છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**જનરલ મૅડિકલ ચેક-અપ કેમ્પ અંગે**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. માનનીય સભ્યશ્રીઓના આરોગ્યની તપાસ માટે એક જનરલ મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જે ગુજરાત વિધાનસભા સચિવાલયના પહેલા માળે આવેલ રૂમ નં.૧૨માં ચાલુ છે. આ કેમ્પ તા. ૯-૩-૨૦૦૫ સુધી ચાલુ છે. મને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધી ૯૬ જેટલા માનનીય સભ્યશ્રીઓએ આ સુવિધાનો લાભ લીધો છે. જે સભ્યશ્રીઓ હજી બાકી હોય, લાભ લીધો ન હોય એમને સત્વરે આ સુવિધાનો લાભ લેવા મારી વિનંતી છે.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)**

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મંજૂરી આપો તો મારે અલગ અલગ હાઉસમાં આવવાની બે દિવસની મને કોર્ટમાંથી મંજૂરી મળી છે. હાઉસમાં મારે મારા વિસ્તારના બધા વિભાગના પ્રશ્નોની રજૂઆત કરવાની હતી એ લેટરથી મોકલવાની હતી. રુબરુ મળવા જઈએ તો ખોટી રીતે છાપાવાળા આક્ષેપો કરે. તો મારી લાગણી છે કે અલગ અલગ વિભાગોની બે મિનિટ માટે ચર્ચા આપો તો મારા વિસ્તારના પ્રશ્નોની હું રજૂઆત કરી શકું.

**અધ્યક્ષશ્રી** : આજે જે વિભાગ છે એના માટે બોલો. આજની જે માગણીઓ છે એના ઉપર બોલો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : એના ઉપર બોલવાનું જ છે પણ આપ થોડી મંજૂરી આપો તો સારું એવી મારી લાગણી છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, અત્યારે એ રજૂઆત ન થાય. અહીંયા વિભાગ અલગ છે. એટલે બધું નોંધ ન થાય. પછી પાછળથી તક આપીશ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : વિકાસ સિવાય બીજી કોઈ વાત નથી.

**અધ્યક્ષશ્રી** : આજે જે કાર્યવાહી હોય એ વાત કરો. એમાં તમારા વિસ્તારના પ્રશ્નો કહી શકો. તમારા વિસ્તારના પ્રશ્નો હોય, એ આ માગણીમાં કહી શકો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પુરાવવા ઊભો થયો છું. મારા વિસ્તારમાં સિરામિક ઉદ્યોગ મોરબી, માળિયા, વાંકાનેર અને થાન આખા ભારતનું લગભગ ૫૦ ટકા ઉત્પાદન ત્યાંથી થાય છે. એને સરકારે ગયા વર્ષે જે ટેકસનો ફાયદો કરી આપ્યો એ બદલ હું આભાર માનું છું અને ગેસ આપવાની વાત છે એના માટે પણ હું આભાર માનું છું. મોરબીના સિરામિકમાં

એકસપોર્ટમાં ચાઈના અને ગુજરાતમાં ૧૦ રૂપિયાનો ફેર છે. એમાં ૧૦ રૂપિયાનો ફાયદો થઈ જાય તો એકસપોર્ટમાં ગુજરાત નંબર એક લઈ શકે અને ચાઈના સાથે હરિફાઈ કરી શકે. એટલે ગેસ વહેલી તકે આવે એવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મીઠાનું ઉત્પાદન ઘણું બધું છે. એમાં માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને મારી લાગણી છે કે એમાં વધારેમાં વધારે સપોર્ટ આપે અને એ વિસ્તારનો વિકાસ થાય અને માળિયા તાલુકો છે છતાં એ પણ લાભ લે. બીજું અત્યારે હું હાલ સાબરમતી જેલમાં છું અને મારી અપીલ દાખલ છે એટલે મહિનામાં મને ચાર ટપાલ લખવાની મંજૂરી છે. એટલે જો મારા વિસ્તારના કામો માટે મારા લેટર પેડ ઉપર જો મને મંજૂરી મળે તો મારા વિસ્તારના વિકાસના પ્રશ્નો રજૂ કરી શકું એવી મારી લાગણી છે.

**અધ્યક્ષશ્રી** : આપને બેસીને લખવું હોય એ લખી શકો છો. પછી મંત્રીશ્રીને આપી દેજો.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : આપે મંજૂરી આપવી પડશે, જેલમાં બેઠા બેઠા કાગળ લખવાની. જેલમાં બેઠા બેઠા ખાલી વિકાસના કામોના પ્રશ્નો જ, માનનીય અધ્યક્ષશ્રી, બાકી કોઈ પ્રશ્ન નહિ...(અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું કહેવું છે કે, મહિનામાં ચાર જ વખત મંજૂરી આપી છે, માત્ર વિકાસના કામો લખવાની વધારે મંજૂરી આપે તે માટે એ માગણી કરે છે.

**અધ્યક્ષશ્રી** : એ લીગલી જોઈ લઈશું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એ જોઈને પછી..

**અધ્યક્ષશ્રી** : જોગવાઈઓ જોઈ લઈશું, કાંતિભાઈ અમને કાંઈ વાંધો નથી પણ જોઈ લઈશું.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં બેઠા કામ કરાય એટલા માટે, આભાર.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાળ કલ્યાણ વિભાગની આજે જે માગણીઓ લઈને આવેલા છે એમને હું મારું સમર્થન આપી મારાં વિચારો રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ભૂતકાળના શાસનમાં બન્યું નથી એ ભારતીય જનતા પાર્ટીનું શાસનમાં બન્યું છે. મહિલા કલ્યાણની પ્રગતિ, વિકાસ તથા તેમની વ્યથા સમજવા માટે આ સચિવાલયમાં એક અલગ વિભાગની આવશ્કતા હતી અને સમયની માગને ધ્યાનમાં લઈને ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૦૩માં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ શરૂ કરેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ તબક્કે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કારણ કે તેઓએ આ ખાતાનો હવાલો ખૂબજ કાબેલ અને અનુભવી મહિલા માનનીય આનંદીબેનને આપ્યો છે તે બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા-બાળ કલ્યાણ વિભાગ જે મહિલાઓ માટે નાણાકીય સહાય આંગણવાડી આપી, વીમા યોજના તેમજ સ્વશકિત પરિયોજના માટે યોગ્ય જોગવાઈ કરવામાં આવી છે અને તેમાં પણ જે બજેટમાં વધારો કરવામાં આવ્યો છે તે જ બતાવે છે કે આ સરકારે મહિલાઓના હિત માટે કેટલી ચિંતિત છે. ૧૯ થી ૪૫ વર્ષની વિધવા મહિલાઓ નિરાધાર છે તેઓને માટે પણ આપણી સરકારે બહેનો સમાજમાં સ્વમાનભભેર જીવી શકે તે માટે ૯૨૦૦૦ વિધવા બહેનોને સરકાર તરફથી દર મહિને પેન્શન દ્વારા સહાય કરવામાં આવી છે અને તેના માટે બજેટમાં ૬૬.૯૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તે ખૂબજ અભિનંદનને પાત્ર છે. આ ઉપરાંત નિરાધાર વિધવા બહેનોને બીજી અનેક સહાય કરવામાં આવે છે અને તેથી હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ કરતી બહેનો માટે દર મહિનાની ૯મી તારીખે ખાનગી ક્ષેત્રે સરકારી તબીબો દ્વારા તબીબી સારવાર આપવામાં આવે છે કે જેના કારણે વિધવા સર્ગભા બહેનો છે તેઓના પણ મૃત્યુ અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો થયો છે અને તેના માટે પણ હું સરકારશ્રી ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તેના પણ ખૂબજ સુંદર પ્રતિભાવ મળી રહ્યો છે. ગુજરાતનો એકપણ માણસ પોષણ, આરોગ્ય, શિક્ષણ વગેરેની સુવિધાથી વંચિત ના રહી તેના માટે સંકલિત બાળ વિકાસની યોજના કરવામાં આવેલ છે તે બદલ હું આ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ ઊભો કરી અને તેના માટે સ્વશકિત પરિયોજના પણ અમલમાં આવેલ છે. આ ઉપરાંત બહેનોના જે મહત્ત્વપૂર્ણ સામાજિક, આર્થિક તેમજ કાયદાકીય વિષયની બાબતમાં મહિલા જાગૃત્તિ લાવવા માટે મહિલા જાગૃત્તિકરણ શિબિરોનું આયોજન કરવામાં આવેલ છે અને તે ઉપરાંત બહેનો ઉપર થતાં દહેજ અત્યાચારો, ભરણપોષણ, છૂટાછેડા વગેરે માટે મહિલાઓને કાયદાકીય સહાય મળી રહે તેના માટે કાયદાકીય કાનૂની સહાય કેન્દ્રો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત મજૂર વિસ્તારમાં જ્યાં જ્યાં બહેનો હોય ત્યાં એ પોતાના બાળકોની સંભાળ રાખી ના શકે તેના માટે ઘોડિયાઘરની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ જે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ છે એ ખૂબ જ સુંદર કામ કરી રહ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે મહિલાઓના વિકાસ માટે નિગમ ઉમદા કામગીરી કરી રહ્યું છે તે માટે ખૂબ ખૂબ અભિનંદન આપી રહી છું. મહિલાઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓ ઉપર તથા અત્યાચાર માટે વિધેયક પસાર કરવામાં આવ્યું હતું અને એના દ્વારા મહિલાઓના હિતનું રક્ષણ કરવા માટે તથા મહિલાઓની સામે અશોભનીય વર્તન અટકાવવા માટેનો ઈરાદો હતો. જાહેર જીવનમાં નોકરી કરતી મહિલાઓ કે સરકારી કચેરીમાં જે બહેનો નોકરી કરે છે તેઓમાં જાતિય સતામણીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. આને નિવારવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ચિંતા કરવામાં આવી હતી. તેને અટકાવવા માટે

આ સરકારે ખૂબ જ પ્રયત્નો કર્યા છે. આ બાબતે મહિલાઓને કરવામાં આવતી કનડગત બાબતે વધુમાં વધુ શિક્ષાઓ બહાર પાડવામાં આવે એવું મારું સૂચન છે.

૧૯૯૧ થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન ૩૫ લાખ જેટલી મહિલાઓ સાક્ષર થઈ છે તે બદલ રાજય સરકાર અભિનંદનને પાત્ર છે. આમ છતાં અન્ય રાજયોની સરખામણીમાં આપણે ત્યાં આ દર ઓછો છે. તેથી સ્ત્રી કેળવણી માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવી જોઈએ. માનનીય મુખ્યમંત્રીશ્રી આ બાબતે ખૂબ જ ચિંતિત છે. તેઓએ કન્યા કેળવણી માટે ગામડે ગામડે જઈને જે અભિયાનો ચલાવ્યા છે, તેઓની સાથે બીજા મંત્રીશ્રીઓ તેમજ અધિકારીઓને લઈને જૂન મહિનાની ૧૩,૧૪ અને ૧૫ તારીખે તેઓ પોતે પણ ત્યાં જાય છે અને કન્યા કેળવણી માટે ગામડાંઓની બહેનોને શિક્ષણ લેવા માટે પ્રોત્સાહનો આપી રહ્યા છે. તેમાં તેઓએ જે ઝુંબેશ ઉઠાવી છે એમાં સફળતા મળી રહી છે. આ તબક્કે મારે મુખ્યમંત્રીશ્રીને ખાસ અભિનંદન આપવાં જોઈએ કે તેઓની સરકાર જયારથી આવી અને તેઓને જે ભેટો મળે છે એ વેચીને જે પૈસા આવે છે તે કન્યા કેળવણી પાછળ તેઓ ખર્ચે છે. તે બદલ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મહિલાઓને આર્થિક રીતે સદ્ધર કરવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જે સમાજમાં સ્ત્રી સન્માન થાય છે ત્યાં સ્ત્રી સલામત રહે છે. શિક્ષણ થકી સ્ત્રી આર્થિક સદ્ધરતા મેળવી શકે છે. આપણે ત્યાં મહિલાઓમાં ગામડાંમાં શિક્ષણ ઓછું છે તે માટે આપણે એક ઝુંબેશ ઉઠાવી છે. પરંતુ એમાં જો વધારેમાં વધારે પ્રયત્નો કરીશું તો કન્યા કેળવણીનો દર વધીને જ રહેશે. જે સમાજમાં કન્યા શિક્ષિત હશે તે સમાજ અને રાષ્ટ્ર શિક્ષણ થકી વિકાસ પામશે. બચપણથી જ શિક્ષણનો ફેલાવો કરવામાં આવે અને સ્ત્રીઓને બચપણથી રક્ષણની સલામતિ આપવામાં આવે તો સ્ત્રીઓમાં શિક્ષણ વિશે જાગૃતિ વધશે. સ્ત્રીઓમાં લાચારી અને વિરોધ કરવાનું કારણ શિક્ષણનો અભાવ છે. માનવ જાતિના વિકાસ માટે શિક્ષણ એ સર્વશ્રેષ્ઠ છે.

રાજયમાં શાળા પ્રવેશ ઉત્સવો ઉજવવામાં આવે છે, કન્યા કેળવણી રથયાત્રા , વિદ્યાલક્ષ્મી બોન્ડ, જે બહેનો શાળામાં દાખલ થાય છે તેમને એક હજાર રૂપિયાના આ બોન્ડ આપવામાં આવે છે અને તે બોન્ડ જયારે તે વિદ્યાર્થીની સાતમા ધોરણમાં આવે ત્યાર પછી વટાવી શકે છે. તેના કારણે તે વિદ્યાર્થીની સાત ધોરણ સુધી પહોંચી શકે છે. એ ઉપરાંત આઠમા ધોરણથી સહાય પણ આપવામાં આવે છે. આ માટે સરકારને હું અભિનંદન આપું છે. આજે સમાજમાં મોટામાં મોટો પ્રશ્ન હોય તો તે નાની બાળકીઓનો હોય છે. ભૃણહત્યા આજે સમાજમાં ચિંતનનો વિષય હોઈ, પુરુષોની સામે સ્ત્રીઓની સંખ્યા ઘટી રહી છે. આ માટે સરકારે કડકમાં કડક પગલાં લેવા જોઈએ. આજે વિજ્ઞાન એટલું આગળ વધી રહયું છે અને તેનો આપણે ગેરલાભ ઉઠાવી રહ્યા છીએ. આજે બાળકીનો જન્મ પણ થવા દેતા નથી. તેનો ગર્ભપાત કરાવી દે છે. એના માટે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાની જરૂર છે. એટલા માટે સમાજના દરેક વર્ગે ડોકટરો, સ્ત્રીઓ કે ઘરના કુટુંબીજનોએ જાગૃતિ લાવીને અટકાવી દેવું ખૂબ જરૂરી છે. ભૃણ હત્યા. આજે ૧૦૦૦ પુરુષોએ ૯૧૦ સ્ત્રીઓની સંખ્યા છે. આને કારણે સમાજમાં એક અનિષ્ટ પેદા થયું છે. કારણકે સ્ત્રીનું પ્રમાણ ઘટતું જાય છે.આ સમાજમાં બળાત્કાર, અપહરણ જેવા કિસ્સા વધતા જશે. દરેક બહેનોને દીકરો જોઈએ છે તો તમારો દીકરો પરણશે કોને? એ ખૂબ ગંભીર વિષય છે. આ અટકાવવામાં નહીં આવે તો અનેક અનિષ્ટો ઉત્પન્ન થશે. વિશેષ મારે કશું કહેવું નથી. પરંતુ બાળ મહિલા વિભાગના મંત્રીશ્રી જે માગણી લાવ્યા છે એમને અભિનંદન આપું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ અને માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ પોતાની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારાં સૂચનો રજૂ કરું છું.

કોઈપણ રાજયની જે પારાશીશી હોય એટલે કે શરીરની જેમ કરોડરજજુ હોય છે એમ રાજયની કરોડરજજૂ ઉદ્યોગો છે. ઉદ્યોગો ઉપરથી રાજયના વાતાવરણનો, રાજયમાં શાંતિ, સમૃદ્ધિ અને સલામતી છે કે કેમ એનો ખ્યાલ ઉદ્યોગોની વૃદ્ધિ ઉપરથી આવે. અગાઉની જે ઉદ્યોગ નીતિ હતી એની અંદર જે વૃદ્ધ થયેલી અને એ વૃદ્ધિમાં પણ થોડો વેગ આવે એ માટે ગુજરાત રાજય અને ગુજરાત સરકાર ખૂબ વિચાર વિમર્શ કરીને ૨૦૦૩માં નવી ઉદ્યોગ નીતિ જાહેર કરેલ એ ઉદ્યોગ નીતિમાં સવલત આપવાની જે વાત હતી. મંત્રીશ્રી પોતે ઉદ્યોગપતિ છે અને પોતે નાના ઉદ્યોગકારમાંથી સફળ ઉદ્યોગકાર તરીકે બહાર આવ્યા છે એટલે એમને આ બધાનો ખ્યાલ છે. સરકારમાં બેઠા પછી એમને પોતાને પણ કેટલી મૂંઝવણ થાય છે કે હું જ્યારે ઉદ્યોગપતિ હતો અને નાના ઉદ્યોગકારમાંથી સફળ ઉદ્યોગકાર તરીકે બહાર આવ્યો ત્યારે મને પડતી મુશ્કેલી નિવારવા માટે સરકારમાં આવવા માટે પ્રયત્ન કરેલ આજે એ સફળ થઈ શકયા નથી. એટલા માટે કે જ્યારે હું જોઉં છું, ચર્ચા કરવા જઉં છું ત્યારે હંમેશાં કાંઈક ચિંતા વ્યકત કરતા હોય એવું મને લાગે છે. જી.એસ.એફ.સી., એટલે કે ગુજરાત નાણાકીય નિગમ, જી.આઈ.ડી.સી. જી.આઈ.આઈ.સી. એ નિગમો ઉદ્યોગ વિભાગની અંદરમાં આવે છે. પરિસ્થિતિ એવી છે કે આ નિગમ ચલાવવા માટે નાણાકીય સવલતો જે ભારત સરકારના નિગમોએ આપી છે. દા.ત. સીડબી., આઈ.ડી.બી.આઈ., આઈ.સી.આઈ.સી.આઈ., આઈ.એફ.સી.આઈ., નાબાર્ડની જે નાણાકીય સવલતો લીધી છે. ઉદ્યોગોને ઊભા કરવા માટે આપણે એને પૈસા આપી શકતા નથી. એના પૈસા ચૂકવવા માટે રાજયમાં પૂરક માગણી લઈને આવવું પડે છે કારણકે ઉદ્યોગપતિ. નાદાર થયા છે એવું નથી. આખું આ વાતાવરણ ડહોળાયું છે.

જનરલ મોટર્સ મોટામાં મોટી કંપની હાલોલની એનું ફર્ધર એકસ્પાન્શન ગુજરાતમાં ના કર્યુ, એ પણ પૂના ચિંચવડ જવાની વાત કરવા માંડી. આજે રાજય સરકાર એમ.ઓ.યુ. કરે છે. ખૂબ સારી બાબત છે. આટલા ઉદ્યોગો કદાચ ગુજરાતમાં આવે તો કોઈ ગુજરાતમાં બેકાર ન રહે, બીજાં રાજ્યને આડકતરી મદદ થાય. સરવાળે આવ્યા

કેટલા? જી.એસ.એફ.સી., જી.આઈ.આઈ.સી. ની ઇન્સેન્ટિવ સ્કીમ બહાર પાડી કે જે રોકાણકારો પૈસા આપી શકે તેવી શકિતમાં નથી, એના માટે અમે લાભ આપીએ. વન ટાઈમ સેટલમેન્ટ કરીએ અને એમાં પણ પૈસાનું રોકાણ આવતું નથી. બીજું ખરાબ પાસું કહું તો સરકાર જે રેગ્યુલર પેઅર છે. જી.આઈ.આઈ.સી. ની અંદર અને જી.આઈ.ડી.સી. ની અંદર કાયમ જે લોકો રેગ્યુલર હપ્તા ભરે છે એનો એક પણ રૂપિયો બાકી નથી અને એના પૈસા રીકવર કરવા માટે એક પણ રૂપિયાનો વહીવટી ખર્ચ નથી, એવા લોકોને ઈન્સેન્ટિવ સ્કીમમાં લાભ આપવામાં ન આવ્યા, કારણ કે તમે તો કાયદેસર પૈસા ભરો છો ને. જે કપડાં ઉતારીને માર્કેટમાં ચાલે છે, તેને કપડાં પહેરાવવા માટે સરકાર પાછળ દોડે છે અને જે બંધ કોટ, ટાઈ પહેરીને આવે, મારે મારા રૂપિયા ભરવા છે, તો નહિ, નહિ, તારે તો ૧૫ ટકા પૂરેપૂરા લેવાના, કારણ કે તું તો રેગ્યુલર ભરે છે ને. આ પરિસ્થિતિ છે. ખોટું હોય તો મંત્રીશ્રી કહી શકે. ઈન્સેન્ટિવની સ્કીમ બંને તરફ હોઈ શકે. રેગ્યુલર પેઅરને લાભ મળવો જોઈએ, તેવું મારું સૂચન છે. પહેલા લોકોના પૈસા નથી મળતા, તેને ઓ.ટી.એસ. સ્કીમમાં રાજય સરકાર લાભ આપે છે, ત્યારે બધા પાસાનો વિચાર કરીને લાભ આપેલ છે. હું એમ નથી કહેતો કે બધા પાસાનો વિચાર નહિ કર્યો હોય અને અત્યારે ફ્રી માર્કેટિંગ થઈ ગયું છે, બહારથી ઘણા સસ્તા ભાવે મટીરિયલ્સ આવતું હોય, એટલા માટે શક્ય છે કે, માર્કેટિંગનો પ્રોબ્લેમ ઊભો થઈ શકે. કેટલાક સેલ્સટેકસ, કરવેરાના નિયમોનો બેનિફિટ લેતા હોય છે, એટલે આ શક્યતાઓ પૂરેપૂરી રહેલી છે પણ એનો લાભ બીજા ખરેખર કાયદેસરની સરકારને મદદ કરનારા એકમો અને સરકારને રેગ્યુલર પૈસા ભરનારાઓને લાભ મળે તેવું મારું સૂચન છે.

બીજી પરિસ્થિતિ એવી છે કે આજે આપણા ઉદ્યોગોના વિકાસ માટે ખૂબ મોટા મોટા આયોજન કરીએ છીએ અને એ આયોજન કર્યા પછી પરિસ્થિતિ એવી થાય છે કે તે ઉદ્યોગ સ્થાપવા માટે કલેક્ટર ઑફિસમાં જાય, એટલે સરકારે પરિપત્ર કરેલ કે ઉદ્યોગ સ્થાપવા માગતા હોય તો બીજું કશું કરવાનું નહિ, ઑટોમૅટીક જમીન એન.એ. થઈ જશે, વીજળીનું કનૅક્શન મળી જશે, આ મળી જશે, પેલું મળી જશે. આવું કહીને તેણે ઉદ્યોગ સ્થાપવાની કોશિશ કરી હોય, પણ આવી ભ્રામક વાતોમાં આવી એ ખરેખર ઉદ્યોગ સ્થાપવા જાય તો પરિસ્થિતિ કેવી થાય. એન.એ. નથી થઈ, બીન ખેતી નથી થઈ. એને લાભ મળ્યો નથી એ ક્યારે ખબર પડે કે જ્યારે તે વીજળીનું કનૅક્શન લેવા જાય ત્યારે કહે કે એન.એ.નો ઑર્ડર છે તમારી પાસે, તો કહે કે નથી. તો કેવી રીતે વીજળીનું કનૅક્શન લેવા માટે આવો છો? તો મારું સૂચન છે કે આપણે જાહેરાત કરેલ છે. વન વિન્ડો સિસ્ટમ જાહેર કરેલ છે, એટલા માટે મારે ખાસ કહેવું છે કે ઉદ્યોગપતિઓને આપણે બોલાવીએ છીએ. એમને આમંત્રણ આપીએ છીએ. આ બધી સિસ્ટમમાં સરકારે ક્યાંક ને ક્યાંક સવલતો કરી અને આવા જે ઉદ્યોગપતિઓ આવવા માગતા હોય એને લોનની સવલત, જમીનની સવલત, વીજળી માટેની સવલત, પાણી માટેની સવલત એને કઈક રાહત દરે બીજા લાભો ઈન્સેન્ટિવના, સેલ્સટેકસના આપવાના હોય, તે બધા લાભ એક જ તબક્કે મળે, લેટર ઑફ ઈન્ટેન્ટ આપવામાં આવે, ત્યારે મળવાપાત્ર લાભો આપવામાં આવે તો ચોક્કસ ઉદ્યોગો આવશે. અહીયા આવીને ખાતમુહૂર્ત કરાવડાવીએ, પછી એમ કહે કે આ બધુ બાકી છે, તો ખાતમુહૂર્ત શક્ય નથી. પછીની પ્રોસેસ લેન્ધી થઈ જાય, પ્રોડક્શન લેન્ધી થઈ જાય અને તે પછી જયારે માર્કેટમાં આવે છે ત્યારે તેના કોમ્પીટીટરો એટલા બધા વધી ગયા હોય છે કે તેમાં આપણે વીટ્રીફાઈડ ટાઈલ્સનું ઉદાહરણ લઈએ તો તેની અંદર જે પરિસ્થિતિ ઊભી થઈ છે. બે વર્ષ પહેલાં આ યુનિટો ચાલુ થવા જોઈતા હતા પણ ગમે તે કારણોસર બે વર્ષ પછી ચાલુ થયા અને આજે ચાઈનાએ ડમ્પ કરી દીધું છે. આજે આ વીટ્રીફાઈડ ટાઈલ્સના મેચ્યુફેકચરો બધા મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. હું એમાં નથી પડવા માગતો, અરે, તમારી સાથે જ છું એટલા માટે જ કહેવા માગું છું. વીટ્રીફાઈડ ટાઈલ્સના મેન્યુફેકચરોને બચાવવામાં તમારી સાથે જ છું. ગુજરાતના જે ઉદ્યોગો છે તેમાં આજની તારીખે એવી પરિસ્થિતિ ઊભવી થઈ છે કે જુદા જુદા નિગમો પાસે ૮૦૦થી વધારે એકમો તેમના કબજામાં છે. તેમાં મારું સૂચન છે કે નિગમના કબજામાં કોલેટરલ ગેરંટર છે, કોલલેટર ગેરંટરને પેલો ઉદ્યોગપતિ પણ આજે ઉદ્યોગો જી.એસ.એફ.સી.ના કબજામાં છે અને હરાજી ન થઈ શકવાના કારણોસર તેનો નિકાલ થઈ શકતો નથી.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ, ખાણ અને ખનીજ અને મહિલા બાળ વિકાસ વિભાગના મંત્રીશ્રીઓ જે માગણી ક્રમાંક- ૪૯,૫૦,૫૧ અને ૧૦૫ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજયના વિકાસની અંદર જયારે રાજય દિન પ્રતિદિન વિકાસ તરફ જતું હોય ત્યારે તે રાજયના વિકાસમાં ઉદ્યોગ અને કૃષિ આ બે વસ્તુ પ્રાણ તત્ત્વો છે. જો જે રાજયનો ઉદ્યોગ અને કૃષિ બંને વિભાગ મજબૂત હોય તો છેવાડાના માણસ સુધીનો રાજય સરકાર ઉન્નત વિચાર કરી શકશે. વિરોધપક્ષના લોકો ઘણી વખત બોલે છે કે વાઈબ્રન્ટ ગુજરાત, મશ્કરીરૂપ બોલે પણ ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીએ ગુજરાત સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાતના જે કાર્યક્રમો થયા તેમાં વિરોધપક્ષના લોકોમાંથી કોઈ ઉપસ્થિત હોત તો ખબર પડતી. તેઓને ખબર પડત કે દેશના ટોચના ઉદ્યોગપતિઓ જે અંબાણી ગૃપથી શરૂ કરીને રાજયના નિરમા ગૃપ સુધીના વીસ થી બાવીસ જેટલા ઉદ્યોગપતિઓ સ્વયં હાજર હતા. ભારતના ઉપરાષ્ટ્રપતિજી અને પૂર્વ નાયબ વડાપ્રધાનશ્રી અડવાણીજીની હાજરીમાં જે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તે માટે ખરેખર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી અને ઉદ્યોગ કમિશ્નરશ્રી આ બધાને અભિનંદન આપવાં જોઈએ. આ કાર્યક્રમ અને તેના આયોજનનો મૂળ હેતુ હતો તે આ રાજયમાં ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે વાઈબ્રન્ટ ગુજરાતની અંદર જે વિચારો વ્યક્ત કરવામાં

આવ્યા તે ફક્ત વિચારો વ્યકત કરવા નહીં, પરંતુ કેટલા એમ.ઓ.યુ. થયા છે તેના વર્તમાનપત્રોમાં કંપનીઓના લિસ્ટ સાથે આંકડા આપવામાં આવ્યા છે. આ માત્ર ગુલબાંગો નથી. માત્ર વાતો નથી. વાસ્તવિક રીતે એક લાખ કરોડથી વધારે રકમના એમ.ઓ.યુ. થયા છે. કોઈપણ ઉદ્યોગ સ્થાપીએ ત્યારે ચાર-પાંચ વર્ષ તો તેના પાયાની સવલતો ઉભી કરતાં થાય છે. આ મિત્રો એવું કહે છે કે એમ.ઓ.યુ. કર્યા એટલે ચાર-છ મહિનામાં ચાલુ કરી દો. અરે ભાઈ, ચાર-છ મહિનામાં કોઈ ઉદ્યોગ ચાલુ ન થાય. પાયાની સવલતો ઉભી ન થાય. હમણાં મુકેશભાઈ કહેતા હતા કે એન.એ. થાય અને વીજળી કનેકશન માટે પણ ત્યાં જે વ્યવસ્થા કરી હતી તે અને તેમાં જે ઉદ્યોગપતિઓ આવ્યા હતા તેને પૂછો કે તમને આ રાજય સરકાર તરફથી કેટલી સવલતો મળે છે. સ્થળ ઉપર માર્ગદર્શન મળે તેવા સરકારના પ્રથમ કક્ષાના અધિકારીઓ પણ ત્યાં હાજર હતા. તેને જુદી જુદી રીતે જોવું છે અને ટીકા કરવી છે. રચનાત્મક સૂચનો નથી કરવા તો એને બીજું તો શું કરી શકાય? વાઈબ્રન્ટ ગુજરાતની અંદર પુંજાભાઈ આવો તો ખબર પડે અને ત્યાં હાજર રહ્યા હોત તો ખબર પડત કે શું હતું.

બાબુભાઈ જતા રહ્યા છે, તેઓ બહુ અભ્યાસુ છે. કચ્છની અંદર આ સરકારે કેટલો વિચાર કર્યો છે. કચ્છને ટેક્ષમુકત રાજય એન.ડી.એ. સરકારે કરેલું છે. કચ્છનો જે વિકાસ છે તે એન.ડી.એ. સરકારને આધારિત છે. તેમાં અત્યારે ગુજરાત સરકાર સહયોગ આપી રહી છે. આ સરકાર જે ઉદ્યોગ નીતિ લઈને આવી છે તેમાં કૉર્પોરેટ થી લઈ મીઠા ઉદ્યોગ સુધીના નાનામાં નાના કારીગર કક્ષાના લોકો છે તેની ચિંતા કરી છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં જે કાર્યક્રમો થયા, સવારના ભાગમાં જે પરિષદ થઈ અને બપોરે માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં દેશ વિદેશના લોકો કૃષિ ક્ષેત્ર ઉપર વિચાર કરી, ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ કરવી જોઈએ અને એ કેવી રીતે થઈ શકે? એના પણ વિચારો વ્યક્ત થયા હતા, અને વિચારો વ્યક્ત થઈને એને મૂળ સ્વરૂપ આપવા માટે ત્યાં એની કાર્યવાહી થઈ પણ વિપક્ષના સભ્યશ્રીઓ એ જુએ તો ખ્યાલમાં આવે કે કઈ કઈ કંપનીઓ આવે છે.

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી ઉદ્યોગ નીતિ લઈને આવ્યા છે એની ગૃહ સમક્ષ વાત કરીએ તો ટૅક્નૉલૉજીને અપગ્રેડ કરવા માટે જે ઉદ્યોગો છે એ ઉદ્યોગોને અપગ્રેડ કરવા માટે આ રાજય સરકારના ઉદ્યોગ ખાતાએ ૪૦૦ લાખની એની વ્યાજ સાથેની જે ૫૦ એકમોને ૨૫૦ લાખની સહાય આપવાની પણ યોજના કરેલી છે. માનનીય સભ્યશ્રી મુકેશભાઈ વાત કરતા હતા કે સરકાર પાસે નિગમો છે, નિગમોમાં સગવડતાઓ નથી, નિગમો નુકસાન કરે છે એવી વાતો, એ પ્રમાણેની વાતો, એ નૅગેટિવ પ્રમાણે જે કહેતા હતા પણ પાયાની સવલતો ઊભી કરવા માટે જીઆઈડીસી હસ્તક જેટલી વસાહતો છે એ વસાહતોને સુદૃઢ બનાવવા માટે અને ત્યાં તમામ પ્રકારની સવલતો મળી રહે એટલા માટે ૩૦૦૦ લાખથી વધારે રકમની સગવડતાઓ આ રાજય સરકાર આ જીઆઈડીસીને સુદૃઢ કરવા માટે જઈ રહી છે, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ છેક છેવાડાના માનવી, મીઠાનો ઉદ્યોગ અને મીઠું પકવતા અગરિયાઓની પણ ચિંતા આ સરકારે કરી છે અને અગરિયાઓને આવાસ મળી રહે, એને રહેવા માટે મકાન મળી રહે, એના ઉદ્યોગને જે મીઠુ પકવે છે એની પણ સારી સગવડો મળી રહે એના માટે પણ ૨૦૦૫ અને ૬માં ૧૫૦૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. અને એવી રીતે નાના નાના માણસોને સ્થાન આપવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં કાપડ ઉદ્યોગની વાત કરીએ તો કાપડ ઉદ્યોગોમાં ગુજરાત હિન્દુસ્તાનનું માન્ચેસ્ટર છે, એ સમય એવો હતો કે, ગુજરાતનો કાપડ ઉદ્યોગ દેશ અને વિદેશોમાં સ્થાન ધરાવતો હતો આજે એને અપગ્રેડ કરીને એની ટૅક્નૉલૉજી અપગ્રેડ કરી અને ટૅક્સટાઈલ, પ્રોસેસીંગ, પાવરલુમ, આ બધા ગારમેન્ટ, નીટીંગ આ બધા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે સરકારે એને આધુનિક કરવા માટે એને અલગ પ્રકારના એ લોકોને માટે ફંડની જોગવાઈ કરી, ૨૯૭૦ લાખ રૂપિયાનું સંશોધન અને વિકાસ પાછળ એને ખર્ચ કરવા માટે સરકારે આ પ્રકારની એના બજૅટમાં જોગવાઈ કરી છે,

ઔદ્યોગિક પાર્કની ઘણી વાતો થઈ છે, રાજયના વિકાસ માટે છ થી સાત જેટલા ઔદ્યોગિક પાર્ક બનાવવાનો, ડાયમંડ પાર્ક, જવેલરીપાર્ક, અમારા સૌરાષ્ટ્ર માટે મહુવામાં ડુંગરી પાર્ક બનાવવા માટેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. કુટિર ઉદ્યોગ દ્વારા ગામડામાં બેઠેલો માણસ એ પણ પોતે સ્વરોજગારી ઊભી કરી શકે, પોતાના ઘરે નાની નાની વસ્તુઓનું ઉત્પાદન કરી માર્કેટમાં વેચી શકે અને એ પોતાના કુટુંબનું જીવનનિર્વાહ કરી શકે એવા જે નાના નાના માણસો છે એના માટે૭૦૦૦ લાખની પણ વધારે જોગવાઈ કરી અને એક લાખથી વધારે લોકોને સ્વરોજગારી મળી રહે એ પ્રકારે ઉદ્યોગોની અંદર માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ આયોજન કર્યુ છે. હસ્તકલા ઉદ્યોગ, ગામડામાં રહેતા લોકો છે એની પાસે પોતાના હસ્તની કારીગરી કેવી છે, ચાકળા, ચંદરવા, ભરતગૂંથણ આ પ્રકારની વસ્તુઓ છે એ વસ્તુઓને પોતાના ત્યાં ઘરે બેસીને એ બનાવે હસ્તકલા દ્વારા જે કંઈ વસ્તુ બનાવે એ વિશ્વના માર્કેટમાં આપે અને એના દ્વારા પણ સારી રોજીરોટી મેળવી શકે એ માટે કુટિર ઉદ્યોગ અને ગ્રામઉદ્યોગને આ સરકારે અગ્રસ્થાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગની વાત કરીએ અને જ્યારે ખાદીની વાત કરીએ ત્યારે આજે ઘણી વખત ખાદી પહેરતા હોય કે ખાદી માટે ઘણી વખત કોમેન્ટો કરવામાં આવે છે પણ વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમમાં મહામહિમ ઉપરાષ્ટ્રપતિશ્રી જ્યારે અમદાવાદમાં પધારેલા હતા ત્યારે અમારા રાજકોટ- ગોંડલની ઉદ્યોગ ભારતીની જે ખાદી છે એ ખાદી જ્યારે બતાવવામાં આવી ત્યારે એમણે પ્રશંસા કરી કે મને આવી ખાદી તો કયારેય જોવા મળી નથી અને એમણે તરત જ એ ખાદી ખરીદી અને એ ખાદીનું ગૌરવ કર્યુ ત્યારે આપણે ખાદી માટે વાત કરીએ છીએ ત્યારે ૨૦૦૩ના બીજી ઑકટોબરના રોજ પોરબંદરના કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીના જન્મદિને, આ માનનીય વિપક્ષના નેતાશ્રીના ગામમાં, પોરબંદરમાં ૨૦૦૩નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો અને એ કાર્યક્રમ જોવામાં

આવે તો આ સરકાર ખાદી માટે કેટલી ચિંતિત છે અને ગાંધીજીના વિચારોને વ્યવહારમાં અને આચરણમાં લઈ અને સામાન્ય માણસની ઉન્નતિ કેમ થાય એનો પણ આ સરકારે વિચાર કર્યો છે. એનો આ સરકારે વિચાર કર્યો છે. પોરબંદરમાં ૨૦૦૩ની બીજી ઓકટોબરના રોજ એક કાર્યક્રમ ખાદીનો રાખ્યો હતો એ કદાચ અત્યાર સુધીના ઈતિહાસમાં આવા કાર્યક્રમનું આયોજન નહીં થયું હોય એવો સારામાં સારો કાર્યક્રમ હતો. એ કાર્યક્રમમાં 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન'નું માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂત્ર આપ્યું હતું. નીફટ દ્વારા ૧૦૦ થી વધુ યુવક-યુવતિઓએ ખાદીના અલગ અલગ પ્રકારના કપડા ધારણ કરીને શો કર્યો હતો ત્યારે ખબર પડી કે ખાદીના કાપડમાં કેટલી તાકાત છે. આ રાજય સરકારમાં ગાંધીજીના વિચાર અને વ્યવહાર માટે આટલું ઈચ્છાશકિતનું શકિતબળ છે.

બીજી એક વાત કરું તો વાજપેયી બેન્કેબલ યોજનામાં નાનામાં નાના માણસને ઓછામાં ઓછા દરે અને ખૂબ જ ઝડપથી લોન મળે એટલા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા વાજપેયી બેન્કેબલ યોજના રાજય સરકારના પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ લઈ આવ્યા હતા એ યોજનાને આગળ વધારીને ૧૮૬૧ લાખ રૂપિયા જેવી રકમ આમાં ફાળવી છે એ બદલ આ સરકારને અભિનંદન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની, મહિલા અને બાળ વિકાસ વિભાગની જેમાગણીઓલઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સમગ્ર દેશમાં વેપાર-રોજગાર અને ઉદ્યોગમાં ખૂબ આગળ પડતું રહ્યું છે. ગુજરાતીઓની ધંધો કરવાની પધ્ધતિ, એની કોઠાસૂઝ શ્રેષ્ઠ શ્રેષ્ઠીઓ દ્વારા ગુજરાતનો ગુજરાતી વેપારી સમગ્ર વિશ્વમાં પંકાયો છે. ધંધા રોજગાર વધ્યા છે ત્યારે ઉદ્યોગો તથા આજના ઉદ્યોગોની પ્રક્રિયા છે એમાં જે રીતે નવા ઉદ્યોગો ગુજરાતમાં લાવવાની વાત સરકાર કરી રહી છે એ આવકારદાયક છે. પણ સાથે સાથે એ પણ આપણે જોવું પડશે કે આ ઉદ્યોગો અત્યારે આવી રહ્યા છે એનો પાયો કયાં હતો? જી.આઈ.ડી.સી.ની રચના થઈ,

હમણાં જ મારા સાથી મિત્ર માનનીય મુકેશભાઈએ વાત કરી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની, ૧૯૬૨માં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની રચના થઈ, ૧૯૭૮માં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો બનાવવામાં આવ્યા. ગુજરાત નાણાકીય નિગમ, ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ આ ત્રણ આધાર સ્થંભો હતા અને વર્ષોથી આ આધાર સ્થંભો દ્વારા જે તે સરકારો ઉદ્યોગોમાં આગળ વધી રહી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વાત કરવી છે કે, આ ઉદ્યોગો એ ગુજરાતની જીવાદોરી છે એને આપણે સાચવવા પડશે. ફકત મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને એકબારી પધ્ધતિનો લાભ મળે, સમગ્ર સચિવાલય મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓનું બની જાય એ વાતાવરણમાંથી કયાંક આપણે બહાર નીકળવું પડશે. આ વાત એટલા માટે કરું છું કે, નાના ઉદ્યોગકારો નાણા નિગમમાં લોન લેવા જાય છે તો એના માટે લોન નથી. રિકવરી આવતી નથી એટલા માટે અમે પૈસા આપી શકતા નથી અને આમ કરીને એને ઘણાં ધક્કા ખાવા પડતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં મીઠું ઉત્પાદન કરવાની જે ટકાવારી છે એમાં ૭૦ ટકા મીઠાંનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. એક લાખથી વધારે લોકોને આમાંથી રોજગારી મળે છે. આમાં ગ્રામ્ય વિસ્તારના લોકોને રોજગારી મળે, ગ્રામ્ય વિસ્તારના લોકો તરફ રોજીનું વધારે ધ્યાન અપાય એ માટે અને જયારે ૭૦ ટકા કરતા વધારે મીઠાંનું ઉત્પાદન આપણે કરતા હોઈએ ત્યારે એમાં અધિક ઉત્પાદન વધારી અગરિયાઓ અને ગ્રામ્ય વિસ્તારના લોકોનું ભલું કરવા એમાં થોડીક સરકાર હજુ આગળ વધે એવું હું સૂચન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૦૦ કિલોમિટર લાંબો દરિયા કિનારો છે ત્યારે એને પ્રવાસન વિભાગ તરફથી પવિત્ર યાત્રાધામ અને બધાને વિકસાવવા માટે કંઈકને કંઈક માનનીય મંત્રીશ્રી અને સરકાર આમાં રસ લે એવી વિનંતી કરું છું.

બીજુ આ ગુજરાતમાં સો મીલો આવેલી છે. ભારત સરકારના અને નામદાર સુપ્રિમ કોર્ટના આધારે ૧૬૦૦ જેટલી સો મિલો બંધ થઈ છે આ બસ્સોથી અઢીસો કરોડ રૂપિયાના રોકાણ સાથે ચાલતી હતી, કેટલાક પર્યાવરણવાદીઓ એવું કહે છે કે આ સો મિલો છે એટલે ફોરેસ્ટ ઓછું થાય છે પણ ખેડા, અમદાવાદના જિલ્લાઓને જ્યાં લાગેવળગે છે ત્યાંસુધી એવું હું ચોક્કસ કહેવા માગું છું કે ગરીબ માણસ એ વૃક્ષ ઉછેરતો થયો છે, ગરીબ માણસની આજીવિકા વૃક્ષ છે અને આ જે જિલ્લાઓ મેં કહ્યાં એમાં વધારે વૃક્ષ વાવી એનો વેપાર રોજગાર ચાલે અને વધુમાં વધુ બેરોજગારી દૂર થાય એવો આ નાનો ઉદ્યોગ છે. બીજા બધા માટે આપણે બધા જ મહેનત કરતા હોઈએ તો આ સો મિલો જે છે એમાં નામદાર કોર્ટ પાસે આપણે શું રજૂઆતો કરી અને અઢીથી ત્રણ લાખ ગ્રામ્ય વિસ્તારના લોકો બેકાર બન્યા છે તો એના માટે આપણે વધુ રજૂઆત કરી નામદાર કોર્ટ ગમે ત્યાં કંઈક ને કંઈક વાત લઈ અને એમને અટકાવવાની જરૂરિયાત લાગે કાયદાકીય રીતે અટકાવી શકે છે પણ મારી સરકારને વિનંતી છે કે જ્યાં ગરીબ માણસ રોજીરોટીથી જોડાયેલો છે એની ચિંતા કરવા માટે જરૂર પડે સુપ્રિમ કોર્ટમાં જવું જોઈએ ભારત સરકારમાં જવું જોઈએ ત્યાં આપણે કેટલા જઈએ છીએ?

ઈંટ ઉદ્યોગ સો મિલની વાત આવે, ઈંટ ઉદ્યોગની વાત આવે ત્યારે કહે છે કે આ તો દિલ્હીએ કર્યુ છે, પણ દિલ્હી ઘણા બધામાં ઘણું બધું કરતી હોય છે માત્ર ગ્રામ્ય વિસ્તારોની રોજીરોટીનો સવાલ છે ત્યારે એની જે ચિંતા થવી જોઈએ એ આ રાજ્ય સરકાર ઓછી કરતી હોય એવું લાગે છે. ઈંટ ઉદ્યોગ નાનો માણસ આદિવાસી વિસ્તારમાંથી આવી અને ઈંટો પાડવાનું કામ કોન્ટ્રાકટ પદ્ધતિથી કરતો હોય છે. સામાન્ય ગરીબ અને પ્રજાપતિ ભાઈઓ જેને ગામમાં રહેવાની વ્યવસ્થા ખૂબ ટૂંકી હતી છેલ્લાં પચીસ-ત્રીસ વર્ષોથી ઈંટ ઉદ્યોગને સરકારે એટલું બળ

આપ્યું, પ્રોત્સાહન પૂરું પાડ્યું અને ગ્રામ્ય વિસ્તારની અંદર ઈંટ ઉદ્યોગ એ મોટામાં મોટો ઉદ્યોગ બની ગયો અને સમગ્ર પ્રજાપતિ સમાજને પૈસેટકે ઈંટ ઉદ્યોગે સુખી કર્યા તો મોટા ધંધા લાવવા છે, મોટા ઉદ્યોગો લાવવા છે પણ લાખ્ખોની રોજીરોટી, ગ્રામ્ય ધંધાઓનું નિકંદન નીકળતું હોય અને તેમાં સરકાર સહેજપણ રસ ન લેતી હોય એવું મને લાગે છે સરકારમાં બેઠા નહોતા ત્યારે હડતાલો પડાવી અને કોણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને રૂંધ્યો છે તેમાં મારે ઉંડા નથી ઉતરવું પણ કોંગ્રેસની સરકારની એ તાકાત હતી કે કોઈપણ મિલમાલિક કે ઉદ્યોગપતિ એ એની ફેક્ટરી બંધ કરવા આવે સરકાર પાસે પરમીશન લેવા આવે ત્યારે સરકાર એને પરમીશન નહોતી આપતી કેટલાય લોકો, કામદારો એમાં કામ કરતા હોય એની પરમીશન લેવી જોઈએ સરકારના પરિપત્રો છે પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે નરોડાની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ચોવીસ કલાકમાં ચાલીસ હજારના પગારદારને એમ કહી દે કે લે આ તારો પગાર લે આ તારું પરબિડિયું અને કાલથી તારી નોકરી બંધ છે. પંદરથી વીસ હજાર કામદારોને ચોવીસ કલાકની અંદર ગેટ ઉપર પગાર આપીને એને છૂટો કરવામાં આવે છે. એવી કંપનીઓની સામે આ સરકાર કેમ કંઈ કરતી નથી કેમ લેબર ઈન્સ્ટિટયુટ કે લેબર કોર્ટો છે એ કોર્ટો આ કંપનીઓની સામે કામ કરતી નથી એટલા માટે વાત કરું છું કે જ્યાં ગરીબ કામદારોની વાત આવે એના હક્કો લેવાની વાત આવે એના હક્કો ડૂબાડી દેવાની વાત આવે ત્યારે કેટલાક ઔદ્યોગિકગૃહો એ જાણે માંધાતા બની ગયા હોય એ રીતે વર્તી રહ્યા છે અને એટલા જ માટે વાયબ્રન્ટ ગુજરાતની વાત.. ખૂબ સારું કામ કરી રહ્યા છે, ગયા વખતે વિધાનસભામાં ચર્ચાઓ થઈ અને પ્રશ્નોત્તરીમાં જ્યારે પુછ્યું કે એમ.ઓ.યુ. કેટલા કરોડના થયાં ત્યારે પ્રશ્નોત્તરીમાં જવાબ મળ્યો કે અસલ રોકાણ કેટલું તો એમાં જવાબ આપ્યો છે અગિયાર કરોડ રૂપિયાનું. એમ.ઓ.યુ. જેટલા કરવા હોય એટલા આપ કરો, ખૂબ સારું કામ કરો પણ રિયલફેકટ સાઈટ પર કેટલા ઉદ્યોગો ચાલુ થયા છે એની પારદર્શકતા રાખો. કેટલીક વખત અહીંયા એવું કહેવાય છે કે વિપક્ષવાળાને ટેવ પડી ગઈ છે બોલવાની. પણ પારદર્શકતા હોય, બધે સરખી વિગતો આપવામાં આવતી હોય અને અમે ખોટું બોલતાં હોય તો પ્રજા અમારો હિસાબ કરશે અને તમે પારદર્શકતા રાખતા નથી અને પ્રજા બોલે છે તો પ્રજા તમારો હિસાબ કરશે.

માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડી રાજય સરકારના કેટલાય માનનીય મંત્રીશ્રીઓ ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ કરવા માટે વિદેશ પ્રવાસે ગયા હતા. ઉદ્યોગ, શિક્ષણ , ગુજરાતના વિકાસ તેમાં કોઈ રાજકીય પક્ષનો આગેવાન છે, કોઈ આર.એસ.એસ.ના આગેવાન છે, કોઈ ભાજપના આગેવાન છે, કોઈ બીજા પક્ષના આગેવાન છે તે વાતમાં હું પડવા માગતો નથી અને આગેવાન હોય એટલે તેનો ઇજારો પણ કોઈક લઈ લે એવી વાત કરવા નથી માગતો. આગેવાન હોય એટલે તેને તેના પક્ષને સારી સલાહ નહીં આપવી એવી વાત પણ હું કરવા માગતો નથી પણ રાજકીય આગેવાન છે એટલે સરકારી ભાવે ટેન્ડર લીધા જી.આઈ.ડી.સી.ની જમીનો વેંચાતી ના હોય પરિપત્ર જી.આઈ.ડી.સી.નો હોય તો પણ અંકલેશ્વરના ઔદ્યોગિક વસાહતમાં કોઈક એક રાજકીય આગેવાન છે, મોટા આગેવાન છે એટલે વગર ટેન્ડરે, વગર મંજૂરીએ તેને પ્લોટ વેંચાતો આપી દેવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓ વિદેશ પ્રવાસે ગયા હતા. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે A.T.Kurney નામની કહેવાતા ઈવેન્ટ મેનેજર પ્રમાણે જે કાર્યક્રમો ગોઠવાયા તે કંપની કોણ છે? આ ઔદ્યોગિક મૂડી રોકાણ આકર્ષવાનો કેટલા વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓએ જે કાર્યક્રમો ગોઠવ્યા તેમાં કેટલાં ડોલર કે કેટલા પાઉન્ડની સરકારે ચૂકવણી કરી છે. આ જે કંપની છે તે કંપનીએ વિદેશ પ્રવાસમાં રાજય સરકારને શું શું મદદ કરી અને કેટલાં ઉદ્યોગો લાવવા માટેની તૈયારી બતાવી છે તે વિગતો એટલા માટે માગીએ છીએ કે પારદર્શકતાના નામે ક્યાંક જે ગુજરાતના ઉદ્યોગો સારા ચાલી રહ્યા છે કેટલી જી.આઈ.ડી.સી.ઓ બની માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીશ કે, ફિઝિબીલીટી નહીં હોવાને કારણે સાત કે નવ જી.આઈ.ડી.સી.ઓ તો પ્રપોઝલ થયેલી રદ કરી છે. કેટલી જી.આઈ.ડી.સી.ઓ કેટલા વર્ષ પહેલાં બની માનનીય અભ્યાસુ ધારાસભ્યોએ ખૂબ સારી વાત કરી અને માનનીય મંત્રીશ્રી પણ કહે છે કે ઉદ્યોગો રાતો રાત ઊભા નથી થતાં લાંબી હરણ ફાળ જોઈએ છીએ. ડો.જીવરાજ મહેતાથી માંડીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સુધી તમામે તમામ મુખ્યમંત્રીશ્રીઓને તમામે તમામ સરકારોનો આ ગુજરાતના વિકાસમાં ખૂબ મહત્ત્વનો હિસ્સો રહ્યો છે કે ક્યાંક તો ભૂમિકા એવી ઉભી કરીએ કે તમે આટલું કર્યું છે અને તેનાથી ઉપર આવીને અમે આટલું વધારે સારું કરી શક્યા છીએ એવી વાતને ક્યાંક તો લેવાની આપણે તૈયારી બતાવીશું કે નહીં? ઉદ્યોગમાં પણ રાજકારણ લઈશું, શિક્ષણમાં પણ રાજકારણ લઈશું, પાણીના પ્રશ્ને પણ રાજકારણ લઈશું તો હું માનું છું ત્યાં સુધી કેટલાક આ લોકશાહીના મૂલ્ય જેવા સ્થળ ઉપર આપણે આપણી વાતને વાચા આપવાનું ક્યાંક ચૂકતા હોઈશું તે વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આ માગણીઓમાં મારે ખાણ અને ખનિજ વિભાગની માગણી ઉપર એક-બે વાત કરવી છે પણ તેના પહેલાં હમણાં અહીંયાં જે વાત થતી હતી વાયબ્રન્ટ ગુજરાતમાં ૬૬ હજાર કરોડ રૂપિયાના ગયા વર્ષે જે એમ.ઓ.યુ થયા તેમાં સાઈટ ઉપર વાસ્તવિક કેટલા થયા છે. એની જે વાત અમારા સાથી મિત્ર જગદીશભાઈ ઠાકોર વાત કરતા હતા, એમાં મારે એટલી વાત કરવી છે કે માનનીય જગદીશભાઈને કે બીજા મિત્રોને જો જોવું હોય તો મારા જામનગર જિલ્લામાં આવતીકાલે જ મારી સાથે આવે. દ્વારકાથી હર્ષદ સુધીનો જે રસ્તો છે, ત્યાં કલ્યાણપુર જેવો પછાત તાલુકો છે. એમાં ગુજરાતમાં થયેલા ૬૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. પૈકીના રોકાણો, તે પૈકીના અમુક ઉદ્યોગો, વીન્ડ

ફાર્મના ઉદ્યોગો ત્યાં શરુ થઈ ગયા છે. જમીન આપવાનું કામ પણ ખૂબ ઝડપથી પૂરું થયું છે અને કામો શરુ થયાં છે. આ વર્ષે પણ અહીંયા ૧ લાખ કરોડથી વધુ એમ.ઓ.યુ.સાઈન થયા છે. એ પૈકી અમારા જિલ્લા મથકે ગઈ તારીખ ૧૦-૨-૨૦૦૫ ના રોજ અમારા પ્રભારી મંત્રીશ્રીએ ૨૧૩ કરોડના એમ.ઓ.યુ. સાઈન કર્યા ત્યારે અમે બધા ઉપસ્થિત હતા. મેડિકલ ઉદ્યોગ માટે સમર્પણ હોસ્પિટલનું કામ ૧૫૦ કરોડના ખર્ચે કરવા માટેના એમ.ઓ.યુ. સાઈન થયા છે. એ સ્થળ જામનગરથી માત્ર ૩,૪ કિલોમીટરના અંતરે જ છે. દ્વારકા રોડ ઉપર છે. ત્યાં શરુ થાય છે. ટૂંક સમયમાં જ એ પણ જોવા મળી શકશે.

જામખંભાળીયાથી આગળ બોકસાઈટ આધારિત ઉદ્યોગના ૮ કરોડના એમ.ઓ.યુ. થયા છે. એના ઉપર કામ શરુ થયું છે. એ આપણે જોઈ શકીએ તેમ છીએ. એટલે રોકાણો થતા નથી, કામ શરુ થતા નથી એ વાત નથી. આ હકીકત છે અને અમે પોતે જોઈ પણ છે કે ખૂબ ટૂંકા સમયમાં આ એમ.ઓ.યુ. સાઈન થયા છે. આવા ઉદ્યોગોનું કામ આગળ વધી રહ્યું છે.

નવા ઉદ્યોગો માટે અહીંયા જે વાત કરવામાં આવી, એમાં મારે કહેવું છે કે જામનગર જિલ્લામાં બ્રાસ ઉદ્યોગમાં ભણેલા ન હોય તેવા લોકોને પણ, ૧ લાખ લોકોને રોજગારી મળે છે. આ બ્રાસ ઉદ્યોગમાં થોડા દિવસ પહેલા ૩ દિવસ હડતાલ પડી હતી. કોના કારણે હતી? શું તકલીફ હતી? ઉદ્યોગો માટેની ચિંતા જો સામેના મિત્રોને હોય તો અત્યારે કેન્દ્રમાં એમની સરકાર છે. એમના પ્રશ્નોને ઉકેલવા માટે જો મદદરૂપ થાય તો અહીં તેઓ જે વાત કરે છે તે સાચી છે તેમ કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગરમાં બ્રાસ ઉદ્યોગ, ફાઉન્ડ્રી ઉદ્યોગ માટે અમુક પ્રશ્નો છે, તેની મારે વાત કરવી છે. જી.આઈ.ડી.સી. ફેઈઝ-૨ માં અમુક સગવડ આપવા માટેની વાત છે. ફેઈઝ-૩ માં જમીન સંપાદનના જે પ્રશ્નો ખેડૂતો સાથે છે, તેનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવીને હજુ વધારે ઉદ્યોગો ત્યાં થાય તેમ છે. એને ઝડપથી પ્લોટ એલોટ થાય. ભાણવડમાં જી.આઈ.ડી.સી. છે, ત્યાં ગ્રામ્ય ફીડરમાંથી જે પાવર આપવામાં આવે છે, એના બદલે ત્યાં એક્સપ્રેસ ફીડરથી ટોચમાંથી પૂરતી વીજળી આપે તો ત્યાં આગળ લગભગ ૧૫ થી ૨૦ આવા ઉદ્યોગો જે વહેલામાં વહેલી તકે શરુ થાય એવા છે.

ખાણ અને ખનિજ વિભાગમાં મારે વાત કરવી છે. આ વિભાગ એ રાજયની આવક કરતો વિભાગ છે. તેની જોગવાઈ કે તેનું બજેટ ભલે ઓછું હોય, પણ આવક છે. સરકારના આર.ટી.ઓ. અને સેલ્સટેકસની જેમ આ ખૂબ મહત્વનો વિભાગ ખાણ અને ખનિજ વિભાગ છે. એમાં મુખ્ય કામ છે તે સંશોધનનું છે. ખનિજ વિશ્લેષણ, ખનિજ વિકાસ, ખનિજ વહીવટ અને ખનિજ ચોરી અટકાવવાનું કામ આ વિભાગ કરે છે. આ વિભાગમાં ભાજપની સરકાર આવ્યા પહેલા જે રોયલ્ટીની આવક થતી હતી, તે ૫૦ થી ૬૦ કરોડ જેટલી માંડ થતી હતી. છેલ્લા થોડા વર્ષોમાં ૧૫૦ કરોડથી ૨૦૦ કરોડ અને દર વર્ષે ૨૩ ટકા વૃદ્ધિ થાય અને ૫ વર્ષમાં ૫૦૦ કરોડ સુધીની આવક, ૨૦૦૭ સુધીમાં દર વર્ષે ૫૦૦ કરોડ સુધીની આવક થાય એ પ્રકારની જે કામગીરી આ વિભાગ કરી રહ્યો છે, તેને હું અભિનંદન આપું છું. ૨૦૦૩-૦૪માં ૧૭૨.૮૮ કરોડની આવકની સરખામણીમાં ૨૭ ટકાની વૃદ્ધિ કરવાની છે એમાં આવક વધી અને ૨૧૭.૯૪ કરોડની થયેલ છે, ચાલુ વર્ષે ૨૧૩.૮૯ કરોડના લક્ષ્યાંક સામે જાન્યુઆરી ૨૦૦૫ સુધીમાં ૧૬૯.૮૪ કરોડની આવક થઈ છે. આ રીતે ચોરી અટકાવવાને કારણે ખનિજ અને તેના વિકાસ માટે અને તેને બહાર લાવવા માટે સમય મર્યાદામાં નવી ખનિજ નીતિ જાહેર કરી છે. એ જ રીતે લીઝની અરજીઓનો નિકાલ પણ સમય મર્યાદામાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તેના કારણે ખનિજના ભંડારો બહાર લાવીને રોયલ્ટીની આવકમાં ખૂબ મોટો વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા સૌપ્રથમવાર સપ્ટેમ્બર ૨૦૦૩માં ખનિજ નીતિ જાહેર થઈ છે. અને એમાં નક્કી કરવામાં આવ્યું છે કે માઈનિંગ લીઝનો કેટલા સમયમાં નિકાલ કરવો, પી.એલ. હોય તો કેટલા સમયાં નિકાલ કરવો, કવોરી હોય તો કેટલા સમયમાં નિકાલ કરવો, આને કારણે ગૌણ ખનિજના જે નિયમો છે તેનું પણ સરળીકરણ કરવામાં આવ્યું છે. તેના કારણે ઘણા લાંબા સમયથી આ ખનિજ નીતિ જાહેર કરવા માટેનું જે મંથન થતું હતું તે ખનિજ નીતિ માનનીય મંત્રીશ્રીએ સપ્ટેમ્બર ૨૦૦૩ માં જાહેર કરી તેનાથી અનેક જગ્યાએ ખૂબ કિંમતી અને મોટા પ્રમાણમાં જે ખનિજો હતા તે બહાર લાવવા માટે અને તેનો ઝડપથી વિકાસ થાય તે માટેનું આયોજન થઈ શકે એવું છે.

એ જ રીતે ૭/૧૨ અને ૮/અ માં ખેતીની જમીન હોય એમાં બીજા હક્કો અંગેની નોંધ થતી હતી, કૂવો હોય તો તેની નોંધ થતી હતી, ઓરડી હોય તો તેની નોંધ થતી હતી, બીજા હક્કો હોય તો તેની પણ નોંધ થતી હતી પરંતુ ખનિજ હોય તો તે અંગેની કોઈ નોંધ થતી નહોતી, પણ હવે નક્કી કરવામાં આવ્યું છે કે ખનિજની નોંધ પણ ૭/૧૨ અને ૮/અ માં કરવી, અને તે નોંધ કરવાનું નક્કી થયું છે તેનાથી વિશેષ હક્ક મળે છે, એટલે એ અભિનંદનને પાત્ર છે. અમારા જિલ્લામાં બોકસાઈટ છે તે કાચુ સોનું છે, એ અંગેના જે કંઈ પ્રશ્નો હતા, નોન પ્લાન ગ્રેડ બોકસાઈટ છે તેની ૫૦ ટકા નિકાસ કરવાની મંજૂરી હતી તે ૧૦૦ ટકા નિકાલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, આ રાજયમાં ચોક અને ફાયર કલે જેવા મહત્વના ખનિજ, બેન્ટોનાઈટ, ચાયના કલે વગેરેનો અભ્યાસ પૂર્ણ કરી તેનું સંશોધન સરકારી અને પ્રાઈવેટ રાહે કરી અને ખનિજ કાઢવાનું કામ કર્યુ છે. તેને પણ અભિનંદન આપું છું બીજું જે ખાણ કામ થાય છે તેની જગ્યાએ આંતરમાળખાકીય સુવિધાઓ આપવાનું આયોજન નહોતું તે પણ આ નવી ખનિજ નીતિમાં આંતરમાળખાકીય સુવિધા આપવાનું આયોજન કરીને રસ્તા, લાઈટ વગેરે આપવાનું નક્કી કર્યુ છે અને તેના માટે જોગવાઈ પણ આ વખતે ૪૦ લાખ ની કરવાની દરખાસ્ત છે તે ખૂબ સારી વાત છે. આ રીતે ખાણ અને ખનિજ વિભાગની અરજીઓનો જે નિકાલ કરવા અંગેના જે આંકડાઓ છે એમાં ૨૦૦૩-

૨૦૦૪માં ૧૦૭૩૧ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, ચાલુ વર્ષે ૭૪૬૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે તે અભિનંદનને પાત્ર છે. ખાણનું વારંવાર નિરિક્ષણ થાય તે માટે પણ વિભાગે જે આયોજન કર્યુ છે તે પણ અભિનંદનને પાત્ર છે. આ પ્રકારની ખાણ અને ખનિજ વિભાગની કામગીરી થઈ રહી છે અને એમાં જે અમુક વન વિભાગ સાથેના પ્રશ્નો છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**
**(સભાપતિશ્રી મહેન્દ્ર લી.મશરુ અધ્યક્ષસ્થાને)**

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓના ટેલિફોનો ટેપ કરવા અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. હું બધા સભ્યશ્રીઓ વતી આપનું રક્ષણ માગુ છું. હમણાં ઘણા વખતથી એક વાત થાય છે કે ટેલિફોનો ટેપ થાય છે. આઈ.બીના સર્વેલન્સમાં સભ્યશ્રીઓને મૂકીને. સાંસદ ડો. એ. કે. પટેલે વિરોધપક્ષના નેતા અડવાણીજીને કાગળ લખ્યો છે. એ પત્રમાં એમણે ઉલ્લેખ એક જગ્યાએ કર્યો છે કે •(xxxx) મંત્રીશ્રીઓના અને પક્ષના આગેવાનો અને ધારાસભ્યશ્રીઓના ટેલિફોનો ટેપ થાય છે. ટેલિફોનો ટેપ કરવા, સર્વેલન્સમાં ટેલિફોનો મૂકીને આઈ.બી.નું સર્વેલન્સ કરવા અને એના ઉદ્યોગ ધંધા ઉપર દરોડા પાડવા આ પ્રકારના આક્ષેપો કરીને ફરિયાદ કરી છે. સામાન્ય નાગરિકો છે એનો ફન્ડામેન્ટલ રાઈટ છે એના રક્ષણની જવાબદારી છે. ગૃહના બધા સભ્યશ્રીઓ ઉપર આ પ્રકારની કાર્યવાહી થાય છે તેથી એ અમારો વિશેષાધિકાર ભંગ થાય છે. એટલું જ નહિ પરંતુ અમારા fundamental rightનો ભંગ થાય છે.

બીજી શ્રીકુમારે વાત કરી છે જે આજના પેપરમાં આવેલી છે. એમણે *(xxxx) શંકરસિંહ વાઘેલાનો ટેલિફોન ટેપ કરવાની અને શ્રી હરેન પંડયાનો ટેલિફોન સર્વેલન્સ કરવાની સૂચના અપાઈ હતી, એના વિરુદ્ધ એના ટેલિફોન ટેપ કરવાની સૂચના અપાઈ હતી. અમારા આ જ બંધારણીય અધિકારો છે. પક્ષના નહિ પરંતુ ધારાસભ્ય તરીકે અમારા અધિકારો છે એનો પણ ભંગ થયેલ છે. બીજું કે એ પત્ર છે એ અમારા વિરોપક્ષમાંથી નહિ પરંતુ શાસક પક્ષના એક બહુ જ જવાબદાર સંસદસભ્યે આક્ષેપ કર્યો છે. ત્યારે ખૂબ બંધારણીય કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ છે, આ બંધારણીય કટોકટીમાં અમારા વિશેષાધિકાર ભંગની પરિસ્થિતિમાં અને માનવ તરીકેના વિશેષાધિકાર ભંગની પરિસ્થિતિમાં અમે આપનું રક્ષણ માગીએ છીએ.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, અત્યારે માગણી ઉપર ચર્ચા ચાલી રહી છે ત્યારે આ વસ્તુ ઊભી નહિ થઈ શકે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અત્યારે કટોકટી જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. આ પરિસ્થિતિમાં અમને રક્ષણ આપવાની આપની જવાબદારી છે. આપે અમને ખાતરી આપવી જોઈએ. અમને બંધારણીય અધિકારો મળેલા છે, એના રક્ષણ માટે આપે ખાતરી આપવી જોઈએ.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ મુદ્દો અત્યારે ઉપસ્થિત કરવાની જરૂર નહોતી. અત્યારે માગણી ઉપર ચર્ચા ચાલે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપની વાત સાચી છે. અમારા બંધારણીય અધિકારો છે, અમારા ધારાસભ્યશ્રીઓના અધિકારો છે એનું રક્ષણ આપે કરવું જોઈએ. આપે આ બાબતમાં કહેવું પડશે, આપે અમારા રક્ષણની ખાતરી આપવી જોઈશે.

**સભાપતિશ્રી** : હું જોવડાવી લઈશ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અત્યંત ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે આપે રક્ષણની ખાતરી આપવી પડશે. જે લોકો આ ધંધો કરે છે (અંતરાય)

**સભાપતિશ્રી** : આપે વાત કરી મેં સાંભળી લીધી. મારે આ પક્ષની પણ વાત સાંભળવી પડશે. હું સાંભળીને નિર્ણય આપુ છું. બધા નીચે બેસો, મને સ્ટડી તો કરી લેવા દો. મને આનો સ્ટડી તો કરી લેવા દો.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ**: તેમના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કહેવા માગું છું. સૌથી પહેલો પ્રશ્ન તો વિરોધપક્ષના નેતાશ્રીએ (અંતરાય) હું એ કહેવા માગું છું કે કોઈ પણ મુદ્દો ઉપસ્થિત કરવાનો હોય અને જ્યારે એ મુદ્દો આક્ષેપાત્મક હોય ત્યારે જેમની સામે આક્ષેપો હોય તેને લેખિત જાણ કરવી જોઈએ અને અધ્યક્ષશ્રીને જાણ કરવી જોઈએ કે આજે આ પ્રકારના આક્ષેપો ઉભા કરવાનો છું. પહેલી વસ્તુ એ છે કે વિરોધપક્ષના નેતાશ્રીને નિયમોની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ખબર નથી. માત્રને માત્ર મુદ્દો ઉપસ્થિત કરે છે. તેમણે આ મુદ્દો ઉપસ્થિત કરતી વખતે આ સભાગૃહના અધ્યક્ષશ્રીને (અંતરાય) આપણા નિયમોમાં છે. (અંતરાય)

નહીં ચલેગી, નહીં ચલેગી દાદાગીરી નહીં ચલેગી. -

(કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**શ્રી અશોક ભટ્ટ** : તેમણે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે પહેલાં તો એ કોઈનું ટ્યુશન રાખે.

ટેલિફોનની ધમકી નહીં ચલેગી નહીં ચલેગી.

ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી નહીં ચલેગી. - (કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં તો માત્ર આપનું રક્ષણ માગ્યું છે. મારે આપના રક્ષણની ખાતરી જોઈએ છે. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ...

ભાજપ તેરી હિટલરશાહી નહીં ચલેગી નહીં ચલેગી.

ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી નહીં ચલેગી. - (કોંગ્રેસપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં તો આપનું રક્ષણ માગ્યું છે. હું આપના તરફથી રક્ષણની ખાતરી માગું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, I am giving the reply.

**સભાપતિશ્રી** : પ્લીઝ, બેસો.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : એ સાંભળવા ન માગતા હોય તો તેમના હેતુઓ જુદા છે.

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, આપણા વિધાનસભાના નિયમોના નિયમને આધીન રહીને કોઈ પણ સભ્યશ્રી પોતાના મુદ્દાઓ ઉપસ્થિત કરી શકે છે. આપે અથવા કોઈ પણ સભ્યશ્રીએ કોઈ ઉપર આક્ષેપ કરતા મુદ્દા ઉપસ્થિત કરવા હોય તો અધ્યક્ષશ્રીની પરવાનગી લેવી પડે છે અને જેના ઉપર આક્ષેપ કરવામાં આવે છે તેમને પણ આપણે જાણ કરવી પડે છે. આપે અત્યારે મુદ્દો ઉપસ્થિત કર્યો, હું એમ માનતો હતો કે આપે કોઈ બોલવાના ક્રમમાં કોઈ (અંતરાય) પ્લીઝ, આ વાત વાજબી નથી, ભીખાભાઈ, હું શાંતિથી જ વાત કરું છું. આ ઠીક નથી. મને એવો ખ્યાલ હતો કે આપે બોલવાના ક્રમમાં કે અન્ય કંઈક મુદ્દો ઉપસ્થિત કરવો હશે અને કહેવો હશે. એટલે મેં આપને પરવાનગી આપી. પરંતુ આપે સીધો આ મુદ્દો ઉપસ્થિત કર્યો. અહીંની પરવાનગી લીધી નથી, જેના પર આક્ષેપ કરવામાં આવે છે તેમને જાણ કરી નથી. માટે આ મુદ્દો પ્રસ્તુત રહેતો નથી અને આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર રદ કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ભારતીબેન..(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપનું રક્ષણ માગેલું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે આ મુદ્દો અપ્રસ્તુત છે. એનો ચૂકાદો આપી દીધો છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર પ્રસ્તુત વિષય નથી. આ ગૃહને લગતું નથી, આ ગૃહમાં એ પ્રસ્તુત નથી. આ સભાગૃહમાં ગમે ત્યારે ગમે તે મુદ્દો ઉપસ્થિત ન કરી શકાય. આપ આવ્યા તે પહેલાં માનનીય સભાપતિશ્રી અધ્યક્ષસ્થાને હતા અને સભાપતિશ્રીએ ચૂકાદો આપી દીધો છે, એટલે રહેતો નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય આગેવાનો છે એમના ફોન ટેપ કરો, એને ગુનેગાર સાથે સાંકળી લો અને માનનીય શંકરસિંહ વાઘેલા જેવા આગેવાનના પણ ફોન ટેપ કરવામાં આવ્યા છે. (અંતરાય) (ઘોંઘાટ) (સેઈમ....સેઈમ)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : આપ રક્ષણ નહીં આપો, તો અમારે કોનું રક્ષણ માગવું?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ,...

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે રક્ષણ આપવું પડશે, આપની જવાબદારી છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, ચાલો બેસો. જુઓ હવે તમારા વિશેષાધિકારનો ભંગ થતો હોય તો આપ મને લેખિત આપશો. એના ઉપર હું પૂરેપૂરી વિચારણા કરીશ. નિયમોની જોગવાઈ શું છે એ વિચારીને, તમારી નોટિસને દાખલ કરીશ. અત્યારે નોટિસ આપી નથી. વિશેષાધિકારનો ભંગ થતો હોય એવું થયું નથી. તમે નોટિસ આપી હોત તો વિચારણા થઈ શકી હોત. પ્લીઝ, ભારતીબેન...(અંતરાય) આપ નોટિસ આપી દો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ અમારું રક્ષણ કરો.... આપે અમારું રક્ષણ કરવું જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ફોન ટેપ કોણ કરાવી શકે? ફોન ટેપ કરાવવાની જવાબદારી કોની રહે છે? ફોન ટેપ થયા છે કે નહીં? આ વાત સાચી છે કે કેમ ? આ હકીકત છે કે કેમ? કે પછી

કાલ્પનિક વાત છે? આ કાલ્પનિક વાત ઉપર રજૂઆત કરી છે. માનનીય મંત્રીશ્રી અમિતભાઈ આ બાબતે સ્પષ્ટતા કરશે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્પષ્ટતા કરવી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દા ઉપર. આપના મંતવ્ય સામે કશું જ કહેવું નથી.

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રી નોટિસ આપશે પછી વિચારણા કરીશ. આપ પહેલાં નોટિસ આપી દો. વિશેષાધિકારનો ભંગ થતો હોય તો, નિયમોની જોગવાઈનો અભ્યાસ કરીને નક્કી કરીશ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબ કેવી રીતે આપે? એ કયા નિયમ ઉપર બોલે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા માટે કયાં પ્રશ્ન છે? આપે લાગણી વ્યકત કરી એટલે હું ઊભો થયો છું. એ કયા નિયમની અંદર બોલી રહ્યા છે? તો હું કયાંથી નિયમ મુજબ બોલું?

**અધ્યક્ષશ્રી** : માનનીય ભારતીબેન, આપ ઊભા નહીં થાઓ તો તમારી તક જતી રહેશે અને તમારા પછીના સભ્યશ્રીને તક મળશે, માનનીય ગોરધનભાઈ, માનનીય ભીખીબેન.

(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ ભાજપ તેરી દાદાગીરી, નહીં ચલેગી, નહીં ચલેગી, મોદી તેરી હિટલરશાહી, નહીં ચલેગી, નહીં ચલેગી એવા સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસના મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. આ અંગે મારા વિચારો રજૂ કરવા ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ રણમાં ભૂલો પડેલો માણસ કોઈ સાથીની રાહ જુએ એ જ રીતે ભૂતકાળની અંદર આતુરતાથી રાહ જોઈ, ભૂતકાળની સરકારો પાસે આ બહેનોએ, મહિલાઓએ ઘણી અપેક્ષા રાખી હતી અને નવી નવી યોજના આવે અને અમે પગભર બનીએ. અગાઉની સરકારોએ કંઈ જ ના કરતા મહિલા માતૃશકિત, નારી શકિત એ બહુ જ મહાન શકિત હોય છે ત્યારે મહિલાઓએ નક્કી કર્યુ કે ખરેખર આ જે કોંગ્રેસની સરકાર છે તેને નિવૃત્ત કરવી જોઈએ અને ૧૯૯૫માં મહિલાઓએ ભારતીય જનતા પાર્ટીને બેસાડી અને અનેક પ્રકારની યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી સારો સુધારો, ઉત્તમ પ્રયાસ કરી ખૂબ જ હરણફાળ ભરી ભગીરથ કાર્ય આ સરકારે કર્યુ છે. ત્યારે હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથે સાથે ગરીબ, નબળી અને છેવાડામાં છેવાડાની જે ગુજરાતના ખૂણે ખૂણે જે ઝૂંપડામાં વસે છે એ બહેનોની ચિંતા કરી હોય તો માત્ર અને માત્ર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. જો ભૂતકાળની સરકારે આવી યોજનાઓ મૂકી હોત તો મહિલાઓ ઘણી બધી આગળ હોત. સમાજનો વિકાસ, ગામનો વિકાસ, તાલુકાનો વિકાસ કે જિલ્લાનો વિકાસ સમગ્ર રાજયનો વિકાસ અને દેશનો વિકાસ કરવો હોય તો મુખ્ય મહત્ત્વનો ભાગ બાળકો અને મહિલાઓ ઉપર હોય છે.

સંકલિત બાળ વિકાસ યોજના, સામાજિક આર્થિક અને સામાજીક નબળા વર્ગના લોકો માટેની જે ૦ થી ૬ વર્ષ નીચેની વયના બાળકો તેમજ સગર્ભા ધાત્રી મહિલાઓ છે તેમને કુપોષણ જણાતું હોય તેમને રાજય સરકાર જે એમની ઉણપ હોય છે તે ઉણપ દૂર કરવાની આ યોજના છે. બાળકોને ૩૦૦ કેલરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટિન મળી રહે તેવો તેને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે એટલું જ નહીં તેમાં ગ્રેડ પ્રમાણે ૩ અને ૪ ગ્રેડના બાળકો હોય તો તેમને ૬૦૦ ગ્રામ કેલરી અને ૧૬ થી ૨૦ ગ્રામ પ્રોટિન જેટલો પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. પૂરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રોગ પ્રતિકારક રસીઓ, આરોગ્ય વિષયક પોષણ, શિક્ષણની સેવા ૦ થી ૬ વર્ષના બાળકોનું પોષણ આરોગ્ય સુધારવા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ યોજના અમલમાં મૂકવી છે.

દીકરીએ બે ઘરના દીવા સમાન હોય છે. દીકરી એ બે ઘરનું ગૌરવ છે ત્યારે દીકરી માટે બાલિકા સમૃદ્ધિ યોજના, જન્મ પછી તેને ૫૦૦ રૂપિયાની સહાય, આપવામાં આવી છે. આંગણવાડી બહેનોને વીમા જૂથ યોજના કરી છે. જ્યારે કોંગ્રેસની સરકાર હતી તે વખતે મેં પણ ૧૯૮૬-૮૭-૮૮માં આંગણવાડી કાર્યકર તરીકે સેવા બજાવેલી છે. ત્યારે ફક્ત અને ફક્ત માત્ર ૨૫૦ રૂપિયા જ પગાર આપવામાં આવતો હતો. ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનદ વેતનમાં જે વધારો કર્યો હોય તો આ સરકારે કર્યો છે. એટલું જ નહીં પણ આંગણવાડીના કેન્દ્રો ઉપર મરી મસાલા જે ખરીદવાની સત્તા હતી તે પણ આંગણવાડી કાર્યકર બહેનોને આ સત્તા આપેલી છે. સાથે સાથે કાનૂની સહાય કેન્દ્ર, મહિલા માર્ગદર્શન કેન્દ્ર, યુવતી વિકાસ કેન્દ્ર, મહિલા જાગૃતિ શિબિરો પણ રાખવામાં આવે છે. પણ મારું એક સૂચન છે કે જે આ કેન્દ્રોને મંજૂરી મળી છે તે ખરેખર ટ્રાયબલ અને પછાત તાલુકા જે આવેલા હોય છે એમાં દરેકે દરેક તાલુકા મથકે એક અવશ્ય આવા કેન્દ્રોને મંજૂરી મળે એવી હું માનનીય મંત્રીશ્રીને મારી લાગણી વ્યકત કરું છું. સાથે સાથે સ્વશકિત જૂથોનું જે અમલીકરણ છે હમણાં નજીકના ભવિષ્યમાં જે ૭,૮ અને ૯ તારીખે દરેક જિલ્લામાં સશકિત યોજનાના સંમેલનો થવાના છે. મહિલાઓ વધુને વધુ પગભર બને, તેમની આર્થિક પરિસ્થિતિ નબળી છે એનાથી ઉપર આવે તે માટે દરેક જિલ્લામાં સંમેલનો રાખ્યા છે. રાજયમાંથી કુલ આઠ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, ભરૂચ, સુરેન્દ્રનગર, દાહોદ, અમદાવાદ, કચ્છ, રાજકોટ અને પાટણ. આવા સહ સહકારી જૂથો દ્વારા બચત કરવામાં આવે છે. જૂથના ગ્રેડ રાખવામાં આવ્યા છે. 'એ' ગ્રેડ હોય છે તેમાં જે બચત થતી હોય એ પ્રમાણે સરકાર આપે છે. ૧૫ હજારની બચત હોય તો સામે સરકાર ૧૫ હજારની

સહાય આપે છે. એ જ રીતે ૨૦ હજાર હોય તો સામે ૨૦ હજારની સહાય આપે છે. આ રીતે બેંક પણ તેમને એક લાખ રૂપિયા જેટલું ધિરાણ કરતી હોય છે. આ જે સામાન્ય અને ગરીબ મહિલાઓ હોય છે તે આવા ધિરાણ મેળવીને અલગ અલગ એમના ઘેર ધંધાઓ કરતી હોય છે. ધંધામાં સિવણનું મશીન ખરીદીને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કામગીરી કરતી હોય છે. તેમજ દુકાન કરીને એમનું ગુજરાન ચલાવતી હોય છે. લગ્ન પ્રસંગોએ પણ આવી બહેનો હોંશે હોંશે એમના દીકરા-દીકરીના પ્રસંગો પૂરા કરતી હોય છે. ખરેખર મહિલાઓ માટેની આવી યોજનામાં એમને પાંચ હજાર મળે તો એ ગરીબ બહેન માટે એક લાખ સમાન હોય છે. બે હજાર મળે તો એમના માટે દસ હજાર બરાબર કહેવાતા હોય છે. આવા જે કેટલાક સલાહકાર કેન્દ્રો, મહિલા મંડળો, ઘોડિયાઘરો અને લગ્ન પુન:સ્થાપન આર્થિક સહાય, કન્યા કેળવણીની ભૂખ જો કોઈએ માગી હોય તો માત્ર અને માત્ર આ ભારતીય જનતા પક્ષની સરકારે માગી છે. વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપી હજારો દીકરીઓને સરકારે સહાય કરી છે. આટલું કહી હું વિરમું છું.

**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉદ્યોગ અને ખાણ-ખનીજ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયના ઉદ્યોગોના વિકાસ માટેની ખૂબ સુંદર ચર્ચા અને એ ચર્ચામાં ભાગીદારી કરીને આ રાજયના વિકાસમાં સિંહફાળો આપી શકે, પોતાના રચનાત્મક સૂચનો કરીને આ રાજયને કંઈક, આ સરકારને કંઈક વિશેષ પ્રકારની વાત અથવા એને લગતા કોઈ નવા નવા અભિગમ બતાવીને આ વિપક્ષના સભ્યો આ ચર્ચાને વધુ તંદુરસ્ત અને રચનાત્મક બનાવી શક્યા હોત. મારે કહેવું છે કે આ વિપક્ષના મિત્રોને રચનાત્મક કામમાં રસ નથી. પૂજ્ય મહાત્મા ગાંધીજી અને એમને વરેલા જે લોકો એટલે કે કોંગ્રેસ પોતાને ગાંધીવાદી રચનાત્મક કાર્યકર્તા તરીકે ઓળખ આપવા કાયમ મથે છે, પરંતુ જ્યારે વખત આવે છે, જ્યારે એમને કંઈક કરી બતાવવાની તક મળે છે ત્યારે આવી તકને માત્ર રાજકીય તકમાં ફેરવીને માત્ર જુઠાણા અને રાજકીય આક્ષેપોનું માધ્યમ બનાવીને કાયમ માટે પોતાની રાજકીય, સામાજિક જવાબદારી અદા કરવામાં એમણે નિષ્ફળતા બતાવી છે અને સરેઆમ કાયમ નિષ્ફળ રહી છે. એટલે મારે આજે એમની ગેરહાજરીમાં જે વાત કરવાની થાય છે તે આ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી આવી ત્યારથી વિકાસને આપણે પ્રાધાન્ય આપ્યું છે. મને આ રાજયના ઉદ્યોગ મંત્રીશ્રીનું નિવેદન વાંચતા ખૂબ આનંદ થયો, હું એમને અભિનંદન આપું છું અને રાજયના ઉદ્યોગ મંત્રીશ્રી અનિલભાઈ પણ એક સફળ ઉદ્યોગકાર છે. માત્ર ગુજરાતમાં જ નહિ પણ વિદેશમાં પણ એમનું કામ અને નામ આપણને ગૌરવ અપાવે એવું છે. આપણને ગૌરવ અપાવે એવું છે અને એટલે એમની પ્રસંશા કરવા ખાતર નહિ પણ આ ગૃહને એ બાબતે હું ધ્યાન દોરવા માગુ છું કે આવા એક સફળ ઉદ્યોગકાર આપણા રાજ્યના ઉદ્યોગમંત્રી તરીકે કામ કરતા હોય વાયબ્રન્ટ ગુજરાતથી માંડીને વિશ્વગ્રામ સુધીની કલ્પના લઈને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રાજ્યની ધૂરા સંભાળી ત્યારથી આજદિન સુધી આ રાજ્યને એક આદર્શ રાજ્ય તરીકે, મોડેલ સ્ટેટ બનાવવા માટે જ્યારે મથતા હોય ત્યારે સ્વાભાવિક રીતે આપણને ગૌરવ થાય અને આ ગૃહ એની નોંધ લે એ પણ એક અનિવાર્ય બાબત છે.

કમિશ્નરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ તળે ચાલતી પ્રવૃત્તિ આપણો સમાજ અને આપણા રાષ્ટ્રની આપણી પ્રત્યેક જ્ઞાતિ, પ્રત્યેક જાતિ પોતાનો વારસાગત ઉદ્યોગ, કલા ઉદ્યોગ, હસ્ત ઉદ્યોગ એની પોતાની કુનેહ એની પોતાની આવડતોના માધ્યમથી વર્ષોથી આજીવન બાપ-દાદા વખતથી પણ આવા સમાજો ટકતા હતા. એ આઝાદી પહેલા જ્યારે બ્રિટિશ સરકાર હતી ત્યારે પણ રાજા-મહારાજા આ દેશમાં રાજ કરતા હતા ત્યારે પણ આ દેશની આધારશીલા એ આપણો ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગ, હસ્તકલા ઉદ્યોગ હતા.

મને કહેતાં ખેદ થાય છે કે, આઝાદી આવી ત્યારથી આ દેશની અંદર ખેતીપ્રધાન છે.ખેતીપ્રધાન પછી આ રાજ્યની અંદર બીજો એક મોટો ઉદ્યોગ હતો જેનું નામ હાથશાળ ઉદ્યોગ છે. ખેતીમાંથી ઉપજેલા કપાસ અને કપાસનું સૂતર વણીને એનું કાપડ વણવા સુધીની જે પ્રક્રિયા એક વખત આ રાજ્યની અંદર, આ દેશની અંદર, દુનિયાની અંદર વણાંટકામનો ઉદ્યોગ વણકરો કરતા હતા. આ કલા એક મહત્ત્વની કલા, મહત્ત્વના દેશનો સામાજિક ઉદ્યોગ મને કહેતા આ વાતનો ખેદ પણ હું ફરીવાર વ્યકત કરું છું. આ દેશમાં આઝાદી આવી ત્યાં સુધી આ રાજ્યની અંદર લાખો લાખો હાથશાળ ઉપર કામ કરનાર વણકરો કામ કરતા હતા. બ્રિટિશ સલ્તનતમાં ટકેલો ઉદ્યોગ, હાથશાળ ઉદ્યોગ. આઝાદી આવ્યા પછી ધીરે ધીરે આ રાજ્યમાં અને દેશમાં ખતમ થતો ગયો. હું હાથશાળ ઉદ્યોગ સાથે સંકળાયેલ માણસ છું એટલે ખાસ કરીને એને વિષય બનાવીને મારી વાત આ ગૃહ સમક્ષ રજૂ કરું છું.

કુટિર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલા અનેક આપણા વારસાગત ગૃહ ઉદ્યોગ છે એની અંદર સૌથી વધુ પ્રથમ ક્રમે મૂકી શકાય એવો આ ઉદ્યોગ છે અને એટલે આ રાજ્યના આદરણીય મંત્રીશ્રીને આપના માધ્યમથી હું એ વિષય ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માગું છું કે હજારો હજારો લોકોને રોજગારીની વિપૂલ તકો આપી શકે તેવો પાણી અને પાવર વગર ચાલી શકે તેવો ઉદ્યોગ છે. એમાં પાણી અને પાવરની પણ જરૂર નથી.. માત્ર માનવીની પોતાની કલા, એના પગ, એના હાથ અને મગજના માધ્યમથી ચલાવી શકે એટલો સુંદર ઉદ્યોગ એને વિકસાવવાની વિપૂલ તકો વિકસાવીને એના માધ્યમથી આ રાજ્યના વણકરોને એના ઘર બેઠાં રોજી પૂરી પાડીને એને સ્વમાનભેર રોજગારી પૂરી પાડવાની જબરજસ્ત તાકાત પડેલી છે. એટલા માટે આઝાદી આવી ત્યારે મેં કહ્યું તેમ લાખો લાખો

વણકરો આ રાજ્યમાં હાથશાળ ઉદ્યોગથી પરિવાર નિભાવતા હતા. એટલું જ નહિ પોતાના સામાજિક કામો કરતા હતા અને પોતે એક નાના મહાજન તરીકે અને એ પ્રમાણેની પ્રતિષ્ઠા હતી. આ આપણા સમાજમાં બે મહાજનો ગણ્યા છે. મોટું મહાજન વાણિયા કહેવાય અને નાનું મહાજન વણકર ગણાય. આ નાનું મહાજન આઝાદી આવ્યાં પછી દિનપ્રતિદિન સતત નાનું થઈ ગયું અને આજની તારીખે મૃતપાય અવસ્થામાં હતું. મેં જોયું છે આજે કુટિર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગની બાબત અંગેના જે આદરણીય મંત્રીશ્રી વાત કરી રહ્યા છે એ વાતની અંદર એમનું જે આયોજન છે એમાં હાથશાળ ઉદ્યોગને પુન:સ્થાપિત કરીને એને જીવંત બનાવવાની જબરજસ્ત તાકાત અને વાત રહેલી છે એના સમર્થન સાથે હું આ ગૃહમાં અત્યાર સુધી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આઝાદી આવી ત્યારે મહેસાણા જિલ્લામાં ૪૦,૦૦૦ વણકરો વણાટકામ કરતા હતા. આજે ૪૦૦૦ વણકરો ખોળવા મુશ્કેલ બનશે. આને કારણે અનુસૂચિત જાતિના આ વણકર સમા અને પછી બીજા સમાજ આવે છે આ ઉદ્યોગમાં કોઈપણ જ્ઞાતિને પણ કામ કરવાનું મન થાય. એને મન થાય એવો સ્વચ્છ ધંધો, હાથ બગડે નહીં અને સુંદર રીત પોતાના ઘર ચલાવી શકે એવો માતબર ધંધો છે અને એના કારણે આ માત્ર ગુજરાત રાજયની અંદર હાથસાળ ઉદ્યોગોનો વિકાસ નથી થયો. બીજા રાજયોમાં તામિલનાડુ, કર્ણાટક, આંધ્ર, ઓરિસ્સા અને અનેક રાજયોમાં હાથસાળાની મોટામાં મોટી સંસ્થાઓ કામ કરે છે. મોટા મોટા એના બજારો થયા છે. એના કારણે મારે આ ગૃહની અંદર કૉન્ગ્રેસ લોકો, વિપક્ષ ગેરહાજર છે એટલે મારે મારી વાત આપના માધ્યમથી એમના સુધી પહોંચાડવી છે. મેં અભ્યાસ કર્યો છે, આ રાજયની અંદર ઘેર ઘેર ફરીને, ઘેર ઘેર જઈને આ ઉદ્યોગ કેમ બંધ થઈ ગયો એની જાણકારી મેળવી છે અને એટલે હું આ રાજયના મંત્રીશ્રીને કહેવા માગું છું, વિનંતી કરવા માગું છું. ૫૦ વર્ષની આઝાદી પછી આ કોંગ્રેસે જે વાતો કરી છે એ બુઠ્ઠી અને •(નપુંસક) સાબિત થઈ છે.(અંતરાય) હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું. હવે આ પ્રવૃત્તિને વધારેને વધારે સક્રિય બનાવવા માટે આપે જે યોગદાન આપવાનું થાય છે, એ માટે આપે દૃષ્ટિકોણ કેળવ્યો છે. આ રાજયના મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના આધારે આ રાજયની જબરજસ્ત કાયાપલટ કરવા માગે છે. પાયાની ઈંટ, પાયાની જરૂરિયાત છે એ આપણો પોતાનો કારીગર છે. જેની પોતાની આંગળીઓમાં કસબ રહેલો છે. એના મગજમાં જે આવડત રહેલી છે ને, એને પ્રોત્સાહિત કરવાની આવશ્યકતા છે. મેં અભ્યાસ કર્યો છે કે, હાથસાળ ઉદ્યોગ કેમ બંધ થયો? બીજા રાજયોમાં ચાલતો રહ્યો, વિકાસ થયો અને ગુજરાતમાં માત્રને માત્ર બંધ થવાના, મૃત:પ્રાય થવાના કારણો શું છે? મને મુખ્ય કારણોમાં એ જાણવા મળ્યું છે એ આ ગૃહનું ધ્યાન દોરતાં દુ:ખ થાય છે કે, અનુસૂચિત જાતિના લોકો માત્રને માત્ર લઘુમતી સમાજના લોકો આ ઉદ્યોગમાં પડેલા હતા, આ ઉદ્યોગમાં વણાટકામ કરતા હતા એ લઘુમતિ સમાજના હતા, અનુસૂચિત જાતિના હતા. એના કારણે પચાસ-પચાસ, ચાલીસ-ચાલીસ વર્ષ જે લોકોએ ધ્યાન આપ્યું નહીં. જે લોકો દલિતોના હામી કહેવડાવતા હતા એવા લોકોએ આ સમાજ ઉપર ધ્યાન આપ્યું નહીં, એમણે ગૃહ ઉદ્યોગો ઉપર ધ્યાન આપ્યું નહીં, એમની આવડત ઉપર ધ્યાન આપ્યું નહીં. અને એના કારણે પ્રોત્સાહન નહીં મળવાના કારણે એમની માનસિકતા રહી, સમાજ વિરોધી માનસિકતા રહી. (સમયસૂચક ઘંટડી) ૨ મિનિટમાં પૂરું કરું છું. અત્યારે એ લોકો નથી ત્યારે મારી વ્યથા વ્યક્ત કરવાનો વખત મળ્યો છે ત્યારે હું મારી વ્યથા વ્યક્ત કરું છું. ત્યારે એટલી એ તક એમણે નથી લીધી એ તક આપણે લોકો લઈ શકીએ, એટલી સારી તક છે. આ તક લેવાથી અનુસૂચિત જાતિના લઘ ુમતી સમાજના લોકોમાં શિક્ષણ અને આવડત પડેલી છે, એ આવડતનો ઉપયોગ કરવાથી, આપણે જે કલ્પના કરીએ છીએ એ પ્રકારનું વાઈબ્રન્ટ આ દેશમાં આવવાનું છે, આ રાજયમાં આવવાનું છે. કારણ કે, આપણી જે પાયાની ઈંટ છે, સમાજનો પાયાનો ઉદ્યોગ છે, આ પાયાની ઈંટ ઉપર ઇમારત ઊભી કરવાના છીએ. ૧૦ કરોડ, ૫૦ કરોડ, ૫ અબજ રૂપિયાની રકમનું રોકાણ કરીને એવા ઉદ્યોગો ચલાવવાથી જે આપણે નથી કરી શકતા એ માનવ રોજગારી પૂરેપૂરી કરી શકતા નથી એનાથી દસ ટકાના રોકાણના આધારે ઘેરબેઠાં આપણે એને સ્વમાનભેર રોજગારી આપી શકીએ, એટલી વિપુલ તક આ ગૃહઉદ્યોગમાં પડેલી છે. હું આધારપૂર્વક મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, આવા ઉદ્યોગ ઉપર ધ્યાન આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચર્મ ઉદ્યોગ, કેન્દ્ર સરકારની એમાં ૧૦૦ ટકા સહાય મળે છે, અનેક પ્રકારની તક એમાં રહેલી છે. પરંતુ ગુજરાતના ચર્મકારોને વિકાસની પૂરતા પ્રમાણમાં તક મળતી નથી. ૧૦૦ ટકા સહાય હોય, મોટામાં મોટી સહાયના ધોરણો હોય અને ચર્મ ઉદ્યોગ એ બીજા રાજયોમાં પાયાનો ઉદ્યોગ હોય અને તો પણ જ્યારે ટાટા અને બાટા એનો લાભ લેતા હોય ત્યારે આપણો પોતાનો ઘેર બેઠેલો ચર્મકાર, ચમારભાઈ આ વિકાસની તકથી વંચિત રહી જશે તો એ યોગ્ય નહીં ગણાય. આ ગૃહ મારફતે મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આ ગૃહ ઉદ્યોગમાં આ પડેલી તાકાતને ઉજાગર કરીએ અને એવા લોકોને પ્રોત્સાહિત કરીએ. અને એટલા માટે આજે ૨ વાતો હતી. એમાંથી એક વાત મેં કરી. આ ઉદ્યોગ વિકાસ નહીં પામવાનું કારણ મને દેખાતું હોય તો એ કારણોમાં આ સમાજના લોકો છે. લઘુમતી સમાજ અને અનુસૂચિત જાતિના લોકો હોવાના કારણે એમના તરફ દૃષ્ટિ નહીં આપી એના કારણે એમનો વિકાસ નથી થયો અને બીજું મારા ધ્યાન ઉપર આવ્યું છે કે, હાથસાળના માધ્યમથી ઔદ્યોગિક સહકારી મંડળીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી આવા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાની છે. પરંતુ છેલ્લા

• * માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા.

કેટલાય વર્ષોથી જીવતી થોડી ઘણી મંડળીઓ પણ બંધ થઈ ગઈ છે. મૃતપ્રાય થતો જાય છે. આજે સરવે કરવા માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. આજે હાથ શાળ ઉદ્યોગમાં કામ કરનારી ગણીગાંઠી, આંગળીએ ગણી શકાય તેટલી મંડળીઓ બચી હશે.બીજું કહેવા માગું છું કે જે મંડળીઓ ચાલતી હતી એને વળતરની સહાય મળતી હતી. ૨૦ ટકા, ૩૦ ટકા વળતર અપાતું હતું હાથસાળનું વેચાણ થાય, ઉદ્યોગનો વિકાસ થાય એના માટે વળતર આપતા હતા. છેલ્લા કેટલાય સમયથી વળતર માટે બાન મૂકવામાં આવ્યું છે. કેવા પ્રકારનું બાન છે જે મંડળી પાસે ૧૦ થી ઓછી શાળ હોય એવી મંડળીઓને લાભ મળશે નહીં તો ૧૦, ૯, ૮, ૭ હોય તો પણ બે વણકર તો ભૂખે મરતા થશે અને હાથસાળ બંધ થઈ જશે. આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ૧૦નું ધોરણ, લક્ષ્યાંક નક્કી કર્યો છે એ દૂર કરીને જેટલા વણકરને રોજગારી આપે એને માધ્યમ બનાવીને લક્ષ્યાંક નક્કી કરીને વળતર આપવું બીજું આપનું ધ્યાન દોરવા માગું છું કે ચર્મ ઉદ્યોગ ક્ષેત્રે વિપુલ તકો પડી છે એવી વાતને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું. ભારત માતાની જય.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ ઉપર ૧૨ જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. પરંતુ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ઉપર માત્ર બે મહિલાઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. એક ધારાસભ્યશ્રીએ બજેટમાં ઘટાડો થયો છે, એટલી વાત કરીને ચૂપકીદી સેવી લીધી એટલા માટે બધી બહેનોના મનમાં ચોક્કસ એવું લાગ્યું હશે કે આ વિભાગ મહિલા અને બાળકોની પ્રવૃત્તિ કરતો વિભાગ છે. આમ જોઈએ તો રાજયની ૪૮ટકા મહિલા હોય અને ૨૫ ટકા બાળકો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય એટલે થોડીક નારાજગી જરૂર થાય છે. કવિવર રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે પૃથ્વી ઉપર જન્મતું દરેક બાળક ઈશ્વરનો સંકેત લઈને આવે છે કેમકે તેને મનુષ્ય ઉપર ભરોસો છે. આવી સુંદર વાત બાળકો માટે કરી છે એ ઉપરાંત આપણા ઋષિમુનિઓએ પણ મહિલા માટે ખૂબ સુંદર વાત કરી છે. જેમ આપણે હંમેશા કહેતા આવ્યા છીએ કે "યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા: " જયાં નારીનું પૂજન થાય છે, જ્યાં નારીનું ગૌરવ થાય છે ત્યાં હંમેશા ઈશ્વરનો વાસ હોય છે. આવું કહેતાં આપણે થાકતા નથી. નારી તું નારાયણી કહીએ છીએ.

ભૂતકાળમાં અને વર્તમાનમાં પણ અનેક નારીઓએ નારાયણી જેવું કામ કરીને આખા વિશ્વને દિશા બતાવી છે.આપણી પરંપરા પણ છે. કે આખા વિશ્વમાં ભારત સિવાય કોઈપણ વિશ્વના દેશે નારીને ઈશ્વર તરીકે સ્થાન આપ્યું નથી. આપણા દેશે નારીને ઈશ્વર તરીકે સ્વીકારી છે. ઈશ્વર તરીકે સ્થાન આપ્યું છે. મા અંબા, મા દુર્ગા, જેને આપણે ઈશ્વર તરીકે સ્વીકાર્યા છે. એટલું જ નહીં પણ એની પૂજા પણ કરીએ છીએ. જ્યાં રામ છે ત્યાં સીતા છે. જ્યાં શિવજી છે ત્યાં પાર્વતી છે અને જ્યાં કૃષ્ણ છે ત્યાં રાધા છે. રામ, શંકર અને કૃષ્ણને એમના સિવાય આપણે સ્વીકારતા નથી. એમની પણ પૂજા અર્ચના થાય છે એટલા માટે કહું છું કે આપણા દેશની નારીનું હંમેશા સન્માન કરતો આવ્યો છે. એટલું જ નહીં પણ વિશ્વમાં અમૅરિકા જેવા દેશમાં નારીને મતદાન કરવાનો અધિકાર નહોતો આપ્યો. આંદોલન કરવા પડ્યા, ભૂખ હડતાલ ઉપર ઊતરવું પડ્યું ત્યારે અમૅરિકા જેવા દેશમાં નારીને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. પરંતુ આપણો દેશ એવો દેશ હતો, કે જેનું ૧૯૪૭ માં આઝાદ થયા પછી પહેલું મતદાન થયું, પહેલી ચૂંટણીઓ થઈ, ત્યારે આપણી બહેનોને પણ મતદાન કરવાનો અધિકાર મળ્યો અને એ પણ કોઈપણ પ્રકારનું આંદોલન કર્યા સિવાય. પૂરા દેશભરમાં પ્રવાસ કર્યો છે, ત્યારે આપણને ધ્યાનમાં આવ્યું છે કે ગુજરાત એક એવું રાજ્ય છે કે જે ગુજરાતની અંદર મહિલા સુરક્ષિત છે. નવરાત્રિનો સમય હોય કે પતંગ ઉત્સવનો સમય હોય કે કોઈપણ આપણી પરંપરાગત ઉજવણીનો પ્રસંગ હોય ત્યારે આપણી બહેનો અને આપણી યુવતિઓ, દીકરીઓ, યુવાન દીકરીઓ પણ દસ તોલા દાગીના પહેરીને રાત્રિના એક, બે અને ચાર વાગ્યે ઘરે આવી શકે છે. પિક્ચર જોઈને એકલી ઘેર આવી શકે છે. આવું આ ગુજરાત શાંતિપ્રિય રહ્યું છે અને જેની અંદર મહિલાઓ સુરક્ષિત છે. રાજય સરકારે આજે બહેનો અને બાળકો ઉપર પહેલીવાર ધ્યાન કેન્દ્રિત કર્યુ, કારણ કે કોઈપણ સમાજનો વિકાસ ત્યારે જ થઈ શકે, કે જ્યારે સો ટકા મહિલા શિક્ષિત, સંસ્કારી, ભણેલી ગણેલી હોય તો સમાજનો વિકાસ થઈ શકતો હોય છે. ૩ વર્ષ પહેલાં અને છેલ્લા ૪૭ વર્ષની અંદર કોંગ્રેસના શાસનમાં કોઈપણ મહિલા બાળકલ્યાણ વિભાગ અલગ હતો જ નહિ. જે કઈ નાની મોટી પ્રક્રિયા, યોજના ચાલતી હતી, તે માત્રને માત્ર કોઈને કોઈ વિભાગ દ્વારા ચાલતી હતી, તેના ઉપર કોઈનું પણ ધ્યાન કેન્દ્રિત થતું ન હતું, પછી આંગણવાડી કે મહિલા બાળકલ્યાણ સુરક્ષાની વાત કરવાની હોય કે મહિલા બાળ કલ્યાણ સુરક્ષાની વાત કરવાની હોય કે ઉદ્યોગની વાત કરવાની હોય ત્યારે અલગ અલગ ડિપાર્ટમૅન્ટમાં હોવાના કારણે તેના ઉપર કોઈનું ધ્યાન નહોતું જતું. ન કોઈ મંત્રીનું કે ન અધિકારીનું જતું હતું, એટલા માટે મહિલા બાળકલ્યાણ વિભાગ અલગ બને એના માટેની રજૂઆત આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સામે કરવામાં આવી. એમણે માત્ર ૩ મહિનાના ટૂંકાગાળાની અંદર જે વર્ષોથી બહેનોની માગણી હતી, એનો સ્વીકાર કરીને અલગ મહિલા બાળકલ્યાણ વિભાગ બનાવવામાં આવ્યો. આની નીચે આઈ.સી.ડી.સી. યુનિટ શરૂ કરીને આંગણવાડીના કાર્યકરોની, હજારો નાનાં બાળકોના પોષણ, આરોગ્યની ચિંતા કરી છે. મહિલા સુરક્ષા, મહિલા આયોગ આની નીચે લાવવામાં આવ્યું. આજે મહિલા બાળકલ્યાણ વિભાગ અનેકવિધ પ્રવૃત્તિઓ કરીને રાજયનાં બાળકો અને રાજ્યની બહેનોની આર્થિક સ્થિતિ સારી બને, આરોગ્ય સારું બને, સશકત સમાજ બને એના માટેની ચિંતા રાજય સરકારે મહિલા બાળકલ્યાણ વિભાગ દ્વારા કરી છે.

સૌથી પહેલા સંકલિત બાળવિકાસ યોજના ઉપર વાત કરવા માગું છું. આ યોજનાની શરૂઆત થઈ ૧૯૭૫ માં અને ૧૯૭૫ માં શરૂ થયા પછી બાળકો આ આંગણવાડીની અંદર આવવા લાગ્યાં, પરંતુ આંગણવાડીની અંદર કયા પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએ, કેવા પ્રકારનો સિલેબસ હોવો જોઈએ, બહેનોને, આંગણવાડી કાર્યકર્તાને કે હેલ્પર બહેનોને કેવી તાલીમ આપવી જોઈએ, સી.ડી.પી.ઓ. હોય કે મુખ્ય સેવિકા હોય એના માટે કયા પ્રકારની તાલીમનો વર્ગ હોવો જોઈએ અને આંગણવાડીનું પોતાનું મકાન હોવું જોઈએ, સંપૂર્ણ સુવિધાવાળું મકાન હોવું જોઈએ. આ પ્રકારની ચિંતા ન કરી, કારણ મનોવૈજ્ઞાનિકે અનેક સંશોધનો કરીને કહ્યુ છે કે બાળકોનો ૮ વર્ષની ઉંમરની અંદર એના જીવનનું ૮૬ ટકા શિક્ષણ એ પ્રાપ્ત કરી લે છે, એ પછી સુટેવ હોય કે કુટેવ હોય અનેક પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી લે છે. સારું, ખોટું ૮ વર્ષની અંદર પ્રાપ્ત કરી લેતા હોય ત્યારે આપણે બધા સમજી શકીએ એમ છીએ કે આંગણવાડીનું કેટલું મહત્ત્વ છે, એટલા માટે મારી દ્રષ્ટિએ પ્રાથમિક શિક્ષણ જેટલું મહત્ત્વનું છે એના કરતાં સવિશેષ મહત્ત્વ આંગણવાડીનું દેખાય છે, એટલા માટે છેલ્લા ૫-૬ વર્ષથી પ્રાથમિક શિક્ષણ ઉપર આ સરકારનું ધ્યાન કેન્દ્રિત થયું હતું અને આંગણવાડીને વધારે સારી બનાવવા માટે આ રાજય સરકારે પ્રયત્નનો આરંભ કર્યો છે, એટલે જુદા જુદા પ્રકારની યોજનાઓ લઈને છેલ્લા ૨-૩ વર્ષથી આંગણવાડીને સઘન બનાવવા માટેનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતની અંદર ૩૭,૦૦૦ કરતાં વધારે આંગણવાડી સંચાલિત કરીએ છીએ. એમાં લગભગ ૭૫,૦૦૦ કરતા વધારે આંગણવાડી બહેનો અને હેલ્પરો કાર્યરત છે.

ભીખીબેને કહ્યું કે હું પણ આંગણવાડી કાર્યકર હતી અને ૨૫૦ રૂપિયા માનદ વેતન મળતું હતું. આજે મને કહેતાં આનંદ થાય છે કે આ આંગણવાડી કાર્યકર બહેનો માટે ૧૦૦૦ રૂપિયાનું વેતન કરી દીધુ છે અને હેલ્પર બહેનો છે તેમને ૫૦૦ રૂપિયાનું વેતન આપી રહ્યા છીએ. આ રાજય સૌથી પહેલું એવું રાજય છે કે આંગણવાડીમાં કામ કરતી કાર્યકર બહેનો અને હેલ્પર બહેનોના વીમા ઉતારવાનું કામ જસમા ઓડણ વીમા યોજના નીચે અમલીકરણ કરી રહ્યા છીએ અને આ જસમા ઓડણ વીમા યોજના નીચે બધી બહેનોને આવરી લીધી છે. જ્યારે આ વાત કેન્દ્ર સરકારમાં ગઈ ત્યારે કેન્દ્ર સરકારે આ યોજનાનો ઉપયોગ કરીને આખા દેશમાં આવેલ તમામ આંગણવાડી કાર્યકર બહેનો અને હેલ્પર બહેનોનો વીમો ઉતારવાનું કામ કર્યુ છે અને તેમાં પહેલ ગુજરાત રાજયે કરી છે તેનો અમને આનંદ છે. ગુજરાત રાજયની અંદર અત્યારે આવી બહેનોને આ વીમા યોજનાનો લાભ મળી રહ્યો છે. તે ઉપરાંત પૂરક પોષણની અંદર માત્ર ૫૦ કરોડ રૂપિયા આપવામાં આવતા હતા પરંતુ આ રાજય સરકારનો આ વિભાગ અલગ બનવાને કારણે તેના ધ્યાન ઉપર ગયું અને તેમાં ૨૦ કરોડ રૂપિયા વધારીને આમ માતબર રકમ આ રાજય સરકારે આપી છે અને ૭૦ કરોડ જેટલી રકમ પૂરક પોષણ હેઠળ આપી રહ્યા છીએ. જે બાળકોનું વજન ઓછું હોય, આરોગ્ય સારું ન હોય આ બધી બાબતો તેમાં આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત એવા બાળકો કે જે અપૂરતા પોષણને લીધે પીડાય છે એટલે આવી ૨૦ કરોડની વધારે સહાય કરીને ૭૦ કરોડ રૂપિયા આપણે તેમાં વાપરી રહ્યા છીએ. તેના પરિણામ સ્વરૂપ આપણે કાર્ય કરતા આવ્યા છીએ. આ ઉપરાંત બાલવાડીઓ, આંગણવાડીઓની અંદર છ વર્ષથી નાની ઉંમરના બાળકોને લવાતા હોય તેનો લક્ષ્યાંક અત્યાર સુધીમાં ૨૦ લાખ હતો તે લક્ષ્યાંક વધારીને ૨૪ લાખ ૮૦ હજાર કર્યો છે અને વધુ આંગણવાડીઓ આવરી લેવાની વાત કરી હતી તેનો સંપૂર્ણપણે ઉપયોગ કરી રહ્યા છીએ. ત્રણ થી છ વર્ષના બાળકો આંગણવાડીમાં આવતા હોય છે અને ત્રણ વર્ષથી નાની ઉંમરના બાળકો પોતાના ઘેર રહે છે તેઓને ઘર સુધી ખોરાક પહોંચાડવાનું કામ કરીએ છીએ. તદઉપરાંત આપણે અઠવાડિયામાં એક દિવસ આવા બાળકોને આરોગ્યની ચકાસણી માટે નજીકના પી.એચ.સી. કે સી.એચ.સી. સૅન્ટર ઉપર લઈ જઈએ છીએ. એટલું જ નહીં જો આવા છ વર્ષથી નાની ઉંમરના બાળકો જો કોઈ હદયરોગથી પીડાતા હોય કે કૅન્સરથી પીડાતા હોય તો એમને પણ રાજય સરકાર વિના મૂલ્યે સહાય કરી રહી છે અને વિના મૂલ્યે ઑપરેશન કરી રહ્યા છીએ. જે નાના બાળકો છ વર્ષથી નાના છે અને છ માસથી ત્રણ વર્ષની નાની ઉંમરના છે તેમને અમુક પ્રકારનો ખોરાક આપણા હતા જે બાળક ચાવી ન શકે અને ખાઈ નહોતા શકતા એટલે તેઓ ફેકી દેતા હતા એટલે દોઢ વર્ષથી સુધારો કર્યો છે અને લગભગ સાત જિલ્લામાં, ૫૦ તાલુકામાં છ માસથી ૩૬ માસ સુધીના બાળકોને પાઉડર સ્વરૂપે ખોરાક આપવાની શરૂઆત કરી છે અને રેડી ટુ ઈટ કરીને આપણે પાઉડર સ્વરૂપે તેમને આપીએ છીએ તેમાં પાણી અથવા તો દૂધનું મિશ્રણ કરીને શીરા જેવું બનાવીને બાળકોને સીધું ખવડાવી શકાય છે તેના કારણે આ ખોરાક બાળકોના પેટમાં જાય છે અને ફેકી દેતા નથી અને સીધો ઘેર આપવામાં આવે છે. આ લગભગ ૧૫ દિવસનો એકી સાથે આપવામાં આવે છે એટલે વચ્ચે ખોરાક નથી આવ્યો અથવા તો ઓછો પડ્યો છે તેવા કોઈ પ્રશ્નો ઉભા થતા નથી અને આવો રેડી ટુ ઈટનો ખોરાક આપવામાં આવે છે તેમાં ખાસ કરીને મહેસાણા, પાટણ, પંચમહાલ, ગોધરા, દાહોદ, આણંદ અને ખેડાની અંદર આપવામાં આવે છે. અમૂલના સહયોગથી પણ રેડી ટુ ઈટ નામનો પાઉડર તૈયાર કરી તેમને આપણે આપીએ છીએ. બીજુ મારે કહેવું છે કે આંગણવાડીની અંદર કામ કરતી બહેનો, હેલ્પર બહેનોને અત્યા સુધીમાં ૯૦ દિવસની પ્રસૂતિની રજા આપવામાં આવતી હતી પરંતુ માનવતાના ધોરણે ડિલિવરી ઉપર જાય ત્યારે નાના બાળકને સાચવવું જોઈએ, તેને સ્તનપાન કરાવવું જોઈએ અને શરૂઆતના મહિનાઓમાં તેની કાળજી લેવાવવી જોઈએ એટલા માટે ૯૦ દિવસથી વધારો કરીને ૧૩૫ દિવસની રજાઓ મંજૂર કરવામાં આવી છે અને તેનો લાભ અત્યારે બહેનો સારી રીતે લઈ રહી છે. ૩૭ હજાર આંગણવાડીઓની અંદર ૧૯૭૫માં સરકારે શરૂ કરેલી પણ આંગણવાડીઓના મકાન બન્યા માત્ર દસ હજાર. એટલે આ દસ હજાર મકાનો બન્યા એટલે દર વર્ષે એક એક હજાર મકાન બાંધ્યા હોત તો હું માનું છું કે આજે સંપૂર્ણપણે આંગણવાડીઓના પોતાના મકાનો બન્યા હોત. પરંતુ તે ન થયું. એટલા માટે ગત વર્ષે

એન.ડી.એ. સરકાર હતી ત્યારે રાજય સરકારે માગણી કરી કે કેન્દ્ર સરકારે આંગણવાડીઓ બાંધવા માટે ભંડોળ આપવું જોઈએ, બજેટ આપવું જોઈએ એટલે ગત વર્ષે ૮૦૦ જેટલી આંગણવાડીઓ બાંધવા માટે ૭૫ ટકા ખર્ચ એટલે કે છ કરોડ આપ્યા છે અને અત્યારે હાલ ૮૦૦ આંગણવાડીઓ આપણે બનાવી રહ્યા છીએ. આ વર્ષે પણ ત્રણ હજાર આંગણવાડીઓની માગણી કેન્દ્ર સરકાર પાસે કરવામાં આવી છે અને આપણે ઇચ્છીએ કે અત્યારે તો સામે પક્ષે કોઈ છે નહીં પણ વિરોધપક્ષના નેતા જ્યાં સાંભળતા હોય ત્યાં, એમની સરકાર અત્યારે કેન્દ્રમાં બની છે ત્યારે આ ત્રણ હજાર આંગણવાડીઓની મંજૂરી અપાવે કે જેથી કરીને આપણે વધારે મકાનો બાંધી શકીએ અને વધારે બાળકો અભ્યાસ કરી શકે, ૭૫ ટકા પ્રમાણે કેન્દ્ર સરકાર જ્યારે સહાય કરવાની છે, ત્યારે આપણે ૨૫ ટકા સહાય એ રાજય સરકાર કરે અને એટલા માટે આ વર્ષના બજેટમાં પાંચ કરોડની પણ જોગવાઈ કરવામાં આવી છે જેને કારણે જો કોઈ જગ્યાએ લોકફાળો ન આપી શકે તો રાજય સરકાર દ્વારા પાંચ કરોડની જોગવાઈના કારણે આપણને આંગણવાડીના બાંધકામમાં કોઈ મુશ્કેલી ઊભી ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બાર આદિવાસી જિલ્લાઓમાં તેત્રીસ તાલુકાઓમાં ૫૦૦ આંગણવાડીઓ બાંધવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને જેને કારણે સો ટકા સહાયથી આ આંગણવાડીઓ આપણે બાંધીશું. આંગણવાડીઓ હોય, નાના નાના બાળકો હોય અને એટલા માટે આંગણવાડીઓમાં સેનીટેશનની વ્યવસ્થા હોવી જોઈએ અને એટલે પંચાયતની માલિકીના જે મકાનો છે, એમાં બાર હજાર આંગણવાડીઓમાં સેનીટેશન સંકુલો બાંધવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. એ ઉપરાંત આંગણવાડીઓ બાંધવા માટે જુદી જુદી એનજીઓનો પણ સહકાર લેવામાં અમે માનીએ છીએ અને એટલા માટે કેર નામની જે સંસ્થા છે, જેની પાસે ૫૩ કરોડ રૂપિયા ભૂકંપની અંદર પડેલા હતા અને એમને બોલાવીને આપણે એ ૫૩ કરોડ માટે એક એકશન પ્લાન તૈયાર કરી આંગણવાડીઓની અંદર કેવી રીતે સહયોગ કરે એના માટેનો એકશન પ્લાન તૈયાર થયો છે અને ૫૩ કરોડ રૂપિયા પણ આંગણવાડીઓના વિકાસ માટે આપણને મળવાના છે એ રીતે યુનિસેફ પાસેથી પણ આપણે મદદ લઈએ છીએ, યુરોપીયન કમિશન પાસેથી પણ આપણે મદદ લઈએ છીએ, ઔદ્યોગિક ગૃહો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ આંગણવાડીઓના મકાનો બાંધવા માટેનો આપણે પ્રયત્ન કરીએ છીએ. બાળકને ભણાવવું હોય ત્યારે તેને સારી ટેવો પાડવી હોય તો બાળકો આંગણવાડીઓમાં આવે ત્યારે ખોરાક કેવી રીતે લે છે, પ્રાર્થના કેવી રીતે કરશે, નાની નાની રમતો કેવી રીતે રમાડવી જોઈએ, કયા પ્રકારની વાર્તા એમને કહેવી જોઈએ કે જેથી કરીને એમનામાં સદ્‌ગુણોનો વિકાસ થાય, આ બધું જ કરવું હોય તો આ આંગણવાડીઓની અંદર કામ કરતી મહિલાઓને, હેલ્પરોને અને એમની આંગણવાડીઓની કાર્યકર્તાઓને તાલીમ આપવી જોઈએ અને એટલા માટે ઉદીશા કાર્યક્રમતહત આ બહેનોને તાલીમ આપવા માટેનો કાર્યક્રમ શરૂ થયો છે અને ગુજરાતના લગભગ વીસ કરતાં પણ વધારે જિલ્લાઓમાં તાલીમ આપવા માટેનો ઑર્ડર અપાઈ ગયો છે. અત્યારે હાલ તમામ બહેનોને તાલીમ આપી રહ્યા છીએ અને એના માટેનું એક સીલેબસ તૈયાર કર્યુ છે અને એ સીલેબસના આધારે વાર્તાઓ અને નાટકો વગેરે આ બહેનો એમની પાસે, બાળકો પાસે કરાવી રહ્યા છે. જેને કારણે બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે અને એ રીતે બાળકો એક સારા નાગરિક બની શકે એના માટેના પ્રયત્ન આપણે હાથ ધર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં એક ગામમાં એક હજારની વસતિએ એક આંગણવાડી હોવી જોઈએ એ જ્યારે ગણતરી કરીએ છીએ ત્યારે હજુ ગુજરાતમાં બે હજાર આંગણવાડીઓની જરૂરિયાત છે અને એટલા માટે ૨૦૧૫ જેટલી આંગણવાડીઓ આપણે કરવા માટે, નવી આંગણવાડીઓ બનાવવા માટેનો રાજય સરકારે નિર્ણય લીધો છે અને એ પ્રમાણે વિભાગ કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી અને સમાજ કલ્યાણ વિભાગ અને શિક્ષણ વિભાગની નીચે જે આંગણવાડીઓ ચાલતી હતી જેમાંથી શિક્ષણ વિભાગ નીચે જે કઈ બાલવાડીઓ ચાલતી હતી એને આંગણવાડીઓની અંદર તબદીલ કરવામાં આવી છે અને એ હવે બાલવાડીઓ રહેશે નહીં પણ હવે એ આંગણવાડીઓ બની ચૂકી છે અને એની અંદર પણ બધી સેવાઓ આપણે આપી રહ્યા છીએ. દરેક ગામમાં જ્યાં આંગણવાડીઓ છે ત્યાં માતૃમંડળોની પણ રચના કરવામાં આવી છે જેથી આંગણવાડીનું મહત્ત્વ સમજે અને આંગણવાડીની અંદર આવતી જે ધાત્રી માતાઓ અને સગર્ભા માતાઓ છે અને જે બાળકો છે જે પ્રકારનો ખોરાક એ પ્રકારનું માર્ગદર્શન આ માતૃમંડળને આપવામાં આવે છે અને માતૃ મંડળ મહિલાઓને આપે છે અને એ રીતે બાળકોનો વિકાસ કેવી રીતે થાય એ બધી જ બાબતોનું ધ્યાન એ લે એ માટેના પ્રયત્ન માતૃ મંડળની રચના દ્વારા કરી રહ્યા છીએ. ગુજરાતમાં આંગણવાડીઓમાં મુખ્ય સેવિકાઓની જગ્યાઓ ૧૮૯૩ જેટલી મંજૂર થયેલી છે અને એમાંથી ૮૫૧ જગ્યાઓ ભરેલી છે એક હજાર ખાલી છે એટલે આંગણવાડીઓની કાર્યકર્તાઓને લાયકાતના પ્રમાણમાં એમને પ્રમોશન આપીને મુખ્ય સેવિકાઓ બને એવો ઐતિહાસિક નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે અને ટૂંક સમયમાં આ બહેનો જે આંગણવાડી વર્કર તરીકે કામ કરે છે એમને મુખ્ય સેવિકાઓ બનીને એમને પણ વધુ આવક મળે એ માટેનો પ્રયત્ન રાજય સરકારે કર્યો છે.

સમાજમાં એક બાળક બીજા બાળકને કેવી રીતે મદદ કરી શકે, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્યાં જ્યાં હું ગઈ છું ત્યાં એ બાળકોને મેં અપીલ કરી છે. તમારા નાના ભાઈ-બહેનો છે એ આંગણવાડીમાં ભણે છે, આંગણવાડીમાં કોઈ હાઈ-ફાઈ ફેમિલીના બાળકો નથી આવતાં. સમાજના જે છેવાડાના વતની છે, છેવાડાના જે માનવી છે, જે ગરીબ નિરાધાર વ્યકિતઓના બાળકો છે એ આંગણવાડીમાં આવે છે. ત્યારે આવા બાળકોને પણ આપણે મદદરૂપ થવું જોઈએ અને એટલે રાજયમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શાળાઓમાં બાળકો પોતે એક એક રૂપિયો મહિનામાં બચત કરે છે અને આ જે કંઈ બચત થાય છે એ બચતનો ઉપયોગ એ આંગણવાડીને દત્તક લઈને એમાં બાળકોને શું જોઈએ છે? કેવા પ્રકારના રમકડા જોઈએ છે? સાઈકલ જોઈએ છે, કપડા જોઈએ છે, ઢોલ કે તબલા જોઈએ છે એવી માહિતી એકઠી કરીને બાળકો બજારમાં જઈને પોતે જે એકઠું કરેલ ભંડોળ છે એમાંથી એ વસ્તુ લઈને આંગણવાડીમાં આપી છે. આ સુંદર કાર્યક્રમ પણ ગુજરાતમાં ચાલી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં આઈ.સી.ડી.એસ. યુનિટના બધા જ ઘટકો છે જે લગભગ ૨૨૭ જેટલા ઘટકો છે એ બધા જ ઘટકોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટેનો નિર્ણય આ વર્ષે અમે કર્યો છે. જેના કારણે આખા ગુજરાતમાં સારી રીતે આંગણવાડીઓનું સંચાલન થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રિ-સ્કૂલ કીટ આપવાનો નિર્ણય રાજય સરકાર કર્યો છે અને ૫૦૦ રૂપિયાની મર્યાદામાં ૧ કરોડ રૂપિયાની એ પ્રિ-સ્કૂલ કીટ ખરીદીને આંગણવાડીઓમાં આવતા બાળકોને આપવા માટેનો નિર્ણય આ વર્ષના બજેટમાં કરવામાં આવ્યો છે. એજ રીતે જયારે આંગણવાડીમાં બાળકો આવે છે એમાંથી કોઈને તાવ આવ્યો હોય કે કોઈને કોઈ પણ તકલીફ હોય, કોઈને આંખની તકલીફ ઉભી થઈ હોય તો એની તાત્કાલિક સારવાર આંગણવાડીમાં કરી શકાય એટલા માટે મેડિસિન કીટ પણ આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે અને એના માટે ૨ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવી છે. ૬૦૦ રૂપિયા પ્રમાણે પ્રાથમિક સારવારનું એક યુનિટ આંગણવાડીમાં આપવામાં આવશે જેથી તાત્કાલિક બાળકોની સારવાર આપણે કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકોને બેસવા માટેની વ્યવસ્થા પણ હોવી જોઈએ. બાળકો ગમે ત્યાં બેસે એ બરાબર નથી અને એટલા માટે બાળકોને બેસવા માટે એના આસનપટ્ટા પણ ખરીદવાનો ઓર્ડર આપ્યો છે અને એમાં પણ એક કરોડ રૂપિયાની જોગવાઈ કરીને જેટલી પણ આંગણવાડીમાં પહોંચી શકાય એટલી આંગણવાડીમાં આસનપટ્ટા આપવા માટેનો નિર્ણય કર્યો છે. જે આંગણવાડીમાં બહેનો કામ કરે છે એવી બહેનોને વધારાનું રેડી ટુ ઈટ કાર્યક્રમ ચાલે છે એમાં વધારે કામ કરવું પડે છે અને એટલા માટે પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના નીચે કેટલીક આંગણવાડી કાર્યક્રમની બહેનોને વધારાનું માનદ વેતન આપવામાં આવે છે અને લગભગ ૫૦ રૂપિયા જેટલું દર મહિને માનદ વેતન એમને વધારાનું આપવામાં આવે છે. યુનોની ભલામણ છે કે, કુપોષણ, નિરક્ષરતા, લોહતત્વની ઉણપ, વિટામીન-બીની ઉણપ બાળકોમાં હોય છે અને એટલા માટે એક એકશન પ્લાન રાજય સરકારોએ તૈયાર કરવો જોઈએ અને આ એકશન પ્લાન આ રાજય સરકારે તૈયાર કરી દીધો છે અને થોડાક સમયમાં એની અમલવારી પણ આપણે કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મહિલા અને બાળ કલ્યાણ વિભાગની થોડીક વાત કરવા માગું છું. રાજય એક ખૂબ ગુભીર વિષય ઉપર ચર્ચા-વિચારણા કરી રહ્યું છે અને એ ભ્રુણ હત્યા અંગે આ સન્માનીય સભાગૃહમાં પણ આ વિષય થોડા સમય પહેલા આવ્યો હતો. ૧૦૦૦ પુરુષોએ ૯૨૧ સ્ત્રીઓનું પ્રમાણ થઈ ચૂકયું છે. આ ઉપરાંત ૬ વર્ષથી નાની ઉંમરના બાળકો કે જેનું પ્રમાણ ૧૦૦૦ છોકરાઓએ ૮૭૬ છોકરીઓનું થયું છે. ગુજરાતમાં ૫ કરોડની જનતા છે આ ૫ કરોડની જનતામાં જો આપણે ગણતરી કરીએ તો ૨૦૦૧ની સાલમાં ૬૦ લાખ દિકરીઓની સંખ્યા ઓછી થઈ ચૂકી છે. ૧૦૦૦ પુરુષોએ ૯૨૧ સ્ત્રીઓનું પ્રમાણ થયું છે. તો ૪૦ લાખ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું થયું છે અને આવતા ૧૦-૧૫ વર્ષ પછી આમાંથી લગભગ ૬૦ લાખ છોકરીઓનું પ્રમાણ ઓછું થશે. સમાજમાં આનાથી કેવી પરિસ્થિતિ પેદા થશે એ આપણે સુપેરે સમજી શકીએ એમ છીએ. માત્રને માત્ર છોકરો જોઈએ છે, છોકરો જોઈએ છે એમ કરીને સમાજના અનેક વર્ગો અને એમાં ખાસકરીને જયારે દિકરી છે એમ ખબર પડતાની સાથે ભ્રુણ હત્યા કરાવી લે છે અને એના કારણે આજે આ સમાજમાં બદીઓ પેદા થશે, આનાથી સમાજમાં કેવી સમસ્યા પેદા થશે એ વિચારવું રહ્યું. હું તો એમ કહું છું કે અત્યાર સુધીમાં છોકરો જયારે છોકરીને જોવા જતો હતો ત્યારે એમ કહેતો કે આ છોકરી ઉંચી છે, નીચી છે, કાળી છે, ધોળી છે એમ કરીએ સો-સો છોકરીઓ જુએ પણ એનું સિલેકશન નહોતો કરતો. હવે જયારે છોકરીઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે ત્યારે સિલેકશન હવે દિકરીઓ કરશે કે હવે આ છોકરો ઓછું ભણેલો છે, આ ઉંચો છે, આ નીચો છે એમ કરીને છોકરીઓ પણ છોકરાને પસંદ નહી કરે, પરંતુ મારે આ થાય કે ના થાય એ નથી કહેવું પરંતુ છોકરીઓની સંખ્યા એકબાજુ ઓછી થઈ રહી છે ત્યારે બીજીબાજુ છોકરીઓ જ અસુરક્ષિત રહેવાની છે અને દીકરીઓના અપહરણ થશે અને જ્યાંસુધી આપણી દીકરી શાળામાંથી કે કોલેજમાંથી પાછી નહિ આવે ત્યાંસુધી દીકરીની ચિંતા આપણને રહેશે. બળાત્કારના પ્રસંગો પણ વધુને વધુ વધશે અને કૂટણખાનાની અંદર પણ બહેનોને લઈ જવામાં આવશે અને એટલા માટે આપણે સૌએ સમજવાની આવશ્યકતા છે કે દીકરીને આપણે જન્મવા દઈએ અને દીકરીની સેવાચાકરી કરીએ અને એને મોટી કરીએ.

માતૃ વંદના યોજના રાજ્ય સરકાર ચલાવી રહી છે અને દશ વર્ષથી માંડીને ૧૮ વર્ષની કિશોરીઓ જ્યારે એનિમિયા ધરાવે છે ત્યારે એનિમિક આવે ત્યારે આપણા માટે પણ એક ગંભીર વિષય પેદા થયો છે. ૧૦૦૦ ડિલીવરીએ એક માસની અંદર ૬૦ બાળકો મૃત્યુ પામે છે આ ઉપરાંત એક લાખ ડિલીવરીએ ૩૮૯ માતાઓ મૃત્યુ પામે છે અને આ બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદરનો આંકડો આપણે ઘટાડવો હોય તો કિશોરીઅવસ્થાની અંદર આવતી દીકરીના શરીરની અંદર હિમોગ્લોબિનનું પ્રમાણ યથાવત રહે અને એ પણ રાજય સરકારે ગંભીરતાપૂર્વક આ વિષયને લીધો છે કારણકે રાજ્યની અંદર ૭૨ ટકા છોકરીઓને એનિમિક પ્રાપ્ત થયેલ છે પછી એ શહેરની હોય કે ગામડાની હોય બધાના માટે આ પ્રશ્ન છે એટલે રાજય સરકાર મહિલા બાળ કલ્યાણ વિભાગ દ્વારા અને

શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓની અંદર અભ્યાસ કરતી દીકરીઓને પણ આયર્ન ફોલિક એસિડની ગોળીઓ આપવાની શરૂઆત કરી છે જેને કારણે માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર આપણે ઘટાડી શકીએ.

વિરોધપક્ષના નેતા વારંવાર કહ્યા કરે છે કે આ સાક્ષરતાનો દર રાજયમાં જે કંઈ છે તે આપણે પંદરમા ક્રમે પહોંચી ગયા છે, પહેલા નવમા ક્રમે હતો અને હવે પંદરમા ક્રમે ગયા છીએ, પરંતુ અમારે માત્ર એટલું જ કહેવું છે કે સાક્ષરતા દર ઘટાડવાનું કામ આ રાજય સરકારે નથી કર્યુ પરંતુ જે બહેનો પહેલા ભણી હોય એ બહેનો આજે અભણ નથી બનવા દીધી પરંતુ જે કંઈ બહેનો અભણ રહી, ભાઈઓ  જે અભણ રહ્યા એમને સાક્ષર કરવાના પ્રયત્નો જો ભૂતકાળની સરકારોએ કર્યા હોત અને સો ટકા બાળકો શાળાની અંદર દાખલ થાય અને ટકી રહે એના માટેનો જો પ્રયાસ કર્યો હોત તો હું માનું છું કે આજે ગુજરાત જે રીતે ઉદ્યોગમાં આગળ છે એ રીતે સાક્ષરતા દરમાં પણ આગળ રહ્યા હોત. પરંતુ આ રાજય સરકારે સાક્ષરદીપનો કાર્યક્રમ કર્યો, એક પણ રૂપિયાનું બજેટ વાપર્યા સિવાય પી.ટી.સી. ના અને બી.એડ ના વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાના શિક્ષકોનો ઉપયોગ કરીને આઠ લાખ નિરક્ષરોને સાક્ષર બનાવવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યુ જેમાં પાંચ લાખ તો માત્ર મહિલાઓ હતી અને પાંચ લાખ પુરુષો અને એ રીતે આ કાર્યક્રમ ચાલતો રહેશે અને ગુજરાતમાં કોઈપણ નારી કે કોઈપણ પુરુષ અભણ ન રહી જાય એની ચિંતા પણ આ રાજય સરકારે કરી છે.

સ્વયંસિદ્ધા યોજના પણ આપણે ચલાવી રહ્યા છીએ નાના જૂથો બનાવીને બહેનો પોતે બચત કરે અને જે કંઈ બચત એ લોકો કરે એની અંદર પોતે જ એકબીજાને લોન સ્વરૂપે આપે અને પોતાની નાની નાની રકમથી શરૂ કરી અને આર્થિક રીતે પગભર બને એવું કામ સ્વયંસિદ્ધા યોજના દ્વારા ચાલે છે. અત્યારસુધી ૨૯૭૮ સ્વયં સહાય જૂથોની રચના થઈ છે અને એમાં ૪૭૭૩૭ બહેનો કામ કરે છે અને એમણે જે બચત કરી છે એ એક કરોડ અને ચૌદ લાખ રૂપિયાની કરી છે એમાંથી તેઓ આંતરિક ધિરાણ કરે છે એમણે બેન્ક સાથે પણ લિન્કઅપ કર્યુ છે અને બેન્ક પણ એમને ધિરાણ આપે છે એ રીતે બહેનો આર્થિક રીતે પગભર બની રહી છે. બાળ વિકાસ સમૃદ્ધિ યોજના, જ્યારે કેન્દ્રમાં એન.ડી.એ. ની સરકાર હતી ત્યારે પંદરમી ઓગષ્ટે આ યોજના જાહેર થઈ હતી પરંતુ આખાયે દેશની અંદર બાલિકા સમૃદ્ધિ યોજનાનો ઉપયોગ ન થયો પણ માત્ર આ રાજય સરકારે બાલિકા સમૃદ્ધિ યોજનાનો ઉપયોગ કર્યો જેની અંદર જન્મ સમયે માતાને પાંચસો રૂપિયા આપવામાં આવે છે જેથી પોતાનું આરોગ્ય સાચવી શકે અને અત્યારસુધી આ યોજનાની અંદર દશ લાખ જેટલી બાલિકાઓને આપણે એની અંદર આવરી લીધી છે અને હમણાં ચાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે મંજૂર કરી છે. યુ.પી.એ. સરકાર તો આ યોજના  કેન્સલ કરવા માગતી હતી પણ અમારી રાજય સરકારની માગણી હોવાના કારણે  આ યોજના એ બંધ નથી કરી શકયા અને યોજનાને ચાલુ રાખવી પડી છે. એક થી ત્રણ ધોરણની અંદર આ બાલિકાઓ આવે ત્યારે વાર્ષિક રૂા. ૩૦૦/- આપવામાં આવે છે  અને દશમા ધોરણમાં આ બાલિકા આવે ત્યારે ૧૦૦૦ રૂપિયા એમના ખાતાની અંદર જમા કરવામાં આવે છે અને અઢાર વર્ષની ઉંમરની આ દીકરી થાય ત્યારે એને આ રકમ પરત મળે છે અને આ પ્રકારની સુંદર યોજનાનો ઉપયોગ બી.પી.એલ. ફેમિલિની અંદર જે કામ કરતી બહેનો છે એમના બાળકો માટે એમની દીકરીઓ માટે આપણે આ કાર્ય કરી રહ્યા છીએ.

સ્વશક્તિ કાર્યક્રમ પણ ચાલે છે. વિશ્વ બેન્ક સહાય આ યોજના છે અને દશ જિલ્લાઓની અંદર આ યોજના અમલમાં છે. ૨૬૦૦ જેટલી સ્વયંસહાય જૂથો આની અંદર છે અને ચાલીસ હજાર ગરીબ મહિલાઓ એનું કામ કરી રહી છે. આ ઉપરાંત મહિલા અને કાનૂની રીતે સહાય કરવા માટે ગુજરાતમાં ૧૦૦ કાનૂની સહાય કેન્દ્રો ચાલે છે ૭૪ જેટલાં મહિલા માર્ગદર્શન કેન્દ્રો ચાલે છે અને ૪૫ યુવતી વિકાસ કેન્દ્રો આપણે ચલાવીએ છીએ. તે ઉપરાંત બહેનો સશકત બને અને પોતાનું આર્થિક ઉપાર્જન કરી શકે એટલા માટે સ્ટેટ યોજના, મોરાર યોજના, સ્વધાર યોજના આવી શોર્ટ ટર્મ હોય વર્કીંગ વુમન હોસ્ટેલ હેલ્પલાઈન પણ આપણે શરુ કરી છે. તે ઉપરાંત ગુજરાતે પહેલ કરી છે. નારી ગૌરવ નીતિનો મુસદ્દો તૈયાર કરવામાં અને તેને વેબ સાઈટ ઉપર મૂકવામાં આવી છે અને હું ઇચ્છા વ્યક્ત કરું છું કે વેબ સાઈટ ઉપર મૂકેલી આ નારી ગૌરવ નીતિને જોવી જોઈએ અને તેમાં જે કંઈ સુધારા વધારા કરવાની આવશ્યકતા હોય તે મારા વિભાગને તેઓ જરૂર લખી શકે છે.

વિધવા પેન્શન આપણે આપીએ છીએ અને છેલ્લી વાત કરવા માગું છું અત્યાર સુધીમાં ૧ લાખ ૩૨ હજાર લાભાર્થીઓ વિધવા બહેન હતી પરંતુ અમને પણ ખબર પડી કે આની અંદર કેટલીક બોગસ બહેનો કે જે જન્મી જ નથી તે આ લાભાર્થી બની ચૂકી હતી અને કેટલાક લોકો તેમના નામે પૈસા લઈ જતા હતા. તેમના નામે વચેટીયાઓ પૈસા લઈ જતા હતા એટલે બે વર્ષ ઉપર અમે નિર્ણય કર્યો કે જે કોઈ વિધવા બહેન છે તે પોતાનું ખાતું પોસ્ટની અંદર ખોલાવે, પોતાના ફોટા સાથે ખોલાવે જેને કારણે ૧ લાખ ૩૨ હજાર વિધવા બહેનોમાંથી અત્યારે હાલ ૯૩,૬૪૧ વિધવા બહેનો રહી છે અને તેમને સંપૂર્ણપણે આપણે પૈસા સમયસર આપીએ છીએ અને અત્યાર સુધીમાં ૯૨ કરોડ રૂપિયા જેટલી રકમ વિધવા પેન્શનની અંદર આપણે આપી દીધી છે. હવે આવી જે વિધવા બહેનો છે તેમને હું પુનઃસ્થાપન કરવા માટે આ વર્ષના બજેટની અંદર સાત કરોડ જેટલી માતબર રકમ તેની અંદર મૂકવામાં આવી છે. ૧૪૪૪ જેટલાં ખાતાઓ આપણે બંધ કર્યા છે કારણકે તે બોગસ ખાતાઓ હતા અને તેની પાસેથી ૨૦ લાખ રૂપિયા જેટલી વસૂલાત કરી છે અને ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લાઓની અંદર પણ કેટલાક કેસો આપણે કર્યા છે કે જેઓ આવા છે અને બોગસ ખાતાઓ ખોલાવીને પૈસા લઈ જતા હતા તેને રોકવાનો પણ આ રાજય સરકારે પ્રયાસ કર્યો છે. આમ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની બધી જ યોજનાઓ તો હું આપની વચ્ચે નહી કહી શકું પરંતુ મોટી મોટી યોજનાઓનો ચિતાર મેં આપ્યો છે. હજુ વધારે યોજનાઓ કરવાની આવશ્યકતા

છે અને આ રાજય સરકાર તેના ઉપર વિશેષ વિચાર કરી રહી છે કે બહેનોનો સર્વાંગી વિકાસ થાય, બાળકોનો સર્વાંગી વિકાસ થાય, એક સશકત સમાજ બને, સ્વસ્થ સમાજ બને, સુશિક્ષિત સમાજ બને તેને માટે બહેનો ઉપર જેટલું કામ કરવું જોઈએ એટલું ઓછું છે અને બાળકોના આરોગ્ય અને બાળકોના સંસ્કાર માટે પણ જેટલું કામ કરીએ એટલું ઓછું છે અને આ રાજય સરકાર જ્યારે કરી રહી છે ત્યારે હું આ વિભાગની જે દરખાસ્ત લઈને આવી છું ત્યારે તે કાપ દરખાસ્ત પાછી ખેંચવા માટે, સામી પાટલી ઉપર કોઈ છે નહીં એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ આના ઉપર જે કોઈ બહેનોએ પોતાના વકતવ્યો રજૂ કર્યા છે તેને હું અભિનંદન આપીને મારું વકતવ્ય અહીંયા પૂર્ણ કરું છું.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : આદરણીય અધ્યક્ષશ્રી, મારો વિભાગ આ સન્માનનીય સભાગૃહના મારફતે ગુજરાતની પ્રજા જે આની stake holder છે તે stake holderને accountable છે અને accountability ના ભાગરૂપે જ્યારે મારો વિભાગ માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ હાજર થયો છે ત્યારે વિભાગને લગતી કામગીરી હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરતા ઘણું ગૌરવ અનુભવું છું.

ગુજરાત તે સમગ્ર ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર રાજય રહ્યું છે. તેનો વિકાસ દર છેલ્લા દશ વર્ષના ગાળામાં કરન્ટ પ્રાઈઝ છે ૧૩ ટકા કરતાં પણ વધારે ઔદ્યોગિક વિકાસ દર તે ગુજરાતે જાળવી રાખ્યો છે. આ સરકાર પ્રચંડ જનાદેશ પછી જ્યારે અસ્તિત્વમાં આવી ત્યારે સપ્ટેમ્બર, ૨૦૦૩માં નવી ઔદ્યોગિક નીતિ પ્રથમ જ વખત નવી ખાણ ખનિજ નીતિ અને પ્રવાસન નીતિને લઈને આ વિભાગે પોતાની કામગીરી શરુ કરી. આજે આ સભાગૃહમાં અને સભાગૃહની બહાર અનેકવાર વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમને લઈને કેટલીક ચર્ચાઓ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરવા માગું છું કે વાયબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ એ આ વૈશ્વિકરણના યુગમાં જયારે આપણે આપણા અર્થતંત્રને ગ્લોબલાઈઝેશન તરફ લઈ જઈ રહ્યા હોઈએ, ત્યારે ગુજરાતના અર્થતંત્રને અને ગુજરાતના વિકાસને યોગ્ય હરણફાળ ભરાવવા માટેનો આ કાર્યક્રમ છે. વાયબ્રન્ટ ગુજરાત આજે સમગ્ર ભારતમાં વાયબ્રન્ટ ગુજરાત તરીકે પ્રચલિત થયો છે. એટલું જ નહીં, પણ વિશ્વના અનેક દેશોમાં અને સમગ્ર ભારતમાં વાયબ્રન્ટ ગુજરાત એક પ્રસિદ્ધિ પામ્યો છે. એક જમાનો હતો, એક સમય હતો કે લોકો ભારતને ઓળખતા હતા પરંતુ પરદેશમાં પણ લોકોને ગુજરાત કયાં આવ્યું છે તેની માહિતી નહોતી, પરંતુ આ વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ મારફતે આપણા ગુજરાતની ઓળખ વિશ્વના અન્ય દેશોમાં આપણે યોગ્ય રીતે કરાવી શકયા છીએ. લંડન કે ન્યૂયોર્કના એરપોર્ટ ઉપર વાયબ્રન્ટ ગુજરાતના હોર્ડિંગ્સ હોય ત્યારે લોકોને ગુજરાત માટેની સાચી સમજ આપવા માટે આ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ અને તાજેતરમાં જયારે વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ માં કર્યો છે, ત્યારે ગુજરાતને ભારતના જ ઔદ્યોગિક નકશા પર નહીં, પરંતુ વિશ્વના ઔદ્યોગિકરણના નકશા ઉપર મૂકવા માટેનો આ એક સંનિષ્ઠ પ્રયાસ છે. આ રાજય સરકારના દુરંદેશી અને સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સલાહસૂચન અને માર્ગદર્શન મુજબ સરકારે આ કાર્યક્રમ કર્યો છે. તેના અનેકવિધ સુંદર પરિણામો આપણને હાંસલ થયા છે. ભારત સરકારના ૨૦૦૫-૦૬ ના અંદાજપત્રમાં પણ મેન્યુફેકચરીંગ કોમ્પીટીટીવનેસના પ્રોગ્રામની જાહેરાત કરી છે. જે મેન્યુફેકચરીંગ કોમ્પીટીટીવનેસ આપણી ઔદ્યોગિક નીતિના ભાગ રૂપે આપણે કરેલી છે.

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩ માં જયારે ૬૬ હજાર કરોડના નવા મૂડીરોકાણો માટેની દરખાસ્તો આવી ત્યારે તેમાંથી કાર્યરત થઈ શકે તેવા અંદાજે ૫૫ હજાર કરોડના મૂડીરોકાણો સક્રિય રીતે એના ઈન્વેસ્ટમેન્ટના કાર્યક્રમો ચાલી રહ્યાં છે. વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ નો જે કાર્યક્રમ હતો, જેને પતંગોત્સવ સાથે આપણે જોડી દીધેલો અને એ પણ ગુજરાતના પ્રવાસન વિભાગના કામને એક ઉત્સવના સ્વરૂપે ઉત્સવપ્રિય ગુજરાતી લોકોને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે આ કાર્યક્રમ કરવામાં આવેલો. એ પતંગોત્સવ કાર્યક્રમમાં મહામહિમ રાજયપાલશ્રીએ પણ ઉપસ્થિત રહીને સમગ્ર કાર્યક્રમને એમણે ખૂબ જ હૃદયપુર્વક બિરદાવ્યો હતો.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમ્મિટનો કાર્યક્રમ સાયન્સ સીટીમાં કરવામાં આવેલો અને એમાં માત્ર ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમ્મિટ જ નહીં, પણ વિશ્વ ગુજરાતી પરિવાર મહોત્સવ ભારત સરકારે છેલ્લા બે ત્રણ વર્ષથી એન.આર.આઈ. એટલે કે પ્રવાસી ભારતીય દિવસ તરીકે જયારે ૯ મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધીજી આફ્રિકાથી ભારત આવ્યા અને એમણે પ્રથમ પગ ભારતની ભૂમિ ઉપર મૂકયો તે દિવસને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ૯ મી જાન્યુઆરીને આજે આપણે ઉજવીએ છીએ. જયારે એ પ્રવાસી ભારતીયોમાં અર્ધા ઉપરાંત ગુજરાતીઓ હોય ત્યારે ગુજરાત સરકારે પણ આ વિશ્વ ગુજરાતી પરિવારને આપણા આંગણે આ ગુજરાતના સપૂતોને યાદ કરાવીને એમને ગુજરાતનો વધારે પરિચય કરાવવાનો તેમજ ગુજરાતના સપૂતોને ગુજરાતના વિકાસમાં તેમને રસ લેતા કરવાનો કાર્યક્રમ આપણે વિશ્વ ગુજરાતી પરિવારને સાથે રાખીને ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમ્મિટ વખતે કર્યો હતો અને એ વખતે ગુજરાતના સેંકડો લોકો સમક્ષ મૂકવા માટે થીમ પેવેલિયન દ્વારા ગુજરાત જુદા જુદા સેકટરમાં વિકાસ કરી રહ્યું છે તે વિકાસનું દર્શન અને તેની સાચી ઝાંખી કરાવી. નર્મદા, કેમિકલ્સ, ફર્ટિલાઈઝર કે એન્જીનીયરીંગ ઉદ્યોગ એ દરેક ઉદ્યોગની ઝાંખી કરાવવા માટેનું આયોજન આ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમ્મિટ અને વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવેલું.

પેવેલીયનોનું આયોજન આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ મીટ અને વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો દરમિયાન કરવામાં આવેલ, જેમાં આપણી યુવા પેઢીના બે લાખથી પણ વધુ મુલાકાતીઓ, વિદ્યાર્થીઓએ દર્શન કરી અને એમના પોતાના ઉજ્જવળ ભાવીની કલ્પના મુજબ આ રાજયની સરકાર કામગીરી કરી રહી છે તેના દર્શન તેના

મારફત થતા હતા, જુદા જુદા સેકટરોમાં આ રાજયમાં વિકાસની જે ક્ષમતાઓ પડેલી છે તેના ૧૨ જેટલા સેમિનારો, જેમાં રાષ્ટ્રભરમાંથી અને ઈન્ટરનેશનલ નિષ્ણાતોને આમંત્રીને ગુજરાતનું જે પોટેન્શીયલ છે, ગુજરાતના વિકાસની ગતિ વિધિ માટેની શકયતાઓ છે તેની ચર્ચા અને તેના દર્શન આ સેમિનારોમાં કરવામાં આવ્યા, અને જેમણે પણ એમાં ભાગ લીધો તેઓ ખૂબ પ્રભાવિત થયા અને ગુજરાતની ક્ષમતા નિહાળીને પોતે નવું મૂડી રોકાણ કરવા માટે એમ.ઓ.યુ. કરવા માટે આગળ આવ્યા. મને દુ:ખ એ વાતનું છે કે જયારે ગુજરાતના આ વિધાનસભાના સૌ સભ્યોને આ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ મીટમાં આપણે ગુજરાતી વિશ્વ પરિવારના ભાઈઓને મળવા માટે આમંત્રણ આપ્યું ત્યારે આ સભાગૃહના સાથી પક્ષના મોટાભાગના સભ્યશ્રીઓ તેનાથી દૂર રહી અને જાણે તેમને એની સાથે કંઈ નિસ્બત નથી તેવા પ્રકારનો વર્તાવ કર્યો તે મારી દૃષ્ટિએ એમની સમજનો અભાવ છે. આજે જયારે વાયબ્રન્ટ ગુજરાત મારફત ૨૦૦૫ માં એક લાખ કરોડ રૂપિયા કરતાં વધારે મૂડી રોકાણ માટેની દરખાસ્તો આવી છે ત્યારે ગુજરાત એ સાચા અર્થમાં ભારતનો જે વિકાસ ૨૧મી સદીમાં થવાનો છે અને વિશ્વ અર્થશાસ્ત્રીઓ નિહાળી રહ્યા છે તેનો ગ્રોથ થીમ ગુજરાત બનવાનું છે, અને "ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ" એ થીમ લઈને જયારે આ રાજય સરકાર આગળ વધી રહી છે ત્યારે તેના પરિણામો આપણને જોવા મળ્યા છે તે હું આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ લીબરેલાઈઝેશન પછી ભારત સરકારને, જે આવા ઔદ્યોગિક ક્ષેત્રે પ્રોજેકટો સ્થપાય તેના માટે સરકારને આવેદનપત્ર, Industrial entrepreneurs memorandum આપવાનું હોય છે અને આવા જે entrepreneurs memorandum આખા ભારતમાં જે ઉદ્યોગો આવે છે તે જે એકઠા થાય છે તેની વિગતો કહું તો ૨૦૦૦/૨૦૦૧ અને ૨૦૦૨ સુધી આપણા ગુજરાતમાં ૧૦ હજાર કરોડ રૂપિયા કરતાં વધારે મૂડી રોકાણની દરખાસ્તો ભારત સરકારના ચોપડે નોંધાતી નહોતી ત્યારે કેલેન્ડર વર્ષ ૨૦૦૩ની સાલમાં અને કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં જયારે આપણે ૨૦૦૩નો વાયબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ કર્યો એના પછીના વર્ષમાં ગુજરાતમાં ૨૮૪૭૫ કરોડ રૂપિયા અને ૨૦૦૩માં ૨૨૭૮૧ કરોડ એટલે કે ૨૫૦ ટકાનો વધારો અગાઉના વર્ષોની સરખામણીમાં સરાસરી મૂડી રોકાણ માટેની દરખાસ્તો જે ભારત સરકારને મળી છે એમાં દેખાઈ આવે છે. એટલા માટે કે જે કામગીરી વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ તરીકે કરી છે તેના ફળ મળવાની, આ રાજયની પ્રજાને તેના ઔદ્યોગિક વિકાસ મારફત ફળ પ્રાપ્ત થવાની કામગીરી ચાલે છે, કુલ મૂડી રોકાણમાં જે ચિત્ર ઉપસાવવામાં આવી રહ્યું છે કે ગુજરાત પાછળ પડી રહ્યું છે, પાછળ પડી ગયું છે, તો તેના માટે મારે સ્પષ્ટતા કરવી છે કે ગુજરાતનું ૧૯૯૧ થી ૨૦૦૪ સુધીનું જે મૂડી રોકાણ છે તે ૨,૧૯,૦૦૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ જે cumulative મૂડી રોકાણ છે તે માત્ર મહારાષ્ટ્રના ૨,૪૪,૦૦૦ કરોડની સામે બીજા નંબરે છે, પણ મારે એ વાતનું પણ ધ્યાન દોરવું છે કે રાજયની સાઈઝ જોવામાં આવે તો ગુજરાત કરતા મહારાષ્ટ્રનું પોપ્યુલેશન ડબલ છે, અને એમાં પર કેપિટા મૂડી રોકાણ જોવામાં આવે તો સમગ્ર ભારતમાં આજે પણ ગુજરાત પ્રથમ નંબરે છે. ભારતનું જે કુલ મૂડી રોકાણ છે એમાં પાંચ ટકા ગુજરાતની પ્રજા એ ૧૫ ટકા કરતાં પણ વધુનો હિસ્સો ધરાવે છે.

આ સભાગૃહમાં માનનીય સાથી પક્ષના સભ્યશ્રીઓ દ્વારા ઘણી વખત વિદેશી મૂડી રોકાણને લગતી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે છે. ત્યારે મારે જણાવવું છે કે ૨૦૦૩ના ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ મીટનો કાર્યક્રમ થયો એ પછીના કરન્ટ ૨૦૦૪ના વર્ષમાં ગુજરાતની અંદર ૧૪૪૪ કરોડ રૂપિયાની એફ.ડી.આઈ. ભારત સરકાર દ્વાર મંજૂર કરવામાં આવી છે. આ ભારત સરકારના આંકડા છે જે સમગ્ર ભારતમાં ૧૬.૫૨ ટકા જેટલું થાય છે અને મહારાષ્ટ્ર પછી એ બીજા નંબરે છે. મહારાષ્ટ્રમાં ૨૧ ટકા છે જે અગાઉ કહ્યું તેમ પર કેપીટા જોવામાં આવે તો ગુજરાત ફૉરેન ડાયરેક ઇન્વેસ્ટમેન્ટમાં પ્રથમ નંબરે આવી શકે તેમ છે.

આજે દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં આપણો હિસ્સો સતત વધી રહ્યો છે. આપણે ૧૭ ટકા સુધી પહોંચવા આવ્યા છીએ અને એ રીતે આપણે ઔદ્યોગિક ક્ષેત્રમાં સતત પ્રગતિ કરતા રહ્યા છીએ. ખાસ કરીને કેટલાક ઉત્પાદનની બાબતમાં દેશ મહત્ત્વનો હિસ્સો ધરાવે છે. લિગ્નાઈટની વાત કરીએ તો સમગ્ર દેશમાં ગુજરાતનો હિસ્સો ૨૫ ટકા થવા જાય છે. એ રીતે સ્પોંજ આયર્નમાં ૩૩ ટકા, સિમેન્ટમાં છ ટકા, ખાંડમાં ૧૨ ટકા, દૂધના ઉત્પાદનમાં ૧૦ ટકાની વૃદ્ધિ કરી છે. કૉટન ફેબ્રીકેશનમાં સાત અને ૩૩ ટકા, ફાર્માસ્યુટીકલ, કૅમિકલ્સ, ડાયમન્ડ અને સોલ્ટ આ બાબતમાં આપણે સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છીએ. જ્યારે સિરામીક જેવો ઊગતો ઉદ્યોગ છે. અહીંયા કેટલાક સભ્યશ્રીઓ દ્વારા સિરામીક ઉદ્યોગની ચિંતા કરવામાં આવી ત્યારે મારે આ સભાગૃહ મારફતે ગુજરાતની પ્રજાનું ધ્યાન દોરવું છે કે માત્ર સિરામીક ઉદ્યોગમાં બે હજાર કરોડનું નવું મૂડી રોકાણ મોરબી, હિંમતનગર અને અન્ય વિસ્તારમાં એન્ટરપ્રિનિયર્સે કર્યુ છે એને ફેલિસિટેશન કરવાનો કાર્યક્રમ રાજય સરકારે હાથ ધર્યો છે. જેથી એને જરૂરી એવા ગેસની ઉપલદ્ધિ, ચાઈનાકલેની ઉપલદ્ધિ કરી શકે.

અહીંયા લઘુ ઉદ્યોગ અંગેની વાત થઈ. લઘુ ઉદ્યોગો બંધ પડવા અંગેની કેટલીક ચિંતાઓ માનનીય સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવી ત્યારે મારે ગૃહનો રૅકૉર્ડ સ્ટ્રેટ કરવા માટે કહેવું પડશે. આ સરકારે લઘુ ઉદ્યોગને બેઠો કરવા કેટલાક પગલાં ભર્યા છે. એમાં ગુજરાત રાજય નાણાકીય નિગમ મારફતે આવા માંદા થયેલા એકમોના ઋણ માફીમાં વન ટાઇમ સેટલમેન્ટની યોજના જાહેર કરેલી એના દ્વારા ૯૦૦ કરતાં વધારે એકમોએ એનો લાભ લઈને આજ સુધીમાં અગાઉના કોઈપણ વર્ષના વન ટાઇમ સેટલમેન્ટ જેમાં ૧૦૦-૧૫૦થી વધારે એકમો લાભ નહોતા લેતા. આ વખતે આ સરકારે જાહેર કરેલ સ્કીમ છે એમાં ૯૪૦ જેટલા એકમોએ એનો લાભ લઈને ૧૦૦ કરોડ કરતાં વધારે રકમ ભરવા માટે સેટલમેન્ટ સ્કીમનો લાભ લીધો છે. આખા દેશની અંદર ગુજરાતનો જે લઘ ુ ઉદ્યોગ છે એનો હિસ્સો દસ ટકા છે અને હમણાં ભારત સરકારના લઘુ ઉદ્યોગ મંત્રાલય દ્વારા બંધ પડેલા

ઉદ્યોગોની મોજણી કરવામાં આવી ત્યારે એ મોજણીની અંદર આખા દેશમાં જે ઉદ્યોગો બંધ પડ્યા છે એના પ્રમાણમાં ગુજરાતના ઉદ્યોગો ૪.૪ ટકા, જ્યારે આપણે ૧૦ ટકા જેટલા ઉદ્યોગો ધરાવીએ છીએ ત્યારે બંધ પડેલા ઉદ્યોગોની સંખ્યા ૪.૪ ટકા માલૂમ પડી છે અને આ ઉદ્યોગોની સાથે બાકીના ઉદ્યોગો પણ સારી રીતે ચાલુ રહે તેના માટે રાજય સરકારે એક મહત્ત્વની યોજના તરીકે cluster development જેમાં એન્જિનિયરીંગ, ટૅક્ષટાઈલ, food processing, કેમિકલ અને મિનરલ ઉદ્યોગોના clusterનું ટૅક્નૉલૉજી અપગ્રેડેશન, ગુણવત્તા સુધારણા, તાલીમ, common facility અને ઔદ્યોગિક એકમોના અસરપરસના સહકારથી કાચા માલની ખરીદી વગેરે દ્વારા competitiveness હાંસલ કરી શકાય તે પ્રકારની કામગીરી cluster developmentના કાર્યક્રમ મારફતે રાજય સરકારે ઔદ્યોગિક નીતિમાં જાહેર કરીને આ કામગીરીને આગળ ધપાવી છે. રાજયમાં ટેક્ષટાઈલ ઉદ્યોગ છે. એ ખાસ સ્થાન ધરાવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં જે multi-fibre એટલે કે garment કોટા સિસ્ટમની પ્રથા વિશ્વના વિકસિત દેશો દ્વારા કોટા મારફતે ખરીદી કરવામાં આવતી હતી. જેમાં આપણાં દેશને ખૂબ અન્યાય થતો હતો. તેના કારણે ગુજરાતના ઉદ્યોગો નિકાસ કરવામાં થોડાક પાછળ રહેતા હતા. તેનો જાન્યુઆરી-૨૦૦૫થી ડબલ્યુ.ટી.ઓ.ના, વિશ્વ વેપાર સંસ્થાના એગ્રીમેન્ટના કારણે જ્યારે બંધ થયું છે ત્યારે ગુજરાતના કાપડ ક્ષેત્રનો વિકાસ કરવા માટેની તક ઉભી થઈ તેનું આયોજન પણ આ સરકારે એન.ડી.એ.ની સરકારના કાશીરામભાઈએ સુરતના apparel park માટે જ્યારે ૧૭ કરોડ રૂપિયા જેવી રકમ મંજૂર કરી અને apparel parkની માત્ર શરૂઆત એટલે કે જી.આઈ.ડી.સી.એ કામગીરી પૂર્ણ કરી દીધી છે. પ્લૉટની વહેંચણી કરીને ત્યાં નવા apparel park તરીકે ઉદ્યોગો આવી રહ્યા છે અને આ apparel parkમાં ૬૦ હજાર કરતાં પણ વધારે સ્થાનિક યુવક-યુવતીઓ, મોટા ભાગની મહિલાઓ તેમાં રોજગારી મેળવતી થશે. અમદાવાદ કે જેની બંધ મિલોના કામદારો સહિત અમદાવાદનો મોટો મધ્યમ અને ગરીબ વર્ગ છે તેના યુવાન-યુવતીઓને રોજગારી આપવા માટે રાજય સરકારે અગ્રિમતાભર્યું પગલું ભર્યું છે. તેમાં અમદાવાદની બંધ પડેલી અંબિકા મિલ અને આજુબાજુની મિલોની બધી જમીનને એકવાયર કરીને આપણે તેનું apparel parkમાં રૂપાંતર કરવા માટેની કામગીરી શરૂ કરી દીધી છે. તેની કામગીરી ચાલુ છે અને ચાલુ વર્ષમાં એટલે કે મે કે જૂન-૨૦૦૫ સુધીમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી પૂર્ણ થવાની શક્યતા છે. તેને નિકાસલક્ષી apparel park બનાવીને S.E.Z. બનાવીને અમદાવાદના ૩૫ હજારથી પણ વધુ યુવાન યુવતીઓને રોજગારી મળે, ગઈકાલે યુવાનોની બેરોજગારી માટે માટેની જે ચર્ચાઓ થઈ તેમાં મારે જણાવવાનું કે આ બન્ને apparel park મારફતે જ એક લાખ કરતા પણ વધારે રોજગારી ઉભી થવા માટેનું આયોજન આ રાજય સરકારના ઉદ્યોગ વિભાગે કર્યું છે.

કાપડ ઉદ્યોગના વિકાસ માટે આપણા અન્ય સ્તરો, જે જગ્યાએ શક્યતાઓ છે ત્યાં પણ આપણે ટેક્ષટાઈલ ઉદ્યોગના વિકાસ માટે જેતપુર સહિત અન્ય જગ્યાઓએ પણ વિકાસ કરવા માટેનું આયોજન કરેલું છે. જે નવી વૈશ્વિકરણની નીતિમાં કેન્દ્ર સરકારે જ Special Economic Zoneની જે દરખાસ્ત એન.ડી.એ. સરકાર વખતે કરેલી એ વાતને રાજય સરકારે સૌ પ્રથમવાર સમગ્ર ભારતમાં સૌથી વધારે Special Economic Zone આજ સુધીમાં મંજૂર કરાવવાની કામગીરી કરી છે. અત્યાર સુધી સાત Special Economic Zoneને આપણે સ્થાપવા માટેની સૈદ્ધાંતિક અને વિધિવત્ મંજૂરી મેળવી લીધી છે. બે Special Economic zone હાલમાં કાર્યરત છે. બંદર આધારિત હજીરા, દહેજ, મુંદ્રા Special Economic Zone થશે. અહીં ગઈકાલે ડાયમંડ ઉદ્યોગના વિકાસ માટેની જે વાત થઈ તેમાં સુરતમાં Gems and Jwellery Park સ્થપાય અને Antwerp, Belgiumના વેપારીઓ એ સુરતના Gems and jwellery park માં પોતાના ઉદ્યોગો ખોલે એ પ્રકારનું આયોજન Gems and Jwellery પાર્ક કરવા માટે રાજય સરકારે જમીન ફાળવીને એ કામગીરી માટે સમગ્ર ઉદ્યોગકારોને પ્રોત્સાહિત કરવાની કામગીરી કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાજયની અંદર જુદી જુદી માળખાકીય સુવિધાઓ માટે ખાનગી ક્ષેત્ર દ્વારા પણ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કરવામાં આવતા એને સહાય આપવાની કામગીરી કરી છે. રાજયની ઔદ્યોગિક વસાહતો છે એમાં પણ infrastructure છે એને સુધારવા માટે આ આંતરમાળખાકીય સુવિધા સુધારવા માટે પણ રાજય સરકારે Critical infrastructure fund ની જોગવાઈ કરી છે અને એમાં આ વસાહતોની અંદર લગભગ ૭૫ ટકા જેટલી, ૫૦ ટકા રાજય સરકાર દ્વારા અને ૨૫ ટકા જેટલી જી.આઈ.ડી.સી. મારફતે સબસિડી એટલે કે, ગ્રાન્ટ આપવી અને ચાલુ વસાહતો છે એ વસાહતોની આંતરમાળખાકીય સુવિધાઓ, રોડ, રસ્તાઓ, પાણી અને ગટર લાઈન અને એના માટેની વ્યવસ્થાઓ છે એ સુધારવાની કામગીરી પણ આ બજૅટની અંદર માગણીઓમાં જોગવાઈ કરવામાં આવી છે. મીઠા ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૭૦ ટકા જેટલો છે, ત્યારે રાજય સરકારના નમક વિભાગે અગરિયાઓના કલ્યાણ માટે જે કામગીરી કરી છે એ નોંધપાત્ર કામગીરી છે, એમ કહું તો અસ્થાને નથી. બજૅટની જે જોગવાઈઓ કરેલી હતી એનાથી બમણાથી વધુ ખર્ચ કરીને ૩ કરોડ ૭૦ લાખને બદલે ૮ કરોડ સુધીની જોગવાઈ કરીને આવતા વર્ષોમાં ૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ બજૅટની અંદર કરી અને આ જે ગરીબ વર્ગ છે એ અગરિયાઓના કલ્યાણ માટે પીવાના પાણી માટેની વાત હોય, અગરિયાઓના આવાસની વાત હોય, એમના શાળાએ જતા બાળકોને ભણાવવા માટેની વાત હોય એ દરેક બાબત માટે આપણે સોલ્ટ નમક Empowered Committee મારફત આપણે મિટિંગો કરી અને આ અગરિયાઓના કલ્યાણની કામગીરી કરી છે.

કચ્છમાં ૨૦૦૧ની સાલમાં ભૂકંપ આવ્યો ત્યારે એ વખતની કેન્દ્ર સરકાર, એન.ડી.એ.સરકારે ખૂબ દૂરંદેશીભર્યું પગલું ભરી અને કચ્છને બેઠું કરવા માટે જે પ્રોત્સાહન યોજના જાહેર કરી અને એ પ્રોત્સાહન

યોજનાની સાથે સાથે ગુજરાતની રાજય સરકારે પણ વેચાણવેરા વગરના લાભો સહિતની જે પ્રોત્સાહન યોજના જાહેર કરી અને એના પરિણામો આપણને મળવાના શરૂ થયા છે. આજની તારીખે કચ્છની અંદર જે ઉત્પાદનમાં ગયેલા ૩૭ ઉદ્યોગો છે. એમાં ૨૮૯૪ કરોડ રૂપિયાના રોકાણ તો થઈ ગયા છે અને ૩૭૫ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે. જેમાં ૧૫૫૫૦ કરોડ રૂપિયાનું નવું રોકાણ આવી રહ્યું છે અને વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ની અંદર જે એમ.ઓ.યુ. સબસીકવન્ટલી ૩૨ પ્રોજેકટોના એમ.ઓ.યુ. થયા એમાં ૨૧૦૦૦ કરોડ રૂપિયાના એટલે કે, એક માત્ર કચ્છ જિલ્લામાં ૩૯૦૦૦ કરોડ રૂપિયાનું કુલ મૂડી રોકાણ ઔદ્યોગિક ક્ષેત્રે આવી રહ્યું છે. એ રાજય અને કેન્દ્ર સરકારની દૂરંદેશીભરી નીતિ અને રાજયના ઉદ્યોગકારોની જે સાહસિકતા અને કચ્છના વિકાસ માટેની આ સરકારની પ્રતિબદ્ધતા, કચ્છના ભાગેલા અર્થતંત્રને વાઈબ્રન્ટ કરવા માટેનો પ્રયત્ન આ રાજય સરકારે કર્યો છે એ એમાંથી ફલિત થાય છે. હું જરૂરથી એમ કહી શકીશ કે, કચ્છના આપણા ભાન્ડુઓને બેઠા કરવા જે ટૂંકા ગાળામાં જે આયોજન થયું છે, જે નીતિવિષયક નિર્ણયો લઈને કામગીરી થયેલી છે એના કારણે કચ્છને એક પછાત જિલ્લામાંથી રાજયના એક વિકસિત જિલ્લા તરીકે આજે અમદાવાદમાં ફાઈવ સ્ટાર હોટલ ન હોય પણ ભુજમાં ફાઈવ સ્ટાર હોટલ માટેની દરખાસ્ત જ્યારે આવતી હોય ત્યારે કચ્છના વિકાસ માટેનું જે પોટેન્શીયલ છે એ પોટેન્શીયલને આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ સમજી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈએ કુટિર અને ગ્રામોદ્યોગ અને ખાદી વગેરે ક્ષેત્રની પણ ચિંતા કરી. મારા વિભાગ મારફતે આ ક્ષેત્રને પણ પૂરેપૂરું મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. શિક્ષિત બેરોજગારી માટેની યોજનાઓ વડાપ્રધાન રોજગાર યોજના કે બાજપાઈ બેંકેબલ યોજનાઓ જે યોજનાઓ છે એમાં રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા કેટલોક જે સહયોગ ઓછો આપવામાં આવે છે એના માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ પ્રથમ જ વખત સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીમાં જઈને સ્ટેટ લેવલના બેંકર્સનું આ અંગેનું ધ્યાન દોર્યુ અને બેંક દ્વારા શિક્ષિત બેરોજગારોને લોન આપવા માટેની જે જોગવાઈ છે એમાં પ્રોત્સાહિત કરેલા અને રાજય સરકારે એમને જે સબસીડી આપવાની યોજના છે પ્રાઈમ મિનિસ્ટરની જે રોજગાર યોજના છે એ રોજગાર યોજના સાથે રાજય સરકારે જે બાજપાઈ બેંકેબલ યોજના કરી છે એ યોજના અનેક રીતે લિબરલ યોજના છે અને આખાએ દેશમાં એક માત્ર ગુજરાત જ એવું રાજય છે કે જેની યોજના વધારે આકર્ષક અને શિક્ષિત બેરોજગારો માટે અને ઓછું ભણેલા માત્ર ૯ ચોપડી કે ૪ ચોપડી ભણેલા યુવાનો માટે આ યોજના અમલી કરી છે અને ૧ લાખ થી ૨ લાખ રૂપિયા સુધીની લોન અને ૨૦ થી ૪૦ ટકા સુધીની સબસીડી આપીને આ કામગીરી કરવામાં આવી રહી છે.

રાજયના હાથશાળ અને હસ્તકલા નિગમ માટેની જે યોજનાઓ છે એમાં મારા વિભાગે ૩,૩૪,૫૦,૦૦૦/-ની જોગવાઈ કરી છે. ઉનના ગાલીચા ક્ષત્રે સારી એવી રોજગારી આપણા ગ્રામ્ય કારીગરો મેળવે છે. એમને તાલીમ અને આધુનિક સાધનો માટે ૩ કરોડ અને ૬૩ લાખની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. ખાદી વણકરોને બજાર સહાય, વણાટ સહાય અને સંશોધન તાલીમ માટે ૯ કરોડ અને ૧૨ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે અને એન.આઈ.એફ.ટી. અને રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થાઓનો સહયોગ લઈને હમણાં જ નિરમામાં જ્યારે ઇન્ટરનૅશનલ સાયન્સ એકઝીબીશન થયું ત્યારે આપણા ખાદીના શર્ટસનું એકઝીબીશન કરેલું તો એમાં ૧ લાખ કરતાં પણ વધુ ખાદીના શર્ટ માત્ર પ્રદર્શનની અંદર વેચાયા એ બતાવે છે કે આપણે જે નવો અભિગમ ફેશન ટૅક્નૉલૉજી અને ડિઝાઇન સંસ્થાઓનો સહયોગ લઈને ખાદીનો વિકાસ કરી રહ્યો છે એ આમાં દેખાઈ આવે છે.

ચર્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોની ચિંતા કરી એ હેતુસર આપણે સૅન્ટ્રલ લેધર રીસર્ચ ઈન્સ્ટીટયૂટ ચેન્નઈનો સહયોગ મેળવી અને આ વર્ષે ૪ કરોડ ૫૭ લાખની યોજનાનું અમલીકરણ ગ્રીમકો મારફતે કરવાની દરખાસ્ત આ બજૅટમાં કરવામાં આવી છે. ગ્રામ વિસ્તારના કારીગરોના વિવિધ ઉત્પાદનોને બજાર સુધી પહોંચાડવા માટે પણ શેરી હાટ, હાઈવે હાટ જેવી યોજનાઓ માટે ૩ કરોડ કરતાં પણ વધુ રકમની જોગવાઈ આમાં કરવામાં આવી છે. માનવ કલ્યાણ યોજના અંર્તગત જે ગરીબી રેખા નીચે જીવતા આપણા કારીગરો છે એ કારીગરોને સાધનો ઓજારોથી સુસજજ કરી અને એ પોતે સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે એના માટે ૧૭૦૦ ની કિંમતના સાધનો, ઓજારો આપણે આપીએ છીએ અને ૨૦૦૫-૦૬ની અંદર આપણે ૪ કરોડ રૂપિયાના ખર્ચે ૨૫ હજાર લોકોને આવરી લેવાનું આયોજન આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

ટૂંકમાં જ ખાણ ખનિજને લગતી કેટલીક જે કામગીરી છે, આદરણીય સભ્ય મુળુભાઈ બેરાએ ખૂબ સુંદર રીતે કેટલીક આ સભાગૃહને માહિતી ઉપલબ્ધ કરેલ છે એટલે એમાં હું વિશેષ સમય ના લેતાં એટલું જ કહીશ કે ૫ વર્ષની અંદર ૫૦૦ કરોડ રૂપિયાની રોયલ્ટીની આવક કરવા માટે જે ૨૩ ટકાનો વધારો દર વર્ષે થાય એનો જે લક્ષ્યાંક છે એને ગયા વર્ષે ૨૭ ટકા જેટલો વધારો કરી અને આ વિભાગ સુંદર કામગીરી કરી રહ્યું છે. મિનરલ એટલાસ અને ડેટા બેંકની કાર્યવાહી બોકસાઈટના નિકાસમાં આવતી અડચણોને દૂર કરવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રકચર માઈન ક્ષેત્રે પ્રથમ વખત જ ૪૦ લાખ રૂપિયા જેટલાની જોગવાઈ કરી છે અને એ કામગીરી કરવામાં આવી છે. ૧૦ હજાર કરતા પણ વધારે લીઝ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. અંબાજી તથા ધાંગધ્રા ખાતે સ્ટોન આર્ટિઝન પાર્ક કરવા માટે જી.એમ.ડી.સી.ને જવાબદારી સોંપવામાં આવી છે. ઈ-ગવર્નન્સ દ્વારા કમ્પ્યુટરાઈઝેશન કરીને સોફટવેરથી પોતાની લીઝ અરજીની મુવમેન્ટ અંગે એની ઓનલાઈન જાણકારી મળી રહે એ પ્રકાનું આયોજન કરવામાં આવ્યું છે. ડોલોમાઈટ અને વોલાસ્ટાઈનના અભ્યારણયમાં રક્ષિત વિસ્તારો હતા એને છુટા કરવા માટેની દરખાસ્ત વન અને પર્યાવરણ વિભાગને કરી આ કામગીરીમાં પણ આગળ કામગીરી કરવામાં આવી રહી છે. વોલાસ્ટાઈન, ડોલોમાઈટ, મેંગેનિઝ અને કાર્બોક્ષીલ આ બધા જ ખનીજો છે એને વિકસાવવા માટેની

કામગીરી આપણા આ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. જમીનમાં ધરબાયેલી આ પ્રજાની માલિકીની સંપતિ છે એનો મહત્તમ ઉપયોગ થાય એના માટે લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટો કરવા માટે આશરે ૩૦૦૦ મેગાવોટના પાવર પ્રોજેકટો થઈ શકે એના માટેની દરખાસ્તો ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૫માં જે ગુજરાતની અંદર લિગ્નાઈટ ૧૦૦ વર્ષ કરતા પણ વધારે સમય સુધી ચાલે એટલું ખનીજ આપણી પાસે છે ત્યારે એનો મહત્તમ ઉપયોગ કરવા માટે આપણે જે આયોજન કર્યું છે એમાં ૧૨૫૦૦ કરોડ રૂપિયાના લિગ્નાઈટ આધારિત વીજ મથકો આ રાજયમાં સ્થપાશે. ત્યારે આ રાજયની વીજ ક્ષેત્રની ડેફિસિટ માત્ર દૂર થશે એટલું જ નહિ પણ ઉદ્યોગોને યોગ્ય ભાવે વીજળી મળી રહે એની શક્યતાઓ વધારે થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ક્ષેત્રે પણ આપણા આ વિભાગે કામગીરી કરી છે. એમાં પ્રવાસીઓમાં વધારો, એન.આર.આઈ.ની સંખ્યામાં વધારો, એન.આર.જી. આવે છે એના દ્વારા જે અમદાવાદમાં શોપીંગ થાય છે, અમદાવાદની દુકાનોમાં કરોડો રૂપિયાની જે ખરીદી થાય છે એના કારણે અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરોનું અર્થતંત્ર છે એને પણ એક વધારાનો વેગ મળી રહે છે. આ પ્રકારની મારા વિભાગની વિવિધ યોજનાઓ દ્વારા ઉદ્યોગોના વિકાસ થકી ગુજરાતને ભારત અને વિશ્વનું નિકાસનું ક્ષેત્ર બનાવવા ઈચ્છું છું અને વિશ્વના નકશામાં ગુજરાતનો સૂર્ય જળહળતો થાય એવી મારી ઈચ્છા અને અપેક્ષા છે. આ સભાગૃહના માનનીય સભ્યોને હું જે માગણીઓ મારા વિભાગની લઈને આવ્યો છું એ માગણીઓ મંજૂર કરવા માટે વિનંતી કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨,૩,૭, ૧૧ થી ૧૪, ૧૬, ૧૮, ૨૫, ૨૮, ૨૯, ૩૦, ૩૩ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૪૯, ૫૦, ૫૧ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૪૬ વાગ્યે પુંરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૪થી માર્ચ,૨૦૦૫**
**ફાલ્ગુન ૧૩, ૧૯૨૬ શાકે**
**(બીજી બેઠક)**

**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં ચેતક કમાન્ડો ફોર્સની રચના

***૧૦૨૪૩ શ્રીકાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યની સલામતી વિષયક વ્યવસ્થામાં વધારો કરવા માટે રાજ્ય સરકારે ચેતક કમાન્ડો ફોર્સની રચના કરી હોવાની હકીકત સાચી છે.
(૨) જો હા, તો આ દળની કામગીરીનો પ્રકાર શું રહેશે, અને
(૩) આ દળની રચનાને કેન્દ્ર સરકારે મંજૂરી આપેલ છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.
(૨) ત્રાસવાદી પ્રવૃત્તિને પહોંચી વળવા અંગેની કામગીરી રહેશે.
(૩) ભારત સરકારની મંજૂરી જરૂરી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાંતિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે એ પૂછવા માગું છું કે, ચેતક કમાન્ડો ફોર્સના માળખાની નીતિ શું નિયત કરવામાં આવેલ છે અને તે શા માટે ઊભો કરવામાં આવી છ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેતક કમાન્ડો ફોર્સની અંદર બે યુનિટો છે અને બંને યુનિટના કુલ મળીને ૮૪ લોકો છે.એમાં નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના એક, Captain Commandant બે, Section Commandant ૮ .P.S.I. ૪, Head Constable ૮, Police Constable ૪૦, Followers ૭ અને બીજો વહીવટી સ્ટાફ સાથે ડ્રાઈવર થઈને કુલ ૮૪ લોકોના એક એવા બે યુનિટો બનાવવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની રચના થઈ એ વખતથી જ સરહદી રાજ્યની અંદર કોઈપણ પ્રકારની આંતકવાદી પ્રવૃત્તિની ઘટનાને લઈને અને રાજ્યની પ્રજાને આંતકવાદી પ્રવૃત્તિથી બચાવવા માટેના આશયની હંમેશા પ્રાથમિકતા રહી છે અને આની કાળજી લેવા માટે રાજ્ય સરકારે ચેતક કમાન્ડો ફોર્સની મંજૂરી આપીને રચના કરી છે કે જેથી ક્યાંય પણ આવી ઘટનાથી બચવા માટે થતી હોય તો આ situation પહોંચીવળવા અને નાનામાં નાની ઘટનાનો યોગ્ય જવાબ આપી શકે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ચેતક કમાન્ડો ફોર્સ બનાવવામાં આવી છે એના વડા કોણ છે? અને ત્રાસવાદી પ્રવૃત્તિ માટે જ્યારે આ કાયદો અને આ ફોર્સ બનાવવામાં આવતી હોય તો બીજા કાયદાની વાત માનનીય મંત્રીશ્રીએ કરી હતી એ જરૂરિયાત શા માટે ઉપસ્થિત થઈ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું નાયબ પોલીસ અધિક કક્ષાના અધિકારી એના વડા તરીકે રહેતા હોય છે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ ચેતક કમાન્ડો ફોર્સ ક્યારથી કાર્યાન્વિત થઈ છે? અને આનો કુલ ખર્ચ એક વર્ષમાં કેટલો થાય છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેતક કમાન્ડો ફોર્સની રચના ઓલરેડી તા.૨૮-૮-૨૦૦૩ થી થઈ ગઈ છે. આ ખર્ચમાં તો સાહેબ, આ આટલી પ્રાયોરિટીવાળું કામ છે કે એમાં ખર્ચનો કોઈ હિસાબ ના હોવો જોઈએ. છતાંય સરકાર છે એટલે એનો હિસાબ અત્યાર સુધીમાં કુલ ૨,૨૭,૨૫,૭૧૫/- રૂપિયાનો ખર્ચ થયેલ છે.

**શ્રી પંકજભાઈ વિ. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, આ ચેતક કમાન્ડો ફોર્સને આધુનિક શસ્ત્રો અને આધુનિક ટેકનોલોજીના instruments આપવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર આધુનિકમાં આધુનિક જે હથિયારો છે જે N.S.G. જોડે, Special Protection Group જોડે હોય છે એ હથિયારોથી આ ચેતક કમાન્ડો ફોર્સને ઓલરેડી સુસજ્જ કરી ચૂક્યાં છીએ.

**શ્રી કાળુભાઇ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આ ચેતક કમાન્ડો ફોર્સની રચના કરી એ ખૂબ સારી વાત છે. મારે એ જાણવું છે કે, આમાં ગુજરાતના યુવાનોનો સમાવેશ થતો હોય છે કે અન્ય રાજ્યમાંથી પણ ભરવામાં આવે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતીના નિયમો મુજબ S.R.P. ગૃપમાંથી અને બાકીના જે આપણા ભરતી નિયમો છે તેને અનુસરીને ગુજરાતની અંદર બધા છાપામાં જાહેરાત પ્રસિદ્ધ કરીને જે જવાનો આવ્યા હોય એમાંથી એમને performance આધાર પર, એમની ઝડપ, એમની નજરની ઝડપ, એમની કામ કરવાની ક્ષમતા, એમના શરીરની સુસજ્જતા આ બધું ધ્યાનમાં રાખીને એમને ચેતક કમાન્ડો ફોર્સ માટે સિલેક્ટ કરવામાં આવે છે, એની કોઈ અલગથી ભરતી થતી નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ચેતક કમાન્ડો ફોર્સની અંદર જે જવાનોની પસંદગી કરી તેણે અગાઉ તાલીમ લીધી હોય એ પછી કોઈ તાલીમ આપવામાં આવે છે? અને જો તાલીમ આપવામાં આવતી હોય તો એ વિષે કાંઈ માનનીય મંત્રીશ્રી કહી શકશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેતક કમાન્ડો ફોર્સને તાલીમ માટે સરકારે ખૂબ વ્યવસ્થિત રીતે એનો Action Plan પણ બનાવ્યો છે. મિલેટ્રી કમાન્ડન્ટને સજ્જ કરવાવાળા ટ્રેનિંગ ઑફિસરને હાયર કર્યા છે. જુદા જુદા કમાન્ડો ફોર્સિસના જે તાલીમના અભ્યાસક્રમો થતા હોય છે એનો પણ સમયાંતરે અભ્યાસ કરી અભ્યાસક્રમને અદ્યતન ઓપ આપી સતત તાલીમની પ્રક્રિયા ચેતક કમાન્ડો ફોર્સ માટે બનાવવામાં આવી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આ ફોર્સની રચના બે વર્ષ પહેલાં જોયું હતું. મારે એ પૂછવું છે કે આ ફોર્સની રચના ક્યારે થઈ?

**શ્રી અમિત અ. શાહ** : ૨૦૦૩માં.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેતક કમાન્ડો ફોર્સની રચના કરવામાં આવી છે એ પ્રશંસનીય બાબત છે. પણ આ ફોર્સની રચના કરવાની જરૂરિયાત શા માટે ઊભી થઈ એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ ગુજરાત સરહદી રાજય છે અને આઈ.એસ.આઈ.ની ગતિવિધિઓ ગુજરાતની અંદર પણ અને બાકીના પડોશી રાજયોમાં પણ કેટલીક જગ્યાએથી નજરે આવ્યા પછી સરકારે આગોતરું આયોજન કર્યું છે. કે જેથી આપણે ત્યાં કોઈ આતંકવાદી ઘટના બની ન શકે.

## તાડી અને નીરો સંબંધી ઉમરગામ તાલુકામાં આદિવાસીઓને પોલીસ કનડગત

***૧૦૯૬૦ શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧).તાડી અને નીરો એક જ ઝાડમાંથી નીકળતા હોય ત્યારે નીરો નશાબંધીમાં ગણાતો નથી જ્યારે તાડીને નશાબંધીમાં ગણાય છે. તે અન્વયે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પોલીસ તંત્ર છેલ્લા એક વર્ષથી આદિવાસીઓને હેરાન કરે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨).આ કનડગત દૂર કરવા શાં પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :-**

(૧).કોઈ હેરાનગતિ કરવામાં આવતી નથી.

(૨).પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઝાડનો છેદ કરવો એ ગુનો બને છે. નીરો અને તાડી એક જ સિસ્ટમ પ્રમાણે નીકળે છે. તો આ નીરો માટે નવી પદ્ધતિ અપનાવવામાં આવી છે કે કેમ અને જે ફરિયાદ વલસાડ જિલ્લામાં છે તાડી અંગેના કેસમાં પોલીસ તંત્રને ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલી ફરિયાદો મળી અને આ ફરિયાદો અંગે રાજય સરકાર શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : નીરોના વેચાણ માટે આ રાજયમાં કોઈ ગુનો છે નહીં. નીરો અને તાડી બન્નેની અલગ વ્યાખ્યા બહુ વિગતે ટેકનિકલ રીતે નશાબંધી ધારા નીચે બનાવેલી છે. એટલે નીરોના ઉત્પાદકો હોય એના કોઈ કેસ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નશાબંધી ધારા હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી રેડ કરવામાં આવી, કેટલા કેસો કરવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ નશાબંધી ધારા હેઠળ પૂછયું એટલે એના અંદર દેશી દારૂ, વિદેશી દારૂ, દારૂવોશ બધું આવી જાય. તાડીનો સવાલ છે ત્યાં સુધી નશાબંધી વિભાગ દ્વારા ૯૭૭૯ લિટર તાડી પકડવામાં આવી છે અને પોલીસ ખાતા દ્વારા ૪૬૭ લિટર પકડવામાં આવી છે.

**શ્રીમતી રમીલાબેન બે. બારા** : આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નીરો અને તાડીના વેચાણ માટે પરવાનગી લેવી પડે છે? જો હા તો કયા કાયદા અને નિયમ હેઠળ? તેની કાર્યપદ્ધતિ શું છે, તેના પગલા શું છે, રિન્યુની જોગવાઈ કઈ કઈ છે તે જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : મુંબઈ નશાબંધી ધારો ૧૯૪૯ની કલમ ૧૫ નીચે તાડી પ્રતિબંધિત છે. કલમ ૩૨ નીચે લાઈસન્સ આપવાની જોગવાઈ છે. નીરોનો રુલ્સ ૧૯૫૧ અમલમાં છે. લાઈસન્સ ચાર પ્રકારના છે. એન.૧, એન.૨, એન.૩ અને એન.૪. નીરાને દોહવા માટેનું લાઈસન્સ, નીરાને દોહીને ઘરગથ્થું વપરાશ માટેનું લાઈસન્સ,

નીરાના છૂટક વેચાણ માટેનું લાઈસન્સ અને નીરાને દોહીને ગોળના ઉત્પાદન માટેનું લાઈસન્સ. આમ ચાર પ્રકારના લાઈસન્સ છે અને રિન્યુઅલની વ્યવસ્થા પણ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ નીરો અને તાડી એક જ ઝાડમાંથી બનતા અને સમયના અંતરના લીધે નીરો જ તાડી બને છે. સવારમાં નીરો કહેવામાં આવે છે અને બપોર પછી તાડી કહેવામાં આવે છે, ફર્મેશનના લીધે. સરકારે હમણાં એવી જાહેરાત કરી કે તાડીના ઝાડને છેદ કર્યા વગર નીરો રસ લેવો એ શક્ય નથી. જે આદિવાસી પરિવારો ગામડાંમાં હેરાન થાય છે એ હેરાન ન થાય એ માટે તાડી અને નીરો એક જ ઝાડ છે અને રસ પણ એક જ છે. એટલે આવી કોઈ હેરાનગતિમાંથી મુક્ત કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : ઉત્પાદન માટેની પ્રક્રિયા રાજય સરકારે નિયત કરેલ છે. લાઈસન્સ સંસ્થાને આપતા હોય છે. સંસ્થા સિવાય રાખતા હોય અને તાડી પકડાય તો કેસ કરવામાં આવે છે. નીરો પકડાય તો કેસ કરવામાં આવતો નથી. જ્યાં જ્યાં સંસ્થાનો સવાલ છે. એણે નીરો ઉત્પાદિત કર્યો, નીરો વેચ્યો અને નીરો પીવાઈ ગયો એટલે વ્યકિતગત કેસ કરવાનો કોઈ સવાલ આવતો નથી. પણ જ્યાં કોઈના ઘરેથી પકડાય અને સંસ્થાએ ઉત્પાદિત કરેલો નીરો ન હોય તો મૂળ સુધી પહોંચીને ગેરકાયદેસર ઉત્પાદન કરે છે એના ઉપર નશાબંધીનો કેસ થાય છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામમાં છડેચોક ખજૂરીના ઝાડ ઉપર તાડીના ગડિયા લગાવેલા હોય છે. એ સરકાર જાણે છે કે કેમ અને જો જાણે છે તો અત્યાર સુધીમાં શું પગલાં ભરવામાં આવ્યા?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી જાણકારીમાં નથી. પણ એમની જાણકારીમાં હતું તો મને કેમ ન જણાવ્યું? એમણે ફરિયાદ કરવી જોઈતી હતી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસની બાબત છે બંધ કરવું કે ન કરવું એ સરકારી બાબત છે. સરકાર એ બાબતમાં કાંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ધ્યાન દોરવામાં આવશે તો ચોક્કસ પગલાં લેવામાં આવશે.

**અમદાવાદ ખાતે રાયપૂર છબીલા હનુમાનથી રાયપૂરદરવાજા સુધી આવેલી દારૂખાનાની દુકાનો**

***૧૧૪૨૦ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપૂર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ શહેરમાં આવેલ રાયપૂર છબીલા હનુમાનથી રાયપૂર દરવાજા સુધી ગીચ રહેણાંક વસ્તી ધરાવતાં વિસ્તારમાં દારૂખાનાની અસંખ્ય દુકાનો મોટા પ્રમાણમાં જથ્થાબંધ છે તે હકીકત સાચી છે, અને

(૨) દારૂખાનુ સંગ્રહ કરતી દુકાનો અને વેચતી દુકાનો રહેણાંક વિસ્તાર માટે જોખમકારક સાબિત થઈ શકે તેમ હોવાથી આવી દુકાનોને સરકાર બંધ કરાવવા માગે છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) આ વિસ્તારમાં દારૂખાનાની દુકાનો આવેલી છે તે હકીકત સાચી છે.

(૨) આ લાયસન્સો આપતી વેળાએ આગ અકસ્માતના બનાવો ન બને તે અંગે અને સલામતીના મુદ્દાઓ બાબતે પૂરતી ચકાસણી કરવામાં આવે છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં કેટલી દુકાનો છે, ત્યાં બે મોટા ધાર્મિક સ્થળો આવેલા છે. હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા માટે આવે છે. આટલી બધી દુકાનો એક સાથે એક જ વિસ્તારમાં, કોટ વિસ્તારમાં હોય તો બહાર ખસેડવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ફારુકભાઈના પ્રશ્નનો આશય હું સારી રીતે સમજી ગયો છું પણ ગૃહની મર્યાદાને લીધે સમજાવી શકતો નથી. આ દુકાન વર્ષોથી ચાલતી હતી. બીનઅધિકૃત રીતે ચાલતી હતી. એમના શાસનમાં પણ ચાલતી હતી. અમે એમને અધિકૃતતા આપીને આ દુકાનોને લાઇસન્સ પ્રક્રિયામાં લીધા. એટલે નોર્મ્સ પાળવા લોકો બંધાયેલા છે. ભૂલે ચૂકે અકસ્માત થાય તો વીમાની જોગવાઈ પણ છે. વીમો દુકાનદારને તથા અકસ્માત થનાર બંનેને મળે એ આશયથી આપીએ છીએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં પરવાનગીવાળા દારૂ વેચે એ બરાબર છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અમદાવાદમાં બિન અધિકૃત રીતે દારૂગોળો કયાંથી મળે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખરેખર તો ફારૂકભાઈએ પૂછવા જેવો હતો.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જવાબમાં કહ્યું છે કે સલામતીના મુદ્દા બાબતે પૂરતી ચકાસણી કરવામાં આવે છેતો ચકાસણી કઈ રીતે કરવામાં આવે છે? તેનું સુપરવિઝન કોણ કરે છે? સુપરવિઝનની વિગતો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોકકસ નોર્મ્સ છે. એ મુજબ ચકાસણી થયા પછી ફેબ્રુઆરી મહિનામાં લાઇસન્સ આપવામાં આવે છે. રિન્યુ પણ ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવે છે. સબંધિત પોલીસ સ્ટેશને પોલીસ ઈન્સ્પેકટર દ્વારા તપાસ્યા પછી પોલીસ કમિશ્નરશ્રી કક્ષાએ મંજૂરી આપવામાં આવે છે. ડી.ટી.પી. ટ્રાફિક મોનીટરીંગ કરતા હોય છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈ જવાબદારી પરવાનગી આપવાની હોય છે? બીજું, અત્યાર સુધી આ રીતનો ધંધો પતંગ બજાર હોય કે દારૂખાનાનો ધંધો હોય કાળુપૂર વિસ્તારમાં મોનોપોલી હતી. ખાડિયા, રાયપૂરમાં રોજગારી ઉભી કરવામાં આવે છે એટલા માટે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.કાળુપૂરની વિગત હોય તો વર્ષોથી આ ધંધો ચાલી રહ્યો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોર્પોરેશનનો અભિપ્રાય જરૂરી હોય છે. આ બધા માટે કોર્પોરેશને અભિપ્રાય આપ્યો છે. બિમલભાઈએ લાગણી રજૂ કરી છે એમાં હું સંમત છું કે આ પ્રશ્ન કેમ પૂછવામાં આવ્યો છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૮-૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી દુકાનો બંધ કરવા માટે કોઈ રજૂઆત મળી છેકે કેમ? જો હા તો કોની કોની? પ્રત્યેક રજૂઆત ઉપર શું કાર્યવાહી થઈ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં દુકાન બંધ કરવા માટે કોઈ રજૂઆત મળી નથી. સીધી ગૃહમાં રજૂઆત આવી છે.

## રાજયમાં નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન

***૧૦૨૬૪ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઊર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે,

(૨) તે પૈકી જાન્યુઆરી-૦૫ સુધીમાં કેટલા કાર્યાન્વિત કરવામાં આવેલ છે,

(૩) દશમી પંચવર્ષીય યોજનામાં જિલ્લાવાઈઝ કેટલા નવા વીજ સબ સ્ટેશનો ઊભા કરવાનું આયોજન છે અને

(૪) આ પૈકી ૨૦૦૩-૦૪ સુધીમાં કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા):**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન તથા જાન્યુઆરી-૦૫ સુધીમાં કાર્યાન્વિત સબ સ્ટેશનોની વિગત નીચે મુજબ છે:

| આયોજન સબ સ્ટેશનો | કાર્યાન્વિત સબ સ્ટેશનો |
|---|---|
| ૪૦૦ કે.વી.- ૧ | -- |
| ૨૨૦ કે.વી.-૨ | ૨ |
| ૬૬ કે.વી.-૫૬ | ૨૬ |

(૩) અને(૪) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | જીલ્લાનું નામ | દશમી પંચવર્ષીય યોજનામાં જિલ્લાવાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આયોજીત સબ સ્ટેશનો | | | | કાર્યાન્વિત સબ સ્ટેશનો | | | |
| | | ૪૦૦ કે. વી. | ૨૨૦ કે. વી. | ૧૩૨ કે. વી. | ૬૬ કે.વી | ૪૦૦ કે. વી. | ૨૨૦ કે. વી. | ૧૩૨ કે. વી. | ૬૬ કે.વી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | રાજકોટ | ૧ | - | - | ૧૬ | - | - | - | ૪ |
| ૨. | મહેસાણા | ૧ | - | - | ૧૦ | - | - | - | ૩ |
| ૩. | પાટણ | - | ૨ | - | ૬ | - | ૧ | - | ૨ |
| ૪. | સાબરકાંઠા | - | ૧ | - | ૮ | - | - | - | ૨ |
| ૫. | બનાસકાંઠા | - | ૨ | - | ૨૧ | - | - | - | ૪ |
| ૬. | સુરેન્દ્રનગર | - | ૧ | ૧ | ૧૦ | - | ૧ | - | ૩ |
| ૭. | કચ્છ | - | ૩ | - | ૧૪ | - | ૧ | - | ૪ |
| ૮. | સુરત | - | ૨ | - | ૧૪ | - | - | - | ૪ |
| ૯. | વડોદરા | - | ૧ | - | ૮ | - | - | - | ૧ |
| ૧૦. | અમદાવાદ | - | - | ૧ | ૯ | - | - | - | ૨ |
| ૧૧. | જુનાગઢ | - | - | ૧ | ૧૧ | - | - | ૧ | ૪ |
| ૧૨. | વલસાડ | - | - | - | ૨ | - | - | - | ૧ |
| ૧૩. | નવસારી | - | - | - | ૩ | - | - | - | - |
| ૧૪. | ડાંગ | - | - | - | ૧ | - | - | - | - |
| ૧૫. | ભરૂચ | - | - | - | ૬ | - | - | - | - |
| ૧૬. | નર્મદા | - | - | - | ૨ | - | - | - | - |
| ૧૭. | પંચમહાલ | - | - | - | ૨ | - | - | - | ૨ |
| ૧૮. | દાહોદ | - | - | - | ૨ | - | - | - | ૧ |
| ૧૯. | આણંદ | - | - | - | ૨ | - | - | - | - |

| ક્રમ | જીલ્લાનું નામ | દશમી પંચવર્ષીય યોજનામાં જિલ્લાવાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આયોજીત સબ સ્ટેશનો | | | | કાર્યાન્વિત સબ સ્ટેશનો | | | |
| | | ૪૦૦ કે. વી. | ૨૨૦ કે. વી. | ૧૩૨ કે. વી. | ૬૬ કે.વી | ૪૦૦ કે. વી. | ૨૨૦ કે. વી. | ૧૩૨ કે. વી. | ૬૬ કે.વી |
| ૨૦. | ખેડા | - | - | - | ૧ | - | - | - | - |
| ૨૧. | ગાંધીનગર | - | - | - | ૫ | - | - | - | ૨ |
| ૨૨. | જામનગર | - | - | - | ૯ | - | - | - | - |
| ૨૩. | ભાવનગર | - | - | - | ૬ | - | - | - | - |
| ૨૪. | અમરેલી | - | - | - | ૬ | - | - | - | - |
| ૨૫. | પોરબંદર | - | - | - | - | - | - | - | - |
| | કુલ.. | ૨ | ૧૨ | ૩ | ૧૭૪ | - | ૩ | ૧ | ૩૯ |

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : પહેલા તો મારે રાજય સરકારને અને મંત્રીશ્રીને અભિનંદન દેવા છે, એટલા માટે કે મારા બંન્ને તાલુકામાં સોળ, ૬૬ કે.વી. કાર્યરત છે અને એક ૨૨૦ કે.વી. દશમી પંચવર્ષીય યોજનામાં સુરેન્દ્રનગર જિલ્લામાં જે ૬૬ કે.વી.નો સમાવેશ કરવામાં આવ્યો છે. બાકી કેટલા સમયમાં કરવા માગો છો? અને બીજો પ્રશ્ન બરોડા વડી કચેરીએ મેં એક મહિના પહેલાં પત્ર લખેલ છે કે ટી.આર. અને ઓ.એન્ડ એમ. ડેમ સંયુકત મૂળીનાં ૫૮ ગામના વીજ ભારણની તપાસ કરવા માટે લખેલ હતો, જો તેની તપાસ થઈ હોય તો તપાસના આધારે જે કંઈ શકયતા સ્થાપવા માટે સૂચન આવે તે કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : આવતા દિવસોની અંદર ૨૦૦૫-૨૦૦૬ માં સુરેન્દ્રનગર જિલ્લાની અંદર ૬૬ કે.વી. તરણેતર ચોટીલા તાલુકામાં, ૬૬ કે.વી. વઢવાણમાં વઢવાણ તાલુકામાં, ૬૬ કે.વી. રાયગઢ ધ્રાંગધ્રા તાલુકામાં, ૬૬ કે.વી. ઈશ્વરનગર હળવદ તાલુકામાં અને ૬૬ કે.વી. લાખણકા ચોટીલા તાલુકામાં સમાવેશ કર્યો છે, એમાંથી ૪ સબ સ્ટેશન આપણે આવતા વર્ષે લેવાનાં છીએ અને એક સબ સ્ટેશન ૨૦૦૬-૨૦૦૭નાં વર્ષમાં લેવામાં આવનાર છે. સભ્યશ્રીએ તેમના વિસ્તારની ચિંતા વ્યકત કરી. તેમણે જે એક પત્ર આપ્યો હતો. ડીટેઈલ ચકાસણી માટે વિભાગને, જી.ઈ.બી.ને મોકલી આપેલ છે. સભ્યશ્રીને જાણ કરવાની છે કે આ જે વિસ્તાર આપેલ છે, એ વિસ્તારની બહુ ડીટેઈલમાં ચકાસણી કરવી પડશે અને ચકાસણી કર્યા પછી અહેવાલ આપીશું. જે કંઈ પ્રશ્ન હશે તેનો નિકાલ કરવામાં આવશે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : જાન્યુઆરી ૨૦૦૫ સુધીમાં કેટલાં સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. આમાં ૨૯ લખેલ છે. ઉંઝા તાલુકામાં આમાંથી કેટલાને તમે કાર્યાન્વિત કર્યાં છે? બીજું, દશમી પંચવર્ષીય યોજનામાં જિલ્લાવાર યાદી આપી છે, તો ઉંઝા તાલુકામાં એમાં પણ કેટલાનો સમાવેશ કરવામાં આવશે?

**શ્રી સૌરભ પટેલ** : આ ૨૯ સબ સ્ટેશનનાં કામ પૂર્ણ થયેલાં છે. એ ઉપરાંત ફેબ્રુઆરી મહિનામાં ૮ નું પૂર્ણ થયેલ છે. માર્ચની અંદર બીજાં ૧૧ પૂર્ણ થવાનાં છે. બાકીનાં ૧૦ રહે છે એનું કામ ચાલુ છે. એપ્રિલ, મે મહિનામાં સંપૂર્ણપણે પૂરાં થશે. ઉંઝાની મારી પાસે વિગત નથી. સદસ્યને પછી જાણ કરીશ.

**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મારે પૂછવું છે કે, ચોટીલા તાલુકામાં તરણેતરમાં ૬૬ કે.વી. નું ખાતમુહૂર્ત થઈ ગયું છે, પણ કામ ચાલુ થયેલ નથી. ક્યારે કામ ચાલુ થશે? ક્યારે પૂર્ણ કરશો?

**શ્રી સૌરભ પટેલ** : થોડી જમીનની તકલીફ પડી હતી. કલેકટરશ્રીને જમીન આપી હતી. પ્રોબ્લેમ થયો હતો, પણ હવે પ્રોબ્લેમનું સોલ્યુશન આવી ગયું છે. કામ ચાલુ થશે. સિવિલ વર્કનું કામ ચાલુ થઈ ગયું છે. વહેલામાં વહેલી તકે કામ પૂર્ણ કરીશું.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : રાજયમાં જ્યાં જ્યાં નોર્થ સેન્ટરો આવેલાં છે, ત્યાં સબ સ્ટેશન ઊભાં થયાં છે. ખૂબ જ પ્રમાણમાં સબ સ્ટેશનો ઊભાં થયાં છે, તે માટે હું મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે સાથે આ ૬૬ કે.વી. સબસ્ટેશન ઊભાં કરવા માટે થનાર ખર્ચ કેટલો? એ જ રીતે ૧૩૨ કે.વી., ૨૨૦ કે.વી. અને ૪૦૦ કે.વી. ઊભાં થવાં પાછળ કેટલો ખર્ચ થાય છે તે જણાવશો?

**શ્રી સૌરભ પટેલ** : ૬૬ કે.વી. પાછળ ૨ કરોડ ૨૫ લાખ, ૧૩૨ કે.વી. પાછળ ૫ કરોડ ૭૦ લાખ, ૨૨૦ કે.વી. પાછળ ૧૩ કરોડ ૩૫ લાખ અને ૪૦૦ કે.વી. પાછળ ૪૩ કરોડ ૬૦ લાખ ખર્ચ થાય છે. ખર્ચ કરતા અગત્યનું છે કે ખેડૂતોને બરાબર વીજળી મળે એ અગત્યનું છે. કોઈપણ ખર્ચ થશે આ રાજય સરકાર ખેડૂતોના હિતમાં લો-વૉલ્ટેજનો પ્રશ્ન દૂર કરવા માટે સંપૂર્ણ પણે ૬૬ કે.વી. કે ૪૦૦ કે.વી. નાંખવા આયોજન કરશે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં નવા સબ સ્ટેશનો સ્થાપવામાં ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી. ૬ સબ સ્ટેશનો દસમી પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ થયા હતા પણ ૨૦૦૩-૦૪ સુધીમાં એકપણ સ્થાપી શકાયા નથી તો કયાં સુધી સ્થાપના કરવામાં આવશે? બીજું કે આ ૬૬ કે.વી.ની લાઈન નીચે એક જગ્યાએ પેટ્રોલપંપ આવેલ છે. આ પેટ્રોલપંપ હટાવવાનો વિવાદ ચાલે છે તેના ઉપર આ ૬૬ કે.વી.ની લાઈન છે તો તો આ વિવાદને કારણે સ્થાપના થતી નથી? અને તે વિવાદ કયારે પતે તેવું લાગે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાને કોઈ અન્યાય થશે નહીં. ૬૬ કે.વી. સબ સ્ટેશન માટે પંચવર્ષીય યોજનામાં જોગવાઈ હશે ત્યાં પૂર્ણ કરવામાં આવશે. બીજી પેટ્રોલપંપની વાત કરી તે નિયમ ગુજરાત વિદ્યુત બોર્ડની પાસે જે ટેકનિકલ જોગવાઈઓ છે તે પ્રમાણે કરીશું.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં ૧૧ ૬૬ કે.વી. સબ સ્ટેશન મંજૂર કર્યા છે તેમાંથી ૪ કાર્યરત છે અને ૭ બાકી છે. તો આમાં કેટલાનું ભૂમિપૂજન થયું અને તે કયારે સંપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવશે અને ૧૩૨ કે.વી. સબ સ્ટેશન કયારે કાર્યરત કરવામાં આવશે?

**શ્રી સૌરભ પટેલ** :જુનાગઢ જિલ્લામાં ૨૦૦૫-૦૬માં બે ૬૬ કે.વી. સબ સ્ટેશનનું આયોજન કર્યુ છે અને ૨૦૦૬-૦૭ માં બીજા ત્રણનું કર્યુ છે. આમ કુલ પાંચ થવાના છે. આમાં ભૂમિપૂજન કરતાં અગત્યનું ચાલુ કરવાનું છે. આવતા વર્ષોમાં તે સમયસર ચાલુ થાય તેનું ધ્યાન રાખીશું.

## સીરામીક ઉદ્યોગને પાઈપલાઈન દ્વારા ગેસ આપવાનું આયોજન

***૧૦૨૩૬ શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકાર દ્વારા સીરામિક ઉદ્યોગોને પાઈપ લાઈન દ્વારા ગેસ આપવાનો નિર્ણય કરેલ છે તે વાત સાચી,

(૨) જો હા, તો કયારથી પાઈપ લાઈનનું કામ ચાલુ કરવામાં આવશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ):**

(૧). હા.

(૨) અને (૩) પાઈપ લાઈન નાંખવા માટેના ટેન્ડરોની પ્રક્રિયા ચાલુમાં છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે. ગેસ પરિવહન માટેની પાઈપ લાઈન અંગેની કેન્દ્ર સરકારની હાલની અસ્પષ્ટ પોલીસી બાધારૂપ ન નિવડે તો આ કામગીરી તબકકાવાર બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં એવું કહેલ છે કે કેન્દ્ર સરકારની હાલની અસ્પષ્ટ નીતિ બાધારૂપ ન નડે તો. માનનીય અધ્યક્ષશ્રી, હાલની કેન્દ્ર સરકાર છે તે આપણા ગુજરાત અને ભારતના સિરામીક ઉદ્યોગને....

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, પ્રશ્ન પૂછો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછું છું આપણા ગુજરાતના અને ભારતના સિરામીક ઉદ્યોગ આવ્યા છે તેને ખતમ કરવા માટે કેન્દ્રની સરકાર ચાઈનાથી માલ લાવવા માટે એક કંપનીને છૂટ આપવા માટે ગુજરાતનો સિરામીક ઉદ્યોગ જેમાં મોરબી, વાંકાનેર, થાનમાં વધારેમાં વધારે ભારતમાં ૭૦ ટકા ઉત્પાદન થાય છે તે ૭૦ ટકા ઉત્પાદન કરતા ઉદ્યોગને બચાવવા માટે આ રાજય સરકાર કેટલા સમયમાં પાઈપ લાઈન નાંખવા માટે છે અને આ પાઈપ લાઈન નાંખવા માટેની સ્પષ્ટ ખાતરી આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું તેમની લાગણી સમજી શકું છું કે તેમને સ્પષ્ટ ખાતરી જોઈએ છે. પણ હું આ વિધાનસભા ગૃહમાં સ્પષ્ટ ખાતરી આપી શકતો નથી. તેનું કારણ છે કે કેન્દ્રની નીતિ હજુ અસ્પષ્ટ છે. તેનો એક દાખલો આપું. ગઈકાલની તારીખમાં જે આદરણીય પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીએ વચન આપ્યું હતું કે પીપાવાવ ગેસ આપશે તેનો ગઈકાલે પાર્લામેન્ટની અંદર એક રીટન નોટીસમાં જવાબ આપવામાં આવ્યો છે કે આજની તારીખમાં તાપ્તી ગેસ ગ્રીડ મળવાનું હતું તે ગેસ હવે પ્રાઈવેટ ખાનગી કંપની પાસેથી ખરીદવો પડશે અને તે માર્કેટ પ્રાઈઝે ખરીદવું પડશે. જો આવી નીતિ ચાલતી હોય તો હું મોરબીના ઉદ્યોગ માટે કોઈ ખાતરી આપી શકું નહીં. જો રાજય સરકાર એકલાના હાથમાં હશે તો ચોકકસપણે કહી શકીશ કે આવતા વર્ષોની અંદર ગેસ ગ્રીડની સ્થાપના નાંખીશ અને ગમે ત્યાંથી તે ઉદ્યોગને ગેસ પૂરો પાડવા માટે આપણે કોશિષ કરીશું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજય એ ગેસ એકટ બનાવેલો તે કયા ગેસ મંત્રી, પેટ્રોલિયમ મંત્રીના વખતમાં રદ કરવામાં આવ્યો અને જે ગુજરાત વિરુધ્ધ પેટ્રોલિયમ નીતિ છે તે કઈ સરકારના વખતમાં અસ્તિત્વમાં આવી?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થશે કે છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે ચાર વર્ષ જયારે બાજપાઈજીની સરકાર હતી ત્યારે એકપણ વખત એન.ડી.એ. સરકારમાં પાઈપ લાઈનનું કામ રોકવા માટે કહયું નથી. સંપૂર્ણપણે જેટલી ગેસ ગ્રીડની પાઈપ લાઈન નંખાઈ છે તે એન.ડી.એ. સરકારમાં નંખાઈ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે કયા વખતમાં..

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની પૉલિસી છેલ્લા ઘણા વખતથી તૈયાર છે, અમે રેગ્યુલરલી કેન્દ્રમાં વાત કરીએ છીએ કેન્દ્ર સરકાર કહે છે કે અમે હાઉસમાં બિલ પસાર કરવાના છીએ અને બિલ પસાર કર્યા પછી લાવીશું અને છેલ્લા એક વર્ષથી અનેક રજૂઆતો કર્યા પછીથી આજની તારીખમાં આ કેન્દ્ર સરકાર હાઉસમાં બિલ લાવી શકાયું નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે કેન્દ્રની નીતિ બરાબર નથી તો મારી લાગણી છે કે ગુજરાતના સીરામીક ઉદ્યોગ માટે માનનીય મંત્રીશ્રી અને ભાજપની સરકાર પોઝીટીવલી લે છે તો સામી પાટલી ઉપર બેઠેલા વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે સાથે મળીને ગુજરાતના આ ઉદ્યોગના ગેસનો જે પ્રશ્ન છે એ એનો ઉકેલ લાવે એવી મારી લાગણી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ એમઓયુ જે વાઈબ્રન્ટ ગુજરાતમાં હતા એની અંદર રાજયને પેટ્રોકેપીટલ બનાવવા માટે અમે પુષ્કળ મહેનત કરી અને આઈઓસી જોડે બહારથી લાવી, એલએનજી લાવી, ગુજરાતની ધરતી પર એલએનજી લાવી, પાંચ મિલિયન એમ.ટી.નો કરાર કર્યો છે, આજે અમારી બીજી દરખાસ્ત પેન્ડિંગ છે, જે આઈઓસી તૈયાર છે કે ત્રીજું એલએનજી ટર્મીનલ ગુજરાતના કોસ્ટ લાઈન ઉપર નાખવું, હજી એની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી મળી નથી કે આઈઓસી તરફથી મળી નથી, એ અમારા પ્રયાસો ચાલુ છે એટલે આવતા દિવસોમાં ગુજરાતની અને સૌરાષ્ટ્રની અંદર જો વધારે પડતો ગેસ લાવવો હોય તો ગુજરાત સરકાર જે આયોજન કરે છે એમાં જો કેન્દ્ર આપણને મદદરૂપ થાય તો માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું કે આ વાત લઈને કેન્દ્રમાં જાય અને આપણને મદદરૂપ થાય તો આવતા દિવસોમાં જે પેટ્રોકેપીટલ બનાવવા માગીએ છીએ એ સરળતાથી થઈ શકે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, સીરામીક ઉદ્યોગને પાઈપલાઈન દ્વારા ગેસ આપવા પાઈપલાઈન નાંખવા માટેના ટેન્ડરોની પ્રક્રિયા ચાલુમાં છે તો આ જે પ્રથમ ટેન્ડરની પ્રક્રિયા ચાલે છે એમાં કયા કયા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો તબક્કો પૂરો થયો, બીજા તબક્કાની અંદર ૮૫૦ કિલોમીટર લાઈન ૧૨૬૯ કરોડના ખર્ચે કામ થઈ રહ્યું છે. એમાં અંકલેશ્વર- ધુવારણ ૫૭ કરોડ, કલોલ - હિંમતનગર ૭૨ કરોડ, કલોલ - મહેસાણા ૯૦ કરોડ, આણંદ-રાજકોટ-મોરબી-સુરેન્દ્રનગર ૬૦૦ કરોડ અને આણંદ-પીપાવાવની ૨૫૦ કિલોમીટરનું અત્યારે સરવે કામ ચાલી રહ્યું છે. ઘણી જગ્યાએ એન્જિનીયરીંગ કામ ચાલે છે. ખાસ કરીને સુરેન્દ્રનગર-મોરબીના એના ટૅક્નીકલ પ્રોજૅક્ટના કેસોના પણ ટેન્ડર બહાર પડી ગયા છે, જો કોઈ અવરોધ ન આવે તો આવતા થોડાક દિવસોમાં અમે આ ટેન્ડર બહાર પાડી દઈશું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ઈટલી નામના દેશમાં કલે અને ત્યાં સીરામીક ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલે છે, તો ત્યાંથી આપણા દેશમાં સપ્લાય કરવા માટે કરીને કોઈ વ્યવસ્થિત ષડ્યંત્ર ચાલતું હોય, એના ભાગરૂપે રાજય સરકારના ગેસની અંદર કેન્દ્ર સરકારનો , આપણને અવરોધ ઊભો થાય છે એવું મારા ધ્યાનમાં આવ્યું છે, તો આ અંગે માનનીય મંત્રીશ્રી જાણકારી આપશે, ખરેખર એ સાચી વાત છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી હું સમજી શકું છું કે સીરામીક ઉદ્યોગ ખાસ કરીને સૌરાષ્ટ્રમાં મોરબીનો હાર્દ છે એટલે આપણે એટલી મહેનત કરીને આ બચાવવાની કોશિશ કરીશું, ગેસ વહેલી તકે પહોંચાડવાની પૂરેપૂરી મહેનત કરીશું ત્યારે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ ઉદ્યોગ ખાતાને સુસંગત છે એટલે મને એમ લાગે છે કે એ માટે બીજી અલગ નોટિસ આપવાની જરૂર પડશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અને કેન્દ્રમાં જ્યારે એક જ સરકાર હતી ત્યારે ગુજરાતના ઉદ્યોગો બહુ આશાવાદી હતા કે જલદી ગેસ આવી જશે પણ જ્યારે કેન્દ્રમાં સરકાર બદલાણી છે અને આજે ગુજરાતના ઉદ્યોગો બચાવવા માટેનું એક જ આપણું લક્ષ છે ત્યારે આ કેન્દ્ર સરકારની જે નીતિ છે એ નીતિ બદલાવા માટે રાજય સરકાર અને ગુજરાતની પાંચ કરોડ જનતાએ આંદોલન કરીને એ નીતિ ફેરવાવા માગે છે કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંપૂર્ણપણે કોશિશ ચાલુ છે કે ગેસનો ભાવ વધારે નહીં, ભાજપની જ્યારે સરકાર હતી, એન ડી એની સરકાર હતી ત્યારે બિલકુલ ગેસનો ભાવ વધારો કરવામાં આવ્યો ન હતો, આજની તારીખે આ સરકારમાં, આ કેન્દ્રમાં એ લોકો જે જોઈન્ટ વેન્ચર પ્રાઈવેટ કંપનીઓ છે એની ફ્રીમાર્કેટીંગ રેઈટ્સ આપી દેવાનો નિર્ણય કર્યો હોય તેવું લાગે છે. એના કારણે જયારે ફ્રી માર્કેટિંગ વૅચ્યોર આપવામાં આવે ત્યારે શોર્ટ સપ્લાઈના એ લોકો વધારે ભાવ લઈ શકે એનો સંપૂર્ણપણે વિરોધ કરવા માટે રાજય સરકાર તૈયાર છે અને કોંગ્રેસના ધારાસભ્યોને કહું કે, આ ગેસનો ભાવ ન વધે અને આપણને પૂરતો ગેસ મળે એના માટે વગ વાપરવા પૂરેપૂરી મહેનત કરજો નહીં તો આવતા દિવસોમાં વીજળીથી માંડીને ફર્ટિલાઈઝર અને દરેક ક્ષેત્રમાં વધારો આવવાની શકતા ખરી.

### દેવગઢ બારીયા તાલુકાના અસાયડી ખાતે જી.આઈ.ડી.સી. શરૂ કરવા અંગે

***૧૦૫૬૯ શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં અસાયડી ગામે જી.આઈ.ડી.સી. કયારે મંજૂર કરવામાં આવી, અને

(૨) તેને રાજય સરકાર શરૂ કરવા માગે છે કે કેમ અને કયારથી?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧) અને (૨) તા.૧૬-૧૦-૧૯૯૧ના રોજ દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગામે સરકારી જમીનમાં ઔદ્યોગિક વસાહત સ્થાપવાનો નિર્ણય લેવાયેલ અને ૬-૦૭-૨૦ હેકટર સરકારી જમીનનો કબજો મેળવેલ છે. ઉદ્યોગકારો તરફથી સાનુકૂળ પ્રતિભાવ મળેથી વિકાસના કાર્યો હાથ ધરવામાં આવશે.

**શ્રી બચુભાઈ ખાબડ**: માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગામે જી.આઈ.ડી.સી. શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ અને જમીન ફાળવવામાં આવી છે. ઉદ્યોગકારો નહી આવવાના લીધે એ જી.આઈ.ડી.સી. શરૂ કરવામાં આવેલ નથી તો રાજય સરકાર પોતાનું ખાનગી કામ શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વસાહતમાં ખાનગી ઉદ્યોગોને આવવા માટે પૂરતું પ્રોત્સાહન આપવામાં આવે છે. આ વસાહતમાં ખાનગી ઉદ્યોગો પોતાના ઉદ્યોગો સ્થાપવા માગતા હશે તો જી.આઈ.ડી.સી. તરફથી, રાજય સરકાર તરફથી પૂરેપૂરો સહકાર આપવામાં આવશે. ખાનગી ઉદ્યોગ રાજય સરકાર તરફથી હમણાં સ્થાપવામાં આવતા નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૧માં જમીન લઈ જી.આઈ.ડી.સી. મંજૂર કરી છે અને મંત્રીશ્રીએ કહ્યું તેમ પ્રાઈવેટ ઉદ્યોગો આવતા નથી તો જે ખેડૂતોની જમીન આ માટે લીધી હોય એને પરત આપી દેવી જોઈએ અથવા કચ્છમાં અને બીજી જગ્યાએ સબસીડી અને બીજી સહાય આપીને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવે છે એવી રીતે અહીંયા પ્રોત્સાહન આપીને જી.આઈ.ડી.સી. શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી જમીનમાં જી.આઈ.ડી.સી. કરવામાં આવેલ છે એટલે ખેડૂતોને જમીન પરત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં પણ જો ૨૦ ઉદ્યોગકારો ૫ રૂપિયે ચોરસ મિટરના ભાવે લેવા આગળ આવશે તો રાજય સરકાર આ જી.આઈ.ડી.સી. સ્થાપી ત્યાં રોજગારી વધે એ પ્રકારના પ્રયત્નો કરશે. જે પ્રોત્સાહન આપવાની વાત છે એમાં રાજય સરકારની હાલની નીતિ મુજબ લઘુ ઉદ્યોગોને વ્યાજ, સબસીડી સહાયનું પ્રોત્સાહન આપવામાં આવે છે. કચ્છની વાત કરી છે એ પ્રકારે કોઈ યોજના કચ્છ બહાર દાખલ કરી શકાય એમ નથી.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ઔદ્યોગિક વસાહત થયા પછી ઉદ્યોગો આવતા નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને એ બાબતની ખબર છે કે, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ગુજરાત બહાર મોટાભાગે જઈ રહ્યો છે એનું કારણ શું છે?

**અધ્યક્ષશ્રી .** : નહી, નહી. એ ફાર્માસ્યુટિકલની વાત આમાં નહીં આવે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,કોરપોરેશનની હદ્દમાં આવતી જી.આઈ.ડી.સી. છે જેના રસ્તા, ગટર અને પાણીની જવાબદારી છે એ જી.આઈ.ડી.સી.ની છે કે કોરપોરેશનની છે એ જણાવવા કૃપા કરશે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી.વસાહતમાં જે ઔદ્યોગિક વસાહત, જે ઉદ્યોગો આવેલ હોય એના રસ્તા, પાણી, ગટર વગેરેની જવાબદારી જી.આઈ.ડી.સી. ઉદ્યોગકારો પાસેથી સર્વિસ ચાર્જ લઈને એ કામગીરી નિભાવે છે. જે ઉદ્યોગો નગરપાલિકાની હદ્દમાં આવેલ હોય એની પાસેથી નગરપાલિકા પણ ટેકસ ઉઘરાવે છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરીકે પણ એ સ્થાનિક સ્વરાજયની સંસ્થા સાથે પરામર્શ કરીને ઉદ્યોગકારો પોતાના જરૂરિયાતના પાણીની વ્યવસ્થા એમની પાસેથી એ ઉદ્યોગકારો કરી શકે છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જમીનનો કબજો ૧૬-૧૦-૯૧ એ લીધો પછી ઘણી બધી સરકારો વચ્ચમાં જતી રહી. હવે ગુજરાત હાઈકોર્ટનું એક જજમેન્ટ છે કે કોઈ રીઝર્વેશન હોય કે જમીન પ્રાપ્ત કરી હોય એનો દસ વર્ષ કરતાં વધારે સમય સુધી જે તે હેતુ માટે ઉપયોગ ન કરવામાં આવે તો મૂળ જગ્યાએ પાછી મૂકી દેવી જોઈએ. તો જો આનો ઉપયોગ ન કરવો હોય તો સરકાર પરત કરી કોઈ શુભ હેતુ માટે વાપરવા માગે છે કે કેમ? તો જો એનો ઉપયોગ ન કરવાનો હોય તો સરકારને પરત કરી બીજા કોઈ શુભ હેતુ માટે વાપરવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આ વસાહતમાં વીજ કનેકશન માટેની સમસ્યા હતી પરંતુ જ્યોતિગ્રામની યોજના રાજય સરકારે ચાલુ કરેલ છે બીજું, નજીકમાં જે રૂરલ ફિડર ચોવીસ કલાક થ્રીફેઈઝ વીજળી મળવાની શકયતા ઉભી થઈ છે એટલે જી.આઈ.ડી.સી. ફરીથી એકસપ્લોરેશન કરવા માગે છે કે જો હજીપણ કોઈપણ ઉદ્યોગોને આ વસાહતમાં આવીને ઉદ્યોગ ધંધો કરવો હોય તો રાજય સરકાર એમને જરૂરથી પ્રોત્સાહન કરીને આ ઔદ્યોગિક વસાહતને શરૂ કરવા માંગે છે અને બીજું આ જમીન સરકારી જમીન હોવાથી દશ વર્ષ પછી પરત આપવાની જે બાબત છે એમાં કોઈ પ્રશ્ન રહેતો નથી.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નવરાત્રી મહોત્સવ, ગરબા મહોત્સવ, પતંગ મહોત્સવ (અંતરાય) લાખ્ખો અને કરોડોના એમ.ઓ.યુ. સાઈન કર્યા છે તો એમાંથી કોઈને આ જી.આઈ.ડી.સી. માં આમંત્રણ આપીને ઉદ્યોગ સ્થાપવા દેવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ઉદ્યોગકારે પોતાનો ઉદ્યોગ કયાં સ્થાપવો એ ઉદ્યોગકાર પોતે જાતે નક્કી કરતા હોય છે. રાજય સરકાર તો રાજયમાં જે ઉપલબ્ધ સવલતો હોય છે એની જાણકારી આપતી હોય છે કયાં ઉદ્યોગ સ્થાપવો એનો નિર્ણય કરવાનો સર્વ અધિકાર ઉદ્યોગકારને હોય છે

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : દેવગઢ બારિયા ગોધરા જિલ્લામાં આવેલ છે. આ ગોધરાનું નામ બદનામ થયું છે એટલે કોઈ ઉદ્યોગકાર ગોધરામાં આવવા તૈયાર થતા નથી એટલા માટે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, સરકાર જોઈન્ટ વેન્ચર કે સરકાર પોતે કોઈ મૂડીરોકાણ કરીને ત્યાં આગળ કોઈ ઉદ્યોગ સ્થાપવા માગે છે કે નહિ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : કોઈ કંપની જોઈન્ટ વેન્ચર તરીકે આગળ આવવા ઈચ્છતી હશે તો રાજય સરકાર જરૂરથી વિચારણા કરશે. માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે હાલોલની અંદર ઔદ્યોગિક વસાહત ખૂબ સારી ચાલે છે અને એમાં અમેરિકાની જનરલ મોટર્સ જેવી મોટી કંપની સરસ રીતે સકસેસફુલી ત્યાં ચાલી રહી છે.

**શ્રી પ્રબોધકાંત દા. પંડયા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૯૯૧માં આ જી.આઈ.ડી.સી. મંજૂર થયા પછી વિભાગ તરફથી કેવા પ્રકારના કયા કયા પ્રકારના પ્રયત્નો થયા અને કેટલા પ્રયત્નો થયા કે હજીસુધી કોઈ ઔદ્યોગિક સાહસિક ત્યાં આવવા પ્રેરાયો નથી.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : અખબારમાં જાહેરાત આપીને ઉદ્યોગકારને જમીન અવેઈલેબલ છે એ પ્રકારની જાણકારી આપીને ઉદ્યોગોને આમંત્રણ આપવામાં આવ્યું હતું પણ હજીસુધી કોઈ ઉદ્યોગકારો આવ્યા નથી પણ ફરીથી અખબારમાં જાહેરાત આપીને હવે જયારે વીજળીની જે સમસ્યા હતી એનો પણ હલ કરવાના પ્રયત્નો થયા છે ત્યારે અમારી તો તૈયારી છે કે જરૂર પડે જમીનમાં થોડી સબસીડી આપીને પણ ત્યાં ઉદ્યોગ સ્થાપવા માટે જી.આઈ.ડી.સી. તત્પર છે.

### ફાર્મહાઉસ, તબેલા અને તમાકુની ખળીઓને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા અંગે

***૧૦૨૫૨ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે વીજળીકરણમાં ગામની નજીક આવેલા ફાર્મહાઉસ, તબેલા, તમાકુની ખળીઓ વિગેરેને લાભ આપવા માગો છો, અને

(૨) આ બાબતે સરકાર શાં પગલાં ભરવા માગે છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) હાજી, તાંત્રિક પાસાંઓ અંગે હાલમાં અભ્યાસ ચાલુ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યોતિગ્રામ યોજના સાત હજાર ગામડાઓમાં થઈ. એટલે પહેલાં તો ઉર્જા મંત્રીશ્રીને હું ધન્યવાદ આપું છું પણ મહેસાણા જિલ્લામાં કેટલાય ગામોમાં વીજળીકરણ કરેલું છે અને સાત હજાર ગામોને જ્યોતિગ્રામ યોજનામાં વીજળીકરણ કરવાથી એક લાખ કિલોમીટરનો વાયર વપરાયો તો મહેસાણા જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં કેટલા કિલોમીટર વાયર વપરાયો અને ફળિયા, પેટાપરાં અને ગામની બાજુમાં તમાકુની ખળીઓનો ક્યારે આ યોજનામાં સમાવેશ કરવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : જ્યોતિગ્રામ યોજના સૌથી પહેલાં માનનીય સભ્યશ્રીની મદદથી ઉંઝા તાલુકામાં થઈ છે માનનીય સભ્યશ્રીએ એક કરોડ આઠ લાખની ગ્રાન્ટ આપી એટલે ઉંઝા તાલુકો સૌથી પહેલાં તાલુકો થયો તે બદલ હું એમનો આ ગૃહની અંદર આભાર માનું છું.

બીજું કે રાજયની અંદર દર અઠવાડિયે ૨૦૦ થી ૨૫૦ જ્યોતિ ગ્રામ થાય છે અને આજની તારીખે ૭૬૩૮ ગામડાં થયાં છે અને દર મહિને આશરે એક હજાર ગામડાં આપણે જ્યોતિ ગ્રામમાં સમાવેશ કરીએ છીએ. મહેસાણાની અંદર ૫૯૩ ગામ સંપૂર્ણપણે મહેસાણા જિલ્લો પહેલો જિલ્લો છે. આખા રાજયની અંદર કે તે સંપૂર્ણપણે જ્યોતિ ગ્રામ થયો છે. ૨૪ કલાક વીજળી દરેકને આપવામાં આવે છે અને આશરે એક ગામથી બીજા ગામની અંદર પાંચ કિલોમીટરની લાઈન ગણીએ તો ૨૪૦૦ કિલોમીટરની લાઈન મહેસાણા જિલ્લામાં નાંખવામાં આવી હશે. બીજી માનનીય સભ્યશ્રીએ ચિંતા કરી છે કે ફાર્મ હાઉસથી માંડીને જે કોઈ નજીકના પેટા પરાં હોય તો તેને માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૧૮ હજાર ગામડાં તો નહીં પણ ૮૦૦૪ ઓફિશ્યલ રાજયના પેટા પરાં છે એટલે ૧૮ હજાર વત્તા ૮ હજાર તેમ ૨૬ હજારને આપણે જ્યોતિ ગ્રામમાં સમાવેશ કરવાનો છે. બીજું આ પેટા પરાં છે આ જે કોઈ ફાર્મ હાઉસ છે, વાડીઓ છે તેમાં ખેડૂતો રહે છે તેને સરકાર તરફથી જી.ઈ.બી.ને આદેશ આપવામાં આવ્યો છે કે તાત્કાલિક વહેલામાં વહેલી તકે કઈ રીતે અહીંયા લાઈન નંખાય તેનો અભ્યાસ કરે અને ઑર્ડર આપી દીધેલો છે. જી.ઈ.બી.દ્વારા આજની તારીખમાં તાંત્રિક તપાસ ચાલી રહી છે કે કઈ જાતના ટ્રાન્સફોર્મર નાંખવા, કઈ લાઈન નાંખવી પણ સરકાર તરફથી આ વિસ્તારોની અંદર શકય હોય ત્યાં થ્રી ફેઈઝ અને ના શકય હોય ત્યાં સીંગલ ફેઈઝ આપવાનું સરકારે નિર્ણય લીધેલો છે.

**શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં કેટલા ગામ જ્યોતિ ગ્રામ હેઠળ શરુ કરવામાં આવેલ છે? બીજું કે જ્યોતિ ગ્રામમાં આવેલ ગામોને લો વોલ્ટેજની કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ? તેને લોડ શેડીંગમાં મૂકવામાં આવે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને કહેતાં આનંદ થાય છે કે આજની તારીખમાં ગુજરાત એક માત્ર એવું રાજય છે કે શહેરોમાં અને નગરપાલિકાઓમાં લોડ શેડીંગ થતું નથી. તે ઉપરાંત આ ૭૬૦૦ ગામડાં છે તેને ૨૪ કલાક વિધાઉટ ટ્રીપીંગ હન્ડ્રેડ પર્સન પાવર આપવામાં આવ્યો છે અને ગુજરાત એક માત્ર રાજય છે કે આટલા મોટા વિસ્તારને ૨૪ કલાક વીજળી આપે છે અને તેમણે કહ્યું કે કેટલા કામો ચાલે છે તો આપણે એવી સૂચના આપી છે કે આજની તારીખમાં દરેક સર્કલને ટાર્ગેટ આપવામાં આવ્યો છે તે સર્કલને તે ટાર્ગેટ પતાવવા માટે દરેક સર્કલમાં ઘણાં બધા ફીડરો પર કામ ચાલુ છે અને આશા રાખીએ છીએ કે ૩૧-૧૨ પહેલાં આ ૧૮ હજાર ગામડાંઓનો સંપૂર્ણ પણે જ્યોતિ ગ્રામમાં સમાવેશ થાય એવા આયોજન સાથે આ સરકાર આગળ વધી રહી છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, દેશના અન્ય રાજયોમાં આવી કોઈ યોજના છે ખરી? અને જિલ્લાના કેટલાં ગામડાંઓને જ્યોતિ ગ્રામમાં આવરી લેવામાં આવ્યા છે અને બાકી રહેતાં ગામોનો ક્યારે સમાવેશ કરવામાં આવશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં જી.ઈ.બી.ને કેન્દ્રની અંદર બોલાવવામાં આવે છે આજે અહીંયાથી અમારી ટેકનીકલ ટીમો મહારાષ્ટ્રથી માંડીને અન્ય રાજયોની અંદર આમંત્રણ આપવામાં આવે છે અને કરેલી કામગીરી અને ગુજરાત એક માત્ર રાજય દેશમાં છે આ પ્રમાણે કામ કેવી રીતે કર્યુ, ગામડાં બેઠાં કરવાનું કામ કેવી રીતે કર્યુ એના માટે પ્રશ્ન પૂછવામાં આવે છે એટલે એક માત્ર રાજય ગુજરાત છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં ૬૦ ટકા ખેડૂતો વાડી ઉપર રહે છે તો વાડીમાં ૮ કલાકથી વધારે વીજળી આજની તારીખમાં મળતી નથી મારે આપના દ્વારા સ્પષ્ટતા કરવી છે કે સીંગલ ફેઝ કારણકે બાળકો અભ્યાસ વાડીઓમાં કરે છે તો સીંગલ ફેઝ પાવર જે જ્યોતિ ગ્રામમાં સમાવેશ થયો પણ ખેતીવાડીને આઠ કલાકથી વધારે વીજળી નથી મળતી ત્યાં આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનની અધ્યક્ષશ્રી, ચકાસણી ચાલે છે અને વહેલામાં વહેલી તકે જ્યાં ખેડૂત ભાઈઓ રહે છે તેમને કેવી રીતે સીંગલ ફેઈઝ અપાય તેના પ્રયત્નો કરવામાં આવશે.

### દહેજને ઈકોનોમિક ઝોન નક્કી કરાયા બાદ ઉદ્યોગોની સ્થાપના

***૧૦૨૬૬ શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-
ભરૂચ જિલ્લાના દહેજને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન નક્કી કર્યા પછી કેટલા ઉદ્યોગો સથાપવામાં આવ્યા અને કેટલું મૂડી રોકાણ થયું?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**
કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય તરફથી ભરૂચ જિલ્લાના દહેજ મુકામે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સ્થાપવા સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. રાજ્ય સરકાર દ્વારા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન અંગેના કાયદાને ભારત સરકાર તરફથી ગયા વર્ષે જ મંજૂરી મળેલ છે. ગુણવત્તાવાળા, આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ખાનગી વિકાસકારની નિમણૂક કરવાની કાર્યવાહી ગતિમાં છે. આંતરમાળખાકીય સુવિધા ઉભી થયેથી સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન કાર્યરત થશે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન તરીકે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે ત્યારે આ SEZ થયા પછી કેટલા ઉદ્યોગો આવ્યા, કેટલા રૂપિયાનું મૂડી રોકાણ થયું? માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે જે આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની વાત કરી છે તો એ ગુણવત્તાવાળા ખાનગી વિકાસકારની નિમણૂક કરવાની કાર્યવાહી ગતિમાં છે તે કયા સ્ટેજે છે? અને ઈકોનોમિક ઝોનમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોને કઈ કઈ સગવડ મળે છે અને ગયા સત્રમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ ઈકોનોમિક ઝોન થવાથી ભરૂચ દહેજના રસ્તાને ચાર માર્ગીય બનાવવામાં આવશે, અને ભરૂચ દહેજ વચ્ચે બ્રોડગેઈજ રેલ માર્ગ બનાવવામાં આવશે, તો એ કયા સ્ટેજે છે અને તે પૂરું કરવા માટે શું આયોજન કરેલ છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : દહેજ મૂકામે જી.આઈ.ડી.સી.ની ૪ હજાર હેકટર જમીનની એક ઔદ્યોગિક વસાહત આવેલી છે જેમાં હાલમાં કેટલાક કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સના ઉદ્યોગો કાર્યરત છે. જી.આઈ.ડી.સી.ની પાસે ૧૭૪૦ હેકટર જમીન હોવાને કારણે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની કેન્દ્ર સરકારની યોજના અન્વયે એન.ડી.એ.ની સરકાર વખતે દહેજને SEZ માટેની સૈદ્ધાંતિક મંજૂરી મેળવી લીધી છે. અને ઓ.એન.જી.સી. સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે કે ઓ.એન.જી.સી., રાજય સરકારનું જી.આઈ.ડી.સી. અને ખાનગી વિકાસકાર અને સ્થાનિક નાણાંકીય સંસ્થાઓના સહયોગથી SEZ નો સંપૂર્ણ વિકાસ કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી એ જાણવા માગે છે કે ગયા વખતે રોડ બનાવવા માટેની વાત થયેલી એમાં જણાવું તો વર્લ્ડબેંક મારફત અત્યારે જે રોડ છે તેનું વાઈડનીંગ કરવાની કામગીરી પૂર જોશમાં ચાલુ છે. અને ફોર લેન કરવા માટે પ્રાઈવેટ કંપની સાથે ફાળો મળી રહે, તો રાજય સરકાર ૮૦ કરોડ રૂપિયા જેટલી ઈકવીટી, જેમાં ટોલ પણ નહીં લેવાની શરતે આ ફોર લેન રોડ કરવા માટેનું આયોજન રાજય સરકાર યુઝર કંપનીઓ છે તેમના સહયોગથી કરવા માટેની વિચારણા કરી રહી છે. અને

રોડની વ્યવસ્થા તો ઓલરેડી વર્લ્ડબેંકના સહયોગથી થઈ જશે. બીજી વાત બ્રોડગેઈજ રેલવે કરવાની હતી તો તેના માટે પણ ભારતીય રેલવેનું જે રેલવે નિગમ છે જે આવા સ્પેશ્યલ પરપઝ માટે રેલવેની લાઈન નાંખવાનું કામ કરે છે તેની સાથે જોઈન્ટ સેકટરમાં આ કામગીરી કરવા માટે ત્યાંના ઉદ્યોગો, મેરીટાઈમ બોર્ડ સાથે રહીને આ રેલવેની કામગીરી કરવા માટે રાજય સરકાર આયોજન કરી રહી છે. કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગો છે તેને સવલતો માટે ત્યાં પ્રદૂષિત પાણી છે તે જેને કોમન એમ્ફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટની સિસ્ટમ અને ૨૫ થી ૯૦ એમ.એલ.ટી. ક્ષમતાના પંપીંગ સ્ટેશન અને ૭૧૦ મીલી મીટર વ્યાસની પાઈપલાઈન દહેજથી સમુદ્ર સુધીની, એક મીટરની દસ કિલોમીટર સુધીની પાઈપ લાઈન તેને સમુદ્રમાં એક મીટરની, ૪.૩ કિલોમીટરની એક મીટરની પાઈપલાઈનથી ડી ફયુઝરની વ્યવસ્થા પ્રમાણે એલ.એન.ટી.ને ૧૭૬ કરોડનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે જેને કારણે કેમિકલ અને પેટ્રો કેમિકલના ઉદ્યોગોને દહેજના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનમાં આવવા માટે સરળતા રહેશે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે દહેજના સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન નકકી કર્યા પછી આ હેતુ માટે કેટલી જમીન આ વિસ્તારમાં રિઝર્વ રાખવામાં આવી છે અથવા સંપાદન કરવામાં આવી છે, અને દહેજના જી.આઈ.ડી.સી. વિસ્તારની જમીન સંપાદન થયેલી તેવા ગામોના જુના હયાત જે રસ્તાઓ છે તે બનાવવામાં આવતા નથી તેવા અભેટા અને ઝાડેશ્વરના પ્રશ્નથી સરકાર વાકેફ છે કે કેમ અને તે કયારે બનાવવામાં આવશે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : જી.આઈ.ડી.સી. પાસે ૪ હજાર હેકટર જમીન દહેજમાં આવેલી છે. તેપૈકી ૧૭૪૦ હેકટર જમીનમાં જે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન કરવામાં આવનાર છે તેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ કોઈપણ પ્રશ્નો હશે તો તેને પણ યોગ્ય રીતે એડ્રેસ કરવામાં આવશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈકોનોમિક ઝોન રાજયના અન્ય જિલ્લાઓમાં સ્થપાય તેના માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ગુજરાતમાં અત્યારસુધીમાં ૭ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન કરવાનું આયોજન કરેલ છે. અન્ય વિસ્તારોમાં સેકટર સ્પેસિફિક એ.સી.ઝેડ કરવા માટે ખાનગી વિકાસકારો આગળ આવે અથવા તો ઔદ્યોગિક વસાહત કે ઔદ્યોગિક એસોસિએશન આવા પ્રકારના એ.સી.ઝેડ કરવા માગતા હશે તો રાજય સરકાર એમાં સહકાર આપશે.

**ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજના અન્વયેની કીટનું વિતરણ**

***૧૧૪૩૫ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "માનવ કલ્યાણ યોજના" અંતર્ગત કેવા પ્રકારની કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું છે,

(૨) અરજદારોની માગણી મુજબની બાકી રહેતી કીટો ક્યારે આપવામાં આવશે, અને

(૩) આ યોજના અંતર્ગત કીટ વિતરણ કોના મારફતે કરવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧)

| અ. નં. | ટુલકીટસનો પ્રકાર | વિતરણ કરેલ કીટસની સંખ્યા (તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ) | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
| ૧. | વાયરમેન | - | ૨૦ |
| ૨. | પ્લમ્બર | - | ૧ |
| ૩. | કડીયાકામ | - | ૬૯ |
| ૪. | અલ્પાહાર વેચાણ | - | ૩ |
| ૫. | કપડા રીપેરીંગ | - | ૩૯૮ |
| ૬. | વાળંદના સાધનો | - | ૪૧ |
| ૭. | ઢોલ-ત્રાંસાના સાધનો | - | ૧ |
| ૮. | ઓટોરીપેરીંગ | - | ૩ |
| ૯. | મોચીકામ | - | ૯ |
| ૧૦. | લુહારીકામ | - | ૪ |
| ૧૧. | ધોબીકામ | - | ૪ |
| ૧૨. | સુથારીકામ | - | ૪૦ |
| ૧૩. | ચાના સાધનો | - | ૮ |
| ૧૪. | દુધ-દહી વેચાણના સાધનો | - | ૬૪ |
| ૧૫. | પાન-બીડી વેચનારના સાધનો | - | ૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ભવાઈનો ધંધો | - | ૨ |
| ૧૭. | સાયકલ રીપેરીંગ | - | ૧૯ |
| ૧૮. | સાવરણી સુપડા વેચનાર | - | ૧ |
| ૧૯. | પેઈન્ટર કલરકામ | - | ૨ |
| ૨૦. | કુંભારીકામ માટીના વાસણોનું વેચાણ | - | ૪ |
| ૨૧. | ઈલેકટ્રોનીકસ રીપેરીંગ | - | ૧ |
| ૨૨. | શાકભાજી-ફળ વેચનારના સાધનો | - | ૭૫ |
| ૨૩. | ઘડીયાળ રીપેરીંગ | - | ૧ |
| ૨૪. | કટલરી-હોઝીયરી | - | ૧૨૮ |
| ૨૫. | જુના કપડા એકત્ર કરનાર | - | ૧૫ |
| ૨૬. | ટીફીન પૂરા પાડનાર | - | ૬ |
| ૨૭ | સાયકલ ફેરીયા | - | ૭૭૨ |
| ૨૮. | છાપા વેચનાર | - | ૨૪ |
| ૨૯. | કટલરી-હોઝીયરી વેચનાર | - | ૮ |
| ૩૦. | મીઠુ-ગોળ વેચનાર | - | ૯ |
| ૩૧. | માલ ભરનાર (સાયકલ ટાયર) | - | ૧ |
| ૩૨. | શાકભાજી ફળ વેચનાર | - | ૧૨૪ |
| ૩૩. | ચાની લારી | - | ૧૭ |
| ૩૪. | લારી ફેરીયા | - | ૬૧ |
| | કુલ : | | ૧૯૪૪ |

(૨) બાકી રહેતી ટુલકિટસનું શકય તેટલી વહેલી તકે વિતરણ કરવાનું આયોજન છે.
(૩) ગ્રીમકો દ્વારા.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બે વર્ષ દરમિયાન કુલ કેટલી અરજીઓ આવી? ૧૯૪૪ લાભાર્થીઓમાં કેટલી રકમ ખર્ચાઈ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ગાંધીનગર જિલ્લામાં માવન કલ્યાણ યોજના નીચે ચાલુ વરસે ૧૯૪૪ કીટ વિતરણ કરવામાં આવેલી. ૯૦ જેટલા ટુલ કીટસ વિતરણના બાકી છે, જે શકય એટલી વહેલી કરવામાં આવશે.

**શ્રી જગદીશ ઠાકોર** : ટોટલ કેટલી અરજીઓ આવી? આ ૧૯૪૪માં સરકારે કેટલી રકમનો ખર્ચ કર્યો?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : ૮ લાખ ૪૮ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : કેટલી અરજીઓ આવી હતી, એ માહિતી ન હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી જગદીશ ઠાકોર** : જો એ માહિતી હોય તો આપવામાં આવે. અને ન હોય તો ચાલશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ટેબલ ઉપર મૂકી દેજો.

### કલ્પસર યોજનાની કામગીરી બાબતે

***૧૦૯૬૩ ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) કલ્પસર યોજના અન્વયે પથદર્શક રેખા માટે સર્વે કામ ચાલી રહ્યું છે તે વાત સાચી છે, અને
(૨) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે?

**મુખ્યમંત્રીશ્રી (કલ્પસર પ્રભાગ):**

(૧) હા, જી.
(૨) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસન ટૅક્નૉલૉજી દ્વારા સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરી, સર્વેક્ષણનો વચગાળાનો અહેવાલ તૈયાર કરેલ હતો તથા આ અહેવાલનો આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞોએ અભ્યાસ કરી વધારાના સર્વે માટે સૂચન કર્યુ હતું. આ સૂચનો મુજબની વધારાની સર્વેની કામગીરી માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસન ટૅક્નૉલૉજી પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવામાં આવેલી હતી.

**ડૉ. કનુભાઇ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર યોજના એ ભાવનગર અને ભરૂચ એટલે કે ઘોઘા અને દહેજને જોડતી મહત્ત્વાકાંક્ષી યોજના છે અને રાજય સરકાર ઝડપથી આગળ વધી રહી છે એ બદલ સરકારને અને મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું. મારે એ જાણવું છે કે આ યોજનામાં જે પુલ બનાવવા માટેનો કે બ્રિજ

બનાવવાનો છે એની લંબાઈ કેટલી છે? એના દ્વારા કુલ ભાવનગરથી ભરૂચ વચ્ચેનું અંતર કેટલું ઘટશે અને આમાં કુલ કેટલી વીજ શકિત ઉત્પન્ન થશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સક્ષમ મુખ્યમંત્રીશ્રી અને સક્ષમ સરકાર દ્વારા નર્મદાની સાથેસાથે જે આ પણ એક બહુહેતુક યોજના રાજયમાં ઝડપથી આગળ વધી રહી છે. રાજય સરકારે જળ ક્રાંતિ, ઊર્જા ક્રાંતિ, શિક્ષા ક્રાંતિ એ જે પંચામૃતની વાત કરેલી એ દિશામાં રાજય સરકાર ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. એના ભાગરૂપે બહુહેતુક યોજના છે. પુલની કુલ લંબાઈ ૬૪.૧૪ કિલોમીટરની થશે. જેમાંથી ૪૦.૬૬ કિલોમીટરની લંબાઈનો બંધ દરિયામાં બાંધવામાં આવશે. આ દુનિયાની એક અજાયબી થવાની છે. ભાવનગરથી ભરૂચ વચ્ચેનું અંતર ઘટશે. આના લીધે ૨૨૫ કિલોમીટરનું અંતર ઘટવાનું છે. જ્યારે આ યોજના થશે એમાંથી ૫ હજાર મેગાવોટ વીજળી ઉત્પન્ન થવાની છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રિ-ફિઝિબિલિટી રિપૉર્ટ આવ્યા પછી ફિઝિબિલિટી માટેનો નિર્ણય ક્યારે થયો અને એ ફિઝિબિલિટી રિપૉર્ટ કેટલા સમયમાં પૂરો થશે? અને બીજું તે માટેના જે વિશિષ્ટ અભ્યાસો કરવાના છે તો કયા કયા વિષયના અભ્યાસો આ રિપૉર્ટમાં કરવાના થાય છે અને ધારો કે ફિઝિબિલિટી રિપૉર્ટ અનુકૂળ આવ્યો અને પ્રોજૅકટનું કામ શરૂ થાય તો કેટલી સમયમર્યાદામાં પૂર્ણ થવાનું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પ્રિ-ફિઝિબિલિટી રિપૉર્ટનું કામ પૂર્ણ થઈ ગયું છે. ફિઝિબિલિટી રિપૉર્ટનું કામ અત્યારે પ્રોસેસમાં છે અને એ પ્રોસેસની કામગીરી અન્વયે અત્યારે જે કામગીરી થઈ રહી છે તેમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્યાં પથરેખા નક્કી કરવાનો કાર્યક્રમ કર્યો. એ કાર્યક્રમ પછી Multi-beam ecosound surveyનું કામ ચાલ્યું, Side scan tonner surveyનું કામ ચાલ્યું, Sub-bottom Profile Survey કરવાનું કામ ચાલ્યું, Parker સરવે કરવાનું કામ ચાલ્યું, Sub-scan survey કરવાનું કામ ચાલ્યું. Magnimeter સરવે કરવાનું કામ ચાલ્યું. આ ઉપરાંત દરિયા કિનારે નવ સ્થળોએ, દરિયાની અંદર છ સ્થળોએ ભરતી અને ઓટની માપણી કરવામાં આવી. આઠ જગ્યાએ વહેતા પાણીની માપણી કરવામાં આવી અને ચાર સ્થળોએ અંદર પાણીના નમૂના લઈને વિગતવાર પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : પ્રિ-ફિઝિબિલિટી રિપૉર્ટ આવી ગયો. હવે ફિઝિબિલિટી રિપૉર્ટ તરફ જઈ રહ્યા છીએ ત્યારે ફિઝિબિલિટી રિપૉર્ટ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખ્યો છે અને તેમાં જે વિશિષ્ટ તારણો પ્રિ-ફિઝિબિલિટી રિપૉર્ટમાં આવ્યાં છે, ધારો કે આની ઉપર પાણીનું દબાણ થશે તો સોઈલમાં અર્થકવેકના કે બીજા કોઈ ભારણ શું હશે? ક્ષાર ઉપર આવશે તો દૂર કરવા માટેની ક્ષમતા આવશે. ટાઈડલના કારણે ભરતી અને ઓટમાં વીજળી કેવી રીતે નિયમન કરીશું આવા જુદા જુદા છ અભ્યાસો કરવાના હતા એ ફિઝિબિલિટી રિપૉર્ટ કેટલા સમયમાં પૂર્ણ થવાનો અંદાજ છે અને ફિઝિબિલિટી રિપૉર્ટ આવી ગયા પછી જ્યારે તેને મંજૂરી મળે તો ગ્લોબલ ટેન્ડર મંજૂર થયા પછી આપ કેટલા સમયમાં પૂર્ણ થઈ શકે એવી આ યોજના છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : છ અભ્યાસ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં તેના કામ પૂર્ણતાના આરે છે. એક-દોઢ વર્ષમાં આ કામગીરી પૂર્ણ થશે અને ત્યાર બાદ ગ્લોબલ ટેન્ડરની વિધિ આગળ વધારવામાં આવશે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : જ્યારે આ યોજના ૫૪ હજાર કરોડના અંદાજથી બનતી હોય ત્યારે આ યોજનાથી સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તારને કેટલી સિંચાઈનો લાભ લાભ મળશે અને ભૂકંપની શક્યતાનો અભ્યાસ છે તેના માટે સરવેમાં શું કામગીરી કરી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સિંચાઈમાં વધારાની ૧૦ લાખ ૫૪ હજાર હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે. ૧ લાખ ૧૯ હજાર હેકટર જમીનનું પૃથ્થકરણ કરવામાં આવશે અને તેમાં અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, પંચમહાલ, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાને આનો લાભ મળનાર છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખંભાતના અખાતમાં કલ્પસર યોજના થશે એવું કહેવામાં આવે છે તો જે કોઈ લાભ છે, દા.ત. ફોરલેન રસ્તો થવાનો છે તો એ ભાવનગર વચ્ચે થવાનો છે. વીજળીની બચત થવાની છે તો ભાવનગરને થવાની છે. તો પછી પર્ટીકયુલર અમારા વિસ્તાર માટે આ પરિયોજનામાં શું લાભ થશે એ જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : તેના માટે જુદી નોટિસ આપવી પડશે.

**ડૉ. સી. જે. ચાવડા** : હમણાં સુનામી આવ્યા પછી કલ્પસર યોજનાની સાથે કંઈક સરવે કર્યો છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : તેનો અભ્યાસ થયો છે. સુનામીની અહીં અસર થઈ નહોતી.

### જાન્યુઆરી ૨૦૦૫ ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં ૧ લાખ રૂપિયાથી વધુ રોકાણની દરખાસ્તો

***૧૦૫૭૫ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧).જાન્યુઆરી-૨૦૦૫માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન રાજયમાં રૂપિયા ૧ લાખ કરોડથી વધુ મૂડી રોકાણની દરખાસ્તો મળેલી છે તે વાત સાચી છે,

(૨).જો, હા, તો તેમાં ઉદ્યોગવાર મૂડી રોકાણની કેટલી દરખાસ્તો છે, અને

(૩).આ મૂડીરોકાણ કેટલા સમયમાં થવાની શક્યતા છે?

**મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ) :**
(૧).હા,જી.
(૨).ઉદ્યોગ ક્ષેત્રમાં વિવિધ ૧૨ પ્રકારના ક્ષેત્રમાં રૂપિયા ૧,૦૬,૧૬૦ રોડના મૂડીરોકાણની દરખાસ્તો છે જેની વિગતો પરિશિષ્ટ-અ મુજબ છે.
(૩).આ મૂડી રોકાણ આગામી વર્ષોમાં થનાર છે.

**પરિશિષ્ટ-અ**

| ક્રમ | ઔદ્યોગિક ક્ષેત્ર | મળેલ દરખાસ્તો (એમ.ઓ.યુ./પ્રોજેક્ટ જાહેરાતો) સંખ્યા | સૂચિત મૂડી રોકાણ રૂા. કરોડમાં |
|---|---|---|---|
| ૧. | કૃષિ આધારિત ઉધોગો | ૩૪ | ૧,૦૪૫ |
| ૨. | ઉર્જા | ૧૭ | ૩૮,૦૦૩ |
| ૩. | ઓઈલ અને ગેસ | ૨૫ | ૧૩,૨૮૭ |
| ૪. | ઈન્ફોરમેશન અને બાયો ટેકનોલોજી | ૨૨ | ૩૪૮ |
| ૫. | પ્રવાસન | ૧૪ | ૭,૩૫૨ |
| ૬. | શહેરી વિકાસ અને પાણી પૂરવઠો | ૧૩ | ૯,૧૦૦ |
| ૭. | કેમીકલ | ૧૩ | ૩,૬૪૫ |
| ૮. | ટેકસટાઈલ અને એપેરલ | ૧૦ | ૩૦૫ |
| ૯. | હીરા અને આભુષણ | ૭ | ૪૨૮ |
| ૧૦. | બંદર આધારિત (પોર્ટ) | ૩૫ | ૧૫,૫૮૫ |
| ૧૧. | આંતર માળખાકિય સુવિધા. | ૪ | ૬૧૨ |
| ૧૨. | ઈન્ડસ્ટ્રીયલ, એન્જીનીયરીંગ, ઓટો મોબાઈલ | ૩૨ | ૧૬,૪૫૦ |
| | કુલ... | ૨૨૬ | ૧,૦૬,૧૬૦ |

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ...
**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલા)

### ભૂકંપ બાદ સ્થાપવામાં આવેલા ઉદ્યોગોને એકસાઇઝ મુકિત માટે કેન્દ્રમાં રજુઆત બાબત

૯૧૮૬ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે ભૂકંપ બાદ સ્થાપવામાં આવેલ દરેક ઉદ્યોગોને એક્સાઇઝ મુક્તિની લીમીટ વધારવા અંગે કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી રજુઆતો કરી, અને

(૨) આ અંગે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે ડિસેમ્બર-૨૦૦૬ સુધી એક્સાઇઝ મુક્તિની સમય મર્યાદા લંબાવવા કુલ ૯ વાર લેખિત રજુઆતો કરી છે. આ ઉપરાંત અસંખ્ય વખત મા.વડાપ્રધાનશ્રી તથા મા.નાણાં મંત્રીશ્રી સમક્ષ રાજ્ય સરકારે મૌખિક રજુઆત કરેલ છે.

(૨) કેન્દ્ર સરકારે તા. ૯-૧૧-૨૦૦૪ના જાહેરનામાથી એક્સાઇઝ મુક્તિની સમય મર્યાદા ડિસેમ્બર-૨૦૦૫ સુધી વધારી આપેલ છે. અને રાજ્ય સરકારની ડિસેમ્બર-૨૦૦૬ સુધી સમય મર્યાદા લંબાવવાની દરખાસ્ત પરત્વે કેન્દ્ર સરકારે હજુ સુધી નિર્ણય લીધેલ નથી.

----------

**વડાપ્રધાન રોજગાર અન્વયે સુરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ**

૧૧૦૨૬ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૮૪. |
| (૨) આ પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૩૯. |
| (૩) કેટલાને લોન સહાય આપવામાં આવી? | (૩) ૫૧૧. |

----------------

**ગ્રામ્ય વિસ્તારોના પેટાપરાઓને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા અંગે**

૧૦૭૪૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સીંગલ ફેઈઝ દ્વારા ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાની યોજના અન્વયે ગામના પેટાપરાને આ સવલતો આપવામાં આવે છે કે કેમ, અને | (૧) અને (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પેટાપરાઓની યાદી દર્શાવતી પુસ્તિકામાં સમાવિષ્ટ પેટાપરાઓને જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાનું આયોજન છે. |
| (૨) જો ના, તો આવા પેટાપરાઓને પણ આ સુવિધાઓ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે? | |

----------------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં નર્મદાનું પાણી પિયત માટે આપવા અંગે**

૯૬૨૫**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા અને પાટણ જિલ્લામાં નર્મદા નહેરમાંથી પિયત માટે પાણી આપવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો કયારથી અને કેવી રીતે આપવાનું આયોજન છે ? | (૨) વર્ષ ૨૦૦૫-૦૬ થી શરૂ કરી નહેરો મારફતે તબક્કાવાર પાણી આપવાનું આયોજન છે. |

----------

**માંડવી, સોનગઢ, નિઝર અને ઉચ્છલ તાલુકામાં તત્કાલ વીજ જોડાણ યોજનાનો લાભ**

૧૧૪૪૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તત્કાલ વીજ જોડાણ યોજના અંતગર્ત માંડવી, સોનગઢ, નિઝર અને ઉચ્છલ તાલુકામાંથી કેટલા વીજ ધારકોને વીજ જોડાણ આપવામાં આવેલ છે, | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણો અને પડતર અરજીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે :- |

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા | પડતર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૨૧૫ | ૨૪૭ |
| ૨ | સોનગઢ | ૧૨૩ | ૧૯૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | નિઝર | ૭૬ | ૫૩ |
| ૪ | ઉચ્છલ | ૩૦ | ૩૮ |

(૨) કેટલા અરજદારોની વીજ જોડાણની અરજીઓ પડતર છે, અને

(૩) આ પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) નોંધાયેલ અરજદારોને તબક્કાવાર અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઈ થયેથી નિયત સમય મર્યાદામાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

-------

**ગુજરાત વિદ્યુત નિયમન પંચ દ્વારા કરાયેલી ભલામણોનો અમલ**

૧૧૩૭૮ **શ્રી પરેશભાઈ ગો. વસાવા (નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત વિદ્યુત નિયમન પંચે તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદ્યુત બોર્ડની કામગીરીની સુધારણા માટે કોઈ સૂચનો કરેલ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૨) ગુજરાત વીજ નિયમન પંચે તા. ૨૫-૬-૦૪ના ટેરીફ ઓર્ડરમાં વિદ્યુત બોર્ડની કામગીરીની સુધારણા માટે કરેલા કેટલાક સૂચનો પૈકી મુખ્ય સુચનો નીચે મુજબના છે.:-

(૧) વીજ ખરીદ અને ઉત્પાદન ખર્ચને ઓછો કરવા સતત પ્રયત્ન કરવો.
(૨) બળતણ ખર્ચ ઓછો કરવા પ્રયત્નો ચાલુ રાખવા.
(૩) વીજ મથકો ખોટકાવાના પ્રસંગો ઓછા કરવાં.
(૪) ૧૧ કે.વી. સીસ્ટમ સુધીનું એનર્જી ઓડીટ કરવું.
(૫) ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશન ખાદ્ય ઘટાડવા માટે આવતા પાંચ વર્ષનું આયોજન કરવું અને તે અંગેના અહેવાલ પંચ સમક્ષ મુકવા.

(૬) જૂના પાવર પ્લાન્ટની કાર્યક્ષમતા વધારવા નવીનીકરણ અને આધુનીકરણની યોજના તૈયાર કરી પંચ સમક્ષ મુકવી.

(૭) ગુજરાત વિદ્યુત બોર્ડે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ તથા વીજ સંરક્ષણ કાર્યક્રમોની કાર્યવાહી વધારવી.

(૮) બોર્ડે બાકી પડતા લેણાંની વસુલાત માટેના પ્રયત્નો વધારવા તથા તે અંગે કાયદાકીય સાધનોનો ઉપયોગ કરવો.

(૩) ગુજરાત વિદ્યુત બોર્ડ તેનો અમલ કરે તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

(૩) ગુજરાત વીજ નિયમન આયોગના મોટા ભાગના આદેશો બોર્ડની કાર્યક્ષમતા સુધારવા સંબંધને લગતા છે. જેમાં બોર્ડ દ્વારા કાર્યવાહી હાથ ધરવાની રહે છે. આમ છતાં, વીજ ખરીદી કરારોની પુનઃ સમીક્ષા, વીજળીના બચાવ માટે લોક જાગૃતીના કાર્યક્રમો હાથ ધરવા, વીજ ઉત્પાદન વધે તેમજ ઉત્પાદન ખર્ચ નીચું રહે તે માટેના બોર્ડના પ્રયાસોમાં સરકાર સહાયભૂત રહેલ છે.

----------

**નર્મદા બંધની સપાટીએથી પિયત થવા અંગે**

૮૭૬૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા બંધની તા. ૩૧-૧-૦૫ના રોજની સ્થિતિએ સપાટી કેટલા મીટર છે, | (૧) તા. ૩૧-૧-૦૫ના રોજ નર્મદા બંધની લઘુતમ સપાટી ૧૧૦.૬૪ મીટર છે. |
| (૨) નર્મદા બંધની કેટલી સપાટીએથી કેનાલમાં પાણી છોડી શકાય, અને | (૨) પાણીની સપાટી ૧૧૦.૬૪ મીટરે પહોંચતા છોડી શકાય. |
| (૩) વર્તમાન સપાટી ધ્વારા કોઈ પિયત થાય છે કે કેમ? | (૩) હા, જી. પિયત થાય છે. |

----------

**અમરેલી, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જીલ્લામાં નર્મદા આધારિત સિંચાઈનું આયોજન**

૧૦૫૫૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના હેઠળ સિંચાઈ માટે અમરેલી, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જીલ્લામાં ક્યા કયા તાલુકાના કેટલા હેકટરમાં પાણી પુરૂં પાડવાનું આયોજન છે, અને | (૧) નર્મદા યોજનાના ૧૯૮૩માં મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટમાં અમરેલી, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જિલ્લાઓને નર્મદાના પાણીનો લાભ આપવાનો સમાવેશ કરવામાં આવેલ ન હતો, પરંતુ સરકારશ્રી દ્વારા હકારાત્મક અભિગમ દાખવી નર્મદા નદીનું ચોમાસા દરમ્યાન આવનાર વધારાનું પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમા કઈ રીતે સિંચાઈ માટે પુરૂ પાડી શકાય તેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ તબક્કે સમગ્ર બાબત સર્વેક્ષણમાં હોઈ સર્વેક્ષણ થયેથી સિંચાઈના આયોજનની વિગતો આપી શકાશે. |
| (૨) ક્યારથી પુરૂં પાડવામાં આવનાર છે? | (૨) વર્ષ ૨૦૦૯ સુધીમાં. |

----------

**અમદાવાદ શહેરમાંથી વાહનોની ઉઠાંતરીના બનાવો**

૧૦૫૭૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ |
| (૧) અમદાવાદ શહેરમાંથી સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન જુદા જુદા પ્રકારના નાના અને મોટા કેટલા વાહનોની ઉઠાંતરી કરવામાં આવી છે, | (૧) | ૨૪૩૪ | ૨૫૩૮ |
| (૨) તેમાંથી કેટલા વાહનો પાછા મેળવી શકાયા છે, | (૨) | ૭૯૦ | ૯૮૮ |
| (૩) કેટલા વાહનોની ઉઠાંતરીનો ભેદ ઉકેલી ગુનેગારોને પકડી શકાયા છે, | (૩) | ૪૯૩ | ૫૨૧ |
| (૪) કોઈ ચોક્કસ ટોળકી આ કામગીરી કરે છે તે હકીકત સાચી છે, અને | (૪) હા, જી. | | |
| (૫) ઉઠાંતરી થતી અટકાવવા શાં પગલાં લેવામાં આવ્યાં છે? | (૫) આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરી ગુના દાખલ કરવામાં આવે છે, આરોપીઓ ઉપર વૉચ રાખવામાં આવે છે અને આવી પ્રવૃત્તિમાં ભૂતકાળમાં સંડોવાયેલ આરોપીઓને બોલાવી ખંત પૂર્વક પુછપરછ કરવામાં આવે છે. | | |

----------

## કલ્પસર યોજનાના કામો પૂરા કરવાનું આયોજન

૧૧૧૨૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાના બાકી કામો પૂરા કરવા માટેનું શું આયોજન છે, અને

**જવાબ**

(૧) કલ્પસર યોજનાના બાકી કામો ત્રણ તબક્કામાં પુરાં કરવાનું આયોજન કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | તબક્કો-૧<br>વિસ્તૃત યોજનાકીય અહેવાલ તૈયાર કરવા | ૨૦૦૩ થી ૨૦૦૭ |
| ૨ | તબક્કો-૨<br>ટેન્ડર ડોક્યુમેન્ટ તૈયાર કરવા ટેન્ડર મંગાવવા, ઠેકેદાર નક્કી કરવા, પ્રાથમિક કામો તથા પરચુરણ અભ્યાસો | ૨૦૦૭ થી ૨૦૦૮ |
| ૩ | તબક્કો-૩<br>કલ્પસર યોજનાનું વાસ્તવિક કામ શરૂ કરી પૂર્ણ કરવું. | ૨૦૦૯ થી ૨૦૧૮ |

**પ્રશ્ન**

(૨) ૨૦૦૪-૦૫ના વર્ષમાં આ માટે કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૨) રૂા. ૧૦ કરોડ

----------

## રાજ્યમાં મોલાસીસનું ઉત્પાદન અને નિકાસ

૧૦૭૫૪ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં રાજ્યમાં મોલાસીસની વપરાશ કેટલી છે,

(૨) રાજ્યમાંથી મંજૂરી કરતાં વધારે જથ્થો નિકાસ કરવામાં આવે છે ખરો,

(૩) કેટલા પરવાનેદારો છે, અને જુના પરવાનેદારોએ વધુ કવોટાની માંગણી કરેલ હોય તેવા કેટલા કિસ્સા છે, અને

(૪) કેટલા સમયથી પેન્ડીંગ છે ?

**જવાબ**

(૧) ૪,૧૧,૩૫૧ મે. ટન.

(૨) ના, જી.

(૩) ૧,૫૭૭ પરવાનેદારો છે. જુના પરવાનેદારોએ વધુ કવોટાની માંગણી કરેલ હોય તેવા ૭ (સાત) કિસ્સા છે જે તમામનો ક્વોટા વધારી આપેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

## બનાસકાંઠા જિલ્લામાં વિવિધ ગુનાઆ

૧૦૯૩૮ **શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ખૂન, ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી બળાત્કાર અને અપહરણના કુલ કેટલા ગુન્હાઓ દાખલ થયા,

(૨) તે પૈકી કેટલા ગુન્હાઓમાં આરોપીઓ પકડાયા, અને

(૩) જે આરોપીઓ પકડાયા નથી તેમને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ખુન ધાડ લુંટ ઘરફોડ ચોરી બળાત્કાર અપહરણ

૩૮ ૧૨ ૨૫૧૯૫ ૧૫ ૩૭

(૨) ખુન ધાડ લુંટ ઘરફોડ ચોરી બળાત્કાર અપહરણ

૩૨ ૦૯ ૦૯૫૭ ૧૪ ૨૮

(૩) નાસતા ફરતા આરોપીઓને પકડવા સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવેલ છે તથા આરોપીઓના રહેઠાણે તેમજ સગા સંબંધીઓમાં તપાસ કરાવેલ છે.

-------------

**નવસારી જિલ્લામાં પેટાપરાઓનું વીજળીકરણ**

૧૦૨૩૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના કેટલા પેટાપરાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું છે, | (૧) ૨૩. |
| (૨) વીજળીકરણ અંગે કેટલા ગામોની કામગીરી બાકી છે, અને | (૨) નવસારી જિલ્લામાં વસ્તીવાળા તમામ ૩૭૦ ગામોનું વીજળીકરણ થયેલ છે. |
| (૩) કામગીરી પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકાના ગામોમાં વીજળીકરણ થયેલાં ગામોમાં બાકી વીજ જોડાણ**

૮૮૩૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોટીલા અને સાયલા તાલુકાના કેટલા ગામોના કેટલા પેટાપરામાં વીજળીકરણ કરવામાં આવેલ છે, | (૧), (૨) અને (૩) ચોટીલા-શુન્ય, સાયલા તાલુકાના એક ગામના એક પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવેલ છે. વીજળીકરણ થયેલ આ પેટાપરામાં વીજ જોડાણ માટેની કોઈ અરજી પડતર નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) વીજળીકરણ કરેલ કેટલા પેટાપરાઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ નથી, અને | |
| (૩) વીજ જોડાણ ન આપવાના કારણો કયા કયા છે? | |

--------------

**નર્મદા યોજનાના સાથી રાજ્યો પાસેથી લેવાની થતી રકમ**

૧૦૯૫૦ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નર્મદા યોજનાના કયા કયા સાથી રાજ્યોએ કેટલી કેટલી રકમ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં આપી છે, અને

(૧) ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી છેલ્લા એક વર્ષમાં (તા. ૧.૧.૨૦૦૪ થી ૩૧.૧૨.૨૦૦૪) નીચેની વિગતે રકમો મળેલ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | ભાગીદાર રાજ્યનું નામ | છેલ્લા એક વર્ષમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૪૪૦.૮૨ |
| ૨ | મહારાષ્ટ્ર | ૬૨.૦૪ |
| ૩ | રાજસ્થાન | ૩૩૨.૦૬ |
| | કુલ. . | ૮૩૪.૯૨ |

(૨) કેટલી રકમ લેવાની બાકી છે ?

(૨) ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે રકમો મેળવવાની બાકી છે.(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું | બાકી રકમ | વિવાદીત | બિન |
|---|---|---|---|---|

| | નામ | | રકમ | વિવાદીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૧૮૭.૦૭ | ૧૦૯૫.૩૪ | ૯૧.૭૩ |
| ૨ | મહારાષ્ટ્ર | ૭૧૭.૪૦ | ૫૧૮.૮૫ | ૧૯૮.૫૫ |
| ૩ | રાજસ્થાન | ૨૨૬.૩૩ | ૧૮૫.૬૦ | ૪૦.૭૩ |
| | કુલ . . | ૨૧૩૦.૮૦ | ૧૭૯૯.૭૯ | ૩૩૧.૦૧ |

-----------

**ખેડા અને આણંદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો**

૧૦૨૮૧**શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જાન્યુ. ૦૫ની સ્થિતિએ રાજ્યના ખેડા અને આણંદ જિલ્લાના કયા કયા તાલુકામાં કેટલા ગામોમાંથી કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળી અપાય છે,

(૧) પત્રક-૧ માં સામેલ છે.

(૨) કેટલા કલાક આપવામાં આવે છે, અને

(૩) થ્રી ફેઈઝ વીજળી કેટલા કલાક આપવામાં આવે છે?

(૨) અને (૩) ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપવામાં આવે છે.

<u>પત્રક-૧</u>

| | ખેડા જિલ્લો | | | આણંદ જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ ગામો** | **જ્યોતિગ્રામ થયેલ ગામની સંખ્યા** | **તાલુકાનું નામ** | **કુલ ગામો** | **જ્યોતિગ્રામ થયેલ ગામની સંખ્યા** |
| ૧ | બાલાસીનોર | ૪૬ | ૦ | આણંદ | ૩૯ | ૩૯ |
| ૨ | કપડવંજ | ૧૦૦ | ૩૮ | આંકલાવ | ૩૧ | ૩૧ |
| ૩ | કઠલાલ | ૫૯ | ૧૧ | બોરસદ | ૬૪ | ૫૧ |
| ૪ | ખેડા | ૩૯ | ૩૫ | ખંભાત | ૫૭ | ૨૮ |
| ૫ | મહુધા | ૪૧ | ૦ | પેટલાદ | ૫૬ | ૪૫ |
| ૬ | માતર | ૫૫ | ૨૪ | સોજીત્રા | ૨૫ | ૧૯ |
| ૭ | મહેમદાવાદ | ૬૫ | ૨૩ | તારાપુર | ૪૨ | ૨૬ |
| ૮ | નડીયાદ | ૫૯ | ૩૨ | ઉમરેઠ | ૩૬ | ૨૪ |
| ૯ | ઠાસરા | ૯૫ | ૩૮ | | | |
| ૧૦ | વિરપુર | ૫૩ | ૩ | | | |
| | કુલ. | ૬૧૨ | ૨૦૪ | કુલ. | ૩૫૦ | ૨૬૩ |

----------------

**સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ખાતે ગાયોની ક્રુર રીતે કરાયેલી હત્યા**

૧૦૯૪૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ગામમાં તા. ૨૦ અને ૨૧ જાન્યુઆરી ૨૦૦૫ના રોજ સાઈઠ જેટલી ગાયોની ક્રૂર રીતે હત્યા કરી તેના ડોકા જાહેરમાં મુકી દેવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે,

(૧) જે મૃતદેહોના ભાગ મુકવામાં આવેલ તે તા. ૨૦ તથા તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૦૫ પહેલાના બનાવને લગતાં પણ હતા. તેમાં ભેંસ, બળદ, ગાય, પાડા, પાડી અને વાછરડાના ડોકાઓ હતાં જે જાહેરમાં મુકવામાં આવેલ ન હતા.

(૨) આ ગુન્હાહિત ષડયંત્રની વિગતો શી છે,

(૨) ઢોરોની કતલ બાબતે માહિતી મળતા પોલીસની તાત્કાલીક કાર્યવાહી અને રેઈડ દરમ્યાન આ બનાવની હકીકત ધ્યાનમાં આવેલી. જે અંગે ગુનો દાખલ કરી અને તે સ્થળથી હાડકાઓ અને ડોકાઓ વિગેરે કબ્જે લેવામાં આવેલ તથા જીવતા ભેંસ, પાડા, પાડી, બળદ, વાછરડા, ગાયો મળીને કુલ-૮ (આઠ) જાનવરો મળી આવેલ જે કબ્જે કરેલ.

(૩) કુલ કેટલા ગુન્હાહિત આરોપીઓ આ કામમાં સંડોવાયેલા છે, તે પૈકી કેટલાની ધરપકડ કરી, કયા કાયદા અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે,

(૩) કુલ-૬(છ) આરોપીઓ સંડોવાયેલ જે તમામને અટક કરવામાં આવેલ છે. તેઓની ઈ.પી.કો. કલમ ૨૯૫(ક) ધી બોમ્બે એનીમલ એકટ ૧૯૫૪ની કલમ ૫,૬,૮ તેમજ પશુ પ્રત્યે ઘાતકીપણા અધિનિયમ ૧૯૬૦ની કલમ ૧૧(૨) મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ આ પૈકી બે ઈસમો વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરેલ છે જે હાલમાં જેલમાં છે.

(૪) બાકી રહેતા આરોપીઓ સામે કયારે કાર્યવાહી હાથ ધરવામાં આવશે,

(૪) સદર ગુનામાં સંડોવાયેલ તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. અન્ય કોઈ આરોપી પકડવાના બાકી રહેતા નથી.

(૫) આ ગંભીર પ્રકરણમાં પોલીસે ગંભીર ગુન્હાહીત બેદરકારી તથા બે જવાબદારી દર્શાવી છે તે હકીકત સાચી છે, અને

(૫) પ્રાથમિક દ્રષ્ટિએ આ કામે પોલીસની બેદરકારી કે બેજવાબદારી છે કે કેમ તે અંગેની ઈન્કવાયરી ચાલુ છે.

(૬) જો હા, તો આવા જવાબદાર પોલીસ કર્મચારી સામે શાં પગલાં લેવાયા છે ?

(૬) ઈન્કવાયરી દરમ્યાન જો કોઈ પોલીસ અધિકારી કે કર્મચારીની બેદરકારી જણાશે તો તેના વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

--------------

**સાથી રાજ્યોના નર્મદા વિસ્થાપિતો અંગે ચુકવાયેલ રકમ**

૮૩૩૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) નર્મદા યોજના અન્વયે વિસ્થાપિતોના પુનઃસ્થાપન માટે રાજ્ય સરકારે સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં જાયુઆરી-૦૫ની સ્થિતિએ કયા કયા સાથી રાજ્યોને કેટ કેટલી રકમ ચૂકવી, અને

(૧) નર્મદા યોજના અન્વયે વિસ્થાપિતોના પુનઃસ્થાપન માટે રાજ્ય સરકારે સને ૨૦૦૩-૦૪ તથા સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં જાયુઆરી-૦૫ની સ્થિતિએ નીચેની વિગતે રકમ ચૂકવેલ છે.

(રૂા. કરોડમાં)

| રાજ્યનું નામ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | કુલ |
|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૨૮૯.૫૫ | ૩૬૬.૦૫ | ૬૫૫.૬૦ |
| મહારાષ્ટ્ર | ૫૭.૯૧ | ૧૫.૦૦ | ૭૨.૯૧ |
| કુલ . . | ૩૪૭.૪૬ | ૩૮૧.૦૫ | ૭૨૮.૫૧ |

(૨) સાથી રાજ્યોના નર્મદાના વિસ્થાપિતોની પુનઃવસનની જવાબદારી અને નાણાં ખર્ચની જોગવાઈ રાજ્ય સરકારની છે કે કેમ ?

(૨) સાથી રાજ્યોના નર્મદાના વિસ્થાપિતોના પુનર્વસન અને નાણાં ખર્ચની જવાબદારી ટ્રીબ્યુનલના એવોર્ડ મુજબ તમામ ભાગીદાર રાજ્યોની છે.

-------------------

**સુરત પોલીસ કમિશ્નરશ્રીની હદમાં આવેલા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુના**

૧૦૫૪૪ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં સુરત પોલીસ કમિશ્નરની હદમાં આવેલ દરેક પોલીસ સ્ટેશનોમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા કેસ નોંધાયા છે,

(૨) આ પૈકી સૌથી વધુ કેસો કયા પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે, અને

(૩) આ કેસો પૈકી કેટલા બનાવોમાં ગુનેગારોની ધરપકડ કરવામાં આવેલ છે અને કેટલા ગુનેગારો નાસતા ફરે છે?

**જવાબ**

(૧)

| **પોલીસ સ્ટેશન** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **બળાત્કાર** |
|---|---|---|---|---|
| વરાછા | ૭ | ૧૩ | ૧ | ૪ |
| કાપોદ્રા | ૯ | ૫ | ૧ | ૧ |
| ઉધના | ૨ | ૨ | - | ૧ |
| લીંબાયત | ૯ | ૪ | ૨ | - |
| મહિધરપુરા | ૨ | ૫ | ૧ | ૧ |
| સલાબતપુરા | ૨ | ૪ | ૩ | - |
| ચોકબજાર | ૨ | ૩ | - | - |
| કતારગામ | ૮ | ૭ | ૨ | ૬ |
| અઠવાલાઇન્સ | ૨ | ૧ | - | ૧ |
| ઉમરા | ૭ | ૫ | ૧ | ૩ |
| સચીન | ૭ | ૨ | ૫ | ૨ |
| પાંડેસરા | ૬ | ૧ | ૪ | ૪ |
| રાંદેર | ૮ | ૩ | ૩ | ૪ |
| ઇચ્છાપોર | ૩ | - | ૧ | - |
| ડીસીબી પો.સ્ટે. | - | ૬ | ૫ | - |
| **કુલ :** | **૭૪** | **૨૯** | **૬૧** | **૨૭** |

(૨) વરાછા પોલીસ સ્ટેશનમાં ૨૫ કેસો નોંધાયા છે.

(૩) આ કેસો પૈકી ૧૪૭ બનાવોમાં ગુનેગારોની ધરપકડ કરવામાં આવેલ છે, જયારે ૭ કેસોમાં ૧૮ આરોપીઓ નાસતા ફરે છે.

---------

**વાયબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલા એમ.ઓ.યુ.માં થયેલ મૂડી રોકાણ**

૮૫૧૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ના વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રી મહોત્સવ દરમ્યાન કુલ કેટલી મૂડી રોકાણના કુલ કેટલા પ્રોજેકટો માટે એમ.ઓ.યુ. થયા,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૪ માં કેટલા પ્રોજેકટોમાં કેટલું વિદેશી મૂડી રોકાણ થયેલ છે, અને

(૩) કેટલા પ્રોજકટો રદ થયા અને તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) રૂા.૬૬૦૬૮.૫૦ કરોડના મૂડી રોકાણ માટે ૭૬ દરખાસ્તો મળી છે.

(૨) તે પૈકી ૧૪ પ્રોજેકટોમાં રૂા.૩૫૭૧.૫ કરોડના એન.આર.આઇ./એફ.ડી.આઇ. મૂડી રોકાણની દરખાસ્તો મળી છે.

(૩) મુખ્યત્વે ઉધોગકારો તરફથી ઉત્સુકતા ન બતાવવાના કારણે તેમજ પ્રોજેકટો વાયેબલ ન જણાતાં ૬ પ્રોજેકટો પડતા મુકાયેલ છે.

---------

**રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી જિલ્લાની નદીઓને નર્મદાના પાણીથી સ-જલ કરવા અંગે**

૯૬૭૦ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાની નહેર દ્વારા રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી જિલ્લામાં નર્મદાના નીરથી સૂકી નદીઓ સ-જલ કરવાનું સરકારનું આયોજન છે કે નહીં, અને | (૧) પાણીની ઉપલબ્ધિ તથા પિયત વિસ્તારની જરુરિયાત ધ્યાને લઇ વધારાનું પાણી યોજનાના પિયત વિસ્તારમાં આવતા રાજકોટ અને ભાવનગર જિલ્લાની નદીઓમાં પાણી વહેવડાવવાનું આયોજન કરી શકાશે. |
| (૨) જો હા, તો કયારથી આયોજન હાથ ધરવામાં આવશે? | (૨) સને ૨૦૦૭-૦૮ માં નહેરના કામો પૂર્ણ થયેથી. |

---------

## રાજ્યમાં અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના બનેલ બનાવો

૯૯૭૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના કયા જિલ્લામાં કયા પ્રકારના કુલ કેટલા બનાવ બનવા પામ્યા, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) તેમાં સામુહિક હિંસા બનાવો કેટલા કયા જિલ્લામાં બનવા પામ્યા, અને | (૨) આવો કોઇ બનાવ બનેલ નથી. |
| (૩) રાજ્ય સરકારે તે અંગે શાં પગલાં લીધાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| અ.નં. | જિલ્લો | ખૂન | મહાવ્યથા | બળાત્કાર | આગ થી બીગાડ | ઓ.આઇ.પી.સી. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ખંડ-૧ (૧) | અમદાવાદ જિલ્લો | ૫ | ૨ | ૪ | ૦ | ૬૯ | ૮૦ |
| | વડોદરા શહેર | ૦ | ૩ | ૨ | ૦ | ૨૨ | ૨૭ |
| | સુરત શહેર | ૧ | ૧ | ૨ | ૦ | ૦૭ | ૧૧ |
| | રાજકોટ શહેર | ૧ | ૦ | ૨ | ૦ | ૨૮ | ૩૧ |
| | અમદાવાદ રૂરલ | ૧ | ૦ | ૫ | ૨ | ૯૬ | ૧૦૪ |
| | આણંદ | ૦ | ૩ | ૩ | ૦ | ૪૬ | ૫૨ |
| | ખેડા | ૦ | ૨ | ૩ | ૨ | ૬૪ | ૭૧ |
| | સાબરકાંઠા | ૨ | ૫ | ૦ | ૧ | ૫૯ | ૬૭ |
| | ગાંધીનગર | ૧ | ૬ | ૩ | ૨ | ૫૨ | ૬૪ |
| | મહેસાણા | ૧ | ૭ | ૨ | ૧ | ૬૫ | ૭૬ |
| | પાટણ | ૦ | ૫ | ૧ | ૦ | ૭૧ | ૭૭ |
| | બનાસકાંઠા | ૧ | ૬ | ૩ | ૦ | ૧૯૨ | ૨૦૨ |
| | વડોદરા ગ્રામ્ય | ૦ | ૧ | ૦ | ૦ | ૩૯ | ૪૦ |
| | પંચમહાલ | ૦ | ૪ | ૦ | ૦ | ૨૫ | ૨૯ |
| | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૫ | ૦૫ |
| | ભરૂચ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૨૨ |
| | નર્મદા | ૦ | ૦ | ૦ | ૧ | ૦૫ | ૦૬ |
| | સુરત ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૧ | ૦૧ | ૦૨ |
| | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૮ | ૦૮ |
| | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦૪ | ૦૪ |
| | જૂનાગઢ | ૨ | ૧૩ | ૩ | ૩ | ૧૩૯ | ૧૬૦ |
| | પોરબંદર | ૦ | ૧ | ૦ | ૧ | ૦૯ | ૧૧ |
| | અમરેલી | ૦ | ૦ | ૩ | ૪ | ૬૨ | ૬૯ |
| | ભાવનગર | ૧ | ૧૧ | ૪ | ૪ | ૭૨ | ૯૨ |

| અ.નં. | જિલ્લો | ખૂન | મહાવ્યથા | બળાત્કાર | આગ થી બીગાડ | ઓ.આઇ.પી.સી. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | રાજકોટ ગ્રામ્ય | ૨ | ૫ | ૩ | ૧ | ૧૧૯ | ૧૩૦ |
| | સુરેન્દ્રનગર | ૧ | ૬ | ૧ | ૩ | ૧૬૭ | ૧૭૮ |
| | જામનગર | ૧ | ૭ | ૪ | ૨ | ૬૦ | ૭૪ |
| | કચ્છ | ૧ | ૯ | ૦ | ૦ | ૧૧૬ | ૧૨૬ |
| | ડાંગ-આહવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦૦૧ |
| | પ.રેલ્વે | ૦ | ૧ | ૦ | ૦ | ૦૧ | ૦૦૨ |
| | **કુલ :** | **૨૨** | **૯૮** | **૪૮** | **૨૮** | **૧૬૨૫** | **૧૮૨૧** |

---------

## ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન

૯૧૩૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું અલગ અલગ નિગમોમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવો નિર્ણય કરવા પાછળનો ઉદ્દેશ શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત બોર્ડનું જુદી જુદી સાત વીજ કંપનીઓમાં વિભાજન કરવાનો નિર્ણય કરેલ છે, જેના ઉદ્દેશ નીચે પ્રમાણે છે :

(અ) વીજક્ષેત્રમાં નિયમન અને સુધારણા માટે રાજ્યના ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનઃગઠન અને નિયમન) ધારા, ૨૦૦૩ અને કેન્દ્રના નવા વિદ્યુત ધારા, ૨૦૦૩ના અમલીકરણ બાદ દેશભરમાં ઉર્જા ક્ષેત્રે જે હરીફાઇનું વાતાવરણ સર્જાયું છે, તેમાં ગુજરાત વિદ્યુત બોર્ડને સ્પર્ધાત્મક સ્થિતિમાં મુકવા માટે.

(બ) બોર્ડના હાલના કાર્યોનું યોગ્ય રીતે વિભાજન કરી, નવી સંસ્થાઓનું વ્યાપારી ધોરણે સંચાલન થાય, વીજક્ષેત્રમાં લાંબાગાળાના સુધારા લાવીને રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને ગ્રાહકોનું વધુ સારૂ હિત જળવાય.

---------

## પંચાયતના રસ્તાઓ માટે મળતી ધારાસભ્યોની ગ્રાન્ટ મંજૂરીના અભાવે ન વપરાવા અંગે

૧૧૧૮૩ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ધારાસભ્યશ્રીઓને મળતી રૂા.૩૦ લાખ ગ્રાન્ટ પંચાયત રસ્તાઓ માટે મળે છે, તે અંગે આવા કામો માટે જિલ્લા પંચાયતમાંથી સમયસર મંજૂરી નહિ મળતા વિલંબ થાય છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) : ધારાસભ્યશ્રીઓને મતવિસ્તાર દીઠ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ સ્થાનિક વિસ્તારના વિકાસના કામો માટે રૂા. ૫૦.૦૦ લાખ (રૂપિયા પચાસ લાખ) ની વાર્ષિક ફાળવણી કરવામાં આવે છે. પરંતુ પંચાયત રસ્તાઓ માટે ધારાસભ્યશ્રીઓને આ ગ્રાન્ટમાંથી કોઇ ચોક્કસ રકમ ફાળવવામાં આવતી નથી. આથી જિલ્લા પંચાયતમાંથી મંજૂરી નહિ મળતાં વિલંબ થવાનો

| | |
|---|---|
| | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો આ માટે સરકાર શું પ્રયત્નો કરવા માંગે છે? | |

---------

**ગોધરા આર.ટી.ઓ. ની આવક**

૧૦૨૪૪ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા આર.ટી.ઓ. ની વર્ષ ૨૦૦૪-૦૫ ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૧૮૮.૭૯ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૨૦૦૫ના અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે? | (૨) રૂ.૯૭૬.૬૭ લાખ. |

---------

**નર્મદા યોજના પૂર્ણ કરવાનું આયોજન**

૧૦૨૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ સુધીમાં સરદાર સરોવર યોજનાનું કુલ કેટલા ટકા બાંધકામ બાકી છે, અને | (૧) ૩૪% કામ બાકી છે. |
| (૨) આ યોજનાને સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન ધરાવે છે? | (૨) ૨૦૦૭-૨૦૦૮. |

---------

**રાજ્યમાં લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેકટ માટે લીધેલાં પગલાં**

૧૦૯૫૧ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લીગ્નાઇટ આધારિત પાવર પ્રોજેકટ કરવાની દિશામાં સરકારનું શું આયોજન છે, અને | (૧) રાજ્યમાં ઉપલબ્ધ લિગ્નાઇટનો વીજ ઉત્પાદન માટે મહત્તમ ઉપયોગ થાય તે માટે નીચે મુજબના પ્રોજેકટો સ્થાપવાનું આયોજન છે.<br>૧) ૨૫૦ મે.વો. ઘોઘા જિ.ભાવનગર.<br>૨) ૨૫૦ મે.વો. અક્રીમોટા જિ.કચ્છ.<br>૩) ૭૫ મે.વો. પાનન્ધ્રો, જિ.કચ્છ (વિસ્તરણ)<br>૪) ૨૫૦ મે.વો. માંગરોળ, જિ.સુરત (વિસ્તરણ)<br>૫) ૫૦૦ મે.વો. કચ્છ જિલ્લામાં.<br>૬) ૨x ૧૦૦૦ મે.વો. દક્ષિણ ગુજરાત.<br>૭) ૫૦૦ મે.વો. ભાવનગર જિલ્લામાં. |
| (૨) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ આ અંગે સરકારે ચોક્કસ શું શું પગલાંઓ લીધાં છે? | (૨) આ પ્રોજેકટોમાં નીચે મુજબ કાર્યવાહી થયેલ છે.<br>૧) ૨૫૦ મે.વો.નું વીજમથક ઘોઘા ખાતે સ્થાપવા માટે જીપીસીએલ દ્વારા કરવામાં આવેલ સ્પર્ધાત્મક દરખાસ્તોની મુલ્યાંકનની પ્રક્રિયાને આધારે મે.નિરમા કેમીકલ્સ વર્કસ લી. સાથે સમજુતિ કરાર કરી આગળ વધવા મંજૂરી આપેલ છે. |

૨) ૨૫૦ મે.વો.નું લિગ્નાઇટ આધારિત વીજમથક કચ્છ જિલ્લાના અક્રીમોટા ખાતે સ્થાપવાની કાર્યવાહી ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પો.લી. દ્વારા કરવામાં આવી છે, જે પૂર્ણ થયે, જૂન-૨૦૦૫ માં કાર્યાન્વિત થવાનો અંદાજ છે.

૩) ૭૫ મે.વો.નું કચ્છ જિલ્લામાં પાનન્ધ્રો ખાતે ગુજરાત ઇલેકટ્રીસીટી બોર્ડ દ્વારા વિસ્તરણ યુનીટ સ્થાપવાની કામગીરી શરૂ થયેલ છે. મુખ્ય પ્લાન્ટ અને મશીનરીનો મે.ભેલ ને ઓર્ડર આપવામાં આવેલ છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશન સાથે નાણાંકીય વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

૪) સુરત જિલ્લાના માંગરોળ ખાતે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની લી. દ્વારા ૨૫૦ મે.વો.ની વીજ વિસ્તરણ કરવાની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. કંપની દ્વારા પર્યાવરણની મંજુરી નાણાંકીય વ્યવસ્થા અને પ્રોજેકટોનો કોન્ટ્રાકટ આપવાની કામગીરી પ્રગતિમાં છે.

૫) રાજ્યમાં ઉપલબ્ધ લિગ્નાઇટનો વીજ ઉત્પાદનના હેતુ માટે મહત્તમ ઉપયોગ થાય તે માટે લિગ્નાઇટ લીઝની નીતિની પુનઃવિચારણા કરી છે અને મહત્તમ લીઝ જાહેર સાહસો દ્વારા લિગ્નાઇટ આધારીત વીજ મથક વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે અન્વયે કચ્છમાં જીએમડીસી દ્વારા ૫૦૦ મે.વો. ભાવનગર જિલ્લામાં જીપીસીએલ દ્વારા ૫૦૦ મે.વો. અને દક્ષિણ ગુજરાતમાં જીઆઇપીસીએલ દ્વારા ૧૦૦૦ મે.વો.ના એક એવા ૨ પ્રોજેકટો વિકસાવવાનો નિર્ણય કરી આ કંપનીઓ સાથે વીજમથક વિકસાવવા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમીત-૨૦૦૫ માં રાજ્ય સરકારે સમજુતી કરાર કરેલા છે. આ નિગમો દ્વારા રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી દરખાસ્તો મેળવવા કાર્યવાહી પણ હાથ ધરાયેલ છે.

---------

**ગુજરાત વિદ્યુત બોર્ડને ફાળવેલ રકમ જયોતિગ્રામ યોજનામાં વાપરવા અંગે**

૧૧૪૩૮ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧૧ મા નાણાપંચે ગુજરાત વિદ્યુત બોર્ડને ફાળવેલ રકમ પૈકીની રકમ રાજ્ય સરકારે જયોતિગ્રામ યોજના પાછળ ખર્ચી છે, તે હક્કિત સાચી છે, અને | (૧) અને (૨) : હા, જી. સામુહિક વિકાસનું કામ હોવાથી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે? | |

---------

**સાવલી તાલુકામાં હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલના મંજૂર થયેલ મહેકમમાં ઘટ**

૯૧૭૨ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કુલ કેટલા પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ ફરજ બજાવે છે, | (૧) પોલીસ કોન્સ્ટેબલ - ૪૭.<br>હેડ કોન્સ્ટેબલ - ૩૯. |

(૨) મળવાપાત્ર કુલ મહેકમમાં કેટલાં કોન્સ્ટેબલની ઘટ છે, અને

(૨) ૮.

(૩) સાવલી તાલુકામાં આ ઘટ કયારે પૂરી કરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

## એટ્રોસીટીના કેસોમાં ટીકાત્મક જજમેન્ટની સરકારમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત

૧૦૫૭૦ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, વડોદરા, ભરૂચ, અમદાવાદ, સાબરકાંઠા અને જામનગર જિલ્લાઓમાં એટ્રોસીટી એકટ, ૧૯૮૯ અન્વયેના કેસોના જજમેન્ટોમાં પોલીસ તંત્ર તેમજ સરકારી વકીલોની બેદરકારીની ટીકા કરી હોય તેવા કેટલા કેસોના જજમેન્ટોની વિગતો તા.૧-૧-૨૦૦૩ થી તા.૩૧-૧૨-૨૦૦૪ના સમયમાં કયા કયા ધારાસભ્યશ્રીઓ તથા સંસ્થાઓએ કયારે સરકારશ્રીના ધ્યાને મૂક્યા છે, અને

(૨) આ અંગે સરકારશ્રીએ શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) ૪૪ કેસોની બાબતે કાઉન્સીલ ફોર સોશીયલ જસ્ટીસ, અમદાવાદ, ધારાસભ્યશ્રી ભવાનભાઇ ભરવાડ અને ધારાસભ્ય ડૉ. દિનેશભાઇ પરમારે સમયાંતરે રજુઆતો કરેલ છે.

(૨) તપાસમાં ખામી અંગે જે કેસોમાં જવાબદારી નક્કી થશે તે કેસોના સંબંધિત અધિકારી સામે જરૂરી પગલાં લેવામાં આવશે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં વિવિધ ગુના

૧૦૫૮૩ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર, છેતરપીંડીની તાલુકાવાર કેટલી ફરીયાદો નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલા કેસોમાં તહોમતદારો પકડાયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કેસોમાં સજા થઇ અને કેટલા છૂટી ગયા?

**જવાબ**

(૧)

| તાલુકો | ચોરી | લૂંટ | ધાડ | બળાત્કાર | છેતરપીંડી |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૧૨૭ | ૧૨ | ૦૪ | ૦૩ | ૨૬ |
| પ્રાંતિજ | ૩૦ | ૦૯ | ૦૧ | ૦૦ | ૦૧ |
| તલોદ | ૨૦ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૦ |
| ઇડર | ૬૬ | ૦૮ | ૦૧ | ૦૨ | ૧૧ |
| વડાલી | ૨૩ | ૦૧ | ૦૬ | ૦૧ | ૦૫ |
| ખેડબ્રહ્મા | ૨૯ | ૦૮ | ૦૭ | ૦૧ | ૦૭ |
| વિજયનગર | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૬ | ૦૧ |
| ભિલોડા | ૫૪ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૫ |
| મોડાસા | ૭૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૮ |
| મેઘરજ | ૧૯ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૨ |
| માલપુર | ૨૪ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ધનસુરા | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| બાયડ | ૨૯ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ |
| **કુલ :** | **૫૦૬** | **૫૨** | **૨૭** | **૨૦** | **૭૦** |

(૨)

| | ચોરી | લૂંટ | ધાડ | બળાત્કાર | છેતર-પીંડી |
|---|---|---|---|---|---|
| કુલ | ૧૭૯ | ૨૪ | ૧૫ | ૨૦ | ૬૪ |

(૩)

| હેડ | સજા | છૂટી ગયા |
|---|---|---|
| ચોરી | ૧૫ | ૧૧ |
| લૂંટ | ૦૦ | ૦૨ |

| | | |
|---|---|---|
| ધાડ | ૦૦ | ૦૧ |
| બળાત્કાર | ૦૦ | ૦૫ |
| છેતરપીંડી | ૦૦ | ૦૦ |

---------

**વઢવાણ તાલુકામાં ભૂકંપગ્રસ્ત વણકરોને હાથશાળ કીટ આપવા અંગે**

૧૦૨૮૯ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ વઢવાણ તાલુકાના ભૂકંપગ્રસ્ત વણકરોને હાથશાળ કીટ મળવાની બાકી છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો કેટલા અરજદારોને અને કેટલા સમયથી બાકી છે, અને

(૩) બાકી અરજદારોને સરકાર કયારે કીટ આપવા માંગે છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ના, જી. વઢવાણ તાલુકામાં વણકરાને હાથશાળની કીટ આપવી યોજના અંતર્ગત ૪૩૨ અરજીઓ પૈકી ૩૪૬ અરજીઓ મંજુર કરવામાં આવેલ જયારે ૮૬ અરજીઓ સાધનિક પૂરાવાઓ રજુ નહી કરવાને કારણે, અરજદારની ઉંમર વધુ હોવાથી, ધંધાની જાણકારી ન હોવાથી, અરજી બેવડાતી હોવાના કારણોસર નામંજૂર રાખેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં નવા પોલીસ સ્ટેશન બાંધવાનું આયોજન**

૧૧૩૬૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આગામી વર્ષ ૨૦૦૫-૦૬ માં કેટલા નવિન પોલીસ સ્ટેશન કઇ કઇ જગ્યાએ બાંધવાનું સરકારનું આયોજન છે,

(૨) જિલ્લામાં અત્યારે જે પોલીસ સ્ટેશનો કાર્યરત છે તે પૈકી તાલુકાવાર કેટલા અને કયા કયા સરકારી મકાનમાં આવેલા છે,

**જવાબ**

(૧) આ અંગેની અગ્રિમતાયાદી તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) સરકારી મકાનમાં આવેલ તાલુકાવાર કાર્યરત પોલીસ સ્ટેશનની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | સરકારી મકાનોમાં કાર્યરત | |
|---|---|---|---|
| | | પો.સ્ટે.ની | પો.સ્ટે.નું |
| ૧ | અમીરગઢ/ | ૧ | પાલનપુર |
| ૨ | દાંતા | ૧ | દાંતા |
| ૩ | વડગામ | ૧ | વડગામ |
| ૪ | ડીસા | ૧ | ડીસા સીટી |
| ૫ | ડીસા/ભિલડી | ૧ | ડીસા રૂરલ |
| ૬ | દાંતીવાડા/ | ૧ | ગઢ |
| ૭ | અમીરગઢ/ | ૧ | અમીરગઢ |
| ૮ | થરાદ | ૧ | થરાદ |
| ૯ | ધાનેરા | ૧ | ધાનેરા |
| ૧૦ | વાવ | ૧ | માવસરી |
| ૧૧ | સુઇગામ/ | ૧ | સુઇગામ |
| ૧૨ | પાંથાવાડા/ | ૧ | પાંથાવાડા |
| ૧૩ | દીયોદર | ૧ | દીયોદર |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | દીયોદર | ૧ | દીયોદર |
| ૧૪ | શીહોરી | ૧<br>૧ | શીહોરી<br>થરા |
| ૧૫ | ભાંભર/ શીહોરી | ૧ | ભાંભર |
| ૧૬ | ભીલડી | ૧ | ભીલડી |
| | કુલ : | ૨૧ | |

(૩) કેટલા અને કયા કયા ભાડૂતી મકાનમાં આવેલા છે, અને

(૩) એક, પાલનપુર શહેર પોલીસ સ્ટેશન.

(૪) ભાડૂતી મકાનમાં કાર્યરત પોલીસ સ્ટેશનોને કેટલા સમયમાં સરકારી મકાનમાં શીફટ કરવામાં આવનાર છે?

(૪) આ અંગે સમય મર્યાદા નક્કી થઇ શકેતેમ નથી.

---------

**અમદાવાદ શહેરમાં સી.એન.જી. ની સરળ ઉપલબ્ધિનું આયોજન**

૮૨૮૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં વાહનો માટે સી.એન.જી. સરળતાથી ઉપલબ્ધ થઇ શકે તે માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

અમદાવાદ વિસ્તાર માટે ગેસ વિતરણ અંગેની આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા સરકારે મેસર્સ ગુજરાત અદાણી એનર્જી લિ. ને મંજૂરી આપેલ છે. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. એ જૂન-૨૦૦૪ માં અમદાવાદ સુધીની મુખ્ય ગેસ પાઇપ લાઇન કાર્યરત કરી દીધી છે. અદાણી ગ્રુપ દ્વારા અમદાવાદ શહેરમાં ત્રણ સી.એન.જી. ફીલીંગ સ્ટેશનો કાર્યરત કરાયા છે. આ ગ્રુપ દ્વારા વધુ સાત (૭) સી.એન.જી. સ્ટેશનો આગામી ત્રણ થી છ માસમાં કાર્યરત કરવાનું આયોજન છે. વધુમાં અમદાવાદ શહેરમાં સી.એન.જી. ની સરળતાથી ઉપલબ્ધિ માટે સરકારે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પો.લિ. (એચ.પી.સી.એલ.) ને એક મધર સ્ટેશન તથા ૯ ડોટર સ્ટેશનો સ્થાપવા મંજૂરી આપેલ છે. આ સ્ટેશનો આગામી છ માસમાં કાર્યરત કરવાનું એચ.પી.સી.એલ.નું આયોજન છે.

---------

**આંતર માળખાકીય મોટા પ્રોજેકટમાં ટેન્ડરીંગ પ્રક્રિયા વિના એમ.ઓ.યુ. દ્વારા કામગીરી હાથ ધરવા અંગે**

૧૦૭૩૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકાર આંતર માળખાકીય ક્ષેત્રના મોટા પ્રોજેકટો ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધર્યા વિના માત્ર એમ.ઓ.યુ.ને સમજુતી કરાર કરી ખાનગી સાહસિકોને બારોબાર સોંપી દેવા વિચાર કરી રહી છે. તે વાત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) શું સરકારે આ માટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ એકટ ૧૯૯૯માં ફેરફાર કર્યો છે ?

**જવાબ**

(૧)(૨) અને (૩)વાયેબલ આંતર માળખાકીય પ્રોજેકટો ઝડપીથી અમલમાં લાવી શકાય અને તેવા ઉદ્યોગકારો હરીફાઈયુકત વાતાવરણમાં વિના વિઘ્ને પ્રોજેકટ અમલીકરણની કાર્યવાહી કરી શકે તે હેતુથી ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર એકટ ૧૯૯૯માં ફેરફાર કરવા દરખાસ્ત મળેલ છે, પરંતુ તેમાં હજુ સુધી કોઈ નિર્ણય લેવાયેલ નથી.

---------

**વહીવટી સુધારણા માટે વર્ગ-૧ અને વર્ગ-૨ને અપાયેલ તાલીમ**

૧૦૯૩૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વહીવટી સુધારણા માટે રાજ્યમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના કેટલા અધિકારીઓને કર્મયોગીની તાલીમ આપવામાં આવી, અને | (૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ વર્ગ-૧ના કુલ ૧૪૮૨ અને વર્ગ-૨ના કુલ ૪૫૪૮ મળી કુલ ૬૦૩૦ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) આ તાલીમ આપવા પાછળ કુલ રૂા. ૧૫,૦૭,૫૦૦/-નો ખર્ચ થયેલ છે. |

---------

**ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરફેર કરતાં વાહનો અટકાવવા અંગે**

૧૦૭૪૧ **શ્રી રાજેશ પાઠક**(બાલાસિનોર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખાનગી, જીપો, રેકડાં, ટેમ્પો જેવા નાના મોટાં ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરાફેરી કરતાં વાહનો સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને | (૧) ચેકીંગ દરમ્યાન આવા કિસ્સા ધ્યાન ઉપર આવેલ છે. |
| (૨) જો હા, તો સરકાર આવા ગેરકાયદેસર ફરતા વાહનો અટકાવવા માંગે છે કે કેમ ? | (૨) હા, જી. ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરફેર કરતાં વાહનોને અટકાવવા આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ./પોલીસ ખાતા તથા એસ.ટી.ના અધિકારીઓ ધ્વારા સંયુકત રીતે અથવા અલગ-અલગ રીતે જિલ્લા/તાલુકા કક્ષાએ અને નેશનલ હાઈવે તથા સ્ટેટ હાઈવે ઉપર સઘન ચેકીંગ કરવામાં આવે છે અને કસુરદારો સામે નિયમોનુસારના કડક પગલાં લેવામાં આવે છે. |

---------

**"સ્વાગત કાર્યક્રમ"માં મળેલ પ્રશ્નો અને તેનો નિકાલ**

૧૦૫૫૫ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મુખ્ય મંત્રીશ્રી ધ્વારા સામાન્ય અરજદારોના પ્રશ્નોના નિકાલ માટે " સ્વાગત કાર્યક્રમ" હાથ ધરવામાં આવેલ છે તે કાર્યક્રમ હેઠળ ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કુલ કેટલા પ્રશ્નો મળ્યા અને તે પૈકી કેટલા પ્રશ્નોનો નિકાલ થયો,

**જવાબ**

(૧)

| | મળેલ | નિકાલ |
|---|---|---|
| રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ | ૬૦૩ | ૬૦૧ |
| જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ | ૧૭૬૫૩ | ૧૬૫૭૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ પ્રકારની વ્યવસ્થા ભારતના અન્ય કોઈ રાજ્યમાં છે કે કેમ, અને | (૨) આ જ પ્રકારની વ્યવસ્થા અન્ય કોઈ રાજ્યમાં પ્રસ્થાપિત થયેલ હોવાનું જાણમાં નથી. |
| (૩) આ વ્યવસ્થાનો અભ્યાસ અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય સંસ્થાઓએ કરેલ છે કે કેમ ? | (૩) હા. જી, આંતર રાષ્ટ્રિય કક્ષાએ યુ.કે. સ્થિત કોમનવેલ્થની ઈ-ગવર્નન્સ ફોર ડેવલોપમેન્ટ શાખાએ કરેલ છે. અભ્યાસના અંતે સ્વાગત કાર્યક્રમને પ્રશ્નોના નિકાલ માટેની સૌથી વધુ પારદર્શક પધ્ધતિ તરીકે દર્શાવવામાં આવેલ છે. |

---------

**બારડોલી અને માંડવી તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભ**

૧૧૦૨૩ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલા આદિવાસી ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા, | (૧) બારડોલી-૭૯, માંડવી-૧૧૯ |
| (૨) આ યોજના હેઠળ ૨૪ કલાક સીંગલ ફેઈઝથી વીજળી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૨) આ યોજના હેઠળ ૨૪ કલાક થ્રી ફેઈઝથી વીજળી આપવામાં આવે છે. |
| (૩) આ તમામ આદિવાસી ગામોને ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજળી કયાં સુધીમાં સરકાર આપવા માંગે છે ? | (૩) થ્રી ફેઈઝ વીજળી શકય તેટલા વહેલા. |

---------

**મહેમદાવાદ તાલુકાના વાસણા મારગિયા ખાતેની રંગ અવધૂત અધ્યાયન મંદિરના સંચાલકો સામે વિદ્યાર્થીઓ ધ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ**

૧૧૪૪૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેમદાવાદ તાલુકાના વાસણા મારગિયા ખાતેની રંગ અવધૂત અધ્યાપન મંદિરના સંચાલકો સામે ટ્રસ્ટ વિદ્યાર્થીઓએ, જાન્યુઆરી-૨૦૦૫માં મહેમદાવાદ પોલીસ સમક્ષ નોંધાયેલ પોલીસ ફરિયાદોમાં ભીનું સંકેલાઈ ગયાની વાત સાચી છે, | (૧) ના, જી |
| (૨) જો ના, તો પોલીસ ફરિયાદો સંબંધે થયેલ કાર્યવાહીની વિગતો શું છે, | (૨) સદર પ્રકરણે બે ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તહોમતદારોની અટક કરી મેજીસ્ટ્રેટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો ભીનું સંકેલવામાં કોણે કોણે ભાગ ભજવ્યો છે તથા ભીનું સંકેલનારાઓ સામે સરકારે કંઈ પગલાં લીધા હોય તો તેવા પગલાની શું વિગતો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો પગલાં ન લેવાયા હોય તો તેના શું કારણો છે ? | (૪) યોગ્ય અટકાયતી પગલાં લેવામાં આવેલ છે. |

---------

**અમદાવાદમાં પાઈપલાઈન ધ્વારા રાંધણગેસ આપવાનું આયોજન**

૮૬૧૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરના નગરજનોને રાંધણગેસ માટે પાઈપ લાઈન ધ્વારા ગેસ મળી રહે તેવું કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે, | (૧) અમદાવાદ વિસ્તારમાં ઔદ્યોગિક, વાણિજિયક તથા ઘરગથ્થુ વપરાશ અને વાહનોમાં સી.એન.જી. ના વપરાશ માટે ગેસ વિતરણ અંગેની આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા સરકારે મે. ગુજરાત અદાણી એનર્જી લિ.ને મંજૂરી આપેલ છે. |
| (૨) જો હા, તો આ કામ કયા તબકકામાં છે અને કયાં સુધીમાં પૂર્ણ થશે, અને | (૨) અમદાવાદને ગેસ પૂરો પાડતી મુખ્ય પાઈપ લાઈન ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમીટેડ (જીએસપીએલ) એ જુન ૨૦૦૪માં નાંખી દીધી છે. ગુજરાત અદાણી એનર્જી લિ. ધ્વારા સ્થાનિક |

| | |
|---|---|
| | વિસ્તારોને જોડતી આંતરિક પાઈપ લાઈનનું કામ ૨૦૦૪ થી શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદના બધા વિસ્તારોને તબકકાવાર આવરી લેવાનું આયોજન છે. |
| (૩) તે માટેની કામગીરી હાલ પ્રગતિમાં છે ? | (૩) હા, આ માટેની પાઈપ લાઈન નાંખવાનું કામ હાલ પ્રગતિમાં છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ૧૦ હજાર રૂપિયાથી વધારે રકમનો દારુ પકડવા અંગે**

૧૦૫૩૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પોલીસ સ્ટેશનમાં રૂા.૧૦ હજાર કે તેથી વધારે કિંમતનો દારુ પકડાય તો પગલાં લેવા માટેની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) રાજ્યમાં રૂા. ૧૦ હજાર કે તેથી વધુ રકમનો દેશી દારુ અને રૂા. ૧૫ હજાર કે તેથી વધુ રકમનો વિદેશી દારુ પકડાય તો તેવા કેસોને ગણનાપાત્ર કેસ ગણીને સ્થાનિક નશાબંધી/પોલીસ સ્ટેશનના સ્ટાફ વિરુધ્ધ સરકારશ્રીના તા.૧૨-૯-૦૩ના ઠરાવ ક્રમાંક : નશધ/૧૦૯૯/૭૫૩/ઈ-૧ ની જોગવાઈઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કયા ક્યા પોલીસ સ્ટેશન હેઠળ તા.૩૧-૧-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૧૦ હજાર રૂા. કરતાં વધારે દારુ પકડાયો, અને | (૨) સામેલ પત્રક - 'અ' મુજબ. |
| (૩) આ અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાંઓ લીધા ? | (૩) નશાબંધી ખાતામાં બહારની એજન્સીએ શોધેલ કુલ - ૩૦ ગણનાપાત્ર કેસોમાં તથા જીલ્લા પોલીસ ધ્વારા શોધેલ કુલ : ૧૭ ગણનાપાત્ર કેસો મળી કુલ : ૪૭ કેસોમાં ઈન્કવાયરીઓ આપવામાં આવેલ. જે પૈકી ૪૧-કેસોમાં ઈન્કવાયરીઓ તપાસને અંતે દફતરે કરેલ છે. ૬-કેસોમાં ઈન્કવાયરીઓ તપાસ ઉપર પડતર છે.<br><br>પોલીસ ખાતામાં બહારની એજન્સીએ શોધેલ કુલ : ૨૪ ગણનાપાત્ર કેસો તથા નશાબંધી ખાતા ધ્વારા શોધેલ કુલ : ૨૯ કેસો મળી કુલ : ૫૩ કેસોમાં ઈન્કવાયરીઓ આપવામાં આવેલ. જેમાં ૧-એ.એસ.આઈ.ને ફરજમોકુફ હેઠળ મૂકવામાં આવેલ છે. ૧-પી.એસ.આઈ.ને ઠપકાની તથા ૧-પી.એસ.આઈ.ને રૂા.૨૦૦૦/-ના દંડની સજા કરેલ છે. જયારે ૫ (પાંચ) કસુરદાર અધિકારી/કર્મચારીઓને ખાતાકીય તપાસનો ચાર્જ આપેલ છે. ૮-ઈન્કવાયરી ચાલુ છે. જયારે ૩૭-કેસોમાં ઈન્કવાયરીઓ તપાસને અંતે દફતરે કરેલ છે. |

**પત્રક - અ**

**જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૧૦ હજાર રૂા. કરતાં વધારે દારુ પકડાયેલ પોલીસ સ્ટેશનોની વિગતો.**

| અ.નં. | તાલુકાનું નામ | પોલીસ સ્ટેશન / નશાબંધી સ્ટેશનનું નામ |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧. જુનાગઢ એ ડીવીઝન પો. સ્ટે. |
| | | ૨. જુનાગઢ બી ડીવીઝન પો. સ્ટે. |

| | | |
|---|---|---|
| | | ૩. જુનાગઢ તાલુકા પો. સ્ટે. |
| | | ૪. જુનાગઢ નશાબંધી સ્ટેશન. |
| ૨ | વિસાવદર | ૧. વિસાવદર પો. સ્ટે. |
| ૩ | મેદરડા | ૧. મેદરડા પો. સ્ટે. |
| ૪ | ભેસાણ | ૧. ભેસાણ પો. સ્ટે. |
| | | ૨. જુનાગઢ નશાબંધી સ્ટેશન. |
| ૫ | કેશોદ | ૧. કેશોદ પો.સ્ટે. |
| ૬ | વંથલી | ૧. વંથલી પો. સ્ટે. |
| | | ૨. જુનાગઢ નશાબંધી સ્ટેશન. |
| ૭ | માણાવદર | ૧. માણાવદર પો. સ્ટે. |
| | | ૨. બાટવા પો. સ્ટે. |
| ૮ | વેરાવળ | ૧. વેરાવળ સીટી પો. સ્ટે. |
| | | ૨. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૯ | સુત્રાપાડા | ૧. સુત્રાપાડા પો. સ્ટે. |
| | | ૨. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૧૦. | કોડીનાર | ૧. કોડીનાર પો. સ્ટે. |
| | | ૨. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૧૧ | ઉના | ૧. ઉના પો. સ્ટે. |
| | | ૨. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૧૨ | તાલાળા | ૧. તાળાલા પો. સ્ટે. |
| | | ૨. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૧૩ | માંગરોળ | ૧. માંગરોળ પો. સ્ટે. |
| | | ૨. શીલ પો. સ્ટે. |
| | | ૩. વેરાવળ નશાબંધી સ્ટેશન. |
| ૧૪ | માળીયાહાટીના | ૧. માળીયા પો. સ્ટે. |
| | | ૨. ચોરવાડ પો. સ્ટે. |

---------

**રાજ્યમાં ડાયરેકટર જનરલ ઓફ પોલીસની ખાલી જગ્યા**

૧૧૩૭૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમા ડાયરેકટર જનરલ ઓફ પોલીસની જગ્યા કેટલા સમયથી ખાલી છે. | (૧) રાજ્યમાં ડાયરેકટર જનરલ ઓફ પોલીસની જગ્યા ખાલી નથી. |
| (૨) ઈન્ચાર્જ ડી.જી. પાસે કુલ કેટલા ચાર્જ છે અને તેમને અસલ નિમણૂંક કયા હોદ્દા માટે થયેલ છે, અને | (૨) રાજ્યના ડી.જી.પી. ની જગ્યા ઉપર નિયમિત ધોરણે નિમણૂંક થઈ છે, અને હાલના ડી.જી.પી. પાસે મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશનનો વધારાનો હવાલો છે. |
| (૩) છેલ્લા કેટલા સમયથી ડિપાર્ટમેન્ટ પ્રમોશન કમિટિની મીટીંગ નહીં થવાથી આ પ્રમોશનો આપી શકાયા નથી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડૂતોને ૧૬ કલાક વિજળી આપવાની નીતિનો બનાસકાંઠા જિલ્લામાં ભંગ થવા અંગે**

૧૦૯૪૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતોને ખેત જોડાણમાં ૧૬ કલાક વિજળી પૂરી પાડવી અને ૪૦૦ વોલ્ટેજ મળે તે સરકારની નિતિ અન્વયે તેનો અમલ બનાસકાંઠા જિલ્લામાં થતો નથી, તે હક્કિત સાચી છે, અને<br>(૨) જો હા , તો તેનો અમલ કરવા સરકારે શું પગલાં લીધા છે? | (૧) અને (૨) રાજ્યમાં વીજમાંગ અને પુરવઠાની સ્થિતિ ધ્યાને લઈ પુરતા દબાણથી વીજપુરવઠો પુરો પાડવાનું આયોજન કરવામાં આવેલ છે આમ છતાં, અંતરિયાળ ગામો તથા ફીડરોના છેવાડાના ભાગોમાં પુરતા દબાણથી ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળે તે માટે વીજવિતરણ કેન્દ્રની સમીક્ષા, ફીડરોનું વિભાજન તેમજ વીજવાયરો બદલવાની કામગીરી કરવામાં આવે છે. |

---------

### સુરત જિલ્લા અને શહેરમાં વિવિધ ગુના

૧૦૨૩૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લા અને શહેરમાં કેલેન્ડર વર્ષ-૨૦૦૪ તથા ૨૦૦૫ માં ચોરી, બેંકલૂંટ, બળાત્કાર, ધાડ અને લૂંટના કુલ કેટલા બનાવો બનવા પામેલ છે, અને

(૧)

| | ચોરી | બેંકલૂંટ | બળાત્કાર | ધાડ | લૂંટ |
|---|---|---|---|---|---|
| સુરત શહેર | ૧૬૭૫ | - | ૨૯ | ૩૨ | ૬૪ |
| સુરત ગ્રામ્ય | ૧૬૪ | ૧ | ૧૩ | ૨૩ | ૨૫ |

(૨) જે પૈકી કેટલા ગુન્હામાં ગુન્હેગારોને પકડવામાં આવેલ છે?

(૨)

| | ચોરી | બેંકલૂંટ | બળાત્કાર | ધાડ | લૂંટ |
|---|---|---|---|---|---|
| સુરત શહેર | ૫૬૭ | - | ૨૭ | ૨૨ | ૪૭ |
| સુરત ગ્રામ્ય | ૭૨ | - | ૧૧ | ૮ | ૧૨ |

--------

### દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો ઉપર અત્યાચારના બનાવો

૧૦૫૪૨ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો પર અત્યાચારના કેટલા બનાવો બન્યા,

(૧) અનુસૂચિત જાતિ - ૫
અનુસૂચિત જનજાતિ - ૬

(૨) આ અત્યાચારો દાહોદ જિલ્લામાં કયા પોલીસ સ્ટેશનમાં નોંધાયા,

(૨) દાહોદ ટાઉન - ૪
દાહોદ ગ્રામ્ય - ૨
ગરબાડા - ૧
દેવગઢ બારીયા - ૩
ઝાલોદ - ૧

(૩) તેમાંથી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) ધરપકડ કરવામાં આવી - ૩૩
ધરપકડ કરવાની બાકી - ૩

(૪) હજુ સુધી ધરપકડ નહી કરવાના કારણો શું?

(૪) આ આરોપીઓ બહારગામ નાસી ગયેલ હોય અવાર-નવાર કોમ્બીંગની કાર્યવાહી તેમજ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબની કાર્યવાહી કરેલ છે.

---------

### રાજ્ય વાહન વ્યવહાર નિગમનું ખાનગીકરણ કરવા અંગે

૧૧૩૬૩ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

રાજ્ય વાહન વ્યવહાર નિગમની આર્થિક સ્થિતિ અને તેની સેવાઓને સુધારવા માટે રાજ્ય સરકાર તેનું ખાનગીકરણ કરવા માંગે છે કે કેમ?

ના, જી.

---------

### વીજીલન્સ કમિશન દ્વારા નર્મદા વિભાગને મળેલ ભ્રષ્ટાચાર-ગેરરીતિ અન્વયેના કેસો

૧૦૭૪૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના વીજીલન્સ કમીશન દ્વારા નર્મદા વિભાગના ભ્રષ્ટાચાર-ગેરરીતિઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં મોકલવામાં આવેલા કેટલા કેસો તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ વિભાગમાં પડતર છે, અને

(૧) ૭ (સાત).

(૨) આવા કેસોની તપાસ કરવાની મુદત કેટલા

(૨) પ્રાથમિક તપાસમાં ૪ માસ, હળવી

| | |
|---|---|
| સમયની હોય છે? | શિક્ષાના કેસોમાં ૧૪૨ દિવસ, ભારે શિક્ષાના કેસોમાં ૩૮૨ દિવસ. |

---------

**કડી અને કલોલ તાલુકામાં નર્મદા કેનાલ ઉપરના પુલના છેડા રોડ સાથે ડામર સપાટીથી જોડવા અંગે**

૧૧૧૩૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કડી તેમજ કલોલ તાલુકામાં પસાર થતી નર્મદા કેનાલના કેટલા પૂલના છેડાઓ ડામર રોડ સાથે ડામર સપાટીથી છેલ્લા ત્રણ વર્ષમાં જોડવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ.<br>કડી તાલુકો - ૨૯<br>કલોલ તાલુકો - ૯<br>**કુલ : ૩૮** |
| (૨) કેટલા પુલના છેડાઓ ડામર રોડ સાથે ડામર સપાટીથી જોડવાના બાકી છે, | (૨) કડી તાલુકો - ૮. |
| (૩) બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) સાણંદ શાખા નહેરના ૪ પુલના એપ્રોચને ડામર કરવાના કામો માટે ટેન્ડરના ઉંચા ભાવ આવતા રદ કરવામાં આવેલ છે. આ કામ માર્ગ અને મકાન વિભાગ મારફત ડીપોઝીટ વર્ક તરીકે કરાવવાનું આયોજન છે. બાકીના ૪ પુલના એપ્રોચ વિરમગામ-૨ શાખા નહેર ઉપરના છે. આ શાખા નહેરનું કામ પ્રગતિમાં છે. તેની સાથોસાથ જ ડામર કામ હાથ ધરી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) બાકીના ક્યારે જોડવામાં આવશે? | (૪) સને ૨૦૦૫-૦૬ માં. |

---------

**રાજ્યની જેલોના કાચા કામના કેદીઓને પેરોલ**

૧૦૨૪૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જુદી જુદી જેલોમાં કાચા કામના કેદીઓને પેરોલ આપવા માટે ગૃહ વિભાગ મંજૂરી આપે છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. કાચા કામના કેદીઓ જયુડીશીયલ કસ્ટડીના આરોપીઓ ગણાય છે. તેમને મુંબઇ પેરોલ/ ફર્લો નિયમોની જોગવાઇ મુજબ પેરોલ મંજુર થઇ શકે નહિ. આવા કેદીઓએ સંબંધિત કોર્ટ/હાઇકોર્ટમાંથી હંગામી જામીન મેળવવાના રહે છે. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા.૧-૧-૦૪ થી તા.૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલા કાચા કામના કેદીઓને પેરોલ આપવામાં આવી? | (૨) કોઇ કાચા કામના આરોપીઓને પેરોલ આપી નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ સ્ટેશન પ્રમાણે ખાલી જગ્યાઓ**

૧૧૩૭૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઇ., પી.આઇ.ની કેટલી જગ્યા પોલીસ સ્ટેશન પ્રમાણે ખાલી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |

**પત્રક**

**ખાલી જગ્યાની માહિતી.**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું | પો.ઇ. | પો.સ.ઇ | પો.કો. |
|---|---|---|---|---|
| ૧ | 'એ' ડીવીઝન | - | - | ૭ |
| ૨ | 'બી' ડીવીઝન | - | - | ૩૪ |
| ૩ | જૂનાગઢ તાલુકા | - | - | ૧ |
| ૪ | ભેસાણ | - | - | ૧૦ |
| ૫ | બીલખા | - | - | ૪ |
| ૬ | મેંદરડા | - | - | ૪ |
| ૭ | વીસાવદર | - | - | ૧૯ |
| ૮ | કેશોદ | - | - | - |
| ૯ | વંથલી | - | - | ૧ |
| ૧૦ | માણાવદર | - | - | ૯ |
| ૧૧ | બાંટવા | - | - | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | બાંટવા | - | - | ૧ |
| ૧૨ | વેરાવળ | - | - | ૪૫ |
| ૧૩ | પ્રભાસ પાટણ | - | - | - |
| ૧૪ | તલાલા | - | - | ૮ |
| ૧૫ | સુત્રાપાડા | - | - | ૮ |
| ૧૬ | ગીર ગઢડા | - | - | - |
| ૧૭ | ઉના | - | - | ૪ |
| ૧૮ | કોડીનાર | - | - | - |
| ૧૯ | માંગરોળ | - | - | ૧૩ |
| ૨૦ | શીલ | - | - | ૭ |
| ૨૧ | ચોરવાડ | - | - | - |
| ૨૨ | માળીયા હાટીના | - | - | ૧૦ |
| ૨૩ | પો.હેડ કવાર્ટસ જૂનાગઢ | - | - | - |
| | કુલ : | - | - | ૧૮૫ |

(૨) આ જગ્યા કેટલા સમયમાં ભરવા માંગો છો?

(૨) જેમ બને તેમ વહેલી.

---------

## વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવની સિધ્ધિ

૧૦૯૫૫ **શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવ દ્વારા રાજ્ય સરકારે મેળવેલ સિધ્ધિ**ની** વિગતો શું છે, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૪-૦૫ના વર્ષમાં કુલ ૨૨૬ રોકાણકારો દ્વારા રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડની મૂડી રોકાણ કરવાની તૈયારી દર્શાવેલ છે. આ રોકાણથી રાજ્યમાં ઔદ્યોગિક ઉત્પાદન વધશે, રોજગારીનું પ્રમાણ વધશે અને તે ઉદ્યોગોને આનુષાંગિક પ્રવૃત્તિઓ વિકસશે.

વિશેષમાં મહોત્સવને મળેલ વ્યાપક પ્રસિધ્ધિથી અને મળેલ દરખાસ્તોના કારણે ઔદ્યોગિક અને આંતરમાળખાકીય ક્ષેત્રે મૂડી રોકાણ માટે ગુજરાત એક ઉત્તમ સ્થળ છે તે સ્થાપિત થયેલ છે.

આ ઉપરાંત ઉકત પ્રસંગે પ્રસિધ્ધ થયેલ માહિતીસભર સોવેનિયરથી ઉદ્યોગ ક્ષેત્રની સંબંધિત વ્યકિતઓ/ઉદ્યોગકારોને આવશ્યક ઉપયોગી માહિતી સરળતાથી ઉપલબ્ધ થયેલ છે.

(૨) જે નવા મૂડી રોકાણ અંગેની જાહેરાત આ કાર્યક્રમ માટે કરવામાં આવેલ છે, તેના ફોલોઅપ માટેની શું વ્યવસ્થા સરકારે ગોઠવેલ છે?

(૨) ઔદ્યોગિક ગૃહો દ્વારા જાહેર કરાયેલ આ મૂડી રોકાણ ઝડપથી ઉત્પાદનમાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવેલ છે.

- રાજ્ય સરકાર ઉદ્યોગોના અમલીકરણ આડે આવતા પ્રશ્નોની અગ્રતાના ધોરણે નિકાલ અંગે કાર્યવાહી હાથ ધરશે.
- ઉદ્યોગ ક્ષેત્રના સંબંધિત નોડલ અધિકારીઓ તેમની કક્ષાએ, ઉદ્યોગકારો સાથે તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરી ઉદ્યોગોના ઝડપી અમલીકરણ માટે મહત્વની કામગીરી હાથ ધરશે.
- સરકાર કક્ષાએ પણ આ ઉદ્યોગોના અમલીકરણ બાબતે સમીક્ષા કરવામાં આવશે.

---------

### રાજ્યમાં વધારાનું વિજ ઉત્પાદન

૧૦૫૬૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૧-૪-૦૪ થી તા.૩૧-૧-૦૫ સુધીમાં કેટલા મેગાવોટ વીજળીનું વધારાનું ઉત્પાદન રાજ્ય સરકારે કર્યુ છે, અને | (૧) ગયા વર્ષની સરખામણીમાં આગલા વર્ષ દરમ્યાન ૪૦૭૩ મી.યુ. વધુ વીજ ઉત્પાદન થએલ છે. |
| (૨) રાજ્યની ઉર્જાની જરૂરિયાતના પ્રમાણમાં ઉર્જાનું ઉત્પાદન ન કરવાના શું કારણો છે? | (૨) સ્થાપિત ક્ષમતામાં શક્ય વધુ વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે. |

---------

### વડોદરા જિલ્લામાં આદિવાસી યુવાનોને લઘુ ઉદ્યોગો માટે લોન

૧૦૫૯૦ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આદિવાસી યુવાનોને લઘુ ઉદ્યોગ સ્થાપવા માટે લોન આપવાની યોજના અન્વયે વડોદરા જિલ્લામાં ૨૦૦૪-૦૫ માં જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કેટલા યુવાનોને લઘુ ઉદ્યોગ સ્થાપવા માટે લોન આપી? | લઘુ ઉદ્યોગ સ્થાપવા માટે સરકારશ્રી તરફથી લોન આપવાની કોઇ યોજના નથી. પરંતુ કુટીર ઉદ્યોગો માટે લોન આપવાની બાજપાઇ બેંકેબલ યોજના અને વડાપ્રધાન રોજગાર યોજના અમલમાં છે. જે હેઠળ અનુક્રમે ૭૩ અને ૩૮ આદિવાસી યુવાનોને લોન આપવામાં આવી છે. |

---------

### કચ્છ જિલ્લામાં પાઇપલાઇન દ્વારા ગેસનું આયોજન હોવા અંગે

૧૧૩૬૬ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક વપરાશ માટે સી.એન.જી. કે એલ.એન.જી. કે પ્રોપેન ગેસ પાઇપલાઇનથી આપવા રાજ્ય સરકારનાં હાલના આયોજનમાં સમાવેશ થયો નથી, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે જરૂરી ગેસ ન પહોંચાડવાના કારણો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કચ્છ જિલ્લામાં કેટલા કીલોમીટર પાઇપ લાઇન કેટલા ખર્ચે કયારે નાંખવામાં આવશે અને કયારથી ગેસ આપવામાં આવશે? | (૩) કચ્છ જિલ્લામાં અંદાજીત રૂા.૬૧૫ કરોડના ખર્ચે ૧૭૫ કી.મી. લંબાઇની પાઇપ લાઇન નાંખવાનું આયોજન છે. આ અંગેના સર્વેનું આયોજન માર્ચ-૦૫ માં શરૂ કરવામાં આવશે. |

---------

### રાજ્ય સરકારે કરેલા એમ.ઓ.યુ બાબત

૧૦૨૮૫ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે કઈ કઈ કંપની સાથે કેટલી રકમના એમ.ઓ.યુ કર્યા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ હેઠળ કુલ ૨૨૬ રોકાણકારો તરફથી રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડનું મૂડી રોકાણ કરવાની દરખાસ્તો પ્રાપ્ત થઈ જેની સંપૂર્ણ વિગતો તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૮૩૧૪ના જવાબમાં આપેલ છે. |
| (૨) આ પૈકી કેટલા એમ.ઓ.યુ.નો અમલ થઈને કુલ કેટલી રકમના રોકાણથી કયા કયા પ્રકારના ઉદ્યોગોની સ્થાપના રાજ્યમાં થઈ અથવા નજીકના ભવિષ્યમાં થનાર છે, અને | (૨) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ હેઠળ રોકાણ કરવામાં આવેલ પ્રોજેકટો કાર્યાન્વિત થાય તે માટે સરકાર પ્રયત્ન શીલ છે. શકય તેટલી વહેલી તકે પ્રોજેકટો કાર્યાન્વિત થઈ શકશે. |
| (૩) કરવામાં આવેલ એમ.ઓ.યુ. અન્વયે રાજ્ય સરકાર કેટલું મૂડી રોકાણ કરનાર છે? | (૩) રાજ્ય સરકાર આ એમ.ઓ.યુ. અન્વયે મૂડી રોકાણ કરનાર નથી. |

---------

**કલ્પસર યોજના અન્વયે ગારીયાધાર તાલુકાને પાણી મળવાની શક્યતા**

૧૦૫૬૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર પ્રભાગ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલ્પસર યોજનાના શક્યતાદર્શી રીપોર્ટમાં ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે પાણી મળવાની શકયતા છે કે નહિં, | (૧) કલ્પસર યોજનાના શકયતાદર્શી રીપોર્ટ (વિસ્તૃત યોજનાકીય અહેવાલો) બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. ઉપરોક્ત કામગીરી પૂર્ણ થયે શકયતા જાણી શકાશે. |
| (૨) જો હા , તો આ તાલુકાની કેટલા એકર જમીનમાં સિંચાઈ થઈ શકે તેમ છે, અને | (૨) --ઉપરમુજબ-- |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે.? | (૩) --ઉપર મુજબ-- |

---------

**વલસાડ જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૯૦૪૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪માં કેટલી અરજીઓ મળી, અને | (૧) **મળેલ અરજીઓ** |

| **અ.નં.** | **કેલેન્ડર વર્ષ** | **અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| (૧) | ૨૦૦૩ | ૧૨૨૪ |
| (૨) | ૨૦૦૪ | ૧૦૩૮ |
| | | **કુલ. ૨૨૬૨** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) કેટલી અરજીઓ મંજુર કરી લોન આપવામાં આવી? | (૨) બેન્ક દ્વારા નીચે મુજબની અરજીઓ મંજુર કરી લોન આપવામાં આવી. |

| | | |
|---|---|---|
| (૧) | ૨૦૦૩ | ૬૦૮ |
| (૨) | ૨૦૦૪ | ૫૯૪ |
| | | **કુલ. ૧૨૦૨** |

---------

**ઝાડેશ્વર નર્મદા બ્રીજના દક્ષિણ છેડે પૂર્વ દિશામાં ગાઈડ બંધની બાજુમાં રેતી માટીની લીઝ**

૧૦૭૪૮ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરુચ જિલ્લામાં ઝાડેશ્વર નર્મદા બ્રીજના દક્ષિણ છેડા બાજુ પૂર્વ દિશામાં ગાઈડ બંધની બાજુમાં તેમજ રસ્તાની બાજુમાં રેતી માટી ભરી જવામાં આવે છે, તે વાત સાચી છે, | (૧) ભરુચ જિલ્લામાં ઝાડેશ્વર નર્મદા બ્રીજના દક્ષિણ છેડા બાજુ પૂર્વ દિશામાં ગાઈડ બંધથી તેમજ રસ્તાથી ૫૦ મીટર દૂરથી મોજે-માંડવા બુઝર્ગ, તા. અંકલેશ્વરના સર્વે નં. ૪૧૯માં આવેલ ખાનગી માલિકીની જમીનમાંથી કવોરી પરમીટ હેઠળ રેતી ભરી જવામાં આવે છે. |
| (૨) જો હા , તો આ રેતી માટી ભરવા માટે લીઝ કોના નામે કેટલા સમયથી આપવામાં આવેલ છે, | (૨) આ વિસ્તારમાં રેતી ભરવા માટે કવોરી લીઝ આપવામાં આવેલ નથી. પરંતુ ૩૦ દિવસની મુદત માટે ટૂંકાગાળાની કવોરી પરમીટ તા. ૮-૧૦-૦૪થી વખતો વખત શ્રી બીપીનભાઈ પી. પટેલને આપવામાં આવેલ છે. |
| (૩) આ રેતી માટી ભરી જવાથી નેશનલ હાઈવે રસ્તાને તેમજ ગાઈડ બંધને નુકશાન થાય એ હકીકત સરકારની જાણમાં છે, અને | (૩) નેશનલ હાઈવે તેમજ ગાઈડ બંધને નુકશાન ન થાય તે ધ્યાનમાં રાખીને રેતી માટે કવોરી પરમીટ, નેશનલ હાઈવે તેમજ ગાઈડ બંધથી ૫૦ મીટર અંતર છોડીને આપવામાં આવે છે. તેમજ નેશનલ હાઈવે તથા ગાઈડબંધને કવોરી પરમીટથી નુકશાન થયાની કોઈ રજૂઆત આવેલ નથી. |
| (૪) આ રેતી માટેનું વહન કરવાનું સરકાર બંધ કરવા માગે છે કે કેમ? | (૪) આ વિસ્તારમાં જમીન સમથળ કરવાના હેતુસર વખતો વખત ૩૦ દિવસ માટે જ પરમીટ આપવામાં આવે છે અને પરમીટની મુદત પૂરી થયે |

નવી પરમીટ આપતા પહેલા ઉક્ત તમામ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

---------

**પાઈપ લાઈન ધ્વારા રાંધણ ગેસ આપવા અંગે**

૧૧૧૯૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમીકલ્સ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાઈપ લાઈન મારફતે રાંધણ ગેસ આપવા માટે સરકારે વિચાર્યુ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા , તો શું આયોજન છે, અને | (૨) આણંદ જિલ્લાના ગાના ગામથી વિવિધ વિસ્તારોને જોડતી રાજકોટ સુધીની પાઈપ લાઈન નાંખવા અંગે સર્વે અને પાયાનું ઈજનેરી કામ પૂર્ણ થયેલ છે. ઈપીસી ટેન્ડર આપવાની શરૂઆત માર્ચ-૦૫ના અંતમાં કરવામાં આવશે. પાઈપલાઈન નાખવાનું કામ જુન-૨૦૦૬ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. રાજકોટ-જામનગર-ઓખા વિસ્તારની ૨૧૦ કી.મી. લંબાઈની પાઈપલાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) જામનગરમાં કયારે ઉપલબ્ધ થઈ શકશે? | (૩) આ અંગે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લી. ધ્વારા અગ્રતાના ધોરણે માર્કેટ સર્વે કરી માંગને ધ્યાને લઈ, પાઈપ લાઈન નાખવાનું આયોજન હાથ ધરાશે જે પૂર્ણ થયે ગેસ આપવાનું આયોજન છે. |

---------

**વડોદરા પોલીસ રેન્જમાં યોજાયેલ લોક દરબાર**

૧૧૧૩૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને માહિતીના આદાન-પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા , તો ડિસેમ્બર-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વડોદરા પોલીસ રેન્જમાં કયા કયા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે? | (૨) ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી |

| | | |
|---|---|---|
| વડોદરા રેન્જ | - | ૨૦ |
| ભરૂચ | - | ૬૭ |
| નર્મદા | - | ૬૬ |
| વડોદરા ગ્રામ્ય | - | ૧૫ |
| પંચમહાલ | - | ૨૨ |
| દાહોદ | - | ૩૭ |

---------

**નર્મદા જિલ્લામાં નર્મદા નહેરોનું કામ**

૯૧૭૫ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની નર્મદા જિલ્લાની નહેરોના કામ ક્યારે શરુ કરવામાં આવશે, | (૧)<br>• મુખ્ય નહેર, શાખા નહેર અને વિશાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે.<br>• પ્રશાખા નહેરોના કામો ૨૫૩૪૫ એકર (૧૦૨૬૧ હેકટર)માં પૂર્ણ થયેલ છે. અને ૨૧૨૭૨ એકર (૮૬૧૨ હેકટર)માં કામો પ્રગતિમાં છે. |

| | |
|---|---|
| | • પ્રશાખાઓ અને લીંક ડ્રેઈનના કામો પ્રગતિમાં છે. |
| (૨) આ કામો ક્યારે પુરા કરવામાં આવશે, અને | (૨) ૨૦૦૭-૦૮માં |
| (૩) કેટલો વિસ્તાર સિંચાઈ હેઠળ આવશે? | (૩) ૪૬૬૧૬ એકર (૧૮૮૭૩ હેકટર). |

---------

**રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને વીજમાંગ**

૧૦૨૬૫ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને વીજ માંગ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કેટલી છે, | (૧) વીજ ઉત્પાદન ક્ષમતા-૮૬૮૩ મે.વો. અનિયંત્રિત વીજ માંગ-૯૦૭૬ મે.વો. |
| (૨) રાજ્યની વીજ માંગ સામે કેટલી વીજળીની ખાદ્ય રહે છે, અને | (૨) આશરે ૧૯૦૦ થી ૨૦૦૦ મે.વો. |
| (૩) વીજ ખાદ્ય પૂરી કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) વીજ ખાદ્ય પૂરી કરવા દશમી અને અગિયારમી પંચવર્ષીય યોજના દરમ્યાન કુલ ૧૫૩૩૪ મે.વો. ની વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન છે. વધુમાં તા. ૨૨-૨-૦૫ ના રોજ મધ્યપ્રદેશમાં ૨૦૦૦ મે.વો. નો પ્રોજેક્ટ સ્થાપવા મધ્ય પ્રદેશ સરકાર સાથે રાજ્ય સરકારે સમજૂતિ કરાર કરેલ છે. |

----------

**સુરત મહાનગરપાલિકાના કમિશ્નરની ખાલી જગ્યા**

૧૦૦૮૯ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત મહાનગરપાલિકાના કમિશ્નરની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૧) આ જગ્યા તા. ૧૪-૨-૨૦૦૫ના રોજ ભરાઈ ગઈ છે, |
| (૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**સચિવાલયમાં ઉપ સચિવની ખાલી જગ્યાઓ**

૧૦૨૫૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સચિવાલયમાં ઉપસચિવની કુલ કેટલી જગાઓ ખાલી છે ? | (૧) ૧૬ |

----------

**પાણીના સ્ત્રોત ન હોય તેવા વિસ્તારમાં રાસાયણિક ઉદ્યોગોને સ્થાપવાની પરવાનગી બાબત**

૧૦૨૯૦ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જે વિસ્તારોમાં ભૂગર્ભ જળ સિવાય પીવાલાયક પાણીના અન્ય સ્ત્રોતો ઉપલબ્ધ નથી તેવા વિસ્તારોમાં નવા રાસાયણિક ઉદ્યોગોને સ્થાપવા કે વિસ્તરણની પરવાનગી આપવામાં આવે છે ? | (૧) કેન્દ્ર સરકારની ઉદારીકરણની નીતિ અન્વયે નવા ઉદ્યોગો સ્થાપવા કે વિસ્તરણ માટે હવે પરવાનગી લેવાની જરુર નથી. આમ છતાં પર્યાવરણ સંબંધિત નિયમો/કાયદાઓની જોગવાઈઓ અનુસાર જે કિસ્સામાં કેન્દ્ર/રાજ્ય સરકારીની મંજૂરી જરુરી હોઈ ત્યાં જે તે નિયમોની જોગવાઈ ધ્યાને લઈને જરુરી મંજૂરી અપાય છે. |

----------

**ગાંધીનગર જિલ્લાના પોલીસ સ્ટેશન/ આઉટ પોસ્ટ અપગ્રેડ કરવા અંગે**

૧૧૪૩૬ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાનાં કયા કયા પોલીસ સ્ટેશન કે આઉટ પોસ્ટ અપગ્રેડ કરવાની દરખાસ્તો પેન્ડીંગ છે, અને | (૧) એક પણ નહી |
| (૨) આ દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**રાજ્યમાં પાસા હેઠળ અટકાયત અને મુક્તિ**

૧૦૭૪૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાસા હેઠળ કેટલા ઈસમોની અટકાયત કરવામાં આવી છે, | (૧) ૧૪૧૫ |
| (૨) તે અન્વયે સરકારે કેટલાને છોડી મૂક્યા, અને | (૨) ૨૧ |
| (૩) કેટલાને નામદાર કોર્ટે છોડી મૂક્યા ? | (૩) ૪૨૮ |

----------

**ભાવનગર જિલ્લામાં પી.એસ.આઈ.ની ખાલી જગ્યાઓ**

૧૦૯૬૪ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પી.એસ.આઈ.ની ૩૦ ટકા જગ્યાઓ ખાલી છે, તે વાત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) ખાલી જગ્યાઓ પૈકી મહુવા તાલુકામાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) મહુવા તાલુકા હેઠળ આવેલ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.ની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે. |

| પો.સ્ટે. | પો.સ.ઈ.ની ખાલી જગ્યા |
|---|---|
| મહુવા | ૨ |
| ખુંટવડા | ૧ |
| બગદાણા | - |

| | |
|---|---|
| (૩) જો હા, તો આ જગ્યાઓ કેટલા સમયગાળામાં ભરવામાં આવશે? | (૩) જેમ બને તેમ વહેલી |

----------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ**

૧૧૪૪૪ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થતિએ સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા, | (૧) અને (૨) જ્યોતિગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આવરી લીધેલ તમામ ગામો તથા તા. ૨૩-૨-૨૦૦૫ની સ્થિતિએ ૨૪ કલાક વીજપુરવઠો મેળવતા ગામોની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | આવરી લેવાયેલ ગામોની સંખ્યા | ૨૪ કલાક વીજપુરવઠો મેળવતા ગામોની સંખ્યા |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૩૪ | ૬ |
| ૨ | સોનગઢ | ૧૬૭ | ૪૯ |
| ૩ | ઉચ્છલ | ૩૯ | ૧ |
| ૪ | નિઝર | ૫૧ | ૪ |

(૨) આ યોજના હેઠળ કેટલા ગામોને ૨૪ (ચોવીસ) કલાક વીજ પુરવઠો મળે છે, અને

(૩) બાકી ગામોને ક્યારે જોડવામાં આવશે ?

(૩) શક્ય તેટલા વહેલા

----------

**કુટિર જ્યોત યોજના અન્વયે આદિવાસી વિસ્તારોમાં આપવામાં આવેલ લાભ**

૧૧૩૭૯ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ આદિવાસી વિસ્તારોમાં કેટલા આદિવાસીઓને લાભ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી સુરત જિલ્લાનાં વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસીઓને લાભો આપવામાં આવ્યા હોય તો તેની વિગતો શું છે, અને

(૩) બાકી રહેલા લાભાર્થીઓને આ યોજના હેઠળ કેટલા સમયમાં આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૯૯૩૭

(૨) તે પૈકી સુરત જીલ્લાના વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં આપવામાં આવેલ વીજજોડાણોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વીજજોડાણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | વ્યારા | ૧૩૯૫ |
| ૨ | સોનગઢ | ૧૦૨૬ |
| ૩ | ઉચ્છલ | ૩૪૦ |
| ૪ | નિઝર | ૩૧૦ |

(૩) યોજનાના ધારાધોરણો અનુસાર શક્ય તેટલા વહેલાં.

--------

**રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવાનું આયોજન**

૧૦૨૫૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવા માટેની રાજ્ય સરકારની ભૂમિકા અને આયોજન શું છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકારની ભૂમિકા અને તે અન્વયે થયેલ આયોજનની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છેઃ-

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને તેલ અને ગેસના ઉત્ખનન ક્ષેત્રે પ્રોત્સાહિત કરી રાજ્યમાં ગેસની વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધિ સાકાર કરી છે.

(૨) દહેજ ખાતે દેશનું પ્રથમ એવું એલ.એન.જી. ટર્મિનલ કાર્યરત થતા પેટ્રોનેટ એલ.એન.જી. લિ. પાસેથી વાર્ષિક ૧૦ લાખ ટન એલ.એન.જી. મેળવવા માટે રાજ્ય સરકારે સક્રિય ભૂમિકા ભજવી છે.

(૩) હજીરા ખાતે શેલ દ્વારા નિર્મિત રાજ્યનું બીજું ટર્મિનલ ઝડપથી કાર્યાન્વિત થાય તે દિશામાં પણ રાજ્ય સરકારની સક્રિય ભૂમિકા રહેલી છે.

(૪) આ બન્ને ટર્મિનલોને ૧૦ એમએમટીપીએ સુધી વિસ્તારવાનું આયોજન છે.

(૫) એલ.એન.જી. ના વધુ પુરવઠાને ખરીદવા ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન સાથે ગુજરાત

સ્ટેટ પેટ્રોલિયમ નિગમ મારફત કરારો કર્યા.
(૬) રાજ્યના ૧૬૦૦ કિ.મી. ના દરિયા કિનારે પેટ્રોલિયમ માટે રેશ્યલ ઇકોનોમીક ઝોન વિકસાવવાની વિચારણા.
(૭) રાજ્યમાં વિપુલ પ્રમાણમાં ગેસનો જથ્થો ઉપલબ્ધ થતા, રાજ્યમાં ગેસ આધારિત અર્થવ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની દિશામાં પહેલ કરી, રાજ્યમાં ઔદ્યોગિક, વાણિજિયક, વીજ ઉત્પાદન તેમજ ઘરવપરાશના ઉપયોગ માટેની ગેસ વિતરણ અંગેની નીતિ નક્કી કરી રાજ્ય સરકારે અમદાવાદ અને વડોદરા માટે અદાણી ગૃપ, મહેસાણા, ગાંધીનગર અને સાબરકાંઠા માટે બીપીસીએલ અને રાજકોટ, સુરેન્દ્રનગર માટે ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા લિ. ને મંજૂરી આપેલ છે.
(૮) ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. દ્વારા હજીરાથી કલોલ સુધીની ૪૩૦ કિ.મી. લાંબી ગેસ પરિવહન લાઇન કાર્યરત વિવિધ ગ્રાહકોને ગેસ વિતરણની કામગીરી ચાલુ.
(૯) ઉર્જા ઉત્પાદન તથા ઔદ્યોગિક એકમોને હાલમાં અપાતા ૧૭ એમ.એમ.એસ.સી.એમ.ડી. ગેસના પુરવઠામાં વધારો કરી સને ૨૦૦૭ સુધીમાં ૪૦ એમ.એમ.એસ.સી.એમ.ડી. સુધી કરવાનું આયોજન.
(૧૦) અમદાવાદ ખાતે વાહનોના ઉપયોગ સારુ સી.એન.જી. પૂરો પાડવા ત્રણ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત. વર્ષના અંત સુધીમાં કુલ-૨૦ સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન.
(૧૧) રાજ્યના સિરામીક તથા અન્ય ઉદ્યોગોને ગેસ ઉપલબ્ધ કરવાનું આયોજન.
(૧૨) વાહનોમાં સી.એન.જી.ના ઉપયોગને વ્યાપક બનાવવા અંગેના કાયદાની વિચારણા.
(૧૩) ગુજરાતમાં નિષ્ણાંત વિદેશી સંસ્થાના સહયોગથી પેટ્રોલિયમ તથા ગેસ અંગે લોકોને તાલીમ આપવા તથા સંશોધનો કરવા ગુજરાત એનર્જી રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટ્યુટની સ્થાપના.
(૧૪) રાજ્યના તમામ જિલ્લાઓને ગેસ ગ્રીડથી સાંકળવાનું આયોજન.

(૨) ડિસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ ગુજરાતમાં ગેસની કુલ ઉપલબ્ધિ કેટલી છે, અને

(૨) ૩૧.૫૦ એમ.એમ.એસ.સી.એમ.ડી.

(૩) ભવિષ્યમાં તેમાં કેટલો વધારો થવાની શક્યતા છે ?

(૩) ૭૨ એમએમએસસીએમડી એલ.એન.જી. તથા ૩૩ એમ.એમ.એસ.સી.એમ.ડી. નેચરલ ગેસ.

--------

**સુરત જિલ્લામાં હિરા ઉદ્યોગ તથા જવેલરીના વિકાસ માટે ફાળવેલ જમીનના ઉપયોગમાં શરતોનો ભંગ**

૧૦૫૫૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં હિરા ઉદ્યોગ તથા જવેલરી ઉદ્યોગના વિકાસ માટે કુલ કેટલી જમીન કઇ શરતોએ

**જવાબ**

(૧) સચિન ઔદ્યોગિક વસાહતમાં ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડને "જેમ છે તેમના ધોરણે" ૧૯૮૬/૮૭ માં કુલ ૧૧૨-૩૨-

| | |
|---|---|
| સરકાર તરફથી ફાળવવામાં આવી છે. | ૩૮ હેકટર જમીનની ફાળવણી કરેલ છે, તે પૈકી ૯૭-૬૭-૭૭ હેકટર જમીનનો કબજો એકમને સોંપવામાં આવેલ છે. જમીનની ફાળવણી ૯૯ વર્ષના ભાડાપટે (૮૩૬ ચો.મી.ના વાર્ષિક રૂા. ૧/ના દરથી) કરવામાં આવેલ છે. "જેમ છે તેમના ધોરણે" એટલે કે માળખાકિય સુવિધાના વિકાસ કાર્યો વિના ફાળવણી કરવામાં આવે છે, ઔદ્યોગિક પ્રવૃત્તિ માટે જમીનનો ઉપયોગ થયેલ છે તે મુજબ શરતો છે.<br>(બ) ઇચ્છાપોર ખાતે મેસર્સ ગુજરાત હીરા બુર્શને "જેમ છે તેમના ધોરણે" ૧૦૦ હેકટર જમીનની ફાળવણી તા. ૧૪-૯-૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ છે. હાલ કરારખત કાર્યરત કરી જમીનનો કબજો સોંપવાની કાર્યવાહી ચાલી રહેલ છે. |
| (૨) આ જમીનનો હાલ શું ઉપયોગ થયો છે, અને આ ઉપયોગ શરતો મુજબ જ થાય છે કે કેમ, | (૨) આ ડાયમંડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા તેમના સભ્યોને ડાયમંડની પ્રવૃતિઓ માટે તેમજ બીનપ્રદુષિત ઔદ્યોગિક પ્રવૃતિ તેમજ પાણીનો ઓછો વપરાશ હોય તેવા એકમોને ઉપયોગની મંજૂરી આપવામાં આવેલ છે.<br>(બ) મેસર્સ ગુજરાત હીરા બુર્શને તાજેતરમાં જ જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૩) જો શરતોનો ભંગ થયો હોય તો કઇ કઇ શરતનો ભંગ થયો છે, અને કોણે કોણે ભંગ કર્યો, અને | (૩) ના, જી. |
| (૪) તેઓની સામે શું પગલાં ભરવામાં આવ્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## રાજ્યમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો વિકાસ કરવાનું આયોજન

૧૦૫૭૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનું ફલક વધારવા તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) સામેલ પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

| | |
|---|---|
| ૧. | રાજ્ય સરકાર દ્વારા ઇન્ફોર્મેશન ટેકનોલોજી ના વિકાસ માટે ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. ને નોડલ એજન્સી તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| ૨. | પ્રમોશન ઓફ આઇ.ટી. સદરે રૂા. ૧૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે તથા આઇ.ટી. તે અંતર્ગત ગુજરાતમાં આઇટી રોકાણકારો આવે તેમજ બેંગલોર, પુના, મુંબઇથી વિવિધ આઇટી કંપનીઓ ગુજરાતમાં રસ લે તે માટે ગુજરાતને આઇટીનું આદર્શ રોકાણ સ્થળ દર્શાવવા વિવિધ સેમીનારો અને કોન્ફરન્સોમાં રાજ્ય સરકાર વતીથી જીઆઇએલ ભાગ લે છે. તેમજ રાજ્યમાં સીઆઇઆઇ તેમજ ગેસીયા જેવા એસોસિએશનની મદદથી રાજ્યમાં આઇટીની તેમજ બીપીઓને લગતી કોન્ફરન્સ અને સેમીનારો યોજવામાં આવે છે. |
| ૩. | વેન્ચર ફંડની સ્થાપના કરવામાં આવેલ છે અને તેના માટે રૂા. ૨૫૭ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. |
| ૪. | રાજ્ય સરકાર દવારા રાજ્યના વહીવટના ઇ-ગવર્નન્સનો મહત્તમ ઉપયોગ થાય તે પ્રમાણે આયોજન કરવામાં આવેલ છે અને આ માટે ગુજરાત સ્ટેટ વાઇડ એરીયા નેટવર્ક, ઇ-ગ્રામ પ્રોજેક્ટ, સચિવાલય ઇન્ટીગ્રેટેડ કોમ્યુનીકેશન નેટવર્ક પ્રોજેક્ટ જેવા અગત્યના પ્રોજેક્ટો અમલમાં મૂકવામાં આવેલ છે તથા મહેસૂલ વિભાગ દ્વારા જમીન સંબંધિત દસ્તાવેજોનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝેશન, સેલ્સ ટેક્સ કચેરીનું કોમ્પ્યુટરાઇઝેશન વગેરે કરવામાં આવી રહ્યું છે. |
| ૫. | ગાંધીનગર ખાતે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના વિકાસ માટે સંપૂર્ણ માળખાકીય સુવિધાઓ સાથેની ઇન્ફોસીટીની સ્થાપના કરવામાં આવેલ છે તથા અમદાવાદમાં જીએનએફસી ઇન્ફોટાવર ઉભું કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| ૬. | રાજ્ય સરકારે ઇન્ફોર્મેશન ટેકનોલોજી ઇન્ડસ્ટ્રીયલ ઇન્સેન્ટીવ સ્કીમ ૧૯૯૯-૨૦૦૪ જાહેર કરેલ છે જેનું અમલીકરણ ચાલુ છે. જે અંતર્ગત રાજ્યના આઇ.ટી. આધારિત ઉદ્યોગોને કેપીટલ સબસીડી, ટર્નઓવર સબસીડી અને કનેકટીવીટી સબસીડી આપવામાં આવે છે. જેનાથી રાજ્યના આઇ.ટી. આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે. | |
| ૭. | ૨૦૦૪ ના વર્ષને ઇ-ગવર્નન્સ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ઇ-ગવર્નન્સની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે. રોજબરોજની કામગીરીમાં આઇટીનો વપરાશ વધે તે માટે જીએસવાન, તેમજ સચિવાલય ઇન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે.તેમજ સરકારી વિવિધ વિભાગોમાં સોફ્ટવેર એપ્લીકેશન તેમજ કોમ્પ્યુટરાઇઝેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી આઇટીને લગતી કંપનીઓને પણ ગુજરાતમાં ધંધાની તક મળી છે. | |
| ૮. | ઇ-ગવર્નન્સનો રાજ્ય સરકારમાં નાગરિક કેન્દ્રીત સુવિધાઓ તેમજ અન્ય સુવિધાઓ ચાલુ કરવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે. | |
| | | ગ્રામ પંચાયતની સેવાઓ ઇ-ગ્રામ દ્વારા કરવામાં આવી છે. |
| | | નગરપાલિકાઓની તથા તાલુકા કક્ષાની (અર્ધશહેરી વિસ્તારોની) સેવાઓ જનસેવા કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે. |
| | | જિલ્લાકક્ષાની સેવાઓ કલેકટર કચેરીની ઇન્ફોર્મેશન ગેલરીના કાઉન્ટર દ્વારા કરવામાં આવી છે. |
| | | શહેરી વિસ્તારની સેવાઓ સીટી સિવિક સેન્ટર દ્રારા ઉપલબ્ધ થઇ રહી છે. |
| | | જિલ્લા અને તાલુકા કક્ષા સુધી સફળતાપૂર્વક જોડેલ વોઇસ, વિડીયો અને ડેટાની સેવાઓ હવે ગ્રામ વિસ્તારમાં વિસ્તરી રહી છે. |
| ૯. | ૯૮ લાખ સર્વે નંબરની જીએસડબલ્યુએએન પર ઉપલબ્ધિ અને લેન્ડ રેકોર્ડ મેનેજમેન્ટની દિશામાં કૃતનિશ્ચયી પગલાં દ્વારા જમીનના દસ્તાવેજોની માહિતી આજે મળી રહી છે. સરકારની તમામ કચેરીઓમાં નાગરિક અધિકારપત્રની કામગીરી પૂર્ણ થયેલ છે. | |
| ૧૦. | સેલ્સટેક્ષ કચેરી (વેટ અમલીકરણ) ટ્રેઝરી કોમ્પ્યુટરાઇઝેશન દ્વારા નાણાંકીય સુધારેલ માહિતી, ટાઉન પ્લાનીંગમાં, આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સીસ્ટમ તથા ટેલીમેડીસીન, શિક્ષણ ક્ષેત્રે ૪૦૦ શાળા મહાશાળાઓમાં પરિણામો તથા ઇ-શિક્ષણ વગેરે આઇટી કામગીરીમાં જવલંત ઉદાહરણો છે. | |
| ૧૧. | રાજ્ય સરકારે સામાન્ય નાગરિકના પ્રશ્નો મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પહોંચે અને તેનો ઝડપથી નિકાલ થાય તે હેતુથી 'સ્વાગત-ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અમલમાં મૂકેલ છે. આ કાર્યક્રમ હેઠળ જાન્યુઆરી-૨૦૦૪ સુધીમાં રાજ્ય કક્ષાએ મળેલા કુલ ૪૯૮ પ્રશ્નોમાંથી બધા જ પ્રશ્નોનો નિકાલ કરી સો ટકા સિધ્ધિ હાંસલ કરેલ છે. જ્યારે જીલ્લા કક્ષાએ કુલ ૯૩૪૦ પ્રશ્નોમાંથી કુલ ૮૧૫૮ પ્રશ્નોનો નિકાલ કરેલ છે. આ કાર્યક્રમને યુ.કે. સ્થિત કોમન વેલ્થની ઇ-ગવર્નન્સ ફોર ડેવલપમેન્ટ શાખાએ અભ્યાસના અંતે પ્રશ્નોના નિકાલ માટેની સૌથી વધુ પારદર્શક પધ્ધતિ તરીકે દર્શાવેલ છે. | |
| ૧૨. | ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠને શિક્ષણ માટે Edusat લોંચ કરેલ છે. જેના દ્વારા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારના કલાસરૂમને સેટેલાઇટની મદદથી શિક્ષણ આપી શકાશે. હાલમાં ગુજરાત રાજ્યમાં આ પ્રકારની સુવિધા દ્વારા કુલ ૫૫૦ કલાસરૂમને જુદી જુદી સંસ્થાઓ સાથે જોડીને ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટના ગુજસેટના માધ્યમથી આ સુવિધા આપવામાં આવી રહેલ છે. | |

--------

## ફાર્મ હાઉસ ઉપર રહેતા ખેડૂતોને વીજળી આપવા અંગે

૧૦૯૩૯ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ ગામના ખેડૂતો પૈકી ફાર્મ હાઉસ ઉપર રહેતા ખેડૂતોને સોલાર ઉર્જા કે બીજી અન્ય રીતે કોઇ યોજના દ્વારા લાભ આપવાનું સરકારશ્રીની વિચારણામાં છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ફાર્મ હાઉસ ઉપર રહેતા કુંટુંબોને આ લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧)અને (૨) હાજી, તાંત્રિક પાસાઓના અભ્યાસ બાદ શક્ય તેટલા વહેલા.

---------

**ચોટીલા અને સાયલા તાલુકાના ઉદ્યોગોની સબસીડી માટેની અરજીઓ**

૮૮૪૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૨૦૦૪થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલા ઉદ્યોગોને સબસીડી આપવા માટે અરજીઓ આવી, | (૧) કુલ ૪ અરજીઓ મળી. |
| (૨) આવેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર કે નામંજૂર કરવામાં આવી, અને | (૨) બે અરજી મંજૂર કરી.<br>૧ અરજી નામંજૂર કરી.<br>૧ અરજી ચકાસણી હેઠળ છે. |
| (૩) કેટલી મંજૂર થયેલ અરજીઓની સબસીડી કેટલા રૂપિયા ચુકવવામાં આવેલ છે ? | (૩) મંજૂર થયેલ ૧ અરજી માટે રૂપિયા ૧,૨૬,૫૦૦ની સબસીડી ચૂકવવામાં આવી છે, જ્યારે અન્ય અરજીમાં કરેલ દાવો ચકાસણી હેઠળ છે. |

--------

**આણંદ જિલ્લામાં ગૌ હત્યાના નોંધાયેલા ગુના**

૧૦૯૪૯ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં ગૌ હત્યાના કેટલા કેસ નોંધાયા છે, અને | (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૪ના કેલેન્ડર વર્ષમાં ગૌ હત્યાના ૩ (ત્રણ) કેસ નોંધાયા છે, જેમાં ૨ (બે) કેસ ગાયની હત્યાના અને ૧ (એક) કેસ નીલ ગાયોની હત્યાનો છે. |
| (૨) પકડાયેલા આરોપીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પકડાયેલા આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે. |

--------

**કચ્છ જિલ્લામાં ગાય અને ગૌવંશ હત્યાના ગુના**

૧૦૯૪૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૦૪ની સાલમાં ગાય તથા ગૌવંશની કતલ હત્યા તથા ગેરકાનુની હેરાફેરીની કેટલી ઘટના બનવા પામી, | (૧) કચ્છ જિલ્લામાં ગાય તથા ગૌવંશ હત્યાના ૨ (બે) ગુનાઓ નોંધાયેલ છે. જ્યારે ગેરકાનુની હેરફેરની હકીકત શૂન્ય છે. |
| (૨) કેટલા આરોપી પકડાયા, | (૨) કતલના બે ગુનામાં કુલ-૨૨ આરોપીઓ પકડાયેલ છે. |
| (૩) પકડાયેલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) પકડાયેલા આરોપીઓ સામે મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે, જ્યારે કુલ-૨૨ આરોપીઓ પૈકી કુલ-૬ આરોપીઓ વિરૂધ્ધ પાસા ધારા હેઠળ પણ અલાયદી કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૪) ગેરકાનુની હેરાફેરીમાં સંડોવાયેલા વાહનો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૪) બંન્ને ગુનામાં કોઈ વાહન સંડોવાયેલ નહીં હોવાથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

---------------

## ભરૂચ જિલ્લામાં નાના અને મોટા બંધ પડેલા ઉદ્યોગો

૮૩૩૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં નાના અને મોટા કેટલા ઉદ્યોગો કેટલા સમયથી બંધ પડેલા છે, અને | (૧) છેલ્લા લગભગ ૨ દાયકામાં અલગ અલગ સમયે ભરૂચ જિલ્લામાં નોંધાયેલ ૧૧૦૫૦ લઘુ ઉદ્યોગો પૈકી ૩૧-૧૨-૨૦૦૪ની પરિસ્થિતિએ ૨૨૩૪ લઘુ ઉદ્યોગો બંધ છે, જ્યારે ૧૭૮ મધ્યમ મોટાં એકમો પૈકી ૪૧ એકમો બંધ છે. |
| (૨) આ બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ચાલુ કરવા સરકારે કોઈ યોજના બનાવી છે કે કેમ? | (૨) હા જી, માંદા એકમોને કાર્યાન્વિત કરવા યોજના ઘડી છે. |

----------------

## રીક્ષાઓ અને ખાનગી વાહનોમાં ઈંધણ તરીકે કેરોસીનનો વપરાશ અટકાવવા આયોજન

૧૦૫૪૬ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાનગી રીક્ષાઓ અને વાહનોમાં ઈંધણ તરીકે કેરોસીન વાપરવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બદી દૂર કરવા સંબંધીત નિયમોનો સખ્તાઈથી અમલ કરવા કયા શિક્ષાત્મક પગલાં લેવાનું આયોજન છે? | (૨) આ બદી દુર કરવા મોટર વાહન ખાતાના અધિકારીઓ દ્વારા પોલીસ ખાતાના અધિકારીઓ, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓ તથા નાગરીક પુરવઠા ખાતાના અધિકારીઓને સાથે રાખી સંયુકત ચેકીંગ રાખવામાં આવે છે અને કસુરવારને મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ની કલમ ૧૯૦ (૨) તથા ૨૦૭ મુજબ તથા કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ ૧૧૫ (૨) અને (૭) ના ભંગ બદલ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. |

----------------

## ધારી પોલીસ સ્ટેશનમાં ખેડૂત અગ્રણીનું મૃત્યુ

૮૫૧૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ધારી પોલીસ સ્ટેશનમાં તા. ૧૨-૧-૦૫ના રોજ ખેડૂત અગ્રણીના થયેલ મૃત્યુના કારણો શા છે, અને | (૧) તબિબિ નિષ્ણાંતનો અહેવાલ આવ્યા પછી મૃત્યુનું કારણ નક્કી થઈ શકે. |
| (૨) આ અંગે સરકારે કોઈ ગુન્હા દાખલ કરેલ છે કે કેમ અને ક્યારે? | (૨) હા જી, તા. ૧૨-૧-૦૫ના રોજ |

----------------

## નર્મદા કેનાલના વિસ્તરણ માટે જુનાગઢ જિલ્લામાં જમીનની આવશ્યકતા

૧૦૨૨૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલનું વિસ્તરણ કે નર્મદાના વિસ્થાપિતોને સ્થાપિત કરવા રાજ્યના કયા કયા જિલ્લાઓમાં જમીનની આવશ્યકતા ઉભી થનાર છે, અને | (૧) નર્મદા કેનાલના વિસ્તરણ માટે રાજ્યના પંચમહાલ, ભરૂચ, નર્મદા, આણંદ, ખેડા, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર, ભાવનગર અને રાજકોટ જિલ્લાઓમાં જમીનની આવશ્યકતા ઉભી થનાર છે.<br><br>જ્યારે નર્મદા યોજનાના વિસ્થાપિતોને સ્થાપિત કરવા માટે રાજ્યના સાત જિલ્લાઓમાં જમીનની |

આવશ્યકતા ઉભી થનાર છે. તેમાં (૧) વડોદરા (૨) અમદાવાદ (૩) ખેડા (નડીયાદ) (૪) ભરૂચ (૫) સૂરત (૬) પંચમહાલ (ગોધરા) અને (૭) નર્મદાનો સમાવેશ થાય છે.

(૨) જો હા, તો આમાં જૂનાગઢ જિલ્લાની જમીનની આવશ્યકતા કેટલી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## વિરમગામ તથા સાણંદ શહેર અને તાલુકામાં વિવિધ ગુનાઓ

૧૧૧૯૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વિરમગામ તથા સાણંદ શહેર અને તાલુકામાં તા. ૧-૧-૨૦૦૩ થી ડિસે. ૦૪ સુધીમાં કેટલા ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ, વાહન ચોરી અને જુગારના ગુન્હાઓ બનવા પામેલ છે, અને

**જવાબ**

(૧)

| શહેર/ તાલુકા | ચોરી | ઘરફોડ ચોરી | લૂંટ | વાહન ચોરી | જુગાર |
|---|---|---|---|---|---|
| વિરમગામ શહેર | ૪૮ | ૧૩ | ૪ | ૧૧ | ૬ |
| વિરમગામ તાલુકા | ૩૬ | ૫ | ૫ | - | ૧૨ |
| સાણંદ શહેર | ૮ | ૧૫ | ૭ | ૧ | ૨૫ |
| સાણંદ તાલુકા | ૧૨ | ૧૧ | ૨ | ૭ | ૩૮ |

(૨) આ પ્રકારના ગુન્હાઓ અટકાવવા સરકાર દ્વારા શાં અસરકારક પગલાં લેવામાં આવેલ છે?

(૨) આરોપીઓને પકડવા માટે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં યાદી મોકલી આપવામાં આવે છે. તેમજ સ્થાનિક શકદારોને તપાસવામાં આવે છે.

આવા ગુના થતા અટકાવવા પોલીસ દ્વારા સઘન નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

----------------

## ગાંધીનગર આર.ટી.ઓ. ની આવક

૧૦૨૪૫ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન

(૧) ગાંધીનગર આર.ટી.ઓ. ની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી જાન્યુઆરી, ૨૦૦૫ના અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૨૨૩૯.૮૧ લાખ.

(૨) રૂા. ૨૧૫૨.૬૫ લાખ.

-------------

## એસ. ટી. નિગમની ખોટ અંગે સરકારે લીધેલાં પગલાં

૧૦૨૭૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ગુજરાત વાહન વ્યવહાર નિગમની ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪માં થયેલ ખોટને ઘટાડવા છેલ્લાં બે વર્ષમાં સરકાર તરફથી શું શું પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

**ગુજરાત વાહન વ્યવહાર નિગમની ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪માં થયેલ ખોટને ઘટાડવા છેલ્લા બે વર્ષમાં સરકાર તરફથી લેવામાં આવેલા પગલાં અંગેનું પત્રક :-**

૧. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે રાજ્ય સરકાર પાસેથી લેવાની રકમ તથા રાજ્ય સરકારશ્રીએ નિગમ પાસેથી લેવાની રકમનાં સને ૧૯૯૩-૯૪ થી ૨૦૦૩-૦૪ સુધીનાં હિસાબો સરભર કરેલ છે અને તે અન્વયે રાજ્ય સરકાર તરફથી ચુકવવાનું થતું વધારાનું અનુદાન નિગમને આપવામાં આવેલ છે.

૨. ડીઝલ ભાવ વધારો, ચેસીસ ભાવ વધારો, મોંઘવારી ભથ્થાંનો વધારો તથા ટાયરના ભાવ વધારાના કારણે નિગમને જતી વધારાની ખોટને પહોંચી વળવા રાજ્ય સરકાર તરફથી ઓટોમેટીક ભાડા વધારાની મંજૂરી આપવામાં આવેલ છે.

૩. રાજ્ય સરકારશ્રી દ્વારા "નો પાર્કીંગ ઝોન" નો કડક અમલ કરાવવાની બાબતે જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

૪. નિગમ દ્વારા બિન ઉપજકારક કિલોમીટરના સંચાલનના કારણે જતી ખોટ સરભર કરવા માટે સમિતિનું ગઠન કરવામાં આવેલ છે જે અન્વયે નિગમને થયેલ ખોટ સરભર કરવા માટે પ્રતિવર્ષ વધારાના અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે.

૫. વહીવટી ખર્ચમાં કરકસર કરવા નવી ભરતી ઉપર પ્રતિબંધ તેમજ અન્ય વહીવટી ખર્ચમાં કરકસર કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવેલ છે.

૬. નિગમની ફાજલ જમીનનો વાણિજિયક રીતે ઉપયોગ કરવા બાબતે કાર્યવાહિ કરવા જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

૭. નિગમ દ્વારા અગાઉના વર્ષોમા લેવાયેલ વધુ વ્યાજની લોન/લીઝનું રીસ્ટ્રકચરીંગ કરી વ્યાજ દેવામાં ઘટાડો કરવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

૮. બિન ઉપજકારક રૂટોનું પુનઃમૂલ્યાંકન કરી લોકાભિમુખ પરિવહન સંચાલન કરવાની સૂચના આપવામાં આવેલ છે.

------------

**કર્મયોગીની તાલીમ અંગે**

૯૯૫૬ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કર્મયોગીની તાલીમ કયારથી શરૂ કરવામાં આવી, અને | (૧) ડિસેમ્બર-૨૦૦૩થી |
| (૨) આ પહેલાં આવી કોઈ તાલીમ આપવામાં આવી હતી કે કેમ ? | (૨) ના, જી. |

-----------

**ઠાસરા તાલુકાના કુણી ગામે પોલીસ અત્યાચાર અન્વયે દલિતોની હિજરત**

૧૧૪૩૯ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના ઠાસરા તલુકાના કુણી ગામે અનુસૂચિત જાતિના લોકો ઉપર પોલીસ અત્યાચાર કરતાં અનુસૂચિત જાતિના લોકોએ હિજરત કરવાના કેટલા બનાવો જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં નોંધાયા છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ ફરિયાદ અન્વયે સરકારે પોલીસ તંત્ર ઉપર શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**માનવ અધિકાર આયોગની રચના**

૧૧૦૬૪ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં માનવ અધિકાર આયોગની રચના કરવા સમિતિની રચના કરી હતી તેની તા. ૧૦/૮/૯૮ થી એક પણ બેઠક મળી નથી તેના શાં કારણો છે, અને | (૧) ઘણાં પાસાઓની વિચારણા કરવાના કારણે. |

(૨) આ આયોગની રચના વહેલામાં વહેલી ક્યારે કરવામાં આવનાર છે ?

(૨) વિચારણા હેઠળ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લા સબ જેલમાં કાચા કામના ક્ષમતા કરતાં વધુ કેદીઓ રાખવા અંગે**

૧૦૫૮૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સબ જેલમાં કેટલા કાચા કામના કેદીઓ રાખવાની ક્ષમતા છે અને હાલમાં કેટલા કાચા કામના કેદીઓ છે,

(૨) વધારાના કેદીઓને રાખવા માટે તાલુકા જેલ ચાલુ કરવા કોઇ આયોજન છે, અને

(૩) જો હા, તો તેની શી વિગતો છે ?

**જવાબ**

(૧) કેદીઓ રાખવાની ક્ષમતા ૧૨૫ છે. હાલમાં કુલ-૧૮૭ કેદીઓ છે.

(૨) હા, જી.

(૩) નીચે મુજબ આયોજન કર્યું છે.

૧) ૧૧માં નાણાં પંચની ભલામણો પ્રમાણે જેલોની કક્ષા ઉંચી લઇ જવાની કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ નવી બે બેરોકોનું બાંધકામ પુરૂં થતાં સુરેન્દ્રનગર સબજેલમાં વધુ ૨૮ કેદીઓ રાખવાની ક્ષમતા વધી છે.

૨) સને ૨૦૦૫-૨૦૦૬નાં નાણાંકીય વર્ષમાં જિલ્લા મેજીસ્ટ્રેટમાં નિયંત્રણ હેઠળની લીંબડી, ધ્રાંગધ્રા અને મૂળી તાલુકા સબજેલોમાં રીપેરીંગ કરાવી ચાલુ કરાવવાનું આયોજન કર્યું છે.

--------

**આઇ.ટી. ક્ષેત્રે મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા થયેલ રોકાણ**

૧૦૯૩૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આઇ.ટી. ક્ષેત્રે રાજ્યમાં તા. ૩૧-૧-૦૫-ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી મલ્ટીનેશનલ કંપનીઓએ રોકાણ કર્યું,

(૨) આ કંપનીઓ કઇ કઇ છે, અને

(૩) ક્યાં ક્યાં તેમના યુનિટોની શરૂઆત કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) એકથી વધુ દેશોમાં કામગીરી કરતી કુલ-૪૯ કંપનીઓએ ગુજરાતમાં રોકાણ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

(૨) અને (૩)સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ નંબર | કંપનીનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | પ્લસ વન ટેકનીકલ-સોલ્યુશન્સ પ્રા. લિ. | અમદાવાદ |
| ૨ | ઓરીઓન કોમ્પ્યુટેક ટેક પ્રા. લિ. | અમદાવાદ |
| ૩ | ગ્લોબલ ટેક (ઇ) પ્રા. લિ. | અમદાવાદ |
| ૪ | પંગબા ટેકનોલોજીસ પ્રા. લિ. | સુરત |
| ૫ | અપરેક્સ નેટસોલ્યુશન્સ પ્રા. લિ. | અમદાવાદ |
| ૬ | ઇસીએન (ઇન્ડીયા) પ્રા. લિ. | અમદાવાદ |
| ૭ | ફોરચ્યુન ઇન્ફોસ્ક્રાઇબ લિ. | વડોદરા |
| ૮ | મોસમ ટેકનોલોજી ઇન્ડીયા પ્રા. લિ. | વડોદારા |
| ૯ | દ્રી સોફ્ટ સોલ્યુશન ઇન્ડીયા પ્રા. લિ. | અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૧૦ | એડપટીવ ટેક્નોલોજી ઇન્ડીયા પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૧ | વાર કન્સ્લ્ટીંગ પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૨ | આઇલીંગ ઇન્ફોસોફ્ટ (ગુજ.) પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૩ | મોટીફ ઇન્ડીયા ઇન્ફોટેક પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૪ | નેટ એન્ડ નટ્સ લિ. | અમદાવાદ |
| ૧૫ | ઇન્ડો કોમ્પ્યુટેક સોફ્ટવેર હાર્ડવેર | અમદાવાદ |
| ૧૬ | ગ્લોબલ એશિયા પાર્ટનર્સ એલ.પી. | વડોદરા |
| ૧૭ | સીસવેર સીસ્ટમ્સ ઇન્ડીયા પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૮ | પાયોનીયર પ્રોસેસ ઓટોમેશન પ્રા. લિ. | અમદાવાદ |
| ૧૯ | સ્પેસ ઓટોમેશન પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૦ | ઇન્ટેલીસ્વીફ્ટ સોફ્ટવેર (ઇન્ડીયા) પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૧ | ઓલમાઇટી સોફ્ટવેર પ્રા. લિ. | રાજકોટ |
| ૨૨ | ક્લાડોસ સોલ્યુશન્સ પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૩ | હેલ્થેક નેટવર્ક પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૪ | ગ્લોબલ એશિયા પાર્ટનર્સ એલ. પી. | વડોદરા |
| ૨૫ | ટ્રાન્સડેન આઇટી સર્વીસીસ પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૬ | સેપકોમ ટેક પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૭ | હેઝટેહોગ ઓનલાઇન પ્રોક્યોરમેન્ટ સીસ્ટમ્સ પી | અમદાવાદ |
| ૨૮ | કવોન્ટમ એજટેક સોલ્યુશન પ્રા. લિ. | અમદાવાદ |
| ૨૯ | એએમજી બિઝનેસ સોલ્યુશન પ્રા. લિ. | વડોદરા |
| ૩૦ | રીલાયડેટ ડેટા મેનેજમેન્ટ (ઇન્ડીયા) પ્રા. લિ. | જીએનએફસી ઇન્ફોટાવર,અમદાવાદ |
| ૩૧ | હાઇટેક એક્સપોર્ટસ | જીએનએફસી ઇન્ફોટાવર,અમદાવાદ |
| ૩૨ | ક્વોલિટી બીપીઓ સર્વીસીસ પ્રા. લિ. | જીએનએફસી ઇન્ફોટાવર,અમદાવાદ |
| ૩૩ | જીઆરસી બિઝનેસ ડેટા પ્રોસેસીંગ પ્રા. લિ. | જીએનએફસી ઇન્ફોટાવર,અમદાવાદ |
| ૩૪ | આઇ સર્વ સીસ્ટમ્સ પ્રાઇવેટ લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૩૫ | આરવીએસ બિઝનેસ આર્કીટેક પ્રા. લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૩૬ | સેનકોમ ટેકનોલોજીસ પ્રાઇવેટ લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૩૭ | પલક ઇનફોટેક | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૩૮ | ઇફેક્ટીવ ટેલીસર્વીસીસ પ્રાઇવેટ લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૩૯ | સીગ્નોર ટેકનોલોજીસ પ્રા. લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૦ | ટીઆઇસીએસ પ્રા. લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૧ | પેનામેક્સ ઇન્ફોસિસ્ટમ્સ | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૨ | બીડી સોફ્ટ | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૩ | હેલો સર્વીસીસ | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૪ | સ્લુમબર્જર સર્વીસ એશિયા લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૫ | રીકીએટ સોલ્યુશન્સ પ્રા. લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૬ | વોઇસટેક ઇન્ફોકોમ પ્રા. લિ. | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૭ | નીટ્રીક્યુ ટેલી સર્વીસીસ | ઇન્ફોસિટી, ગાંધીનગર |
| ૪૮ | સ્મૃતિ કોમ્પ્યુબાઇટ્સ | ઇન્ફોસિટી, ગાંધીનગર |

-------

**રાજ્યના મંત્રી મંડળનો પ્રવાસ, ટેલીફોન અને મોબાઈલ ફોનનો ખર્ચ**

૧૦૯૩૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જુન ૨૦૦૪ થી ડીસેમ્બર-૨૦૦૪ દરમ્યાન પ્રવાસ ભથ્થા, ટેલીફોન અને મોબાઈલ ફોન પાછળ રાજ્યના મંત્રી મંડળના સભ્યોએ કેટલો ખર્ચ કર્યો ? | પ્રવાસ ભથ્થાનો ખર્ચ - રૂા. ૨૩,૮૨,૧૮૦/-<br>ટેલીફોનનો ખર્ચ - રૂા. ૧૩,૦૬,૪૭૦/-<br>મોબાઈલ ફોનનો ખર્ચ - રૂા. ૧,૬૨,૭૫૭/- |

----------

## પાલનપુર શહેરની વિવિધલક્ષી વિદ્યા મંદિર શાળાના આચાર્ય સામે ગૃહ વિભાગના સચિવશ્રીને મળેલી રજૂઆતો

૧૧૪૪૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરની વિવિધલક્ષી વિદ્યા મંદિર શાળાના આચાર્યશ્રીએ વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીઓ છતાં સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ હોવાનાં ખોટા પ્રમાણપત્રો આપી ગુન્હાહીત કૃત્યો કર્યા બદલની, જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ સચિવશ્રી, ગૃહ વિભાગને કેટલી ફરિયાદો મળી છે, | (૧) એક. |
| (૨) આ ફરિયાદો સંદર્ભે શાળાના આચાર્યશ્રી સામે ગૃહ વિભાગે કોઈ પગલાં લીધેલે હોય તો તેવાં પગલાંની વિગતો શું છે, અને | (૨) તપાસ માટે મોકલી આપેલ છે. |
| (૩) જો કોઈ પગલાં ન લીધાં હોય તો તેના શું કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જૂનાગઢ જિલ્લામાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ કીટસ મેળવવાની અરજીઓ

૧૦૫૪૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ ના ૩૧-૧-૦૫ સુધીમાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ કિટસ (સાધન) મેળવવા માટે વર્ષવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મેળવવામાં આવેલ અરજીઓ નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (તા. ૩૧-૧-૦૫ સુધી) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જુનાગઢ | ૦ | ૪૮ |
| ૨ | વંથલી | ૦ | ૧૯ |
| ૩ | માણાવદર | ૦ | ૧૪૮ |
| ૪ | કેશોદ | ૦ | ૫ |
| ૫ | માળીયા હાટીના | ૦ | ૪૦ |
| ૬ | વેરાવળ | ૦ | ૦ |
| ૭ | સુત્રાપાડા | ૦ | ૦ |
| ૮ | માંગરોળ | ૦ | ૩ |
| ૯ | ઉના | ૦ | ૪૯ |
| ૧૦ | કોડીનાર | ૦ | ૩૦ |
| ૧૧ | તલાલા | ૦ | ૧૨ |
| ૧૨ | વિસાવદર | ૦ | ૬૭ |
| ૧૩ | ભેસાણ | ૦ | ૧૮ |
| ૧૪ | મેદરડા | ૦ | ૧૯ |
| | કુલ : | ૦ | ૪૫૮ |

(૨) તે પૈકી કેટલા અરજદારોને કિટસ આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલા અરજદારોને આવા કિટસ કેટલા સમયમાં વિતરણ કરવામાં આવશે?

(૨) અને (૩)મળેલ અરજીઓની જિલ્લા કક્ષાએ ચકાસણી કરીને ગ્રીમકો દ્વારા ટુંક સમયમાં કિટસનું વિતરણ કરવામાં આવશે.

-------

**વાગરા તાલુકામાં સી.આર.ઝેડના નોટિફિકેશનના કારણે રિન્યુ કરવાની બાકી લીઝ**

૧૧૩૭૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં સી. આર. ઝેડના નોટીફીકેશનના કારણે જાન્યુઆરી-૦૫ ની સ્થિતિએ કુલ કેટલા એકમોની લીઝ રીન્યુ કરવાનું બાકી છે, અને

(૨) તા. ૧૭-૬-૯૯ના મંત્રી કક્ષાએ હુકમો થયા છતાં તેમજ તા. ૨૧ મે ૨૦૦૨ થી કેન્દ્રએ બહાર પાડેલ નોટીફીકેશનમાં મીઠા એકમોને સી. આર. ઝેડ. નોટીફીકેશનમાંથી મુકિત આપવાનું જણાવેલ હોવા છતાં તેનો અમલ નહી કરવાના શું કારણો છે?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાનાં વાગરા તાલુકામાં સી. આર. ઝેડ નોટીફીકેશનના કારણે જાન્યુઆરી-૨૦૦૫ ની સ્થિતિએ કોઈ લીઝ રીન્યુ કરવાની બાકી નથી.

(૨) તા. ૧૭-૬-૯૯ની માન. મંત્રીશ્રી કક્ષાની બેઠકમાં કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવી છે. જ્યારે ભારત સરકારના તા. ૨૧-૫-૨૦૦૨ના નોટીફીકેશનથી સોલાર સોલ્ટ વર્કસની પ્રવૃત્તિને ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની પરવાનગીને પાત્ર બનાવવામાં આવેલ છે. આમ, પરવાનગીમાંથી મુકિત આપવામાં આવેલ નથી.

-----------

**ઔદ્યોગિક રીતે પછાત બનાસકાંઠા જિલ્લામાં પ્રોત્સાહક લાભો**

૧૦૯૪૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લો ઔદ્યોગિક રીતે પછાત જિલ્લો છે, તે અન્વયે આ જિલ્લામાં ઉદ્યોગોના વિકાસ માટે સરકાર પ્રોત્સાહક યોજના અન્વયે કયા કયા લાભો આપવા વિચારણા કરી છે ?

**જવાબ**

રાજ્ય સરકારે સને ૨૦૦૩ માં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરેલ છે. જે અનુસાર ઉદ્યોગોને નીચે મુજબના પ્રોત્સાહન મળવાપાત્ર છે. બનાસકાંઠા જિલ્લામાં સ્થપાતા ઉદ્યોગોને પણ આ લાભ મળવાપાત્ર છે.

| | |
|---|---|
| ૧. | લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે વ્યાજ સહાય. |
| ૨. | ટેકનોલોજી અપગ્રેડેશન માટે વ્યાજ સહાય અને પેટન્ટ રજીસ્ટ્રેશન માટે સહાય. |
| ૩. | ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા માટે નાણાકીય સહાય. |
| ૪. | પર્યાવરણ રક્ષણ માટે સહાય. |
| ૫. | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સહાય. |
| ૬. | આંતર માળખાકીય સુવિધાઓ માટે સહાય. |
| ૭. | કલસ્ટર વિકાસ માટે સહાય. |
| ૮. | માર્કેટ પ્રમોશન અને ડેવલોપમેન્ટ માટે સહાય. |
| ૯. | સામુહિક (ઔદ્યોગિક) પ્રદુષણ અને નિવારણ માટે સહાય. |
| ૧૦. | રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે સહાય. |
| ૧૧. | માંદા એકમોને માટે વન ટાઈમ સેટલમેન્ટની યોજના. |

----------------

**રાજ્યમાં ઔદ્યોગિક મૂડી રોકાણ માટેની દરખાસ્તો**

૧૦૫૫૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં રાજ્યમાં ઔદ્યોગિક મૂડી રોકાણ માટેની કેટલા અને કયા પ્રકારના ઉદ્યોગો માટે દરખાસ્તો મળી,

**જવાબ**

(૧) (૨) અને (૩) ઉદ્યોગ સ્થાપવા માટેની દરખાસ્તો રાજ્ય સરકાર સાથે કરારખત કરીને તેની સાથોસાથ અથવા તે સિવાય મધ્યમ અને મોટા કદના ઉદ્યોગો માટે કેન્દ્ર સરકાર સમક્ષ આઈ.ઈ.એમ. રજુ કરીને કરવામાં

(૨) મળેલી દરખાસ્તોમાં કુલ કેટલા મૂડી રોકાણનો સમાવેશ થનાર છે, અને

(૩) આ મૂડી રોકાણથી આશરે કેટલી રોજગારી ઉભી થશે ?

કેન્દ્ર સરકાર સમક્ષ આઈ.ઈ.એમ. રજુ કરીને કરવામાં આવે છે. ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ૭૬ એકમો તરફથી કુલ રૂપિયા ૬૬૦૬૮ કરોડના કરારખત રાજ્ય સરકાર જોડે કરવામાં આવેલ છે.અને તે પૈકી અથવા તે સિવાય મોટા અને મધ્યમ કદના ૫૯૦ એકમો તરફથી રૂપિયા ૩૨,૪૭૦ કરોડના આઈ.ઈ.એમ. થયા છે.

૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમ્યાન ૨૨૬ એકમો તરફથી કુલ રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના કરારખત રાજ્ય સરકાર સાથે કરવામાં આવેલ છે. તે પૈકી અથવા તે સિવાય મોટા અને મધ્યમ કદના ૪૩૦ એકમો તરફથી રૂા. ૧૮,૦૦૨ કરોડના આઈ.ઈ.એમ. ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં રજુ કરવામાં આવેલ છે.

આ મૂડી રોકાણ વિવિધ ઉદ્યોગો માટે થનાર છે. આવા મુડી રોકાણની દરખાસ્તને કારણે કેટલી રોજગારી ઉભી થશે તે પ્રોજેકટ/ઉદ્યોગો શરૂ થયા બાદ જ વિગતો જાણી શકાશે.

----------

### વિડીયો કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગ

૯૮૫૦ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુ. ૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં વિડીયો કોન્ફરન્સથી આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવાના અમલમાં આવેલ જોગવાઈ બાદ કેટલા આરોપીઓને વિડીયો કોન્ફરન્સથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે, | (૧) કુલ-૩૯૩૧ આરોપીઓ |
| (૨) વિડીયો કોન્ફરન્સથી રજૂ કરવામાં કોઈ પ્રકારની મુશ્કેલીઓ જણાયેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ મુશ્કેલીઓ દુરસ્ત કરવા શી કાર્યવાહી કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

### ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલ કારકુનની પરીક્ષા

૧૧૧૩૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કારકુન સંવર્ગની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) કારકુનની જગ્યા માટે ૨૦૫ ઉમેદવારોની ફાળવણી કરવામાં આવી છે. |
| (૨) કેટલી જગ્યાઓ ભરવા માટે જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવી, | (૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં<br>(અ) કારકુનની જગ્યા માટે કોઈ જાહેરાત આપેલ નથી.<br>(બ) કારકુન-કમ-ટાઈપીસ્ટની ૩૪ જગ્યા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે. |
| (૩) કેટલી લેખિત કસોટી લેવામાં આવી, | (૩) એક પણ નહિ |
| (૪) કેટલાના પરિણામો પ્રસિધ્ધ કરવામાં આવ્યા, અને | (૪) અને (૫) પ્રશ્ન ખંડ (૩) નો જવાબ ધ્યાને લેતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) પરિણામો પ્રસિધ્ધ કરવાના બાકી હોવા | |

અંગેના કારણો શું છે ?

----------------

**રાજ્યમાં પોટા હેઠળ અટકાયત**

૧૦૨૪૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૦૧-૦૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં પોટા ધારા હેઠળ કેટલા ઈસમોની અટકાયત કરવામાં આવી, અને | (૧) ૩૦ (ત્રીસ) |
| (૨) આવી પોટા ધારા કલમ હેઠળ અટકાયત કરવામાં આવે ત્યારે પુરતી ચકાસણી કરવામાં આવે છે કે કેમ ? | (૨) હા,જી. |

----------------

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત થયેલા ખર્ચ અને આવેલ દરખાસ્તો**

૧૦૫૬૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન જાન્યુ.-૦૫ સુધીમાં નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા એન.આર.આઈ.ને આમંત્રીને વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ કર્યો છે, | (૧) ઉકત કાર્યક્રમમાં થયેલ ખર્ચના આખરીકરણની પ્રક્રિયા ચાલુ છે. હાલ સુધીમાં ૪૯૩.૨૪ લાખનું ખર્ચ થયેલ છે. |
| (૨) નવા ઔદ્યોગિક એકમો સ્થાપવાની કુલ કેટલી દરખાસ્તો કોના કોના તરફથી કયા કયા ઉદ્યોગ માટે મળી, અને | (૨) ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ નીચે કુલ ૨૨૬ દરખાસ્તો મળી છે. જેનું સૂચિત મૂડીરોકાણ રૂા. ૧,૦૬,૧૬૦ કરોડ છે. જેની વિગતો તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૩૧૪ સાથે ૧૮-૨-૦૫ના રોજ આપેલ છે. |
| (૩) રાજ્ય સરકારે કેટલી મંજૂરીઓ આપી છે? | (૩) આ ઉદ્યોગો સ્થાપવા રાજ્ય સરકારે કોઈ મંજૂરી આપવાની થતી નથી. |

----------------

**ગુજરાતી ભાષાના ચલચિત્રોના નિર્માણ માટે આવેલી ભલામણો/રજૂઆતો**

૧૧૩૬૭ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગુજરાતી ભાષામાં ચલચિત્રોના નિર્માણને આકર્ષવા કે ઉત્તેજન માટે રાજ્ય સરકાર પાસે કોઈ નવી ભલામણો કે રજુઆત આવી છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) આવી રજુઆતો કે ભલામણો અન્વયે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે? | (૨) મહદ્અંશે સ્વિકારવામાં આવેલ છે. |

----------------

**પોલીસ કર્મચારીઓ દ્વારા અંગત વાહનો ઉપર પી અથવા પોલીસ લખવા ઉપરના પ્રતિબંધનો ભંગ**

૧૦૨૮૬ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ મહાનિર્દેશક દ્વારા પોલીસ કર્મચારીઓના પોતાના અંગત વાહનો ઉપર પી અથવા પોલીસ જેવા શબ્દો લખવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ગાંધીનગર, કચ્છ, રાજકોટ, પોરબંદર અને જામનગર જિલ્લાના પોલીસ તંત્રમાં જાન્યુ. ૦૫ની સ્થિતિએ આ પ્રતિબંધનો અમલ ન | (૨) પ્રતિબંધનો અમલ થાય છે. |

| | |
|---|---|
| થવાના કારણો શું છે, અને | |
| (૩) હવે ક્યારે તેનો અમલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

**નેત્રંગ ગામથી રાજપારડી, ડેડીયાપાડા, વાલીયા અને અંકલેશ્વર તરફ ચાલતા ગેરકાયદેસર વાહનો**

૧૦૭૪૯ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના નેત્રંગ ગામથી રાજપારડી, ડેડીયાપાડા, વાલીયા અને અંકલેશ્વર તરફ ગેરકાયદેસર રીતે મુસાફરોને બેસાડી જીપ, ટેમ્પા, છકડા વગેરે ચાલે છે, એ વાત સાચી છે, | (૧) ચેકીંગ દરમ્યાન આવા કિસ્સા ધ્યાન ઉપર આવેલ છે. |
| (૨) આ તમામ વાહનો ચાલકો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ, અને | (૨) અને (૩) |
| (૩) જો હા, તો કેટલા સમયમાં? | જી હા, ગેરકાયદેસર રીતે મુલાફરોની હેરફેર કરતાં વાહનોને અટકાવવા એ.આર.ટી.ઓ., ભરૂચ દ્વારા સમયાંતરે સઘન ચેકીંગ કરી નિયમોનુસારની કાર્યવાહીના પગલાં લે છે તથા પોલીસ ખાતાના અને એસ.ટી. નિગમના અધિકારીઓને સાથે રાખીને પણ ચેકીંગ કરી પગલાં લેવામાં આવે છે. |

----------------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ.**

૧૧૧૯૫ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫, દરમ્યાન જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કયા કામોમાં મુડી રોકાણના કેટલા એમ.ઓ.યુ. થયા, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ હેઠળ કુલ ૨૨૬ રોકાણકારોએ રૂપિયા ૧,૦૬,૧૬૦ કરોડનું મૂડી રોકાણ કરવાની તૈયારી દર્શાવી છે જેની વિગતો ગૃહમાં તા. ૧૮-૨-૦૫ના રોજ આપેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૮૩૧૪માં પત્રક સ્વરૂપે રજુ કરેલ છે. |
| (૨) જામનગર જિલ્લા માટે કોઈ કરાર થયા છે કે કેમ, અને | (૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં ૯ પ્રોજેકટ માટે રૂપિયા ૬૫૩૬ કરોડના કરાર થયેલ છે જ્યારે ત્યારબાદ તા. ૧૦-૨-૦૫ના રોજ યોજાયેલ ગોળમેજી પરિષદમાં ૧૩ પ્રોજેકટોમાં રૂપિયા ૧૯૭.૬૦ કરોડના કરાર થયેલ છે. |
| (૩) પ્રોજેકટ ઝડપી કાર્યાન્વિત થાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે? | (૩) આ પ્રોજેકટો ઝડપી કાર્યાન્વિત થાય તે માટે સરકારે કરેલા આયોજનની વિગતો નીચે મુજબ છે,<br>રાજ્ય સરકારના તમામ વિભાગો, ઉદ્યોગોને અમલીકરણ આડે આવતા પ્રશ્નોની, અગ્રતાના ધોરણે નિકાલ અંગેની કાર્યવાહી હાથ ધરશે. જે સારૂ તમામ ઉદ્યોગક્ષેત્રોના માટે નોડલ અધિકારીઓ નક્કી કરવામાં આવેલ છે. આ અધિકારીઓ ઉદ્યોગકારો અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે સંકલન કરી ઉદ્યોગોના ઝડપી અમલીકરણ માટે મહત્વની કામગીરી બજાવશે.<br>ઉદ્યોગકારોને આ પ્રોજેકટો સ્થાપવામાં નડતા મુદ્દાઓનો ત્વરીત નિકાલ કરવા માટે દરેક જીલ્લામાં પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષપદે ગોળમેજી પરીષદ યોજવામાં આવેલ છે. જેમાં પણ તમામ પ્રોજેકટોના ઝડપી અમલીકરણ માટે વિચારણા કરવામાં આવી |

છે.
તમામ પ્રોજેકટોની પ્રગતિનો સરકાર દ્વારા પણ વખતો વખત અમલીકરણ અંગે રીવ્યુ કરવામાં આવશે.

----------

**પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં પોલીસ કર્મચારી/અધિકારીઓની તબીબી તપાસ**

**૧૧૧૩૪ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, આ કાર્યક્રમ અન્વયે પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં આ પોલીસ કમિશ્નરેટમાં કેટલા કર્મચારી/અધિકારીઓનું સંવર્ગવાર હેલ્થ ચેકીંગ કરવામાં આવ્યું ? | (૩) |

| | |
|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | ૬૬૯ |
| હેડ કોન્સ્ટેબલ | ૯૮ |
| એ.એસ.આઈ. | ૮૬ |
| પોલીસ સબ ઈન્સ્પેકટર | ૬ |
| પોલીસ ઈન્સ્પેકટર | ૧ |
| કુલ : | ૮૬૦ |

----------

**સચિવાલયમાં હાયર ગ્રેડ મેળવતા કારકુનોને બઢતી આપવા અંગે**

૧૦૨૫૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાલયમાં હાયરગ્રેડ મેળવતા કારકુનોને બઢતી આપવા માગે છે કે કેમ, અને | (૧) જરૂરિયાત મુજબ જે તે સમયે બઢતી અપાતી હોય છે. |
| (૨) જો હા, તો કયારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**જ્યોતિગ્રામ યોજના અન્વયે પૂર્ણ લાભન્વિત જિલ્લાઓ**

૧૦૯૬૫ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જ્યોતિગ્રામ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા જિલ્લાઓ પૂર્ણ જ્યોતિગ્રામ થઈ ચૂકયા છે, | (૧) ૧(એક) |
| (૨) તે પૈકી ભાવનગર જિલ્લાના કેટલા તાલુકાઓ પૂર્ણ જ્યોતિગ્રામ બન્યા છે, અને કયા કયા, | (૨) હાલમાં પ્રક્રિયા ચાલુ છે. |
| (૩) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ૧૩૬ ગામોમાંથી કુલ કેટલા ગામો જ્યોતિગ્રામ બની ચૂકયા છે, અને | (૩) ૨૬ ગામો. |
| (૪) ભાવનગર જિલ્લો પૂર્ણ જ્યોતિગ્રામ કેટલા સમયમાં બની જશે? | (૪) શક્ય તેટલા વહેલા. |

----------

**સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકામાં મંજૂર થયેલ પોલીસ સ્ટાફ**

**૧૧૪૪૫ શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત | (૧) અને (૨) પત્રક સામેલ છે. |

જિલ્લાના સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર પોલીસ સ્ટેશનમાં વિવિધ સંવર્ગોનો મંજૂર થયેલ મહેકમ કેટલું,

(૨) આ મંજૂર થયેલા મહેકમમાં હાલમાં નીમાયેલો સ્ટાફ કેટલો છે,

(૩) હાલની વસ્તી અને ગુનાઓના પ્રમાણમાં ચાર પોલીસ સ્ટેશનોમાં કેટલા મહેકમની જરૂરિયાત છે, અને

(૩) પુરતું મહેકમ છે.

(૪) ખૂટતા મહેકમની કયારે નિમણૂંક કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**<u>પત્રક</u>**

| અ.નં. | પો.સ્ટે./આ.પો.નું નામ | મંજૂર મહેકમ | | | | | | હાજર મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PI | PSI | UHC | UPC | AHC | APC | PI | PSI | UHC | UPC | AHC | APC |
| ૧ | સોનગઢ પો. સ્ટે. | - | ૧ | ૧૦ | ૯ | ૪ | ૧૩ | - | ૧ | ૧૧ | ૪ | ૫ | ૧૦ |
| - | બોરદ આ.પો. | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - | - |
| - | મલંગદેવ આ.પો. | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - | - |
| - | બંધાર પાડા આ.પો. | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - | - |
| (૨) | માંડવી | - | ૨ | ૧૪ | ૨૫ | ૯ | ૨૯ | - | ૧ | ૧૪ | ૧૬ | ૮ | ૧૮ |
| | અરેઠ આ.પો. | - | - | ૧ | ૨ | - | - | - | - | ૧ | ૧ | - | - |
| | તડકેશ્વર આ.પો. | - | - | ૧ | ૨ | - | - | - | - | ૧ | ૨ | - | - |
| (૩) | ઉચ્છલ પો. સ્ટે. | - | ૧ | ૯ | ૮ | ૪ | ૧૨ | - | ૧ | ૭ | ૫ | ૪ | ૭ |
| | ગવાણ આ.પો. | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | અ | અ |
| (૪) | નિઝર પો. સ્ટે. | - | ૧ | ૧૦ | ૧૫ | ૪ | ૧૨ | - | ૧ | ૮ | ૯ | ૩ | ૧૨ |
| | રાયગઢ આ.પો. | - | - | ૧ | ૨ | - | - | - | - | ૧ | ૧ | - | - |
| | કુકરમુન્ડા આ.પો. | - | - | ૧ | ૨ | - | - | - | - | ૧ | ૧ | - | - |

----------

## મુલ્કી સચિવાલયમાં શાખા અધિકારીની અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ

૧૧૩૮૦ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) મુલ્કી સચિવાલયના વિભાગોમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ શાખા અધિકારીઓની કેટલી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવાની થાય છે, | (૧) સીધી ભરતીથી ૪૩<br>બઢતી ૦ |
| (૨) આ જગ્યાઓ પૈકી અનુ. જનજાતિની સીધી ભરતીથી અને બઢતીથી કેટલી જગ્યાઓ ભરવાની બાકી છે, | (૨) સીધી ભરતી ૭<br>બઢતી ૧ |
| (૩) આ જગ્યાઓ ભરવા અંગે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૩)<br>સીધી ભરતી: સીધી ભરતી પ્રસંગે સરભર થનાર છે.<br>બઢતી: તા. ૮-૨-૦૫ના રોજ બઢતી આપી સરભર કરેલ છે. |
| (૪) આ જગ્યાઓ ન ભરવાનાં કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુરત શહેર અને જિલ્લામાં પોલીસ મહેકમની ઘટ

૧૦૫૫૩ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ સુરત શહેર અને સુરત જિલ્લાના પોલીસ ખાતામાં વર્ગ-૧, ૨, ૩ અને ૪ ની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે. | (૧) |

| વર્ગ | સુરત શહેર | સુરત જિલ્લો |
|---|---|---|
| ૧ | ૧૭ | ૬ |
| ૨ | ૩૧ | ૭ |
| ૩ | ૩૨૬૩ | ૧૧૫૪ |
| ૪ | ૫૭ | - |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, | (૨) |

| વર્ગ | સુરત શહેર | સુરત જિલ્લો |
|---|---|---|
| ૧ | ૧૫ | ૫ |
| ૨ | ૩૧ | ૭ |
| ૩ | ૨૯૫૮ | ૧૦૩૫ |
| ૪ | ૪૮ | - |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ખાલી જગ્યાઓ કઇ કઇ તારીખથી છે અને તે ભરવા માટે શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને | (૩) થોડા સમયથી ખાલી છે અને ભરતી પ્રક્રિયા ચાલુ છે. |
| (૪) જગ્યાઓ ખાલી રહેવાના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે તે હકીકત સાચી છે ? | (૪) ના, જી. |

------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં રોજગારી આપતી યોજનાઓની ચુકવવાની બાકી સબસીડી

૮૮૪૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર, ૨૦૦૪ ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકાની રોજગાર આપતી યોજનાની કેટલા કિસ્સામાં સબસીડી ચુકવવાની બાકી છે, અને | (૧) ૨૪ |
| (૨) બાકી સબસીડી ચુકવવા માટે સરકારનું શું આયોજન છે? | (૨) માર્ચ-૨૦૦૫ સુધીમાં ચુકવવાનું આયોજન છે. |

-----------

## મુન્દ્રા ખાતે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની સ્થાપના થતા કોસ્ટલ રેગ્યુલેશન ઝોનનો ભંગ થવા અંગે

૧૦૯૪૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાનાં મુન્દ્રા ખાતે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની સ્થાપના સને ૨૦૦૪ ની સાલમાં કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન સ્થાપવા માટે તા. ૧૨-૨-૨૦૦૪ ના રોજ ભારત સરકારની મંજૂરી મળેલ છે. |
| (૨) જો હા, તો આ ઝોનમાં કેવા કેવા ઉદ્યોગોની સ્થાપના થનાર છે, | (૨) મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એ મલ્ટી પ્રોડકટ ઝોન છે તેથી, આ ઝોનમા વિવિધ ઉદ્યોગોની સ્થાપના થવાની શક્યતા છે. |
| (૩) સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની સ્થાપના થવાથી કોસ્ટલ રેગ્યુલેશન ઝોનનો સ્પષ્ટ ભંગ થઈ રહ્યો છે, તે હકિકત સરકાર જાણે છે, અને | (૩) સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની મંજૂરી કેન્દ્ર સરકારના વિવિધ નિયમો/કાયદાઓને આધિન રહીને કેન્દ્ર સરકાર ધ્વારા આપવામાં આવે છે, જેમાં |

| | |
|---|---|
| | પર્યાવરણ સંબંધીત કાયદાઓનો પણ સમાવેશ થાય છે. |
| (૪) તેના ઉકેલ માટે રાજ્ય સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**પીપાવાવ બંદરને વિકસાવવા અંગે**

૮૫૨૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લાના પીપાવાવ બંદરને વિકસાવવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | પીપાવાવ બંદરનો ખાનગી ક્ષેત્ર ધ્વારા વિકાસ કરવામાં આવેલ છે અને હાલની કન્ટેનર ટર્મીનલની સુવિધાઓ વિસ્તારવાનું આયોજન છે. |

-------------

**ભૂકંપ પુનઃવસન અંગે રાજ્યને મળેલ એવોર્ડ**

૧૦૨૮૭ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં કોમન વેલ્થ એસોસીએશન ફોર પબ્લીક એડમીનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (સી.એ.પી.એ.એમ.) ધ્વારા રાજ્ય સરકારને ભૂકંપ પુનઃવસનના કામ માટે આંતરરાષ્ટ્રીય સુવર્ણ ચંદ્રક પ્રદાન થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ એવોર્ડ મળ્યાની વિગતો શું છે, અને | (૨) ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાત ઇમરજન્સી અર્થકવેક રીકન્સ્ટ્રકશન પ્રોગ્રામ (જીઈઈઆરપી) હેઠળ ગુજરાતમાં હાથ ધરાયેલ પુનઃવસન અને પુનઃનિમાર્ણની કામગીરીમાં કરવામાં આવેલ વહીવટી પહેલના સંદર્ભે આ એવોર્ડ આપવામાં આવેલ છે. |
| (૩) આ એવોર્ડની સ્પર્ધામાં કુલ કેટલા દેશોની કેટલી એન્ટ્રીઓ આવી હતી ? | (૩) સ્પર્ધામાં કુલ-૧૪ દેશોની ૧૫૪ એન્ટ્રીઓ આવેલ હતી. |

-------------

**બારડોલી આર.ટી.ઓ.ની આવક**

૧૦૨૪૬ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર): માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી આર.ટી.ઓ.ની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૧૦૯.૫૩ લાખ |
| (૨) તે પૈકી જાન્યુઆરી, ૨૦૦૫ અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) રૂા. ૧૦૯૫.૩ લાખ |

-------------

## રાજ્યમાં નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન

૧૦૯૫૨ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ૨૦૦૪-૦૫ના વર્ષમાં રાજ્યમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે અને તે પૈકી જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ કેટલા કાર્યાન્વિત કરવામાં આવેલ છે,

(૨) દશમી યોજનામાં કેટલા નવા વીજ સબસ્ટેશનો ઉભા કરવાનું આયોજન છે, અને

(૩) ભાવનગર જિલ્લામાં કેટલા વીજ સબસ્ટેશનો મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧)અને (૨) વીજ સબસ્ટેશનોની સંખ્યાની વિગતો નીચે મુજબ છે.

| કે.વી. | ૨૦૦૪-૦૫ના વર્ષમાં | | દશમી યોજનામાં આયોજન |
|---|---|---|---|
| | આયોજન કરેલ | જાન્યુઆરી-૦૫ની સ્થિતિએ કાર્યાન્વિત | |
| ૪૦૦ | ૧ | ૦ | ૨ |
| ૨૨૦ | ૨ | ૨ | ૧૨ |
| ૧૩૨ | ૦ | ૦ | ૩ |
| ૬૬ | ૫૬ | ૨૬ | ૧૭૫ |

(૩)૬૬ કે.વી.ના ૬ સબસ્ટેશનો સ્થાપવાનું ૧૦મી પંચવર્ષીય યોજનામાં આયોજન કરેલ તે પૈકી બે(૨) સબસ્ટેશનો કાર્યાન્વિત થયેલ છે.

--------

## ગુજરાત વિદ્યુત બોર્ડનું ખાનગીકરણ

૧૧૦૬૬ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ ગુજરાત વિદ્યુત બોર્ડના ખાનગીકરણની પ્રક્રિયા કયા તબક્કામાં છે,

(૨) વિદ્યુત બોર્ડના ખાનગીકરણ માટે તેનાં કેટલા અને કયા વિભાગોમાં વિભાજન કરવામાં આવનાર છે, અને

(૩) ખાનગીકરણની પ્રક્રિયામાં બોર્ડના કર્મચારીઓની સલામતી અને હિતો બાબતે શું વિચારવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧)ગુજરાત વિદ્યુત બોર્ડનું ખાનગીકરણ કરવાનું રાજ્ય સરકારની વિચારણામાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં આપઘાતના બનાવો

૧૦૫૮૫ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તથા અમદાવાદ શહેરમાં કેટલા આપઘાતના કિસ્સા બન્યા, અને

(૨) તેમાં સામુહિક આપઘાત કેટલા અને વ્યકિતગત આપઘાતના કેટલા બનાવો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫૬(બસોછપ્પન) તથા અમદાવાદ શહેરમાં ૮૩૭(આઠસો સાડત્રીસ) આપઘાતના કિસ્સા બન્યા, અને.

(૨) તેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સામુહિક આપઘાતના ૧(એક) અને વ્યક્તિગત આપઘાતના ૨૫૫(બસો પંચાવન) તથા અમદાવાદ શહેરમાં સામુહિક આપઘાતના ૪ (ચાર) અને વ્યક્તિગત આપઘાતના ૮૩૩ (આઠસો તેત્રીસ) બનાવો છે.

--------

**ગુન્હાની માહિતી આપનારને પોલીસ તપાસ પુરી થયાની જાણ કરવા અંગે**

૧૧૪૪૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પોલીસ થાણે નોંધાયેલ ગુન્હાની પોલીસ તપાસ પુરી થયે પોલીસ અધિકારીએ પોતે લીધેલ પગલાંની જાણ, ગુન્હાની માહિતી આપનાર વ્યક્તિને રાજ્ય સરકારે ઠરાવેલ રીતે ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૧૭૩ અન્વયે કરવી પડે છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો ગુન્હાની માહિતી આપનારને એવી જાણ ક્યારે (કયા તબક્કે) અને કઈ રીતે કરવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે, અને

(૩) રાજ્ય સરકારે ઠરાવેલ રીતે, ગુન્હાની માહિતી આપનારને જાણ ન કરનાર પોલીસ અધિકારી સામે સરકાર તરફથી કેવાં પગલાં લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨) ગુન્હાની તપાસ પુરી થયે ગુન્હાનો શું નિકાલ કરેલ છે તે અંગે નિયત પ્રફોર્મામાં ગુન્હાની માહિતી આપનારને જાણ કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) ખાતા રાહે પગલાં લેવામાં આવે છે.

--------

**એનર્જી ડેવલપમેન્ટ ઓથોરીટી હસ્તકની બંધ પવનચક્કીઓ બાબત**

૧૦૫૪૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ ઓથોરીટી હસ્તકની ૧૪ જેટલી પવનચક્કીઓ બંધ હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ ઉર્જા ઉત્પન્ન કરતી પવનચક્કીઓ કેટલા સમયથી બંધ છે,

(૩) આ પવનચક્કીઓ ચાલુ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૪) આવી પવનચક્કીઓ પાછળ કેટલા કરોડનું રોકાણ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| | પવનચક્કી ઓની સંખ્યા | બંધ હાલતનો સમયગાળો |
|---|---|---|
| ૧. | ૧૦ | ડીસે. ૧૯૮૬થી |
| ૨. | ૩ | ડીસે. ૨૦૦૨થી |
| ૩. | ૧ | જૂન ૨૦૦૪થી |
| કુલ | ૧૪ | |

(૩) કેન્દ્ર સરકાર દ્વારા વિનામૂલ્યે ફાળવેલ આ પવનચક્કીઓ ચાલુ થઈ શકે તેવી કોઈ શક્યતા નથી, આથી તેનો નિકાલ કરવા અંગેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવેલ છે.

(૪) આવી પવનચક્કીઓ પાછળ રાજ્ય સરકારનું કોઈ મૂડીરોકાણ થયેલ નથી, કારણ કે કેન્દ્ર સરકાર દ્વારા તે વિનામૂલ્યે ફાળવવામાં આવેલ હતી.

---------

**ઉદારીકરણની નીતિ અંતર્ગત બંદરોનો વિકાસ**

૧૦૫૫૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ઉદારીકરણની નીતિ અંતર્ગત નવા બંદરો વિકાસાવવા શું આયોજન કરેલ છે, અને

(૨) આ નીતિ અંતર્ગત જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ કુલ કેટલા નવા બંદરોનો વિકાસ થયેલ છે?

**જવાબ**

(૧) ઉદારીકરણની નીતિ અંતર્ગત બંદરોનો વિકાસ ખાનગી મૂડીરોકાણથી કરવાનું આયોજન છે.

(૨) ૪ (ચાર).

--------

**રાજ્યમાં વિજ ઉત્પાદન વધારવા અંગે થયેલા પ્રયત્નો**

૧૦૨૪૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૦૪ના વર્ષમાં વીજ ઉત્પાદન વર્ષવાર કેટલું થયું, | (૧) વર્ષ ૨૦૦૨-૫૪૧૬૦.૭૯૧ મી.યુ.<br>વર્ષ ૨૦૦૩-૫૪૧૦૦.૮૩૭ મી.યુ.<br>વર્ષ ૨૦૦૪-૫૭૮૬૮.૬૫ મી.યુ. |
| (૨) રાજ્ય સરકારે વીજ ઉત્પાદન વધારવા માટે શા પ્રયત્નો કર્યા, અને | (૨) રાજ્યમાં વીજ ઉત્પાદન વધારવા માટે નીચે મુજબના પ્રયાસો થયેલ છે.<br>(૧) ૧૦મી અને ૧૧મી યોજના દરમ્યાન ૧૫૩૩૪ મે.વો.ની વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં મધ્ય પ્રદેશમાં ૨૦૦૦ મે. વો. પ્રોજેક્ટ સ્થાપવા મધ્યપ્રદેશ સરકાર સાથે તા. ૨૨-૨-૦૫ના રોજ સમજૂતિ કરાર કરેલ છે. આ ત્રણ વર્ષોમાં ૩૬૭ મે.વો.ની વીજ ક્ષમતામાં ઉમેરો થયેલ છે.<br>(૨) હયાત વીજ મથકોમાં નવીનીકરણ અને આધુનિકરણના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.<br>(૩) સારી ગુણવત્તાવાળા આયાતી અને વોશ્ડકોલનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે.<br>(૪) ગેસ પૂરવઠો પૂરતા દબાણ અને પૂરતા જથ્થામાં મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવે છે.<br>(૫) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીત ૨૦૦૫ દરમ્યાન, વીજ ઉત્પાદન માટેના ૧૭ સમજુતી કરારો દ્વારા રૂા.૩૮૦૦૩.૩ કરોડના મૂડીરોકાણના પરંપરાગત અને બીન પરંપરાગત ઉર્જાના પ્રોજેક્ટો હાથ ધરવા સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.<br>(૬) રાજ્યમાં ઉપલબ્ધ લિગ્નાઈટનો વીજ ઉત્પાદનમાં મહત્તમ ઉપયોગ થાય તે માટે જાહેર સાહસો દ્વારા કેટલાક વીજ મથકો વિકસાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે ઉપરોક્ત વર્ષોમાં વીજ ઉત્પાદન કેટલુ વધ્યું ? | (૩) સન ૨૦૦૧ની સરખામણીમાં, સને ૨૦૦૪ દરમ્યાન કુલ ૬૪૫.૧૮૪ મી. યુ. વીજ ઉત્પાદન વધ્યું છે. |

----------

**રાજપારડી માઈન્સ પ્રોજેક્ટ અંગે સ્થળાંતરિત થતાં ગામોનું પુનઃવસન કરવાનું આયોજન**

૧૦૭૫૦ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી માઈન્સ પ્રોજેક્ટ અંતર્ગત માઈનીંગના લીધે ચાર ગામો (૧) ભૂરી (૨) માલજીપરા (૩) ગુંડેચા (૪) તરલાલી સ્થળાંતરિત થવાના છે, તે હકીકત સાચી છે, અને | (૧) ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી માઈન્સ પ્રોજેક્ટ અંતર્ગત માઈનીંગને લીધે પ્રવર્તમાન ચાલુ માઈન્સ માટે માત્ર માલજીપરા ગામ અને નવી મંજૂર થયેલ આમોદ તરસાલીની માઈનીંગ લીઝ માટે ભવિષ્યમાં આમોદ તરસાલી ગામ સ્થળાંતરિત થશે. અન્ય બે ગામો ભૂરી અને ગુંડેચા સ્થળાંતરિત થનાર નથી. |
| (૨) સ્થળાંતરિત થનાર ગામોના પુનઃવસન માટે શું આયોજન કરવામાં આવનાર છે ? | (૨) સ્થળાંતરિત થનાર બે ગામો પૈકી માલજીપરા ગામના સ્થળાંતર માટે ગુજરાત ખનિજ વિકાસ નિગમે જમીન ખરીદીને રેવન્યુ રાહે ગામતળ નીમ કરાવીને નવું ગામ વસાવેલ છે. નવા ગામમાં |

ગ્રામજનોને પ્લોટ અને જુના ગામના ઘરનું વળતર આપેલ છે. આ ઉપરાંત પુનર્વસનની યોજના અન્વયે ગામમાં નીચે મુજબની સવલતો રાખવામાં આવી છે:-

(૧) સી.સી.રોડ

(૨) પાણીની ઓવરહેડ ટાંકી, પાઈપ-લાઈન, વોટર સ્ટેન્ડ પોસ્ટ

(૩) બોરવેલ, પમ્પ હાઉસ

(૪) સ્ટ્રીટ લાઈટ, દરેક ઘરને વીજ કનેકશન

(૫) પંચાયત ઘર

(૬) પ્રાથમિક શાળા

તદ્દપરાંત વાયર ફેન્સીંગ, વનીકરણ, બાલક્રીડાંગણ, ગામના તળાવમાં મત્સ્ય વિકાસની કામગીરી, બસ સ્ટેન્ડ વગેરે સવલતો ઉભી કરવામાં આવી છે.

જ્યારે ભવિષ્યમાં સ્થળાંતરિત થનાર તરસાલી ગામના સ્થળાંતર માટે પ્રાથમિક સ્તરે ગ્રામજનો સાથે વાટાઘાટો ચાલી રહેલ છે. નવી લીઝવાળી જગ્યાએ ખાણકામ શરુ કરતાં પહેલાં ગામ લોકોની સંમતિથી પુનર્વસન પેકેજ બનાવી તે મુજબ અમલીકરણની કામગીરી હાથ ધરાશે.

--------

**શામળાજી ચેક પોસ્ટની આવક**

૧૧૧૩૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ.ની શામળાજી ચેક પોસ્ટની વર્ષ ૨૦૦૪-૦૫ની કેટલી આવક અંદાજવામાં આવેલ છે,અને | (૧) રૂા. ૫૧૫૧.૪૦ લાખ. |
| (૨) તે પૈકી જાન્યુઆરી-૨૦૦૫ના અંત સુધીમાં ખરેખર કેટલી આવક થયેલ છે ? | (૨) રૂા. ૪૫૩૬.૪૬ લાખ. |

--------

**મુખ્યમંત્રીશ્રીનું નિવેદન - નિયમ-૪૪**

**રાજયમાં પેંટ્રોલીયમ પેદાશના ભંડાર મળવા અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષજી, આ સન્માનનીય ગૃહને ગુજરાતના વિકાસને વિશેષ બળવત્તર બનાવે તેવા આનંદના સમાચાર આપવા ઈચ્છું છું. ૨૧મી સદીના આધુનિક વિકાસમાં ગુજરાત સરકારે આધુનિક ટૅક્નૉલૉજી, રાજકીય ઈચ્છાશકિત અને સ્વપુરૂષાર્થથી વધુ એક સાફલ્ય સિદ્ધિનું સુવર્ણપૃષ્ઠ અંકિત કર્યું છે તેના ગૌરવમાં આ સન્માનનીય ગૃહના તમામ સભ્યો અને તેના થકી એકે એક ગુજરાતી સહભાગી બનશે તેવી અભિલાષા છે.

ગુજરાત રાજય પંચામૃત શકિત દ્વારા પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ઊર્જા ક્ષેત્રનો વિકાસ રાજય માટે એક મોટી તાકાત બની રહ્યો છે. ગુજરાતે સમગ્ર દેશમાં પેટ્રો કેપીટલનું ગૌરવવંતુ સ્થાન મેળવ્યું છે. રાજયમાં બે એલ.એન.જી. ટર્મીનલ, દેશની મોટામાં મોટી પૅટ્રોલિયમ રીફાઈનરી તેમજ દેશની સૌથી વિશાળ ગેસ ગ્રીડ કાર્યાન્વિત કરીને ગુજરાતે દેશમાં પૅટ્રોલિયમ ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, તે આપ સૌ જાણો છો.

આ કાર્યસિદ્ધિના પગલે વધુ એક સિમાચિન્હરૂપ સફળતાની હું જાહેરાત કરી રહ્યો છું. રાજય સરકારનું જાહેર સાહસ ગુજરાત સ્ટેટ પૅટ્રોલિયમ કૉર્પોરેશન (G.S.P.C.), એ હિન્દુસ્તાન ઑઈલ એક્ષ્પ્લોરેશન કંપની (H.O.E.C.) સાથે મળીને તારાપૂર બ્લૉક (CB-ON ૨ )માં તેલ સંશોધન માટે તા.૧૨-૦૪-૨૦૦૦ના રોજ ઉત્પાદન વહેંચણી કરાર કર્યો હતો. તારાપૂર બ્લૉક ૧૬૧૮ ચો.મી.ના વિસ્તાર માટેના G.S.P.C. ઑપરેટર છે. આ જ વિસ્તારમાં, વર્ષો પહેલાં O.N.G.C. એ શારકામ કરવા માટેના પ્રયત્નો કરેલા પરંતુ કોઈ સફળતા ન મળતાં

ફીલ્ડ છોડી દીધેલ, G.S.P.C. એ શ્રી ડાયમેન્શન સેસમીક ટાટા અને તેના અર્થઘટન સાથે વિસ્તૃત રીતે જીઓલોજીકલ અને જીઓફીઝીકલની કામગીરી હાથ ધરી હતી. પ્રથમ કામગીરીનો તબક્કો જે તા.૨૪-૧૧-૨૦૦૩ ના રોજ પૂર્ણ કર્યો ત્યારે આ તેલ સંશોધનમાં ૫૦ ટકા ભાગીદાર દેશની આ ઑઈલ એક્ષ્પ્લોરેશનની ખાનગી ક્ષેત્રની પ્રથમ એવી H.O.E.C. એ તારાપૂર ક્ષેત્રના ઉત્પાદન વહેંચણી કરારમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો.

આથી રાજય સરકારે હિંમતપૂર્વક આપબળે જી.એસ.પી.સી. દ્વારા આ પ્રોજૅકટમાં તેલ સંશોધન કાર્ય હાથ ધરવાનો નિર્ધાર કર્યો હતો અને O.N.G.C. ની અગાઉની નિષ્ફળતા તેમજ H.O.E.C. ના નિરાશ થઈને ખસી જવાના નિર્ણય છતાં, આધુનિક ટૅક્નૉલૉજીના ઉપયોગ અને આ ક્ષેત્રના નિષ્ણાતો ઉપર ભરોસો રાખીને પ્રોજૅકટ આગળ ધપાવ્યો હતો. ચાર વર્ષ પહેલાં ગુજરાતમાં ભૂકંપની વિનાશક આપત્તિથી ધરતી રૂઠી ગઈ હતી પણ એ જ ધરતી હવે રીઝી છે. ભગીરથ પુરૂષાર્થ, અવિરત પ્રયાસ અને ટૅક્નૉલૉજીના વિનિયોગથી અનન્ય સફળતા મળી છે. મને એ જણાવતાં આનંદ થાય છે કે, G.S.P.C. એ આણંદ જિલ્લાના મિલરામપૂરા ગામ નજીક તારાપૂર ખાતે પ્રથમ તેલ કૂવાનું શારકામ તા.૭-૦૨-૨૦૦૫ ના રોજ શરૂ કર્યું હતું. આ કૂવાનું શારકામ ૨૨૫૦ મીટરની ઉંડાઈ સુધી કરવામાં આવ્યું હતું. આ કૂવાના શારકામ દરમ્યાન જુદી જુદી તાંત્રિક તપાસ હાથ ધરતાં ૧૪૯૦ મીટરની ઉંડાઈએ સારી ગુણવત્તા ક્રૂડ ઓઈલનો જથ્થો શોધવામાં પહેલી સફળતા મળી છે. વિપક્ષના નેતાશ્રીઓ, આ ગુજરાતને માટે ઉપયોગી એવી ચીજ થઈ છે. પ્રાથમિક અંદાજ એવો છે કે ૧૪૯૦ થી ૧૫૦૦ મીટર ઉંડાઈ સુધીના વિસ્તારમાં પણ સારી ગુણવત્તા ધરાવતા ક્રૂડ ઓઈલનો ૫ થી ૭ મીલીયન બેરલનો જથ્થો મળવાપાત્ર છે, જેની અંદાજીત બજાર કિંમત રૂ. ૧૦૦૦ થી ૧૨૫૦ કરોડ જેટલી થાય છે. હાલ જે કૂવામાં આ ક્રૂડ ઓઈલ જથ્થો મળી આવ્યો છે તેમાં વધુ ઉંડાઈએ શારકામ કરતા વધારાનો ઓઈલનો જથ્થો મળી આવવાની પણ પૂરેપૂરી સંભાવના નિષ્ણાતોએ દર્શાવી છે, એટલું જ નહીં આસપાસના ત્રણ-ચાર કૂવાઓમાં પણ તેલ સંશોધનની દિશામાં જી.એસ.પી.સી. આગળ વધી રહી છે. આખરી અંદાજ તાંત્રિક અને નિષ્ણાતોની ચકાસણી પછી મળી શકશે.

આપ સૌ જાણો છો કે ધોળકાના ગેસ-તેલ ક્ષેત્રમાં પેટ્રોલિયમ સંશોધન માટે ગુજરાત સરકારે હિંમતપૂર્વક કામગીરી કરીને અભૂતપૂર્વ સફળતા મેળવી ક્રૂડ તેલનો વિપુલ જથ્થો શોધી કાઢયો હતો અને હવે તારાપૂર તેલ-ગેસ ક્ષેત્રમાં પણ સફળતા પ્રાપ્ત થઈ છે. "ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ"- એ ધ્યેયમંત્ર સાથે પેટ્રોલિયમ ક્ષેત્રે ગુજરાતની આ સિદ્ધિ પણ સમૃદ્ધિની દિશામાં લઈ જશે, તેવી મને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી કેટલાક મહેણા ટોણા થયા હતા કે નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ. અને જાતે અભ્યાસ કરવો જોઈએ પણ આ બધા મિત્રોને હવે પૂરું જ્ઞાન થશે કે મકકમતાપૂર્વક યોગ્ય આયોજનથી આગળ વધીએ તો રાજયને કેટલો બધો લાભ થતો હોય છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
## ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૨૦૦૦-૨૦૦૧ના વાર્ષિક હિસાબો

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૨૦૦૦-૨૦૦૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## આલ્કોક એશ ડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશ ડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૧-૨૦૦૨નો વાર્ષિક અહેવાલ.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૧-૨૦૦૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના સામાન્ય વહીવટનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

## નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
### માગણી ક્રમાંક: ૬૪

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (નર્મદા અને જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૪,૮૯,૨૦,૦૦૦ની માગણી ક્રમાંક : ૬૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તો.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૬૬**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૩,૧૦,૬૪,૬૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂા. ૬,૭૮,૨૮,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક : ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તો**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૬૭**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પૂરવઠા સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૬૨,૫૧,૩૩,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂા. ૫,૪૬,૭૨,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તો**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી છબીલદાસ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ**

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (રાજય કક્ષાના બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની મત્સ્યોદ્યોગ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૫૧,૬૩,૧૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૧૦,૨૮,૭૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા.૪–૩–૨૦૦૫ (બીજી બેઠક) (પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માંગણી નં. ૬૪** | | | |
| | | | | |
| *૧. | ૩૪૫૧– સચિવાલય આર્થિક સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૨– નર્મદા અને જળ સંપત્તિ વિભાગ (ખુદ)<br>રૂા. ૪,૮૯,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.–૧૮(ભાગ–૧)<br>પા.નં.–૨૧૮, ૨૧૯ | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓની અનિયમિત હાજરી સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | |

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| *૨. | --"-- | ૧૦૦ | સિંચાઈના પાણી માટે મોટી યોજનાઓની જાહેરાતો પાછળ નાણાનો થતો બગાડ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૩. | --"-- | ૧૦૦ | દરેક શાખાના કામોનું મોનીટરીંગ કરી તેની પ્રગતિનો અહેવાલ નિયમિત રીતે મેળવીને ચકાસવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪. | --"-- | ૧૦૦ | સૌરાષ્ટ્રના મોટા ડેમોમાંથી માટી/કાંપ દૂર કરી સપાટીને છીછરી બનતી અટકાવી પાણીનો વધુ સંગ્રહ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | --"-- | ૧૦૦ | કર્મચારીઓને પ્રમોશન આપવામાં અપનાવાતી ભેદભાવ ભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મનહરલાલ મકવાણા |
| ૬. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોના પત્રોના જવાબો આપવા અંગેની કાર્યવાહી સત્વરે કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે (છનાભાઈ ચૌધરી) |
| | | **માંગણી નં. ૬૬** | | |
| ૭. | ૨૭૦૧– મધ્યમ સિંચાઈ<br>૮૦– સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–નિદેશ ... ગાંધીનગર<br>રૂા.૩,૧૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.–૧૮(ભાગ–૧)<br>પા.નં.૭૭–૭૮ | ૧૦૦ | મધ્યમ સિંચાઈ યોજનાના નકશા અને અંદાજો તૈયાર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ફારુક શેખ) |
| ૮. | ૨૭૦૧–મધ્યમ સિંચાઈ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–જળસંપત્તિ વિભાગ, સચિવાલય<br>રૂા.૧,૨૦,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.–૧૮(ભાગ–૧)<br>પા.નં.૭૮–૭૯ | ૧૦૦ | કેનાલોની મરામત કામગીરી સમયસર કરાવી ખેડૂતોને સિંચાઈના લાભો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી (શંકરભાઈ વારલી) |
| ૯. | --"-- | ૧૦૦ | સિંચાઈની સુવિધાઓ વધારવા અંગે અસરકાર પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જેસાભાઈ બારડ (પુંજાભાઈ વંશ) |
| *૧૦. | --"-- | ૧૦૦ | નવી જાહેર થયેલી સિંચાઈ યોજનાઓ નાણાંના અભાવે સમયસર પૂરી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧. | ૨૭૦૨–નાની સિંચાઈ<br>૦૧– સપાટી જળ<br>૧૦૧–તળાવો,<br>૧૧–કૂવા... કરવા<br>રૂા ૫,૬૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.–૧૮(ભાગ–૧)<br>પા.નં.–૧૪૯ | ૧૦૦ | કૂવાઓ ઉંડા ઉતારી પાણીના સ્ત્રોત જાળવી રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૧૨. | --"-- | ૧૦૦ | તળાવો ઉંડા કરી તેમાં વરસાદના વહી જતા પાણીનો સંગ્રહ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૧૩. | --"-- | ૧૦૦ | તળાવો/કૂવાઓ ઉંડા ઉતારવા જરૂરી મશીનરી ફાળવવામાં ચાલતી ભેદભાવ ભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદા પટેલ (લક્ષ્મણભાઈ પટેલ) |
| ૧૪. | ૨૭૦૨–નાની સિંચાઈ<br>૧૦૩–માર્ગાન્તર યોજના<br>૧૧– નાની.....કામ | ૧૦૦ | નાની સિંચાઈના કામોમાં ચાલતી વ્યાપક ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| | રૂા. ૩૬,૦૦,૦૦૦<br>અં.પ.નં.૧૮(ભાગ–૧)<br>પા.નં.૧૫૧ | | | |

| માંગણી નં. ૬૭ | | | | |
|---|---|---|---|---|
| ૧૫. | ૨૨૧૫–પાણી પુરવઠા અને સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>(૧)ડબલ્યુએસએ–૭ ગુજરાત ...બોર્ડ<br>રૂા.૨૦,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પા.નં.૧૨ | ૧૦૦ | પીવાના પાણી અંગેના માસ્ટર પ્લાન સમયસર તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૬. | ––"–– | ૧૦૦ | હલકી કક્ષાની પાણીની પાઈપોની ખરીદી કરનારા જવાબદારો સામે સખત પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૧૭. | ––"–– | ૧૦૦ | પ્રજાને પડતી પીવાના પાણીની હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | ––"–– | ૧૦૦ | વર્ક ઓર્ડરો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા (પરેશભાઈ વસાવા) |
| ૧૯. | ––"–– | ૧૦૦ | વારંવાર તૂટી જતી પીવાના પાણીની પાઈપોના કારણે સમયસર પાણીનું વિતરણ કરવામાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| *૨૦. | ––"–– | ૧૦૦ | બોર્ડમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અંગે જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧. | ––"–– | ૧૦૦ | કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની કાયમી અછત નિવારી શકાય તેવું સુદૃઢ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છબીલભાઈ પટેલ |
| ૨૨. | ––"–– | ૧૦૦ | બોર્ડ ધ્વારા જાહેરખબરો પાછળ થતો નાણાનો વ્યય અટકાવવમાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી.જે. ચાવડા |
| *૨૩. | ––"–– | ૧૦૦ | ટેન્ડરો આપવામાં ચાલતી ગેરરીતિઓ અટાકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪. | ––"–– | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં પાણીની તંગીવાળા ગામોમાં સત્વરે પીવાનું પાણી મળી રહે તેવું જરૂરી આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગોવાભાઈ રબારી (ગૌતમભાઈ ઝાલા) |
| *૨૫. | ૪૨૧૫–પાણી .... જોગવાઈ<br>૧૦૧– શહેરી પાણી પુરવઠો<br>૦૧–શહેરી ..... યોજના<br>રૂા. ૨,૦૦,૦૦,૦૦૦<br>અ.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પા.નં.–૨૨૧ | ૧૦૦ | મોટા શહેરોમાં પીવાના પાણી માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૬. | ––"–– | ૧૦૦ | સુરેન્દ્રનગર, રાજકોટ અને જામનગર જિલ્લાના મોટા શહેરોમાં વારંવાર મૂકાતા પાણી કાપને કારણે પ્રજાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭. | ૪૨૧૫–પાણી .... જોગવાઈ<br>૧૦૧– શહેરી પાણી પુરવઠો<br>૦૨–સઘન ..... યોજના (કે.પુ.યો)<br>રૂા. ૧૪,૦૦,૦૦,૦૦૦ | ૧૦૦ | સૌરાષ્ટ્રના મોટા શહેરોમાં દરરોજ નિયમિત પીવાનું પાણી મળે તેવું સઘન આયોજન કરવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | શ્રી પરેશભાઈ ધાનાણી (જીતુભાઈ ચૌધરી) |

| | | | | |
|---|---|---|---|---|
| | અ.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પા.નં.–૨૨૧ | | | |
| * ૨૮. | ૪૨૧૫–પાણી .... જોગવાઈ<br>૧૦૨– ગ્રામીણ પાણી પુરવઠા<br>રૂા. ૫,૩૦,૪૭,૦૦,૦૦૦<br>અ.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પા.નં.–૨૨૨ થી ૨૨૬ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નજીકના સ્થળેથી પીવાનું પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯. | ––"–– | ૧૦૦ | ગ્રામિણ વિસ્તારોમાં તૂટી જતા હેન્ડ પંપોનું સમયસર મરામતકામ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઈ જોષી (જેસાભાઈ બારડ) |
| ૩૦. | ––"–– | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પાણીના તળ નીચા જતા અટકાવવા વરસાદી પાણીનો સંગ્રહ કરવાના ટાંકાનું બાંધકામ સત્વરે કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| | **બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ**<br>**માગણી નં.૭૪** | | | |
| ૩૧. | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–આયુક્ત ... અધિકારીઓ<br>રૂા.૨,૮૬,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦ પા.નં.૭–૮ | ૧૦૦ | માછીમાર પરિવારોનું જીવનધોરણ ઉંચુ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૩૨. | ૨૪૦૫–મત્સ્યોદ્યોગ<br>૧૦૩–દરિયાઈ મત્સ્યોદ્યોગ<br>૦૩–એફએસએચ–૧૨ માછલા ....... સુધારણા<br>રૂા.૪૨,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦ પા.નં.૨૫–૨૬ | ૧૦૦ | માછલા પકડવાની હોડીઓનું યાંત્રિકરણ કરવામાં તંત્ર ધ્વારા દર્શાવાતી ઢીલી નીતિ. | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ તેમજ પાણી પૂરવઠા, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ તેમજ બંદર અને મત્સ્યોદ્યોગ વિભાગની માગણીઓ લઈને જે આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પૂરવઠા અને સિંચાઈ મંત્રીશ્રી નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજના અને પીવાના પાણી માટેની જોગવાઈ જે ગત વર્ષે ૨૩૪૪ કરોડ હતી તેમાં જરૂરથી વધારો ૬૩૯ કરોડનો કર્યો છે. પરંતુ ગુજરાતની જે ભૌગોલિક પરિસ્થિતિ ખેતીવાડીની છે અને પાણીની જે આખી પરિસ્થિતિ છે એમાં ગુજરાતનો સમતોલ વિકાસ થાય એ ધ્યાને રાખીને જે ખર્ચ અને આયોજન કરવાનું થાય છે તે કરવું જોઈએ એમ હું માનું છું, મારા ખ્યાલ પ્રમાણે ૭૧ ટકા દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં જે પાણીના સ્ત્રોત છે એ ૭૧ ટકા જેવા છે. સૌરાષ્ટ્રમાં ૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા અને કચ્છમાં ૨ ટકા પાણીનો સ્ત્રોત છે. પાણીની જે પરિસ્થિતિ વર્ષોવર્ષ વિકટ આવતી જાય છે. એક વર્ષ સારું, બે વર્ષ દુષ્કાળ આ પરિસ્થિતિની અંદર જે આયોજન કરવું જોઈએ એ આયોજનની અંદર બજેટની જોગવાઈ અને જે કામગીરી ટકાવારી પાણીના સ્ત્રોતની જે વ્યવસ્થા છે એ પ્રમાણે થવી જોઈએ. પરંતુ એમાં ઘણો બધો ફેરફાર છે. મારે આપના દ્વારા કહેવું છે કે, સૌરાષ્ટ્રને નર્મદાનું વધારાનું એક મિલિયન એકરફીટ પાણી આપવાની વાત હતી. ૫૩૭ કરોડ રૂપિયા ગયા વર્ષે ખર્ચ કરવાની વાત હતી. પરંતુ એમાં ખર્ચ કેટલો થયો? ૭૦ લાખ રૂપિયા જે ગયા વર્ષે વપરાણા છે તો મારે એ વાત પણ કરવી છે કે સુજલામ્ સુફલામ્ યોજના સારી છે એ યોજનામાં બધા વખાણ જરૂરથી કરે અને ખેડૂતલક્ષી યોજના હોય એનું પરિણામ સારું હોય, એનું પરિણામ ક્યારે આવે? સૌરાષ્ટ્રની અંદર જે પરિસ્થિતિ પ્રમાણે સુજલામ્ સુફલામ્ યોજનાનું પરિણામ અને જે કામગીરી અમને જોવા મળી છે એની બજેટ જોગવાઈ ૬૨૩૭ કરોડની કરી છે, તો એમાં સૌરાષ્ટ્રમાં કેટલો ખર્ચ થયો છે? એ હું આંકડા સાથે માનનીય મંત્રીને પાસે પૂછવા માગું છું. જે પરિસ્થિતિ વચ્ચે સૌરાષ્ટ્રના વિસ્તારમાં અને કચ્છ-

સૌરાષ્ટ્રમાં જે પરિસ્થિતિ સર્જાણી છે એમાં ઘણા બધામાંથી ગણ્યાંગાંઠ્યા જ પૈસા વપરાણા છે. એ આપના દ્વારા હું આપને આંકડા સાથે વિનંતી કરવા માગું છું કે તમે ન્યાય છે એ કઈ રીતે આપ્યો છે?

ગુજરાત Green Revolution Company બનાવી અને મેં હમણા વાત કરેલી કે ૧૫૦૦ કરોડ રૂપિયાની drip irrigation યોજના બનાવી. જી.એસ.એફ.સી. અને જી.એન.એફ.સી.ની એક સંયુકત યુનિવર્સલ ઈરિગેશન કંપની બનાવી અને બીજી હરિયાળી ક્રાંતિ લાવવાની જે વાત લઈને માનનીય મંત્રીશ્રીએ ૧૫૦૦ કરોડ રૂપિયાની યોજના કરી છે એમાં મારે સ્પષ્ટતા કરવી છે કે આ ભૌગોલિક પરિસ્થિતિ પાણીના સ્તર છે એમાં અમારા બધા વિસ્તારને સરખા હિસ્સે જાય, જરૂરિયાત છે એમાં એનો ઉપયોગ થાય એવી વાત આપના દ્વારા કરવા માગું છું.

મારે આપના દ્વારા વાત કરવી છે કે ૧૯૭૬માં આપણા ગુજરાત અને દેશના વૈજ્ઞાનિકોએ કલ્પના કરેલી કે અમારો વિસ્તાર છે એ લીલી નાઘેર કહેવાતો. ત્યાં કેસર કેરીના આંબા, નારિયેળી, લીલુછમ વાતાવરણ હતું. પાંચ વીઘાનો ખેડૂત હોય એ સુખી અને સમૃદ્ધ હોય એવી પરિસ્થિતિમાં ૧૯૭૬માં તેણે કલ્પના કરેલી કે આ પાણીનો સ્ત્રોત છે એ દરિયા કિનારો આગળ વધી અને ક્ષારનું પ્રમાણ વધશે. ૧૯૭૬ થી ૧૯૮૦ દરમિયાન ત્યારે ૩૬૦ કિલોમિટરની યોજનાના નામે અને ૧૬૭ ચેકડેમો બનાવેલા હતા. ૩૭૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ન્યાય આપવાની વાત કરી હતી. આપના દ્વારા મારે વાત કરવી છે કે ગયા વખતે નાણા મંત્રીશ્રી ગવર્નરશ્રીની સ્પીચમાં બોલેલા કે ૨૮ કિલોમિટર ક્ષાર વિસ્તાર છે. પોરબંદરથી માંડી મહુવા અને ભાવનગર સુધીનો ૩૨૦ કિલોમિટરનો વિસ્તાર આવે છે એ દર વર્ષે બે બે કિલોમિટર પાણીના સ્ત્રોત દરિયાના ખારા પાણી આગળ વધતાં જાય છે. ત્યારે આ સ્ત્રોત છે એમાં ૨૮ કિલોમિટરમાં કામગીરી કરી એવી વાત થયા પછી નાણાકીય ફાળવણી કરી એ પછી ૩૬૦ કિલોમિટરની કામગીરી કરવાની જે વાત હતી એ વાત આજે એક કિલોમિટરનું પણ કામ આગળ ચાલ્યું નથી. મારે દુ:ખ સાથે કહેવું છે કે આ કામગીરી નહિ કરવામાં આવે તો પરિસ્થિતિ એવી થશે કે હિજરત કરવાનો પ્રસંગ સો ટકા નજીકમાં આવશે. વેરાવળ-પાટણ અમારા મત વિસ્તારમાં ત્રિવેણી સંગમ ઘાટ છે ત્યાં તત્કાલીન વડાપ્રધાનની યોજનામાં પાંચથી સાડા પાંચ કરોડની સામુદ્રિક સંસ્થાન નેશનલ એશિયન ટેકનોલોજી નામની સંસ્થા મારફતે યોજના મંજૂર કરવામાં આવી. એના ટેન્ડરથી માંડીને કામગીરી શરૂ થવાની વાત પછી પેપરમાં પણ આવી પણ અત્યાર સુધી એ કામગીરીનું કોઈ ટેન્ડર પણ પાસ થયું નથી કે કોઈ કામગીરી શરૂ થતી નથી. તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ અંગે પણ વહેલામાં વહેલી તકે આ યોજનાથી ત્રણ તાલુકાને, આ વિસ્તારના ખેડૂતોને મોટો લાભ થાય એવી યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ કલ્પસરની વાત કરી. આમ તો ભાઈ ભૂપેન્દ્રસિંહભાઈની વાત છે. આમ તો કલ્પસરમાં આ યોજના ૨૦૦૦માં શરૂ થઈ અને ૨૦૧૮ સુધીની કલ્પના કરી. ૨૦ વર્ષ સુધીની કોઈને કલ્પના નથી. માટે જો કલ્પસર યોજના મક્કમતાથી તમામ ગુજરાતનું બજેટ નાખો અને કલ્પસર યોજનાનો ઈતિહાસ જો તમારે બનાવવો હોય, ભાઈશ્રી નરોત્તમભાઈ, ગુજરાત નહિ પણ આખા હિન્દુસ્તાનમાં આ ગુજરાતના ખેડૂતો સોનેરી અક્ષરે લખશે. જેમ નર્મદા યોજના પછી મોટી કોઈ યોજના હોય તો આ કલ્પસર યોજના છે. જો કાર્યવાહી કરવી જ હોય તો બાકી વાતો કરવાનો કોઈ અર્થ નથી. ૨૦૨૦ સુધીની વાત છે પણ તમે અને હું બન્ને બુઢ્ઢા થઈ જવાના. નરોત્તમભાઈ, તમે સો ટકા થઈ જશો. વજુભાઈ કદાચ ન થાય. સી.સી. પટેલ જેવા તજજ્ઞ કામ કરે છે. વૈજ્ઞાનિક અને સી.સી. પટેલ જેવા તજજ્ઞોનો ઉપયોગ કરો. ચોરવાડથી સૌરાષ્ટ્રના ધારાસભ્યોની મિટિંગ જ્યારે પાણી પૂરવઠા મંત્રીશ્રીએ બોલાવી ત્યારે બધાને બોલાવેલા અને નરોત્તમભાઈનો સ્વભાવ લાગણીશીલ છે અને લાગણીશીલ સ્વભાવમાં એમણે સૌરાષ્ટ્રની વાત જરૂર કરી. બધાની વચ્ચે વાત કરી કે સૌરાષ્ટ્રની આ દરિયાપટ્ટીની કોઈપણ પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા માટે એમણે વાત કરી જે વિસ્તાર બાકી રહી જાય છે પીવાના પાણીની પાઈપ લાઈન માટે એને મહી પરિયોજના નર્મદાનું પાણી રાજુલાથી આપવાની વાત કરી. ચોરવાડથી વેરાવળ, કોડીનાર, ઉના, રાજુલાને જોડતી પાઈપ લાઈન નાંખવાની સૈદ્ધાંતિક મંજૂરી તમે વિધાનસભામાં ગયા વર્ષે બોલ્યા છો. આપણે કોઈ બીજી વાત નથી. આ ઐતિહાસિક નિર્ણય છે જેમાં લીલી નાઘેર પીવાનું પાણી ૧૦ કિલોમીટર દૂરથી લાવવું પડે છે. મારે આ વાત કરવી છે. જે અન્યાયની વાત કરવી છે. મારે અવારનવાર મેઘલ નદીની વાત શા માટે કરવી પડે છે. એટલા માટે કે આ મંત્રીશ્રીનો અભિપ્રાય છે કે ખેડૂતને ઉપયોગી થાય એવી યોજના કરવા માટે કટિબદ્ધ છીએ. ખેડૂત જ છે. આ જસાભાઈની યોજના નથી. તો ૧૦ ગામનું પીવાનું પાણી એક ચોરવાડ નગરપાલિકાને, ૧૦ ગામને સિંચાઈનું પાણી ૧૯૮૬-૮૭માં બનેલ ડેમનું પાણી નીકળી જાય. એક વડીલનો દરજ્જો કહું છું એ વાત સ્વીકારે છે. હા પાડ્યા પછી માત્ર ૯૯ લાખના ખર્ચની વાત હોય, પાણી બધું જતું રહ્યું છે. ટેન્કર ચાલુ કર્યા છે. નગરપાલિકા આજે જે પરિસ્થિતિ ભોગવી રહી છે. એમાં હસવાની વાત ન હોઈ શકે. ખેડૂતોની દસ ગામની વાત છે. ૯૯ લાખના ખર્ચની વાત છે. કરોડો, અબજો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ તો મેઘલ નદીનો ડેમની રજૂઆત છે એમાં દરેક વિસ્તારના, દરેક કોમના લોકો રહે છે.

મારો વિસ્તાર જે છે એ ફીશરમેનનો છે. મત્સ્યોદ્યોગનો છે. હું અંદાજપત્ર સાંજે વાંચતો હતો પ્રકાશન-૩૦માં રૂપરેખા જોઈ એમાં ગુજરાતના ૯૭૦ ગામની વસ્તી ૪૮૩૦૦૦ બતાવી છે પણ બીજું પ્રકાશન જોયું પાન-૩૩ ઉપર મંત્રીશ્રી તપાસે એમાં ૮૮૧ ગામ બતાવ્યા છે અને ૪૪૯લાખ જોડાયેલા છે અને સક્રિય માછીમારો ૧૫૮૦૦૦ માછીમારો, માછીમારીના ધંધા સાથે સીધા સંકળાયેલા છે. આ દેશમાં ખેતી પછી બીજો કોઈ ઉપર આભ નીચે ધરતી પોતાની જીંદગી જોખમમાં મૂકીને ઉત્પાદન કરતા હોય તો દરિયાઈ માછીમાર છે. આખા દેશમાં ૬૪લાખ મૅટ્રિક ટન જે થાય છે એને ૧૨ ટકા જેવું ઉત્પાદન આપણું ગુજરાત કરે છે. ૬.૫૪લાખ મૅટ્રિક ટન મત્સ્યોદ્યોગનું

ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ભામરાપાણીનો પણ જેના ઉપર આખું કુટુંબ નિર્ભર છે એનું પણ ૯.૪૫લાખનું ઉત્પાદન થાય છે. સાથેસાથે મત્સ્યોદ્યોગની નિકાસ થાય છે.દેશમાં ઉદ્યોગની હરોળમાં પણ આની ગણના થાય છે. ૬૦૦થી ૬૫૦કરોડની મત્સ્યોદ્યોગની નિકાસ થાય છે. એમાં ઘણી મુશ્કેલી પણ છે. ગઈ વખતે મંત્રીશ્રીને મેં વાત કરેલી કે આજે ડિઝલ ઉપરની જે એકસાઈઝ ડયૂટીને કેન્દ્ર સરકાર તરફથી ૩૫ પૈસાની સબસીડી મળે છે. એના પૈસા વહેલા મોડા મળે છે. ભૂતકાળમાં પણ આ એકસાઈઝ ડ્યૂટીના પૈસા ભારત સરકારમાંથી આવે, પણ પહેલા ડિઝલના ભાવ નક્કી થાય એમાં પૈસા મજરે આપવામાં આવે છે. આજે ૩૫ પૈસાના ૧.૫૦ પૈસા થયા છે. ઘણી સારી વાત છે. સેલ્સ ટેક્સની ૧૦૦ ટકા મુકિત આપવામાં આવી છે. એમાં મારે કહેવું છે કે સેલ્સટેક્સની મુકિત બિલમાંથી કાપીને આપવામાં આવે છે. સેલ્સટેકસનું પાછળથી એનું એસેસમેન્ટ થાય છે. ભૂતકાળમાં ઘણાં વર્ષોથી આ પ્રશ્ન છે, એક-બે વર્ષનો નથી. વર્ષોથી સેલ્સટેકસ મુકિત આપવામાં આવે છે. આ માછીમારો અજ્ઞાન, અભણ માણસો છે. આજે ભટકવું પડે છે. ઘણા પૈસા ગયા વર્ષના બાકી છે. તો મારે સેલ્સટેક્સની જે માફી છે, તે આગળથી બિલમાંથી કાપી આપવામાં આવે તેવી મારી માગણી છે. આખું જીવન સમર્પિત કરી પોતાનું જીવન હોડમાં મૂકીને દરિયામાં માછી મારવા જાય છે અને રસ્તાની એને જ્યારે કાઈ ખબર નથી. દરિયામાં પાકિસ્તાન ઓળંગી જાય, બાંગ્લાદેશમાં કે દુબઈ પહોંચી જાય. આવી પરિસ્થિતિ અવાર-નવાર બને છે. એક મહિનામાં દસ વખત આવા બનાવો બને છે, તો આ બાબતે એક એવો સર્વસંમતિ નિર્ણય લેવાવો જોઈએ. શ્રીલંકામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી. તો કોણ લેશે. આપના દ્વારા વાત કરવા માગું છું. આ તો વધારાનો હવાલો લાગે છે. ભુપેન્દ્રસિંહને બહુ રસ નથી લાગતો. હું પણ મિનિસ્ટર હતો. આ મારો મુખ્ય હવાલો હતો. આમાં એની સાથે જવા સંમત છું. ગુજરાતના માછીમારોને ૧૫ દિવસમાં ઘરે પહોંચાડવાની જવાબદારી અમારી, તમારી સંયુક્ત હોય તો કેન્દ્ર સરકારમાં જે મિનિસ્ટરને મળવું હોય તે સાથે કામગીરી કરવાની અમારી તૈયારી છે. સર્વસંમત કાયદો ગુજરાત સરકાર અને ભારત સરકાર મળીને કરવા માટેની વાત કરવા માગીએ છીએ.

વેરાવળ બંદરને હમણાં અમદાવાદ સ્થિત એક એજન્સીએ સરવે કર્યો. આનું બારમાસી બંદર કરવામાં આવે. કાર્ગો અને હાર્બર બંદર ગુજરાતમાં મોટામાં મોટું બંદર અને ડીપ પણ એટલું બધું છે. બહારથી ઉદ્યોગકારો આવે છે. ઉદ્યોગો આ વેરાવળની આજુબાજુ ઉદ્યોગો ઘણા બધા મોટા આવ્યા છે. ૧૫ થી ૨૦ અબજના ઉદ્યોગો આવ્યા છે. આજે ભૂતકાળમાં ત્યાંથી દરિયાઈ માર્ગે માલનું વહન થતું ત્યાં આજે તો બંધ થઈ ગયું છે, એના કારણોમાં જવું પડશે. કારણોમાં જતાં પહેલાં બારમાસી બંદર કરવા માટે પડેલ કાપને દૂર કરવી પડશે. ખર્ચ કરવો પડશે, માટી કાઢવા માટેનો પણ ખર્ચ કરવો પડશે. ટૂંકા ખર્ચની અંદર બારમાસી બંદર બન્યા પછી હાર્બર ફિશરમેનને રોજીરોટીનો સવાલ ઉકેલાઈ જશે. ફિશરમેન મૂળ દ્વારકાથી માંડી જામગનર દ્વારકામાં ભટકે છે. સૌથી વધારે ફિશરમેન આ વિસ્તારની સાથે સંકળાયેલા છે, તો બારમાસી બંદર બને અને ઉદ્યોગો અને ફિશરમેનને ઉપયોગી થાય તેવી હું આપના દ્વારા વાત કહેવા માગું છું. બાકી બંદરોની વાત થઈ.

**અધ્યક્ષશ્રી** : બંદરોની માગણી છે નહિ, ફક્ત મત્સ્યોદ્યોગની છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : મારે એટલી જ વાત કરવી છે. મીઠા પાણીના માછીમારો છે. જે ખેડૂત સહકારી સંસ્થા સાથે જોડાયેલ છે, એ ખેડૂતો સહકારી સંસ્થામાં જે ભારત સરકાર સાથે એન.સી.ડી.સી. ની યોજના ૪૦,૦૦૦ જેના ઝૂંપડા હોય તેને મકાનો બનાવવા માટે ૪૦,૦૦૦ ની યોજના, ટયૂબવેલ બનાવવા માટે ૩૦,૦૦૦ ની યોજના, એને કોમ્યુનિટી હૉલ બનાવવા માટે ૧,૭૫,૦૦૦ ની યોજના ભારત સરકાર સાથે રહીને સંયુક્ત સાહસથી આપવામાં આવે છે, તેમાં છેલ્લા ૨ વર્ષમાં કાપ મૂકાઈ ગયો છે. બંધ જેવી થઈ ગઈ છે. મારે વિનંતી કરવાની છે કે જે આમાં ફિશરમેન માટે ગરીબ માણસ ઝૂંપડામાં રહે છે, તેવા માટે ટોકન બેઈઝથી પણ ભારત સરકારમાંથી જે સબસિડી મળે છે, એ સબસિડીની એકેય સ્કીમ બાકી ન રહે એના માટેની ફરી વિનંતી કરું છું અને ગુજરાતના ખેડૂતોની સાથે સાથે ફિશરમેન ખેડૂતોનું પણ પૂરેપૂરું ધ્યાન આપે તેવી આપના દ્વારા વિનંતી કરી મારી વાત પૂરી કરીશ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ આ ગૃહમાં આવ્યા છે તેમને સમર્થન આપવા અને બે શબ્દો કહેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પરિસ્થિતિ એવી છે કે દક્ષિણ ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં વરસાદ, મધ્ય ગુજરાતમાં સપ્રમાણ વરસાદ જ્યારે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર નપાણીયો પ્રદેશ છે અને વરસાદ પણ અનિયમિત છે તેના કારણે પાણી માટે વલખાં મારવાં પડે છે. ખેડૂતોને પાણી માટે ૧૨૦૦-૧૨૦૦ ફૂટ ઊંડા ટ્યુબવેલ કરવા પડે છે અને તેના આધારે ખેડૂત પરિવાર તેના ગરીબ પરિવારનું પૂરું કરી શકે નહીં. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ એક સુજલામ સુફલામ યોજના લાવ્યા છે. ૬૩૨૭ કરોડ રૂપિયાની આ યોજના અને તે યોજના પણ ૨૦૦૫ ડિસેમ્બર મહિના સુધીમાં પૂર્ણ કરવાના નિર્ણય સાથે પ્રજાના કલ્યાણ માટે મૂકી છે. ત્યારે આજે એમાં ૩૩૭ કિલોમીટર પાઈપલાઈનનું બાંધકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. તેમાં ૭૨ જેટલી એજન્સીઓ આજે કાર્યરત છે અને તે યોજનાને કાર્યરત કરવામાં કેટલીક અડચણો આવે છે જેમ કે જમીન સંપાદનની પ્રક્રિયા, રસ્તામાં આવતા રોડ ક્રોસિંગ, રેલવે ક્રોસિંગ આવી અનેક પ્રકારની કામગીરી હાથ ધરી આની કામગીરી કરતા હોય ત્યારે આવી યોજના પૂરી કરવામાં આઠ થી દસ વર્ષ લાગે. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલને બિરદાવવા માગું છું કે

છ મહિનાના ટૂંકા ગાળામાં યુદ્ધના ધોરણે અસાધારણ કામગીરી કરી છે. સુજલામ સુફલામ સ્પ્રીડીંગ કેનાલમાં દર મહિને ૫૦ થી ૭૦ લાખ ઘનમીટર માટીકામ આજે થઈ રહ્યું છે. આ કામમાં જોડાયેલ વિભાગના કર્મચારીઓ તેઓની ફરજ દરમ્યાન કામગીરી કરે છે તેવું નથી પણ રાતદિવસ ગુજરાતના પ્રજાના હિત માટે પોતાની ફરજો બજાવી રહ્યા છે તેથી તે અધિકારીઓની કામગીરીને પણ બિરદાવવી રહી. આ યોજનાનો એકમાત્ર ઉદ્દેશ નાનામાં નાની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો, ખેત મજૂરોનો કેમ ઉદ્ધાર થાય તે છે અને તે ઉદ્દેશના આધારે કામ ચાલુ છે.

સરદાર પટેલ જળ સંચય યોજના, પહેલાં ચેકડેમ, આડબંધ માટે ૬૦:૪૦ ની યોજના હતી તેમાં ખેતી વધારવા માટે અને તેમાં લોકો લાભ લે. ઘણા વખતથી પૈસાદાર વિસ્તાર હોય તેમાં લોકફાળો ૪૦ ટકા થતો હોય છે તેથી તે લોકોને તેનો લાભ મળતો હતો. પણ જે વિસ્તારમાં ૪૦ ટકા લોકફાળો થતો ન હોય ત્યાં લાભ મળતો ન હતો. એના માટે ૬૦:૪૦ ની જગ્યાએ તે યોજનાને ૮૦:૨૦ ની કરી છે. જેથી અમૂક વિસ્તારો બાકી રહેતા હતા તે વિસ્તારોનું કામ ઝડપથી પૂર્ણ થશે. રાજયમાં ઘણાં જૂનાં રસ્તાઓ હતા, જૂના કોઝ વે પડયા રહ્યા હતા. વહેરા, વાંકળાં નદીઓમાં થઈને જતા હતા તેનું પણ ચેકડેમમાં રૂપાંતર કરીને મહેસાણા જિલ્લા અને પાટણ જિલ્લાને પ્રાયોગિક ધોરણે એ લોક ટ્રસ્ટો અને એપીએમસી દ્વારા કરવાનું એક સૂચન સરકારે કર્યુ છે અને અમલ વિધિ પણ ટૂંક સમયમાં કરવા માગે છે તે બદલ ધન્યવાદ એમને આપું છું એ કરીને વહેરા, વાંકળાં પાણી ભરાઈ રહેશે અને એમાં પાણી ભરાઈ રહેવાના કારણે પાણીના તળની સપાટી પણ જળવાઈ રહેશે, મારા વિસ્તારમાં પુષ્પાવતી નદી છે. એમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ બે વર્ષ પહેલાં ઉદ્‌ઘાટન કર્યુ હતું, આજે એ પાંચ કરોડનો ડૅમ સંપૂર્ણ થઈ ગયો છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ નર્મદાનું વધારાનું પાણી એમાં જલદીથી જો નાંખવામાં આવે તો એની આજુબાજુના વિસ્તારમાં પાણીના તળ સચવાઈ રહે.

મહેસાણા જિલ્લાના ધરોઈ ડૅમનો કમાન્ડ વિસ્તારમાં આવતી માઈનોર લાઈનો પણ સહકારી મંડળીઓને, પિયત મંડળીઓ કરવામાં આવી, આ નવતર પ્રયોગ હતો, આ વર્ષે જ એની પિયત મંડળીએ કરી અને એ પિયત મંડળીના સંચાલકોને એનું સંચાલન સોંપવામાં આવ્યું, સપ્રમાણ પાણી મળી રહ્યું અને કોઈ તકલીફ નથી પડી, અને પાણીની બચત થઈ, આ પ્રયોગ જોવા માટે આપણા દેશના બીજા રાજયોના કેટલાય ડેલીગેટ્સ આવ્યા, અરે, વિદેશથી પણ એક બે વ્યકિતઓ આવી અને આ પ્રાયોગિક ધોરણનો એ અભ્યાસ કરીને ગઈ, આનાથી એક પાણીનો બચાવ થશે, અને ખેડૂતોની રાડ, ફરિયાદો પણ ઓછી થશે. તો માઈનોરનું સંચાલન પિયત મંડળી કરે, સમારકામ પણ પિયત મંડળી કરે,અને એ રીતે પોતે પોતાના પ્રશ્નો ઉકેલે, એવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી,

સમગ્ર દેશ માટે નાબાર્ડમાંથી આઠ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી, અને આપણી આ બધી યોજનાઓનો અભ્યાસ કરીને નાબાર્ડવાળાઓએ ૧૫૦૦ થી લઈને ૨૦૦૦ કરોડ સુધીની રકમ આપણને આપવાનું આશ્વાસન આપ્યું છે અને એનો વીસ થી પચીસ ટકા, દેશભરમાં નાબાર્ડ આઠ હજાર કરોડ રૂપિયાની ફાળવે એમાં વીસ- પચીસ ટકા ગુજરાત માટે ફાળવે એ ખૂબ સુંદર વાત છે. કેન્દ્ર સરકારના પ્લાનિંગ કમીશનના મોટા ભાગના સભ્યશ્રીઓએ ગુજરાતની કામગીરીને બિરદાવી છે. ઈન્ટરલીકીંગ દ્વારા નદીઓને જોડવાની કામગીરી કરેલ છે એ બાબત ગૌરવ લેવા જેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટપક સિંચાઈની વાત કરું તો હમણાં ગુજરાત સરકારે એક નવી યોજના મૂકી છે. આપણે જે પાણીનો ઉપયોગ કરીએ છીએ એ પાણી જો આપણને મફતના ભાવે મળે કે નહેરોમાંથી મળતું હોય તો વિપુલ પ્રમાણમાં એક જ ખેતરમાં ભરી દેતા હોઈએ છીએ, એનાથી પાકના ઉતારામાં કોઈ ફાયદો થતો નથી, ઉપરથી ઉતારો ઓછો થાય છે તો એ માટે ટપક સિંચાઈ- ડ્રિપ ઈરિગેશન યોજના મૂકી છે અને આ યોજના મૂકવાનો એક માત્ર ઉદ્દેશ એ છે કે ખેડૂતો સુખી થાય, અને ખેડૂતો કેવી રીતે વિપુલ પ્રમાણમાં ઉતારા ઉતારે, ઓછા પાણીએ કેમ વધારે પાક લેવાય એ ઉદ્દેશ છે. ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની સ્થાપી, એમાં જીએનએફસી, જીએસએફસી જેવા ઉદ્યોગોના સહયોગથી ૧૫૦૦ કરોડની આ યોજના મૂકવામાં આવી છે એમાં ફક્ત પાંચ ટકા રકમ ખેડૂતોએ રોકવાની છે, બાકીની ચાલીસ ટકાની સબસિડી અને ૫૫ ટકા એ ઓછા વ્યાજની લોન મળવાની છે,ખેડૂતો વધુમાં વધુ પ્રમાણમાં એનો ઉપયોગ કરે તો હું માનું છું કે, હરિયાળી ક્રાંતિ થાય એમાં શંકાને કોઈ સ્થાન નથી, સરકારે ચેકડેમો અને તળાવો બાંધવા માટે ગુજરાતની દરેક એ.પી.એમ.સી. ને પરિપત્ર મોકલ્યો છે કે તમે તમારા ફંડમાંથી ૫૦ હજાર સુધીનો ખર્ચ આવા સત્કાર્યોમાં કરી શકશો આવો પરિપત્ર માનનીય ભૂપેન્દ્રસિંહે મોકલ્યો છે.

નર્મદાના વધારાના જળથી ઉત્તર ગુજરાતના ૯ ડેમો ભરવાનું નક્કી કર્યું છે અને એ માટે બજેટમાં જોગવાઈ પણ કરી છે. એક પાઈપલાઈનથી ધરોઈમાં પાણી આજે ચાલુ છે અને બીજી બે પાઈપલાઈન ગુહાઈ અને હાથમતિનું કામ રાત-દિવસ ચાલી રહ્યું છે. નર્મદાનું વધારાનું પાણી બીજી ૧૦ નદીઓમાં આપણે નાખ્યું છે અને બીજી ૨૧ નદીઓમાં નર્મદાનું પાણી નાંખવાની યોજના બનાવી છે અને એ પાણી નદીઓમાં વહેશે ત્યારે આજુબાજુના ગામડાઓના કૂવાઓ, ટયુબવેલ વગેરેના પાણીના સ્તર ઉંચા આવશે અને એના કારણે વીજળીનું બીલ પણ બચશે. નર્મદાનું વધારાનું પાણી સૌરાષ્ટ્ર વિસ્તારાની ૧૭ નદીઓ અને જળાશયોમાં નાંખવા માટેની રૂા.૫૧૫ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. એટલું જ નહીં પણ, દરિયા કાંઠાના વિસ્તારોમાં જે ખારાશને કારણે બિન ઉપજાવ જમીન થતી જતી હતી એ જમીનમાં ક્ષાર અટકાવવા માટે પણ આપણે બજેટમાં આયોજન કર્યું છે અને એના કારણે જમીનમાં ખારાશ આગળ વધતી અટકશે અને ત્યાં પણ ખેતીનું ઉત્પાદન સારી રીતે થશે.

ધરોઈનું પાણી પહેલા કમાન્ડ વિસ્તારોમાં મળતું ન હતું અને ધરોઈ ડેમ ભરાયો હોય તો પણ કમાન્ડ વિસ્તારમાં કોઈ દિવસ પાણી મળતું ન હતું એના કારણે અમે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા તેમ છતાં પહેલાની સરકારોએ વિતરણ વ્યવસ્થાની ચિંતા કરી ન હતી અને એના કારણે કમાન્ડ વિસ્તારના ખેડૂતોને ડેમ ભરાયો હોય તો પણ એ પાણી એમને રવી પાકના કામમાં આવતું નહતું. આ પાણી કમાન્ડ વિસ્તારની બહાર ફતેવાડી કેનાલના વિસ્તારના ડાંગરના પાકમાં જતું હતું. પાકમાં જાય એમાં વાંધો નહીં પણ 'ઘરના છોકરા ઘંટી ચાલે અને પાડોશીને આટો' એવી કોંગ્રેસના રાજની નીતિ રીતિ હતી.(અંતરાય) છબીલભાઈ, આ માટે અમે પ્રત્યક્ષ હાઈકોર્ટમાં ગયા છીએ અને પછી સમાધાન કરીને આ હક મેળવેલ છે. એ માલજીભાઈ પણ જાણે છે. આમાં કંઈ ખોટું કર્યું કહેતો નથી. આમાં કોઈ ખેડૂતોનું અહિત નથી કર્યું કારણ કે તમારામાં વિચારવાની શકિત ન હતી અને વિચારવાની શકિત ન હોવાના કારણે કમાન્ડ વિસ્તારના ખેડૂતોને તમામને પાયમાલ કર્યા હતા. આજે અમારા નરોત્તમભાઈએ નર્મદાનું પાણી સાબરમતીમાં નાખીને વાસણા બંધ ભરી ફતેવાડી વિસ્તારના લોકોને પાણી આપ્યું છે એના કારણે ચોખા અને બીજા અબજો રૂપિયાના પાકનું ઉત્પાદન થયું છે. આ રીતે ખેડૂતોને ફાયદો કરવાનું કામ આ ભાજપની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠા વિભાગ ઉપર હું થોડી વાત કહેવા માગું છું. (અંતરાય) હમણાં માનનીય ગોવાભાઈ કહેતા હતા કે બંધ અમે બનાવ્યા છે અને તમે જશ શેના લો છો? એટલે કહું છું કે બંધ બનાવ્યા પણ વિચારવાની શકિત ન હતી એટલે પાણી નહોતા આપી શકતા એટલે મારે અહીંયા યાદ તો કરાવવું પડેને? સરકારે ૧૯૯૮-૯૯ થી ૨૦૦૩-૦૪ સુધીમાં છ વર્ષના ગાળામાં ૪૦૨૦ કરોડ જેવી માતબર રકમ ફાળવી યોજનાકીય કામગીરી પાછળ ૪૧૫૫ કરોડ જેટલો ખર્ચ કર્યો છે. મહેસાણા અને પાટણ જિલ્લામાં ૩૧૦ કરોડ રૂપિયા ખર્ચીને ૫૦૭ ગામોને ફ્લોરાઈડ વગરનું પાણી આપવાનું કામ કર્યુ છે. આજસુધી ફ્લોરાઈડવાળું પાણી પીને આપણે અસહ્ય રોગથી પીડાતા હતા. આ સરકારે પહેલી જ વખતે આ પાણી આપવાનું કામ કર્યુ છે. એકલા મહેસાણા પાટણ જિલ્લામાં જ નહિ પરંતુ બનાસકાંઠામાં સિપુ નદીમાં સિપુ જળાશય યોજનામાંથી ૩૧.૬૦ કરોડના ખર્ચે ૧૩૦ ગામોને પાણી આપવાની યોજના બનાવી આજસુધી ૬૩ ગામોને પાણી આપણે આપી રહ્યા છીએ. સાબરકાંઠા વિસ્તારમાં ૧૧૨ ગામોની ત્રણ જૂથ યોજના ૧૩.૧૪ કરોડ ખર્ચીને પૂરી કરેલ છે તેવી જ રીતે સાબરકાંઠાના ૪૨૨ ગામોની પાઈપલાઈનની યોજનામાં પાંચ કરોડ રૂપિયા ખર્ચીને પાણીના વિતરણની વ્યવસ્થા આપણે કરી શક્યા છીએ. ભારત સરકારે સેકટર રિફોર્મ યોજના બનાવી છે. ગુજરાત રાજયના ત્રણ જિલ્લા એમાં લેવામાં આવેલ હતા. મહેસાણા, સુરત અને રાજકોટ જિલ્લો અને એમાં ૯૦ ટકા કેન્દ્ર સરકારના અને ૧૦ ટકા લોકફાળાના અને એ રીતે ત્રણ જિલ્લાને કામગીરી આપી છે. મહેસાણા જિલ્લામાં ૩૨૦ ગામોનું આપણે કામ કરી ચૂક્યા છીએ. એમાં પાણી પૂરવઠાની ટાંકીથી લઈને પાઈપ લાઈન અને એનો સમાવેશ થતો હોય એવી જ રીતે રાજકોટના ૧૮૬ ગામોમાં આપણે ૧૦:૯૦ માં આપણે કામગીરી કરી છે. તેવી જ રીતે સુરતના ૨૪૪ ગામોમાં આપણે પાણી પૂરવઠાના કામ કર્યા છે. આની એટલી બધી માગ વધી કે સેકટર રિફોર્મનો પહેલાં કોઈને આટલો બધો ખ્યાલ નહોતો કે આનો આટલો આટલો ફાયદો થશે પણ અમુક જાગૃત ગામોએ જ્યારે આ યોજનાનો લાભ લીધો ત્યારે હયાત બેલેન્સ પૂરું થઈ ગયું જેટલું કેન્દ્રએ આપ્યું હતું એ ખર્ચ પૂરું થઈ ગયું ત્યારે ગુજરાત સરકારે જેની માગણી આવે એને સજળધારામાં ૧૦.૯૦ ની સ્કીમમાં લેવાની બજેટમાં જોગવાઈ કરી છે. એમાં પાણી પૂરવઠામાં હંમેશા કહેવત છે કે માગે ત્યારે જ મા પાણી આપે છે. અહીંયા તો નરોત્તમભાઈ માગ્યા વગર ગુજરાત રાજયને પાણી આપવા બેઠા છે ત્યારે આવા અવસરને આપણે વધાવી લઈએ અને મને જે બોલવાની તક મળી તે બદલ હું આભાર માનું છું જયહિન્દ, જયભારત.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ અને બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારાં સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય વિદ્વાન સભ્યશ્રીઓએ કહ્યું અને એમાં નારણકાકાએ તો માનનીય નરોત્તમભાઈના બે વખાણ કર્યા પણ મારે ગૃહનું ધ્યાન એ તરફ દોરવાનું છે કે મેં અગાઉ મારા પ્રવચનમાં કહ્યું હતું કે આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના બે હજાર દિવસોના શાસનમાં દરરોજના રૂપિયા ૧૦ કરોડ ડ્રેઈન આઉટ જે થયા છે એ કઈ રીતે થયા છે એનો મોટાભાગનો હિસ્સો માનનીય નરોત્તમભાઈના ખાતામાં જાય છે.

ઉદ્યોગ માટે પાણી વાપરતા એકમો ઉપર ૧૯૯૭ની અંદર તેનો ચાર્જ નાંખવામાં આવ્યો. આ રાજયના નદીઓના પાણી જાણે ઉદ્યોગપતિઓની મિલકત હોય એવી રીતે વપરાતા તેને માટે આપણે વાપરવાનો ચાર્જ નાખ્યો. આ ઉદ્યોગપતિઓએ નામદાર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ગઈ અને તેમાં પણ આ પાણી ઉપર રાજયની માલિકી છે તે પ્રસ્થાપિત થયું અને તે પછી આ પૈસા વસૂલ કરવાની વાત આવી ત્યારે જાત જાતના કીમિયાઓ અજમાવવામાં આવ્યા અને તેમાં સિંચાઈ મંત્રીશ્રીને ખબર છે કે નહીં પણ આપના મારફતે તેમનું ધ્યાન દોરવા માગું છું કે એક વલસાડની પાર નદીમાંથી અતુલ નામની કંપની પાણી લે તેને ૫૦ વર્ષની મુદ્દત ૫૦ની સાલમાં થયેલી. ૨૦૦૦ની સાલમાં પૂરી થઈ તે પછી આની બીજી ૫૦ વર્ષની મુદ્દત વધારવા માટેની માગણી આવી. સિંચાઈ સચિવશ્રી ના કહે, વળી પાછા મંત્રીશ્રી ના કહે તેમ છતાં માગણી સ્વીકારવામાં આવી અને તે પછી કંઈ ચાલ્યુ નહિ એટલે તેના પૈસા પણ ભરવાનું શરુ થયું. કેટલા પૈસા ભરાય છે તેની જો તપાસ કરવામાં આવે તો Emnisty

Scheme આવી. મારા પ્રવચનમાં પણ મેં ઉલ્લેખ કરેલો. Emnisty બજેટમાં આવે કાં તો બહોળી પ્રસિદ્ધિ થાય પણ આ emnisty એવી આવી કે કોઈક તારીખ તેની હતી ઓગસ્ટમાં આવી અને ઓકટોબરમાં પૂરી થાય. પણ તેના આગળના વર્ષોમાં પણ પૈસા ભરાયા હોય તે પણ આમાંથી બાદ મળે. આગળના બે-ત્રણ વર્ષથી પૈસા જે ભરાયા હતા તે પછી જે બાકી હતા તેના પૈસા આવ્યા હોય તે તેને બાદ મળે, વ્યાજ બાદ મળે તો અગાઉ ભરેલા પૈસા કયાંય મળતા નથી હોતા અને તેના કરતાં પણ એક મોટો જે પૈસાની બાબતમાં હોય અમે વાણિયાના દીકરા હંમેશા હિસાબ કરીએ. નાણામંત્રીશ્રી પણ હિસાબ કરતા હોય એક Central Paper Pulse Mills તેનો કરાર પૂરો થઈ ગયો અને ઉદ્યોગ ખાતાએ તેને કહ્યું એટલે તેની પાસેથી માત્ર ૪૮ પૈસાના ભાવે બીજા બધાના ચાર રુપિયા એક હજાર લિટરના હોય પણ આને ૪૮ પૈસામાં અને બીજા બધાને પાણી જેટલું વપરાય તેનો બધો ચાર્જ લાગે પણ આને તો માત્ર તેને પોતાની નદીમાં છોડી દીધેલું. પ્રદૂષિત પાણી હોય તેના ચાર્જમાંથી મુકિત આપે. આ જો ધોરણ હોય તો તેને કારણે કેટલાં રૂપિયાનું રાજય સરકારને નુકસાન જાય અને તેની ગણતરી કરીએ તો જે એકમને વર્ષે દશ કરોડ રૂપિયા પાણીના ચાર્જ થાય તેને માત્ર ૨૫ લાખનો હિસાબ આ સિંચાઈ ખાતાના તબક્કાવાર અધિકારીઓ હશે, ત્યાંના કાર્યપાલક ઈજનેરો હશે, અધિક્ષક ઈજનેર હશે, ચીફ ઈજનેર હશે તે પછી સેક્રેટરી હશે કે માનનીય મંત્રીશ્રી હશે તેની માટેની તેની તપાસ થવી જરૂરી છે.

સૌરાષ્ટ્રની Rayon કંપની તે પાણીના ભાવ ચાર રૂપિયા હતા ત્યાં સુધી પૈસા ભરતા હતા. પાણીના ભાવ જ્યારે વધ્યા ત્યારે એમ કહ્યું કે તમારું પાણી અમારે નથી જોઈતું અને પાણી તે પોતાના અંગત કૂવામાંથી વાપરે છે તે પ્રકારનું તેમણે કર્યુ. કોઈ તપાસની અંદર સેક્રેટરીએ જ્યારે નોટિસ મોકલી ત્યારે નામદાર હાઈકોર્ટમાં જઈને સ્ટે લઈ આવ્યા છે. રોજનું એક કરોડ લિટર પાણી તે લઈ અને વાપરીને દરિયામાં ફેંકી દે અને એક પણ પૈસો ચૂકવે નહીં. બે લાખ લોકોને પીવાનું પાણી છે તે આપણે લાંબી લાંબી લાઈનોથી પાણી લઈ જઈએ છીએ. કરોડો રૂપિયાનું ખર્ચ કરીએ છીએ ત્યારે હીરણ ડેમની બાજુમાં વિસ્તારોની અંદર આ પાઈપને બચાવી શકાય તો આ એક કરોડ લિટર પાણી મફત આપતું અટકાવાય તો બે લાખ લોકોને પીવાનું પાણી આપી શકાય તેમ છે.

પાણી પૂરવઠા બોર્ડની રચના તે એક સ્વપ્ન દ્રષ્ટા એવા માનનીય મકરંદભાઈ દેસાઈની દેન હતી. તેમણે પાણી પૂરવઠા બોર્ડની રચના જ્યારે કરી, આરોગ્ય ખાતાનો ભાગ હતો અને સ્વચ્છ પાણી મળે તે હેતુસર કરેલી. આજે ભાવના છે તેનો તદ્દન છેદ ઉડાડેલો તે દુઃખ સાથે કહેવું પડે છે. પાણી પૂરવઠાની આ યોજના અમે કરી, અમે કરી અને અમે પણ કહ્યું પણ આ યોજના જે છે તે ગુજરાતના લોકોને સ્વચ્છ પાણી મળે તે હેતુ માટેની પાણી પૂરવઠા બોર્ડની કામગીરીના ભાગરૂપે હતી.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**( વિરામ ૪-૩૦ થી ૫-૦૦ )**

**(સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને)**

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે પાણી પૂરવઠા મંત્રીશ્રીનું ધ્યાન એ તરફ દોરવું છે કે જે રકમ ખર્ચાઈ છે તેના પ્રમાણમાં આપણે નકકી કરેલ ગામોને પાણી આપી શકયા છીએ ખરા? અને તેના કારણમાં ઓવર એસ્ટિમેટ સાથેના ટેન્ડરો અપાયા કેટલા? સંખ્યાબંધ ટેન્ડરો દસ કરોડની ઉપરના ટેન્ડરો લગભગ પંદર થી સોળ ટકા ઉંચા ભાવમાં જતા હોય, કયારેક ભાવ વધે એ સમજી શકાય, પણ એ પ્રક્રીયા સતત બે ત્રણ વર્ષથી ચાલે છે. આ સન્માનનીય ગૃહમાં પીવાના પાણી માટે બહુ જ લીબરલી રહીને, વિશ્વાસ રાખીને લોકોને પીવાનું પાણી મળે તે હેતુસર ખૂબ આવકારીએ છીએ, જયારે પીવાનું પૂરતું પાણી લોકોને ન મળે, આજે લગભગ ૪૭૦૦ કરોડ રૂપિયાનું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ પાણી પૂરવઠા બોર્ડ દ્વારા થયું છે, મૂડી ખર્ચાઈ છે, નર્મદા નિગમ પછી સૌથી મોટી કોઈની મૂડી રોકાણી હોય તો એ આ પાણી પૂરવઠા બોર્ડની છે. પણ તેના રિઝલ્ટમાં આપણે જોઈએ તો ૯૭-૯૮માં ટેન્કરથી પાણી આપતા ગામોની સંખ્યા ઘટીને માત્ર ૧૨૦૦ની રહી ગઈ હતી. હમણાં જ આપણી પાસે જ પાણી પૂરવઠા બોર્ડનો વહીવટી અહેવાલ આવ્યો એમાં લગભગ ૩૦૦૦ ગામોને પીવાનું પાણી આપવાની જરૂરિયાત ઉભી થયેલી વાંચવા મળી, એક આત્મમંથન થાય કે આ શા માટે થયું છે તો એમાંથી દિશા મળશે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે સિંચાઈના પાણીના ખેડૂતોના પૈસા જે છે તે વસૂલ કરવામાં થોડુંક મોડું થાય તો પાલવે, કારણ કે ખેડૂત જગતનો તાત છે. પરંતુ કરોડો રૂપિયાની કમાણી કરતા ઉદ્યોગો છે, કોઈ માંદો ઉદ્યોગ ન ભરી શકે તે સમજી શકીએ, તેના માટે બી.આઈ.એફ. કે બીજે કયાંયથી ભલામણ આવે તો સમજીએ, પણ કરોડો રૂપિયા મેળવતા ઉદ્યોગો અને તેના માટે ભલામણ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન બોર્ડ કરે, અને તે બોર્ડની કામગીરી આ પાણીના પૈસા ઓછા કરવા માટેની ભલામણ કરવાની છે ખરી? તેની પણ તપાસ થવી જોઈએ. મારી તો માગણી છે કે આની અંદર જે કંઈ ખોટું થયું હોય તેની તપાસ કરવા માટે સી.આઈ.ડી. ક્રાઈમ, એન્ટી કરપ્શન બ્યુરો અને જરૂર જણાય તો સી.બી.આઈ.ને તપાસ સોંપીને આ બાબતમાં કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ તેની તપાસ કરો.

કચ્છને લાગે વળગે છે ત્યાંસુધી સુજલામ સુફલામ યોજનાની વાત થાય છે, પણ ખર્ચ શું થયો છે? હમણાં ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે, પણ તેના કરતાં વોટર હાર્વેસ્ટીંગ પાણી પૂરવઠા બોર્ડનું છે એમાં ખાસ રકમની જોગવાઈ બજેટમાં કરી છે, છેલ્લા ત્રણ વર્ષમાં વોટર હાર્વેસ્ટીંગના કોઈ કામો એમના પાણી પૂરવઠાના કૂવાઓની આજુબાજુમાં થયાં છે ખરાં? તેના કારણે થયું છે એવું કે જે હયાત કૂવા હતા એકઝીસ્ટીંગ સ્કીમ હતી જૂથ યોજના જે ૩૦૦ ઉપરની છે એમાંથી ૧૩૦ તો કચ્છમાં છે, તે કૂવાઓ જે ભૂગર્ભ જળ આધારિત પીવાના પાણીની હતી તે પાણી ખારાં થઈ ગયાં છે, નકામાં થઈ ગયા છે. અને તે પ્રોપર્ટીઝ ઉપરનો ખર્ચ થયો તે વ્યર્થ ગયા, માત્ર

બેદરકારીને કારણે, હંમેશા અમે ધ્યાન દોરીએ કે અહીં વોટર હાર્વેસ્ટીંગના કામ કરવાની જરૂર છે. તેના કરતાં પણ મોટી વાત કરું તો ભૂકંપમાં કેન્દ્ર સરકારે જે સો કરોડ રૂપિયા આપ્યા તે ભૂકંપ વિસ્તારમાં પાણી પહોંચાડવા માટેના અને લાઈન દૂરસ્ત કરવા માટે આપ્યા, એમાં કઈ રીતે ખર્ચ કરવામાં આવ્યો? એમાં કોઈ એક મોટી કંપનીને પંદર કરોડ રૂપિયા એડવાન્સમાં વગર વ્યાજે આપી દેવામાં આવ્યા, પીવાના પાણી માટે કયારેક જરૂર પડે, એમાં માત્ર કંપનીનો વાંક ન નીકળ્યો પણ આપણી જે કામગીરી હતી તે જોવા જેવી છે, એમને માર્ચ મહિનામાં ૨૦૦૧ માં પૈસા આપવામાં આવ્યા અને આપણે પાણી કયારે વાપર્યું? પાણી વાપર્યું મે-૨૦૦૨માં. આ ૧૫ કરોડ રૂપિયા વાપર્યા અને ૨૦૦૪ સુધીમાં ૨૫૦ કરોડ રૂપિયાનું જ પાણી વાપરી શક્યા છીએ. તેથી આ પ્રકારનો તરંગી નિર્ણય કોઈએ ઇરાદાપૂર્વક તો નથી કર્યોને એની તપાસ કરાવવાની જરૂર છે. એટલા માટે આપની મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આપનો વિભાગ છે એ લોકોને હાશ કરવા માટેનો છે.

સુજલામ સુફલામ યોજના મારફત જે પાણી લઈ જઈ રહ્યા છીએ એ ત્રણ મિલિયન એકર ફીટ પાણી કચ્છને આપવાની વાત આ ગૃહમાં માનનીય ચીમનભાઈ પટેલ હતા એમણે કહ્યું હતું. નર્મદાનું વધારાનું જે કંઈ પાણી હશે એ કચ્છને ફાળવી આપ્યું હતું. આ પાણી કચ્છમાં લઈ જવા માટેની નિગમને કોઈ ઉતાવળ નથી. એ દરમિયાન વરસાદનું ચોમાસામાં વહી જતું પાણી લઈ જાવ છો એમાં અમને જરાય વાંધો નથી અને વાંધો હોઈ શકે પણ નહિ. ગુજરાતનો અમે ભાગ છીએ. દરિયામાં વહી જતું પાણી વાળતા હોય એની ફિઝિબિલિટી જોઈ છે ખરી? 'નેવાના પાણી મોભે ચડાવવાની આ વાત છે. શરૂઆતમાં પાણી લઈ ગયા હશો એનો ઉદંવહન ખર્ચ કેટલો આવશે એના ખરેખર આંકડા તો આપો. એનો ટેકનિકલ રિપૉર્ટ ફેબ્રુઆરીમાં પૂરો થયો અને મંજૂરી તમે એપ્રિલ મહિનામાં આપી. ૨૩૦૦ કરોડની મંજૂરી આપી દીધી. દરિયામાં વહી જતું પાણી છે, લઈ જવા માટેના રિપૉર્ટની ચકાસણી એક મહિનમાં થઈ જાય. આ ટેકનિકલ રિપૉર્ટની તપાસ કરવા માટે માનનીય મંત્રીશ્રી પોતે તો સિવિલ એન્જિનિયર છે અને એમાં કેટલો સમય લાગે એની એમને ખબર હોય. એમાં સોઈલ ટેસ્ટીંગ, સ્ટ્રકચરોની ડિઝાઇન વગેરેની તપાસણી અને ચકાસણી કરવામાં આવે પછી આગળની કાર્યવાહી કરવામાં આવે. અહીંયા તો આ પ્રચારાત્મક વાત હોય તેમ લાગે છે એના લીધે આવતા દિવસોમાં રાજય ઉપર બોજ વધવાનો છે. આ વિભાગની સેવાઓની ખૂબ જરૂર છે પરંતુ એ સેવાઓ પૂરતી જિલ્લામાં ન આપતા હોય ત્યારે મારે આપની મારફત એમનું ધ્યાન દોરવું પડે છે.

**શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા)** : માનનીય મંત્રીશ્રી પાણી પૂરવઠા, અને સિંચાઇની માગણી ક્રમાંક ૬૪,૬૬ અને ૬૭ તથા બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગની માગણી ક્રમાંક ૭૪ લઈને આવ્યા છે, એને મારું સમર્થન આપવા ઊભો થયો છું.

મારે ટીકા નહોતી કરવી પણ ન છૂટકે સામી પાટલી ઉપર બેઠેલા મિત્રો કહે છે, બધું અમે કર્યુ અમે કર્યુ. તેથી હું આ સભાગૃહને જણાવવા માગું છું કે નર્મદા યોજનાનો પાયો ૧૯૬૦માં નાખનાર કોણ હતું? ૪૦ વર્ષ સુધી આ યોજનાને લંબાવવાનું કામ કોણે કર્યુ? એમાં બહુ જ વિલંબ થયો છે. કેન્દ્રમાં પણ તમારી સરકાર હતી અને આ જ ગાળામાં જે ચાર રાજયો સાથે છેડા લાગે છે ત્યાં કોની સરકાર હતી. કેન્દ્રમાં પણ કૉંગ્રેસની સરકાર હતી અને આ ચાર રાજયોમાં પણ કૉંગ્રેસની સરકારો જ હતી. આ યોજના જો વહેલી પૂરી થઈ હોત તો આજે એમાંથી લાખો હેકટર જમીનમાંથી સિંચાઇ લાભ આપણને મળી શક્યો હોત. એ પાણીમાંથી ઉત્પન્ન થી ૧૪૫૦ મેગાવોટ વીજળી જેમાં ૧૬ ટકા આપણો હિસ્સો છે એ ગણતાં ૨૩૨ મેગાવોટ વીજળી ખેડૂતોને મળી શકી હોત. આજે સરદાર સરોવર યોજના દ્વારા જે કોઈ કામો મુખ્ય કેનાલના થઈ રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લાના લોકોએ સ્વપ્નામાં પણ કલ્પના નહિ કરી હોય કે બનાસનદીમાં નર્મદાનું પાણી આવી શકે. આ બનાસનદીમાં નર્મદાનું પાણી આવ્યું ત્યારે વૃદ્ધો, બાળકો વગેરે આનંદથી નાચી ઊઠ્યા હતા કે અમે કદી સ્વપ્નામાં પણ કલ્પના નહોતી કરી કે અમારી હયાતીમાં પાણી આવશે. એ કામ કરીને ગુજરાત સરકારે મહત્ત્વનું કામ કર્યુ છે.

પીવાના પાણીની વાત કરું તો મારી પાસે આ વિભાગ હતો. માનનીય નરોત્તમભાઈ સાથે હું કામ કરતો હતો ત્યારે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની ભયંકર પરિસ્થિતિ સર્જાઈ હતી એ વખતે કોઈ વિકલ્પ નહોતો. એ વખતે આનો ઉકેલ ન લાવ્યા હોત તો સૌરાષ્ટ્રના લોકોને હિજરત કરવી પડત. એ વખતે પહાડને ૭૦૦ મીટર કોતરીને અમે ત્યાં ૮૫ પંપ લગાડ્યા અને એ પાણી ઉલેચીને અમે પરીએજ અને કનેવાલ તળાવ ભર્યા. ત્યાંથી યુદ્ધના ધોરણે ૭૮૦ કિલોમીટરની પાઈપલાઈન નાંખીને એ પાણી ગઢડા, બોટાદ, ભાવનગર અને જુનાગઢ સુધી પહોંચાડવાનું ભગીરથ કામ કર્યું.

ભૂતકાળમાં ઉત્તર ગુજરાતમાં જ્યારે પાણીના જેટલા તળ ઉંડા જાય તેમાં ફ્લૉરાઇડ, નાઈટ્રેટ, ટી.ડી.એસ.નું પ્રમાણ વધારે હોય છે. જેના કારણે માણસોને હાડકાના રોગ થાય છે. તેના કારણે માણસો ચાલી શકતા નથી. ગુજરાત સરકારે ૧૯૯૮ પછી જ્યારે સરદાર સરોવરમાં સરફેસ વોટર, આ તમામ જિલ્લાઓને પાણી આપવા માટેનું કામ કર્યું છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતમાં ૧૯૯૮ પછી ૮૨૧૫ ગામોને અને ૧૩૫ શહેરને નર્મદાનું પાણી આપ્યું છે. આજ સુધીમાં કુલ ૧૩૪૩ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાંખવાનું આયોજન છે. જેની પાછળ ૨૧૦ કરોડનું કામ પૂર્ણતાના આરે છે. બનાસકાંઠા જિલ્લામાં કયારેય પાણીની કલ્પના નહોતી. જૂથ યોજના દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગામડાંને પાણી મળશે. તેમાં ધરોઈમાંથી દાંતા, વડગામ જેવા પછાત વિસ્તારમાં ૧૦૭ ગામોને ૨૨ કરોડ રૂપિયાની યોજના બનાવીને પાણી આપવાનું ભગીરથ કામ કર્યું છે. માનનીય હેમાજીનો વિસ્તાર

છે, વાવ-થરાદ, ત્યાં પાણીની પાઈપલાઈન ભૂતકાળમાં નાખેલી હતી. જે લીકેજ થઈ જતી. પાણીના ફુવારા ઉડતા હતા. એ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકારે નરોત્તમભાઈ જે વખતે મંત્રી હતા ત્યારે ૨૧ કરોડ રૂપિયા ખર્ચીને એમ.એસ. પાઈપ નાખીને વાવ-થરાદના ૨૦૦ ગામને પાણી આપી શક્યા.

આજ સુધી કોઈ દિવસ કોઈ મિલિટરીને પાણી આપવાનું કામ કર્યું છે? ત્યારે કોઈને વિચાર નથી આવ્યો, જ્યારે સૂઈગામ પછી નળાબેટ છે. નારેશ્વરી માતાનું મંદિર. ત્યાંથી આગળ પાણીની ખારાશ છે. તેનાથી લાસ્ટ, પાકિસ્તાનની બૉર્ડર ઉપર એક તૂટાબેટ છે. ત્રણ કિલોમીટર પાકિસ્તાનની હદ ઉપર. ત્યાં ચોમાસામાં મિલિટરીનું કોઈ વાહન ન જઈ શકે આવા સમયે ગુજરાત સરકારે ત્યાં ૪૦ કિલોમીટર માત્ર ૬૦ દિવસમાં એ પાઈપલાઈન નાંખીને મિલિટરીને પાણી આપવાનું ભગીરથ કામ કર્યું છે. સાબરકાંઠા જિલ્લાની યોજના ભૂવાઈ-લાલપૂર-રાવળ, વણકદેવી નગરમાં ત્રણ યોજનાઓમાં ૧૩.૧૪ કરોડ રૂપિયા ૧૧૨ ગામને પાણી આપવાનું કામ કર્યું. બાકીના ૪૨૨ ગામોને આવરી લીધા. બે યોજના બાયડ અને ઈડર, વડાલી, હિંમતનગર માટેની લાઈફલાઈન યોજના દ્વારા પાંચ કરોડના ખર્ચે લગભગ એ તૈયાર થઈ જશે. એટલે લગભગ ૪૨૨ જેટલા ગામોને પાણી મળશે.

મારી પાસે ભૂતકાળમાં આ વિભાગ હતો. હું પંચમહાલ વિસ્તારમાં ફર્યો છું. એ વખતે આદિવાસી, વનવાસી વિસ્તારમાં ૧૫૦ માથાએ એક હેન્ડપંપ હતો, આજની તારીખમાં તેને નજીક લાવીને ૭૦ માથાએ એક હેન્ડપંપ કરવાનું કામ પૂરું થઈ ગયું. પંચમહાલમાં ચારણગામ કે નમનાર, કડાણા-હરિયોલા-વણાકબોરી જૂથ યોજના દ્વારા ૨૭૬ ગામોને પાણી આપવા માટેની ૪૬.૩૧ કરોડની યોજના કરી. તેમાં ૨૦૪ ગામને પાણી અપાઈ ચૂક્યું છે. સુરત જિલ્લાના ચોર્યાસી, ઓલપાડ અને કામરેજ તાલુકાના ૧૫૬ ગામ માટે વડીયાવી જૂથ યોજના ૯૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી છે. સુડા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડોદરા જિલ્લામાં ડુંગરવાટ-સંખેડા જૂથ યોજના દ્વારા ૮૦ ગામોને આવરી લીધા છે. ૧૧.૧૬ કરોડની યોજના પૂરી થવાની તૈયારી છે.

વલસાડ જિલ્લામાં ઉમરગામ-દેવહરિયા જૂથ યોજના ૪૪ ગામ માટે ૩૧ કરોડના ખર્ચે પૂરી થવાને આરે છે. નવસારીમાં હાંસાપૂર-માંગરોળ, ઢાળકી, સુલતાનપૂર, ઓજણ, દેવદાકરોડ અને કેલિયા જૂથ યોજના ૯૧ ગામોને ૨૩ કરોડના ખર્ચે યોજના હાથ ધરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાના ભાલ વિસ્તારમાં ૧૪૩ ગામોને ભૂતકાળમાં જ્યારે કેશુભાઈની સરકારમાં પાણી આપ્યું છે. ત્રણ શહેરો સાથે.

કચ્છ જિલ્લામાં બાબુભાઈ વાત કરતા હતા. ૪૭૦ ગામ માટેની યોજના હાથ ધરવામાં આવી છે. ૩૩૬ ગામોને પાણી આપવાનું શરૂ કર્યું છે અને ૮૬ ગામોને માર્ચના અંત સુધીમાં કચ્છ જિલ્લાને પાણી મળી જશે. વહી જતું પાણી બચાવવા માટે ૮ ડૅમ બંધાયા. બોરીબંધો બન્યા. તળાવો ઉંડા કરવાની યોજના ગુજરાત સરકારે કરી. ભગીરથ કામ છે. સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા કડાણા-મહી કેનાલમાંથી પાઈપલાઈન દ્વારા પાણી નાખીને ગુજરાતના ૯ ડૅમ ભરવાનું આયોજન કર્યું છે. આ જે મુખ્ય કેનાલ છે એ રાજસ્થાન બૉર્ડર સુધી જશે. તેમાંથી ત્રણ મોટી પાઈપલાઈન નાખીને ઉત્તર ગુજરાત, સીપુ અને દાંતીવાડા અને મોકેશ્વર ડૅમ ભરવાનું આયોજન ગુજરાત સરકારે કર્યું છે. આવી અનેકવિધ યોજનાઓ સિંચાઈની, પાણીની જે શરૂ કરી છે તેના માટે ધન્યવાદ આપું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જળસંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રીશ્રી, બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ જે લઈને આવ્યા છે તેમાં મારાં સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગને લાગે વળગે છે ત્યાં સુધી રાજયમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો ગુજરાત રાજયને પ્રાપ્ત થયો છે. આ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારા ઉપર નાના બંદરો ઉપર માછીમારી દ્વારા રાજયને હૂંડિયામણ કમાવી આપવાનો અગ્રેસર ફાળો આપે છે. રાજયમાં માછીમારીની વસતી ૪.૯૩ લાખની છે. જે પૈકી ૧.૭૨ લાખ સક્રિય માછીમારો રાજયમાં છે.

મારા જૂનાગઢ જિલ્લા અને ઉના તાલુકાને લાગે વળગે છે ત્યાં સુધી મારા વિસ્તારમાં નાના બે બંદરો આવેલાં છે. નવા બંદર અને સૈયદ રાજપરા આ બન્ને બંદરો ઉપર, વર્ષની અંદર ફિશિંગની જે ઋતુઓ આવે છે એમાં ૮ માસની અંદર ૧૫ થી ૨૦ હજાર લોકોને રોજગારી મળે છે. આ બંદરો ઉપર પાયાની સુવિધાઓ હોવી જોઈએ, પાણીની સુવિધાઓ, રસ્તાઓ છે, વીજળી છે, ડ્રેજીંગ છે, એ મત્સ્યોદ્યોગ વિભાગ તરફથી પાયાની સુવિધા ઉપલબ્ધ કરવી જોઈએ એ પર્યાપ્ત થતી નથી. તાજેતરની અંદર મત્સ્યોદ્યોગ વિભાગના ફિશરીઝ કમિશનરની કચેરી મારફતે અધિકારીએ આવીને નવા બંદર ખાતે મારી હાજરીમાં મિટિંગ કરવામાં આવેલી, ગામના આગેવાનોની હાજરીમાં મિટિંગ કરીને અમને આશ્વાસન આપેલ હતું. નવા બંદરની હયાત જે જેટી છે એમાં તિરાડ પડી ગઈ છે. અધિકારીઓ સાથે અમે જોવા ગયા હતા. ત્યાં પાણીની સુવિધા પૂરતા પ્રમાણમાં નથી, રસ્તાઓની સુવિધા પણ પર્યાપ્ત નથી અને નવી જેટીની ત્યાં આવશ્યકતા છે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, પાયાની સુવિધાઓ છે એ સુવિધાઓ વહેલી તકે પૂરતી નાણાકીય જોગવાઈ કરીને ઉપલબ્ધ કરાવે. કારણ કે, આ માછીમારોને સારી પ્રાથમિક સુવિધાઓ મળે તો એમને માછીમારી કરવામાં કોઈ મુશ્કેલી ઊભી ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, નવા બંદર ખાતે એ કામ પણ મંજૂર થયેલ છે. ભારત સરકાર અને રાજય સરકારે એમને વહીવટી મંજૂરી આપી છે, ગત ચોમાસા દરમિયાન મચ્છુંદ્રી નદી આવેલી છે એના વહેણ બદલાવાના કારણે જે સાઈટ નક્કી કરવામાં આવી છે એમાં ફેરફાર કરવો પડે એવી પરિસ્થિતિ છે. કામગીરી અંદાજપત્રમાં જણાવ્યા મુજબ રાજય સરકારની વહીવટી મંજૂરી ૧૬૩.૩૦ લાખની મળી છે અને પર્યાવરણ મુકિત પ્રમાણપત્ર મેળવવાની

કામગીરી હાથ ધરેલ. પરંતુ પ્રોજેકટ રિપોર્ટ બનાવેલ ન હોઈ એ ઈ.આઈ.એ. રિપોર્ટ તૈયાર કરી શકાય તેમ ન હોવાથી પર્યાવરણ મુકિતની દરખાસ્ત તૈયાર કરી શકાય તેમ ન હોવાથી આ પ્રોજેકટ માટે નવેસરથી સાઈટ નકકી કરવા સરકારશ્રીએ સ્ટેટ લેવલ કમિટિએ નક્કી કર્યા મુજબ સી.આઈ.સી.ઈ.એફ. બેંગ્લોરની ટીમ નવા બંદરની મૂલાકાત લઈ અને નવેસરથી નક્કી કરવાનું કામગીરી અંદાજપત્રમાં જણાવ્યું છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે કે, બેંગ્લોરની ટીમ મારફતે નક્કી કર્યા પ્રમાણે આ નવા બંદર ખાતે આવે અને વહેલી તકે સરવે કરી અને ભારત સરકારમાંથી જે કાંઈ કાર્યવાહી કરવાની થતી હોય એ વહેલી તકે કામ શરૂ થાય. એ માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠા મંત્રીશ્રીના કહેવા મુજબ નર્મદા પાઈપ લાઈન દ્વારા સૌરાષ્ટ્રને પીવાનું પાણી આપવામાં આવ્યું. આ રાજય સરકાર એમ દાવો કરે છે, અમે આ કર્યું છે, અમારા દ્વારા આ થયું છે. મારે નમ્રતાપૂર્વક કહેવું જોઈએ કે, નર્મદા પાઈપ લાઈન યોજના અને આ પ્રોજેક્ટનું પ્લાનીંગ અને આયોજન માજી સ્વ. મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલની સરકાર હતી તે વખતે કરવામાં આવ્યું હતું. ત્યાર પછી છબીલદાસ મહેતાની સરકાર જે આવી એ છબીલદાસ મહેતાની સરકારે આ પ્રોજેક્ટના ટેન્ડરો પણ બહાર પાડી દીધા હતા અને ત્યાર પછી ૧૯૯૫માં કેશુભાઈના નેતૃત્વ નીચે સરકાર આવી આ ગૃહની અંદર પહેલી વખત એ વખતના મંત્રીશ્રી નર્મદા પાણી પૂરવઠા મંત્રીશ્રી પરસોતમભાઈ રૂપાલાના અધ્યક્ષપણા નીચે આ યોજનાના ટેન્ડરો રદ કરવામાં આવ્યા. શા કારણે? તો કહે કે ટેન્ડરોની અંદર ગેરરીતિ થઈ છે. ભ્રષ્ટાચારના આક્ષેપો કરીને રદ કરવામાં આવ્યા. મારે દુ:ખ સાથે કહેવું પડે કે રાજકીય ઈરાદાપૂર્વક પ્રોજેક્ટને રદ કરવામાં આવ્યો. જો ભ્રષ્ટાચાર હતો તો તમે એની તપાસ કરીને જવાબદાર અધિકારીઓ કે જે કોઈ હોય સામે પગલાં લેવાં જોઈતાં હતાં. આટલા વર્ષો થયા પછી ગેરરીતિ થઈ છે, ભ્રષ્ટાચાર થયો છે એમ કરીને જે પ્રોજેક્ટ જે ટેન્ડરો રદ કર્યા એની અત્યાર સુધી તપાસ પણ નથી થઈ. કોઈ અધિકારીની જવાબદારી પણ ફીકસ કરવામાં નથી આવી. મારે દુ:ખ અને ખેદ સાથે કહેવું પડે કે નર્મદા યોજનાની પાઈપ લાઈન રાજુલા સુધી પહોંચી ગઈ છે. ૨ વર્ષ પહેલાં આ કામ પૂર્ણ થઈ ગયું છે. રાજુલાથી ઉના, કોડીનાર, વેરાવળ અને સોમનાથ સુધી જે પાઈપલાઈન પહોંચાડવાની છે એ ઈરાદાપૂર્વક રાજકીય કિન્નાખોરીથી આ કામ બંધ કરવામાં આવ્યું છે. રાજુલા સુધી ૨ વર્ષથી છે તો તમે ૨ વર્ષથી શા માટે કામ બંધ કર્યુ છે? દરિયાઇ પટ્ટીનો વિસ્તાર છે. એ સુકોભઠ્ઠ વિસ્તાર છે. સંપૂર્ણપણે ખારું પાણી થઈ ગયું છે. ખેડૂતોના કૂવામાં પણ ખારાં પાણી થઈ ગયાં છે. પીવાનું પાણી કયાંય નથી તો નર્મદાનું પાણી આપવામાં આપને કયાં તકલીફ છે? આ કામ વહેલી તકે શરૂ કરાવો. હજી ૨૫૦ કરોડ રૂપિયાની સ્કીમ છે. આ વહેલામાં વહેલી તકે શરૂ થાય એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું.

જળસંપત્તિ વિભાગના ખાલી બે-ત્રણ સૂચનો કરીને મારી વાત પૂરી કરું છું. જળસંપત્તિ વિભાગની અંદર નવી ૧૫૦૦૦ હેકટર સિંચાઈ શકિત વધારવાની વાત કરી છે. નાની સિંચાઈની અંદર સિંચાઈ શકિત વધારવાની વાત કરી છે. ૧૦ હજાર સરદાર સહભાગી જળ સિંચાઈ યોજનાની વાત કરી છે. મારે માનનીય મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવું છે કે હયાત જે યોજનાઓ આપણી પાસે છે અને એમાં પણ ખાસ કરીને જે નાની સિંચાઈ યોજનાના આપણી પાસે કામો છે, એ માઈનોર રીપેરીંગને કારણે આ ચોમાસામાં જે વરસાદનું પાણી છે એ અનુશ્રવણ તળાવો કે ચેકડેમો વધારાના ભરાતા નથી.

**સભાપતિશ્રી** : પૂરું કરો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું લાંબી વાત નહીં કરું, મારા ઉના વિસ્તાર પૂરતી વાત કરું આ ક્ષાર નિવારણને લાગે વળગે છે ત્યાં સુધી ૨૫ ચેકડેમો એવા છે કે જે માઈનોર રીપેરીંગને કારણે છેલ્લા ૨ વર્ષથી રજૂઆત કરવા છતાં એક પણ લાખ રૂપિયાની નાણાકીય ફાળવણું નથી કર્યુ. નાની સિંચાઈ યોજનાના ફલડ ડેમેજ માટે ઈમરજન્સીમાં મારા પોતાના ગામમાં અધિકારીઓને કહેવામાં આવ્યું કે તમે ૯૦ : ૧૦માં કરી નાંખો. મારા પોતાના ગામની ગ્રામ પંચાયતે ૨૦ હજાર રૂપિયા લોકફાળો ભરી દીધો. એગ્રીમેંટ કરી દીધા, એને આજે ૮ મહિના પૂરા થયા હોવા છતાં હજી સુધી વર્ક ઑર્ડર આપવામાં નથી આવ્યો. પૂછવામાં આવે તો એવું કહેવામાં આવે છે કે અમારી પાસે નાણાકીય વ્યવસ્થા નથી. નાની સિંચાઈ, અનુશ્રવણ તળાવો અને ચેકડેમો છે એ ચેકડેમોની દરખાસ્ત વિભાગ મારફત કરવામાં આવી છે તો એમાં જેટલી નાણાકીય જરૂરિયાત હોય એના રીપેરીંગ કરાવવા માટે એ આવતા ચોમાસા પહેલાં નાણાકીય જોગવાઈ કરી ચોમાસા પહેલા પૂર્ણ થાય જેથી કરીને ચોમાસાની અંદર જે વરસાદ થાય એનું પાણી ભરાય અને અગાઉ જે ખર્ચ કરેલો છે એનો સદુપયોગ થઈ શકે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું અને આ માગણીને મારું અનુમોદન આપીને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જળસંપતિનો મહત્તમ વિકાસ થાય એના માટે રાજય સરકારે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. પરંતુ તેમ છતાં પણ રાજયનો કેટલોક વિસ્તાર સિંચાઈમાં અને પીવાના પાણીમાં આંશિક લાભ મેળવે છે. ગુજરાતમાં મોટાભાગની નદીઓનું પાણી ચોમાસામાં માત્ર ૨૫ કે ૩૦ દિવસ માટે વધારે પ્રમાણમાં વહેતું હોય છે. એનો પૂરવઠો વધારે હોય છે અને આ પૂરવઠો નિયંત્રિત નહિ કરવાના કારણે સમુદ્રમાં ઠલવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર વિભાગની વાત કરું કે ખંભાતના અખાતને જોડતો પૂલ પૂર્વ અને પશ્ચિમ કાંઠાને બાંધવાની વાત છે. આ ખંભાતના અખાતમાં નર્મદા, સાબરમતી, મહી, ભાદર એમ અનેક નદીઓના વહેણનું ૩૦ હજાર મિલિયન ઘનમિટર પાણી નિરર્થક સમુદ્રમાં ઠલવાઈ જાય છે. ત્યારે રાજય સરકારે આ પાણીનો સંગ્રહ કરવાની અને મીઠા પાણીના મોટા જળાશયો બનાવવાની નેમ સાથે આ કલ્પસર વિભાગનું આયોજન કર્યું છે. જ્યારે આ બંધની વાત કરીએ અને એના સ્વરૂપની વાત કરીએ તો આ બંધની લંબાઈ ૬૪.૧૬ કિલોમિટર છે અને ઊંચાઈ જી.ટી.એસ. પ્લસ ૧૩ કિલોમિટર છે. જે બંધ અને મીઠા પાણીનું જળાશય થશે એ ૨૦૭૦ ચોરસ કિલોમિટર હેકટરનું જળાશય બનશે. આ જળાશયમાં ૧૨૨૫૦ મિલિયન ઘન મિટર પાણીનો સંગ્રહ થશે. જ્યારે આવડી મોટી યોજના હોય ત્યારે એનો ખર્ચ પણ વિશાળ પણ હોય જ. ૫૪ હજાર કરોડના ખર્ચે આ કામગીરીના સર્વેક્ષણની કામગીરી રાજય સરકારે હાથ ધરી છે. પૂર્વ શક્યતાદર્શી અહેવાલ તૈયાર થઈ રહ્યો છે ત્યારે ચાલુ વર્ષે ૧૦ કરોડની જોગવાઈ કરી છે. એના માટે રાજય સરકારે તાંત્રિક અને વહીવટી મંજૂરી પણ આપી છે. સમગ્ર અહેવાલ માટે ૮૪ કરોડની જોગવાઈ કરી છે અને જેમ તબક્કાવાર જરૂર પડશે તેમ રાજય સરકારના નાણાકીય સ્ત્રોતમાંથી નાણાં ખર્ચવાની મંજૂરી આપી છે.

આ નદીઓના આવરાની બાબત વિચારવામાં આવી છે. જે નદીઓ ઉપર વિકાસ થયો છે, બંધો બંધાયા છે. શરૂઆતમાં અહેવાલ એવો હતો કે પાણીના આવરાની ગણતરીપૂર્વક ચકાસણી કરી હતી. પરંતુ ઉપરવાસના વિકાસના કારણે પાણીના આવરા અને પાણીના વહેણને નિષ્ણાંત કમિટી દ્વારા ચકાસવાનું સરકારે ફરીથી નક્કી કર્યું છે. જ્યારે જ્યારે આવડી મોટી યોજના થઈ રહી હોય ત્યારે એની કુદરતી આફત ઉપર પણ પૂરતું ધ્યાન અપાયું છે. જ્યારે ભૂકંપ જેવી દુર્ઘટના બને અને ૫૪ હજાર કરોડ જેવી મોટી યોજના હોય ત્યારે ભૂકંપના પાસાંનો અભ્યાસ કરવા માટે એક નિષ્ણાંત સમિતિ Geological Survey of India, Calcutta ની મોટી સંસ્થા છે અને National Physical Research Institute, Hyderabad અને C.W.P.R.S. ઉનાનો સંપર્ક કરી આ યોજનામાં ભૂકંપની શક્યતા ચકાસવા માટે નિષ્ણાંત સમિતિ દ્વારા સરકારે અભ્યાસ હાથ ધર્યો છે. Mathematical સર્વેક્ષણની વાત કરું તો દરિયાના તળનું સર્વેક્ષણ અને દરિયાનું સર્વેક્ષણ કરવા માટે જાણીતી સંસ્થા geo-physical અભ્યાસ કરવાની કામગીરી National Institute of Ocean Technology, Chennai ને સોંપેલ છે. આ કામગીરીનો વચગાળાનો અહેવાલ પણ મળી ગયો છે. જળાશયોની આસપાસના વિસ્તારોમાં topographical survey ની કામગીરી ભારત સરકારની જે સંસ્થા છે Topographical Survey of India ને ૨૫૬ કરોડના ખર્ચે સોંપી છે. પરંતુ એમાં પણ સર્વેક્ષણની કામગીરી માટે ૩૫૬ કરોડનો ખર્ચ આકાર્યો છે. આ કામગીરી પૂર્ણતાના આરે છે અને જળાશય બનતો હોઈ, સપાટીને નિયંત્રિત કરી શકાશે અને બહોળા બંધની બહાર ભરતી અને ઓટની પ્રક્રિયા ચાલુ રહેશે. જેના કારણે ભરતીજન્ય વીજળી ઉત્પન્ન કરવાનું આયોજન હાથ ધર્યું છે. એમાં બે વિકલ્પો છે. એક વિકલ્પ single visionમાં ૫૮૮૦ મેગાવોટ વીજળી ત્રુટક થવાની છે અને બીજા વિકલ્પમાં double vision માં ૧૬૮૦ મેગાવોટ સતત વીજળી મળતી રહે એવું આયોજન થયેલ છે. આ યોજનાનો ફાયદો સરકારને અને ગુજરાતની જનતાને કેટલો થશે એની વાત કરું. ખરેખર આ યોજનાની અંદર વર્ષોથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર જે નર્મદા કમાન્ડની અંદર નથી આવતો એવી ૧૦.૫૪ લાખ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે અને ૧.૧૯ લાખ હેકટર જમીન જે અત્યારે ખારાશવાળો છે એનું નવસાધ્યકરણ થશે. આ યોજનાથી ૯૦૦ મિલિયન ઘનમિટર પાણી પીવા માટે અને સિંચાઈ માટે ઉપલબ્ધ થશે. ૫૦૦ મિલિયન ઘનફીટ પાણી ઉદ્યોગો માટે આપી શકાશે. આ યોજનાથી સૌરાષ્ટ્ર અને બોમ્બેનું જે અંતર ૨૨૫ કિલોમિટરનો ટૂંકો રસ્તો જેને કહેવાય કે અંતર ઘટશે. જેના કારણે બોમ્બે અને અમદાવાદ વચેનો ટ્રાફિક ઘટશે, વાહનવ્યવહારની ભીડ ઘટશે જેના કારણે અકસ્માતો પણ ઘટશે અને જે ટૂંકો માર્ગ થવાના કારણે દર વર્ષે ફકત પરિવહનના કારણે ૮૬૪ કરોડ જેટલા પરિવહનના ક્ષેત્રે ફાયદો થશે. વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગને પણ સાથે સાથે ફાયદો થશે. સૌથી મોટો ફાયદો આ યોજના પાછળ કે મોટાભાગની જમીન, સરકારી ખરાબાની જમીન ડૂબાણમાં આવે છે, એટલે સરકારને જમીન સંપાદનની પ્રક્રિયા અને પુનઃવસનની જે પ્રક્રિયા છે એની અંદર નહિવત્ ખર્ચ થશે છે અને એ સમસ્યા આ યોજનાને નહિ નડે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ જેસાભાઈએ ચિંતા કરી કે એ યોજના ક્યારે થશે? વાત સાચી છે, સાથે મળીને બધાએ ચિંતા કરવી જોઈએ. એના માટે માનનીય મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને કોર ગૃપની રચના કરી છે. જે સમયબદ્ધ આ યોજના પાર પડે એની ચિંતા કરી અંદર આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતોની સલાહ સમિતિમાં આવરી લેવાશે. એમાં બ્રાઝિલ, નેધરલેન્ડ અને તૂર્કી જેવા આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો આ કોર સમિતિમાં સમાવ્યા છે. મારે સૂચનો કરવાં છે તો એ સૂચનો પૂરાં કરવા દેજો.

દ્વાપર, ત્રેતા અને કળયુગથી ચાલ્યા આવતા આપણા પૌરાણિક સ્થળની મેં અગાઉ વાત કરી હતી જેનું વર્ણન સ્કંદ પૂરાણમાં આપેલું છે. આવા પૂરાણની અંદર પ્રભાત ખંડની અંદર આ ગુપ્ત પ્રયાગ નદીનું વર્ણન છે. આ વિસ્તાર આવે છે એટલે કલ્પસર વિભાગના કમાન્ડમાં આ નદી આવે છે એટલે એના પૂરાવા સાથે હું વાત કરું છું. સ્કંદ પૂરાણના પાન નંબર ૧૦૩૧ જે ગોરખપૂરની ગીતા પરનું પુસ્તક સંસ્કૃત અને હિંદીમાં એની વાત કરું છું. એના ઉપર લખેલું છે કે બ્રહ્માજીએ જ્યારે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે ઋષિઓએ પાપનાસીકી નદી માગી હતી, ભગવાનને વિનંતી કરી હતી કે પ્રભાતે એમાં સ્નાન કરવાથી અમારું પાપ નાશ પામે એવી અમને નદી આપો અને એવા સ્નાન કરવાની મહીમાવાળી નદી અમને પ્રદાન કરો ત્યારે બ્રહ્માજીએ બધી નદીઓની સામે દૃષ્ટિ કરી તો અંદર એવું લખ્યું છે કે, બધી નદી એમના કમન્ડલમાં સમાઈ ગઈ હતી અને એ કમન્ડલની અંદરથી ઋષિઓની

વિનંતીથી આ નદી પ્રદાન કરી એટલે એ નદીનું નામ ઋષિત્વ નદી પાડેલું. આજે એ નદીનું પ્રમાણ આ ઋષિત્વ નદીનું શાસ્ત્રમાં આપ્યું છે તેને ગુપ્ત પ્રભાગ નદી કે પ્રભાત ખંડની અંદર આ વર્ણન કરવામાં આવ્યું છે અને સૂર્યગુપ્ત તપ્તિ નદીને મળે આ આધાર એટલે આપણી તાપી નદી.

બીજું એવું એક પ્રમાણ છે કે આ શાસ્ત્રની અંદરની પ્રમાણની વાત આ જે ગુપ્ત નદી આપેલી છે એ ઋષિત્વ નદી એના બે કોષ દૂર પશ્ચિમે શૃંગેશ્વર લીંગ જે તિર્થરાજ મહાપ્રયાગ છે એનું વર્ણન એટલે આજના સોમનાથ ભગવાનની વાત કરું છું. બે કોષ એટલે ૨૦૦ ગાઉ, એ વખતે કિલોમિટર નહોતા. આવા પૂરાવા સાથે અને ત્રીજો એક મોટો પૂરાવો છે કે, એ દરિયાની અંદર કોઈ ઋષિ સ્નાન કરે? દરિયાની અંદર સ્નાન કરવા માટે કોણ જાય? પરંતુ એનો લોકો માટે, ઋષિમુનિઓ માટે ૩ કુંડની વ્યવસ્થા દરિયા કિનારે કરી છે. એ કુંડ મેં નજરે નથી જોયાં પણ તેની તપાસ કરાવી ત્યારે આજે પણ એ કૂંડ છે, લાખો વર્ષ પૂરાણા કુંડો દરિયા કિનારે છે. એવી મને જાણકારી મળી છે તો એવું કહેવું છે કે આ ગુપ્ત પ્રયાગ નદી જે આ વિસ્તારમાં કલ્પસર વિભાગ કમાન્ડમાં આવે છે તો એનું સર્વેક્ષણ પણ આની અંદર થાય એવું મારું સૂચન છે.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠા અને જળ સંપત્તિ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં અમે અમારો સૂર પૂરાવી શકતા નથી, ત્યારે ત્રણ જ મુદાની વાત કરવાની છે.

૧૯૯૩-૯૪ માં તે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ.ચીમનભાઈ પટેલ અને સ્વ.કૃષિમંત્રીશ્રી શંકરજી ઠાકોર અને કૃષિ તજજ્ઞની ટીમ સાથે યુનિવર્સિટી અને ડિપાર્ટમૅન્ટ સાથે ઈઝરાયેલ ગયેલા અને ઈઝરાયલની ગુલાબની ખેતી, રણ વિસ્તારમાં થતી ખેતી, પાણીનો સંચય, સદ્દુપયોગ એનો આખો અભ્યાસ કરીને ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને ટપક પદ્ધતિ ૧૯૯૩-૯૪ માં આપેલી. તે વખતના બજેટમાં ૧૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવેલ. ૧૯૯૫ માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. આ ડ્રિપ ઈરિગેશન ટપક પદ્ધતિને ઈઝરાયલ પેટર્નને અભરાઈ ઉપર ચડાવી દેવામાં આવી અને ૧૦ વર્ષ પછી ૧૫૦૦ કરોડની યોજના સાથે એમણે અમલમાં મૂકી. ૧૦ વર્ષ પછી સદ્‌બુદ્ધિ આવી અને અમલમાં મૂકી એ માટે આભાર માનીએ છીએ, એના કરતાં ૧૯૯૫ થી દર વર્ષે સો-દોઢસો, સો-દોઢસો કરોડનું આયોજન કર્યુ હોત તો ગુજરાતમાં આ યોજના પરિપૂર્ણ થઈ હોત અને ગુજરાતના ખેડૂતોને, પાકને, જમીનને, જળસંચય તમામ ક્ષેત્રમાં ફાયદો થયો હોત, પરંતુ આ ટેવ સરકારની સારાં કામ પોતાના ખાતે જમા કરવાની. જ્યારે પાણીનો પ્રશ્ન હોય ત્યારે રાજકીય બાબતોથી પર રહેવું જોઈએ.

ધારાસભ્યશ્રી એમ કહેતા હતા કે ૪૦ વર્ષ સુધી આ યોજના અમલમાં મૂકી. બનાસકાંઠાના ધારાસભ્યશ્રી કહેતા હતા કે ૪૦ વર્ષ થયાં. કોઈપણ યોજના મહાકાય યોજના હોય, આજે કલ્પસરની વાત કરું છું અને કલ્પસરનું સ્વપ્ન ગુજરાતની પ્રજાને દેખાડાય છે. તમે વિચાર કરો. ૧૯૯૦ માં કલ્પસરની યોજના અમલમાં મૂકાઈ અને આજે ૨૦૦૪-૦૫ માં એના ૧૬ વર્ષ થયાં, તેમાં તમે શું કર્યુ? આ ૧૬ વર્ષમાં ખાલી પ્રી ફિઝિબિલિટી રિપૉર્ટ ખાલી ઓ.કે. કર્યો. હવે ફિઝિબિલિટી રિપૉર્ટ એના ઉપર જાય છે. સવારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ બે-ત્રણ વર્ષ લાગશે, લાગે અમે સમજીએ છીએ, અમે, અમે નહિ કહીએ. તમે ૧૨ વર્ષમાં શું કર્યુ તેનો હિસાબ નહિ માગીએ. આ સિસ્ટમ છે. લાંબા ગાળાની યોજના છે અને ગુજરાત રાજય માટેની યોજના છે. ભલે સમય લાગે. અમારું નર્મદા યોજના માટેનું શિલારોપણ થયું, ત્યારપછી તો ટ્રિબ્યુનલ આવ્યું, પર્યાવરણવાદીઓ આવ્યા, આખા વર્લ્ડના લોકો આવ્યા. વર્લ્ડ બૅન્કે પૈસા આપવાના બંધ કર્યા હતા, એ તો આભાર માનો ચીમનભાઈ પટેલનો કે જેમણે નર્મદા બૉન્ડ અને નર્મદા શ્રીનીધિ લાવ્યા અને આ યોજના ચાલુ રાખી હતી. ભૂતકાળનું ભૂલી જઈને બધી વાત પોતાના ખાતે ઉધારવાની અને પોતે એટલે ભગીરથ. ભગીરથ રાજાએ ગંગાનું અવતરણ કર્યુ. આ સાતમી પેઢી હતી અને એની પહેલા છ પૂર્વજોએ પ્રયત્ન કરેલા અને સાતમી પેઢીએ ભગીરથ રાજા સકસેસ ગયેલા, તો તમે સીધા ભગીરથ નથી. એ પહેલાં છ પેઢી પસાર થઈ ગઈ. નર્મદા યોજના માટે આ વાત તમારે સ્વીકારવી પડશે. નથી સ્વીકારતા એટલે ક્યાંક બોલવાનું મન થાય છે.

ગુજરાત રાજયની પાણીની પરિસ્થિતિ જોતાં સમગ્ર દેશમાં દર ૩ વર્ષે એક દુકાળ આવે. પાણીની સંચય શકિત ઓછી છે, એના લીધે ગુજરાતના આપણા પી.એ.રાજ સાહેબ જેવા, સી.સી. પટેલ જેવા તજજ્ઞો, ઈજનેર, ઈજનેર માળખાએ જે સુંદર કામગીરી કરી છે એને આ તબક્કે બીરદાવીએ છીએ અને આજની તારીખે આ જરૂરી માળખું આ અધિકારીઓ એમ.એસ. પટેલ કે જે કોઈ ચીફ એન્જિનિયર અને સેક્રેટરી આ બધી ટીમવર્ક દ્વારા સરકાર સુંદર કામગીરી કરી રહી છે, તેને બિરદાવીએ છીએ. અમે કર્યુ, તમે કશું નહોતું કર્યુ, અમે જ આ બધુ કર્યુ. આવી વાત મહેરબાની કરીને ન કરો. ગુજરાતના હિતની વાત છે. મારે આપનું ધ્યાન દોરવાનું છે કે ગુજરાતમાં જેટલી નદીઓ છે અને જેટલી નદીઓ ઉપર ડેમ બનાવી શકાય એ બધા ઉપર ડેમ કોંગ્રેસે બનાવ્યા છે. આ વાત મારે તમારી સમક્ષ મૂકવાની છે. તાપી નદી ઉપર ઉકાઈ ડેમ બનાવ્યો. ૪ લાખ હેકટરમાં આપણે સિંચાઈ કરીએ છીએ. તાપી નદી ઉપર ૧૯૮૧ પહેલાં કામગીરી પૂરી થઈ. મહી નદી ઉપર કડાણા ડેમ બનાવ્યો અને ૨,૭૫,૦૦૦ હેકટર જમીન ઉપર સિંચાઈ આજે આપણે કરી રહ્યા છીએ. આ કોંગ્રેસનું આયોજન છે. સાબરમતી નદી ઉપર ધરોઈ બંધનું આયોજન કર્યુ અને ૮૦,૦૦૦ હેકટર જમીન ઉપર સિંચાઈ આજે પણ કરી રહ્યા છીએ. દમણ ગંગા નદી ઉપર દમણ ગંગા જળાશય યોજના બનાવી અને ૮૦,૦૦૦ જેટલી હેકટર જમીનમાં પાણીની સિંચાઈ થઈ રહી છે. આવી પાનમ નહેર, કરજણ જળાશય યોજના, સુકી જળાશય યોજના, સીપુ યોજના, કાકરાપાર યોજના, મચ્છુડેમ, સાબરમતી, હાથમતિ તમને યાદ પણ નહીં રહે એટલી બધી મધ્યમ અને મોટી સિંચાઇ યોજના આ

કોંગ્રેસની સરકારે પરિપૂર્ણ કરીને ગુજરાતની સિંચાઈ ક્ષમતા ધરાવતી જમીન ઉપર સિંચાઈ આપવાનું કામ પૂરું કર્યું છે. હા, તમે એટલું કામ ચોકકસ કર્યું છે કે ધરોઈ ડેમમાં સો ટકા પાણી ભરાય તો પાણી કયાં નાખત? પણ ઓછા વરસાદને લીધે ૫૦ ટકા ભરાય છે એટલે તમને વિકલ્પ સૂજયો કે અહીં પાણી નાખીએ તો વધારાનું પાણી આપી શકાય પણ સારો વિચાર કર્યો છે. અમે બનાવ્યો ત્યારે એની કલ્પના પણ નહોતી કરી કે ૫૦ ટકા ભરાશે. આ તો કુદરત ઉપર આધારિત છે. એટલા માટે બધું તમારા ખાતે જમા કરાવવાને બદલે તમને સદ્‌બુદ્ધિ રહે અને આપણે બધા ભેગા થઈને ગુજરાતની જનતા અને ખેડૂતોનું હિત વિચારીએ એટલી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા):** માનનીય અધ્યક્ષશ્રી, અમારા પાણીવાળા મંત્રીશ્રી આદરણીય નરોત્તમભાઈ માગણી નંબર ૬૪,૬૬,૬૭ અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી માગણી નંબર ૭૪ લાવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

આપણી ગુજરાતની ધરતીમાં કુલ ભૌગોલિક એરિયા ૧૯૬૦૦૦ હેકટર છે. એમાંથી ૧૨૫૦૦૦ હેકટર ખેડવાલાયક જમીન છે. એમાંથી ૪૦લાખ હેકટરમાં અત્યારે પિયત વિસ્તાર થઈ શકે. પાછળ ૮૦લાખ હેકટર જમીન બિન પિયત જમીન છે. આ ભા.જ..પા.ની સરકારે પહેલો વિચાર એ કર્યો કે આ ગુજરાતના ખેડૂતોને જો સિંચાઈનું પાણી આપવામાં આવે તો જ ગુજરાત રાજયનો વિકાસ થાય એના પ્રમાણે એણે પ્લાનીંગ કર્યું. જે ચાવડા સાહેબ કહેતા હતા આટલા બંધ અમે બનાવ્યા. અમે સ્વીકારીએ પણ એ બંધ કોણે બનાવ્યા? સ્વરાજ પછી જે પહેલી કોંગ્રેસ સરકાર આવી જેમાં કલિયુગ નહોતો એના કારણે મોટા જળાશય બન્યા. અમે સ્વીકારીએ છીએ. ત્યારપછી કોંગ્રેસની સરકારમાં કલિયુગ બેસી ગયો હતો એને કારણે એની બુદ્ધિ ચાલતી નહોતી. હમણાં વાત કરી. ધરોઈ બંધમાં નર્મદાનું પાણી નાખીને ડેમ ભરી શકાય એ સ્વપ્ન એને નહોતુ આવ્યું. આ ભા.જ.પા.ના આગેવાનોને વિચાર આવ્યો કે ગુજરાતમાં બે વર્ષે એક દુષ્કાળ પડે છે. આ દુષ્કાળમાં ખેડૂતને ગુજરાન ચલાવવા માટે નદી જળાશયમાં નર્મદાના પૂરનું વહી જતું પાણી નાંખવામાં આવે તો ખેતી થઈ શકે. ગુજરાતનો ખેડૂત એવો છે કે પગ બાંધીને ઘેર બેસાડી દેવામાં આવે અને એને ખબર પડે કે ખેતરના શેઢે પાણી ચાલ્યું જાય છે તો એ રડતો રડતો ખેતરે જઈને પાણી પાય. આવો ગુજરાતનો ખેડૂત છે. એને જરૂર છે પાણીની. આજ સુધી ગુજરાતના ખેડૂતના મનમાં હતું દિ વાળે એ દીકરા, અત્યારે પાછો વિચાર આવ્યો કે દિ વાળે એ દીકરા, કાં ધોળી ને કાં ધરા, કાં પાણી. ભા.જ.પા. સરકારે પાણી આપવાનું આયોજન કર્યું.

મને યાદ છે હું ૮-૧૦ વર્ષનો હતો. મામાના ઘરે જતો ત્યારે આડી નદી આવતી. પહેલાં ચોરણી પહેરતો. ચોરણી પહેરીને નદી ઓળંગીને ચાલવું પડે ત્યારે બારમાસી નદી વહેતી ત્યારપછી કોંગ્રેસની સરકાર આવી એને વિચાર ન આવ્યો કે તળમાંથી પાણી ખેંચીએ છીએ એને રિચાર્જ કરીને જમીનના પેટાળમાં પાણી ઉતારીએ. આ ભા.જ.પા.ની સરકારને યાદ આવ્યું. કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હોય, રીવર ગ્રીડ યોજના કોને યાદ આવી? આ ભા.જ.પા.ની સરકારને. આ રીવર ગ્રીડ યોજનાના આધારે ૧૦ નદીમાં નર્મદાનું પાણી વહેતું કર્યું. આ નાની નાની નદી થઈ એમાં ચેકડેમ બાંધીને પાણી રોકીને રિચાર્જ કરવાનો પ્રયત્ન ભા.જ.પા.ની સરકારે કર્યો. એક લાખ ઉપર ખેત તલાવડી બનાવી. તમે બુલડોઝરથી બનાવી, કાગળ ઉપર બનાવી, પણ આ નિયમ છે કે જમીનના પેટાળમાંથી અગાઉની કોંગ્રેસ સરકારે પાણી ખેંચી લીધું. બૅન્ક બેલેન્સ ખાલી થઈ ગયું. એ બૅન્ક બેલેન્સ જમા કરાવવા માટેનો અમારો પ્રયત્ન છે. પાણીની પાઈપલાઈનની વાત કરતો હતો. મને યાદ છે. તમે પાઈપલાઈનની યોજના બનાવી છે. તમે જૂથ યોજના બનાવી છે, ના નથી પાડતો, પણ આમાં ૫૦ ટકા વાપરતા હતા અને ૫૦ ટકા ક્યાંક ચાલ્યા જતા હતા. હમણાં વાત કરી ચાવડા સાહેબે. અમારા આગળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને સિંચાઈ મંત્રી ઈઝરાયલ ગયા હતા અને ત્યાંથી ડ્રિપ ઈરિગેશનની માહિતી લઈ આવ્યા. ૧૦૦ કરોડ બજેટ ફાળવ્યું. ૧૦૦ ટકા ફાળવ્યું હશે. ના નથી પાડતો. ૧૦૦ કરોડના બજેટમાં સવા પાઈ પણ ખેડૂત પાસે નહોતી ગઈ. મને યાદ છે. એના કારણે જે પાઈપલાઈન નક્કી કરેલ હતી. ડ્રિપ ઈરિગેશનની પાઈપલાઈન ફલાણા વેપારી પાસેથી લેવાની. પાઈપલાઈનની અંદર દસ હજારમાંથી પાઈપલાઈનમાં ૨૫ ટકા સબસિડી આપવામાં આવે, પણ એ પાઈપલાઈન બાર હજારમાં પડતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નક્કી કર્યુ કે આ પાઈપલાઈનમાં સબસિડી પણ સીધી ખેડૂતોના હાથમાં આપવાની. અગાઉની જૂથ યોજના હતી, પાણી વહેવડાવવામાં આવતું હતું, પણ જ્યારે અમુક ગામડાનો સરપંચ જાય કે અમારે ત્યાં પાણી નથી આવતું, વાલ વધારે ખોલો અને જો વાલ વધારે ખોલવામાં આવે તો પાઈપલાઈન ઊભી થાય. જ્યારે નર્મદાની ૭૦૦ કિલોમિટરની પાઈપલાઈન ગુજરાત રાજયના સિંચાઈ ખાતાના અધિકારીઓએ ૭૦૦ કિલોમિટરની પાઈપલાઈન નાખી અને આની અંદર નો ટેસ્ટિંગ, અહીથી સીધો પાણીનો વાલ ખોલી પાણી કચ્છમાં કાઢવામાં આવે. આજે મને યાદ છે કે નવસારીની અંદર અહીયાં મારા નવસારીના ધારાસભ્ય બેઠા છે. નવસારીમાં એવું પાણી આવતું હતું કે તમારાથી જો ન્હાવા માટે માથામાં સાબુ લગાડાઈ જાય તો સીધા વાણંદની દુકાને જવું પડે, વાળ જુદા ન પડે. હું નવસારીમાં ૧૦ વર્ષ સુધી રહ્યો. એ કાકરાપાળ અને ઉકાઈ યોજનાથી કેનાલ દ્વારા નવસારીના દૂધિયા તળાવમાં પાણી નાખી અને આખા નવસારીને પાણી પાવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

મારાં બે-ત્રણ સૂચન છે. સિંચાઈ યોજનાના નવા ડેમ બાંધવા માટે જમીન સંપાદનની જે કાર્યવાહી છે. આ કાર્યવાહી માટે જો કોર્ટ મેટર બનતી હોય અને એના કારણે સિંચાઈ યોજના બનાવેલ અને એ ઘણા ટાઈમથી પડી રહેલ અને રાજય સરકારને અને ખેડૂતોને કરોડો રૂપિયાનો ખર્ચ થાય એના માટે આ જમીન સંપાદનની કાર્યવાહી

છે. સંમત એવોર્ડની જો કાર્યવાહી કરવામાં આવે તો ડેમ જલ્દી બને અને ડેમ જલ્દી ભરાય તો ખેડૂતોને પૈસા મળે તો ખેડૂતો જમીન નવી લઈ લે.

બીજું સૂચન છે કે જે રાજય સરકાર વધારે ને વધારે ખેતી થઈ શકે એના માટે હયાત ડેમો છે. આ ડેમોમાં ધોરીયા, પંપથી પાણી આપવામાં આવે છે તો એમાં પાણી પણ બગડે છે અને ખેતીનું ઉત્પાદન ઓછું આવે છે. ખેડૂતો જોઈએ એટલો પાક લઈ શકતા નથી. હયાત કેનાલ છે અને રાજય સરકારે ૮૦:૨૦ ની યોજના બનાવી. આ યોજનામાં ખેડૂત જૂથો દ્વારા આ હયાત કેનાલને જો કટિંગ કરીને ઊંડી કેનાલ કરી લિફ્ટ ઈરિગેશનથી જો પાણી આપવામાં આવે તો હયાત પાણીમાં ડબલ પિયત થઈ શકે, પાક સારા લઈ શકાય, તે સિંચાઈ યોજના છે, તે આ રાજય સરકારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી નિર્ણય લીધો, જે ડેમોમાં જમીન કપાત થઈ છે, ડૂબમાં ગઈ છે. આ જમીન અત્યાર સુધી માથાભારે માણસો વાવતા હતા. જે ખેડૂતોની જમીન હોય, ડૂબમાં ગઈ હોય તેને વાવવા માટે એક સાલીના રાજય સરકાર દ્વારા હુકમ આપવામાં આવ્યા, પણ આની અંદર જે ખેડૂતોની જમીન ડૂબમાં ગઈ હોય તે ખેડૂતોને કાયમ માટે વાવવા માટેનો હુકમ કરવામાં આવે તો દર વર્ષે રિન્યુ કરવાની લપમાં ન પડવું પડે.

**સભાપતિશ્રી** : હજી અગિયાર સભ્યો બોલવાના બાકી છે. ત્રણ મંત્રીશ્રીઓએ જવાબ આપવાનો છે, એટલે એક કલાક જેટલો સમય જોઈશે. અગિયાર સભ્યો બાકી છે, એટલે દરેક સભ્યને વિનંતી કરીશ કે પોતાનું પ્રવચન ત્રણ મિનિટમાં પૂરું કરે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા જળ સંપત્તિ, પાણી પૂરવઠા, બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

પાણી પૂરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ લાગણીશીલ માણસ છે અને પોતે એન્જિનિયર હોવાથી સારો રસ લઈ રહ્યા છે.તેઓ જે મોટું બજૅટ લઈને આવ્યા છે તેમાં મારી વિનંતી છે કે આ મોટા બજૅટનો ઉપયોગ જે વિસ્તારમાં ખરેખર વરસાદ ઓછો પડે છે અને કાયમી દુષ્કાળ રહે છે તેવા વિસ્તારોમાં તેઓ વધારે પૈસા વાપરે. બીજુ કે કેન્દ્ર સરકારમાંથી ત્વરિત સિંચાઈ યોજનાઓ માટે એક હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. આ સરકારે તે પૈસા નર્મદામાં ટ્રાન્સફર કરીને પૂરક માગણીઓ લઈને મંજૂર કરાવ્યા છે તેના લીધે અમારા વિસ્તારોમાં જે વિકાસ થવાનો હતો તેમાં ઘણી ખોટ આવી છે. નાની, મોટી, મધ્યમ, બહુલક્ષી યોજનાઓ માટે અંદાજો જરૂર મૂકાય છે પણ સુધારેલા ખર્ચના અંદાજો મૂકાતા નથી. અગાઉના વર્ષ ૨૦૦૩-૦૪નો ખરેખર કેટલો ખર્ચ થયો તે ખબર પડતી નથી. તે બજૅટમાં કયાંય દેખાતો નથી. તેના લીધે પારદર્શક વહીવટ કેવી રીતે છે, તેનો ખ્યાલ આવતો નથી. તો પછી ઈ-ગવર્નન્સની તો વાત કયાં રહી તે પણ એક પ્રશ્ન રહે છે.

આ સરકાર છેલ્લા બે-ત્રણ વર્ષથી જે શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારો માટે પાણીના પૈસાની ફાળવણી કરે છે તે ઓછીને ઓછી કરતી જાય છે. શહેરી વિસ્તારો તો ઠીક છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં ૬૧૪ કરોડ રૂપિયા ૨૦૦૪-૦૫ માં ફાળવ્યા હતા પણ આ વખતે ૫૩૦ કરોડ ફાળવ્યા છે એટલે ૧૧૬ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે. તેના લીધે અમારી ચિંતા છે કે આ વિસ્તારોમાં જે પાણીની સગવડ, પીવાના પાણી મળવા જોઈએ તે મળતા નથી. જૂથ પાણી પૂરવઠા યોજનાઓ પુનઃસ્થાપિત કરવા માટેની જે યોજનાઓ છે તેમાં ૨૫ ટકા બંધ હાલતમાં છે. ગયા વખતે જે ફંડ ફાળવવામાં આવ્યો હતો તે ૯.૫ કરોડ હતો અને આ વખતે ફક્ત ૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે તેના લીધે જે મરામત થવી જોઈએ તે થઈ શકતી નથી. પાઈપ લાઈન દ્વારા જે પાણી આપવામાં આવે છે તેમાં ૨૦૦૩-૦૪ માં ૧૦૪ કરોડ રૂપિયા ફાળવ્યા હતા અને આ વખતે ફક્ત ૩૪ કરોડનું આયોજન કર્યુ છે એટલે ૭૦ કરોડ ઓછા ફાળવ્યા છે. બીજુ સરહદી વિસ્તારોમાં ગરીબલક્ષી જે કાર્યક્રમો છે, પાઈપ લાઈન દ્વારા પાણી આપવાના તેમાં પણ પૈસા ઓછાને ઓછા થતા જાય છે. અમારા ગરીબ વિસ્તારો માટે ફક્ત ૫૦ લાખની જોગવાઈ કરી છે. ઉત્તર ગુજરાત, કચ્છ, પંચમહાલ માટે નર્મદા કેનાલ દ્વારા પાણી આપવાનું હતું અને ૪૨૧૫ ગામોને પાણી આપવાનું હતું તેમાં ફક્ત ૫૦ ટકા ગામોને પાણી મળી શકયું છે. ૧૯૨ કરોડની જોગવાઈ હતી તેમાંથી ફક્ત ૩૯ કરોડ રૂપિયા વાપર્યા છે. ૧૫૩ કરોડ વપરાયા વગરના પડી રહ્યા છે. ગયા વખતે ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી હતી કે અમારા વિસ્તારોમાં નર્મદાનું કે કડાણાનું પાણી નથી મળવાનું ત્યારે એમણે કહ્યું હતું કે ૩૦૦ કરોડ રૂપિયા સ્પેશ્યલ આવા વિસ્તારો માટે ફાળવવામાં આવશે. કદાચ નર્મદા કે કડાણાનું નહી મળે તો ચેકડેમ બનાવવામાં આવશે તેવી વાત કરી હતી. છેલ્લા એક વર્ષમાં તળાવો કે ચેકડેમો બનાવવાની કોઈ કાર્યવાહી આગળ થઈ નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે હાથમતી નદી ઉપર ભિલોડા તાલુકાનો વિસ્તાર છે ત્યાં આ વિસ્તારના તળાવો અને ડેમોમાં કાંપ ભરાઈ ગયો છે એટલે તેનું ડીસીલ્ટીંગ કરવું જોઈએ અને તળાવો ઊંડા કરવાં જોઈએ અને તેમાં મેશ્વો ડેમમાંથી પાણી લિફ્ટ કરીને ભરી શકાય તેમ છે અને તેમ કરીને આ વિસ્તારોને પાણી આપવા મારી નમ્ર વિનંતી છે.

ચેકડેમ માટે આ વખતે જે બજૅટ ફાળવવામાં આવ્યું છે તેમાં ફક્ત ૫૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે તે ઘણા ઓછા છે. ગયા વર્ષ કરતાં ઓછા ફાળવવામાં આવ્યા છે. આડબંધ માટે ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે તે પણ ઘણા ઓછા છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોના પાણીના તળ ઊંચા લાવવા માટે આદિવાસી વિસ્તારો માટે ત્રણ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી તેમાંથી એક કરોડ રૂપિયા વાપરવામાં આવ્યા છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી

છે કે આવા ગામ તળાવો ઊંડા કરવા માટે ખાસ ધ્યાન રાખવામાં આવે. જે પૈસા આ વર્ષે ફાળવવામાં આવ્યા છે તેમાં ફક્ત ૧૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આની પણ ચિંતા કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી સુજલામ સુફલામ માટે ગયા વર્ષે ૯૦૦ કરોડનું આ સરકારનું આયોજન હતું અને ૧૨૦૦ કરોડ રૂપિયા નાબાર્ડ અને હુડકોમાંથી ફાળવવામાં આવ્યા હતા. આ સરકારે એકપણ પૈસાની ફાળવણી નહીં કરી અને જાહેરાતો મોટી મોટી કરી અને છેલ્લે એમ કહ્યું કે ૬૯૦ કરોડ રૂપિયા વાપરી શકીશું એવી જાહેરાત કરી. અમારા વિસ્તારોમાં હેન્ડપંપ દ્વારા પાણી લઈ શકીએ છીએ અત્યારે ગુજરાતમાં ચાર થી પાંચ હજાર હેન્ડપંપ બનેલા છે.

પણ એ મૂળિયાના અભાવે હેન્ડપંપનો ઉપયોગ થઈ શકતો નથી, અમે રજૂઆત કરીએ છીએ ત્યારે કોન્ટ્રાકટર એમ કહે છે કે અમને પેમેન્ટ નથી મળ્યું તો કેવી રીતે મૂળિયાં મૂકીએ, આ માટે પણ માનનીય મંત્રીશ્રી ચિંતા કરે, બીજા વિસ્તારોમાં તો પાઈપલાઈન માટેના જે મોટા કોન્ટ્રાકટરો હોય છે એવા મોટા કોન્ટ્રાકટરોને પેમેન્ટ મળી જતું હોય છે તો આ હેન્ડપંપના માટે અમારા વિસ્તારના લોકો હેરાન થાય છે, કેમકે એ મૂળિયાં મૂકવામાં આવતાં નથી અને સરકારે જાહેરાત એક કરી હતી કે ૫૦ વ્યકિતએ એક હેન્ડપંપ બનાવવામાં આવશે એ યોજના પણ પૂરી કરી નથી,

માનનીય અધ્યક્ષશ્રી, મેશ્વો નદીની વાત કરું તો, મેશ્વો નદી સિવાયનો અમારો એક પાલકચિતર્યા પાસે ચેકડેમ મંજૂર થયેલ હતો, એ નાની સિંચાઈ યોજનાનો છે, એ મોટો ચેકડેમ છે તો એમાં ૧૬ કરોડ રૂપિયાની યોજના હતી, હવે જો સરકાર એમાં આગળ વધે અને એ બાંધવામાં આવે તો અમારા વિસ્તારને પાણી મળી શકે એમ છે, એના સિવાય પણ એક રાજસ્થાનની સરહદે જે મોટા ડેમ કડાણાની આગળ આવેલો છે એનો સરવે કરીને જો એ વિસ્તારમાંથી પાણી આપવામાં આવે, અને જો સુજલામ સુફલામ યોજના દ્વારા પાણી ન આવતું હોય સીધું એ ડેમોમાંથી બોરીબેચ કે ત્યાંથી એ સીધું જો સરવે કરીને અમારા વિસ્તારને પાણી મળે તો અમારા મોટાભાગનો જે ટ્રાઈબલ વિસ્તાર છે એ ભીલોડા, વિજયનગર, ખેડબ્રહમા, મેઘરજના વિસ્તારને પાણી મળી શકે. આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ, માનનીય સભ્યશ્રી, આપ બેસો, જુઓ સમય ગણીએ, એક મિનિટ હું વાત કરી લઉં, જેથી બધા સભ્યશ્રીઓને ખ્યાલ આવે, ત્રણ મંત્રીશ્રીઓને બોલવાનું છે અને ઘણા સભ્યશ્રીઓને બોલવાનું બાકી છે. એ સભ્યશ્રીઓને બોલવા દેવા હોય, તો આપણે સભાગૃહનો સમય લંબાવવો પડે, (અંતરાય) ચાલો, ઉભા થાઓ, પ્લીઝ, જે સમય વધારવાની દરખાસ્ત મૂકવી હોય તે મૂકો.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બાકી રહેલ સભ્યશ્રીઓનું પ્રવચન પૂરું થાય અને માનનીય મંત્રીશ્રીઓનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટે મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : આજે સભાગૃહનું કામકાજ પૂરું થાય, ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે. ચાલો, માનનીય સભ્યશ્રી, રાજેશભાઈ પાઠક.

**શ્રી રાજેશભાઈ પાઠક** : માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નંબર ....

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગની આ વિભાગની ચર્ચાઓ સંપન્ન થઈ છે એટલે માનનીય મંત્રીશ્રીઓ સીધા જવાબો આપશે એ પણ એમના વિભાગને લગતા, ખૂબ જેટલા બને એટલા ટૂંકાણમાં આપે એ રીતે વ્યવસ્થા થાય,(અંતરાય) એવી વાત નહીં, પણ રાજકીય અવલોકનો કર્યા સિવાય જવાબ આપે તો અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : તો હવે એકાદ સભ્યશ્રી બોલે, માનનીય રાજેશભાઈ પાઠક, ઉભા થાઓ, બોલો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : ક્રમ આર.સી.પટેલનો છે એટલે હું કહું છું. એમને બોલવા દો..

**અધ્યક્ષશ્રી** : પણ હવે જે સમય જોઈએ, એ પ્રમાણે તો.

**શ્રી જગદીશ ઠાકોર** : એ બાજુ આર. સી. પટેલ અને આ બાજુ શ્રી ગોવાભાઈને બોલવા દો.

**શ્રી રાજેશભાઈ પાઠક** : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિ હોય તો માત્ર સૂચનો કરી શકીએ.

**અધ્યક્ષશ્રી** : એ રીતે નહીં કહી શકો, પ્લીઝ, માનનીય મંત્રીશ્રીઓએ લખીને આપ્યું છે કે ૭૦ મિનિટ જોઈએ, ચાલો, પાંચ મિનિટ બોલી લો, વધારે સમય નથી, શ્રી આર. સી. પટેલ, (અંતરાય) પ્લીઝ, સમય લંબાવવો હોય તો મારી તો સહમતિ છે. શ્રી આર. સી. પટેલ...

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) (ક્રમશઃ)**

**શ્રી આર. સી. પટેલ(જલાલપોર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં હંમેશા ઘણાં બધા વિભાગોની ચર્ચા થતી હોય છે, પરંતુ મત્સ્યોદ્યોગ વિભાગની જે ચર્ચા થવી જોઈએ એ અત્યાર સુધી કયારેય થઈ નથી. મારા મત વિસ્તારમાં માછીમારોની ખૂબ મોટી સંખ્યા છે અને માછીમાર ભાઈઓ સાથે મારે સંબંધો હોવાના કારણે સારી એવી આ વિભાગની મને માહિતી છે.

વર્ષો પહેલાંની વાત છે, દક્ષિણ ગુજરાતના માછીમારો બંદર ન હોવાના કારણે ઓખા, પોરબંદર, વેરાવળ કે જખૌ થઈને આવતા હતા અને અત્યારે મહારાષ્ટ્રમાં જઈને આવે છે. ત્યારે સરકારને મારે અભિનંદન એટલા માટે આપવાં છે કે જખૌ ખાતે એક અદ્યતન બંદરનું માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે હમણાં ઉદ્‌ઘાટન કર્યું છે. આ રીતે ૧૦૦૦ બોટની ત્યાં સગવડ ઉભી થઈ છે એ બહુ સરસ કામ થયું છે. આ સાથે ધોલાઈ બંદરનું અત્યારે થોડા દિવસ પહેલાં જ ખાતમુર્હૂત થયું છે. ૧૪ મહિનામાં એનું કામ પૂરું થશે. આ બંદર બનવાથી અમારા વિસ્તારના માછીમાર ભાઈઓ છે એને ખૂબ મોટો લાભ થયો છે.

માનનીય મંત્રીશ્રીને મારાં થોડાં સૂચનો છે કે અત્યારે જે દરિયામાં ફિશરમેનો ફિશિંગ કરવા જાય છે એમાં પહેલા જેટલું ફિશનું ઉત્પાદન મળતું હતું એ અત્યારે મળવાનું ઓછું થઈ ગયું છે એનું કારણ ઔદ્યોગિક એકમો દ્વારા દરિયામાં જે કોઈ ઝેરી રસાયણો છોડવામાં આવે છે એના કારણે ફિશની પ્રજનન શકિત ઘટી છે અને એના કારણે માછલાઓનું પ્રમાણ પણ ઘટયું છે તો એના માટે કંઈક પગલાં લેવાં જોઈએ એવું મારું માનવું છે. આજે ટ્રેલર એક ટ્રીપ મારે છે એમાં ૧૦૦૦ લિટર પેટ્રોલ જાય છે અને આખા વર્ષ દરમ્યાન ૧૩ થી ૧૪ લાખ રૂપિયાનો ડિઝલ વગેરેનો ખર્ચ થાય છે અને આખા વર્ષમાં ૨૪ થી ૨૫ ટ્રીપ થાય છે એક ટ્રીપ ૯ થી ૧૦ દિવસની હોય છે અને અત્યારે ઉત્પાદન ક્ષમતા ઓછી થઈ છે એને લીધે માછીમારોની આવક પણ ઘટી છે. પહેલાં ૨૫-૩૦ કે ૫૦ હજાર રૂપિયા તેઓ કમાતા હતા અત્યારે ૧૫ થી ૨૦ હજાર રૂપિયા જ તેઓ એક ટ્રીપમાં કમાઈ છે ત્યારે તેઓને ટેકસમાં વધુમાં વધુ રાહત આપવા માટે સરકારે વિચાર કરવો જોઈએ એવું મારું મંતવ્ય છે. આપણે ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો છે અને એમાં જોવા જઈએ તો ગ્રામીણ વિસ્તારોમાં કણએજ, મોટી માછીવાડ કે રાણાભાઠા જેવા વિસ્તારોની ૬૧૫ લોકલ બોટો છે એને કોઈ લાભ મળતો નથી. અને જે કોઈ બજાર ભાવ છે એજ ભાવથી એને ડિઝલ મળે છે. એટલે એના માટે વિતરણની કોઈ વ્યવસ્થા ઝાલોલપોર વિસ્તારમાં કરવી જોઈએ એવી મારી વિનંતી છે. આપણા ગુજરાત રાજયમાં ૩ લાખ ૭૬ હજાર હેકટરનો ખારલેન્ડ છે, એટલે બિન ઉપજાવ જમીન જેને કહેવાય એવી એ જમીન છે એમાં ૧ લાખ ૮ હજાર ૩૫૬ જેટલી જમીન મીઠા ઉદ્યોગ માટે આપેલ છે અને ૧ લાખ ૯૫ હજાર હેકટર જમીન આ ફિશરીઝ માટે ફાળવવામાં આવેલ છે.

અત્યારે આખા દેશમાંથી ઝીંગાની કુલ નિકાસ ૧૪૮૫૬ મે.ટન અને એની કિંમત ૩૩૪૮ કરોડ રૂપિયા થવા જાય છે. એટલું વિદેશી હૂંડિયામણ મળે છે. જેમાં ગુજરાતનો હિસ્સો જોઈએ તો ઝીંગાનું ઉત્પાદન ૧૧૧૬ મે.ટન અને કિંમત ૩૬.૪૦ કરોડ રૂપિયા થવા જાય છે એટલે નહિવત્ પ્રમાણની અંદર આ ફિશરીઝ.. એકવાકલ્ચર આપણે કરીએ છીએ, અત્યારે આખા દેશની અંદર દરિયાઈ મત્સ્યોદ્યોગનું આપણે ૨૫ ટકા ઉત્પાદન કરતાં હોઈએ ત્યારે આમાં નહિવત્ છે એના માટે સરકારશ્રીએ વિચારવું જોઈએ. હું માનું છું ત્યાંસુધી પચાસ હજાર હેકટર જમીન જો પાંચ વર્ષના આયોજનમાં લેવામાં આવે તો ૧૦ હજાર ખેડૂતોને આની અંદર રોજીરોટી મળી શકે એમ છે. તબક્કાવાર આજે અંદાજે ૩૩૦૦ હેકટર જેટલી જમીન એકવાકલ્ચર માટે ફાળવી છે બે ટકા ભાગ પણ સરકારે આપ્યો નથી. હું પચાસ વર્ષની વાત નથી કરતો જ્યારે આ તબક્કો ચાલતો હતો મારે એમ કહેવું છે કે યોગ્ય રીતે મેપીંગ કરીને પચાસ હજાર હેકટર જમીન જો ફાળવવામાં આવે અને યોગ્ય રસ ધરાવનાર ખેડૂતોને જો આપવામાં આવે તો આ રાજયના હજારો કુટુંબો એની અંદર સમાવી શકાશે, લાખ્ખો કુટુંબોને આની અંદર સમાવી શકાય તેમ છે એમને રોજીરોટી મળી શકે તેમ છે. ખાલી એકવાકલ્ચરનું કરવા માટે આપણે એના માટે ફીડિંગ સ્ટેશન.. હેચરીઝ હોવી જોઈએ આપણા દેશની અંદર ૨૩૬ હેચરીઝ છે એમાંથી આપણા રાજયમાં ફક્ત બે હેચરીઝ છે એમાં એક ટાટા કૅમિકલ્સ, મીઠાપુર ખાતે આવેલ છે જે બંધ છે અને બીજી દીવમાં છે એનું વાર્ષિક ઉત્પાદન ચાલીશ હજાર મે.ટન છે. આપણે હાલના તબક્કે બે ટકા જમીનનો વિકાસ ન થયો હોવા છતાં પણ આપણને બસો મિલિયન ગુજરાત રાજયની અંદર આજે પચાસ હજાર હેકટર જમીનને જો ડૅવલપમૅન્ટ કરીએ તો આપણને સો જેટલી હેચરીઝની જરૂર છે ચાર જેટલી ફીડિંગ પ્લાન્ટની જરૂર પડે આપણે આઈસ પ્લાન્ટ દુનિયાભરના જોઈએ તો લાખ્ખો કુટુંબો આની અંદર સમાવી શકીએ તેવી પરિસ્થિતિ છે, એટલે મારું સૂચન છે કે ૧ લાખ ૯૫ હજાર હેકટર જમીન છે એમાંથી ૫૦ હજાર હેકટર જમીન જો લેવામાં આવે એટલે કે ૨૫ ટકા ડૅવલપમૅન્ટ આ પાંચ વર્ષમાં લેવામાં આવે તો કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ આપણે એમાંથી મેળવી શકીએ એવી પરિસ્થિતિ છે, આનાથી વિશેષ મારે કંઈ કહેવું નથી.

**અધ્યક્ષશ્રી** : કોઈને ના મળે, તમે ના પાડી છે. સમય વધારવો હોય તો મને વાંધો નથી, એવું નહિ, બધાને સમય આપવો પાડે, મારી પાસે સમય છે નહિ. એકને નહિ મળે, ના, ના, એકને નહિ મળે, વહાલાંદવલાં ન ચાલે, બધાને સમયે મળે, બીજા બધા બોલવા માગે છે એક એક બોલવા માગે છે એવું નહિ, એકને નહિ મળે. અહીંયા બધા બોલનારાઓ છે, મારી ના નથી. હું હા પાડું છું. મેં તમારી સામે પ્રસ્તાવ મૂક્યો. હું એકને તક નહીં આપી શકું, અહીંયાં ઘણા બધા બોલનારા સભ્યશ્રીઓ છે. નો, પ્લીઝ, એ વાત ઠીક નહીં, આ બધા બોલવા માગે છે. મારે નહીં, ગૃહે નક્કી કરવાનું છે. ગૃહ કહે તો હું કરું.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી) :** બન્ને બાજુ બે બે આપો, ત્રણ-ત્રણ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈનું નામ નથી, માનનીય નટુભાઈ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)**: માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અમે કાપ દરખાસ્ત લાવ્યા છીએ અને તેની ઉપર મારા સૂચનો કરું છું.

સિંચાઈ તો પહેલેથી કોંગ્રેસના રાજયમાં પહેલેથી જ છે. હા આ નવી નથી કે ભાઈ, અમે કરી નાંખ્યું પણ તેની સિસ્ટમ જુદી જુદી હતી. અત્યારે યુગ બદલાયો છે, કૉમ્પ્યુટર યુગ આવ્યો છે ટૅક્નૉલૉજીનો યુગ આવ્યો છે તેમ બધું બદલાયું કંઈ તમે બધું કરી નાંખ્યુ તેમ છે જ નહીં. આ તો જેમ જમાનો બદલાયો તેમ બદલાયું. ત્રણ ચાર સિસ્ટમ છે. પહેલી કૂવામાંથી પાણીનું સિંચન કરતા હતા પછી ચેક ડૅમથી પછી તળાવથી અને નહેરોથી જે અમુક સિસ્ટમ છે. અમારા નાણામંત્રીશ્રી, સિંચાઈ મંત્રીશ્રી, અને ખેતી મંત્રીશ્રી બેઠેલા છે. ખેતીમાં જે કૂવાઓ છે તેમાં ગરીબ ખેડૂતો છે, નાના ખેડૂતો છે તેમાં નાના ખેડૂતોને ૨-૩ મોટરોનું પાવરનું આપી છે તો બહું સારું. કારણકે મોટા દશની સત્તરની મોટરવાળા નાના ખેડૂતને છેતરે છે, મારી નાંખે છે. મોટી માછલી નાની માછલીને ખાઈ જાય એવી આ વાત છે. આ સિસ્ટમ કરે. ઘણી જગ્યાએ બહુ ઉપર પાણી છે. ૨-૩ ની મોટર ચાલી શકે અને સીમાંત ખેડૂતને લાભ મળે. આ સિસ્ટમ ત્રણેય મંત્રીઓ કરે તો સારું થાય અને લોકો તેને વખાણશે. એટલે આ સિસ્ટમ કરવા જેવી છે. જ્યાં નહેરો છે તેમાં પાછળના વિસ્તારને પાણી મળતું નથી તો એ પાણી મળે એવું કરે કારણકે અધિકારીઓ, ચોકીદારો છે તે ઓછા છે અને ચોકીદારો પૂરતાં ના હોવાને કારણે નહેરો તૂટી જાય છે અને ખેડૂતોને પાછળનાને નુકસાન થાય છે તો ચોકીદારો વધારે અને તેને સાફસૂફ બરાબર કરાવે. બીજું આ તળાવો છે, ચેક ડેમો છે તેમાં બીજી ઘણી વ્યવસ્થા કરવાની જરૂર છે. જે ધારાસભ્યો છે, અમુક જગ્યાએ ૨૦ ટકા શું પણ ૧૦ ટકા પણ ભરી શકે તેમ નથી. ચેક ડેમોમાં એવાં પછાત ગામો છે. એવા વિસ્તારો છે એમાં ધારાસભ્યોના ફંડમાંથી આ ૮૦/૨૦માં મંજૂરી આપે તો થઈ શકે. આ સરકાર કહે છે કે તળાવમાં દસ ટકા ફાળો લોકો આપે, અમુક ગામો એવાં હોય છે કે જે દસ ટકા પણ ભરી શકે તેવા નથી જો એમાં ધારાસભ્યોના ફંડમાંથી રકમ આપવાની મંજૂરી આપવામાં આવે તો તેનાથી ઘણી જગ્યાએ તળાવો થઈ શકે. ઘણી જગ્યાએ સૂકા વિસ્તારો છે એમાં તળાવો થાય તો પાણી ભરી શકાય અને આ ત્રણે મંત્રીશ્રીઓ ઈચ્છે અને આ માટેની કોઈ સિસ્ટમ દાખલ કરે તો ખૂબ ખૂબ આભાર. કારણ કે આ નાના ખેડૂતોને પાણી મળી રહે અને તેમના માટેનું કામ છે એટલે એ કરવા જેવું છે. બીજું કે આ જે પાણી પૂરવઠાની જે સિસ્ટમ છે એમણે જે બધી પાણી પૂરવઠા યોજનાઓ કરી તેમાં ઘણી જગ્યાએ એ લોકોનું આયોજન બરાબર ન હોવાથી પાણી પહોંચતું નથી. એટલે એ સિસ્ટેમેટીક યોજના કરે તો પાણી પહોંચી શકે. આ લોકોના રાજમાં બરાબર પાણી પહોંચતું નથી. આ લોકો સિસ્ટમ કેવી રીતે કરે છે તેની ખબર પડતી નથી. એટલે સારી સિસ્ટમ બનાવે તો પાણી પહોંચી શકે, કોણ જાણે પાઈપલાઈન એવી ખરીદે છે કે શું કરે છે, પાણી પહોંચે તેવું કરવું જોઈએ. ઘણી જગ્યાએ મોટી મોટી ટાંકીઓ બનાવવામાં આવી છે, તાબૂત જેવી ટાંકીઓ હોય છે, પણ પાણી ન મળે તો તેનો કશો અર્થ નથી. પાણી મળે તેવું કરવાની જરૂર છે. ઘણી જગ્યાએ તમારા રાજમાં આવી ટાંકીઓ પડી રહી છે અને પાણી મળતું નથી. તો આ ખર્ચ શું કામ કરો છો? લોકોને ઉપયોગી થવા માટે આ ખર્ચ કરો છો, તો પછી પાણી લોકોને મળવું જોઈએ, આખા ગુજરાતમાં તમારા વખતમાં આ જે બધી ટાંકીઓ બાંધી છે એ ચાલુ થાય અને લોકોને પાણી મળે તેવું કંઈક કરો. બીજું જે ખારલેન્ડની જમીન છે તેમાં મત્સ્યોદ્યોગ માટે મોટા મોટા તળાવો બંધાય, મત્સ્યોદ્યોગનો વિકાસ કરવામાં આવે તો લોકોને રોજીરોટી મળી શકે. જે લોકો બિચારા ગરીબ માણસો છે, રોજી રોટી મળતી નથી તેમને આ ખાર લેન્ડમાં તળાવો બંધાય તો મત્સ્યોદ્યોગ મારફત રોજી રોટી મળી શકે, આમ તો હું ભગત છું તેથી મારાથી આવું ન બોલાય, પણ બોલવું પડે છે નરો વા કૂંજરો વા, આ બીચારાને રોજી રોટી મળી શકે એટલે બોલું છું.

**શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રી, માગણી ક્રમાંક ૬૪, ૬૬ અને ૬૭ તથા મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૭૪ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

સિંચાઈ ક્ષેત્રે માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રી સુજલામ સુફલામ યોજનાની કેનાલની યોજના લઈને આવ્યા છે, નર્મદા યોજના પછી જો ગુજરાત માટે બીજી કોઈ મહત્વાકાંક્ષી યોજના લોકોના હિત માટેની હોય તો તે આ સુજલામ સુફલામ યોજના છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અને સ્વપ્ન હતું તે વાસ્તવિક રીતે સાકાર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. હમણાં જ મારા સાથી સભ્ય ડો. સી. જે. ચાવડા આ ગૃહમાં વાત કરતા હતા કે કોંગ્રેસના શાસનમાં આટલા ડેમો બન્યા, વણાકબોરી, કડાણા અને નર્મદા ડેમો બન્યા, પણ ખાતમૂહુર્ત દાદા કરે અને ઉદઘાટન પ્રપૌત્ર કરે એવી પદ્ધતિ અને સંસ્કૃત્તિ ભારતીય જનતા પાર્ટીની નથી. અમારા પાણી પૂરવઠાના પાણીદાર મંત્રી તો ખાતમૂહુર્ત કરે તે દિવસે જ ઉદઘાટનની તારીખ લેતા હોય છે તે અમે નજરે જોયું છે. તેમ કરવાથી પ્રજા હિતના કામો કરનારી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લોક હિતના કામોમાં ઝડપથી આગળ વધી રહી છે. મારા મત વિસ્તારમાં વણાકબોરી ડેમ આવેલો છે, અને સાત કિલોમિટર દૂરથી નર્મદા કેનાલ પસાર થાય છે, નવ કિલોમિટર દૂર થી મહી સાગર મેઈન કેનાલ પસાર થાય છે. પણ માનનીય અધ્યક્ષશ્રી હું જે વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું ત્યાં આ સિંચાઈ વ્યવસ્થામાંથી માત્ર બે ટકા જ લાભ મળે છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુઝલામ સુફલામ યોજનાની કલ્પના લઈને જયારે આ યોજના બની રહી છે ત્યારે તેનું ખોદકામ ચાલે છે, મારા વિરપૂર અને બાલાસિનોર તાલુકામાં આ યોજના પસાર થાય છે આ

યોજના મારા વીસ થી ત્રીસ ટકા તાલુકાઓમાં આવે છે તેથી મારું પાણી પૂરવઠા અને સિંચાઈ મંત્રીશ્રીને મારા વિરપૂર તાલુકામાંથી પસાર થાય છે એને થોડી ઊંચે લઈ જવાનું સૂચન મેં કર્યું હતું. મારા આ સૂચનનો માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર કર્યો છે અને એની મંજૂરી પણ આપી દીધી છે. ૫.૫૦ કરોડની મંજૂરી આપી છે એના કામ આજ વર્ષમાં ચાલુ નાણાકીય વર્ષમાં જ પુરું થાય તેવી સિંચાઇ મંત્રીશ્રીને વિનંતી કરું છું.

સાથે સાથે ચેકડેમ ક્ષેત્રે પણ મારા બે-ત્રણ સૂચનો છે. જે ૮૦:૨૦ના ચેકડેમ બનાવીએ છીએ. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના નીચે એની અરજીઓ સ્વીકારવાથી માંડીને મંજૂરી આપવાની જે કંઈ પ્રક્રિયા છે એની ચોક્કસ સમય મર્યાદા નક્કી થાય અને મંજૂરી આપ્યા પછી એની લાઈન આપવા માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી થાય તો આ યોજનાના કામમાં પ્રગતિ આવશે.

અગાઉ નાની સિંચાઇ યોજના હેઠળ ચેકડેમો બનેલા છે એ પાટિયાવાળા છે. જે તે સમયે આ ચેકડેમો ઉપર પાટિયા હશે. આજે નથી. જેના કારણે આ ચેકડેમોનો ઉપયોગ થઈ શકતો નથી. તો જે જે ચેકડેમો ઉપર પાટિયા છે એની જગ્યા પાકા સિમેન્ટ કોંક્રેટથી ચણી લેવામાં આવે તો કાયમી એનો સારામાં સારો ઉપયોગ થઈ શકે તેમ છે. તો આ બાબતે માનનીય મંત્રીશ્રી કાર્યવાહી કરે તેવી વિનંતી છે.

ત્રીજું સૂચન જે ૯૦:૧૦માં તળાવો ઊંડા કરવાની વાત છે. હયાત તળાવો તો આ યોજના નીચે ઊંડા થાય છે. પરંતુ નવાં તળાવો કરવા છે, મારો પછાત વિસ્તાર છે. મારા જિલ્લામાં જે અછતના કામો થાય છે એમાં એક તરફ આખો જિલ્લો આવે અને બીજી બાજુ મારો વિસ્તાર આવે છે. કુલ જિલ્લામાં ૭૦ હજાર મજૂરો કામ કરતાં હોય એની સામે મારા વિસ્તારના જ ૪૦ હજાર માણસો કામ કરતા હોય છે. તળાવોની અંદર ચોકડીઓ ખોદી હોય છે. ફૉર્મ ભરાયા પછી ચોકડીવાળા તળાવને મંજૂરી મળતી નથી. તો આ અંગે નવી યોજના બનાવીને અથવા તો આવા ચોકડીવાળા તળાવોની પણ મંજૂરી આપવા માટેની સૂચના આપવામાં આવે તો મારા મત વિસ્તારમાં વિશાળ પ્રમાણમાં પાણીનો સંગ્રહ થઈ શકે તેમ છે.

બીજું કે મોટા જે ખેડૂતો હોય છે એની પોતાના સરવે નંબરવાળી જમીનનો ઠરાવ કરીને ગ્રામ પંચાયતને સોંપી દે અને ગ્રામ પંચાયત એને જાહેર હિતમાં તળાવ બનાવવા માટે સ્વીકારે તો આને સરકાર તરફથી સ્વીકૃતિ આપવામાં આવે તો જ્યાં તળાવો નથી અને મોટા ખેડૂતો પોતાની જમીન આપવા તૈયાર હોય ત્યાં તળાવ થઈ શકે. અંતમાં લાંબી વાત નથી કરતો.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા સૂચનો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

અમારા કચ્છની અંદર નર્મદાની પાઈપ લાઈનથી પાણી આવી ગયું અને તેના લીધે લોકોની ચિંતા દૂર થઈ છે. અડધી રાત્રીએ પાણી ન મળે એવું પાણી આપતા હતા એ બંધ થયું છે એના માટે આભાર.

આ તબક્કે હું મારા બે-ત્રણ સૂચનો રજૂ કરવા માગું છું. ગાંધીધામના પાણીનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી પાસે જઈએ છીએ ત્યારે એમના લેણા પાણીના બાકી છે એના મહેણા સાંભળવા પડે છે. તો શહેરી વિકાસ મંત્રીશ્રી અને પાણી પૂરવઠા મંત્રીશ્રી સાથે બેસીને લેણાનો પ્રશ્ન દૂર કરે તેવી વિનંતી કરુ છું. અમારો ટપ્પલ ડૅમ, ટ્યુબવેલ અને મચ્છુ-૨ની પાઈપ લાઈન છે. જ્યારે પણ નર્મદાની પાઈપ લાઈનમાં પાણી લાવવાની તકલીફ થાય તો આ બીજા ત્રણ સ્ત્રોત છે એનું મેન્ટેનસ કરવામાં આવે અને ફેઈલ થઈ ગયેલા ટ્યુબવેલની જગ્યાએ બીજા ટ્યુબવેલ બનાવવામાં આવે. ત્રીજું મચ્છુ-૨ની પાઈપ લાઈન છે એ નર્મદાની પાઈપ લાઈન બંધ થાય ત્યારે ૨૪ કિલોમીટરની મચ્છુ-૨ની પાઈપ લાઈન અમારા વિસ્તારમાં યુદ્ધના ધોરણે બનાવવામાં આવી હતી અને એ પાઈપ લાઈન દ્વારા પાણી આપવામાં આવ્યું હતું એના માટે ખૂબ ખૂબ આભાર. પરંતુ આ પાઈપ લાઈન ચાલુ રહે, જ્યારે નર્મદાની પાઈપ લાઈનમાં તકલીફ ઊભી થાય ત્યારે મચ્છુ-૨માંથી પાણી મળે તેવી વ્યવસ્થા કાયમી રાખવાની મારી વિનંતી છે.

ઉદ્યોગોને પાણી આપવામાં આવે છે. ઉદ્યોગો આવે છે એના માટે સૌથી પહેલી ચિંતા એ હતી અમે એમને ખાતરી આપી છે કે નર્મદાનું પાણી આવે છે એટલે પાણીની તકલીફ નહિ પડે. એવા સંજોગોમાં અલગ પાણી આપવામાં આવે જેથી પૂરતા પ્રમાણમાં પાણી આપી શકીએ. ગામના લોકોને જે પાઈપ લાઈન દ્વારા પાણી આપવામાં આવે છે એ લાઈન દ્વારા ઉદ્યોગોને ન આપો એના માટે અલગ લાઈનથી પાણી આપો.

બીજી એક વિનંતી છે કે જે પ્રોજૅક્ટ અલગ-અલગ લાઈન માટેનો તૈયાર છે તેને તાત્કાલિક મંજૂર કરીને તેનું કામ ચાલુ કરવામાં આવે, જેથી કરીને એ લોકોને કોઈ ઈન્ટરફીયરન્સ ન થાય. સાથોસાથ ઉદ્યોગોને જે પાણી આપીએ છીએ તે અનફીલ્ટર્ડ પાણી આપવું જોઈએ અને અનફીલ્ટર્ડ પાણી ઉદ્યોગોને આપીએ તો એટલો ખર્ચ સરકારને પણ ઓછો આવે અને ઉદ્યોગોને પણ ઓછા પૈસે પાણી આપી શકીએ. અનફીલ્ટર્ડ પાણીની અલગ લાઈન આપવામાં આવે.

સિંચાઈના કામ છે તેમાં ખાસ વિનંતી છે કે નર્મદા કેનાલનું કામ કચ્છ માટે તાત્કાલિક ચાલુ કરવામાં આવે. ગયા સત્રમાં અમારી માગણી હતી, અમને ખાતરી આપવામાં આવી હતી. તો હવે અમને તારીખ આપવામાં આવે કે ક્યારે કેનાલનું ખાતમુહૂર્ત કરવાનું છે. લોકો ચાતકની જેમ નર્મદા કેનાલના ખાતમુહૂર્તની રાહ જોઈ રહ્યા છે. કચ્છમાં ૮૦-૨૦ના ચેકડેમો વધુમાં વધુ કરવામાં આવે. તે ઉપરાંત ડ્રીપ ઈરીગેશન ફરજિયાત કરીને પ્રાયોરિટીમાં એક મોડલ ડિસ્ટ્રીકટ તરીકે કચ્છને લઈને ડ્રિપ ઈરીગેશન કરવામાં આવે તો અમારો સિંચાઈનો ઘણો

બધો પ્રશ્ન હલ થઈ જાય. નર્મદામાં જે ચોમાસામાં વધારાનું પાણી હોય છે એ પાણી અમને વધુ મળે અને અમે એ સમયે રિઝર્વ કરી શકીએ તે માટે વધારે તળાવો બનાવવામાં આવે જેથી અમારા વિસ્તારના પાણીના તળ ઉંચા આવે એવી મારી ખાસ વિનંતી છે. ભૂમિ સંરક્ષણના કામો છે એ અમારે ત્યાં વધુ કરવામાં આવે એવી ખાસ વિનંતી છે.

બીજું અમારું જે ટપર ડૅમનું પાણી છે તે ઉદ્યોગો માટે રિઝર્વ કરવાની વાત કરી છે. તેમાં લોકોને થોડું ઓબ્જેકશન છે. તેના માટે ફેરવિચારણા કરીને મચ્છુ-૨ની પાઈપલાઈનનું પાણી આપવું એ જાતની વ્યવસ્થા કરવામાં આવે તો લોકોને આનંદ થશે. આભાર.

**શ્રી કારૂભાઇ ના. ચાવડા (ખંભાળિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવવા ઉભો થયો છું. સિંચાઈનો વિષય એવો વિષય છે કે સૌરાષ્ટ્ર માટે ચોમાસાનું મહત્ત્વ હંમેશા રહ્યું છે. અગાઉના વખતમાં કવિઓએ અનેક કાવ્યો બનાવીને ચોમાસાને એટલું મહત્ત્વ આપ્યું છે કે-

*મત લવ્ય મત લવ્ય મોરલા, લવતો આઘો જા,*
*એક તો ઓઢો અણહરો મથ્થે તોજી ઘા.*

ઓઢાને જ્યારે વરસાદ આદર થયો ત્યારે દેશ સાંભર્યો હતો. ત્યારે મોરલો ટહુકતો હતો ત્યારે હોથલ ના પાડતી હતી કે તું અહીંથી આઘો જા, અમારા કાળજા ફાટી જાય છે. ત્યારે મોરલાએ એમ કહ્યું હતું કે-

*અસી ગીરીવર જા મોરલા કાંકર પેટભરા,*
*ઋતુ આવે ન બોલીએ તો હૈડા ફાટમરા.*

માનનીય અધ્યક્ષશ્રી, મોરે એમ કહ્યું છે જ્યારે ઋતુ આવ્યે કાંકરાથી પેટ ભરીએ છીએ અને ઋતુ આવે ન બોલીએ તો હૈડા ફાટીને મરી જઈએ. આજે સૌરાષ્ટ્ર જ્યારે ૮૦-૨૦ની સ્કીમ જે વર્ષોથી અમારી માગણી હતી એ સ્કીમ માટે રાજય સરકારે મોટું બજૅટ ફાળવ્યું છે. સૌરાષ્ટ્રમાં અમારે પાણી માટે વર્ષોથી સ્થળાંતર કરવું પડતું હતું. ગત વર્ષમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નરોત્તમભાઈ પટેલે ટ્રેઈનથી ખંભાળિયાને પાણી આપ્યું હતું. આ વખતે પાણીની એ જ કટોકટી છે. વર્ષો જૂનો પ્રાણપ્રશ્ન છે. સૌરાષ્ટ્રમાં મોટા સરોવર નથી. વહેણવાળી મોટી નદીઓ નથી. બંગાળ અને આસામ જેવો અમારો પ્રદેશ નથી. વર્ષોથી અમારા ખેડૂતોની માગણી હતી. ૮૦-૨૦માં ચોમાસુ પાક જ થાય છે. ૧૨ મહિનામાં અમારે આખો આધાર એક ચોમાસુ પાક ઉપર. બીજો કોઈ પાક થતો નથી. ત્યારે દર વર્ષે ચોમાસામાં અનિયમિતતાને કારણે એકાદ વર્ષથી વાવણી કર્યા પછી વરસાદ ખેંચાય અથવા તો છેલ્લે પાક પાકવા ઉપર આવે ત્યારે વરસાદ ખેંચાય. એક પાણીને કારણે અમારી આખા વર્ષની મહેનત માથે પડે છે. ત્યારે આ રાજય સરકારે કેશુભાઈની સરકારે, નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકારે જ્યારે એક અભિયાન ઉપાડ્યું છે અને ૮૦-૨૦ની સ્કીમ છે આ સ્કીમને કારણે સૌરાષ્ટ્રમાં બીજી મોટી નદીઓ કે મોટી સિંચાઈ યોજનાઓ બને તેમ નથી. ત્યારે આ ૮૦:૨૦ની સ્કીમ છે એ માનનીય વજુભાઈ વાળા, સિંચાઈ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આખા સૌરાષ્ટ્રની જે કાંઈ લાગણી હતી એના માટે પૂરતું બજૅટ ફાળવ્યું એ માટે અમે બોલ્યા વગર ન રહી શકીએ. મારા વિસ્તારની અંદર એક જ પાક છે, મગફળીનો પાક છે. બારમાસી પાણી કયારેય નથી મળવાના. ત્યારે વાસ્તવિક રીતે અભિયાન ઉપાડીને સૌરાષ્ટ્રની અંદર સારું કામ ચેકડેમનું થાય અને જેટલી સાઈટો છે એ અભિયાન ઉપાડીને તળાવડાઓ છે સૌરાષ્ટ્રમાં રાહતના અનેક તળાવો છે એ ફોર્થ સ્ટેજે ન હોવાના કારણે પાણી રહેતું નથી. સિંચાઈ મંત્રીશ્રીએ કલ્યાણપૂર તાલુકો, ખંભાળીયા તાલુકામાં અગાઉના વખતમાં રાહત કામો અનેક થયેલા છે. પરંતુ ફોર્થ સ્ટેજે ચેકડેમ ન હોવાના કારણે આ તળાવો ઉપયોગમાં આવતા નથી અને આખા સૌરાષ્ટ્રની અંદર આવા તળાવો છે એ રાહતકામોની અંદર બનેલા છે એને પણ ૮૦:૨૦ ની સ્કીમમાં સમાવેશ થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાને ઘણું મોડું પાણી મળવાનું હતું. પરંતુ પૂરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈએ અમારા સૌ ધારાસભ્યશ્રીઓની લાગણી અને વર્ષોની યાતના સમજી, દર વર્ષે પાણીના સ્ત્રોત ન મળવાના કારણે અગાઉના વર્ષમાં ટ્રેન દોડવવામાં આવેલી, ટ્રેનથી પાણી આપ્યું હતું, આ વર્ષે કટોકટીના આરે ઉભા છીએ. છ-છ દિવસે ખંભાળીયામાં પીવાનું પાણી મળે છે. નરોત્તમભાઈ પટેલ અમારા જિલ્લાની વર્ષોની યાતના સાંભળી અને જે યોજના ધોળી ધજા ડૅમને વર્ષો પછી મળવાની હતી એની અંદર જામનગર જિલ્લાને પાણી પૂરવઠામાં સમાવેશ કરીને મોટા ભાગના ટેન્ડરો પણ કાઢી નાખ્યા છે ત્યારે બોલ્યા વગર અમે ન રહી શકીએ. મંત્રીશ્રીનો જવાબ પણ સાંભળવાનો છે. અગાઉના વખતમાં ૩- ૪ યોજનાઓના ખાત મુહૂર્ત થયા છે એ યોજનાઓ પણ હાથ પર લેવાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. બસ આટલું કહી વિરમું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ તેમજ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગની ૬૪, ૬૬, ૬૭, ૭૪ માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ, સિંચાઈ અને નર્મદાની ઘણી બધી વાતો થઈ છે. પરંતુ હું સૂચનો કરું છું. જે ડૅમ અમે બનાવ્યા છે. એ ડૅમમાં ઘણા વર્ષોથી માટી, અડધો અડધ માટી ભરાઈ ગઈ છે, એ ખરેખર જોગવાઈ કરીને ડેમને પુન:જીવિત કરવા જોઈએ. આ ડૅમમાં વર્ષોથી માટી ઠરી છે એ માટી એક બાજુ લઈ લો તો પાણીના જથ્થાનું સ્ટોરેજ છે એ ડબલ થાય. આ માટી દૂર કરો તોય ઘણું છે. મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કાર્ય તમામ

જિલ્લાઓમાં થાય, મારા જિલ્લાની વાત નથી કરતો. અમારા બનાવેલા ડેમની માટી ઠરી ગઈ છે એ માટી લઈ લો તોય ઘણું છે. આ એક સારું સૂચન છે એને તમે રાજકીય ન લેતા.

નાના નાના ચેકડેમ છે એ સારું છે, ખોટું નથી. પરંતુ તકલીફ એ છે કે છેલ્લા ૧૦ વર્ષથી ભરાતા નથી. હું કોઈનો દોષ નથી કાઢતો. વરસાદ પૂરતા પ્રમાણમાં પડતો નથી. નદીઓ અને ચેકડેમો છલકાતા હતા પણ કુદરત રૂઠી છે એમાં હું કોઈને દોષ દેતો નથી. તેથી આ ડૅમ પૂરા ભરાતા નથી. તેથી કોઈ હવન-બવન કરીને કુદરત વરસે, પૂરો વરસાદ રહે એવું આયોજન કરો તો સારું છે. એમાં અમે સાથ આપીશું. છેલ્લા ૧૦ વર્ષથી મોટી સમસ્યા એની છે. ડૅમ, નદીઓ, તળાવો, ખાલી થઈ ગયા છે, કોઈ ભરાતા નથી. એટલે એના માટે સાથે મળીને કાંઈ વિચારો તો એમાં સમર્થન આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પૂરવઠાની અંદર પણ ખૂબ યોજનાઓ થઈ છે. ૫૦૦ કરોડ, ૧૦૦૦ કરોડ, સુજલામ્-સુફલામ્ યોજનામ ૬૦૦૦ કરોડ, ખૂબ સારું છે એમાં વાંધો નથી. પરંતુ જે પ્રોવિજન થાય છે, બજેટમાં જોગવાઈ થાય છે, બજૅટ વખતે જાહેરાતો થાય છે. પરંતુ બીજું બજૅટ આવે ત્યારે એમાં ખર્ચ કેટલો થયો છે? માનનીય મંત્રીશ્રી એનો રિવ્યૂ લેશે તોય ઘણું છે. મારે કહેવાની જરૂર નથી. કારણ કે, આપ જોશો કે ૫૦ ટકા પણ આપણું બજૅટ ખર્ચાતું નથી. પાઈપ લાઈન સિવાય. પાઈપ લાઈન ગોઠવવાની હોય છે તો પાઈપલાઈનમાં કદાચ ખર્ચ થાય છે પણ બાકીના જે છે એમાં ખર્ચાતા નથી. તળાવ હોય, ચેકડૅમ હોય, મોટાડૅમ હોય તો એની અંદર પૂરેપૂરા પૈસા ખર્ચાય છે. આપે જિલ્લા અને વિસ્તારની પણ વાત કરવાની છૂટ આપી છે તો મારા વિસ્તારની અંદર સીપુ જૂથ યોજના મોટી બનાવી છે. સારી બનાવી છે. પણ એના ૫૦ ટકા જ કમાનના ગામોને પાણી આપે છે. ૫૦ ટકા બાકી છે એની સાથે મારે એક વિનંતી કરવી છે કે જૂથ યોજનાની કોરે મોરે જે ૫ થી ૭ કિલોમિટરના ગામો છે અને સો ટકા બક્ષી પંચના ગામો છે, આજે છેલ્લે યોજન બની ત્યારથી રાડ પાડે છે કે અમને પાણી નથી મળતું. આપના સુધી વાત કદાચ પહોંચી નહી હોય. અમારી રજૂઆત કોઈ લેવલે બાકી નથી. સંકલન, કાગળો કશું જ પણ જ્યારે આપણી કરોડોની જૂથ યોજના હોય ૧૫૦ ગામોને પાણી આપતા હોય અને એના ૭ કિલોમિટરની અંદર જે ખેડૂતોની જમીન સંપાદન કરીને ડૅમ બનાવ્યા છે એ ડૅમ આધારિત જૂથ યોજના બનાવી છે ત્યારે એ ગામોના લોકો તરસે ટળવળે છે. એક પણ ગામને પીવાનું પાણી આપ્યું નથી. (અંતરાય) ચુનીલાલ વેદને કહેશું, નારણકાકાને પણ કહીશું પણ કુદરત જ રૂઠી છે તો શું કરો? ૧૦ વર્ષથી કુદરત કેમ રૂઠી છે એનું આપણે થોડુંક દિલમાં વિચારીએ. વૈદની દવા કરીશું વાંધો નથી પણ આ વાત છે એટલે એ જે યોજના છે વિઠુદર જૂથ યોજના છે એની અંદર એ વખતના મંત્રીશ્રી હતા પરસોત્તમભાઈ રૂપાલા એ ત્યાં સ્થળ ઉપર આવ્યા હતા એના ઉદ્દ્ધાટન માટે ત્યારે પણ મેં વાત કરી હતી, જાહેર મંચ ઉપર જાહેરાત કરી હતી કે વિઠોદર ગામ અને એની આજુબાજુના ગામો જે રહી ગયા છે એનો અમે સમાવેશ આજથી કરી દીધો છે એમ સમજીશું. કેટલો સમય થયો. હજી લોકો યાદ કરે છે. કે પેલા મંત્રી સાહેબ જાહેરાત કરીને ગયા અને કેવી જાહેરાત થઈ, હજી યાદ કરે છે એટલે નરોત્તમકાકા લાગણીશીલ છે. અમારા ઉત્તર ગુજરાતના છે તો આ વાત કદાચ ધ્યાનમાં લેશે અને રૂપાલાસાહેબે આપેલું વચન હવે પૂરું કરે તો સારું છે. ડીસાની અંદર મોટી જૂથ યોજના છે એની અંદર ૩૨ બોર ચાલે છે. ૨૪ કલાક ચાલે છે.

**ડૉ. કનુભાઇ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા જળસંપત્તિ પાણી પૂરવઠો, સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને મત્સ્યોદ્યોગ વિશેની માગણી નં. ૬૪,૬૬,૬૭, અને ૭૪ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે એમને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

દિવસના અંતે જ્યારે ઝંખના હતી કે પાંચ મિનિટ પાણીના વિષય ઉપર બોલવું જ છે અને જ્યારે આ સમય ફાળવવામાં આવ્યો છે ત્યારે હું ખૂબ જ ખુશી અનુભવું છે. સવારે વહેલા ઊઠીને વિચાર આવતા હતા મને ત્યારે વિચાર કરતો હતો કે પાણી કેટલું જીવન સાથે જોડાયેલું અગત્યનું એક અંગ છે. પાંચ મહાભૂતોમાંનું એક મહાભૂત છે અને ત્યારે નાનપણનો વિજ્ઞાનમાં ભણેલો પાઠ યાદ આવ્યો હતો એનું નામ વાસુદેવ પ્યાલો અથવા ટેન્ટેલસ કપ. એની અંદર એવી રચના હોય છે કે સાયફનને લીધે પાણી જ્યારે ટેન્ટેલસના મોંઢા સુધી આવે અને પછી ખાલી થઈ જાય અથવા તો વાસુદેવ જ્યારે કૃષ્ણને લઈને યમુનામાંથી પસાર થતા હોય ત્યારે જ્યારે કૃષ્ણ ડૂબવાના થાય ત્યારે પાછો એ ખાલી થઈ જાય અત્યારે જ્યારે વારો અમારો ૨દ થતો હતો ત્યારે એવું થતું હતું કે અહીંયા સુધી પાણી આવીને ખાલી થઈ જતું હતું એ વાસુદેવ અથવા તો એ ટેન્ટેલસ જેવી સ્થિતિ હતી. મને ખૂબ આનંદ છે કે આ મહત્ત્વના વિષય ઉપર અને ખાસ કરીને અમારા વિસ્તારમાં ભાવનગર અને મહુવામાં પાણીના એટલા જબરજસ્ત કામો થયા છે એટલે ખાસ આ વિષય ઉપર મંત્રીશ્રીની જેટલી હું કદર કરું અથવા જેટલા અભિનંદન આપું એ ઓછા છે. આટલે દૂર અહીંથી ૩૦૦-૪૦૦ કિલોમિટર ત્યાં ખાસ અમારી યોજના જોવા માટે માનનીય મંત્રીશ્રી આવ્યા , પોતાના ટાઈટ શીડયુઅલમાંથી પણ સમય ફાળવીને પણ હમણાંને હમણાં જ એ યોજના જોવા માટે માનનીય મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ પણ આવ્યા. બીજા મત્રીશ્રીઓ માનનીય ભુપેન્દ્રસિંહજી અને આઈ. કે. જાડેજા સાહેબ પણ આવ્યા. તો એ અમારી યોજના નિકોર બંધારાની યોજના જે પૂર્ણ થઈ ચૂકી છે અને હમણાં જે કહેવામાં આવ્યું અને જે યોજનાને પૂજય મોરારી બાપુ વારંવાર યાદ કરતા હોય છે કે આ સરકારે આ યોજનનું ખાતમુહૂર્ત કર્યુ અને સમયમર્યાદાની અંદર પૂરું કર્યુ. અઢી વર્ષની સમયમર્યાદાની અંદર પૂરું કર્યુ. અઢી વર્ષની સમયમર્યાદા હતી. તો દોઢ જ વર્ષમાં પૂર્ણ કર્યુ. ૯૮માં એનું ખાતમૂહુર્ત કર્યુ હતું તો ૨૦૦૦માં એમાં પહેલી વખત પાણી ભરાયું અને આજે પાંચમું વર્ષ છે. ૪ વર્ષથી એમાં પાણી ભરાય છે એ બંધારા યોજનામાં અને હવે

તો એ ખારાં પાણી મીઠાં થઈ ચૂક્યાં છે. એનાથી આજુબાજુના ૧૦ કિલોમીટર સુધીના વિસ્તારના ખેડૂતો અત્યારે પાણીના તળ છે એ ખારામાંથી સુધરતા જતા હોય એવું અનુભવી રહ્યા છે. ૨૦૦૦-૦૧-૦૨ દુષ્કાળના વર્ષો હતા એવા વર્ષોમાં નીકોલ બંધારા યોજનામાં પાણી ભરાયા છે અને વધારાનું પાણી બાજુની નદીમાંથી સમુદ્રમાં ગયા છે. બાજુની યોજના માલણ જે મહુવાની નદી કહેવાય છે. મહુવા અને માલણ બન્ને એકબીજાના પર્યાય છે. જેનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રીએ કરેલું. એ કાર્ય પણ અત્યારે પૂરઝડપે ચાલુ થઈ ગયું છે. એ પણ સમય મર્યાદામાં અથવા વહેલું પૂરું થઈ જશે એવી માનનીય મંત્રીશ્રીએ સ્થળ ઉપર કોન્ટ્રાકટરને બોલાવીને ખાતરી લીધી છે. તો આ સેલિનિટિનું કામ થઈ રહ્યું છે એને ખરેખર હૃદયપૂર્વક બિરદાવું છું. સાથોસાથ શેત્રુંજી નદીને માલણ નદીમાં નાંખવાની યોજના, ઘણા કામો એવા થતા હોય છે કે જે ખાલી રાજકીય લાભ લેવા માટે થાય છે. એવી રીતે ૧૦-૧૨ વર્ષ પહેલાં મારા વિસ્તારના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે શેત્રુંજીની કેનાલને શેતુર ફિડર દ્વારા લંબાવીને મહુવાના બગીચાઓને હરિયાળા બનાવવા માટેની યોજના ૬૦ લાખના ખર્ચે મૂકી હતી. એ કયારેય પૂરી ન થઈ અને જ્યારથી હું ધારાસભ્ય બન્યો ત્યારે કોશિશ કરી તો એનું સ્ટ્રકચર એવું હતું કે એ તૂટી ગયું હતું. આજે એ યોજના અધૂરી છે અને એક કરોડ ખર્ચાઈ ગયા છે. મારી લાગણી છે કે આ યોજના પૂરી કરવામાં આવે તો નર્મદાના એક લાખ એકર ફૂટ પાણીથી શેત્રુંજી ભરાશે અને એ પાણી મહુવા-માલણમાં જશે અને મહુવાને શેત્રુંજીનું પાણી મળી શકશે. આનાથી બેવડો લાભ થશે. એક વખત હતો કે જ્યારે મહુવાને સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવામાં આવતું હતું તે વિસ્તારથી પરિચિત છે. તે મિત્રોને ખ્યાલ હશે છેલ્લાં ૨૦ વર્ષથી એ વિસ્તાર ઉજજડ બનતો ગયો હતો. હવે જ્યારે ભાવનગરથી સોમનાથ અને ત્યાંથી દ્વારકાનો નેશનલ હાઈવે બની ચૂક્યો છે ત્યારે દ્વારકા અને સોમનાથ તરફ જતા માનનીય સભ્યશ્રીઓ પ્રવાસ કરે ત્યારે મારી વિનંતી છે કે, મહુવાનો રસ્તો લે. અને બાયપાસ કરવાના બદલે શહેરમાંથી પસાર થાય તો જોવા મળશે કે આજે રોનક બદલાઈ ગઈ છે એ ચોક્કસ અનુભવી શકશે. મને ચોક્કસ ખાતરી છે કે, આ બંધારો થઈ ગયા પછી ફરીથી સૌરાષ્ટ્રના કાશ્મીરનું માન પ્રાપ્ત થશે. જ્યારે ઉલ્લેખ થાય છે જાહેર સભામાં ઘણીવાર મોરારીબાપુ કહે છે કે, આતંકવાદ રહિત કાશ્મીર એવું બોલો. સાચી વાત છે. મહુવામાં જે વાતાવરણ છે તે રીતે ખરેખર મહુવા હરિયાળુ અને રોનકવાળું બની જશે. મહુવાને ચારેય બાજુથી પાણી મળશે. મહી પ્રોજેકટમાંથી પીવાનું પાણી મળશે. રોજકી અને માલણ બન્ને સિંચાઈ યોજનામાંથી પાણી મળતા થશે. હવે નીકોલ બંધારો. આમ, મહુવાને ખૂબ સારું છે. મહુવાને પાણીની સુવિધા છે. મેથળા, વિસળીયા મારા પાડોશના વિસ્તારમાં આવે છે. એક બાજુ શિવાભાઈ અને બીજી બાજુ હિરાભાઈ સોલંકી એ યોજનાઓ શરૂ થવાને આરે છે. વહેલી તકે શરૂ કરવામાં આવે. સેતુર વિયરની યોજના મોટી નદી છે એની ખારાશને વર્ષોથી દૂર કરવાનો પ્રશ્ન છે. અભિનંદન આપું છું કે, બગડ નદી ઉપર પુલ બંધાયો હતો, ૨૫ વર્ષ પહેલાં, એ કામ બાકી હતું એના લીધે પથી ૧૦ વર્ષના બાળકો ૫ કિલોમીટર ફરીને ભણવા આવતા હતા એ કાર્યવાહી શરૂ થઈ ચૂકી છે. (સમયસૂચક ઘંટડી) હું પૂરું કરવા જઈ રહ્યો છું. મને ખૂબ આનંદ થઈ રહ્યો છે. તરસ્યા માણસને પાણી મળે એ રીતે મને ખૂબ આનંદ થાય છે.

સુજલામ્-સુફલામની યોજના દ્વારા શેત્રુંજી નદીમાં વહેલી તકે પાણી પહોંચાડવામાં આવે. કારણ કે, શેત્રુંજી ડેમ ૫-૭ વર્ષે એકજ વાર ભરાય છે. અને ત્યારે એ વિસ્તારની જાહોજલાલી જાગૃત થઈ જાય છે. તો આ વિસ્તારના લોકોને શેત્રુંજી ડેમ નર્મદાની કેનાલ દ્વારા ભરવામાં આવે અને એ રીતે પાણી પહોંચાડવામાં આવે. આવી રીતે રાયડી, કાળુભાર અને શેત્રુંજી એને જો પહોંચાડવામાં આવે તો. સમગ્ર સૌરાષ્ટ્રના અને ખાસ કરીને ભાવનગર વિસ્તારને ખૂબ મોટો ફાયદો થઈ શકે. બે-ત્રણ સૂચનો ટૂંકમાં કરી દઉં છું.

એક તો પાણી જે સિંચાઈનું પીવા માટે આપીએ છીએ. એનું tail end થી ચાલુ કરવું જોઈએ અથવા માનનીય મોહનભાઈ કુંડારિયાએ સૂચન કર્યુ એમ કેનાલો ઊંડી કરીને, lift irrigation કરીને દઈએ તો પાણીની ખૂબ કરકસર અને બચત થશે અને ટપક સિંચાઈ પદ્ધતિનો અમલ એ ફરજિયાત કરવો જોઈએ. પાણીની જેમ ખૂબ જમવાથી ફાયદો થતો નથી ઉલટાનો અપચો થઈ જતો હોય છે એવી રીતે ખેડૂત ખૂબ પાણી બગાડે છે અને ખૂબ પીવડાવે છે. જ્યારે સિંચાઈનું આવી રીતે કેનાલનું પાણી ખૂબ આપે ત્યારે પાક વધવાને બદલે બગડે છે તો એ વસ્તુને ખાસ સૌએ ધ્યાનમાં લેવી જોઈએ.

બીજું સૂચન છે એ કે માલવણ અને નિકોલ બંદરની વચ્ચે કૃષિનું અમારું ફાર્મ છે, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ૧૪૦૦ એકરનું, આમાં નારિયેરીની રિચાર્જ થાય તો માનનીય કૃષિમંત્રી પણ છે અને એની આવક એક લાખથી આઠ લાખ થઈ ગઈ છે અને ૨૫ લાખ થવા જઈ રહી છે તો વધારે આગળ વિચારીને આ વિશેષ કાંઈ કરવું જોઈએ, ખૂબ ખૂબ આભાર.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગની સને ૨૦૦૫-૦૬ ની માગણી ગૃહ સમક્ષ લઈને હું ઉપસ્થિત થયો છું ત્યારે અનેક મિત્રોએ ઘ ણા બધાં સારાં સૂચનો કરી, પાણી પૂરવઠા અને સિંચાઈ વિષે ચિંતા વ્યકત કરી છે અને એમના મનમાં જે કોઈ લાગણી છે ગુજરાતના વિકાસની એમાં મને સહયોગ પણ કર્યો છે એ માટે હું સૌનો આભાર માનું છું.

મિત્રો સુજલામ્ સુફલામ્ યોજના બાબતે હંમેશા બધા જ મિત્રોના મનમાં કંઈક ને કંઈ ક્હેવા યા તો સમજવા યા તો સાંભળવાની ઈચ્છા થાય છે. તૂટક તૂટક વાત સાંભળવાને કારણે ઘણી વખત ગૂંચવણ પણ આ ગૃહના સભ્યમિત્રો અનુભવે છે ત્યારે મને થાય છે કે હું આપની થોડી સ્પષ્ટતા કરી લઉં, આપણે સૌએ વિચાર કર્યો

છે અને એ ગુજરાત સરકારે પણ એ લાઈનમાં વિચાર્યુ છે કે ગુજરાતમાં પીવાનું પાણી અને સિંચાઈના પાણીની વ્યવસ્થા ગોઠવાય, અમે કોઈ દિવસ એવું કહ્યું નથી કે આ બધા ડેમ બંધાયેલા છે એ અમારા વખતમાં બંધાયેલા છે પણ પાણીની વ્યવસ્થા જો બરાબર ગોઠવાય નહિ તો ગમે તેટલા મોટા બંધ બાંધ્યા પછી પણ એની ઈકોનોમી જળવાતી નથી અને અમે જે કાંઈ કામ કરીએ છે એનો ભૂતકાળની જે ઈમારતો છે તેનો પૂરો ઉપયોગ કરવાનો અને સાથે સાથે નવું આખું સેટઅપ ગોઠવીને આખી સિસ્ટમ ગોઠવવાનો અમારો પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે એમ નથી કહેતા કે મહીડેમ અમે બાંધ્યો છે પણ મહીડેમની અંદરથી વહી જતું પાણી એ પાણીનો સૌથી વધુ ઉપયોગ થાય, નર્મદા ડેમ બંધાય અને આજે બંધાઈ રહ્યો છે એમાંથી પણ આપણે ગણતરીપૂર્વકનું જે પાણી છે એ પાણી દરિયામાં જાય અગર જો આપણે ગુજરાતની ૧૯૫ લાખ હેકટર જમીનમાંથી સવા લાખ હેકટર જમીનમાં સિંચાઈ કરવાની હોય એમાંથી આપણી જોડે ૬૦ લાખ હેકટર જમીનમાં જ પાણી છે, બધી વ્યવસ્થાપનમાં ગોઠવાય હોય તો ૬૫ લાખ હેકટર જમીનમાં ઉપર પાણી પહોંચાડીને એ એક વ્યવસ્થાનો ભાગ છે. સરકારે આવી યોજના કરીને નર્મદાના પાણી, નર્મદાની હયાત કેનાલમાં બીજી કેનાલ ના કરવી પડે એટલા માટે નર્મદાની હયાત કેનાલમાંથી વહન કરીને ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તાર કે જ્યાં આગળ પાણી પહોંચી શકે એવા વિસ્તારમાં એ દરિયામાં વહી જતા પાણીનો ઉપયોગ કરીએ, એ પાણીને ઉંચકી લઈએ અને એને કોઈ કોઈ જગ્યાએ એને વાસણમાં એટલે કે ડેમમાં ભરીએ યા તો પછી એ કેનાલમાંથી વહેતું કરીએ એ વ્યવસ્થા પણ કરવાનું જરૂરી હતું અને એ કામ મારા વિભાગે અને મારા સાથીમિત્રો સૌના સહયોગથી જે કોઈ સિંચાઈ કરીએ એના આધાર ઉપર નર્મદાનું પાણી એક મિલિયન એકર ફીટ ગુજરાતને, એક મિલિયન એકર ફીટ ઉત્તર ગુજરાતને અને એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્રને, એક મિલિયન એકર ફીટ કચ્છને આપવા એક આયોજન વિચાર્યુ છે. એ પાણી અવેલેબલ છે એમાં આપણી જોડે ટેકનીકલ રિપોર્ટ છે એ પાણીને ઉંચકવા માટે એક વ્યવસ્થા ગોઠવવાનું આપણે કર્યુ છે અને કરી રહ્યા છીએ. આપ જાણો છો કે જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આવીને આ આખી યોજનાને મંજૂરી આપી ત્યારે પણ ઘણા મિત્રોને વિચાર આવતો હતો કે આવું કેવી રીતે બની શકે? પણ નેવાના પાણી મોભે ચઢાવવાની વાત ઘણા મિત્રો કહે છે ત્યારે કહેવું પડે કે, જ્યારે પાણીની કિંમત શું છે? એ તો જેને પાણી પીવા ના મળે તેને ખબર પડે.

મારા જામનગરના વિસ્તારના લોકો કે જેની પાસે પાણી નથી ત્યારે એમને પાણી કેવી રીતે પહોંચાડયું છે એ આપણું મન જાણે છે. ટ્રેઈન દ્વારા પાણી પહોંચાડ્યું છે. મારી પાસે વિગતો છે પણ પાણીની બાબતમાં એની કિંમત કે મૂલ ન હોય. પાણી એક અઠવાડિયા સુધી ન મળે તો એની કિંમત સમજાય. એટલા માટે સરકારે એની પૂરેપૂરી શકિત અને બજેટ વાપર્યા છે ત્યારે ઘણીવાર એવું પૂછવામાં આવે છે કે તમારું પાણી કેટલામાં પડ્યું. પાણીની કિંમત તો સમજાય, સમય જતો જાય અને મુશ્કેલી પડે એટલે કિંમત ગણી શકાય.

સુજલામ્-સુફલામ્ ની વાત કરી. મહીનું વહી જતું પાણી ચોમાસામાં ડાયવર્ટ કરીને એક કેનાલ છેક કડાણા ડેમથી શરૂ કરીને સૂકો વિસ્તાર એવો બનાસકાંઠા જયાં પાણી માટે એની કિંમત ત્યાંનો માણસ સમજે છે. ગોવાભાઈને ઓછી કિંમત સમજાય. કારણ કે બધાને ડીસામાંથી પાણી આપવામાં આવે છે. ગોવાભાઈ ડીસાથી આવે છે એટલે ગોવાભાઈને એની કિંમત નહિ સમજાય. છતાં પણ નજરે જોયેલા સૂકા તણખલા જોઈને ચોક્કસ એમને લાગણી થાય. મને સુરતમાં બેઠા બેઠા લાગણી થાય છે ત્યારે તેમને અહીંયા થાય એમાં નવાઈ નથી. અમે કામગીરી હાથમાં લીધી છે. પાણીને વહન કરવા માટેનું જે કામ છે, ઉત્તર ગુજરાતના ૯ બંધોમાં જળાશયોના તળાવોમાં નર્મદાના પૂરના વધારાના પાણીને વહાવવા માટે ૧૪ ઉદવહન પાઈપો માટેનું આયોજન કર્યું છે. પિયત ધરોઈની યોજના આપણે હાથમાં લીધી. સાત ફૂટ ડાયામિટરની પાઈપો છે. ૧૦૪ કિલોમિટર લાંબી છે. ૨૯૩ કરોડની યોજના આપણે પૂરી કરી છે. ઘણાને શંકા હતી કે આ કામ પૂરું થઈ શકશે કે કેમ? મિત્રો, થોડો સમય જરૂર જોઈએ. કારણ કે પહેલીવાર આટલી મોટી પાઈપોનું કામ ન તો તમે કર્યું હશે અને ન તો અમારા એન્જિનિયરોએ ભૂતકાળમાં આવડું મોટું કામ કર્યું હશે. એનું અમલીકરણ કર્યું છે અને કામ પૂરું કર્યું છે. એક બીજી એવી લાઈન ખોરસમ-સરસ્વતી ડેમ છે. સરસ્વતી બેરેજ પાટણમાં છે એની અંદર નાંખવા માટેની યોજના હાથમાં લીધી એના કારણે ૧૫ હજાર હેકટર જમીન ઉપર સૂકા વિસ્તારમાં પાણી આપણે આપી શકીશું અને હું કહી શકું કે જૂન મહિનામાં એટલે કે આ વરસાદ પડે ત્યારે આપણે પાટણના વિસ્તારોમાં એક પાઈપલાઈન ૩૫ કિલોમિટર લાંબી છે એનો ઉપયોગ કર્યો છે. એને આપણે પૂરી કરીશું. હાથમતી ગુહાઈ જે ઉદવહન પાઈપ છે એને હાથમાં લીધી છે. ૩૩૪ કરોડની યોજના આપણે એલ.એન્ડ ટી. મોટામાં મોટી જે કંપની છે એને આપણે કામ આપ્યું છે. મને વિશ્વાસ છે કે ઘણું વહેલું ડિસેમ્બર સુધીમાં પૂરું કરવાનો આપણો ખ્યાલ છે.

સ્પ્રેડીંગ કેનાલનું પાણી જયારે વાળવાની વાત કરીએ છીએ કેનાલ દ્વારા ત્યારે એના ઉપર ૨૧ નદીઓ આવે છે. મિત્રો, આપને થશે કે આ બધું કેવી રીતે થશે? ૨૧ નદી માં ચેકડેમ બાંધીને અમે એસ્કેપ દ્વારા પાણી ભરવાના છે. એ નદીમાં એ પાણીનો સ્ટોરેજ બનશે. ચોમાસાનું પાણી તો આવશે સાથોસાથ સ્ટોરેજ બનશે એની ઉપરનું કામ પણ અમે શરૂ કરી દીધું છે.એમાં લગભગ ૧૨ ટેન્ડર અમે આપી દીધાં છે. બાકીના ટેન્ડર ફાઈનલ થાય છે. બાકીના કામ ૯ મહિનામાં પૂરું કરીશું. સાબરમતી નદી એક કિલોમીટર પહોળી છે. એમાં કોંક્રિટનું કામ શરૂ થઈ ગયું છે એ આપની જાણ માટે. મોટા ચેકડેમ, સુઝલામ સુફલામ એ ૧૦ ગામોમાં પાણી લઈ જાય છે. એમાં સુજલામ સુફલામમાં સુરેન્દ્રનગર જિલ્લાને આપણે આમેજ કરી લીધો છે.૧૭ નદીઓ આવે છે. ૧૦૭ ચેકડેમ છે. ૮૫કરોડના ૧૦૭ ચેકડેમ આપ સમજી શકશો. એક ચેકડેમ એક કરોડનો થાય છે. એટલા મોટા મોટા ચેકડેમ

આપણે બાંધી રહ્યા છીએ અને એ નદીમાં આપણે પાણી ભરવાના છીએ. નર્મદાની મુખ્ય નહેરના સ્પ્રેડીંગ કેનાલના ભાગમાં નહેરને ક્રોસ કરતી નદી પર ૧૩૯ ચેકડેમ આપણે બાંધવાના છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલના ઉપરના ભાગમાં જે ભાગમાં પાણી નથી મળતું ત્યાં ૧૭૦ મોટા ચેકડેમો બાંધીને ચોમાસાનું પાણી ભરવાના છીએ. કચ્છ જિલ્લામાં આ સ્પ્રેડીંગ કેનાલના ભાગ ગણી કચ્છ જિલ્લામાં ટાઈડલ રેગ્યુલેટર લેવાના છીએ. ૪૪ ટાઈડલ રેગ્યુલેટર છે.

કચ્છની ધરતી ઉપર પાણી ખારું ન આવે એટલા માટે એ ૧૬૫કરોડના કામના ટેન્ડર કાઢી નાખ્યા છે. ખૂબ ઝડપથી કામ હાથ પર લેવાશે. પંચમહાલ, દાહોદ સુજલામ સુફલામ, કડાણા હાઈલેવલ કેનાલ ડાબા કાંઠાના કામમાં ૪૫કરોડના ટેન્ડર ફાઈનલ કરવા ઉપર છે. આ કામ ડિસેમ્બર સુધીમાં પૂરું કરવાના છીએ. પાનમમાં હાઈ લેવલ કેનાલ સુજલામ સુફલામનો ભાગ લીધો છે. જયાં મુશ્કેલી છે ત્યાં એનો ઉકેલ સુજલામ સુફલામમાં કવર કરી લીધો છે. સુજલામ સુફલામ કચ્છ, પંચમહાલ, દાહોદ હોય, પાનમ હાઈ લેવલ કેનાલ જેમાં આપને થશેકે પાનમ હાઈ લેવલ કેનાલ હાથમાં લીધી છે. ૩.૨ કિલોમીટર લાંબી ટનલ કરીને આ કેનાલનું પાણી શહેરા તરફ લઈ જવાના છીએ. આદિવાસી વિસ્તારમાં ભલે ગમે તેટલો ખર્ચ થાય ૧૩૦કરોડના ખર્ચે કેનાલ બનાવીને પાણી લઈ જવાના છીએ. જેના ટેન્ડર એપ્રિલ સુધીમાં ફાઈનલ થયા છે. ટેન્ડર નીકળી ગયા છે. પણ મિત્રો, તમે અમને એમ પૂછો કે કયા કયા કામ કરવાના છે એ પણ ૧૬ કિલોમીટર લાંબી કેનાલ દ્વારા ૫૦૦૦હેકટર જમીન આ આદિવાસીઓને પાણી મળશે. સુરતમાં એક લાખ હેટકર ઉપર મળશે અને આદિવાસીઓને ૫૦૦૦ ઉપર મળે એમાં પાંચ હજારની કિંમત વધારે છે. સંતરોડ, વીઅર અને ધુમા નદી ઉપર મોટા ચેકડેમના ટેન્ડર સ્વીકારીને કામ હાથ પર લીધા છે. અનાસ નદી ઉપર ૩ ચેકડેમમાં ઝાલોદ જયાં આદિવાસી છે. ત્યાં બે બે કરોડના ચેકડેમનો આમાં સમાવેશ કર્યો છે.આ ઉત્તર ગુજરાતની યોજના છે એવી કલ્પના ન કરશો. આપણે ચારેબાજુ જઈએ છીએ. ધરોઈ પિયત વિસ્તાર છે. અમદાવાદનું પાણી કાપી નાખી અને નર્મદાનું પાણી અમદાવાદને આપ્યુ અને એ પાણી લઈને ધરોઈને ૫૦૦-૬૦૦ ગામને પાણી આપ્યું એના કરતાં પિયત વિસ્તાર વધાર્યો. ૩૦૩૮૭હેટકર જમીન ઉપર સિંચાઈ વધે એટલે સ્પ્રેડીંગ કેનાલનું એક્ષ્ટેન્શન કર્યું ઘણા પૂછે છે પાણી કયાં આવે છે. વાત સાચી છે. પાઈપલાઈન નાંખવામાં આવી છે એના દ્વારા પાણી આપવામાં આવશે અને કેનાલ દ્વારા જશે ત્યારે સ્પ્રેડીંગ કેનાલમાંથી પાણી આપી શકાશે. સીપુ જળાશયમાં નીચેવાસમાં આંતરવિયર સુધી નર્મદાનું પાણી પહોંચી ગયું એમાં પણ ઉદવહન પાઈપથી પાણી નાંખવાનું છે. (અંતરાય) શીપુ ડેમ ઉપર પાણી આવ્યું નથી પણ શીપુ ડેમનું પાણી વાપરવા માટે બંધન હતું એમાંથી મુકિત મેળવી લીધી છે. (અંતરાય) હવે સીપુનું પાણી વાપરી શકીશું એટલા માટે ગોવાભાઈ, વધારાની એક પાઈપલાઈન નાખીને સાત ફુટ ડાયામીટરની પાઈન લાઈન નાખીને નર્મદા કેનાલમાંથી ઉદવહન કરીને શીપુ ભરવાના છીએ. મુકતેશ્વર જળાશયમાં એક પાઈપ લાઈન આપણે લઈ જવાના છીએ.

બાલારામ સિંચાઈ યોજના વર્ષોથી પડી રહી છે એને જીવંત કરી એના ૮કરોડના ટેન્ડર મંજૂર કર્યા છે. મંજૂરી તળે છે. સાડા ત્રણસો હેકટર આદિવાસી વિસ્તારમાં પાણી આપવાનું સુજલામ સુફલામમાં કવર કર્યું છે.એના પણ ટેન્ડર નીકળી ગયા છે. મિત્રો, ખેડૂત રાજય સરકારની સિંચાઈ વ્યવસ્થામાં સંપૂર્ણપણે સહભાગી બને એટલા માટે સહભાગી સિંચાઈ વ્યવસ્થા પણ અમે ગોઠવી છે. ધરોઈમાં પ્રયોગ કર્યો એક લાખ હેકટર જમીન ઉપર એ ખેડૂતોના વિસ્તારમાં ઉત્તર ગુજરાતમાં સહભાગી ખેડૂતોની સિંચાઈ મંડળી બનાવી હતી અને આજે પાણીનું વ્યવસ્થાપન એટલું સારું કર્યું છે કે જેટલું પાણી વેસ્ટ થતું હતું એના બદલે ડબલ પાણી આપણે વાપરી શકીશું. જે.ડેમ છે, કેનાલ છે એની સાફસૂફી કરવામાં સુગર ફેકટરીઓ જે કમાણી કરે છે એને ૮૦-૨૦માં જોતરીને સાથે લઈને કેનાલનું ડીશીલ્ટીંગ કરાવીએ છીએ.

નદીઓની આપણે જ્યારે અલગ રીતે વાત કરીએ છીએ, ત્યારે ૩ વર્ષથી અવિરત પણે સાબરમતી નદીને આપણે નર્મદાના પાણીથી ભરી શકીએ છીએ. અગાઉ આપે જ્યારે જોયું હશે કે ફતેવાડીમાં ૮,૦૦૦ હેકટર સિંચાઈ થતી હતી, એના બદલે આજે ૨૩,૦૦૦ હેકટર ઉપર સિંચાઈ થાય છે અને દસક્રોઈમાં પણ ૮,૦૦૦ હેકટર જમીન ઉપર સિંચાઈ કરીએ છીએ. આ બતાવે છે કે આપણે એક્સ્ટેન્શન કરતા જઈએ છીએ. ખેડૂતોને શક્ય એટલું પાણી આપીએ છીએ. નર્મદાના પાણીનો ઉપયોગ કરીએ છીએ. પછી કોઈક પૂછે કે નર્મદાના પાણીનો કેટલો ખર્ચ થયો, એના કરતા ખેડૂતોને એના ખેતરમાં કેટલું પેદા થયું એ અંગેનો વિચાર કરવો જોઈએ. આપણા પાણીની કિંમત એ રીતે એનું મૂલ ન હોય, પાણીની કિંમત પૂછવી હોય તો ખેડૂતોને પૂછો કે એના ખેતરમાં કેટલું પેદા થયું. વિભાગ દ્વારા સિંચાઈના પીવાના પાણીની પાઈપલાઈન ભેગી કરી અને આ યોજના ઇકોનોમિ કરવા માટે જેટલી નદીઓમાં આપણે પાણીની પાઈપલાઈન નાખી એમાં ઉત્તર ગુજરાત અને અન્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન જેટલી નાંખવાની જરૂર હતી, તેટલી આપણે નાંખવાના હતા. ૮૨૧૫ ગામ અને ૧૩૫ શહેરો આપણે રોજ બોલીએ છીએ, તે ગામને પણ કવર કર્યાં છે. જેમ કે સાબરકાંઠા, ઉત્તર ગુજરાત, બનાસકાંઠા એની અંદર પાઈપની ડિઝાઇન એકઠી કરી નાખી અને એના કારણે અને એની ઇકોનોમિ કર્યા સિવાય હું આજે કહી શકું અલગ રીતે પાઈપલાઈનનું પાણી પૂરવઠાએ કામ કર્યુ હોત અને અલગ રીતે સિંચાઈ વિભાગે કામ કર્યુ હોત તો બંનેમાં એક હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો હોત, એ આપણે બચાવીને બંને પાઈપલાઈનને જોઈન્ટ કરીને, એક જ પાઈપમાંથી પીવાનું પાણી અને સિંચાઈનું પાણી લેવું. સીઝનલ પાણી સિંચાઈમાંથી વાપરવું અને બારેમાસ પાણી પીવા માટે લેવું એ રીતની આખી ડિઝાઇન કરાવી છે અને એને કારણે ગુજરાત સરકારને એક હજાર કરોડ રૂપિયાનો ફાયદો થશે, તેવું અમારું અનુમાન છે. વોટર બોડી ગુજરાતનાં તળાવો છે, એ તળાવોનાં નોટિફિકેશન કરવાનાં બાકી હતાં. ૪૫,૦૦૦

વોટર બોડીના નોટિફિકેશન કરવાની કામગીરી આ વિભાગે પૂરી કરી છે. બધાં તળાવોને જ્યારે સરકારને ખોદવા હોય, ત્યારે કોઈને ટાઈટલ ના નડે, તે માટે ૪૫,૦૦૦ તળાવોનું નોટિફિકેશન કરી દીધું છે અને આખા ભારતમાં કોઈ રાજ્યે આ કામ કર્યુ નથી. પાટણ અંગે મેં કહ્યું તેમ જે પાઈપલાઈન નાખીએ છીએ. સરસ્વતી બેરેજમાં અને સિદ્ધિ સરોવર બનાવીએ છીએ. પહેલા ખાન સરોવર કહેવાતું, પણ હવે સિદ્ધિ સરોવર એવું સારું નામ આપ્યું છે, ત્યાં આગળ અમે જે તળાવો છે, સિદ્ધિ સરોવર બન્યું છે, એના કારણે ૧૫,૦૦૦ હેકટર જમીનમાં સિંચાઈ થઈ શકશે. આજે હયાત કોઝ-વે, ગુજરાતનો વિકાસ થયો છે. મોટા મોટા ડેમ ઉપર પુલો બનાવ્યા છે નદી ઉપર પહેલા આપણે કોઝ-વેથી ચાલતા હતા, અત્યારે મોટા મોટા પુલો બન્યા છે. નદી ઉપર વિકાસ થયો છે. પહેલા કોઝ-વે ઉપર કોઈ ચાલતું નહોતું. ત્યાં આગળ પહેલાં કૂતરાં, બકરાં ફરતાં હતાં. એવા સંજોગોમાં આ કોઝ-વેનો પૂરેપૂરો ઉપયોગ કરીને ચેકડેમ બાંધીને ૧૫૫૯ ચેકડેમ કોઝ-વેના લૉકેટ કર્યા છે, એને બાંધીને નદી ઉપર પાણી ઓછામાં ઓછા ખર્ચે ૫૦,૦૦૦ રૂપિયામાં આખો ચેકડેમ થાય તે રીતે ઈકોનોમિકલી ૧૫૫૯ લોકેશન તૈયાર કર્યા છે. આ કામ શરૂ કર્યાં છે. ગુજરાત ભરમાં જ્યાં આગળ કોઝ-વે ખાલી પડી રહ્યો છે, તેના ઉપર ચેકડેમ બાંધી દઈશું. કડાણા ભાદરની લીંક ૫,૦૦૦ હેક્ટર જમીન એને પણ સિંચાઈ સુવિધાનો લાભ મળ્યો છે અને ઉનાળુ ઋતુમાં પણ સિંચાઈ થશે. બદલપૂર તીથોલ આડબંધ ખેડા જિલ્લામાં બાંધવાની માગણી તે પણ અમારી ગણતરીમાં છે અને સરવે કામ ચાલુ છે. સાવલી તાલુકામાં પણ ચેકડેમ રિપેર કરવાની કામગીરી હાથમાં લીધી છે અને ૩૯ ચેકડેમ ગાયકવાડ વખતના છે, તેને પણ પૂરા કર્યા છે. ભૂકંપગ્રસ્ત વિસ્તાર છે. ૧૮૫ ડેમ કચ્છના તે ખૂબ તૂટી ગયા હતા અને એનું કામ આ વર્ષે પૂરું કરવાનું છે, એના કારણે કચ્છના બધા ડેમોની અંદર ફૂલ ફ્લેઝ પાણી ભરી શકાશે. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના એ આપણા સૌની યોજના છે. ૮૦:૨૦ નો આગ્રહ હતો, એના કારણે ૮૦:૨૦ કરીને ગુજરાતમાં ચેકડેમ બાંધવાનું અવિરત મિશન ચાલુ રાખવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૫૦ હજાર ચેકડેમ પૂરા કર્યા છે અને અન્ય વિભાગો એ બધાના થઈને એક લાખ ચેકડેમ ગુજરાતમાં થયા છે. પરંતુ હજુ પણ આ સાલે ૨૫ હજાર ચેકડેમ મારા વિભાગ દ્વારા બાંધવાનું લક્ષ્યાંક લઈને અમે ચાલીએ છીએ. નાણાકીય વ્યવસ્થામાં કોઈ તકલીફ નથી. ક્ષાર પ્રવેશ બાબતમાં પણ આપણે ચિંતા કરી છે. કારણકે પાણી લાવવું તેના કરતાં પાણી ન બગડવા દેવું તે પણ એટલું જ જરૂરી છે અને એટલા માટે જ ક્ષાર પ્રવેશ પર નિયંત્રણ દરિયાઈ ભરતી સંરક્ષણ એમાં પણ અમે આગળ વધી રહ્યા છીએ. પછી એ વલસાડ, નવસારી અને સુરત હોય તો પણ પાણી, દરિયાના ખારાં પાણી આપણી સારી જમીનને આભડવાં ન જોઈએ અને એટલા માટે વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના દસ જેટલા ગામો માટે ૨૬ કરોડના ખર્ચે દરિયાઈ પૂર ધોવાણ અટકાવવાના કામની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એમને એમ ન થાય કે બધું આ બાજુ ચાલે છે. સુરતવાળાનું થોડું થવું જોઈએ. ક્ષાર પ્રવેશ નિવારણ માટે ચાર યોજનાઓની મંજૂરી આપી છે. ૨૧ હજાર હેકટર જેટલી જમીન એમાં બચવાની છે. સૌરાષ્ટ્રમાં ક્ષાર પ્રવેશ અટકાવવા માટે ૫૦ કામમાં કુલ ૨૬૦ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કર્યુ છે. તે પૈકી ૨૫ યોજનાના કામોની વહીવટી મંજૂરી માટે તે કામગીરી અમે હાથ ઉપર લીધી છે. સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં ૫૫૨ લાખના કુલ ૫૩ કામોને અમે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ઉકાઈની પૂર્ણા હાઈલેવલ આદિવાસી વિસ્તારમાં ઉકાઈમાં ખૂબ પાણી છે. નર્મદાની જેમ પાણી ખૂબ છે પણ આ પાણી આદિવાસીઓના કામમાં બહુ આવતું નથી. હાઈલેવલ કેનાલની લોકોની માગણી કેટલાય વખતથી હતી. હાઈલેવલ કેનાલનું આ કામ અમે હાથમાં લીધું છે અને તેના કારણે ત્યાં પણ ૧૬ કિલોમીટર લાંબી કેનાલનું કામ હાથમાં લઈ લીધું છે. ૧૩ હજાર હેકટર જેટલી જમીન ઉપર આદિવાસીઓને કે જે સો ટકા આદિવાસીઓ છે તે સોનગઢ અને વ્યારામાં (અંતરાય) આ બાજુ લાવું આ બાજુ તો હું અહીંથી પાણી વધારે હોય તો જ લાવું છું. એમનું પાણી એમને વાપરવાનું છે.

સૌરાષ્ટ્રની નવ યોજનાઓમાં ૧૩૮ કરોડના અંદાજિત ખર્ચવાળા કામો પણ પ્રગતિમાં છે. સૌરાષ્ટ્રમાં સાત નવી યોજનાઓ તાત્કાલિક કરવામાં આવી છે અને ૬૧૦૦ હેકટર વિસ્તારમાં પાણી આપવાની વ્યવસ્થા ગોઠવી છે. સૌરાષ્ટ્રને એક મિલિયન એકર ફીટ પાણી માટે પ્રશ્નો થતા હોય છે. એક મિલિયન એકર ફીટ પાણી આપવા માટે આપણે બોટાદની ત્રીજી કેનાલ છે એને માળીયાથી જે કેનાલ છે, બોટાદની છે, મોરબીની છે તે કેનાલ દ્વારા પછી એમાં જે આવશે તે શેત્રુંજી ભરાશે અને શેત્રુંજીથી રાઈડી જશે. આ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણી ઉતારવામાં આવશે. પણ અત્યારે જે સગવડતા છે ત્યાં આપણું કામ પૂરું થાય અને બાકીનું જે કોઈની જવાબદારી હોય ત્યાં આગળ પ્લાનિંગ અને સૈદ્ધાંતિક સ્વીકારી કરીને રાખ્યું હોય તો આપણું કામ આગળ વધી શકે. આ જ પ્રમાણે કચ્છની અંદર પણ આપણે જ્યારે એક મિલિયન એકર ફીટ પાણી લઈ જવાના છીએ ત્યારે કચ્છની કેનાલ આ સાલે ખોદાય, આ સાલે ૭૫ કિલોમીટરથી લાંબી કેનાલ ખોદવાનું ટેન્ડર આપી દીધું છે. એ થશે એટલે આપણું પાણી ત્યાં વહેતું થશે અને તે પાણી લઈને આખા તમામ વિસ્તારોમાં આપણે પાણી કચ્છમાં એક મિલિયન એકર ફીટ પાણી લઈ જવાના છીએ. છબીલભાઈ તમારી સાથે ચર્ચા કરી છે અને તેના માટેનો પ્લાન પણ આપને બતાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત બધા નાણાકીય બાબતમાં પૂછે છે. હું આપને કહી શકું મિત્રો કે આપણે જે નાબાર્ડ છે તે નાબાર્ડે અમોને ૧૨૦૦ કરોડ રૂપિયા જેટલા પાર્ટલી સેંકશન આપી દીધી છે. બાકી માટે એશ્યોરન્સ આપી દીધો છે. એટલે સુજલામ સુફલામ યોજનામાં પણ નાબાર્ડ અને નાણાંખાતુ અમોને ખૂબ આશીર્વાદ આપે છે. એટલે એના માટેની કોઈ ચિંતા નથી.

પીવાના પાણીની થોડીક વાતો કરવાનું મને મન થાય છે. કારણકે પાણી નથી મળતું તેવા પ્રશ્નો બહુ પૂછે છે. અમે પીવાના પાણી માટે આમૂલ પરિવર્તન કરેલ છે. હું વારંવાર વિધાનસભામાં કહું છું કે ભૂગર્ભના પાણી

ગેરંટેડ પાણી નથી. તે મળે અને ન પણ મળે. તે કયારે રિસાય તેની ખબર ન પડે. આજે જે લોકો ભૂગર્ભના પાણી ઉપર આધાર રાખે છે તેવા ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે તેમના હાથમાં એક-એક હજાર ફૂટે પીવાનું પાણી છે અને છે તો ખારું અને ફ્લૉરાઇડવાળું છે, તે પીવા લાયક નથી. એટલા માટે સરફેસ વોટર દૂર દૂરથી લાવવાની આપણે વ્યવસ્થા ગોઠવી રહ્યા છીએ. એટલા માટે આ પાણી બીજા રાજયો કરતાં આપણને કોસ્લી પડે છે પણ કોસ્લી પડતું હોય તો પણ ગુજરાત સરકારે ગમે તેટલો ખર્ચ કરીને પીવાનું પાણી સૌરાષ્ટ્રમાં આપવાનું હોય, કચ્છમાં આપવાનું હોય, ઉત્તર ગુજરાતમાં આપવાનું હોય તેનું ટ્રાન્સપોર્ટેશન કરીને આપણે તે પાણી આપવાની બાબતમાં આગળ વધી રહ્યા છીએ. આપણે પ્રયત્ન નહોતો કર્યો તે સાંભળવાનું આવે ત્યારે મારા મિત્ર બાબુભાઈ અત્યારે નથી. મને ઘણી વખત યાદ કરાવે છે કે તેમણે આયોજનમાં ભાગ લીધો હતો. એમના સમયમાં એમણે કામ કર્યા હશે, એ સમયે જરૂરિયાત હતી કે નહીં એ હું આજે નહીં કહી શકું, પણ એટલું કહીશ કે એ વખતની જે ગતિ હતી એ ગતિ ધીમી હતી અને એ ધીમી ગતિનો થોડોક ચિતાર મારી પાસે છે એ એમણે સાંભળવો જોઈએ, સાચુ હોય તે સાંભળવું જોઈએ. ૧૯૯૨-૯૩ થી ૧૯૯૬-૯૭માં આપણે કેમ પાણી ન મેળવી શક્યા અને આજે કેમ ખૂબ ખર્ચ કરવો પડે છે, તો ૧૯૯૨-૯૩ થી ૧૯૯૬-૯૭ના એ પાંચ વર્ષમાં ટોટલી ૭૭૮ કરોડનું આયોજન હતું એમાંથી ૩૫૫ કરોડ વાપરી શક્યા હતા. આ વિચાર કરો. ૬૦- ૭૦ કરોડ રૂપિયા એમાં પાછો દુષ્કાળ કાઢવાનો, એમાં અછતનું કામ પણ કરવાનું તો એમાં શું વધ્યું હશે? હેન્ડ પંપ સિવાય કંઈ વધે નહીં અને એટલા માટે એ કામો ન થઈ શક્યાં, પણ જ્યારથી આ ભાજપની સરકાર આવી છે ત્યારથી ૧૯૯૮-૯૯ થી ૨૦૦૩-૦૪ સુધીના પાંચ વર્ષમાં ૪૦૫૭ કરોડ રૂપિયાનું આયોજન કર્યું અને ૪૧૫૫ કરોડનું બજૅટ અમે વાપર્યુ. ૨૦૦૫-૦૬ની સાલમાં ૧૧૦૫ કરોડનું બજૅટ અમે રાખ્યું છે, વિચાર કરો આપણે જ્યારે આટલી ગતિથી જઈ રહ્યા છીએ છતાં પણ પાણીને પહોંચી વળવાની મુશ્કલી અનુભવીએ છીએ.

સુજલામ સુફલામની યોજના દ્વારા ફક્ત સિંચાઈનું કામ કર્યું છે એવું નથી પણ મિત્રો, આપણે સુજલામ સુફલામ દ્વારા કામો દશ જિલ્લામાં છે. ૪૯૦૪ ગામોને લઈએ છીએ એમાં પણ ૧૯૪૬ કરોડ રૂપિયાનો પ્લાન છે અને એમાંથી ૩૫૫ કરોડ રૂપિયાનું ખર્ચ કરી નાખ્યું છે, હું કહી શકું કે, મહેસાણામાં ૨૧૨ કરોડનું આયોજન, સુરેન્દ્રનગરમાં ૨૫૨ કરોડ રૂપિયા, અમદાવાદમાં ૨૬૮ કરોડ રૂપિયા, ગાંધીનગરમાં ૧૧૫ કરોડ રૂપિયા, પાટણમાં ૬૦ કરોડ રૂપિયા, બનાસકાંઠામાં ૨૨૪ કરોડ રૂપિયા, સાબરકાંઠામાં ૩૪૪ કરોડ રૂપિયાનું આયોજન અને એ બધા કામો ચાલું થઈ ગયા છે. કચ્છના ૧૨૦ કરોડ રૂપિયા, પંચમહાલમાં ૨૬૭ કરોડ રૂપિયા, દાહોદમાં ૭૭ કરોડનું આયોજન એક કરીને કુલ ૧૯૪૬ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ હતું એ સુજલામ સુફલામ યોજનાઓ એક ભાગ છે. અને ૪૯૦૪ ગામોને આપણે આવરી લીધાં છે અને આ કામ પણ સમાંતર રીતે પૂરાં કરીશું. એમાંથી ૧૪૦૦ કરોડ રૂપિયાના ટેન્ડરોનું કામ ચાલું છે, એવું નથી કે હું ફક્ત ફીગરો વાંચું છું. ૧૪૦૦ કરોડ રૂપિયાના પાઈપલાઈનનાં કામો ચાલુ છે. ૨૬૯૩ ગામોને આવરી લેતી ૧૨૫૪ કરોડની આ કામગીરી શરૂ થઈ ગઈ છે.

ઉપરાંત આદિવાસી વિસ્તારની વાત કરીએ તો, આદિવાસી વિસ્તાર માટે ૨૦૦૨-૦૩ની સાલમાં ૪૨ કરોડ રૂપિયાની વ્યવસ્થા હતી. ૨૦૦૪-૦૫માં ૪૮.૫૦ કરોડ રૂપિયાનું આયોજન હતું, આ સાલે ૧૩૫.૭૦ કરોડ રૂપિયા આદિવાસી વિસ્તાર માટે પીવાના પાણી માટે રાખ્યા છે, આદિવાસી વિસ્તારમાં કરેલાં કામોમાં લગભગ ૫૦૬ ગામોની જૂથ યોજનાઓ બનાવી છે. ૫૪૪ ગામોની યોજના ચાલુ છે, પ્રગતિમાં છે. આ બધાં જ કામો ચાલવાના કારણે આદિવાસી વિસ્તારમાં કોઈપણ એમ ન કહી શકે કે પાણી માટે અમને મુશ્કેલી પડે છે અને હું ખાતરી આપું છું કે, આદિવાસી વિસ્તાર માટે અમારી પાસે પૂરતાં નાણાં છે, આપ બતાવી શકશો એ કામો અમે કરી શકીશું.

શહેરી પાણી પૂરવઠા વિસ્તારમાં પણ મને કહેતાં આનંદ થાય છે કે ૨૦,૦૦૦ની વસતિથી ઓછી વસતિવાળા નાના ટાઉનો છે એવાં ૬૮ ટાઉનો અમે મંજૂર કર્યા છે અને એના કારણે અંદાજિત ૯૧ કરોડ રૂપિયાની અમે વ્યવસ્થા કરી છે. શહેર ભૂગર્ભ ગટર વ્યવસ્થાની વાત કરું તો ૨૧ શહેરો એવાં છે કે જેની ગટર વ્યવસ્થા એક યા બીજા બહાને યા કોઈ કારણસર નાણાં ન ભરવાના કારણે કે બીજી મુશ્કેલીઓના કારણે નહીં ચલાવી શકવાના કારણે બંધ પડી છે એ યોજનાને અમે આ વર્ષે હાથમાં લીધી છે. અમે નિર્ણય કર્યો છે કે આ ૨૧ શહેરોમાં જે ગટર યોજના અધૂરી પડી છે એ આ વર્ષે ૨૦૦૫-૨૦૦૬માં કોઈ પણ રીતે પૂરી કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે જૂથ યોજનાઓનું અમલીકરણ કર્યું છે. પીવાના પાણી બાબતની મારે એક વાત કરવી છે. નર્મદા યોજના આધારિત અમે જે યોજનાઓ કરી છે એમાં વધુ મારે આપને સમજાવવા છે. ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોને ક્વર કરતી એમાં સુજલામ-સુફલામનો પણ સમાવેશ કરીને એને પણ ક્વર કરતી યોજનાઓના અનેક કામો કરી રહ્યા છીએ. ૧૮૮૦ ગામો અને ૫૨ શહેરોને અમે પાણી ચાલુ કરી દીધું છે. ડિસેમ્બર ૨૦૦૫ સુધીનું આ બધું આયોજન કર્યું છે. શહેરોને નર્મદાનું પાણી મળતા એની આંતરિક વિતરણ વ્યવસ્થા સરખી થવાની છે. સૌરાષ્ટ્ર વિસ્તારના ઉપરોક્ત જિલ્લાઓમાં ૧૪૯૬ ગામો અને ૩૯ શહેરોનું ડિસ્ટ્રીબ્યુશન જૂથ યોજનાનું કામ પણ અમે હાથમાં લીધું છે. ૧૪૦૧ ગામ અને ૩૮ શહેરોના પાણી ચાલુ કરાવ્યા છે. કચ્છ જિલ્લામાં પણ જે ગામો છે ત્યાં નર્મદાના પાણી આ સરકાર દ્વારા પહોચાડવામાં આવશે. કચ્છ જિલ્લામાં ૪૭૦ ગામોની યોજના બનાવવામાં આવી છે આ પૈકી ૩૩૬ ગામોને પાણી પૂરવઠો અપાય છે.વધુ ૮૬ ગામોને માર્ચ મહિનાના અંત સુધીમાં અમે પાણી આપીશું. સરદાર સરોવર માસ્ટર પ્લાન હેઠળ ૨૧૩૭ ગામો અને ૨૭ શહેરોને આવરી લેતી ૩૦ જૂથ યોજના રૂપિયા ૭૬૪ કરોના ખર્ચે હાલ પ્રગતિમાં છે. ૧૬૬૪ ગામો અને ૩૩ શહેરોની ડિસ્ટ્રીબ્યુશન એ.ડી.બી. દ્વારા ૭૬૪ કરોડના ખર્ચે ધરતીકંપવાળા વિસ્તારોના બધા ગામોમાં પાઈપ લાઈન તૂટી ગઈ છે એવા

વિસ્તારો માટેની ૭૬૪ કરોડના ખર્ચવાળી આ યોજના હાલ પ્રગતિમાં છે. ૧૬૬૪ ગામો અને ૩૩ શહેરોની ડિસ્ટ્રીબ્યુશન યોજનાના નકશા તથા અંદાજો પણ બનાવી દીધા છે. આ રીતે આ આખી કામગીરી અમે હાથમાં લીધી છે. આમાં રિફોર્મ સેકટર દ્વારા લગભગ ૭૫૦ ગામોને કવર કર્યા છે. ૯૦/૧૦ની સ્કીમ દ્વારા કેન્દ્ર સરકારની મદદ મેળવીને પણ ૭૫૦ ગામોની ટાંકીઓ, પાણીની લાઈનો અને જે હેન્ડ પંપોથી પાણી મેળવતા હતા એ લોકોને પણ આ ટાંકી દ્વારા પાણી આપીએ છીએ. પણ ઘણા મિત્રોને એવું થાય છે કે, હજુ આ ટાંકીઓ ભરાઈ નથી. ૭૫૦ ગામોની ટાંકીઓ બની ગઈ છે અને માનનીય ગોવાભાઈ, તમારે ત્યાં તો મારે જોવા આવવાનું જ છે. મહેસાણા, રાજકોટ અને સુરતના ૭૫૦ ગામોને આનો લાભ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એશિયન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા કચ્છના વિસ્તારોને આવરી લીધા છે, જામનગરના ધરતીકંપવાળા વિસ્તારોને પણ આવરી લીધા છે. જામનગર માટે કાળુભાઈ જે કહેતા હતા એ વાત સાચી છે, ત્યાં પણ અમે કામ હાથમાં લીધા છે અને લગભગ ૭૦૦ કરોડના ખર્ચે જામનગરને પાણીની વ્યવસ્થા અમે પૂરી પાડવાના છીએ. આમાં દોઢ વર્ષમાં શકય એટલા કામો અમે પૂરાં કરવાના છીએ કારણ કે હવે વધારે સહન કરવાની શકિત કદાચ જામનગર જિલ્લામાં નહીં હોય, પણ આ સરકારની જાણ બહાર નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને એના માટે પ્રાયોરિટી આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ટેન્કરો દ્વારા જે પાણી આપવામાં આવે છે એમાં એક ઉલ્લેખ કરવો છે. પહેલાના વખતમાં ૧૯૯૬માં ૮૭૯૬ ગામો પાણી પૂરવઠા માટે મુશ્કેલી અનુભવતા હતા એમાં હવે આજે ફકત ૧૧ ગામો એવાં મુશ્કેલીવાળા રહ્યાં છે. નવા ગામો થયાં હશે પણ ઓરિઝિનલ આટલાં જ રહ્યાં છે. ૧૯૯૬માં ૮૭૯૬ ગામો હતા એમાંથી ગયા વર્ષે ૧૧ ગામોને ટેન્કરથી પાણી પૂરવઠો આપવાની જરૂરત પડી હતી. ચાલુ વર્ષે હજુ સુધી ટેન્કરથી કોઈને પાણી પૂરવઠો આપવાની જરૂરત ઉભી થઈ નથી. એક વાત આપને કહું કે, જયાં અમારી પાઈપ લાઈનની યોજનાઓ છે એમાં છેવાડે પાણી નથી પહોંચતું એ જગ્યાએ અમારે ઘણી વખતે ટેન્કરો ચાલુ કરીને પણ પાણી પહોંચાડવું પડે છે, આવી સ્થિતિ જામનગરના થોડા વિસ્તારો સિવાય અને જુનાગઢના થોડા ભાગ સિવાય આ બન્ને ભાગોમાં મુશ્કેલી છે, બાકીના વિસ્તારોને પીવાના પાણીની એટલી મુશ્કેલી નથી.

થોડા મિત્રોને મારે જવાબ આપવો છે. ડેમમાંથી ડિસિલ્ટીંગ કરવાનું કામ, ખેડૂતોને અમે કાંપ લઈ જવા દઈએ છીએ અને અમે ખોદાણ કરીને પણ ખેડૂતો લઈ જવા માગતા હોય ત્યાં આગળ અમે વ્યવસ્થા કરીએ છીએ અને અમારા મશીનોથી અમે આપીએ છીએ. ચેકડેમમાં સો કરોડ રૂપિયાની સામે ૨૯૦ કરોડ રૂપિયા, માનનીય ગોવાભાઈ ગઈસાલે ૧૦૦ કરોડનું બજેટ હતું આજે ૨૯૦ કરોડ રૂપિયાનો ચેકડેમ પાછળ અમે ખર્ચ કર્યો છે એ આપની જાણ માટે.

બીજું મારા મિત્ર બાબુભાઈનો એટલા માટે ઉલ્લેખ કરવો છે ઘણા મિત્રોને એવું છે કે અમારા ટેન્ડરો ઉંચા જાય છે, ટેન્ડરો આ સરકારમાં ઉંચા જતાં જ નથી, હું આપને કહી શકું કે દશ ટકાથી વીસ ટકા નીચા ટેન્ડરો આ ગુજરાતમાં આવ્યાં છે અને કોઈ ટેન્ડરો ઉંચા જવાની શક્યતા નથી. એક નહિ બધા ટેન્ડરોની અંદર આ સ્થિતિ છે. ભાગ્યે જ કોઈ જગ્યાએ જુના એસ્ટિમેટ હોય તો ત્યાં આપને જોવા મળ્યા હશે. બાકી અમારી જોડે સેંકડોનું લિસ્ટ છે. એમાં કોઈ જગ્યાએ ઉંચા ટેન્ડરો જવાના સ્કોપ નથી. મેઘલટાઈડલ રેગ્યુલેટરની બાબતમાં, એક દરવાજાની બાબત હતી અમારા જેસાભાઈની બહુ મુશ્કેલી હતી એને ૯૫ લાખની મંજૂરી આપી છે મને સૂચના પણ મળી છે કે આ અઠવાડિયામાં ટેન્ડરો પણ નીકળી જશે. ચોમાસા પહેલાં એને પૂરું કરવાની હું તમને ખાતરી આપું છું.

સાંઘી સિમેન્ટની બાબતમાં પંદર કરોડ એડવાન્સ આ સરકારે આપ્યા છે એવો ઉલ્લેખ કર્યો. ત્રીસ રૂપિયે એક હજાર લિટર પાણી અમે ત્યાં લીધું છે. આ કોના માટે લીધું છે? કચ્છમાં જ્યાં અબડાસા અને લખપતને પાણી બિલકુલ નથી મળતું એવા વિસ્તારોને પીવાનું પાણી હમણાં ટૂંક સમયમાં પહોંચે એવું નથી તો એ લોકોને માટે પંદર કરોડ રૂપિયા અમે એડવાન્સ આપ્યા છે અને પચાસ ટકા કિંમતે અમે પાણી લીધું છે એની જોડે ભલે વ્યાજ વસૂલ ન કર્યું પણ પંદર કરોડ રૂપિયા આપ્યા અને એની જોડેથી અમારા પાણીનું એસ્યોરન્સ લીધેલ છે અને લખપત અને અબડાસાને અમે પાણી આપીએ છીએ. આજે ૬૦ અને ૨૩ એમ ૮૩ ગામોને એનું પાણી સપ્લાય થાય છે. ઝીરો વોટર એને બ્લેન્ડીંગ કરીને આપીએ છીએ. ડબલ પાણીનો અમે ઉપયોગ કરીએ છીએ.

થોડાક આરોપો પણ કર્યા છે એક બાબત હું આપને કહું એક છેલ્લી વાત કહીને હું મારી વાત પૂરી કરીશ. અમારા આ પાણીના ખર્ચની બાબતની સાથે મારા માનનીય સભ્યશ્રીઓને એક વિનંતી કે આ સરકાર એક વર્ષના એક વ્યકિત પાસેથી ફકત ૧૪ રૂપિયા જ લે છે. ૧૪ રૂપિયા જ ચાર્જ લે છે મહિનાના એક રૂપિયો અને વીસ પૈસા, એક વ્યકિતને પચાસ લિટર પાણી આપવાના લઈએ છીએ એક દિવસનું એક વ્યકિત જે પાણી વાપરે છે એના ચાર પૈસા આપણે લઈએ છીએ. ઓન્લી ફોર પૈસે, પચાસ લિટરના ચાર પૈસા સરકારની આવકનું સાધન નથી. આ આના કેપિટલ ખર્ચને ગણતરીમાં ન લેવાય આપણે પાંચ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યો હોય તો પણ એની આવશ્યકતા એને સેવા તરીકે છે એના આપણે લીધા છે અને છતાં પણ ચાર પૈસા એક દિવસના અમે ચાર્જ લઈએ છીએ અને સરકારે નિર્ણય કર્યો છે એ ગામમાં એ વ્યકિતઓને પૂરતું પાણી મળે છે કે નહિ એનું માપ કાઢવા માટે અમે મિટર મૂકવાના છીએ. મીટર મૂકવાના એટલે લોકોને પીવાનું પાણી માપીને મળે તેને માટે એક વ્યકિતને ૫૦ લિટર મળે. ચાર પૈસા ભલે અમને આપે પણ તેમને સેવા આપવાની છે. અમારા અધિકારીઓ, અમારા વિભાગના કર્મચારીઓ તેને પૂરતું પાણી આપે અને ના આપતા હોય તો તેની ફરિયાદ અમારા સુધી પહોંચે કે અહીંયા ગામમાં એક હજાર વ્યકિત છે તેને ૫૦ હજાર લિટર પાણી નથી મળતું તેનું માપ લેવા માટે અમે તેની ઉપર મીટરીંગ કરીશું

અને પાણી અમે માપીશું. અમારા જોડે આવકનું સાધન નથી છતાં પણ લોકોની સેવા આપવા માટે પૂરેપૂરી વ્યવસ્થા ગોઠવી છે અને આ એટલા માટે આપનું ધ્યાન દોરું છું કે આ સરકાર પીવાનું પાણી આપે છે, ઘર ઘર સુધી સેવા આપે છે તેની કિંમત તેને સારી સેવા મળે, લોકોને કોઈ તકલીફ ના પડે તે સેવા પણ અમે ગોઠવી રહ્યાં છીએ. આપ સૌએ ઘણી કાપ દરખાસ્તો મૂકી છે. હું આપ સૌને વિનંતી કરું છું કે, આ પીવાનું પાણી નર્મદા યોજના જેવું છે હું વિનંતી કરું છું કે મિત્રો કાપ દરખાસ્ત પાછી ખેંચે અને નર્મદા યોજનાની જેમ પીવાનું પાણી અને સિંચાઈનું પાણી તે પાણી છે તેવી આપ સૌને અપીલ કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કલ્પસરમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીશ્રીએ સિંચાઈ અને પાણી પૂરવઠાની ચર્ચાનો જવાબ આપ્યો છે. કલ્પસરની વાત મારે કરવી છે. હું ટૂંકમાં કરીશ સમય-મર્યાદા હું જાણું છું. નર્મદાની જેમ જ આ યોજન પણ ખૂબ મોટી, બહુહેતુક યોજના છે. સમય કોઈની પણ રાહ જોતો નથી. સમયસરનું આયોજન કરવામાં આવે તો જ ભવિષ્ય બનાવી શકાય અને ગુજરાતના પાણીનો પ્રશ્ન આ ગૃહમાં હું અનેક વખત કહી ગયો છું કે કોઈ એક ઉપાયમાં ગુજરાતના પાણીના પ્રશ્નનો ઉકેલ નથી, અને એટલા જ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘ દ્રષ્ટિ વાપરીને, અગમચેતી વાપરીને નર્મદા યોજનાનું કામ સહેજ પણ વિલંબમાં ના પડે બલ્કે વધારે સારી રીતે અને ઝડપથી થઈ શકે તે માટેના તમામ પ્રયત્નો કરીને આજે આપણે નર્મદા યોજનામાં પણ ૧૧૦ મીટર સુધી પહોંચ્યા છીએ. નજીકના ભવિષ્યમાં ૧૨૧ મીટર સુધી પહોંચીશું પણ આ એક જ યોજનાથી આખા રાજયના પીવાના અને સિંચાઈના પાણીનો ઉકેલ છે ખરો? કોઈ વખત એક દવાથી ના મટે તો બે દવા લેવી પડે. ગુજરાતના પીવાના અને સિંચાઈના પાણી માટે એક ઉપાય નર્મદા. બીજો લાંબાગાળાનો પરંતુ કાયમી ઉપાય તે કલ્પસર. હજુ પણ કોઈ એવો વિસ્તાર બાકી રહી જતો હોય કે જ્યાં આ પાણી ના પહોંચતું હોય ત્યાંના વિસ્તારના લોકોને સહેજ પણ અન્યાય ના થાય અને પાણી મળી રહે એટલા માટે સુજલામ્ સુફલામ્ હજુ પણ કોઈ વિસ્તાર રહી જાય તો છેલ્લાં પાંચ સાત વર્ષથી આ પણ એક આયોજન, અગમચેતી વાપરીને ભારતીય જનતા પાર્ટીની સરકારે ચેક ડેમની યોજના કરી જેનું ફળ આપણે પાંચ વર્ષમાં જોઈ શકીએ છીએ. એટલા માટે કહું છું કે સમય કોઈની રાહ જોતો નથી તો બધા ઉપાયો એક સાથે જ્યારે પૂરાં થશે ત્યારે ગુજરાતની પાણીની સમસ્યાનો ઉકેલ થશે અને તે ચેક ડૅમો બનાવ્યા, ક્યાંક હજુ ખૂટે છે તો ખેત તલાવડી અને ક્યાંક ખૂટે છે તો ગામ તળાવ. આ પાંચ ઉપાયો એ આ સમસ્યાના ઉકેલ માટેના છે. માનનીય ગોવાભાઈએ કહ્યું કે હું કોઈનો વાંક કાઢતો નથી. કુદરતી વરસાદ પડતો નથી એટલા માટે પરંતુ કુદરતે આપણને આયોજન માટે અહીંયા બેસાડ્યા છે. માત્ર કુદરત ઉપર જ આધાર રાખીને ૫૦ વર્ષ પસાર કર્યા, સાડા ચાર દાયકા. દુષ્કાળ પડે તો ઢોરવાડા ખોલીને દુષ્કાળ પસાર કરીએ, પૂર આવે તો ફૂડ પેકેટ આપીને પસાર કરીએ. જેટલો પણ વરસાદ પડે એટલો.ઈઝરાયેલની વાત ડો. સી.જે. ચાવડાએ કરી, એમાંથી અમે શીખ્યા છીએ, સાડા ત્રણ ચાર ઈંચ વરસાદમાં જ ૭૫૦ટનની બાગાયત રોજની ઈઝરાયેલ નિકાસ કરી શકતું હોય તો આપણે ત્યાં જરૂરી ચાર વરસાદમાં અત્યારસુધી એક બે વરસાદ પડે સરસ વાવેતર થાય, પોષણ મળે, ત્રીજો વરસાદ સારો પડે, અને ચોથો વરસાદ ન પડે તો આપણે કહીએ કે ભગવાનની ઈચ્છા હતી તેથી દુષ્કાળ પડયો અને પાક પચાસ ટકા ઘટી જાય, ૨૫ ટકા ઘટી જાય, પરંતુ તેનો ઉપાય એટલે જળ સંચય, તેનો ઉપાય એટલે નર્મદા, તેનો ઉપાય એટલે સુજલામ સુફલામ, તેનો ઉપાય એટલે કલ્પસર, આ કલ્પસર યોજનામાં રાજય સરકારે ખૂબ સમયસર આયોજન કર્યુ છે. તે અંગે ટૂંકમાં મારે થોડી વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જ કરજો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : બિલકૂલ ટૂંકમાં કહીશ માનનીય અધ્યક્ષશ્રી, નેધરલેન્ડમાં આ પ્રકારની યોજનામાં આઈઝરનેસ નામની કંપનીને આ કામ સોંપ્યું છે, તેનો પ્રી ફિઝિબિલીટી રિપોર્ટ પણ, હું અનેકવાર આ સભાગૃહમાં કહી ગયો છું કે તેનું કામ પૂર્ણ થઈ ગયું છે અને તેની અંદર આજે જ મેં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે તેનું કામ દોઢ બે વર્ષમાં પૂરું થશે તેના અનેક લાભ મળશે. ૬૪ કિલોમિટરનો બંધ બંધાશે, ૨૨૫ કિલો મિટર અંતર ઘટશે, ૫૪ હજાર કરોડની આ યોજના, આ યોજનાથી સૌરાષ્ટ્રના કમાન્ડમાં ખાસ કરીને કાંઠાના આશરે દસ લાખ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ નાની વાત નથી. અત્યારે આપણને લાગે કે તમે બીજા તબકકામાં, ત્રીજા તબકકામાં ૨૦૧૮ માં પૂરી કરવાના છો, મેં કહ્યું એમ સમય કોઈની રાહ જોતો નથી. ૧૯૬૧માં નર્મદા યોજના શરૂ કરી હતી. આજે ૨૦૦૫ આવી ગયું, એટલી વાર આમાં લાગવાની નથી, કારણ કે અહીં એક જ રાજયની યોજના છે, કોઈ પ્રાઈવેટ જમીન સંપાદન કરવાની જરૂર નહીં પડે, મોટાભાગની જમીન સરકારી છે. કોઈ પ્રકારની અડચણ નથી, પુનઃ વસનની કામગીરી નહિવત રહેવાની છે, એટલા માટે આ યોજના વહેલીતકે થાય તેના માટેનું આયોજન છે. પ્રી-ફિઝિબિલીટી રિપોર્ટ ઉપરથી એવું તારણ સ્પષ્ટ થાય છે કે કલ્પસર યોજના તાંત્રિક રીતે શકય છે, સક્ષમ છે, હવે એ શકયતાદર્શી અહેવાલની કામગીરી ચાલી રહી છે, તેના માટે કોઈ વિભાગ સાથે નહીં પણ તેનો અલગ વિભાગ, જેના કારણે અલગ ફંડ અને અલગ તંત્ર રહે તે માટે રાજય સરકારે અલગ પ્રભાગ પણ રચેલ છે. આ યોજના સમયબદ્ધ રીતે આયોજન સાથે પૂર્ણ કરી શકાય તેના માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક ગૃપ, એકસ્પર્ટ એડવાઈઝરી ગૃપની પણ રચના કરવામાં આવી છે. એકે એક બાબતોની સાવચેતી લીધી છે, ૫૪ હજાર કરોડની આવડી મોટી યોજના છે તેથી આવી યોજનામાં દુનિયામાં જેમણે એનું કામ કર્યુ છે તેની સલાહ ચોકકસ લેવી એટલા માટે આંતરરાષ્ટ્રીય એકસ્પર્ટ લોકોની સલાહ લઈએ છીએ, વિશ્વમાં આ પ્રકારનું કદ ધરાવતી બીજી યોજનાના વિવિધ પાસાંઓનો અભ્યાસ પણ કર્યો છે. આ યોજનાથી પર્યાવરણની સામાજિક અસરોનો

અભ્યાસ કરવા બાબતે એક રાષ્ટ્રીય ખ્યાતી પામેલ ન્યુઝ પેપર કંપનીમાં પણ આની એકસ્પ્રેસન ઓફ ઈન્ટરેસ્ટની જાહેરાત પણ આપવામાં આવી છે. કે જેથી ઈન્ટરનેશનલ લોકો આ અંગે જાણકારી મેળવી અને એમાં ભાગ લઈ શકે, મને કહેતાં આનંદ થાય છે કે એમાં આશરે ૩૦ કંપનીઓએ કામ કરવાની તૈયારી બતાવી છે, તેની સમીક્ષા અત્યારે હાથ ઉપર છે. મોડેલ સ્ટડી, પીવાના આવરા, અને ભૂકંપની અસરો બાબત સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રીસર્ચ સ્ટેશન પુના, વોટર એન્ડ પાવર કન્સલ્ટન્સી સર્વિસીઝ, દિલ્હી, અને જયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા કલકતા અને નેશનલ જીયોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, હૈદરાબાદ તથા જુદી જુદી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીની સંસ્થાનો સંપર્ક રાખ્યો છે આ રીતે આ યોજના વહેલીતકે પૂરી થાય તેના માટે જે તબકકા નકકી કર્યા છે તે તબકકામાં પહેલો તબકકો ૨૦૦૩ થી શરૂ થયો છે અને ૨૦૦૭માં એટલે દોઢ બે વર્ષમાં પૂરો થશે. ત્યારપછી બીજો તબકકો છે ૨૦૦૭-૨૦૦૮નો, આ યોજના વાસ્તવિક સ્વરૂપમાં આવે તેના માટે વિગતવાર આલેખ વિસ્તૃત વિવરણ, બાંધકામ પ્રણાલિ વગેરે માટે વૈશ્વિક નિવિદા તૈયાર કરીને યોજનાના બાંધકામ અંગેની કામગીરી આ એક વર્ષના ગાળા દરમિયાન અમે તૈયાર કરીશું.

ત્રીજો તબક્કો છે ૨૦૦૯ થી ૨૦૧૮. એ સમયગાળામાં યોજનાની વાસ્તવિક કામગીરી થવાની છે. અત્યાર સુધીમાં આ યોજના પાછળ ૨૩૧૮લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ યોજના પૂરી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સંકલ્પબદ્ધ છે, આ સરકાર સંકલ્પબદ્ધ છે. આ યોજના માટે શંકા કે અવિશ્વાસ રાખવાની જરૂર નથી. આ યોજના આપણે સૌ સાથે મળીને કરીએ તેવી અપીલ છે.

મારા સાથી મંત્રીશ્રીએ માગણી મૂકી છે એ આપ સર્વાનુમતે સ્વીકારો અને આપની કાપદરખાસ્તો પાછી ખેંચી લો તેવી વિનંતી કરીને વિરમું છું.

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર (રાજય કક્ષાના બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ સભાગૃહની અંદર અંદાજપત્ર રજૂ કર્યુ છે એની અંદર મારા વિભાગની એટલે કે મત્સ્યોદ્યોગ વિભાગની પણ માગણીઓનો સમાવેશ થાય છે અને આજે અમારી માગણીઓ ઉપર માનનીય ધારાસભ્યશ્રી જેસાભાઈ બારડ, માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ, માનનીય સભ્યશ્રી આર.સી. પટેલ, અને ભગત તરીકે ઓળખાતા માનનીય સભ્યશ્રી નટવરસિંહભાઈ, આમ તો તેઓ ભગત તરીકે ઓળખાય છે પરંતુ આજે માછીમારી માટે તળાવો બનાવવાની વાત કરી છે. સમય ઘણો થયો છે એટલે મુદ્દાસર જ વાત કરીશ.

રાજયની અંદર ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયા કિનારો આવેલો છે. એ દરિયા કિનારા ઉપર જે રીતે માછીમારીનો વ્યવસાય ચાલી રહ્યો છે એ વ્યવસાયની પ્રગતિ થાય અને વ્યવસાયમાં માછીમારભાઈઓને રોજગારી મળી રહે એના માટે રાજય સરકાર પણ એટલી જ ચિંતા કરી રહી છે. આ મત્સ્યોદ્યોગનો વિકાસ થાય એના માટે બંદરોનો વિકાસ પણ એટલો જ જરૂરી છે.

ભારત સરકાર મારફતે કચ્છ જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલ જખૌ બંદરનો મત્સ્ય બંદર તરીકે વિકાસ થાય એ માટે સરહદી વિસ્તાર વિકાસ અને સરહદી વિસ્તારના સંરક્ષણને ધ્યાને રાખીને ૧૦૦ ટકા કેન્દ્રીય સહાય દ્વારા ૧૯૯૩માં ૧૧.૪૩ કરોડની મંજૂરી મળેલી. આ મંજૂરી મળ્યા પછી પર્યાવરણની મંજૂરી મેળવવામાં કેટલીક અડચણો ઊભી થઈ હતી. એ અડચણો દૂર કરીને જખૌ મત્સ્ય બંદર જેની કામગીરી અત્યારે ૩૩.૮૪ કરોડના ખર્ચે એટલે દેશમાં સૌથી વધારે ૧૨૬૦ મીટર લંબાઈનો મત્સ્ય બંદરનો મેજર ફીશીંગ પોર્શન, એક હજાર બોટોની ક્ષમતા ધરાવતું બંદર એ રાજયનું મોટામાં મોટુ બંદર તૈયાર થઈ ગયું છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આ બંદરને ટૂંક સમયમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખુલ્લુ મૂકવા માટે આગળ વધી રહ્યા છીએ. આ મત્સ્ય બંદરને ખુલ્લુ મૂકીશું ત્યારે જખૌ દરિયાની અંદર ખૂબ સારી માછલીઓ અને કિંમતી માછલીઓ પણ અહીંથી મળી રહેતી હોઈ એવા સમયની અંદર મત્સ્ય બંદર ખુલ્લુ મૂકવામાં આવશે ત્યારે માછીમારોને બંદર ઉપર વધારાની સવલતો પૂરી કરવાના છીએ ત્યાં એમને રોજીરોટી તથા માછીમારોને સર્વિસ અને કિંમત પણ સારી મળી રહેશે.

દક્ષિણ ગુજરાતના માછીમાર ભાઈઓને દક્ષિણ ગુજરાતની અંદર એકપણ મત્સ્ય બંદર ન હોવાને કારણે દરિયાની અંદર માછીમારો દસ-પંદર અને વીસ વીસ દિવસ દરિયો ખેડીને માછલીઓ પકડે અને એ વેચવા માટે બીજા રાજયના બંદરો ઉપર જવું પડતું અને ત્યાં એ લોકો ઉપર ખૂબ મોટા અત્યાચારો કરવામાં આવે છે. ખોટા પોલીસ કેસ કરવામાં આવે, તેમની બોટોને નુકસાન કરવામાં આવે. આટલું બધું જોખમ ખેડીને દરિયામાંથી માછલીઓ પકડીને વેચવા માટે જાય ત્યારે માછલીઓ બગડવાને કારણે તેના પૂરતા ભાવ પણ ન મળે. આના માટે રાજય સરકારે દક્ષિણમાં ધોલાઈ મત્સ્ય બંદર બનાવવા માટેનો નિર્ણય લીધો. તેની મંજૂરી લીધી અને મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે તા. ૧૬-૧-૨૦૦૫ના રોજ ધોલાઈ ખાતે રાજયના મુખ્યમંત્રીશ્રીના હાથે તેનું ખાતમુહૂર્ત કરાવ્યું અને ભારત સરકારે મંજરી આપી ત્યારે ત્રણ વર્ષમાં કામ પૂરું કરવાની શરતે મંજૂરી આપી હતી, પરંતુ માછીમારોની વેદનાને ધ્યાનમાં રાખીને આ બધી જ બાબતો પર રાજયના મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો કે અત્યારે આટલી આધુનિક ટૅક્નૉલૉજી ઉપલબ્ધ છે તો કામ કરાવવામાં મુશ્કેલી ન પડે. ત્રણ વર્ષના બદલે ૧૪ મહિનામાં મત્સ્ય બંદર પૂરું કરવું એવા નિર્ણય સાથે આગળ વધી રહ્યા છીએ. ટેન્ડરોની મંજૂરીની કામગીરી પ્રગતિમાં છે ત્યારે ટેન્ડર મંજૂર થયા પછી ૧૪ મહિનામાં આ મત્સ્ય બંદરને પૂરું કરવા માટે પણ આગળ વધી રહ્યા છીએ. તેની પાછળ ૧૪.૭૭ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. એવી જ રીતે ઓખાના મત્સ્ય બંદરનો પણ ઝડપથી વિકાસ થાય તેના માટે આગળ વધી રહ્યા છીએ. તેના માટે ટેન્ડર મંગાવી લેવામાં આવ્યા છે. ટૂંક સમયમાં ટેન્ડર આવશે અને

ટેન્ડર નક્કી થયા પછી ટૂંક સમયમાં તેને વિકસાવવા માટે આગળ વધી રહ્યા છીએ. બન્ને બંદરોને વિકસાવવા માટે રાજય સરકારે પણ પૂરી નાણાકીય જોગવાઈ કરી લીધી છે. એટલે ટૂંક સમયમાં આ બંદર ચાલુ થઈ શકશે. નવા મત્સ્ય બંદરનું આયોજન કરવાની જરૂરિયાત હતી. માછીમાર ભાઈઓની બીજી પણ કેટલીક માગણીઓ હતી. આટલા બંદરોનો વિકાસ થયા પછી અમારે હજી પણ કેટલાક નવા બંદરોનો વિકાસ કરવો પડશે. તેના માટે રાજય સરકારે બીજાં નવા બંદરો વિકસાવવાનું નક્કી કર્યું છે. રાજયમાં હાલ મત્સ્ય બંદરો ઉપર બોટોનું ભારણ ઘટી શકે, કારણ કે અગાઉ જ્યારે ગુજરાતના માછીમાર ભાઈઓ પાસે જે બોટ હતી, અત્યારે પણ બોટની સંખ્યામાં ખૂબ વધારો થયો છે. એટલા માટે એનો વિકાસ કરવો જરૂરી છે. તેના માટે થઈને સૌરાષ્ટ્રમાં વેરાવળમાં મત્સ્ય બંદરને વિકસાવવાની જરૂરિયાત ઉભી થઈ. વેરાવળમાં મત્સ્ય બંદર મોટું કરવા માટે જગ્યાનો પ્રોબ્લેમ હોવાને કારણે વેરાવળના બીજાં ભાગરૂપે આદરી અને માધવડ બે જગ્યાએ મત્સ્ય બંદર વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એવી જ રીતે માંગરોળનો ફેજ-૩ પણ વિકસાવવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. પોરબંદરનો ફેજ-૨ અને જાફરાબાદ ખાતે દક્ષિણ ગુજરાતમાં ઉમરગામ અને ભદુલી જગાલાલા ખાતે મત્સ્ય બંદરો વિકસાવવાનું આયોજન રાજય સરકારે વિચારી લીધું છે.

નાના મત્સ્ય કેન્દ્રો માટે માનનીય પુંજાભાઈ ઘણી ચિંતા કરતા હતા. રાજય સરકારે નાના મત્સ્ય કેન્દ્રોનો વિકાસ થાય, નાની બોટોવાળા નાના મત્સ્ય કેન્દ્રો ઉપર પોતાનું કામ કરવા માટે જતા હોય છે. ત્યારે આ યોજના નીચે નાના મત્સ્ય કેન્દ્રોનો વિકાસ કરવા માટ સરતાનપૂર, ચાંચ, મૂળ દ્વારકા, સલાયા, સચાણા, નવલખી, માંગરોળબારા, નવીબંદર, મીયાણી, લૂણી અને ભદ્રેસર જેવા નાના મત્સ્ય કેન્દ્રોનો વિકાસ કરવાનું પણ રાજય સરકારે વિચારી લીધું છે. તા. ૨૪-૭-૨૦૦૩ના રોજ એક ઠરાવ કરીને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સ્વભંડોળમાંથી આ તમામ નાના બંદરોને વિકસાવવાનો રાજય સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. માનનીય પુંજાભાઈની ચિંતા હતી કે નાના બંદરો ઉપર રસ્તાઓની, પાણીની બીજી સગવડતાઓ મળતી નથી. તો તાત્કાલિક અસરથી આ રસ્તાઓની સગવડતાઓ પૂરી મળે તે માટે રાજય સરકાર ઝડપથી આગળ વધી રહી છે. જે બંદર વિકસાવવા માટે તેમણે કહ્યું હતું કે બેંગ્લોરથી ટીમ આવવાની છે. માર્ચ મહિનામાં આ ટીમ આવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેની તારીખ ટૂંક સમયમાં આપને મળશે એટલે તમને પણ અમે જાણ કરીશું એટલે તમે પણ તમારું માર્ગદશન આપવું હોય તો તમારા બંદરો પર હાજર રહીને આ ટીમને રૂબરૂમાં હાજર રહીને માર્ગદર્શન આપશો.

દરિયામાં માછીમારીને સંબંધિત સાધનો ઉપર સહાય આપવા માટે પણ રાજય સરકારે અગાઉ વિચાર કર્યો હતો. એ પ્રમાણે માછીમાર ભાઈઓને સહાય આપવા માટેનું કામ પણ કરવામાં આવેલ છે. નાના માછીમાર ભાઈઓનું જીવનધોરણ ઊંચું લાવવા માટે તથા તેઓને મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્ર તરફ પ્રોત્સાહિત કરીને રોજી-રોટી પ્રાપ્ત કરી શકે તે માટે નીચે દર્શાવેલ નાના ઉપકરણો ઉપર નાણાકીય સહાય માટે પણ ૩૦ લાખની અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી છે. આમાં નાના માછીમારોને મદદ કરવા માટે ફાઈબર ગ્લાસની બોટો, લાકડાની નાની હોડીઓ, એના ઉપર લગાવવા માટેના બહારના યંત્રો, અંદર બેસાડવા માટેના નાના યંત્રો, નાના સાધનો જેવાં કે, વજન કાંટો, રેંકડી, ઈન્સ્યુલેટેડ બૉક્સ, આઇસ ક્રસર અને વૉશિંગ કન્ટેનરનો સમાવેશ થાય છે. આનાથી નાના લોકો જેને પગડીયા માછીમારો તરીકે ઓળખીએ છીએ. એવા લોકો જાળ લઈને દરિયાની અંદર જાય, કોઈ જગ્યાએ ઓછા પાણીમાં માછલી પકડવા માટે જાય. આવા લોકોનો વિકાસ થાય. એના માટે પણ પગડીયા માછીમારો માટે યોજના મૂકેલી છે અને એ યોજના અમલમાં છે. પગડીયા માછીમારો જાળ ખરીદી શકે અને માછલી પકડ્યા પછી સાઈકલ ઉપર બાજુના ગામમાં વેચાણ કરવા માટે જાય ત્યારે એમને સાઈકલ આપવાની યોજના દાખલ કરી અને માછલીઓ શેની અંદર સાચવીને જઈ શકે? તો એના ઉપર સાઈકલ સાથે બૉક્સ આપવાની યોજના મૂકી અને ૫૦ ટકા સહાયના ધોરણે આટલી સગવડો એ લોકોને પણ આપી છે અને અત્યારે જ્યારે આધુનિક રીતે આગળ વધી રહ્યા છીએ ત્યારે માછીમારો સલામત, કાર્યક્ષમ રીતે માછીમારી અને કોમ્યુનિકેશન માટે દરિયાની અંદર જ્યારે માછલી પકડવા જાય ત્યારે એને રાહત મળે, એમને માછલીનો જથ્થો કઈ જગ્યાએ વધુ મળશે? એની સગવડતા મળે, કઈ દિશામાં માછલી પકડવા જવું, એના માટે માર્ગદર્શન મળે એના માટે ફીશ વાઈન્ડર, જી.પી.એસ., નેવીગેટર, વી.એચ.એફ. રેડિયો સેટ અને લાઈફ સેવીંગ ઈકવીપમેન્ટ જેવા સાધનો આપવા માટે પણ ૫૦ ટકાના સહાયના ધોરણે સહાય આપવા માટે આગળ વધી રહ્યા છીએ. આ બધા જ સાધનો એક સાથે લેવા હોય તો ૪૦૦૦૦ની મર્યાદામાં સબસિડી આપવા માટે સહાય કરીએ છીએ.

દક્ષિણ ભારતમાં તાજેતરમાં આવેલા સુનામી ભૂકંપને કારણે, માછીમારોની જે જાનહાનિ થઈ. ત્યારબાદ આ ગુજરાતના માછીમારોને પણ થયું . અગાઉ જ્યારે માછીમારોને આ બધા સાધનો આપવા માટે પ્રોત્સાહિત કરતા હતા, સાધનો માછીમારો અવશ્ય વસાવે એના માટે વાત મૂકતા હતા. પરંતુ આપણા માછીમારો જેમ બને તેમ ઓછા સાધનો લેતા હતા. પરંતુ જે સુનામી ભૂકંપ આવ્યો એના કારણે માછીમારોમાં પણ થોડીક જાગૃતિ આવી. એમને થયું કે, આપણા જીવનની સુરક્ષા માટે સાધનો વસાવવા જરૂરી છે. એટલા માટે જ સુનામી ભૂકંપ આવ્યા પછી આપણા માછીમારોની લાઈફ સેવીંગ ઈકવીપમેન્ટ ખરીદવા માટેની ખૂબ મોટા પ્રમાણમાં આપણી પાસે માગ આવી. ૨૦૦૪-૨૦૦૫ માં મુળ જોગવાઈમાં આ માટે ૧૦ લાખ રૂપિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને લાઈફ સેવીંગ ઈકવીપમેન્ટ માટે આજે આપણી પાસે માગણીઓ આવી રહી છે ત્યારે આપણે ચાલુ વર્ષે ૬૭ લાખ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે. સાથે સાથે માછીમારોની બોટોમાં વપરાતા ડિઝલ માટે માનનીય ધારાસભ્યશ્રી જેસાભાઈએ ચિંતા વ્યક્ત કરી કે, માછીમારોને બોટ ઉપર જે ડિઝલ આપવામાં આવે છે એની સબસિડી આપવામાં

આવતી નથી. મારે જેસાભાઈને કહેવું છે કે, આ વર્ષની અંદર જાન્યુઆરી ૨૦૦૫ના અંતમાં ૧૪ કરોડ ૯૫ લાખ રૂપિયાની સબસિડી ચૂકવી દેવામાં આવી છે. ભારત સરકારે જે સબસિડી જાહેર કરી છે એના આધારે ૬ કરોડ રૂપિયા હમણાં જ આપણને મળ્યા એ ૬ કરોડ રૂપિયા પણ માછીમારોને ચૂકવવા માટે બધા જ કાર્યાલયો ઉપર એમને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીઓ, મંત્રીશ્રી બોલી રહ્યા છે. પ્લીઝ. જેને ઉતાવળ હોય એ જઈ શકે છે. પ્લીઝ. શાંતિ રાખો.

**શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર** : સુરત જિલ્લામાં, નવસારી જિલ્લામાં, (અંતરાય) સાબરકાંઠા જિલ્લાની અંદર રંગીન માછીઓનું બિયારણ મળી શકે એ માટે ઈંડા સેવનના એકમો અર્થે તથા અમદાવાદના મત્સ્યાલયની મુલાકાત અર્થે મનોરંજન અને શૈક્ષણિક હેતુ માટે વધુ લાભ થઈ શકે તે માટેનું આધુનિકીકરણ તેમજ સુધારા-વધારા કરવા અમે ૨૦૦૪-૨૦૦૫ માટે ૬૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. ૨૦૦૫-૨૦૦૬ માટે ૫૮ લાખ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. મત્સ્યોદ્યોગનો વિકાસ થાય એના માટે તાલીમની પણ જરૂરિયાત હોય છે. મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા મારફતે તાલીમ માટે, આ ૭૫ ટકા કેન્દ્ર પૂરસ્કૃત યોજના છે. એ યોજના તળે કુલ ૨૧ મત્સ્ય ખેડૂત વિકાસ માટેની સંસ્થાઓ રાજયની અંદર આવેલી છે અને આ યોજના તળે વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના ડિસૅમ્બર સુધીમાં લગભગ ૩૬૮૪.૮૭ હેકટર જળ વિસ્તાર મત્સ્ય બીજ ઉછેર હેઠળ આવરી લેવામાં આવ્યો છે. તેમજ ૧૪૮૩ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી અને જયારે આવા લોકોને તાલીમ આપી અને તાલીમ લીધા પછી જે રીતે એમને આ કામ કરવામાં સરળતા રહી એના કારણે જે આવક થાય એની અંદર ૧૦૮ ટકા જેટલો આવકમાં વધારો પણ થયો છે. આમ શ્રી પુંજાભાઈને કહેવાનું કે મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલ માછીમાર ભાઈઓ માટે એમના પરીવારોનું જીવન ધોરણ ઊંચું આવે એના માટે તમામ પ્રયાસો રાજય સરકાર મારફત આ વિભાગ મારફત કરવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : જે મહત્ત્વની વાત હોય એ મૂકો.

**શ્રી દિલીપકુમાર વી .ઠાકોર**: માનનીય અધ્યક્ષ શ્રી, હું મહત્ત્વની જ વાતો કહું છું. ઘણી બધી વાતો મહત્ત્વની છે એટલા માટે જ વાત કરું છું. ટૂંકમાં જ કહું છું માછીમારોની આવાસ યોજના વિશે પણ માનનીય જેસાભાઈએ ચિંતા વ્યકત કરી, અગાઉ જયારે જે માછીમારોના આવાસ બનાવવા માટે જે નાણાકીય જોગવાઈ કરવામાં આવતી હતી ચાલુ વર્ષે એમાં આપણે બે કરોડ રૂપિયાની આવાસો માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. એવી જ રીતે બીજા બધા જેવી રીતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ શાળાએ જતા બાળકોની વીમા સુરક્ષાનું કવચ આપ્યું છે, માનનીય કૃષિ મંત્રીશ્રીએ ખેડૂતોને વીમા સુરક્ષા કવચ આપ્યું છે અને વીમા સુરક્ષા કવચ નીચે ગુજરાત રાજયના ૮૦હજાર માછીમારોને આપણે વીમા સુરક્ષા કવચ આપ્યું છે. આવી જ રીતે ભાંભરા પાણી માટે ભાઈશ્રી આર.સી.પટેલે વાત કરી હતી એના માટે પણ ઘણી બધી યોજના અમલમાં મૂકી છે. આપણે એ દિશામાં ખૂબ આગળ વધી રહયા છીએ. આટલી બધી જ્યારે માછીમારોની ચિંતા કરી આ વિભાગ આગળ વધી રહ્યો છે.

મારે પણ છેલ્લે એક બે વાત કરવાની ઈચ્છા થાય છે. મારે સર્વ માછીમાર ભાઈઓને અને બહેનો જેઓ સત્યવતી એટલે કે મત્સ્યગંધાના પુત્ર મહર્ષિ વેદવ્યાસ અને મહર્ષિ વાલ્મિકીના વંશજ છે જેનું ગૌરવ હોવાનું તેઓને સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે, વિષ્ણુ ભગવાનના દશાવતાર ગણતાં પહેલા અવતાર તે મત્સ્ય અવતાર. એટલે કે તેઓ તો આ સૃષ્ટિના સર્જનહાર છે. એવા સર્જનહાર અંગે આ ગૃહમાં માગણીઓ આવી રહી છે તેનો મને ઘણો આનંદ છે. ગીતાના અઢારમા અધ્યાયમાં યથાર્થ જ કહ્યું છે કે સ્વકર્મણા તમર્ભ્ય ચ, સિદ્ધિમ વિન્દતિ માનવ: એટલે કે તું તારી કર્મકુશળતાથી કર્મયોગી પણાથી બની ભગવાનની પૂજા કરી શકે છે. પોતાનામાં રહેલી નિપૂર્ણતા ભગવાનના ચરણે ધરી ઉત્તમ ભકિત દ્વારા મનુષ્ય શ્રેષ્ઠ તત્વ પ્રાપ્ત કરી શકે છે. સમાજનું શ્રેષ્ઠ કામ કરી શકે છે. જેમાં પૂજાના સાધન તરીકે હલેસા અને જાળ છે. જેમાંથી તેઓનો જીવન નિર્વાહ ચાલે છે. જે કંઈ આવક થાય છે તે અન ટુ ધી લીસ્ટ એટલે કે છેવાડાના માનવી સુધી મદદ મળી રહે છે. એટલે એક પ્રકારની પૂજા જ કહી શકાય. એના હાથમાં છે જાળ, મુખે સંધ્યા ત્રિકાળ, કોણ કહે છે ભકિત અહીં મલકી નથી, માછીમારીની જાત હવે બિચારી અને બાપડી નથી. આવું જે ગૌરવ પ્રાપ્ત થાય અને સરકાર આપણને આંગણે આવી મત્સ્ય બંદર અને મત્સ્ય કેન્દ્રોના વિકાસનું પવિત્ર કાર્ય કરે, માછીમાર ભાઈઓની તમામ પ્રકારની ચિંતા કરે એટલું જ નહીં પણ કુદરતી આફત વખતે પણ તેમની પડખે ઉભી રહે ત્યારે માછીમારોને માત્ર વોટબેંક ન ગણતાં છેલ્લા ૫૭ વર્ષમાં ન થયું હોય તેવું આ કાર્ય મુરબ્બી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ અને મુરબ્બી શ્રી ભુપેન્દ્રસિંહજીના માર્ગદર્શન હેઠળ આ સરકારે ગૌરવ અપાવ્યું છે. ત્યારે અમારી માગણી ઉપર જે કાપ દરખાસ્તો છે અને બીજા સાથી મંત્રીશ્રીઓની માગણી ઉપર પણ જે કાપ દરખાસ્તો લઈને આવ્યા છો મારે વિનંતી કરવાની છે કે આ તમામ કાપ દરખાસ્તો માનનીય સભ્યશ્રીઓ પાછી ખેંચી લે અને મારે પણ રાજકીય બાબતોથી પર રહીને આપણે બધા જયારે ગુજરાતની ચિંતા કરવા સાથે બેઠા છીએ ત્યારે મારે છેલ્લે એક વાત કરવી છેકે છોડો કલકી બાતેં, કલકી બાત પૂરાની, નયે દૌર સે લીખેંગે મિલકર નઈ કહાની, હમ ગુજરાતી, હમ હિન્દુસ્તાની.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓને હું વિનંતી કરું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષ તરફથી જે કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી છે એ તમામ કાપ દરખાસ્તો પછી ખેંચી લેવા માટે મંજૂરી આપવામાં આવે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ**: માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી તમામ કાપ દરખાસ્તો ક્રમાંક : ૫ થી ૯, ૧૧થી ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૭, ૨૯ ૩૦ અને૩૧ એક સાથે પાછી ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ થી ૯, ૧૧થી ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૪, ૨૭, ૨૯ ૩૦ અને૩૧ એક સાથે પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણી ક્રમાંક: ૬૪, ૬૬, ૬૭ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રોએ જે સહકાર આપ્યો અમારા બજેટની માગણી પાસ કરવા માટે એ તમામ સભ્ય મિત્રોનો હું આભાર માનું છું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૫૬ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૯ મી માર્ચ, ૨૦૦૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૮, ૧૯૨૬ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ગામ/પરાઓને માર્ગોથી જોડવા બાબત

***૧૦૩૯૬ શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રાજયના મહેસૂલી ગામો અને પરાઓને માર્ગોથી જોડાણ આપવા શું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**
પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૫૦૦ થી વધુ વસ્તીના ૧૧૯૪ ગામો/પરાને જોડાણ આપવાનું આયોજન છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૧૧૯૪ ગામોને જોડાણ આપવાનુ આયોજન છે તે કયા તબક્કામાં છે અને એનાથી આગળ વધીને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કુલ કેટલા કામો પૂર્ણ થયા છે અને કઈ સ્થિતિમાં છે? ત્રીજું જે કામો ત્યાં આગળ પૂર્ણ થયેલા છે તે એસ્ટીમેન્ટના પ્રમાણમાં ઓછા થયા છે તો બાકીના જે ગામો રહી ગયા હોય તે ગામોને જોડવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કુલ ચાર તબકકા રાજયમાં હાથ ધરાયેલ છે. તેમાં કુલ ૧૧૯૨ મંજૂર કામો થયા છે અને તેમાંથી ૧૧૯૪ ગામ પરાઓનો સમાવેશ આ કાર્યમાં કરવામાં આવ્યો છે. આ ૧૧૯૪ ગામ પરાઓમાંથી ૭૬૮ ગામ પરાઓને જોડવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. ૨૫૮ ગામ પરાઓને જોડવાનું કામ પ્રગતિમાં છે અને ૧૩૭ ગામ પરાઓને જોડવાનું કામ કે જે હમણાંના જ છે તે ટેન્ડરની પ્રક્રિયા ઉપર છે. ૩૧ ગામ પરા એવા છે કે જે અન્ય યોજનાઓમાં લેવાયેલ છે. માનનીય સભ્યશ્રીએ ખેડા જિલ્લાનો પ્રશ્ન પૂછયો તો ખેડા જિલ્લામાં ૫૯ રસ્તાઓના કામો મંજૂર કર્યા છે, તેમાંથી ૩૬ રસ્તાના કામ પૂર્ણ થયા છે અને ૧૮ કામો પ્રગતિ હેઠળ છે અને ૬ કામ શરૂ કરવાના બાકી છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ**: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જે ગામ પરાઓ છે તેમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઓમાં કાચા રસ્તાઓને જોડવામાં આવે છે. ખરેખર મેટલ રસ્તાઓને જોડવામાં આવતા નથી તો તેને આ યોજનામાં સામેલ કરવા માંગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, ચાર તબકકે વિવિધ યોજનાઓમાં પહેલાં ગામ પરાંઓને મેટલથી ડામરની જોડવાની કાર્યવાહી હતી ત્યારબાદ ગતવર્ષે તેની અપગ્રેડેશનની મંજૂરી આપેલી હતી. આમાં કુલ ૧૧૯૪ ગામ પરાંઓને વાત થયેલ છે. આમ આમાં મેટલ, ડામર અને અપગ્રેડેશન એ ત્રણેય બાબતોનો સમાવેશ કરેલ છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ગામો લેવાના ધારાધોરણો શું છે?

**અધ્યક્ષશ્રી** : નહીં, આની વિગતો આવી ગઈ છે.

**શ્રી હરજીવન હી. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ૫૦૦ની વસ્તીના ધોરણો છે તેની ગણતરી થોડા વર્ષો પહેલાં થયેલ છે. હાલની પરિસ્થિતિમાં ૫૦૦ની વસ્તી છે ત્યાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં તે ગામોને સમાવવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન શું છે?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦ની વસ્તી ૧૯૯૦-૯૧માં હતી અને હાલ વસ્તી ઘણી જગ્યાએ વધી ગઈ છે. અત્યારે તે ગામોમાં વસ્તી ૫૦૦ કરતાં વધારે છે તો તેવા ગામોને આ યોજનામાં સમાવવા માંગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, લેવા તો ચોક્કસપણે માગીએ છીએ, પરંતુ જે પ્રમાણે ગુજરાતને આમાં અન્યાય થઈ રહ્યો છે, ગુજરાતે જે પ્રમાણે પાકા રસ્તાઓનું જોડાણ આપેલ છે તે સમગ્ર દેશમાં સૌથી વધારે રૂરલ રોડ કનેકટીવીટી ૯૮.૭ છે. બધા રાજયોમાં પ્રથમ છે. તેમાં સેસના પૈસા જે કેન્દ્ર સરકાર આપે છે તે સેસના પૈસામાંથી જે ગામોને પહેલાં રસ્તા મળ્યા નથી તે ગામો માટે થઈને અન્ય રાજયોમાં ફંડ વધારે જાય છે અને આપણને ઓછું પ્રાપ્ત થાય છે. તેના માટે આપણે રજૂઆત કરી છે. હાલમાં ૨૦૦૦-૦૧માં વસ્તી ગણતરી કરવામાં આવી, એ ગણતરી મુજબ ૨૦૦૪૪ આવા ગામ/પરાંઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું, ૨૦૦૧ની

નવી વસતિ ગણતરી થઈ છે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી આ યોજનામાં વધારે ફંડની ફાળવણી થશે તો આગળ ઉપર એનો પણ વિચાર કરવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ**: માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયમાં કેટલાં ગામ/ પરાં રસ્તાથી બાકી છે અને ભારત સરકારમાંથી ચાલુ વર્ષે કેટલી ગ્રાન્ટ ફાળવી છે અને રાજય સરકારે શું આયોજન કર્યુ છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કહ્યું એ પ્રમાણે એક હજારની વસતિના કુલ ગામ/પરાં ૧૧૧૭૫ હતાં, એમાંથી જોડવાના બાકી ગામ/પરાંની સ્થિતિ ૪૭૨ હતા, એમાંથી પીએમજીએસવાયમાં ૩૮૪ મંજૂર કર્યા છે, અન્ય યોજનામાં પર જોડ્યાં અને હવે એક હજારથી વધુ વસતિના પાકી સડકથી જોડવાના ફક્ત ૩૬ ગામ /પરાં બાકી છે. ૫૦૦થી ૯૯૯ની વસતિવાળા ૮૮૬૯ ગામ/પરાં હતાં, એમાંથી ૨૨૮૮ જોડવાના થતા હતા, એમાંથી પીએમજીએસવાયમાં ૫૬૯ જોડ્યાં છે અને અન્ય યોજનામાં ૫૦ જોડ્યાં છે. જયાં ૫૦૦થી ઉપરની વસતિ છે એમાં ૧૫૪૯ ગામ/પરાં જોડવાના બાકી છે અને દર વર્ષે લગભગ ૫૦ થી ૬૦ કરોડ રૂપિયા પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના દ્વારા રાજયને પ્રાપ્ત થાય છે એ રકમમાંથી મોટા ગામોની સ્થિતિએ એ કામો આપણે હાથ ઉપર લેતા જઈએ છીએ.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, દસાડા તાલુકાનો સુરેલ વીસનગર રોડ છે એને પ્રધાન મંત્રી સડક યોજનામાં લીધેલ છે કે કેમ ? અને જો લીધો હોય તો કેટલો ખર્ચ કર્યો છે અને કેટલા મીટર લંબાઈ છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનો સવાલ છે એટલે પર્ટીક્યુલર રોડનો પ્રશ્ન છે, એટલે જો માનનીય સભ્યશ્રી રૂબરૂ મળશે તો બધી માહિતી આપીશ.

**અધ્યક્ષશ્રી** : આ આખા રાજયનો સવાલ છે એટલે પર્ટીકયુલર નહીં કહેવું જોઈએ, આપ મંત્રીશ્રીને મળી લેજો.

## સોનગઢ તાલુકાના બોરદા અને આસપાસના વિસ્તારના ખેડૂતોને વન ખાતા તરફથી જમીનની સનદો આપવા બાબત

***૧૧૬૯૧ શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના બોરદા અને આસપાસના વિસ્તારના આદિવાસી અસરગ્રસ્ત ખેડૂતોને વન ખાતા તરફથી જમીન ખેડાણ માટે સનદ આપવામાં આવી છે એ હકીકત સાચી છે,

(૨) જો હા, તો સનદ આપવામાં આવેલ હોવા છતાં જમીનનો કબજો હજુ સુધી ન આપવાનાં શાં કારણો છે, અને

(૩) જમીન ખેડાણનો કબજો સરકાર કેટલા સમયમાં આપવા માગે છે?

**વન મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાંતિલાલ રે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ આપ્યો છે તે ખોટો આપ્યો છે...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જવાબ ખોટો છે એવું આપ નહીં કહી શકો, જવાબમાં ભૂલ હોય તો વાત કરી શકો છો.

**શ્રી કાંતિલાલ રે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, જમીન ખેડાણ અંગેની સનદ બતાવવા માગું છું. બોરદા અને આસપાસનો વિસ્તાર મારા મત વિસ્તારમાં છે. આ બાબત માનનીય મંત્રીશ્રીનું ધ્યાને હું ઘણીવાર લાવ્યો છું અને વન ખાતાના સંબંધિત અધિકારીઓને પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા મેં જણાવેલ છે, આજે પણ હું સનદ સાથે લાવ્યો છું એટલે આપશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ખેડૂતોને જે સનદમાં જમીન બતાવેલી છે એ જમીન ખેડૂતોને મળે તેવી આશા સાથે વિરમું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે આ લોકોને જમીન ફાળવી નથી પણ બિનઅધિકૃત રીતે વન જમીનની જમીન ખેડતા હોય એવા લોકોને જમીન આપવાનું કામ મહેસૂલ વિભાગ કરે છે. બોરદાની આસપાસની કુલ ૫૦૮ જેટલા ઈસમોને ૭૯૯.૩૨ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે અત્યારે કબજો તો જે તે ઈસમો પાસે છે. પણ માર્કિંગની જે વિગત છે એ માર્કિંગ એ મેના એન્ડ સુધીમાં કરી આપશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, આ સનદો જે આપવાની છે એ ૧૯૯૨ના જીઆર મુજબ આદિવાસીઓ જે જમીન જંગલની ખેડતા હતા અને જે સ્થળાંતર થયેલા છે એ સ્થળાંતર થયેલા કેટલા આદિવાસીઓ છે અને કેટલી જમીન એ લોકોને આપવા માગો છો? અને હાલમાં કેટલા લોકો એવી જમીન ખેડે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે તબક્કા છે. ૧૯૬૭માં ૧૧૧૧૬ ઇસમોએ જંગલની જમીન માટેની અરજી કરેલી એમાં ૧૧૧૦૪ જેટલાને જમીન આપવામાં આવી છે અને ૬૨ જેટલા છે એ જુદા જુદા

કારણોસર પોતે ત્યાં નથી કાં તો મૃત્યુ પામ્યા છે એવા લોકો છે અને ૮૦ની જો વાત કરીએ તો ૩૪૪૪૧ ઇસમોને આ જમીન આપવામાં આવી છે, સનદો આપવામાં આવી છે.

**શ્રી કાંતિલાલ રે. ગામીત**: માનનીય અધ્યક્ષશ્રી, સનદો આપવામાં આવી છે પણ સ્થળ બતાવવામાં આવેલ નથી.

**શ્રી મંગુભાઈ છ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, જે કહ્યું એ પ્રમાણે આ માર્કીંગની જે વાત કરવાની છે તે સ્થળ ઉપર બતાવવામાં આવ્યું છે, બોરદામાં ૫૦ લોકોને ૯૬.૩૨ હેકટર બોરદા રિઝર્વ ફૉરેસ્ટ સરવે નંબર:૧૪૪માં આપેલી છે, આવા લગભગ ૫૦૮ જેટલા ઈસમો છે. એને જુદા જુદા રિઝર્વ ફોરેસ્ટના સરવે નંબરમાં જમીન આપેલ છે એમાં સરવે નંબર ૧૪૪,૧૧૮,૧૫૫,૬૩/૨૩, ૩૮ પૈકી આ જમીન આપવામાં આવેલ છે.

**સુરત, વડોદરા અને ભરુચ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

***૧૦૬૦૨ શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નાણાકીય વર્ષમાં ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં સુરત, વડોદરા અને ભરુચ જિલ્લામાં કેટલા અને કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.
(૨) દર વર્ષે વાવવામાં આવેલ વૃક્ષો પૈકી કેટલા વૃક્ષો હાલ જીવીત છે, અને
(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી :-**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૨૦૦૩, અને ૨૦૦૩-૨૦૦૪માં સુરત, વડોદરા અને ભરુચ જિલ્લામાં કુલ ૨૦૮.૨૩ લાખ વૃક્ષોનું વાવતેર કરેલ છે જેમાં વડ, પીપળ, કણજી, રાયણ, દેશીબાવળ, સુબાવળ, ખાટીઆમલી, સાગ, શરૂ, પેલ્ટોફોરમ, આમળા, પીપળો, વાંસ, ગોરસઆમલી, મહુડા, લીમડા, જાંબુ, બહેડા, અર્જુન, સાદડ, સરગવો, કાશીદ, નીલગીરી, ખેર વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.
(૨) વાવવામાં આવેલ વૃક્ષો પૈકી હાલ ૧૩૧.૧૦ લાખ વૃક્ષો જીવીત છે.
(૩) આ કામગીરી પાછળ રૂા.૨૧.૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછેલ કે, સુરત, વડોદરા અને ભરૂચમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે? તેનો જવાબ એવો છે કે, ૨૦૮.૨૩ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પૈકી ૧ કરોડ ૩૧ લાખ ૧૦ હજાર વૃક્ષો એમાં જીવીત છે. હું કહેવા માગુ છું કે, વર્ષોથી આપણે, છેલ્લા ૫૫ વર્ષથી વૃક્ષ વાવેતર કાર્યક્રમ કરતા આવ્યા છીએ ગુજરાતને નંદનવન કરવા માટે, પરંતુ ખાલી પ્લાન્ટેશન થાય છે પોલિથીન બેગ લેવાય છે ખાડા ખોદાય છે વગેરે થાય છે ત્યારે આ ગુજરાત માટે ગંભીર પ્રશ્ન છે. ગુજરાતની પ્રજાના પૈસા વેડફાઈ છે. (અંતરાય) પ્રશ્ન એ છે કે, આજના દિવસમાં તમે જોતા હશો કે કોઈ પણ જગ્યાએ વૃક્ષોનું વાવેતર થાય છે ત્યાં બીજા કે ત્રીજા વર્ષે વૃક્ષો હોતા નથી અને માત્રને માત્ર પેપર ઉપર કાર્યક્રમ થાય છે. વૃક્ષોના ખાડા ખોદાય છે, પોલિથિન બેગ લેવાય છે, વૃક્ષા રોપણ કાર્યક્રમ થાય છે ત્યારે આ જે જવાબ મળ્યો છે એનાથી મને સંતોષ નથી ત્યારે પુછવા માગુ છું કે, આ વૃક્ષો કયાં છે? ત્રણ વર્ષ પછી આ વૃક્ષો જીવીત છે કે નહીં એનું પ્રમાણપત્ર કયા માપદંડના આધારે આપવામાં આવે છે? આ જે વૃક્ષો વાવેલા છે એ પર્યાવરણ વિભાગે વાવ્યા છે, કોઈ સ્વૈચ્છિક સંસ્થાએ વાવ્યા છે કે કોઈ ખેડૂતે વાવ્યા છે? અને એના ઉછેરનું પ્રમાણપત્ર કોના દ્વારા આપવામાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : આ વૃક્ષો જીવીત છે કે કેમ એનું પ્રમાણપત્ર આપવાની કોઈ વ્યવસ્થા છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ એ રીતે આપું જે રીતે એમણે પ્રશ્ન પૂછયો છે. આના માટે ૧ x ૧ ફૂટના ખાડા ખોદવામાં આવે છે, ૧.૫ x ૧.૫ ફૂટના ખાડા ખોદવામાં આવે છે એમાં વર્ષવાર ૨૦૦૧-૨૦૦૨માં ૩૮.૩૩ વડોદરા, ૩૮.૭૦ ભરુચમાં...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સાચું છે એમાં શંકા નથી.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જે રોપા રોપવામાં આવે છે એમાં પહેલીવાર વાવીએ ત્યારે વરસાદ સારો હોય તો તે વખતે ગ્રોથ સારો થાય છે. જો વરસાદ બંધ થઈ જાય અને વધારે ગરમી હોય તો વૃક્ષો મૃત્યુ પામે છે. એમણે પૂછયું દક્ષિણ ગુજરાતમાં, તો દક્ષિણ ગુજરાતમાં વધારે વરસાદના કારણે લગભગ ૬૦ ટકા જેટલા રોપાઓ જીવીત છે.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : આ વૃક્ષો વાવ્યા છે એ કોના દ્વારા ઉછેરવામાં આવ્યા છે એની ગણતરી કયા આધારે કરવામાં આવે છે? દર વર્ષે કરોડોના ખર્ચના આંકડા આપવામાં આવે છે ત્યારે ગુજરાતમાં વૃક્ષો કયાંય જોવા મળતા નથી. ઉલટાના ખેર અને સાગના જંગલો નાશ થતા જાય છે, વૃક્ષો ઓછા થતા જાય છે ત્યારે હું કહેવા માગું છું કે, વૃક્ષો જીવીત છે કે કેમ એનું પ્રમાણ કયા આધારે નકકી કરવામાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : જે જીવીત હોય એની ગણતરી કરે છે. ખાડા ખોદયા હોય એ કેટલા ખોદયા એની ગણતરી કરવામાં આવે છે અને જેટલા વૃક્ષો વાવ્યા છે એમાંથી કેટલા જીવતા છે એની ગણતરી કરવામાં આવે છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ભરુચ, સુરત અને વડોદરામાં દર વર્ષે જે પ્લાન્ટેશન થાય છે એમાં રેન્જ અને રાઉન્ડમાં મારી જાણ મુજબ ૨.૫૦ લાખ રોપા રોપવામાં આવ્યા છે. એમાં દર વર્ષે કેટલો ખર્ચ થાય છે, એમાં કેટલા જીવીત રહ્યા છે? રાઉન્ડ ફોરેસ્ટર, આર.એફ.ઓ., ડી.એફ.ઓ.ના રિપોર્ટ મુજબ દર વર્ષે એની પાછળ થયેલ ખર્ચ પ્રમાણે એટલા રોપાઓ જીવીત રહ્યા છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું જોઈએ કે, કેટલીક જગ્યાએ માત્રને માત્ર એના ખાલી હેક્ટર બતાવવામાં આવે છે, ખાડા બતાવવામાં આવે છે, પ્લાન્ટેશન બતાવવામાં આવે છે અને કાગળ ઉપર જ આ બધો ખર્ચ થાય છે એ વાત સાથે હું પણ સંમત છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ મંજૂરી આપો તો ગૃહને કહેવા માગું છું કે, અનેક રેન્જ અને રાઉન્ડમાં આના પુરાવા આપવા પણ હું તૈયાર છું. મારો પ્રશ્ન એ છે કે, અઢી હેક્ટરની અંદર પ્લાન્ટ થાય છે, રોપા થાય છે, તેની અંદર કેટલો ખર્ચ થયો, કેટલા પ્લાન્ટેશન થયા છે એમાંથી કેટલા રોપા જીવીત છે? એની પાછળ ફોરેસ્ટના આર.એફ.ઓ. નું સુપરવિઝન થાય છે કે કેમ એ મારે જાણવું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આના માટે અલગ નોટિસ આપવી પડશે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષવાર મેં કહ્યું એ પ્રમાણે સુરતમાં ૨૦.૮૪ એટલે કે ૫૪ ટકા રિઝલ્ટ છે, વડોદરામાં ૨૪.૧૮ ટકા એટલે ૬૨ ટકા વૃક્ષ જીવતા છે અને ભરૂચમાં ૮.૨ એટલે કે ૫૮ ટકા પરિણામ છે. એમણે જે વાત કરી એ વન વિસ્તારની વાત કરી આ સામાજિક વનીકરણની વાત છે.

**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ અધૂરો છે, હું એમ કહું છું કે, કયા આધારે આ નક્કી કરવામાં આવે છે પાંચ સભ્યોની કમિટિ નીમો કે આ રોપા અહીંયા રોપાયા છે, કયા વર્ષમાં રોપાયા છે અને એમાં જીવતા છે કે કેમ? એની વિજિલન્સ દ્વારા તપાસ પણ કરવામાં આવે છે કે રોપાયા ક્યાં છે અને કયા આધારે ખર્ચો કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને જવાબ આપવા દો આપ. ખરેખર અટકળે બધા આંકડા મૂક્યા છે કે પછી ખરેખર ચકાસીને મૂક્યા છે અને ખરેખર સાચું શું છે એ ખ્યાલ આવે. ધીરૂભાઈનો પ્રશ્ન છે એનો જવાબ મળવો જોઈએ માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, પહેલાંના વખતમાં ગાંડા બાવળ વાવવામાં આવતા હતા અને ફરી પાછા એને કાઢવામાં આવતા હતા એટલે આ ગાંડા બાવળ વાવવાના બંધ થયા છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : નહિ નહિ આમાં આ નહિ આવે, નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક:૪

### અમદાવાદ જિલ્લામાં બાળકોના આરોગ્યનું સર્વેક્ષણ કરવા બાબત

***૧૧૭૮૨ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે:-

(૧) તાજેતરમાં અમદાવાદ જિલ્લાના બાળકોના આરોગ્યનો સર્વેક્ષણ કરવામાં આવ્યો છે તેમાં કેટલી વય જૂથના કેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે,

(૨) આ સર્વેક્ષણમાં બાળકોમાં કયા કયા રોગો માલૂમ પડ્યા છે,

(૩) ગંભીર પ્રકારની બિમારીમાં સપડાયેલા કેટલા બાળકો હતાં, અને

(૪) આવા બાળકોના આરોગ્યની સારવાર માટે સરકારે શું ઉપાયો લીધા છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ૦ થી ૧૪ વર્ષની વય જૂથના કુલ ૯,૯૯,૯૫૦ બાળકોને.

(૨) પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતરોગ, આંખરોગ, ચામડીના રોગ, હ્રદયરોગ, કિડની, કેન્સર વિગેરે,

(૩)

| | |
|---|---|
| હ્રદયના | ૩૧૮ |
| કિડનીના | ૦૪૨ |
| કેન્સરના | ૦૦૩ |
| થેલેસેમિયાના | ૦૦૧ બાળકો હતા. |

(૪) આ ગંભીર રોગોની સારવાર સુપર સ્પેશ્યાલિસ્ટ દ્વારા ઉચ્ચકક્ષાની હોસ્પિટલોમાં વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી સૌપ્રથમ તો અમદાવાદ જિલ્લાના ૧૦ લાખ બાળકોના આરોગ્યનો સર્વેક્ષણ કરવામાં આવ્યો અને તેમાં પણ ૩૬૪ બાળકોને ગંભીર પ્રકારની બિમારીની સરકાર તરફથી સારવાર કરવામાં આવી એ બદલ માનનીય મંત્રીશ્રીને હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. સાથે સાથે હું એ જાણવા માગું છું કે, રાજ્યના કુલ કેટલા બાળકોને આમાં આવરી લેવામાં આવ્યા અને એમાં અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના કેટલા બાળકોની તપાસણી કરવામાં આવી છે અને શાળાએ ન જતાં બાળકોનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ દેશમાં ફક્ત એક ગુજરાતમાં જ આ પ્રકારની યોજના ચાલે છે. એમાં એકાદ કરોડ કરતાં વધારે બાળકો, સ્કૂલે જતાં ન જતાં તેમજ આંગણવાડીના તમામ બાળકોને આમાં આવરી લેવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૯,૯૯,૯૫૦ બાળકોની આ યોજના હેઠળ ચકાસણી કરવામાં આવી

એમાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન વિસ્તારના ૬,૨૦,૧૨૮ બાળકોની તપાસણી કરવામાં આવેલ છે તેમજ શાળાએ ન જતાં ૨૮૩૮૮ બાળકોની પણ સાથે સાથે તપાસણી કરવામાં આવેલ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, ગંભીર પ્રકારની બિમારીમાં સપડાયેલામાં એક થેલેસેમિયાનું બાળક હતું એવું માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવેલ છે આમ જોવા જઈએ તો આ રોગની કોઈ સારવાર નથી. પણ બ્લડ ટ્રાન્સફ્યુશન કરવું પડે છે. પરંતુ જો બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો એમાં એને રાહત મળે છે અને વેલ્લોરની હોસ્ટિપલમાં તેની સફળ સારવાર થાય છે.તો આ બાળકોને વેલોર હોસ્પિટલમાં મોકલવા માટેની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? આ કાર્યક્રમ દરમિયાન ડબલ્યુ.એચ.ઓ.ની કોઈ ટીમ આવી હતી કે કેમ? અને તેના પોતાના શું મંતવ્યો રજૂ કર્યા?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જે બાળકો ૯ લાખ ૯૯ હજાર જેટલાની ચકાસણી કરવામાં આવી તેમાંથી હ્દયની સારવારવાળા ૩૧૮, કિડનીવાળા ૪૨, કેન્સરવાળા ૩, અને થેલેસેમિયાના ૧ને, થેલેસેમિયાનો માનનીય સભ્યશ્રીએ વિચાર વ્યક્ત કર્યો છે તે મુજબ થેલેસેમિયાની સીધી કોઈ સારવાર હોતી નથી પરંતુ school health check-up programmeમાં આ પ્રકારનો રોગ જ્યારે માલૂમ પડે છે કારણકે થેલેસેમિયાવાળા બાળકના માતા-પિતાને ખ્યાલ ના હોય કે તેના બાળકને થેલેસેમિયા છે, પરંતુ આરોગ્યની ચકાસણી દરમિયાન માલૂમ પડેલ છે એટલે તેની તમામ પ્રકારની સારવાર રાજય સરકારના શિરે રહે છે અને તે પ્રકારની સારવાર કરે છે. બીજું જે સૂચન કર્યુ છે તે સૂચન પણ ચોક્કસપણે ધ્યાને લઈને કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યથી પ્રભાવિત થઈને જે ડબલ્યુ.એચ.ઓ.ની ટીમની વાત કરી તો ડબલ્યુ.એચ.ઓ.ની ટીમ જુદા જુદા ચાર લોકો સ્વિટ્ઝરલૅન્ડ, Geneva થી અને યુ.એસ.એ.થી અહીંયા અભ્યાસ માટે આવેલા અને આ પ્રકારે શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગનું સંકલન અને એક ગામડાંથી લઈને પાટનગર સુધી તમામ કર્મચારી-અધિકારીઓનું સંકલન તે બાબતે ખૂબ ખુશી વ્યક્ત કરી છે અને તેની સાથો સાથ તેમણે સારા આરોગ્ય વર્ધક કાર્યક્રમ પણ સમગ્ર દેશની અંદર ગુજરાતમાં પહેલી વખત હાથ ધર્યો છે અને મોડલ તરીકે પાંચ જિલ્લાઓનો સમાવેશ કર્યો છે અને તેના દ્વારા એક કરોડ બાળકો દ્વારા સ્વસ્થ્ય સમાજના નિર્માણ માટે તે બાળકો સ્વાસ્થ્ય માટે થઈને દૂત બનશે તે પ્રકારનો પહેલો વહેલો કાર્યક્રમ આ પ્રકારે ગુજરાતમાં સમગ્ર દેશની અંદર તેમણે હાથ ધરવાનો નિર્ણય કરેલો છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા અનુભવના આધારે calcium deficiencyનું પ્રમાણ ઘણું વધારે હોય છે બાળકોની અંદર આના માટેનું કોઈ આયોજન કરવામાં આવ્યું અને બીજું બાળકોમાં જે આંખની તકલીફ હોય છે તો તેના સંદર્ભમાં તપાસ કરીને મફત ચશ્મા આપવામાં આવે છે કે નથી આપવામાં આવતા?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ ખામીઓ જેમ કે બધું કહીશ તો લિસ્ટ લાંબુ છે પણ બધા જ પ્રકારની ખામીઓની ચકાસણી કરવામાં આવે છે તેમાં સામાન્ય રોગ, ગંભીર પ્રકારના રોગ વગેરે રોગોની ચકાસણી કરવામાં આવે છે ચશ્માની વિગતમાં અમદાવાદ જિલ્લામાં ૧૫૮૯ અને અમદાવાદ કોરપોરેશનમાં ૯૧૮૯ કુલ મળીને ૧૦૭૭૮ બાળકોને વિના મૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અભિયાનની અંદર ઉચ્ચ કક્ષાની હૉસ્પિટલોમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવેલી તો આ સેવા યજ્ઞની અંદર કઈ કઈ ઉચ્ચ કક્ષાની હૉસ્પિટલો આ સેવા યજ્ઞમાં જોડાયેલી હતી તે માહિતી હોય તો માનનીય મંત્રીશ્રી આપે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ત્યાં જે મૅડિકલ ઑફિસરો અને બાકીની સ્થિતિમાં ચકાસણી કરીને જે સારવાર આપવામાં આવે છે તેમાં હ્દય , કિડની, કૅન્સર વગેરે ઇન્સ્ટિટ્યૂટ આ કાર્યમાં જોડાય છે. તેની સાથો સાથ રાજય બહારની અંદર કોઈ સંસ્થાની જરૂરિયાત હોય તો તે મુખ્યમંત્રીશ્રીની રાહતનીધિ ફંડમાંથી ઉપયોગ કરીને તે બાળકોને સારવાર આપવામાં આવે છે. અહીંયા જ્યાં સુધી આપણને કન્સર્ન છે ત્યાં સુધી યુ.એન.મહેતાની હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, કિડની ઇન્સ્ટિટ્યૂટ અને કેન્સર ઇન્સ્ટિટ્યૂટ જે સિવિલ કેમ્પસમાં રહેલાં છે તે ત્રણે સંસ્થાઓને આ કાર્ય સાથે જોડવામાં આવેલ છે.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય**: માનનીય અધ્યક્ષશ્રી, આ થેલેસેમિયાના જે દર્દીઓ છે દરેક જગ્યાએ થેલેસેમિયાના કેસો હોય છે અને તે લોકોનું એસોસિએશન પણ બનેલું હોય છે. તે લોકોની ઘણી બધી માગણીઓ સરકાર પાસે છે. તો આ બધી જ.

**અધ્યક્ષશ્રી** :આમાં માગણીનો સવાલ નહીં આવે, પ્લીઝ..

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે ગંભીર પ્રકારના ૩૧૮ કેસો નોંધવામાં આવ્યા તેમાં ઓપરેશનને લાયક કેટલા હતા અને કેટલાનું ઓપરેશન કરવામાં આવ્યું અને બાકીનાનું ઓપરેશન ક્યારે કરવામાં આવશે? કારણકે એવું જાણવા મળેલ છે કે જે બાળકો છે તેને સ્કૂલમાંથી વારંવાર હોસ્પિટલમાં જવું પડે છે અને જલદીથી ટાઈમ નથી મળતો એટલે ઓપરેશન થઈ શકતાં નથી.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે છેલ્લા ૨ વર્ષમાં બેકલોગ હતો, એના લગભગ ૮૦ ટકા બેકલોગનો નિકાલ થયો છે. અહીંયા પ્રશ્ન પૂછયો છે એમાં ૩૧૮ હૃદયના દર્દીઓ હતા, એમાંથી ૨૬૩ દર્દીઓની સારવારની કાર્યવાહી પૂર્ણ થયેલી છે. બાકીની પ્રક્રિયામાં છે. અત્યાર સુધી સ્કૂલ હેલ્થ પ્રોગ્રામમાં પીડીયાટ્રીક અને કાર્ડીયાક માટે મુંબઈ, મદ્રાસ અને આંધ્રમાં જવું પડતું હતું. રાજય સરકારે હમણાં જ વિચારણા કરેલી છે કે પ્રાઈવેટ હેલ્થ ઈન્સ્ટિટયૂટ અને ગવર્નમેન્ટ હેલ્થ ઈન્સ્ટિટયૂટ જે રહેલા છે અને

પીડીયાટ્રીક અને કાર્ડીયાકની ટ્રીટમેન્ટ માટેની સ્થિતિ પ્રાપ્ત કરેલી છે એનો ઉપયોગ કરીને આગામી દિવસોમાં બધા જ બાળકોને કાર્ડીયાકને લગતી સારવાર ગાંધીનગર, અમદાવાદ વગેરે જગ્યાએ ઘર આંગણે થઈ શકશે.

**શ્રી જગદીશ ઠાકોર**: બાળકોને ગંભીર પ્રકારના ઓપરેશનનો ખર્ચ આવે છે તે મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી વ્યવસ્થા થાય છે અને ફંડ મળે છે, ખર્ચ વધારે થાય છે. કોઈ ગરીબ વિદ્યાર્થીઓ હોય એને વિના મૂલ્યે સારવાર આપવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : એક કરોડથી વધારે બાળકોની આરોગ્ય ચકાસણી થાય છે. ગમે તેટલો ખર્ચ થાય, એક લાખ હોય કે દસ લાખ હોય, તમામ ખર્ચ અને તમામ સારવાર વિના મૂલ્યે જ આપવામાં આવે છે.

## ગુજરાત પેટર્ન નીચે ફાળવેલ રકમો

*૧૧૯૮૩ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા)** : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ડિસે.-૪ની સ્થિતિએ "ગુજરાત પેટર્ન" હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમો ફાળવી હતી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ યોજના હેઠળ જિલ્લાવાર કયા કયા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, નાણાકીય વર્ષ ૨૦૦૪-૫માં કુલ કેટલી રકમો ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં ખર્ચવામાં આવી ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) અને (૨) ડિસે.-૦૪ની સ્થિતિએ ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ નીચે શાંવેલ રકમો ફાળવી હતી, ખર્ચ કરવામાં આવ્યો હતો અને જીલ્લાઓમાં કામો થયા હતા.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | કરવામાં આવેલ ખર્ચ (રૂા.કરોડમાં) | જીલ્લાઓમાં પુર્ણ થયેલ કામોની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૯૧.૩૧ | ૧૯૦.૫૮ | ૭૫૨૭ |
| ૨૦૦૪-૦૫ | ૯૬.૨૮ | ૭૪.૬૩ | ૫૭૩૩ |
| ડિસે.૦૪ અંતિત | | | |
| કુલઃ- | ૨૮૭.૫૯ | ૨૬૫.૨૧ | ૧૩૨૬૦ |

આ યોજના હેઠળ જીલ્લાઓમાં થયેલ મહત્વના કામો અને ખર્ચની સદરવાર વિગતો આ સાથેના પત્રક--અ મુજબ છે.

### પત્રક--અ
### ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા બે વર્ષમાં (ડિસે. ૦૪ની સ્થિતિએ) જિલ્લાઓમાં થયેલ મહત્વના કામો અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સદરનું નામ | મહત્વના કામો | કુલ કામોની સંખ્યા | | ખર્ચવામાં આવેલ રકમ | |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (ડીસે. ૦૪ સુધી) | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (ડીસે. ૦૪ સુધી) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પાક કૃષિ | બિયારણ કીટસ, તાડપત્રીની યોજના, થ્રેસર ખરીદી સહાય, ફળવાડીની યોજના, બાગાયત, ખેત ઉપયોગી સાધન સહાય, અનાજ, ઉપણવાના પંખા, જમીન સુધારણા | ૨૫૫૫ | ૪૩૨૦ | ૭૦૧.૪૭ | ૩૨૭.૬૬ |
| ૨ | પશુપાલન | દુધાળાઢોરની યોજના, કૃત્રિમ બીજદાન, પશુસુધારણા કાર્યક્રમ, ઓટોમેટીક મીલ્ક સ્ટેશન કોમ્પ્યુટરાઈઝ સેન્ટર, મોબાઈલ પશુદવાખાના, દુધ મંડળીઓને દૂધ ઘર બાંધકામ સહાય, બોઈલર ફાર્મની સ્થાપના | ૭૭૭ | ૩૫ | ૪૮૮.૧૧ | ૨૭૫.૮૧ |
| ૩ | વન નિર્માણ | વન વિસ્તારમાં વોટર હીરવેસ્ટીંગ સ્ટ્રકચર, વન કુટીર બનાવવા, વન બાગ ઉદ્યાન યોજના, વન તલાવડી, ફળાઉ ઔષધિય રોપાની નર્સરી યોજના | ૩૩૯ | ૨૭ | ૪૨૮.૬૮ | ૨૩૪.૯૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | નાની સિંચાઈ | ચેકડેમ, સ્ટોરેજ તળાવ, ચેકવોલ, નહેર સુધારણા, લીફ્ટ ઈરીગેશન, જુથ પિયત યોજના, અનુશ્રવણ તળાવની યોજના, પુર સંરક્ષણ દિવાલ, પાતાળ કૂવા વીજળીકરણ યોજના, સિંચાઈ બોર યોજના. | ૭૬૮ | ૫૦ | ૫૫૬૩.૪૮ | -- |
| ૫ | ઉર્જા | પેટા પરાં વિજળીકરણ, કુવા વિજળી જોડાણ, ગોબર ગેસ પ્લાન્ટ, સોલર ફાનસ યોજના, સોલર વોટર હિટર યોજના. | ૨૦૨ | ૬૮ | ૧૨૦૬.૮૧ | ૬૨૯.૦૦ |
| ૬ | માર્ગ, મકાન | રસ્તાઓ પુલો | ૧૩૫ | ૬૪ | ૧૫૧૪.૯૯ | ૭૩૨.૦૪ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૭ | આરોગ્ય અને તબીબી સેવાઓ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પલંગ, ગાદલા, બ્લેન્કેટ પુરા પાડવા, પ્રા.આ.કે. ઓકસીજન સીલીન્ડર પુરા પાડવા, ફ્રીજ, ડીલીવરી ટેબલ, ઓપરેશન ટેબલ, લેબોરેટરીના સાધન આયુર્વેદીક દવાખાના બાંધકામ, સર્વ રોગ નિદાન કેમ્પ, આયુર્વેદિક મોબાઈલ યુનીટ, લેસર મશીન, લેબોરેટરીના સાધનો. | ૪૯ | ૨૫ | ૫૭૯.૨૨ | ૨૮૬.૨૨ |
| ૮ | પાણી પુરવઠા અને સ્વચ્છતા | હેન્ડપંપ, પાઈપ લાઈન, સબમર્સીબલ પંપ ઓવરહેડ ટેન્ક, કુવા, બોર | ૯૯૭ | ૬૮૯ | ૨૨૪૭.૯૫ | ૧૫૧૯.૩૬ |
| ૯ | આવાસન | સરદાર આવાસ યોજના, મકાન સહાય. | ૨૦૧ | ૩૯ | ૯૮૫.૩૪ | ૬૮૮.૨૩ |
| ૧૦ | અન્ય સદરો જમીન અને જળ સંરક્ષણ, મત્સ્યોદ્યોગ, સહકાર, ઉદ્યોગ અને ખાણ, નાગરિક પૂરવઠા, સામાન્ય અને તાંત્રિક. શિક્ષણ, પછાત વર્ગ કલ્યાણ, શ્રમ રોજગાર, પોષણ, મધ્યાહન ભોજન | જમીન સંરક્ષણ, ક્યારી મેકીંગ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર, દૂધ મંડળી માટે સહાય, મીલ્ક કલેકશન સ્ટેશન, મત્સ્ય બીજ, જાળ, બોટ, નેટ, માછલી બિયારણ, સહકારી મંડળીઓના ગોડાઉન, શોપીંગ સેન્ટર, ખેત ઉત્પાદન બજાર સમિતિ માટે શેડ, હાટ બજારનો વિકાસ, કોમ્યુનીટી હોલ, આંતરિક રસ્તા, પંચાયત દ ાર બાંધકામ, તાલીમ વર્ગ માટે સહાય, શિવણ વર્ગ સ્ટાઈપેન્ડ, કોમ્પ્યુટર તાલીમ, ટુલકીટ્સની યોજના, પ્રા. શાળા/માધ્યમિક શાળાના ઓરડા, સંગીત સાધનો, ટર્નર ફીટરના તાલીમ વર્ગો, મોટર ડ્રાઈવીંગ તાલીમ, આશ્રમશાળા અને છાત્રાલયોની સુવિધા, બ્યુટી પાર્લર કોર્સ, લશ્કરી ભરતી પૂર્વ સંરક્ષણ તાલીમ, આંગણવાડીનું બાંધકામ | ૧૫૦૪ | ૪૧૬ | ૫૩૪૧.૯૮ | ૨૭૬૯.૯૯ |
| | | **કુલ** | **૭૫૨૭** | **૫૭૩૩** | **૧૯૦૫૮.૦૩** | **૭૪૬૩.૨૪** |

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મેં ગુજરાત પેટર્નની અંદર સને ૨૦૦૪-૦૫ માં કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે અને દરેક જિલ્લા વાઈઝ કેટલી રકમ ખર્ચવામાં આવી છે તે માહિતી માનનીય મંત્રીશ્રી પાસે માગી હતી. મને જે જવાબ આપવામાં આવ્યો છે તે ગોળગોળ આપવામાં આવ્યો છે. મેં જિલ્લા વાઈઝ કયા કયા ઝોન હેઠળ કેટલી રકમ ખર્ચવામાં આવી અને કેટલી બાકી રહેલી, એમાં ૨૦ કરોડની રકમ વણ વપરાયેલી રહી છે. એના માટે જવાબદાર કોણ? મારે એ જાણવું છે કે ગુજરાત સરકાર જયારે એમ કહે છે કે આદિવાસીઓ માટેની ગુજરાત પેટર્નમાં ૨૦૯ કરોડ રૂપિયા ગયા વર્ષે ફાળવેલા હતા અને તેમાંથી પણ ૨૦ કરોડ રૂપિયા વણ વપરાયેલા રહ્યા છે. એની સાથે મારે એ જાણવું છે કે દરેક જિલ્લા વાઈઝ માહિતી મેં માગી છે અને મને તે આપવામાં આવી નથી અને

માનનીય મંત્રીશ્રીએ મને ગોળગોળ જવાબ આપી દીધો છે. આપના દ્વારા તેમની પાસેથી જિલ્લા વાઈઝ માહિતી હું માગુ છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : વિગતવાર જવાબ આપ્યો છે. એમણે વાત કરી છે તે પ્રમાણે ૨૦૦૪-૦૫ માં જે કામો થયા છે, પૂર્ણ કામો છે, એમાં ૫૭૩૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. અત્યારે જે કામો પ્રગતિમાં છે એ કામો માર્ચના એન્ડ સુધીમાં આ કામના ખર્ચની વાત છે. ૨૨ કરોડ રૂપિયા વણ વપરાયેલા પડી રહ્યા છે, તે ખર્ચ તો ૩૧ મી માર્ચ સુધીમાં આપણે કરી શકીએ છીએ. ૨૦૦૪-૦૫ માં જે કામો પ્રગતિ હેઠળ છે એવા ૨૨૪૯૨ કામો પ્રગતિ હેઠળ છે. આ તો ડિસેમ્બર સુધીની સ્થિતિ આપેલી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : ૨૦ કરોડ રૂપિયા વણ વપરાયેલા રહ્યા હોય તો જવાબદારી કોની? જવાબદાર હોય એની સામે પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : વણ વપરાયેલાની વાત જ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે. (અંતરાય) એક મિનિટ, સાંભળો તો ખરા. ગમે તે મંત્રી જવાબ આપી શકે ટ્રેઝરી બેંચમાંથી. આંકડાકીય રીતે હું માધુભાઈને બરાબર સમજાવી દઉં. (સતત અંતરાય) ૨૦૦૩-૦૪ માં ૧૯૧ કરોડ રૂપિયા હતા. એમાંથી ૧૯૦.૫૮ ખર્ચ કરી નાંખ્યો. ૯૯.૫૮ ટકા વાપરી દીધા છે ગયા વર્ષે. ચાલુ વર્ષે ૨૦૦૪-૦૫ માં ડિસેમ્બર સુધીમાં ૯૬ કરોડ કુલ ફાળવ્યા હતા એ પાના નંબર ૩ ઉપર બતાવેલ છે એમાંથી ૭૪ કરોડ રૂપિયા વાપરી નંખાયા છે. એટલે ૭૫ ટકા કરતાં વધુ રકમ ૯ મહિનામાં વપરાઈ ગઈ છે, બાકીના ત્રણ મહિનામાં ૨૨ કરોડ રૂપિયા વાપરવાના છે એ માર્ચ સુધીનો સમય આપણી પાસે છે એટલે ફાળવેલ રકમ ગયા વર્ષે ૯૯.૫૮ વપરાંઈ હતી અને આ વખતે પણ ૧૦૦ ટકા વપરાંવાની પૂરેપૂરી સંભાવના છે. એટલે કોઈ ઓછી રકમ વપરાશે એવું નથી, આ ૭૯.૬૩ કરોડ એ તો ૯ મહિનાનો આંકડો છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ૨૦૦૪-૦૫ માં બજેટમાં જોગવાઈ ૧૫૬ કરોડ ન્યુ ગુજરાત પેટર્નમાં કરેલ હતી અને ફકત ૯૬ કરોડ રૂપિયા જ ફાળવ્યા છે તો એનું કારણ શું છે? બજેટમાં જોગવાઈ વધુ છે અને ઓછી ફાળવણી કરવાનાં કારણો શું છે અને બીજો પ્રશ્ન એ છે કે નાની સિંચાઈ યોજના હેઠળ ચેકડેમોની સરકાર વાત કરે છે એમાં એક પણ પૈસાનો ખર્ચ ન થવાનાં કારણ શું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરીના અંતસુધીમાં ૧૫૩.૭૯ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે અને ૧૧૬ કરોડ રૂપિયા વપરાયા છે. ૭૫.૭૯ ટકાનો ખર્ચ થયેલ છે.

### ગુટકા તથા પાન મસાલા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત

***૧૨૨૪૭ શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં સ્વાસ્થય માટે ભારે હાનિકારક ગુટકા તથા પાન મસાલા પર પ્રતિબંધ મૂકવા રાજય સરકાર ઘણા લાંબા સમયથી વિચારણા કરી રહી છે, તે વાત સાચી છે,

(૨) આ પ્રતિબંધ મૂકવા રાજય સરકારે કેન્દ્ર સરકાર સાથે સન ૨૦૦૪ ના વર્ષમાં કયારે કયારે પરામર્શ કરેલ છે,

(૩) કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો, અને

(૪) વહેલામાં વહેલા કયાં સુધીમાં પ્રતિબંધ મૂકવા માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) હા.

(૨) સન ૨૦૦૪ ના વર્ષમાં રાજય સકારે કેન્દ્ર સરકારનો પરામર્શ કરેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નામદાર સુપ્રીમ કોર્ટના તા. ૨-૮-૦૪ ના ચૂકાદા મુજબ આવો લાંબાગાળાનો પ્રતિબંધ મૂકવાની સત્તા રાજય સરકારને નથી, પરંતુ તેવી સત્તા માત્ર કેન્દ્ર સરકારને જ છે. તેથી આ ચૂકાદાનો અભ્યાસ કર્યા બાદ યોગ્ય નિર્ણય કરી શકાશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર**: માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પાન મસાલા ઉપર પ્રતિબંધ મૂકવા સરકારે વર્ષોથી ફકત વિચારણા જ કરેલ છે. આ સંપૂર્ણ સભાગૃહની તેમાં સંમતિ છે. અગાઉ આ જ ગૃહમાં સરકારે જવાબ આપ્યો હતો કે કેન્દ્ર સરકાર સાથે પરામર્શ ચાલે છે, પરંતુ આજના જવાબમાં એનાથી કાંઈક અલગ જવાબ આપેલ છે અને જણાવ્યું કે '૨૦૦૪ માં રાજય સરકારે કેન્દ્ર સરકારનો પરામર્શ કરેલ નથી.' હવે સરકાર એમ કહે છે કે આ રાજય સરકારનો વિષય નથી. રાજય સરકારે પલાયન વૃત્તિ દાખવીને પહેલાં તારીખ ૨૨ મી ફેબ્રુઆરીના રોજના તારાંકિત પ્રશ્નમાં જવાબ આપેલ છે એમાં કહયું છે કે ૨૦૦૪ માં ગુટકા-કેન્સરના ૨૯૪૪ કેસો અને એનાથી ૭૫ નાં મોત થયાં છે. તો આ પ્રશ્ન બહુ ગ્રંભીર છે. આ બાબતે મારો પહેલો પ્રશ્ન એ છે કે સરકાર નકકર જવાબ સાથે કહે કે ગુટકામાં પ્રતિબંધ માટે કયાં સુધીમાં અને કયાં પગલાં લેવા માગે છે અને બીજો પ્રશ્ન એ છે કે સરકાર એમ કહે છે કે આ રાજયનો વિષય નથી તો રાજયનો વિષય ના હોય તો રાજયમાં ત્રણ મહિના પહેલાં ગુટકામાં મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધ મૂકયો છે તે કેમ શકય બન્યું છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી હું સમજું છું સમગ્ર ગુજરાતના લોકોએ આના માટે જાગૃત થવાની તાતી જરૂરિયાત છે. કોઈ પ્રતિબંધ આ બાબતને ફકત ને ફકત પરિણામલક્ષી બનાવી શકે એવું કયારેય ના બની શકે. સભ્યશ્રીઓ જયારે દાંડી યાત્રાની શરૂઆત કરી રહયા છે, સમાજ સેવા માટે એ યાત્રાની તૈયારી કરી રહયા છે ત્યારે વ્યસન, સ્ત્રીભૃણ હત્યા એવા બધા વિષયોને લઈને સમાજને જાગૃત કરવા માટે જવું જોઈએ અને ગુટકાની પણ વાત કરવી જોઈએ. તેમણે મહારાષ્ટ્ર સરકારની વાત કરી છે ત્યારે મહારાષ્ટ્ર સરકારે આ ફૂડ એડલ્ટરેશન એકટ સેકશન ૭(૪) હેઠળ પ્રતિબંધ મૂકયો છે અને સુપ્રીમ કોર્ટે એના ઉપર સ્ટે આપ્યો છે અને સુપ્રીમ કોર્ટે જે ત્રણ રાજયોએ આ પ્રકારની કાર્યવાહી કરી એ ત્રણ રાજયોની બાબતોમાં સ્ટે આપીને જણાવેલ છે કે આ પ્રકારની જોગવાઈ તળે ફકત ને ફકત હંગામી ધોરણે ટૂંકા સમય માટે કોઈ કાર્યવાહી કરતું હોય, કોઈ સેમ્પલ સબ સ્ટાન્ડર્ડ પકડાયું હોય ત્યારે એની સામે કોઈ કાર્યવાહી કરાતી હોય ત્યારે જ પગલાં ભરી શકો છો, લાંબા ગાળે એકટમાં કેન્દ્ર સરકાર સુધારો કરીને આ કાર્ય લઈને આવવું જોઈએ. એટલે માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ કેન્દ્ર સરકારે જયારે જયારે વિચારણા કરશે ત્યારે એમની સમક્ષ પણ મૂકીશ.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : આ ગુટકા ૧૦ વર્ષનાં નાનાં છોકરાં પણ લેવા જાય છે તો એની ઉપર કોઈ પ્રતિબંધ મૂકવા માગે છે કે કેમ અને સ્કૂલ પાસે અને હોસ્પિટલ પાસે વેચાય છે એ બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : રાજય સરકારે આ અંગેનો પરિપત્ર કર્યો છે, અને તેના માટેની કાર્યવાહી કરીએ જ છીએ. સો મીટરની અંદર ગુટકા વેચતા હોય તેવા ૧૭૫૪૦૦ પાઉચનો છેલ્લા દોઢ બે વર્ષમાં નાશ કરવામાં આવ્યો છે. સાથે સાથે ૨૦૦૪માં ૬૫ લોકોની સામે કાર્યવાહી પણ હાથ ધરેલ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ ગુટકા ઉપર પ્રતિબંધની છેલા ઘણા વખતથી તમામ વર્ગોમાંથી માગણીઓ આવે છે., હું એ પૂછવા માગું છું કે ગુટકા અને દારૂ છે તે સમાજને જેટલું નુકસાન કરે છે એટલું એકે કરતા નથી. દારૂમાં તો સરકારે ઈનડાયરેકટલી છૂટ આપી છે, પરંતુ આ ગુટકામાં જો પગલાં લેવાં હોય તો ઘણા કાયદાઓ હેઠળ પગલાં લઈ શકાય એમ છે. પેકિંગ લો હેઠળ આપણે એમ કહીએ છીએ કે અમુક માઈક્રોનથી નીચેનું પ્લાસ્ટિક વાપરી શકાતું નથી. પરંતુ પ્રતિબંધિત માઈક્રોનના પેકિંગમાં જ ગુટકા વેચાય છે અને તેનાથી આપણી સેનીટેશન વ્યવસ્થા બંધ થઈ જાય છે. તો હું પૂછવા માગું છું કે સરકાર આ બાબતમાં પેકિંગ લો હેઠળ પગલાં લેવા અને સ્કૂલ કોલેજોની આજુબાજુમાં વેચતા હોય તેવા લોકો સામે પોલીસ પગલાં લઈને વેચાણ અટકાવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સરકાર અટકાવવા માગે છે એટલે જ સરકારે પરિપત્ર કર્યો છે. પ્રિવેન્સન ઓફ ફૂડ એડલ્ટેશન એકટ, કેન્દ્ર સરકારનો કાયદો છે તે કાયદા હેઠળ રાજય સરકાર ગુટકાની કંપનીના સેમ્પલો કે વેચાણ માટેના સેમ્પલો કે ટ્રેડર્સના સેમ્પલો હોય તેના અનેકવિધ કેસો દ્વારા સરકાર લેવા જોઈતા તમામ પ્રકારના પગલાંની કાર્યવાહી કરે છે. સોએક જેટલા નમૂના લેવામાં આવ્યા છે જેમાં ૭૯ જેટલા જયાં જયાં લૂપ પોઈન્ટ, એમણે જે કહ્યાં તે મુજબના હોય તેમાં આપણી પાસે જે સત્તા છે રાજય સરકારના આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ કમિશનર પાસે જે સત્તા છે તે સત્તા હેઠળ ૭૯ જેટલા કેસો તો જુદી જુદી કોર્ટોમાં જુદા જુદા લોકો સામે દાખલ કરવામાં આવેલા છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : આ સરકાર અમસ્તી પણ લાંબા ગાળાના પગલાં લે છે અને ટૂંકાગાળાના અને સસ્તી પ્રસિદ્ધિના પગલાં લેતી નથી એ તો ખબર છે. ફૂડ એન્ડ ડ્રગ એકટ હેઠળ કેન્દ્ર સરકાર પગલાં લઈ શકે એમ છે, ત્યારે આ રાજય સરકારના પર્યુમાં આવતાં હોય તેવા લાંબા ગાળાનાં પગલાં દા.ત. એન્ટી ટોબેકો સેલની રચના કરવા માગે છે કે કેમ? અને જો એન્ટી ટોબેકો સેલની રચના થઈ હોય તો તેના સભ્યો કોણ કોણ છે અને તેની કામગીરી શું છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મેં જે પ્રમાણે કહ્યું એ મુજબ અમસ્તી જ દાંડીયાત્રાની વાત નથી કરી, દાંડી યાત્રા થકી સમાજમાં જાગૃકતા માટે અનેકવિધ કાર્યો કરવાના છે. કેન્દ્રસરકાર આ બાબતમાં જાગૃકતા માટેનો પણ આગ્રહ રાખે છે. એટલા માટે જ તમામ રાજયોને એન્ટી ટોબેકો સેલની રચના માટે સૂચના આપવામાં આવેલ છે. તેથી દાંડીયાત્રામાં દારૂબંધી, સ્ત્રી ભૃણ હત્યા, ગુટકા ઉપરનો પ્રતિબંધ વગેરેનો પ્રચાર કરે તો ખોટું નથી. રાજય સરકારે ૧૨-૦૧-૨૦૦૫ના રોજ એન્ટી ટોબેકો સેલની રચના કરેલ છે. અને એમાં ૧૨ જેટલા પ્રતિનિધિઓ સભ્ય તરીકે છે, જવાબદારીના નાતે એ સેલમાં હું ચેરમેન છું. જુદા જુદા કાર્યો તળે આ સેલ મારફત જાગૃકતા અને સતર્કતા માટે ફૂડ એન્ડ ડ્રગ કમિશનર અને બાકીના વિભાગોને આપવાની થતી સૂચનાઓ માટે વિચારણા કરી અને માર્ગદર્શન આપવાનું હોય છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુટકાના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે કેન્દ્ર સરકારે એકટ લાવવો જોઈએ. આજે વિરોધપક્ષના નેતા અને સભ્યશ્રીઓની લાગણી છે કે ગુટકાના સંદર્ભમાં તાકીદના પ્રયત્નો કરવા જોઈએ. તો મારી એટલી જ વિનંતી છે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને સાથે રાખીને જયારે ૧૨મી માર્ચે કેન્દ્રના પ્રતિનિધિઓ અહીં આવવાના છે તો તેમની આગળ રજૂઆત કરવા માટે આવેદન પત્ર આપવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સુપ્રિમ કોર્ટે જે પ્રકારનું ડાયરેકશન આપ્યું છે તેમાં સુપ્રિમકોર્ટે જણાવ્યું છે કે પ્રિવેન્સન ઓફ ફુડ એડલ્ટરેશન એકટની સેકસન ૭(૪) ની જોગવાઈ હેઠળ મહારાષ્ટ્ર તથા અન્ય ૩ રાજયોને

એમના રાજયમાં ગુટકાના ઉત્પાદન તથા વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવેલ હતો એ પ્રતિબંધથી નારાજ થઈ અને એ લોકો સુપ્રીમ કોર્ટમાં ગયા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કોઈપણ રાજયને આ કલમ હેઠળ કાયમી પ્રતિબંધ ફરમાવવાની સત્તા નથી, તેથી મહારાષ્ટ્ર સરકારનું નોટિફિકેશન રદબાતલ જાહેર કરેલ છે. માનનીય સભ્યશ્રીની લાગણી છે અમે સમગ્ર ગુજરાતની પાંચ કરોડની જનતામાં આ બાબતે સમજણ અને જાગૃકતા ચોક્કસપણે લાવવા માગીએ છીએ. ગયા વરસે વ્યસન મુકિત દિવસ હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વ્યસન મુકિત રથ ગ્રામ્ય વિસ્તારમાં ફરતો કર્યો છે. અત્યાર સુધીમાં ૬૦ તાલુકાની અંદર પ્રવેશ કરીને જાગૃકતા લાવવાનો પ્રયત્ન કર્યો છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : ગુજરાતની પાંચ કરોડની જનતાને જાગૃત કરવી છે ત્યારે મારે સ્પષ્ટ કહેવું છે કે અહીંયા ૧૮૨ ધારાસભ્યો છે એ ૧૮૨ ધારાસભ્યો આજથી ગુટકા નહિ ખઈએ એવી પ્રતિજ્ઞા લેવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : એના માટે તો માનનીય અધ્યક્ષશ્રી કોઈ કાર્યવાહી કરી શકે.

**શ્રી વજુભાઈ વાળા** : દાંડીયાત્રામાં જોડાવા માટે આમંત્રણ આપ્યું એમાં પણ અમે જોડાવા માટે તૈયાર છીએ પણ એમાં એક શરત છે કે જેણે એક વખત પણ દારુ પીધો ન હોય એવા લોકો આ યાત્રામાં આવવા જોઈએ.

## માર્ગોની બંને સાઈડે ઔષધિય રોપા ઉછેરવા બાબત

***૧૧૩૮૬ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકારે વિવિધ માર્ગો ઉપર બંને સાઈડ ઔષધિય રોપાઓના ઉછેરની કોઈ યોજના ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઘડી હતી,

(૨) જો હા, તો ૨૦૦૪-૨૦૦૫માં આ યોજનાનું જિલ્લાવાર આયોજન શું છે, અને

(૩) ડિસેમ્બર, ૨૦૦૪ સુધીમાં આ યોજના અંતર્ગત જિલ્લાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**વન મંત્રીશ્રી:**

(૧) ના, જી.

(૨) લાગુ પડતું નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં ના, જી. લખ્યું છે. મારે સરકારને કહેવું છે કે એમના ચૂંટણી ઢંઢેરામાં વન ઔષધિય રોપાઓ માર્ગો ઉપર બંને સાઇડે વાવવાની વાત કરી હતી. અને છ મહિના પહેલા પેપર અને માહિતી મુજબ કહેવામાં આવ્યું હતું કે અમે આવા ઔષધિય રોપાઓ વાવવાના છીએ.

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર સીધી વાત કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : છ મહિના પહેલા પણ આવી જ જાહેરાત કરવામાં આવી હતી. તો મારો સરકારને પહેલો પ્રશ્ન એ છે કે આજની તારીખે હવે પછી રોડની બંને સાઇડો ઉપર આવી ઔષધિઓ ઉગાડવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે ગુજરાતના ધોરી માર્ગો ઉપર ડિસેમ્બર, ૨૦૦૦ની સ્થિતિએ કયા કયા વૃક્ષો રોપીએ છીએ, એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય સભ્યશ્રીએ વન ઔષધિઓની વાત કરી એ તો આરોગ્ય વિભાગ સંભાળે છે. રસ્તાઓની બંને સાઇડો ઉપર વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે એમાં જુદા જુદા ઝોન વાઈઝ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : વન ઔષધિઓની જ વાત કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આ બાબતે સરકાર કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આરોગ્ય વિભાગ આ બાબત સંભાળે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બધા પૂરક પ્રશ્નો પૂછી શકો છો પણ એક સાથે બધા અવાજ ન કરો તેથી શું પૂછવા માગો છો એનો ખ્યાલ નથી આવતો, તેથી શાંતિથી વાત કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : જે રોપાઓ વાવવાના છે એ રોપા વન વિભાગમાં જ આવે છે તેમ છતાં માનનીય વન મંત્રીશ્રીએ ના, જી. જવાબ આપ્યો છે. પરંતુ હવે પછી સરકાર વાવવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ના, જી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ના,જી. પછી કહ્યું છે કે મારા વિભાગ મારફત કરવામાં આવતું નથી પણ આરોગ્ય વિભાગ દ્વારા આયોજન કરવાની વાત કરી છે. તો હું જાણવા માગું છું કે આપનો વિભાગ અને આરોગ્ય વિભાગ બન્ને સાથે ભેગા મળીને ચર્ચા કરીને આ અંગે આપ કોઈ નિર્ણય કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આરોગ્ય વિભાગ સાથે વાતચીત કરીને મારી વાત વનસ્પતિ વનની વાત છે. તેમાં કેન્દ્ર સરકારનો પ્રોજેકટ વલસાડ જિલ્લામાં...

**અધ્યક્ષશ્રી** : તેમણે એટલું પૂછયું છે કે..

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : સૂચન છે.

### જેતપુર તાલુકામાં વાજપાઈ નગર વિકાસ યોજનાની ગ્રાન્ટના બાકી હપતા

***૧૨૧૬૭ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં જેતપુર શહેરમાં વાજપાઈ નગર વિકાસ યોજનાની ગ્રાન્ટ પેટે છેલ્લા બે વરસમાં કેટલા હપતા બાકી છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**
બીજા તબક્કાના રૂ. ૫૩.૨૮ લાખ.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ**: માનનીય અધ્યક્ષશ્રી, વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ જેતપુર નગરપાલિકાને અત્યાર સુધીમાં કેટલી રકમ ચૂકવી? કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને બાકીની રકમ ક્યારે ચૂકવવામાં આવશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ જેતપુર નગરપાલિકાને અત્યાર સુધીમાં પ્રથમ તબક્કામાં ૧૬૫ લાખ સામાન્યમાં ફાળવવામાં આવેલ છે.ગંદા વિસ્તાર સુધારણામાં ૧૫ લાખ ફાળવેલ છે. બીજા તબક્કામાં ૮૩.૬૭ લાખ સામાન્યમાં ફાળવેલ છે અને ગંદા વિસ્તારમાં ૯.૭૨ લાખ ફાળવેલ છે. જે જવાબ આપ્યો છે તેમાં બીજા તબક્કાની ગ્રાન્ટમાં ૫૩.૨૮ લાખ રૂપિયા જે તે તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થતિએ હતા. વધારાની ગ્રાન્ટના ૪૧.૦૫ લાખ તા. ૮-૨-૨૦૦૫ના રોજ ચૂકવેલ છે એટલે હવે ગ્રાન્ટ પેટેના ૧૨.૨૩ લાખ રૂપિયા બાકી રહે છે અને લોન પેટેની રકમ ૫૩.૨૮ લાખ બાકી રહેશે. જે આગામી વર્ષોમાં જે પ્રમાણે આયોજન હશે તે પ્રમાણે ચૂકવવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વાજપાઈ નગર વિકાસ યોજનામાં રાજયમાં અત્યાર સુધીમાં કેટલી રકમ મંજૂર થઈ?...

**અધ્યક્ષશ્રી** : નો,નો. રાજકોટ જિલ્લાનો પ્રશ્ન છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : રાજયનો પ્રશ્ન છે. આ હેતુ માટે કેટલી રકમ મંજૂર થઈ?

**અધ્યક્ષશ્રી** : નો,નો.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : વાજપાઈ નગર વિકાસ યોજનામાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ બરાબર નહીં હોઈ નિયમિત ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી તો માનનીય મંત્રીશ્રી નિયમિત ગ્રાન્ટ ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે ફાળવવા માગીએ છીએ અને અત્યાર સુધીમાં વાજપાઈ નગર વિકાસ યોજનામાં ૧૮૩ કરોડ રૂપિયા ગુજરાતમાં વિવિધ તબક્કામાં જુદી જુદી નગરપાલિકાઓને આપવામાં આવેલ છે. જે નગરપાલિકાઓએ વાપરીને તેનું વર્ક કમ્પ્લીશન સર્ટિફિકેટ આપવાનું હોઈ પહેલા તબક્કામાં ૧૫૩ કરોડ રૂપિયા ગ્રાન્ટ ફાળવી. તેમાંથી ૧૪૨.૮૧ કરોડ રૂપિયા જ નગરપાલિકાઓ વાપરી શકેલ છે. એટલા માટે જેમે જેમ વપરાંતા જશે તે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વાજપાઈ નગર વિકાસ યોજના અત્યારે ચાલુ છે. કે કેમ? અને જેતપુર નગરપાલિકાને ગ્રાન્ટ ફાળવવાની બાકી છે તો એ કઈ સાલની બાકી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ૨૦૦૫માં વાજપાઈ નગર વિકાસ યોજના અમલમાં આવી. તબક્કાવાર દેશમાં સૌથી પહેલાં ગુજરાતે આ પ્રકારની યોજના કરી અને આજે પણ માત્ર ગુજરાત જ એક એવું રાજય છે કે રૂા. ૧૮૩ કરોડ રૂપિયા જેટલી રકમ ૧૪૩ નગરપાલિકા જે તે સમયે અને ૧૪૧ નગરપાલિકાને આ પ્રકારે ફાળવવામાં આવી. ૨૦૦૦-૨૦૦૪ના તબક્કાવાર આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને છેલ્લે પણ ખૂબ મોટી રકમ લગભગ ૨૦-૨૨ કરોડ રૂપિયાની ગત મહિનામાં રીલીઝ કરવામાં આવી છે. યોજના ચાલુ છે અને બીજો તબક્કો પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બાજપાઈ નગર યોજનામાં કેવા પ્રકારના કામો રજૂ કરી શકાય છે?

**અધ્યક્ષશ્રી** : એવું નહીં. ..... નો....નો પ્લીઝ. આપ માહિતી માટે પૂછો. બેસી જાઓ.

**ડૉ. અતુલ કે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બાજપાઈ નગર યોજનામાં કેટલી નગરપાલિકાઓને ગ્રાન્ટ ચૂકવવાની બાકી છે? અને તે ક્યારે ચૂકવવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : આ વિષય જ જુદો છે. આખો વિષય બદલાય છે.

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ રસ્તા

***૧૧૭૦૦ શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કયા કયા રસ્તાઓ તા.૩૧-૧૨-૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ મંજૂર રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ પૂર્ણ થયા, અને

(૩) બાકીના રસ્તાના કામ ક્યારે પૂર્ણ થશે?

**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં મંજૂર કરેલ કામો સામેલ પત્રક મુજબ.

(૨) ૮ રસ્તાના કામ પૂર્ણ.

(૩) બાકી કરવાના તમામ કામો વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

**વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં મંજૂર કામોની યાદી**

| અનું. નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ધાનેરા | ધાખા-સુંડાલીયાપરાં રોડ |
| ૨ | " | ખીમંત-રામપુરા રોડ |
| ૩ | ડીસા | પેપળુ-નકલંગપુરા રોડ |
| ૪ | " | રાણપુર વાસથી સવપુરા રોડ |
| ૫ | " | સમૌનાના થી અમરાનીપુરા રોડ |
| ૬ | " | ધારીસણાથી જોહરાપુરા રોડ |
| ૭ | વડગામ | મેપડાથી પ્રજાપતિવાસ રોડ |
| ૮ | " | વડગામ પટેલપુરા રોડ |
| ૯ | પાલનપુર | જસલેણી ઉત્તમપુરા |
| ૧૦ | " | પાલનપુર મોરીયા ભૂતેડીથી અમરાપર રોડ |
| ૧૧ | ભાભર | રૂની એપ્રોચ રોડ થી શક્તિનગર રોડ |
| ૧૨ | " | એન.એચ.થી હીરપુરા રોડ |
| ૧૩ | " | વજાપુરા હરકુડીયા રોડ થી વજાપુર ગોળીયા રોડ |
| ૧૪ | દાંતા | મોરડુંગરા-ઘુઘરમાળ રોડ |
| ૧૫ | " | દલપુરા ગોરાડટુંડીયા કાંટીવાસ રોડથી ધોળીકાંકરી રોડ. |
| ૧૬ | દિયોદર | સ્ટેટ હાઈવેથી કોળીવાસ |
| ૧૭ | " | એમ.ડી.આર. થી જુનાવાસ ગોળીયા રોડ |
| ૧૮ | " | એમ.ડી.આર. થી આથમણોવાસ રોડ |
| ૧૯ | કાંકરેજ | ને. હા. થી અટુંબીયાવાસ રોડ |
| ૨૦ | " | વડાથી ક્ષૈત્રવાસ રોડ |
| ૨૧ | કાંકરેજ | કાકર વાદીપુરા રોડ |
| ૨૨ | " | ચેખલદેવપરાં રસ્તાથી ભગવાનપુરા રોડ |
| ૨૩ | " | અરણીવાડા-મુડેઠાથી રબારીવાસ રોડ |
| ૨૪ | " | થરા-ટોટાણાથી મોતીસરૈયા હનુમાનજી અધગામ રોડ |
| ૨૫ | વાવ | વખતપુરા જોરડીયાલી રોડ. |

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૨૫ રસ્તાઓ મંજૂર થયેલા છે. એમાંથી ૮ રસ્તાઓ પૂર્ણ થયા છે અને ૧૭ રસ્તાઓ બાકી છે. એ હાલ કયા સ્ટેજે છે. બીજું વડાપ્રધાન ગ્રામ માર્ગના રસ્તા બનાતા હોય છે ત્યારે લોકો પણ વખાણ કરતા હોય છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડાપ્રધાન ગ્રામ માર્ગના રસ્તા છે એમાં એક કિલોમીટરના રસ્તાનો કેટલો ખર્ચ આવે છે. ટોટલ ૨૫ કિલોમીટરના રસ્તા બનાસકાંઠામાં મંજૂર કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : ખર્ચ માગવાનો ન હોય? કેટલા રસ્તાઓ બાકી છે? એ રીતે વાત કરો તો સારું. આ માહિતી તો એમને રૂબરૂ મળો તો પણ મળી જાય.

**શ્રી હરજીવન હી. પટેલ** : ૧૭ રસ્તાઓ બાકી છે એ કયા સ્ટેજે છે અને ખેડૂતોની જમીનનો કબજો ન મળતો હોય એવા કોઈ રસ્તાઓ છે ખરા?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ રસ્તાઓ છે એમાંથી ૮ રસ્તાઓ પૂર્ણ થયા છે. ૧૭ રસ્તાઓ હમણાં જ કરેલ કાર્યવાહીના અનુસંધાને છે. ૧૭ રસ્તાઓ બાકી છે એમાં આ કામોનો ૧૪ ઇજારદારોને સ્વીકૃતિપત્ર તા.૨-૩-૦૫ના રોજ આપી દીધો છે. ૨ રસ્તાઓના કામ પૂર્ણ થવાના તબક્કામાં છે. આમ ૧૭ રસ્તાઓના કામ ૨૦૦૫-૦૬ સુધીમાં પૂર્ણ કરીશું. આ ૧ કિલોમીટરના રસ્તાનો અંદાજી ખર્ચ ૧૫થી ૧૭ લાખ રૂપિયાનો રહેતો હોય છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૫૦૦ની વસ્તી છે એ પ્રમાણે મેટલ રસ્તાઓ લેવામાં આવતા નથી. તો મેટલ રસ્તાઓ લેવા માટે કેન્દ્રસરકારમાં કોઈ રજૂઆત રાજય સરકાર તરફથી થઈ છે કે કેમ? આવા ઘણા જ રસ્તાઓ મેટલ થયેલા પડ્યા છે. તો આ લેવામાં આવશે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેટલ રસ્તાઓને પણ આમાં લેવામાં આવ્યા છે. પહેલા પ્રશ્નના જવાબમાં મેં કહ્યું તે પ્રમાણે ૧૦૦૦થી ઉપરની વસ્તીવાળા ગામોને પ્રાયોરીટી આપી છે. ૧૦૦૦ની વસ્તીવાળા ગામોના રસ્તા પૂર્ણતાને આરે છે. ૫૦૦થી ઉપરની વસ્તીવાળા ગામોનો મેટલ રસ્તામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ વખતે જે કિસાન પથની યોજના જાહેર કરી છે. એમાં પણ નાના નાના રસ્તાઓને મેટલથી ડામરની સપાટી સુધી લઈ જવાના છે. કિસાન પથની યોજનાનો ખૂબ મોટો લાભ ગ્રામ વિસ્તારોને, ગામડાઓને અને ખેડૂતોને પ્રાપ્ત થશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, ૨૫ રસ્તાઓ બનાસકાંઠાના મંજૂર કર્યા છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે સડક યોજનાની વસ્તીના ધોરણના ગામ આવે છે તમારા નોર્મ્સમાં એ મુજબ બનાસકાંઠામાં કેટલી દરખાસ્ત આવી? કેટલાનો સમાવેશ કર્યો અને એ પૈકી કેટલા મંજૂર કર્યા? અને હાલ કેટલી દરખાસ્તો પડતર છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉદ્‌ભવે નહીં. (અંતરાય) સાંભળો. આ સતત ચાલતી પ્રક્રિયા છે. અત્યાર સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં ૫૪ કામો મંજૂર કર્યા છે એમાંથી ૫૨ કામો પૂર્ણ થયા છે. જે બાકી રહેતા રસ્તાઓ છે, આ ૨૫ રસ્તાઓ સિવાયના, એમના માટે આ વર્ષે યોજના સૂચવવામાં આવી છે. બધા જ જિલ્લાને ક્રાઈટ એરિયા હોય એને ધ્યાનમાં રાખીને સૂચવવાની કાર્યવાહી થાય છે. ૨૫ રસ્તાઓનું લિસ્ટ મારી પાસે છે. એ કહેતા હોય તો હું વાંચી જાઉં.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે રસ્તાઓ બને છે. એમાં જે મેટલ, ડામર અને પથ્થર વપરાય છે એની ચકાસણી થાય છે ખરી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સિસ્ટમ છે. કેન્દ્ર સરકારના અધિકારીઓ આવીને આ રસ્તાઓ ચેક કરે છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, પ્રધાનમંત્રી સડક યોજનામાં સૌથી શ્રેષ્ઠ કામગીરી જો કોઈ રાજયે કરી હોય તો આ ગુજરાત રાજયે કરી છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જે રસ્તાઓ આપ્યા છે એમાં વાવ અને થરાદને આ યોજનામાં એક પણ રસ્તો મળ્યો નથી. વખતપરાં ગામ છે એ છે જ નહીં. જવાબ ખોટો આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે મારા વિસ્તારમાં ૨૫ થી ૩૦ મેટરના રોડ ૫ર ૧૫ કે ૨૦ વર્ષથી મેટલ પાથરીને પડ્યો છે. આજે એ રસ્તાઓનો આમાં સમાવેશ કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જો યાદી આપશે તો આગામી વર્ષમાં જે ક્રાઈટ એરિયામાં આવતા હશે તો એમાં ચકાસણી કરીશું. સાથોસાથ હમણાં જે ૧૫ લાખ રૂપિયાની નોન પ્લાન રસ્તાઓની પણ કાર્યવાહી જે જાહેર કરેલી છે એમાં સભ્યશ્રી સૂચવશે એમાં ચોકકસપણે હકારાત્મક વિચારીશું.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રોપ્સી મશીન બંધ હોવા બાબત.

***૧૧૯૮૮ ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રોપ્સી મશીન કયારે કેટલા ખર્ચે વસાવવામાં આવ્યું,
(૨) આ મશીન તા.૩૧-૧-૦૫ સુધીમાં કેટલા કેટલા સમયમાં બંધ રહ્યું, અને
(૩) બંધ રહેવાના કારણો શાં હતાં?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) લીથોટ્રોપ્સી મશીન ઓરેટ પ્રોજેૅકટ હેઠળ નવૅમ્બર-૧૯૯૯માં વસાવવામાં આવેલ છે. ઓરેટ પ્રોજેૅકટ હેઠળ વસાવેલ હોઈ કોઈ ખર્ચ થયેલ નથી.
(૨) આ મશીન તા.૧-૯-૦૨ થી તા.૨૮-૫-૦૪ સુધી બંધ હતું. તારીખ : ૨૯-૫-૦૪ થી મશીન સતત ચાલુ છે.
(૩) મશીન માટે ઈલેકટ્રોડ (બ્રાન્ડેડ) ન મળવાના કારણે બંધ રહેલ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની :** માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રોપ્સી મશીન નવેમ્બર ૯૯માં વસાવવામાં આવ્યું. ૨ વર્ષ ચાલ્યુ અને ફરી પાછું અઢી વર્ષ બંધ રહ્યું માત્ર મશીન માટેનો ઈલેકટ્રોડ ન મળવાને કારણે આ મશીન અઢી વર્ષ બંધ રહ્યું તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ કઈ કંપનીનું મશીન હતું કે જેના કારણે ઈલેકટ્રોડ મળતો નહોતો અને એનો મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ઓરેટ કંપનીનું મશીન હતું અને જે સમય દરમિયાન બંધ રહ્યું એ સમય દરમિયાન વૈકલ્પિક વ્યવસ્થા આપણે ત્યાં સિવિલ કેમ્પસમાં જ કરી હતી. એની સાથે સાથે જે કોન્ટ્રાકટ કરેલો હોય છે એમાં ૫ વર્ષનો કોન્ટ્રિાકટ કરેલ હતો. પરંતુ અંદર મટીરીયલ્સ ચેઈન્જ કરવાનું હોય છે એ લોડ માટેની જે સિસ્ટમ છે એ બ્રાન્ડેડ આઈટમ છે અને એના માટે થઈને જે ખરીદીમાં સમય ગયો એટલા સમય પૂરતું મશીન બંધ રહ્યું પરંતુ કોઈ દર્દીઓને એના કારણે કોઈ મુશ્કેલી ઉભી નહોતી થઈ. કીડની ઈન્સ્ટિટયૂટમાં જે મશીન રહેલું છે લીથોટ્રોપ્સીનું એનો એ સમય દરમિયાન ઉપયોગ કરવામાં આવ્યો હતો અને મશીન અત્યારે ચાલુ કરી દીધેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ઓરેટ પ્રોજૅકટ હેઠળ આપણને લીથોટ્રોપ્સી મશીન મળ્યું પણ પછી જે ઈલેકટ્રોડ ખરીદવામાં આવ્યો એની શું કિંમત હતી અને બીજું આ લીથોટ્રોપ્સી એ સિનિયર સીટીઝન એટલે કે ૬૦ વર્ષથી ઉપરના જે દર્દીઓ હોય એને ફીમાં કે ૫૦ ટકાના ચાર્જથી આપણે કરવા માગીએ છીએ કે કેમ?

**અધ્યક્ષશ્રી :** આમાં મશીનનો સવાલ આવે, ચાર્જનો સવાલ નહીં આવે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ઈલેકટ્રોડની છેલ્લી કિંમત અત્યારની ૪૦૪૦ રૂપિયા છે. એક ઈલેકટ્રોડ દ્વારા લગભગ એકાદ પેશન્ટને કયારેક બે પેશન્ટ ઓપરેટ થઈ શકે છે અને જે બી.પી.એલ. લાભાર્થીઓ માટે ફ્રી છે અને બાકીના લોકો માટે ચાર્જ લેવામાં આવે છે.

**શ્રી જગદીશ ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઈલેકટ્રોડ જે આવે છે એ હલકી કક્ષાના વપરાય છે એવી કોઈ ફરિયાદ મળી છે ખરી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ ફરિયાદ મારા ધ્યાનમાં આવી નથી. મળેલી નથી. પરંતુ આની પેરેલલ લોકલ આઈટમ મળતી હોય છે. આ જે પ્રકારના અદ્યતન પ્રકારના સાધનો હતા એટલા માટે લોકલ બ્રાન્ડની ખરીદી આપણે ન કરી એટલા માટે જ આ સમય ગયો છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હમણાં એમણે વાત કરી આ પ્રશ્નમાં કે ૫ વર્ષનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ અને એમના એક જવાબમાં એવું પણ છે કે આમાં કોઈ ખર્ચ પણ નથી કરવામાં આવ્યો તો કોન્ટ્રાકટ મફત આપવામાં આવ્યો હતો કે કોઈ સંસ્થાના સૌજન્યથી આપવામાં આવ્યો હતો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, જે તે સમયે ઓરેટ પ્રોજૅકટ અમલમાં આવ્યો ત્યારે વોરંટી પિરિયડ ૫ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ આપણે ખર્ચ કરવાનો નહોતો. આ વખતે આપણે જોગવાઈ એ પ્રકારની કરી છે કે હવે પછી જે જે મશીન આ કે અન્ય રીપેર કરવાના થતા હશે એની પૂરતી જોગવાઈ બજેટમાં હાથ ધરેલી છે.

**પોરબંદરની રૂપાળીબા હોસ્પિટલમાં કિંમતી સાધનોનો ઉપયોગ ન થવા બાબત.**

**૧૨૧૬૦ શ્રી ભીખાભાઈ ગ. જોષી(માળિયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) પોરબંદરની રૂપાળીબા હોસ્પિટલમાં કરોડો રૂપિયાના કિંમતી સાધનો નવજાત શિશુઓના ઉપયોગ અર્થે વસાવેલા છે તેનો .કોઈ ઉપયોગ થતો નથી અને ધૂળ ખાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ કિંમતી સાધનોનો સારવાર માટે ઉપયોગ થાય તે માટે સરકારે શાં પગલાંઓ લીધાં?

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) સાધનોનો કોઈ ઉપયોગ થતો નથી એ હકીકત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી :** માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**અતારાંકિત પ્રશ્નો**
**તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલSB#>**

**ધારી અને બગસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૭૬૯ **શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ધારી અને બગસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ પૂરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) સંવર્ગવાર નીચે મુજબ જગ્યાઓની ઘટ છે :

| તાલુકાનું નામ આરોગ્ય | સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક કેન્દ્ર |
|---|---|---|---|
| (૧) ધારી | વર્ગ-૧ | ૦ | ૨ |
| | વર્ગ-૨ | ૨ | ૩ |
| | વર્ગ-૩ | ૩ | ૯ |
| | વર્ગ-૪ | ૭ | ૧૨ |
| (૨) બગસરા | વર્ગ-૧ | ૦ | ૧ |
| | વર્ગ-૨ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૨ | ૨ |
| | વર્ગ-૪ | ૦ | ૦ |

(૨)
(૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત ભરતીની પ્રક્રિયા તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.
(૨) વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

**ચોટીલા અને સાયલા તાલુકામાં રોઝ દ્વારા નુકસાન**

૧૧૦૨૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) :: માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં રોઝ દ્વારા ખેડૂતોના ઊભા પાકને નુકસાન થાય છે તે સરકાર જાણે છે, અને

(૨) રોઝના ત્રાસ-રંજાડ માટે સરકાર કયા કયા પગલાં લેવા માગે છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.
(અ) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ (વન્યપ્રાણીઓ દ્વારા માનવ સંપતિ તથા માનવ જાતને થતા નુકસાન અટકાવવાની યોજના) અન્વયે વન ખાતા તરફથી કાંટાળા તારની વાડ બાંધી આપવાની યોજના અમલમાં છે. જે યોજનામાં ખેડૂત લાભાર્થીઓની ખેતીની જમીન ઉપર કાંટાળી તારની વાડ બનાવવા માટે જે ખર્ચ થાય છે તેના અંદાજીત ખર્ચના ૫૦% રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.
(બ) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.
(ક) લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે.

----------------

**પંચમહાલ અને ખેડા જિલ્લાની સરહદને જોડતો ઉંદરા, કણજાવ અને નૂરપુર રોડ પાકો ડામરનો કરવા બાબત**

૧૨૩૦૫ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પંચમહાલ અને ખેડા જિલ્લાની સરહદને જોડતો ઉંદરા, કરજાવ અને નૂરપુર રોડ ઉપર મેટલીંગ કામ થયેલ છે, જેને પાકો ડામર રોડ કયાં સુધીમાં બનાવવામાં આવશે ? | હાલમાં આયોજન નથી |

-------------

**સંખેડા તાલુકા કઠોલી ગામે હેરણ નદી ઉપર પુલનું બાંધકામ**

*૧૦૩૬૦ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંખેડા તાલુકાના કઠોલી ગામે હેરણ નદી ઉપર પુલનું બાંધકામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ કેટલું કામ બાકી છે, તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) તા. ૩૧/૧/૦૫ સ્થિતિએ બોક્ષ રિર્ટનની તથા એપ્રોચની કામગીરી બાકી છે. વર્ષ ૨૦૦૫-૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન બોર્ડની રચના અને કામગીરી**

૧૦૭૭૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધી વાઈલ્ડ લાઇફ પ્રોટેકશન એકટ-૨૦૦૨ના સુધારાથી સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની જોગવાઇ મુજબ બોર્ડની રચના કરવામાં આવી છે તે વાત ખરી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ બોર્ડની કયા પ્રકારની કામગીરી છે, અને | (૨) સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની ફરજ રાજ્ય સરકારને નીચેની બાબતમાં સલાહ આપવાની હોય છે.<br>(અ) અભયારણ્ય/રાષ્ટ્રીય ઉદ્યાન જેવા રક્ષિત વિસ્તારની પસંદગી અને વ્યવસ્થાપન માટેની કામગીરી.<br>(બ) વન્ય જીવન અને રક્ષિત પ્લાન્ટસના રક્ષણ અને જાળવણી માટેની નીતિ ઘડવાની કામગીરી<br>(ક) વન્ય પ્રાણી અધિનિયમની અનુસૂચિમાં સુધારા-વધારા માટેની બાબતો<br>(ડ) આદિવાસી અને અન્ય જાતિના જંગલમાં રહેતા લોકોની જરૂરિયાત અને જંગલ અને વન્યપ્રાણીના રક્ષણ અને જાળવણીના સંકલન કરવા.<br>(ઈ) વન્યપ્રાણી જીવનના રક્ષણને સંબધી જે બાબતે રાજ્ય સરકાર સલાહ માગે તે અંગે. |
| (૩) કયા કયા જિલ્લાઓને લાગુ પાડવામાં આવેલ છે. | (૩) સમગ્ર રાજ્ય માટે રચવામાં આવેલ છે. |

-------------

## ભરૂચ જિલ્લામાં વન તલાવડીઓ

૧૧૬૦૮**શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ માં કુલ કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને | (૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ માં કોઈ વન તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ વન તલાવડીઓ પાછળ તાલુકાદીઠ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## ઓકટ્રોય નાબુદી અંગે સમિતિ દ્વારા કરેલ ભલામણ અને અમલીકરણ

૧૧૩૨૧ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓકટ્રોય નાબુદી અંગે રાજ્ય સરકાર દ્વારા બનાવેલ સમિતિએ કઈ કઈ ભલામણો કરી હતી, | (૧) સમિતિએ કોઈ ભલામણ કરેલી નથી. |
| (૨) આ ભલામણોમાંથી રાજ્ય સરકારે કઈ કઈ ભલામણો સ્વીકારી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સ્વીકારાયેલ ભલામણોમાંથી ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે કઈ કઈ ભલામણોનું અમલીકરણ કર્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## અમરેલી સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૦૩૭૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી સિવિલ હોસ્પિટલમાં મંજૂર થયેલ મહેકમ પૈકી સંવર્ગવાર તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) વર્ગ-૧ની છ, વર્ગ-૨ની બે, વર્ગ-૩ની-ઓગણીસ અને વર્ગ-૪ની છ મળીને કુલ તેત્રીસ જગ્યાઓ તબક્કાવાર એક થી સાત વર્ષથી ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પ્રયાસો કરેલ છે ? | (૨) -તજજ્ઞ વર્ગ-૧, વર્ગ-૨ ની જગ્યાઓ માટે દર મંગળવારે કમિશ્નર કચેરી દ્વારા વોક ઈન ઈન્ટરવ્યુ યોજીને લાયકાત ધરાવતાં ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવે છે.<br>-બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓ માટે બઢતીની કાર્યવાહી કરવામાં આવે છે.<br>- વર્ગ-૩ ની પેરામેડીકલ સંવર્ગની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી સમિતિ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે.<br>- વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. |

------------------

**ભાવનગર શહેરમાં શહેરી ગરીબો માટે મકાન**

**૧૨૧૭૫શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી ગરીબો માટે ભાવનગર શહેરમાં કુલ કેટલા મકાનો તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ તૈયાર છે, | (૧) ૩૮૦૧ મકાનો. |
| (૨) તૈયાર પેકી કેટલા મકાનનો કબજો આપી દેવામાં આવ્યો અને આ મકાનોનું બાંધકામ કયારે પૂર્ણ થયું, અને | (૨) ૧૫૩૮ મકાનોનો કબજો આપવામાં આવેલ છે અને જુલાઈ, ૨૦૦૧ માં બાંધકામ પુરુ થયેલ છે. |
| (૩) મકાન માટે અરજી કરી હોય તેવા કેટલા શહેરી ગરીબોને હજુ મકાનો આપવાના બાકી છે? | (૩) બે લાભાર્થીઓ. |

----------------

**રાજુલા ભેરાઇ રસ્તાનું કામ મંજુર થવા બાબત**

**૧૦૯૭૭ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલા તાલુકામાં રાજુલા ભેરાઇ રસ્તાનું કામ ચારેક વર્ષ અગાઉ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧)અને (૨) નાબાર્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૦૧-૦૨ માં મંજૂર થયેલ છે. |
| (૨) હા, તો ક્યારે અને કઇ યોજનામાં મંજૂર કરાયેલ છે, | |
| (૩) આ કામ હજુ સુધી શા કારણોસર શરૂ થઇ શકેલ નથી, અને | (૩) કામનો ઈજારો નક્કી કરવાની વહીવટી પ્રક્રિયામાં સમય થવાથી. |
| (૪) કામ કેટલા સમયમાં શરૂ થશે તેનું કોઇ આયોજન સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૪) કામનો ઇજારો નક્કી થયા બાદ ૧૧ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**દાહોદ જિલ્લામાં વન વિભાગે બનાવેલ વન તલાવડીઓ**

**૧૦૩૮૮ શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, | (૧)દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ માં વન વિભાગ દ્વારા કોઇ વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ વન તલાવડીઓ પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**અબડાસા તાલુકાના નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં હોવા બાબત**

**૧૦૩૭૯ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે તેની હાલત ભૂંકપ પછી ખૂબ જ જર્જરીત થઇ | (૧) નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રને મરામત તથા મજબૂતીકરણ કરવા આયોજન થયેલ છે. |

| | |
|---|---|
| ગયેલ છે, તો આ હોસ્પિટલના મકાનને ફરી બનાવવાનું સરકાર દ્વારા કોઇ આયોજન થયેલ છે કે કેમ, અને | છે. |
| (૨) જો હા, તો તેનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૨) કામ તારીખ ૨૨-૧-૨૦૦૫ના રોજ શરૂ થયેલ છે. |

--------

**ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં નાળા અને પુલ બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૬૯૪ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ગત ચોમાસા દરમ્યાન સુરત જિલ્લાના ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલા અને કયા નાળા, પુલો બિસ્માર તથા ભયજનક હાલતમાં છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ગત ચોસામા દરમિયાન આ તાલુકાઓમાં ૨૫ નાળા પુલોને ભારે નુકશાન થવા પામેલ છે. |
| (૨) આવા નાળા પુલ ક્યાં સુધીમાં રિપેર કરવામાં આવશે અથવા નવા બનાવવામાં આવશે, અને | (૨) અને (૩) પુરથી નુકશાન પામેલા પૈકી મંજૂર કરેલ નાળા પુલો વર્ષ ૨૦૦૫-૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) અત્યાર સુધીમાં આ કામો ના કરવાના શાં કારણો છે? | |

--------

**ગુડા વિસ્તારમાં નગર રચનાનું આયોજન**

૮૫૯૧ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર શહેરના ગુડા વિસ્તારમાં કેટલી નગર રચના યોજનાઓ બનાવવાનું આયોજન છે, | (૧) ૧૯ (ઓગણીસ) |
| (૨) ગુડા વિસ્તારમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલી નગર રચના યોજનાઓ બની છે, અને | (૨) ૦૨ (બે) |
| (૩) બાકીની હાલ કયા તબકકે છે ? | (૩) બાકી રહેલ ૧૭(સત્તર) નગર રચના યોજના પૈકી<br>૧) ૦૨ (બે) મુસદ્દારૂપ નગર રચના યોજના લોકોના વાંધા સુચનો મેળવવા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરી.<br>૨) ૦૭(સાત) નગર રચના યોજના બનાવવા માટે ઇરાદો જાહેર કરેલ છે.<br>૩) ૦૩(ત્રણ) નગર રચના યોજનાઓ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા માટે પાઠવેલ છે. અને<br>૪) ૦૫(પાંચ) નગર રચના યોજનાઓમાં પરામર્શ મેળવવા માટે સર્વેની કાર્યવાહી જારીમાં છે. |

---------

**મેઘરજ તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાનમાં મંજૂર થયેલા રસ્તા**

૧૨૧૬૫ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ)માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મેઘરજ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબ પ્લાનમાં કેટલા રસ્તા મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ રસ્તાઓમાં કેટલા રસ્તા પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેલ રસ્તાઓના કામ ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) મેઘરજ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ટ્રાયબલ સબપ્લાનમાં કુલ ચાર રસ્તાના કામો મંજૂર થયેલ છે.

(૨) મંજૂર થયેલ ચાર રસ્તાના કામો પ્રગતિમાં છે.

(૩) આ રસ્તાના કામો જે તે કામ સામે દર્શાવેલ માસમાં પૂર્ણ થવાની ધારણા છે.

| ક્રમ | કામનું નામ | કામ પૂર્ણ થવાનો સંભવિત માસ |
|---|---|---|
| ૧ | ઢુંઢેરા-હોળી ચકલા રસ્તાનું કામ | એપ્રિલ-૦૫ |
| ૨ | ચિતરીયા મહાદેવ-ઇંટવા રોડ રસ્તાનું કામ | ઓક્ટોબર-૦૫ |
| ૩ | નહેરૂકંપા-રેલ્લાવાડા રોડ | જુન-૦૫ |
| ૪ | મેઘરજ-બાઠીવાડા, લાખાપુર કાળીયા કુવા રોડ | સપ્ટેમ્બર-૦૫ |

--------

**ભાવનગરના જેસર પંથકમાં સિંહોની વસ્તી**

૧૧૬૨૦ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં જેસર પંથકમાં સિંહોની કાયમી વસાહત હોવાનું વન વિભાગના ધ્યાનમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો કુલ કેટલા સિંહો છે ?

**જવાબ**

(૧) હાજી.

(૨) ૧૦ સિંહ છે.

----------

**દયાદરા-નબીપુર-જનોર માર્ગ ઉપર પુલ બાંધવા બાબત**

૧૦૬૧૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના દયાદરા-નબીપુર જનોર માર્ગ ઉપર પુલ બાંધવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ કામ આજ દિન સુધી હાથ ઉપર નહીં લેવાના કારણો શાં છે, અને

(૩) આ કામ ક્યારે હાથ ઉપર લઇ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) (૨)અને (૩)આ કામનો ઇજારો તા. ૮-૧૧-૦૪ થી નક્કી કરી કામ હાથ પર લેવાયેલ છે. કામ ઓકટોબર ૨૦૦૫ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**પંચમહાલ જિલ્લામાં પીપળાના વૃક્ષો રોપવા બાબત**

૧૧૧૩૯**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં જિલ્લાના વહીવટીતંત્ર તેમજ વન વિભાગે કેટલા પીપળાના વૃક્ષો રોપેલા છે,

(૨) ઘોઘંબા અને હાલોલ તેમજ જાંબુઘોડા

**જવાબ**

(૧) પંચમહાલ જીલ્લામાં સને ૨૦૦૩-૦૪માં પીપળાના વૃક્ષો વાવેલ નથી. ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ૧૪,૫૦૦ પીપળાના વૃક્ષનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ઘોઘંબા,

તાલુકાઓમાં કેટલા પીપળાના રોપા રોપેલ છે, અને?

(૩) હાલમાં કેટલા રોપા ઉછરેલ છે ?

હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં પીપળાના ૬૮૦૧ રોપા રોપવામાં આવેલ છે.

(૩) જીલ્લામાં રોપેલ રોપા પૈકી હાલમાં ૪૧૫૫ પીપળાના રોપા ઉછરેલ છે.

---------

**રાજ્યની નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબત**

૯૩૨૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની કેટલી નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે અને તેની વિગતો શી છે?

**જવાબ**

તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૯૧ નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. આ નગરપાલિકાઓમાં નીચેના સાત પૈકી કોઈપણ પાંચ મોડ્યુલમાં સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરેલ હોઈ તેવી નગરપાલિકાને ઈ-ગવર્નન્સ નગરપાલિકા ગણવામાં આવે છે.

(૧) પ્રોપર્ટી ટેક્ષ અને અન્ય કર (૨) જન્મ મરણ (૩) સર્ટિફીકેટ અને લાયસન્સ (૪) એકાઉન્ટીંગ (૫) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (૬) પબ્લીક કમ્પ્લેઈન એન્ડ ગ્રીવન્સીઝ (૭) ટાઉન પ્લાનીંગ અને બિલ્ડીંગ પ્લાન પરમીટ

----------------

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી સ્કોલરશીપ વિગેરે બંધ કરવા અંગે**

૧૦૫૧૦ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જનજાતિના ખાનગી સંસ્થાઓ સંચાલિત સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓને નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ટયુશન ફી સ્કોલરશીપ બંધ કરવાના હુકમો સરકારે કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) આ બાબતમાં કોઈ ફરીયાદો સરકારને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં મળી છે કે કેમ?

**જવાબ**

(૧) અનુસૂચિત જનજાતિના ખાનગી સંસ્થાઓ સંચાલિત સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓને નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ટયુશન ફી સ્કોલરશીપ બંધ કરવાના કોઈ હુકમો કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ બાબતમાં કોઈ ફરીયાદો ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં મળેલ નથી.

----------------

**એ.ડી.બી. અને સી.આર.એફ. યોજનામાં રસ્તાના કામો**

૧૨૩૦૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં નાણાંકીય વર્ષ ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ના વર્ષ દરમ્યાન એ.ડી.બી. તથા સી.આર.એફ યોજનામાં જૂનાગઢ જિલ્લામાં કયા કયા રસ્તાના કામો મંજૂર કરવામાં અને હાથ ધરવામાં આવ્યાં?

**જવાબ**

પત્રક મુજબ

**પત્રક**

**વર્ષ ૨૦૦૨-૨૦૦૩ તથા ૨૦૦૩-૦૪માં મંજૂર કરેલ કામો અને હાથ ધરવામાં આવ્યા**

| ક્રમ | રસ્તાના કામનું નામ | મંજુરીનું વર્ષ | યોજના (સીઆરએફ/એડીબી) |
|---|---|---|---|
| ૧ | વંથલી-માણાવદર-વાંટવા રસ્તો | ૨૦૦૨-૦૩ | સીઆરએફ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ઉના-ગીરગઢડા-જામવાળા રસ્તો | " | " |
| ૩ | જુનાગઢ-ભેસાણ રસ્તો | " | " |
| ૪ | બગસરા-વારળા રસ્તો | " | " |
| ૫ | મેંદરડા-સાસણ રસ્તો | " | " |
| ૬ | જુનાગઢ-ઈવનગર-અલીધ્રા-મેંદરડા રસ્તો | " | " |
| ૭ | પાજોદ-લીંબુડા ઈન્દ્રા-ભીડોરા રસ્તો | " | એ.ડી.બી |
| ૮ | માણાવદર-જાંબુડા રસ્તો | " | " |
| ૯ | સેદરડા એપ્રોચ | " | " |
| ૧૦ | મંગલપુર-જેતપુર બામણસા રસ્તો | " | " |
| ૧૧ | ઈન્દ્રાણ-વડાલા | " | " |
| ૧૨ | બગસરા-બાલાગામ-રસ્તો | " | " |
| ૧૩ | વાટવા-નાનડીયા-નાકરા-મંડોદરા રસ્તો | " | " |
| ૧૪ | પાણખાળા-ગેલાણા-રેવાદ્રા રસ્તો | " | " |
| ૧૬ | ખીરસરા-સુત્રેજ રસ્તો | " | " |
| ૧૭ | પાણખાળા-સીલોદરા રસ્તો | " | " |
| ૧૮ | બામણવાડા-શીલ રસ્તો | " | " |
| ૧૯ | બામણધડ-માંડવા-ખારચીયા રસ્તો | " | " |
| ૨૦ | સાંકરોડા-ઢોળવા રસ્તો | " | " |
| ૨૧ | દાદર-શેત્રુંજ-વડાલા-સાંખળાવદર રસ્તો | " | " |
| ૨૨ | બાદલપુર-પ્રભાતપુર-બગડુ રસ્તો | " | " |
| ૨૩ | રાવણી-સુખપુર-છાલડા-મોગટાકોટણ રસ્તો | " | " |
| ૨૪ | પલાસવા-બીજાપુરા રસ્તો | " | " |
| ૨૫ | સાંતલપુર એપ્રોચ | " | " |
| ૨૬ | ખુભંડી એપ્રોચ | " | " |
| ૨૭ | નરેડી-તાવળા રસ્તો | " | " |
| ૨૮ | મોટાકાજલીયાણા-બંધણા રસ્તો | " | " |
| ૨૯ | ધધુંસર-આંબલીયા રસ્તો | " | " |
| ૩૦ | ખીમપાદર-દાત્રાણા રસ્તો | " | " |
| ૩૧ | ઈણાજ-ઉમરાળા-ઉકડીયા-હરણાવદર ખેરાલી રસ્તો | " | " |
| ૩૨ | ઉટવાણા એપ્રોચ | " | " |
| ૩૩ | રેવદ એપ્રોચ | " | " |
| ૩૪ | ઉના-દેલવાડા-વસોઈ-કોબ-રસ્તો | ૨૦૦૩-૦૪ | એડીબી |
| ૩૫ | સેમરવાવ એપ્રોચ | " | " |
| ૩૬ | ગોરખમઢી-રામપરા-ભેટાડી રસ્તો | " | " |
| ૩૭ | આંકોલીવાડી-મંડોરણા રસ્તો | " | " |
| ૩૮ | પ્રાચી-મહોબતપુરા રસ્તો | " | " |
| ૩૯ | ટોબરા એપ્રોચ | " | " |
| ૪૦ | સોલાજ-મોરડીયા રસ્તો | " | " |
| ૪૧ | સાંગાદરા એપ્રોચ | " | " |
| ૪૨ | ખેરા એપ્રોચ | " | " |
| ૪૩ | અમરાપુરા-કાત્રાસા-દેવગામ રસ્તો | " | " |
| ૪૪ | આલીદર-હરમડીયા એલવાળા રસ્તો | " | " |
| | કુલ ૪૪ રસ્તા | | |

----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સર્વેયરની ખાલી જગ્યા

૧૦૬૨૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લા નાયબનગર નિયોજકની કચેરીમાં સર્વેયરની કેટલી જગ્યા ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે, | (૧) સર્વેયરની ૩ (ત્રણ) જગ્યા ખાલી છે (૧) તા. ૭-૧૧-૨૦૦૧, (૨) તા. ૧-૧-૨૦૦૩થી અને (૩) તા. ૫-૬-૨૦૦૩થી ખાલી છે. |
| (૨) હાલમાં જે સર્વેયર છે તેની પાસે જિલ્લાની કેટલી નગરપાલિકાઓનો ચાર્જ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર ક્યારે ખાલી જગ્યાઓ ભરવા માંગે છે? | (૩) ટૂંક સમયમાં કાર્યવાહી કરવામાં આવશે. |

----------------

## ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૦૩૭૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કયા કયા સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|
| વર્ગ-૧ | ૦ | ૮ |
| વર્ગ-૨ | ૯ | ૫ |
| વર્ગ-૩ | ૫૮ | ૫૩ |
| વર્ગ-૪ | ૬૭ | ૪૫ |

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨)

| સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ક્યારથી ખાલી |
|---|---|
| વર્ગ-૨ | તા. ૨૯-૭-૦૩ થી તા. ૩૦-૯-૦૪ દરમ્યાન |
| વર્ગ-૩ | તા. ૧-૨-૮૭ થી તા. ૨૧-૨-૦૫ દરમ્યાન |
| વર્ગ-૪ | તા.૧૯-૬-૮૦ થી તા. ૩૦-૧૧-૦૪ દરમ્યાન |

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ક્યારથી ખાલી |
|---|---|
| વર્ગ-૧ | તા. ૨૮-૨-૮૯ થી તા. ૬-૯-૦૩ દરમ્યાન |
| વર્ગ-૨ | તા. ૩-૨-૦૨ થી તા. ૧૬-૧૦-૦૪ દરમ્યાન |
| વર્ગ-૩ | તા. ૨૮-૨-૮૯ થી તા. ૭-૯-૦૪ દરમ્યાન |
| વર્ગ-૪ | તા.૧૪-૭-૬૧ થી તા. ૨૧-૧૦-૦૪ દરમ્યાન |

(૩) આ જગ્યાઓ ભરવા માટે સરકારે ક્યારે ક્યારે શા પ્રયત્નો કર્યા, અને

(૩) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન કર્યા.
(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.
(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ ભરવા જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) કયાં સુધીમાં આ તમામ જગ્યાઓ ભરવામાં આવનાર છે?

(૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ

----------------

**મહાનગરપાલિકાના વિકાસ નકશાને મંજૂરી**

૧૧૫૯૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશાઓ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) એક |
| (૨) કઈ કઈ મહાનગરપાલિકાના વિકાસ નકશાઓ મંજૂર કરવામાં આવ્યા? | (૨) અમદાવાદ મહાનગરપાલિકા. |

----------------

**ટોલટેક્ષ પેટે થયેલ આવક**

૧૦૩૭૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારને રસ્તાઓ પર ટોલ ટેક્ષ પેટે સને. ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં વર્ષવાર તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલી આવક થઈ, | (૧) રાજ્ય સરકારને ટોલ ટેકસ પેટે થયેલ આવક નીચે પ્રમાણે છે.<br>**વર્ષ** — **આવક (રૂા. લાખમાં)**<br>૨૦૦૩-૦૪ — ૨૪૦૦.૦૫<br>૨૦૦૪-૦૫ — ૩૬૬૪.૭૧<br>(તા.૩૧-૧૨-૦૪ સુધીમાં) |
| (૨) આ ટોલ ટેકસ લેવાની સમય મર્યાદા કેટલા વર્ષની છે, અને | (૨) દરેક કિસ્સામાં તેના નોટીફીકેશન મુજબ. |
| (૩) ટોલ ટેકસ લેવાની સમય મર્યાદા પૂરી થઈ હોય તેવા કયા કયા ટોલ ટેકસ નાકાં છે? | (૩) ઉપરોકત પૈકી એક પણ નહિ. |

----------------

**ડૉકટરને તૈયાર કરવા માટે કરવો પડતો ખર્ચ**

૧૦૯૭૧ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એક એમ.બી.બી.એસ. ડૉકટર તૈયાર કરવા માટે સરકારને કરવા પડતા ખર્ચની વિગત શું છે, અને | (૧) એમ.બી.બી.એસ. ડૉકટર તૈયાર કરવા માટે સરકારને પ્રતિ વર્ષ વિદ્યાર્થી દીઠ રૂા. ૯૫૦૦૦/- જેટલો ખર્ચ થાય છે. |
| (૨) આ ખર્ચાયેલ જાહેર નાણાંનું વળતર, નાગરીકોને તબીબી સેવાના રૂપમાં મળે તે માટે કરાયેલ આયોજનની વિગતો શું છે ? | (૨) સરકારી મેડીકલ કોલેજોના વિદ્યાર્થીઓ પાસેથી ત્રણ વર્ષનું બોન્ડ લેવામાં આવે છે.જે અન્વયે ઇન્ટર્નશીપ પુરી કર્યા પછી ગ્રામ્ય સેવા બજાવવાની હોય છે. જો કોઈ ડૉકટર ત્રણ વર્ષની ગ્રામ્ય સેવા ના બજાવે તો રૂા. ૭૫.૦૦૦/-ની રકમ વસુલ કરવામાં આવે છે. |

--------

**વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પંચાયત હસ્તકના બિસ્માર રસ્તાઓ**

૧૦૯૬૬ **શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે, અને | (૧) અને (૨) રસ્તાઓ ચાલુ મરામતમાં રીપેરીંગ કરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |
| (૨) આ રસ્તાઓની મરામત કામગીરી માટે સરકારે શી કાર્યવાહી કરી ? | |

--------

**ભૂકંપગ્રસ્ત જિલ્લામાં નવા વસાવેલા ગામોને રસ્તાના જોડાણ આપવા બાબત**

૧૦૪૦૧ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભૂકંપગ્રસ્ત જિલ્લામાં નવા વસાવાયેલ ગામોને રસ્તાનું જોડાણ આપવાની કોઈ કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હાથ ધરાયેલ છે કે કેમ ? | હા, જી. |

--------

**નર્મદા જિલ્લાની હોસ્પિટલોમાં બાયો મેડીકલ વેસ્ટની વ્યવસ્થા કરવા બાબત**

**૧૦૭૬૫ શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ડીસે-૨૦૦૪ની સ્થિતિએ કેટલી હોસ્પિટલો, દવાખાનામાં બાયો મેડીકલ વેસ્ટના નિકાલ કરવા માટેની સગવડ છે. | (૧) ડીસે-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબની હોસ્પિટલ દવાખાનામાં સગવડતા છે. |

| | | સંખ્યા |
|---|---|---|
| (૧) | જનરલ હોસ્પિટલ, રાજપીપળા | ૧ |
| (૨) | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૪ |
| (૩) | પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર | ૨૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કેટલી હોસ્પિટલો દવાખાનામાં બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટ કરવા માટે ઈન્સિનીરેટરની સગવડ કરવામાં આવી છે, અને | (૨) એક |
| (૩) જ્યાં સગવડ નથી ત્યાં સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૩) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડીપ બરીયલ પધ્ધતિથી બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે. |

--------

**રાજ્યના ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવાની દરખાસ્તો**

૧૧૭૮૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનાં અગત્યના રાજ્ય ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવા કેન્દ્ર સરકાર સમક્ષ કયા રસ્તાઓ માટે કેટલીવાર દરખાસ્ત કરવામાં આવેલ છે, અને | (૧) પત્રક - અ મુજબ |

(૨) આ રજુઆતો સામે કેન્દ્ર સરકારનો શો પ્રતિભાવ મળેલ છે ?

(૨) જ્યારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

**પત્રક-અ**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઇ કિ.મી. | ભારત સરકારમાં કરેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | માળીયા-જામનગર-ઓખા-પોરબંદર-વેરાવળ અને ભાવનગર-વટામણ કોસ્ટલ હાઇવે. | ૬૬૫.૦૦ | ૫ |
| ૨ | રાજકોટ-જામનગર-વાડીનાર રસ્તો | ૧૫૦.૦૦ | ૨ |
| ૩ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૫ ને ભુજ-ખાવડા ઇન્ડીયા બ્રીજ-ધર્મશાળાથી ઇન્ડીયા બોર્ડર સુધી લંબાવવો. | ૧૭૦.૦૦ | ૩ |
| ૪ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-અ ને માંડવીથી જખૌ-નલીયા-નારાયણ સરોવર સુધી લંબાવવા. | ૧૧૦.૦૦ | ૩ |
| ૫ | વડોદરા-પોર-શીનોર-નેત્રંગ-વ્યારા-સાપુતારા-નાશીક રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૬ સાથે જોડાણ. | ૨૪૫.૦૦ | ૪ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી રાજ્ય ધોરીમાર્ગ નંબર-૫. | ૫૦૫.૦૦ | ૪ |
| ૭ | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર રાજ્ય ધોરીમાર્ગ. | ૧૬૫.૦૦ | ૪ |
| ૮ | રાજ્ય ધોરીમાર્ગ નં. ૭ અને ૧૭ સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ સાથે અમદાવાદ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' ને માળીયા નજીક જોડવા. | ૧૮૬.૦૦ | ૪ |
| ૯ | રાજકોટ-મોરબી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' અને ૮-'બ' ને જોડતો રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૪ અને તેને નવલખી બંદર સુધી લંબાવવા. | ૧૦૯.૦૦ | ૨ |
| ૧૦ | બગોદરા-વટામણ-તારાપુર-બોરસદ-પાદરા- કરજણ રસ્તો. | ૧૩૦.૦૦ | ૪ |
| ૧૧ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૪ ઉપર પાલનપુરથી ગાંધીનગર-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-સી સુધી લીંક રોડ. | ૧૫૦.૦૦ | ૨ |
| ૧૨ | નડીયાદ-કપડવંજ-મોડાસા. | ૧૩૫.૦૦ | ૪ |
| ૧૩ | અમદાવાદ-ધોળકા-વટામણ. | ૮૦.૦૦ | ૪ |
| ૧૪ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી આબુ રોડ. | ૧૭૦.૦૦ | ૧ |
| ૧૫ | હિંમતનગર-વિજાપુર-વિસનગર-ઉંઝા-પાટણ-સમી-હારીજ-રાધનપુર રોડ. | ૬૦.૦૦ | ૧ |
| ૧૬ | અમદાવાદ-વિરમગામ-શંખેશ્વર-રાધનપુર. | ૮૦.૦૦ | ૧ |
| ૧૭ | પાલનપુર-ચંડીસર-દાંતીવાડા-પાંથાવાડા-મંડાર-જાલોર-જોધપુર રોડ. | ૬૫.૦૦ | ૧ |
| ૧૮ | પાલનપુર-ડીસા-ધાનેરા-નેનાવા બોર્ડર-સાંચોર રોડ. | ૬૦.૦૦ | ૧ |
| ૧૯ | ભાભર-સિંહોરી-પાટણ-સિધ્ધપુર-વલસાણા-ઇડર-હિંમતનગર રોડ. | ૨૦૦.૦૦ | ૧ |
| ૨૦ | ભાભર-દિયોદર-ખેમાણા-મુડેઠા-બુકોલી-આનીવાડા-ચારૂપ-પાટણ-ચાણસ્મા-હારીજ-મહેસાણા રોડ. | ૨૨.૦૦ | ૧ |
| ૨૧ | પાલનપુર-ડીસા-થરાદ-રાજસ્થાન બોર્ડર. | ૬૨.૦૦ | ૧ |
| ૨૨ | ભચાઉ-ભુજ-પાનેધ્રો રોડ. | ૧૩૦.૦૦ | ૧ |
| ૨૩ | ચિત્રોડ-રાપર-ધોલાવીરા રોડ. | ૧૨૦.૦૦ | ૧ |
| ૨૪ | સિંધવાડા-સુઇગામ | ૪૦.૦૦ | ૧ |
| ૨૫ | જામનગર-જુનાગઢ. | ૧૩૦.૦૦ | ૧ |
| ૨૬ | રાજકોટ-અમરેલી. | ૭૨.૦૦ | ૧ |
| ૨૭ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી. | ૧૮૦.૦૦ | ૧ |
| ૨૮ | વડોદરા-ડભોઇ-છોટાઉદેપુર થી મધ્યપ્રદેશ બોર્ડર સુધીનો રસ્તો. (અલી રાજપુર તરફ) | ૧૨૫.૦૦ | ૨ |
| ૨૯ | ભરૂચ-અંકલેશ્વર-વાલીયા-નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારાથી મહારાષ્ટ્ર બોર્ડર સુધી. | ૯૦.૦૦ | ૨ |
| ૩૦ | હિંમતનગર-ઇડર-ખેડબ્રહ્મા-અંબાજી થી આબુ રોડ બોર્ડર. | ૧૩૦.૦૦ | ૨ |
| ૩૧ | જાફરાબાદ-રાજુલા-સાવરકુંડલા-અમરેલી-બાબરા-જસદણ-વીંછીયા-સાયલા-સુરેન્દ્રનગર-પાટડી-સમી-રાધનપુર. | ૪૪૦.૦૦ | ૨ |
| ૩૨ | ગણદેવી-માણેકપુર-વાંસદા-વઘઇ-આહવા-ચીચલી-થી મહારાષ્ટ્ર બોર્ડર | ૧૨૦.૦૦ | ૨ |
| ૩૩ | વલસાડ-પારડી-કપરાડા-મહારાષ્ટ્ર બોર્ડર. (નાસિક તરફ) | ૬૦.૦૦ | ૨ |
| ૩૪ | ગાંધીનગર-દહેગામ-બાયડ-લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ થી રાજસ્થાન બોર્ડર. | ૨૦૦.૦૦ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૩૫ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુ રોડ. | ૧૭૦.૦૦ | ૨ |
| ૩૬ | ભચાઉ-ભૂજ-પાન્ધ્રો રોડ. | ૨૨૦.૦૦ | ૨ |
| ૩૭ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી-સાવરકુંડલા-રાજુલા-જાફરાબાદ રસ્તો. | ૨૬૫.૦૦ | ૨ |
| ૩૮ | બગોદરા-ધંધુકા-ભાવનગર. | ૧૩૦.૦૦ | ૨ |

-------

**ઓરેટ પ્રોગ્રામ નીચે કરારો કરનાર કંપનીને તાલીમ અને જાળવણીની જવાબદારીમાંથી મુક્ત કરવા બાબત**

૧૧૩૮૩ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઓરેટ હેલ્થ પ્રોજેક્ટ હેઠળ આરોગ્ય સેવાને સાધનોથી સજ્જ કરવાના કરારો કરનાર કંપનીને તાલીમ અને જાળવણીની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) આ સાધનો વાપરવા તાલીમ આપવા અને તેની જાળવણી અન્વયે તા. ૩૧-૩-૨૦૦૫ સુધીમાં કેટલું ખર્ચ રાજ્ય સરકારે કર્યું, અને | (૨) સાધનો વાપરવા તાલીમ આપવા અંગે કોઇ ખર્ચ થયેલ નથી તા.૩૧-૩-૨૦૦૫ સુધીમાં રૂ.૩,૫૩,૫૨,૩૪૦/-નો ખર્ચ જાળવણી અંગે થવા સંભવ છે. |
| (૩) જો ના તો કરારબધ્ધ કંપની દ્વારા સાધનો વાપરવા કોને કોને તાલીમ આપવામાં આવી અને તા.૩૧-૩-૨૦૦૫ સુધીમાં બગડી ગયેલ કે ખામી-યુક્ત કયા કયા સાધનોની મરામત કે પૂર્તતા પ્રોજેક્ટ અન્વયે કરવામાં આવી ? | (૩) કરારબધ્ધ કંપની દ્વારા મેડીકલ, પેરામેડીકલના આશરે ૭૦૦ જેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી. અત્યાર સુધીમાં કંપની દ્વારા કુલ ૧૧૦ જેટલા ખામી-યુક્ત-બગડી ગયેલા સાધનોની મરામત કરવામાં આવી છે. |

----------

**ફીઝીયોથેરાપીનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબત**

૧૦૩૯૪ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ફીઝીયોથેરાપીના અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા માટે કોઇ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ ? | ફીઝીયોથેરાપી કોલેજ અમદાવાદ ખાતે ૧૫ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા સાથે ફીઝીયોથેરાપીમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. |

----------

**નગરપાલિકાનું મહેકમ સુદૃઢ કરવા બાબત**

૧૧૫૯૪ **શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યની નગરપાલિકાઓનું મહેકમ વિષયક વહીવટી માળખું સુદૃઢ કરવા માટે રાજ્ય સરકાર તરફથી શા શા પગલાં ભરવામાં આવેલ છે ? | નગરપાલિકાઓનું મહેકમ વિષયક વહીવટી માળખું સુદૃઢ કરવા માટે સરકારે તારીખ. ૨૨-૧-૨૦૦૪ના ઠરાવથી તેનું લઘુત્તમ મહેકમ નિયત કરેલ છે. |

----------

**ફીઝીયોથેરાપીનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબત**

૧૦૩૮૪ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ફીઝીયોથેરાપીના અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા માટે કોઈ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ? | ફીઝીયોથેરાપી કોલેજ અમદાવાદ ખાતે ૧૫ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા સાથે ફીઝીયોથેરાપીમાં અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. |

----------

## સંતરામપુર તાલુકાના મોર ઉડારા-પાનમ પુલની પ્રગતિ

૧૨૧૭૩ **શ્રી પ્રબોધકાન્ત દા. પંડ્યા** (સંતરામપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સંતરામપુર તાલુકાના મોર ઉડારા-પાનમ પુલની પ્રગતિ શી છે, અને<br>(૨) સરકાર આ પુલ કરવા માગે છે કે કેમ ? | (૧) અને (૨) પુરતી જોગવાઈ કરાયાથી આયોજન કરાશે. |

----------

## રાજ્યમાં એઈમ્સ સંચાલિત હોસ્પિટલની દરખાસ્ત

૧૨૨૫૪ **શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં એઈમ્સ સંચાલિત હોસ્પિટલ માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ક્યારે ક્યારે કેન્દ્ર સરકારને દરખાસ્તો કરી છે, | (૧) કોઈ દરખાસ્ત કરેલ નથી. |
| (૨) રાજ્યના કયા કયા સ્થળ માટે આવી દરખાસ્તો કરવામાં આવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અંગે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યના મહેસૂલી ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત

૧૧૬૦૧ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા મહેસૂલી ગામોને પાકા રસ્તાઓથી જોડવામાં આવ્યા છે, અને | (૧) ૧૭૭૯૩ મહેસૂલી ગામોને મેટલ/ડામર સપાટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા ગામોને પાકા રસ્તાઓથી જોડવાનું શું આયોજન છે ? | (૨) જોડી શકાય તેવા બાકીના ગામોના ૧૨ કામો પ્રગતિમાં છે અને ૩ કામોના ટેન્ડર મંજુરીમાં છે. આ ૧૫ ગામો જોડવાનું કામ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સિંહ, દીપડા જેવા હિંસક પ્રાણીઓ ત્રાટકવાના બનાવો

૧૦૩૬૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના કયા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ ત્રાટકવાના કુલ કેટલા બનાવો બનેલ છે, | (૧) જુદા-જુદા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૪૫ અને ભાવનગર શહેર વિસ્તારમાં એક એમ કુલ ૧૦૪૬ બનાવ બનેલ છે. |
| (૨) આ પ્રકારના બનાવ બનવાના શા કારણો છે, અને | (૨) નીચે મુજબનાં કારણો છે.<br>(અ) આકસ્મિક રીતે વન્યપ્રાણી અને માનવી સામસામે આવી જવાથી સ્વબચાવમાં<br>(બ) માણસો દ્વારા વન્યપ્રાણીને છંછેડવાથી<br>(ક) વન્ય હિંસક પ્રાણી દ્વારા શિકાર પર કરેલા હૂમલાને અટકાવવાનો કોઈ પ્રયત્ન થવાથી<br>(ડ) જૂજ કિસ્સામાં વન્ય પ્રાણી દ્વારા જાણીજોઈને કરવામાં આવતો હૂમલો. |
| (૩) નાગરિકોની સલામતિ માટે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) નીચે મુજબ પગલાં લેવામાં આવે છે.<br>(અ) આ હૂમલાના બનાવો ન બને તે માટે |

લોકોને સાવચેતી રાખવા ખાતા દ્વારા જુદી જુદી રીતે સમજણ આપવામાં આવે છે.
(બ) વન્યહિંસક પ્રાણી દ્વારા રંજાડની ફરિયાદ મળેથી તુરત જ ખાતાના અધિકારી/કર્મચારી ત્યાં પહોંચી જઈને તે પ્રાણીને પકડવાની વ્યવસ્થા ગોઠવે છે.
(ક) વન્યપ્રાણી દ્વારા માનવ ઈજા મૃત્યુ તેમજ માલઢોરના મારણના બનાવમાં સહાય આપવામાં આવે છે.
(ડ) લોકોમાં આ બાબતે જાગૃતિ લાવવા વન ચિંતન શિબિરો તેમજ પ્રકૃતિ શિક્ષણ યોજવામાં આવે છે.

----------

**ભરૂચ જિલ્લાની હોસ્પિટલોમાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલની વ્યવસ્થા**

૧૦૭૬૩ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કેટલી હોસ્પિટલો દવાખાનામાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલ કરવા માટેની સગવડ છે,

(૨) કેટલી હોસ્પિટલો દવાખાનામાં બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટ કરવા માટે ઈન્સિનીરેટરની સગવડ કરવામાં આવી છે, અને

(૩) જ્યાં વ્યવસ્થા નથી ત્યાં સરકાર શું આયોજન કરવા માંગે છે?

**જવાબ**

(૧) ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબની હોસ્પિટલ દવાખાનામાં સગવડ છે.

| | | **સંખ્યા** |
|---|---|---|
| ૧. | જનરલ હોસ્પિટલ ભરૂચ - | ૧ |
| ૨. | સામુહિક આરોગ્ય કેન્દ્ર - | ૮ |
| ૩. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - | ૩૭ |

(૨) એક.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડીપ બરીયલ પધ્ધતિથી બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવે છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની ખાલી જગ્યા**

૧૨૩૦૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ કયા કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કાયમી તબીબોની જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે કોઈ કાર્યવાહી કરેલ છે, અને

(૩) આ જગ્યાઓ ભરવા કોઈ કાર્યવાહી ન કરેલ હોય તો તેના શાં કારણો છે?

**જવાબ**

(૧) વડગામ, રૂણી, ટીટાણા, શિહોરી અને સેબલપાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની પાંચ જગાઓ ખાલી છે.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**કચ્છ જિલ્લામાં ટી. બી ના દર્દીઓ**

૧૧૭૮૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ટી.બી.ના દર્દીઓની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ટી. બી.ના દર્દીઓની સંખ્યા નીચે પ્રમાણે છે.

| **તાલુકાનું નામ** | **દર્દીઓની સંખ્યા** |
|---|---|
| ભૂજ | ૩૮૨ |
| નખત્રાણા | ૯૨ |
| લખપત | ૨૬ |

| | |
|---|---|
| લખપત | ૨૬ |
| અબડાસા | ૫૮ |
| માંડવી | ૨૬૭ |
| મુંદ્રા | ૭૮ |
| અંજાર | ૧૪૨ |
| ગાંધીધામ | ૧૫૮ |
| ભચાઉ | ૧૧૫ |
| રાપર | ૯૬ |
| **કુલ...** | **૧૪૧૪** |

----------

**ગ્રામ્ય રસ્તાઓની સુધારણા કરવા બાબત**

૧૦૯૮૧ **શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ગ્રામ્ય રસ્તાઓની સુધારણા માટે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં સરકારે કોઈ વિચારણા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો હાલ તે કયા તબક્કે છે? | (૨) કામગીરી વિવિધ તબક્કે છે. |

----------

**વલસાડ જિલ્લાની ચણોદ ખાતેની કામદાર રાજ્ય વીમા યોજનાની હોસ્પિટલ**

૧૦૫૯૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી, જી.આઈ.ડી.સી. ચણોદ ખાતે ઈ.એસ.આઈ. હોસ્પિટલના કેટલા કામદારો આ હોસ્પિટલનો લાભ લે છે, | (૧) ૪૮,૯૫૦ કામદારો તથા તેના કુટુંબીજનો આ હોસ્પિટલનો લાભ લે છે. |
| (૨) આ હોસ્પિટલનો સ્ટાફ કેટલો છે, અને | (૨) આ હોસ્પિટલમાં કુલ ૩૫નો સ્ટાફ છે. |
| (૩) હોસ્પિટલની મશીનરીઓનો પૂરેપૂરો ઉપયોગ થાય છે કે કેમ, ના તો શું કારણો? | (૩) મશીનરીઓનો પૂરેપૂરો ઉપયોગ થાય છે. |

-------

**સ્વનિર્ભર મેડીકલ અને ડેન્ટલ કોલેજોને મંજૂરી આપવા બાબત**

૧૧૭૪૮ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ સ્વનિર્ભર મેડિકલ કોલેજો અને ડેન્ટલ કોલેજોને કયાં કયાં મંજૂરી આપી,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા જે તે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓને મેડીકલ કોલેજ તેમજ ડેન્ટલ કોલેજ શરૂ કરવા ભારત સરકારને અરજી કરવાના હેતુસર ફકત એસેન્સ્યાલીટી સર્ટી આપવામાં આવેલ છે.

સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં જાન્યુઆરી, ૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે નીચેની સંસ્થાઓને સ્વનિર્ભર કોલેજો અને ડેન્ટલ કોલેજો શરૂ કરવા એસેન્સ્યાલીટી સર્ટી આપેલ તેના અનુસંધાને ભારત સરકારે નીચેની મેડીકલ અને ડેન્ટલ કોલેજોને મંજુરી આપી છે.

| ક્રમ | સને | મેડીકલ કોલેજ | ડેન્ટલ કોલેજ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૩- | શ્રીમતી બી.કે. | અમદાવાદ ડેન્ટલ |

| | | | |
|---|---|---|---|
| | | વાઘોડીયા. | |
| ૨ | ૨૦૦૪-૦૫ | કેસર સાલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, ભાડજ, અમદાવાદ. | કર્ણાવતી મેડીકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ઉવારસદ ગાંધીનગર ખાતે ૧૦૦ સીટની ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે એસેન્સ્યાલીટી સર્ટી આપેલ છે. ૨. ધરમસી દેસાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી ટ્રસ્ટ નડીયાદને ૧૦૦ સીટની ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે એસેન્સ્યાલીટી સર્ટી આપેલ છે. |

(૨) તા.૩૧-૧-૨૦૦૫ ની પરિસ્થિતિએ રાજ્યમાં ડેન્ટલ અને મેડીકલની કયાં કયાં કેટલી સંસ્થાઓ ઉપલબ્ધ છે?

૨. તા.૩૧-૧-૨૦૦૫ની પરિસ્થિતિએ રાજ્યમાં નીચે મુજબની ડેન્ટલ અને મેડીકલ કોલેજો ઉપલબ્ધ છે.

**(અ) ડેન્ટલ કોલેજો :**

| **સ્વનિર્ભર કોલેજો** | **સીટો** |
|---|---|
| કે.એમ.શાહ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, પીપરીયા, તા. વાઘોડીયા. | ૧૦૦ |
| મનુભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા. | ૪૦ |
| અમદાવાદ ડેન્ટલ કોલેજ, રણછોડપુરા, સાંતેજ, જિ. ગાંધીનગર. | ૪૦ |
| **સરકારી કોલેજોઃ** સરકારી દંત મહાવિદ્યાલય અને રૂગ્ણાલય, અમદાવાદ. | ૧૦૦ |
| સરકારી દંત મહાવિદ્યાલય અને રૂગ્ણાલય, જામનગર. | ૪૦ |

**(બ) મેડીકલ કોલેજો**

| **(૧) ટ્રસ્ટ/સોસાયટી સંચાલિત** | **સીટો** |
|---|---|
| પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૧૦૦ |
| સી. યુ. શાહ મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર. | ૫૦ |
| શ્રીમતી બી. કે. શાહ મેડીકલ ઈન્સ્ટીટયુટ એન્ડ રીસર્ચ સેન્ટર, પીપરીયા, તા.વાઘોડીયા. | ૧૫૦ |
| સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, વાલીયા. | ૫૦ |
| કેસર સાલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, ભાડજ, અમદાવાદ. | ૧૦૦ |
| **(૨) મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત** | |
| શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ, અમદાવાદ. | ૧૫૦ |
| સુરત મ્યનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત. | ૧૦૦ |
| (સ્ટેટસ અંગે નામદાર કોર્ટના આખરી નિર્ણયને આધીન.) | |
| **(૩) સરકારી કોલેજો** | |
| બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ. | ૨૫૦ |
| મેડીકલ કોલેજ, વડોદરા. | ૧૮૦ |
| એમ.પી.શાહ મેડીકલ કોલેજ, જામનગર. | ૧૭૫ |
| સરકારી મેડીકલ કોલેજ, સુરત. | ૧૨૦ |
| પંડિત દિન દયાલ ઉપાધ્યાય મેડીકલ કોલેજ, રાજકોટ | ૫૦ |
| સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર. | ૫૦ |

----------

## વિરમગામ તાલુકાના સચાણા-કાયલા-વાંસવા ચોકડીનો પાકો રસ્તો કરવા બાબત

૧૧૫૯૭ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિરમગામ તાલુકાના સચાણાથી કાયલા વાયા વાંસવા ચોકડીથી પાકો રસ્તો કરવાનું આયોજન છે, અને | (૧) અને (૨) : આ રસ્તો હયાત ડામર સપાટીનો છે. |
| (૨) જો હા, તો કયાં સુધીમાં પાકો રસ્તો બનાવવાનું કામ પૂરૂં થશે ? | |

----------

## ગોધરા અને ખંભાતની સીલીકાની ફેકટરીઓમાં કામ કરતા મજુરોને સીલીકોસીસ નામનો રોગ થવા બાબત

૧૧૬૯૭ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગોધરા અને ખંભાતની સીલીકાની ફેકટરીઓમાં કામ કરતા મજૂરો સીલીકોસીસ નામના રોગથી પીડાય છે તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) આ રોગથી તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મજૂરોના મરણ થયાં છે, અને | (૨) એક. |
| (૩) આ રોગથી પીડાતા મજૂરો માટે સરકારે આરોગ્યનાં શાં પગલાં લીધાં છે ? | (૩) રાજ્યના તમામ ક્ષય કેન્દ્રો ખાતે એકસ રે મશીન અને ગળફાની તપાસ, જરુર જણાયે તજજ્ઞો ધ્વારા નિદાન તેમજ અટકાયતી પગલારૂપે ચશ્મા, માસ્ક, ઈયર પ્લગનો ઉપયોગ તેમજ એગ્ઝોસ્ટ સીસ્ટમ વિકસાવેલ છે, પ્રદર્શન, પેમ્ફલેટ, બુકલેટ અને જૂથચર્ચાથી કામદારોને રોગવિષયક જાણકારી આપવામાં આવે છે. |

-----------

## બારડોલીથી માંડવીને જોડતાં સ્ટેટ હાઈવેને પહોળો કરવા બાબત

૧૦૬૦૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલીથી માંડવીને જોડતો સ્ટેટ હાઈવેને પહોળો કરવા માટેની દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ, | (૧) (૨) અને (૩) : બારડોલીથી માંડવીને જોડતો રસ્તો બે વાહન અવરજવર કરી શકે તેટલો પહોળો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો આ સ્ટેટ હાઈવેને પહોળો કરવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે, અને | |
| (૩) આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે? | |

----------

## સાબરકાંઠા જિલ્લામાં વન સહકારી મંડળીઓને જંગલ વિસ્તારની જમીનની જાળવણી કરવા બાબત

૧૦૬૨૧ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સહકારી વન મંડળીઓ કાર્યરત છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૨૪૭ સહભાગી વન વ્યવસ્થાની મંડળીઓ (તાલુકાવાર પત્રક મુજબ) કાર્યરત છે. |
| (૨) તેઓને તાલુકાવાર કેટલી જંગલ વિસ્તારની જમીનના રક્ષણ/જાળવણીની જવાબદારી | (૨) આ ૨૪૭ સહભાગી વન વ્યવસ્થાની મંડળીઓને ૨૦,૦૮૨.૭૯ હેકટર જંગલ વિસ્તારનું |

સોંપવામાં આવેલ છે ? (તાલુકાવાર પત્રક મુજબ) રક્ષણ અને જાળવણીની જવાબદારી સોંપવામાં આવેલ છે.

**પત્રક**

**સાબરકાંઠા જિલ્લાની માહિતી**

| અનુ. | તાલુકાનું નામ | કાર્યરત J.F.M.મંડળીની સંખ્યા | રક્ષણ/જાળવણી માટે ફાળવેલ વન વિસ્તાર (હે.) |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૭૪ | ૭૭૧૯.૩૬ |
| ૨ | મેઘરજ | ૩૩ | ૧૩૩૪.૦૦ |
| ૩ | માલપુર | ૧૫ | ૭૮૪.૧૯ |
| ૪ | મોડાસા | ૮ | ૪૧૭.૦૦ |
| ૫ | હિંમતનગર | ૧૧ | ૫૧૪. ૧૮ |
| ૬ | વિજયનગર | ૧૭ | ૧૫૦૭.૮૯ |
| ૭ | વડાલી | ૧ | ૬૦.૦૦ |
| ૮ | ઈડર | ૧૬ | ૧૪૩૨.૯૮ |
| ૯ | ખેડબ્રહ્મા | ૭૨ | ૬૩૧૩.૧૯ |
| | કુલ : | **૨૪૭** | **૨૦૦૮૨.૭૯** |

----------

## સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલની સમકક્ષ બીજી હોસ્પિટલ બનાવવા બાબત

૧૦૬૦૫ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલની સમકક્ષ અન્ય હોસ્પિટલ શરૂ કરવા સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા તો નવી હોસ્પિટલનું કામ કયાં સુધીમાં પૂર્ણ કરવા સરકાર ધારે છે. | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## રાજ્યની હોસ્પિટલોમાં મેડીકલ ઓફીસરની ખાલી જગ્યાઓ

૧૧૯૨૮ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર હોસ્પિટલોમાં મેડીકલ ઓફીસરોની કુલ કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાલી છે, | (૧) રાજ્યમાં જિલ્લાવાર હોસ્પિટલોમાં મેડીકલ ઓફીસરોની કુલ-૩૮ (આડત્રીસ) જગ્યાઓ તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાલી છે. |
| (૨) તે પૈકી સાબરકાંઠા જિલ્લામાં કેટલા મેડીકલ ઓફીસરની જગ્યાઓ ખાલી છે, અને | (૨) એકપણ નહીં. |
| (૩) આ જિલ્લામાં આરોગ્યની સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે? | (૩) ઉપલબ્ધ સ્ટાફ દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. |

---------

**સાવરકુંડલા શહેરને બાયપાસ રોડ આપવા બાબત**

૧૧૫૮૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેરને બાયપાસ રોડ આપવા માટે અગાઉ બજેટમાં જોગવાઇ કરી મંજૂર કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧), (૨), (૩) અને (૪) : "સાવરકુંડલા બાયપાસનું જમીન સંપાદન" નું કામનો બજેટમાં સમાવેશ થયેલ છે. પરંતુ અપૂરતી બજેટ જોગવાઇ હોવાથી કાર્યવાહીમાં પ્રગતિ થઇ શકેલ નથી આ અંગેનું આયોજન વિચારવામાં આવશે. |
| (૨) જો હા, તો મંજૂર થયેલ બાયપાસમાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કામગીરી થયેલ છે, | |
| (૩) કામગીરી ન થયેલ હોય તો તેના શાં કારણો છે, અને | |
| (૪) આ કામગીરી કયારે શરૂ કરી કયારે પૂર્ણ કરવામાં આવશે? | |

---------

**સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ખેડૂતોના ઊભા પાકને નીલગાય દ્વારા નુકસાન**

૧૦૯૮૨ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ખેડૂતોના પાકને નીલગાય દ્વારા નુકસાન થાય છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઊભા પાકને થતું નુકસાન રોકવા સરકારે કોઇ નક્કર પગલાં ભર્યા છે? | (૨) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>(અ) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ "વન્યપ્રાણીઓ દ્વારા માનવ સંપતિ તથા માનવ જાતને થતા નુકસાન અટકાવવાની યોજના" અન્વયે વન ખાતા તરફથી કાંટાળા તારની વાડ બાંધી આપવાની યોજના અમલમાં છે. જે યોજનામાં ખેડૂત લાભાર્થીઓની ખેતીની જમીન ઉપર કાંટાળી તારની વાડ બનાવવા માટે જે ખર્ચ થાય છે તેના અંદાજીત ખર્ચના ૫૦% રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.<br>(બ) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે. લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે.<br>(ક) વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે. |

---------

**રાજ્યના ભૂકંપગ્રસ્ત શહેરોમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા થયેલ કામો**

૧૦૩૬૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ભૂકંપગ્રસ્ત શહેરોમાં પુનઃવસવાટ અંગે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા કેટલી રકમના કામો હાથ ધરેલ છે, | (૧) રૂા.૪૧૯.૦૨ કરોડ. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ આ કામો [illegible] | (૨) રૂા.૨૧૦.૬૨ કરોડ. |

અંગે કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

| | |
|---|---|
| (૩) તમામ કામો કયારે પૂર્ણ થશે? | (૩) આ તમામ કામો જૂન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશા મંજૂર થવા બાબત**

૧૧૨૦૨ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશા મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨ (બે). |
| (૨) કઇ કઇ મહાનગરપાલિકાના? | (૨) (૧) રાજકોટ મહાનગરપાલિકા.<br>(૨) સુરત મહાનગરપાલિકા. |

---------

**ભાવનગર પાંજરાપોળે અનામત વીડીમાંથી કરેલ ઘાસની માગણી**

૧૦૬૧૯ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર પાંજરાપોળે વન વિભાગ પાસેથી લીઝ પર લીધેલ વડાળાના ડુંગર પરનું ઘાસ નવે.૨૦૦૪ માં બળી ગયું છે. તેથી અનામત વીડીમાંથી ઘાસ ફાળવવા માંગણી કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, ભાવનગર પાંજરાપોળે વડાળો ડુંગર બિનઅનામત વીડી ઘાસ વાઢી લઇ જવા માટે રાખેલ. જેમાં માહે નવેમ્બર-૦૪ દરમ્યાન આગ લાગવાથી ઘાસ બળી જવાથી ઘાસ ફાળવવા માંગણી કરેલ છે. |
| (૨) જો હા, તો સરકાર આ ઘાસની ફાળવણી કયાં સુધીમાં કરશે? | (૨) પાંજરાપોળની માંગણી અનુસાર વિનામુલ્યે ઘાસ આપવાની કોઇ જોગવાઇ નથી. સંસ્થા નિયત થયેલ વેચાણ દરથી ઘાસ મહેસુલ વિભાગની મંજુરીથી મેળવી શકે છે. |

---------

**વ્યારા તાલુકાની ઝાંખરી નદી ઉપર છીંડીયા અને સાંકળી ગામને જોડતો કોઝવે બનાવવા બાબત**

૧૧૫૪૨ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના વ્યારા તાલુકાની ઝાંખરી નદી પર છીંડીયા અને સાંકળી ગામને જોડતો કોઝવે સરકાર બનાવવા માંગે છે, | (૧), (૨) અને (૩) : હાલમાં આયોજન નથી. |
| (૨) આ કોઝવે અત્યાર સુધી ન બનાવવાના શાં કારણો છે, અને | |
| (૩) આ કોઝવેની કામગીરી સરકાર કેટલાં સમયમાં શરૂ કરીને પૂર્ણ કરવા માંગે છે? | |

---------

**કચ્છ જિલ્લામાં નવા માર્ગોને જોબનંબર આપવા બાબત**

૧૨૨૫૭ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫, તા.૩૧-૧-૦૫ સુધીમાં કયા કયા નવા માર્ગોને જોબનંબર આપવામાં આવ્યા, | (૧) કચ્છ જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન નવા માર્ગોને કોઇ જોબનંબર આપેલ નથી. |

(૨) માર્ગ વાઇઝ કેટલો અંદાજવામાં આવ્યો, અને

(૩) આ રસ્તાઓનું કામ કેટલા સમયમાં પુરું કરવામાં આવશે?

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આદિજાતિ આશ્રમશાળાઓમાં વિધા સહાયકો**

૧૦૬૧૭ **શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આદિજાતિની આશ્રમશાળાઓમાં વિધા સહાયકોની ભરતી કરી તેમાં રૂા.૨૫૦૦/- પગાર આપવામાં આવે છે, જેઓ ૨૪ કલાક ફરજ બજાવે છે અને પ્રાથમિક શાળાના શિક્ષકોને ૧૧ થી ૫ નોકરી કરે છે તેમને પણ ૨૫૦૦/- પગાર મળે છે તો ૨૪ કલાકની નોકરીવાળા આશ્રમશાળાના શિક્ષકોને અન્યાય થાય છે. તેમના પગારમાં વધારો કરવા માંગો છે કે કેમ? | ના, જી. |

---------

**ગારીયાધાર પરવડી સણોસરા રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત**

૧૧૯૮૫ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર પરવડી સણોસરા રસ્તો બે તાલુકાને જોડતો રસ્તો છે. હાલમાં આ રસ્તો ખૂબજ ખરાબ હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧), (૨) અને (૩) : રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. રસ્તાની સુધારણા માટે કુલ પાંચ કામો મંજુર થયેલ છે જે પૈકી ચાર કામ વર્ષ ૨૦૦૫ અને પાંચમું કામ વર્ષ ૨૦૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો આ રસ્તાની સુધારણા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | |
| (૩) આ રસ્તાની સુધારણા કેટલા સમયમાં કરવામાં આવશે? | |

---------

**સચિવાલય સંકુલમાં વીજ બચત થવા બાબત**

૧૧૬૧૭ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરના સચિવાલય સંકુલમાં વિજ બચત કરવા કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કયા પ્રકારની છે? | (૨) વિદ્યુતના વીજબચતના અદ્યતન ઉપકરણો લગાવીને તેમજ કરકસરયુકત ઉપયોગ કરીને વીજબચત કરવામાં આવે છે. |

---------

**ઉઝા શહેરમાં રેલ્વે ક્રોસીંગ ઉપર ઓવરબ્રીજ, અંડરબ્રીજ બનાવવા બાબત**

૧૧૫૮૪**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના ઉઝા શહેરમાં રેલ્વે ક્રોસીંગ ઉપર ઓવરબ્રીજ/અંડરબ્રીજ બનાવવા સરકાર દ્વારા આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તો સરકારે આ બાબતે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) અને (૨) : પ્રાથમિક વિચારણા હાથ ધરેલ છે.

---------

**માર્ગ મકાન વિભાગને એ.ડી.બી.લોન અંતર્ગત રકમ ફાળવવા બાબત**

૧૦૯૭૫ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં એ.ડી.બી. લોન અંતર્ગત માર્ગ અને મકાન વિભાગનાં રસ્તાની મરામત અને નવીનીકરણ માટે રકમ ફાળવવામાં આવનાર છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી, અને

(૩) તે કયારે ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ગુજરાત ઇમરજન્સી અર્થકવેક રીહેબીલીટેશન પ્રોગ્રામ હેઠળ એશીયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેઝમેન્ટ ઓથોરીટીને રસ્તાની સુધારણા/નવીનીકરણ માટે લોન આપેલ છે. જે અંતર્ગત રૂા.૧૩૫.૭૨ કરોડનાં મંજુર કામો સામે સને ૨૦૦૪-૦૫ના વર્ષ દરમ્યાન ખર્ચ આધારિત નાણાકીય ફાળવણી જીએસડીએમએ દ્વારા કરવામાં આવશે.

---------

**વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને બચાવવા બાબત**

૧૧૪૪૬ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ડિસે-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં પ્રાણીઓ જેવા કે નીલગાય મારફતે ખેડૂતોના ઉભા પાકને થતા નુકશાનથી બચાવવા રાજ્ય સરકારે શા પગલાં લીધા?

**જવાબ**

નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

(અ) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ "વન્યપ્રાણીઓ દ્વારા માનવ સંપતિ તથા માનવ જાતને થતા નુકશાન અટકાવવાની યોજના" અન્વયે વન ખાતા તરફથી કાંટાળા તારની વાડ બનાવી આપવામાં આવે છે. કાંટાળી તારની વાડ બનાવવા માટે જે ખર્ચ થાય છે તેના અંદાજીત ખર્ચના ૫૦% રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.

(બ) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(ક) લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે.

---------

**તલાલા અને ઉના તાલુકાના ગામોના પ્રશ્નો માટે વન વિભાગની શેખડા સમિતિનો અહેવાલ**

૧૨૨૫૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના તલાલા અને ઉના તાલુકાના ગામોના પ્રશ્નો અંગે વન વિભાગ દ્વારા રચવામાં આવેલ શેખડા સમિતિએ તેના અહેવાલમાં કેટલી ભલામણો કરવામાં આવી હતી,

(૨) તે પૈકીની કેટલી ભલામણોનો તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સરકારે અમલ કર્યો અને

**જવાબ**

(૧) ૭ (સાત).

(૨) ૬ (છ) ભલામણોનો અમલ કરેલ છે, જયારે ૧ (એક) ભલામણ ઉપર અમલ કરવાની

| | |
|---|---|
| કેટલાનો અમલ કરવાનો બાકી છે, અને<br>(૩) બાકી રહેવાના કારણો શાં છે? | કાર્યવાહી ગતિમાં છે.<br>(૩) નામદાર સુપ્રિમકોર્ટના સ્પે.સી.એ. નં.૩૩૭/૯૫માં થયેલ તા.૧૩-૧૧-૨૦૦૦ના આદેશ મુજબ કાર્યવાહી પડતર રહેલ છે. |

---------

**ગાંધીનગર શહેરને મુંબઇ તથા દિલ્હી સાથે રેલ્વેથી જોડવા બાબત**

૧૧૯૯૨ **શ્રી બેચરભાઇ વી. ભાદાણી**(લાઠી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરને દિલ્હી તથા મુંબઇ સાથે જોડવા માટે તા.૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ કઇ કઇ ટ્રેનો માટે કેન્દ્ર સરકાર સમક્ષ, કયારે કયારે દરખાસ્તો કરાઇ છે, અને<br>(૨) આ અંગે કેન્દ્ર સરકારે શાં પ્રતિભાવો આપેલ છે? | (૧) અને (૨) : રાજ્યના પાટનગર ગાંધીનગરને દિલ્હી તથા મુંબઇ સાથે જોડવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૦-૬-૯૮, તા.૨૧-૩-૨૦૦૨ અને તા.૨૩-૭-૨૦૦૪ના રોજ રજુઆત કરવામાં આવી. જે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા કલોલ-મોટી આદરજ-ગાંધીનગર બ્રોડગેજ લાઇનનું કામ શરૂ કરવામાં આવેલ, જે પ્રગતિમાં છે. જે બાદ રાજ્યનું પાટનગર મુખ્ય બ્રોડગેજ લાઇન પર આવશે. વિવિધ રજુઆતો ધ્યાને લેતાં ગુજરાત એક્ષપ્રેસ, ગુજરાત મેલ તથા ગાંધીનગરથી મુંબઇ તથા દિલ્હી માટે નવી ટ્રેઇનો માટે તા.૧૩-૨-૨૦૦૪ તથા તા.૧૮-૬-૨૦૦૪ના રોજ કેન્દ્ર સરકારને રજુઆત કરવામાં આવેલ છે. જે બાબત કેન્દ્ર સરકાર પાસે પડતર છે. |

---------

**ઓકટ્રોય નાબુદ થતાં નગરપાલિકાઓને ચૂકવવાની બાકી રકમ**

૧૦૩૬૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા)** : **માનનીય શહેર વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં ઓકટ્રોય નાબૂદ થતાં નગરપાલિકાઓને સરકાર દ્વારા કેટલી રકમ ચૂકવવાની બાકી છે. | (૧) ડિસે-૦૪ માસની રૂા. ૧૪,૯૮,૭૫,૨૦૬/- ની રકમ ચૂકવવાની બાકી હતી જે તા. ૬-૧-૦૫ના રોજ ચૂકવી આપેલ છે. |
| (૨) પ્રતિ વર્ષ આ ગ્રાન્ટમાં ૭ ટકા વધારો આપવાનું સરકારે નક્કી કરેલ તે વાત સાચી છે, અને<br>(૩) જો, હા, તો આ વધારો હાલમાં આપવામાં આવે છે કે કેમ? | (૨) અને (૩) : પ્રતિ વર્ષ ૭ ટકા વધારો આપવો તથા ત્રણ વર્ષે સમીક્ષા કરવાનો નિર્ણય લીધેલ. ત્રણ વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં પુરા થતા સમીક્ષાની કાર્યવાહી હાથ ધરી છે. તેનો આખરી નિર્ણય લેવાયા બાદ તા. ૧-૪-૦૪ થી વધારો આપવાની કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**કપડવંજ અને કઠલાલ તાલુકામાં ડામર સપાટી વિનાના રસ્તાઓ**

૧૦૭૫૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલ તાલુકામાં ડામર સપાટી વિનાના કેટલા ગામોના રસ્તાઓ તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છે, અને | (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કપડવંજ તાલુકાના ૮ ગામો તથા કઠલાલ તાલુકાના ૯ ગામોને જોડતા રસ્તા ડામર સપાટી વિનાના છે. |
| (૨) આ રસ્તાઓને ડામર સપાટીથી કરવા સરકારે શું આયોજન કરેલ છે? | (૨) ૩ ગામોને જોડતા મેટલ રસ્તાને ડામર સપાટી કરવાનું આયોજન છે. |

---------

### અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો

૧૦૫૯૮ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ માં રાજ્ય સરકારે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા છાત્રાલયો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) સન ૨૦૦૩-૨૦૦૪ માં ૯ (નવ)<br>સન ૨૦૦૩-૨૦૦૪ માં ૭ (સાત) |
| (૨) જે પૈકી મંજૂર થયેલ છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૨) ૩૨૦ (ત્રણસો વીસ). |
| (૩) તે પૈકી સુરત જિલ્લામાં કેટલા છાત્રાલયો મંજૂર કરવામાં આવેલ છે? | (૩) તે પૈકી સુરત જિલ્લામાં કોઇ છાત્રાલય મંજુર કરવામાં આવેલ નથી. |

---------

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કાંકરેજ તાલુકામાં મંજૂર થયેલ રસ્તાના કામ

૧૧૯૯૩ **શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા** (કાંકરેજ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કાંકરેજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં તા.૩૧-૧-૦૫ સુધી કેટલા રસ્તા મંજુર થયેલ હતા તેમાંથી કેટલાનું કામ પૂર્ણ થયેલ છે? | કાંકરેજ તાલુકામાં ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ૩ રસ્તાના કામ તા.૧૦-૧૧-૨૦૦૪ ના મંજુર થયેલ છે. ટેન્ડર મંજુરી હેઠળ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના જર્જરીત મકાનો

૧૧૫૮૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જર્જરીત થઈ ગયેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા બિસ્માર મકાનોનું સમારકામ સરકાર કરવા માગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો કયાં સુધીમાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જાંબુઘોડા ગામના પુલને બે માર્ગીય બનાવવા બાબત

૧૧૧૪૩ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાંબુઘોડા ગામએ તાલુકાનું હેડકવાર્ટર છે. આ ગામમાં જવાનો પુલ સાંકડો છે, આ પુલ બે માર્ગીય બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) હાલમાં આયોજન નથી. |
| (૨) જો હા, તો કયાં સુધીમાં આ પુલને બે માર્ગીય બનાવવામાં આવશે? | |

---------

**વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની હોસ્પિટલ સરકાર હસ્તક લેવા બાબત**

૧૧૩૮૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા હસ્તકની હોસ્પિટલ સરકારે કયારે સંભાળી, | (૧) તા. ૧૩-૭-૨૦૦૦થી. |
| (૨) તેનો પૂરેપૂરો સ્ટાફ સંભાળેલ છે કે કેમ, અને | (૨) જે તે સમયે ભરાયેલ જગ્યાઓ લેવામાં આવેલ. |
| (૩) હોસ્પિટલના મહેકમ પર તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, ખાલી રહેતી જગ્યાઓ કયારે ભરવા માગો છો? | (૩) ૪ જગ્યાઓ ખાલી છે. જે સત્વરે ભરવામાં આવશે. |

---------

**રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ**

૧૦૩૯૭ **શ્રી બિમલ શાહ(કપડવંજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ બાબતે રાજ્ય સરકારે કોઈ સૂચના બહાર પાડેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયારે બહાર પાડવામાં આવેલ છે? | (૨) તા. ૨૭-૭-૨૦૦૪ના રોજ |

---------

**માંડવી તાલુકાના ચોરઆંબા ગામથી લાડકુવા નવા ફળીયાને અને ડુંગરી ફળિયાને જોડતો રસ્તો બિસ્માર હોવા બાબત**

૧૧૬૯૨ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ચોરઆંબા ગામથી લાડકુવા નવા ફળિયાને અને ડુંગરી ફળીયાને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે. તે સરકાર જાણે છે, | (૧) હયાત કોઈ રસ્તો નથી. |
| (૨) જો હા, તો સરકાર આ રસ્તાનો જોબનંબર આપીને કેટલા સમયમાં બનાવવા માંગે છે, અને | (૨) રસ્તો મંજુર કરવાનું કોઈ આયોજન નથી. |
| (૩) આ રસ્તો રીપેર ન કરવાના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ધારી-બગસરા તાલુકામાં ડોકટરોની ઘટ**

૧૦૭૭૦ **શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારી તેમજ બગસરા તાલુકાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડોકટરોની ઘ ટ છે, | (૧) કુલ-૭ (સાત). |
| (૨) કેટલા નર્સીંગ સ્ટાફ તથા કર્મચારીઓની ઘટ છે, અને | (૨) ઘટ: નર્સીંગ સ્ટાફ ૫; કર્મચારીઓની ૪૨ |
| (૩) આ ઘટ ક્યારે પુરાશે? | (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

---------

**ભૂજની નવી હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ**

૧૧૭૮૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કચ્છમાં આવેલા ભૂકંપ બાદ ભૂજમાં સરકારે નવી હોસ્પિટલ બાંધી છે તેમાં કયા કયા વિભાગો શરૂ કરવામાં આવ્યા છે, | (૧) (૧) સર્જરી વિભાગ (૨) સ્ત્રીરોગ વિભાગ (૩) બાળરોગ વિભાગ (૪) કાન, નાક, ગળાનો વિભાગ (૫) ફીઝીયોથેરાપી વિભાગ (૬) અસ્થીરોગ વિભાગ (૭) ચર્મરોગ વિભાગ (૮) નેત્રરોગ વિભાગ (૯) દંતરોગ વિભાગ (૧૦) એનેસ્થેસીયોલોજી વિભાગ (૧૧) પેથોલોજી વિભાગ (૧૨) મેડીસીન વિભાગ (૧૩) યોગિક સારવાર વિભાગ |
| (૨) આ હોસ્પિટલના જુદા જુદા સંવર્ગમાં કેટલું મહેકમ મંજુર કરવામાં આવ્યું છે, | (૨) હોસ્પિટલ સ્વાયત્ત સોસાયટી સંચાલિત હોઈ તે જરૂરીયાત મુજબ મહેકમ ઉપલબ્ધ કરાવે છે. |
| (૩) મંજુર કરેલા મહેકમમાં કેટલી નિમણુકો તા. ૩૧-૧-૦૫ સુધીમાં કરવામાં આવી છે, અને | (૩) સોસાયટી દ્વારા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ડૉકટર્સ-૬, નર્સીંગ કેડર-૨૧, ફાર્માસીસ્ટ-૬, લેબોરેટરી ટેકનીશીયન-૧૧, એક્ષ-રે ટેકનીશીયન-૨, સર્પોટીવ સ્ટાફ-૬ની નિમણુકો કરવામાં આવી છે. |
| (૪) હજુ સુધી જે જગ્યાઓ ખાલી છે તે કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) સત્વરે. |

---------

**કચ્છ જિલ્લામાં ભૂજ શહેર અને અમદાવાદ શહેરમાં હોસ્પિટલો, દવાખાના તથા ડૉકટરોને ગર્ભપાત કેન્દ્ર તરીકે માન્યતા આપવા બાબત**

૧૨૨૪૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ શહેર તથા અમદાવાદ શહેરમાં ડીસેમ્બર ૨૦૦૪ની સ્થિતિએ કઈ કઈ હોસ્પિટલો, દવાખાના તથા ડૉકટરોને ગર્ભપાત કેન્દ્ર તરીકે માન્યતા આપવામાં આવી છે. | (૧) સામેલ પત્રક-૧ અને પત્રક-૨ મુજબ. |
| (૨) આ કેન્દ્રોમાં સને-૨૦૦૪માં કેટલા ચેકીંગ તથા દરોડા પાડવામાં આવ્યા, તથા કેવી ગેરરીતીઓ જાણવા મળી, અને | (૨) અને (૩) : આવો કોઈ કિસ્સો ધ્યાન પર આવેલ નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગેરરીતીઓ બદલ કયા કયા ડોકટરો સામે શી કાર્યવાહી કરવામાં આવી તથા કેટલા ડૉકટરોના લાયસન્સ સમાપ્ત કરવામાં આવ્યા ? | *** (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)** |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પેટા વન**

૧૧૦૨૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પેટા વન વિભાગ સ્વતંત્ર કરવામાં આવ્યા, | (૧) કોઈ નહી. |
| (૨) તે પૈકી ચોટીલા અને સાયલા તાલુકાના કેટલા અને ક્યા ક્યા પેટા વન વિભાગનો સમાવેશ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કેટલા અને કયા કયા પેટા વન વિભાગનો સમાવેશ થયો છે,અને

(૩) આગામી બે વર્ષમાં કેટલા પેટા વન વિભાગ સ્વતંત્ર કરવાનું આયોજન છે ?

(૩) હાલમાં કોઈ આયોજન નથી.

---------

**સાસણનાં જંગલોમાં આગના બનાવો**

૧૨૧૬૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાનાં સાસણમાં આવેલ જંગલમાં તા.૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં કેટલી વખત આગનાં બનાવ બનેલ છે,

(૧) ૩૬ બનાવો બનેલ છે.

(૨) જંગલ ખાતા તરફથી આગ બુઝાવવા માટેનાં શાં પ્રયત્નો કર્યા છે,

(૨) જંગલ ખાતા તરફથી સ્થાનિક સ્ટાફ તથા દૈનિક વેતનદારો રોકી દવ (આગ) બુઝાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

(૩) જંગલમાં આગ લાગવાનાં શાં કારણો છે, અને

(૪) આ કારણો સરકારનાં ધ્યાનમાં આવેલ છે કે કેમ?

(૩) અને (૪) સામાન્ય રીતે આગ લાગવાના બનાવો અકસ્માત કે માનવ નિષ્કાળજીથી બનતા હોય છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષો રોપવા બાબત**

૧૧૭૦૨ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સામાજિક વનીકરણ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ કેટલા વૃક્ષો વાવવામાં આવ્યા,

(૧) સામાજિક વનીકરણ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ નીચે દર્શાવ્યા મુજબ ૨૦૦૩-૦૪માં ૪૯૪૪૭૧ અને ૨૦૦૪-૦૫માં ૯૦૨૪૬૭ વૃક્ષો વાવવામાં આવ્યા.

| તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ રોપવામાં આવેલ વૃક્ષો | |
|---|---|---|
| | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (૩૧-૧૨-૦૪ સુધી) |
| પાલનપુર | ૮૦૯૭૯ | ૧૧૮૩૭૫ |
| અમીરગઢ | ૫૩૭૫૦ | ૧૪૨૩૨૫ |
| વડગામ | ૭૨૫૬૭ | ૧૨૦૨૬૭ |
| દાંતા | ૮૯૯૭૫ | ૨૩૨૭૦૦ |
| દાંતીવાડા | ૩૫૮૨૫ | ૬૨૦૦૦ |
| ધાનેરા | ૧૯૮૭૫ | ૪૦૦૦૦ |
| ડીસા | ૫૨૧૨૫ | ૯૧૦૦૦ |
| શિહોરી (કાંકરેજ) | ૨૦૦૦૦ | ૨૦૦૦૦ |
| દિયોદર | ૧૯૧૨૫ | ૨૨૪૦૦ |
| ભાભર | ૪૦૦૦ | ૦ |
| વાવ | ૨૩૧૨૫ | ૨૪૪૦૦ |
| થરાદ | ૨૩૧૨૫ | ૨૯૦૦૦ |
| કુલ | ૪૯૪૪૭૧ | ૯૦૨૪૬૭ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તેની પાછળ વર્ષવાર નીચે જણાવ્યા મુજબ ૨૦૦૩-૨૦૦૪માં રૂા. ૯૯.૧૭ લાખ અને ૨૦૦૪-૦૫માં ૭૭.૫૫ લાખ ખર્ચ કરવામાં આવ્યો જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ રોપવામાં આવેલ વૃક્ષો પાછળ કરવામાં આવેલ ખર્ચ (રૂપિયા) | |
|---|---|---|
| | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ (૩૧-૧૨-૦૪ સુધી) |
| પાલનપુર | ૧૪૧૫૬૯૨ | ૯૭૦૭૪૦ |
| અમીરગઢ | ૧૦૩૭૪૩૩ | ૧૩૬૩૯૭૬ |
| વડગામ | ૧૯૦૦૭૮૮ | ૧૪૦૯૯૬૨ |
| દાંતા | ૧૮૦૨૬૯૦ | ૧૯૮૪૭૫૬ |
| દાંતીવાડા | ૮૫૩૫૮૮ | ૩૯૯૬૨૫ |
| ધાનેરા | ૫૧૨૬૯૩ | ૩૨૪૭૧૧ |
| ડીસા | ૯૬૭૭૫૪ | ૫૯૬૫૩૫ |
| શિહોરી (કાંકરેજ) | ૨૩૩૮૦૨ | ૧૩૫૩૫૬ |
| દિયોદર | ૩૫૦૭૩૨ | ૧૬૩૭૬૬ |
| ભાભર | ૪૬૭૬૦ | ૦ |
| વાવ | ૩૯૭૪૯૨ | ૨૦૯૮૦૨ |
| થરાદ | ૩૯૭૫૦૯ | ૧૯૬૨૬૭ |
| કુલ | ૯૯૧૬૯૩૩ | ૭૭૫૫૪૯૬ |

(૩) રોપવામાં આવેલ વૃક્ષોની માવજત માટે કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ?

(૩) રોપવામાં આવેલ વૃક્ષોની માવજત માટે રોપાઓને નિંદામણ, ગોડ અને રક્ષણ કરવામાં આવે છે?

----------

## જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ

૧૦૩૮૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અગાઉ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સલાહકાર સમિતિઓ રહેતી હતી તેના બદલે રોગી કલ્યાણ સમિતિ બનાવવાની હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો સમિતિનું ગઠન તેમજ દર્દીના હીતની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) લોક ભાગીદારીથી કાર્યો હાથ ધરવા, સક્ષમ લોકો અને અન્ય વિવિધ સ્ત્રોતો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરી તેને હોસ્પિટલના દર્દીઓના હિતાર્થે વાપરવાની અને આ રીતે દર્દીઓને ઉત્તમ તબીબી સેવાઓ પુરી પાડવા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં સરકારી, બિન સરકારી તેમજ સામાજિક કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને નીલ ગાય દ્વારા નુકસાન કરવા બાબત

૧૦૭૭૩ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં જંગલ વિસ્તારમાં રહેતા નીલ ગાય, ખેડૂતોનાં ઊભા પાકને નુકસાન કરે છે. તેમાં ખેડૂતોને કાંટાળા લોખંડનાં તારની વાડ રાહતદરે તાલુકાવાર કેટલા ખેડૂતોને આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ખેડૂતોને કાંટાળા તારની વાડ કરી આપવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકો | લાભાર્થી ખેડૂતોની |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૭ |
| ૨ | માણાવદર | ૧૧ |
| ૩ | ભેંસાણ | ૨ |
| ૪ | તાલાલા | ૨ |

| | | |
|---|---|---|
| ૪ | તાલાલા | ૨ |
| ૫ | વિસાવદર | ૨ |
| ૬ | ઉના | ૨ |
| ૭ | અમરેલી | ૩ |
| ૮ | ધારી | ૮ |
| ૯ | બગસરા | ૧ |
| | કુલ | ૩૮ |

(૨) ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા માટે કયા કયા તાલુકામાં તકેદારી રાખવા માટે ક્ષેત્રિય સ્ટાફ મુકવામાં આવેલ છે, અને

(૨) જૂનાગઢ જિલ્લામાં તમામ તાલુકામાં ક્ષેત્રિય સ્ટાફ દ્વારા તકેદારી રાખવામાં આવે છે.

(૩) તારની કાંટાળી વાડ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની રાહત સન ૨૦૦૪માં ચુકવવામાં આવેલી છે ?

(૩) આ યોજના હેઠળ ખેડૂતોને રાહતની કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી. પરંતુ જે ખેડૂતોએ તારની વાડ બનાવવા માટે ૫૦ ટકા રકમ જમા કરાવી હતી તેવા ખેડૂતોનાં ખેતરો ફરતે વાડ બનાવવા માટે નીચે મુજબનો ખર્ચ વન ખાતા દ્વારા કરવામાં આવેલ છે.

| તાલુકો | લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ખેડૂતો દ્વારા જમા કરેલ ૫૦ ટકા રકમ (રૂા. લાખમાં) | ખાતા દ્વારા કરવામાં આવેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| જુનાગઢ | ૭ | ૧.૩૩ | ૨.૬૬ |
| માણાવદર | ૧૧ | ૦.૮૭ | ૧.૭૫ |
| ભેંસાણ | ૨ | ૦.૧૯ | ૦.૩૯ |
| તાલાલા | ૨ | ૦.૨૮ | ૦.૫૬ |
| વિસાવદર | ૨ | ૦.૨૯ | ૦.૫૮ |
| ઉના | ૨ | ૦.૦૯ | ૦.૧૮ |
| અમરેલી | ૩ | ૧.૦૦ | ૨.૦૦ |
| ધારી | ૮ | ૧.૫૦ | ૩.૦૦ |
| બગસરા | ૧ | ૦.૧૨ | ૦.૨૪ |

-------

## જંબુસર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યા

૧૦૫૯૪ **શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જંબુસર તાલુકાના કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને તેમાં કેટલા ડૉકટરોની જગ્યા ખાલી છે ?

**જવાબ**

૫ (પાંચ), તેમાં એક ડૉકટરની જગ્યા ખાલી છે.

----------

## અમરેલી-રંગપુર રોડનું કામ

૧૦૩૭૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમરેલી રંગપુર રોડનું કામ તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) આંશિક લંબાઈમાં માટીકામ તથા મેટલ એકત્રિત કરવાનું કામ થયેલ છે.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

**ભાવનગર રાજકોટ રાજ્ય માર્ગ ખરાબ સ્થિતિમાં**

૧૨૧૭૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર રાજકોટ રાજ્ય ધોરી માર્ગ ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે એ સરકાર જાણે છે, અને
(૨) જો હા, તો આ રસ્તાને વાહન વ્યવહાર લાયક બનાવવા શી કાર્યવાહી કરવામાં આવી, અને કેટલા સમયમાં કામ પૂર્ણ કરાશે?

**જવાબ**

(૧) અને (૨) સદર રસ્તાની અમુક લંબાઈમાં રીસરફેસીંગ કરવામાં આવેલ છે બાકીની લંબાઈમાં પેચવર્ક કરીને વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. આ બાકીની લંબાઈમાંની કામગીરી ટુંકમાં શરુ કરીને પૂર્ણ કરવાનું આયોજન છે.

----------------

**અમરેલી જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ ફંડ નીચેના રસ્તાઓ**

૧૦૯૭૮ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સેન્ટ્રલ રીઝર્વ ફંડ નીચે કયા કયા રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે,
(૨) તે કયા કયા તાલુકાના કયા કયા રસ્તાઓના છે
(૩) મંજુર કરાયેલ કામો પૈકી કેટલા રસ્તાના કામો પૂર્ણ થયેલ છે, અને
(૪) બાકીના કામ ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.
(૩) ૪ કામો.
(૪) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

**અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સી.આર.એફમાં મંજૂર થયેલ રસ્તાના કામો**

| | મજૂર કરેલા રસ્તાના કામો | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | અમરેલી સાવરકુંડલા | કુકાવાવ, અમરેલી |
| ૨ | સાવરકુંડલા-રંઘોળા | લીલીયા |
| **૩** | **લીલીયા-આંબા-મોટા કણકોટ રોડ** | લીલીયા. |
| ૪ | ચલાલા ખાંભા નાગેશ્રી | ધારી,ખાંભા |
| **૫** | **જારા-નાગધ્રા-લાખાપાદર ધારગણી રોડ** | ધારી |
| ૬ | દુધાળા-જાફરાબાદ | જાફરાબાદ |
| ૭ | અમરેલી સાવરકુંડલા | અમરેલી, સાવરકુંડલા |
| ૮ | રાજુલા બાયપાસ | રાજુલા |

----------------

**ગુજરાતમાં રાષ્ટ્રીય વન ઉદ્યાનો અને અભ્યારણો**

૧૦૩૮૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગુજરાતમાં કેટલા રાષ્ટ્રીય વન ઉદ્યાનો અને કેટલા અભ્યારણો છે,
(૨) તેમાં પ્રાણીઓની સંખ્યા વધી છે, અને
(૩) વન્ય પ્રાણીઓની સંખ્યા નહિ વધવાના કારણો શું?

**જવાબ**

(૧) ગુજરાતમાં ૪-રાષ્ટ્રીય વન ઉદ્યાનો અને ૨૨-અભ્યારણો છે.
(૨) હાજી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**લખપત તાલુકાના દયાપર ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા બાબત**

૧૦૩૮૦**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટેનું સરકારે કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે કયારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

**વ્યારા તાલુકાના ડોલવણ ગામથી કરંજખેડ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૧૬૯૫ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ વ્યારા તાલુકાના ડોલવણ ગામથી કરંજખેડ ગામને જોડતો રસ્તો ઉબડખાબડ છે અને બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,<br>(૨) જો હા, તો આ રસ્તો રિકાર્પેટીંગ કરીને કેટલા સમયમાં સરકાર બનાવવા માંગે છે, અને<br>(૩) આ રસ્તો અત્યાર સુધીમાં ના બનાવવાનાં શાં કારણો છે ? | (૧) (૨) અને (૩) રસ્તો ચાલુ મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. હાલ રિકાર્પેટીંગ કરવાનું આયોજન નથી. |

---------------

**પાલીતાણાની માનસિંહજી હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવા બાબત**

૧૧૬૨૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણામાં આવેલ માનસિંહજી હોસ્પિટલ-માં તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ વાર્ષિક કુલ કેટલા ઓ.પી.ડી. કેસ નોંધાયા, અને | (૧) ૧,૪૪,૪૮૪ ઓ.પી.ડી. કેસો. |
| (૨) આ હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવાનું આયોજન છે કે કેમ ? | (૨) ના, જી. |

-------------

**ભરૂચ જિલ્લામાં આયુર્વેદિક દવાખાનાઓ**

૧૦૬૧૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા આયુર્વેદિક દવાખાનાઓ આવેલા છે, | (૧) નીચે દર્શાવ્યા મુજબ છે. |

| ક્રમ | તાલુકો | દવાખાનાની સંખ્યા. |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૨ |
| ૨. | હાસોટ | ૨ |
| ૩. | અંકલેશ્વર | ૧ |
| ૪. | વાલિયા | ૨ |
| ૫. | ઝઘડીયા | ૪ |
| ૬. | વાગરા | ૨ |
| ૭. | જંબુસર | ૨ |
| | કુલ :- | ૧૫ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા દવાખાના તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કાર્યરત છે, | (૨) આ તમામ દવાખાના કાર્યરત છે. |
| (૩) આ દવાખાનાઓમાં ડૉકટરોની ઘટ કેટ કેટલા સમયથી છે, અને | (૩) નવ ડૉકટરોની ઘટ છે.<br>૧ જગ્યા ૧-૪-૯૧ થી<br>૧ જગ્યા ૧૩-૯-૯૧ થી<br>૧ જગ્યા ૩૦-૬-૯૯ થી<br>૫ જગ્યા ૩૧-૩-૨૦૦૦ થી<br>૧ જગ્યા ૩૧-૩-૦૧ થી |
| (૪) તે જગ્યાઓ કયારે ભરવામાં આવશે ? | (૪) આયોજન મુજબ આ જગ્યાઓ ભરવામાં આવશે. |

-------------

## ઘોઘંબા તાલુકાની જમીનમાં વનીકરણ

૧૧૧૪૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના તા. ૩૧.૧.૦૩ની સ્થિતિએ વન વિભાગ દ્વારા વનીકરણ કરવા માટે કેટલા ગામોમાં જમીન સંપાદન કરવામાં આવી, અને | (૧) તા. ૩૧.૧.૨૦૦૩ ની સ્થિતિએ વન વિભાગ દ્વારા વનીકરણ કરવા માટે કોઈ જમીન સંપાદન (લેન્ડ એકવીઝીશન) કરવામાં આવેલ નથી. |
| (૨) તેમાંથી કેટલા ગામોમાં કેટલી જમીન ઉપર તા. ૩૧-૧-૦૫ સુધીમાં વનીકરણ કરવામાં આવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની ગ્રાન્ટ

૧૦૬૧૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧/૧/૦૫ સુધીમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે સને. ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તાલુકાવાર કેટલા રસ્તાઓ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં રૂા. ૭૧.૦૦ લાખ અને વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં (તા. ૩૧-૧-૦૫ સુધી) રૂા. ૪૫.૫૮ લાખ ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૨) તે અન્વયે ફાળવેલ ગ્રાન્ટમાંથી તાલુકાવાર કયા રસ્તાઓના કામો વર્ષવાર શરૂ થયા કેટલા પૂર્ણ થયા તેમજ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) ઉપરોકત ગ્રાન્ટમાંથી પરિશિષ્ટ-૧ મુજબના ૨૦ કામો પર કામગીરી હાથ ધરી પૂર્ણ કરેલ છે. ફાળવેલ રૂા. ૧૧૬.૫૮ લાખનો ખર્ચ થયેલ છે. |

### પરિશિષ્ટ-૧

| અ. નં. | વર્ષ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૩-૦૪ | હળવદ | એસએચથી દેવીપુરા એપ્રોચ રોડ |
| ૨ | ૨૦૦૩-૦૪ | હળવદ | એસએચથી કડીયાણા એપ્રોચ રોડ |
| ૩ | ૨૦૦૩-૦૪ | હળવદ | એસએચથી નવા ધનાળા રોડ |
| ૪ | ૨૦૦૩-૦૪ | હળવદ | ન્યુ જાયાપુર એપ્રોચ રોડ |
| ૫ | ૨૦૦૩-૦૪ | ધ્રાંગધ્રા | એસએચથી કૃષ્ણનગર એપ્રોચ રોડ |
| ૬ | ૨૦૦૩-૦૪ | ધ્રાંગધ્રા | માલવણ કૃષ્ણનગર એપ્રોચ રોડ |
| ૭ | ૨૦૦૩-૦૪ | ચોટીલા | પીપલીયા એપ્રોચ રોડ |
| ૮ | ૨૦૦૩-૦૪ | ચોટીલા | ગોલીડા એપ્રોચ રોડ |
| ૯ | ૨૦૦૩-૦૪ | ચોટીલા | ચોટીલા નાના પાળીયાદ-પીપરાળી રોડ |
| ૧૦ | ૨૦૦૩-૦૪ | સાયલા | ઢીકવાળી ગરાંભડી રોડ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ૨૦૦૩-૦૪ | લીંબડી | ભગવાનપર રાણાગઢ રોડ |
| ૧૨ | ૨૦૦૩-૦૪ | ચુડા | સોનડા-ગલાસણા રોડ |
| ૧૩ | ૨૦૦૩-૦૪ | લખતર | એસ. એચ, ટુ બાબાજીપરા રોડ |
| ૧૪ | ૨૦૦૩-૦૪ | દસાડા | એસ. એચ, ટુ હિંમતપુરા એપ્રોચ રોડ |
| ૧૫ | ૨૦૦૩-૦૪ | દસાડા | ન્યુ વિસનગર એપ્રોચ રોડ |
| ૧૬ | ૨૦૦૩-૦૪ | દસાડા | ન્યુ સુરેલ એપ્રોચ રોડ |
| ૧૭ | ૨૦૦૩-૦૪ | દસાડા | ન્યુ વચ્છરાજપુરા એપ્રોચ રોડ |
| ૧૮ | ૨૦૦૩-૦૪ | દસાડા | જોરાવરપુરા એપ્રોચ રોડ |
| ૧૯ | ૨૦૦૩-૦૪ | ચુડા | ચુડા રામદેવ ગઢ રોડ |
| ૨૦ | ૨૦૦૪-૦૫ | હળવદ | હરીપુરા નવા કોયલા રોડ |

-----------------

## સૌરાષ્ટ્રમાં નીલગાય દ્વારા ખેડૂતોના પાકને નુકસાન

૧૨૩૧૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં નીલ ગાયો અને જંગલી રોઝ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થાય છે, આ હકીકત ખરી છે, | (૧) હા જી. |
| (૨) જુનાગઢ જિલ્લામાં કયા કયા વિસ્તારમાં આવું નુકશાન થાય છે, અને | (૨) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી, કેશોદ, વિસાવદર, તલાલા, માળીયા, હાટીના, વેરાવળ, સુત્રાપાડા, માંગરોળ તાલુકાના વિસ્તારમાં આવું નુકશાન થાય છે. |
| (૩) આવું નુકશાન રોકવા સરકાર કોઇ નક્કર પગલા ભરવા માંગે છે કે કેમ ? | (૩) આવું નુકશાન રોકવા સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.<br>(૧) સરકારશ્રીના ધારાધોરણ મુજબ "વન્ય પ્રાણીઓ દ્વારા માનવ સંપત્તિ તથા માનવ જાતને થતા નુકશાન અટકાવવાની યોજના" અન્વયે વન ખાતા તરફથી કાંટાળા તારની વાડ બાંધી આપવાની યોજના અમલમાં છે. જે હેઠળ લાભાર્થી ખેડૂતોની ખેતીની જમીન ઉપર કાંટાળા લોખંડના તારની વાડ બનાવી આપવામાં આવે છે. કાંટાળી તારની વાડ બનાવવા માટેના અંદાજીત ખર્ચના ૫૦ ટકા રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.<br>(૨) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(૩) લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવા પગલાં લેવાય છે. |

--------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નાયબ નગર નિયોજકની ખાલી જગ્યા

૧૦૬૨૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા, ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લા રેગ્યુલર નાયબ નગર નિયોજકની જગ્યા કેટલા સમયથી ખાલી છે, | (૧) તા. ૨૦-૫-૨૦૦૨ થી. |
| (૨) હાલમાં જે નાયબ નગર નિયોજક ચાર્જમાં છે તેની પાસે કેટલા જિલ્લાનો ચાર્જ છે, અને | (૨) વિભાગની તા. ૨૯-૧-૨૦૦૫ ની અધિસુચનાથી આ જગ્યા પર કાયમી નિમણુંક કરવામાં આવેલ છે. |
| (૩) સરકાર ક્યારે રેગ્યુલર નાયબ નગર નિયોજક મુકવા માંગે છે ? | (૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**ગારીયાધાર તાલુકાના સમઢીયાળા-પાલીતાણા તાલુકાના દેપલા ગામ સુધીનો રસ્તો બનાવવા બાબત**

૧૨૧૫૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ગામ સમઢીયાળા થી પાલીતાણા તાલુકાના ગામ દેપલા સુધીનો શેત્રુંજી નદી પરથી પસાર થતા રસ્તો બનાવવા સરકારે બજેટમાં ક્યારે જોગવાઇ કરવામાં આવી, | (૧) આ રસ્તાના કામનો બજેટમાં સમાવેશ/જોગવાઇ થયેલ નથી. |
| (૨) આગામી કેટલા સમયમાં આ રસ્તો બનાવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ**

૧૧૫૯૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અગાઉ જિલ્લાની સરકારી હોસ્પિટલ સલાહકાર સમિતિઓ રહેતી તેના બદલે રોગી કલ્યાણ સમિતિ બનાવેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સમિતિનું ગઠન તેમજ દર્દીના હીતમાં ફાયદાની વિગતો શું છે ? | (૨) લોક ભાગીદારીથી કાર્યો હાથ ધરવા, સક્ષમ લોકો અને અન્ય વિવિધ સ્ત્રોતો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરી તેને હોસ્પિટલના દર્દીઓના હિતાર્થે વાપરવાની અને આ રીતે દર્દીઓને ઉત્તમ તબીબી સેવાઓ પુરી પાડવા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં સરકારી, બિન સરકારી તેમજ સામાજિક કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ છે. |

--------------

**ખેડા જિલ્લામાં મેડીકલ સ્ટોર્સના લાયસન્સ તથા ફાર્માસીસ્ટની હાજરી બાબત**

૧૦૩૭૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર મેડીકલ સ્ટોર્સના કેટલા લાયસન્સો તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મેડીકલ સ્ટોર્સના નીચે મુજબ તદ્દન નવા લાયસન્સો અપાયેલા છે.

| તાલુકો | મેડીકલ સ્ટોર્સ | અપાયેલ લાયસન્સ |
|---|---|---|
| નડિયાદ | ૯ | ૧૮ |
| મહેમદાવાદ | ૫ | ૧૨ |
| કઠલાલ | ૨ | ૪ |
| બાલાસિનોર | ૨ | ૪ |
| મહુધા | ૨ | ૪ |
| કપડવંજ | ૪ | ૮ |
| ઠાસરા | ૩ | ૮ |
| **કુલ :** | ૨૭ | ૫૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ મેડીકલ સ્ટોર્સ ઉપર ફાર્માસીસ્ટો બેસતા નથી. તેવી ફરિયાદો સરકારને મળેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તે સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

**ઉમરગામ તાલુકામાં ભીલાડના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક સર્જન અને ફીજીશીયન ડોકટરની ખાલી જગ્યા**

૧૦૯૬૮ **શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ભીલાડ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક અને ફીજીશીયન ડોકટરોની જગ્યા જાન્યુઆરી-૦૫ ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ભીલાડ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક અને ફીજીશીયન ડોકટરની જગ્યા મંજૂર થયેલ નથી. અધિક્ષક વર્ગ-૧ની જગ્યા ભરેલી છે. |
| (૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

**મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવા**

૧૦૪૦૨ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ રાજ્યની કઈ કઈ મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ પ્રથા અપનાવી છે? | મહદ અંશે સર્વે મહાનગરપાલિકાઓએ ઈ-ગર્વનન્સ પ્રથા અપનાવી છે. |

----------------

**દેડીયાપાડા, સાગબારા, રાજપીપળા અને તીલકવાડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબની ખાલી જગ્યા**

૧૦૭૬૬ **શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા)** : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા, સાગબારા, રાજપીપળા અને તિલકવાડા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જગ્યા ખાલી છે.

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| સા.આ.કેન્દ્ર નુ નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| ડેડિયાપાડા | ૧ | ૨ | ૨ | ૦ |
| સાગબારા | ૧ | ૧ | ૩ | ૨ |
| તિલકવાડા | ૦ | ૦ | ૫ | ૨ |
| રાજપીપળા | સામુહિક આરોગ્ય કેન્દ્ર નથી | | | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ જગ્યા ખાલી રહેવાના શા કારણો છે, | (૨) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાના લાયક ઉમેદવારની અનઉપલબ્ધીને કારણે<br>(૨) કાર્યભારણને ધ્યાને લેતા તેમજ નિયમિત ભરતી પ્રક્રિયા ગતિમાં હોવાથી. |
| (૩) સરકાર આ ખાલી જગ્યા ભરવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૪) સરકારની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ. |

----------------

**રાજ્યમાં વસ્તી આયોગની રચના**

૧૦૩૯૫ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) :: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રાજ્ય વસ્તી આયોગની સરકારે રચના કરી છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ અંગે શી કામગીરી થઈ છે | (૨) રાજ્ય વસ્તી પંચની પ્રથમ બેઠક તા.૭-૧૦-૨૦૦૪ના રોજ મળેલ જેમાં રાજ્યની વસ્તી વિકાસ અંગે સભ્યશ્રીઓ દ્વારા જુદા જુદા સૂચનો કરવામાં આવ્યા હતા, તે અન્વયે જુદા જુદા ત્રણ કાર્યદળો રચવાની |

કામગીરી હાથ ધરવામાં આવી છે.

----------------

**રાજ્યની જિલ્લા હોસ્પિટલોમાં રીજીયોનલ ડાયગ્નોસ્ટિક સેન્ટર ઊભા કરવા બાબત**

૧૦૩૮૯ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની જિલ્લા હોસ્પિટલોમાં રીજીયોનલ ડાયગ્નોસ્ટીક સેન્ટર ઊભા કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા જિલ્લામાં આ સુવિધા ઊભી કરવામાં આવેલ છે, અને | (૨) છ જિલ્લાઓમાં. |
| (૩) આ સુવિધા જાહેર જનતાના ઉપયોગ માટે કયારે મુકવામાં આવશે ? | (૩) ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. |

----------------

**ભૂજમાં નવી જિલ્લા હોસ્પિટલને શરુ કરવા બાબત**

૧૨૨૫૫ **શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાનાં ભૂજમાં નવી જિલ્લા હોસ્પિટલ બનાવ્યા બાદ આ હોસ્પિટલનું સંચાલન કઈ પધ્ધતિએ કરવામાં આવે છે, | (૧) જી. કે જનરલ હોસ્પિટલ સોસાયટી, ભુજ દ્વારા |
| (૨) નવી હોસ્પિટલ બની ગઈ હોવા છતાં લાલન કોલેજના ગ્રાઉન્ડમાં સિવિલ હોસ્પિટલ ચાલુ રાખવાના કારણો શાં છે, અને | (૨) બન્ને હોસ્પિટલોનું એકત્રીકરણ કરવામાં આવી રહેલ છે. |
| (૩) આ બંને હોસ્પિટલોનું એકત્રીકરણ કેટલા સમયમાં કરવામાં આવશે? | (૩) સત્વરે. |

----------------

**પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં મહેસૂલી ગામો અને પરાંઓના રસ્તાનાં જોડાણ**

૧૧૬૦૨**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ૩૧-૧-૦૫ની સ્થિતિએ મહેસૂલી ગામો અને પરાંઓને માર્ગોથી જોડાણ આપવા પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત શું આયોજન છે? | તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં ૫૦૦ થી વધુ વસ્તીના ૧૧૯૪ ગામો/પરાને જોડાણ માટે આયોજન કરેલ છે. |

----------------

**હાઈવે પર જંકશનો વિકસાવવા બાબત**

૧૧૫૯૦ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માર્ગ અને મકાન વિભાગે રાજ્યમાં હાઈવે પર જંકશનો વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે તે હકિકત સાચી છે, અને | (૧) હાજી |
| (૨) જો હા, તો કેટલી અને કયા કયા જંકશન વિકસાવ્યા ? | (૨) ૨૭ જંકશનો (પત્રક મુજબ) |

**પત્રક**

**રાજ્યમાં હાઈવે પર વિકસાવેલ જંકશનો**

| ક્રમ | જિલ્લો | માર્ગનું નામ | જંકશન નું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | અમદાવાદ એરપોર્ટ રોડ કિ.મી. ૦/૦ થી ૯/૨ | ઈન્દીરા બ્રીજ ૪/૫૫ |
| ૨ | અમદાવાદ | રા.ધો.મા. નં.૮-ક સરખેજ ગાંધીનગર રોડ | થલતેજ જંકશન કિ.મી. ૩૬/૦ |
| ૩ | અમદાવાદ | રા.ધો.મા. નં.૮-એ | ધોળકા જંકશન કિ.મી. ૧૦/૮૦ |
| ૪ | આણંદ | આણંદ-કરમસદ સોજીત્રા- તારાપુર રોડ (રા.ધો.માર્ગ) | બોરસદ ચોકડી આણંદ નજીક |
| ૫ | આણંદ | વડતાલ ઝોલ બાકરોલ વિદ્યાનગર રોડ (રા.ધો.માર્ગ) | એસપી યુનિવર્સીટી જંકશન |
| ૬ | મહેસાણા | મહેસાણા-પાલનપુર માર્ગ એસએચ-૪૧ | ઉઝા હાઈવે ચાર રસ્તા કિ.મી. ૯૮/૫૧૬ કિ.મી. |
| ૭ | પાટણ | મહેસાણા-પાલનપુર માર્ગ એચએચ-૪૧ | તાવડીયા ચાર રસ્તા સિધ્ધપુર કિ.મી. ૧૧૨/૪૮ |
| ૮ | વડોદરા | ડભોઈ-બોડેલી-છોટાઉદેપુર રોડ | બોડેલી જંકશન |
| ૯ | નર્મદા | ધરમપુર-માંડવી-નેત્રંગ-રાજપીપળા-બોડેલી-હાલોલ-ગોધરા-શામળાજી રોડ | દેવલીયા ચોકડી |
| ૧૦ | નવસારી | સુરત સચીન નવસારી રોડ કિ.મી. ૨૬/૨ થી ૩૨/૮ | મરોલી ચાર રસ્તા (કીમી ૨૩/૨) |
| ૧૧ | નવસારી | દાંડી મટવાડ નવસારી રોડ કિ.મી. ૦/૦ થી ૧૬/૦ | એરૂ ચાર રસ્તા જંકશન (કિ.મી. ૧૩/૬) |
| ૧૨ | વલસાડ | નાના પૌઢા જંકશન પુર્વીય રા.ધો. માર્ગ નં. ૫ | નાના પૌઢા જંકશન |
| ૧૩ | રાજકોટ | જેતપુર-ધોરાજી રોડ (જેતપુર  ગામ પાસે) | તીનબત્તી ચોક જંકશન |
| ૧૪ | રાજકોટ | જસદણ-આટકોટ-ગોડલ રા.ધો. માર્ગ ૧ (જસદણ બાયપાસ) | જસદણ બાયપાસ આટકોટ છેડા તરફ |
| ૧૫ | રાજકોટ | રાજકોટ-ફલ્લા રોડ કિ.મી. ૩/૦ થી ૬૩/૬ કુલ ૬૩.૦૦ કિ.મી. | કિ.મી. ૨૩.૦૦ આવેલ જંકશન |
| ૧૬ | રાજકોટ | રાજકોટ-ફલ્લા રોડ કિ.મી. ૩/૦ થી ૬૩/૬ કુલ ૬૩.૦૦ કિ.મી. | કિ.મી. ૨૭.૦૦ આવેલ પડધરી બાયપાસ જંકશન |
| ૧૭ | જામનગર | જામનગર-ખંભાલીયા દ્વારકા કાંઠાળા ધોરી માર્ગ નંબર-૬ નું સેકશન | સલાયા ચાર રસ્તા જંકશન કિ.મી. ૧૪૭/૪ |
| ૧૮ | જામનગર | આમરણ જોડીયા કાંઠાળા રાજય ધોરીમાર્ગ-૬ | ભાદર પાટીયા જંકશન (કિ.મી. ૭૩/૦) |
| ૧૯ | અમરેલી | ધાવંડ લાઠી અમરેલી રોડ | લાઠી જંકશન |
| ૨૦ | ગાંધીનગર | રા. ધો. મા. નં.૮-ક સરખેજ ગાંધીનગર રોડ | ચ-૦ ઈન્દ્રોડા સર્કલ કિ.મી. ૧૩/૪૦૦ |
| ૨૧ | ગાંધીનગર | ચ રોડ | ચ-૨ |
| ૨૨ | ગાંધીનગર | ચ રોડ | ચ-૫ |
| ૨૩ | ગાંધીનગર | સરખેજ-ગાંધીનગર (એન. એચ.) | સરખેજ જંકશન |
| ૨૪ | ગાંધીનગર | સરખેજ-ગાંધીનગર (એન.એચ) | સરકીટ હાઉસ જંકશન |
| ૨૫ | ગાંધીનગર | ઘ-૩ | ઘ-૩ જંકશન |
| ૨૬ | ગાંધીનગર | ઘ-૭ | ઘ-૭ જંકશન |
| ૨૭ | ગાંધીનગર | અમદાવાદ-ગાંધીનગર | કોબા જંકશન |

----------------

## ભરૂચ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૦૭૬૪ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના ઝઘડિયા, વાલીયા, અંકલેશ્વર, હાંસોટ, જંબુસર, આમોદ અને વાગરા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ કેટલી જગ્યા ખાલી છે,

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| સા.આ. કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| ૧. ઝઘડિયા | ૧ | ૧ | ૧ | ૩ |
| ૨. વાલીયા | ૦ | ૦ | ૨ | ૧ |
| ૩. અંકલેશ્વર | સામુહિક આરોગ્ય કેન્દ્ર નથી. | | | |
| ૪. હાંસોટ | ૧ | ૧ | ૬ | ૪ |
| ૫. જંબુસર | ૧ | ૦ | ૨ | ૨ |
| ૬. આમોદ | ૦ | ૦ | ૫ | ૧ |
| ૭. વાગરા | ૦ | ૦ | ૩ | ૩ |

(૨) આ જગા ખાલી રહેવાના શાં કારણો છે,

(૨) ૧. વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાના લાયક ઉમેદવારની અનઉપલબ્ધીને કારણે.

૨. કાર્યભારણને ધ્યાને લેતા તેમજ નિયમિત ભરતી પ્રક્રિયા ગતિમાં હોવાથી.

(૩) સરકાર આ ખાલી જગા ભરવા માંગે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૪) સરકારની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

--------

## પાટનગરના ક્ષેત્રફળનું વિસ્તૃતીકરણ કરવા બાબત

૧૨૩૦૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકારે રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરના હાલના ક્ષેત્રફળનું વિસ્તૃતીકરણ હાથ ધરેલ હોવાની વાત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો વિસ્તૃતીકરણની વિગતો શું છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ રસ્તા

૧૧૭૮૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તા મંજૂર થયેલ છે,

(૧) ૨૦૦૩-૦૪ના વર્ષમાં કોઇ કામ મંજૂર થયેલ નથી.

(૨) કેટલા રસ્તા તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેલ રસ્તાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કરવામાં આવશે, અને

| | |
|---|---|
| (૪) પૂર્ણ થયેલ રસ્તાઓ પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વલસાડ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના સબ સેન્ટરોના મકાનો બનાવવા બાબત**

૧૦૫૯૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના દરેક તાલુકામાં તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ કેટલા આરોગ્ય કેન્દ્રોના સબ સેન્ટરોમાં મકાનો બનાવવામાં આવ્યા, | (૧) તાલુકાવાર સબસેન્ટરના બંધાયેલ મકાનો |

| તાલુકાનું નામ | સબસેન્ટરના બંધાયેલ મકાનો |
|---|---|
| વલસાડ | ૨૬ |
| પારડી | ૩૫ |
| ઉમરગામ | ૧૧ |
| ધરમપુર | ૧૩ |
| કપરાડા | ૦૮ |
| કુલ.... | ૯૩ |

| | |
|---|---|
| (૨) કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને કેટલા મકાનો બાકીમાં છે, અને | (૨) ૯૩ મકાનો પૂર્ણ, ૧૦ મકાનોનું બાંધકામ ચાલુ, અને ૨૪ મકાનોનું બાંધકામ બાકી. |
| (૩) બાકી રહેવાનાં શાં કારણો છે, અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૨૪ સબસેન્ટર માટે જમીન સંપાદિત ન થવાને કારણે, ભવિષ્યમાં જમીન સંપાદિત થયા બાદ આયોજન થયેથી બાંધકામ હાથ ધરવામાં આવશે. |

--------

**સી.આર.એફ હેઠળ રાજ્યના રસ્તા મંજૂર થવા બાબત**

૧૧૫૯૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સી.આર.એફ. હેઠળ રાજ્યના કેટલા રસ્તા મંજૂર થયા છે, | (૧) ૧૫ રસ્તાના કામો |
| (૨) તેમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કેટલા રસ્તાની દરખાસ્ત કરેલ છે, અને | (૨) ૫૫ રસ્તાના કામો |
| (૩) તે પૈકી વિરમગામ તાલુકામાં કેટલા રસ્તા મંજુર કરવામાં આવ્યા છે ? | (૩) મંજુર થયેલ કામોમાં વિરમગામ તાલુકાના કામનો સમાવેશ નથી. |

----------

**ગુટકા અને તમાકુયુક્ત મસાલાના ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂકવા બાબત**

૧૦૬૯૯ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગુટકા અને ગુટકા જેવા તમાકુયુક્ત મસાલાના ઉત્પાદન પર પ્રતિબંધ લાદવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે તેમાં શું પ્રગતિ થઈ છે, અને | (૧) બાબત હાલ વિચારણા હેઠળ છે. |
| (૨) સરકાર ગુટકાના ઉત્પાદન ઉપર ક્યારથી કેવા પ્રકારનો પ્રતિબંધ લાવવા માંગે છે ? | (૨) બાબત હાલ વિચારણા હેઠળ છે. |

------------

**પીપરીયા વરેલી રસ્તા ઉપર વરઈ ખાડીનો પુલ બનાવવા બાબત**

૧૦૬૦૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંડવી તાલુકાના કોસાડીથી પીપરીયા થઈ વરેલી તરફ જતા રસ્તા ઉપર વરઈ ખાડીનો પુલ સરકાર બનાવવા માંગે છે કે કેમ, | (૧) હાલમાં આયોજન નથી. |
| (૨) આગામી બજેટમાં આ પુલનો સમાવેશ કરવામાં આવેલ છે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો આ પુલનું કામ ક્યારે શરુ થશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૬૨૨ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હિંમતનગરની સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, | (૧) વર્ગ-૧ની ચાર, વર્ગ-૩ની નવ અને વર્ગ ૪ની એક મળીને કુલ ચૌદ જગ્યાઓ, તબક્કાવાર છેલ્લા એક થી દશ વર્ષથી ખાલી છે, |
| (૨) આ જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) તજજ્ઞ વર્ગ-૧ની જગ્યા ભરવા માટે દર મંગળવારે કમિશ્નરશ્રી કચેરી દ્વારા વોકઈન ઈન્ટરવ્યુ યોજીને તેમજ સીધી ભરતી દ્વારા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>પેરામેડીકલ સંવર્ગની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે<br>ક્લેરીકલ તથા નર્સિંગ સંવર્ગની જગ્યાઓ બદલી-બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવેશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

**ચરાણ માટેની વીડીઓ, સહકારી મંડળીઓ અને મહાજન ટ્રસ્ટોને લીઝ ઉપર આપવા બાબત**

૧૧૬૦૫ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર(પશ્ચિમ) માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ચરાણ માટે વીડીઓ, સહકારી મંડળીઓ અને મહાજન ટ્રસ્ટોને લીઝ પર આપવાની વર્ષોની પ્રથા બંધ કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તેના કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**મેડીકલ ઓફીસરોમાં અન્ય રાજ્યના ડૉકટરોની ડીગ્રીની ચકાસણી કરવા બાબત**

૧૧૯૨૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી હોસ્પિટલમાં મેડીકલ ઓફિસરોમાં ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાંથી કેટલા ડૉકટરો સેવાઓમાં છે, | (૧) ૬૫૨ |
| (૨) આ ડૉકટરોની ડીગ્રીઓ ચકાસવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી |
| (૩) કોઈ બોગસ ડીગ્રી ધારી ડૉકટર માલુમ પડ્યા છે કે કેમ ? | (૩) ના, જી. |

----------

**નગરપાલિકાઓના વહીવટમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરવા બાબત**

૧૧૫૮૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નગરપાલિકાઓના વહીવટમાં સરળતા, ગતિશીલતા અને પારદર્શકતા લાવવા માટે રાજ્ય સરકારે નગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરી હોવાની બાબત સાચી છે; | (૧) હા. |
| (૨) જો હા તો બજેટ વર્ષ-૨૦૦૪-૦૫માં તા.૩૧-૧-૨૦૦૫ સુધીમાં કેટલી નગરપાલિકાઓને ઈ-ગવર્નન્સ સેવાઓ હેઠળ આવરી લેવામાં આવી છે? | (૨) ૯૧ |

----------

**રાજ્યના હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં રૂપાંતર કરવાની દરખાસ્તો**

૧૦૯૮૩ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કયા કયા હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં બદલવાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં કેટલા સમયથી પડતર છે, અને | (૧)પત્રક-અ અને પત્રક-બ મુજબ આ એક સતત પ્રક્રિયા છે. |
| (૨) વેળાસર મંજુરી માટે સરકારે કયાં પગલાં લીધેલ છે ? | (૨)માન. મુખ્યમંત્રીશ્રી અને માન. મંત્રીશ્રી(મા,મ)ની કક્ષાએથી સમયાંતરે ભારત સરકારમાં રજુઆતો કરવામાં આવે છે. |

**પત્રક-અ**

| અ.નં. | રસ્તાનુંનામ | લંબાઈ કિ.મી. |
|---|---|---|
| ૧ | માળીયા-જામનગર-ઓખા-પોરબંદર-વેરાવળ અને ભાવનગર-વટામણ કોસ્ટલ હાઈવે. | ૬૬૫.૦૦ |
| ૨ | રાજકોટ-જામનગર-વાડીનાર રસ્તો. | ૧૫૦.૦૦ |
| ૩ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૫ને ભુજ-ખાવડા ઈન્ડીયા બ્રીજ-ધર્મશાળાથી ઈન્ડીયા બોર્ડર સુધી લંબાવવો. | ૧૭૦.૦૦ |
| ૪ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-અ ને માંડવીથી જખૌ-નલીયા-નારાયણ સરોવર સુધી લંબાવવા. | ૧૧૦.૦૦ |
| ૫ | વડોદરા-પોર-શીનોર-નેત્રંગ-વ્યારા-સાપુતારા-નાશીક રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૬ સાથે જોડાણ. | ૨૪૫.૦૦ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી રાજ્ય ધોરીમાર્ગ નં.-૫. | ૫૦૫.૦૦ |
| ૭ | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર રાજ્ય ધોરીમાર્ગ. | ૧૬૫,૦૦ |
| ૮ | રાજ્ય ધોરીમાર્ગ નં.-૭ અને ૧૭ સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' ને માળીયા નજીક જોડવા. | ૧૮૬.૦૦ |
| ૯ | રાજકોટ-મોરબી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' અને ૮-'બ' ને જોડતો રાજ્ય ધોરીમાર્ગ નં.-૨૪ અને તેને નવલખી બંદર સુધી લંબાવવા. | ૧૦૯.૦૦ |
| ૧૦ | બગોદરા-વટામણ-તારાપુર-બોરસદ-પાદરા-કરજણ રસ્તો. | ૧૩૦.૦૦ |
| ૧૧ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૪ ઉપર પાલનપુરથી ગાંધીનગર-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮-'સી.' સુધી લીંક રોડ. | ૧૫૦.૦૦ |
| ૧૨ | નડીયાદ-કપડવંજ-મોડાસા. | ૧૩૫.૦૦ |
| ૧૩ | અમદાવાદ-ધોળકા-વટામણ. | ૮૦.૦૦ |
| | કુલ | ૨૮૦૦.૦૦ |

**પત્રક-બ**

| અ.નં. | રસ્તાનુંનામ | લંબાઈ કિ.મી. |
|---|---|---|
| ૧ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી આબુ રોડ | ૧૭૦.૦૦ |
| ૨ | હિંમતનગર-વિજાપુર-વિસનગર-ઉંઝા-પાટણ-સમી-હારીજ-રાધનપુર રોડ | ૬૦.૦૦ |
| ૩ | અમદાવાદ-વિરમગામ-શંખેશ્વર-રાધનપુર | ૮૦.૦૦ |
| ૪ | પાલનપુર-ચંડીસર-દાંતીવાડા-પાંથાવાડા-મંડાર-જાલોર-જોધપુર રોડ | ૬૫.૦૦ |
| ૫ | પાલનપુર-ડીસા-ધાનેરા-નેનાવા બોર્ડર-સાંચોર રોડ | ૬૦.૦૦ |
| ૬ | ભાભર-સિંહોરી-પાટણ-સિધ્ધપુર-વલસાણા-ઈડર-હિંમતનગર રોડ | ૨૦૦.૦૦ |
| ૭ | ભાભર-દિયોદર-ખેમાણા-મુડેઠા-ભુકોલી-આનીવાડા-ચારૂપ-પાટણ-ચાણસ્મા-હારીજ-મહેસાણા રોડ | ૨૨.૦૦ |
| ૮ | પાલનપુર-ડીસા-થરાદ-રાજસ્થાન બોર્ડર | ૬૨.૦૦ |
| ૯ | ભચાઉ-ભુજ પાનેધ્રો રોડ | ૧૩૦ |
| ૧૦ | ચિત્રોડ-રાપર-ધોલાવીરા રોડ | ૧૨૦.૦૦ |
| ૧૧ | સિંધવાડા-સુઈગામ | ૪૦.૦૦ |
| ૧૨ | જામનગર-જુનાગઢ | ૧૩૦.૦૦ |
| ૧૩ | રાજકોટ-અમરેલી | ૭૨.૦૦ |
| ૧૪ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી | ૧૮૦.૦૦ |
| | કુલ | ૧૩૯૨.૦૦ |

-----------------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દ્વારા બાળકોની આરોગ્યની તપાસ કરવા બાબત**

૧૦૩૬૪ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન કેટલા બાળકોની ચકાસણી કરવામાં આવી,

(૨) ચકાસણી દરમ્યાન કોઈ વિદ્યાર્થીઓને ગંભીર રોગ જણાવેલ છે કે કેમ, અને

(૩) તે વિદ્યાર્થીઓ માટે સરકારે શું કામગીરી કરી?

**જવાબ**

(૧) કુલ ૮૫,૧૧,૯૫૬.

(૨) હા,જી.

(૩) પ્રાથમિક શાળાના બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન પ્રથમ સ્થળ સારવાર, સંદર્ભ સેવા અન્વયે જિલ્લાની સીવીલ હોસ્પિટલમાં સારવાર, ચશ્મા વિતરણ, ખાસ પ્રકારની આરોગ્ય સેવાની જરૂરિયાતવાળા બાળકોને હૃદય, કિડની તથા કેન્સરની હોસ્પિટલોમાં તજજ્ઞો દ્વારા તપાસ તથા સારવાર વિના મૂલ્યે આપવામાં આવી.

----------

**ભાવનગર અમદાવાદ વચ્ચેના માઢીયા પાસેના રોડને થયેલ નુકશાન**

૧૦૬૨૦ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર અમદાવાદ શોર્ટ રૂટમાં માઢીયા પાસે પાણી ભરાતાં તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રોડને નુકસાન થયેલ છે તેની માહિતી સરકારને છે કે કેમ, અને

(૨) સદરહુ રોડ રીપેર કરવા માટે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨) ભાવનગર અમદાવાદ શોર્ટ રૂટમાં માઢીયા પાસેના કોઝવેનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે ડામર સપાટીની સુધારણાના કામના ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.

----------

**વ્યારા તાલુકાના ડોલવણ ગામથી બરડીપાડા સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા બાબત**

૧૧૫૪૩ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાનાં વ્યારા તાલુકાનાં ડોલવણ ગામથી બરડીપાડા સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા માટે સરકારે આયોજન કરેલુ છે,<br>(૨) આ કામગીરી અત્યાર સુધી ન કરવાના કારણો કયા છે, અને<br>(૩) જો હા, તો આ રસ્તાનું રીકાર્પેટીંગની કામગીરી સરકાર કેટલાં સમયમાં શરૂ કરવા માગે છે? | (૧) (૨) અને (૩) રસ્તો ચાલુ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. રીકાર્પેટીંગનું હાલ આયોજન નથી. |

----------

**કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ શહેરોના માર્ગોનું નવીનીકરણ કરવા બાબત**

૧૨૨૫૮ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ થતા શહેરોનાં માર્ગોનું નવીનીકરણ અને નવા રસ્તાઓનું કામ કયા તબક્કે છે, | (૧) માર્ગ અને મકાન દ્વારા હાથ ધરેલ શહેરના રસ્તાની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) શહેરવાઈઝ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, | (૨) ભુજ રૂપિયા ૩૦૮.૬૦ લાખ<br>અંજાર રૂપિયા ૧૮૮.૧૩ લાખ<br>રાપર રૂપિયા ૬૭.૮૧ લાખ<br>ભચાઉ રૂપિયા ૨૧.૭૧ લાખ |
| (૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૩) ભુજ રૂપિયા ૨૯૨.૬૩ લાખ<br>અંજાર રૂપિયા ૧૮૪.૮૪ લાખ<br>રાપર રૂપિયા ૬૬.૩૯ લાખ<br>ભચાઉ રૂપિયા ૨૧.૬૧ લાખ |
| (૪) કેટલા સમયમાં કામ પૂર્ણ કરવામાં આવશે? | (૪) કામો પૂર્ણ થયેલ છે. |

----------

**શિહોર અને પાલીતાણા તાલુકાને જોડતો ટાણા, બુઢણા પાલીતાણાનો રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત**

૧૧૯૮૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિહોર અને પાલિતાણા તાલુકાને જોડતો ટાણા બુઢણા પાલિતાણાનો રસ્તો હાલમાં ખુબ જ ખરાબ હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો ચાલુ મરામતમાં રીપેર કરી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૨) જો હા, તો આ રસ્તાના સુધારણા માટે સરકારે શું આયોજન કરેલ છે, અને<br>(૩) આ રસ્તાની સુધારણા કેટલા સમયમાં કરવામાં આવશે? | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને વાહનોની ફાળવણી કરવા બાબત**

૧૧૬૧૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને વર્ષ ૨૦૦૪માં કુલ કેટલા વાહનોની ફાળવણી કરવામાં આવી, અને | (૧) ૫૨ (બાવન) વાહનો. |
| (૨) આ વાહનો કયા કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ફાળવવામાં આવ્યા? | (૨) પત્રક -અ મુજબ. |

**પત્રક-અ**

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સને ૨૦૦૪માં ફાળવેલ વાહનોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પ્રા. આ. કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | વાવ | ઢીમા |
| | | ધાનેરા | કુવાળા |
| | | દીયોદર | રૈયા |
| | | ડીસા | વરનોડા |
| | | કાંકરેજ | આગણવાડા |
| | | દાતીવાડા | જગોલ |
| | | વાવ | અસારાવાસ |
| | | થરાદ | ભોરોલ |
| | | પાલનપુર | ભુતેડી |
| | | થરાદ | ડુવા |
| | | વડગામ | કોદરામ |
| | | દાતા | નવાવાસ |
| ૨ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | દાત્રાલ |
| | | હિંમતનગર | ડેસાસણ |
| | | ઈડર | જસવંતગઢ |
| | | તલોદ | પુંશરી |
| | | બાયડ | સાઠંબા |
| | | મોડાસા | શાણાવાડ |
| | | ખેડબ્રહ્મા | ઉંચીધનાલ |
| | | ધનસુરા | વડાગામ |
| | | હિંમતનગર | વિરાવાડા |
| | | ઈડર | કડીયાદરા |
| | | ભિલોડા | ખરેડી |
| | | વિજયનગર | આતરસુબા |
| | | બાયડ | આબલીયારા |
| ૩ | દાહોદ | દાહોદ | આગવાડા |
| | | દેવગઢબારીયા | ભુવાલ |
| | | ધાનપુર | જાબુ |
| | | દેવગઢબારીયા | ધુડીયા |
| | | ફતેપુરા | મોટી ઢઢેલી |
| | | દાહોદ | મોટી ખરજ |
| | | ગરબાડા | પાટીયા |
| | | ઝાલોદ | મંડાલી |
| | | લીમખેડા | રાઈ |
| | | લીમખેડા | સુડીયા |
| | | દાહોદ | બોરડી |
| | | ફતેપુરા | ડુંગર |
| | | ઝાલોદ | મહુડી |
| ૪ | કચ્છ | માંડવી | દેસરડી |
| | | ભુજ | ધોરી |
| | | અંજાર | દુધઈ |
| | | માંડવી | ગઢશીશા |
| | | અંજાર | ખેડોઈ |
| | | નખત્રાણા | નિરોણા |
| | | નખત્રાણા | વીથોણ |
| | | અબડાસા | વાયોર |
| ૫ | સુરેન્દ્રનગર | પાટડી | બજાણા |
| | | ધ્રાંગધ્રા | કૌઢ |

| | | | |
|---|---|---|---|
| | | હળવદ | માથક |
| | | હળવદ | મયુરનગર |
| | | ચોટીલા | આંનદપુર (ભા) |
| | | ચોટીલા | થાનગઢ |

----------

**ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાના તરેડીમાં હરણ અભ્યારણ બનાવવા બાબત**

૧૦૯૭૬ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં તરેડી ગામે હરણ માટે અભ્યારણ બનાવવાનું આયોજન છે, તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો કાર્યવાહી કયા તબક્કે છે?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**મેડીકલ સ્ટોર્સમાં કવોલીફાઈડ ફાર્માસીસ્ટ ન હોવા બાબત**

૧૧૪૪૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

પ્રશ્ન

(૧) રાજ્યમાં કેટલાક મેડીકલ સ્ટોર્સ સંચાલકો દ્વારા તેઓ કવોલીફાઈડ ફાર્માસીસ્ટની ડીગ્રી ધરાવતા ન હોવા છતાં ચલાવવામાં આવે છે. તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) અને (૨) "કાયદાની જોગવાઇ મુજબ સંચાલક પોતે કવોલીફાઈડ ન હોય પણ રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટની નિમણુંક કરી, પરવાનો મેળવીને મેડીકલ સ્ટોર્સ ચલાવી શકે છે ત્યારે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી".

-------------

**જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ હસ્તકના રસ્તા મંજૂર થવા બાબત**

૧૨૨૫૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ હસ્તકના કેલેન્ડર વર્ષ સને ૨૦૦૨ પછી મંજૂર થયા હોય અને વર્કઓર્ડર આપેલ હોય છતાં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કામ પૂર્ણ થયા ન હોય તેવા તાલુકાવાર કેટલા રસ્તાઓ છે,

(૨) આ રસ્તાઓનાં કામો પૂર્ણ ન થવાનાં કારણો શાં છે, અને

(૩) આ રસ્તાઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ હસ્તકના કેલેન્ડર વર્ષ સને ૨૦૦૨ પછી મંજૂર થયા હોય અને તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કામ પૂર્ણ થયાં ન હોય તેવા તાલુકાવાર રસ્તાઓ સામેલ પત્રક મુજબ.

(૨) અને (૩)જે રસ્તાના કામની સમયમર્યાદા પૂર્ણ થયેલ નથી તે કામો કરારખતની નિયત સમયમર્યાદામાં અને બાકીના કામો વર્ષ ૨૦૦૫ માં પૂર્ણ કરવામાં આવશે.

**પત્રક**

જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ હસ્તકના કેલેન્ડર વર્ષ સને ૨૦૦૨ પછી મંજૂર થયા હોય અને વર્ક ઓર્ડર આપેલ હોય છતાં તા. ૩૧-૧-૦૫ ની સ્થિતિએ કામ પૂર્ણ થયાં ન હોય તેવા તાલુકાવાર કેટલા રસ્તાઓના કામની વિગત

| ક્રમ | તાલુકો | રસ્તાઓના કામની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧ |
| ૨ | માણાવદર | ૧ |
| ૩ | કેશોદ | ૨ |
| ૪ | માંગરોળ | ૪ |
| ૫ | વિસાવદર | ૧ |
| ૬ | મેંદરડા | ૧ |

| | | |
|---|---|---|
| ૭ | માળીયા | ૧ |
| ૮ | તાલાળા | ૩ |
| ૯ | વેરાવળ | ૧ |
| ૧૦ | સુત્રાપાડા | ૫ |
| ૧૧ | કોડીનાર | ૩ |
| ૧૨ | ઉના | ૫ |
| | | ૨૮ |

-------------

**ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં ડામર સપાટી વગરના રસ્તા**

૧૦૩૬૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટંકારા, પડધરી-મોરબી તાલુકામાં કેટલા ગામના રસ્તા ડામર સપાટીથી જોડવાના બાકી છે, | (૧) અને (૨)તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ ટંકારા, પડધરી અને મોરબી તાલુકાના ડામર સપાટીથી જોડાયા વગરના ગામોની વિગત નીચે મુજબ છે : |
| (૨) કયા કયા ગામોના રસ્તાઓ, અને | |

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧. | ટંકારા | ૧. ધ્રોળીયા |
| | | ૨. વાછકપર |
| | | ૩. વિજયનગર |
| ૨ | પડધરી | ૧. હરિપર |
| | | ૨. રોજીયા |
| | | ૩. નાના સગાડીયા |
| | | ૪. નાના વડા |
| | | ૫. ધુનાના ગામ |
| ૩ | મોરબી | ૧. ગીડચ |
| | | ૨. અદેપર |
| | | ૩. રવાપર (નદી) |

| | |
|---|---|
| (૩) બાકી ગામોના રસ્તાઓને ડામર સપાટીથી કેટલા સમયમાં જોડવામાં આવશે ? | (૩) ૧૧ ગામો પૈકી ૪ ગામોને ડામર સપાટીથી જોડવાનું આયોજન થયેલ છે. જેના કામો વર્ષ ૨૦૦૫-૦૬ માં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ૭ ગામોને ડામર સપાટીથી જોડવાનું હાલ આયોજન નથી. |

--------------

**ખેડા જિલ્લામાં ટોલ ટેકસની આવક**

૧૦૭૬૧**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેડા જિલ્લામાં કયા કયા ટોલટેકસ ઉપરથી કેટલી આવક છેલ્લા એક વર્ષમાં તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ થઈ. | તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ એક વર્ષમાં રાજ્ય વિભાગને રૂા. ૩,૬૬,૭૮૯-૯૦ ની આવક મળી. |

-----------------

**દશમી ગુજરાત વિધાનસભાના સભ્યોને પ્લોટ આપવા બાબત**

૧૦૫૯૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧૦(દશમી) વિધાનસભાના ચૂંટાયેલા સભ્યશ્રીઓ માટેના મંજૂર થયેલ રાહત દરના પ્લોટ સોંપવામાં આવેલ નથી એ વાત સાચી છે, | (૧) ના જી. |

અને

| | |
|---|---|
| (૨) ગાંધીનગર કલેકટર કચેરીમાં ધારાસભ્યો અને સંસદ સભ્યોનાં પ્લોટ બાબતની કામગીરીમાં કયા કારણોસર વિલંબ થાય છે ? | (૨) આ કામગીરીમાં કોઈ વિલંબ થયેલ નથી. |

--------------

**મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે ઊંચા ભાવે દવા ખરીદીની ફરિયાદો**

૧૧૫૮૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે એન્ટીબાયોટીક અને અન્ય દવાઓના ઊંચા ભાવે ભાવકરાર થવા બાબતે કોઈ ફરિયાદ મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી અને કોના તરફથી, | (૨) બે ફરિયાદો :<br>(૧) ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક કન્ઝુમર્સ એસોસીએશન તરફથી.<br>(૨) માનનીય ધારાસભ્ય શ્રી જગદીશભાઇ ઠાકોર તરફથી. |
| (૩) તે ફરીયાદ અન્વયે કોઈ આધાર/પુરાવાઓ મળેલ છે કે કેમ, | (૩) ના, જી. |
| (૪) તેવી ખરીદીમાં સરકાર ધ્વારા કેટલી વધુ રકમ ખર્ચ થયેલ છે, | (૪) કોઈ નહિ. |
| (૫) તેવી કુલ કેટલી રકમની દવાઓ ખરીદાયેલ છે, | (૫) કોઇ વધુ ખર્ચ થયેલ નથી. પરંતુ એન્ટીબાયોટીક અને અન્ય કુલ ૧૦ દવાઓની તા. ૩૧/૧૨/૦૪ ની સ્થિતિએ કુલ રૂપિયા ૩,૭૭,૦૨,૩૪૧-૦૦ ની ખરીદી થયેલ છે. |
| (૬) તેવી દવાઓની ખરીદી હાલ કઈ રીતે કરવામાં આવે છે, અને | (૬) માગણી અધિકારીઓની જરૂરીયાત મુજબ ભાવકરાર અન્વયે દવાઓની ખરીદી કરવામાં આવે છે. |
| (૭) તે અંગે સરકારશ્રી ધ્વારા કોઈ જવાબદારી નક્કી કરવામાં આવેલ છે કે કેમ ? | (૭) ના, જી. |

--------------

**જૂનાગઢ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૧૧૩૮૯**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં પ્રધાનમંત્રીશ્રી ગ્રામ સડક યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીના છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કિલોમીટર ડામરની સપાટી બનાવવામાં આવી, અને | (૧) ૨૨.૫૦ કી.મી.ના રસ્તા ડામર સપાટીના બનાવવામાં આવ્યા. |
| (૨) તેમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) આ રસ્તાઓમાં કુલ રૂા. ૨૧૧.૯૮ લાખનો ખર્ચ થયેલ છે. |

--------------

**રાજ્યમાં પોલીયોની નાબૂદીની કામગીરી**

૧૦૩૯૮ **શ્રી બિમલ શાહ(કપડવંજ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં પોલીયો નાબૂદીની દિશામાં કેવી અને કયા પ્રકારની કામગીરી હાલ કરવામાં આવી રહેલ છે ? | નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે :<br>(૧) રૂટિન ઇમ્યુનાઈઝેશન : તમામ બાળકોને પોલિયોની રસી મળે તે માટે સરકારી કે અન્ય દવાખાનામાં દર સોમવારે અને માસ દરમ્યાન દરેક ગામોનો સમાવેશ થાય તેવી રીતે દર બુધવારે ફીલ્ડ કામગીરી કરી બાળકોને આવરી લેવામાં આવે છે.<br>(૨) ભારત સરકારશ્રીએ નિયત કરેલ રાષ્ટ્રીય રસીકરણ દિનના રોજ તથા ત્યાર બાદના ૨-૩ દિવસોમાં ૦-૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસી આપવામાં આવે છે.<br>(૩) ૫૮૩ સરકારી-બિનસરકારી દવાખાના/ હોસ્પિટલ ધ્વારા સર્વેક્ષણ કરી પોલિયો જેવાં દેખાતા તમામ કેસોના મળનું અમદાવાદ સ્થિત લેબોરેટરીમાં પોલિયો અંગે ચોક્કસ નિદાન કરવામાં આવે છે. |

-------------

**માંડવીથી કલમકુઆ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં**

૧૧૬૯૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી મથકેથી કલમકુઆ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તો રીકાર્પેટીંગ કરીને સરકાર કેટલા સમયમાં બનાવવા માંગે છે, અને | (૨) અને (૩)પ્રશ્ન હેઠળના રસ્તાની લંબાઈ પૈકી ૮ કિ.મી.માં ડામરની કામગીરી મંજૂર થયેલ છે. જે હવે હાથ ધરાનાર છે. |
| (૩) અત્યાર સુધી આ રસ્તો રીપેર ન કરવાના શાં કારણો છે ? | |

--------------

**કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ ખાસ તબીબી પરિક્ષણ**

૧૧૭૮૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ રાજ્યમાં વ્યવસાયીક આરોગ્ય સંબંધે "ખાસ તબીબી પરિક્ષણ" માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) આ કેન્દ્રો ધ્વારા લાભાર્થીઓને તબીબી પરિક્ષણની વિશેષ સવલત તથા રોગો વિશેની સારવાર આપવામાં આવે છે. કામદારોના કામના સ્થળે જઈને પણ કામદારોના રોગો વિશે જાગૃતિ આવે અને આ પ્રકારના રોગોથી કેવી રીતે રક્ષણ મેળવી શકાય તે અંગેની જાણકારી આપવામાં આવે છે. |

-------------

**દરિયાકાંઠે કામ કરતા અગરિયાઓને આરોગ્ય સુવિધા આપવા બાબત**

૧૨૨૫૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ તથા રાજકોટ જીલ્લાના દરિયાકાંઠામાં કામ કરતા અગરિયાઓને નિયમિત રીતે આરોગ્ય સુવિધા પુરી પાડવા ડીસે-૨૦૦૪ની સ્થિતિએ કોઈ અસરકારક આયોજન થયું નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સબંધમાં રાજ્ય સરકારે કેવા કેવા પ્રકારની વ્યવસ્થા ગોઠવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગરીબ અગરિયાઓને વધુ અસરકારક આરોગ્ય સુવિધા પ્રાપ્ત થાય તે માટે સરકારનું આયોજન છે ? | (૩) મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ કેર-યુનીટસ ધ્વારા આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. |

--------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક વનીકરણ માટે નર્સરીઓ**

૧૧૦૨૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ કેટલી નર્સરી હયાત છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ કુલ-૪ (ચાર) ખાતાકીય નર્સરી ચાલુ છે. |
| (૨) છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓનો લક્ષ્યાંક હતો તેની સામે કેટલા રોપાઓ આપવામાં આવ્યા, અને | (૨) છેલ્લા બે વર્ષમાં કુલ ૯.૫૩ લાખ રોપાનો લક્ષ્યાંક હતો તેની સામે કુલ-૮.૭૯ લાખ રોપાઓ આપવામાં આવ્યા. |
| (૩) બે વર્ષમાં કેટલી નવી નર્સરીઓ શરૂ કરવામાં આવી ? | (૩) બે વર્ષમાં કોઈ ખાતાકીય નવી નર્સરીઓ શરૂ કરવામાં આવેલ નથી. |

--------------

**જેતપુર તથા ગોંડલ તાલુકામાં વનીકરણ**

૧૨૧૭૦ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** :**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાનાં જેતપુર તથા ગોંડલ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ ધ્વારા વનીકરણ કેટલું કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૦૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જેતપુર તથા ગોંડલ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ ધ્વારા ૩૦૭.૪૬ હેકટરમાં વનીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) વનીકરણ કરવામાં સરકારે કેટલો ખર્ચ કરેલ છે? | (૨) ઉપરોક્ત વનીકરણ કરવામાં તા.૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ સરકારે રૂા. ૪૧.૭૬ લાખનો ખર્ચ કરેલ છે. |

--------------

**અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કીડની હોસ્પિટલ, યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલને સરકાર તરફથી મળતી ગ્રાન્ટ**

૧૧૯૮૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની કેન્સર હોસ્પિટલ, યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ, કીડની હોસ્પિટલને પ્રતિ વર્ષ સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે, અને | (૧) સરકાર તરફથી નીચે મુજબ આવર્તક ખર્ચ સહાયક અનુદાન તરીકે પ્રતિ વર્ષ ચૂકવવામાં આવે છે.<br>વર્ષ-૨૦૦૩-૦૪<br>કેન્સર હોસ્પિટલ ૧૯.૮૭ કરોડ<br>કાર્ડીયોલોજી હોસ્પિટલ ૩.૮૯ કરોડ<br>કીડની હોસ્પિટલ ૩.૯૨ કરોડ |
| (૨) આ હોસ્પિટલોના સંચાલનમાં સરકારનો કેટલો હિસ્સો હોય છે. | (૨) આ સંસ્થાઓનું સંચાલન જે તે સંસ્થાની ગર્વનીંગ બોડી કરે છે. કીડની હોસ્પિટલ તથા કાર્ડીયોલોજી હોસ્પિટલમાં અગ્ર સચિવશ્રી આરોગ્ય ચેરમેન છે. કેન્સર હોસ્પિટલમાં ૪, કીડની હોસ્પિટલમાં |

૩ અને કાર્ડીયોલોજી હોસ્પિટલમાં ૭ સભ્યો હોદ્દા અન્વયે સરકારશ્રીના નિયુકત થયેલ છે.

--------------

**જૂનાગઢ જિલ્લામાં તાલાળા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં રોપા રોપવા બાબત**

૧૦૭૭૪ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલાળા, સુત્રાપાડા અને વેરાવળમાં તાલુકાવાર તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા રોપા રોપવામાં આવ્યા,

(૧) જૂનાગઢ જિલ્લાના તલાળા, સુત્રાપાડા અને વેરાવળમાં તાલુકામાં તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ રોપા રોપવામાં આવ્યા.

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | રોપવામાં આવેલ રોપાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૨-૦૩ | તલાળા | ૬૩૫૫૫ |
| | | સુત્રાપાડા | ૫૯૬૧૧ |
| | | વેરાવળ | ૬૦૨૭૦ |
| | | **કુલ...** | **૧૮૩૪૩૬** |
| ૨. | ૨૦૦૩-૦૪ | તલાળા | ૪૬૫૬૩ |
| | | સુત્રાપાડા | ૨૦૭૨૫ |
| | | વેળાવળ | ૧૩૭૦૦ |
| | | **કુલ...** | **૮૦૯૮૮** |
| ૩. | ૨૦૦૪-૦૫ | તલાળા | ૯૯૬૦૦ |
| | (તા.૩૦.૧૧.૦૪ | સુત્રાપાડા | ૧૭૪૦૦ |
| | સુધીમાં) | વેરાવળ | ૭૯૦૦ |
| | | **કુલ...** | **૧૨૪૯૦૦** |
| | | **એકંદરે કુલ** | **૩૮૯૩૨૪** |

(૨) રોપવામાં આવેલ રોપાને સાચવવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) રોપવામાં આવેલ રોપાઓને સાચવવા માટે મોડલની જોગવાઈને અનુરૂપ નીંદામણ, ગેડ અને રક્ષણ કામગીરી કરવામાં આવે છે.

(૩) વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) વર્ષવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૨-૦૩ | તલાળા | ૫૧૮૦૫૯ |
| | | સુત્રાપાડા | ૬૨૫૧૫૮ |
| | | વેરાવળ | ૬૭૮૫૮૦ |
| | | **કુલ...** | **૧૮૨૧૭૯૭** |
| ૨. | ૨૦૦૩-૦૪ | તલાળા | ૭૪૦૦૮૨ |
| | | સુત્રાપાડા | ૩૬૮૦૦૧ |
| | | વેળાવળ | ૧૪૨૦૮૫ |
| | | **કુલ...** | **૧૨૫૦૧૬૮** |
| ૩. | ૨૦૦૪-૦૫ | તલાળા | ૧૧૮૨૨૩૧ |
| | | સુત્રાપાડા | ૧૫૮૨૦૦ |
| | | વેરાવળ | ૮૦૩૫૭ |
| | | કુલ... | **૧૪૨૦૭૮૮** |
| | | એકંદરે કુલ | **૪૪૯૨૭૫૩** |

--------

**જંબુસર તાલુકાનું ગજેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં**

૧૦૫૯૩ **શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ જંબુસર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં છે તે સરકાર જાણે છે, અને

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) સરકારે આ અંગે શાં પગલાં લીધાં? | (૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગજેરાના રીપેરીંગ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ પર હોઈ, પૂર્ણ થયેથી કામકાજ હાથ ધરવામાં આવશે. |

--------

**સાગબારા તાલુકાના પાંચપીંપરી ગામથી ફૂલવાડી ગામને ઓ. ડી. આર.નું કામ**

૧૧૬૯૯ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના પાંચપીપરી ગામની ફૂલવાડી ગામના ઓ.ડી.આર.ના રસ્તાનું કામ કેટલા કિલો મીટરનું છે, | (૧) નર્મદા જિલ્લામાં આવેલ ૧૭.૫૦ કિ.મી.ના ઓ.ડી.આર. પૈકી ૪.૦ કિ.મી. કામ મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી તા.૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ કેટલા રસ્તાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૨) મંજુર કામો તાજેતરમાં મંજુર થયેલ હોઈ પૂર્ણ થયેલ નથી. |
| (૩) બાકીનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) મંજૂર થયેલ ૪.૦ કિ.મી. ના કામો ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**રાજ્યની નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબત**

૮૯૦૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યની કેટલી નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે, તેની વિગતો શી છે ? | તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૯૧ નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે. આ નગરપાલિકાઓમાં નીચેના સાત પૈકી કોઈપણ પાંચ મોડ્યુલમાં સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરેલ હોઈ તેવી નગરપાલિકા ને ઈ-ગવર્નન્સ નગરપાલિકા ગણવામાં આવે છે.<br><br>(૧) પ્રોપર્ટી ટેક્ષ અને અન્ય કર (૨) જન્મ મરણ (૩) સર્ટિફીકેટ અને લાયસન્સ (૪) એકાઉન્ટીંગ (૫) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (૬) પબ્લીક કમ્પલેઈન એન્ડ ગ્રીવન્સીઝ (૭) ટાઉન પ્લાનીંગ અને બિલ્ડીંગ પ્લાન પરમીટ. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાના ટેન્ડરો**

૧૧૪૨૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : તા. ૨૪-૫-૨૦૦૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તારાંકિત પ્રશ્નક્રમાંક ૫૦૧૨ (અગ્રતાક્રમ-૫) ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના તાલુકાવાર જે રસ્તાઓના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ તે પૈકી તાલુકાવાર કેટલા રસ્તાઓની કામગીરી હાલ કયા તબક્કે છે, અને કેટલા કામો પૂર્ણ થયા છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) જે રસ્તાઓના કામો બાકીમાં છે તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૨) પાંચ કામો હાથ ધરેલ નથી તે પૈકી ચાર કામોનો પુનઃ ટેન્ડરો માંગવામાં આવેલ છે. |

શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

એક કામ અન્ય યોજનામાં હાથ ધરવાનું છે.

(૩) જે કામો પૂર્ણ થયા નથી અગર હાથ ધરાયા નથી તેના શાં કારણો છે?

(૩) ૨૫ કામો હાથ ધરી પ્રગતિમાં છે.

**પત્રક**

સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના તાલુકાવાર જે રસ્તાઓના ટેન્ડરો બહાર પાડવામાં આવે છે તેની હાલની પરિસ્થિતિ દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકા | રાજ્ય | | | | પંચાયત | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રસ્તાઓના કામના બહાર પાડેલા ટેન્ડરોની સંખ્યા | પૂર્ણથયેલ કામોની સંખ્યા | પ્રગતિના કામોની સંખ્યા | શરૂ ન કરેલ કામોની સંખ્યા | રસ્તાઓના કામના બહાર પાડેલ ટેન્ડરની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | પ્રગતિના કામોની સંખ્યા |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧ | હળવદ | ૮ | ૮ | - | - | ૮ | ૪ | ૪ |
| ૨ | મુળી | ૩ | ૩ | - | - | ૬ | ૩ | ૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૭ | ૫ | ૧ | ૧ | ૧૦ | ૭ | ૩ |
| ૪ | લખતર | ૭ | ૭ | - | - | ૪ | ૧ | ૩ |
| ૫ | વઢવાણ | ૫ | ૪ | - | ૧ | ૬ | ૬ | - |
| ૬ | સાયલા | ૫ | ૩ | ૨ | - | ૪ | ૧ | ૩ |
| ૭ | ચોટીલા | ૬ | ૬ | - | - | - | - | - |
| ૮ | લીંબડી | ૩ | - | - | ૩ | ૪ | ૨ | ૨ |
| ૯ | ચુડા | ૩ | ૨ | ૧ | - | ૨ | ૨ | - |
| ૧૦ | પાટડી | ૫ | ૪ | ૧ | - | ૬ | ૪ | ૨ |
| | કુલ | ૫૨ | ૪૨ | ૫ | ૫ | ૫૦ | ૩૦ | ૨૦ |

--------

**સુરેન્દ્રનગરના સરદારસિંહ રાણા પુલની નબળી કામગીરી**

૧૧૮૭૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગરના સરદારસિંહ રાણા પુલની નબળી કામગીરીના લીધે પુલ તૂટવામાં કોની કોની જવાબદારી નક્કી કરવામાં આવી અને તેમની ઉપર શું પગલાં લેવામાં આવ્યા, અને

(૨) જેની ઉપર પગલાં લેવામાં આવ્યા તેમનો હોદ્દો શું છે તેમની આ પુલની કામગીરીમાં શું જવાબદારી હતી ?

**જવાબ**

(૧) અને (૨) પુલની નહી પરંતુ પુલના પ્રવેશમાર્ગની રીટેઇનીંગ વોલ તૂટી જતાં તપાસ સોંપવામાં આવેલ તપાસ અહેવાલ અન્વયે પ્રાથિમક દૃષ્ટિએ ૩ કાર્યપાલક ઇજનેર, ૨ ના. કા. ઇ., ૨ અ.મ.ઇ., તથા ૧ વર્કચાર્જ કર્મચારી જવાબદાર જણાયેલ છે. જેની સામે જી.સી.એસ.આર. (શિસ્ત અને અપીલ) ના નિયમો હેઠળ કાર્યવાહી માટે તકેદારી આયોગ સાથે પરામર્શમાં છે. આ અધિકારીઓ/ કર્મચારીની સુપરવિઝનની જવાબદારી હતી.

--------

**ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ઠાંસા અને મેસણકા ગામને જોડતો રસ્તો બનાવવા બાબત**

**<#M૧૨૧૫૭ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

**જવાબ**

| | |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ઠાંસા અને મેસણકા બંને ગામને જોડતો રસ્તો બનાવવા છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરેલ છે, અને | (૧) ઠાંસા અને મેસણકા બે ગામને જોડતો રસ્તો બનાવવાનું કામ કોઈ યોજનામાં મંજૂર થયેલ નહોઈ, કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ રસ્તો બન્ને ગામને જોડતો હોવાથી સરકાર કયાં સુધીમાં બનાવવા માંગે છે? | (૨) હાલ કોઈ આયોજન નથી. |

----------

**શહેરા અને લુણાવાડા તાલુકાની ૧૯૮૦ પહેલાંની જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીન નિયમ બદ્ધ કરી આપવા બાબત**

૧૨૪૭૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં સને ૧૯૮૦ પહેલાની કુલ કેટલા ગામના ખેડૂતોની જંગલની જમીન નિયમબદ્ધ કરી, | (૧) કુલ ૮૫ ગામના ખેડૂતોની જંગલની જમીન નિયમબદ્ધ કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા અને કયા ગામના કેટલા ખેડૂતોની સ્થળ પ્રશ્નના અભાવે જમીનો નિયમબદ્ધ કરી નથી, અને | (૨) આવો એકપણ કિસ્સો નથી. |
| (૩) આવા બાકી રહેલ ખેડૂતોને કયારે અને કેટલા સમયમાં જમીન નિયમબદ્ધ કરી આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**દિવેલનો મોણ તરીકે ઉપયોગ ન કરવા બાબત**

૧૧૪૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તા. ૬-૧-૨૦૦૩ના પત્ર ક્રમાંકઃ- પીએફએ-૨૦૦૨-૬-૧૧૦૧-આઈ અન્વયે અનાજ ઉપર દિવેલનું મોણ તરીકે ઉપયોગ નહી કરવાની જાણ કરાઈ છે અને ભેળસેળનો કેસ દાખલ કરવામાં આવશે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા અનાજ કઠોળની જાળવણી માટે અને જીવાત નિયંત્રણ માટે ગોઠવવામાં આવતી તાલીમમાં દિવેલનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે આમ આ પરિપત્રના કારણે વેપારીઓ ખોટી રીતે હેરાન થાય છે તે અંગે રાજ્ય સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૨) કેન્દ્ર સરકારશ્રીના કાયદાની જોગવાઈને સુસંગત રહી પાઠવવામાં આવેલ છે તેથી વેપારીઓને ખોટી હેરાનગતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં નામદાર હાઈકોર્ટ તેના ઉપર વચગાળાનો મનાઈ હુકમ આપેલ છે. |

----------

**રાજ્યમાં એઈડ્ઝના દર્દીઓ**

૧૦૪૦૩ **શ્રી સી. ડી. પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં રાજ્યમાં એઈડ્ઝના કેટલા દર્દીઓ મળેલ છે? | કેલેન્ડર વર્ષ ૨૦૦૪માં રાજ્યમાં એઈડ્ઝના ૧૩૭૫ દર્દીઓ નોંધાયેલ છે. |

----------

**રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વાહનની ફાળવણી**

૧૦૩૮૭ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને વર્ષ-૨૦૦૪માં કેટલા વાહનોની ફાળવણી કરવામાં આવી? | ૫૨ (બાવન) વાહનો. |

----------

## સ્ટેટ હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં રૂપાંતર કરવાની દરખાસ્તો

૧૧૬૦૩ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનાં કયા કયા સ્ટેટ હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં બદલવાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં કેટલા સમયથી પડતર છે,

(૨) રાજ્ય સરકાર દ્વારા આ દરખાસ્તોને વહેલાસર મંજૂરી મળે તે માટે કયારે કયારે શા પ્રયત્નો કરવામાં આવ્યા, અને

(૩) કેન્દ્ર સરકારે તે અન્વયે શો પ્રતિભાવ આપ્યા?

**જવાબ**

(૧) પત્રક-અ અને પત્રક-બ મુજબ આ એક સતત પ્રક્રિયા છે.

(૨) તારીખ ૨૭-૧-૨૦૦૩, તા. ૭-૧-૨૦૦૪ અને તા. ૨૪-૮-૨૦૦૪ના માન. મુખ્યમંત્રીશ્રીના પત્રોથી અને તા. ૧૮-૯-૨૦૦૩ અને તા. ૨૭-૮-૨૦૦૪ના માન. મંત્રીશ્રી (મા. મ.) ના પત્રોથી ભારત સરકારમાં રજુઆતો કરવામાં આવેલ છે.

(૩) જયારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થિતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

**પત્રક-અ**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી. |
|---|---|---|
| ૧ | માળીયા-જામનગર-ઓખા-પોરબંદર-વેરાવળ અને ભાવનગર-વટામણ કોસ્ટલ હાઈવે. | ૬૬૫.૦૦ |
| ૨ | રાજકોટ-જામનગર-વાડીનાર રસ્તો | ૧૫૦.૦૦ |
| ૩ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૫ને ભુજ-ખાવડા ઈન્ડીયા બ્રીજ-ધર્મશાળાથી ઈન્ડીયા બોર્ડર સુધી લંબાવવો. | ૧૭૦.૦૦ |
| ૪ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' ને માંડવીથી જખૌ-નલીયા-નારાયણ સરોવર સુધી લંબાવવા. | ૧૧૦.૦૦ |
| ૫ | વડોદરા-પોર-શીનોર-નેત્રંગ-વ્યારા-સાપુતારા-નાશીક રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૬ સાથે જોડાણ. | ૨૪૫.૦૦ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી રાજ્ય ધોરીમાર્ગ નંબર-૫. | ૫૦૫.૦૦ |
| ૭ | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર રાજ્ય ધોરીમાર્ગ. | ૧૬૫.૦૦ |
| ૮ | રાજ્ય ધોરીમાર્ગ નં. ૭ અને ૧૭ સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ સાથે અમદાવાદ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' ને માળીયા નજીક જોડવા. | ૧૮૬.૦૦ |
| ૯ | રાજકોટ-મોરબી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'અ' અને ૮-'બ' ને જોડતો રાજ્ય ધોરીમાર્ગ નં. ૨૪ અને તેને નવલખી બંદર સુધી લંબાવવા. | ૧૦૯.૦૦ |
| ૧૦ | બગોદરા-વટામણ-તારાપુર-બોરસદ-પાદરા-કરજણ રસ્તો. | ૧૩૦.૦૦ |
| ૧૧ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૪ ઉપર પાલનપુરથી ગાંધીનગર-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮-'સી' સુધી લીક રોડ. | ૧૫૦.૦૦ |
| ૧૨ | નડીયાદ-કપડવંજ-મોડાસા | ૧૩૫.૦૦ |
| ૧૩ | અમદાવાદ-ધોળકા-વટામણ. | ૮૦.૦૦ |
| | **કુલ** | ૨૮૦૦.૦૦ |

**પત્રક-બ**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી. |
|---|---|---|
| ૧ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી આબુ રોડ | ૧૭૦.૦૦ |
| ૨ | હિંમતનગર-વિજાપુર-વિસનગર-ઉંઝા-પાટણ-સમી-હારીજ-રાધનપુર રોડ | ૬૦.૦૦ |
| ૩ | અમદાવાદ-વિરમગામ-શંખેશ્વર-રાધનપુર | ૮૦.૦૦ |
| ૪ | પાલનપુર-ચંડીસર-દાંતીવાડા-પાંથાવાડા-મંડાર-જાલોર-જોધપુર રોડ | ૬૫.૦૦ |

| | | |
|---|---|---|
| ૫ | પાલનપુર-ડીસા-ધાનેરા-નેનાવા બોર્ડર-સાંચોર રોડ | ૬૦.૦૦ |
| ૬ | ભાભર-સિંહોરી-પાટણ-સિદ્ધપુર-વલસાણા-ઈડર-હિંમતનગર રોડ | ૨૦૦.૦૦ |
| ૭ | ભાભર-દિયોદર-ખેમાણા-મુડેઠા-બુકોલી-આનીવાડા-ચારૂપ-પાટણ-ચાણસ્મા-હારીજ-મહેસાણા રોડ | ૨૨.૦૦ |
| ૮ | પાલનપુર-ડીસા-થરાદ-રાજસ્થાન બોર્ડર | ૬૨.૦૦ |
| ૯ | ભચાઉ-ભુજ-પાનેધ્રો રોડ | ૧૩૦.૦૦ |
| ૧૦ | ચિત્રોડ-રાપર-ધોળાવીરા રોડ | ૧૨૦.૦૦ |
| ૧૧ | સિંધવાડા-સુઈગામ | ૪૦.૦૦ |
| ૧૨ | જામનગર-જુનાગઢ | ૧૩૦.૦૦ |
| ૧૩ | રાજકોટ-અમરેલી | ૭૨.૦૦ |
| ૧૪ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી | ૧૮૦.૦૦ |
| | **કુલ** | ૧૩૯૨.૦૦ |

----------

### બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોના કવાર્ટરો

૧૨૩૦૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય આરોગ્ય અને પરિવારકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કયા કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબો તથા ફીમેલ હેલ્થ વર્કરોનાં કવાર્ટર નથી.

(૨) કવાર્ટરો બનાવવા સરકારે કોઈ કાર્યવાહી કરેલ છે, જો હા, તો કાર્યવાહીની વિગતો શું છે, અને

(૩) કવાર્ટરો બનાવવા કોઈ કાર્યવાહી ન કરેલ હોય તો કાર્યવાહી ન કરવા પાછળના શાં કારણો છે?

**જવાબ**

(૧) પત્રક મુજબના ૧૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોના કવાર્ટર નથી, જયારે ફીમેલ હેલ્થ વર્કરની જગ્યાનો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પેટર્નમાં સમાવેશ થતો નથી.

(૨) હા, જી હાલ કુલ ૧૧ કવાર્ટર બાંધકામની કાર્યવાહી હેઠળ છે. બાકી કવાર્ટર બાંધવા નાણાંકીય આયોજન થયેથી વિચારવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**<u>પત્રક</u>**

**<u>પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ</u>**

| | |
|---|---|
| (૧) | મડાણાગઢ |
| (૨) | વેંડચા |
| (૩) | ગોળા |
| (૪) | પીલુચા |
| (૫) | કોદરામ |
| (૬) | ડુવા |
| (૭) | ઢીમા |
| (૮) | સેબલપાણી |
| (૯) | ડાવસ |
| (૧૦) | લાખણી |
| (૧૧) | વરનોડા |
| (૧૨) | કુવારલા |
| (૧૩) | આંગણવાડા |
| (૧૪) | ટોટાણા |
| (૧૫) | ઉણ |

| | |
|---|---|
| (૧૬) | રૈયા |
| (૧૭) | બલોધન |
| (૧૮) | કુવાળા |
| (૧૯) | ધનપુરા |

----------------

**રાજ્યમાં લુપ્ત થતી આયુર્વેદ તથા ફાર્મસી માટે વપરાતી વનૌષધિઓના ઉત્પાદનની વૃધ્ધિ યોજના**

૧૧૬૦૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લુપ્ત થતી આયુર્વેદ વનૌષધિ તથા ફાર્મસી દ્વારા વધુ વપરાતી વનૌષધિઓના ઉત્પાદન વૃધ્ધિ માટે કોઈ યોજના કાર્યરત છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે? | (૨) રાજ્યમાં સ્ટેટ મેડીસીનલ પ્લાન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. જેના મારફત ૫૭ પ્રકારની આયુર્વેદ વનૌષધિના વાવેતર માટે સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે. |

----------------

**બારડોલી તાલુકાના મઢીથી કડોદ સુધીનો રસ્તો ખરાબ હોવા બાબત**

૧૦૬૦૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બારડોલી તાલુકાના મઢીથી કડોદ સુધીનો રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં છે તે વાત સરકારની જાણમાં છે કે કેમ,<br>(૨) જો હા, તો આ રસ્તાનું કામ કયારે શરુ કરવામાં આવશે, અને<br>(૩) આ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે? | (૧) (૨) અને (૩) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |

----------------

**રાજ્યમાં પુરુષો કરતા સ્ત્રીઓનું ઓછું પ્રમાણ**

૧૧૬૦૭ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ) માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું જાતી પ્રમાણ નીચું છે, અને તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે પ્રમાણને સમકક્ષ લાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે અથવા લેવામાં આવનાર છે? | (૨)<br>(૧) રાજ્યમાં પી.એન.ડી.ટી. એકટના અસરકારક અમલ માટે એપ્રોપ્રિએટ ઓથોરીટી, એડવાઈઝરી કમિટિ, સ્ટેટ સુપરવાઈઝરી બોર્ડ, સ્ટેટ અ`પ્રોપ્રિએટ ઓથોરિટીની રચના કરવામાં આવેલ છે.<br>(૨) જીનેટીક કાઉન્સિલ, સેન્ટર, લેબોરેટરી જેવી સંસ્થાઓની નોંધણી ફરજીયાત કરવામાં આવેલ છે.<br>(૩) પી.એન.ડી.ટી. કાયદાનો ભંગ કરનાર ૧૪ સંસ્થાઓ/ડોકટરો સામે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.<br>(૪) પી.એન.ડી.ટી. એકટ અંગે જાગૃતિ લાવવા માટે પોસ્ટર્સ, સ્ટીકર્સ, હેન્ડબીલ, દૂરદર્શન પર સ્પોટ, આકાશવાણી કાર્યક્રમ, ટીન પ્લેટ વર્કશોપ (કાર્યશાળા), વસ્તી આયોગ અને એન.જી. ઓ./સંસ્થાઓનાં સહયોગ દ્વારા જુદા |

જુદા કાર્યક્રમો યોજી જનજાગૃતિ લાવવા સઘન પ્રયત્ન કરેલ છે.

----------------

**અમરેલી-સાવરકુંડલા રાજુલા સ્ટેટ રોડ તૂટી જવા બાબત**

૧૧૫૮૨ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી-સાવરકુંડલા રાજુલા સ્ટેટ હાઈવે રસ્તો અતિ ભારે વાહનોના કારણે દર વર્ષે બગડીને તૂટી જાય છે તે હકિકત સાચી છે, | (૧) રસ્તાને નુકશાન થયેલ છે. |
| (૨) જો હા, તો અમરેલી સાવરકુંડલા-રાજુલા સ્ટેટ હાઈવે રોડને મજબુતીકરણ તળે લેવા માંગો છો કે કેમ, | (૨) રીકારપેટીંગની કામગીરી મંજૂર કરેલ છે. |
| (૩) ઉપરોક્ત મજબુતીકરણ માટે આ રસ્તો લેવો તેવી કોઈની માંગણી આવેલ છે કે કેમ, અને | (૩) અને (૪) હા. જી, સામેલ પત્રક મુજબ. |
| (૪) આવેલ હોય તો કોની કોની માંગણીઓ છે? | |

**પત્રક**

| ક્રમ | માંગણી કરનારશ્રી |
|---|---|
| ૧. | શ્રી હીરાભાઈ સોલંકી, મા. ધારાસભ્યશ્રી |
| ૨. | શ્રી પરેશભાઈ ધાનાણી, મા. ધારાસભ્યશ્રી |
| ૩. | શ્રી કાળુભાઈ વીરાણી, , મા. ધારાસભ્યશ્રી |
| ૪. | શ્રી સૌરભભાઈ પટેલ, , મા. રાજયકક્ષાના મંત્રીશ્રી |

---------------

**ભાવનગર-સોમનાથ ધોરીમાર્ગ ઉપરના સાંકડાનાળા**

૧૦૯૮૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર-સોમનાથ રાજ્ય ધોરીમાર્ગની સપાટી સુધારણા થયેલ છે, પરંતુ આ રસ્તા પરના નાળા સાંકડા છે તે વાત સાચી છે, અને | (૧ આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નાળા સાંકડા છે તે વાત સાચી છે. |
| (૨) જો હા, તો આ અંગે શું આયોજન કરાયેલ છે? | (૨) સદર રસ્તા ઉપરના ૧૩૭ નંગ સાંકડા નાળાને પહોળા કરવાના અને ૩૬ નંગ સાંકડા અને નબળા નાળાઓને ફરીથી બાંધવાના કામોને ભારત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. |

---------------

**વ્યારા તાલુકાના ધંતુરી ગામથી ધામણદેવી સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા બાબત**

૧૧૫૪૪ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ધંતુરી ગામથી ધામણદેવી સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવાનો છે તે સરકાર જાણે છે, | (૧) (૨) અને (૩) રસ્તો ચાલુ મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે, રીકાર્પેટીંગનું હાલ આયોજન નથી. |
| (૨) જો હા, તો આ રસ્તાનું રીકાર્પેટીંગની કામગીરી સરકાર કેટલાં સમયમાં શરુ કરવા માંગે છે, અને | |
| (૩) આ કામગીરી ન કરવાના શાં કારણો છે? | |

-------------

**ગાંધીનગરના આવાસો સ્વૈચ્છિક સંસ્થાઓને ટોકન ભાડાથી આપવા બાબત**

૧૨૨૫૯ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ગાંધીનગરના સરકારી આવાસોમાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ ટોકન ભાડેથી મકાનોની માગણી કર્યા બાદ છેલ્લા એક વર્ષમાં કેટલી સંસ્થાઓની માંગણી મંજુર કરવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કુલ :૬ માંગણી પૈકી એકપણ મંજુરી આપેલ નથી. |
| (૨) કેટલી અને કઈ સંસ્થાઓની માગણીઓ પડતર છે, | (૨) શૂન્ય. |
| (૩) કઈ કઈ સંસ્થાઓને કબજા સોંપવામાં આવ્યા, અને | (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી માંગણીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | |

---------

**ગારીયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટર જર્જરીત હાલતમાં હોવા બાબત**

૧૧૯૮૭ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આવેલ સ્ટાફ ક્વાર્ટર જર્જરીત હાલતમાં છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સ્ટાફ ક્વાર્ટર નવા બનાવવા માટે સરકાર ધ્વારા શું આયોજન કરવામાં આવેલ છે? | (૨) ૨૦૦૫-૨૦૦૬ વર્ષના બજેટમાં જોગવાઈ સૂચવવામાં આવેલ છે. |

---------

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ધ્વારા બાળકોના આરોગ્યની તપાસ કરવા બાબત**

૧૧૬૧૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ કેટલા બાળકોને આરોગ્યની તપાસણી કરવામાં આવી, અને | (૧) ૮૫,૧૧,૯૫૬. |
| (૨) આ તપાસણી અનુસંધાને કયા પ્રકારની કાર્યવાહી થઈ ? | (૨) બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન પ્રથમ સ્થળ સારવાર, સંદર્ભ સેવા અન્વયે જિલ્લાની સિવિલ હોસ્પીટલમાં સારવાર, ચશ્મા વિતરણ, ખાસ પ્રકારની આરોગ્ય સેવાની જરૂરિયાતવાળા બાળકોને હ્રદય, કિડની તથા કેન્સરની હોસ્પીટલોમાં તજજ્ઞો દ્વારા સંપૂર્ણ તપાસ કરવામાં આવી. |

---------

**ઉના શહેરમાં ટ્રાફિકનું વધારે પ્રમાણ હોવાથી બાયપાસ રસ્તો બનાવવા બાબત**

૧૨૨૫૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉના શહેરમાં ૨૪ કલાક હેવી ટ્રાફિક રહે છે તે હકિકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે બાયપાસ રોડ બનાવવાની વિચારણા કરવામાં આવી હતી તે સાચી હકીકત છે, અને | (૨) હા, જી. |
| (૩) આ કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ | (૩) બાયપાસની જરૂરિયાત બાબતે સંભવિત |

કયા તબક્કે છે ? | શક્યતાદર્શી અહેવાલની કામગીરી પ્રગતિમાં છે.

---------

**ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૩૬૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

**(૧) સંવર્ગવાર મંજૂર જગ્યાઓ અને**
**(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

| તાલુકાનું નામ | સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | સામુહિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| **(૧) ટંકારા** | વર્ગ-૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| | વર્ગ-૨ | ૧ | ૦ | ૩ | ૦ |
| | વર્ગ-૩ | ૪ | ૧ | ૧૩ | ૦ |
| | વર્ગ-૪ | ૪ | ૩ | ૧૦ | ૦ |
| **(૨) પડધરી** | વર્ગ-૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| | વર્ગ-૨ | ૨ | ૦ | ૩ | ૦ |
| | વર્ગ-૩ | ૮ | ૨ | ૧૩ | ૪ |
| | વર્ગ-૪ | ૮ | ૩ | ૧૦ | ૦ |
| **(૩) મોરબી** | વર્ગ-૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૪ | ૦ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૧૬ | ૭ | ૦ | ૦ |
| | વર્ગ-૪ | ૧૬ | ૧૦ | ૦ | ૦ |

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

--------

**રાજ્યની બંધ પડેલી સો મીલો**

૧૨૧૬૧ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સો મીલો કયા કારણે બંધ કરવામાં આવી છે, | (૧) ૧૩૯૧ સો મીલો અધિકૃત લાયસન્સ ધરાવતી ન હોવાથી બંધ કરાવવામાં આવી છે. |
| (૨) બંધ પડેલી કેટલી સો મીલોએ લાયસન્સ રીન્યુ કરવા માટે માંગણી કરી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી સો મીલોના લાયસન્સ રીન્યુ કરી આપવામાં આવશે કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અતારાંકિત પ્રશ્નો**
**પાંચમી અતારાંકિત યાદી**
**કેન્દ્ર સરકાર તરફથી ભૂકંપ ગ્રસ્ત માટે મકાન સહાય પેટે મળેલ રકમ**

અતારાંકિત : ૨૦૧૬ (૨૮-૫-૦૪) **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી-૨૦૦૧ના ભૂકંપ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ભૂકંપગ્રસ્તો માટેની ગૃહ નિર્માણ યોજનાના મકાન સહાય પેટે આવેલ રકમ પૂરી વપરાઈ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કુલ કેટલા મકાનો માટે કેટલી સહાય મંજુર થયેલ, તે પૈકી કેટલી રકમ વિભાગને આપવામાં આવી, અને

(૩) મંજુર થયેલ મકાનો પૈકી રાજ્યમાં કેટલા મકાનો માટે તા. ૩૦-૪-૨૦૦૪ સુધીમાં જિલ્લાવાર કેટલું ખર્ચ થયું?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૩૦-૯-૦૪) :

(૧) હા, જી

(૨) ૫૭૨૭૬ મકાનો માટે કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૧૬૯૮૮.૬૦૦ લાખ મંજુર થયેલ સહાય પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મળેલ છે.

(૩) મંજુર થયેલ મકાનો પૈકી ૫૫૭૯૮ મકાનો માટે કેન્દ્ર સરકારની રકમમાંથી રૂા. ૧૫૩૩૦.૯૧૩ લાખનો ખર્ચ થયેલ છે. જિલ્લાવાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | જિલ્લાનું નામ | તા. ૩૦-૪-૦૪ સુધીમાં થયેલ ખર્ચની વિગત (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૫.૫૦૫ |
| ૨ | અમરેલી | ૩૧.૫૬૬ |
| ૩ | બનાસકાંઠા | ૩૫૦.૮૧૦ |
| ૪ | ભરૂચ | ૯૮.૪૬૦ |
| ૫ | ભાવનગર | ૧૨.૭૯૫ |
| ૬ | જામનગર | ૯૭૩.૩૨૦ |
| ૭ | જૂનાગઢ | ૧૦૪.૮૨૦ |
| ૮ | કચ્છ | ૭૩૫૦.૧૩૦ |
| ૯ | પાટણ | ૯૬૩.૭૦૭ |
| ૧૦ | પોરબંદર | ૫૪૩.૨૫૦ |
| ૧૧ | રાજકોટ | ૩૧૮૧.૯૩૦ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧૬૫૪.૬૨૦ |
| | કુલ :- | ૧૫૩૩૦.૯૧૩ |

----------------

## રાજ્યના સનદી અધિકારીઓ સામે બાકી ખાતાકીય તપાસના કેસો

અતારાંકિત : ૨૦૨૯ (૧૯-૫-૦૪) **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યના સનદી અધિકારીઓની સામે કેટલી પ્રારંભિક અને ખાતાકીય તપાસ પડતર છે.

(૨) આ તપાસ સમયમર્યાદામાં પૂરી થઈ શકી ન હોય તેવા કેટલા કિસ્સાઓ પડતર છે, અને

(૩) સમયમર્યાદામાં તપાસ પૂરી ન થવાના શાં કારણો છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૪-૮-૦૪) :

(૧) ૧૧૯ પ્રારંભિક અને ૨૦ ખાતાકીય તપાસો પડતર છે,
(૨) પ્રારંભિક તપાસ માટે કોઈ સમય મર્યાદા નિર્ધારિત કરવામાં આવી નથી, અને ખાતાકીય તપાસની કાર્યવાહી અર્ધ-ન્યાયિક પ્રકારની હોવાથી તથા ભારતીય વહીવટી સેવાના અધિકારીઓના કિસ્સામાં ભારત સરકાર/સંઘલોક સેવા આયોગ પણ ચિત્રમાં હોઈ, ઉક્ત પડતર કેસોમાં નિર્ધારીત સમય મર્યાદા જાળવવાનું મુશ્કેલ બન્યું છે.
(૩) ઉપર જણાવ્યા મુજબ.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન યોજના અંતર્ગત ખેડૂતોને સહાય

અતારાંકિત :૨૧૪૮(૨૨-૬-૦૪) **શ્રી જયંતિલાલ ર઼ા. કવાડિયા(હળવદ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે **કે** -

(૧) તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડ્રીપ ઈરીગેશન યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામોમાં કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી, અને

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારવા સરકારનું શું આયોજન છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) ચૂકવાયેલ સહાયની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ગામનું નામ | ડ્રીપ સેટની વિગત | | ખેડૂતનો પ્રકાર જમીન પ્રમાણે | | | | ખેડૂતનો પ્રકાર જાતિ પ્રમાણે | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સેટની સંખ્યા | સહાયની રકમ રૂપિયા | સિમાંત | નાના | મોટા | કુલ | અ. જા | અ. જ. જા. | અન્ય | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧. | ધ્રાંગધ્રા | ગાંજણવાવ | ૩૭ | ૧૩,૦૦૦૯૪ | ૪ | ૨૫ | ૮ | ૩૭ | ૦ | ૦ | ૩૭ | ૩૭ |
| | | રામગઢ | | | | | | | | | | |
| | | ગંજેલા | | | | | | | | | | |
| | | હરીપુર | | | | | | | | | | |
| | | હામપુર | | | | | | | | | | |
| | | ખાંભડા | | | | | | | | | | |
| | | જીવા | | | | | | | | | | |
| ૨. | લખતર | વણા | ૧ | ૦૦૨૯૪૭૫ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩. | હળવદ | રાણકપુર | ૧ | ૦,૧૮,૦૦૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૪. | ચુડા | રામદેવગઢ | ૫ | ૧,૧૪૯૭૫ | ૨ | ૩ | ૦ | ૫ | ૦ | ૦ | ૫ | ૫ |
| | | ભુગપુર | | | | | | | | | | |
| | | કોરડા | | | | | | | | | | |
| ૫. | વઢવાણ | ખોડુ | ૧૭ | ૫.૬૭૩૫૫ | ૧ | ૧૩ | ૩ | ૧૭ | ૧ | ૦ | ૧૬ | ૧૭ |
| | | બાકરથળી | | | | | | | | | | |
| | | રામપરા | | | | | | | | | | |
| | | કુલ. | ૬૧ | ૨૦.૨૯૮૯૯ | ૮ | ૪૨ | ૧૧ | ૬૧ | ૧ | ૦ | ૬૦ | ૬૧ |

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારાવા નીચે મુજબનું આયોજન છે.

(અ) ખેડૂત તાલીમ, ખેડૂત સભા ગ્રામ સભામાં યોજનાની જાણકારી આપવામાં આવે છે.

(બ) આકાશવાણી દૂરદર્શન જેવા પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારિત કરવામાં આવે છે.

(ક) પાણીના ઉપલબ્ધ જથ્થોનો મહતમ ઉપયોગ ડ્રીપ પધ્ધતિથી થઈ શકે છે તે પ્રકારનું માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવે છે.

(ડ) ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ આ પધ્ધતિ અપનાવવા માટે સહાય આપવામાં આવે છે તેની જાણકારી ખેડૂતોને આપવામાં આવે છે.

-----------------

### જામનગર જિલ્લામાં સ્પ્રીન્કલર સેટ માટે અરજીઓ

અતારાંકિત : ૨૨૧૧ (૨૫-૬-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર, ખંભાળીયા, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓમાં સ્પ્રીન્કલર સેટ મેળવવા માટેની ખેડૂતોની કેટલી અરજીઓ મળી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શા છે ?

**કૃષિમંત્રીશ્રી** (૨૩-૮-૨૦૦૪) :

(૧) છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
| ૧. | જામનગર | -- | ૪૨૩ |
| ૨. | ખંભાળીયા | -- | ૯૬૬ |
| ૩. | દ્વારકા | -- | ૭૪ |
| ૪. | કલ્યાણપુર | ૧૭૧૯ | ૧૬૧૬ (સને ૨૦૦૨-૦૩ની પડતર અરજીઓ હતી) |
| | કુલ : | ૧૭૧૯ | ૩૦૭૯ |

(૨) મંજૂર કરેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
| ૧. | જામનગર | -- | ૬૮ |
| ૨. | ખંભાળીયા | -- | ૧૦૧ |
| ૩. | દ્વારકા | -- | ૭૪ |
| ૪. | જામ કલ્યાણપુર | ૧૦૩ | ૧૭૩ |
| | કુલ : | ૧૦૩ | ૪૧૬ |

(૩) પડતર રહેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ |
| ૧. | જામનગર | -- | -- |
| ૨. | ખંભાળીયા | -- | -- |
| ૩. | દ્વારકા | -- | -- |
| ૪. | કલ્યાણપુર | ૧૬૧૬ | -- |
| | કુલ : | ૧૬૧૬ | -- |

(૪) ૨૦૦૩-૨૦૦૪માં ૨૬૬૩ અરજીઓ અરજદારો તરફથી પૂરતા દસ્તાવેજો રજૂ ન કરવાને કારણે તથા માત્ર લીસ્ટ આપવાને કારણે નામંજૂર કરેલ છે.

---------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સહકારી બેંકોમાં શેર હોલ્ડરની સંખ્યા**

અતારાંકિત :૨૨૧૯ (૨૫-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સહકારી બેંકો કેટલી આવેલી છે,

(૨) આ દરેક બેંકોમાં શેર હોલ્ડરની સંખ્યા કેટલી છે,

(૩) આ બેંકોમાં વ્યકિતગત સભાસદોના શેરોની ગુજરી જવાથી વારસાઈ ન કરવા માટે સરકારે મંજુરી આપી છે,

(૪) કઈ કઈ સહકારી બેંકોમાં આવી પરવાનગી આપવામાં આવી છે, અને

(૫) આવી પરવાનગી આપવાના શાં કારણો છે ?

**સહકાર મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧) ૧૧

(૨)

| **અનુ નં.** | **બેંકનું નામ** | **તા. ૩૧-૩-૦૪ અંતે શેરહોલ્ડરોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | **ભરૂચ જિલ્લો**<br>ભરૂચ જિલ્લા મધ્યસ્થ સહ. બેંક લિ. ભરૂચ. | ૧૭૩૯ |
| ૨ | મહિલા કો. ઓપ. નાગરિક બેંક લિ. ભરૂચ. | ૩૧૦૦ |
| ૩ | ધી અંકલેશ્વર તાલુકા મહિલા નાગરિક કો. ઓપ. બેંક લિ. અંકલેશ્વર. | ૧૧૦૫ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૪ | ધી જંબુસર પીપલ્સ કો. ઓપ. બેંક લિ. જંબુસર | ૯૯૩૪ |
| ૫ | ધી ભરૂચ નાગરિક સહકારી બેંક લિ. ભરૂચ | ૧૭૨૬૭ |
| ૬ | ધી અંકલેશ્વર નાગરિક સહકારી બેંક લિ. અંકલેશ્વર | ૪૫૧૩૦ |
| ૭ | ધી આમોદ નાગરિક કો. ઓપ. બેંક લિ. આમોદ. | ૬૯૭૯ |
| ૮ | ધી હાંસોટ નાગરિક સહકારી બેંક લિ. હાંસોટ. | ૯૯૭૯ |
| ૯ | ધી નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો. ઓપ. બેંક લિ. અંકલેશ્વર. | ૩૫૮૩ |
| ૧૦ | ધી અંકલેશ્વર ઉદ્યોગનગર કો. ઓપ. બેંક લિ. અંકલેશ્વર. | ૬૦૫૦ |
| | **નર્મદા જિલ્લો** | |
| ૧૧ | ધી રાજપીપળા નાગરિક સહકારી બેંક લિ. રાજપીપળા. | ૧૧૪૫૮ |
| | કુલ સરવાળો | ૧૧૬૩૨૪ |
| | | |

(૩) ના, જી.
(૪) લાગુ પડતું નથી.
(૫) લાગુ પડતું નથી.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ટપક સિંચાઈ અને સ્પ્રીન્કલર સેટ આપવા અંગે

અતારાંકિત : ૨૨૨૫ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે --

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાદીઠ ક્યા કયા ગામોમાં ટપક સિંચાઈ અને સ્પ્રીન્કલરના કેટ કેટલા સેટ આપવામાં આવેલ છે અને કેટ કેટલી સબસીડી ચુકવવામાં આવેલ છે, અને

(૨) આપેલ સેટોમાં નાના અને સીમાંત ખેડૂતો કેટલા છે અને તેમાં અનુસૂચિત જાતિના કેટલા ખેડૂતોનો સમાવેશ થયેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) (અ) સ્પ્રીન્કલર સિંચાઈ પદ્ધતિના સેટની માહિતિ

| અ.નં. | તાલુકાનું નામ | ગામ | વર્ષ ૨૦૦૨-૦૩ સ્પ્રીન્કલર સેટની વિગત | |
|---|---|---|---|---|
| | | | સેટની સંખ્યા | સહાયની રકમ લાખમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ચૂડા | ગોખરવાડા, છત્રીયાડા, વેજલકા, જોબાળા | ૧૧૯ | ૧૧.૮૯૩ |
| ૨ | હળવદ | જુના દેવળીયા, નવા દેવળીયા | ૧૨૪ | ૧૨.૨૫૪ |
| | | કુલ | ૨૪૩ | ૨૪.૧૪૭ |
| | | | **વર્ષ ૨૦૦૩-૦૪** | |
| ૧ | હળવદ | દીઘડીયા, ઘનશ્યામપુર, માનસર, રાણકપર, સુસવાવ, ગોલાસણ, મેરુપર, સમલી, વાંકીયા, રાતાભે, સુંદરગઢ, જુના દેવળીયા | ૧૨૯ | ૧૨.૭૭૪ |
| ૨ | ધ્રાંગધ્રા | ઈસદ્રા, હરીપર, રામગઢ, હામપર, ડુમાણા | ૧૦૦ | ૯.૯૪ |
| ૩ | લખતર | વણા, વિઠલાપરા, ભાસ્કરપરા | ૫૧ | ૫.૦૬૬ |
| ૪ | વઢવાણ | વાઘલ, વઢવાણ, ખારવા, ગોમટા, ચમારજ, રામપર | ૪૩ | ૪.૨૯ |
| ૫ | સાયલા | મોટા સખપર, ધમરાસળા, નવા સુદામડા, સાયલા, કાશીપરા | ૫૮ | ૫.૭૪૪ |
| ૬ | ચોટીલા | આણંદપુર, ગુંદા, સખપર, પરબડી, દેવપરા, આંકડીયા, વડાળી, ગોલીડા, મોખપર, તાજપર | ૪૫ | ૪.૪૯૮ |
| | | કુલ | ૪૨૬ | ૪૨.૩૧૨ |

## (બ) ટપક સિંચાઈ પદ્ધતિના સેટની માહિતી

| અ.નં. | તાલુકાનું નામ | ગામ | વર્ષ ૨૦૦૨-૦૩ ટપક સેટની વિગત |
|---|---|---|---|

| | | | સેટની સંખ્યા | સહાયની રકમ લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સાયલા | સેખડા | ૬૬ | ૨૨.૨૮૬૩ |
| ૨ | ચોટીલા | વીજળીયા | ૮૭ | ૨૮.૫૪૮ |
| ૩ | હળવદ | દેવીપુર, કડીયાળા | ૭૩ | ૨૭.૮૩૯૩ |
| | | કુલ | ૨૨૬ | ૭૮.૬૭૩૫ |
| | | | વર્ષ ૨૦૦૩-૦૪ | |
| ૧ | ધ્રાંગધ્રા | ગાજણવાવ, રામગઢ, ગજેલા, હરીપર, હામપર, ખાંભડા, જીવા | ૩૭ | ૧૩.૦૦૦૯૪ |
| ૨ | લખતર | વણા | ૧ | ૦.૨૯૪૭૫ |
| ૩ | હળવદ | રાણકપર | ૧ | ૦.૧૮ |
| ૪ | ચુડા | રામદેવગઢ, ભૃગપૂર, કોરડા | ૫ | ૧.૧૪૯૭૫ |
| ૫ | વઢવાણ | ખોડુ, બાકરથળી, રામપરા | ૧૭ | ૫.૬૭૩૫૫ |
| | | કુલ | ૬૧ | ૨૦.૨૯૮૯૯ |

(૨) આપેલ સેટોમાં નાના ખેડૂતો ૭૦૮, સીમાંત ખેડૂતો ૨૯૭ અને તેમાં અનુસૂચિત જાતિના ૧૬ ખેડૂતોનો સમાવેશ થયેલ છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં પાકવીમાની ચૂકવવાની બાકી રકમ**

અતારાંકિત : ૨૩૦૭ (૫-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં પાક વીમાની કેટલી રકમ તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ચૂકવવામાં આવી છે,

(૨) કયા કયા પાકની કેટલી રકમ તાલુકાવાર ચૂકવવાની બાકી છે, અને

(૩) ખેડૂતો પાસેથી કેટલી વીમાની રકમ લેવામાં આવી છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૪-૯-૦૪) :

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં (જુના) તાલુકાવાર ચૂકવવામાં આવેલ પાક વીમાની રકમની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | ચુકવાયેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | બાયડ | ૩૭૪.૮૩ |
| ૨. | ભીલોડા | ૧૭૦.૦૦ |
| ૩. | હિંમતનગર | ૧૦૭૫.૮૩ |
| ૪. | ઈડર | ૧૧૯૨.૨૨ |
| ૫. | ખેડબ્રહ્મા | ૩૫૭.૫૫ |
| ૬. | માલપુર | ૧૮.૩૯ |
| ૭. | મેઘરજ | ૨૦૭.૩૧ |
| ૮. | મોડાસા | ૨૦૫.૯૯ |
| ૯. | પ્રાંતિજ | ૨૧૫.૫૮ |
| ૧૦. | વિજયનગર | ૨.૪૫ |
| | કુલઃ- | ૩૮૨૦.૧૪ |

(૨) રવી-ઉનાળુ ૨૦૦૨-૦૩ ઋતુના પાકવીમાના ચૂકવવાના બાકી દાવાઓની (જુના) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | પાક | તાલુકા | ચૂકવવાના બાકી દાવાઓની રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧. | રાઈ-સરસવ | પ્રાંતિજ | ૦.૨૦ |
| ૨. | પિયત ઘઉં | બાયડ | ૩.૯૧ |
| ૩. | પિયત ઘઉં | ભીલોડા | ૧૪૨.૧૨ |
| ૪. | પિયત ઘઉં | ઈડર | ૪૦.૩૪ |
| ૫. | પિયત ઘઉં | ખેડબ્રહ્મા | ૧૧.૯૭ |
| ૬. | પિયત ઘઉં | મેઘરજ | ૩.૦૭ |

| | | | |
|---|---|---|---|
| | | કુલ | ૨૦૧.૬૧ |

(૩) રવી-ઉનાળુ ૨૦૦૨-૦૩ ઋતુના પાકવીમા હેઠળ ખેડૂતો તરફથી ભરાયેલ (જૂના) તાલુકાવાર પ્રિમિયમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | ભરાયેલ રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | બાયડ | ૦.૨૨ |
| ૨. | ભીલોડા | ૩.૫૯ |
| ૩. | હિંમતનગર | ૩.૯૮ |
| ૪. | ઈડર | ૧.૫૦ |
| ૫. | ખેડબ્રહ્મા | ૦.૪૩ |
| ૬. | માલપુર | ૦ |
| ૭. | મેઘરજ | ૦.૦૮ |
| ૮. | મોડાસા | ૧.૯૦ |
| ૯. | પ્રાંતિજ | ૦.૫૦ |
| ૧૦. | વિજયનગર | ૦ |
| | કુલઃ- | ૧૨.૨૦ |

------

## દહેગામ તાલુકામાં ભૂમિ સંરક્ષણને લગતા કામો

અતારાંકિત : ૨૫૨૮ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) દહેગામ તાલુકામાં ગામવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ ભૂમિ સંરક્ષણના કુલ કેટલા કામો કર્યા,

(૨) આ કામો પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ કામો કયા કયા હતા ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૬-૮-૦૪)

(૧) દહેગામ તાલુકામાં ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા વર્ષ :૨૦૦૧-૦૨થી વર્ષ ૨૦૦૪-૦૫માં તા. ૩૦-૬-૦૪ સુધી ભૂમિ સંરક્ષણના કુલ ૧૦૪૪.૪૪ હેક્ટર ટેરેસીંગ, ૧૧૩ ખેત તલાવડી, ૪૨ વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રક્ચર અને ૧૨ ગામ તળાવ બાંધવાની ગામવાર કામગીરી કરેલ છે. જે છેલ્લા ત્રણ વર્ષનું પ્રગતિનું પત્રક આ સાથે સામેલ છે.

(૨) આ કામો પાછળ રૂા. ૭૨.૬૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ કામો ટેરેસીંગ, ખેત તલાવડી, જળ સંગ્રાહક સ્ટ્રક્ચર, ગામ તળાવ ઊંડા કરવા અને કેન્દ્ર પુરસ્કૃત નેશનલ વોટરશેડ પ્રોજેકટમાં જળસ્ત્રાવના વિકાસના કામો કરેલ છે.

### પત્રક
### દહેગામ તાલુકામાં ભૂમિ સંરક્ષણને લગતા કામો

| અ.નં. | યોજનાનું નામ | ગામ | થયેલ કામગીરીનું નામ (જ.સં.) | ભૌતિક તથા નાણાંકીય વિગત વર્ષવાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૦૧-૦૨ | | ૨૦૦૨-૦૩ | | ૨૦૦૩-૦૪ | | તા.૩૦-૬-૦૪ સુધી | |
| | | | | વિસ્તાર હે. | ખર્ચ રૂા. લાખમાં | વિસ્તાર હે. | ખર્ચ રૂા. લાખમાં | વિસ્તાર હે. | ખર્ચ રૂા. લાખમાં | વિસ્તાર હે. | ખર્ચ રૂા. લાખમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | એસ.એલ.સી. ૧ નોર્મલ | બારીયા | ટેરેસીંગની કામગીરી | ૬.૮૮ | ૦.૫૯ | - | - | ૪.૩૧ | ૦.૩૨ | - | - |
| | | કલ્યાણજીના મુવાળા | ટેરેસીંગની કામગીરી | - | - | - | - | ૧૫.૫૭ | ૧.૪૭ | - | - |
| | | ધારીસણા | ટેરેસીંગની કામગીરી | - | - | - | - | ૨૧.૫૦ | ૧.૯૯ | ૪૨.૩૯ | ૫.૫૦ |
| | | પીપળજ | ટેરેસીંગની કામગીરી | - | - | - | - | - | - | ૫.૪૪ | ૦.૪૭ |
| | | | કુલ | ૬.૮૮ | ૦.૫૯ | - | - | ૪૧.૩૮ | ૩.૭૮ | ૪૭.૮૩ | ૫.૯૭ |
| ૨ | એસ.એલ.સી. ૯ | પીપળજ | ખેત તલાવડી | ૩૧ | ૩.૦૮ | - | - | - | - | - | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખેત તલાવડી | બારીયા | ખેત તલાવડી | ૨૦ | ૨.૦૧ | - | - | - | - | - | - |
| | | જીંડવા | ખેત તલાવડી | ૧૦ | ૧.૧૭ | - | - | - | - | - | - |
| | | નાની માંછંગ | ખેત તલાવડી | ૩ | ૦.૩૦ | - | - | - | - | - | - |
| | | મોટી માંછંગ | ખેત તલાવડી | ૪ | ૦.૪૦ | - | - | - | - | - | - |
| | | ધારીસણા | ખેત તલાવડી | ૧૨ | ૧.૪૦ | ૪ | ૦.૫૦ | ૨ | ૦.૨૫ | - | - |
| | | વેલપુરા | ખેત તલાવડી | ૩ | ૦.૩૧ | - | - | - | - | - | - |
| | | મોતીપુરા | ખેત તલાવડી | - | - | - | - | ૪ | ૦.૫૧ | - | - |
| | | દવે. મુવાડા | ખેત તલાવડી | - | - | - | - | ૧૭ | ૨.૦૭ | - | - |
| | | દહેગામ (ફ.શ. કેન્દ્ર) | ખેત તલાવડી | - | - | - | - | ૩ | ૦.૪૬ | - | - |
| | | | કુલ | ૮૩ | ૮.૬૭ | ૪ | ૦.૫૦ | ૨૬ | ૩.૨૯ | - | - |
| ૩ | એસ.એલ.સી. ૧૧ | આંત્રોલી | વોટર હાવેસ્ટીંગ | ૧૩ | ૨.૮૫ | ૨ | ૦.૫૦ | - | - | - | - |
| | વોટર હાર્વેસ્ટીંગ | ધારીસણા | વોટર હાવેસ્ટીંગ | - | - | ૨ | ૦.૪૯ | - | - | - | - |
| | | મોતીપુરા | વોટર હાવેસ્ટીંગ | - | - | - | - | ૪ | ૦.૮૫ | - | - |
| | | અરજણજીના મુવાડા | વોટર હાવેસ્ટીંગ | - | - | - | - | ૧ | ૦.૪૦ | - | - |
| | | | કુલ | ૧૩ | ૨.૮૫ | ૪ | ૦.૯૯ | ૫ | ૧.૨૫ | - | - |
| ૪. | એસ.એલ.સી. ૧૨ | વાસણા ચૌધરી | ગામ તળાવ (કલાક) | ૧ | ૨.૦૦ | - | - | - | - | - | - |
| | ગામ તળાવ | સાંપા | ગામ તળાવ (કલાક) | ૧ | ૧.૦૦ | - | - | - | - | - | - |
| | | પાલૈયા | ગામ તળાવ (કલાક) | ૧ | ૧.૦૦ | - | - | - | - | - | - |
| | | નવા બબલપુરા | ગામ તળાવ (કલાક) | ૧ | ૦.૫૪ | | | | | | |
| | | સાણોદ | ગામ તળાવ (કલાક) | | | ૧ | ૨.૦૩ | - | - | - | - |
| | | શીયાવાડા | ગામ તળાવ (કલાક) | | | | | ૧ | ૨.૮૩ | | |
| | | કડજોદરા | ગામ તળાવ (કલાક) | | | - | - | ૧ | ૪.૭૦ | - | - |
| | | કરોલી | ગામ તળાવ (કલાક) | | | | | ૧ | ૩.૫૪ | | |
| | | ધમીજ | ગામ તળાવ (કલાક) | | | - | - | ૧ | ૪.૭૦ | - | - |
| | | નારણાવટ | ગામ તળાવ (કલાક) | | | | | ૧ | ૪.૨૫ | | |
| | | અંતોલી | ગામ તળાવ (કલાક) | | | - | - | ૧ | ૩.૮૮ | - | - |
| | | લવાડ | ગામ તળાવ (કલાક) | | | | | ૧ | ૪.૬૯ | | |
| | | | કુલ | ૪ | ૪.૫૪ | ૧ | ૨.૦૩ | ૭ | ૨૮.૫૯ | - | - |
| ૫. | એસ.એલ.સી. ૧૪ | કડજોદરા | અર્ધન સ્ટ્રકચર | ૨૦ | - | - | - | - | - | - | - |
| | ને.વો.ડે.પ્રો. | ખાડીયા | સી.વી.એચ. | ૯૪૮.૩૫ | ૮.૩૦ | - | - | - | - | - | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અંતોલી | નર્સરી-બા.ચે.કે. | - | - | - | ૦.૫૪ | - | ૦.૫૩ | - | ૦.૨૨ |
| | | કડજોદરા | | - | - | - | - | - | - | - | - |
| | | | કુલ ૯૪૮.૩૫/૨૦ નંગ | | ૮.૩૦ | - | ૦.૫૪ | - | ૦.૫૩ | - | ૦.૨૨ |

---------

## જૂનાગઢ જિલ્લામાં ખેત તલાવડી પાછળ થયેલ ખર્ચ

અતારાંકિત : ૨૫૫૪ (૧૧-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧-૧-૨૦૦૪થી તા. ૩૧-૭-૨૦૦૪ સુધીમાં જૂનાગઢ જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામમાં સરકાર દ્વારા ખેત તલાવડી અંગેની કામગીરી કરી, અને

(૨) પ્રત્યેક ખેત તલાવડી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૬-૮-૦૪) :

(૧) અને (૨) ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકા વાર -ગામવાર થયેલ ખેત તલાવડીની કામગીરી તથા થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ગામનું નામ | થયેલ કામગીરી | |
|---|---|---|---|
| | | ભૌતિક લક્ષાંક (સંખ્યા) | નાણાંકીય ખર્ચ રૂપિયામાં |
| જૂનાગઢ | માખીયાળા | ૧ | ૮૭૦૬.૦૦ |
| વંથલી | ગાદોઈ | ૧ | ૧૧૧૭૮.૦૦ |
| મેંદરડા | ગઢાળી | ૨ | ૧૬૦૨૨.૦૦ |
| માંગરોળ | ઘોડાદર | ૨ | ૨૫૯૧૧.૦૦ |
| ઉના | મોટીમોલી | ૧ | ૯૩૪૧.૭૩ |
| ઉના | જરગલી | ૨ | ૩૦૧૮૬.૦૦ |
| | કુલ | ૯ | ૧,૦૧,૩૪૪.૭૩ |

---------

## દહેગામ તાલુકામાં ખેત તલાવડી/ગામ તળાવ ઊંડા કરવાનું આયોજન

અતારાંકિત : ૨૫૮૭ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે --

સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં દહેગામ તાલુકામાં કુલ કેટલી ખેત તલાવડી કરવાનું અને કુલ કેટલા ગામ તળાવ ઊંડા કરવાનું સરકારનું આયોજન છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૬-૮-૦૪) :

ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા ખેત તલાવડી બનાવવાનું કોઈ આયોજન નથી. જ્યારે ૩ ગામ તળાવ ઊંડા કરવાનું આયોજન છે.

---------

## નવસારી જિલ્લામાં ખેડૂતના મૃત્યુ વીમાની અરજીઓ

અતારાંકિત : ૨૫૯૧ (૧૧-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કયા કયા તાલુકાનાં કેટલા ખેડૂતોના મૃત્યુ વીમાની અરજીઓ આવી,

(૨) મૃત્યુ પામેલ ખેડૂતોની વીમાની કેટલી અરજીઓનો નિકાલ બાકી છે,

(૩) કેટલા ખેડૂતોને મૃત્યુ વીમાની રકમ ચુકવવામાં આવી, અને

(૪) બાકી અરજીઓનો નિકાલ સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ?

**કૃષિ મંત્રીશ્રી** (૧૧-૯-૦૪) :

(૧) તાલુકો આવેલ અરજીઓ (તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં)

| | |
|---|---|
| ૧. ચીખલી | ૨૧ |
| ૨. ગણદેવી | ૬ |
| ૩. જલાલપોર | ૩ |

૪. નવસારી ૩
૫. વાંસદા ૩
કુલ :- ૪૦

(૨) એકપણ અરજીનો નિકાલ બાકી નથી.
(૩) ૧૮ ખેડૂતોને મૃત્યુ વીમાની રકમ ચુકવવામાં આવી છે.
(૪) એકપણ અરજીનો નિકાલ કરવાનો બાકી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના ઓરડાની મરામત અંગે

અતારાંકિત : ૨૧૦૩ (૨૯-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શાળાના રુમોની મરામત કરવાની બાકી છે,
(૨) તે પૈકી તાલુકાવાર કેટલા રુમોની તા. ૩૧-૩-૦૩ સુધીમાં મરામત થઈ અને તેમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને
(૩) બાકી મરામતનું કામ ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૪) :

(૧) પત્રક-૧ મુજબ.
(૨) એક પણ નહી, પરંતુ તા. ૩૧-૩-૦૪ સુધીમાં ૭૩૪ ઓરડાની મરામત કરવામાં આવી છે.
(૩) જેમ બને તેમ જલ્દી.

**પત્રક-૧**

છેલ્લા ત્રણ વર્ષમાં મરામત કરવાના બાકી હોય તેવા ઓરડાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો<br>૧ | ઓરડાની સંખ્યા<br>૨ | તાલુકો<br>૧ | ઓરડાની સંખ્યા<br>૨ |
|---|---|---|---|
| બાયડ | ૧૮૬ | મેઘરજ | ૨૧૫ |
| ભિલોડા | ૨૧૬ | મોડાસા | ૩૦૪ |
| ધનસુરા | ૧૪૫ | પ્રાંતિજ | ૩૮૬ |
| હિંમતનગર | ૩૧૭ | તલોદ | ૨૯૮ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ઈડર | ૨૭૦ | વડાલી | ૨૦૫ |
| ખેડબ્રહ્મા | ૩૬૧ | વિજયનગર | ૧૦૮ |
| માલપુર | ૨૪૧ | | |

------------

## હળવદ અને મૂળી તાલુકામાં ધરતીકંપથી પ્રાથમિક શાળાઓને થયેલ નુકસાન

અતારાંકિત : ૨૧૩૭ (૨૯-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં કુલ કેટલા કયા કયા ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓને ધરતીકંપથી સંપૂર્ણતઃ તથા અંશતઃ નુકસાન થયું હતું,

(૨) તે માટે સરકારે તા. ૩૧/૩/૨૦૦૪ સુધીમાં શી કાર્યવાહી કરી, અને

(૩) જરૂરત મુજબના ઓરડાઓ ક્યારે ઉપલબ્ધ થશે ?

**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** (૯-૯-૦૪) :

(૧) પત્રક-૧ મુજબ.

**(૨)**

| **તાલુકો** | **નવા બનાવેલ ઓરડા** | **મરામત કરાયેલ ઓરડા** |
|---|---|---|
| **હળવદ** | **૧૯૩** | **૨૪૩** |
| **મુળી** | **૧૩૪** | **૧૨૬** |
| **કુલઃ -** | **૩૨૭** | **૩૬૯** |

**(૩) જેમ બને તેમ જલદી.**

**પત્રક-૧**

| હળવદ અને મુળી તાલુકામાં ધરતીકંપથી નુકસાન પામેલ શાળાઓની ગામવાર યાદી<br>જિલ્લો :-સુરેન્દ્રનગર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ગામનું નામ | શાળાનું નામ | સંપૂર્ણ નાશ પામેલ ઓરડાઓ | અંશતઃ નાશ પામેલ ઓરડાઓ | કુલ ઓરડાઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | હળવદ | હળવદ | હળવદ-૧ પે. સેન્ટર | ૦ | ૩ | ૩ |
| ૨ | | હળવદ | હળવદ-૫ | ૦ | ૩ | ૩ |
| ૩ | | હળવદ | હળવદ-૪ પે. સેન્ટર | ૪ | ૪ | ૮ |
| ૪ | | નવા ઘનશ્યામગઢ | નવા ઘનશ્યામગઢ(કુ) | ૦ | ૯ | ૯ |
| ૫ | | નવા ઘનશ્યામગઢ | નવા ઘનશ્યામગઢ(ક) | ૬ | ૦ | ૬ |
| ૬ | | રાણેકપર | રાણેકપર | ૧ | ૧ | ૨ |
| ૭ | | હળવદ | હળવદ-૩ | ૦ | ૩ | ૩ |
| ૮ | | ઢવાણા | ઢવાણા પે. સેન્ટર | ૪ | ૦ | ૪ |
| ૯ | | કોયબા | કોયબા | ૩ | ૦ | ૩ |
| ૧૦ | | કવાડીયા | કવાડીય | ૦ | ૧ | ૧ |
| ૧૧ | | મેરૂપર | મેરૂપર પે. સેન્ટર | ૧ | ૧ | ૨ |
| ૧૨ | | ગોલાસણ | ગોલાસણ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | | ઈંગોરાળા | ઈંગોરાળા પે. સેન્ટર | ૨ | ૨ | ૪ |
| ૧૪ | | જુના અમરાપર | જુના અમરાપર | ૩ | ૧ | ૪ |
| ૧૫ | | જુની કીડી | જુની કીડી | ૦ | ૧ | ૧ |
| ૧૬ | | જોગડ | જોગડ | ૦ | ૧ | ૧ |
| ૧૭ | | નવા અમરાપર | નવા અમરાપર | ૨ | ૦ | ૨ |
| ૧૮ | | મયાપુર | મયાપુર | ૧ | ૦ | ૧ |
| ૧૯ | | માલણીયાદ | માલણિયાદ પે. સેન્ટર | ૦ | ૮ | ૮ |
| ૨૦ | | ધણાદ | ધણાદ | ૦ | ૧ | ૧ |
| ૨૧ | | ભવાનીનગર | ભવાનીનગર | ૦ | ૧ | ૧ |
| ૨૨ | | મંગળપુર | મંગળપુર | ૦ | ૨ | ૨ |
| ૨૩ | | સમલી | સમલી | ૧ | ૨ | ૩ |
| ૨૪ | | સંગમ સોસાયટી | સંગમ સોસાયટી | ૦ | ૩ | ૩ |
| ૨૫ | | કે.ટી. મીલ | કે.ટી. મીલ | ૨ | ૨ | ૪ |
| ૨૬ | | ચૈતન્યનગર | ચૈતન્યનગર | ૦ | ૧ | ૧ |
| ૨૭ | | સાપકડા | સાપકડા પે. સેન્ટર | ૦ | ૫ | ૫ |
| ૨૮ | | નવા સાપકડા | નવા સાપકડા | ૦ | ૧ | ૧ |
| ૨૯ | | ભલગામડા | ભલગામડા | ૦ | ૧ | ૧ |
| ૩૦ | | દીઘડીયા | દીઘડીયા | ૦ | ૧ | ૧ |
| ૩૧ | | ચિત્રોડી | ચિત્રોડી | ૦ | ૧ | ૧ |
| ૩૨ | | માથક | માથક કુમાર પે. સેન્ટર | ૦ | ૧ | ૧ |
| ૩૩ | | શિવપુર | શિવપુર | ૧ | ૦ | ૧ |
| ૩૪ | | સુંદરી | સુંદરી | ૧ | ૧ | ૨ |
| ૩૫ | | ચુંપણી | ચુંપણી | ૧ | ૦ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૬ | | ખેતરડી | ખેતરડી | ૦ | ૨ | ૨ |
| ૩૭ | | રાયધ્રા | રાયધ્રા | ૦ | ૧ | ૧ |
| ૩૮ | | માણેકવાડા | માણેકવાડા | ૦ | ૧ | ૧ |
| ૩૯ | | કડીયાણા | કડીયાણા પે. સેન્ટર | ૫ | ૦ | ૫ |
| ૪૦ | | રણછોડગઢ | રણછોડગઢ | ૦ | ૧ | ૧ |
| ૪૧ | | પાંડાતીરથ | પાંડાતીરથ | ૦ | ૨ | ૨ |
| ૪૨ | | સરંભડા | સરંભડા | ૦ | ૧ | ૧ |
| ૪૩ | | સુંદરગઢ | સુંદરગઢ | ૧ | ૦ | ૧ |
| ૪૪ | | મગુરનગર | મયુરનગર પે.સેન્ટર | ૧ | ૦ | ૧ |
| ૪૫ | | રાયસંગપુર | રાયસંગપુર | ૨ | ૦ | ૨ |
| ૪૬ | | ચાડધ્રા | ચાડધ્રા | ૨ | ૦ | ૨ |
| ૪૭ | | નવા રાયસંગપુર(ગાંધી) | નવા રાયસંગપુર(ગાંધીપુર) | ૧ | ૦ | ૧ |
| ૪૮ | | ટીકર (રણ) | ટીકર (રણ)પે. સેન્ટર | ૬ | ૨ | ૮ |
| ૪૯ | | ટીકર (રણ) | ટીકર (રણ)-૨ | ૩ | ૦ | ૩ |
| ૫૦ | | માનગઢ | માનગઢ | ૪ | ૦ | ૪ |
| ૫૧ | | અજીતગઢ | અજીતગઢ | ૨ | ૦ | ૨ |
| ૫૨ | | મીયાણી | મીયાણી | ૩ | ૦ | ૩ |
| ૫૩ | | ધુળકોટ | ધુળકોટ | ૨ | ૦ | ૨ |
| ૫૪ | | ખોડ | ખોડ | ૨ | ૦ | ૨ |
| ૫૫ | | નવા ઘાટીલા | નવા ઘાટીલા | ૩ | ૦ | ૩ |
| ૫૬ | | નવા દેવળીયા | નવા દેવાળીયા કુ. | ૦ | ૯ | ૯ |
| ૫૭ | | સુંરવદર | સુરવદર | ૨ | ૯ | ૧૧ |
| ૫૮ | | પ્રતાપગઢ | પ્રતાપગઢ | ૦ | ૨ | ૨ |
| ૫૯ | | ધનાળા | ધનાળા પે. સેન્ટર | ૨ | ૪ | ૬ |
| ૬૦ | | સુસવાવ | સુસવાવ | ૦ | ૩ | ૩ |
| ૬૧ | | ઈશ્વરનગર | ઈશ્વરનગર | ૦ | ૪ | ૪ |
| ૬૨ | | કેદારીયા | કેદારીયા | ૦ | ૧ | ૧ |
| ૬૩ | | રણજીતગઢ | રણજીતગઢ | ૦ | ૪ | ૪ |
| ૬૪ | | નવા ધનાળા | નવા ધનાળા | ૩ | ૦ | ૩ |
| ૬૫ | | નવા વેગડવાવ | નવા વેગડવાવ | ૦ | ૨ | ૨ |
| ૬૬ | | બુટવડા | બુટવડા | ૦ | ૧ | ૧ |
| ૬૭ | | ઉમૈયાનગર | ઉમૈયાનગર | ૦ | ૨ | ૨ |
| ૬૮ | | નવા ઈશનપુર | નવા ઈશનપુર | ૦ | ૩ | ૩ |
| | કુલ... | | | ૭૮ | ૧૧૫ | ૧૯૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | મુળી | મુળી | મુળી-૧ પે. સેન્ટર | ૨ | ૩ | ૫ |
| ૨ | | મુળી | મુળી-૨ | ૪ | ૬ | ૧૦ |
| ૩ | | મુળી | મુળી-૫ કન્યા | ૨ | ૪ | ૬ |
| ૪ | | મુળી | શકિતપરા મુળી-૬ | ૨ | ૧ | ૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | | ગઢાદ | ગઢાદ | ૩ | ૦ | ૩ |
| ૬ | | મુળી | મુળી-૪ પે. સેન્ટર | ૧ | ૧ | ૨ |
| ૭ | | સોમાસર | સોમાસર | ૧ | ૭ | ૮ |
| ૮ | | સિધ્ધસર | સિધ્ધસર | ૧ | ૪ | ૫ |
| ૯ | | નળીયા | નળીયા | ૦ | ૨ | ૨ |
| ૧૦ | | નવાણીયા | નવાણીયા | ૧ | ૨ | ૩ |
| ૧૧ | | ટીડાણા | ટીડાણા | ૨ | ૦ | ૨ |
| ૧૨ | | શેખપર | શેખપર કુ. પે. સેન્ટર | ૦ | ૧ | ૧ |
| ૧૩ | | શેખપર | શેખપર કન્યા | ૦ | ૨ | ૨ |
| ૧૪ | | લીમલી | લીમલી કુમાર | ૦ | ૬ | ૬ |
| ૧૫ | | લીમલી | લીમલી કન્યા | ૦ | ૪ | ૪ |
| ૧૬ | | હેમતપર | હેમતપર | ૩ | ૧ | ૪ |
| ૧૭ | | દિગસર | દિગસર કુમાર | ૨ | ૦ | ૨ |
| ૧૮ | | દિગસર | દિગસર કન્યા | ૦ | ૧ | ૧ |
| ૧૯ | | ટીકર (પર) | ટીકર(પર) પે. સેન્ટર | ૪ | ૦ | ૪ |
| ૨૦ | | ગૌતમગઢ | ગૌતમગઢ | ૨ | ૦ | ૨ |
| ૨૧ | | ખાટડી | ખાટડી | ૨ | ૦ | ૨ |
| ૨૨ | | પાંડવરા | પાંડવરા | ૧ | ૦ | ૧ |
| ૨૩ | | મુળી | મુળી સ્ટેશન શાળા | ૧ | ૧ | ૨ |
| ૨૪ | | સરલા | સરલા પે. સેન્ટર | ૩ | ૦ | ૩ |
| ૨૫ | | કુંતલપુર | કુંતલપુર | ૨ | ૦ | ૨ |
| ૨૬ | | લીયા | લીયા | ૧ | ૦ | ૧ |
| ૨૭ | | સુજાનગઢ | સુજાનગઢ | ૨ | ૦ | ૨ |
| ૨૮ | | વડધ્રા | વડધ્રા | ૦ | ૨ | ૨ |
| ૨૯ | | ભવાનીગઢ | ભવાનીગઢ | ૦ | ૧ | ૧ |
| ૩૦ | | ખંપાળીયા | ખંપાળીયા | ૨ | ૧ | ૩ |
| ૩૧ | | સરા | સરા પે. સેન્ટર | ૦ | ૨ | ૨ |
| ૩૨ | | સરા | સરા કન્યા | ૦ | ૨ | ૨ |
| ૩૩ | | મહાદેવગઢ | મહાદેવગઢ | ૦ | ૧ | ૧ |
| ૩૪ | | જેપર | જેપર | ૦ | ૧ | ૧ |
| ૩૫ | | રામપર | રામપર | ૧ | ૦ | ૧ |
| ૩૬ | | વગડીયા | વગડીયા પે.સેન્ટર | ૦ | ૨ | ૨ |
| ૩૭ | | દેવપરા | દેવપરા | ૦ | ૧ | ૧ |
| ૩૮ | | વેલાળા (સા) | વેલાળા (સા) | ૦ | ૧ | ૧ |
| ૩૯ | | નળખંભા | નળખંભા | ૦ | ૧ | ૧ |
| ૪૦ | | ધર્મેન્દ્રગઢ | ધર્મેન્દ્રગઢ | ૧ | ૦ | ૧ |
| | | | કુલ | ૪૬ | ૬૧ | ૧૦૭ |

-----------

**ભરૂચ અને નર્મદા જિલ્લાની સરકારી શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવા અંગે**

અતારાંકિત : ૨૨૭૦ (૫-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરકારી કઈ કઈ શાળાઓ કયા કયા ગામની ખાનગી સંસ્થાને કઈ તારીખથી સોંપવામાં આવી,

(૨) આ ખાનગી સંસ્થાઓ કઈ કઈ છે, અને

(૩) આ સરકારી શાળાઓનો વહિવટ ખાનગી સંસ્થાને સોંપવાના શાં કારણો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૮-૯-૦૪) :

(૧)

| વર્ષ | ભરૂચ | નર્મદા | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ | -- | -- | -- |
| ૨૦૦૨-૨૦૦૩ | -- | -- | -- |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧ | ૧ | ૨ |

વિગતવાર પત્રક-અ સામેલ છે.

(૨) (૧) યોગી ડિવાઈન સોસાયટી, ભકિતધામ નેત્રંગ ભરૂચ.

(૨) નર્મદા ચેરીટેબલ ટ્રસ્ટ, મુ. નવાવાધપુરા, જિ. નર્મદા.

(૩) શિક્ષણ વિભાગના તા. ૯-૫-૨૦૦૨ના ઠરાવની જોગવાઈ મુજબ સરકારી શાળાઓનો વહિવટ ખાનગી સંસ્થાને સોંપવામાં આવે છે. કારણો અંગેનું પત્રક-બ સામેલ છે.

**પત્રક - અ**

**ભરૂચ એ નર્મદા જિલ્લાની સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી ટ્રસ્ટને સોંપાયેલ શાળાઓની વિગત દર્શાવતુ પત્રક (તારીખ : ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ)**

| ક્રમ | જિલ્લાનું નામ | સોંપાયેલ સરકારી માધ્ય./ઉ.મા. શાળાનું નામ | ખાનગી ટ્રસ્ટનું નામ | સોંપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | સરકારી વિજય વિદ્યામંદિર, અવિધા તા. ઝઘડીયા | યોગી ડિવાઈન સોસાયટી, સોખડા, જિ. વડોદરા | ૧-૧૨-૨૦૦૩ |
| ૨ | નર્મદા | સરકારી હાઈસ્કુલ, અલમાવાડી | નર્મદા ચેરીટેબલ ટ્રસ્ટ, જિ. નર્મદા | ૧૫-૧૧-૨૦૦૩ |

**પત્રક - બ**

**સરકારી શાળાઓનો વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપવાના કારણોની વિગત :**
**શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : સમશ/૧૦૨૦૦૦/૫૩૦/ગ-૧ તા. ૯/૫/૨૦૦૨/અનુસાર**

(૧) સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓના પરીણામોમાં સુધારો લાવવા તેમજ શાળાઓનો વહીવટ સુધારી તેની ગુણવત્તા ઉંચી લાવવા માટે નીતિ નક્કી કરેલ છે.

(૨) સરકારી શાળાઓ માટે જે તે સંસ્થાઓની માગણીઓ આવે તેઓનો અનુભવ શૈક્ષણિક કામગીરી તેમજ આર્થિક બાબતોને ધ્યાનમાં લઈ વહીવટ સોંપવા અંગે સરકાર કક્ષાએથી નિર્ણય લેવામાં આવે છે.

(૩) જે સરકારી શાળાઓના મકાન નથી, વિદ્યાર્થી સંખ્યા ઓછી છે, શાળા ચલાવી શકાય તેમ નથી તેવી શાળાઓનોં વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપવાની વિચારણા સરકાર કરે છે.

(૪) સરકારી શાળાઓના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું પરીણામ સતત ત્રણ વર્ષ સુધી નબળું આવે તે શાળાઓનો વહીવટ ખાનગી સંસ્થાઓને સોંપવાનું વિચારવાનું રહેશે.

-----------------

## કેન્દ્ર સરકારમાં રાજ્યની વન-પર્યાવરણને લગતી પડતર દરખાસ્તો

અતારાંકિત : ૨૦૧૩ (૧૫-૫-૦૪) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગુજરાતની વન અને પર્યાવરણને લગતી ૧૩ જેટલી દરખાસ્તો કેન્દ્ર સરકારમાં ઘણા સમયથી પડતરમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ૧૩ દરખાસ્તો કઈ કઈ છે અને કેટકેટલા સમયથી પડતરમાં છે,

(૩) આ પડતર દરખાસ્તોના ઉકેલ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં કેટકેટલી રજુઆત કરી અને કઈ કઈ દરખાસ્તો મંજુર થઈ ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી** (૧૭-૧-૦૫) :

(૧) હા, જી. ૧૩ નહીં ૧૨ દરખાસ્તો.

(૨) અને (૩) પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમાંક | દરખાસ્તની વિગત | દરખાસ્તનો પત્ર ક્રમાંક અને તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | બનાસકાંઠા જિલ્લામાં પીપલીવાળી નાની સિંચાઈ માટે ૫.૨૫ હે. જમીનનું સંપાદન | એફસીએ-૧૦૯૦-૧૮૩૯-વી-૩ તા.૧૪-૯-૯૦ | તા. ૧૩-૩-૦૨ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૨ | બનાસકાંઠા જિલ્લામાં મુફાળી નાની સિંચાઈ માટે ૭.૧૩ હે. જમીનનું સંપાદન | એફસીએ-૧૦૯૦-૧૮૪૧-વી-૩ તા.૧૪-૯-૯૦ | તા. ૧૩-૩-૦૨ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૩ | રાજકોટ જિલ્લામાં ડેમી-૩ સિંચાઈ યોજના માટે ૧૯.૦૦ હે. જમીનનું સંપાદન | એફસીએ-૧૦૯૯-૩૫૫૧-ક તા.૨૧-૧૦-૦૩ | તા. ૯-૩-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૪ | ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા ૧૩.૫૩૭૯ હે. જમીન ટેલીફોન અને ગેસ પાઈપલાઈન માટે સંપાદન કરવા બાબત. | એફસીએ-૧૦૦૩-૩૦-ક તા.૧૭-૫-૦૩ | તા. ૧૯-૨-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૫ | રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.-૮ બીને ચાર માર્ગી કરવા માટે ૫૨૪.૬૬૩ હે. જમીનનું સંપાદન કરવા બાબત. | એફસીએ-૧૦૦૩-૪૦-ક તા.૨૨-૮-૦૩ | તા. ૧૯-૨-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૬ | પોરબંદરથી રાજકોટ ધોરી માર્ગ નં.-૮ બીને પહોળો કરવા માટે ૧૧૭.૨૮ હે. જમીન સંપાદન કરવા બાબત. | એફસીએ-૧૦૦૩-૩૭-ક તા.૨૨-૮-૦૩ | તા. ૪-૨-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૭ | કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.-૮ અ બામણબોરથી સામળીયાળીથી રાધનપુર ચાર માર્ગી કરવા ૩૦૮.૩૬ હે. જમીન સંપાદન. | એફસીએ-૧૦૦૩-૪૭-ક તા. ૨-૮-૦૩ | તા. ૧૯-૨-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૮ | બનાસકાંઠા જિલ્લા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.-૧૪ ડીસાથી રાધનપુર ચાર માર્ગી કરવા માટે ૨૬૩.૯૮ હે. જમીનનું સંપાદન. | એફસીએ-૧૦૦૩-૪૪-ક તા.૨૫-૭-૦૩ | તા. ૧૯-૨-૦૪ના રોજ પૂર્તતા અહેવાલ ભારત સરકારને મોકલ્યો છે. |
| ૯ | કન્ઝરવેશન ઓફ સસ્ટેનેબલ મેનેજમેન્ટ ઓફ ડાયલેન્ડ બાયોડાયર્વસીટી, જી.ઈ.એફ. પ્રોજેક્ટ | ડબ્લ્યુએલપી-૧૧-૨૦૦૦-૫૭-૬-જી.-આઈ.(૫૦૭), ૧૪/૧, તા.૨૮-૩-૦૩ | તા. ૩૦-૧-૦૪, તા. ૨૪-૨-૦૪ અને તા. ૨૩-૩-૦૪ના રોજ સ્મૃતિપત્રો પાઠવેલ છે. |
| ૧૦ | પરમીશન ફોર રેડીયો કોલરીંગ ઓફ વન ફોલ લાયન ઈન ગીર પ્રોટેકટેડ એરીયા | ડબ્લ્યુએલપી-૨૨-એ-૭-૦૯, તા.૫-૪-૦૩ | -- |
| ૧૧ | સપ્લાય ઓફ લાયન બ્લડ સેમ્પલ ફોર એન્ટી લાયન એન્ટી ફોરમ | ડબ્લ્યુએલપી-૨૨-એ-૨૩૧૫-૧૭, તા.૧૬-૧૧-૦૨ | તા. ૧૬-૪-૦૪, તા. ૨૬-૪-૦૪ના રોજ સ્મૃતિપત્રો પાઠવેલ છે. |
| ૧૨ | પરીમીશન ફોર કેપ્ચર એન્ડ રેડીયો કોલરીંગ ઓફ લાયન | ડબ્લ્યુએલપી-૨૨-એ-૩૯૪-૯-૭, તા.૨૬-૪-૦૨ | તા. ૧૫-૩-૦૪, અને તા. ૫-૩-૦૪ના રોજ સ્મૃતિપત્રો પાઠવેલ છે. |

## ગુજરાતમાં વન ડેપો દ્વારા વન ઉત્પાદનોનું વેચાણ

અતારાંકિત : ૨૧૧૭ (૨૫-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં વન ખાતા દ્વારા કયા કયા વન ડેપોમાં ટોપલા, પાલા, ટોપલી, સુપડા તેમજ બીજી જંગલની બનાવટોનું વેચાણ કરવામાં આવે છે,
(૨) ઘણા વન ડેપોમાં આ બધી વસ્તુઓનું વેચાણ કરવામાં આવતુ નથી, તે વાત સાચી છે,
(૩) જો હા, તો સરકાર આ વનડેપોમાં બધી વસ્તુઓ વેચાણ કરવા માગે છે કે કેમ, અને
(૪) જો હા, તો કેટલા સમયમાં ?

**વન મંત્રીશ્રી** (૨૭-૮-૦૪) :

(૧) રાજ્યમાં વન ખાતા હસ્તકના ડેપોમાં ટોપલા, પાલા, ટોપલી, સુપડા તેમજ બીજી જંગલની બનાવટોનું વેચાણ કરવામાં આવતુ નથી.
(૨) રાજ્યમાં વન ખાતા હસ્તકના ડેપોમાં ટોપલા, પાલા, ટોપલી, સુપડા તેમજ બીજી જંગલની બનાવટોનુ વેચાણ કરવામાં આવતુ નથી.
(૩) આવી કોઈ યોજના વિચારણામાં નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

## પારડી તાલુકામાં વન વિભાગ (નોર્મલ) દ્વારા ઉછેરવામાં આવેલ રોપા

અતારાંકિત : ૨૩૯૦ (૭-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં વન વિભાગ (નોર્મલ) દ્વારા જૂન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કેટલા રોપા રોપવામાં આવ્યા,
(૨) તેમાંથી કેટલા ઉછેરવામાં આવ્યા,
(૩) ઉછેરેલ રોપાઓનું કઈ કઈ જગ્યાએ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ, અને
(૪) કેટલો ખર્ચ થયો ?

**વન મંત્રીશ્રી** (૨૧-૮-૦૪) :

(૧) વલસાડ જીલ્લાના પારડી તાલુકામાં વન વિભાગ (નોર્મલ) દ્વારા જૂન-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૦.૧૧ લાખ રોપા રોપવામાં આવેલ છે.
(૨) તેમાંથી ૦.૧૧ લાખ રોપા ઉછેરવામાં આવેલ છે.
(૩) ઉછેરેલ રોપા પારડી તાલુકાના ઉમરસાડી ગામે વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.
(૪) આ વૃક્ષારોપણ પાછળ રૂા. ૧.૫૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

----------------

## રાજ્યના આયુર્વેદીક દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૦૪૧ (૨૭-૫-૦૪) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા આર્યુવેદ દવાખાનાઓ આવેલ છે,
(૨) ઉક્ત દવાખાનાઓમાં સેટઅપ અને સંવર્ગ મુજબ કુલ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કુલ કેટલી જગ્યાઓ ખાલી છે.
(૩) આ જગ્યાઓ નહીં ભરવાના કારણો શા છે, અને
(૪) આ ખાલી જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૪-૯-૦૪) :

(૧) પત્રક : (અ) મુજબ
(૨) ઉક્ત દવાખનાઓમાં સેટઅપ મુજબ સંવર્ગવાર માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૨ | ૪૯૦ | ૩૨૨ | ૧૬૮ |
| ૨ | મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૩ | ૨૮૨ | ૦૧૦ | ૨૭૨ |
| ૩ | કમ્પાઉન્ડર વર્ગ-૩ | ૧૪૮ | ૦૭૧ | ૦૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | પટાવાળા વર્ગ-૪ | ૨૩૫ | ૧૧૩ | ૧૨૨ |

(૩) અને (૪) બઢતી/નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ અગ્રતાના ધોરણે ભરવાનું આયોજન છે.

**પત્રક-(અ)**

**આયુર્વેદ દવાખાનાઓની વિગત દર્શાવતુ પત્રક**

| અ. નં. | સંવર્ગ | દવાખાનાઓની સંખ્યા | અ. નં. | સંવર્ગ | દવાખાનાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫ | ૧૪ | મહેસાણા | ૧૭ |
| ૨ | અમરેલી | ૧૮ | ૧૫ | નર્મદા | ૧૩ |
| ૩ | આણંદ | ૧૬ | ૧૬ | નવસારી | ૧૬ |
| ૪ | બનાસકાંઠા | ૨૬ | ૧૭ | પંચમહાલ | ૨૧ |
| ૫ | ભરૂચ | ૧૬ | ૧૮ | પાટણ | ૧૨ |
| ૬ | ભાવનગર | ૨૦ | ૧૯ | પોરબંદર | ૬ |
| ૭ | દાહોદ | ૨૦ | ૨૦ | રાજકોટ | ૨૨ |
| ૮ | ડાંગ | ૯ | ૨૧ | સાબરકાંઠા | ૩૮ |
| ૯ | ગાંધીનગર | ૧૭ | ૨૨ | સુરત | ૩૮ |
| ૧૦ | જામનગર | ૧૩ | ૨૩ | સુરેન્દ્રનગર | ૨૩ |
| ૧૧ | જુનાગઢ | ૨૧ | ૨૪ | વડોદરા | ૩૪ |
| ૧૨ | કચ્છ | ૧૮ | ૨૫ | વલસાડ | ૧૬ |
| ૧૩ | ખેડા | ૧૫ | | કુલ...... | ૪૯૦ |

--------------------

**કંડલા નોટીફાઇડ વિસ્તારમાં જન્મ મરણના દાખલા**

અતારાંકિત : ૨૩૪૭ (૨-૭-૦૪) **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) :** માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) કંડલા નોટીફાઇડ વિસ્તાર હોવાને લીધે અહીં વસતા લોકોને જન્મ-મરણના દાખલા માટે શી વ્યવસ્થા છે; અને

(૨) સરકાર આ બાબતની સુવિધા આપવા શાં પગલાં લેવા માંગે છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૪-૮-૦૪) :

(૧) કંડલા નોટીફાઇડ વિસ્તારમાં બનતા જન્મ-મરણના બનાવો માટે ચીફ મેડીકલ ઓફીસર, કંડલા પોર્ટ ટ્રસ્ટને રજીસ્ટ્રાર, જન્મ-મરણ તરીકે નિમવામાં આવેલા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દહેગામ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૩૬૭ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ જગ્યાઓ સામે તારીખ ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંવર્ગવાર કેટ-કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને કેટલી ભરેલી છે, અને;

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે, અને તે કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૪-૯-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ-૨ | ૬ | ૫ | ૧ |
| વર્ગ-૩ | ૨૪ | ૧૬ | ૮ |
| વર્ગ-૪ | ૨૪ | ૮ | ૧૬ |
| કુલ | ૫૪ | ૨૯ | ૨૫ |

(૨) પ્રવર્તમાન નીતિ કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઇને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

----------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૩૮૪ (૭-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડૉકટરની જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધા છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૪-૯-૦૪)

(૧) તા. ૩૦/૬/૦૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની કુલ સાત જગ્યાઓ ખાલી છે.

(૨) બોન્ડેડ તથા એડહોક ઉમેદવારોને નિમણૂકના હુકમો કરી જગ્યા ભરવા કાર્યવાહી કરેલ છે.

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં ભારતીય બનાવટનો વિદેશી દારુ પકડવા અંગે**

અતારાંકિત : ૨૦૬૪ (૨૫-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં અને આ જિલ્લાના રસ્તે થઇ ગુજરાતના બીજા જિલ્લાઓમાં રાજસ્થાન વિગેરે પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટના વિદેશી દારુની હેરાફેરી થતી અટકાવવા સરકાર શા પગલાં લેવા માંગે છે;

(૨) સને ૨૦૦૩ અને તા. ૩૧/૩/૦૪ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં આવા કેટલા ગુન્હા પકડાયેલા છે,

(૩) આમાં કેટલો મુદ્દામાલ પકડાયેલ છે,

(૪) કેટલા આરોપી પકડાયેલા છે,

(૫) પકડાયેલા કેસો પૈકી સ્થાનિક પોલીસે કેટલા કેસો પકડયા અને મુદ્દામાલ જપ્ત કર્યો,

(૬) તેમજ નશાબંધી ખાતાએ કેટલા કેસો પકડયા અને કેટલો મુદ્દામાલ જપ્ત કર્યો, અને

(૭) રાજસ્થાનમાંથી અધિકૃત વેપારીઓ/ઠેકેદારો મોટા પ્રમાણમાં માલ એકજ પાર્ટીને વેચતા હોય તેવી તમામ પાર્ટીઓ સામે તેમના વિરૂધ્ધ કેટલા કેસોમાં શાં પગલાં લેવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૧-૮-૦૪) :

(૧) સાબરકાંઠા જિલ્લામાં અને આ જિલ્લાના રસ્તે થઇ ગુજરાતના બીજા જીલ્લાઓમાં ભારતીય બનાવટનો વિદેશી દારુની થતી હેરાફેરી અટકાવવા હાઇવે ઉપર સરપ્રાઇઝ ચેકીંગ તેમજ નાકાબંધી કરી તથા ખાનગી બાતમીદારો રોકી ગેરકાયદેસર દારુની હેરાફેરી કરતા વાહનોની હકીકત મેળવી કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) ૪૨૫-ગુન્હા પકડાયેલ છે.

(૩) આમાં વિદેશી દારુની બોટલ નંગ ૧,૦૫,૩૯૦, કિંમત રૂા. ૩,૨૭,૭૭,૯૮૮/- તથા ૨૧૯ વાહનો અને અન્ય મુદ્દામાલ કિંમત રૂા. ૪,૬૩,૮૭,૦૦૭/- પકડાયેલ છે.
(૪) ૬૫૫ આરોપી પકડાયેલ છે.
(૫) પકડાયેલ કેસો પૈકી સ્થાનિક પોલીસે ૨૯૦ કેસો પકડી, વિદેશી દારુની બોટલ નંગ ૪૧,૬૩૪ કિંમત રૂા. ૧,૦૧,૯૫,૭૮૫/- તથા ૧૨૯ વાહનો અને અન્ય મુદ્દામાલ કિંમત રૂા. ૧,૭૮,૮૮,૫૦૦/- મળી કુલ કિંમત રૂા.૨,૮૦,૮૪,૨૮૫/-નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.
(૬) નશાબંધી ખાતાએ ૧૩૫ કેસો પકડી, વિદેશી દારુની બોટલ નંગ ૬૩,૭૫૬ કિંમત રૂા. ૨,૨૫,૮૨,૨૦૩/- તથા ૯૦ વાહનો અને અન્ય મુદ્દામાલ કિંમત રૂા. ૨,૮૪,૯૮,૫૦૭/- મળી કુલ કિંમત રૂા. ૫,૧૦,૮૦,૭૧૦/-નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.
(૭) આ બાબત રાજસ્થાન રાજ્યને લાગુ પડે છે. રાજ્ય સરકારને લાગે વળગે છે ત્યાં સુધી આવી પ્રવૃત્તિની હકીકત ધ્યાને આવેલ નથી.

-----------

**રાજ્યમાં ભાડાના મકાનમાં આવેલી આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. કચેરીઓ બાબત**

અતારાંકિત : ૨૦૮૦ (૨૫-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા)** : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) મે, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કઇ કઇ જગ્યાએ આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ કચેરી આવેલી છે,
(૨) કઇ કઇ કચેરીઓ હાલમાં પણ ભાડાના મકાનમાં ચાલે છે,
(૩) આ કચેરીઓના પોતાના મકાન બનાવવા માટે કઇ કઇ જગ્યાએ જમીન લેવામાં આવી છે અને જમીન ક્યારે લેવામાં આવી,
(૪) કઇ કઇ જમીન પર મકાન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે,
(૫) સરકાર આ કચેરીઓ માટે પાકા પોતાના મકાન બનાવવા માગે છે કે કેમ, અને
(૬) જો હા, તો કેટલા સમયમાં ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૮-૯-૦૪) :

(૧) કુલ - ૨૫ આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ કચેરી આવેલી છે. (પત્રક સામેલ છે).
(૨) ૧.આર.ટી.ઓ. હિંમતનગર
૨. આર.ટી.ઓ. જામનગર
૩. એઆર.ટી.ઓ. ભરૂચ
૪. એ.આર.ટી.ઓ. બારડોલી
૫. એ.આર.ટી.ઓ. નવસારી
૬. એ.આર.ટી.ઓ. પોરબંદર
૭. એ.આર.ટી.ઓ. પાટણ
(૩)

| | આર.ટી.ઓ. કચેરી | કઇ જગ્યાએ જમીન લેવામાં આવી | ક્યારે લેવામાં આવી |
|---|---|---|---|
| **૧.** | હિંમતનગર | વિજાપુર રોડ ઉપર સવગઢ ખાતે | તા. ૧૯/૬/૮૧ |
| ૨. | જામનગર | લાલ બંગલા કેમ્પસમાં જુની આર.ટી.ઓ. કચેરી પાછળ | તા. ૧૭/૪/૦૩ |
| ૩. | ભરૂચ | કણબી વગાની સીમમાં | તા. ૨૧/૫/૯૩ |

(૪) ૧. હિંમતનગર (મકાન તૈયાર થઇ ગયેલ છે.)
૨. જામનગર
(૫) હા, જી. સરકાર આ કચેરીઓ માટે પાકા મકાન બનાવવા માંગે છે.
(૬) માર્ગ અને મકાન વિભાગ અને નાણા વિભાગ સાથેના પરામર્શમાં વહીવટી તેમજ નાણાકીય મંજૂરી મળ્યેથી.

**<u>પત્રક</u>**

આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ.ની વિગત

| અ.નં. | કચેરીનું નામ | જિલ્લો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી અમદાવાદ | અમદાવાદ |
| ૨. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી મહેસાણા | મહેસાણા |
| ૩. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી રાજકોટ | રાજકોટ |
| ૪. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી ભાવનગર | ભાવનગર |
| ૫. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી સૂરત | સૂરત |
| ૬. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી નડીયાદ | જી. ખેડા |
| ૭. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી વડોદરા | વડોદરા |
| ૮. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી પાલનપુર | બનાસકાંઠા |
| ૯. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી હિંમતનગર | સાબરકાંઠા |
| ૧૦. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી જામનગર | જામનગર |
| ૧૧. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી જુનાગઢ | જૂનાગઢ |
| ૧૨. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી કચ્છ-ભૂજ | કચ્છ-ભૂજ |
| ૧૩. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી વલસાડ | વલસાડ |
| ૧૪. | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી ગોધરા | પંચમહાલ |
| ૧૫. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર |
| ૧૬. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી અમરેલી | અમરેલી |
| ૧૭. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી ભરૂચ | ભરૂચ |
| ૧૮. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૯. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી બારડોલી | સૂરત |
| ૨૦. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી દાહોદ | દાહોદ |
| ૨૧. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી નવસારી | નવસારી |
| ૨૨. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી નર્મદા (રાજપીપળા) | નર્મદા |
| ૨૩. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી આણંદ | આણંદ |
| ૨૪. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી પાટણ | પાટણ |
| ૨૫. | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી પોરબંદર | પોરબંદર |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લાની મજૂર અદાલતોમાં પેન્ડીંગ કેસો

અતારાંકિત : ૨૦૮૮ (૫-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં મજૂર અદાલતો કેટલી છે,

(૨) તારીખ ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ દરેક અદાલતમાં કેટલા કેસો પેન્ડિંગ છે,

(૩) ૧ વર્ષથી જુના કેટલા કેસો પડતર છે, અને

(૪) સરકાર કેસોના ઝડપી નિકાલ માટે વધુ અદાલતો શરૂ કરવા શું આયોજન છે ?

**કાયદા મંત્રીશ્રી** (૨૪-૮-૨૦૦૪) :

(૧) ૨ અદાલતો

(૨) ૬૨૭૦ કેસો

(૩) ૪૫૬૫ કેસો

(૪) પડતર કેસોની ન્યાયિક પ્રક્રિયા પૂરી કરી, જેમ બને તેમ ઝડપી પક્ષકારો વચ્ચે વાટાઘાટો, કાનૂની શિબિરો તથા લોક અદાલતો યોજી પડતર કેસોનો શક્ય તેટલો ઝડપી નિકાલ કરવામાં આવશે.

------

## સાબરકાંઠા જિલ્લામાં નાની સિંચાઈના કામો

અતારાંકિત : ૨૦૬૯ (૨૦-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં નાની સિંચાઈ માટે તારીખ ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને,

(૨) સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકામાં કેટલા કામો નાની સિંચાઈના કરવામાં આવ્યા ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૮-૯-૨૦૦૪) :

(૧) રૂા. ૪૫૮૧.૭૩ લાખ

(૨) ૫૦૫, કામો હાથ ધરવામાં આવ્યા.

------

## કરજણ જળાશય યોજનાના કર્મચારીઓ માટે બંધાયેલ કવાટર્સ અંગે

અતારાંકિત : ૨૧૧૮ (૨૦-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કરજણ જળાશય યોજનાના કર્મચારીઓને રહેવા માટે કયા ગામમાં કેટલા કવાટર્સ બનાવવામાં આવ્યા અને તે કઈ સાલમાં બનાવવામાં આવ્યા છે,

(૨) તારીખ ૩૦-૬-૦૪ની સ્થિતિએ આ કવાટર્સ કયા કયા ગામમાં કેટલા કર્મચારીઓ રહે છે, કેટલા કવાર્ટર્સ ખાલી હાલતમાં છે,

(૩) કવાટર્સ ખાલી રહેવાના શા કારણો છે

(૪) ખાલી કવાટર્સની હાલમાં પરિસ્થિતિ કેવી છે, અને

(૫) સરકાર આ ખાલી કવાટર્સ બીજા ખાતાના કર્મચારીઓને રહેવા આપવા માંગે છે કે કેમ ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૯-૯-૨૦૦૪) :

(૧) કરજણ જળાશય યોજના સાથે સંકળાયેલ સિંચાઈ ખાતાના કર્મચારીઓને રહેવા માટે નીચે મુજબના ગામોમાં કવાર્ટસ તેની સામે દર્શાવેલ વર્ષોમાં બનાવવામાં આવેલ છે.

| ક્રમ | સ્થળનું નામ | કવાર્ટસની સંખ્યા | કવાર્ટસના બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઝઘડિયા | ૬૮ | ૧૯૮૩-૮૪ |
| ૨. | વાલીયા | ૪૦ | ૧૯૮૩-૮૪ |
| ૩. | ધારોલી | ૧૯ | ૧૯૮૩-૮૪ |
| ૪. | તલોદરા | ૧૯ | ૧૯૮૩-૮૪ |
| ૫. | આંમલેથા | ૨૧ | ૧૯૮૩-૮૪ |
| ૬. | પ્રતાપનગર | ૨૦ | ૧૯૮૩-૮૪ |
| ૭. | પાણેથા | ૧૯ | ૧૯૮૩-૮૪ |
| ૮. | રાજપારડી | ૪૦ | ૧૯૮૩-૮૪ |
| ૯. | ઉમલ્લા | ૨૦ | ૧૯૮૩-૮૪ |
| ૧૦. | અંકલેશ્વર | ૫૪ | ૧૯૮૩-૮૪ |
| ૧૧. | રાજપીપળા | ૬૫૪ | ૧૯૭૯-૮૧ |
| ૧૨. | જીતગઢ | ૩૦ | ૧૯૮૧ |
| ૧૩. | લાછરસ | ૪૦ | ૧૯૮૨ |

(૨) તા. ૩૦-૬-૨૦૦૪ ની સ્થિતિએ નીચે જણાવેલ ગામોમાં તેની સામે દર્શાવેલ ગામોમાં તેની સામે દર્શાવ્યા મુજબના કર્મચારીઓ આ કવાર્ટસમાં રહે છે.

| ક્રમ | સ્થળનું નામ | કવાર્ટર્સમાં રહેતા કર્મચારીઓની સંખ્યા | ખાલી કવાર્ટસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઝગડિયા | ૧૯ | ૪૯ |
| ૨. | વાલીયા | ૭ | ૩૩ |
| ૩. | ધારોલી | ૨ | ૧૭ |
| ૪. | તલોદરા | ૨ | ૧૭ |
| ૫. | આમલેથા | ૩ | ૧૮ |
| ૬. | પ્રતાપનગર | ૨ | ૧૮ |
| ૭. | પાણેથા | ૦ | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૮. | રાજપારડી | ૦ | ૪૦ |
| ૯. | ઉમલ્લા | ૧૫ | ૫ |
| ૧૦. | અંકલેશ્વર | ૨૭ | ૫ |
| ૧૧. | રાજપીપલા | ૫૮૦ | ૬૩ |
| ૧૨. | જીતગઢ | ૦ | ૩૦ |
| ૧૩. | લાછરસ | ૫ | ૩૫ |

(૧) આ વર્તુળ હસ્તકની કરજણ સિંચાઈ યોજનાનું કામ જેમ જેમ તબક્કાવાર પૂર્ણ થતું ગયું અને નાણાંકીય કાર્યભારણ ઓછુ થતાં જે તે પેટા વિભાગીય/વિભાગીય કચેરીઓ બંધ થતાં કર્મચારી/અધિકારીઓની અન્યત્ર બદલી થતાં ઉપરોક્ત રહેઠાણો ખાલી રહેવા પામેલ છે. રાજપીપલા વસાહત ખાતે અધિકારીશ્રી/કર્મચારીઓની અન્ય જગ્યાએ બદલી થવાથી તેમજ વયનિવૃત્તિ/અવસાન થવાથી ખાલી છે. જે માંગણી આવ્યેથી કમીટી દ્વારા કવાટર્સ ફાળવવામાં આવે છે.

(૨) રાજપારડી ખાતે ૪૦, રાજપીપલા ખાતે ૧૧ કવાર્ટસમાં ભૂકંપને કારણે નુકશાન થવાથી રહેવાલાયક નથી. જીતગઢ ડેમ સાઈટ ખાતે ૩૦ કવાર્ટસના સ્લેબ પડી જવાથી રહેવા લાયક નથી. અન્યત્ર કરજણ વસાહત આશરે ૨૦ થી ૨૨ વર્ષ જુની હોય ઘણા ક્વાર્ટસ મરામત કરાવવા પડે તેમ છે. જેવું કે પ્લાસ્ટરીંગ લીકેજ માટે વોટર પ્રુફીંગ ટ્રીટમેન્ટ, વાયરીંગ અને બારી-બારણાં વગેરે રીપેર કરેથી રહેઠાણ માટે ઉપયોગમાં લઈ શકાશે.

(૩) 'હા' વિભાગ હસ્તકની યોજના પરની ખાલી કવાટર્સ ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ને ફાળવવા બાબતે સરકારશ્રીના તા. ૨૩-૯-૨૦૦૨ પત્ર ક્રમાંક : ૧૦૨૦૦૨/૨૨/ક. ૧ થી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. ને સરકારીશ્રીના ધારા ધોરણ અનુસાર અથવા ભાડે ફાળવવા અહેવાલ/યાદી/ માંગતા અત્રેની કચેરીના તા. ૫-૧૨-૨૦૦૨ પત્ર ક્રમાંક : કનવ/સીબી/મકાન/પોલીસ આવાસ નિગમ/૪૦૨૦/થી દરખાસ્ત કરવામાં આવેલ છે. કરજણ વસાહત, રાજપીપલા ખાતેની વસાહતમાં અન્ય ખાતાઓની રાજપીપલા સ્થિત કચેરીના સરકારી અધિકારી/કર્મચારીને કવાર્ટસ માંગણી મુજબ ફાળવવામાં આવે છે. આ કર્વાટસ અન્ય કોઈ બિન સરકારી કર્મચારી (ખાનગી વ્યક્તિ) ને મકાન ફાળવવામાં આવેલ નથી.

------

**હળવદ અને મૂળી તાલુકામાં મંજૂર થયેલ જૂથ પાણી પુરવઠા યોજનાઓ**

અતારાંકિત : ૨૧૭૧ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સન ૨૦૦૩-૦૪માં હળવદ અને મૂળી તાલુકામાં કેટલી જુથ પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ યોજનાઓ તા. ૩૦-૦૬-૦૪ની સ્થિતિએ કયા સ્ટેજે છે,

(૩) મંજૂર થયેલ યોજનામાંથી કેટલા ગામોને પીવાના પાણીનો લાભ મળશે, અને

(૪) તે પૈકીની કઈ કઈ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો**

અતારાંકિત : ૨૧૭૬ (૨૬-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ચેક ડેમો બન્યા છે,

(૨) આ ચેક ડેમો કયા કયા તાલુકામાં કયાં કયાં બન્યા છે.

(૩) તેમાં ખર્ચ કેટલો થયો, અને

(૪) તા. ૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ કેટલા ચેકડેમો તાલુકાવાર બનાવવાના બાકી છે ?

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૬૧ ચેકડેમો બન્યા છે.

(૨) સુરેન્દ્રનગર જીલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ તા. ૩૧-૩-૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ચેકડેમો બન્યા છે.

| તાલુકાનું નામ | ગામનું નામ | પૂર્ણ થયેલ ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| (૧) ચોટીલા | ૧. જાનીવડલા | ૩ |
| | ૨. ચાણપા | ૧ |
| | ૩. મોરથળા | ૨ |
| | ૪. હીરાસર | ૧ |
| | ૫. ગુંદા | ૩ |
| | ૬. સણોસરા | ૨ |
| | ૭. ચોબારી | ૧ |
| | ૮. લાખણકા | ૧ |
| | ૯. નાનાકાંદાસર | ૧ |
| | ૧૦. પીપરાળી | ૧ |
| | કુલ | ૧૬ |
| (૨) સાયલા | ૧. કોટડા | ૪ |
| | ૨. ગઢવાળા | ૨ |
| | ૩. ધાંધલપુર | ૧ |
| | ૪. નાગડકા | ૧ |
| | ૫. ઉમાપર | ૧ |
| | ૬. નડાળા | ૪ |
| | ૭. લીંબાળા | ૨ |
| | ૮. સાંગોઈ | ૧ |
| | ૯. ઢીંકવાળી | ૧ |
| | ૧૦. ધમરાશળા | ૧ |
| | ૧૧. નીનામા | ૧ |
| | ૧૨. ગરાંભડી | ૧ |
| | કુલ | ૨૦ |
| (૩) ચુડા | ૧. બોરાણા | ૨ |
| | ૨. સમઢીયાળા | ૨ |
| | ૩. મોજીદડ | ૧ |
| | ૪. અચારડા | ૧ |
| | કુલ | ૬ |
| (૪) પાટડી | ૧. બજાણા | ૩ |
| | ૨. સાવડા | ૧ |
| | ૩. માલવણ | ૧ |
| | કુલ | ૫ |
| (૫) હળવદ | ૧. જુના દેવળીયા | ૧ |
| | ૨. રણજીતગઢ | ૧ |
| | ૩. વેગડવાવ | ૪ |
| | કુલ | ૬ |
| (૬) મૂળી | ૧. ખાખરથળ | ૧ |
| | ૨. ગૌતમગઢ | ૧ |
| | ૩. ચાંદ્રોલીયા | ૧ |
| | કુલ | ૩ |
| (૭) લીંમડી | ૧. ગેડી | ૧ |
| | ૨. દોલતપર | ૧ |
| | કુલ | ૨ |
| (૮) વઢવાણ | ૧. નાનામઢાદ | ૧ |
| | કુલ | ૧ |
| (૯) ધ્રાંગધ્રા | ૧. કંકાવટી | ૧ |
| | ૨. સોલડી | ૧ |
| | કુલ | ૨ |

(૧) તેમાં કુલ રૂા. ૮૬.૦૮ લાખ ખર્ચ થયો.
(૨) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ નીચે મુજબ ચેકડેમો તાલુકાવાર બનાવવાના બાકી છે.

| તાલુકાનું નામ | તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ બાકી ચેકડેમો |
|---|---|

| | |
|---|---|
| (૧) ચોટીલા | ૧૨ |
| (૨) વઢવાણ | ૯ |
| (૩) ચુડા | ૮ |
| (૪) લીંબડી | ૧૩ |
| (૫) હળવદ | ૨૧ |
| (૬) ધાંગધ્રાં | ૧૫ |
| (૭) લખતર | ૫ |
| (૮) પાટડી | ૮ |
| (૯) સાયલા | ૭૫ |
| (૧૦) મૂળી | ૧૬ |
| કુલ | ૨૩૨ |

------

**જામનગર તાલુકાના વીજરખી અને સપડા ડેમ છલકાવા અંગે**

અતારાંકિત :૨૨૩૪ (૨૧-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧/૬/૦૪ ની સ્થિતિએ જામનગર તાલુકાના વીજરખી અને સપડા ડેમ છેલ્લા ૪ વર્ષમાં કેટલા વખત વરસાદથી ઓવરફ્લો થયેલા છે,

(૨) સપડા ડેમનું વરસાદી પાણી ઓવરફ્લો થઈને બીનજરૂરી સમુદ્રમાં વહી જાય છે, તે સરકાર જાણે છે,

(૩) સપડા ડેમનું વધારાનું પાણી વીજરખી ડેમમાં પહોંચાડવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) તે કેટલા સમયમાં કેવી રીતે કેટલા ખર્ચમાં પહોંચાડવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૯-૨૦૦૪) :

(૧) છેલ્લા ચાર વર્ષમાં વીજરખી ડેમ તથા સપડા ડેમ વર્ષ ૨૦૦૩માં ઓવરફ્લો થયેલ છે.

(૨) સપડા ડેમનું વરસાદી પાણી ડેમ જ્યારે ઓવરફ્લો થાય તે વર્ષમાં સ્વાભાવિકપણે નીચવાસમા નદીમાં થઈ સમુદ્રમાં જાય છે.

(૩) હા,જી.

(૪) પ્રાથમિક સર્વેક્ષણ મુજબ સપડા ડેમ ઓવરફલો થયે વધારાનું પાણી લીંક ચેનલ દ્વારા એકીકરણ કરી વીજરખી ડેમમાં પહોંચાડવાની અંદાજે રૂા. ૩૫ લાખની દરખાસ્ત વિચારણા હેઠળ છે. દરખાસ્ત તાંત્રિક, આર્થિક દ્રષ્ટિએ યોગ્ય જણાશે તો કામગીરી જેમ બને તેમ જલ્દીથી હાથ ધરવામાં આવશે.

------

**જામનગર દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓનાં ચેકડેમો**

અતારાંકિત : ૨૨૮૬ (૨૧-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુજલામ-સુફલામ યોજના અંતર્ગત જામનગર, કલ્યાણપુર અને દ્વારકા તાલુકામાં કેટલા કામ કરવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી ચેકડેમો બાંધવા આયોજન કરેલ છે,

(૨) આ આયોજનમાંથી કેટલા કામોને મંજૂરી મળી છે, કેટલાની બાકી છે, અને

(૩) મંજૂર થયેલ કામો ક્યારે શરુ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત જામનગર, કલ્યાણપુર અને દ્વારકા તાલુકામાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી**

અતારાંકિત : ૨૨૮૯ (૨૦-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકામાં કયા કયા ગામોમાં તા. ૩૧-૦૫-૦૪ ની સ્થિતિએ પીવાના પાણીની મુશ્કેલી છે,

(૨) આ ગામોમાં પીવાનું પાણી પહોંચાડવાની શી વ્યવસ્થા કરવામાં આવી છે,

(૩) આ ગામો પૈકી કયા કયા ગામો પાણી પુરવઠા યોજનામાં સંકળાયેલ હોવા છતાં ટેન્કર્સ દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે, અને

(૪) કાયમી ધોરણે ટેન્કર બંધ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) બેડી અને જામનગર નગરસીમ વિસ્તાર

(૨) મહેસૂલી ટેન્કરની વ્યવસ્થા કરેલ છે.

(૩) એકપણ નહીં.

(૪) બેડી ગામ અને બેડી નગરપાલિકાએ વ્યવસ્થા કરવાની થાય છે તેમ છતાં બેડીને પ્રગતિ હેઠળની ખીજડીયા જુથ પાણી પુરવઠા યોજનામાંથી જરૂરીયાત મુજબનો પાણીનો જથ્થો ફાળવેલ છે. નગરસીમ વિસ્તાર માટે જાડાએ વ્યવસ્થા કરવાની થાય છે. તેમ છતાં ખીજડીયા જુથમાં ૧.૫૦ એમ.એલ.ડી. પાણીની જોગવાઈ કરેલ છે.

--------

## જામનગર તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓને મંજૂરી

અતારાંકિત : ૨૨૯૦ (૨૦-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકામાં તા. ૩૧-૦૫-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ પાણી પુરવઠાની યોજનાઓને મંજૂરી આપવામાં આવી,

(૨) કઈ યોજનાઓના કામો કયા તબક્કે છે તથા તેમાં કેટલો ખર્ચ થનાર છે, અને

(૩) આ કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**પાણીપુરવઠા મંત્રીશ્રી** (૧૫-૯-૨૦૦૪) :

(૧) ખીજડીયા જુથ પાણી પુરવઠા યોજના

(૨) યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. રૂા. ૨૨૧૪.૧૫ લાખનો ખર્ચ થનાર છે.

(૩) માર્ચ-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------

## જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકામાં તળાવો ઊંડા કરવા અંગે

અતારાંકિત : ૨૨૯૧ (૨૨-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓમાંથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે તળાવો ઊંડાં કરવા અને નવીન તળાવો બનાવવા તા. ૩૧-૦૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી છે, અને

(૨) સરકાર કેટલા સમયમાં તળાવો ઊંડા કરવા માગે છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૬-૯-૨૦૦૪) :

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે સૌરાષ્ટ્ર વિસ્તારના ફક્ત ભાલ અને ઘેડ વિસ્તારમાં તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## રાજ્યની મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ પૂર્ણ કરવા અંગે

અતારાંકિત : ૨૩૯૨ (૨૦-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યની મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવાની સમય મર્યાદા પૂરી થવા છતાં હજુ કામો પૂર્ણ થયાં નથી, અને

(૨) આ અધૂરી યોજનાઓ ત્વરીત પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૦-૯-૦૪) :

(૧) નવમી પંચવર્ષિય યોજનામાં (૧૯૯૭-૨૦૦૨) મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ તેમજ મોટી યોજનાઓના આધુનિકરણના કામો સહિત કુલ ૨૮ કામો પૂર્ણ કરવાનું આયોજન હતું. આ પંચવર્ષિય સમય ગાળાના વર્ષ ૨૦૦૧-૨૦૦૩ દરમ્યાન રાજ્યમાં દુષ્કાળની, વિનાશક ભૂકંપ તેમજ કોમી તોફાનો જેવી પરિસ્થિતિ હોવા છતાં આ યોજનાઓ પૈકી ૧૯ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેતી ૯ યોજનાઓ મુખ્યત્વે લોકવિરોધ, કોર્ટ કેસ અને જમીન સંપાદનના કારણે સમયસર પૂર્ણ થઈ શકી નથી. (સામેલ પત્રક-૧ મુજબ) આ ઉપરાંત બીજી અન્ય યોજનાઓ પણ સમાવેશ કરેલ છે. તેની વિગત પત્રક-૨ મુજબ.

(૨) આ અધૂરી ૯ યોજનાઓ દસમી પંચવર્ષિય યોજનામાં પૂર્ણ કરવા રાજ્ય સરકારે આ યોજનાઓના સ્થાનિક પ્રશ્નો ઉકેલી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અગ્રિમતા આપી છે.

## પત્રક - ૧

## નવમી પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ

| અ.નં. | નવમી પંચવર્ષિય યોજનામાં પૂર્ણ કરવાની યોજનાઓનાં નામ | પૂર્ણ કે ચાલુ | પૂર્ણ કરવાનું સંભવિત વર્ષ | યોજના સમયસર પૂર્ણ ન થઈ શકવાનાં કારણો |
|---|---|---|---|---|
| ૧ | દમણગંગા | પૂર્ણ | પૂર્ણ | - |
| ૨ | સાબરમતી (ધરોઈ) | પૂર્ણ | પૂર્ણ | - |
| ૩ | કરજણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૪ | સીપુ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૫ | વાત્રક | પૂર્ણ | પૂર્ણ | - |
| ૬ | વેર-૨ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૭ | કેલિયા | પૂર્ણ | પૂર્ણ | - |
| ૮ | હરણાવ-૨ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૯ | કાલિન્દ્રી | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૦ | શેત્રુંજી નહેર આધુનિકરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૧ | સુખી | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૨ | હિરણ-૨ (સૌ) | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૩ | જૂજ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૪ | વર્તુ-૨ | ચાલુ | ૨૦૦૬ | - |
| ૧૫ | પાનમ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૬ | ફતેવાડી આધુનિરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૭ | ભાદર (સૌ) નહેર આધુનિકરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૧૮ | કોલિયારી | ચાલુ | અગીયારમી પંચવર્ષિય યોજનામાં | લોક વિરોધને કારણે યોજના સમયસર પૂર્ણ થયેલ નથી. પરંતુ હવે લોકવિરોધનો પ્રશ્ન હલ થતાં ફરીથી કામ શરૂ કરેલ છે. |
| ૧૯ | દાંતીવાડા નહેર આધુનિકરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૨૦ | મચ્છુ નહેર આધુનિકરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૨૧ | ઊન્ડ-૨ | ચાલુ | ૨૦૦૫ | - |
| ૨૨ | કડાણા જમણા કાંઠા નહેર | ચાલુ | ૨૦૦૫ | |
| ૨૩ | ઉકાઈ-કાકરાપાર નહેર આધુનિકરણ | પૂર્ણ | પૂર્ણ | - |
| ૨૪ | મુક્તેશ્વર | ચાલુ | ૨૦૦૫ | - |
| ૨૫ | ગોમા (પંચમહાલ) | ચાલુ | અગીયારમી પંચવર્ષિય યોજનામાં | લોક વિરોધ અને જંગલની જમીન ન મળવાને કારણે યોજના સમયસર પૂર્ણ થયેલ નથી. પરંતુ હવે લોકવિરોધનો પ્રશ્ન હલ થતાં ફરીથી કામ શરૂ કરેલ છે. |
| ૨૬ | ગુંડા (ઉતાવળી) | ચાલુ | ૨૦૦૬ | - |
| ૨૭ | ઓઝત-૨ | ચાલુ | અગીયારમી પંચવર્ષિય યોજનામાં | - |
| ૨૮ | લીમડી ભોગાવો-૨ | ચાલુ | ૨૦૦૬ | - |

## પત્રક - ૨

## દસમી પંચવષીય યોજનામાં સમાવિષ્ટ મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ

| અનું. નં. | યોજનાનું નામ | હાલની પરિસ્થિતિ | પૂર્ણ કરવાનું સંભવિત વર્ષ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | સીન્દુમ્બર | લોક વિરોધી અને જંગલની જમીન ન મળવાને કારણે કામ શરૂ થયેલ નથી. | |
| ૨ | આજી-૪ | કામ ચાલુ છે. | ૨૦૦૬-૦૭ |
| ૩ | ભાદર-૨ | કામ ચાલુ છે. | અગિયારમી પંચવર્ષિય યોજનામાં |
| ૪ | ડેમી-૩ | કામ ચાલુ છે. | ૨૦૦૬-૦૭ |
| ૫ | મચ્છુ-૩ | ટુંક સમયમાં કામ શરૂ થવાની ધારણા છે. | અગિયારમી પંચવર્ષિય યોજનામા |
| ૬ | સાંતલી | કામ શરૂ થયેલ નથી. | |
| ૭ | સીંગોર | જંગલની જમીન ન મળવાને કારણે કામ શરૂ થયેલ નથી. | |
| ૮ | વારાણસી | કામ ચાલુ છે. | ૨૦૦૬-૦૭ |
| ૯ | બારીપાડા | કામ શરૂ થયેલ નથી. | |
| ૧૦ | કલ્પસર | શક્યતાદર્શી અહેવાલનો અભ્યાસ ચાલુ છે. | |
| ૧૧ | ખૂંટલી | જંગલની જમીન ન મળવાને કારણે કામ શરૂ થયેલ નથી. | |
| ૧૨ | ઓરસંગ | કામ શરૂ થયેલ નથી. | |
| ૧૩ | સીંગોડા-૨ | કામ શરૂ થયેલ નથી. | |
| ૧૪ | ઉમરેચા | ટેન્ડર મંજૂરીનાં અંતિમ તબક્કામાં છે. | |
| ૧૫ | વડગામ | કામ શરૂ થયેલ નથી. | |
| ૧૬ | મહી પીક અપ વિયર | કામ ચાલુ છે. | ૨૦૦૫-૦૬ |
| ૧૭ | સાબરમતી પીક અપ વિયર (ઈન્દ્રોડા) | કામ ચાલુ છે. | ૨૦૦૫-૦૬ |
| ૧૮ | ઉકાઈ-ગોરધા જોડાણ નહેર | કામ શરૂ થયેલ નથી. | ૨૦૦૭-૦૮ |
| ૧૯ | ઉકાઈ-પૂર્ણા જોડાણ નહેર | કામ ચાલુ છે. | ૨૦૦૫-૦૬ |
| ૨૦ | ચિંચઈ ઉદ્વહન યોજના | કામ ચાલુ છે. | ૨૦૦૪-૦૫ |
| **અન્ય અગત્યના પ્રોગ્રામો** | | | |
| ૧ | સુજલામ સુફલામ યોજના | કામ શરૂ થઈ ગયેલ છે. | ૨૦૦૬-૦૭ |
| ૨ | નર્મદાના પૂરનું વધારાનું એક મિલિયન એકર ફૂટ પાણી સૌરાષ્ટ્રને તબદીલ કરવાની રૂા. ૫૧૫ કરોડની યોજના | ટેન્ડરો માંગવાનું કામ શરૂ કરેલ છે. | ૨૦૦૬-૦૭ |
| ૩ | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (ચેકડેમો અને તળાવો ઊંડા કરવાનું કામ) | કામ ચાલુ છે. | |

----------------

## દહેગામ તાલુકામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો

અતારાંકિત : ૨૪૮૮ (૨૩-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ના રોજની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કયા કયા ગામોનો ગોકુળ ગ્રામ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) દરેક ગોકુળ ગ્રામ બનાવવા પાછળ સને ૨૦૦૩-૦૪ના નાણાંકીય વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા મંજૂર કરેલ છે, આ યોજના હેઠળ પસંદ થયેલ ગામોમાંથી કેટલા ગામોના કામો પુર્ણ થયેલ છે, કેટલા ગામોના કામ પૂર્ણ થયેલ નથી,

(૩) આ યોજના હેઠળ સમાવેશ થયેલ ગામોના કામો કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના તમામ ૯૮ ગામોનો ગોકુળ ગ્રામ યોજના હેઠળ પરિશિષ્ટ-૧ની વિગતે સમાવેશ કરવામાં આવેલ છે.
(૨) સન ૨૦૦૩-૦૪ના નાણાંકીય વર્ષ દરમ્યાન રૂા. ૮૧.૮૬ લાખનું ખર્ચ કરવા મંજૂર કરેલ છે. યોજના હેઠળ દહેગામ તાલુકાના પસંદ થયેલ ૯૮ ગામો પૈકી ૫૬ ગામોમાં કામો પૂર્ણ થયેલ છે. ૪૨ ગામોમાં યોજનાકીય કામગીરીઓ ચાલુ છે.
(૩) બાકી રહેલા ૪૨ ગામોમાં યોજનાના અમલીકરણ સમયગાળા દરમ્યાન ખૂટતી સુવિધાના કામો પુરા કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ-૧**

**દહેગામ તાલુકાના ગોકુળ ગ્રામ યોજના હેઠળ સમાવેશ કરેલ ગામોની વિગત**

| અ.નં. | ૧૯૯૫/૯૬ | ૧૯૯૬/૯૭ | ૧૯૯૮/૯૯ | ૧૯૯૯/૨૦૦૦ | ૨૦૦૦/૦૧ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બારીયા | અંતોલી | અમરાજીનામુવાડા | આંત્રોલી | અહમદપુર | |
| ૨ | ભાદરોડા | અર.મુવાડા | બદપુર | બાબરા | અંગુથલા | |
| ૩ | ચીસકારી | ડેમાલીયા | બારડોલી હિં. મુ. | બહીયલ | ઘમીજ | |
| ૪ | દેવકરણના મુવાડા | હાલીસા | બીલમણા | બારડોલી બારીયા | હરખજીના મુવાડા | |
| ૫ | જલુન્દ્રા મોટા | હરસોલી | ચામલા | દોડ | ઈસનપુર ડોડીયા | |
| ૬ | કનીપુર | ચંન્દ્રાલા | ચેખલાપગી | હીલોલ વાસણા | જલુન્દ્રા નાના | |
| ૭ | ખાનપુર | હીલોલ | ધણીયોલ | જેશાના-ચાંદાના-મુવાડા | કલ્યાણજીના મુવાડા | |
| ૮ | કૃષ્ણનગર | કડાદરા | ધારીસણા | કંથારપુરા | કરોલી | |
| ૯ | મીરાપુર | કડજોદરા | ડુમેચા | કોદરાલી | થડાકુવા | |
| ૧૦ | નવાનગર | લવાડ | જાલીયામઠ | માંછંગમોટી | મોસમપુર | |
| ૧૧ | મોટી પાવઠી | લીહોડા | જીંડવા | નાંદોલ | મોતીપુરા | |
| ૧૨ | પીપલજ | સુજાના મુવાડા | કમાલબંધ વાસણા | પલ્લાનામઠ | ઓતમપુરા | |
| ૧૩ | રખીયાલ | પાલૈયા | ખાડીયા | પસુણીયા | પહાડીયા | |
| ૧૪ | સાણોદા | પાલુન્દ્રા | મીઠાના મુવાડા | શીયાપુરા | પાટનાકુવા | |
| ૧૫ | શીયાવાડા | રામનગર | મોરાલી | નારણાવટ | સગદલપુર | |
| ૧૬ | વાસણાચૌધરી | સાહેબજીના મુવાડા | સલકી | | સાંપા | |
| ૧૭ | વાસણા રાઠોડ | સામેત્રી | વડોદ | | વાસણાસોગઠી | |
| ૧૮ | સાદરા | ઉદણ | વડવાસા | | વટવા | |
| ૧૯ | | | વર્ધાનામુવાડા | | વેલપુરા | |
| ૨૦ | | | ઝાક | | હાથીજણ | |
| ૨૧ | | | | | જીવાજીની મુવાડી | |
| ૨૨ | | | | | નજુપુરા | |
| ૨૩ | | | | | મેઘરજના મુવાડા | |
| ૨૪ | | | | | મહુડીયા | |
| ૨૫ | | | | | મીરઝાપુર | |
| ૨૬ | | | | | માછંગનાની | |
| ૨૭ | | | | | સાંબેલા | |
| કુલ | ૧૮ | ૧૮ | ૨૦ | ૧૫ | ૨૭ | ૯૮ |

------------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંચાયતના કર્મચારીઓના આવાસો અંગે**

અતારાંકિત : ૨૪૯૬ (૧૧-૮-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં દરેક તાલુકામાં પંચાયતના કર્મચારીઓ માટે રહેવાના કેટલા આવાસો છે, અને

(૨) આ આવાસોમાં કેટલા કર્મચારીઓ રહે છે અને કેટલા આવાસો ખાલી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૨૭-૯-૦૪) :

(૧) અને (૨) સામેલ પત્રક (૧) અને પત્રક (૨) મુજબ

**પત્રક-૧**

તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લા પંચાયતના તાલુકાવાર આવાસોની વિગત.

| ક્રમ<br>૧ | તાલુકાનું નામ<br>૨ | કુલ આવાસો<br>૩ | કર્મચારીઓ રહેતા હોય તેવા આવાસો<br>૪ | ખાલી આવાસો<br>૫ |
|---|---|---|---|---|
| (૧) | ભરૂચ | ૭ | ૭ | - |
| (૨) | અંકલેશ્વર | ૧૨ | ૫ | ૭ |
| (૩) | આમોદ | ૯ | ૬ | ૩ |
| (૪) | જંબુસર | ૭ | ૬ | ૧ |
| (૫) | વાગરા | ૨૭ | ૧૭ | ૧૦ |
| (૬) | વાલીયા | ૧૭ | ૧૨ | ૫ |
| (૭) | ઝઘડીયા | ૭ | ૬ | ૧ |
| (૮) | હાંસોટ | ૯ | ૭ | ૨ |
| | કુલ :- | ૯૫ | ૬૬ | ૨૯ |

**પત્રક-૨**

તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ નર્મદા જિલ્લા પંચાયતના તાલુકાવાર આવાસોની વિગત.

| ક્રમ<br>૧ | તાલુકાનું નામ<br>૨ | કુલ આવાસો<br>૩ | કર્મચારીઓ રહેતા હોય તેવા આવાસો<br>૪ | ખાલી આવાસો<br>૫ |
|---|---|---|---|---|
| (૧) | દેડીયાપાડા | ૧૧ | ૯ | ૨ |
| (૨) | સાગબારા | ૧૨ | ૧૨ | - |
| (૩) | તિલકવાડા | ૫ | - | ૫ |
| (૪) | નાંદોદ | ૮ | ૮ | - |
| | કુલઃ- | ૩૬ | ૨૯ | ૭ |

---------------

**અમદાવાદ કલેકટર કચેરીમાં બાકી કેસો**

અતારાંકિત : ૧૯૯૯ (૨૮-૫-૨૦૦૪) **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ કલેકટરશ્રીની કચેરીમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા તુમારો પેન્ડીંગ પડ્યા છે,

(૨) આ નિકાલ બાકી તુમારોમાં એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ ઉપરના કેટલા છે, અને

(૩) લાંબા સમય સુધી તુમારો બાકી રહેવાના સામાન્યતઃ શા કારણો છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧-૯-૨૦૦૪) :

(૧) ૯૨૪

(૨) ૧ વર્ષ ઉપરના ૫૭, બે વર્ષ ઉપરના-૭૬ અને ત્રણ વર્ષ ઉપરના ૪૯ તુમારો બાકી છે.

(૩) કચેરીની કામગીરી ઉપરાંત વિધાનસભા લોકસભાની ચૂંટણીઓ તેમજ મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા ફોટોગ્રાફીની કામગીરીની ઝુંબેશ ચાલતી હોઈ બાકી રહેવા પામેલ છે.

----------------

**વાહન ચલાવવા બાયોડીઝલ મેળવવા ગૌચરની જમીન પર વૃક્ષો વાવવા અંગે**

અતારાંકિત : ૨૦૩૬ (૨૧-૫-૦૪) **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ(મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વાહન ચલાવવા માટે બાયોડીઝલ મેળવવા ગૌચરની જમીન પર જેસ્ટ્રોકા (રતનજ્યોત) વૃક્ષો અમદાવાદ જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં વાવવામાં આવી રહ્યા છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ અંગેની પરવાનગી સરકારે આપી છે કે કેમ,

(૩) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૪) ગૌચરની જમીનનું સંપુર્ણ સંરક્ષણ કરવા સરકારે શાં પગલાં ભર્યા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૦-૯-૦૪) :

(૧) હા,જી ભરૂચ, ખેડા અને દાહોદ જિલ્લામાં ગૌચરની જમીન પર જેસ્ટ્રોકા (રતનજ્યોત) વૃક્ષો વાવવામાં આવેલ છે.

(૨) ગૌચર સંદર્ભમાં મહેસૂલ વિભાગની મંજૂરી મેળવેલ નથી, અન્ય વિભાગ દ્વારા સરકારની મંજૂરી મેળવેલ છે.

(૩) ગૌચરની મંજૂરી નથી આપી પરંતુ સરકારશ્રીની યોજના મુજબ.

(૪) સરકારી ગૌચર જાળવણીની નીતિ અખત્યાર કરેલ છે.

--------------------

**રાજ્ય સરકાર દ્વારા નવા રચાયેલા પરા/પેટાપરાઓની મહેસૂલી ગામ તરીકે નોંધણી**

અતારાંકિત : ૨૦૪૭ (૨૬-૫-૦૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકાર નવા રચાયેલા પરા અને પેટાપરાઓની મહેસૂલી ગામ તરીકે નોંધણી કરવા માંગે છે કે કેમ,

(૨) ૩૧ માર્ચ અંતિત જિલ્લાવાર કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી છે, અને

(૩) રાજ્ય સરકાર શું આયોજન કરવા માંગે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૯-૯-૦૪) :

(૧) હા,જી મહેસૂલ વિભાગના તા. ૩૧-૧-૨૦૦૩ના સંકલિત પરિપત્રમાં જણાવેલ માપદંડો જળવાતા હોય તેવા પરા અને પેટાપરાઓની નોંધણી મહેસૂલી ગામ તરીકે કરવામાં આવે છે.

(૨) ૮૭ (સત્યાંશી) (પત્રક-ક મુજબ)

(૩) મહેસૂલી ગામ જાહેર કરવા અંગે સરકારના તા. ૩૧-૧-૨૦૦૩ના પરિપત્રથી નક્કી થયેલ માપદંડો અનુસાર દરખાસ્તોની ચકાસણી કરી મહેસૂલી ગામ જાહેર કરવાના માપદંડ જળવાતા હશે તેવા પરા પેટાપરાઓને મહેસૂલી ગામ જાહેર કરવાની કાર્યવાહી કરવાની થાય છે. પરંતુ ભારત સરકારના ડીલીમીટેશન કમિશન દ્વારા હાલ રાજ્યમાં મત વિસ્તારોના સીમાંકનની કાર્યવાહી ચાલી રહેલ છે. જે પૂરી થાય નહીં ત્યાં સુધી વહીવટી એકમોની હયાત સીમામાં કોઈ ફેરફાર કરવા નહી અને તા. ૧-૮-૨૦૦૨ના રોજની સ્થિતિ જાળવી રાખવાની સુચના હોય હાલ મહેસૂલી ગામ જાહેર કરવાની કાર્યવાહી થઈ શકે તેમ નથી.

**પત્રક-ક**

**પેટાપરાઓની મહેસૂલી ગામ તરીકે નોંધણી માટે મળેલ દરખાસ્તો દર્શાવતું પત્રક**

| ક્રમાંક | જિલ્લાનું નામ | મળેલ દરખાસ્તની વિગત |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર જિલ્લો | શૂન્ય |
| ૨ | અમરેલી | ૫ (પાંચ) |

| | | |
|---|---|---|
| ૩ | પાટણ | ૪ (ચાર) |
| ૪ | સૂરત | ૩૫ |
| ૫ | આણંદ | શૂન્ય |
| ૬ | ભાવનગર | ૨ (બે) |
| ૭ | જૂનાગઢ | શૂન્ય |
| ૮ | બનાસકાંઠા | ૧૮ |
| ૯ | મહેસાણા | ૧૫ |
| ૧૦ | વડોદરા | શૂન્ય |
| ૧૧ | સાબરકાંઠા | - |
| ૧૨ | ગાંધીનગર | - |
| ૧૩ | વલસાડ | - |
| ૧૪ | નવસારી | - |
| ૧૫ | કચ્છ | - |
| ૧૬ | ડાંગ-આહવા | - |
| ૧૭ | દાહોદ | - |
| ૧૮ | નર્મદા | - |
| ૧૯ | પોરબંદર | - |
| ૨૦ | પંચમહાલ | ૮ (આઠ) |
| ૨૧ | ભરૂચ | શૂન્ય |
| ૨૨ | જામનગર | - |
| ૨૩ | રાજકોટ | - |
| ૨૪ | અમદાવાદ | - |
| ૨૫ | ખેડા | - |
| | કુલ | ૮૭ |

--------------------

**હિંમતનગર તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે**

અતારાંકિત : ૨૦૬૫ (૨૧-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧/૩/૨૦૦૪ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાની ગામતળ નીમ કરવાની કેટલી માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલા અને કયા કયા ગામના ગામતળ નીમ કરવાના હુકમો કરવામાં આવ્યા, અને

(૩) બાકી પડતર કેસોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૪-૮-૦૪) :

(૧) ૧૭ (સત્તર).

(૨) ૧૧ (અગિયાર) ગામો.

(૧) વિરાવાડા, (૨) બાંખોર, (૩) નવા, (૪) વિરપુર, (૫) ખેડ, (૬) હાંસલપુર, (૭) હડીયોલ, (૮) મનોરપુર, (૯) મહેરપુરા, (૧૦) હાપા અને (૧૧) હાજીપર.

(૩) ત્રણ અરજીઓ દફતરે કરેલ છે અને બાકીની ત્રણ અરજીઓ બનતી ત્વરાએ.

----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સ્વતંત્ર ગ્રામ પંચાયતને મહેસૂલી દરજ્જો આપવા અંગે

અતારાંકિત : ૨૧૬૨ (૫-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તારીખ ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ સ્વતંત્ર ગ્રામ પંચાયત હોય, પરંતુ અલગ મહેસૂલી ગામનો દરજ્જો ન મળ્યો હોય તેવા ગામોની સંખ્યા કેટલી છે, અને કયા કયા ગામો છે,

(૨) આ બાબતે કોઈ આગેવાનો કે લોકપ્રતિનિધિઓ દ્વારા રજૂઆતો થયેલ છે કે કેમ,

(૩) આ અંગેની દરખાસ્તો કયા સ્ટેજે પડતર રહેલ છે અને તેના કારણો શાં છે, અને

(૪) તેની કામગીરી ક્યારે પૂર્ણ થશે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૯-૯-૦૪) :

(૧) એક, મોજે : ઈશ્વરનગર તાલુકો હળવદ

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી,

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રીસર્વે તથા સીટી સર્વે માપણી

અતારાંકિત : ૨૧૬૮ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૦૩-૦૪માં રીસર્વે માપણી તથા સીટી સર્વે માપણી કેટલા ગામો અને નગરોમાં કરવામાં આવી,

(૨) તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નગરો, ગામમાં સીટી સર્વે માપણીની ઈન્કવાયરી કરવામાં આવી, અને

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે અને કેટલી આવક થયેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૦૩-૦૪ દરમ્યાન એક પણ ગામમાં રીસર્વે માપણી કે સીટી સર્વે માપણી કરવામાં આવેલ નથી,

(૨) તા. ૩૦/૪/૨૦૦૪ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સીટી સર્વેની માપણી થયેલ ન હોવાથી હક્ક ચોકસીની કામગીરીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) ઉપરોક્ત ખંડ (૧) અને (૨)ની વિગતે ખર્ચ કે આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## હળવદ અને મૂળી તાલુકામાં લાગુ જમીનની માંગણી

અતારાંકિત : ૨૧૭૦ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તારીખ ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર લાગુ જમીનની કેટલી માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો અને કેટલી નામંજૂર કરવામાં આવી,

(૩) સ્વીકાર કરેલ માંગણીઓ પૈકી કેટલા અરજદારોએ નિયમ મુજબ પ્રીમીયમ ભરી સ્વીકાર કર્યો,

(૪) બાકી માંગણીઓ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે, અને

(૫) નામંજૂર કરવામાં આવેલ તેના કારણો શાં છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૫-૯-૦૪) :

(૧) હળવદ તાલુકામાં :-૩૦
મૂળી તાલુકામાં :-૨૨

(૨) હળવદ તાલુકાની કોઈ માંગણીનો સ્વીકાર કરેલ નથી.
જ્યારે મૂળી તાલુકાની ૨૨ પૈકી ૧૭ માંગણીઓનો સ્વીકાર કરેલ નથી.

(૩) લાગુ જમીનની માંગણીઓનો સ્વીકાર કરેલ ન હોઈ પ્રિમીયમ ભરવાનો પ્રશ્ન નથી.

(૪) મુળી તાલુકાની બાકી ૫ માંગણીઓ પરત્વે મામલતદારશ્રી પાસેથી દરખાસ્ત મેળવી સત્વરે નિયમોનુસાર નિર્ણય કરવામાં આવશે.

(૫) માંગણીવાળી જમીન કુદરતી ટુકડા પ્રકારની ન હોવાના કારણે તથા માંગણીવાળા સર્વે નંબર સાથે ભળતી ન હોવાથી તથા માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ એ.૨-૦૦ ગુંઠા કરતાં વધુ હોવાના કારણોસર.

## સુરેન્દ્રનગર કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓ

અતારાંકિત : ૨૧૭૨ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્ર અન્વયે કેટલી અરજી તા. ૩૧/૩/૨૦૦૪ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી,
(૨) કેટલી અરજીઓનો નિકાલ થયો, અને
(૩) જેનો નિકાલ નથી થયો તો, તેના કારણો શું છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૬-૯-૦૪) :

(૧) કુલ-૫૭૦૩૫ અરજીઓ મળેલ.
(૨) આ પૈકી છેલ્લા બે વર્ષમાં કુલ :- ૫૬૦૬૮ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.
(૩) ઉકત હકીકતે તા. ૩૧-૩-૨૦૦૪ના રોજ ૯૬૭ અરજીઓ પેન્ડીંગ રહેવા પામેલ હતી, તેના કારણો નીચે મુજબ છે:-
(૧) અરજદારોએ જરૂરી દસ્તાવેજો પુરા પાડેલ નહી હોવાથી
(૨) તાબાની કચેરી પાસેથી અહેવાલ મળેલ નહી હોવાથી
હવે હાલની સ્થિતિએ ઉકત તમામ અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

---------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોને ફાળવેલ જમીન

અતારાંકિત : ૨૧૯૫ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સરકાર દ્વારા સામાજીક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના વિકાસ માટે સરકારી જમીન ફાળવવાની નીતિ અખત્યાર કરેલ છે તે અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ટ્રસ્ટો અને સંસ્થાઓને કેટકેટલી જમીન તા.. ૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ફાળવવામાં આવેલ છે,
(૨) આમાંથી લઘુમતિ કોમના કેટલા ટ્રસ્ટો અને સંસ્થાઓ છે,
(૩) આ લઘુમતિ કોમના ટ્રસ્ટો અને સંસ્થાઓને જે હેતુથી જમીન ફાળવવામાં આવી છે તે પુર્ણ થયેલ છે કે કેમ, અને
(૪) જો ના, તો સરકાર દ્વારા તેઓને ફાળવેલ જમીન પરત મેળવવા કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૪-૯-૦૪) :

(૧) ફાળવેલ જમીનની વિગત.

| અનુ. | તાલુકાનું નામ | સંસ્થા/ટ્રસ્ટની સંખ્યા | ફાળવેલ જમીન (ચો.મી.માં) |
|---|---|---|---|
| ૧. | લખતર | ૧ | ૨૫૦૦.૦૦ |
| ૨. | દસાડા | ૧ | ૧૦૦૦૦.૦૦ |
| ૩. | હળવદ | ૧ | ૪૦૦૦.૦૦ |
| ૪. | ધ્રાંગધ્રા | ૧ | ૩૦૦૦.૦૦ |
| ૫. | ચુડા | ૧ | ૩૦૦૦.૦૦ |
| ૬. | ચોટીલા | ૧ | ૪૩૫૦.૦૦ |
| ૭. | વઢવાણ | ૧ | ૪૦૦૦.૦૦ |
| | | ૧ | ૬૪૮.૦૦ |
| | | ૧ | ૭૮૫.૦૦ |
| | | ૧ | ૨૦૦.૦૦ |
| | **કુલ** | ૧૦ | ૩૨૪૮૩.૦૦ |

(૨) એકપણ નહીં.
(૩) લઘુમતિ કોમના ટ્રસ્ટ/સંસ્થાને જમીન ફાળવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી,
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓનું સમારકામ

અતારાંકિત : ૨૦૨૧ (૨૦-૫-૦૪) **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ રીપેર કર્યા છે,
(૨) રસ્તા રીપેરીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,
(૩) ચોટીલા અને સાયલા તાલુકામાં ક્યાં રસ્તાઓ રીપરીંગ કર્યા છે અને કેટલું ખર્ચ થયેલ છે, અને

(૪) કેટલા રસ્તાઓનું રીપેરીંગ કામ બાકી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

(૧) ખાસ મરામતમાં ૩૮
ચાલુ મરામતમાં ૩૩૧
કુલ ૩૬૯

(૨) રૂા. ૧૩.૯૯ કરોડ

(૩) પરિશિષ્ટ-૧ મુજબ

(૪) સાયલા તાલુકાના ખાસ મરામતમાં મંજૂર થયેલ રસ્તાઓ પૈકી ૪ રસ્તાઓનું રીપેરીંગ કામ બાકી છે. ચાલુ મરામત સતત ચાલતી પક્રિયા હોઈ જરૂરિયાત મુજબ ગ્રાન્ટની ઉપલબ્ધતા ધ્યાને લઈ ચાલુ મરામતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | રસ્તાનું નામ | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | એસ.આર.ટુ ખીંટલા એપ્રોચ રોડ જોઈનીંગ ટુ સ્ટેટ હાઈવે | ૯.૨૦ |
| ૨. | એસ.આર.ટુ ધજાળા ખીંટલા રોડ | ૧૩.૯૫ |
| ૩. | એસ.આર.ટુ શીરવાણીયા સીથી ગઠશીરવાણીયા રોડ જોઈનીંગ ટુ સ્ટેટ હાઈવે | ૧૧.૭૦ |
| ૪. | એસ.આર.ટુ શાપર રતનપર મોરસલ રોડ | ૧૭.૬૦ |
| ૫. | એસ.આર.ટુ એન.એચ.ટુ ધારા ડુંગરી સીતાગઢ રોડ | ૩.૫૮ |
| ૬. | એસ.આર.ટુ ધાંધલપુર નવાગામ કોટડા પીપળીયા રોડ | ૨૫.૧૩ |
| ૭. | એસ.આર.ટુ ટીટોડા સખપર ધમરાશાળા રોડ | ૪૮.૫૭ |
| ૮. | એસ.આર. થાન નવાગામ રોડ | ૧૪.૦૩ |
| ૯. | એસ.આર. સારસાણા મનડાસર રોડ | ૧૦.૩૨ |
| ૧૦. | એસ.આર.ટુ લાખચોકીયા એપ્રોચ રોડ | ૧૧.૯૬ |
| ૧૧. | એસ.આર.ટુ મેવાસા સુખસર ચીરોડા રોડ | ૩૮.૮૬ |
| ૧૨. | એસ.આર.ટુ ચોટીલા રેશમીયા રોડ | ૦.૬૪ |
| ૧૩. | એસ.આર.ટુ જરીયા મહાદેવ એપ્રોચ રોડ | ૧.૫૩ |
| ૧૪. | એસ.આર.ટુ થાન મોરથળા રોડ | ૨૩.૬૨ |
| ૧૫. | એસ.આર.ટુ સણોસરા વિછીયા રોડ અપ ટુ ડીસ્ટ્રીકટ લીમીટ | ૮.૮૩ |
| ૧૬. | એસ.આર.ટુ વણકી ધારાડુંગરી સીતાગઢ રોડ | ૨૯.૩૧ |
| ૧૭. | એસ.આર.ટુ નાના માત્રા સમઢીયાળા રોડ | ૩.૪૨ |
| ૧૮. | એસ.આર.ટુ નડાળા ગોરૈયા સમઢીયાળા રોડ | ૧૧.૯૨ |
| ૧૯. | એસ.આર.ટુ રાતડકી એપ્રોચ રોડ | ૨૨.૨૩ |
| ૨૦. | ધાંધલપુર નિનામા રોડ ભાગ-૧ | ૧.૨૩ |
| ૨૧. | રીપેર્સ ટુ સીડી વર્કસ સુદામડા ધાંધલપુર રોડ | ૧.૨૦ |
| ૨૨. | ટીટોડા મોટા સખપર રોડ | ૦.૪૧ |
| ૨૩. | પ્રોવા. પેચવર્ક ઓન થોરીયાળી મોટા કેરાળા રોડ | ૦.૨૫ |
| ૨૪. | પ્રોવા. આસ્ફાલ્ટ પેચ ઓન ધજાળા ગુંદાવાળા રોડ | ૦.૭૦ |
| ૨૫. | પ્રો. મેટલ પેચ વર્ક કાશીપરા સોમાસર રોડ | ૦.૮૦ |
| ૨૬. | પ્રો. મેટલ પેચ વર્ક ઓન રતનપર સોનપરી રોડ | ૦.૨૫ |
| ૨૭. | રીપેર્સ ટુ કેસરપર એપ્રોચ રોડ | ૦.૫૭ |
| ૨૮. | પ્રો. આસ્ફાલ્ટ પેચ વર્ક ઓન નડાળા ગોરૈયા સમઢીયાળા રોડ પાર્ટ-૧ | ૬.૨૯ |
| ૨૯. | સી.આર.ટુ. થાન નવાગામ વીજળીયા રોડ | ૦.૬૬ |
| ૩૦. | સી.આર.ટુ મોરથળા લુણસર રોડ | ૦.૨૨ |
| ૩૧. | મોરથળા મનડાસર રોડ | ૦.૫૫ |
| ૩૨. | પાપમાણસા એ.રોડ ભાગ-૨ | ૪.૬૦ |
| ૩૩. | પ્રોવા. આસ્ફાલ્ટ પેચ ઓન વગડીયા ચોરવીરા રોડ | ૦.૩૮ |
| ૩૪. | પેચવર્ક ઓન ૨૫ એમ. એમ. વીજળીયા મનડાસર | ૦.૨૦ |
| ૩૫. | ૨૫ એમ.એમ. આસ્ફાલ્ટ લાખણકા સુરઈ હરણીયા રોડ સે.૨ | ૧.૧૫ |
| ૩૬. | ૨૫ એમ. એમ. આસ્ફાલ્ટ સુરઈ મનડાસર રોડ | ૦.૨૧ |
| ૩૭. | પ્રોવાઈન્ડીંગ ૨૫ એમ. એમ. મોટી મોલડી ઝીંઝુડા રોડ સેકશન-૨ | ૩.૨૬ |

| | | |
|---|---|---|
| ૩૮. | રીપેર્સ ટુરીઝમ તરણેતર ટુ ફેર ગ્રાઉન્ડ રોડ | ૦.૧૫ |
| ૩૯. | રીપેર્સ ટુ રાવરાણી એપ્રોચ રોડ | ૦.૨૩ |
| ૪૦. | રીપેર્સ ટુ ગુગલીયાણા એપ્રોચ રોડ | ૦.૩૮ |
| ૪૧. | રીપેર્સ ટુ હીરાણા એપ્રોચ રોડ | ૦.૨૩ |
| ૪૨. | રીપેર્સ ટુ મોરથળા આણંદપુર રોડ | ૦.૧૫ |
| ૪૩. | રીપેર્સ ટુ પ્રો. મેટલ પેચવર્ક ઓન પરશુરામ પોટરી ખાખરાવાળી એપ્રોચ રોડ | ૦.૨૭ |
| ૪૪. | રીપેર્સ ટુ કાબરણ ભોજપરી રોડ | ૦.૨૫ |
| ૪૫. | રીપેર્સ ટુ દુધેલી એપ્રોચ રોડ | ૦.૨૦ |
| ૪૬. | રીપેર્સ ટુ રાજપરા કાબરણ રોડ | ૦.૨૫ |
| ૪૭ | રીપેર્સ ટુ ત્રંબોડા એપ્રોચ રોડ | ૦.૧૮ |
| ૪૮. | રીપેર્સ ટુ સણોસરા એપ્રોચ રોડ | ૦.૦૮ |
| ૪૯. | પ્રો. એમ. એમ. થીક આસ્ફાલ્ટ પેચવર્ક ઓન સુરૈઈ મેવાસા રોડ | ૦.૯૦ |
| ૫૦. | પ્રો. આસ્ફાલ્ટ પેચવર્ક ઓન થાન મોરથળા રોડ | ૧.૦૦ |
| ૫૧. | પ્રો. આસ્ફાલ્ટ પેચ વર્ક ઓન મોરથાળા કચીયાગાળા રોડ ભાગ-૧ | ૧.૫૯ |
| ૫૨. | પ્રો.૨૫ એમ. એમ. આસ્ફાલ્ટ પેચ વર્ક ઓન સુરજ દેવળ એપ્રોચ રોડ | ૦.૪૮ |
| ૫૩. | પ્રો. ૨૫ એમ. એમ. આસ્ફાલ્ટ પેચ વર્ક ઓન સાંગોઈ એપ્રોચ રોડ ભાગ-૧ | ૦.૯૬ |
| ૫૪. | પ્રો. ૨૫ એમ. એમ. આસ્ફાલ્ટ પેચ વર્ક ઓન આણંદપુર ઢોકળવા રોડ | ૦.૮૫ |
| ૫૫. | રીપેર્સ ટુ કોઝવે ઓન ગોસળ મદારગઢ રોડ | ૦.૮૩ |
| ૫૬. | રીપેર્સ ટુ ધજાળા લીંબાળા રોડ | ૦.૪૮ |
| ૫૭. | રીપેર્સ ટુ સાયલા કાશીપરા રોડ | ૦.૫૦ |
| ૫૮. | પ્રોવાઈન્ડીંગ આયા સિતાગઢ ઈશ્વરીયા સેક.૨૨/૦ થી ૪/૦ | ૨.૫૦ |
| ૫૯. | પ્રો. મેટલ પેચ વર્ક ઓન ધજાળા કરાળી ધાંધલપુર રોડ | ૧.૦૦ |
| ૬૦. | પ્રો. મેટલ પેચ વર્ક ઓન ધાધલપુર રાતડકી રોડ | ૦.૫૦ |
| ૬૧. | રીપેર્સ ટુ નિનામા શેખડોદ રોડ | ૦.૫૦ |
| ૬૨. | રીપેર્સ ટુ નથુપુરા એપ્રોચ રોડ | ૦.૫૦ |
| ૬૩. | રીપેર્સ ટુ લાખામાચી રામપરા સરોડી રોડ તરણેતર ફેર | ૦.૦૨૯ |
| ૬૪. | પ્રોવા. મેટલ પેચ વર્ક ઓન રાજપરા કાબરણ ગુંદા રોડ | ૧.૦૦ |

**વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત માટે નાણાંની ફાળવણી**

અતારાંકિત : ૨૦૪૫ (૩૧-૫-૦૪) **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪માં પંચાયત હસ્તકના રસ્તાઓની તાલુકાવાર મરામત કામગીરી માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમ દ્વારા તાલુકાવાર કયા કયા રસ્તાઓની મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૧-૯-૦૪)

(૧) તાલુકાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી, જિલ્લા મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪માં મરામતમાં રૂા. ૪૭૬.૮૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) ફાળવેલ રકમ દ્વારા તાલુકાવાર પરિશિષ્ટ-૧ મુજબના રસ્તાઓને મરામત કરી કામગીરી કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | તાલુકો | કામનું નામ | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧. | વડોદરા | (૧) સેવાસી મહાપુરા રોડ | ૬.૬૦ |
| ૨. | કરજણ | (૧) કરકજણ કરમડી રોડ | ૧૨.૪૦ |
| | | (૨) હાંડોદ આમરા રોડ | ૧૩.૬૦ |
| ૩ | વાઘોડિયા | (૧) રામેશ્વરપુરા કરમાલીયાપુરા રોડ | ૨૨.૭૫ |
| | | (૨) લીમડા મઢેલી રોડ | ૧૪.૨૦ |

| | | | |
|---|---|---|---|
| | | (૩) પીપળીયા મસીપુરા રોડ | ૧૫.૯૦ |
| ૪ | સાવલી | (૧) સાવલી વલતપુરા | ૧૯.૧૦ |
| | | (૨) હિંમતપુરા માલીયાપુરા રોડ | ૧.૪૦ |
| | | (૩) સાંઢાસાલ ધનતેજ | ૧.૮૫ |
| | | (૪) કુનપાડ દાજીપુરા | ૧.૨૫ |
| | | (૫) ધોરીમાલ લોટણા રોડ | ૧.૮૫ |
| | | (૬) વરસડા કોણરા રોડ | ૧.૧૦ |
| | | (૭) નારપુરા દીપાપુરા રોડ | ૨.૮૦ |
| | | (૮) જામ્બુગોરલ રામનગર | ૨.૪૦ |
| | | (૯) વાઘા એપ્રોચ રોડ | ૦.૨૦ |
| | | (૧૦) હરકુંડી એપ્રોચ રોડ | ૦.૨૫ |
| | | (૧૧) વારા વરનોલી | ૦.૫૦ |
| | | (૧૨) રાણીયાપુરા એપ્રોચ રોડ | ૨.૧૫ |
| ૫. | ડભોઈ | (૧) એસ. આર. ટુ દિવેર રણપુર | ૬.૯૨ |
| | | (૨) એસ. આર. ટુ સ્ટેટ હાઈવે ડભોઈ-વડોદરા ટુ સેગુવાડા-કુંવરવાડા રોડ | ૩૪.૧૩ |
| ૬. | સંખેડા | (૨) એસ. આર. ટુ સંખેડા માંકણી | ૫.૪૦ |
| ૭. | નસવાડી | (૧) એસ. આર. ટુ નસવાડી અકોના રોડ | ૬.૭૮ |
| | | (૨) જીવણપુરા અંબાડારોડ | ૮.૮૫ |
| | | (૩) એસ. આર. ટુ કાંધા કમરાલી રોડ | ૫.૬૯ |
| | | (૪) એસ. આર. ટુ અગર કલેઢીયા રોડ | ૬.૬૧ |
| ૮. | કવાંટ | (૧) એસ. આર. ટુ કરજવાંટ નાની ટોકરી, મોટી ટોકરી રોડ | ૬.૯૦ |
| ૯. | જેતપુર પાવી | (૧) એસ. આર. ટુ ભીડોલ સાવલી | ૧૯.૦૩ |
| | | (૨) એસ. આર. ટુ પ્રતાપનગર સુસકાલ રોડ | ૮.૩૪ |
| | | (૩) એસ. આર. ટુ ભેંસાવહી એપ્રોચ રોડ | ૫.૭૨ |
| | | (૪) એસ. આર. ટુ મુવાડા ચુલી | ૦.૨૩ |
| ૧૦. | વડોદરા | (૧) વરસાડા ઈટોલા રોડ | ૦૦.૫૦ |
| | | (૨) છાણી સોખડા રોડ | ૦૦.૫૮ |
| | | (૩) ઓમતરપુરા સીસવા રોડ | ૦૦.૬૫ |
| | | (૪) લક્ષીપુરા અંકોડીયા રોડ | ૦૦.૪૨ |
| | | (૫) ગોરવા કરોડીયા રોડ | ૦૦.૬૮ |
| | | (૬) તરસાલી થનીયાવી રોડ | ૧.૩૫ |
| | | (૭) લક્ષીપુરા અંકોડીયા રોડ | ૦૦.૫૫ |
| | | (૮) મેઘાકુઈ સલાડ રોડ | ૦૦.૪૮ |
| | | (૯) મુંઝાર ગામડી રોડ | ૦૦.૪૫ |
| | | (૧૦) રામગઢ અનગઢ | ૦૦.૪૩ |
| | | (૧૧) નંદેસરી રામગઢ | ૦૦.૩૫ |
| ૧૧. | પાદરા | (૧) ડભાસા ઉમરાયા રોડ | ૦૦.૨૮ |
| | | (૨) ભોજ સ્ટેશન થી શહેરા રોડ | ૦૦.૪૫ |
| | | (૩) સોમજીપુરા રોડ | ૦૦.૨૨ |
| | | (૪) કરખડી તિથોર રોડ | ૧.૪૫ |
| | | (૫) રાજુપુરા શહેરા રોડ | ૦.૪૮ |
| | | (૬) કર્ણાકુવા રોડ | ૦.૨૮ |
| | | (૭) માસર ઉછછલ રોડ | ૦.૩૨ |
| | | (૮) મોભા જલાલપુરા રોડ | ૦.૬૫ |
| | | (૯) કુરાલ શાનપુર | ૦.૫૮ |
| | | (૧૦) સ્લેબ ડ્રેઈન કરખડી તિથોર રોડ | ૦.૩૮ |
| | | (૧૧) સોખડા રાળુ રોડ | ૦.૪૫ |
| | | (૧૨) વડદલા એપ્રોચ રોડ | ૦.૩૦ |

| | | | |
|---|---|---|---|
| | | (૧૩) ભોજ સ્ટેશનથી ગયાપુરા રોડ | ૦.૫૫ |
| | | (૧૪) ડબકા ભોજ સાધી | ૦.૬૦ |
| | | (૧૫) સાદડ રોડ | ૦.૫૦ |
| ૧૨. | કરજણ | (૧) સીડી વર્કસ કરજણ રોડ | ૦.૨૨ |
| | | (૨) કરજણ ધામણની વલણ રોડ | ૦.૨૫ |
| | | (૩) મહુવડ મુજપુર રોડ | ૦.૨૦ |
| | | (૪) કંબોલા માંગલેજ રોડ | ૦.૫૦ |
| | | (૫) માંકણ વલણ રોડ | ૦.૪૩ |
| | | (૬) પાલેજ કોલીયાદ રોડ | ૦.૫૦ |
| | | (૭) ઓસલામ ચોંટદા રોડ | ૦.૯૩ |
| | | (૮) માલેજ કોલીયાદ રોડ | ૦.૨૭ |
| | | (૯) કણભા બોડકા | ૧.૫૦ |
| | | (૧૦) વલણ રોડ | ૦.૫૦ |
| | | (૧૧) કોડીયા નિશાળીયા રોડ | ૦.૪૯ |
| | | (૧૨) પીગલવાડા રોડ | ૦.૩૨ |
| | | (૧૩) હરસુંડા રોડ | ૦.૨૫ |
| | | (૧૪) ઓસલામ અંટોલી રોડ | ૦.૯૫ |
| | | (૧૫) કરજણ ચીણસ્તુ રોડ | ૦.૫૦ |
| | | (૧૬) માંગરોલ કંબોલા રોડ | ૧.૧૦ |
| | | (૧૭) ચોરદા કંથારીયા રોડ | ૦.૩૬ |
| | | (૧૮) સી.આર. ટુ પેચવર્ક વેરીયળ રોડ કરજણ | ૮.૯૦ |
| | | (૧૯) ચોરભુજ વીરજઈ રોડ | ૦.૮૨ |
| | | (૨૦) કાસમપુર ધાવટ રોડ | ૦.૨૬ |
| | | (૨૧) સાંદરણા ધાવટ રોડ | ૦.૨૩ |
| ૧૩. | વાઘોડીયા | (૧) ગોરજ રૂસતમપુરા | ૦.૯૫ |
| | | (૨) રાજનગર નવારામપુરા | ૦.૩૨ |
| | | (૩) વેસાણીયા રોડ | ૦.૨૬ |
| | | (૪) પાટીયાપુરા અંબાલી રોડ | ૦.૩૫ |
| | | (૫) ખેરવાડ રોડ | ૦.૩૨ |
| | | (૬) ખંડાવાડા અડીરણ રોડ | ૦.૩૮ |
| | | (૭) નીમેટા સાકરીયા રોડ | ૧.૩૬ |
| | | (૮) નર્મદાપુરા અલવા ગજાદરા રોડ | ૦.૬૨ |
| | | (૯) સાંગાડોલ ઘોડાદરા રોડ | ૦.૭૩ |
| ૧૪. | સાવલી | (૧) રાણીયાપુરા રોડ | ૦.૨૮ |
| | | (૨) ધનતેજ ભુલણીપુરા રોડ | ૦.૬૨ |
| | | (૩) સાંઢાસાલ ન્હારા રોડ | ૦.૪૦ |
| | | (૪) સાવલી ભાટપુર રોડ | ૦.૩૫ |
| | | (૫) ભાદરવા પરથમપુરા રોડ | ૦.૩૮ |
| | | (૬) રાણીયા પોઈચા રોડ | ૦.૨૫ |
| | | (૭) લસુન્દ્રા સુભેલાવ | ૦.૪૫ |
| | | (૮) નટવરનગર રોડ | ૦.૪૦ |
| | | (૯) સમલાયા ટુંડાવ રોડ | ૦.૪૫ |
| | | (૧૦) લામડાપુરા રોડ | ૦.૫૦ |
| | | (૧૧) મોક્સીપુરા રોડ | ૦.૪૦ |
| | | (૧૨) વેજપુર જામ્બુગોરલ રોડ | ૦.૪૫ |
| | | (૧૩) સાંકર ભાદરવા રોડ | ૦.૩૫ |
| | | (૧૪) દોલતપુરા વક્તાપુરા | ૦.૭૦ |
| ૧૫. | ડભોઈ | (૧) ચાણોદ ભીમપુરા રોડ | ૦.૨૭ |
| | | (૨) તરસાણા મોરપુરા | ૦.૯૦ |
| | | (૩) ધરમપુરી વડજ | ૦.૮૩ |

| | | | |
|---|---|---|---|
| | | (૪) વેરીયસ રોડ ઓફ ડભોઈ | ૧.૧૯ |
| | | (૫) ડભોઈ કરણેટ રોડ | ૦.૪૦ |
| | | (૬) ભીલાપુર વણાદરા રોડ | ૦.૩૯ |
| | | (૭) વેરીયસ રોડ ઓફ ડભોઈ | ૧.૫૦ |
| | | (૮) સદર | ૧.૫૦ |
| | | (૯) ડભોઈ વઢવાણા | ૦.૩૯ |
| | | (૧૦) ચીરોલા રોડ | ૦.૩૮ |
| | | (૧૧) ટીબી ડાંગીવાડા | ૦.૩૮ |
| ૧૬. | શિનોર | (૧) વેરીયસ રોડ ઓફ શીનોર | ૦.૩૭ |
| | | (૨) મંડાળા કરમાલ | ૦.૩૮ |
| | | (૩) દામાપુરા રોડ | ૦.૧૨ |
| | | (૪) વેરીયસ રોડ ઓફ શીનોર | ૦.૮૮ |
| | | (૫) સદર | ૧.૪૨ |
| | | (૬) સદર | ૧.૦૦ |
| ૧૭. | સંખેડા | (૧) માંકણી ફતેપુર અને હરેશ્વર માલુ રોડ | ૦.૨૧ |
| | | (૨) સંખેડા માકણી રોડ | ૦.૪૫ |
| | | (૩) ધોળી ધોલપુર રોડ | ૦.૩૯ |
| | | (૪) સી.આર. ટુ વેરીયસ રોડ સંખેડા તાલુકા | ૧.૦૫ |
| | | (૫) સદર | ૨.૦૦ |
| | | (૬) સદર | ૧.૪૧ |
| | | (૭) સદર | ૧.૩૫ |
| | | (૮) સંખેડા માંકણી રોડ | ૦.૪૬ |
| | | (૯) કાળીતલાવડી રોડ | ૦.૨૧ |
| | | (૧૦) કમલાપાટી સરગઈ | ૦.૧૭ |
| | | (૧૧) કાપડીયા એપ્રોચ રોડ | ૦.૨૬ |
| ૧૮. | નસવાડી | (૧) છઠ્ઠી આમલી ઘટાસા રોડ | ૦.૪૪ |
| | | (૨) દુગ્ધા કડુલી રોડ | ૦.૩૯ |
| | | (૩) વાડીયા બોરીયા રોડ | ૦.૪૪ |
| | | (૪) વેરીયસ રોડ ઓફ નસવાડી | ૧.૦૦ |
| | | (૫) સદર | ૦.૬૯ |
| | | (૬) સદર | ૧.૫૦ |
| | | (૭) ઘોડા બોરીયાદ | ૦.૩૪ |
| | | (૮) વેરીયસ રોડ ઓફ નસવાડી | ૧.૮૯ |
| | | (૯) સદર | ૦.૪૮ |
| ૧૯. | કવાંટ | (૧) કરજવાંટ બૈડીયા પીપલદા ધનીયાવાડા | ૦.૩૭ |
| | | (૨) સદર | ૦.૨૪ |
| | | (૩) કવાંટ સૈડીવાસણ રોડ | ૦.૪૯ |
| | | (૪) પાનવડ સીહાદા રાયછા | ૦.૨૬ |
| | | (૫) સદર | ૦.૨૮ |
| | | (૬) પાનવડ કાવરા ચીમલી રોડ | ૦.૩૬ |
| | | (૭) પાનવડ સીહાદા રાયછા | ૦.૨૭ |
| | | (૮) પાનવડ કાવરા ચીમલી રોડ | ૦.૪૭ |
| | | (૯) સદર | ૦.૪૩ |
| | | (૧૦) પાનવડ સીહાદા રાયછા | ૦.૪૧ |
| | | (૧૧) આમસોટા બ્રીજ કોચવડ રોડ | ૦.૪૯ |
| | | (૧૨) પાનવડ કાવરા ચીમલી રોડ | ૦.૫૦ |
| | | (૧૩) વેરીયસ રોડ ઓફ કવાંટ તાલુકા | ૧.૬૭ |
| | | (૧૪) સદર | ૧.૪૨ |
| | | (૧૫) પાનવડ કાવરા ચીમલી | ૦.૫૦ |
| | | (૧૬) વેરીયસ રોડ કવાંટ તાલુકા | ૧.૧૬ |

| | | | |
|---|---|---|---|
| | | (૧૭) સ્લેબ ડ્રેઈન કવાંટ સૈડીવાસણ રોડ | ૦.૩૧ |
| ૨૦. | જેતપુરપાવી | (૧) જેતપુર કદવાલ રોડ | ૦.૩૮ |
| | | (૨) ભીડોલ સાધલી રોડ | ૦.૪૨ |
| | | (૩) પ્રતાપનગર નાની તેજાવાવ રોડ | ૦.૪૩ |
| | | (૪) જેતપુર કદવાલ રોડ | ૦.૪૨ |
| | | (૫) કુકના નાની તેજાવાવ | ૦.૪૬ |
| | | (૬) તંબોલીયા સેંગપુર રોડ | ૦.૪૬ |
| | | (૭) કરજવાંટ મોરાડુંગરી | ૦.૪૧ |
| | | (૮) સાધલી પંઢરવા રોડ | ૦.૩૩ |
| | | (૯) શંકરટેકરી રોડ | ૦.૧૭ |
| | | (૧૦) સજવા આંબાલગ  રોડ | ૦.૪૬ |
| | | (૧૧) વાધવા ઉચાપન | ૦.૪૯ |
| | | (૧૨) વાધવા ઉચાપન | ૦.૪૮ |
| | | (૧૩) કરાલી છત્રાલી રોડ | ૦.૩૫ |
| | | (૧૪) સદર | ૦.૪૩ |
| | | (૧૫) નાની રાસલી ઠલકી રોડ | ૦.૨૪ |
| | | (૧૬) વેરીયસ રોડ ઓફ જેતપુરપાવી તાલુકો | ૧.૪૩ |
| | | (૧૭) સદર | ૧.૦૦ |
| | | (૧૮) કોઝવે ડુંગરવાંટ જાંબુઘોડા રોડ | ૦.૩૧ |
| ૨૧. | છોટાઉદેપુર | (૧) ટીમલા ગુનાટા હાંસડા રોડ | ૦.૪૮ |
| | | (૨) ટુંડવા એપ્રોચ રોડ | ૦.૫૦ |
| | | (૩) ભેસા એપ્રોચ રોડ | ૦.૪૪ |
| | | (૪) દેવહાટ ઝોઝ કડીવાડા | ૦.૪૯ |
| | | (૫) ઉખલવાંટ રોડ | ૦.૪૮ |
| | | (૬) દેવહાટ ઝોઝ કડીવાડા | ૦.૪૯ |
| | | (૭) રાયસીંગપુરા હરવાંટ | ૦.૪૭ |
| | | (૮) સદર | ૦.૩૨ |
| | | (૯) સદર | ૦.૨૧ |
| | | (૧૦) સદર | ૦.૩૮ |
| | | (૧૧) કરારવાંટ રાજુવાંટ રામપુરા | ૦.૨૫ |
| | | (૧૨) ) કોઝવે ઓન રાયસીંગપુરા | ૦.૫૦ |
| | | (૧૩) કોલી એપ્રોચ  રોડ | ૦.૪૫ |
| | | (૧૪) સદર | ૦.૪૭ |
| | | (૧૫) ટુંડવા એપ્રોચ રોડ | ૦.૪૯ |
| | | (૧૬) રાયસીંગપુરા હરવાંટ રોડ | ૦.૧૮ |
| | | (૧૭) છોટાઉદેપુર ડોલોમાઈર રોડ | ૦.૩૫ |
| | | (૧૮) સદર | ૦.૩૮ |
| | | (૧૯) સદર | ૦.૪૯ |
| | | (૨૦) કટારવાંટ રાજુવાંટ રોડ | ૦.૪૧ |
| | | (૨૧) સદર | ૦.૪૮ |
| | | (૨૨) વેરીયસ રોડ ઓફ છોટાઉદેપુર તાલુકા | ૧.૦૦ |
| | | (૨૩) તેજગઢ પાલસંડા કીકાવાડા રોડ | ૦.૪૪ |
| | | (૨૪) સદર | ૦.૪૯ |
| | | (૨૫) વેરીયસ રોડ  છોટાઉદેપુર તાલુકા | ૧.૮૪ |
| | | (૨૬) પેચવર્ક ઓન તેજગઢ પાલસંડા | ૦.૪૯ |
| | | (૨૭)  વેરીયસ રોડ ઓફ છોટાઉદેપુર તાલુકા | ૨.૦૦ |

------

## દહેગામ તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળના રસ્તાઓ

અતારાંકિત : ૨૩૮૧ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) તારીખ ૩૧-૫-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ કયા કયા ગામના રસ્તાઓનું કામ ચાલુ છે,

(૨) કયા કયા રસ્તાઓનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) આ યોજના હેઠળ હજુ વધારાના કયા કયા રસ્તાઓ દહેગામ તાલુકામાં બનાવવાનું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૧૪-૯-૦૪) :

(૧) કોઈ કામ ચાલુ નથી.

(૨) વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ પૂર્ણ થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | કામનું નામ |
|---|---|
| ૧. | મામા સાહેબના પરા એપ્રોચ રોડ |
| ૨. | રામપુરા પાલૈયા એપ્રોચ રોડ |
| ૩. | ઠાકોરના મોસમપુરા એપ્રોચ રોડ |
| ૪. | ઝાલાની મુવાડી એપ્રોચ રોડ |
| ૫. | વાદરીયાની મુવાડી એપ્રોચ રોડ |

(૩) આ યોજના હેઠળ દહેગામ તાલુકામાં હાલ કોઈ આયોજન નથી.

----------

## ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળના કામો

અતારાંકિત : ૨૧૨૭ (૨-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તારીખ ૩૧-૩-૦૪ સુધીમાં દરેક તાલુકામાં બાજપાઈ નગર વિકાસ યોજના નીચે છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) મંજૂર થયેલા કામો પૈકીના કેટલા પૂર્ણ થયા અને કેટલા પૂર્ણ કરવાના બાકી છે,

(૩) આ દરેક કામ પાછળ કુલ કેટકેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૪) કયા કયા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૧-૮-૨૦૦૪) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ સુધીમાં દરેક તાલુકામાં બાજપાઈ નગર વિકાસ યોજના નીચે છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવેલ કામો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | નગરપાલિકાનું નામ | મંજૂર થયેલ કામો | | | | |
|---|---|---|---|---|---|---|
| | | રસ્તા | ગટર | પાણી-પુરવઠો | અન્ય | કુલ |
| ભરૂચ | ભરૂચ | ૦ | ૬ | ૧ | ૦ | ૭ |
| | અંકલેશ્વર | ૧૧ | ૧ | ૧૧ | ૧ | ૨૪ |
| | જંબુસર | ૨૩ | ૪ | ૧૬ | ૧ | ૪૪ |
| | કુલ | ૩૪ | ૧૧ | ૨૮ | ૨ | ૭૫ |
| રાજપીપળા | રાજપીપળા | ૪ | ૩ | ૪ | ૬ | ૧૭ |
| | કુલ | ૪ | ૩ | ૪ | ૬ | ૧૭ |
| કુલ | | ૩૮ | ૧૪ | ૩૨ | ૮ | ૯૨ |

(૨) ૧૭ કામો પૂર્ણ કરેલ છે અને ૭૫ કામો પૂર્ણ કરવાના બાકી છે.

(૩) આ કામો પાછળ ફાળવવામાં રકમોની વિગત નીચે પ્રમાણે છે. (રૂા. લાખમાં)

| રસ્તા | ગટર | પાણી-પુરવઠો | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૬૪.૬૯ | ૫૨.૨૪ | ૪૯૧.૯૮ | ૯.૮૨ | ૬૧૮.૭૩ |

(૪) આ કામો પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે. (રૂા. લાખમાં)

| રસ્તા | ગટર | પાણી-પુરવઠો | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| ૦.૦૦ | ૨૩.૮૬ | ૧૪૩.૧૮ | ૦.૦૦ | ૧૬૭.૦૪ |

--------

**કેશોદ નગરપાલિકાને વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળના કામો**

અતારાંકિત : ૨૫૬૧ (૧૧-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) કેશોદ નગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩ તથા ૨૦૦૩-૦૪ દરમ્યાન વાજપાઈ નગર વિકાસ યોજના નીચે કયા કયા કામના પ્રોજેક્ટ તૈયાર કરીને જિલ્લા કક્ષાની સમિતિને મંજૂરી માટે મોકલ્યા,

(૨) મંજૂરી માટે મોકલેલ પ્રોજેકટમાંથી કેટલા અને કયા કયા પ્રોજેકટ મંજૂર થઈને આવ્યા, અને

(૩) મંજૂર થયેલ પ્રોજેકટ પૈકી કેટલા અને કયા કયા કામો હાલ કયા તબક્કે છે તેમજ અધુરાં કામો કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૬-૮-૨૦૦૪) :

(૧) કેશોદ નગરપાલિકાએ નીચે મુજબના પ્રોજેકટ જિલ્લા કક્ષાની સમિતિની મંજૂરી માટે મોકલેલ હતા.

| વર્ષ | પ્રોજેકટસની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પાણી પૂરવઠા | રસ્તા | ગટર | દિવાબત્તી | અન્ય | કુલ પ્રોજેકટસની સંખ્યા |
| ૨૦૦૨-૨૦૦૩ | ૫ | ૧૯ | ૪ | ૩ | ૨ | ૩૩ |
| ૨૦૦૩-૨૦૦૪ | - | - | - | - | - | - |
| કુલ | ૫ | ૧૯ | ૪ | ૩ | ૨ | ૩૩ |

(૨) મંજૂર થયેલ પ્રોજેકટસની વિગત

| પાણી પૂરવઠા | રસ્તા | ગટર | દિવાબત્તી | અન્ય | કુલ પ્રોજેકટસની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૫ | ૧૯ | ૪ | ૩ | ૨ | ૩૩ |

(૩) મંજૂર થયેલ કુલ ૩૩ પ્રોજેકટસ પૈકી ૧૬ પ્રોજેકટસ પૂર્ણ કરેલ છે, ૪ પ્રોજેકટસ ચાલુ છે, અને ૧૩ પ્રોજેકટસ બાકી છે. અધૂરા કામો અને બાકી રહેલા કામો અગ્રતાના ધોરણે ફંડની ઉપલબ્ધતાના આધારે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૦૧૬,૨૦૨૯ | ૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૧૪૮, ૨૨૧૧, ૨૨૧૯, ૨૨૨૫, ૨૩૦૭, ૨૫૨૮, ૨૫૫૪, ૨૫૮૭, ૨૫૯૧ | ૯ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૧૦૩, ૨૧૩૭, ૨૨૭૦ | ૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૦૧૩, ૨૧૧૭, ૨૩૯૦ | ૩ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૦૪૧, ૨૩૪૭, ૨૩૬૭, ૨૩૮૪ | ૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૦૬૪, ૨૦૮૦ | ૨ |
| ૭ | કાયદા વિભાગ | ૨૦૮૮ | ૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૦૬૯, ૨૧૧૮, ૨૧૭૧, ૨૧૭૬, ૨૨૩૪, ૨૨૮૬, ૨૨૮૯, ૨૨૯૦, ૨૨૯૧, ૨૩૯૨ | ૧૦ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૪૮૮, ૨૪૯૬ | ૨ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૧૯૯૯, ૨૦૩૬, ૨૦૪૭, ૨૦૬૫, ૨૧૬૨, ૨૧૬૮, ૨૧૭૦, ૨૧૭૨, ૨૧૯૫ | ૯ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૨૧, ૨૦૪૫, ૨૩૮૧ | ૩ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૧૨૭, ૨૫૬૧ | ૨ |
| | | કુલ | ૫૦ |

-----------

## શોકદર્શક ઉલ્લેખ

### ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાનું તા. ૨૭-૨-૨૦૦૫ના રોજ ૭૧ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ચુડાસમાનો જન્મ તારીખ ૨ જી ઑગસ્ટ, ૧૯૩૪ના રોજ ખંભાત તાલુકાના રોહિણી મુકામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ચુડાસમાએ તાલુકા પંચાયત, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, જમીન વિકાસ બેંક, શિક્ષણ સમિતિ તેમજ રાજય ખાર બોર્ડ વિગેરે ક્ષેત્રોમાં જુદા જુદા હોદ્દાઓ પર રહી ઉમદા સેવાઓ આપી હતી. તેઓશ્રીએ છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં આણંદ જિલ્લાના ખંભાત મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સ્વર્ગસ્થશ્રી ચુડાસમાના અવસાનથી રાજયે એક ઉમદા સમાજ સેવક અને સહકારી આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધ પક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ વિજયસિંહ ચુડાસમા આ ગૃહના સભ્ય હતા. આણંદ અને ખેડા જિલ્લાના પંચાયત અને સહકારી ક્ષેત્રના એક ઉમદા આગેવાન હતા. ગામડાં અને ખેતી સાથે બહુ નજીકથી જોડાયેલા હતા અને વર્ષો સુધી પોતાના તાલુકા અને જિલ્લાની અંદર આ ક્ષેત્રોમાં ખૂબ સારું કામ કર્યું હતું. આ ગૃહમાં પણ એમણે પોતાની હાજરીથી આ વિષયો ઉપર પ્રભાવ પાડ્યો હતો. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને આપના મારફત એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો જાય એવી પ્રાર્થના કરું છું.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ) (ભા.જ.પ.)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા વિસ્તારના માજી ધારાસભ્યશ્રી વજુભાઈનો શોક ઠરાવ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

સ્વર્ગસ્થ ચુડાસમા અમારા વિસ્તારમાં એક અદના કાર્યકર તરીકે પ્રખ્યાત હતા. એમના જીવનની શૈલી સાદી, પ્રમાણિક અને ખાસ કરીને બુઝુર્ગ કોંગ્રેસી માધવલાલ શાહના એ ચેલા કહું તો ચેલા અને શિષ્ય કહું તો શિષ્ય પણ એ પ્રમાણે પ્રમાણિક જીવન જીવેલા. અમારા ભાલ વિસ્તારમાં માધવલાલ શાહની આગેવાનીમાં સિંચાઈનું જે ક્રાંતિકારી પગલું ભરાયેલું એમાં માનનીય ચુડાસમા સાહેબનો અગત્યનો ફાળો હતો. જીવન જીવ્યા ત્યાં સુધી સમાજના દરેક વર્ગ સાથે પાર્ટી પોલિટિક્સ રાખ્યા સિવાય એમણે નિષ્પક્ષ ભાવે કામ કર્યું છે. આજે તેમના આત્માને શાંતિ અર્પે તેવી ભગવાનને પ્રાર્થના કરું છું. ભારત માતા કી જય.

**શ્રી અંબાલાલ આ. રોહિત (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ ધારાસભ્યશ્રી વિજયસિંહ ચુડાસમાનો શોકદર્શક ઠરાવ માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય વિજયસિંહની વાત કરું તો એમનો સ્વભાવ ખૂબ શાંત હતો. એમના હરિફ કોઈ પણ સભ્ય કે પક્ષ હોય પણ વિજયસિંહ માટે કોઈ બૂરું ન બોલી શકે તેવો એમનો સ્વભાવ હતો. છઠ્ઠી અને સાતમી વિધાનસભાના સભ્ય રહ્યા તે દરમિયાન રોહિણી ગામમાં બે હજારની વસતિવાળા ગામમાં તેમના ૧૦ વર્ષના કાર્યકાળમાં કયારેય એ ગામમાં ફરિયાદ નથી થઈ. સંપીને રાખવામાં એમનો ઉમદા ફાળો હતો. એમનું અવસાન થયું છે એ માટે એમના પરિવારને શોક સંદેશો મળે એ માટે પ્રાર્થના કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાએ જેમા સૂર પુરાવ્યો છે. હું પણ આ શોકદર્શક ઠરાવમાં મારો સૂર પૂરાવું છું.

વજુભાના હુલામણા નામથી પ્રખ્યાત આ લોકસેવકની પંચાયત અને સહકારી ક્ષેત્રમાં ખૂબ ઉમદા કામગીરી હતી. સામાજિક રીતે પણ વર્ષો સુધી એમની સાથે મને કામ કરવાનો મોકો મળ્યો હતો. સ્વભાવે ખૂબ શાંત અને વિવેકી અને જમીનના માણસ, ખેડૂત અને સામાન્ય માણસની લાગણીને સમજનાર એવા અદના કાર્યકર્તાની જિલ્લાને અને સમગ્ર રાજ્યને ખોટ પડી છે. એમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવાની શકિત આપે એવી પ્રભુને પ્રાર્થના.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતા જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે અને માનનીય વિરોધપક્ષના નેતાએ જેને સપોર્ટ કર્યો છે. ભાઈશ્રી શિરીષભાઈ, અંબાલાલ અને માનનીય ભુપેન્દ્રસિંહએ જેને ટેકો આપ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

આમ, તો વિજયસિંહભાઈ સામાન્ય કોટીના માણસ હતા. ગુજરાતના પાયાના કાર્યકર્તા હતા. એમણે તાલુકા પંચાયતમાં કામ કર્યુ, જમીન વિકાસ બેંકમાં કામ કર્યુ, એમણે નાના નાના ખાર બોર્ડમાં પણ કામ કર્યુ. એમ દરેક ક્ષેત્રમાં કામ કર્યુ હતું અને આજે આપણા રાજકીય જીવનમાં જેમનું કોઈ દુશ્મન ના હોય તેવા વ્યકિત બહુ ઓછા મળે, એમાંના એક વ્યકિત એ પોતે હતા. એમની સેવાઓને બિરદાવું છું.

આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઊભા થઈને સદ્‌ગતને અંજલિ અર્પીએ.

( બે મિનિટ મૌન બાદ )

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**
**સભ્યશ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવાની ધરપકડ**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. ભરૂચ પોલીસ અધિક્ષક તરફથી તેમના તા.૬-૩-૨૦૦૫ના ફેકસ મેસેજથી મને જાણ કરવામાં આવી છે કે, વિધાનસભાના સભ્યશ્રી છોટુભાઈ અમરસિંહ વસાવાની ઝઘડિયા પોલીસ સ્ટેશનના ગુના રજિસ્ટર નંબરઃ ૧૩૭/૦૨ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦/બી, ૩૪ તથા બીપીએકટ ૧૩૫ હેઠળ નામદાર ભરૂચ કોર્ટના સી.આર.પી.સી.ની કલમ ૭૦ અન્વયે ઇશ્યુ કરેલ નોનબેલેબલ વૉરંટના આધારે અટકાયત કરવામાં આવેલ છે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**
**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૨-૨૦૦૩નો ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિમગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયે ગૃહ વિભાગની અધિસૂચનાઓ.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારી મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૪-૬-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : જીજી/૫૬/આરજીએન/૧૦૯૮/૨૩૫૦/ઈ.૧

(૨) તા. ૫-૧૦-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીજી/૯૯/એફએલઆર/૨૦૦૧/૯૫૧/ઈ.૧ અને

(૩) તા.૨૫-૧૦-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૦૬/ડીએનએસ/૨૦૦૪/૯૦૯/ઈ.૧, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**જાહેર સાહસો માટેની સમિતિના દશમા, અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો દશમો, અગિયારમો, બારમો, તેરમો અને ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત.**

**શ્રી અંબાલાલ આ. રોહિત (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત.**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

**શિક્ષણ વિભાગ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૩,૦૬,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧અને૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧અને ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૯,૬૮,૧૬,૯૯,૦૦૦/-અને મૂડી ખર્ચ માટે રૂ. ૧,૪૮,૧૯,૩૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ.દિનેશ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક :૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૩૭**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧૦,૩૬,૬૯,૦૦૦ની માગણી ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. નીમાબેન બ. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**માગણી નં. ૩૮**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૯૭,૦૨,૯૮,૦૦૦ની માગણી ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની બુધવાર, તા.૯–૩–૨૦૦૫ (છઠ્ઠો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | <u>શિક્ષણ વિભાગ</u><br><u>માગણી નં.૭</u> | |
| ૧. | ૨૨૫૧–સચિવાલય ... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–શિક્ષણ વિભાગ<br>રુા.૩,૦૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૧૩૭ | ૧૦૦ | રાજયની સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોના શૈક્ષણિક સ્ટાફને પૂરતો પગાર અપાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જગદીશ ઠાકોર |
| ૨. | ––"–– | ૧૦૦ | સરકારી શાળાઓમાં કથળેલું શિક્ષણ સુધારવાના બદલે આવી શાળાઓ ખાનગી ટ્રસ્ટોને સોંપી શિક્ષણની જવાબદારીમાંથી છટકવાની વૃત્તિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જગદીશ ઠાકોર |
| *૩. | ––"–– | ૧૦૦ | શાળાઓમાં પ્રવેશ ઉત્સવ જેવી ઉજવણી થયા બાદ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અભ્યાસ અધૂરો છોડી ન જાય તે માટે જરુરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪. | ––"–– | ૧૦૦ | સેલ્ફ ફાયનાન્સ શાળાઓને ઈતર | શ્રી બલવંતસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પ્રવૃત્તિઓના નામે વધુ ફી ઉઘરાવતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | રાજપૂત |
| ૫. | --"-- | ૧૦૦ | ખાનગી શાળાઓમાં નવા વર્ગો વધારવા અંગેની મંજૂરી આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | ડાં.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૬. | --"-- | ૧૦૦ | નીતિનિયમોને નેવે મૂકી નોનગ્રાન્ટેડ શાળાઓને આડેધડ મંજૂરીઓ અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૭. | --"-- | ૧૦૦ | સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનું શૈક્ષણિક સ્તર ઉંચું લાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| *૮. | --"-- | ૧૦૦ | ખાનગી શાળાઓને માન્યતા આપવામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૯. | ૨૨૫૧-સચિવાલય ... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-શિક્ષણ વિભાગ<br>રૂા.૩,૦૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૧૩૭ | ૧૦૦ | વાલીઓ અને શિક્ષણકારોને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી રીતે કરાતો ફી વધારો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મુકેશકુમાર ગઢવી |
| | **<u>માગણી નં.૮</u>** | | | |
| ૧૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-પ્રાથમિક ... બનાવવી<br>રૂા.૧,૨૨,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૧૭-૧૮ | ૧૦૦ | ધારાસભ્યોએ લખેલા પત્રોનો ત્વરિત નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૧. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડાં.દિનેશ પરમાર |
| ૧૨. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષકોને સ્થળ ફાળવણીમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મનીષ ગિલીટવાલા |
| *૧૩. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં અભ્યાસક્રમો સમયસર પૂરા કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૪. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષકોની ઘટને કારણે બાળકોના અભ્યાસ ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી રશીદા પટેલ |
| ૧૫. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પૂરતા શિક્ષકોની નિમણૂક કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૧૬. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮-પાઠયપુસ્તકો<br>૦૧-ઈ.ડી.એન-૪.પ્રાથમિક-પાડવાં<br>રૂા.૨૪,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૨૬ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણના પાઠયપુસ્તકોમાં રહેતી અસંખ્ય ભૂલો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૭. | --"-- | ૧૦૦ | પાઠયપુસ્તકોનું સમયસર વિતરણ ન થતાં વિદ્યાર્થીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હેમાજી રાજપૂત |
| ૧૯. | --"-- | ૧૦૦ | ધો.રણ-૧૦/૧૨ની પરીક્ષા માટે કેન્દ્રો ફાળવવામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં અને પરીક્ષા કેન્દ્રો દૂરના | ડાં.ચંદ્રિકાબેન ચુડાસમા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સ્થળે અપાતા વિદ્યાર્થીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩–યુનિવર્સિટી અને ઉચ્ચશિક્ષણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂા.૪૨,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૪૯–૫૧ | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણ માટે કોલેજોમાં પ્રવેશ મેળવવામાં વિદ્યાર્થીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨૧. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૪–પૌઢ શિક્ષણ<br>૧૦૩–ગ્રામીણ કાર્યક્રમો<br>૦૧–ગ્રામીણ ... બનાવવું<br>રૂા.૯૦,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૬૩–૬૪ | ૧૦૦ | ગ્રામીણ કાર્યલક્ષી અક્ષરજ્ઞાન કાર્યક્રમનો સુદ્રઢ અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગોવાભાઈ રબારી |
| *૨૨. | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૫–ભાષાવિકાસ<br>૧૦૩–સંસ્કૃત શિક્ષણ<br>૦૧–સંસ્કૃત ... વિકાસ<br>રૂા.૧,૪૦,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૬૮ | ૧૦૦ | સંસ્કૃત શિક્ષણનો વ્યાપ વધે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૩. | ૨૨૦૩–તકનિકી શિક્ષણ<br>૧૧૨–ઈજનેરી ...સંસ્થાઓ<br>૦૧–ટીઈડી–૫ સરકારી ... વિકાસ<br>રૂા.૨૩,૩૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૧૧૩–૧૧૪ | ૧૦૦ | નવી સરકારી ઈજનેરી કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફની સમયસર નિમણૂક ન કરવાથી વિદ્યાર્થીઓના અભ્યાસને થતી વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા |
| *૨૪. | ––"–– | ૧૦૦ | પાટણ ખાતેની નવી સરકારી ઈજનેરી કોલેજમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી મોડેથી કરવાથી વિદ્યાર્થીઓના અભ્યાસને થયેલ નુકશાન ભરપાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **<u>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ</u>**<br>**<u>માગણી નં.૩૭</u>** | | |
| ૨૫. | ૨૨૫૧–સચિવાલય સામાજિક સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–આરોગ્ય.... વિભાગ<br>રૂા.૧૦,૩૦,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં.૧૩૩ | ૧૦૦ | તકેદારી પંચની ભલામણ છતાં ઔષધ નિયામક કચેરીના અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા |
| ૨૬. | ––"–– | ૧૦૦ | સરકારી દવાખાનાઓનો કથળતો વહીવટ સુધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૭. | ––"–– | ૧૦૦ | ગર્ભપાતના કાયદાનો સખતાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.નિમાબેન આચાર્ય |
| *૨૮. | ––"–– | ૧૦૦ | ધારાસભ્યો/સંસદસભ્યોએ લખેલા પત્રોના જવાબો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૯. | ––"–– | ૧૦૦ | મેડીકલ પ્રવેશ કમિટિની રજૂઆતો ધ્યાનમાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૩૦. | ––"–– | ૧૦૦ | રાજયના બાકી રહી ગયેલ મેડીકલ ઓફિસરો (વર્ગ–૨)ને ટીકુ કમિશનનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૧. | ––"–– | ૧૦૦ | મેડીકલ ઓફિસરો (વર્ગ–૨)નું સીનિયોરીટી લીસ્ટ સમયસર બહાર પાડવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | શ્રી માલજીભાઈ દેસાઈ |

| માગણી નં.૩૮ | | | | |
|---|---|---|---|---|
| ૩૨. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપથી<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એચએલટી–૧–આરોગ્ય..કચેરી<br>રૂા.૧,૭૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં.૭ | ૧૦૦ | દવાઓના અપૂરતા સ્ટોકના કારણે ગરીબ દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| *૩૩. | ––"–– | ૧૦૦ | ધારાસભ્યો ઘ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં દવાખાનાઓમાં ડોકટરો અને નર્સોની ઘટ પૂરી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૪. | ––"–– | ૧૦૦ | દવાખાનાઓમાં વર્ગ–૪ના કર્મચારીઓને બઢતી આપવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.અનિલ જોષીયારા |
| ૩૫. | ––"–– | ૧૦૦ | નર્સોના પડતર પ્રશ્નોનો સહાનુભૂતિપૂર્વક નિવેડો લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૬. | ––"–– | ૧૦૦ | ગરીબ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનિલકુમાર પટેલ |
| ૩૭. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપથી<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧–એચએલટી–૧–આરોગ્ય..કચેરી<br>રૂા.૧,૭૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં.૭ | ૧૦૦ | દવાખાનાઓમાં ટેકનીશીયનોના અભાવે બંધ પડેલા સારવારના આધુનિક સાધનોની મરામત કરાવી દર્દીઓને તેનો લાભ અપાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૮. | ––"–– | ૧૦૦ | દવાખાનાઓને લગતા વિવિધ પ્રશ્નો સંબંધમાં ધારાસભ્યોએ કરેલા સૂચનોને ઘ્યાને લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવજીભાઈ આહીર |
| ૩૯. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપથી<br>૧૦૪–તબીબી સ્ટોર્સ ડિપો<br>૦૧–એચએલટી–૪૭–<br>કેન્દ્રીય ... તંત્ર<br>રૂા.૧,૫૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં.૧૪ | ૧૦૦ | મુદત વીતી ગયેલ અને હલકા પ્રકારની દવાઓની ખરીદી થતી અટકાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૪૦. | ––"–– | ૧૦૦ | દવાઓની ખરીદીમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મારુ |
| ૪૧. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી ... એલોપથી<br>(૧૧૦)–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧–સિવિલ ... વહીવટ<br>રૂા.૮૧,૩૮,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧પા.નં.૧૫–૧૬ | ૧૦૦ | શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં પી.એમ. રિપોર્ટ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૪૨. | ––"–– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓ પ્રત્યે ઘૃણા રાખી પૂરતી સારવાર આપવામાં દાખવવામાં આવતી બેદરકારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મનહરલાલ મકવાણા |
| ૪૩. | ––"–– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં કર્મચારીઓની ગેરહાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| *૪૪. | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને આધુનિક સાધનોનો લાભ સરળતાથી અને વિનામૂલ્યે મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૫. | ૨૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૩-ગ્રામીણ..... એલોપથી<br>૧૦૪-સામુહિક આરોગ્યકેન્દ્રો<br>૦૧-એચએલટી-૩૮-સામુહિક આરોગ્ય કેન્દ્ર<br>રૂા.૫૨,૦૯,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧૫ા.નં.૫૫-૫૬ | ૧૦૦ | સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં જરુરી સવલતો પૂરી પાડી દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | શ્રી ગોવાભાઈ રબારી |
| *૪૬. | --"-- | ૧૦૦ | સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પથારીઓની ઘટ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૭. | --"-- | ૧૦૦ | સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સારવારનું સ્તર ઉંચું લાવવામાં તંત્રની નિફ્ષ્ળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૪૮. | --"-- | ૧૦૦ | સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ઘટને કારણે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જેશાભાઈ બારડ |
| *૪૯. | ૨૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય<br>૧૦૪-ઔષધ નિયમન<br>(૧) એચએલટી-૮૦ ખોરાક ... તંત્ર<br>રૂા.૬,૭૮,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧૫ા.ન.૧૦૧ | ૧૦૦ | શકિતવર્ધક દવાના નામે વેચાતી બનાવટી દવાઓનું ચેકીગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૫૦. | --"-- | ૧૦૦ | લેબોરેટરીમાં તપાસ માટે લઈ જવાતા નમૂનાઓમાં અધિકારી/કર્મચારીઓ ધ્વારા નમૂના બદલી આચરવામાં આવતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૧. | --"-- | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓ સમયસર ફરજ પર હાજર રહે તેવું આયોજન કરવામાં તંત્રની સરિયામ નિષ્ફળતા. | ર્ડા.દિનેશ પરમાર |
| ૫૨. | --"-- | ૧૦૦ | ખોરાક અને ઔષધ નિયમનતંત્રની કચેરીમાં ચાલતો વ્યાપક ભ્રષ્ટાચાર રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ ગઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારા મંતવ્યો રજૂ કરવા માટે અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

કોઈપણ રાજય કે રાષ્ટ્રનો વિકાસ તે શિક્ષણને આધારિત છે. રાજયની અંદર શિક્ષણનો વ્યાપ કેટલો છે, કેટલા શિક્ષિતો છે, એના ઉપર એ રાજયનો મુખ્ય આધાર, પાયો છે. રાજયની અંદર કોઈ નિરક્ષર ન રહે એ જોવાની જવાબદારી અને ૬ થી ૧૪ વર્ષની વય જૂથનાં જે બાળકો છે, એ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી પણ રાજય સરકારની છે. આના પહેલા ઘણી વખત આ હાઉસમાં વાત થઈ છે કે પૂર્વ પ્રાથમિક શિક્ષણની અંદર કે ખાસ કરીને શહેરી વિસ્તારની અંદર કે.જી., હાયર કે.જી. માં પ્રવેશ માટે બાળકોને ખૂબ મોટું ડોનેશન આપવું પડે છે. ખૂબ ઊંચી ફી ભરવી પડે છે, એના માટે અનેક વખત આ હાઉસમાં રજૂઆતો થઈ છે. એના માટે શિક્ષણ વિભાગે એમાં અંગત રીતે ધ્યાન આપીને જે જગ્યાએથી આવા વિકાસના નામે ડોનેશન લેવામાં આવતું હોય, એને અટકાવવા માટેનો રાજય સરકારે પ્રયાસ કરવો જોઈએ.

પ્રાથમિક શિક્ષણ એ ખૂબ મહત્ત્વની અને પાયાની વાત છે. એ શિક્ષણ આપી રહ્યા છે તેવા પ્રાથમિક શિક્ષકો એમને ૫ વર્ષ સુધી ફિકસ પગારથી વિદ્યા સહાયક તરીકે કામ કરવા દેવામાં આવે છે. એને અત્યારે આ મોંઘવારીના સમયની અંદર ફક્ત રૂપિયા ૨૫૦૦ કુટુંબવાળાં શિક્ષકો હોય એના માથે આર્થિક ભારણ રહે છે, ત્યારે દર ૩ વર્ષ પછીના ૨ વર્ષે છૂટછાટ આપીને ૨૫૦૦ ના બદલે ફિકસ પગાર ધોરણ કરવું જોઈએ. પાંચ વર્ષે વિદ્યા સહાયકને કાયમી શિક્ષક તરીકે લેવામાં આવે છે. એમાં મારું સૂચન એ છે કે એને કાયમી કરવાના છે, તો ૩ વર્ષે કાયમી કરવામાં આવે તો કામ કરવાની ધગશ છે અને એમાં એનો ઓર ઉત્સાહ વધશે. સામાન્ય રીતે પ્રાથમિક શિક્ષક એને કોઈપણ કામ હોય તે કામ ફક્ત પ્રાથમિક શિક્ષકને જ સોંપી દેવામાં આવે છે, પછી એ વસ્તી ગણતરીનું કામ હોય, કે મતદાર યાદી નવી બનાવવાનું કામ હોય કે મતદાર યાદી સુધારવાનું કામ હોય તે તમામ જવાબદારી આ શિક્ષકોને સોંપી દેવામાં આવે છે અને લાંબા સમય સુધી પ્રાથમિક શિક્ષક એમાં રોકાયેલો રહે છે, એના કારણે પ્રાથમિક શાળાનું શિક્ષણ બગડે છે. મારું એમાં સૂચન એ છે કે એની અંદર શિક્ષિત બેરોજગારો છે, એમાં એની અંદર નક્કી કરેલ વેતન તો આપણે ચૂકવવાનું જ હોય છે, તો પછી આવા લોકોને ફિકસ પગારથી જવાબદારી સોંપીને કામ સોંપવામાં આવે તો એમને મહેનતાણુ મળી રહે. જ્યારે સામા પક્ષે પ્રાથમિક શાળામાં શિક્ષણ બગડે છે, તે બગડે નહીં. આની પહેલા માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરેલી કે બાળકોની પાછળ એની માતાનું નામ લખવાનું. આ વાત લઈને ઘણા ગામડાઓમાં, શહેરી વિસ્તારોમાં દ્વિધા ઊભી થઈ છે. મારું સૂચન છે કે એની અંદર છૂટછાટ આપવી જોઈએ. એમાં માતાનું નામ લખવાનું છે, જે વિસ્તારની અંદર ગણિકા જેને પિતાની ખબર નથી, એની જગ્યાએ માતાનું નામ લખવામાં આવે તો તે યોગ્ય છે, પણ એનો વિકલ્પ આપી બંનેનું નામ એના જે કઈ માતા-પિતા, વાલી નક્કી કરે તે નામ લખવાની પ્રથા રાખવામાં આવે એ અગત્યનું છે.

હમણાં છેલ્લે એક વાત શરૂ થયેલી છે. પહેલા ધોરણથી અંગ્રેજી વિષય દાખલ કરવાની, એમાં વિરોધ ન હોઈ શકે. આજે ઈલેક્ટ્રોનિકસ યુગ છે. ખાસ કરીને અત્યારે જે અંગ્રેજીનો જમાનો આવી રહ્યો છે, અંગ્રેજી ભાષાનો જમાનો આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારનાં બાળકો અંગ્રેજીનું શિક્ષણ લે તે ખૂબ મહત્ત્વનું છે. આજે પરિસ્થિતિ એવી છે કે મોટા ભાગના વિદ્યા સહાયકો શિક્ષક તરીકે ફરજ બજાવે છે, એમાંથી ઘણા બધા ગ્રામ્ય વિસ્તારની અંદર ફરજ બજાવે છે, એમાં મોટા ભાગના શિક્ષકોને અંગ્રેજીનું પૂરતું જ્ઞાન હોતું નથી. તેઓની પાસેથી અંગ્રેજી વિષયના જ્ઞાન માટે બાળકો પાસે આપણે અપેક્ષા રાખીએ તે કેટલા અંશે વ્યાજબી છે. તે પહેલાં જે વિદ્યા સહાયકો કામ કરી રહ્યા છે તેમણે અંગ્રેજી વિષયમાં પૂરતા તૈયાર કર્યા પછી અંગ્રેજી વિષય દાખલ કરવામાં આવે તો યથાર્થ અને યોગ્ય થશે. બીજું કે અત્યારે ખાનગી શાળાઓનો વાયરો વાઈ રહ્યો છે અને તેની સામે જે જોખમ ઊભું થઈ રહ્યું છે તે એક વાત પ્રત્યે ધ્યાન દોરવા માગું છું કે ખાસ કરીને ખાનગી શાળાઓ જે આજે થઈ રહી છે ને માધ્યમિક હોય, ઉચ્ચતર માધ્યમિક હોય કે કૉલેજની વાત હોય તેમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકોની સહાય આપવામાં આવે છે. તેમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવામાં આવે છે અને શિષ્યવૃત્તિના લાભો આપવામાં આવે છે તે છેલ્લા કેટલાક વખતથી આ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બંધ કરવાની વાત ચાલી રહી છે. ત્યારે એમાં કહેવું છે કે ખરેખર ખાનગી શાળાઓને મંજૂરી આપવાની હોય તો પછી પછાત વર્ગના બાળકો હોય તેના માટેની જોગવાઈઓ, યોજનાઓ ચાલુ રહે તે અંગેનું મારું સૂચન છે.

મારે પ્રાથમિક શાળાના ઓરડાની વાત કરવી છે. અગાઉના મારા વકતવ્યોમાં બોલી ગયો છું કે એલ એન્ડ ટી દ્વારા પ્રાથમિક શાળાના ઓરડાઓ બનાવવામાં આવતા હતા. તેના ચોકઠા ફીટ કરી તાત્કાલિક શાળાના ઓરડાઓ બનાવવામાં આવતા હતા. સાહેબ અત્યારે આધાર પુરાવા સાથે આપવાની મારી તૈયારી છે. આજે જે એલ એન્ડ ટીના રૂમો બન્યા છે તેમાં એકપણ રૂમમાં વિદ્યાર્થીઓ બેસી શકે તેમ નથી. ફકત સંતોષ ખાતર શાળાના ઓરડા અમે બનાવી દીધા એવો સંતોષ માનવા માગતા હોય અને તાત્કાલિક આવા ઓરડા બનાવી દેવા માગતા હોય તો વાત જુદી છે. કોઈ કંપની હોય અથવા તો બીજાને જશ ખાટી જવા માટેની અથવા તો સારા થવાની વાત હોય તો બરાબર નથી. બીજુ પ્રાથમિક શાળાના ઓરડાની વાત કરું તો ખાસ કરીને છેલ્લે પ્રિફેબ્રીકેટેડ રૂમ અમારા વિસ્તારમાં છેલ્લે બનાવવામાં આવ્યા છે, સિન્ટેક્ષવાળા બનાવે છે તે ગામડાની અંદર ગ્રામ પંચાયત અથવા તો આગેવાનોને દબાણ કરીને એમ કહે છે કે આ ઓરડા બનાવવા જ પડશે નહીંતર ઓરડાની સુવિધા નહીં આપવામાં આવે. પહેલાં આ ઓરડા ૧.૫૦ હજારમાં કિંમતના હતા અને આજે ગ્રામ્ય વિસ્તારોની અંદર પુરાવા સાથે આપની પાસે વાત લઈને આવ્યો છું અને તે પુરાવા અને તેની સાથે સાથે આ બાબતે અનેક વખત સરકારની અંદર પણ રજૂઆત કરી છે. આધાર પુરાવા સાથે હાઉસમાં આવ્યો છું. આજે ગામડાની અંદર આવા શાળાના રૂમોમાં બેસવાની કોઈ વ્યવસ્થા નથી અને બીજા જ વર્ષે નાશ પામે છે. ગામડાથી થોડા દૂર જ્યાં ઓરડા બનાવવામાં આવ્યા છે ત્યાં મોટા ભાગના બારી બારણા તૂટી ગયા છે. અત્યારે તે ઓરડાની કિંમત ૧.૬૦ હજાર કરવામાં આવી છે. એટલે આવા પ્રિફેબ્રીકેટેડ રૂમ છે તેના બદલે પાકા રૂમ આપવામાં આવે તો લાંબુ આયુષ્ય રહે અને ગામને સારી સુવિધા મળી રહે.

શાળાઓમાં આરોગ્ય ચકાસણીની વાત થઈ ખૂબ સારી વાત છે. તેમાં ઘણા બાળકોએ લાભ લીધો અને આજે પ્રશ્નોત્તરી વખતે પણ ચર્ચા થઈ. તેમાં એક વાત ધ્યાન પર મૂકવા માગું છું કે પૂરતા પોષણ માટે ખાસ કરીને શાળા આરોગ્ય સાથે સાથે બાળકોને પૂરતું પોષણ મળી રહે તે આપણી અને રાજય સરકારની જવાબદારી છે. પૂરતા પોષણ માટેની યોજના મધ્યાહન ભોજન યોજના ૧૯૮૪માં દાખલ થઈ તે વખતે અને અત્યારે પણ એક વિદ્યાર્થીને

૧.૭૫ પૈસા ભોજન પેટે આપવામાં આવે છે. ૧.૭૫ પૈસા ખર્ચમાંથી કેટલો બધો બીજો ખર્ચ પાડવામાં આવે છે. વ્યવસ્થાપક હોય તેને ૫૦૦ રૂપિયા વેતન પેટે, રસોઈયા હોય તેને ૨૫૦ વેતને પેટે, અને સહ વ્યવસ્થાપક હોય તેને ૧૭૫ રૂપિયા ફકત આપવામા આવે છે. એટલા આ લોકો જે વ્યવસ્થા સંભાળે છે તેઓને ખૂબ ઓછું વેતન મળતું હોવાને કારણે અને સામે વિદ્યાર્થીઓને ફકત ૧.૭૫ પૈસા મધ્યાહન ભોજન યોજના પાછળ આપવામાં આવતા હોવાને કારણે ખૂબ જ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ થાય છે અને ભ્રષ્ટાચાર થાય છે. અત્યારે સાહેબ પાણીના એક પાઉચનો એક રૂપિયો લેવામા આવે છે. તો આ ૧.૭૫ પૈસામાં વિદ્યાર્થીને કયા પ્રકારનું ભોજન મળતું હશે? તેની કલ્પના કરી શકો છો. આ જે વિદ્યાર્થીઓ છે તેમાં શાળા આરોગ્યની ચકાસણીની સાથે સાથે મધ્યાહન ભોજન યોજનામાં વિદ્યાર્થી દીઠ ખર્ચ આપવામાં આવે છે તેમાં વધારે કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શિક્ષણ અને કન્યા કેળવણીની વાત કરીએ છીએ તેમાં બે-ત્રણ સૂચનો કરવા છે. આપણે પ્રવેશ ઉત્સવ ઉજવીએ, કન્યા કેળવણી રથયાત્રાની વાત કરીએ છીએ. લક્ષ્મી બૉન્ડની વાત કરીએ છીએ, સેનીટેશન સંકુલની વાત કરીએ છીએ, કન્યા કેળવણી નિધિ રચનાની વાત કરીએ છીએ, મારે એ વાત કરવી છે કે આ ખૂબ સારી વાતો છે એમાં કાંઈ ખોટું નથી, કન્યાઓ શાળાએ આવવા માટે પ્રેરાય અને કન્યાઓના શિક્ષણનો દર વધ્યો છે પણ એની પાછળ એનું ફોલોઅપ કેટલું થયું? મને કહેવા દો કે, કોંગ્રેસની સરકાર વખતે ૧૯૮૫માં કન્યા કેળવણી મફત આપવા માટેની કોંગ્રેસ સરકારે જાહેરાત કરેલી, અત્યારે તો સેલ્ફ ફાઈનાન્સનો એક વાયરો શરૂ થયો છે જ્યારે જે શાળાઆમાં/ કૉલેજોમાં આ કન્યાઓ અભ્યાસ કરવા માટે જાય છે ત્યારે ૧૯૮૫માં રાજય સરકારે કન્યાઓને મફત કેળવણી આપવા માટેની જાહેરાત કરેલી એ વખતે ટ્યુશન ફી કન્યા જ્યાં અભ્યાસ કરતી હશે ત્યાં પ્રાથમિક શાળા હોય, માધ્યમિક શાળા હોય, ઉચ્ચતર માધ્યમિક શાળા હોય, કૉલેજ હોય કે મૅડિકલ કે ઇજનેરી કૉલેજ હોય ત્યાં પણ એમને મફત ટ્યુશન ફી એટલે જે ફી પેટે રકમ લેવામાં આવે છે એ રાજય સરકાર ભરપાઈ કરશે. ભલે સેલ્ફ ફાઈનાન્સમાં અભ્યાસ કરતી દીકરી હોય તો પણ રાજય સરકાર છે એ એની ફી ભરપાઈ કરે, આજે તો સેલ્ફ ફાઈનાન્સનો વાયરો શરૂ થયો છે. શાળાઓની અંદર કન્યાઓ અભ્યાસ કરે છે પછી એ માધ્યમિક શાળા હોય કે કૉલેજ હોય કે મૅડિકલ કૉલેજ હોય એની અંદર કોઈ સેલ્ફ ફાઈનાન્સ શાળા/કૉલેજની અંદર આ કન્યાઓને શિક્ષણ ફી મફત આપવામાં આવતી નથી ત્યાં સરકાર ભરપાઈ કરતી નથી એટલે મારું એક સૂચન છે કે, ૧૯૮૫ કોંગ્રેસની સરકારે આ યોજના દાખલ કરી હતી, તો જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ હોય એમાં કન્યાઓ જ્યાં અભ્યાસ કરતી હોય તો તે જગ્યાએ આનો લાભ અભ્યાસ કરતી દીકરીઓને મળવો જોઈએ, તો જે આપણો હેતુ છે એ હેતુ બર આવશે.

પછાત વિસ્તારો અને પછાત વર્ગોની જે બાળાઓ છે એ બાળાઓને સાયકલ આપીને સંતોષ માની લેવો એ પૂરતું નથી, ગ્રામ્ય વિસ્તારમાં દશ થી પંદર કિલોમીટરમાં કયાંય માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય, અપડાઉન થઈ શકે એમ ન હોય ત્યાં રાજય સરકારે એનો સરવે કરીને કન્યા વિદ્યાલયો શરૂ કરવા જોઈએ અથવા તો ગામડાંમાં આવી સુવિધા ન હોય એવી જગ્યાએ નિવાસી કન્યા છાત્રાલયો શરૂ કરવા જોઈએ જેથી કરીને દીકરીઓ અભ્યાસ કરી શકે, મારે એ પણ વાત કરવી છે કે, હમણાં સરકારે એક નિર્ણય કર્યો છે કે જે કન્યા વિદ્યાલયો હોય એમાં ૪૦ ટકા છોકરાઓને પ્રવેશ આપી શકાશે, તો કેમ આવું થયું? કન્યા વિદ્યાલયોમાં ચાલીસ ટકા છોકરાઓને પ્રવેશ આપવો એવો કેમ પ્રશ્ન ઉપસ્થિત થયો? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત પણ ધ્યાને મૂકવી છે કે, જે કન્યાઓને ખાસ કરીને દશ અને અગિયાર એટલે કે સેકન્ડરી અને હાયર સેકન્ડરીમાં દીકરીઓ અભ્યાસ માટે જવી જોઈએ એટલે ત્યાં આગળ સુવિધાઓ પૂરી ન હોવાના કારણે ત્યાં દીકરીઓ દશમા અને અગિયારમા ધોરણમાં કે કૉલેજમાં જઈ શકતી નથી એટલે મારું એક સૂચન છે કે, કૉલેજ કક્ષાએ પણ આવી નિવાસી શાળાઓ, કન્યા વિદ્યાલયો શરૂ કરીને આ દીકરીઓ આગળ અભ્યાસ કરી શકે એ માટેની સુવિધાઓ ઊભી કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક એ વાત પણ ધ્યાને મૂકવી છે કે, આ રાજયના ૭૮ તાલુકાઓ એવા છે કે ત્યાં ખાસ કરીને કન્યા સાક્ષરતાનો દર ખૂબ નીચો છે એવી જગ્યાઓએ ખાસ કરીને ખાસ કેસ તરીકે આવા તાલુકાઓમાં કન્યા વિદ્યાલય અને કન્યા શાળાઓ સરકારે ગ્રાન્ટવાળી કાં તો રાજય સરકારે શરૂ કરવી જોઈએ અથવા તો કોઈ સ્વૈચ્છિક સંસ્થા શરૂ કરવા માગતી હોય તો એને ગ્રાન્ટવાળી શાળા શરૂ કરવા માટેની છૂટ આપવી જોઈએ. આજે જે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો ચાલે છે, એમાં જોઈએ તો મોટાભાગની સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો/ શાળાઓ છે એ ફક્તને ફક્ત એની મંજૂરી પૂરતી ધારાધોરણો હોય એ રજૂ કરીને મંજૂરી એ મેળવી લે છે, પછી એ બધા નિયમોનું પાલન એક પણ નિયમનું પાલન મોટી શાળાઓ કરતી નથી, ઘણી શાળાઓમાં અનિયમિતતા જોવા મળે છે. ત્યાં કદાચ પૂરતા મકાનની સુવિધા નથી, આરોગ્ય વિષયક સુવિધાઓ ન હોય, રમતગમતના પૂરાં સાધનો ન હોય, પ્રયોગને લગતાં પૂરાં સાધનો ન હોય અને છતાંય શોપીંગ સેન્ટરોની અંદર શાળાઓ ચાલતી હોય કે જેની અંદર શૈક્ષણિક લાયકાતવાળો પૂરતો સ્ટાફ પણ ન હોય, એવી જગ્યાઓએ આવી શાળાઓ ચાલે છે આવી જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ ચાલતી હોય એવી શાળાઓમાં રાજય સરકારે ચૅકીંગ કરીને કડક હાથે કામ લઈને એવી જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ છે કે જેની પાસે અનિયમિતતાઓ જોવા મળતી હોય તો એવી શાળાઓ તાત્કાલિક બંધ કરવી જોઈએ, આની સાથે એક બીજી પણ શંકા એ ઊભી થઈ રહી છે કે જે સેલ્ફ ફાઈનાન્સ આપવાનો રાજય સરકારે આવો જે નિર્ણય કર્યો છે એની સામે એક લાલબત્તી હું ધરું છું, માનનીય અધ્યક્ષશ્રી, જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ અને કૉલેજો છે એની અંદર અનામતનો કોઈ જગ્યાએ રેશિયો ધ્યાનમાં લેવામાં આવતો નથી, જેની જે ભરતી કરવામાં આવી છે એ ભરતીમાં પણ કોઈ ધારાધોરણને ધ્યાનમાં લઈને નહીં, ભરતી પણ કોઈ ધારા ધોરણને

ધ્યાનમાં લઈને નહીં પોતાની મનસૂફી પ્રમાણે આવી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓના સંચાલકો છે એ સ્ટાફની અને બાકીની ભરતી કરે છે. આ ફકતને ફકત અમને એવું લાગે છે કે, આ રીતે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની આડેધડ મંજૂરી આપવામાં આવશે તો અત્યારે જે લોકો શિક્ષણથી વંચિત છે એમાં આવતા દિવસોમાં એથી પણ વધારે લોકોને શિક્ષણથી વંચિત રાખવાનો આ સરકારનો ઈરાદો હોય એવું અમને સ્પષ્ટ દેખાય છે કારણ કે, સેલ્ફ ફાઈનાન્સ શાળા અને કોલેજો છે એમાં ખૂબ ઉંચી ફી છે ત્યાં ઉંચી ફી આપીને કોઈ ગરીબ વર્ગનો કે સામાન્ય માણસ પોતાના બાળકને અભ્યાસ કરાવી શકે એમ નથી. આવતા દિવસોમાં અમે જોઈ રહ્યા છીએ કે શિક્ષણની અંદર પણ બે સ્તર ઉભા થવાના છે, જેમ અત્યારે સામાન્ય વર્ગ અને ધનવાન વર્ગ જોવા મળે છે એમ શિક્ષણમાં બે વર્ગ આવતા દિવસોમાં અમે જોઈ રહ્યા છીએ. એવું ન બને એટલા માટે જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓને આડેધડ મંજૂરીઓ આપવામાં આવે છે એ પણ જોઈને એના ધોરણો તપાસીને અને યોગ્ય જણાય તો જ સેલ્ફ ફાઈનાન્સ શાળાઓને મંજૂરી શિક્ષણ વિભાગે આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૮માં કોમ્પ્યુટર વિષય દાખલ કર્યો છે પણ કોમ્પ્યુટર વિષય દાખલ કર્યા પછી એ કોમ્પ્યુટર શીખવવા માટેના ઈન્સ્ટ્રકટર અથવા તો જેને શિક્ષક કહીએ છીએ એની ભરતી કરવા માટેની તાત્કાલિક જોગવાઈ થવી જોઈએ અને જો એમ નહીં થાય તો એના માટે કોમ્પ્યુટરના બિન કવોલિફાઈડ માણસને રાખીને કોમ્પ્યુટર શીખવવામાં આવશે. ખાસકરીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે જેનું સરકાર મારફત સંચાલન કરવામાં આવી રહ્યું છે એવી શાળાઓમાં ધોરણ-૧૦ અને ૧૨માં ખૂબ નીચા પરિણામો આવ્યા છે. હવે નીચા પરિણામો આવવાના બે-ત્રણ કારણો મારા ધ્યાન ઉપર આવ્યા છે એ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. જે સરકારી શાળાઓ છે એમાં જે તે વિષયના નિષ્ણાંત શિક્ષકો હોવા જોઈએ કવોલિફાઈડ શિક્ષકો જેને કહેવાય એ હોવા જોઈએ એ મોટા ભાગની સરકારી શાળાઓમાં છે નહીં. જયારે બિન સરકારી શાળાઓ છે એમાં વિદ્યાર્થીઓનો ધસારો આગળ વધી રહ્યો છે ત્યારે બિન સરકારી શાળાઓમાં વર્ગ વધારો ન આપવાના કારણે ૬૦-૬૫ ને બદલે ૯૫-૧૦૦ વિદ્યાર્થીઓને એક જ કલાસમાં પ્રવેશ આપવામાં આવે છે ત્યારે ૬૦ ઉપર કે ૬૫ ઉપર વિદ્યાર્થીની સંખ્યા વધે તો એને ધ્યાને લઈને વર્ગ વધારો તાત્કાલીક મંજૂર કરવો જોઈએ.

માનનીય અધયક્ષશ્રી, બીજી ખાસકરીને એક-બે વાત ધ્યાન ઉપર મૂકવી છે કે, સામાન્ય રીતે એકાદ-બે વર્ષે પાઠય-પુસ્તકો બદલાતા રહે છે ત્યારે પાઠય-પુસ્તક જયારે બદલાતા હોય ત્યારે અગાઉથી પ્લાનિંગ કરીને, આયોજન કરીને પાઠય-પુસ્તક આવતા દિવસોમાં બદલાવાના છે એને ધ્યાને લઈને સમયસર ગ્રામ્ય વિતારોમાં પાઠય-પુસ્તક મળી રહે એવી વ્યવસ્થા રાજય સરકારે કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે બિન સરકારી શાળાઓ છે કે જે ગ્રાન્ટ લેતી માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે એનો જે વહીવટી સ્ટાફ કહેવાય કલાર્ક અને પટાવાળા, એમાં પટાવાળા માટે હમણાં છૂટછાટ આપી છે પણ કલાર્ક જેની વહીવટી પાંખ છે એની ભરતી કરવા માટે મંજૂરી આપવામાં આવતી નથી, એમાં ભરતી કરવા માટે વહેલીતકે છૂટછાટ આપવી જોઈએ. ખાસકરીને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦ ધોરણ પછી ડ્રોપ આઉટ રેશિયો છે એ આજે વધતો જાય છે એ ડ્રોપ આઉટ રેશિયો વધતો જાય છે એના ઘણાં કારણો છે. ખાસકરીને શાળાઓમાં પૂરતી સુવિધા ન હોય, શાળાઓમાં પૂરતા શિક્ષકોની સંખ્યા ન હોય, અમુક શાળાઓ એક જ વર્ગની શાળા હોય એમાં ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે એના કારણે ઘણા વિદ્યાર્થીઓ અધવચ્ચેથી પોતાનો અભ્યાસ છોડીને ઉઠી જાય છે ત્યારે આવી જગ્યાએ જયાં એક વર્ગની શાળા હોય અને એની પૂરતી સંખ્યા ધ્યાનમાં રાખીને વર્ગ વધારો તાત્કાલીક આપી દેવો જોઈએ. આપણા સૌને માટે આજે ચિંતાનો વિષય એ છે કે, ગયા વર્ષે સાયન્સ પ્રવાહમાં ૭૨ હજાર વિદ્યાર્થીઓ ૧૨મા ધોરણમાં પરીક્ષા આપી રહ્યા હતા જયારે ચાલુ વર્ષે લગભગ ૩૮ હજાર વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહમાં ૧૨માં ધોરણમાં પરીક્ષા આપવાના છે. ૪૭ ટકા જેવી સાયન્સ પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે. આ આપણા સૌને માટે ચિંતાનો વિષય બને છે કેમ કે આવતા દિવસોમાં આપણે આ રીતે ચાલીશું તો સાયન્સ પ્રવાહની કોલેજો છે એ બંધ કરવાનો વારો આવશે. મેડિકલ અને એન્જીનીયરીંગમાં પૂરતી સીટોના પ્રમાણમાં આપણને એના ઉમેદવારો મળશે નહી. ત્યારે વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ ૮-૯ અને ૧૦માં વિજ્ઞાન પ્રવાહમાં રસ લેતા થાય અને વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ તરફ આકર્ષાય એના માટે આપણે સૌએ ચિંતા કરવી પડશે. આમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ન હોય એવી જગ્યાએ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ઉભી થાય એ માટે રાજય સરકારે આગળ વધવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી ચિંતાનો વિષય ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર અને ગરીબ લોકો માટેનો એ છે કે હમણાં છેલ્લાં કેટલાક વર્ષોથી બી.એડ. અને પી.ટી.સી. ની સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ કરવામાં આવી છે એમાં ફિકસ ફી નક્કી કરેલ હોવા છતાં આ કોલેજોવાળા પોતાને મનફાવે તેટલી ફી વિકાસના બહાના હેઠળ લઈને પ્રવેશ આપે છે. એના માટે રાજ્ય સરકારે ચિંતા કરીને જે લોકો આવી સેલ્ફ ફાઈનાન્સ કોલેજો ચલાવતા હોય અને ઉંચી ફી લેતા હોય અને એમની પાસે પૂરતી મકાન, ફર્નિચર વિગેરેની સુવિધા ન હોય તેવી કોલેજોને તાત્કાલિક બંધ કરવા માટે સરકારે પગલાં ભરવા જોઈએ. અમને તો એવું લાગે છે કે, ધીમેધીમે આ રાજય સરકાર આર્થિક, નબળા અને ગરીબ વર્ગના લોકોને શિક્ષણથી વંચિત રાખવા માટે આયોજનબદ્ધ આગળ વધી રહી છે. તાજેતરમાં એવા પગલાં લેવાયા છે કે, ડૂપ્લીકેટ માર્કશીટ એના રૂપિયા પંદર હતા એના પચીસ ફી લેવાનું આ રાજ્ય સરકારે નક્કી કરેલ છે, માઈગ્રેશન સર્ટીફિકેટ માટે પચીસ રૂપિયા હતા એના બદલે પચાસ રૂપિયા કરી નાંખ્યા. નામ સુધારણા માટે, એમાં તો ક્યાંક કદાચ શાળાની પણ ભૂલ રહી ગઈ હોય કદાચ બોર્ડમાં પણ ભૂલ રહી ગઈ હોય તો ફક્તને

ફક્ત નામ સુધારણા માટે જે રૂપિયા વીસ હતા એના બદલે પચાસ રૂપિયા કરી નાંખવામાં આવ્યા છે, જ્યારે માર્કશીટ જે ખરાઈ કરવા માટે પ્રમાણિત કરવા માટે બોર્ડમાં મોકલવામાં આવે છે એની ફી આજની તારીખ સુધી હતી નહિ આ ચાલુ વર્ષે આ રાજ્ય સરકારે પચીસ રૂપિયાની ફી લેવાનું પણ નક્કી કર્યુ છે.

મારે બીજી પણ એક વાત યુનિવર્સિટીની કરવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, એની અંદર ખાસ કરીને છેલ્લાં વખતમાં જે ભરતી થઈ છે એ કઈ રીતે થઈ છે તે જાણવા જેવું છે એની અંદર જે કુલપતિ હતા એમણે મૂરતિયા મુજબ માપદંડ નક્કી કર્યા, કેવો મૂરતિયો છે એના પ્રમાણે એના માપદંડ નક્કી કરીને એની ભરતી કરી છે. મારો તે સારો એના ધોરણે ભરતી કરી છે. ભરતી માટેની લાયકાત હોય કે ના હોય આ મારો છે માટે સારો છે એ રીતેની ભરતી કરવામાં આવી છે.

મારે રમતગમતની અંદર એકબે સૂચન કરવાં છે. આ ક્ષેત્રની અંદર પણ આજે મોટા પ્રમાણમાં ગેરરીતિ થઈ રહી છે જે વિદ્યાર્થી રમતગમતની અંદર ભાગ લે એમને રમતગમતના મેદાન પર જે સુવિધા મળવી જોઈએ એ સુવિધા આ વિભાગ તરફથી અને જે તે જિલ્લાના અધિકારીઓ તરફથી પૂરી પાડવામાં આવતી નથી. આમાં પણ મારો તે સારોનો ભેદભાવ રાખી અને એ રીતે મારા તારાનો ભેદભાવ રાખીને જે સારા હોય રમતગમતમાં આગળ વધવા માગતા હોય એવા વિદ્યાર્થી પ્રત્યે પણ ખૂબ રાગદ્વેષ રાખવામાં આવે છે.

હું બે - ત્રણ સૂચન કરીને મારી વાત પૂરી કરીશ. અત્યારસુધી માનનીય મંત્રીશ્રી અને સરકાર તરફથી સ્વનિર્ભર કોલેજોની વાત કરવામાં આવતી હતી ત્યારે સામાન્ય રીતે મોટાભાગની સેલ્ફ ફાઈનાન્સની મંજૂરી આપવી અને ગ્રાન્ટવાળી શાળાઓની કોઈ મંજૂરી આપવી નહિ એવું સરકારે નક્કી કરેલ પરંતુ બે કોલેજોને છેલ્લા વર્ષમાં જે સ્વનિર્ભર કોલેજો હતી અને ગ્રાન્ટ વિનાની હતી એને ગ્રાન્ટવાળી તરીકેની મંજૂરી આપી છે મને તો એમાં પણ શંકા છે કે સ્વનિર્ભર હતી એને ગ્રાન્ટવાળી કરવાનું કારણ શું છે એ પાછું ગ્રામ્ય વિસ્તારની અંદર નહિ ગ્રામ્ય વિસ્તાર હોય જ્યાં ખાસ કરીને સુવિધા ન હોય અને ત્યાં ઉભી કરવા માટેનું કોઈ આયોજન કર્યુ હોય તો ચોકકસ હું એ વાત સ્વીકારત. પરંતુ આ બે કોલેજો છે ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા અને વી.આર. ભગત મહિલા બી.એડ કોલેજ, કામરેજ. આ બન્ને જે સ્વનિર્ભર કોલેજો હતી એને ગ્રાન્ટવાળી કોલેજો તરીકે મંજૂર કરી દેવામાં આવી છે. એમાં પણ અમને કોઈ શંકા દેખાય છે.

મારે આરોગ્યના બે ત્રણ સૂચનો કરવાં છે અને એ કરીને હું મારી વાત પૂરી કરીશ. રાજકોટ જિલ્લાની ખાસ કરીને જે સરકારી હોસ્પિટલો છે એમાં મારે થોડાંક સૂચનો કરવાં છે. રાજકોટ સિવિલ હોસ્પિટલની અંદર જે સીટી સ્કેન મશીન છે એ છેલ્લા એકાદ વર્ષમાં પાંચથી સાત વખત બંધ રહે છે. આ બાબતે મેં અનેક વખત આરોગ્ય વિભાગ અને માનનીય મંત્રીશ્રીનું પણ ધ્યાન દોર્યુ છે. એમાં બીજું એક ધ્યાન દોરવા યોગ્ય સૂચન એ છે કે પદમકુંવરબા હોસ્પિટલ છે એની અંદર જે એક લિફ્ટ મૂકી એ એક મહિનો જ ચાલી આજે છેલ્લા છ વર્ષથી આ લિફ્ટ બંધ છે એના માટે હું રજૂઆત કરતો આવ્યો છે એને રિપેર કરવામાં આવતી નથી. બીજું રાજકોટ જનાના હોસ્પિટલની અંદર હું જાતે ત્યાં મુલાકાત લઈને આવ્યો છે. મેં ત્યાં જે કંઈ જોયું છે ત્યાં તો અસામાજિક તત્વોનો અડ્ડો છે ત્યાં વાહનોનું પાર્કિંગ એના કમ્પાઉન્ડમાં થાય છે રાત્રે જનાના હોસ્પિટલમાં બહેનો અને બાળકોની કોઈ સલામતી નથી. આ બાબતે મેં અનેકવખત આરોગ્ય વિભાગનું ધ્યાન દોર્યુ છે છતાં પણ કોઈ કાર્યવાહી થતી નથી.

ખાસ કરીને રાજકોટમાં જે મેડિકલ કોલેજ છે એની અંદર કાર્ડિયાક વિભાગ શરૂ કરવામાં આવે કારણકે સૌરાષ્ટ્રના મધ્યમાં રાજકોટ આવેલ છે રાજકોટની અંદર મેડિકલ કોલેજમાં કાર્ડિયાક વિભાગ શરૂ કરી કાર્ડિયોલોજિકલ સર્જરી શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના જે દર્દીઓને અમદાવાદ સુધી સરકારી સિવિલ હોસ્પિટલની અંદર આવવાની જરૂર પડે છે તે જરૂર પડે નહિ અને ઓછા ખર્ચે આ સારવાર થઈ શકે. સિવિલ હોસ્પિટલની અંદર ન્યુરોલોજિસ્ટ અત્યારે પાર્ટટાઈમ છે એને ફુલટાઈમ કરવા જોઈએ અને જે ઓર્થોપેડિક્માં કે અન્ય ઓપરેશન માટે એકાદ અઠવાડિયા સુધી એમાં ઓપરેશન થતાં નથી ત્યારે ઓપરેશન થિયેટર એક કરતાં વધારે શરૂ થાય તે પણ જરૂરી છે, એટલું કહીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં શિક્ષણ મંત્રી અને આરોગ્ય મંત્રી માગણી નંબર ૭,૮,૩૭ અને ૩૮ લઈને આવ્યા છે, તેને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

દરેક મનુષ્યે તેના જીવનમાં બાળપણમાં શિક્ષણ અને સંસ્કારો મેળવ્યા હોય છે તેનું મહત્ત્વ સૌથી વધારે હોય છે. આધુનિક વિજ્ઞાન અને સંશોધને સિદ્ધ કર્યુ છે કે બાળપણમાં મળેલા સંસ્કાર, શરૂઆતમાં વર્ષોમાં મળેલા તે સંસ્કાર તેને કાયમને માટે યાદ રહેતા હોય છે. ગુજરાતની સ્થાપના પછી શિક્ષણ વિભાગ આજે કાર્યરત છે જે શિક્ષણ વિભાગે છેલ્લાં પાંચ વર્ષમાં આ રાજયમાં જે શિક્ષણ આપ્યું છે અને શિક્ષણની ચિંતા કરી છે ખરેખર મારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને કહેવું છે કે, આજે તમે આંકડાકીય માહિતી જોઈ લો. આજે શિક્ષણ વિભાગે જે કામગીરી કરી છે એમાં એક ભાઈએ કહ્યું કે ડ્રોપ રેશિયો. મારે એ કહેવું છે કે ૧૯૯૧માં ૪૯ ટકા ડ્રોપ રેશિયો હતો. આજે ૧૭ ટકા છે. સાહેબ, આ ઘટવાનું કારણ શું? તે કારણ હોય તો રાજય સરકાર જે શિક્ષણ વિભાગ પાછળ આ રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી, તમામ મંત્રીશ્રીઓ સાક્ષરતા અભિયાનમાં રાજયના ગામડે ગામડે જઈને લોકો પાસે જે શિક્ષણની ભીખ માગે છે મારે કહેવું છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકામાં રાજયના મુખ્યમંત્રી એક ગામમાં એક કાર્યક્રમમાં હતા અને હું પણ તેની સાથે હતો અને તેમાં મુખ્યમંત્રીએ એવું પૂછયું કે આ આખા ગામમાંથી દશ ધોરણ ઉપર ભણેલાં બાળકો કેટલાં છે. બે જ લોકો. આખા ગામમાંથી બે જ લોકો દશ ધોરણ

ઉપર ભણેલાં અને આજે હું એમ કહું છું કે, રાજયની સચિવ કક્ષાની વ્યકિત હોય, અધિકારી કક્ષાની વ્યકિત હોય જે ગામડે ગામડે જઈને મારા તાલુકાની અંદર મૂળી તાલુકાની અંદર, ચોટીલા તાલુકાની અંદર, સાયલા તાલુકાની અંદર શિક્ષણ માટેનો જે વિષય છે, શિક્ષણ માટેની રાજય સરકારે ચિંતા કરી તે કયારેય ભૂલી શકાય તેમ નથી. ૪૫ વર્ષની અંદર શિક્ષણ મંત્રીશ્રી તરીકે જો કોઈ કામગીરી કરવામાં આવેલી હોય તો આજે કુંવરજીભાઈ, બિરદાવવી જોઈએ એવી કામગીરી થાય છે, આ સંયુક્ત ચિંતાનો વિષય છે.

રાજય ઉદ્યોગની દ્રષ્ટિએ, વીજળીની દ્રષ્ટિએ, પાણી પુરવઠાની દ્રષ્ટિએ અનેક ક્ષેત્રે આગળ જઈ રહ્યું છે પણ હું તો એમ કહું છું તેનો મુખ્ય હેતુ શિક્ષણ છે. શિક્ષણ વિના આ રાજયની પ્રગતિ નહીં થાય. તેમાંય જે વિદ્યા લક્ષ્મી બોન્ડ આપવાની વાત આવે તેમાં કેટલી પ્રગતિ મળે છે. આજે હું એમ કહું કે અનેક લોકોએ પૈસા આપ્યા અમુક શિક્ષણની વસ્તુ ખરીદવા માટે ભેટ આપી. ક્યારે આપે? આજે ગમે તે સંસ્થા ચાલતી હોય, ગમે તે લોકો વહીવટ કરતા હોય, વહીવટકર્તા ઉપર વિશ્વાસ મૂકે છે ત્યારે માણસ દાન આપે છે. આ વહીવટકર્તા છે જે આપણે તેને દાન આપીએ તેને કારણે આપણને દાન મળી રહ્યું છે.

૨૬મી જાન્યુઆરીએ ભૂકંપ આવ્યો અને તેમાં અનેક બાળકોના મૃત્યુ થયાં. કચ્છની અંદર તો આપણે બધા જાણીએ છીએ તેમાં રાજય સરકારે વીમા યોજના દાખલ કરી અને તે વીમા યોજનાને કારણે આજે ૬૫૫ બાળકો ૨ કરોડ ૧૫ લાખના તેના ગરીબ વાલીઓને તેનું વળતર મળ્યું છે. એક એક બાળકની ચિંતાનો વિષય છે આજે જ્યારે વર્ગખંડની વાત થતી હતી આજે આપણે જોઈએ વર્ષો પહેલાં અમે અમારા ગામડામાં નિશાળો જોઈ છે અને તેની કામગીરી જોઈ છે. આજે હું તો એમ કહું છું ભૂકંપમાં જેટલી નિશાળો બની ગામમાં સારામાં સારું મકાન આજે નિશાળનું છે. બાંધકામની સારામાં સારી કામગીરી નિશાળની છે. શેના કારણે? આજે રાજય સરકારનું સતત એના ઉપર માર્ગદર્શન છે. પહેલાં તો આવીને ગાર-માટીનું કરીને જતા રહેતા અને પડી જતું હતું. આજે વર્ગખંડોનું જે બાંધકામ કર્યુ છે, મારા તાલુકામાં સુરેન્દ્રનગર જિલ્લાની અંદરે શાળાઓના બાંધકામની કામગીરી અને ઓરડાની ઘટ મુજબ એક એક ગામમાં રાજય સરકારે જે ચિંતા કરી છે અને શાળાના ઓરડા બનાવ્યા છે. આ ગૃહમાં થોડા દિવસ પહેલા પ્રશ્ન હતો કે સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ કેટલી? જવાબ છે ૪૯. પાંચ વર્ષ પહેલાં કે ૧૯૯૫ પહેલાં મેં જોયું છે કે જે શાળામાં ૧૦ નું સેટ-અપ હોય, એમાં ૨ શિક્ષકોને ફરજ બજાવતા મેં જોયા છે. એક શાળાની અંદર ૧૦ ની ઘટ હોય. એના બદલે આજે આખા તાલુકામાં ૧૦ ની ઘટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા મથકે જે ભરતીની કામગીરી થઈ, એના ઓર્ડરો આપવામાં આવ્યા. ઘણા લોકો કહે કે જયંતિભાઈ, મને ફલાણા ગામમાં મૂકે એવું કહો ને. સાહેબ, કેમ્પમાં હું હાજર રહ્યો હતો. ૮૪૯ જગ્યા ખાલી હતી, એની સામે જાહેરમાં બોર્ડ પર લિસ્ટ મૂકેલું હતું. એમાં મેરિટ મુજબ, મારા તારા કોઈ નહીં. મેરિટ મુજબ જે ભરતી અમારા જિલ્લામાં થઈ એ મેં જોયું છે. એ ભરતી કરતા અધિકારીઓને મેં જોયા છે. એક પણ શિક્ષક એવા નહીં, એમણે મને સામેથી કહેવું પડયું કે જયંતિભાઈ, આમાં કોઈનું ન ચાલે. આપણી પાસે જે ભલામણ કરાવવા આવે છે એ જ માણસ આ વાતને સ્વીકારે છે. આ એક નમૂનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લામાં શિક્ષણ તાલીમ ભવન બનાવવામાં આવ્યાં. બી.આર.સી.ભવન બનાવવામાં આવ્યાં. મારા તાલુકામાં આજે બી.આર.સી.ભવનની કામગીરી ચાલે છે. આ એક એક વિષય ઉપર આજે રાજય સરકારે વાચન, લેખન અને ગણનનો કાર્યક્રમ આપવામાં આવ્યો. હું મારા તાલુકાની દસ શાળાઓમાં ગયો છું. એ દસ શાળાઓમાં જઈને મેં જોયું છે કે જે શિક્ષકો છે, એ શિક્ષકોએ જે કામગીરી કરી છે, એનો જે ઉત્સાહ હતો. અહીંથી રાજય સરકાર ગમે તેટલો લક્ષ્યાંક આપે, એ લક્ષ્યાંકની સિદ્ધિ પ્રાપ્ત કરનારા લોકો, અધિકારી ગણ તો ત્યાં બેઠો છે, એને ઉત્સાહ હતો કે મારા ધોરણમાં પાંચ, દસ બાળકો નબળાં છે, એ બાળકોને અલગ બેસાડીને શિક્ષણ આપવું છે. એક એક શિક્ષકે જે કામગીરી કરી છે, એક એક શિક્ષકે પોતાના સમય પછી, મેં ઘણા ગામોમાં જોયું છે કે એનો સમય પૂરો થયા પછી એવું કહે છે કે આ દસ છોકરાંને મારા ઘરે આવવાનું છે. આવા શિક્ષક જોયા છે. બે લોકો ખરાબ પણ હશે, એમાં હું પડવા માગતો નથી, પણ સારા શિક્ષકોને મેં જોયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અંદર ઓરડાની વાત કરી. આજે ૫-૧૦ વર્ષ પહેલા શાળાને દિવાલ હતી જ નહીં. એની અંદર ગામના લોકો પત્તા રમવા બેસતા હતા. કૂતરાં, ઢોરાં ઘૂસી જતા હતા. આજે એક એક શાળાને કાયદેસર એની દિવાલ, વરંડો બનાવવામાં આવ્યો. એક એક શાળામાં પાણીની અને ટોયલેટની સુવિધા આપવામાં આવી. આવી નમૂનારૂપ કામગીરી કરવામાં આવી છે. મારે આપના થકી કહેવું છે કે તામિલનાડુ રાજયની અંદર આગ લાગવાને કારણે જે બાળકોના મૃત્યુ થયાં છે, એની ચિંતા આ રાજયના શિક્ષણ વિભાગે કરી છે કે ગુજરાતમાં કયારેય આવી ઘટના ન બને. એની રાજય સરકારે ચિંતા કરી છે. એના પગલાંરૂપે અનેક સૂચનાઓ આપવામાં આવેલી છે.

આ રાજયને જો પ્રગતિના પંથ ઉપર લઈ જવું હોય તો અહીંયાં બેઠેલા તમામ સભ્યશ્રીઓએ એમાં સંયુકત રીતે ચિંતા કરવી પડશે અને એ ચિંતા કરવાની સાથેસાથે મારે માનનીય શિક્ષણમંત્રીશ્રીને એક સૂચન કરવું છે કે અત્યારે ગ્રાન્ટેડ સ્કૂલો ૬૦:૪૦ માં આપવામાં આવે છે. પહેલા વર્ષે ૧૦૦ ટકા, બીજા વર્ષે ૧૦૦ ટકા, ત્રીજા વર્ષે ૧૦૦ ટકા, ચોથા વર્ષે ૭૫ ટકા અને પછી ૬૦ એ રીતે ગ્રાન્ટ આપવામાં આવે છે. તો મારું એમ કહેવું છે કે આ શાળાઓ માંગનારા લોકો છે એ સમાજને કાંઈક આપવા માટે આ શાળાઓ માગે છે. જેને શિક્ષણને એક ધંધો માનીને પાંચ પૈસા કમાવા છે એવા લોકોને ૧૦૦ ટકામાં આપીએ તો પણ એ લેવા તૈયાર નથી. મારે કહેવું છે કે ભલે મકાનની મરામત, ભાડાની વાત એકબાજુ રાખીએ, પરંતુ શિક્ષકોનો પગાર ૧૦૦ ટકા આપવાની સાથે ભલે

આવતા દિવસોમાં વજુભાઈ સાથે બેસીને એ કરવામાં આવે. મારો કહેવાનો આશય એ છે કે આવી સંસ્થાઓ માગનાર લોકો આ રાજયમાં સમાજને કાંઈક આપવા માટે એ કરે છે એવા લાકોએ આવી શાળાઓની માગણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈંગ્લીશ મિડિયમમાં ભણતા દસમા ધોરણનાં બાળકોનાં પેપરો જોવા માટે ખરેખર ઈંગ્લીશ વિષયના શિક્ષકો હોય એમની મારફત જ આવાં પેપરો જોવાવાં જોઈએ કે જેથી આવા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય. આજે આપણી વચ્ચે અમરસિંહભાઈ નથી. મને બરાબર યાદ છે કે જે દિવસે નિરમા યુનિવર્સિટીનું બિલ, રિલાયન્સ યુનિવર્સિટીનું બિલ આવ્યું હતું અને એની ઉપર આ જ ગૃહમાંથી માનનીય અમરસિંહભાઈએ વિદ્વવતાપૂર્વક પ્રવચન આપતાં એમ કહયું હતું કે આ જે વિચાર તમને આવ્યો છે એ મારા માટે એક ગૌરવની બાબત છે. કચ્છ યુનિવર્સિટી હોય, કચ્છની માગણી હોય અને કચ્છ કેટલું દૂર હતું અને વિદ્યાર્થીઓને કેટલી મુશ્કેલી પડતી હતી એ આપણે બધા જાણીએ છીએ, પરંતુ કહેવાનો આશય એ છે કે સારું કામ હોય એને દરેકે બિરદાવવું જોઈએ. આજે હું એમ કહું છું કે ગણપત યુનિવર્સિટી કરવા તરફ રાજય સરકાર જઈ રહી છે, સોમનાથની સંસ્કૃત યુનિવર્સિટી બનાવવા તરફ રાજય સરકાર જઈ રહી છે તો એ શું બતાવે છે? આ કેવો વિચાર છે. આ વિચાર એ કાંઈ છત્તીસગઢના મુખ્યમંત્રીશ્રી માંહેની યુનિવર્સિટી નથી કે એમાં આપણે જોઈએ છીએ કે અનેક કૌભાંડો એમાં થયાં છે, અનેક યુનિવર્સિટીઓ થઈ છે અને એના કારણે આજે ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ ત્યાંની યુનિવર્સિટીઓનાં ખોટાં સર્ટિફિકેટોમાં પકડાયા છે, રાજય સરકારે આવાં ખોટાં સર્ટિફિકેટોવાળા ઉમેદવારોને પકડયા છે અને એમાં કોઈને છોડવા માગતી નથી. એવા એકેએક શિક્ષકને નોકરીમાંથી છૂટા કર્યા છે અને એકેએક ઉપર પગલાં લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેધરલેન્ડર સરકારના કાર્યક્રમ મુજબ ખરેખર ત્રણ જિલ્લા પસંદ કરવામાં આવ્યા છે એમાં સુરેન્દ્રનગર, કચ્છ અને સાબરકાંઠા. આ એટલા માટે પસંદ કરવામાં આવ્યા છે કે આ જિલ્લા પછાત છે, આ જિલ્લાઓમાં વધુ સુવિધા મળે એટલા માટે આ કામગીરી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની વાત કરું તો મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે આ ગુજરાતમાં ઝીરોથી ૧૨ વર્ષનાં બાળકોમાં આંગણવાડીમાં અભ્યાસ કરતા હોય, શાળામાં અભ્યાસ કરતા હોય એવા બાળકોના આરોગ્યની તપાસણી શાળાઓમાં જઈને કરવામાં આવી છે. આ કામગીરી વર્ષો પહેલાં પણ થઈ શકતી હતી, પરંતુ એ થઈ શકયું ન હતું અને આવાં બાળકોની જે તપાસણી થાય એમાં જે કોઈ બિમારી પકડાય તો રાજય સરકાર એવાં બાળકોને સુવિધા સાથે સારવાર આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જીવન રક્ષક કેન્દ્રોની વાત કરું તો ગુજરાતમાં અનેક વખત એકસીડન્ટ થતા અને એવા એકસીડન્ટ ઝોન કે આપણને ખબર હોય કે આ વિસ્તારમાં બહુ એકસીડન્ટ થાય છે.અમને ખબર છે કે લીંબડી, અમદાવાદ હાઈવે, રાજકોટ હાઈવે ઉપર, જયારે છાપું ખોલીએ તો એમ કહેવામાં આવતું કે દસ લોકોના મૃત્યુ થયા છે, એ જગ્યા પર આજે સરકાર તરફથી આવી સગવડ આરોગ્ય માટે આપવામાં આવી છે અને એકે એક ઝોન જે આવા છે તેના ઉપર ૨૪ કલાક સેવા અને સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. હું એમ કહેવા માગું છું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર ખોલવામાં આવ્યું અને આજે કોઈને રસ્તામાં અકસ્માત થાય, અને દર્દીને હોસ્પિટલમાં બતાવવા જઈએ, તો મને ખબર છે કે દર્દીને માથુ દુ:ખે છે, પણ કોઈનો પગ ભાંગી ગયો હોય એ જ માણસને માથામાં પણ ઈજા હોય અથવા પેટમાં પણ વાગ્યું હોય તો એ બધી જ સારવાર એક જ જગ્યાએ મળી રહે અને ડોકટર પણ એક જ જગ્યાએ મળી રહે તેવી સગવડ, જયાં ન્યુરો સર્જન પણ હોય, ઓર્થોપેડિક સર્જન પણ હોય અને ગમે તે જરૂર હોય તે બધા ડોકટર એક જ જગ્યાએ મળી રહે તેવી સગવડ કરી આપી છે, ઘણી વખત એવું થતું હતું કે દર્દીને હોસ્પિટલમાં લઈને જઈએ તો એમ કહેવામાં આવતું કે આટલું અમે કરી આપશું, પણ પેલા માટે તમારે બીજી જગ્યાએ જવું પડશે. ત્યારપછી બીજું આટલું કરવા માટે અહીં કરાવવું પડશે, એમ કહેવામાં આવતું હતું. રાજય સરકારે આરોગ્યની જે સુવિધા આપી છે તે બિરદાવવા જેવી છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૩ બાદ આ રાજયમાં એક પણ પોલિયોનો કેસ નોંધાયો નથી. એટલે એક એક કામગીરી જે કરી રહી છે તેમાં જોઈએ તો ૨૦૦૪ની જાન્યુઆરીમાં છત્તીસગઢમાં રાષ્ટ્રપતિ સાથે એક મિટીંગ થઈ હતી. છત્તીસગઢમાં અહીંના આરોગ્ય વિભાગના પણ ઘણા ડોકટરો હતા, મારે ગૌરવ સાથે કહેવું છે કે આ દેશના રાષ્ટ્રપતિજીએ એમ કહ્યું હતું કે આરોગ્ય માટે જે કામગીરી ગુજરાતમાં થઈ રહી છે તે કામગીરીની શીખ અન્ય રાજયોએ લેવાની જરૂર છે. આ આપણા માટે ગૌરવની વાત છે. હું આજે એમ કહું છું કે સ્ત્રી ભૃણ હત્યા, જયારે આજે આરોગ્ય વિભાગની અને શિક્ષણ વિભાગની માગણીઓ છે ત્યારે બન્ને મંત્રીશ્રીઓ બેઠા છે તેથી જણાવીશ રાજયમાં આરોગ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને એક મિટીંગ કરવામાં આવી, ૩૫-૪૦ ધારાસભ્યો એમાં હાજર હતા, એમાં હું પણ હતો, આ ગૃહના તમામ સભ્યો માટેની આ વાત છે, આપણા માટે કોઈ ચિંતાનો વિષય હોય તો તે સ્ત્રી ભૃણ હત્યાને અટકાવવા માટેનો હોવો જોઈએ, જિલ્લા અને તાલુકા કક્ષાએ ડોકટરોની મિટીંગ કરી અને એમને કાયદેસરની સૂચના આપવી જોઈએ અને એમાં કોઈ ન માને તો બંધારણમાં જોગવાઈ છે તે મુજબ પગલાં લઈ શકીએ છીએ, આ ગૃહના તમામ સભ્યોને મારે કહેવું છે કે આવતા દસ વર્ષ પછી આ રાજયમાં દીકરી સલામત નહીં હોય, આ રાજયમાં દીકરી હરીફરી નહીં શકે, તેમના માવતરની પણ ચિંતા વધી જશે. એટલે આને અટકાવવા માટે રાજય સરકારે શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગના સંયુકતપણે ધારાસભ્યો સાથે તાલુકા તાલુકાએ અને જિલ્લા જિલ્લાએ આ વિષય માટે બહુ ગંભીર થઈ અને ચિંતા કરવાની જરૂર છે.

ભૂકંપ પછી યુરોપિયન કમિશન દ્વારા આરોગ્ય વિભાગે જે કામગીરી સંભાળી છે તે મારે ગૌરવ સાથે આજે કહું છું કે મારા જિલ્લામાં આરોગ્ય મંત્રીશ્રીની હાજરીમાં ગામના પ્રતિષ્ઠિત લોકોએ મળીને રજૂઆત કરી કે સાહેબ અમારે ત્યાં પંદર વર્ષ પહેલા ગામથી પાંચ કિલોમિટર દૂર એક સી.એચ.સી. બન્યું છે, કેમ બન્યું છે તે વિષયમાં નહીં પડું, આજે અમે કહીએ છીએ કે ગામની વચ્ચે પુષ્કળ જગ્યામાં જુનું સી.એચ.સી. છે તેને તમે સુવિધા ઉપલબ્ધ કરાવો. ગામના લોકોએ માનનીય મંત્રીશ્રીને કહ્યું કે તમે નવી જગ્યા ઉપર ખર્ચ કરો છો તે ખર્ચ કરવો હોય તો જુની જગ્યાએ કરો, કારણ કે નવું આરોગ્ય કેન્દ્ર છે તે જગ્યાએ જવા માટે વીસ રૂપિયા તો રીક્ષાના બેસે છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે રાજય સરકારને એ સાચું જણાયું અને તેમણે બિરદાવ્યું છે અને ખાતરી આપી છે. યુ.એન. મહેતા સિવિલ હોસ્પિટલમાં સાહેબ, ૨૦૦૨ની સાલમાં ૨૪૬ ઑપરેશનો અને ૨૦૦૪ની સાલમાં ૪૩૨ બાળકોના ઑપરેશનો કરવામાં આવ્યા છે. એક બાળકના ઑપરેશન પાછળ એક લાખ રૂપિયા જેટલો ખર્ચો થતો હોય છે. ત્યારે ગરીબ માણસો જાય કયાં? આ ગરીબ માણસો કેવી મુશ્કેલીમાં આવી જાય છે એ જેને અનુભવ થયો હોય એને ખ્યાલ આવે. આ રાજય સરકાર આ બાળકનો તમામ ખર્ચો ઉપાડે છે ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી અમારા વિસ્તારમાં કોઈપણ દવા માગવામાં આવે જેમાં ૩૩ ટકા આપણે આપીએ છીએ એના દસમાં દિવસે તો પૈસા આવી જાય છે. તે વખતે ગરીબ માણસો ખૂબ રાજી થાય છે. મારા વિસ્તારમાં આવા ચાર-પાંચ કિસ્સા બન્યા છે. જેની પાસે એક રૂપિયો પણ નહોતો, અમુક રૂપિયા ફંડ કરીને આપ્યા પરંતુ ૩૩ ટકા એટલે કે ૯૬ હજાર રૂપિયા દસમા દિવસે મળી ગયા છે. અગાઉ તો અરજી કરીએ એ એમને એમ પેન્ડિંગ પડી રહે અને પાંચ-છ મહિને પૈસા મળે. પરંતુ અત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી દસમાં દિવસે તો દવાના પૈસા મળી જાય છે જે અભિનંદનનેપાત્ર છે. બંને માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી બંને રાજયના મહત્ત્વના વિભાગો અને સમસ્ત પ્રજાને સ્પર્શતા વિભાગોની માગણીઓ લઈને ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યક્ત કરવા ઊભી થઈ છું.

આરોગ્યના અંદાજપત્રીય કામગીરીમાં સિદ્ધાંત મૂક્યો છે, આરોગ્યનો હેતુ સિદ્ધ કરવા માટે આ માગણીઓ લઈને આવ્યા છે. હમણાં માનનીય જયંતિભાઈએ આરોગ્યની બાબતમાં ઘણી બધી વાતો કરી છે. મારે એક વાત સમસ્ત આરોગ્ય વિભાગની જુદા જુદા વિભાગની અંદર, જુદા જુદા વિભાગોના વડાઓના માધ્યમથી આ પ્રક્રિયા ચાલે છે. આ ચાલે છે ત્યારે ગુજરાતના ૧૮ હજાર ગામડાં છે. જેમાં પબ્લિક હેલ્થ સેન્ટરો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ડિસ્પેન્સરીઓ, જુદી જુદી હૉસ્પિટલો એની સાથે જોડાયેલું આરોગ્ય એના મુખ્ય બે કામ છે. એક તો માણસનું આરોગ્ય બગડે નહિ અને બગડયા પછી એનું સ્વાસ્થ્ય જળવાય કેવી રીતે એ જોવાનું હોય છે. આપણે વરસોથી જોતા આવ્યા છીએ કે દર વરસે વિધાનસભા મળે, આ વરસે જોઈએ, ગયા વરસે જોઈએ કે એની પહેલાના વરસે જોઈએ તો એક પ્રશ્ન સતત ચાલ્યા કરે છે કે હૉસ્પિટલોમાં ડૉકટરોની જગ્યાઓ કેટલી ખાલી, ક્લાસ-૧ની કેટલી ખાલી, સ્પેશ્યાલિસ્ટોની કેટલી ખાલી, ક્લાસ-૨ની કેટલી ખાલી. કચ્છ ભૂજની અહીંયા વાત કરવામાં આવી. જે તે વખતના વડાપ્રધાનશ્રીએ કરોડો રૂપિયાનો ખર્ચો કરીને હૉસ્પિટલ બનાવી. એ રીતે બીજી હૉસ્પિટલો બનાવવા માટે પણ કાર્યક્રમો કરવામાં આવે અને એની પાછળ કરોડો રૂપિયા મૂકવામાં આવ્યા. અદ્યતન મશીનરીઓ મૂકવામાં આવી. આજની તારીખે આ હૉસ્પિટલોની પરિસ્થિતિ શું છે એ સમજવા જેવી છે. આજે નવી કામગીરી અંદાજપત્રમાં નવા નવા સ્પેશ્યાલિસ્ટ ડૉકટરોની માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે. ડર્મેટોલોજીસ્ટસની વાત લઈને આવ્યા છે. સાઈકીયાટ્રીકસની વાત લઈને આવ્યા છે. જે જગ્યાએ ડૉકટરો મૂકીએ ત્યાં એ જતા નથી એટલે કોઈપણ વ્યકિતને પરાણે મૂકીએ તો એ ત્યાં કામ કરવાનો નથી. ત્યારે હું સરકારશ્રીને પૂછવા માગું છું કે ડૉકટરો માટે કોઈ સ્પેશ્યલ પૅકેજ જે આદિવાસી વિસ્તાર છે, કચ્છનો વિસ્તાર છે કે જે વિસ્તારમાં ડૉકટરો જતા નથી. હૉસ્પિટલ માત્ર મકાનોથી ચાલવાની નથી, માત્ર આધુનિક મશીનરીથી ચાલવાની નથી. આવી જગ્યાએ ડૉકટરો જાય એના માટે સ્પેશ્યલ પૅકેજ શું કરવા માગો છો? રાજસ્થાન સરકારે નૉન પ્રાઈવેટ પ્રૅક્ટિસ એલાવન્સ કૅન્સલ કરીને પ્રૅક્ટિસ કરવાની છૂટ આપી છે. તો એ રીતે અહીંયા પણ સરકાર કરવા માગે છે? આપણે બહુ સારી કામગીરી કરીએ છીએ. હૉસ્પિટલ છે પણ ડૉકટર એના પ્રાણ છે એના વગર હૉસ્પિટલ ચાલવાની નથી એ વાત સૌએ સમજી લેવાની જરૂર છે.

નવી કામગીરીના અંદાજપત્રમાં મશીનરી માટે પણ નવી વાત લઈને આવ્યા છે. સારી વાત છે. માનનીય ભાઈશ્રીએ વાત કરી, ટ્રોમા સૅન્ટરની અને બધાની, ખૂબ અદ્યતન મશીનરી વગર, અદ્યતન સાધનો અને ઉપકરણો વગર હવે ચાલવાનું નથી. મને નવાઈ લાગે છે કે આ બધામાં ઓરેટનું ભૂત આ વિધાનસભામાંથી જતું નથી. ઓરેટના સાધનોની ખરીદી કેમ થઈ? કઈ રીતે થઈ? કયા કારણોથી કરવામાં આવ્યા? તેના કોન્ટ્રાકટ કરવામાં આવ્યા તે તે શેના આધારિત કર્યા હતા? માનનીય મંત્રીશ્રી આપે જોઈ જવાની જરૂર છે. આજે પણ નવા કામગીરી અંદાજપત્રમાં તમે ચાર કરોડની માગણી લઈને આવ્યા છો. ૫૦ લાખની માગણી લઈને આવ્યા છો. જવાબો પણ વિધાનસભામાં આપ્યા છે ત્યારે મારે એ પૂછવું છે કે ઓરેટના ૨૦૦ કરોડના સાધનો આપે કહ્યું કે આપે ખર્ચ કર્યો નથી. પણ ૨૦ વર્ષમાં આ પૈસા ધીમે ધીમે પાછા આપવાના છે. આખરે એ પૈસા પ્રજાના છે. કોઈ આપણી મિલકત કે આપણી માલિકીના નથી. ત્યારે કરોડો રૂપિયાના લીધેલા સાધનો-ઈન્સ્ટ્રુમેન્ટ માટે આજે પણ વિધાનસભાના નવા

કામગીરી અંદાજપત્રમાં ચાર કરોડની માગણી લઈને આવ્યા. એકમાં ૫૦ લાખની માગણી લઈને આવ્યા. આજે એ સાધનો કયાં પડ્યાં છે? તે સાધનોમાં કેટલા ઉપયોગી થાય તેની કોઈ સમિતિ રચીને સરવે કરીને તેનો કોઈ ઉપયોગ કરવા માગો છો? મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જ્યારે કંઈક કરીએ છીએ ત્યારે પ્રજાના આરોગ્ય અને સુવિધા માટે કરતા હોઈએ છીએ ત્યારે મશીનરી લઈએ છીએ તો તેનો ઉપયોગ કર્યા પછી એ મશીનરીનું રીપેરીંગ કોણ કરવાનું છે અને એ મશીનરી બગડે તો તેના માટેનું તાત્કાલિક આયોજન શું છે તેનું શિસ્તબદ્ધ આયોજન નહીં થાય તો મને એમ લાગે છે કે એકલી મશીનરીથી આરોગ્યની સુવિધાઓ વધવાની નથી.

તબીબી શિક્ષણમાં ૧૩૦ વધારાની જગ્યાઓની માનનીય મંત્રીશ્રીએ જાહેરાત પણ કરી. ૧૩૦ની સંખ્યા વધારીએ છીએ. મને એ વાતનો આનંદ છે, એ વાત ગમે પણ છે. સ્ટુડન્ટ વધે, ડૉકટરો વધે પણ સવાલ એ છે કે આજે મૅડિકલ કૉલેજના પ્રોફૅસરોની સ્થિતિ શું છે? એમ.સી.આઈ.નું ઈન્સ્પેકશન થાય, ત્યારે પેલો એક દડો ઉછાળીને બીજી કૉલેજમાં નાખીએ, બીજો દડો ત્રીજી કૉલેજમાં નાખીએ. ઈન્સ્પેકશન પૂરું થાય, વળી મૂળ જગ્યાએ આવીએ. એમાં સ્વનિર્ભર કૉલેજો કઈ રીતે પ્રોફૅસરોની ઘટ પૂરવાની છે? તેનો પણ અંદાજ આમાં મૂકવાની જરૂર હતી. ૧૩૦ સીટો વધે, સાથે પ્રોફૅસરોની જગ્યાઓ પણ વધારવી પડશે. પ્રોફૅસરોના પ્રમોશન આજે અટકીને પડ્યા છે. શા માટે આપણે પ્રમોશન આપતા નથી? અત્યારે ખાનગી મૅડિકલ કૉલેજો આવી રહી છે. એ ચાર-પાંચ ગણો પગાર આપીને પગે લાગી લાગીને એ લોકોની કૉલેજોમાં લઈ જવા લાગ્યા છે ત્યારે પ્રમાણિકતાથી આપણે ત્યાં નોકરી કરે છે તેને તાત્કાલિક પ્રમાણિકતાથી પ્રમોશન આપવાના હોય તો એ આપી દેવાની મારી વિનંતી પણ છે.

મારે બે-ત્રણ વાત કરવી છે. જયંતિભાઈએ વાત કરી તે વાતને હૃદયપૂર્વક હું પણ અભિનંદન આપીશ. આરોગ્ય શિક્ષણ. શિક્ષણ અને આરોગ્યને સાંકળીને બાળકો માટે જે કામ કર્યું છે. જેમાં મા-બાપને પણ ખબર હોતી નથી તેવા બાળક હાર્ટએટેક, કૅન્સર કે થેલેસેમિયાના આઈડેન્ટીફાઈ થયા. મારે મંત્રીશ્રીને સૂચન કરવું છે કે માત્ર મુખ્યમંત્રીના સ્વભંડોળમાંથી નહીં પણ ગુજરાતના આવા જેટલા બાળકો છે તેના ઑપરેશન માટે ઘણી બધી સંસ્થાઓને, હૉસ્પિટલોને, કૉલેજોને આપણે સરકાર દ્વારા મદદ કરી છે. સરકાર તેને સ્પેશ્યલ ન કહી શકે કે આ ગરીબ માણસોના પંદર બાળકોના હાર્ટના ઑપરેશન તમારે કરવા પડશે. આપણી પાસે એપોલો હૉસ્પિટલ છે, સાલ હૉસ્પિટલ છે. ઘણી બધી હૉસ્પિટલો છે. આ તમામ હૉસ્પિટલોને ફરજ પાડવી પડે. આનાથી આગળ વધીને એક વાત કરવી છે. માતૃવંદના કરીને એક આયોજન છે. આયોડીનની ખામીને કારણે સગર્ભાવસ્થાથી જો આયોડીનની ખામી હોય તો તેના કારણે બાળકોની જે પરિસ્થિતિ થાય છે, તેનો વિકાસ રૂંધાઈ જાય છે અને મેન્ટલી રીટાર્ડેડ થાય છે. ગોઈટર કરીને બિમારી છે એ આપણને લાગે, ઘણી વખત ગામડામાં જતા હોઈએ ત્યારે પોલિયો નહીં, પેરાલીસીસ નહીં પણ મેન્ટલી રીટાર્ડેડ એવી એવી ખરાબ અવસ્થામાં બાળકોને જોઈએ છીએ ત્યારે હૃદય દ્રવી જાય છે. ત્યારે આ સ્થિતિના જે બાળકો છે તેના માટેનું કોઈ આયોજન આમાં થયું નથી. તેના માટે સરકાર શું કરવા માગે છે એ વાત પણ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ વધીને મારે કહેવું છે, આયુર્વેદની ઘણી વાતો આ ગૃહમાં થાય છે. આયુર્વેદ માટે નવી વાત લઈને આવ્યા છે. ત્રણ-ચાર જગ્યાએ અમે પંચકર્મ હૉસ્પિટલો બનાવવાના છીએ. મારે એમ પૂછવું છે કે, જિલ્લા પંચાયત સમસ્તના ગુજરાતના આયુર્વેદ દવાખાના બંધ કરવાનો ઠરાવ કરી દેવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતના એ તમામ આયુર્વેદ દવાખાના બંધ થઈ ગયા છે. આ બંધ થયેલ દવાખાના રાજય સરકાર પોતાના હસ્તક લેવા માગે છે કે કેમ? નવી હૉસ્પિટલોની વાત કરી. પણ મારે તો આપના દ્વારા મંત્રીશ્રીને એ કહેવું છે કે, અમદાવાદની અંદર રોડ ઉપર અખંડ આનંદ આયુર્વેદ હૉસ્પિટલ અને કૉલેજ આવેલ છે. એ દવાખાનાની સ્થિતિ શું છે? આપણે રોડ ઉપરથી પસાર થઈ છીએ ત્યારે એ જોયું છે ખરું? નવી હૉસ્પિટલનો ખર્ચો લઈને આવ્યા. પણ આ હૉસ્પિટલ અને કૉલેજનું પૂરતું ધ્યાન રાખવામાં આવે એવી આપના દ્વારા મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. આયુર્વેદ હૉસ્પિટલો સાથે આયુર્વેદ ફાર્મસીની વાત આ નવા અંદાજપત્રમાં લઈને આવ્યા છે. એનાથી આગળ વધીને એમ કહેવું છે કે, નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કે નવા સી.એચ.સી. થાય એમાં કમ્પાઉન્ડ વૉલની સુવિધા બાબતે બજૅટમાં જોગવાઈ હોતી નથી. પરિણામ એ આવે કે, પી.એચ.સી. બની જાય પણ કમ્પાઉન્ડ વૉલ બજૅટની જોગવાઈમાં હોતી નથી. એટલે આજુબાજુની જે જગ્યાઓ છે એ જગ્યાઓ વાળી લેવામાં આવે છે અને ડૉક્ટરોના ક્વાર્ટરો અને બધું જ બાકી હોય છે. માંગરોળની અંદર સિલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એ જ સ્થિતિ છે. મકાન બની ગયા એને ઘણો ટાઇમ થઈ ગયો છે. મકાન એમને એમ પડ્યું છે. જ્યારે મકાન કરીને લાખો રૂપિયાનો ખર્ચ કરીએ તો ત્યાં આગળ દવાખાનું સિફ્ટ થાય, એને સુવિધા મળે એવું આયોજન થાય એવી મારી નમ્ર વિનંતી છે. મારી એક લાગણી અને માગણી છે કે, માધુપર પોરબંદર તાલુકાનું સૌથી મોટું ગામ છે અને જે તે વખતે એને સી.એચ.સી. માટેની અમે માગણી કરી છે. પી.એચ.સી.માંથી સી.એચ.સી.માં એનું રૂપાંતર થાય. ઘેડ વિસ્તારનું સૌથી મોટું ગામ હોવાના કારણે માનનીય મંત્રીશ્રીને વિનંતી કે સી.એચ.સી.નો લાભ લોકોને મળે એવી નમ્ર વિનંતી છે. આરોગ્યની બાબતમાં ઘણી બધી વાતો કરવી છે પણ સમયની મર્યાદા છે.

શિક્ષણની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. મારે એક વાત ભૂતિયા શિક્ષકોની કરવી છે. ઘણા વખતથી સતત ખોટી સ્કૂલોની અંદર ભૂતિયા શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો એને રિટાયર્ડ કર્યા, એના ટ્રસ્ટોને કર્યા. એ સારી વાત છે. એમાં અમારી કોઈ ફરિયાદ નથી. મારે એ પૂછવું છે કે, તમામ શિક્ષકોને જ્યારે લીધા ત્યારે શિક્ષણાધિકારીઓ હાજર હતા ખરા? એ શિક્ષણાધિકારીઓ સામે શું કાર્યવાહી કરી? જે કાયદા અને નિયમ મુજબ થવી જોઈએ. મંત્રીશ્રી, શિક્ષણાધિકારીઓની મંજૂરી વગર એમને એન.ઓ.સી. પણ ન મળે

અને ટ્રસ્ટોને જ્યારે એન.ઓ.સી. મળી છે ત્યારે એ શિક્ષણાધિકારીઓના ધ્યાન બહાર જતું હોય છે? મારે એક વાત આગળ વધીને એ પણ કરવી છે કે,માધ્યમિક શાળાને બહાલી પણ એ શિક્ષણાધિકારી આપે છે ત્યારે શિક્ષણાધિકારીની એ જોવાની ફરજ છે કે, આ સર્ટિફિકેટ ખોટું છે કે સાચું? સરકારનો જે પરિપત્ર છે, મંત્રીશ્રીને વિનંતી છે કે, સમસ્ત ગુજરાતની માધ્યમિક સ્કૂલો અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની તપાસ કરાવો અને તમામ સ્કૂલોની અંદર જ્યાં સગાવાદ છે અને જ્યાં પોતાનો વાદ છે એ દૂર કરી એ સ્કૂલો વ્યવસ્થિત થાય એવી મારી લાગણી અને માગણી છે એમાં અમે તમારી સાથે છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા વર્ષ છે ત્યારે કન્યા કેળવણીની બાબતમાં આપના માધ્યમથી હું એક-બે વાત મફત કેળવણી વિશે કરીશ. મારા બહેન કહેશે કે મફત કેળવણી આપવામાં આવે છે. ઘણી બધી સ્વનિર્ભર કૉલેજો (સમયસૂચક ઘંટડી) એક મિનિટમાં પૂરું કરીશ. દીકરીઓને એડમિશન મળતું નથી. દીકરીઓને એડમિશન મળે પણ એ દીકરીઓને મા-બાપ એટલો ખર્ચ કરીને ભણાવતા નથી. ત્યારે મારી બહુ નમ્ર વિનંતી છે કે, મહિલા વર્ષ નિમિત્તે આજે મંત્રીશ્રી જાહેરાત કરે કે, ગમે તે સ્કૂલમાં ભણતી હોય, ગમે તે કૉલેજમાં ભણતી હોય, નિરમામાં ભણતી હોય, રિલાયન્સમાં ભણતી હોય એ તમામ દીકરીઓની ફી સરકાર પોતે ભરશે અને તમામ દીકરીઓને ભણાવશે. તો હું માનું છું કે, મારે અહીંથી અભિનંદન પણ આપવા પડશે અને આ મહિલા વર્ષની સાર્થકતા પણ ગણાશે. મારે મંત્રીશ્રીને ઘણા બધાં સૂચનો કરવાં છે પણ સમય નથી. બીજી બધી વાતો સાથે જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એક વાત મારે બહુ સ્પષ્ટ કરવી છે કે, ગામડાની અંદર સાયન્સના વિદ્યાર્થીઓ ઘટતા જાય છે. જ્યાં જુઓ ત્યાં આર્ટસ અને કૉમર્સની જાહેરાત છે પણ સાયન્સના વર્ગો ઘટતા જાય છે. તાલુકાઓમાં એક-એક વર્ગ પણ પૂરા થઈ ગયા છે. તો સાયન્સ તરફ લોકો આકર્ષાય, લોકોની સૂગ ઘટે એ માટે તાલુકા લેવલે જે તાલુકામાં માધ્યમિક સ્કૂલ ન હોય, ઉચ્ચતર માધ્યમિક સ્કૂલ ન હોય એમાં સરકાર પોતે પોતાના ખર્ચે સાયન્સની સ્કૂલ આપવી જોઈએ. એટલી મારી વાત સાથે પૂરું કરું છું.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવીને મારાં સૂચનો કરવા માગું છું. આરોગ્યની સેવાઓ કોઈ પણ દેશ માટે ખૂબ અગત્યની સેવા છે અને આરોગ્યની સેવા દ્વારા કોઈપણ રાજયનો અને રાષ્ટ્રનો વિકાસ થતો હોય છે. કુંદનિકા કાપડીયાએ એમ કહ્યું છે It is the tragedy of the circumstances that the strong existence of medical profession depends upon the sickness of others. આ વિધિની વિડંબના છે કે કોઈપણ તબીબની આજીવિકાનો આધાર એ બીજાના દુ:ખો ઉપર છે. પરંતુ એમણે આગળ એમ પણ કહ્યું છે કે It is the good fortune that the god has given an excellent opportunity to mitigate the pains of the poorest of the poor. પરંતુ ઈશ્વરે આ ઉમદા તક આપી છે કે છેવાડાના માનવીના દૂ:ખો દૂર કરવા માટે આપણને ઈશ્વરે આ ખૂબ સારી તક આપી છે. કોયલ મકાનને ટોડલે બેઠી હોય કે આંબાની ડાળ ઉપર જુલતી હોય પોતાનો કેકારવ કરવાનો કોયલ તેનો સહજ સ્વભાવ ગુમાવતી નથી. અભયારણ્યની અંદર મદમસ્ત રીતે મહાલતો વનરાજ પાંજરામાં પુરાઈને પણ પોતાના ગર્જના કરવાના સ્વભાવને અબાધિત રાખે છે. પરંતુ માનવીએ એક આ ધરતી ઉપર માનવતાનો માનવ સહજ સ્વભાવ ગુમાવ્યો છે એટલે એની સૂતેલી ચેતનાઓને જગાડવી પડે છે. એને અહેસાસ કરાવો પડે છે, એને હલબલાવવો પડે છે કે હે માનવી તું માનવ થા તો ઘણું. પરંતુ આ રાજયની આરોગ્ય સેવાઓ, આ રાજયનું તબીબી આલમ, આ રાજયની પ્રજાજન અને મહાજન અને રાજયની સંગઠિત અને સહકારી સંસ્થાઓએ આ વાતને ખોટી પૂરવાર કરી છે અને બતાવ્યું છે કે આજે પણ માનવતા મરી પરવાની નથી. યાદ કરો ૪ વર્ષ પહેલાનો ભીષણ ભૂકંપ અને એ ભીષણ ભૂકંપની અંદર હજારો લોકો જ્યારે સ્વર્ગે સિધાવ્યા હતા એનાથી ૫-૧૦ ગણા, લોકો ૭૦-૮૦ હજાર ગણા લોકો જ્યારે ઈજાગ્રસ્ત બન્યા હતા, ત્યારે દુનિયાના વિજાણુ માધ્યમોએ અને દુનિયાના સમાચાર માધ્યમોએ એમ કહ્યું હતું કે ગુજરાત આ આપત્તિને પહોંચી વળશે નહીં, પરંતુ મારે આનંદ સાથે કહેવું પડે છે કે તે વખતે પ્રજાની ખુમારી અને સરકારની કામગીરીને લઈને આ વાતને ખોટી પૂરવાર કરી. એક પણ વ્યકિત સારવાર વગર ન રહ્યો અને દુનિયામાં ઉત્કૃષ્ટ સારવાર આ ગુજરાતમાં લભ્ય અને શકય બની એનું માત્ર અને માત્ર કારણ એ ગુજરાતની આરોગ્યની સેવાની કાર્યદક્ષતાને આભારી છે. એક પણ ચેપી રોગ જોવા ન મળ્યો આ બતાવે છે કે ગુજરાતના આરોગ્ય ક્ષેત્રે કરૂણા આજ પણ વહે છે. મારે ખૂબ ગર્વ સાથે કહેવું પડશે કે આજ ગૃહના એક વખતના માનનીય સભ્યશ્રી, વિદ્યા વાચસ્પતી, સંત શિરોમણી અને તબીબ વિભૂતી ડાં. વસંત પરીખ જે આજે પણ આ સંસ્કારોને લઈ અને આજે બિહારની અંદર સેવા કરવા માટે ગયા છે. સમાજ જીવનની અંદર પડેલા લોકો આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે પોતાનું યોગદાન આપવું પડશે એ વાતમાં કોઈ બેમત નથી અને એ પરંપરાંને આજે આ જ ગૃહના સન્માનનીય સભ્ય ડાં. કનુભાઈ કળસરીયા એને આગળ ધપાવી રહ્યા છે. એ યોગદાનની અંદર આપણે સૌએ આગળ રહેવું પડશે અને એટલે જ ડિઝાસ્ટરની કામગીરીની, એ ભૂકંપની કામગીરી, એ આપત્તિઓની કામગીરીને લઈ અને દુનિયાના રંગમંચ ઉપર દુનિયાની ચોપાટ ઉપર ગુજરાતના ડિઝાસ્ટર મેનેજમેંટનો ઉત્કૃષ્ટ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ આપણા સૌ માટે ચોકકસ ગર્વની વાત છે.

બીજી મારે જે વાત કરવી છે તે એ છે કે રકતદાન એ મહાદાન કહેવાય છે અને ગુજરાતની અંદર રકતદાનનું કામ ખૂબ જ વ્યાપક પ્રમાણમાં આગળ વધી રહ્યું છે. ગયા શનિવારે હીરાના કારીગરોએ સુરતની અંદર

જે કારીગરોએ પોતાના પ્રસ્વેદ બિંદુઓથી પોતાના ઘરનું પોષણ કરતા હોય છે, પૂરેપૂરું કામ કરતા હોય છે એ કારીગરોએ એક દિવસની અંદર ૨૦,૦૦૦ જેટલી બોટલો એકઠી કરી એ આ ગુજરાતનું સૌભાગ્ય છે અને એ ગુજરાતમાં જ શકય છે. આજે રક્તના પરિક્ષણની જે પરિસ્થિતિ થઈ છે એના કારણે મોટા શહેરોમાં માત્ર ગણીગાંઠી સંસ્થાઓને રક્તદાનની શિબિરો કરવાની તક મળતી હોય છે. એના પરિણામે મોટા શહેરોમાં ક્યારેક પૂરતા પ્રમાણમાં રક્ત મળતું નથી. કોઈ બત્રીસ વર્ષનો લબરમૂછિયો યુવાન અકસ્માત કરે છે, પથારીવશ હોય છે, લોહી એના શરીરમાંથી જતું રહ્યું હોય છે અને સમયસર લોહી ન મળે તો એ જીવી શકતો નથી. અમદાવાદ શહેરમાં, કર્ણાવતી મહાનગરમાં માત્ર બે-ત્રણ સંસ્થાઓને જ પરમિશન મળી છે એના કારણે ક્યાંક ક્યાંક આ પ્રશ્ન ઊભો થાય છે. મારે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરવી છે અને આગ્રહ કરવો છે કે જે કાંઈ કાયદો કે કાનૂનની પરિસીમામાં જે કાંઈ આવતું હોય એવી જે કોઈ સારી સંસ્થા હોય એ સંસ્થાઓને વધારેમાં વધારે શિબિર કરવાની પરમિશન મળવી જોઈએ. એક સંસ્થા એવી છે કે રક્ત લઈને હોલ બ્લડ આપતી નથી. આજે કયા પ્રકારના રક્તની જરૂર છે એ નક્કી કરવાની જવાબદારી, એનો હક્ક માત્ર તબીબને મળેલો છે, એ લૅબૉરેટરીને મળેલો હોતો નથી. આ લેબોરેટરી હોલ બ્લડ આપતી નથી. આ દિશામાં તપાસ કરી સત્ય દેખાય તો એમાં સુધારો થશે તો મને આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પ્રાચીન સંસ્કૃતિ જોઈએ તો તબીબી વિજ્ઞાન કેટલું આગળ વધેલું હતું? દુનિયામાં પ્રથમ કાર્ડીયો થોરાસિક સર્જરી હનુમાનજીએ કરાવી અને બતાવી આપ્યું હતું કે ભગવાન માણસના હૃદયમાં છુપાયેલા છે. દુનિયાની પહેલી અંગ પ્રત્યારોપણ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન સર્જરી ગણપતિ ઉપર થઈ હતી. પ્રથમ સ્ટેમલેસ સર્જરી ગાંધારીએ પુરવાર કરી અને ૧૦૦ બાળકોનું સર્જન કર્યું હતું. પ્રથમ સ્પાઈનલ કોડ સર્જરી ભગવાન કૃષ્ણએ કુબ્જાને સીધી કરીને કરી હતી. ચરકસંહિતામાં મધુપ્રમેહના રોગમાં મૂત્રની અંદર શર્કરાનું પ્રમાણ હોય છે તે તત્કાલીન ચરકસંહિતામાં લખેલું હતું. આ આપણા વિશાળ અને સાંસ્કૃતિક મૂલ્યો છે. આ સાંસ્કૃતિક વારસો છે, સમય જતાં આપણે એને આપણે ભૂલી ગયા. પણ સૌભાગ્યની વાત છે કે, એક સમય એવો હતો કે દુનિયાના લોકો આપણા ગુજરાતમાંથી પણ હૃદયરોગ અને બીજી સારવાર માટે ચેન્નાઈ કે અમેરિકા જતા હતા. Now the trend has changed. People from all the States and all over the world are coming to Gujarat for this treatment. This is the great achievement of the State sir. આ ગુજરાતની એક સિદ્ધિ છે. આમ તો એમ કહેવાય છે કે આપણા રાજકારણીઓને હૃદય નથી હોતા. પરંતુ કેટલાક મિત્રોએ બાયપાસ કરાવીને પુરવાર કરી દીધું છે કે આ વાત ખોટી છે. આપણે એમને શુભેચ્છાઓ પાઠવીએ કે આપણામાંથી કોઈને એ અગ્નિપરીક્ષામાંથી પસાર ન થવું પડે એવી ભગવાનને પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે કહેવી છે કે સિવિલ હૉસ્પિટલ એ દુનિયાની મોટામાં મોટી હૉસ્પિટલ છે. એનો વિકાસ, એનો વ્યાપ અને એમાંથી પસાર થયેલા તબીબોએ દુનિયાની અંદર ગુજરાતની આગવી ઓળખ ઊભી કરી છે. એમાં ૧૮૦૦થી ૨૦૦૦ જેટલી પથારીઓનો વ્યાપ છે. સિવિલમાં કેટલાક વર્ષોમાં અદ્યતન સાધન-સામગ્રી લાવવામાં આવી છે પરંતુ માયાબેને પૂછયું તેમ ઘણી વખત (અંતરાય) એમાં સેપરેટ બજૅટ આપીને જયારે પણ સાધન-સામગ્રી બંધ પડે તો એનો તાત્કાલિક નિકાલ આવે અને દર્દીઓને ભોગવવાનું ન આવે એ જોવા માનનીય આરોગ્ય મંત્રીશ્રીને મારી વિનંતી છે. મારે માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવું છે કે અનેક સ્વયંસેવી સંસ્થાઓના સહયોગથી સિવિલ હૉસ્પિટલમાં સ્વચ્છતાનું પ્રમાણ વધે અને આજે પણ જે વિદ્યાર્થીઓ પાસ થઈને પરદેશમાં પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત કરે છે એમના સહયોગ થકી સિવિલ હૉસ્પિટલને દુનિયાની મોડેલ હૉસ્પિટલ બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયાનું એક અભિયાન ચલાવીએ તો મને લાગે છે કે દુનિયાની સારામાં સારી હૉસ્પિટલ બનવાની ક્ષમતા હોય તો એ સિવિલ હૉસ્પિટલમાં છે. કારણ કે ૫૦ વર્ષ પહેલાં બનેલી આ હૉસ્પિટલની આજુબાજુનો હવા ઉજાશ આજે પણ એવો ને એવો છે. એનો લાભ લઈ એ દિશામાં પણ કામ કરવું જોઈએ.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ :** (ક્રમશ) માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની માગણી પર જ્યારે હું વાત કરી રહ્યો હતો ત્યારે આજે ગુજરાતની તાકાતનો પરચો દુનિયાને બતાવી દીધો છે. ગુજરાતની અંદર એવી અનેક સંસ્થાઓ ઊભી થઈ છે કે જેના દ્વારા હ્યદયરોગની ધનિષ્ઠ સારવાર આપણે ગુજરાતમાં આપી શકીએ છીએં. આજે ગુજરાત કેન્સર રોગની સારવાર માટે પણ પ્રખ્યાત બન્યું છે. દુનિયાની સારામાં સારી ઇન્સ્ટિટ્યૂટો આપણે ગુજરાતમાં પ્રસ્થાપિત કરી ચૂક્યા છીએ. અંગ પ્રત્યારોપણની અંદર, organ transplantation ની અંદર ગુજરાત અગ્રેસર રહ્યું છે. આજે પરિસ્થિતિ એ પેદા થઈ છે કે દુનિયાના દેશોમાંથી જ્યારે લોકો અહીંયા સારવાર લેવા માટે આવે છે ત્યારે મેડિકલ ટુરિઝમ નામની એક નવી પરિકલ્પના ગુજરાત સરકાર દ્વારા જ્યારે પ્રસ્થાપિત થઈ રહી છે ત્યારે મને આનંદ એ બાબતનો છે કે આવનારા દિવસોની અંદર મેડિકલ ટુરિઝમની સાથે સાથે ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ પણ થવાનો છે અને એની સાથે સાથે દુનિયાનું ભંડોળ એ ગુજરાતની અંદર આવવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી ખૂબ ગંભીર બાબત તરફ હું આગળ વધી રહ્યો છું, આપણાં શાસ્ત્રોની અંદર કહ્યું છે કે - "યત્ર નાર્યસ્તુ પૂજયંતે, રમંતે તત્ર દેવતા:" જ્યાં જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં ત્યાં દેવોનો વાસ થાય છે. આપણાં શાસ્ત્રની અંદર સંપત્તિના પ્રતીક તરીકે લક્ષ્મીજી, શકિતના પ્રતીક તરીકે મા અંબા અને વિદ્યાના પ્રતીક તરીકે સરસ્વતીજીનો સ્વીકારવામાં આવ્યો છે. પરંતુ આપણી આ સંસ્થાની અંદર, સામાજિક જીવનની અંદર, સામાજિક વ્યવસ્થાની અંદર આપણે નારીનું અધ:પતન થતું જોઈ રહ્યા છીએ. આપણાં શાસ્ત્રોમાં નારીનું સ્થાન પૂરુંષો કરતાં પણ વધારે આપવામાં આવ્યું છે અને એના કારણો છે - સ્ત્રીભૃણ હત્યા, એ આજે મોટોમાં મોટો ચિંતાનો વિષય હોય તો એ સ્ત્રીભ્રૃણ હત્યાનો વિષય છે. ગુજરાતની અંદર દર એક હજાર પૂરુંષોએ ૯૨૭ સ્ત્રીઓ છે. આ આંકડો માત્ર ચોકાવનારો નથી, એથીય વધારે ચોકાવનારો આંકડો જો કોઈ હોય તો ૧ થી ૬ વર્ષની બાળકીઓનું પ્રમાણ એનાથી પણ નીચે જઈ રહ્યું છે, એ આપણા માટે ખૂબ ચિંતાનો વિષય છે. સામાજિક જીવનમાં પડેલા અનેક લોકોએ અને આપણે સૌએ એ દિશામાં ચિંતન કરવું પડશે અને ચિંતન કરી જે કોઈ પગલાં લઈ શકાય અને આ રેશિયાને જો આપણે revert ન કરીએ, બરાબર નહિ કરી શકીએ તો આવનારા દિવસોની અંદર સામાજિક જીવનની એક મોટી કરૂણ ભયાનકતા પેદા થવાની શક્યતા રહેલી છે. ક્ષિતિજ ઉપર જે ભયાનકતા દેખાય છે એને પારખવાની જરૂર છે, એને પારખીને એનો ઉપાય શોધવાના પ્રયત્નો આપણે સૌએ સાથે મળીને, પક્ષાપક્ષીથી દૂર રહીને કરવા પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ગૌરવની વાત છે કે, જીવનના પ્રભાતે કુદરતના કોઈ કોપને લઈને અપાહીજ બનતા બાળકના જીવનની અંદર આશાનો સંચાર કરવા, એમના નિસ્તેજ ચહેરા ઉપર તેજ લાવવા માટે સરકારે ભગીરથ પ્રયત્નો કર્યા છે અને સરકારે, પ્રજાજનોએ, સામાજિક સંસ્થાઆનું સૌભાગ્ય છે, એમની કાર્યદક્ષતા છે કે ૧૦૦ ટકા કરતા પણ વધારે પોલિયોની અંદર સફળતા મળી છે. ગયા વર્ષે ગુજરાતની અંદર એકપણ પોલિયોનો કેસ મળ્યો નથી એ ગુજરાતના આરોગ્ય વિભાગ અને ગુજરાતના સમાજ જીવનની એક તાસીર છે. જિંદગીની સંધ્યાએ લુપ્ત થતી જતી રોશનીમાં એક પ્રકાશ આપવાનું કામ પણ ગુજરાત સરકારે કર્યુ છે. ગઈ સાલ લગભગ ૪ લાખ કરતા વધારે લોકોને આપણે મોતિયાના ઓપરેશનો કરી અને એમના જીવનની અંદર પ્રકાશ લાવવાનું કામ સરકારે કર્યુ છે.

છેલ્લી વાત મારે એ કરવી છે ખૂબ જ ગૌરવની વાત છે કે, છેલ્લા દસ વર્ષના ભા.જ.પ.ના શાસનમાં મૅડિકલ કૉલેજોમાં સીટો ડબલ જેટલી થઈ ગઈ છે. સૌરાષ્ટ્રમાં ત્રણ મૅડિકલ કૉલેજો થઈ છે, દક્ષિણ ગુજરાતમાં ત્રણ મૅડિકલ કૉલેજો છે, મધ્ય ગુજરાતમાં ત્રણ છે, કર્ણાવતી મહાનગરમાં ત્રણ-ચાર મૅડિકલ કૉલેજો છે પરંતુ ઉત્તર ગુજરાત એમાંથી બાકાત છે તો આપણે સૌએ સાથે મળી ઉત્તર ગુજરાતમાં પણ એક મૅડિકલ કૉલેજ બને એ દિશામાં પ્રયત્ન કરવો જોઈએ અને છેલ્લી મારી એ વાત સાથે પૂરું કરું છું કે, There are people who blame the sircumstances for their failure, but there are people who translate circumstances into their own choice and transform the adversity into opportunity. આપણે દરેક આપત્તિને અવસરમાં ફેરવી અને ગુજરાતનો વિકાસ આરોગ્ય ક્ષેત્રે સૌએ સાથે મળીને કર્યો છે, સૌ સાથે મળીને કરીએ એજ અભ્યર્થના સાથે આગળ વધીશું તો આવનારું ગુજરાતનું આરોગ્ય ક્ષેત્ર એ દુનિયામાં એક દિવાદાંડીરૂપ બની રહેશે એજ અભ્યર્થના સાથે આપ સૌનો આભાર માનું છું. ભારત માતા કી જય.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી નંબર: ૭, મહેસૂલી ખર્ચ માટે રૂા. ૩,૦૬,૫૦,૦૦૦/- અને માગણી નંબર:૮, મહેસૂલી ખર્ચ રૂા. ૩૯,૬૮,૧૬,૯૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૧,૪૮,૧૯,૩૦,૦૦૦/-ની માગણી લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનુષ્યે જન્મ મેળવ્યા પછી એને જો માણસ બનાવવાનું કોઈ કામ કરી શકતું હોય તો એ "શિક્ષણ" કરી શકે. "સા વિદ્યા યા વિમુક્ત યે", વિદ્યા એવી હોવી જોઈએ કે જે માણસને મુકિત અપાવે, મનુષ્યનો સર્વાંગી વિકાસ કરે પણ મારે દુ:ખ સાથે કહેવું જોઈએ કે, અત્યારની શિક્ષણ પદ્ધતિ એવી છે કે, માણસને વધુ ને વધુ પંગુ બનાવવાનું કૃત્ય કરવામાં આવી રહ્યું છે. મનુષ્ય શિક્ષા પ્રાપ્ત કર્યા પછી અસલામતી અનુભવે છે. શિક્ષણ માણસને, જે બેરોજગાર હોય તો કામ કરવા માટેની કોઈ લાયકાત ધરાવતો નથી એમાં શકિત કુંઠિત થઈ જાય છે, જેના લીધે જે રીતે એણે પ્રગતિ કરી પોતાનું નિર્વાહ ચલાવવાનો, સમાજમાં એક જવાબદાર અંગ તરીકે વર્તવું જોઈએ એમાં કચાશ રહી જાય છે એટલે મારે શિક્ષણ મંત્રીશ્રીને કહેવું છે કે, આપે ઘણા બધા સુધારાના કામો કર્યા છે પણ સાથે સાથે શિક્ષણનું સ્તર સુધારવા માટેનું કામ કરો, શિક્ષણની સમગ્ર પૅટર્ન બદલવા માટેનું કામ કરો. કારણ કે, શિક્ષણ તો એવું હોવું જોઈએ કે માણસનો સર્વાંગી વિકાસ થાય, માણસમાં રહેલી શકિતઓ ખીલવવા માટેનો એક અવસર મળે અને Human resource development point of view માણસ એ રીતની એની શકિતઓ ઉજાગર કરે કે જેના લીધે પૂર્ણ માનવ તરીકે પ્રસ્થાપિત થઈ શકે. જેને આપણામાં એમ કહેવામાં આવતું કે, બત્રીસ લક્ષણો પૂરુંષ. તો આ બત્રીસે બત્રીસ લક્ષણો કેમ ખીલી શકે, કલા-કૌશલ્ય અને જાત જાતની જે શકિતઓ છે એને માણસ કેમ ખીલવી શકે એ દિશાના સર્વાંગી વિકાસ કરવા માટેના કામો કરવાં જોઈએ. ઋષિમુનિઓના સમયમાં આ કૃત્યો થતાં કોઈ રાજાનો દીકરો કૃષ્ણ હોય કે ગરીબનો દીકરો સુદામા હોય બંને એક સાથે રહી પર્ણ કુટિરમાં રહીને અભ્યાસ કરીને પોતાના જીવનનો સર્વાંગી વિકાસ કરવા માટેના કૃત્યો કરતા હતા પણ જે રીતની

શિક્ષણની પદ્ધતિ શરૂ થઈ છે એ તરફ જોવા માટે પ્રયત્ન કરીએ તો માત્ર હરિફાઈનો જમાનો અને યુગ હોય અને પરીક્ષાના અમુક કલાકો પૂરતા જો એ વિદ્યાર્થીઓને અમુક રીતે તો એને સગવડો મળી જાય અને લખી નાખે અને માર્ક્સ મળી જાય તો એ ભણવા-ગણવામાં હોંશિયાર અથવા અવલ્લ નંબરે આવી ગયો એમ કહી શકાય. વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણ તો શિક્ષકોએ જે મહેનત કરવી જોઈએ પરીક્ષા પહેલાં, વિદ્યાર્થીએ જે મહેનત કરવી જોઈએ એના બદલે પરીક્ષા પછીની મહેનત ખૂબ વધી ગઈ છે એ ખૂબ જ દુ:ખદ બાબત છે. અને માત્ર ટકાને લીધે જો કોઈપણ માણસનું મૂલ્યાંકન થતું હોય તો આપણે કોઈ દિવસ ત્રણ કલાકમાં કોઈનું મૂલ્યાંકન ન કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી શૈક્ષણિક સંસ્થાઓ ૨૦૦૨-૨૦૦૩માં ૩૭૫૧ હતી આ નોંધાયેલી અને વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨.૬૪ લાખ હતી અને ૨૦૦૩-૨૦૦૪માં ૪૦૪૨૫ સંસ્થાઓ અને ૮૨.૬૫ લાખ વિદ્યાર્થીઓ, માત્ર એક લાખ વિદ્યાર્થીઓનો વધારો થયો છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ સારા કાર્યો કરી અને ઘનિષ્ઠ રીતે પ્રવેશોત્સવો ઉજવી અને કેમ એલીજીબલ-લાયક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે એ જાતનું અભિયાન શરૂ કર્યુ છે તેમ છતાં પરિણામ જોવા પ્રયત્ન કરીએ તો બહું નજીવું છે. કારણ કે, ગુજરાતમાં દર સૅકન્ડે એક બાળકનો જન્મ થાય છે, એક કલાકે ૧૩૨ બાળકો જન્મે છે, ૨૪ કલાકમાં ૩૩૦૦ બાળકોમા જન્મે છે, એક વર્ષમાં ૧૨ લાખ બાળકો જન્મે છે એમાંથી ૪ લાખના મૃત્યુ થાય છે બાકી ૮ લાખ બાળકોનો ચોખ્ખો વધારો થાય છે આ ૮ લાખ બાળકો માટે ૭૮૦૦ નવી નિશાળો બનાવવી જોઈએ, ૨૩૦૦૦ નવા શિક્ષકોની દર વર્ષે ભરતી થવી જોઈએ. એક લાખ બાળક પ્રવેશ મેળવતા હોય તો સાત લાખ બાળકો પ્રવેશથી વંચિત રહી જતા હોય એવું મને પોતાને લાગે છે. ડ્રોપ આઉટ રેટ જોવા પ્રયત્ન કરીએ તો ૧ થી ૫ ધોરણમાં પ્રાથમિક શિક્ષણમાં રીટેન્શન રેટ, ડ્રોપ આઉટ રેટ ૨૦૦૨માં ૧૯.૮૨ટકા હતો એ ઘટીને ૧૭.૭૯ટકા થયો છે અને જે ૧ થી ૭ ધોરણમાં ૨૦૦૨-૦૩માં ૩૭.૮૦ હતો એ ઘટીને ૩૬.૫૯ટકા થયો છે.

શિક્ષણ મંત્રી મહિલા છે. કદાચ બીજા પૂરુષ પ્રધાનોએ એમની પાસેથી શીખ લેવાની, શીખવાની જરૂર છે. એક મહિલા થઈને એમણે જે ક્રાંતિકારી પગલાં લીધાં છે તો બીજા પ્રધાનો નિષ્ક્રિય કેમ બેઠા છે, કેમ ધડો લેતા નથી? બહેને વિદ્યા સહાયકની ભરતીમાં જે પારદર્શકતા અપનાવી અને મેરીટ ઉપર પ્રવેશ આપીને નોકરી આપવાનું કામ કર્યું છે, સ્થળ પસંદગીનું ઉમદા કાર્ય કર્યું છે. શાળાના પ્રવેશોત્સવ દ્વારા વિદ્યાર્થીઓની ભરતી ઉપરાંત સામૂહિક ભરતી અને સરકારી શિક્ષકોને ટ્યુશન કરતા બંધ કરાવી દીધા . આ બધી નાનીસૂની વાત નથી પણ આવા ખંતવાળા બહેનને મારે કહેવું છે શિક્ષણનું સ્તર ઉચું આવે એ માટે પ્રયત્ન કરો, તમારી શકિતને કામે લગાડો. તે વખતે પહેલા ધોરણ-૧૦-૧૨માં રીઝલ્ટ "૦" આવવાવાળી શાળા હતી. ૩૦ ટકાથી ઓછા પાસ થવાવાળી શાળા હતી એમાં વધારો થયો છે. એ દુ:ખદ બાબત છે. ચબરાક, હોંશિયાર અને કાબેલ મંત્રી હોય તો આ એક ફિલ્ડ ધ્યાન બહાર રહી ગયું લાગે છે. તો મંત્રીશ્રીએ આ બાબતે શિક્ષણનું સ્તર સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. શાળામાં હાજરીનું પ્રમાણ વધે એ માટે માધવસિંહ સોલંકી દ્વારા કોંગ્રસની સરકારમાં મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરેલી ભારત સરકાર દ્વારા. આનો ઉદ્દેશ હતો બાળકો ભૂખ્યાં ન રહે, પૌષ્ટિક આહાર મળે, ન્યૂટ્રીશનલ ડેફીશન્સી ન થાય શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય, ગરીબ વિદ્યાર્થીને પોષક આહાર પૂરક રીતે મળી શકે, કુપોષણનો રોગ અટકાવી શકાય, શાળામાં હાજરીનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટ રેટ ઘટે એ સારા ઉદ્દેશથી મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરવામાં આવી. પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સર્વેક્ષણ કરવામાં આવ્યું છે અને ગામડે ગામડે જઈને અભ્યાસ કર્યો મધ્યાહ્ન ભોજન સફળ કેમ ન થઈ? ગામડાંમાં સરપંચે કહ્યું દલિત, આદિવાસી, પછાત વર્ગના ગરીબ વિદ્યાર્થીઓ નિશાળે આવવા લાગ્યા છે. એ ભણશે તો અમારા ખેતરમાં મજૂરી કોણ કરશે? આ ગંભીર બાબત છે. જવાબદાર અગ્રણી લોકોએ કહ્યું બાળકો એક સાથે જમવા બેસે છે. અવર્ણ- સવર્ણ વચ્ચે ભેદ રહેતો નથી. એટલા માટે અમલ થવા દેતા નથી. અમારા ઉચ્ચ વર્ણના લોકોનું મહત્ત્વ ઘટતું જાય છે. અમારી સામે નીચું જોઈને વાત કરવાવાળા અમારી સામે ડોળા કાઢીને વાત કરે એ કઈ રીતે પોસાય? અછૂત બાળક સવર્ણ બાળક સાથે ભોજન લે તો બાળકની અંદર ભેદભાવ જેવું કાંઈ ન રહે. આ તો હિન્દુ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. આ બહુ ગંભીર બાબત છે.હું ધ્યાન દોરવા માગું છું મંત્રીશ્રી અને આ ગૃહના બધા સન્માનનીય સભ્યશ્રીઓએ ગંભીરતાથી વિચારવું પડશે. આ લોકશાહી દેશમાં બિનસાંપ્રદાયિકતા અસ્તિત્વમાં છે. બંધારણની અમલવારી બાબતમાં પીછેહઠ કરીશું તો સમાજ આપણને માફ નહીં કરે, અંગ એવું હોવું જોઈએ કે એક અંગમાં દુ:ખાવો થાય તો સમગ્ર શરીર એની અનુભૂતિ કરે એવા નૂતન આદર્શ સાથે સમાજનું નિર્માણ કરવાનું કામ શિક્ષણ ખાતું કરશે તો મને આનંદ થશે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : રાજયના શિક્ષણ મંત્રીશ્રી અને રાજયના આરોગ્ય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈએ આવ્યા છે, ત્યારે એને આવકારવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

પહેલી વાત આ ગુજરાતની અંદર બધાએ સ્વીકાર્યુ છે કે કોઈપણ રાજયનો વિકાસ કરવો હોય તો શિક્ષણ એ પાયાની બાબત છે. શિક્ષણ વગર કોઈપણ વસ્તુ શકય નથી. કોઈપણ કાર્ય હોય તો શિક્ષણ વગર આપણે તેને કરી શકતા નથી અને જ્યારે શિક્ષણ વિભાગની વાત આવી છે, ત્યારે એમ કહી શકાય કે મનુષ્ય પાસે બધી જ સંપત્તિ હોય, ધન હોય, દોલત હોય, પણ એને વાપરવા માટેનું જ્ઞાન ન હોય તો એ ધનનો કોઈ મતલબ નથી. એમ કહેવાયું છે કે ધનના ઢગલામાં આળોટવાથી સુખ મળતું નથી, એને વાપરવા માટે વિદ્યાની જરૂર પડે છે. શાસ્ત્રની

અંદર કહેવાયું છે અને દરેક જગ્યાએ પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે કે વિદ્યાનું મહત્ત્વ કેટલું છે. સંસ્કૃત સુભાષિતની અંદર કહેવાયું છે કે,

*વિદ્યાનામ રૂપમ અધિકમ, વિદ્યા પ્રથમ ધનમ્*
*વિદ્યા ભોગકારી, યશસ્વ સુખાકારી વિદ્યા,*
*ગુરુનામ ગુરુ વિદ્યા, બંધુજન વિદેશગમન્*
*વિદ્યા પરાંદેવતા, વિદ્યાઃ સર્વત્ર પૂજયતે,*
*નતુગમન વિદ્યા વિનહ પશું.*

આમ કહેવાયું છે અને આ વાત લઈને આ રાજય સરકારના મુખ્યમંત્રીશ્રી અને આ રાજયના શિક્ષણ મંત્રીશ્રીએ જાણી લીધું કે શિક્ષણ ખોખલું થઈ ગયેલ છે, માયકાંગલું થઈ ગયું છે, હાડપિંજર થઈ ગયું છે. આગળની સરકારે કશું કર્યુ નથી. એમાં પ્રાણ પુરવાનું કામ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. શિક્ષણ કેવું આપવામાં આવતું. તે વખતના, અંગ્રેજોના જમાનામાં તેવું શિક્ષણ આપવામાં આવતું, કારકુનો પેદા કરવા, એવું શિક્ષણ ચલાવવું? એવા શિક્ષણના આધારે આપણે ચાલવું છે? આ રાજયનો વિકાસ કરવો છે, આગળની હરોળમાં મૂકવું છે તો એવું શિક્ષણ આપવું પડશે કે એ શિક્ષણ એ એને લઈને આગળ વધે.

પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી, પ્રાથમિક શિક્ષણના ઓરડા બાંધ્યા, એમાં કૉમ્પ્યૂટરો આપવામાં આવ્યાં, ભૌતિક સાધનો આપી દીધાં, એ પૂરતું નથી. એમાં શિક્ષકોની ભરતી કરવામાં આવી. વિરોધ પક્ષના સભ્યશ્રીઓ કહેતા હતા કે શિક્ષકોની ભરતી કરી દીધી, ઓરડા બાંધી દીધા, હેન્ડપંપો આપી દીધા, કંપાઉન્ડ વૉલ આપી દીધા એટલે શિક્ષણનું સ્તર ઊંચું આવી જાય? વાત સાચી છે. એનાથી આગળ વધીને આ શિક્ષણની અંદર જ્યારે પણ શિક્ષકને શિક્ષણ આપવાનું ત્યારે એને પ્રશિક્ષિત કરવા માટે જે રિસોર્સડ પર્સન છે, તેને તૈયાર કરવા માગીએ છીએ, એવું શિક્ષણ આપવામાં આવ્યું કે માત્ર ચાર દિવાલની વચ્ચે નહિ, એને એવું જ્ઞાન આપવામાં આવ્યું, એમાં જોઈએ તો કેળવણી સાથે સંકળાયેલા, કેળવણી નિરીક્ષક અને મુખ્ય શિક્ષકો, બી.આર.સી., સી.આર.સી. કો-ઓર્ડિનેટર, યોગ શિક્ષણ, યોગહ કર્મશુ કૌશલમ્ યોગ શિક્ષણ આપવું છે. શારીરિક શિક્ષણ આપવું છે. જ્યારે વિદ્યાર્થી માનસિક શાંતિ ન અનુભવતો હોય અને શિક્ષણની વાત કરતા હોઈએ તો શકય નથી અને એ પણ કામ કર્યુ. હેલ્થી માઈન્ડ વીલ બી ઈન ધ હેલ્થી બોડી. તંદુરસ્ત શરીર હશે તો તંદુરસ્ત મન પણ હશે અને આરોગ્ય મંત્રીશ્રી બેઠા છે. આપણે આઠમાં ધોરણમાં જેને લોહતત્ત્વ ઓછું છે, તેવી કન્યાઓને એ તત્ત્વ આપવાનો પ્રયત્ન કર્યો છે. આગળ વધીને વાત કરું તો, કૉમ્પ્યૂટરની અંદર જે શિક્ષણ છે, એ શિક્ષણની અંદર શિક્ષણ એવું નથી કે બધા સરળતાથી સમજી જાય. શિક્ષણ સમજવું એ અઘરૂં કામ છે, માથા ઘડવાનું કામ છે, એ કામ કરી રહ્યા હોય ત્યારે એને માનસિક રીતે તૈયાર કરવા માટે એને જ્ઞાન આપવું, એને તૈયાર કરવા માટે એવા પ્રશિક્ષક, રીસર્ચ પર્સન તૈયાર કરીને એમની સાથે પરામર્શ કરે અને પરામર્શ કર્યા પછી જે જ્ઞાન પ્રાપ્ત કરેલ છે તે વિદ્યાર્થી સુધી પહોંચાડવાનું કામ કરે. કઠિન બિંદુ હોય, કોઈક જગ્યાએ પુસ્તકની અંદર છાપેલ છે, જોઈ લઈએ તો શિક્ષકની જરૂરિયાત રહેતી નથી, પણ એને સરળીકરણ કરવા માટેનો આ રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. માનસિક વ્યાપારને પણ ધ્યાનમાં રાખ્યો છે, એટલા માટે કહેવું છે કે પુસ્તક કેશુયા વિદ્યા પરહસ્ત ગનમ ધનમ, કાર્યકાલેશું સમુતપને નત્ વિદ્યા નત્ ધનમ્. પુસ્તકમાં રહેલી વિદ્યા કામમાં નહિ લાગે એણે જાણેલું છે, એને તૈયાર કરેલ છે, તે એને સુધી પહોંચશે એવો પ્રયત્ન કરવામાં આવશે અને એવું કામ આ રાજય સરકાર કરી રહી છે. સાથે સાથે મારે એમ કહેવું છે કે અહીયાં ૮૦,૪૭૭ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી. સાથી ધારાસભ્યોનું કહેવું હતું કે આ શિક્ષકોની માત્ર ભરતી કરી દેવાથી અથવા તો ૩ વર્ષની મુદત આપવાની, એવું નથી. જેમ જેમ ખાલી જગ્યાઓ થતી જાય તેમ તેમ તેમને કાયમી કરવાનો આ રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા શિક્ષકોને કાયમી કર્યા છે અને અત્યારે આ રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે. એક દસકા પહેલાંની વાત કરું તો ૧૯૮૫ થી ૧૯૯૪ સુધી આમાં જોઈએ તો પી.ટી.સી. થયેલા શિક્ષકો કે જેમણે પી.ટી. કર્યુ હોય તેવા યુવાનોને નોકરી આપવામાં નહોતી આવતી ૨૦ ટકા કાપમાં અને તે શિક્ષકોને નોકરી નહીં મળવાના કારણે તેમની ઉંમર વધી ગઈ એટલે તેમને કોઈ દીકરી પણ નહોતું આપતું આ કોંગ્રેસની સરકારની વાત છે. આજની તારીખમાં એવી પરિસ્થિતિ છે કે પી.ટી.સી. થયેલો યુવાન જોવા નથી મળતો, તે શોધવો પડે છે. આજે આ પરિસ્થિતિ છે. આ સરકારે ગ્રામ્ય વિસ્તારમાં જે કંઈ કામ કર્યા છે, દરેક પ્રાથમિક શાળાને હેન્ડપંપ મળવો જોઈએ, દરેક શિક્ષકને એક વર્ગખંડ મળવો જોઈએ. પહેલાંના જમાનામાં એવું હતું કે એકડ એકો, બગડ બેયો, ત્રગડ ત્રણ્યો, ચોગડ ચારો, આવું શિક્ષણ આપવામાં આવતું હતું આવી ચીલા ચાલુ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. આજે નવી તરેહનું શિક્ષણ આપવાની વાત છે. ૨૧મી સદીમાં લઈ જવાની નેમ સાથે રાજય સરકારે કામ કર્યુ છે તે સરાહનીય છે.

આરોગ્ય વિભાગની વાત કરી લઉં. મારા મત વિસ્તારની અંદર પચ્ચીસ કલાકની અંદર જયારે બાળકોના મૃત્યુ થવા લાગ્યા ત્યારે આરોગ્ય મંત્રીશ્રી જાતે ત્યાં આવ્યા હતા, છોટાઉદેપુરના ગામડામાં રાજયની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગામડે ગામડે, ઘરે ઘરે, ઉંબરે ઉંબરે થઈ ચકાસણી કરવામાં આવી અને નક્કી કરવામાં આવ્યું કે આ તાવ શેનાથી આવે છે. પુનાથી પણ એક ટીમ આવી હતી. તેમણે શોધી કાઢયું કે જયારે ચોમાસામાં આદિવાસી ગામોની અંદર ઘર અને ખોડીયું એક જ હોય છે, ક્બાઈન્ડ હોય છે ત્યારે તેના કારણે જે જીવાણું ઉત્પન્ન થાય છે તે જીવાણું નાના બાળકના ઘોડીયા ઉપર ફરે છે અને તેના લીધે તે રોગ થાય છે. તેને નેસ્ત નાબૂદ કરવા

માટેના પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે તે વંદનીય છે. આ વાત સામાન્ય નથી પણ આ સરકારની જે કામગીરી છે તે ગુજરાતની જનતાના હદયની અંદર અને ઈતિહાસમાં અભૂતપૂર્વ બનાવો તરીકે તેની નોંધ થશે. આભાર.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણી નં.૭ અને ૮ લઈને આવ્યા છે અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણી ક્રમાંક- ૩૭ અને ૩૮ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી અને જાહેર આરોગ્ય માટે મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં આ વર્ષે જે ફાળવણી કરી છે તેમાં ૭૯૭ કરોડની ફાળવણી કરી છે. તેમાં શહેરી વિસ્તારમાં ૪૯.૪૩ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ફાળવણી ખૂબ જ ઓછી એટલે કે ૧૯.૭૩ ટકા જેટલી દેખાય છે. આની અસર ગ્રામ્ય વિસ્તારમાં ચોક્કસ પડશે તે દેખાય છે. ગયા વખતે ગ્રામીણ આરોગ્ય માટે ૧૫૧.૭૮ લાખની ફાળવણી કરવામાં આવી હતી અને આ વર્ષે તેમાં ૧૫૦.૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓના વધારા માટે ૧૬.૭૫ હજાર જેટલા પૈસા ઓછા ફાળવવામાં આવ્યા છે. પ્રાથમિક આરોગ્ય લેવલે ઘણી સારી પ્રવૃત્તિઓ ચાલે છે. આરોગ્ય વિભાગ તરફથી અધિકારીઓ લગભગ ચાર્જમાં છે તેમને પ્રમોશન મળ્યા નથી. મોટાભાગના આસિસ્ટન્ટ ડાયરૅક્ટર, એડીશનલ ડાયરૅક્ટર અને જોઈન્ટ ડાયરૅક્ટરની જગ્યાઓ ખાલી છે. ડબલ ડબલ, ત્રણ-ત્રણ અને ચાર-ચાર જગ્યાઓના ચાર્જ આપવામાં આવતા હોય છે તેના લીધે કામગીરી થતી નથી. આ જગ્યાઓ પૂરેપૂરી ભરી તેમની કાર્યક્ષમતા પ્રમાણે તેમની પાસેથી કામ લેવામાં આવે તો ઘણાં સારાં પરિણામમ આવી શકશે. પ્રાથમિક વિભાગ લેવલે જે કામગીરી ચાલી રહી છે આરોગ્ય લેવલે જે કામગીરી છે તેમાં માતૃ બાળ કલ્યાણ, માતાઓની સારવાર, બાળકોની સારવારની કામગીરી ચાલે છે તેમાં સારું પરિણામ છે. પણ એક ચિંતાનો વિષય છે મૃત્યુ દરનો. મૃત્યુ દર છેલ્લા બે વર્ષથી વધ્યો છે. જે ખરેખર ચિંતાનો વિષય છે. આ ગૃહના સન્માનનીય સભ્યએ ત્રણ ચાર વર્ષ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીને કાગળ લખ્યો હતો અને તેમને જણાવ્યું હતું કે અને એમણે જણાવ્યું હતું કે, હલકી કક્ષાની દવાઓથી મૃત્યુ દર વધવાની દહેશત છે, એવું એમને લાગ્યું છે અને આ હકીકત સાચી હોય એમ મને દેખાય છે. જે મૃત્યુ દર ૭.૫ હતો તે ૭.૬ થયો છે એટલે એટલી અસર પડવા માંડી છે, ગામડાં લેવલે જે ટ્યુબર કલોસીસનું પ્રમાણ છે એ પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. આંકડા ગમે તે હોય પણ ગામડાંમાં અમે જઈએ છીએ ત્યારે રેસિસ્ટેન્સ કેસીસ ઘણા બધા છે અને એ રૅકૉર્ડ ઉપર આવતા પણ નથી તો એવા કેસીસ પ્રત્યે પણ સરકારે જાગૃકતા રાખવી જોઈએ. આ વખતે એક કરોડ સત્તાવન લાખ રૂપિયા જેટલી ઓછી રકમ ફાળવી છે તો મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પણ વિચાર કરીને જે ટ્યુબર કલોસીસના કેસીસ છે એને પ્રાધાન્ય આપીને થોડીક વધારે રકમની ફાળવણી કરે. સરકારના પરિવાર કલ્યાણ માટેના જે લક્ષ્યાંક છે એ લક્ષ્યાંક મુકત કરેલ છે એ પણ એક ચિંતાનો વિષય છે કારણ કે વસતિ વધારાનો જે વિસ્ફોટ થયો છે એ આપણા માટે ચિંતાનો વિષય છે. ત્યારે નસબંધી, આંકડી, નિરોધ એ જે બધી બાબતો છે એ દરેક બાબતમાં સો ટકા લક્ષ્યાંક પૂર્ણ કરવો જોઈએ, પણ એ થયો નથી એમાં આજે ઓછી કામગીરી દેખાઈ રહી છે. એવી જ રીતે અંધત્વ નિવારણમાં જે લક્ષ્યાંક સો ટકા થવો જોઈએ એ લક્ષ્યાંક ઓછો થયો છે.

સામૂહિક આરોગ્ય કેન્દ્ર લેવલે એક અધિક્ષક હોય છે અને એની નીચે ત્રણ મૅડિકલ ઑફિસર હોય છે એમાં એ જગ્યાઓ ખાલી હોય છે અને જે સુપ્રીન્ટેન્ડન્ટ હોય છે એ એક્ષપર્ટ હોય છે પણ એને જે કામગીરી કરવાની હોય છે, ઑપરેશનને લગતી કામગીરી કરવાની હોય છે એ કરી શકતા નથી કારણ કે એના માટે બેભાન કરવા માટે એનેસ્થેટિસ્ટ જોઈએ એ જગ્યા નથી હોતી તો એના માટે કોઈક વૈકલ્પિક વ્યવસ્થા કરે, જે ગયા વખતે બજૅટમાં એમણે વાત કરી હતી કે જિલ્લા લેવલે, સબજિલ્લા લેવલે અને તાલુકા લેવલે તજજ્ઞોની વ્યવસ્થા કરવામાં આવશે પણ એ જગ્યાઓ ભરાઈ નથી અને મને તો એમ લાગે છે કે, આ જગ્યાઓ હવે ભરાશે નહીં એનું પણ કારણ છે કે એન્ટ્રન્સ ટેસ્ટ લઈએ છીએ એના લીધે જે પી.જી.માં એડમિશન મેળવવું જોઈએ એ એડમિશન ભરાતા નથી એને લીધે ઘણી બધી જગ્યાઓ ખાલી રહેશે અને એટલે ભવિષ્ય માટે આપણા માટે આ એક ચિંતાનો વિષય થશે કે આવા તજજ્ઞો આપણને મળશે નહીં એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આમાં પણ ગંભીરતાથી વિચાર કરવો પડશે અને ખાસ કરીને એમણે બીજી એક વાત કરી હતી કે, અમે મૅડિકલ યુનિવર્સિટી માટે વિચાર કરી રહ્યા છીએ ત્યારે એ પણ વહેલી તકે અમલમાં લાવે કારણ કે હવે ગામડાંમાં આવા કોર્સીસ ડૉકટરોની જરૂર પડશે કે જે એમબીબીએસ ન હોય પણ એનાથી નીચેના ડિપ્લોમા કોર્સીસ છે કે જેથી આરોગ્યની સેવાઓ ગામડાં લેવલે મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા લેવલે રિજીયોનલ ડાયગ્નોસ્ટીક સૅન્ટરની રચના કરી છે પણ એમાં અમુક સાધનો આવ્યાં છે અને અમુક સાધનો હજી સુધી આવ્યાં નથી તો એ માટે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે કોઈ સાધનો ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે લાવવાના હતા એ સાધનો પણ જલદી આવી જાય તો એની સેવાઓનો લાભ દર્દીઓ મેળવી શકે. સરકારે જીવન રક્ષા કેન્દ્રો ચાલુ કર્યા હતા, હાઈવે ઉપર અકસ્માતો થાય છે એના માટે જે કેન્દ્રો શરૂ કરેલા એ સારા હેતુથી ચાલુ કરવામાં આવ્યાં હતાં પણ આમાં થોડુક જોવાની જરૂર છે કે ઘણાં બધાં કેન્દ્રો એવા છે કે એ એમને એમ પડેલાં છે, એનો જે મૅડિકલ સ્ટાફ છે એ સ્ટાફ પણ એમને એમ પડેલો છે એમાં કોઈ જોતું પણ નથી અને એ મૅડિકલ સ્ટાફ પણ પોતે સારી સેવાઓ આપી શકતો નથી. તો જ્યાં પણ અકસ્માતો

થાય છે એવી જગ્યાએ એમને મૂકવામાં આવે, અને જે સ્થળો પહેલેથી પસંદ કરવામાં આવ્યા હતા, નેશનલ હાઈવે થઈ ગયો અને કયાંક આખોય ફાઈવ ટ્રેક થઈ થયો તો એને પણ ફરી રિસર્વે કરીને જ્યાં જરૂરિયાત છે એવી જગ્યાએ એ મૂકવામાં આવે, અમારા ત્યાં રાયગઢ ખાતે, હિંમતનગર જે છે ત્યાં એ લોકો એક બાજુ પડી રહ્યા છે, એમને કોઈ જોતું પણ નથી તો એમને શામળાજી ખાતે જો મૂકવામાં આવે તો એમની વધુ સારી સેવાઓનો લાભ મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મેલેરિયાનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે, ગઈ વખતે ૨૦૦ જેટલા મૃત્યુ થયાં હતાં, ડેંગ્યુના લીધે પણ લગભગ નવેક જેટલા મૃત્યુ થયાં હતાં, ૨૬૧ જેટલા કેસ નોંધાયા હતા ત્યારે આવા જે રોગ છે, મેલેરિયા, ફાઈલેરિયા, ડેન્ગ્યુ એના માટે પણ આપણે ચિંતા કરવી પડશે. મેલેરિયામાં પ્રિફાલ્સીફેરમનું પ્રમાણ ત્રણ ઘણું વધવા પામ્યું છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આપણે જ્યારે તળાવો ભરવાની વાતો કરીએ છીએ અને જ્યારે ખાસ કરીને સાબરમતીમાં આપણે પાણી ભરી રહ્યા છીએ ત્યારે એમાં પણ જે કપિપિત મૂકી અને એમાંથી જે પોરાભક્ષક માછલીઓ છે એ માછલીઓ મૂકવામાં આવે તો એ દ્વારા આપણે ચોક્કસ સારા પરિણામ લાવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, રોગ પ્રતિકારક રસીઓ આપણે ગામડાં લેવલે દરેકને આપીએ છીએ પણ એમાં પણ લક્ષ્યાંક પૂર્ણ થયા નથી એટલે એ પણ એક ચિંતાનો વિષય છે. જે રિજીયોનલ ડાયગ્નોસ્ટીક સૅન્ટર માટેની મેં વાત કરી હતી એમાં જે સીટીસ્કેન, ડીફીબ્લેટર, લિથોટ્રિપ્સી, ફેકોમશીન, ગેસ્ટ્રોસ્કોપ મલ્ટીયુટીલીટી સ્કોપ, આવા જે સાધનો છે. આ જે સાધનો છે એને વાપરવા માટેના એક્ષપર્ટ માણસોની ત્યાં જિલ્લા લેવલે જરૂરત છે એના માટે આપણે માનનીય મંત્રીશ્રી થોડી ચિંતા કરે.

મારી બીજી એક વિનંતી છે કે, આરોગ્ય વિભાગમાં, તબીબી વિભાગમાં અને કામદાર રાજય વીમા યોજનાના દવાખાનામાં જે નર્સો છે એમને ડાયરેકટ મેરિટ પ્રમાણે ભરતી કરાતી હતી એ વખતે એ બહેનોને કામદાર રાજય વીમા યોજનામાંથી છૂટી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગમા આ ત્રણેય પાંખો આવે છે ત્યારે એક જ વિભાગમાં આવો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે આ સેંકશન થયેલ પોસ્ટ છે, આવી પોસ્ટ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરાય નહીં ત્યાં સુધી આવી બહેનોને નોકરીમાં ચાલુ રાખવી જોઈએ. એટલે કે જયાં સુધી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી થાય ત્યાં સુધી આ જગ્યાએ જે તે નર્સને ચાલુ રાખવી જોઈએ એટલી મારી વિનંતી છે.

**શ્રી સી. ડી. પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી મહેસૂલ અને મહેસૂલી મૂડી ખર્ચની તેમજ આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, 'શિક્ષા બીન નર પશુ સમાન' સહજ રીતે સમાજની જે સ્થિતિ છે એના આધારે જોઈ શકાય છે કે, જે સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચું હોય એ સમાજ મજબૂત બનતો હોય છે. તેમજ જે રાજયનું શિક્ષણનું પ્રમાણ, શિક્ષણનું સ્તર સુઘડ હોય, સુગ્રથિત હોય, બાળકમાં પડેલ આંતરિક શકિતના વિકાસની જયાં તકો વધુ એ પ્રકારનું શિક્ષણ હોય તો જ રાજયની પ્રગતિ થાય અને એના માટેની ચિંતા આ રાજય સરકારે કરી છે. જયાં પણ શિક્ષણનું પ્રમાણ ઓછું હોય ત્યાં પહેલા આ બાળક શાળાએ આવે આ માટે જયાં બાળક છે ત્યાં શાળા ખોલવાની વાત અગાઉ થઈ હતી પરંતુ મારે કહેવું છે કે, બાળક શાળાએ હોંશથી જાય, સમાજના વાલીઓ, માતા-પિતા બાળકને લઈને સ્કૂલે જાય અને સમગ્ર ગામ એક બનીને આ બાળકનો શાળા પ્રવેશ મનાવે આવો શાળા પ્રવેશના ઉત્સવનો પહેલો પ્રયોગ થયો હોય તો એ ગુજરાતમાં થયો છે અને ગુજરાતમાં આ પ્રયોગ થવાના કારણે બાળક શાળાએ પહોંચ્યો છે એનું સીધુ પરિણામ જે શિક્ષણના મુખ્ય ચાર આધારસ્થંભ છે એમાં એક સરકાર છે. સરકાર આ જ્ઞાન છેવાડાના વ્યકિતને પીરસે છે. અંતિમ વ્યકિતનો બાળક ભણે, એ ગરીબના ઘરમાં જ્ઞાનનો દિવડો પ્રગટે એની ચિંતા કરે એ એક પાયો શિક્ષણનો સરકાર છે.

શિક્ષકો બીજો પાયો છે, જેણે બાળકોને ભણાવવાના છે, જ્ઞાન આપવાનું છે. એ બીજો પાયો છે શિક્ષકો. ત્રીજો પાયો છે સમાજ, સમાજ શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સાથે રહીને સમાજનો આ વાલી, કે જે શિક્ષણનો ચોથો પાયો છે એ સમાજનો મોભી બનીને જન ભાગીદારીથી શિક્ષણમાં ઉત્ક્રાન્તિ આવે અને શિક્ષણનું સ્તર ઉંચુ આવે એની ચિંતા કરે છે. આ ચાર શિક્ષણના પાયા છે એની વાત કરું તો સરકાર, સમાજ, બાળક અને વાલી આ ચારેય ભેગા થઈને બાળકને પેણ મળે, પાટી મળે, પેન્સિલ મળે, પુસ્તક મળે, પેટી મળે, એને શુધ્ધ પાણી મળે અને એને માટે પેશાબખાનાની પણ વ્યવસ્થા થાય આ ચિંતા પહેલીવાર ભાજપની સરકારે અને માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કરી છે કે બાળક જયાં ભણે ત્યાં એને પૂરતી સુવિધા મળે. આ શાળા ઉત્સવ કાર્યક્રમમાં જયારે લોકભાગીદારીથી અમે લોકો પાસે ગયા છીએ ત્યારે ત્યાં એ ગામમાં ઉત્સવનો માહોલ થાય અને ઉત્સવના માહોલ વચ્ચે જયારે આખો કાર્યક્રમ થતો હતો ત્યારે અમે જોયું કે અગાઉના વર્ષોમાં અમે ભણ્યા છીએ, હું ભણ્યો છું ત્યારની વાત કરું તો જુદી વાત લાગશે પણ હમણાંના વર્ષોની બે-પાંચ-દસ વર્ષ પહેલાની વાત કરું તો એવો કોઈ વિચાર કોઈને નહોતો આવ્યો કે ત્યાં શાળા છે, ઓરડો છે શિક્ષક છે કે નથી? આપણે ભણતા હતા ત્યારે ત્યાં એક શિક્ષક, એક ઝાડ, ચાર વર્ગ એકથી ચાર ધોરણ એક વર્ગમાં સાથે હોય અને એક સાથે જ પિરિયડ લેવાય. અત્યારે મારા મિત્ર કુંવરજીભાઈ સવારે કહેતા હતા કે ઓરડા નથી, એક શિક્ષક ત્યાં એક ઓરડો

આપવાની વાત આ શિક્ષણમંત્રીશ્રીએ કરી છે. પરિણામ એ આવ્યું છે કે શાળાએ જતા બાળકો ભણવા ગયા છે અને ભણતા ભણતા જયારે ૧૯૯૮-૯૯ નો રેશિયો જોઈએ ત્યારે પ્રવેશોત્સવના કાર્યક્રમ વખતે તે ઘડીએ શાળામાં જે નિમણૂંકો થતી ૩૩૫૫૮ જેટલી થતી હતી જ્યારે ગયા વર્ષની પાછલા વર્ષની જે વાત છે ૨૦૦૩-૦૪ માં ૩ લાખ ૮૨ હજાર જેટળા બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. આ શિક્ષણની ભૂખ જગાડવાનું કામ માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કર્યુ છે. બાળક ભણે, આ લોકોનું કામ એ હતું કે અભણને અભણ રાખવો, ગરીબને ગરીબ રાખવો અને ચૂંટણીના સમયે એમની પાસે જે તે સમયે જઈને ખાલી વાતો કરવી અને મત માગવા અને મતપત્રોનો રાજકિય રોટલો શેકવા માટે આ લોકો ફરતા હતા ત્યારે મારે આજે કહેવું છે કે, વિદ્યા સહાયકોની ભરતી પ્રત્યેક બાળક ધોરણ-એક, પહેલા ધોરણના બાળકોને એક વર્ગ મળે, એક વર્ગખંડ મળે એમને પાણી મળે, એમને લાઈટ મળે એક શિક્ષક મળે અને આ શિક્ષક કેવો મળે, બી.એડ થયેલો તાલીમી શિક્ષક મળે, ૭૭૫૪ તાલીમી શિક્ષકોની ભરતી કરી છે. ધોરણ પાંચ, છ અને સાતમાં ધોરણના વિદ્યાર્થીઓને એનો લાભ મળે એના માટે આ ભરતી દ્વારા વ્યવસ્થા કરી છે.

અંગ્રેજીની વાત કરું તો ધોરણ પાંચ, છ અને સાતમાં ધોરણમાં અંગ્રેજીનું જ્ઞાન મળે, સંસ્કૃતનું એને જ્ઞાન મળે, એને યોગનું જ્ઞાન મળે, મને આનંદ થાય છે કે મારા આણંદ જિલ્લાની એક વિદ્યાર્થીની વિદ્યા પરમાર સાતમા ધોરણમાં ભણતી દીકરી રાષ્ટ્રિય કક્ષાએ યોગસામ્રાગનિ બની અને એ, આ સરકારની દેન છે, દીકરીમાં પડેલી શક્તિ છે એને બહાર લાવવાની ક્ષમતા છે, કેવી રીતે એનો વિકાસ થાય એના માટે થઈને અહીંયા ચિંતા કરવામાં આવી છે અને એના માટે થઈને ભાર વગરનું ભણતર. આ લોકો જે રીતે જૂએ છે એથી હું કંઈક અલગ રીતે જોઉં છું, હું ભણવા જતો હતો એ વખતે પુસ્તક મૂકવાની થેલી વેચાતી લાવવી પડતી હતી, ટૂંગા કહેતા એને, એને સંગ્રહી રાખતા હતા, પેન્સિલની તો વાતજ ક્યાં કરવાની છે અને પાટી તો ફુલી ગઈ હોય, પાણીમાં બે ત્રણ વાર પલળી જાય એટલે પાટી ફુલી જાય. એક મિનિટમાં મારી વેદના, સાચી વાત હું કહેવા માગું છું. ભાર વગરનું ભણતર સમાજનો વાલી, સમાજનો મોભી, વિદ્યા સહાયક યોજનામાં જેમ શિક્ષક ભણાવે એમ વિદ્યાલક્ષ્મી બોન્ડ, દીકરી સ્કૂલે આવે એને કુમકુમ તિલક કરીને મા ભગવાનની ઉપાસના કરતાં કરતાં દીકરીને સરસ્વતિના ધામમાં મૂકવામાં આવે ત્યારે એનું પૂજન કરવામાં આવે એની સાથે એને એક હજાર રૂપિયાનું વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે, પેલી પાટીની વાત કરી એમ એને સ્કૂલમાં જોઈતી તમામ સગવડ મળે, જેમ આપણે નવરાત્રીના દિવસોમાં માં દુર્ગાને વાઘ ા પહેરાવતા હોય એમ આ દીકરીને ગણવેશ મળે, શાળામાં ગણવેશ આ પ્રક્રિયા, આ ભાર વગરના ભણતરમાં માત્ર એવું નહિ કે એને ત્યાં આગળ ખાલી વસ્તુ જોવાની કે જાણવાની મળે પણ એના મા બાપને એના વાલીને સમાજને ખર્ચો ન થાય અને દીકરી ભણે, દિનેશભાઈ અત્યારે બહાર છે એ કહેતા હતા કે બહેન તમે બહેનોની ચિંતા કરજો, અભિનંદન આપતા હતા અને પછી પાછી ટીકા પણ કરતા હતા તો દિનેશભાઈ મારે એ જ કહેવું છે કે, બહેનોની ચિંતા બહેને કરી છે ત્યારે આપણે માત્ર જે કંઈ નાના મોટા દોષ છે એ જોવાને બદલે આપ જેમ અભિનંદન આપો છોને એમ પચીસ વર્ષ અભિનંદન આપ્યા કરો એવું આ સરકાર કરી રહી છે તેમ તમે સમજી જાઓ એ વાત સાથે હું મારી વાત પૂર્ણ કરું છું.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા સજેશનો કરવા માટે હું ઉભો થયો છું.

વિરોધપક્ષના નાતે વિરોધ કરવાના આશયમાત્રથી નહિ પરંતુ આરોગ્યની સેવા કથળી ગઈ છે, ગરીબ દર્દીઓની સેવા થતી નથી એ બાબતે હું થોડીક વાત કરવા માગું છું. રોડ પર, હાઈવે પર અકસ્માત થાય, કોઈ બહેનનું આકસ્મિક મોત થાય, અને એવા સમયે એના પતિ, એના પિયર એના સસરા પક્ષ તરફથી કોઈ હાજર ન હોય તેથી સ્ત્રીઓ બચી જાય એવા કારણો હોય છતાંપણ ડોકટરોના દવાખાનામાં એમને દવા જે લાવવાની હોય એ કિંમતી હોય છે તો એ દવાઓ લાવી આપવામાં આવતી નથી એટલે ઘણી બધી બહેનો અકસ્માતને કારણે મૃત્યુ પામે છે અને જે સ્ત્રીઓ આપઘાત કરે છે જે દીકરીઓ આપઘાત કરે છે તેવા ઘણા બધા બનાવો બને છે તો આ બાબતે સરકાર ઈમજન્સી આવે ત્યારે કોઈ યોજના ઉભી કરે કે આકસ્મિક મુશ્કેલી જ્યારે બને ત્યારે તેઓને સરકાર તરફથી ખર્ચ મળે અને એના વાલીઓ આવે ત્યાંસુધીમાં એને સારવાર મળે એવી મારી માગણી છે.

બીજા નંબરમાં લીંબડી વિસ્તારમાં ધરતીકંપ વખતે બેલ્જીયમની સરકાર અને જેમ એન્ડ જવેલરીવાળા ઝવેરીઓ છે તે લોકોએ બેલ્જીયમ સરકાર તરફથી ૧૧ કરોડ રૂપિયાની સિવિલ હૉસ્પિટલ જ્યારે બાંધેલી ત્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ પણ પ્રતિનિધિ તે લોકો ત્યાંથી ૧૨ થી ૧૫ માણસો આવેલા એક પણ પ્રતિનિધિ આગમન કરવા માટે કે હૉસ્પિટલમાં ઉદ્‌ઘાટન વખતે હાજર નહોતા તે બહુ દુ:ખદ ઘટના છે. આવું ના કરવું જોઈએ. તે લોકોએ શું કર્યુ? ટેન્ડર ભર્યુ અને ટેન્ડરથી કૉન્ટ્રૅક્ટ આપીને સારી હૉસ્પિટલ બનાવી તેને કારણે સરકારે એવું કહ્યું કે તમે અમને પૈસા આપો અને અમે બાંધીએ તો તેમાં માલ મળે એટલે આમાં કાંઈ કર્યુ નહીં એટલા માટે આરોગ્ય વિભાગ તરફથી કોઈ પ્રતિનિધિ પણ હાજર નહોતા તે દુ:ખદ ઘટના છે. ૧૫ કરોડ રૂપિયાની મશીનરી સિવિલ હૉસ્પિટલમાં પાંચ વર્ષથી લીંબડી હૉસ્પિટલમાં પેટીમાં પેક થઈને પડેલી છે તેને આજની તારીખમાં કોઈ માઈનો લાલ ખોલવાવાળો મળતો નથી. લીંબડી હાઈવે રોડ ઉપર આરોગ્ય મંત્રી અશોકભાઈ ભટ્ટ હતા અને ત્યારે એકસીડન્ટ ઝોન લીંબડી ચોટીલા હાઈવે થયેલો. આજે દેશ દેશાવરમાં હાસ્ય કલાકારો પણ અમારી લીંબડી ચૂડાની વાત કરે છે કે મરવું હોય તો લીંબડી ચૂડા જાવ એવી વાતો કરે છે મેં હમણાં જ મુંબઈ ગયો ત્યારે સાંભળ્યું

છે. જીવન રક્ષા હૉસ્પિટલ એક અકસ્માત હાઈવે ઝોન ઉપર મૂકેલી પાંચ પાંચ વર્ષથી તેને ત્રણ ટાઈમ ત્રણ ડોકટરો ફાળવેલા છે. બીજો સ્ટાફ ફાળવેલો છે પણ આજે એમ્બ્યુલન્સ છે તે ૧૫-૨૦ લાખ રૂપિયાના ખર્ચે અદ્યતન બનાવીને મૂકેલી છે તેની હવા પણ નીકળી ગઈ છે. પાણસરા પાસે મૂકેલી છે કોઈ આકસ્મિક માણસ ત્યાં જાય તો ત્યાં કોઈ ડોકટર હાજર રહેતા જ નથી. એવી રીતે લીંબડી વિસ્તારમાં એક સરસ હૉસ્પિટલ ૧૧ કરોડ રૂપિયાના ખર્ચે બેલ્જીયમ સરકારે બનાવી આપેલી છે ત્યાં આજની તારીખે ૧૫ તો ડોકટરો નથી. શીશી સૂંઘાડવાવાળું કોઈ નથી. શીશી સૂંઘાડવા માટે બહારથી ૫૦૦'-૫૦૦ રૂપિયા આપીને શીશી સૂંઘાડવાના ડોકટરો લાવવા પડે છે. ઘણાં બધા ડોકટરો ત્યાં હાજરી પૂરીને જતાં રહે છે. અમદાવાદ કે સુરેન્દ્રનગર શહેરમાં જતાં રહે છે કે અમારાં છોકરાં ભણે છે. પરીક્ષા છે, કોલેજમાં દીકરીની પરીક્ષા છે એમ કહીને ડોકટરો જતા રહે છે. એ એટલો બધો પછાત વિસ્તાર છે હાઈવે ઝોન રોજનાં ૧૦ થી ૧૫ હજાર વાહનો ત્યાંથી નીકળે છે. લોકો ત્યાં એકસીડન્ટમાં આવે છે તેની કોઈ સારવારવાળુ હોતું નથી એવી રીતે હમણાં જ મેં સાંભળ્યું છે આજની તારીખે છ જગ્યા ડોકટરોની ખાલી છે કલાસ વનની.ક્લાસ-૨ની દશ જગ્યાઓ ખાલી છે તેમાં ૮ જગ્યા તો સરકારે ડોકટરોની ઘટાડી દીધી. કેમ ઘટાડી દીધી રામ જાણે? આઈ.કે.બાપુ તમારું કયાં મગજ ફરી ગયું છે ખબર નથી પડતી. ક્લાસ-૩ની ૧૭ જગ્યાઓ ખાલી છે અને તેમાંથી ૧૯ નર્સોની જગ્યા તેમણે માંડીવાળી છે. તેની ભરતી નથી કરતા. કોઈને લાવતા નથી. લાગવગીયાઓને લાવે છે અને પછી જ્યારે જવું હોય ત્યારે જવા દે છે. આજની તારીખમાં કહું બે મહિના પહેલાં આરોગ્ય મંત્રીશ્રીને પત્ર લખેલો કે મારા પ્રભારી મંત્રી છો અને મારે ત્યાં કેસ કાઢવા માટે કે દવા આપવા માટે કોઈ માણસ નથી હોતા. ત્યારે તે દુ:ખદ ઘટના છે. આરોગ્યને સિર્યસલી લઈ અને આ મારા સજેસન ઉપર ધ્યાન આપી અને પાંચ કરોડની મશીનરી ૧૫ કરોડની મશીનરી પડી છે અને ધૂળ ખાય છે તેના પાટિયા ખોલી અને તે મશીનરીનો ઉપયોગ થાય એવી વાત કરું છું. બેસી જાઉં છું. જય શ્રીકૃષ્ણ, જય શ્રી રામ. અને તમે જે ભૂલી ગયા છો તે બોલુ છું ભારત માતા કી જય.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. શિક્ષણ મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગમાં કડકાઈ કરી શિક્ષણ સુધારવાનું પ્રશંસનીય કામ કર્યુ છે તેને હું આવકારું છું, પરંતુ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આગામી ત્રણ મહિના પછી વધુ એક કડકાઈભર્યુ પગલું શાળા ઉપર લે એવું જણાવું છું. આ શાળાઓ, સ્કૂલો દર એક-બે વર્ષે યુનિફોર્મ બદલી નાંખે, ડિઝાઈન બદલે, ડ્રેસમાં ચેન્જ કરે અને નવા ડ્રેસો બાળકોને લાવવા પડે છે તેનાથી વાલીઓને ઘણું નુકસાન થાય છે અને શાળાઓ હવે ખુદ તેમની સ્કૂલમાં વેચે છે અને બજારમાં મળતા ડ્રેસ કરતાં વધારે કિંમત લઈને ડ્રેસ આપે છે. તેઓ આ ડ્રેસ ફરજીયાત લેવડાવે છે. તો મારી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે હવે જૂન મહિનામાં શાળાઓ ફરીથી ચાલુ થાય ત્યારે એકવાર સ્કૂલે નકકી કર્યો હોય એ ડ્રેસ બદલાવે નહીં. આવું કરવા પાછળનો આશય તેમનો પૈસા કમાવાનો જ હોય છે એવું મારું માનવું છે અને એનાથી વાલીઓને ઘણું જ નુકસાન જાય છે. એટલે જો આ એક સુધારો માનનીય શિક્ષણ મંત્રીશ્રી કરે તો આનાથી વાલીઓ અને વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી આઈ.કે.જાડેજા આરોગ્ય વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તેને પણ મારું અનુમોદન આપું છું. ગુજરાત રાજયમાં ૨૦૦૩-૦૪ માં મોતીયાનાં લગભગ ૪૫૦૦ જેટલાં ઓપરેશનો થયાં છે અને લગભગ ૩૩ હજાર જેટલાં બાળકોને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે અને આ રીતે આખા દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને રહયું છે. તેવી જ રીતે કૃષ્ટ રોગની વાત કરું તો આવા કૃષ્ટ રોગીઓની કાયાપલટ માટે જે એક કાર્યક્રમ વડોદરાની સયાજીગંજ હોસિપટલમાં થયો અને એમાં ૩૦૦ કલાક અને ૫૦૦ કલાક આવા કૃષ્ટ રોગના દર્દીઓનાં ઓપરેશન થયાં એનાથી ૫૩૦૦ જેટલા આવા રોગીઓનાં ઓપરેશન કરીને એમને સાજા કરવામાં આવ્યા છે. જે લોકો આવા રોગના ભોગ બન્યા હતા અને રોડ ઉપર ભીખ માંગતા હતા એવા લોકો આજે પોતે કામ કરી શકે છે અને પોતાની રોજી કમાઈ શકે છે. તો આવા કૃષ્ટ રોગીઓને આ આરોગ્ય વિભાગે ઓપરેશનો કરીને જે સુધારો કર્યો છે એનાથી તેમની હસ્તરેખા બદલાઈ ગઈ છે અને એ જે લોકો રસ્તા ઉપર ભીખ માગતા હતા એ લોકો આજે ધંધા કરતા થઈ ગયા છે એ ખરેખર એક પ્રશંસનીય કાર્ય આરોગ્ય વિભાગ મારફત થયું છે તે બદલ હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાની આ સયાજીગંજ હોસ્પિટલ એ શહેરની ઘણી જ જૂની હોસ્પિટલ છે અને ૧૨૦૦ બેડની રાજયમાં બીજા નંબરની હોસ્પિટલ છે. આ હોસ્પિટલનું આધુનિકીકરણ કરવા માટે સત્યમ્ શિવમ્ સુંદરમ્ સમિતિ દ્વારા એક કાર્યક્રમ સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો. આ હોસ્પિટલમાં ૪૬ જેટલા વોર્ડ છે અને આ હોસ્પિટલ એ ૩૫ એકર જેટલા વિસ્તારમાં પથરાયેલી છે. આ સત્યમ્ શિવમ્ સુંદરમ્ ટ્રસ્ટનો હું પોતે પ્રમુખ છું અને અમે લોકોએ એક હેલ્થકેર જેવો પ્રોજેકટ કર્યો હતો એમાં આનું આધુનિકીકરણ કરવા માટે જે ખર્ચ થાય એમાં ૫૦ ટકા ખર્ચ સરકાર અને ૫૦ ટકા ખર્ચ આ ટ્રસ્ટ ભોગવે. અમે આ હોસ્પિટલમાં ભણીને જે લોકો ડોકટર થયા હોય અને અમેરિકા ગયા હતા તેમની પાસેથી અમે ૨૫ ટકા રકમ ભેગી કરતા હતા અને ૨૫ ટકા વડોદરા શહેરમાંથી ભેગા કર્યા હતા, પરંતુ સરકારે પણ એના માટે અમને આહ્વાન આપેલ. આ બાબતે ૫ કરોડ રૂપિયા અમેરિકામાંથી ભેગા પણ કર્યા અને બે વર્ષ પહેલાં એક કરોડ ૧૦ લાખ આપ્યા અને પછી ૧ કરોડ આપ્યા અને ૧૦ લાખ બાકી પણ છે,એનાથી અમે ૩ કરોડ રૂપિયાનો પ્રોજેકટ પણ કર્યો છે, પરંતુ છેલ્લા બે વર્ષથી આ બાબતે કોઈ પૈસા કે રકમ મૂકતા નથી અને આ કાર્યક્રમ થતો નથી અને કાર્યક્રમ આગળ વધતો નથી. તો મારી માનનીય

મંત્રીશ્રીને વિનંતી છે અને માનનીય વજુભાઈને પણ વિનંતી છે કે આ પ્રોજેકટ માજી આરોગ્ય પ્રધાન શ્રી સુરેશભાઈ મહેતા, અશોક ભટ્ટ અને આઈ.કે.જાડેજા સાહેબે પણ જોયો છે અને એ આનાથી ઘણા જ આનંદિત પણ છે અને કામ પણ ખૂબ સારું થયું છે તો તાત્કાલિક આ પ્રોજેકટ માટે પણ રકમ મૂકે.

બીજું કે અમારી હોસ્પિટલમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી પણ દર્દીઓ આવે છે કારણ કે એ રાજયોમાં આરોગ્યની આપણા જેવી મફત અને સારી સુવિધા નથી હોતી, એ જ રીતે અકસ્માતના પણ વધારે કેસો આવે છે અને જિલ્લાના બીજા કેસો પણ આવે છે. તો મારું અગત્યનું સૂચન એ છે કે રાજયમાં જે વિસ્તારમાં હોસ્પિટલો છે, તે વિસ્તારના ધારાસભ્યો જ તેને પોતાની ગ્રાન્ટના પૈસા આપી શકે છે. મારા વિસ્તારમાં જે હોસ્પિટલ છે તેમાં હું જ પૈસા ફાળવી શકું છું, ત્યાં રોડ બનાવવો હોય, નવું બાંધકામ કરવું હોય કે ગાર્ડન બનાવવો હોય તો તેમાં હું જ પૈસા ફાળવી શકું છું. પરંતુ જો જિલ્લાના બધા જ ધારાસભ્યો આમાં પોતાની ગ્રાન્ટમાંથી પૈસા ફાળવી શકે તેવો સુધારો થાય તો રાજયના તમામ ધારાસભ્યો આખા જિલ્લામાં જે હોસ્પિટલ હોય તેમાં ગ્રાન્ટ ફાળવી શકે તો આવી હોસ્પિટલના રસ્તા બનાવવાનું કામ, ગાર્ડન બનાવવાનું કામ કે તેને સુશોભિત કરવાનું કામ સારી રીતે થઈ શકે તેથી તેવો સુધારો કરવામાં આવે તેવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

ખાસ કરીને શિક્ષણની બાબતમાં હું સરકારના ધ્યાન ઉપર લાવવા માગું છું કે ગ્રામ્ય વિસ્તારોમાં હમણાં છેલ્લા જે આંકડા અને રીવ્યુ એમણે કર્યા તે ઉપરથી ખ્યાલ આવ્યો છે કે ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ દિન પ્રતિ દિન ઘટી રહી છે. તેના કારણે ગ્રામ્ય વિસ્તારના દીકરા-દીકરીઓને ભારે મોટું નુકસાન થઈ રહ્યું છે. તેથી હું શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જરૂર પડે તો કન્યા વિદ્યાલયોને તમે ગ્રાન્ટેડ શાળાઓ આપો, ફરજિયાત રીતે સારી શૈક્ષણિક સંસ્થાઓ એ શાળા ચલાવે તેવો આગ્રહ રાખો. દિન પ્રતિ દિન વિજ્ઞાનનું શિક્ષણ કથળતું જાય છે અને મને લાગે છે કે ગુજરાતની આવનારી પેઢીને બહુ મોટું નુકસાન થશે. તેથી વિજ્ઞાન પ્રવાહ વધારે ઉજ્જવળ બને અને ગ્રામ્ય વિસ્તારોમાં વધારેમાં વધારે લાભ મળે તે જરૂરી છે, શહેરી વિસ્તારના વાલીઓ અથવા અનેક મંડળો તેની ફીના ધોરણને કરીને પણ લાભ મેળવી શકશે. પરંતુ ગ્રામ્ય વિસ્તાર પાસે સગવડ નથી તેથી રાજયે ખાસ પેટર્ન, ધોરણો અને નોર્મ્સ નકકી કરીને સગવડ ગ્રામ્ય વિસ્તારોને આપવી જોઈએ તેવો મારો ખાસ આગ્રહ છે ભલામણ છે,

રાજય સરકારે પી.ટી.સી. કોલેજો બહુ મોટા પ્રમાણમાં આપી છે અને મને એવું લાગે છે કે આવનારા બે ત્રણ વર્ષોમાં પી.ટી.સી. થયેલ દીકરા-દીકરીઓ બેકારીનો ભોગ બનવાના છે. આજે પી.ટી.સી. ના મોહમાં વાલીઓ દેવું કરીને દીકરા-દીકરીઓને સ્વાયત કોલેજમાં ભણાવે છે અને સ્વનિર્ભર કોલેજો થઈ છે તેના ડોનેશનની વાત મારે આ હાઉસમાં કરવાની જરૂર નથી, કારણ કે એ સર્વ વિદિત છે, બધા જ જાણે છે કે ડોનેશન કેટલું લેવાય છે, તેથી ગ્રામ્ય વિસ્તારોમાં જે આર્થિક રીતે પછાત હોય, બીજા પછાત હોય આદિવાસીઓ હોય તેમની પાસે આર્થિક સગવડ બહુ મર્યાદિત હોય છે અને છતાં નોકરી મળશે એવા મોહમાં દેવું કરીને તેઓ ભણાવે છે, અને છતાં આવી પી.ટી.સી. કોલેજોમાં મુકવામાં આવે છે ત્યારે એવી પી.ટી.સી. કોલેજોને હું જાણું છું કે જેની પાસે ભૌતિક સગવડતાઓ પણ નથી હોતી, એટલું જ નહીં પરંતુ પૂરતો ટ્રેઈનિંગ પામેલો સ્ટાફ પણ નથી. તો આવનારી પેઢીના જે આપણે ઘડવૈયાઓ તૈયાર કરવાના છે તેમને તેઓ શું શિક્ષણ આપવાના છે? બહુ સામાન્ય શિક્ષકો ગમે તેમ ભેગા કરીને ગમે તેમ વર્ષ પૂરું કરી નાખવાની મનોવૃત્તિ આવા સંચાલક મંડળોની રહે છે. તેથી આ બાબતમાં હું માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું બહુ ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું કે આના માટે સ્પેશિયલ સ્કવોર્ડ મૂકીને તપાસ કરાવે અને પૂરતી ટ્રેઈનિંગ પામેલો સ્ટાફ હોય અને ત્યાં છાત્રાલયોમાં રહેનારા દીકરા-દીકરીઓને ભૌતિક સગવડ મળી રહે તે જાતની સગવડ ગોઠવાય તે જોવાની ફરજ રાજયની છે. હમણાં થોડા દિવસ ઉપર પેપરમાં વાચ્યું હતું કે કોઈ એક પી.ટી.સી. કૉલેજમાં કોઈ જાતની સગવડ ન હોવાને કારણે બાળકોએ છેક ગાંધીનગર સુધી ફરિયાદ કરવા આવવું પડ્યું હતું. તો આવી પરિસ્થિતિ ન સર્જાય એટલા માટે માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરુ છું અને મને વિશ્વાસ છે કે તેઓ આ બાબતમાં કાળજી લેશે.

ખાસ કરીને સ્વાયત્ત યુનિવર્સિટીઓ આપવાનું કામ ગુજરાતમાં ચાલી રહ્યું છે. મને લાગે છે કે આ સારુ છે એમાં વાંધો લેવાનો સવાલ નથી. પણ રાજયના વિકાસનું જે સમતોલપણું ઊભું થવું જોઈએ એ જાતની દૃષ્ટિ નહિ રાખીએ તો એક દિવસ એટલી મોટી ખાઈ ઊભી થશે કે જે નીચે છે એ નીચેજ રહેશે અને જે ઉપર છે એ ઉપર જ જશે. એટલે જેની પાસે સગવડ છે એ લોકો કૉલેજોમાં જઈ શકશે, સ્વાયત્ત કૉલેજોમાં ડોનેશન ભરી શકશે. એ સિવાયની ગુજરાતની ૬૫ થી ૭૦ ટકા પ્રજા છે એ આવા ડોનેશનો આપી શકે તેમ નથી ત્યારે આપણી નૈતિક ફરજ છે કે ત્યાં પણ અનામતનું ધોરણ ભલે એની ટકાવારી સચવાતી હોય તો એવી કૉલેજોમાં પણ દાખલ કરવું જોઈએ તેવું મારુ સ્પષ્ટ મંતવ્ય છે. આ બાબતને જો ગંભીરતાથી ધ્યાનમાં નહિ લે તો ૧૦-૧૫ વર્ષમાં અત્યારે જે ચિત્ર છે એમાં ઘણો બધો વધારો થશે, તેથી શિક્ષણશાસ્ત્રીઓએ આમાં ખાસ ધ્યાન આપવાની જરૂર છે. એટલે સરકારનું આ બાબતમાં ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું.

ખાસ કરીને બારમું ધોરણ થયા પછી જે કંઈ ટર્નિંગ પૉઈન્ટ આવ્યો છે, પહેલા ૧૦ વધતા ૨ની તરાહ આવી. એના લીધે ગ્રામ્ય વિસ્તારની છોકરીઓને નુકસાન થયું છે. એ પછી ૧૨માં ધોરણ પછી પી.ટી.સી. કૉલેજની શરૂઆત થઈ છે. એમાં મારે એટલું ધ્યાન દોરવું છે કે ૧૦માં ધોરણ સુધીની મોટા ભાગની હાઈસ્કૂલો આવેલી છે. જ્યારે ૧૧ અને ૧૨ની ઓછી સ્કૂલો છે, એમાં ખાસ કરીને દીકરીઓને એટલું મોટુ નુકસાન થયું છે. હું શિક્ષણ સાથે સંકળાયેલો છું ગ્રામ્ય વિસ્તારનો અનુભવ છે કે દીકરીઓને ૧૦-૧૫ કિલોમીટર દૂર અભ્યાસ માટે મોકલવાનું વાલીઓને અનુકૂળ આવતુ નથી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વાલીઓ પોતાની દીકરીને ૧૫ કિલોમીટર દૂર જવું પડે એ અનુકૂળ નથી. દીકરો જઈ શકે પરંતુ દીકરીઓ જઈ શકતી નથી ત્યારે ૧૧-૧૨ની સ્કૂલોને વધારેને વધારે માન્યતા મળે અને દીકરીઓ માટે ખાસ ૧૧-૧૨ની માન્યતા આપે તેવી આગ્રાહભરી વિનંતી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહની અંદર માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

શિક્ષણ એ મનુષ્યના જીવનનો પાયો છે. આપણે કહીએ છીએ કે શિક્ષણ વિનાનો મનુષ્ય હોય તો એ પશુ સમાન છે. એટલે શિક્ષણ વિનાનો કોઈપણ મનુષ્ય હોય એ આંખે દેખતો હોય તો પણ આંધળો કહેવાય. ગુજરાત સરકાર શિક્ષણ પાછળ જે પ્રયત્નો કરી રહી છે એ અભિનંદનનેપાત્ર છે. આપણો ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે અને સાથે સાથે સંસ્કૃતિ સાથે જોડાયેલો આપણો દેશ છે, અત્યારે દક્ષિણ કોરિયા, તાઈવાન જેવા દેશો જે કેટલાક સમય પહેલા આર્થિક અને શૈક્ષણિક રીતે ભારતની સાથે હતા અને તે આજે ઘણા આગળ આવી ગયા છે.

વરસો પહેલાં ભારતની અનોખી શિક્ષણ પદ્ધતિ હતી એ પદ્ધતિને અંગ્રેજોએ નષ્ટ કરી દીધી હતી. સ્વતંત્ર ભારતની અંદર જે શિક્ષણની પ્રાણ પ્રતિષ્ઠા કરવી જોઈએ એ કરવાને બદલે નહેરુવાદી વિચારધારા સૉવિયેત મોડેલને પોતાનો આદર્શ બનાવીને આપણી અર્થવ્યવસ્થા ખોરવી નાખી હતી. ઉદ્યોગ અને શિક્ષણને જે રીતે ઢાળવાનો પ્રયાસ કર્યો હતો એના લીધે આપણે સ્વતંત્ર હોવા છતાં શિક્ષણની અંદર પાછળ રહી ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી શિક્ષણ માટે ખૂબ જ પ્રયત્નો કરવામાં આવ્યા છે. અગાઉના વખતમાં ખાસ કરીને કન્યાઓને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી અને એ કન્યાઓને શિક્ષણ આપવાનું જો કોઈએ કામ કર્યું હોય તો અમારા શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યું છે. પોતે એક મહિલા શિક્ષણમંત્રી હોવાથી એ આ વેદનાને સમજતા હતા. એ વેદનાને કારણે કન્યાઓને શિક્ષિત કરવી તેના આધારે આજે કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો છે. આપણામાં કહેવત છે કે જો દીકરી ભણેલી હશે તો બે ઘરને તારશે અને ગ્રૅજ્યુએટ હશે તો સારા સંસ્કાર હશે તો આવતી પેઢીને ઉગારશે. તેના કારણે ગુજરાતમાં શિક્ષણનો સુધારો થઈ રહ્યો છે. કન્યાઓને શિક્ષણ આપવા માટે પ્રવેશ મહોત્સવો જેવા કાર્યક્રમો જ્યારે ગુજરાતમાં થાય છે ત્યારે અમે કાર્યક્રમમાં જતા હોઈએ છીએ ત્યારે જે વાલીઓ પોતાના બાળકોને શાળામાં દાખલ કરતા નહોતા એ વાલીઓ આજે હોંશે હોંશે પોતાના બાળકોને શાળામાં ભણાવવા માટે દાખલ કરી રહ્યા છે. આપણે કહીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ મેળવવું જરૂરી છે. પ્રાથમિક શિક્ષણ લેવા માટે આજે સાવ ગરીબ ઘરમાં રહેતા બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. જ્યારે અગાઉના જમાનામાં શાળાના ઓરડાઓ ખૂટતા હતા. વિદ્યાર્થીઓને ભણવા જવું હોય પણ શિક્ષકો ન હોય. શાળાના ઓરડાઓ ન હોય, તેમાં બાળકોને કઈ રીતે ભણાવવા, આવી પરિસ્થિતિ હતી. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરીને આજે દરેક ગામડાંમાં શાળાના ઓરડા પૂરેપૂરા બંધાવી આપ્યા છે અને વિદ્યા સહાયક દ્વારા પારદર્શક વહીવટથી વિદ્યાસહાયક શિક્ષકોને આપણે કહીએ છીએ કે ખેતીમાં બિયારણ વાવવું હોય તો સર્ટીફાઈડ બિયારણ વાવતા હોઈએ છીએ. આજે સરકાર દ્વારા જે વિદ્યાસહાયક શિક્ષકો ભરવામાં આવે છે એ ખરેખર સર્ટીફાઈડ થયેલા શિક્ષકો છે. આવા શિક્ષકો પ્રાથમિક શિક્ષણ આપશે ત્યારે સાચા અર્થમાં શિક્ષણ મળ્યું ગણાશે. આજે બાળકો એ શિક્ષણ મેળવી રહ્યા છે. કન્યાઓને ભણાવવા માટે રાજય સરકાર દ્વારા જે પ્રયત્નો થાય છે કે કન્યા કેળવણીનો રથ. ૧૪મી માર્ચથી ૧૬મી માર્ચ સુધી આ કન્યા કેળવણી રથયાત્રા લઈને ને જે કન્યાઓમાં શિક્ષણ ઓછું હતું તેનો વ્યાપ વધારવા માટે ગમે તેવો ધોમ ધખતો તડકો હોય છતાં આ યાત્રા કાઢીને શિક્ષણ માટેની જાગૃતિ આવે તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે મારું એક સૂચન છે કે જ્યારે કન્યાઓને ભણાવવા માટે આટલો પ્રયત્ન કરીએ છીએ ત્યારે દીકરાઓને પણ ભણાવવા માટે મહેનત કરવાની જરૂર છે. આજે વિસંગતતા એટલી બધી ઉભી થઈ ગઈ છે કે દુ:ખ થાય. દરેક સમાજની દીકરીઓ શિક્ષણ લે છે અને દીકરાઓ ગ્રૅજ્યુએટ થતા નથી. તેના કારણે આજે મુશ્કેલી પડે છે. દરેક સમાજના દીકરાઓને ભણાવવા માટેની પણ રાજય સરકારે ચિંતા કરવી પડશે અને માનનીય આનંદીબેન આ ચિંતા કરી રહ્યા છે.

વિદ્યાદીપ યોજના. આપણે જાણીએ છીએ કે આપણાં બાળકો કોમળ બાળકો છે. તેને આપણે શાળામાં ભણવા મૂકીએ. ત્યારે દરેક મા-બાપને આની ચિંતા હોય છે. આ બાળકોને જ્યારે અકસ્માતે.ભગવાનને પ્રાર્થના કરીએ કે બાળક ૧૦૦ વર્ષનું થાય, પણ અકસ્માતે મૃત્યુ થાય તો તેના માટે વીમા કવચ બનાવવું જોઈએ

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સમય વધારીએ.

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે સમય નથી. માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે. બેસો, માલજીભાઈ. મારે સમય નથી આપવાનો. ગૃહે મને સમય આપવાનો છે. તમે બધા કહો. મારે તો ટાઈમસર પૂરું થાય એ જોવાનું છે. બધાને ચાર મિનિટ મળશે. એટલે બધા સભ્યો મુદ્દાસર વાત કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

આરોગ્ય એ એક એવી વસ્તુ છે કે, હંમેશાં ગુજરાતની અંદર આરોગ્યની વાત હોય ત્યારે પક્ષાપક્ષી સિવાય અમે પણ સહભાગી રહ્યા છીએ. મારે ચૂંટણી ઢંઢેરાની વાત યાદ કરાવવી છે. અમે સ્વાસ્થ્યની નવી નીતિ ઘડીશું, સેલ્ફ ફાયનાન્સ કૉલેજ, નર્સિંગ, ફીઝીયોથેરાપી મૅડિકલ, મૅડિકલ સ્ટૂલ્સ, જેવી સંસ્થાઓ ઊભી કરવાની વાત કરી હતી. નગરની આરોગ્ય સેવાઓનો વિસ્તાર કરીને કામદાર રાજય વીમા યોજનાની હૉસ્પિટલોનો લાભ લોકોને મળશે એવી વાત કરી હતી. પૂરુંષોની આયુષ્ય મર્યાદા છે એ ૬૨થી ૭૦ વર્ષ કરાવવામાં આવશે. સ્ત્રીઓનું આયુષ્ય ૬૩થી ૭૦ વર્ષ કરાવવામાં આવશે. આ પણ ચૂંટણી ઢંઢેરામાં કરેલી વાત છે. આયુષ્ય વધે એ સૌને ગમે. આ હસુ આવે એવી વાત છે. આ હજુ સુધી થયું નથી. વન ઔષધિ બોર્ડની રચના કરવાની વાત કરતા નથી. ગુજરાતમાં આયુર્વેદ વિભાગ માટે મંત્રીમંડળમાં અલગ સ્થાન આપવાની વાત કરી હતી. સંજીવની વીમા કવચ આપવાની વાત કરી હતી. ખાનગી નોકરીઓમાં આરોગ્ય વીમા કવચ માટે પ્રીમિયમમાં ૪૦ ટકા રકમ સરકાર ભરશે એવી વાત કરી હતી. આવી અનેક યોજનાઓ આ સરકારે જાહેર કરી પણ આજે ઘણી બધી યોજનાઓ પૂર્ણ થઈ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે, જિલ્લા હૉસ્પિટલોનું બજૅટ ગયા વર્ષે ૨૦૦૪-૦૫માં રૂ. ૨૨.૪૪ લાખ હતું એ ઘટાડીને આ વખતે રૂ.૨૧.૫૨ લાખ કર્યું. એટલે ૯૨ લાખ રૂપિયાનો એની અંદર ઘટાડો થયો છે. આજે ખાસ કરીને જે રાજય સરકારના કર્મચારીઓ છે, તેમની માનસિક અને શારીરિક સ્વસ્થતાની ચિંતા કરવાનું બજૅટમાં દર્શાવવામાં આવ્યું હતું. તેની અંદર પણ આજે ઘટાડો કરવામાં આવ્યો છે. ડેન્ટલ માટેની જે વાત હતી. એ જામનગરની વાત હોય કે અમદાવાદની વાત હોય. એની અંદર ૧ કરોડ રૂપિયાનો ત્યાં આગળ પણ ઘટાડો કરવામાં આવ્યો છે. ઓરેટ પ્રોજૅકટ ચાલુ કરવાની વાત કરી. ૨૦૦૪-૨૦૦૫ની અંદર એમાં ૯ કરોડ રૂપિયાની યોજના દર્શાવવામાં આવી હતી. એમાં ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં એક પણ રૂપિયો એની અંદર દર્શાવવામાં આવ્યો નથી.

રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમમાં લગાતાર ૨૦૦૩-૦૪માં ૨૭ લાખ, ૨૦૦૪-૦૫માં ૭૫ લાખ અને આ વર્ષે ૪૮ લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. એમાં રાષ્ટ્રીય મેલેરિયા માટે ૩ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ ગામડાની મહત્વની વસ્તુ છે. એની અંદર ૫૫ કરોડ રૂપિયા જે ૨૦૦૩-૦૪માં ઘટાડી અને ૨૦૦૫-૦૬માં ૪૭ કરોડ રૂપિયા એટલે કે ૭ કરોડ રૂપિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઘટાડો કર્યો છે.આજે ગામડાની અંદર જોઈએ તો ગામડાની અંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મહત્વ બહુ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલ અને માનનીય મંત્રી શ્રી આઈ. કે. જાડેજા સાહેબ બંને પોતાના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન કરું છું..ચાર મિનિટમાં કંઈ બોલવાનું હોય એ તો આંગણામાં ઘોડા દોડાવવા જેવી વાત છે અને એમાં પણ ખાસ કરીને શિક્ષણ વિભાગની અંદર જે આખા દેશને દિશા ચીંધી શકે એવું ક્રાંતિકારી કામ થયું છે. આ ગૃહ એવું ફોરમ છે કે ગુજરાતની પ્રજા સુધી આ વાત પહોંચી શકે અને દેશના અન્ય પ્રાંતોની અંદર પણ દિશા દર્શક બની શકે. શિક્ષણ વિશે અમે ભણતા ત્યારે સાંભળેલું કે ગામડામાં એક શિક્ષક હોય અને એને બદલી કરવી હોય તો ગામના આગેવાનોની આજુ બાજુ દોડતો હોય. શિક્ષક એ જાણે રાજકારણનું પ્યાદું બની ગયું હોય એવી સ્થિતિ હતી અને ગામનો સામાન્ય માણસ પણ શિક્ષકને આવીને ધમકી આપી જાય કે તારી બદલી કરી નાખીશ. તું આમ કરજે. તું તેમ કરજે. આત્મગૌરવ વગરનો શિક્ષક બનાવી નાખ્યો હતો અને શિક્ષકને સ્વાભિમાન ન હોય, શિક્ષકને પોતાનું ગૌરવ ન હોય તો એના આધાર ઉપર જે નવી પેઢી તૈયાર થવાની હોય એના ભવિષ્યની શું કલ્પના કરી શકીએ. આ સરકારે પહેલી વખત એવું કર્યુ છે કે શિક્ષકોની બદલી કેમ્પની અંદર થશે અને એ પણ મેરીટ પ્રમાણે. શિક્ષકોની ભરતી થતી હોય તો એ પણ ટકાવારીના આધાર ઉપર પછી એ પ્રાયમરીનો શિક્ષક હોય કે સેકંડરીનો કે હાયર સેકંડરીનો હોય. તમામની અંદર ગુણવત્તાના આધાર ઉપર શિક્ષકોની નિમણૂક થાય. ગુણવત્તાના આધાર ઉપર એની બદલી પણ થાય અને કઈ જગ્યાએ એને જવું છે એની નિમણૂક થતી હોય એ પણ જાહેરમાં નિશ્ચિત થાય, બધાની વચ્ચે થાય. કોની કેટલી ટકાવારી છે એના આધાર ઉપર એ જ જગ્યા ઉપર નક્કી થાય. હું અભિનંદન આપું છું રાજય સરકારના અભિગમને, આ એક ભ્રષ્ટાચાર માટેની બહુ મોટી જગ્યા હતી. શિક્ષણની અંદર જોઈએ તો બદલીના ૨૫-૫૦ હજાર રૂપિયા થાય. એની નિમણૂકની અંદર પણ પૈસા લેવાય. હાઈસ્કૂલના શિક્ષકોની જ્યારે ભરતી થતી હોય ત્યારે તો સંચાલકોને ઘી કેળાં અને એ ઘી કેળાં આ રાજય સરકારે બંધ કરાવ્યા છે. જેના કારણે યોગ્ય લાયકાતવાળા શિક્ષકોની ભરતી થઈ રહી છે. ગુણવત્તા સુધારણાની બાબતમાં આ એક જબરજસ્ત અભિગમ માનનીય શિક્ષણ મંત્રીશ્રી લીધો છે એને અભિનંદન આપુ છું. આ કામ કોણ કરી શકે? સામાન્ય માણસ ના કરી શકે. આપણા રાજયના શિક્ષણ મંત્રી બાળપણથી જ પોતે જ્યારે નિશાળમાં ભણતા હતા ત્યારે એમને વીરબાળાનો

એવોર્ડ મળેલો છે. એક બાળકીને બચાવવા માટે શૌર્યનો એવોર્ડ મળેલો છે. એ પછી શિક્ષણની અંદર પણ રાષ્ટ્રપતિશ્રીએ અને રાજયપાલશ્રીએ એમને એવોર્ડ આપેલો છે. આવું વ્યકિતત્વ જ્યારે શિક્ષણનો હવાલો સંભાળતું હોય ત્યારે આ પરિવર્તન થઈ શકે. એ ઈચ્છા શકિતવાળી સરકાર જેના આધારે આ પરિવર્તન આવ્યું છે અને મને તો આનંદ એ વાતનો છે કે આપણા વિપક્ષના મિત્રો જ્યારે બોલતા હતા એમાં એક મિત્રે ખાસ કરીને શિક્ષણ વિભાગના મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપ્યા અને એમ કહ્યું કે હું તમને અભિનંદન આપું છું કે તમે ખૂબ સારું કર્યું છે. ટીકા કરવાની જગ્યાએ વખાણ કર્યા, મૂકી છે કાપ દરખાસ્ત અને સામે વખાણ કરે છે એ ખૂબ આનંદનો વિષય કહેવાય અને આવો વિષય જ્યારે લઈને શિક્ષણ મંત્રી શ્રી આવ્યા હોય ત્યારે મને લાગે છે કે કાપ દરખાસ્તો મૂકવાવાળા મિત્રોએ પણ આ બાબતમાં સમર્થન કરવું જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ૪૦૦૦ કરોડ કરતાં વધુ રકમની આ ગૃહ પાસે માગણી લઈને આવ્યા છે. એ ખૂબ મોટા મહેકમના માલિક છે. મોટામાં મોટું મહેકમ હોય તો એમના વિભાગમાં છે. શિક્ષણ મંત્રીશ્રી ટીકા સહન કરી શકતા નથી એટલે મારે થોડાક સૂચનો કરવાં છે. (અંતરાય) એટલા માટે કે મેં અગાઉ કહ્યું હતું કે મારા કચ્છની શાળાઓ સંપૂર્ણ રીતે ક્યારે પૂરી થશે ત્યારે એમણે કહ્યું હતું કે ડિસેમ્બર ૨૦૦૩માં, પણ ૨૦૦૪નો ડિસેમ્બર ગયો પણ હજુ પૂરી થઈ નથી એટલું જ કહેવાનું છે. આ એમના હાથની વાત નથી. કારણ કે કોન્ટ્રાકટર જ્યારે કામ પૂરું કરે ત્યારે એ થતું હોય છે. આ એમના કાબૂ બહારના સંજોગો છે એટલે હું કહેતો નથી.

મારે કેટલાંક સૂચનો કરવાનાં છે. કચ્છ જેવો પાંખી વસતિનો વિસ્તાર હોય, ત્યાં અગાઉ સૂચનો થયેલા કે સાયન્સના વર્ગવાળી માધ્યમિક શાળાઓ છે એની ગ્રાન્ટ માટેની હાજરીની સંખ્યા છે એ ડાંગની ઓછી વસતિવાળા વિસ્તારના ધોરણે રાખવામાં આવે. પાંખી વસતિવાળા વિસ્તારમાં અમારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં હાજરીની સંખ્યા જે ડાંગના ધોરણો છે એ પ્રમાણે રાખવામાં આવે તો ગ્રાન્ટેબલ સ્કૂલોમાં ભરતી થઈ શકે અને ગ્રાન્ટ મળી શકે. એટલું જ નહિ પરંતુ વેસ્ટ ઝોન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરોની મિટિંગ થયેલી અને જે સજેશનો આવેલાં અને બધા જ પશ્ચિમના રાજયોમાં એકસરખી વિચારધારા સાથેનું અમલીકરણ થાય, એની હકારાત્મક પ્રવૃત્તિ અપનાવવામાં આવે. એમાંની કેટલીક યુનિવર્સિટીમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો આપણે ત્યાં ઘણા વર્ષોથી છે અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીનું પ્રભુત્વ જે છે એમાં ગુજરાતી વાઈસ ચાન્સેલરો મોટાભાગના આવ્યા છે ત્યારે હકારાત્મક રીતે મહિલાઓને શિક્ષણ આપતી સંસ્થા છે એના પરત્વે રાજ્ય સરકારનું દુર્લક્ષ યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય માનનીય આરોગ્ય મંત્રીશ્રી ખૂબ તંદુરસ્ત આરોગ્ય મંત્રી છે પણ એમને વારસામાં અગાઉના મંત્રીશ્રીએ માંદલું કરી નાખેલું ખાતું આવેલું છે. આઠમી પંચવર્ષીય યોજનાની રકમ કરતાં નવમી પંચવર્ષીય યોજનામાં આરોગ્ય ખાતા માટે પૂરતી રકમ ફાળવવામાં આવેલ અને ૮૦ કરોડની જગ્યાએ ૨૦૦ કરોડ ફાળવવામાં આવેલ. પ્લાનીંગની ગ્રાન્ટમાં પણ એના આંકડા સતત વધતા રહ્યા છે પણ એનો ઉપયોગ શું કર્યો? અગાઉ મેં કહેલું અને માનનીય નાણામંત્રીશ્રીનું પણ ધ્યાન દોરેલ કે યુ.એન.મહેતા કાર્ડીયોલોજી સેન્ટર અને ડૉ. ત્રિવેદી સાહેબની યુરોલોજી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ છે. કેન્સર હોસ્પિટલ પણ એ જ કમ્પાઉન્ડમાં છે. એને ગ્રાન્ટ આપીએ છીએ એની પ્રપોર્શનેટ ગ્રાન્ટ આ સંસ્થાઓને આપીએ છીએ ખરા? આ ગ્રાન્ટ વધારી શકાય. પણ વધારવામાં આવતી નથી. કારણ કે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અગાઉના આરોગ્ય ખાતાના મંત્રીશ્રીએ એને માંદલું કરી નાખેલ છે. મારાં સૂચનો હોય, મંત્રીશ્રી પહોંચાડતા હોય, ત્યાંથી કોઈ અમલ થતો હોય એનો અણસાર સુદ્ધાં નથી આવતો. બાંધકામ ખાતામાંથી અમારા સૂચનો થાય એનો જવાબ આવે છે પણ આરોગ્ય ખાતા માટે સૂચન કરેલ હોય, ટીકા કરેલ હોય કે પત્રો લખેલ હોય એનો કોઈ જવાબ મને મળેલ નથી એ દુઃખ સાથે કહેવું પડે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મેલેરિયાને કારણે મૃત્યુ થતા હોય અને.....

**અધ્યક્ષશ્રી** : પૂરું થયું. માનનીય સભ્યશ્રી રમીલાબેન..

**શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય શિક્ષણ મંત્રી અને માનનીય આરોગ્ય મંત્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭ માં દેશ આઝાદ થયો અને ૧૯૬૦ માં ગુજરાતનો જન્મ થયો અને આઝાદીના આટલાં વર્ષો પછી પણ ગ્રામ કક્ષાએ શિક્ષણનું સ્તર, ગ્રામ કક્ષાએ માનવ જીવનનું સ્તર એની ચિંતા કોઈએ ના કરી, પરંતુ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને એમણે જોયું કે હજુ પણ ગ્રામ વિસ્તારના ગ્રામવાસીઓની અંદર એના જીવન અને શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું છે એના પરિણામે આજે રાજ્યનો જોઈએ તેટલો વિકાસ થયો નથી. એની ચિંતા અને ચિંતન કરવા ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી અને સમગ્ર રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ ગુજરાતના ખૂણે ખૂણે જઈને શિક્ષણનું સ્તર ખૂબજ નીચું હતું તેને સમગ્ર ગામડાની અંદર રથ લઈને દીકરીને દાખલ કરાવવા માટે ગયા અને દરેક દીકરીને વચેથી ઊઠાડી ના લે એ માટે ૧૦૦૦ રૂપિયાનું વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ અર્પણ કર્યા અને સમગ્ર રાજ્યમાં બે લાખ જેટલા વિદ્યાલક્ષ્મી બોન્ડ અર્પણ કરવામાં આવ્યા છે.

હમણાં જ મારા વિપક્ષના ભાઈએ ચિંતા કરી કે દીકરીને વચેથી ઊઠાવી લેવાતી હતી, એની ચિંતા કોઈએ ના કરી, પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ચિંતા કરી છે. ૧૯૯૮ પહેલા જે ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળાઓ હતી એ પ્રાથમિક શાળાઓનું અપગ્રેડેશન કર્યુ અને તે રીતે તે જ ગામમાં દીકરી ભણે એ માટે એની ચિંતા કરી એટલું જ નહિ જે સાક્ષરતા અભિયાન હતું તેની તરફ પણ તેમણે પગરણ માંડ્યા.

આજે આપણે જોઈએ તો ૧૯૯૮માં ખાસ કરીને છેલ્લા બે વર્ષમાં જોઈએ તો જે ડ્રોપ આઉટ રેટ ૩૮ ટકા હતો તે ઘટાડીને ૧૭.૫ ટકા થઈ ગયો, ભારતીય જનતા પાર્ટીનું એક આગવું કદમ છે. એટલું જ નહિ શાળાએ જતા દીકરા-દીકરીની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી અને એના માટે વિદ્યાદીપ યોજના અમલમાં મૂકી અને એ રીતે વિદ્યાદીપ યોજના અમલમાં મૂકીને પ્રાથમિક શાળામાં ભણતાં દીકરા-દીકરી માટે ૫૦,૦૦૦ રૂપિયા, માધ્યમિક શાળા માટે ૫૦,૦૦૦ રૂપિયા અને કોલેજમાં જતા દીકરા-દીકરી માટે એક લાખ રૂપિયા વીમા કવચ સૌ પ્રથમવાર ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું. ૧૯૯૪થી ૧૯૯૮ની અંદર શાળાના ઓરડાની હાલત કેવી હતી? અને એ વખતે જે ૪૦૩૦ શાળાના ઓરડા હતા. આજે મારા સાબરકાંઠાની વાત કરું તો ૧૫૦૦ જેટલા આપ્યા છે, આવી જ રીતે વિદ્યા સહાયકની વાત કરું તો ૧૯૯૪થી ૧૯૯૮ સુધી..(અંતરાય) થોડો ટાઈમ આપો. એ વખતે માત્ર ૩૦૦૦...

**અધ્યક્ષશ્રી**: નો.નો,જીતુભાઈ..

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી મહેસૂલી ખર્ચની ૭, ૮ અને આરોગ્ય મંત્રીશ્રી મહેસૂલી ખર્ચની ૩૭, ૩૮ની માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

શિક્ષણ માટે અમારો જે આદિવાસી વિસ્તાર છે એમાં વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવેલ છે એનું કાર્યનો કાઈટેરિયા લગભગ પાંચ વર્ષનો કાયમી હતો. પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં એની બદલી કરવામાં આવે છે એ કાઈટેરિયા નક્કી કરવામાં આવેલો છે. માનનીય મંત્રીશ્રીનું એટલું જ ધ્યાન દોરવા માગીશ કે આદિવાસી વિસ્તારના ઊંડાણના જંગલ વિસ્તારની અંદર માંડ માંડ શિક્ષકો મળતા હોય છે. જ્યારે નવી ભરતી થતી હોય ત્યારે એમની નિમણૂંક ત્યાં કરવામાં આવે અને માંડ ત્રણ વર્ષમાં પોતે પોતાની જગ્યાએથી બદલી કરીને જતા હોય ત્યારે ફરીવાર ભરતી કરવામાં આવે તેટલા સમયગાળા દરમિયાન જંગલ અને ઊંડાણના વિસ્તારોમાં શિક્ષકોની જગ્યા ખાલી રહે છે તેથી આદિવાસી બાળકોનું શિક્ષણ ખોરંભે પડે છે. દૂર દૂરના શિક્ષકો રહેતા હોય તેમને બે-ત્રણ ગામનો ચાર્જ આપવામાં આવે છે, આ બાબતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ભરતી કરવામાં આવે ત્યારે પાંચ વર્ષ યા દસ વર્ષ સુધી કાયમ રહે એવું મારું સૂચન છે.

માનનીય મંત્રીશ્રીનું એક બીજું ધ્યાન દોરવું છે કે, ૧૯૯૯ ના જી.આર. પ્રમાણે જે આદિવાસી વિસ્તાર છે ત્યાં ૧૧-૧૨ની નવી નોન-ગ્રાન્ટેડ શાળાઓ ખોલવામાં આવી છે એમાં આદિવાસી વિદ્યાર્થીઓ ફી આપીને ભણી શકે એવી શકિત નથી, જેથી ૧૯૯૯ના જી.આર.માં જે પ્રમાણે આદિવાસી બાળકોને છૂટછાટ આપવી જોઈએ એવી મારી માનનીય શિક્ષણમંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું બીજું એક ધ્યાન દોરવા માગીશ કે, શાળાના બાળકોને જે યુનિફૉર્મ-ડ્રેસ આપવામાં આવે છે એ યુનિફૉર્મનું એ બાળક જ્યારે પાંચમા ધોરણમાં ભણતો હોય ત્યારે એનું માપ લેવામાં આવે છે અને તે બાળક જ્યારે છઠ્ઠા કે સાતમા ધોરણમાં જાય ત્યારે એને એ યુનિફૉર્મ મળે છે, તો એ યુનિફૉર્મ એ બાળકોને સમયમર્યાદામાં મળી જાય તો ગરીબ બાળકોને આ લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ધરમપુર અને કપરાડામાં જે ડૉકટરોની જગ્યાઓ ખાલી છે એ સમયસર જગ્યાઓ ભરે. કારણ કે, ત્યાં કોઈ ખાનગી સારી હૉસ્પિટલો નથી, જેથી આદિવાસીઓને જે આ લાભ મળવો જોઈએ એ લાભ મળતો નથી. પીએચસી અને સીએચસીની છ મહિના કે એકાદ વર્ષથી જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ સત્વરે ભરવામાં આવે. કપરાડા તાલુકામાં નાના પોંઢા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચાલે છે જેમાં છેલ્લા બે વર્ષથી ગ્રાન્ટની ફાળવણી થયેલ છે પણ કામો ચાલુ થયેલ નથી તો એ કામો સત્વરે ચાલુ થાય તો ત્યાંની આદિવાસી પ્રજાને એનો લાભ મળે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરુ ં તો છેવાડાના બાળકોને જે મધ્યાહન ભોજન યોજના છે એ હેઠળ જે મધ્યાહ્ન ભોજન ગુણવત્તાવાળું મળવું જોઈએ એ મળતું નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફતેસિંહભાઈ ચૌહાણ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)**: માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું આ રાજય સરકારને ધન્યવાદ આપું છું કે, ૧૯૯૫ પછી ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી જે વિસ્તારોમાં શિક્ષણનો છાંટો પણ નહતો એ વિસ્તારોમાં યુવાનોને ભણ્યા પછી કૉલેજમાં જવું હોય તો એની ચિંતા કોઈ સરકારે નહોતી કરી એ ચિંતા આ ભા.જ.પ.ની સરકારે કરી અને એમાંથી અતિ-ઉત્તમ દાખલો છે. શિક્ષણ વિભાગ. ભૂતકાળની સરકારોમાં જે કોઈ મંત્રી બને તો એની પડાપડી રહેતી, એના માટે એક જ દાખલો હતો કે જે સુખી લોકો ભણીને પી.ટી.સી. કરીને ટ્રેઈનીંગ પામતા એ પૈસાદાર લોકો હતા, કચડાયેલા

વર્ગમાંથી ક્યારેય પણ નહતા આવ્યા એવા લોકોને ભ્રષ્ટ્રાચારમાં, સરકારો મારફતે જેમ જિલ્લા પંચાયતોમાં શિક્ષણ સમિતિમાં ચેરમેન હોય એને ફાળવે તો શિક્ષકને એક મહિનામાં બે-ત્રણ બદલીઓ પણ કરી શકતા અને એના કારણે શિક્ષકને હેરાનગતિ, એ વખતે શિક્ષકને મજબૂરીમાં જીવવું પડતું હતું એના માટેનું આ રાજ્યકક્ષાના મંત્રી આદરણીય માતૃ-સમાન શ્રીમતી આનંદીબેને એક બીડું ઝડપ્યું અને જિલ્લાકક્ષામાં જે કૅમ્પોની રચના કરી એ કૅમ્પોમાં કયાંય કોઈ રાજકીય નેતા હોય કે સમાજનો કોઈપણ લુખ્ખો હોય એને કોઈ ચાન્સ કયાંય મળવા દીધો નહીં અને આજે શિક્ષક પોતાની રીતે પોતાના વિસ્તારમાં મનગમતી જગ્યાએ કોઈપણ જાતના પૈસાના ખર્ચ વગર શિક્ષણ વિભાગમાં એક એવી વ્યવસ્થા ઊભી કરી એને હું ધન્યવાદ આપું છું.

અમારા પંચમહાલ જિલ્લાની હું વાત કરું કે, દાહોદ જિલ્લો ત્યાં ભૂતકાળમાં એવી શાળાઓ જે હતી કે ત્યાં શિક્ષક નહતો અને શિક્ષક હોય તો ઓરડો નહતો આવી વ્યવસ્થા ભૂતકાળમાં હતી. ભા.જ.પ.ની સરકારે સમગ્ર રાજયમાં શિક્ષણમાં ક્રાંતિ લાવી. શિક્ષણની ક્રાંતિને કારણે, ગોવાભાઈને આનંદ આવે છે પણ મારે કહેવું છે કે, ભૂતકાળમાં શિક્ષણમાં પણ જ્ઞાતિવાદ અને જાતિવાદ ઉપર, વિસ્તારોને પ્રાધાન્ય આપવું જોઈએ એ નહોતું આપ્યું ગોવાભાઈ એટલે હું બોલું છું. વડોદરા જિલ્લો હોય કે છોટા ઉદેપુર હોય ત્યાંના આદિવાસી સમાજનો માણસ હોય એને આઈએએસ કેટેગરી સુધી નહીં આવવા દેવાનું કાતરવું કોંગ્રેસીઓ કરતા આવ્યા અને એના કારણે જ પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. અમારી ભા.જ.પ.ની સરકારે અને હાલના શિક્ષણ વિભાગે આઈએએસ. અધિકારીથી લઈને, મુખ્ય મંત્રીથી લઈને, ગ્રામ પંચાયતના પટાવાળાથી લઈને, નાના બાળકોને ભણાવવાની ચિંતા કરી છે, આ એક ક્રાંતિ બાબત છે. એનો દાખલો અમારા વિસ્તારમાં હમણાં વનમંત્રીશ્રી મંગુભાઈ આવ્યા હતા અને મોલ ગામની મુલાકાત લીધી ત્યારે એમની આંખોમાંથી આંસુ આવી ગયાં હતાં કારણ કે એ વિસ્તાર સમગ્ર રાજયમાં પછાત જિલ્લો અને ઘોઘંબા તાલુકો પછાત હતો અને ત્યાં એક પ્રવેશોત્સવ વિષય પછી પૂરા પંચમહાલ જિલ્લામાં શિક્ષણની ક્રાંતિ આવી છે એમ આનંદ સાથે કહી શકે.

માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પણ ભૂતકાળમાં સંચાલકો રાજ કરતા. સંચાલકોને ફાવે તો શિક્ષકોને કાઢી મૂકતા અને ફાવે તો લેતા. આના ઉપર નથ પહેરાવવાનું કામ શિક્ષણ મંત્રીશ્રીએ કર્યું છે. હું દાખલો આપું પંચમહાલનો. પંચમહાલ જિલ્લામાં ર-૩લાખ લઈને કૌભાંડ કરીને શિક્ષકોને કાઢી મૂકવામાં આવતા, રાજય સરકારે લગામ કડક રાખીને આવા ધંધાકીય નેતાઓ જેનો અમારા પંચમહાલ-દાહોદમાં પણ દાખલો છે. માત્ર ધંધો કરવા માટે, પૈસા કમાવા માટે. શિક્ષણ કયાંય હતું નહીં. દાહોદ જિલ્લાની પનોતી નાબૂદ કરી હોય તો શિક્ષણ મંત્રીશ્રીએ.

**ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રીઓએ જે માગણીઓ રજૂ કરી છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

શિક્ષણ વિભાગમાં, કચ્છમાં યુનિવર્સિટી આપવાથી ખૂબ સારું શિક્ષણ થઈ રહ્યું છે. મારી એક જ નમ્ર વિનંતી છે કે ફૂલ ટાઇમ રજીસ્ટ્રારની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે જેથી કરીને વધુ સારી રીતે વહીવટ કરી શકાય. વિદ્યા સહાયકોની નિમણૂક સરકારે ખૂબ મોટી સંખ્યામાં કરી છે. ગામડે ગામડે શિક્ષકો ઉપલબ્ધ થયા છતાં દ ણા બધા શિક્ષકોની ઘટ છે. મને આશા છે એ પૂરી થઈ શકશે. વિદ્યા સહાયકોને મૂકવા એ ખૂબ જરૂરી વાત છે. લગભગ એ પ્રમાણે થયું છે. પરંતુ રાપરની વ્યકિતને લખપત મૂકવામાં આવે તો ગાંધીધામથી ગાંધીનગર જેટલું અંતર થઈ જાય. જે તે જિલ્લામાં જે તે તાલુકાની વ્યકિતને મૂકવામાં આવે તો વધુ સારું પરિણામ મેળવી શકાય. કારણકે એવી વ્યકિત આટલે દૂર સુધી જતી નથી. રેગ્યુલર સર્વીસ આપતી નથી. જેના કારણે શિક્ષણ સફર થાય છે જેના કારણે ગામ લોકોનો પણ શિક્ષક માટે સહયોગ રહેતો નથી. એટલે મારી વિનંતી છે કે જે તે તાલુકાની વ્યકિતને જે તે તાલુકામાં જ મૂકવામાં આવે તે ઉપરાંત અંગ્રેજી માધ્યમની શાળામાં ખૂબ મોટું ડોનેશન લેવામાં આવે છે. મારા મત વિસ્તારમાં ૨૫૦૦૦ ડોનેશન લેવામાં આવે છે. કે.જી.માં. આવા ડોનેશનથી ખરેખર જરૂરિયાત મંદ છે, હોંશિયાર બાળક છે એ સારી શાળામાં એડમિશન મેળવી શકતા નથી. તો ડોનેશન પ્રથા બંધ થાય એ માટે કડક પગલાં લેવા ખૂબ જરૂરી છે. આ ખુલ્લો ભ્રષ્ટાચાર છે એ અટકાવવો જોઈએ અને કડક સજા અને દંડની જોગવાઈ કરવી જોઈએ. જે લોકો ડોનેશન લે છે તેના માટે. ગ્રામ્ય વિસ્તારમાં કન્યા કેળવણી માટે શિક્ષણની ઝુંબેશ કરવામાં આવી. ખૂબ સારા પરિણામ આવ્યાં છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારની બાળા વધુ અભ્યાસ કરી શકતી નથી. શું કરે છે એમ પૂછીએ તો કહે સાત સુધી ભણી હવે સગવડતા નથી. ગ્રામ્ય વિસ્તારની બાળા હોંશિયાર અને ભણવા માગે છે તો કન્યા છાત્રાલય કરવામાં આવે તો વધુ અભ્યાસ કરી શકે એવું નમ્ર સૂચન છે.

આરોગ્યની વાત કરું તો સળગતો પ્રશ્ન હોય તો તમામ લોકો રજૂઆત કરે છે. ડોકટરોની અછતની. ડોકટરોની ખોટ પૂરી પાડવા માટે ડિપ્લોમા મૅડિકલ કોર્સ કરવા જોઈએ. ડિપ્લોમા એન્જીનીયરીંગની જેમ ડિપ્લોમા મૅડિકલ કરવામાં આવે તો ત્રણ વર્ષમાં કવોલીફાઈડ ડોકટર ગામડાંમાં જઈને સામાન્ય સારવાર આપી શકે. આવા કોર્સ કરવા જોઈએ. કારણકે બહારના રાજયમાંથી અનેક ડોકટરો આવા ખોટા સર્ટિફિકેટ લઈને આવી પ્રેકટિસ કરતા હોય છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા હોય છે. આપણે ડિપ્લોમા મૅડિકલ કોર્સ કરવા જોઈએ. નર્સિંગના, લેબ ટેકનિશિયનના, કમ્પાઉન્ડરના આવા શોર્ટ સર્ટિફિકેટ કોર્સ કરવા જોઈએ. પ્રાઈવેટમાં પોતાની સેવા આપી શકે.

માતૃબાળ કલ્યાણ માટે વંદે માતરમની યોજના જે મૂકી છે, ખૂબ સારી છે, પરંતુ તેનો વ્યાપ વધુ થાય એવું કરવાની જરૂર છે. યોજનાનો ખૂબ સારો લાભ આપણે લોકો સુધી આપી શકીએ તેમ છીએ.

ફિમેલ ફોથેટીસાઈડ બંધ કરવા માટે મને લાગે છે કે, જેમ લોકજાગૃતિનું અભિયાન કરવામાં આવે, તેવી રીતે ડૉક્ટરોમાં પણ આવા અભિયાન કરવાની જરૂર છે. ડૉક્ટરોને સમજાવવામાં આવે અને ડૉક્ટર જો આ ફિમેલ ફોથેટિસાઈડને બંધ કરશે તો મને લાગે છે કે ઘણે અંશે સફળતા પ્રાપ્ત કરી શકીશું અને એટલા માટે ડૉક્ટરોની અંદર જાગૃતિ અભિયાન હમણાં શરૂ કરવામાં આવ્યા છે, તેને વધુ વેગવંતા બનાવવામાં આવે તેવી નમ્ર અપીલ છે.

થેલેસેમિયાના દર્દી માટે ગૃહને ભલામણ છે કે દર્દીને મફત લોહી આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો ઘણા બધી મદદ કરી શકીએ. થેલેસેમિયાનાં બાળકોને મફત લોહી આપવામાં આવે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓની ચર્ચા માટે વિવિધ સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો વ્યક્ત કરેલ છે. બધાં જ સૂચનોની મેં નોંધ લીધી છે અને આગામી દિવસોમાં વહીવટમાં કયા પ્રકારે અમલમાં મૂકી શકાય એ પ્રકારના હકારાત્મક પ્રયત્નો મારા રહેશે.

સમગ્ર રાજયના સર્વાંગી વિકાસની દ્રષ્ટિ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રહેલ છે અને તેવા સ્વરૂપમાં તેમની આગવી કુનેહ દ્વારા આમ સમાજના શારીરિક અને માનસિક વિકાસ સાથે સ્વચ્છ સમાજના નિર્માણ માટે આરોગ્ય વિભાગે સઘન કાર્યવાહી હાથ ધરેલી છે. સમાજ જીવનની અંદર અનેક વખત પહેલું સુખ તે જાતે નર્યાનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ સમાજ જીવનમાં આહાર, વ્યાયામ અને વ્યવહાર જે પ્રકારે બદલાયા છે, જેના કારણે આરોગ્ય વિભાગની જવાબદારીમાં અનેકગણો વધારો થઈ રહ્યો છે. આ જવાબદારીને સમગ્ર ગુજરાતના તમામ ભૌગોલિક અને સામાજિક વિસ્તારો સુધી યોગ્ય પ્રમાણમાં અને સક્ષમતા સાથે સ્વાસ્થ્ય પ્રાપ્તિનો લક્ષ્યાંક ઉત્તરોત્તર સારા પ્રમાણમાં પ્રાપ્ત થઈ રહ્યો છે. ગુજરાતમાં સરકારી હોસ્પિટલોનું માળખું જે પ્રમાણે રહેલું છે, પેટા કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી તેમજ જિલ્લા હોસ્પિટલ સુધીની વિશાળ શ્રૃંખલા સમગ્ર દેશના રાજયની સરખામણીમાં અગ્રીમ હરોળમાં આપણા રાજયમાં રહેલ છે, એટલા માટે દર વર્ષે દોઢ કરોડ જેટલી ઓ.પી.ડી., ૪૦ લાખ જેટલા ઈન્ડોર દર્દીની સારવારની કામગીરી રાજયમાં સરકારી હોસ્પિટલો દ્વારા હાથ ધરવામાં આવી છે. મારા સાથી સભ્યશ્રીઓએ જુદાં જુદાં સૂચનો કર્યાં છે, તેમાં કદાચ કયાંક ક્ષતિ હશે, તેને દૂરસ્ત કરવાની પણ જરૂરિયાત હશે.

વર્લ્ડ બૅન્કના જૂન ૨૦૦૪ ના રિપૉર્ટમાં ગુજરાતમાં અને દેશના અન્ય રાજયોની સરખામણીમાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા, ઉપયોગિતા, વિશ્વસનીયતા અને લાભાર્થીઓનો સંતોષ જેવી ચાર બાબતોને લઈને સરવે કરવામાં આવ્યો છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે તેમાં દેશનાં મોટાં રાજયોમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. દેશના તમામ રાજયમાં ગુજરાત બીજા ક્રમે રહેલ છે. જે બતાવે છે કે ગુજરાતમાં આરોગ્ય માટેની માળખાકીય સુવિધા ઊભી કરેલ છે, એટલું જ નહિ પરંતુ એની વિશ્વસનીયતા અને સંતોષનાં કાર્યોમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ફક્ત સિક્કીમ રાજ્ય આપણા કરતા આગળ રહેલ છે.

આદરણીય રાષ્ટ્રપતિ અબ્દુલ કલામજી દ્વારા તેમના પુસ્તકમાં કહેવાયું છે કે આરોગ્ય સાથે સંકળાયેલ કોઈ કર્મચારી, ડૉક્ટર કે વ્યકિત હોય તો તે ફાઈલને બદલે ફિલ્ડમાં કાર્યરત રહે તે વધારે જરૂરી છે. આ સ્વરૂપમાં ગુજરાતે તેની સક્ષમતા પુરવાર કરેલી છે. જે જોગવાઈ લઈને હું આવેલ છું, તે જોગવાઈમાં અનેક નવી બાબતો રાજયમાં હાથ ધરવામાં આવેલ છે, પરંતુ તેમાંની કેટલીક બાબતોનો હું ઉલ્લેખ કરવા માગું છું. ૨૦૦૫-૦૬ માં શ્રેષ્ઠ કામો કરવા માટે નવી જોગવાઈઓ હાથ ધરાયેલ છે તેમાંની કેટલીક બાબતોનો હું આ ગૃહ સમક્ષ ઉલ્લેખ કરવા માગું છું. ૨૫ જિલ્લા હૉસ્પિટલો અને છ સરકારી મૅડિકલ કૉલેજોની હૉસ્પિટલોમાં રીફોર્મ પ્રક્રિયા હાથ ધરીને આધુનિક યુગમાં કોમ્પ્યુટરાઈઝેશન અને ઈ-ગવર્નન્સ દ્વારા ઝડપી અને સક્ષમ સારવાર માટે પાંચ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. રાજયની છ મૅડિકલ કૉલેજોના સ્ટુડન્ટસને મદદરૂપ થાય તેમજ રોગ માટે રીસર્ચ એકટીવીટીને પ્રાધાન્ય પ્રાપ્ત થાય તે હેતુસર ટેલી રેડીયોલોજી સાધનો અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત અને જામનગર ખાતે વસાવવા માટે રૂા.૯ કરોડની જોગવાઈ હાથ ધરાયેલ છે. ઈમેજીંગ એમ.આર.આઈ સેન્ટર માટે વડોદરા, જામનગર, સુરત માટે રૂપિયા નવ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. તે સાધનો વસાવવાથી તે વિસ્તારોમાં નવી સુવિદ્યા પ્રાપ્ત થવાની છે. રાજયની હૉસ્પિટલોના કિમતી સાધનો અંગે અનેક સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. એકલા ઓરેટ પ્રોજેકટ નહીં પરંતુ તમામ સાધનો પૂર્ણ રીતે વપરાશમાં રહે તે પ્રકારનો વિચાર લઈને કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે યોગ્ય સ્વરૂપમાં વપરાય અને વપરાંશમાં જાળવી શકાય તે હેતુસર મેન્ટેનન્સ માટે રૂા.૮.૭૫ કરોડની જોગવાઈ હાથ ધરાયેલ છે. રાજયમાં પાલનપુર અને સુરેન્દ્રનગર ખાતે નર્સિંગ સ્કૂલના નવા બે મકાનો બાંધવાનું આયોજન હાથ ધરાયેલ છે. આદિજાતિ વિસ્તારોમાં હૉસ્પિટલોને વધુ સ્ટ્રેન્ધનીંગ કરવાની જરૂરિયાત જણાય છે તે ધ્યાને લઈને આદિજાતિ વિસ્તારોમાં દાહોદ, રાજપીપળા, આહવા, વાંસદા, દેવગઢ બારીયા, ભિલોડા, લુણાવાડા, ધરમપુર અને સંતરામપુર હૉસ્પિટલો ખાતે આધુનિક ઉપકરણ અને સાધનો વસાવવા માટે રૂા.૭.૫૯ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. લેપ્ટોસ્પાઈરોસીસ રોગને નાથવા માટે નવસારી, વલસાડ અને સુરત ખાતે લૅબૉરેટરીના સાધનો અને અન્ય બાબતો જે જરૂરી જણાયેલ હતી તે તમામ બાબતો આવરી લઈને રૂા.૬૩ લાખની જોગવાઈ સૂચવાયેલ છે. વધુ ડૉકટરો પ્રાપ્ત થાય તેના માટે વિવિધ યોજનાઓ હાથ ધરાયેલ છે. આમ છતાં સરકારી, મૅડિકલ કૉલેજોમાં રાજયની સુરત, ભાવનગર અને રાજકોટ સરકારી મૅડિકલ કૉલેજોમાં

વધારાની ૧૩૦ બેઠકો ઉપલબ્ધ થાય તેમાં માનનીય સભ્યશ્રીઓએ સૂચન કર્યા છે કે સુવિધા સાથે ટીચીંગ સ્ટાફ માટેની બાબતો પણ ધ્યાનમાં લઈને રૂા.૩ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે.

રાજયના અમદાવાદ, વડોદરા, જામનગર અને નડિયાદમાં ટ્રોમા સૅન્ટરો બંધાઈ ગયેલ છે તેમાં ખૂટતી બાબતોની પૂર્તતા માટે રૂા. ૨૪ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. સુરત, ભાવનગર અને રાજકોટના ટ્રોમા સૅન્ટરો પ્રગતિ હેઠળ છે. અમદાવાદના વેસ્ટ ઝોન ઓપ્થેમોલોજી ઇન્સ્ટિટ્યૂટે જે પ્રમાણે ગુજરાતે દૃષ્ટિમાં આગવું કાર્ય કર્યું છે તેને ધ્યાનમાં લઈને તેને અપગ્રેડેશન અને નેત્રરોગ જેવાની કક્ષા ઊંચે લઈ જવા માટે રૂા.૩.૩૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવેલ છે. આયુર્વેદ માટે યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. અહીંથી કેટલાક સભ્યશ્રીઓએ ગ્રામ્ય વિસ્તારના આયુર્વેદ જિલ્લા પંચાયત હસ્તકની હૉસ્પિટલો બંધ પડવા અંગેનો વિચાર વ્યક્ત કરેલ છે. ઘણા વર્ષો પહેલાંનો નિર્ણય રહેલો છે. પંચાયત સાથેનો નિર્ણય રહેલો છે. પરંતુ આરોગ્ય વિભાગ આગામી દિવસોમાં જેમ પી.એચ.સી. એક લાખની વસ્તીએ મળે છે તેમ ૫૦ હજારની વસ્તીએ એક આયુર્વેદ આરોગ્ય સૅન્ટર પ્રાપ્ત થાય તે પ્રકારની વિચારણા લઈને આગળ ચાલી રહ્યા છે. હાલમાં પોરબંદર, વલસાડ, સોમનાથ, દ્વારકા, ગાંધીનગર, તળાજા અને અમરેલી હૉસ્પિટલોમાં વિવિધ સુવિદ્યા, નવી પથારી સાથેની હૉસ્પિટલો, પંચકર્મ અને અપગ્રેડેશન માટે રૂા.૧.૨૦ કરોડની જોગવાઈ હાથ ધરાયેલ છે. જિલ્લામાં સ્થપાનારા રોગી કલ્યાણ સમિતિ જે આગામી દિવસોમાં આપણા સૌની ઈચ્છા રહેલી છે કે હૉસ્પિટલો સ્વચ્છ અને સુંદર રહે તે કાર્યમાં જનભાગીદારીને જોડવા માટે રોગી કલ્યાણ સમિતિની રચના કરવાનો જે નિર્ણય કર્યો છે તેના અનુસંધાને રૂા.ર.ર૦ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. અહીં અનેક મિત્રોએ મૅડિકલ યુનિવર્સિટી માટેનો વિચાર વ્યક્ત કર્યો છે. આગામી દિવસોમાં આ મૅડિકલ યુનિવર્સિટીનું બિલ આ વિધાનસભા પાસે આવવાનું છે તેવા સ્વરૂપમાં મૅડિકલ યુનિવર્સિટીની રચના કરવા માટે રૂા. ૧ કરોડની જોગવાઈ સૂચવાયેલ છે. રાજયમાં પ્રથમ વખત છ રીજીયોનલ ડાયોગ્નેસ્ટીક સૅન્ટરો ગાંધીનગર, જૂનાગઢ, મોરબી, સુરેન્દ્રનગર, હિંમતનગર અને ગોધરામાં ઉભા કરવામાં આવેલ છે. એની વધારે જે પૂર્તતા કરવાની બાકી છે અને એ ટૂંક દિવસોમાં હાથ ધરાવાની છે. આ ઉપરાંત નડિયાદ, રાજકોટ, ભૂજ, પાલનપુર અને અમદાવાદ જેવા શહેરોમાં ૧૪ ક્રીટીકલ કેર એમ્બ્યુલન્સ રાજયમાં પહેલી વખત મૂકવાનો નિર્ણય કરેલ છે. રાજયમાં પ્રથમ વખત નર્સિંગ અનુસ્નાતકના અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોગવાઈ સૂચવવામાં આવેલી છે, જેના કારણે નર્સિંગ સ્કૂલ અને કૉલેજોમાં ટીચીંગ સ્ટાફનો જે પ્રોબ્લેમ રહેલ છે તે હલ કરી શકાય,

અહીંયાં માનનીય સભ્યશ્રીઓએ અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ માટેનો વિચાર વ્યક્ત કર્યો છે રાજયની અખંડાનંદ આયુર્વેદિક કૉલેજને મોડેલ કૉલેજ તરીકે ડેવલપ કરવા કેન્દ્રની સહાયથી રૂપિયા ત્રણ કરોડનો પ્રોજૅકટ પણ હાથ ધરેલ છે, શહેરી આરોગ્ય માળખા માટે જે પ્રથમ વખત ગુજરાતમાં અમલમાં આવી રહ્યો છે તે અંગે છ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવેલી છે. રાજયમાં પ્રથમ વખત સરકારે ફિઝીયોથેરાપી કૉલેજમાં અનુસ્નાતક અભ્યાસક્રમની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન પણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી અનેક માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે ત્યારે આરોગ્ય વિભાગે જે સફળતાઓ પ્રાપ્ત કરેલી છે એના વિશે પણ હું થોડીક વાત કરવા માગું છું. દૃષ્ટિ કાર્યક્રમ હેઠળ મોતિયાના ઑપરેશન કે ચક્ષુદાનની પ્રવૃત્તિમાં રાષ્ટ્રકક્ષાએ ગુજરાત રાજય પ્રથમ સ્થાને રહેલ છે. એટલું જ નહીં પણ કેન્દ્રમાં નક્કી થયેલ ૨૦૦૭નો અંધત્વ નિવારણનો લક્ષ્યાંક આપણા ગુજરાત રાજયે ૨૦૦૪માં પ્રાપ્ત કરેલ છે અને અનેક લોકોને દૃષ્ટિ આપવાનું કાર્ય કરેલ છે. ગુજરાતે દર એક લાખની વસતિએ ૪૦૦ મોતિયાના ઑપરેશનના પ્રમાણસર સામે ૮૬૨ મોતિયાના ઑપરેશન પ્રમાણ દર હાંસલ કરેલ છે. નેત્રમણિવાળા ઑપરેશનના ૮૦ ટકા લક્ષ્યાંક સામે ૯૬ ટકાથી વધુ કામગીરી રાજયે પ્રાપ્ત કરેલ છે.

રક્તપિત્ત નિર્મૂલમ કાર્યક્રમમાં અસરકારક અમલીકરણના કારણે ગુજરાત શ્રેષ્ઠતમ સ્થાને રહ્યું છે. રાજયે રક્તપિત્ત દર્દીને માત્ર રોગમુક્ત કરેલ છે એટલું જ નહીં પણ શસ્ત્રક્રિયા દ્વારા અને સામાજિક આર્થિક પુનઃવસન ક્ષેત્રે પણ નોંધનીય કામગીરી કરેલ છે. અને જે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ મુજબ જેને આદરણીય માનનીય રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામજીએ પણ પ્રશંસાની સાથે અન્ય રાજયોને આ પ્રમાણે કાર્ય કરવાની પહેલ કરવાનું પણ કહેલું છે, દેશમાં આ રોગથી પીડાતા સરેરાશ દર દશ હજારની વસતિએ ર.૬ની સામે ગુજરાતમાં આ વર્ષ એકથી પણ નીચે એટલે કે ૦.૭૬ સુધી આપણે એ આંકડો લાવી શક્યા છીએ. જે પ્રમાણે માનનીય સભ્યશ્રીઓએ અહીંયાંથી ઉલ્લેખ કર્યો હતો એ મુજબ ૨૦૦૩ની જાન્યુઆરીમાં દેશના દશ રાજયોમાં પોલિયોના કેસ બનેલા હતા જેમાંથી ગુજરાત માત્રને માત્ર એક એવું રાજય છે કે જે છેલ્લા બે વર્ષથી ગુજરાત રાજયમાં એક પણ પોલિયોનો કેસ આપ સૌના અને લોકોના સાથ અને સહકારથી બનેલ નથી, જેનું સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળકોને સુરક્ષિત કરવા માટે, સંપૂર્ણ રક્ષિત કરવા માટે રસીકરણનું પ્રમાણ ૯૦ ટકા જેટલું લઈ જવા માટે આપણને સફળતા પ્રાપ્ત થયેલી છે, સમગ્ર દેશમાં ગુજરાત માત્ર એક એવું રાજય છે કે જ્યાં તબીબો દ્વારા એક કરોડથી વધારે બાળકોના આરોગ્ય અંગેની ચકસાણી કરવામાં આવેલ છે, આ સિદ્ધિને ધ્યાનમાં રાખતાં ડબલ્યુ. એચ. ઓ.એ પણ આ કાર્યક્રમ માટે સમગ્ર દેશમાં ફક્ત આપણા ગુજરાતની આરોગ્ય વર્ધક શાળા પહેલ કાર્યક્રમ તરીકે પસંદગી કરેલ છે. આમાં એક કરોડ બાળકો દ્વારા તેમના પરિવારને સ્વાસ્થ્યમાં સહભાગી બનાવવા બાળકોએ સ્વાસ્થ્ય દૂતની કામગીરી શરૂ કરેલ છે. શાળા આરોગ્ય કાર્યક્રમ દેશમાં એ પ્રમાણે ચાલે છે કે જેમાં એક કરોડથી વધારે બાળકોની ચકાસણી કરવામાં આવી છે એટલું જ નહીં પણ ૧૬ લાખ બાળકોને સ્થળ

ઉપર પ્રાથમિક સારવાર આપવામાં આવે છે, ૭૫૦૦૦ બાળકોને સંદર્ભ સેવાઓ તજજ્ઞો દ્વારા પૂરી પાડવામાં આવે છે,

છેલ્લા ત્રણ વર્ષમાં ૭૦૦૦૦થી વધુ બાળકોને વિનામૂલ્યે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે. દર વર્ષે હૃદય, કીડની, કેન્સર જેવા ગંભીર બીમારીથી પીડાતા ૫૦૦ જેટલા બાળકોને સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ પણ આપવામાં આવે છે, સામૂહિક પ્રયાસ અને જનભાગીદારીના કારણે સમગ્ર દેશમાં ગુજરાત સ્વૈચ્છિક રક્તદાનની પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ રહ્યું છે. મને આ માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ૨૦૦૪માં કુલ સ્વૈચ્છિક રક્તદાન દ્વારા ચાર લાખ સિત્તેર હજારથી વધારે લોહીના યુનિટો એકત્ર કરનાર ફક્તને ફક્ત સમગ્ર દેશમાં ગુજરાત એક જ રાજય છે. નવી દિલ્હી ખાતેના ડ્રગ કન્ટ્રોલ ઑફ ઈન્ડિયાએ ગુજરાતની કેટલીક ખૂબ આધુનિક બ્લડ બૅન્કોની મુલાકાત લીધા બાદ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે આવી સુવિધા જોયા પછી માની શકાતું નથી કે ભારતમાં આવી સગવડો ધરાવતી પણ અધ્યાધુનિક બ્લડ બૅન્કો આવેલી છે. રાજયભરમાં ૩૨ જેટલી અગ્રણી બ્લડ બેન્કોને રકતના ઘટકો છૂટા પાડીને સંગ્રહ કરવા માટેના પરવાના ફાળવવામાં આવ્યા છે. એના માટે જટિલ પ્રકારના સાધનો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આમ આપણા માયાળુ અને ભાવનાશીલ ગુજરાતીઓ દ્વારા રકતદાન, ચક્ષુદાન અને દેહદાનમાં આપણું રાજય સમગ્ર રાષ્ટ્રમાં અગ્રેસર રહ્યું છે. ક્ષય રોગ માટે અહીંથી કેટલાક સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી છે. જે પ્રમાણે રાજયમાં ક્ષય રોગ નિવારણ માટે પ્રશંસનીય કાર્ય થયેલ છે તે અંતર્ગત સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ડોટસ પ્લસ પધ્ધતિના પાયલોટ સાઈટ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ રીવાઈઝ ટી. બી. કન્ટ્રોલ પ્રોગ્રામ હેઠળ સમગ્ર રાજયને આવરી લેવામાં આવેલ છે. ડ્રગ રેઝીસ્ટંટ સર્વેનો અભ્યાસ કરવા સમગ્ર દેશમાં ભારત સરકારે બે રાજયોની પસંદગી કરેલ છે એમાં એક રાજય ગુજરાત છે. જે પ્રમાણે જીવન રક્ષક કેન્દ્ર અને ટ્રોમા સેન્ટર માટેનો વિચાર વ્યકત કરવામાં આવ્યો છે. ટ્રોમા અને ઈમરજન્સી મેડિકલ કેરની શરૂઆત કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજય છે જેણે આ ક્ષેત્રે રોડમેપ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે, ટ્રોમા સારવાર અંગે ગુજરાત એક જ એવું રાજય છે કે, જેની ઉલ્લેખનીય કામગીરીની ડબલ્યુ.એચ.ઓ.એ એના ટ્રોમા મેન્યુઅલમાં નોંધ લીધેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લેપ્ટોસ્પાયરોસીસના નિયંત્રણ માટે થઈને સઘન કાર્યવાહી હાથ ધરેલ છે જેમાં દેશના અન્ય રાજયોમાં આ રોગમાં મૃત્યુ પ્રમાણ ૩૦ ટકા જેટલું રહેલ છે એની સામે ગત વર્ષે અનેક પ્રયાસોના કારણે ૧૪ ટકા જેટલો આપણે મૃત્યુદર નીચો લાવી શકયા છીએ. આ વર્ષે પણ આપણા રાજયમાં નેશનલ કોન્ફરન્સ લેપ્ટોસ્પાયરોસીસ માટે યોજેલ છે. આ બાબતે ટેસ્ટીંગ માટેની સવલત પણ તુરત ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને એની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. અત્યાર સુધી લેપ્ટોસ્પાયરોસીસ માટે પુના સેમ્પલ મોકલવામાં આવતા હતા પરંતુ હવે ઘરઆંગણે આ પરિક્ષણની સેવા પ્રાપ્ત થવાના કારણે દર્દીઓને ઝડપથી સારવાર પ્રાપ્ત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એઈડ્સ માટે થઈને અન્ય રાજયોમાં જયારે એઈડ્સનો પ્રશ્ન જયારે ગંભીર સ્વરૂપ પકડી રહ્યો છે ત્યારે ગુજરાતમાં લોક ભાગીદારી, પ્રચાર અને સતત સર્વેલન્સના કારણે એઈડ્સનું પ્રમાણદર મધ્યમ કક્ષાએ રહેવા પામ્યું છે. જોખમી જૂથોમાં ૧૯૯૯ની સાલથી આપણા રાજયમાં એઈડ્સનું પ્રમાણ સતત ઘટવા પામ્યું છે. જયારે આપણી સાથેના ૧૯૯૯ના તમામ રાજયોમાં આ પ્રમાણ વધેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક મિત્રોએ મેલેરિયા માટેની ચિંતા વ્યકત કરી છે. મેલેરિયાનું પ્રમાણ કોઈ કોઈ જગ્યાએ વધવાના કારણો એ આ સર્વેલન્સની કામગીરી છે, આ સર્વેલન્સની કામગીરી વિશિષ્ટ સ્વરૂપે હાથ ધરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશભરમાં સૌ પ્રથમ ઈન્ટરનેટ આધારિત સોફટવેરની સહાયથી મેલેરિયા કાર્યક્રમ અંતર્ગત માહિતી સંચાલન પ્રણાલિ અમલમાં મૂકવાનો શ્રેય ફકતને ફકત ગુજરાતને પ્રાપ્ત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી ભ્રુણ હત્યા રોકવા અને સેકસ રેશિયો જાળવવા પી.એન.ડી.ટી. એકટનો ચૂસ્તપણે અમલ કરવામાં આવે છે. ગુજરાતમાં અન્ય રાજયોની સરખામણીમાં એની અમલવારી શ્રેષ્ઠતમ રહેલી છે પરંતુ આમ છતાં જે સભ્યશ્રીઓએ લાગણી વ્યકત કરી છે એ ધ્યાને લઈને સ્ત્રી ભ્રુણ હત્યામાં લોક જાગૃતિ કરાવનાર ગુજરાત જયારે અગ્રેસર રાજય છે ત્યારે આગામી દિવસોમાં આમાં વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ના વર્ષમાં ખોરાક ભેળસેળના કિસ્સામાં ૧૯.૮૧ ટકા એટલે કે લગભગ ૨૦ ટકા કિસ્સાઓમાં કસુરવારને સજા અને દંડ કરવામાં સફળતા પ્રાપ્ત થયેલ છે. ગુજરાત રાજયે રેટ ઓફ કન્વીકશનનો સૌથી ઉંચામાં ઉંચો દર હાંસલ કરેલ છે. ગુજરાત રાજયને સમગ્ર દેશમાં ફૂડ અને ડ્રગની દૃષ્ટિએ એક મોડેલ સ્ટેટ તરીકે સૂચવવામાં આવે છે. એજ રીતે આયુર્વેદને જે પ્રમાણે પ્રોત્સાહન આપવાની કાર્યવાહી હાથ ધરેલ છે એના અંતર્ગત રાજયમાં પહેલી વખત ધનવંતરી સપ્તાહની ઉજવણી કરીને ૨૪૧ જેટલા કેમ્પોનું આયોજન કરીને આયુર્વેદ માટેની સક્રિયતા અને સમજદારી માટેના પ્રયત્નો મોટા પ્રમાણમાં હાથ ધરેલા છે. એલોપેથીમાં જેની અસરકારક સારવાર નથી તેવા સોરાસીસ રોગની બહું જ અસરકારક સારવાર આયુર્વેદમાં ઉપલબ્ધ છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૦૦૦ ઉપરાંત દર્દીઓને આ પ્રકારની સારવાર આપીને સાજા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત વન ઔષધિઓને પ્રોત્સાહન આપવા માટે જન-ભાગીદારીના પ્રયાસોમાં ખેડૂતોને આ ઔષધિઓ માટે થઈને લગભગ ૧૯૩ લાખ જેટલી કિંમતની સહાય સાથેનો પ્રોજેકટ હાથ ધરેલ છે. રાજયના એકવીસ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને જે પ્રમાણે અહીંયાથી સભ્યશ્રીઓને ઉલ્લેખ કર્યો છે એને તજજ્ઞો દ્વારા સ્ટ્રેન્ધનીંગ કરવાનું અને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ટાઈપ ડેવલપ કરવાનું કાર્ય હાથ ધરાયેલ છે. આગામી વરસોમાં

પણ આ કાર્ય અને કાર્યક્રમ આગળ ચાલવાનો છે. સમગ્ર દેશમાં રાજય વસતિ આયોગની માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રચના કરનાર ગુજરાત એક અગ્રિમ હરોળનું રાજય છે.

માતા અને બાળમૃત્યુ દર ઘટાડવા માટે ચાર હજારથી પણ વધારે મહિલા આરોગ્ય કાર્યકરોને સલામત પ્રસૂતિ માટેની માતૃ સંજીવની સુરક્ષા કિટ અંતરિયાળ ગામડામાં પેટા કેન્દ્રોમાં પ્રથમ વખત ઉપલબ્ધ કરવામાં આવી છે અને ક્રમશઃ આખા રાજયમાં આ કિટ આપવામાં આવશે. સક્ષમ માતૃત્વ માટે લોહતત્વોની ગોળીઓ તમામ કિશોરીઓને આપવા સંપૂર્ણ રાજય આવરી લેવાયેલ છે. રાજયમાં બેંતાલીસ પી.એચ.સી. અને સી.એચ.સી. માં માતૃબાળ સંજીવની કેન્દ્રો કાર્યરત કરીને આ તમામ કેન્દ્રોમાં એમ્બ્યુલન્સ વાહનો અને અન્ય સાધનો પૂરા પાડવામાં આવેલ છે. સલામત માતૃત્વ માટે જરૂરી છે તે સંસ્થાકિય પ્રસૂતિને વેગ આપી શકયા છીએ અને મને એ કહેતા આનંદ થાય છે કે ગત વરસે આ પ્રમાણે આપણે દશથી અગિયાર ટકા જેટલો વધારો કર્યો છે. મેડિકલ એજયુકેશન માટે મિત્રોએ ચિંતા વ્યકત કરી છે.

મેડિકલ કોલેજ ભાવનગર અને રાજકોટ ખાતે વધારાના અનુસ્નાતક કોર્સ ગત વરસે આપણે ચાલુ કર્યા છે. નર્સિંગ કોલેજમાં પણ વીસ સીટ વધારીને સ્નાતક માટેની વધુ સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે. રાજય ગ્રામ્ય આરોગ્ય માળખા માટે અનેક સભ્યશ્રીઓએ પોતાની ચિંતા વ્યકત કરેલી છે. રાજયમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓને પ્રાધાન્ય આપેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મારફતે તમામ રાજયો કરતાં સૌથી વધારે ગ્રામ્ય વિસ્તાર સુધી અગ્રિમતાથી સેવાઓ આપવામાં ગુજરાત પ્રથમ સ્થાને છે. આ ગૃહમાં મને જણાવતાં આનંદ થાય છે કે સમગ્ર દેશના તમામ રાજયોમાં ગ્રામ્ય આરોગ્ય માટે જો કોઈ વધારે પૈસા ફાળવતું હોય અને ખર્ચ કરતું હોય તો એ ફકતને ફકત ગુજરાત રાજય છે જેનો વિશ્વ બેન્કના તાજેતરના અન્ય રાજયોની સરખામણીના હેલ્થ બુલેટિનમાં પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. તાલુકા કક્ષાએ આરોગ્ય માળખું વધુ સઘન બનાવવા માટે રાજયમાં પ્રથમ વખત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મોનિટરિંગ અને સંકલન માટે રાજયના તમામ તાલુકાઓમાં બ્લોક હેલ્થ ઓફિસ યોજના અમલી બનાવાઈ છે. રાજયના નાગરિકોને ઉત્તમ સ્વાસ્થ્ય માટે સેવાઓ પૂરી પાડવાના હેતુ સાથે હોસ્પિટલોને વધુ સ્વચ્છ સુંદર અને સુવિધાયુકત બનાવવા જનભાગીદારીને જોડીને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે.

મેડિકલ ટુરિઝમ માટેનો અનેક સભ્યશ્રીઓએ વિચાર વ્યકત કર્યો છે. આ ક્ષેત્રે વિશિષ્ટતા સાથે વધુ કાર્યવાહી હાથધરીને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૪માં પ્રવાસન સાથે સાંકળીને નવો પ્રયાસ હાથ ધરાયેલ છે. વધુને વધુ બિનનિવાસી ભારતીયો આ યોજનામાં લાભ લે તે માટે ગુજરાત મેડિકલ ટુરિઝમ કાઉન્સિલના ગઠનની પણ કાર્યવાહી હાથ પર લેવાયેલ છે. ગ્રામ્ય વિસ્તારની જેમ અર્બન વિસ્તારમાં અને ખાસ કરીને અર્બન સ્લમ વિસ્તારમાં આરોગ્ય માટેની જે જરૂરિયાત જણાઈ છે તે ધ્યાનમાં લઈને અર્બન આર.સી.એચ. પ્રોગ્રામ તળે અમદાવાદ મહાનગરપાલિકામાં પાંચ વર્ષ માટે ચૌદ કરોડ રૂપિયાનો પ્રોજેકટ શરૂ કર્યો છે અને એમાં અન્ય મહાનગરોને પણ સાંકળવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. અહીંયાથી જે પ્રમાણે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે એ પ્રમાણે ગરીબ દર્દીઓને વધુને વધુ મદદરૂપ બની શકાય અને હોસ્પિટલોનો જરૂર સમયે ઉપયોગ કરી શકાય, નાનું મોટું મેઈન્ટેનન્સ હોય કે સાધનને રિપેર કરાવવાનું હોય કે કોઈ મકાન કે અન્ય કંઈ રિપેર કરાવવાની વાત હોય એમાં ગત વર્ષે મેડિકલ ઓફિસરથી લઈને રાજયકક્ષા સુધીની સત્તાઓનું વધુ વિકેન્દ્રિકરણ કરીને એમને વધુ સત્તાઓ આપવામાં આવી છે.

મધ્યસ્થ ઔષધ ભંડાર દ્વારા દવાઓની ગુણવત્તા જળવાય એ માટે દવાઓ ટ્રેડર્સના બદલે છેલ્લાં બે વર્ષથી ફકત ઉત્પાદકો પાસેથી ખરીદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને એ નિર્ણય વધુ અસરકારક બનવા પામેલ છે. રાજયમાં આ કાર્યને વધુ વેગ આપવા છ વિભાગીય ડેપો શરૂ કરી દવાઓનું વિતરણ ઝડપી બનાવવાની કાર્યવાહી પણ હાથ ધરાયેલ છે. કામદાર રાજય વીમા યોજના હેઠળ બાપુનગર, અમદાવાદ તેમજ ગોત્રી વડોદરા જનરલ હોસ્પિટલ ખાતેના વ્યવસાયિક આરોગ્યના કેન્દ્ર દ્વારા રોગના અટકાવ, નિદાન તથા જાગૃતિ માટે એલોપથી તેમજ આયુર્વેદિક નિદાન કેન્દ્રો કરાયેલ છે. કામદાર રાજય વીમા યોજના માટે અનેક સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે પણ એમાંની મોટાભાગની સત્તા કેન્દ્ર સરકાર પાસે રહેલી છે. સાંઈઠથી પાંસઠ કરોડ રૂપિયા આપણે ખર્ચ કરીએ છીએ અને વીસથી પચીસ કરોડ રૂપિયા કેન્દ્રમાંથી મળે છે આમ છતાં મોટાભાગની કાર્યપદ્ધતિની સત્તા કેન્દ્ર પાસે રહેલી છે.

જેની વિવિધ તબક્કે કેન્દ્રમાં પણ આપણે રજૂઆત કરેલી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા European Commission, UNFPA, UNICEF જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સહાયથી આરોગ્ય સેવાઓ સંબંધિત reform ની કામગીરી આરોગ્ય વિભાગમાં જેવી કે વિકેન્દ્રીકરણ, સશકિતકરણ, સંસ્થાકીય સુવિધાઓમાં વધારો તેમજ તાલીમ દ્વારા ગુણવત્તા સભર આરોગ્ય સેવાઓ પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. paraplegia hospital માં પણ વિવિધ સંસ્થાઓની સહાય દ્વારા ૧૮ વર્ષથી નીચેની વયના બાળકને કૃત્રિમ હાથ પગ વિના મૂલ્યે આપવામાં તેમજ આ પ્રકારના અંદર કામ કરતા સંકળાયેલા ડોકટર્સ અને કર્મચારીઓને તાલીમ આપવાનો પ્રોજૅકટ હાથ ધર્યો છે. સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજય છે કે જ્યાં .European Commission દ્વારા disease surveillance ની કામગીરી કરવામાં આવી રહી છે. કેટલાક મિત્રોએ કેટલાક રોગ માટેની ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ જે પ્રમાણે ગુજરાતે disease surveillance ની કામગીરી હાથ ધરેલી તેના કારણે રાજયના જુદા જુદા વિસ્તારોમાં થતાં રોગોનું surveillance કરી તેનાથી પ્રાપ્ત થતી માહિતીનું વિશ્લેષણ કરી તેનો રોગ અટકાયતી કામગીરી માટે ઉપયોગ કરવામાં આવશે. એટલું જ નહીં આ માહિતી આરોગ્ય વિષયક

ભાવિ આયોજન કાર્યમાં પણ વધુને વધુ મદદરૂપ બનવાની છે. મારા કેટલાક મિત્રોએ તેમના સૂચનો વ્યક્ત કર્યા છે. કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટમાં તેમની હોસ્પિટલોની અંદર જે મશીનો રહેલાં છે તેની વાત કરી છે. તમામ મશીનો આજે ચાલુ સ્થિતિમાં છે કયાંય કોઈ ડોકટર્સનો અભાવ હોય તો અન્ય લોકોને પણ તે પ્રકારની તાલીમ આપવામાં આવે છે.

ચંદ્રિકાબેન અને અન્ય મિત્રોએ ડોકટરો માટેની નવી યોજનાની વાત કરેલી છે. મેં આ ગૃહમાં અગાઉ પણ જણાવેલ છે કે આ પ્રકારની એક નવી યોજના લાવવા માટે આપણે વિચારી રહ્યા છીએ અને ખૂબ વહેલામાં વહેલી તકે તે યોજનાને કાર્યરત કરવા માગીએ છીએ. ડો.જીતુભાઈ પટેલે બ્લડ બેન્ક માટેની વાત કરેલી છે. સિવિલની અંદર જન ભાગીદારીને જોડવા માટેની વાત કરેલી છે તે દિશામાં પણ પ્રયાસો શરુ થઈ ગયા છે. ગ્રામ્ય વિસ્તાર માટે જે પ્રમાણનો વિચાર મેં વ્યક્ત કર્યો છે, જે પ્રમાણે અહીંયાથી ડિપ્લોમાની વાત થયેલી છે આગામી દિવસોમાં આ ડિપ્લો માટેની પણ કાર્ય યોજના અમલમાં લાવીને આપણે તે કાર્યને આગળ ધપાવવા માગીએ છીએ. યોગેશભાઈ પટેલે પણ વડોદરામાં જન ભાગીદારીના કાર્યમાં હોસ્પિટલના રીનોવેશન અને અન્ય સુવિધાઓમાં ખૂબ સારું કામ કર્યુ છે અને રાજય સરકાર તે કાર્યને આગળ ધપાવવા માગે છે. અન્ય જે કોઈ સૂચનો થયાં છે તે તમામ સૂચનો ધ્યાનમાં લઈને આગામી દિવસોમાં સ્વસ્થ સમાજના નિર્માણ માટે એક સામાજિક જવાબદારી છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે લોક જાગૃતતા ખૂબ જરૂરી છે. હું આ સમયે આપણે સૌ સાથે મળીને આ કાર્યને આગળ ધપાવીએ. જે સભ્યશ્રી મિત્રો કાપ દરખાસ્ત લાવ્યા છે તેમને હું વિનંતી કરીશ કે આ ગુજરાતના સ્વસ્થ સમાજના નિર્માણ માટેનું કાર્ય છે, આરોગ્ય માટેનું કાર્ય છે એવા સ્વરૂપમાં તેમની કાય દરખાસ્તો પાછી ખેંચે અને જે માગણી હું લઈને આવ્યો છું તે માગણીને મંજૂર રાખે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારા શિક્ષણ વિભાગ અને આરોગ્ય મંત્રીશ્રીના આરોગ્ય વિભાગ ઉપર લગભગ ૧૯ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને કેટલાંક સૂચનો પણ તેમણે કર્યા છે.

૧૫મી ઑગસ્ટ,૨૦૦૪ના દિવસે દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી આ દેશના રાષ્ટ્રપતિજીએ રાષ્ટ્ર જોગ વાયુ પ્રવચન કર્યુ છે અને આ પ્રવચન મેં અક્ષરશઃ સાંભળ્યુ હતું એટલું જ નહીં પરંતુ તેનું પ્રવચન મારા હાથમાં પણ છે અને તેમણે જે પ્રવચન કર્યુ છે તેમાં ૪૫ મિનિટમાંથી લગભગ ૩૦ મિનિટ માત્ર અને માત્ર દેશમાં શિક્ષણ કેવું હોવું જોઈએ, બાળકોને કેવા પ્રકારનું શિક્ષણ મળવું જોઈએ, તેના માટેની વ્યવસ્થા દેશમાં કેવી હોવી જોઈએ, તેને માટે આર્થિક ધોરણો, બજેટની ફાળવણી કેવી રીતે હોવી જોઈએ આ બધી જ ખૂબ સારી એવી ચિંતા તેમણે પોતાના પ્રવચનની અંદર કરી હતી. જેમ જેમ આ પ્રવચન મેં સાંભળ્યું અને લાવ્યા પછી પણ મેં વાંચ્યુ પછી આખુંય પ્રવચન મેં મારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને આ પ્રવચન મોકલી આપ્યું. તમે જુઓ કે આ દેશના રાષ્ટ્રપતિજી શિક્ષણ માટે શું શું વિચારો વ્યક્ત કરી રહ્યા છે. તેમના વિચારો અનુસાર આપણા ગુજરાતની અંદર આ પ્રકારનું શિક્ષણ આપણે બનાવવું જોઈએ તે પ્રકારની વાત તેમની સાથે પણ અમે કરી છે,પરંતુ મારે અહીંયા એ કહેવું છે કે માનનીય રાષ્ટ્રપતિજીએ પોતાના જે વિચારો વ્યક્ત કર્યા હતા તેમનું ઘણું બધુ કામ આ રાજયની સરકારે છેલ્લાં પાંચ સાત વર્ષથી શરુ કરી દીધું છે. મારે એ કહેવું છે. તેમણે કહયું છે કે 'શિક્ષણ એ ખરેખર પ્રત્યેક ભારતીય બાળકનો મૂળભૂત હકક છે. તો શું આપણે એવી પરિસ્થિતિ ચાલુ રહેવા દઈ શકીએ કે જેનાથી આપણાં લાખો બાળકોને ગરીબી વેઠવાની જરૂર પડે? આજની જરૂરિયાત તો એ છે કે બાળકોના મા-બાપ નજીકની ગમે તે શાળામાં જઈને દાખલ કરી શકે અને સારું અને મૂલ્ય આધારિત ગુણવત્તાવાળું શિક્ષણ મળશે એવા વિશ્વાસ સાથે ઘ ેર પાછા ફરી શકે આ પ્રકારની ચિંતા વ્યકત કરી છે. આ રાજય સરકારે દરેક બાળકને પોતાના ગામમાં જ પોતાના ઘર આંગણે જ ૧ થી ૭ ધોરણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા પૂરી કરવામાં આવી છે. આગળ જતાં એમણે એમ કહયું છે કે 'સામાજિક અને પરોપકારી સંસ્થા તેમજ જનસંપર્ક માધ્યમો શિક્ષણ વિશેની જાગૃતતા ફેલાવવા બાજુ ધ્યાન કેન્દ્રિત કરી શકે તેમ છે' અને એટલા માટે આ સરકાર કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવ જેવા માધ્યમો દ્વારા જાગૃતતા લાવવા માટે સતત પ્રયત્નો કરતી રહી છે. આ ઉપરાંત તેમણે એમ પણ કહયું છે કે 'ગુણવત્તાવાળું શિક્ષણ એ માત્ર ગુણવત્તાવાળો શિક્ષક જ પ્રદાન કરી શકે. જેને શિક્ષણમાં રસ હોય અને બાળકો પ્રત્યે પ્રેમ હોય, દેશભરમાં શિક્ષકોમાં આવી કાબેલિયત વિકસાવવાની જરૂર છે. આવી કાબેલિયત તૈલી શિક્ષણ પધ્ધતિ મારફતે વ્યાપક ધોરણે શિક્ષકોને શિક્ષણ આપવાથી મળી શકે' અને એટલા માટે આ રાજય સરકારે કર્મયોગી યોજના દ્વારા આ રાજયના તમામ શિક્ષકોને આવા જ પ્રકારનું શિક્ષણ આપવાની શરૂઆત કરી છે જેને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એમ કહે છે કે આ એક જાતનો માનસિક ત્રાસ છે. તો જે વાત આ દેશના માનનીય રાષ્ટ્રપતિશ્રીએ કરી છે કે શિક્ષકોને આધુનિક તાલીમ આપવી જોઈએ, ગુણવત્તાવાળું શિક્ષણ આપી શકે એવી તાલીમ એમને આપવી જોઈએ અને એ જ કામ આ રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પધ્ધતિ એવી હોવી જોઈએ કે જેનાથી બાળકો ભણવા આવવા માટે આકર્ષાય, બાળકોને પોષણ પૂરું પાડે અને તેમનામાં સર્જનાત્મક શકિત કેળવીને શિક્ષણ પદ્ધતિનું ધ્યેય બાળકોમાં ચારિત્ર્ય ઘડવાનું, એમનામાં માનવ મૂલ્યો કેળવવાનું, ટેકનોલોજી મારફતે ગ્રાહ્ય શકિત વધારવાનું અને ભવિષ્યના મુકાબલા માટે આત્મવિશ્વાસ ઉભો કરવાનું હોવું જોઈએ. એટલા માટે જ પ્રાથમિક શિક્ષણ હોય કે માધ્યમિક શિક્ષણ હોય

તમામ કક્ષાએ બાળકોત્સવ હોય, રમતોત્સવ હોય કે વિજ્ઞાનમેળા હોય કે તેમને કોમ્પ્યુટરની તાલીમ આપવાની હોય એ બધાં જ કામ રાજય સરકાર ૫ થી ૬ વર્ષથી કરી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે આગળ વધીને એમ પણ કહયું છે કે 'મૂલ્યાંકન, અહેવાલ લેખન અને પરીક્ષા પદ્ધતિ વિશ્વસનીય અને પારદર્શક હોવી જોઈએ અને એટલા માટે તો ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં આપણે બાળકોને પેપર સુધ્ધાં બતાવીએ છીએ આવી પારદર્શકતા આ રાજય સરકારે ઉભી કરી છે. તેમણે એક એવી પણ વાત કરી છે કે આજની જરૂરિયાત ડિઝિટલ લાયબ્રેરી સિસ્ટમની છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ વર્ષના બજેટમાં ટેકનીકલ શિક્ષણમાં ડિઝિટલ લાયબ્રેરી ઉભી કરવા માટે બજેટમાં જોગવાઈ કરી છે. મારે એટલું જ કહેવાનું હતું કે જે પ્રકારનું શિક્ષણ આપણા રાષ્ટ્રપતિશ્રી ઈચ્છે છે. એવા પ્રકારનું શિક્ષણ આપવાની શરૂઆત આ રાજય સરકારે ચાલુ કરી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ શાળાઓના ઓરડાઓની અને સેનિટેશનની વાત કરી છે. જયાં સુધી રાજયનું પ્રાથમિક વિભાગ ૬ થી ૧૪ વર્ષના બાળકોનું શિક્ષણ છે એ શિક્ષણને પૂરેપૂરી સુવિધાથી સજજ ન કરે ત્યાં સુધી કવોલિટી એજયુકેશન આપણે આપી નહીં શકીએ, એમાં અનેક મુશ્કેલીઓ ઉભી થશે. મારે કહેવું છે કે ૧૯૯૦-૯૧ થી માંડીને ૧૯૯૬-૯૭ ના ૭ વર્ષમાં માત્ર ૮૪૪૩ ઓરડાઓ બાંધવામાં આવ્યા હતા જયારે ૧૯૯૮-૯૯ થી ૨૦૦૪-૦૫ ના વર્ષ સુધીમાં ૭ વર્ષમાં ૫૪૬૪૩ શાળાના ઓરડાઓ આ રાજય સરકારે બાંધ્યા છે. અહીંયાં માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા એમના પ્રવચનમાં કહી ગયા કે સિન્ટેકસના ઓરડાઓમાં તાપમાન આવવાથી એ ઓરડાઓ તૂટી જાય છે એવી ઘણીબધી વાતો કરી છે, પરંતુ મારો જવાબ સાંભળવા અત્યારે તેઓ હાજર નથી તેમણે એમ કહયું કે સિન્ટેકસના ઓરડાઓની આટલી મોટી કિંમત જોઈને મને કહેવાનું મન થાય છે કે આમાં શું થયું હશે. તો આવી પરોક્ષ કે અપરોક્ષ વાત કરીને તેઓ ગયા છે, પરંતુ મારે તેમને કહેવું છે કે આ પ્રિ.ફેબ્રિકેટેડ ઓરડાઓ જે બાંધ્યા છે એ સી.બી.આર.આઈ. કે જે દેશની અગ્રગણ્ય સંસ્થા છે અને સેન્ટ્રલ સાયન્સટિફિક રિસર્ચ ઈન્સ્ટિટયુટ, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા અંતર્ગત કામ કરી રહી છે અને અત્યારે હાલ ભારત સરકારના નવા બાંધકામ, નવા મટિરિયલ્સ છે એમાં આર્કિટેકટના સલાહકાર છે તેમણે પોતે આ પ્રિ-ફેબ્રિકેટેડ ઓરડાઓની સમીક્ષા કરીને તેમણે પોતે બપોરના ૧૧-૩૦ વાગ્યે અને સાંજના ૪-૩૦ વાગ્યે સ્વયં હાજર રહીને આ રૂમમાં કેટલું તાપમાન રહયું એ નોંધીને રિપોર્ટ આપ્યો છે કે માત્ર એક જ ડીગ્રી તાપમાન વધારે છે, બાકી કોઈ જ તકલીફ નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રી-ફેબ ઓરડાઓ ગુજરાત સરકારે બાંધ્યા છે, પરંતુ ગુજરાત સરકારે જે રીતે બાંધ્યા છે તેના આધાર ઉપર એમના જ રાજયોમાં આ સિન્ટેકસના ઓરડાઓ બાંધવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં કોંગ્રેસનું શાસન છે, આપણે ત્યાં આ ઓરડાઓ ૧,૯૫,૦૦૦ રૂપિયામાં જેમાં ટેકસ સહિત બધું આવી જાય છે. દિલ્હી સરકારે એક ઓરડાની કિંમત ૨,૬૮,૦૦૦ રૂપિયા નકકી કરી છે. કર્ણાટકે એક ઓરડાની મિત ૨,૪૮,૦૦૦ રૂપિયા નકકી કરી છે. આસામે ૨,૯૦,૦૦૦ રૂપિયા કિંમત નકકી કરી છે, છત્તીસગઢે ૨,૩૦,૦૦૦ રૂપિયા કિંમત નકકી કરી છે. અરૂણાચલે ૨,૩૫,૦૦૦ રૂપિયા કિંમત નકકી કરી છે. એ જ ઓરડો જયારે આ રાજય સરકારે ૧,૯૫,૦૦૦ રૂપિયામાં કર્યો છે. મારે એ નથી કહેવું કે શું કારણ છે આટલો બધો ભાવ આપવા પાછળનું? પરંતુ અમે પોતે આ રાજય સરકારના પૈસા બચાવવાનો નિર્ણય કર્યો છે. આપણે એ રીતે આ કામ કરી રહ્યા છીએ. આ સિન્ટેકસના ઓરડામાં માત્ર ઓરડો જ નથી આવતો, વાયરિંગનું કામ પણ કરવામાં આવે છે. બે બ્લેકબોર્ડ પણ મૂકવામાં આવે છે. અને કપબોર્ડ સાથેના ઓરડાની આ કિંમત છે. આ વર્ષે વધુ ૧૨૨ કરોડ રૂપિયા નવા ઓરડાઓ બનાવવા માટે આ રાજય સરકારે ફાળવ્યા છે. અને આવતા દિવસોમાં વધુ ઓરડાઓ ફાળવીને બાળકોને શાળામાં અભ્યાસ કરવા માટેની સવલતો ઉભી થવાની છે.

સેનિટેશનની વ્યવસ્થા એમના શાસનમાં તો હતી જ નહીં, પરંતુ આપણે દીકરીઓના ડ્રોપ આઉટ રેટના કારણે સેનિટેશન બાંધ્યા હતા, અને તેના માટે રાજય સરકારે આ સેનિટેશન બનાવવા માટેની યોજના બનાવી અને આજે ૨૦૫૩૫ શાળાઓમાં તો સેનિટેશનનું કામ પૂરું કરી દીધું છે. નવા બજેટમાં ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ સેનિટેશન સંકૂલ બાંધવા માટે કરી છે.

વિદ્યા સહાયકો માટે ઘણી બધી વાતો કહેવામાં આવી છે. પરંતુ મારે એક જ ખુલાસો કરવો છે કે આપણે ૮૦૪૭૭ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી છે. તેની સામે ૩૦ હજાર કરતાં વધુ વિદ્યા સહાયકો પૂરા પગારમાં આવી ગયા છે. બે વર્ષે જેટલા શિક્ષકો રિટાયર્ડ થાય છે તેની સામે બે વર્ષે એટલા શિક્ષકોને આપણે નિયમિત કરતા જઈએ છીએ અને ન થઈ શકે તેમને પાંચ વર્ષે પુરા પગારમાં આપણે લઈએ છીએ. અત્યારસુધીમાં આ કામ કર્યુ છે. માનનીય બાબુભાઈ કહેશે કે અમે બાલગુરુની યોજના કરી હતી. પણ તમે ચાર વર્ષમાં ત્રણ હજારની ભરતી કરી હતી. આ રાજય સરકારે પાંચ છ વર્ષમાં ૮૦ હજાર શિક્ષકોની ભરતી કરી છે. તેઓ ભૂતકાળમાં કહેતા રહ્યા છે એટલે અત્યારે મને જવાબ આપવાનો મોકો મળ્યો છે તેથી કહું છું.

કન્યા કેળવણી રથ યાત્રાની વાત કરવામાં આવી, આ કન્યા કેળવણી રથ યાત્રા દ્વારા આખા રાજયમાં લગભગ સાત થી આઠ હજાર જેટલા ગામોમાં આ રથ ફેરવી અને દીકરીઓ શાળામાં જાય તેવા પ્રયત્નો કર્યા છે. અનેકવિધ યોજનાઓ દ્વારા ડ્રોપ આઉટ રેટ ઘટાડવા માટેના રાજય સરકારના પ્રયત્નો છે. ૧૯૯૭-૯૮માં ૩૯ ટકા દીકરીઓનો ડ્રોપ આઉટ રેટ હતો તે આજે ૧૭.૮૪ ટકા છે. એટલે આપણે તેમાં ઘટાડો કરી શકયા છીએ. ૧ થી ૭ ધોરણનો ડ્રોપ આઉટ રેટ ૪૮.૮૩ ટકા હતો તે આજે ૩૩.૭૩ ટકા થયો છે. ભવિષ્યમાં આપણે ધીમે ધીમે ઘટાડી રહ્યા છીએ.

શિક્ષકોની તાલીમ માટે તાલીમ ભવન હોવા જોઈએ, ૧૯૮૮ થી ૧૯૯૭ સુધીમાં કેન્દ્ર સરકારે તાલીમ ભવન બાંધવા માટે કરોડો રૂપિયા આપ્યા છે. પરંતુ બધા જ રૂપિયા પડયા રહ્યા છે. અને માત્ર બે તાલીમ ભવનો ભૂતકાળમાં બાંધી શકયા છીએ. મારે આજે ગૌરવપૂર્વક કહેવું છે કે આ રાજય સરકારે ૧૯૯૮ પછી આ વિષય હાથમાં લીધો અને ૨૦૦૪ સુધીમ ૧૮ જિલ્લાઓમાં તાલીમ ભવનો બંધાયા છે. જેમાં શિક્ષકોની તાલીમનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ૧૩૬ ડી.આર.સી. ભવનો અને ૬૮૫ સી.આર.સી. ભવનો પણ બાંધી દીધાં છે. એકાદ વર્ષમાં બાકીનું કામ પણ પુરું કરીશું.

માનનીય કુંવરજીભાઈએ બાળક પાછળ માતાનું નામ લખવાની વાત પણ કરી છે, હવે એમણે કેમ ન સ્વીકાર કર્યો તે ખબર નથી પડતી. કારણ કે જે બહેનો ત્યકતા હોય તેવી બહેનો પોતાના બાળકની પાછળ માતાનું નામ લખાવે તો સારું, એમાં તેમને એમના અધિકાર ઉપર તરાપ આવતી હોય તેવું લાગ્યું, આ રાજય સરકારે નિર્ણય કર્યો છે કે કોઈપણ બહેન અથવા કુટુંબ પોતાના બાળકની પાછળ માતાનું નામ લખાવી શકશે. રાજય સરકારે આ નિર્ણય કર્યો છે.

આજે જે પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ છે તેમાં આપણે કેટલીક શાળાઓમાં હજુ પણ પહોંચી શકયા નથી. પરંતુ મારે આંકડા સાથે વાત કરવી છે. આ રાજયની અંદર ૩૭ હજાર જેટલી પ્રાથમિક શાળાઓ છે. એમાં વીજળીકરણ ૧૮૦૮૩ શાળાઓમાં પૂરું થયું છે. પીવાનું પાણી ૧૮૫૩૯ શાળાઓમાં પૂરું થયું છે, કમ્પાઉન્ડ વૉલ ૧૫૩૮૦ શાળાઓમાં, ફસ્ટ એઈડ બૉક્સ ૩૧૭૧૦ શાળાઓમાં આપી દેવામાં આવ્યા છે. પ્રયોગશાળા વગર વિજ્ઞાન ન ભણાવી શકાય એટલે છ હજાર શાળાઓમાં એ પૂરું કર્યુ છે. ફર્નિચર ૮૯૮૩ વર્ગો સુધી પહોંચાડેલ છે. રમતગમતના સાધનો પણ પ્રાથમિક શાળાઓની અંદર આપણે આપવાનો પ્રયાસ કર્યો છે.

મારે અહીંયા એક રિપૉર્ટની વાત કરવી છે. જે આખોય રિપૉર્ટ છે એ રિપૉર્ટ યુ.પી.એની સરકાર આવ્યા પછી મંત્રીશ્રીઓની મિટિંગ થઈ ત્યારે રિપૉર્ટ આપવામાં આવ્યો છે. એ રિપૉર્ટમાં માહિતી એ છે જે હું ટૂંકમાં આ સભાગૃહને જણાવવા માગું છું. તા.૩૦-૯-૨૦૦૪ સુધીનો રિપૉર્ટ છે એમાં ચાર બાબતો, ચાર બિંદુ ઉપર અહેવાલ રજૂ કર્યો. એક કેન્દ્રીય વિદ્યાલયો કેટલા છે, દરેક રાજયમાં શિક્ષકોની ઘટ કેટલી છે, વિડિયો કોન્ફરન્સીંગ અને એવા પ્રકારની સગવડો કેટલા રાજયોમાં છે. હજુ પણ શાળાઓની અંદર બાળકો દાખલ ન થઈ શક્યા હોય તેવી કેટલી સંખ્યા છે. આ ચાર બાબતનો અહેવાલ આપવામાં આવ્યો છે. મારે બહુ ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાત રાજય પહેલું રાજય છે કે જ્યાં માત્ર બે ટકા શિક્ષકોની જ ઘટ છે. બાકી ૯૮ ટકા શિક્ષકો ભરેલા છે. મહારાષ્ટ્રમાં ૧૪.૫ ટકા ગેરહાજર છે, મધ્યપ્રદેશમાં ૧૬.૫ ટકા, બિહારમાં ૩૮ ટકા શિક્ષકો નથી. પંજાબમાં ૩૫.૭ ટકા, ઉત્તર પ્રદેશમાં ૨૫ ટકા, પશ્ચિમ બંગાળમાં ૨૪.૮ ટકા શિક્ષકો નથી. જ્યારે ગુજરાતમાં માત્ર બે ટકા શિક્ષકો નથી. સેટેલાઈટ અપ લીંકીંગ રિસિવિંગ નૅટવર્ક અને સ્ટુડિયો જે રાજયો પાસે છે એવા ચાર રાજયો છે. એમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગુજરાત અને તામિલનાડુ આ ચાર રાજયો એકબીજાની હરિફાઈમાં ઊભા છે. અત્યાર સુધી આપણે માનતા હતા કે આંધ્રપ્રદેશ વધારે આગળ છે એવું નથી પરંતુ ગુજરાત પણ એની હરોળમાં આવી ચૂક્યું છે.

આ રાજયની અંદર કેટલાક બાળકો હજુ પણ ઉંમર પ્રાપ્ત કરી હોય તો પણ શાળમાં ન ગયા હોય તેવું માત્ર ગુજરાત પહેલું રાજય છે જેમાં ૧ લાખ ૫ હજાર બાળકોને આપણે શાળમાં લાવી શક્યા નથી. બીજા રાજયોમાં જોઈએ તો કોઈ જગ્યાએ ૩ લાખ શાળાની બહાર છે. કોઈ જગ્યાએ ૧૦-૧૦ લાખ શાળાની બહાર છે. મારી પાસે બધા જ આંકડા છે. આ રાજય સરકારે સૌથી પહેલા બધા પ્રયત્નો કર્યા એના લીધે વધુમાં વધુ બાળકોને શાળાની અંદર લાવી શક્યા છીએ. જ્યારે આયોજન પંચે અમારા મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આયોજન પંચ પાસે ગયા અને ૧૧ હજાર કરોડ રૂપિયાનું બજૅટ રજૂ થયું ત્યારે આ શિક્ષણ વિભાગની સારી કામગીરી જોઈને આયોજન પંચે ૧૦૦ કરોડ રૂપિયા શિક્ષણ વિભાગને આપ્યા છે. કેન્દ્રમાં સરકાર તમારી છે છતાં આ રાજય સરકારને ૧૦૦ કરોડ રૂપિયા એટલા માટે આપ્યા છે કે શિક્ષણ વિભાગ સારામાં સારુ કામ કરી રહ્યું છે એટલા માટે ફાળવી આપ્યા છે. આ ૧૦૦ કરોડમાંથી ૪૦ કરોડ રૂપિયા શાળાના ઓરડાઓ બાંધવા અમે વાપરવાના છીએ અને ૧૫ કરોડ રુપિયા સેનિટેશનની અંદર વાપરવાના છીએ.

સાક્ષરદીપનો કાર્યક્રમ છે. અહીંયા કહેવામાં આવ્યું કે મહિલાઓ શિક્ષણ લેતી ઓછી થઈ છે. આજે જે ૬૦ વર્ષની બહેનો અભણ છે એ અમે નથી રાખી, ૪૦ વર્ષની બહેનો છે એને અમે અભણ નથી રાખી. પરંતુ આવી જે બહેનો અભણ રહી ગયેલી છે એવી બહેનો માટે કાર્યક્રમ રાખ્યો છે. અત્યારે વિના બજૅટે ભણાવીએ છીએ પરંતુ એમને કંઈક સાહિત્ય વગેરે મળે એના માટે આ સાક્ષરદીપ કાર્યક્રમ હેઠળ પાંચ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ગયા વરસે આઠ નવી ડિગ્રી કૉલેજો શરૂ કરી એના મકાનો બાંધવા માટે ૪૦ કરોડ રૂપિયાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

એક માનનીય ધારાસભ્યશ્રીએ ગનન, લેખન અને વાચનની વાત કરી. આ રાજયમાં ૩ થી ૭ ધોરણના બાળકો છે એ બાળકોની સંખ્યા ૩૯ લાખ ૬૩ હજાર ૭૧૦ છે. આ બાળકો કયા વિષયમાં નબળા છે એ બાળકને પ્રિય માણસ હોય એનું નામ આપીને, અમારા પ્રાથમિક શિક્ષકોને તૈયાર કરીને કચાશવાળા ૯ લાખ ૭૧ હજાર ૨૪૧ જેટલા બાળકો પ્રાપ્ત થયા. આ બાળકોને ભણાવ્યા એમાંથી ૭ લાખ ૫૦૩૮૮ બાળકો અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા,અને આ રીતે ૯૭ ટકા સિદ્ધિ હાંસલ કરી અને જે બાળકો નબળાં હતાં, કચાશ હતી એની પણ કચાશ દૂર કરવામાં આવી છે. આ રાજય સરકારે આવો ઐતિહાસિક કાર્યક્રમ કર્યો છે.

ઘણી વખત શિક્ષકોની ટીકા કરીએ છીએ. મારે આ અંગે કહેવું છે. અમદાવાદની આઈ.આઈ. એમ. સંસ્થા અને રતનજી ટાટા ઇન્સ્ટિટ્યૂટ એણે સમગ્ર દેશમાં પ્રાથમિક શાળાના શિક્ષકો કોઈ નવીનપૂર્ણ નવતર પ્રયોગો કરતા હોય એની એમણે શોધ કરી. એક થી દોઢ વર્ષ સુધી દરેક રાજયના જુદા જુદા ભાગોમાં જઈને શિક્ષકો શું કામ કરી રહ્યા છે, કેવા પ્રકારના પ્રયોગો કરી રહ્યા છે એની અસર બાળકો ઉપર કેવી થાય છે એ શોધ્યું. આ બધું શોધ્યું અને હમણાં બે મહિના પહેલાં તેનો અહેવાલ આવ્યો અને એટલા માટે મારે ગૌરવ સાથે કહેવું છે કે એમણે પૂરા દેશમાંથી ૫૮ શિક્ષકો શોધ્યા અને ૫૮ શિક્ષકોમાંથી ૨૮ શિક્ષકો ગુજરાત રાજયમાંથી પ્રાપ્ત થયા. આ છે અમારા શિક્ષકો કે જે પ્રાથમિક શાળાઓમાં ખૂબ સારું કામ કરી રહ્યા છે. ગુજરાતમાં ગુજરાત શૈક્ષણિક ટૅક્નૉલૉજી ભવન નામની એક સંસ્થા આવેલી છે. જે સંસ્થા ટેલિફિલ્મો, શિક્ષણની ઉપર જે પ્રયોગો થતા હોય તેની ટેલિફિલ્મો વગેરે બનાવીને નવા પ્રકારની સી.ડી. વગેરે બનાવીને પ્રાથમિક શાળાના બાળકો તેને સમજી શકે, તેમને બતાવી શકે એ પ્રકારનું કામ કરે છે. હમણાં પુનામાં સાત રાજયોની આ પ્રકારની કામગીરી કરતા રાજયો હતા તે રાજયોની એક પરિષદ ભરાઈ અને તેમાં ગુજરાત શૈક્ષણિક ટૅક્નૉલૉજી ભવને પણ ભાગ લીધો કે અમે આ પ્રકારની ટેલિફિલ્મો બનાવી છે. ત્યારે મારે કહેવું છે કે ત્રણ ટેલિફિલ્મો ત્યાં પસંદગી પામી. એક છે રમતાં રમતાં અંગ્રેજી શીખો. તે પસંદગી પામી છે. કૉમ્પ્યુટરનો ઉપયોગ તે પસંદગી પામી છે અને દીવાદાંડી કાર્યક્રમ તેના ગ્રાફીક્સ અને એનીમેશન માટે સાત રાજયોમાં સૌથી પ્રથમ ક્રમે આવી છે. એટલે ગુજરાતમાં આવું સરસ મજાનું ટૅક્નૉલૉજી ભવન પણ છે. તેનો વધુને વધુ ઉપયોગ આપણે શિક્ષણ ક્ષેત્રમાં કરી રહ્યા છીએ.

આપણે બહેનોના શિક્ષણની ચિંતા કરીએ છીએ. એ વાત સાચી છે કે ૧થી ૭ ધોરણમાં જે બાળાઓ શાળાઓમાં આવે છે તેના માટે એક નવીન કાર્યક્રમ કેન્દ્રની સરકારમાં જ્યારે અટલબિહારી બાજપાઈજીની સરકાર હતી, એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે નેશનલ પ્રોગ્રામ ફૉર એજ્યુકેશન ઑફ ગર્લ્સ એટ એલીમેટરી લેવલ એન.પી.ઈ.જી.ઈ.એલ. આ કાર્યક્રમની શરૂઆત થઈ અને તેની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે આપણને આપી અને તેમાં ૨૧ જિલ્લાઓમાં ૭૮ તાલુકાઓમાં આ કાર્યક્રમ હાથ ઉપર લેવામાં આવ્યો. અત્યારે ૯,૮૧,૧૧૭ કન્યાઓને આ કાર્યક્રમનો લાભ પ્રાપ્ત થયો છે. દરેક તાલુકામાં જ્યાં સાક્ષરતાનો દર ઓછો છે એવા ગામની અંદર આ દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે ત્યાં તેમને સ્કૂલબેગ, કંપાસ, નોટબુક, પ્રયોગપોથી, વિજ્ઞાનપોથી, લંચબોકસ વગેરે આપવામાં આવે છે અને લેવા માટે દરેક દીકરીઓને ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે અને જ્યાં એન.પી.ઈ.જી.ઈ.એલ.નો કાર્યક્રમ ચાલે છે એવી ૪૨૮ શાળાઓને ૪૨૮ કૉમ્પ્યુટર આપવામાં આવ્યા છે. જેથી એકદમ ગરીબ વર્ગની દીકરીઓ પણ પોતાના ઘર આંગણે આનો ઉપયોગ કરીને કૉમ્પ્યુટર પણ શીખી શકે. એ જ રીતે કેન્દ્ર સરકારની, એન.ડી.એ. સરકારની બીજી યોજના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, આ સ્ત્રી સાક્ષરતાનો દર જે તાલુકાઓમાં ઓછો હોય તેની અંદર આ યોજના લાગુ પાડવાની હતી એટલે રાજયમાં ૩૦ તાલુકાઓમાં આ યોજના અમે લાગુ પાડી રહ્યા છીએ અને દસ વર્ષથી ઉપરની દીકરીઓ હશે જે સાતમું ધોરણ પાસ થઈને ઉપર જશે તેના માટે રેસીડેન્શિયલ શાળાઓ ઉભી કરવામાં આવશે અને એ દીકરી તેમાં અભ્યાસ કરશે. આ કસ્તુરબા ગાંધી વિદ્યાલય ઝડપથી શરૂ થાય તેના માટેનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ.

ગુજરાતમાં મુસ્લિમ મહિલાઓનો સાક્ષરતાનો દર જાણવા જેવો છે. સામાન્ય મહિલા સાક્ષરતાનો દર ૫૮ ટકા છે. ગુજરાતની મુસ્લિમ બહેનોનો સાક્ષરતાનો દર ૬૩.૫૦ ટકા છે અને ૧૯ જિલ્લામાં આ મુસ્લિમ સાક્ષરતાનો દર જનરલ સાક્ષરતાના દર કરતાં ઘણો વધારે છે. ડી.પી.ઈ.પી. દ્વારા ૯૪૫ શાળાઓમાં ૩૫૬૨ કૉમ્પ્યુટર આપીને પ્રાથમિક શાળાઓમાં બાળકો કૉમ્પ્યુટર શીખે તેના માટેનો પ્રયાસ કર્યો છે. એ ઉપરાંત બી.આર.સી. અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરોને પણ તાલીમ આપીને પ્રાથમિક શાળાના શિક્ષકોને સારી રીતે તાલીમ આપી શકે તેના માટેનો પ્રયત્ન રાજય સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતે ડી.પી.ઈ.પી. અને સર્વ શિક્ષા અભિયાન તળે કેવા પ્રકારનું કામ કર્યું છે તેની થોડી વાત કરતાં મને આનંદ થશે, સિવિલ વર્કસમાં ૭૩ ટકાનો ખર્ચ કરીને સારાયે રાષ્ટ્રની અંદર ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. એ જ રીતે સિવિલ વર્કસની બાબતમાં ગુજરાતે જે મોડેલ અપનાવ્યું છે એ મોડેલને બીજા રાજયએ પણ સ્વીકારવો એ પ્રકારનું સૂચન એચ.આર.ડી. મિનિસ્ટરે ખુદે કર્યું છે. એસ.એસ.સી. કેન્દ્ર, સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમમાં ૭૫ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકાર આપે છે અને ૨૫ ટકા ગ્રાન્ટ રાજય સરકારનો હિસ્સો હોય છે. હું માનનીય નાણાંમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આખાય દેશમાં રાજય સરકારોએ પહેલી પોતાની ગ્રાન્ટ આપી દીધી હોય તો એ આ પહેલી રાજય સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો સુધી ગુજરાતની અંદર માત્ર જામનગરની અંદર એક સૈનિક સ્કૂલ રહી. ગુજરાતની અંદર વર્ષો સુધી બધાની માગણી રહી, ખાસ કરીને બહેનોની માગણી હતી કે, મહિલાઓ માટે સૈનિક સ્કૂલ હોવી જોઈએ અને મને આજે કહેતાં આનંદ થાય છે કે, શામળાજીની અંદર ખેરજામાં માત્રને માત્ર ટ્રાયબલના બાળકો માટે સૈનિક સ્કૂલ ચાલુ કરી દીધી છે. સરહદી વિસ્તાર બનાસકાંઠા જિલ્લામાં પણ શેરગંજ રાધનપુરની બાજુમાં સૈનિક શાળા શરૂ કરી છે અને એની અંદર બાળકો અભ્યાસ કરી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં ખેરવામાં મહિલા સૈનિક સ્કૂલ શરૂ થઈ છે અને ચાર-પાંચ વર્ષથી આપણી મહિલાઓ સૈનિક સ્કૂલનો લાભ લઈ રહી છે અને ખૂબ સુંદર કાર્ય કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એન્જિનિયરીંગ અભ્યાસક્રમો. ૧૯૯૪માં આ રાજયની અંદર માત્ર ૩૦૦૦ સીટો હતી, ૨૦૦૪માં સીટો વધી અને અત્યારે હાલ ૧૨૭૨૪ સીટો છે. Master of Computer Application ની ૧૯૯૪માં

૨૯૧ બેઠકો હતી અને ૮ ઇજનેરી કૉલેજો હતી જેમાં વધારો થઈ ૨૦૦૪માં ૧૩૦૧ બેઠકો સાથે ૩૨ કૉલેજો શરૂ થઈ છે. ડિપ્લોમા કક્ષાની ૧૯૬૦માં ૧૫૩૫ બેઠકો હતી અને ૧૪ પૉલિટૅક્નિક કૉલેજો હતી આજે ૨૦૦૪માં ૪૧ સંસ્થાઓ સાથે બેઠકોની સંખ્યા ૧૩૯૯૫ થવા જાય છે. એ જ રીતે ડીગ્રી કક્ષાએ ફાર્મસી અભ્યાસક્રમમાં ૧૯૯૪માં ૧૬૫ બેઠકોની સવલતો હતી અને ૪ ડીગ્રી ફાર્મસી સંસ્થાઓ હતી, જે ૨૦૦૪માં ૧૪૮૫ બેઠકો સાથે ૨૫ સંસ્થાઓ થઈ છે. આ પ્રમાણે ઝડપથી ગુજરાતના બાળકોને રાજયની બહાર ન જવું પડે એના માટે સતત પ્રયત્ન કરી રહ્યા છીએ. આજે અનેક બાળકો જે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને રાજયની બહાર જઈને અભ્યાસ કરતા હતા એમાંથી મૂક્ત થયા છે અને આ વર્ષે ૨૮૮૦ સીટો વધે એવી ૩૯ સંસ્થાઓને રાજય સરકારે મંજૂરી આપી છે અને આ એક ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. આ વર્ષે ૨૦૦૪-૨૦૦૫માં નવી ૮ ઇજનેરી કૉલેજો શરૂ કરી હતી. સરકારી ઇજનેરી કૉલેજો શરૂ કરી છે એમાં ૧૫૦૦ બેઠકોનો વધારો થયો છે. એ પણ રાજય સરકારની ઐતિહાસિક સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર ઉદ્યોગોનો વિકાસ થતો જાય તેમ વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણે અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ અને એટલા માટે ગુજરાતની અંદર જુદા જુદા કોર્ષ Bio-medical And Instrumentation Engineering શરૂ કરવામાં આવ્યા, Aeronautical Engineering શરૂ કરવામાં આવ્યા, Automobile Engineering શરૂ કરવામાં આવ્યા, Electrical and Electronic Engineering શરૂ કરવામાં આવ્યા, Bio-medical Engineering શરૂ થયા છે, Food Processing technology ની શરૂઆત ગુજરાતની અંદર થઈ છે. આમ ગુજરાત રાજયનો ટૅક્નીકલ વિભાગ પણ ધીરે ધીરે કરીને પોતાના બાળકોને વધારેને વધારે ટૅક્નીકલ શિક્ષણ આપવાનો પ્રયત્ન કરી રહ્યો છે.

ભૂજની વાત થાય છે ત્યારે હું કહીશ કે, સરકારી પૉલિટૅક્નિક ભૂજ માટે કેરાલા સરકાર તરફથી ૧૦ કરોડ રૂપિયાની સહાય મળી છે. જેનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૦૬માં પૂર્ણ થશે. સરકારી ઈજનેરી કૉલેજના મકાનના બાંધકામ માટે ૨૦ કરોડ રૂપિયા આપણને પ્રાપ્ત થયા છે અને એ પણ અત્યારે હાલ એની કાર્યવાહી ચાલે છે અને એ એપ્રિલ ૨૦૦૬માં પૂર્ણ થશે. ઇજનેરી કૉલેજ મોરબી ખાતે હીલ સ્ટેશન, જિમ્નેશિયમ બિલ્ડીંગ અને સ્ટાફ ક્વાર્ટર બાંધવા માટે ૪ કરોડ રૂપિયા મંજૂર થયા છે. એનું કામ અત્યારે હાલ ચાલુ છે. એ જ રીતે પાટણની કે.ડી. પૉલિટૅક્નિક કૉલેજ પણ ક્ષતિગ્રસ્ત હતી એનું પણ કાર્ય અત્યારે હાલ ચાલુ છે. એ જ રીતે સરકારી પૉલિટૅક્નિક ભૂજ અને સરકારી ઇજનેરી કૉલેજ ભૂજમાં મોટાભાગની મશીનરી અને ફર્નિચરનો નાશ થયો હતો એ બધાનું ખર્ચ કરવા માટે ૩ કરોડ રૂપિયાની સહાય કરવામાં આવી છે. એમ સંપૂર્ણપણે કોઈપણ કૉલેજની બિલ્ડીંગ ક્ષતિગ્રસ્ત હતી એનું સમારકામ હોય કે નવી બિલ્ડીંગ બાંધવાની હોય કે એને સુવિધાઓ આપવાની હોય, સાધનો આપવાના હોય એ બધું જ કામ રાજય સરકાર બહુ ઝડપથી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન પ્રવાહ માટે એક ધારાસભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી છે. તમે જે ચિંતા કરી છે એની રાજય સરકારે સૌથી પહેલાં ચિંતા કરી છે. એક તાલુકામાં ૧ વિજ્ઞાન પ્રવાહની શાળા હોય એ આપવી જોઈએ અને એ રીતે આ રાજય સરકાર ચાલી રહી છે. જે તાલુકામાં એકપણ વિજ્ઞાન પ્રવાહની શાળા ન હોય એને પ્રૅફરન્સ આપવામાં આવે છે. પણ વિજ્ઞાન પ્રવાહની શાળામાં સંખ્યા વધે, પહેલા ધોરણથી શરૂ કર્યો છે. આઠમા ધોરણથી પણ શરૂ કરવામાં આવ્યો છે અને આચાર્યોની બેઠકો મેં પોતે પણ લીધી છે અને જ્યાં પણ વર્ગ વધારાની આવશ્યકતા હશે, વિજ્ઞાન પ્રવાહ માટે એ પણ વિના સંકોચે આપવામાં આવશે અને અમારું લક્ષ્યાંક છે કે આવતા ૨-૩ વર્ષની અંદર વિજ્ઞાન પ્રવાહની અંદર એક લાખ વિદ્યાર્થીઓ આવે એ પ્રકારના લક્ષ્યાંક સાથે મારો વિભાગ ચાલી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટયુશન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે એ આપ સૌ જાણો છો. શિક્ષકોની ભરતીમાં પણ પારદર્શકતા લાવવા માટેનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એમાં પણ હાઈકોર્ટમાં પણ કેસો થયા હતા પણ હાઈકોર્ટની અંદર પણ અમે જીતીને આવ્યા છીએ કે આ રાજય સરાકારે બનાવેલી યોજના છે એ ખૂબ સારી છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ધો. ૮,૯,૧૧,૧૨ની અંદર શરૂ કર્યો છે અને એમાં પણ ઘણાએ ચિંતા વ્યક્ત કરી કે પુસ્તકો મોડા પડશે, પરંતુ આપ સૌને કહેવા માગું છું કે ધો.૧૨ના વિજ્ઞાન પ્રવાહના પુસ્તકો શાળા સુધી પહોંચી ગયા છે અને અત્યારે હાલ બાળકોને વિતરણ થઈ રહયા છે. નવમા ધોરણના પણ પુસ્તકો ટૂંક સમયમાં શાળાઓ સુધી પહોંચી જવાના છે. આ પ્રસંગે મારે એક ઉલ્લેખ એટલા માટે કરવો છે કે કેટલીક વખત કોઈપણ પ્રકારની સમજ વગર આપણે કેટલાક નિવેદનો કરીએ છીએ અને આમ પ્રજાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરીએ છીએ. ધો.૮માં સામાન્ય વિજ્ઞાનનું આ અમારું પુસ્તક છે. આ પુસ્તકના પહેલા પાના ઉપર એવા બહેનો અને ભાઈઓના ફોટાઓ છે એવી કેટલીક બહેનો છે કે જેમણે પોતાનું સમગ્ર જીવન આ દેશની આઝાદી માટે સમર્પિત કર્યુ હતું એવી ત્યાગ મૂર્તિઓના ફોટા આની અંદર છે અને એના માટે કોઈને વિરોધ ન હોવો જોઈએ. એમાં બેગમ ઝિન્નત મહાલ, ઝાંસીની રાણી, રાણી શેલંબા, મેડમ કામા, રાણી ગાઈડીવ્યુ આવી ક્રાંતિકારી બહેનોના આની ઉપર ફોટા છે, એવી જ રીતે વીર સાવરકર, વીર ભગતસિંહ, દામોદર ચાંપેકર, ચંદ્રશેખર આઝાદ, શ્યામજી કૃષ્ણ વર્મા, સુધીરામ બોઝ, અસફાક ઉલ્લાંખાં, આવા ક્રાંતિકારીઓના ફોટા છે અને વિરોધ પક્ષની અંદર બેસીને સતત પ્રેસ આપવામાં આવે છે કે આમાં ગાંધીજી અને સરદાર આ ફોટા પહેલા પાના ઉપર નથી. આ બધા ક્રાંતિકારીઓના ફોટા છે.

•*(XXX) એમના ફોટા મુખપૃષ્ઠ ઉપર મૂકવામાં આવ્યા નથી. ગાંધી અને સરદારની બાબત એ આ જ પુસ્તકની અંદર મૂકવામાં આવી છે. ૫૦-૫૦ વર્ષ સુધી લોકસભાની અંદર સેન્ટ્રલ હૉલની અંદર સરદારનું તૈલચિત્ર પણ જેમણે ના મૂકયું હોય એ પાછી આની વાત કરે છે.

સૌથી પાછળનો આ ફોટગ્રાફ આપવામાં આવ્યો છે. ભારતનો આ ફોટો છે. ખાસ કરીને મારે પરેશભાઈ ધાનાણીને કહેવું છે કે આ ફોટો બરાબર જોઈ લેજો. આ નકશો જોઈ લેજો. આ નકશાઓ એપ્રુવ કરવાનું કામ કેન્દ્ર સરકાર કરે છે. બે પ્રકારના નકશા હોય છે. એક નકશો હોય છે પ્રાકૃતિક નકશો છે અને બીજો નકશો હોય છે પોલિટિકલ નકશો. આ પોલિટિકલ નકશો નથી, આ પ્રાકૃતિક નકશો છે અને પ્રાકૃતિક નકશાની અંદર કયાંય પોલિટિકલ સરહદો આવતી નથી અને આપણે એમ કહીએ કે આ રાજય સરકારે જમ્મુ અને કાશ્મીરને પાકિસ્તાનની અંદર દેખાડયું છે. એમ કરીને વિવાદ ઉભો કરવાની શું જરૂરિયાત છે? આ ફોટોગ્રાફ એ કેન્દ્ર સરકારે એપ્રુવ કરેલો ફોટોગ્રાફ છે. એ નકશો છે અને એ જ નકશો એ આ રાજય સરકારે છાપ્યો છે અને એટલા માટે મારી સૌને વિનંતી છે કે આ ફોટા માટે કે નકશા માટે કોઈ વિવાદ ન ઉભો કરો. આપણી કેટલી બુધ્ધિશકિત છે એનું અહીંથી નિદર્શન થાય છે. આ ધોરણ ૧૦નું પુસ્તક છે. પેપરોમાં એમ લખવામાં આવે કે મોદી સરકારે હીટલરને હીરો બનાવી દીધો. દસમા ધોરણના સમાજવિદ્યાના પુસ્તકમાં એમ લખવામાં આવે અને પ્રેસ લેવામાં આવે છે કે મોદી સરકારે હીટલરને હીરો બનાવ્યો. માત્ર એટલું જ જોયું હોત કે આ કોના જમાનામાં આ પુસ્તક છપાયું તો તાઃ૨૬-૨-૧૯૯૩માં આ પુસ્તક છપાયું છે. દસમા ધોરણનું આ પુસ્તક તમારા સમયમાં છપાયું છે અને એની અંદર હીટલરને હીરો બનાવવાનું કામ મોદી સરકારે નથી કર્યુ પણ તમારી સરકારે કર્યુ છે. મારે આટલો જ ખુલાસો અહીં કરવો હતો અને એટલા માટે જ મેં આ વાત તમારી વચ્ચે કરી છે. કોઈપણ ફોટોગ્રાફ કેન્દ્ર સરકાર મંજૂર કરે એ જ ફોટોગ્રાફ રાજય પાઠયપુસ્તક મંડળ છાપતું હોય છે. એ જ રીતે વિજ્ઞાન પ્રવાહમાં પણ જે વર્ષોથી બાળકોની માગણી હતી કે, 'એ', 'બી', અને 'એબી' ગ્રુપ થવા જોઈએ. આ માગણીનો રાજય સરકારે સ્વીકાર કર્યો છે અને એ પ્રકારે ગ્રુપ તૈયાર કરીને એના પુસ્તકો પણ તૈયાર કરીને અમે આપ્યાં છે. ત્રીસ ટકાથી ઓછું પરિણામ લાવનારી શાળાઓમાં સારું પરિણામ આવે એના માટેના પ્રયત્નો અમારા શિક્ષકો કરી રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે ૮૦ હજાર કરતાં પણ વધારે શિક્ષકો પોતાના બાળકોને શાળાઓમાં અભ્યાસ કરાવી રહ્યા છે અને એ રીતે શાળાઓના પરિણામો સુધરે એના માટેના સતત પ્રયત્નો થયા છે. ચોરી કરીને અમારે પરિણામો લાવવા ન હતા પરંતુ આ રાજય સરકારે બાળકો ચોરી ન કરે પરંતુ પોતાની જાતે તૈયાર થાય અને પરિણામ આવે એ પ્રકારની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણમાં કેટલાય વર્ષોથી કાર્યભાર વગરના શિક્ષકો બેસી રહ્યા હતા. ઉચ્ચ શિક્ષણના પ્રોફેસરો વગેરે ૪૫૮ અઘ્યાપકોને કે જેમની પાસે પૂરતો કાર્યભાર ન હતો એમને ફાજલ કરીને બીજી શાળાઓમાં ગોઠવ્યા છે. આ રીતે ૯,૧૨,૨૪,૦૦૦ રૂપિયા રાજય સરકારના બચાવવાનું કામ કર્યું છે.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનું બિલ આ વિધાનસભામાં લાવવાના છીએ. એડહોક અઘ્યાપકો ૪૧૧ હતા એમને સમાવી લેવામાં આવ્યા છે. પાર્ટ ટાઈમ પ્રોફેસરોના વેતમાં વધારો કરીને ૪૭૮ પાર્ટ ટાઈમ શિક્ષકોના વેતનમાં વધારો કર્યો છે. ટ્રાયબલ વિસ્તારમાં ચાર નવી બી.એડ કોલેજો શરૂ કરવામાં આવી છે. એ જ રીતે ટ્રાયબલ વિસ્તાર હોય કે કોઈપણ વિસ્તાર હોય, તમામ બાળકોને સારું શિક્ષણ પ્રાપ્ત થાય, એ પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે યુનિવર્સિટીનું શિક્ષણ હોય એ સમગ્ર રીતે ઉપલબ્ધ કરવાનો રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. બાકી અહીંયા ભૂતિયા શિક્ષકોની વાત કરી હતી. આ શિક્ષકો એમના વખતે ૪૮૦૦ જેટલા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી, પૂરું કરો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મફત પાઠ્ય પુસ્તકો આપણે આપી રહ્યા છીએ અને મધ્યાહ્‌ન ભોજન યોજનામાં બાળકો સારી રીતે ભાગ લઈ શકે એના માટે રાજય સરકારે સારા પ્રયત્નો કર્યા છે. જે કોઈ ધારાસભ્યશ્રીઓએ જે કાંઈ સૂચનો કર્યા છે તે સૂચનોનો સ્વીકાર કરવા જેવું મને લાગશે તો સારાં સૂચનો છે એનો ઉપયોગ કરીશું અને કવોલિટી વાળું શિક્ષણ બને એના માટેના પ્રયત્નો કરીશું. માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે એમણે મૂકેલી કાપ દરખાસ્તો પાછી ખેંચે અને ગુજરાતના બાળકોનું કવોલિટી એજ્યુકેશન બનાવવામાં સૌ સહકાર કરે.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫,૬, ૯ થી ૧૨, ૧૪ થી ૨૧, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૯ થી ૩૨,૩૪ થી ૩૭, ૩૯ થી ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૫૧ અને ૫૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૭,૮, ૩૭ અને ૩૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

• * (XXX) આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અધ્યક્ષશ્રી** : મેડિકો હેલ્થકેર તરફથી માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે સ્ટ્રેસ / ફીટનેશ મેનેજમેન્ટ એન્ડ સેલ્ફ વેલ્યુએશન ઓફ હેલ્થ વિષય અંગેનો વાર્તાલાપ બુધવાર તા.૯/૩/૨૦૦૫ ના રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ શાસકપક્ષના સભાખંડમાં યોજવામાં આવેલ છે. સર્વ સભ્યશ્રીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ભાવભીનું નિમંત્રણ છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૫૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૧૦/૩/૨૦૦૫ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અંબાલાલ આ. રોહિત | ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે | ૪૧૨ |
| | ફીઝીયોથેરાપીનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબત | ૩૨૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૯ |
| | રાજયમાં ખેડૂત ખાતેદાર વીમા યોજના હેઠળ મંજૂર કરેલ રકમ | ૪૨ |
| | રાજ્યમાં વસ્તી આયોગની રચના | ૩૪૭ |
| | રાજ્યમાં સુજલામ સુફલામ યોજના હેઠળ ખેત તલાવડી | ૮૧ |
| અધ્યક્ષશ્રી | જનરલ મૅડિકલ ચેક-અપ કેમ્પ અંગે | ૧૭૬ |
| | સભ્યશ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવાની ધરપકડ | ૪૧૩ |
| અનિલ જોષીયારા | આંતર માળખાકીય મોટા પ્રોજેકટમાં ટેન્ડરીંગ પ્રક્રિયા વિના એમ.ઓ.યુ. દ્વારા કામગીરી હાથ ધરવા અંગે | ૨૨૭ |
| | ગ્રામ વિકાસમાં બી.પી.એલ. નાગરિકોની સંખ્યા | ૭૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૨ |
| | મેડીકલ ઓફીસરોમાં અન્ય રાજ્યના ડૉકટરોની ડીગ્રીની ચકાસણી કરવા બાબત | ૩૫૨ |
| | રાજ્યની હોસ્પિટલોમાં મેડીકલ ઓફીસરની ખાલી જગ્યાઓ | ૩૩૦ |
| | રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા | ૧૦૦ |
| | શ્રમયોગી યોજના દ્વારા આજિવિકાની કામગીરી | ૧૧૯ |
| અનિલકુમાર મો. પટેલ | કૃષિપંચના અહેવાલની ભલામણ | ૬૯ |
| | પીપરીયા વરેલી રસ્તા ઉપર વરઈ ખાડીનો પુલ બનાવવા બાબત | ૩૫૨ |
| | બારડોલી અને માંડવી તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અન્વયે લાભ | ૨૨૯ |
| | બારડોલી તાલુકાના મઢીથી કડોદ સુધીનો રસ્તો ખરાબ હોવા બાબત | ૩૬૮ |
| | બારડોલી તાલુકામાં શ્રમયોગી લાભાર્થીઓને મકાન સહાય | ૯૫ |
| | બારડોલીથી માંડવીને જોડતાં સ્ટેટ હાઈવેને પહોળો કરવા બાબત | ૩૨૯ |
| | સુરત જિલ્લામાં સો ચોરસવારના પ્લોટની સનદો | ૧૧૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલભાઇ ત્રિ. પટેલ | આલ્કોક એશ ડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ | ૨૬૩ |
| | ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ | ૨૬૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૪ |
| અમિત અ. શાહ | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૫૩ |
| | ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૧-૨૦૦૨નો વાર્ષિક અહેવાલ. | ૨૬૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૩ |
| અમીત ચાવડા | આણંદ જિલ્લામાં ગૌ હત્યાના નોંધાયેલા ગુના | ૨૪૪ |
| | આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૫૩ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો | ૨૧૮ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૫૨ |
| | ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે | ૪૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૭ |
| | સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓના ટેલિફોનો ટેપ કરવા અંગે | ૧૮૪ |
| અશોક ભટ્ટ | સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓના ટેલિફોનો ટેપ કરવા અંગે | ૧૮૪ |
| આનંદીબેન મ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૮ |
| આર. સી. પટેલ | નર્મદા યોજનાના સાથી રાજ્યો પાસેથી લેવાની થતી રકમ | ૨૧૭ |
| | નવરચિત જિલ્લા/તાલુકા પંચાયતોની કચેરીઓનું બાંધકામ | ૮૭ |
| | પાકિસ્તાનની જેલમાં રાજ્યના માછીમારો | ૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૧ |
| ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૪ |
| | શહેરી આરોગ્ય પરિયોજનાનું માળખું ઊભું કરવા બાબત | ૧૨૧ |
| ઇશ્વરભાઇ ધ. મકવાણા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૭ |
| ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ | વડોદરા ખાતે રીફાઇનરીમાં આગથી નુકસાન | ૧૦૨ |
| | વડોદરા જિલ્લામાં ખેતમજૂરોની વીમા રક્ષણની અરજીઓ | ૧૧૯ |
| | વડોદરા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગા | ૭૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ | વડોદરા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓની મરામત માટે નાણાંની ફાળવણી | ૪૦૫ |
| | સાવલી તાલુકામાં હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલના મંજૂર થયેલ મહેકમમાં ઘટ | ૨૨૪ |
| કનુભાઇ કળસરિયા | કલ્પસર યોજનાની કામગીરી બાબતે | ૨૧૦ |
| | જ્યોતિગ્રામ યોજના અન્વયે પૂર્ણ લાભન્વિત જિલ્લાઓ | ૨૫૫ |
| | ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાના તરેડી ગામે હરણ અભ્યારણ બનાવવા બાબત | |
| | ભાવનગર જિલ્લામાં પી.એસ.આઈ.ની ખાલી જગ્યાઓ | ૨૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૬ |
| | માર્ગ મકાન વિભાગને એ.ડી.બી.લોન અંતર્ગત રકમ ફાળવવા બાબત | ૩૩૪ |
| | વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને બચાવવા બાબત | ૩૩૪ |
| કરસનભાઈ ભી. પટેલ | ગ્રામ્ય રસ્તાઓની સુધારણા કરવા બાબત | ૩૨૭ |
| | વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવની સિધ્ધિ | ૨૩૪ |
| કાંતિભાઈ ભા.તડવી | સંખેડા તાલુકા કઠોલી ગામે હેરણ નદી ઉપર પુલનું બાંધકામ | ૩૧૩ |
| કાંતિલાલ ધ. કચોરિયા | બનાસકાંઠા જિલ્લામાં નવા પોલીસ સ્ટેશન બાંધવાનું આયોજન | ૨૨૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં સાતફેરા સમુહલગ્ન યોજનાની કામગીરી તથા જાણકારી | ૮૪ |
| | રાજયની પંચાયતોમાં રહેમરાહે નોકરીના કેસો | ૪૯ |
| કાંતિલાલ રા. લકુમ | ધોળકા, બાવળા અને સાણંદ તાલુકામાં તલાટી કમ મંત્રીઓનું મહેકમ | ૫૮ |
| | રાજ્યમાં ચેતક કમાન્ડો ફોર્સની રચના | ૧૯૯ |
| કાંતિલાલ રે. ગામીત | માંડવી તાલુકાના ચોરઆંબા ગામથી લાડકુવા નવા ફળીયાને અને ડુંગરી ફળિયાને જોડતો રસ્તો બિસ્માર હોવા બાબત | ૩૩૭ |
| | માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનો લાભ | ૨૩૯ |
| | માંડવી, સોનગઢ, નિઝર અને ઉચ્છલ તાલુકામાં તત્કાલ વીજ જોડાણ યોજનાનો લાભ | ૨૧૩ |
| | માંડવીથી કલમકુઆ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં | ૩૬૦ |
| | સુરત જિલ્લામાં ખેત તલાવડીઓ બનાવવા અરજીઆ | ૯૦ |
| | સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં જમીનનું લેવલીંગ કામ | ૧૧૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કાંતિલાલ રે. ગામીત | સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના માટે અરજીઓ | ૬૧ |
| | સોનગઢ તાલુકાના બોરદા અને આસપાસના વિસ્તારના ખેડૂતોને વન ખાતા તરફથી જમીનની સનદો આપવા બાબત | ૨૯૯ |
| | સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકામાં મંજૂર થયેલ પોલીસ સ્ટાફ | ૨૫૫ |
| કાંતિલાલ શી. અમૃતિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૬ |
| કારૂભાઇ ના. ચાવડા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૫ |
| કાળુભાઇ વી. વીરાણી | અમરેલી- સાવરકુંડલા રાજુલા સ્ટેટ રોડ તૂટી જવા બાબત | ૩૬૯ |
| | આઈ.ટી. યુગને કારણે વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન | ૭૫ |
| | નગરપાલિક ાઓના વહીવટમાં ઈ- ગવર્નન્સ સેવાઓ શરૂ કરવા બાબત | ૩૫૩ |
| | રાજ્યમાં તાલીમ સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામતની જોગવાઇ | ૧૦૨ |
| | સાવરકુંડલ ા શહેરને બાયપાસ રોડ આપવા બાબત | ૩૩૧ |
| કાળુભાઇ હી.માલીવાડ | પંચમહાલ અને ખેડા જિલ્લાની સરહદને જોડતો ઉંદરા, કણજાવ અને નૂરપુર રોડ પાકો ડામરનો કરવા બાબત | ૩૧૩ |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૨૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૩ |
| | મેડીકલ સ્ટોર્સમાં કવોલીફાઈડ ફાર્માસીસ્ટ ન હોવા બાબત | ૩૫૭ |
| | રાજકોટમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારો | ૧૦૫ |
| | રાજયમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે | ૩૯ |
| | રાજ્યના આયુર્વેદીક દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૮૬ |
| | રાજ્યના મંત્રી મંડળનો પ્રવાસ, ટેલીફોન અને મોબાઈલ ફોનનો ખર્ચ | ૨૪૯ |
| | રાજ્યમાં સમરસ ગ્રામ યોજના હેઠળ જાહેર થયેલા ગામો | ૭૯ |
| | વહીવટી સુધારણા માટે વર્ગ-૧ અને વર્ગ-૨ને અપાયેલ તાલીમ | ૨૨૮ |
| કેશુભાઈ હી. નાકરાણી | કલ્પસર યોજના અન્વયે ગારીયાધાર તાલુકાને પાણી મળવાની શક્યતા | ૨૩૬ |
| | ગારીયાધાર પરવડી સણોસરા રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત | ૩૩૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| કેશુભાઈ હી. નાકરાણી | ગારીયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટર જર્જરીત હાલતમાં હોવા બાબત | ૩૭૦ |
| | ભાવનગર જીલ્લામાં પ્રવૃત્તિ ન કરતી મંડળીઓ બંધ કરવા અંગે | ૧૧૮ |
| | શિહોર અને પાલીતાણા તાલુકાને જોડતો ટાણા, બુઢણા પાલીતાણાનો રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત | ૩૫૫ |
| | શિહોર તાલુકામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ અલગ આપવા દરખાસ્ત | ૭૧ |
| કૌશિકભાઈ જ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૪૪ |
| ગોપાલભાઈ ગા. ઘુઆ | કચ્છ જિલ્લામાં કારખાનાઓમાં પ્રાણઘાતક અકસ્માતો અને વળતર | ૫૫ |
| | કચ્છ જિલ્લામાં ટી. બી ના દર્દીઓ | ૩૨૬ |
| | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ રસ્તા | ૩૫૦ |
| | વાહન ચલાવવા બાયોડીઝલ મેળવવા ગૌચરની જમીન પર વૃક્ષો વાવવા અંગે | ૪૦૦ |
| ગોરધનભાઈ પ્રા. ઝડફિયા | ``કુંવરબાઈનું મામેરૂં`` યોજનાનો પ્રમાણપત્રના આધારે લાભ | ૯૩ |
| | અમદાવાદમાં પાઈપલાઈન ધ્વારા રાંધણગેસ આપવાનું આયોજન | ૨૨૯ |
| | ગારીયાધાર તાલુકાના સમઢીયાળા- પાલીતાણા તાલુકાના દેપલા ગામ સુધીનો રસ્તો બનાવવા બાબત | ૩૪૬ |
| | ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૨૦ |
| | સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં ફેરફાર | ૬૭ |
| ગોવાભાઈ હ. રબારી | ઔદ્યોગિક રીતે પછાત બનાસકાંઠા જિલ્લામાં પ્રોત્સાહક લાભો | ૨૫૧ |
| | ખેડૂતોને ૧૬ કલાક વિજળી આપવાની નીતિનો બનાસકાંઠા જિલ્લામાં ભંગ થવા અંગે | ૨૩૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં એક સહકારી મંડળી સામે બીજી સહકારી મંડળીની રચના | ૧૧૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીન ઉપર ગેરકાયદે દબાણો | ૧૦૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ગોવાભાઈ હ. રબારી | બનાસકાંઠા જિલ્લામાં પાક વીમાની ચૂકવવાની બાકી રકમ | ૭૪ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૫૫ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૪ |
| ગોવિંદભાઈ વ. પરમાર | જુનાગઢ જિલ્લામાં તળાવ ઊંડા ઉતારવા પાછળ ખર્ચ | ૯૧ |
| | જુનાગઢ જિલ્લામાં માછીમારોને સહાય | ૬૨ |
| | જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોના ઊભા પાકને નીલ ગાય દ્વારા નુકસાન કરવા બાબત | ૩૪૦ |
| | જૂનાગઢ જિલ્લામાં તાલાળા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં રોપા રોપવા બાબત | ૩૬૨ |
| | વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન બોર્ડની રચના અને કામગીરી | ૩૧૩ |
| ગૌતમભાઈ જે. ઝાલા | કઠલાલ તાલુકા પંચાયતના મકાનનું બાંધકામ | ૧૧૧ |
| | કપડવંજ અને કઠલાલ તાલુકામાં ડામર સપાટી વિનાના રસ્તાઓ | ૩૩૫ |
| | ખેડા જિલ્લામાં ટોલ ટેકસની આવક | ૩૫૮ |
| | ગ્રામ્ય વિસ્તારોના પેટાપરાઓને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા અંગે | ૨૧૩ |
| | મહેસાણા તાલુકાના ભેસાણા ગામમાં રસ્તાઓ ઉપર અવરોધો અને દબાણ | ૯૧ |
| | રાજ્યમાં પાસા હેઠળ અટકાયત અને મુક્તિ | ૨૩૯ |
| | રાજ્યમાં રહેમરાહે નોકરી મેળવવા મળેલ અરજીઓ | ૬૨ |
| ચંદ્રિકાબેન કા. ચુડાસમા | ઓકટ્રોય નાબુદી અંગે સમિતિ દ્વારા કરેલ ભલામણ અને અમલીકરણ | ૩૧૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૨૭ |
| | રાજ્યમાં માછીમારોને બોટો આપવા અંગે | ૫૩ |
| | વીજીલન્સ કમિશન દ્વારા નર્મદાવિભાગને મળેલ ભ્રષ્ટાચાર-ગેરરીતિ અન્વયેના કેસો | ૨૩૨ |
| ચીમનભાઈ ધ. સાપરિયા | જામનગર જિલ્લામાં ખેડૂતોની અકસ્માત વીમાની અરજીઓ | ૮૪ |
| | જામનગર જિલ્લામાં રહેમરાહેના કેસો | ૧૦૭ |
| | જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થકાર્ડ આપવા અંગે | ૫૧ |
| છત્રસિંહ પૂં. મોરી | જંબુસર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યા | ૩૪૧ |
| | જંબુસર તાલુકાનું ગજેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં | ૩૬૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| છત્રસિંહ પૂં. મોરી | ભરૂચ જિલ્લામાં પાકવીમાની ચૂકવેલ રકમ | ૧૦૯ |
| | ભરૂચ જિલ્લામાં મકાન સહાય યોજના હેઠળ ચૂકવવાની બાકી સહાય | ૮૭ |
| | ભરૂચ જિલ્લામાં યોજનામાં થયેલ ગેરરીતિ | ૫૮ |
| | ભરૂચ જિલ્લામાં વન તલાવડીઓ | ૩૧૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૯ |
| છબીલદાસ ના. પટેલ | કચ્છ જિલ્લામાં નવા માર્ગોને જોબનંબર આપવા બાબત | ૩૩૨ |
| | કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ શહેરોના માર્ગોનું નવીનીકરણ કરવા બાબત | ૩૫૫ |
| | ગાંધીનગરના આવાસો સ્વૈચ્છિક સંસ્થાઓને ટોકન ભાડાથી આપવા બાબત | ૩૭૦ |
| | પોલીસ કર્મચારીઓ દ્વારા અંગત વાહનો ઉપર પી અથવા પોલીસ લખવા ઉપરના પ્રતિબંધનો ભંગ | ૨૫૩ |
| | રાજ્ય સરકારે કરેલા એમ.ઓ.યુ બાબત | ૨૩૫ |
| | રાજ્યમાં પશુ સંરક્ષણ અધિનિયમ અન્વયે નોંધાયેલ કતલખાના | ૭૦ |
| છોટુભાઈ અ. વસાવા | કરજણ જળાશય યોજનાના કર્મચારીઓ માટે બંધાયેલ કવાટર્સ અંગે | ૩૯૧ |
| | ગુજરાતમાં વન ડેપો દ્વારા વન ઉત્પાદનોનું વેચાણ | ૩૮૬ |
| | ઝાડેશ્વર નર્મદા બ્રીજના દક્ષિણ છેડે પૂર્વ દિશામાં ગાઈડ બંધની બાજુમાં રેતી માટીની લીઝ | ૨૩૬ |
| | નેત્રંગ ગામથી રાજપારડી, ડેડીયાપાડા, વાલીયા અને અંકલેશ્વર તરફ ચાલતા ગેરકાયદેસર વાહનો | ૨૫૪ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળના કામો | ૪૧૦ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લાની મજૂર અદાલતોમાં પેન્ડીંગ કેસો | ૩૯૦ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લાની સરકારી શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવા અંગે | ૩૮૪ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંચાયતના કર્મચારીઓના આવાસો અંગે | ૩૯૯ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં સહકારી બેંકોમાં શેર હોલ્ડરની સંખ્યા | ૩૭૪ |
| | ભરૂચ જિલ્લા/તાલુકા પંચાયતમાં ખાલી જગ્યાઓ | ૬૪ |
| | ભરૂચ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૫૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| છોટુભાઈ અ. વસાવા | ભરૂચ જિલ્લાની હોસ્પિટલોમાં બાયો મેડિકલ વેસ્ટના નિકાલની વ્યવસ્થા | ૩૨૬ |
| | ભરૂચ જિલ્લામાં ગૌચરના દબાણો દૂર કરવા અંગે | ૧૧૧ |
| | ભરૂચ જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ | ૯૨ |
| | રાજપારડી માઈન્સ પ્રોજેક્ટ અંગે સ્થળાંતરિત થતાં ગામોનું પુનઃવસન કરવાનું આયોજન | ૨૬૧ |
| | રાજ્યમાં ભાડાના મકાનમાં આવેલી આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. કચેરીઓ બાબત | ૩૮૯ |
| જગદીશ ઠાકોર | ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજના અન્વયેની કીટનું વિતરણ | ૨૦૯ |
| | ગાંધીનગર જિલ્લાના પોલીસ સ્ટેશન/ આઉટ પોસ્ટ અપગ્રેડ કરવા અંગે | ૨૩૯ |
| | ગાંધીનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૭૧ |
| | ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના જર્જરીત મકાનો | ૩૩૬ |
| | દહેગામ તાલુકામાં ખેત તલાવડી/ગામ તળાવ ઊંડા કરવાનું આયોજન | ૩૭૯ |
| | દહેગામ તાલુકામાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો | ૩૯૭ |
| | દહેગામ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૮૭ |
| | દહેગામ તાલુકામાં ભૂમિ સંરક્ષણને લગતા કામો | ૩૭૭ |
| | દહેગામ તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળના રસ્તાઓ | ૪૧૦ |
| | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં પાક વિમાના નાણાં | ૯૮ |
| | ભાવનગર જિલ્લામાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ | ૯૯ |
| | મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે ઊંચા ભાવે દવા ખરીદીની ફરિયાદો | ૩૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૬ |
| | રાજ્યની બંધ પડેલી સો મીલો | ૩૭૧ |
| | રાજ્યની મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ પૂર્ણ કરવા અંગે | ૩૯૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| જયંતિલાલ રા. કવાડિયા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૨૪ |
| | રાજયમાં નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન | ૨૦૨ |
| | રાજ્યના ખેડૂતોને ઉપજના ઊંચા ભાવો | ૫૫ |
| | રાજ્યના ભૂકંપગ્રસ્ત શહેરોમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા થયેલ કામો | ૩૩૧ |
| | રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને વીજમાંગ | ૨૩૮ |
| | શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દ્વારા બાળકોની આરોગ્યની તપાસ કરવા બાબત | ૩૫૪ |
| | સુરેન્દ્રનગર કલેકટર કચેરીમાં નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓ | ૪૦૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોને ફાળવેલ જમીન | ૪૦૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ચેકડેમો | ૩૯૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ટપક સિંચાઈ અને સ્પ્રીન્કલર સેટ આપવા અંગે | ૩૭૫ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન યોજના અંતર્ગત ખેડૂતોને સહાય | ૩૭૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં રીસર્વે તથા સીટી સર્વે માપણી | ૪૦૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સ્વતંત્ર ગ્રામ પંચાયતને મહેસૂલી દરજ્જો આપવા અંગે | ૪૦૨ |
| | હળવદ અને મુળી તાલુકામાં પંચાયત ઘર બનાવવાનું આયોજન | ૮૬ |
| | હળવદ અને મૂળી તાલુકામાં ધરતીકંપથી પ્રાથમિક શાળાઓને થયેલ નુકસાન | ૩૮૦ |
| | હળવદ અને મૂળી તાલુકામાં મંજૂર થયેલ જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૯૨ |
| | હળવદ અને મૂળી તાલુકામાં લાગુ જમીનની માંગણી | ૪૦૨ |
| જયદ્રથસિંહજી ચં. પરમાર | જાંબુઘોડા ગામના પુલને બે માર્ગીય બનાવવા બાબત | ૩૩૬ |
| | સોઇલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન | ૬૪ |
| જસુબેન સ. કોરાટ | ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન | ૨૨૨ |
| | જેતપુર તથા ગોંડલ તાલુકામાં વનીકરણ | ૩૬૧ |
| | જેતપુર તાલુકામાં વાજપાઈ નગર વિકાસ યોજનાની ગ્રાન્ટના બાકી હપતા | ૩૦૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૯ |
| | સાસણનાં જંગલોમાં આગના બનાવો | ૩૩૯ |
| જીતુભાઈ હ. ચૌધરી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| જીતુભાઈ હ. ચૌધરી | વલસાડ જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૩૬ |
| જીતેન્દ્રકુમાર ઉ.વાઘેલા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૪ |
| જીતેન્દ્રભાઈ બા. પટેલ | અમદાવાદ જિલ્લામાં શિક્ષિત બેરોજગારો | ૭૭ |
| | અમદાવાદ શહેરમાંથી વાહનોની ઉઠાંતરીના બનાવા | ૨૧૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૨૯ |
| | રાજ્યના ધોરીમાર્ગોને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં ફેરવવાની દરખાસ્તો | ૩૨૨ |
| | રાજ્યમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો વિકાસ કરવાનું આયોજન | ૨૪૨ |
| | રાજ્યમાં વીમા ક્ષેત્રે ચૂકવવાની બાકી રકમ | ૧૦૩ |
| જેઠાભાઈ ઘે. ભરવાડ | જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ | ૩૪૬ |
| | પોલીસ કમિશ્નરેટ વડોદરા શહેરમાં પોલીસ કર્મચારી/અધિકારીઓની તબીબી તપાસ | ૨૫૫ |
| | મહાનગરપા લિકાના વિકાસ નકશાને મંજૂરી | ૩૨૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૦ |
| | રાજ્ય દ્વારા ઓછા માનવદિન ગુમાવવા અંગ | ૫૭ |
| | વડોદરા પોલીસ રેન્જમાં યોજાયેલ લોક દરબાર | ૨૩૭ |
| | શહેરા અને લુણાવાડા તાલુકાની ૧૯૮૦ પહેલાંની જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીન નિયમ બદ્ધ કરી આપવા બાબત | ૩૬૫ |
| | શામળાજી ચેક પોસ્ટની આવક | ૨૬૨ |
| જેસાભાઈ ભા. બારડ | જૂનાગઢ જિલ્લામાં પોલીસ સ્ટેશન પ્રમાણે ખાલી જગ્યાઓ | ૨૩૩ |
| | જૂનાગઢ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ૩૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૬૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૯ |
| | વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાની હોસ્પિટલ સરકાર હસ્તક લેવા બાબત | ૩૩૭ |
| જોધાજી ગ. ઠાકોર | ભૂજમાં નવી જિલ્લા હોસ્પિટલને શરુ કરવા બાબત | ૩૪૮ |
| | રાજ્યમાં એઈમ્સ સંચાલિત હોસ્પિટલની દરખાસ્ત | ૩૨૫ |
| ટપુભાઈ લીંબાસિયા | રાજકોટ, જામનગર, ભાવનગર અને અમરેલી જિલ્લાની નદીઓને નર્મદાના પાણીથી સ-જલ કરવા અંગે | ૨૨૧ |
| દિનેશ પરમાર | જામનગર જિલ્લામાં સ્પ્રીન્કલર સેટ માટે અરજીઓ | ૩૭૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| દિનેશ પરમાર | જામનગર તાલુકાના વીજરખી અને સપડા ડેમ છલકાવા અંગે | ૩૯૪ |
| | જામનગર તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓને મંજૂરી | ૩૯૫ |
| | જામનગર તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી | ૩૯૪ |
| | જામનગર દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓનાં ચેકડેમો | ૩૯૪ |
| | જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકામાં તળાવો ઊંડા કરવા અંગે | ૩૯૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૬ |
| દિલીપકુમાર વિ. ઠાકોર | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૬૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૯૪ |
| દિલુભા ટે. ચુડાસમા | ડૉકટરને તૈયાર કરવા માટે કરવો પડતો ખર્ચ | ૩૨૧ |
| | નર્મદા જિલ્લામાં નર્મદા નહેરોનું કામ | ૨૩૭ |
| | બેરોજગારોને રોજગારી માટે માર્ગદર્શન આપવાની વ્યવસ્થા | ૧૦૪ |
| | રાજ્યના યુવાનોને રોજગારી આપવામાં રાજ્યનું પ્રથમ સ્થાન | ૭૮ |
| દીનુભાઈ બો. સોલંકી | આદર્શ નિવાસી શાળામાં આવક મર્યાદાનું ધોરણ | ૯૩ |
| | નગરપાલિક ાનું મહેકમ સુદ્દઢ કરવા બાબત | ૩૨૪ |
| | રાજ્યમાં આવેલા એગ્રીકલ્ચર એક્ષપોર્ટ ઝોન | ૬૭ |
| | સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજના હેઠળ માનવદિન રોજગારી | ૧૧૧ |
| દોલતભાઈ પરમાર | અનુસુચિત જાતિ માટે યોજનાઓ બંધ કરવા અંગે | ૫૯ |
| | એટ્રોસીટીના કેસોમાં ટીકાત્મક જજમેન્ટની સરકારમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત | ૨૨૫ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડનું ખાનગીકરણ | ૨૫૯ |
| | ગુટકા અને તમાકુયુક્ત મસાલાના ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂકવા બાબત | ૩૫૧ |
| | ગોધરા અને ખંભાતની સીલીકાની ફેકટરીઓમાં કામ કરતા મજુરોને સીલીકોસીસ નામનો રોગ થવા બાબત | ૩૨૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસો | ૧૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં વૃદ્ધ પેન્શન માટે આવેલી અરજીઓ | ૮૮ |
| | માનવ અધિકાર આયોગની રચના | ૨૪૭ |
| | રાજ્યના સનદી અધિકારીઓ સામે બાકી ખાતાકીય તપાસના કેસો | ૩૭૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ધનરાજભાઈ કેલા | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો | ૩૩૬ |
| | આઇ.ટી. ક્ષેત્રે મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા થયેલ રોકાણ | ૨૪૮ |
| | વઢવાણ તાલુકામાં ભૂકંપગ્રસ્ત વણકરોને હાથશાળ કીટ આપવા અંગે | ૨૨૬ |
| | સુરેન્દ્રનગર  જિલ્લામાં નાયબ નગર નિયોજકની ખાલી જગ્યા | ૩૪૫ |
| | સુરેન્દ્રનગર  જિલ્લામાં સર્વેયરની ખાલી જગ્યા | ૩૨૦ |
| | સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં આપઘાતના બનાવો | ૨૫૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લા સબ જેલમાં કાચા કામના ક્ષમતા કરતાં વધુ કેદીઓ રાખવા અંગે | ૨૪૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ કૃષિ બીજ ઉત્પાદન અને બિયારણ વૃધ્ધિ કેન્દ્રો | ૧૦૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડ પ્રોજેકટમાં ભ્રષ્ટાચાર | ૭૩ |
| | સુરેન્દ્રનગર ના સરદારસિંહ રાણા પુલની નબળી કામગીરી | ૩૬૪ |
| ધનસુખભાઈ ના. પટેલ | ઉદારીકરણની નીતિ અંતર્ગત બંદરોનો વિકાસ | ૨૬૦ |
| | દશમી ગુજરાત વિધાનસભાના સભ્યોને પ્લોટ આપવા બાબત | ૩૫૮ |
| | રાજ્યમાં ઔદ્યોગિક મૂડી રોકાણ માટેની દરખાસ્તો | ૨૫૧ |
| | રાજ્યમાં કપાસ અને ડાંગરનું વાવેતર | ૮૨ |
| | રાજ્યમાં ખેત ઉત્પાદન સમિતિ માટે આધુનિકરણની કાર્યવાહી | ૧૦૫ |
| | રાજ્યમાં બક્ષીપંચ જ્ઞાતિ માટે મકાન સહાય | ૫૩ |
| | સુરત જિલ્લા અને શહેરમાં વિવિધ ગુના | ૨૩૨ |
| ધારશીભાઇ લ. ખાનપુરા | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કાંકરેજ તાલુકામાં મંજૂર થયેલ રસ્તાના કામ | ૩૩૬ |
| ધીરૂભાઈ હ. ગજેરા | અમરેલી, જૂનાગઢ, જામનગર અને પોરબંદર જીલ્લામાં નર્મદા આધારિત સિંચાઈનું આયોજન | ૨૧૫ |
| | રાજ્યના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા અંગે | ૬૧ |
| | સુરત જિલ્લામાં હિરા ઉદ્યોગ તથાજવેલરીના વિકાસ માટે ફાળવેલ જમીનના ઉપયોગમાં શરતોનો ભંગ | ૨૪૧ |
| | સુરત શહેર અને જિલ્લામાં પોલીસ મહેકમની ઘટ | ૨૫૭ |
| | સુરત, વડોદરા અને ભરુચ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૩૦૦ |
| નટવરસિંહ ફૂ. ઠાકોર | ખેડા જિલ્લામાં નવિન છાત્રાલય/આશ્રમશાળા | ૧૧૫ |
| | ખેડા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૬૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| નટવરસિંહ ફૂ. ઠાકોર | ખેડા જિલ્લામાં મેડીકલ સ્ટોર્સના લાયસન્સ તથા ફાર્માસીસ્ટની હાજરી બાબત | ૩૪૬ |
| | ટોલટેક્ષ પેટે થયેલ આવક | ૩૨૧ |
| | દિવેલનો મોણ તરીકે ઉપયોગ ન કરવા બાબત | ૩૬૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૨ |
| | રાજ્યની જેલોના કાચા કામના કેદીઓને પેરોલ | ૨૩૩ |
| | રાજ્યમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ | ૯૫ |
| | રાજ્યમાં પોટા હેઠળ અટકાયત | ૨૫૩ |
| | રાજ્યમાં વિજ ઉત્પાદન વધારવા અંગે થયેલા પ્રયત્નો | ૨૬૧ |
| નરેન્દ્રભાઈ મોદી | ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે | ૪૧૨ |
| | રાજયમાં પેટ્રોલીયમ પેદાશના ભંડાર મળવા અંગે | ૨૬૨ |
| નરેન્દ્રસિંહ મા. જાડેજા | અબડાસા તાલુકાના નલીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં હોવા બાબત | ૩૧૫ |
| | લખપત તાલુકાના દયાપર ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા બાબત | ૩૪૩ |
| નરેશકુમાર મી.કનોડિયા | ખાંડ સહકારી ક્ષેત્રે એનસીડીસી યોજના હેઠળ મદદ | ૧૧૭ |
| | વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ પાછળ ખચ | ૭૦ |
| | સંકલિત પડતર ભૂમિ વિકાસ કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ પ્રોજેક્ટ | ૯૭ |
| નરોત્તમભાઈ ત્રિ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૭ |
| | ઉઝા શહેરમાં રેલ્વે ક્રોસીંગ ઉપર ઓવરબ્રીજ, અંડરબ્રીજ બનાવવા બાબત | ૩૩૪ |
| | ફાર્મહાઉસ, તબેલા અને તમાકુનીખળીઓને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવા અંગે | ૨૦૭ |
| | મહેસાણા જિલ્લામાં અષ્ટાવક્ર યોજના હેઠળ પસંદ થયેલ સંસ્થા | ૧૦૨ |
| | મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | ૭૫ |
| | મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના ખોટા દાખલા | ૧૨૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૦ |
| | સચિવાલયમાં ઉપ સચિવની ખાલી જગ્યાઓ | ૨૩૮ |
| | સચિવાલયમાં હાયર ગ્રેડ મેળવતા કારકુનોને બઢતી આપવા અંગે | ૨૫૫ |
| નીમાબેન બ. આચાર્ય | કંડલા નોટીફાઇડ વિસ્તારમાં જન્મ મરણના દાખલા | ૩૮૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| નીમાબેન બ. આચાર્ય | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૫૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૧ |
| પરસોત્તમભાઈ ઓ. સોલંકી | કર્મયોગીની તાલીમ અંગે | ૨૪૭ |
| | પંચાયત વિભાગમાં તીર્થધામ યોજના હેઠળ જાહેર થયેલ ગામો | ૮૪ |
| | પંચાયત સેવામાં રહેમરાહેની નિમણૂક | ૫૨ |
| | ભાવનગર- સોમનાથ ધોરીમાર્ગ ઉપરના સાંકડાનાળા | ૩૬૯ |
| | રાજ્યના હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં રૂપાંતર કરવાની દરખાસ્તો | ૩૫૩ |
| | રાજ્યમાં નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન | ૨૫૯ |
| | રાજ્યમાં લિગ્નાઇટ આધારિત પાવર પ્રોજેક્ટ માટે લીધેલાં પગલાં | ૨૨૩ |
| | સૌરાષ્ટ્રન ા જિલ્લાઓમાં ખેડૂતોના ઊભા પાકને નીલગાય દ્વારા નુકસાન | ૩૩૧ |
| પરસોત્તમભાઈ ના. ભોજાણી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૨ |
| પરેશભાઈ ગો. વસાવા | ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકામાં નાળા અને પુલ બિસ્માર હાલતમાં હોવા બાબત | ૩૧૬ |
| | કુટિર જ્યોત યોજના અન્વયે આદિવાસી વિસ્તારોમાં આપવામાં આવેલ લાભ | ૨૪૦ |
| | ગુજરાત વિદ્યુત નિયમન પંચ દ્વારા કરાયેલી ભલામણોનો અમલ | ૨૧૪ |
| | મુલ્કી સચિવાલયમાં શાખા અધિકારીની અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ | ૨૫૬ |
| | વ્યારા તાલુકાના ડોલવણ ગામથી કરંજખેડ ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત | ૩૪૩ |
| | સાગબારા તાલુકાના પાંચપીંપરી ગામથી ફૂલવાડી ગામને ઓ. ડી. આર.નું કામ | ૩૬૩ |
| | સુરત જિલ્લાના ઉકાઈ ડેમમાંથી મત્સ્યઉછેર માટે કામ સોંપવા અંગે | ૧૦૮ |
| | સુરત જિલ્લામાં ખેતતલાવડીઓ બનાવવાની અરજી | ૫૬ |
| | સુરત જિલ્લામાં સહકારી મંડળીઓનું ઓડીટ | ૮૬ |
| પરેશભાઈ ધી. ધાનાણી | અમરેલી જિલ્લા પંચાયતનું મહેકમ | ૭૨ |
| | અમરેલી સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૧૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પરેશભાઈ ધી. ધાનાણી | અમરેલી- રંગપુર રોડનું કામ | ૩૪૧ |
| | ઇ-ગ્રામ યોજના અંતર્ગત કોમ્પ્યુટરાઇઝ્ડ થયેલી ગ્રામ પંચાયતો | ૧૦૦ |
| | ધારી પોલીસ સ્ટેશનમાં ખેડૂત અગ્રણીનું મૃત્યુ | ૨૪૫ |
| | પીપાવાવ બંદરને વિકસાવવા અંગે | ૨૫૮ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૫૮ |
| | વાયબ્રન્ટ ગુજરાત અન્વયે થયેલા એમ.ઓ.યુ.માં થયેલ મૂડી રોકાણ | ૨૨૦ |
| પુંજાભાઈ ભી. વંશ | ઉના શહેરમાં ટ્રાફિકનું વધારે પ્રમાણ હોવાથી બાયપાસ રસ્તો બનાવવા બાબત | ૩૭૦ |
| | એનર્જી ડેવલપમેન્ટ ઓથોરીટી હસ્તકની બંધ પવનચક્કીઓ બાબત | ૨૬૦ |
| | ગ્રામ મિત્ર યોજના અન્વયે રકમની જોગવાઈ | ૯૦ |
| | જૂનાગઢ જિલ્લામાં ૧૦ હજાર રૂપિયાથી વધારે રકમનો દારુ પકડવા અંગે | ૨૩૦ |
| | જૂનાગઢ જિલ્લામાં કુટિર ઉદ્યોગ યોજના હેઠળ કીટસ મેળવવાની અરજીઓ | ૨૫૦ |
| | જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ હસ્તકના રસ્તા મંજૂર થવા બાબત | ૩૫૭ |
| | તલાલા અને ઉના તાલુકાના ગામોના પ્રશ્નો માટે વન વિભાગની શેખડા સમિતિનો અહેવાલ | ૩૩૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૭ |
| | રાજ્યના માછીમારોના કુટુંબીજનોને આર્થિક સહાય | ૬૧ |
| પુનાભાઈ ઘે. ગામીત | વડાપ્રધાન રોજગાર અન્વયે સુરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ | ૨૧૩ |
| | વ્યારા તાલુકાના ડોલવણ ગામથી બરડીપાડા સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા બાબત | ૩૫૫ |
| | વ્યારા તાલુકાના ધંતુરી ગામથી ધામણદેવી સુધીનો રસ્તો રીકાર્પેટીંગ કરવા બાબત | ૩૬૯ |
| | વ્યારા તાલુકાની ઝાંખરી નદી ઉપર છીંડીયા અને સાંકળી ગામને જોડતો કોઝવે બનાવવા બાબત | ૩૩૨ |
| | સુરત જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં સુવિધા | ૪૧ |
| | સુરત જિલ્લામાં પશુ દવાખાનાઓમાં મહેકમ | ૭૯ |
| | સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૦૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પોપટભાઈ સ. જીંજરિયા | ચોટીલા અને સાયલા તાલુકાના ઉદ્યોગોની સબસીડી માટેની અરજીઓ | ૨૪૪ |
| | ચોટીલા અને સાયલા તાલુકાના ગામોમાં વીજળીકરણ થયેલાં ગામોમાં બાકી વીજ જોડાણ | ૨૧૭ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં ટી.બી./કેન્સરના દર્દીઓને સહાય | ૧૧૫ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર વૃધ્ધોને સહાય | ૯૫ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ | ૬૯ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં રોજગારી આપતી યોજનાઓની ચુકવવાની બાકી સબસીડી | ૨૫૭ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં રોઝ દ્વારા નુકસાન | ૩૧૨ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં સામાજિક વનીકરણ માટે નર્સરીઓ | ૩૬૧ |
| | સુરેન્દ્રનગર  જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓનું સમારકામ | ૪૦૩ |
| | સુરેન્દ્રનગર  જિલ્લામાં પેટા વન | ૩૩૮ |
| પ્રદિપસિંહ ભ. જાડેજા | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૫૧ |
| | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સાયન્સ પ્રવાહમાં ટ્યુશન સહાય | ૭૫ |
| | અમદાવાદ કલેકટર કચેરીમાં બાકી કેસો | ૩૯૯ |
| | અમદાવાદ જિલ્લામાં બાળકોના આરોગ્યનું સર્વેક્ષણ કરવા બાબત | ૩૦૧ |
| | કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ ખાસ તબીબી પરિક્ષણ | ૩૬૦ |
| | જાન્યુઆરી ૨૦૦૫ ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટમાં ૧ લાખ રૂપિયાથી વધુ રોકાણની દરખાસ્તો | ૨૧૧ |
| | ભૂજની નવી હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ | ૩૩૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૩ |
| | રાજ્યમાં ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત સમર્પિત કરેલ ગામો | ૧૦૨ |
| પ્રબોધકાન્ત દા. પંડ્યા | સંતરામપુર  તાલુકાના મોર ઉડારા- પાનમ પુલની પ્રગતિ | ૩૨૫ |
| પ્રવિણભાઈ ટી. મારૂ | ગુજરાત વિદ્યુત બોર્ડને ફાળવેલ રકમ જયોતિગ્રામ યોજનામાં વાપરવા અંગે | ૨૨૪ |
| | ઠાસરા તાલુકાના કુણી ગામે પોલીસ અત્યાચાર અન્વયે દલિતોની હિજરત | ૨૪૭ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૬૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| પ્રવિણભાઈ ટી. મારૂ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૦ |
| પ્રવિણભાઈ મો. માકડિયા | પાકિસ્તાનની જેલમાં ગુજરાતના માછીમારો | ૮૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૯ |
| | યુવાનોને ખાનગી ક્ષેત્રે રોજગારી માટેના પગલાં | ૧૦૭ |
| | રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સિંહ, દીપડા જેવા હિંસક પ્રાણીઓ ત્રાટકવાના બનાવો | ૩૨૫ |
| | રોજગાર વિનિમય કચેરી દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે સવલત | ૫૪ |
| | હાઈવે પર જંકશનો વિકસાવવા બાબત | ૩૪૮ |
| પ્રાગજીભાઈ ના. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૬ |
| | રાજ્યની નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબત | ૩૧૮ |
| ફતેસિંહ વ. ચૌહાણ | ઘોઘંબા તાલુકાની જમીનમાં વનીકરણ | ૩૪૪ |
| | પંચમહાલ જિલ્લામાં પીપળાના વૃક્ષો રોપવા બાબત | ૩૧૭ |
| | પંચમહાલ જિલ્લામાં ફાળવાયેલ બક્ષીપંચનાં છાત્રાલયો | ૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૨ |
| બચુભાઈ ખાબડ | આદિજાતિ આશ્રમશાળાઓમાં વિધા સહાયકો | ૩૩૩ |
| | ટ્રાયબલ વિસ્તારના બિન આદિવાસી ખેડૂતો માટે યોજના | ૯૬ |
| | દેવગઢ બારીયા તાલુકાના અસાયડી ખાતે જી.આઈ.ડી.સી. શરૂ કરવા અંગે | ૨૦૫ |
| | બહુમતી સમાજની વસ્તીના ધોરણે ભૂરીયા સમિતિનો અમલ કરવા અંગે | ૭૦ |
| | મહેસાણા તાલુકાના ભેંસાણા ગામે જાહેર રસ્તા ઉપર અવરોધ/દબાણ | ૧૧૭ |
| બલવંતસિંહ ચં. રાજપૂત | એસ. ટી. નિગમની ખોટ અંગે સરકારે લીધેલાં પગલાં | ૨૪૬ |
| | ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા પાછળ ખર્ચ | ૧૧૮ |
| | નર્મદા યોજના પૂર્ણ કરવાનું આયોજન | ૨૨૩ |
| | પાટણ જિલ્લામાં સરદાર આવાસ યોજના બાંધવાનો લક્ષ્યાંક | ૭૩ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૫૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૬૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૮ |
| | માર્ગોની બંને સાઈડે ઔષધિય રોપા ઉછેરવા બાબત | ૩૦૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| બલવંતસિંહ ચં. રાજપૂત | રાજ્ય સરકાર દ્વારા નવા રચાયેલા પરા/પેટાપરાઓની મહેસૂલી ગામ તરીકે નોંધણી | ૪૦૦ |
| | સંપૂર્ણ ગ્રામિણ રોજગારી યોજનામાં ફાળવેલ રકમ | ૧૦૦ |
| બળદેવજી ચં.ઠાકોર | કડી અને કલોલ તાલુકામાં નર્મદા કેનાલ ઉપરના પુલના છેડા રોડ સાથે ડામર સપાટીથી જોડવા અંગે | ૨૩૩ |
| | કડી તાલુકામાં લઘુત્તમ વેતન અન્ય મજૂર કાયદાઓના ભંગ અન્વયે ફરિયાદ | ૭૫ |
| | ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલ કારકુનની પરીક્ષા | ૨૫૨ |
| બાબુભાઈ મે. શાહ | ઓરેટ પ્રોગ્રામ નીચે કરારો કરનાર કંપનીને તાલીમ અને જાળવણીની જવાબદારીમાંથી મુક્ત કરવા બાબત | ૩૨૪ |
| | કચ્છ જિલ્લામાં પાઇપલાઇન દ્વારા ગેસનું આયોજન હોવા અંગે | ૨૩૫ |
| | કચ્છ જિલ્લામાં રિલાયન્સ ગ્રામિણ વિકાસ ટ્રસ્ટ દ્વારા થયેલ કામો | ૭૬ |
| | કેન્દ્ર સરકાર તરફથી ભૂકંપ ગ્રસ્ત માટે મકાન સહાય પેટે મળેલ રકમ | ૩૭૧ |
| | ગુજરાતી ભાષાના ચલચિત્રોના નિર્માણ માટે આવેલી ભલામણો/રજૂઆતો | ૨૫૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૨ |
| બાલુભાઈ તંતી | ધારી અને બગસરા તાલુકાના પશુ દવાખાનામાં ડોકટરની ઘટ | ૮૫ |
| | ધારી અને બગસરા તાલુકામાં ગ્રામ સેવકોની ઘટ | ૫૪ |
| | ધારી અને બગસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૧૨ |
| | ધારી- બગસરા તાલુકામાં ડોકટરોની ઘટ | ૩૩૭ |
| | રાજ્યમાં મોલાસીસનું ઉત્પાદન અને નિકાસ | ૨૧૬ |
| બિમલ શાહ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ગામ/પરાઓને માર્ગોથી જોડવા બાબત | ૨૯૮ |
| | રાજ્યમાં પોલીયોની નાબૂદીની કામગીરી | ૩૬૦ |
| | રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ | ૩૩૭ |
| બેચરભાઇ વી. ભાદાણી | ગાંધીનગર શહેરને મુંબઇ તથા દિલ્હી સાથે રેલ્વેથી જોડવા બાબત | ૩૩૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ભરત બારોટ | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અરજીઓ | ૮૬ |
| | અમદાવાદમાં શ્રમિક કાયદાભંગ બદલ ફરિયાદ | ૫૬ |
| | ફીઝીયોથેર ાપીનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા બાબત | ૩૨૪ |
| | રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વાહનની ફાળવણી | ૩૬૫ |
| | રાજ્યની જિલ્લા હોસ્પિટલોમાં રીજીયોનલ ડાયગ્નોસ્ટિક સેન્ટર ઊભા કરવા બાબત | ૩૪૮ |
| | રાજ્યમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ થયેલ બાંધકામ | ૧૦૮ |
| ભવાનભાઈ જી. ભરવાડ | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી સ્કોલરશીપ વિગેરે બંધ કરવા અંગે | ૩૧૮ |
| | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિફોર્મ બંધ કરવા અંગે | ૧૦૯ |
| | પછાત વર્ગના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિફોર્મ બંધ કરવા અંગ | ૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૬ |
| | રાજ્યમાં વધારાનું વિજ ઉત્પાદન | ૨૩૫ |
| | લીંબડી તાલુકામાં શિયાણી ગામે રસ્તાના કામ માટે લીધેલ પગલાં | ૬૦ |
| | વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત થયેલા ખર્ચ અને આવેલ દરખાસ્તો | ૨૫૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની ગ્રાન્ટ | ૩૪૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાના ટેન્ડરો | ૩૬૩ |
| ભારતીબેન ન. પટેલ | ગ્રામ પંચાયતોને વિકાસના કામો આપવાની સત્તા | ૧૨૦ |
| | નવસારી જિલ્લામાં ખેડૂતના મૃત્યુ વીમાની અરજીઓ | ૩૭૯ |
| | નવસારી જિલ્લામાં ખેત તલાવડી | ૧૦૩ |
| | નવસારી જિલ્લામાં પેટાપરાઓનું વીજળીકરણ | ૨૧૭ |
| | રાજ્યમાં પશુ દવાખાનામાં ખાલી જગ્યાઓ | ૭૭ |
| ભાવનાબેન હે. ચપટવાલા | ચરાણ માટેની વીડીઓ, સહકારી મંડળીઓ અને મહાજન ટ્રસ્ટોને લીઝ ઉપર આપવા બાબત | ૩૫૨ |
| | ડો.આંબેડકર ભવનના બાંધકામ | ૪૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૭ |
| | રાજ્યમાં પુરુષો કરતા સ્ત્રીઓનું ઓછું પ્રમાણ | ૩૬૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ભાવનાબેન હે. ચપટવાલા | રીક્ષાઓ અને ખાનગી વાહનોમાં ઈંધણ તરીકે કેરોસીનનો વપરાશ અટકાવવા આયોજન | ૨૪૫ |
| | સુરત પોલીસ કમિશ્નરશ્રીની હદમાં આવેલા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુના | ૨૨૦ |
| | સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલની સમકક્ષ બીજી હોસ્પિટલ બનાવવા બાબત | ૩૩૦ |
| ભાવિનભાઈ ન.શેઠ | ગુડા વિસ્તારમાં નગર રચનાનું આયોજન | ૩૧૬ |
| ભીખાભાઈ ગ.જોષી | પોરબંદરની રૂપાળીબા હોસ્પિટલમાં કિંમતી સાધનોનો ઉપયોગ ન થવા બાબત. | ૩૧૧ |
| ભીખીબેન ગિ. પરમાર | મહેસાણા તાલુકાના ભેંસાણા ગામે જાહેર રસ્તા ઉપર અવરોધ/દબાણ | ૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૬ |
| | મેઘરજ તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાનમાં મંજૂર થયેલા રસ્તા | ૩૧૭ |
| ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા | ગુજરાત કૃષિ વિશ્વ વિદ્યાલયના સન ૨૦૦૦-૨૦૦૧ના વાર્ષિક હિસાબો | ૨૬૩ |
| | ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ | ૧૨૨ |
| | ગુજરાત ડેરી વિકાસ નિગમ \E[\>[$xix&x૬[[i સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ | ૧૨૧ |
| | ગુજરાત રાજય વેરહાઉસિંગ નિગમનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ | ૧૨૨ |
| | ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે | ૪૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૯૩ |
| ભૂપેન્દ્ર ગ. લાખાવાલા | ગાંધીનગર આર.ટી.ઓ. ની આવક | ૨૪૬ |
| | ગોધરા આર.ટી.ઓ. ની આવક | ૨૨૩ |
| | બારડોલી આર.ટી.ઓ.ની આવક | ૨૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૦ |
| મનસુખભાઈ લ. માંડવિયા | નર્મદા બંધની સપાટીએથી પિયત થવા અંગે | ૨૧૫ |
| | પાલીતાણાની માનસિંહજી હોસ્પિટલને સિવિલ હોસ્પિટલનો દરજ્જો આપવા બાબત | ૩૪૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| મનસુખભાઈ લ. માંડવિયા | ભાવનગરના જેસર પંથકમાં સિંહોની વસ્તી | ૩૧૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૬ |
| | રાજ્યની નગરપાલિકાઓમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબત | ૩૬૩ |
| | રાજ્યને પેટ્રોકેપિટલ બનાવવાનું આયોજન | ૨૪૦ |
| મનીષ ન. ગીલીટવાલા | ભૂકંપ બાદ સ્થાપવામાં આવેલા ઉદ્યોગોને એકસાઇઝ મુકિત માટે કેન્દ્રમાં રજુઆત બાબત | ૨૧૨ |
| | સુરત મહાનગરપાલિકાના કમિશ્નરની ખાલી જગ્યા | ૨૩૮ |
| મહેન્દ્ર શાં. ત્રિવેદી | ઓઈલ પામ પ્લાન્ટેશન અને પામ ઓઈલ મીલ માટે જોઈન્ટ ટીમની ભલામણ | ૮૯ |
| | ખેતીલાયક ન હોય તેવી જમીનનો ઉપકર બંધ કરવા અંગે | ૧૧૦ |
| | ગોકુળ ગ્રામ યોજના માટે ઉદ્યોગ ગૃહો દ્વારા સેલ્સટેક્ષ ઇન્સેન્ટીવ જમા કરાવવા અંગે | ૬૦ |
| | ભાવનગર રાજકોટ રાજ્ય માર્ગ ખરાબ સ્થિતિમાં | ૩૪૨ |
| | ભાવનગર શહેરમાં શહેરી ગરીબો માટે મકાન | ૩૧૫ |
| | રાજ્યમાં ડાયરેકટર જનરલ ઓફ પોલીસની ખાલી જગ્યા | ૨૩૧ |
| | વાગરા તાલુકામાં સી.આર.ઝેડના નોટિફિકેશનના કારણે રિન્યુ કરવાની બાકી લીઝ | ૨૫૧ |
| મહેશભાઈ છો. વસાવા | દેડીયાપાડ ા, સાગબારા, રાજપીપળા અને તીલકવાડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબની ખાલી જગ્યા | ૩૪૭ |
| | નર્મદા જિલ્લાની હોસ્પિટલોમાં બાયો મેડીકલ વેસ્ટની વ્યવસ્થા કરવા બાબત | ૩૨૨ |
| | નર્મદા જિલ્લામાં ગૌચરનાં દબાણ દૂર કરવા અંગે | ૭૨ |
| મહેશભાઈ સો.ભુરિયા | દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો ઉપર અત્યાચારના બનાવો | ૨૩૨ |
| માધાભાઈ લા. બોરીચા | એ.ડી.બી. અને સી.આર.એફ. યોજનામાં રસ્તાના કામો | ૩૧૮ |
| | કેશોદ નગરપાલિકાને વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળના કામો | ૪૧૧ |
| | જુનાગઢ જિલ્લામાં પોતાના પંચાયત ઘર | ૭૮ |
| | જૂનાગઢ જિલ્લામાં ખેત તલાવડી પાછળ થયેલ ખર્ચ | ૩૭૯ |
| | નર્મદા કેનાલના વિસ્તરણ માટે જુનાગઢ જિલ્લામાં જમીનની આવશ્યકતા | ૨૪૫ |
| | ભૂકંપ પુનઃવસન અંગે રાજ્યને મળેલ એવોર્ડ | ૨૫૮ |
| | રાજ્યમાં અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના બનેલ બનાવો | ૨૨૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| માધાભાઈ લા. બોરીચા | રાજ્યમાં જિલ્લા કક્ષાએ ડૉ. આંબેડકર ભવન બાંધવાનું આયોજન | ૧૦૩ |
| | સૌરાષ્ટ્રમ ાં નીલગાય દ્વારા ખેડૂતોના પાકને નુકસાન | ૩૪૫ |
| માધુભાઈ જે. ભોયે | કેન્દ્ર સરકારમાં રાજ્યની વન- પર્યાવરણને લગતી પડતર દરખાસ્તો | ૩૮૫ |
| | ગુજરાત પેટર્ન નીચે ફાળવેલ રકમો | ૩૦૩ |
| | ડાંગ જિલ્લામાં સહકારી મંડળીઓના હિસાબો પૂર્ણ કરવા અંગે | ૬૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૧ |
| | રાષ્ટ્રિય સમ વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ | ૯૨ |
| માયાબેન સુ. કોડનાની | અમદાવાદ શહેરમાં સી.એન.જી. ની સરળ ઉપલબ્ધિનું આયોજન | ૨૨૭ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રોપ્સી મશીન બંધ હોવા બાબત. | ૩૧૦ |
| | અમદાવાદની આઈ.ટી.આઈ.માં નવા કોર્ષ | ૯૪ |
| | અમદાવાદની કેન્સર હોસ્પિટલ, કીડની હોસ્પિટલ, યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલને સરકાર તરફથી મળતી ગ્રાન્ટ | ૩૬૧ |
| | જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ | ૩૪૦ |
| | રાજ્યમાં ટીસ્યુ કલ્ચરથી ખેતી | ૬૮ |
| માલજીભાઈ દે. દેસાઈ | મહેસાણા અને પાટણ જિલ્લામાં નર્મદાનું પાણી પિયત માટે આપવા અંગે | ૨૧૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૮ |
| મુકેશ ભૈ. ગઢવી | ગુન્હાની માહિતી આપનારને પોલીસ તપાસ પુરી થયાની જાણ કરવા અંગે | ૨૬૦ |
| | ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં રહેઠાણો | ૮૬ |
| | પાટનગરના ક્ષેત્રફળનું વિસ્તૃતીકરણ કરવા બાબત | ૩૫૦ |
| | પાલનપુર શહેરની વિવિધલક્ષી વિદ્યામંદિર શાળાના આચાર્ય સામે ગૃહ વિભાગના સચિવશ્રીને મળેલી રજૂઆતો | ૨૫૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોના કવાર્ટરો | ૩૬૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની ખાલી જગ્યા | ૩૨૬ |
| | મહેમદાવાદ તાલુકાના વાસણા મારગિયા ખાતેની રંગ અવધૂત અધ્યાયન મંદિરનાસંચાલકો સામે વિદ્યાર્થીઓ ધ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ | ૨૨૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| મુકેશ ભૈ. ગઢવી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૭૮ |
| | રાજ્યમાં ડૉકટર આંબેડકર ભવનના બાંધકામ | ૫૫ |
| મુળુભાઈ હ. બેરા | કલ્પસર યોજનાના કામો પૂરા કરવાનું આયોજન | ૨૧૬ |
| | જામનગર જિલ્લામાં એસ.જી.આર.વાય.ના રસ્તા અને તળાવો | ૬૦ |
| | જામનગર જિલ્લામાં વોટરશેડ અને હરીયાળી ક્રાંતિ યોજના હેઠળ સમાવિષ્ટ ગામો | ૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૮૨ |
| મોહંમદફારુક હુ. શેખ | અમદાવાદ ખાતે રાયપૂર છબીલા હનુમાનથી રાયપૂરદરવાજા સુધી આવેલી દારૂખાનાની દુકાનો | ૨૦૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૩૨ |
| | સુરત શહેરમાં ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગના કોન્ટ્રાકટ લેબર રાખવા અંગે | ૫૯ |
| મોહનભાઈ ક. કુંડારીયા | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૪૮ |
| | ઓકટ્રોય નાબુદ થતાં નગરપાલિકાઓને ચૂકવવાની બાકી રકમ | ૩૩૫ |
| | ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં ડામર સપાટી વગરના રસ્તા | ૩૫૮ |
| | ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૯ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂત મૃત્યુ વીમા યોજના હેઠળ ચૂકવેલ રકમ | ૬૮ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂતોને આપવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડ | ૯૪ |
| | સીરામીક ઉદ્યોગને પાઈપલાઈન દ્વારા ગેસ આપવાનું આયોજન | ૨૦૪ |
| યોગેશભાઈ ના. પટેલ | ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન | ૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૦ |
| | રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા કૃષિ મેળાનું આયોજન | ૮૨ |
| રણજિતસિંહ ન. ચાવડા | ઈન્દિરા આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૭૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| રણજિતસિંહ ન. ચાવડા | સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના ઓરડાની મરામત અંગે | ૩૮૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં નાની સિંચાઈના કામો | ૩૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં પાકવીમાની ચૂકવવાની બાકી રકમ | ૩૭૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ભારતીય બનાવટનો વિદેશી દારુ પકડવા અંગે | ૩૮૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં વન સહકારી મંડળીઓને જંગલ વિસ્તારની જમીનની જાળવણી કરવા બાબત | ૩૨૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં વિવિધ ગુના | ૨૨૫ |
| | હિંમતનગર તાલુકામાં ગામતળ નીમ કરવા અંગે | ૪૦૧ |
| | હિંમતનગરન ી સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૩૫૨ |
| રમણલાલ ઈ. વોરા | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૨-૦૩નો વાર્ષિક અહેવાલ | ૧૨૨ |
| | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૬૧ |
| રમીલાબેન બે. બારા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૧૮ |
| રમેશભાઈ ના. મિસ્ત્રી | દહેજને ઈકોનોમિક ઝોન નક્કી કરાયા બાદ ઉદ્યોગોની સ્થાપના | ૨૦૮ |
| | પાણીના સ્ત્રોત ન હોય તેવા વિસ્તારમાં રાસાયણિક ઉદ્યોગોને સ્થાપવાની પરવાનગી બાબત | ૨૩૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૪૦ |
| રશીદા ઈ. પટેલ | દયાદરા-નબીપુર-જનોર માર્ગ ઉપર પુલ બાંધવા બાબત | ૩૧૭ |
| | પુનઃગઠન યોજના હેઠળ ખેડૂત બાકીદારોને હપ્તા કરી આપવા અંગે | ૬૬ |
| | ભરૂચ જિલ્લામાં આયુર્વેદિક દવાખાનાઓ | ૩૪૩ |
| | ભરૂચ જિલ્લામાં નાના અને મોટા બંધ પડેલા ઉદ્યોગો | ૨૪૫ |
| | ભરૂચ જિલ્લામાં બેરોજગાર યુવાનોની સંખ્યા | ૯૨ |
| | સાથી રાજ્યોના નર્મદા વિસ્થાપિતો અંગે ચુકવાયેલ રકમ | ૨૧૯ |
| રાકેશ રાવ | ખેડા અને માતર તાલુકાના ખેડૂતોને પાકવીમાની રકમ | ૧૦૫ |
| | ખેડા અને માતર તાલુકાના ગામોને ગોકુળ ગ્રામ યોજના હેઠળ સમાવવા અંગે | ૮૧ |
| | રાજ્ય વાહન વ્યવહાર નિગમનું ખાનગીકરણ કરવા અંગે | ૨૩૨ |
| | રાજ્યમાં સહકારી બેંકોના ઓડિટ ફીનાં ધોરણો | ૫૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| રાકેશ રાવ | વિડીયો કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગ | ૨૫૨ |
| રાજેન્દ્રસિંહ ધી. પરમાર | આણંદ અને ખેડા જિલ્લામાં સરદાર આવાસ યોજનાનું બાંધકામ | ૧૦૮ |
| | આણંદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાનો લાભ | ૮૭ |
| | રાજ્યમાં ખેડૂતોને પાક વીમાની રકમ | ૫૭ |
| રાજેશભાઈ પાઠક | ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરફેર કરતાં વાહનો અટકાવવા અંગે | ૨૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૮૩ |
| લક્ષ્મણભાઈ બા. પટેલ | પારડી તાલુકામાં વન વિભાગ (નોર્મલ) દ્વારા ઉછેરવામાં આવેલ રોપા | ૩૮૬ |
| | વલસાડ જિલ્લાની ચણોદ ખાતેની કામદાર રાજ્ય વીમા યોજનાની હોસ્પિટલ | ૩૨૭ |
| | વલસાડ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોના સબ સેન્ટરોના મકાનો બનાવવા બાબત | ૩૫૧ |
| | વલસાડ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરની ખાલી જગ્યાઓ | ૩૮૮ |
| | વલસાડ જિલ્લામાં બેરોજગારોની નોંધણી | ૭૯ |
| | વલસાડ જિલ્લામાં શૌચાલયો બનાવવા પાછળ થયેલ ખર્ચ | ૧૦૪ |
| વજુભાઈ પ. ડોડિયા | પંચાયતના રસ્તાઓ માટે મળતી ધારાસભ્યોની ગ્રાન્ટ મંજૂરીના અભાવે ન વપરાવા અંગે | ૨૨૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૮ |
| | રાજ્યમાં લુપ્ત થતી આયુર્વેદ તથા ફાર્મસી માટે વપરાતી વનૌષધિઓના ઉત્પાદનની વૃધ્ધિ યોજના | ૩૬૮ |
| | વિરમગામ અને સાણંદ તાલુકામાં ખેડૂત ખાતેદાર વીમા હેઠળ ચૂકવાયેલ રકમ | ૬૯ |
| | વિરમગામ તથા સાણંદ શહેર અને તાલુકામાં વિવિધ ગુનાઓ | ૨૪૬ |
| | વિરમગામ તાલુકાના સચાણા-કાયલા- વાંસવા ચોકડીનો પાકો રસ્તો કરવા બાબત | ૩૨૯ |
| | વિરમગામ તાલુકામાં ખેત તલાવડીઓ બનાવવા અંગે | ૯૫ |
| | વિરમગામ તાલુકામાં ગામ તળાવ ઊંડા કરવા અંગે | ૧૧૬ |
| | સી.આર.એફ હેઠળ રાજ્યના રસ્તા મંજૂર થવા બાબત | ૩૫૧ |
| વસુબેન ન. ત્રિવેદી | ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. | ૨૫૪ |
| | પાઈપ લાઈન ધ્વારા રાંધણ ગેસ આપવા અંગે | ૨૩૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| વસુબેન ન. ત્રિવેદી | મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશા મંજૂર થવા બાબત | ૩૩૨ |
| વેચાતભાઈ હ.બારિયા | વડોદરા જિલ્લામાં આદિવાસી યુવાનોને લઘુ ઉદ્યોગો માટે લોન | ૨૩૫ |
| શંકરભાઈ મં. વારલી | ઉમરગામ તાલુકામાં ભીલાડના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક સર્જન અને ફીજીશીયન ડોકટરની ખાલી જગ્યા | ૩૪૭ |
| | કરંબેલા અને કલગામે ગૌચરની જમીનમાં દબાણો | ૬૬ |
| | તાડી અને નીરો સંબંધી ઉમરગામ તાલુકામાં આદિવાસીઓને પોલીસ કનડગત | ૨૦૦ |
| | વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પંચાયત હસ્તકના બિસ્માર રસ્તાઓ | ૩૨૨ |
| શંકરભાઈ લ. ચૌધરી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૪૦ |
| શંકરભાઈ વી. રાઠવા | ગુજરાતમાં રાષ્ટ્રીય વન ઉદ્યાનો અને અભ્યારણો | ૩૪૨ |
| | દાહોદ જિલ્લામાં વન વિભાગે બનાવેલ વન તલાવડીઓ | ૩૧૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૨ |
| | વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ | ૧૦૮ |
| | સાયન્સ પ્રવાહમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન સહાય | ૮૫ |
| | સારાભાઈ કેમીકલ્સના શ્રમયોગીઓનો બાકી પગાર | ૫૫ |
| શિરીષકુમાર મ. શુકલ | ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સ્વ.શ્રી વિજયસિંહ લઘુભા ચુડાસમાના અવસાન અંગે | ૪૧૨ |
| | ડૉકટર આંબેડકર ભવનોનું બાંધકામ | ૧૦૬ |
| | ધોરણ ૧ થી ૭ ના અનુસૂચિત જાતિના બાળકોને ગણવેશ પેટે રકમ ચૂકવવા અંગે | ૮૨ |
| | ધોરણ ૧૧-૧૨ થી કોલેજ કક્ષાના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ખોલવા અંગે | ૪૭ |
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને વાહનોની ફાળવણી કરવા બાબત | ૩૫૫ |
| | શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ધ્વારા બાળકોના આરોગ્યની તપાસ કરવા બાબત | ૩૭૦ |
| | સચિવાલય સંકુલમાં વીજ બચત થવા બાબત | ૩૩૩ |
| શીવજીભાઈ ક. આહીર | કચ્છ જિલ્લાના જળાશયોમાં ગેરકાયદેસર માછીમારીની પ્રવૃત્તિ | ૭૦ |
| | કચ્છ જિલ્લામાં ગાય અને ગૌવંશ હત્યાના ગુના | ૨૪૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| શીવજીભાઈ ક. આહીર | કચ્છ જિલ્લામાં ભૂજ શહેર અને અમદાવાદ શહેરમાં હોસ્પિટલો, દવાખાના તથા ડૉકટરોને ગર્ભપાત કેન્દ્ર તરીકે માન્યતા આપવા બાબત | ૩૩૮ |
| | ગુટકા તથા પાન મસાલા ઉપર પ્રતિબંધ મૂકવા બાબત | ૩૦૫ |
| | દરિયાકાંઠે કામ કરતા અગરિયાઓને આરોગ્ય સુવિધા આપવા બાબત | ૩૬૧ |
| | મુન્દ્રા ખાતે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનની સ્થાપના થતા કોસ્ટલ રેગ્યુલેશન ઝોનનો ભંગ થવા અંગે | ૨૫૭ |
| | રાજ્યમાં બી.ટી. કપાસના નિષ્ફળ બિયારણો બાબતમાં પગલાં | ૯૬ |
| | સજીવ ખેતીના વિકાસ માટે ખેડૂતોને માર્ગદર્શન આપવા નિષ્ણાતોની વ્યવસ્થા | ૧૧૬ |
| | સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાબલેશ્વર ખાતે ગાયોની ક્રુર રીતે કરાયેલી હત્યા | ૨૧૮ |
| સી. જે. ચાવડા | બેકારોને રોજગારીના આયોજન અંગે | ૧૬૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૩૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૮ |
| | સ્વનિર્ભર મેડીકલ અને ડેન્ટલ કોલેજોને મંજૂરી આપવા બાબત | ૩૨૭ |
| સી. ડી. પટેલ | ભૂકંપગ્રસ્ત જિલ્લામાં નવા વસાવેલા ગામોને રસ્તાના જોડાણ આપવા બાબત | ૩૨૨ |
| | મહાનગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવા | ૩૪૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૩૫ |
| | રાજ્યમાં એઈડ્ઝના દર્દીઓ | ૩૬૫ |
| સુંદરસિંહ ભ. ચૌહાણ | "સ્વાગત કાર્યક્રમ``માં મળેલ પ્રશ્નો અને તેનો નિકાલ | ૨૨૮ |
| | કૃષિ યુનિવર્સિટીમાં મંજૂર થયેલ સેન્ટર ઓફ એકસલન્સ | ૮૩ |
| | ગામ તળાવો ઉંડા કરવાનું આયોજન | ૪૮ |
| | સોઈલ ટેસ્ટીંગને કારણે નવા પાકોની ભલામણ | ૧૦૬ |
| સુનીલ બા. ઓઝા | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૪૮ |
| | ``પોટા`` ના કાયદાને પુન:જીવિત કરવા અંગે | ૧૪૯ |
| | ભાવનગર અમદાવાદ વચ્ચેના માઢીયા પાસેના રોડને થયેલ નુકશાન | ૩૫૪ |
| | ભાવનગર એગ્રો એક્ષપોર્ટ ઝોનથી ફાયદાઓ | ૭૯ |
| | ભાવનગર ખાતે ડૉ. આંબેડકર ભવન બનાવવા આયોજન | ૧૦૪ |
| | ભાવનગર પાંજરાપોળે અનામત વીડીમાંથી કરેલ ઘાસની માગણી | ૩૩૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| સુનીલ બા. ઓઝા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૭ |
| સૌરભ પટેલ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ | ૨૬૪ |
| હરજીવન હી. પટેલ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનાસકાંઠા જિલ્લામાં મંજૂર થયેલ રસ્તા | ૩૦૯ |
| | ફાર્મ હાઉસ ઉપર રહેતા ખેડૂતોને વીજળી આપવા અંગે | ૨૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલો આપવાની અરજીઓ | ૯૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત સહકારી મંડળીના વિરુધ્ધની ફરિયાદ | ૬૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિવિધ ગુનાઆ | ૨૧૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના નીચે વૃક્ષો રોપવા બાબત | ૩૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૨૭૪ |
| હરેશકુમાર ઈ. ભટ્ટ | ઉચ્ચ અભ્યાસ માટે લોનનો નિર્ણય | ૯૭ |
| | ધોરણ ૧ થી ૭ના અનુસૂચિત જાતિનાં બાળકોને ગણવેશ પેટે રકમ ચૂકવવા અંગે | ૭૧ |
| | ધોરણ ૧૧, ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન સહાય | ૧૧૮ |
| | પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં મહેસૂલી ગામો અને પરાંઓના રસ્તાનાં જોડાણ | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૩ |
| | રાજ્યના મહેસૂલી ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત | ૩૨૫ |
| | સ્ટેટ હાઈવેને રાષ્ટ્રીય હાઈવેમાં રૂપાંતર કરવાની દરખાસ્તો | ૩૬૬ |
| હર્ષદભાઈ ચુ. વસાવા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) ગૃહ વિભાગ | ૨૬ |
| હીરાભાઈ ઓ. સોલંકી | અમરેલી જિલ્લામાં પશુ ડોકટરોની ખાલી જગ્યાઓ | ૮૦ |
| | અમરેલી જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ ફંડ નીચેના રસ્તાઓ | ૩૪૨ |
| | જાફરાબાદ ખાતે અગરીયાઓ માટેની આશ્રમશાળાઓને ખસેડવા અંગે | ૪૨ |
| | રાજુલા ભેરાઇ રસ્તાનું કામ મંજુર થવા બાબત | ૩૧૫ |